Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः

# કારણ-કાર્ય નિયમ

## ભાગ-૪

અધ્યાત્મયુગપુરુષ

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

નિયમસારજી શાસ્ત્રના નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમ આલોચના તથા શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર ઉપરના ગાથા ૯૬ થી ૧૧૮ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૦ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ–૩૬૦૦૦૧.
ટેલી નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

**પ્રકાશન**

**તા.૨-૬-૨૦૧૪ ના શ્રુતપંચમીના પવિત્ર દિને**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦
પડતર કિંમત – રૂ. ૨૦૦
મૂલ્ય - રૂ. ૬૦

**પ્રાપ્તિ સ્થાન**

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૫૮

(૨) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated Shree Digamber Jain Swadhyay Mandir Trust, PanchNath Plot, Kanji Swami Marg, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of Karan Karya Niyam – Part 4 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 13 Nov 2014 | First electronic version |

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રસ્તાવના

ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'નિયમસાર' નામનું શાસ્ત્ર અધ્યાત્મપ્રધાન 'દ્વિતીય-શ્રુતસ્કંધ'ના સત્શાસ્ત્રોમાનું એક સર્વોત્કૃષ્ટ તેમજ ચારિત્રપ્રધાન શ્રેષ્ઠતમ શાસ્ત્ર છે.

પરમભટ્ટારક શાસનનાયક શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી અન્ય કેવળી તથા શ્રુતકેવળી કથિત આગમ અને અધ્યાત્મવિદ્યાનું સંકલન ચાર અનુયોગના અસંખ્ય શાસ્ત્રોમાં અનેક આચાર્યમુનિભગવન્તો વડે સંપન્ન થયું. સનાતન દિગંબર જૈન સંપ્રદાયમાં કળિકાળ સર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે. આશરે ૮૪ પાહુડ શાસ્ત્રોની ભેટ તેઓશ્રીએ આપી છતાં હાલમાં ગણતરીના બાર–પંદર જ ઉપલબ્ધ થઈ શક્યા છે.

તેમાનાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર સમાય જાય છે. જેમ 'સમયસાર'માં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ 'નિયમસાર'માં શુદ્ધનયથી જ જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ વિગેરે વિષયોનું વર્ણન છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ઉત્કૃષ્ટ પરમાગમોમાં અપ્રતિબુદ્ધને સમજાવવા અર્થે રચાયેલા સર્વોત્કૃષ્ટ શ્રી સમયસારજીમાં દષ્ટિપ્રધાન કથનથી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. દિવ્યધ્વનિના સાર શ્રી પ્રવચનસારજીમાં જ્ઞાનપ્રધાન કથનથી તે જ સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રી નિયમસારજીમાં ચારિત્રની મુખ્યતાથી તે જ સ્વરૂપનું વર્ણન છે. વીતરાગતા પ્રગટ કરવાના પ્રયોજનથી દષ્ટિ-જ્ઞાન-ચારિત્રના આશ્રયભૂત શુદ્ધાત્માનું જ વર્ણન અનેક પ્રકારે કરવામાં આવે છે.

શ્રી નિયમસારજીની તો આચાર્યદેવે પોતાના જીવનના સંધ્યાકાળમાં નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે.

આ અસાધારણ પરમાગમની ટીકા ભાવિ તિર્થાધીનાથ અતીન્દ્રિયઆનંદના રસિક ભાવલિંગી મુનિરાજ શ્રીમદ્ પદ્મપ્રભમલધારીદેવે કરી છે. જેમના મુખમાંથી પરમાગમરૂપી મકરંદ ઝરે છે એવા મુનિરાજ કહે છે કે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા તથા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

આ ટીકા સહજ રચાઈ ગઈ છે. ટીકાકારે શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા આધ્યાત્મિક ભાવોને સ્વાનુભૂતિથી પ્રમાણ કરી પરમ પારિણામિકભાવમાં રહેલ અંતર રહસ્યોને ખોલ્યા છે.

શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ.સં.૧૯૭૨માં હિન્દી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે, ‘આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમના જેવું છતાં કેટલાક અંશોમાં તેમનાથી પણ ચઢિયાતું કે અધિક છે એવું નિયમસારરત્ન છે તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.’

‘નિયમસાર’ એટલે ભાગવતશાસ્ત્ર (ગા.૧૮૭) શ્રુતપરંપરામાં શાસ્ત્રોનું પ્રણયન શિષ્યોને સંબોધવા માટે અથવા વ્યક્તિગત ઉદ્દેશ્યથી કરવામાં આવે છે પરન્તુ આ ગ્રંથાધિરાજની રચના આચાર્યશ્રીએ પોતાના દૈનિક પાઠ માટે કરેલી હોવી જોઈએ. કેમકે આચાર્યશ્રીની ગ્રંથની છેલ્લી ઉક્તિવડે સ્પષ્ટ થાય છે કે ‘**णियभावणाणिमित्तं**’ અર્થાત્ નિજભાવના અર્થે/નિમિત્તે પૂર્વાપર દોષોથી રહિત જિનોપદેશને જાણીને મેં ‘નિયમસાર’ નામનું શાસ્ત્ર રચ્યું છે.

નિયમસાર એટલે વ્યવહાર રત્નત્રયની અપેક્ષા વગરનું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ. આ ગ્રંથમાં પર્યાયની મુખ્યતાથી કથન હોવા છતાં ભાવલિંગી સંતોની દૃષ્ટિ તો તેના કારણ પર જ રહ્યા કરે છે.

ભવ્ય જીવોના ભાગ્યોદયથી આ નિયમસાર કૃતિ પર ‘**तात्पर्यवृत्ति**’ નામક સંસ્કૃત ટીકા લખનાર મહાસમર્થ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ મળ્યા જેઓ શ્રી વીરનંદી સિદ્ધાન્તચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની તેરમી સદીમાં થઈ ગયા છે.

આ શાસ્ત્રજીમાં ૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર
(૨) અજીવ અધિકાર
(૩) શુદ્ધભાવ અધિકાર
(૪) વ્યવહાર ચારિત્ર અધિકાર
(૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર
(૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર
(૭) પરમ આલોચના અધિકાર
(૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર
(૯) પરમ સમાધિ અધિકાર
(૧૦) પરમ ભક્તિ અધિકાર
(૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર
(૧૨) શુદ્ધોપયોગ અધિકાર

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમ આલોચના અને શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકારનો ટૂંકમાં પરિચય

ગ્રન્થાધિરાજ નિયમસાર ભાવના પ્રધાન શાસ્ત્રજી છે. ચારિત્રની વિશેષ ભાવના આ ગ્રંથમાં રજૂ થયેલી છે. પરમાર્થપ્રતિક્રમણ અધિકારની ૯૩ નંબરની ગાથામાં 'ધ્યાનમાં લીન સાધુ સર્વ દોષોનો પરિત્યાગ કરે છે, તેથી ધ્યાન જ ખરેખર સર્વ અતિચારનું પ્રતિક્રમણ છે' આમ કહીને સ્વરૂપધ્યાનની વિશેષતા બતાવીને, તેનો મહિમા વર્ણવવામાં આવ્યો. તેવી જ રીતે પછીના પરમાર્થપ્રત્યાખ્યાન અધિકારમાં અને પરમ આલોચના અધિકારમાં પણ ધ્યાનની જ વિશેષતા દર્શાવવામાં આવી છે.

આથી આ બન્ને અધિકારો પણ ધ્યાનરૂપ જ છે.

પ્રતિક્રમણમાં ધ્યાન દ્વારા ભૂતકાળના દોષોનું નિરાકરણ થાય છે જ્યારે આલોચના અને પ્રત્યાખ્યાનમાં વર્તમાન તેમજ ભાવિકાળના દોષોનું નિરાકરણ થાય છે.

૯૫મી ગાથામાં આચાર્યશ્રી ફરમાવે છે કે,

**પરિત્યાગી જલ્પ સમસ્તને,**
**ભાવી શુભાશુભ વારીને**
**જે જીવ ધ્યાવે આત્મને,**
**પચખાણ છે તે જીવને**

આ ગાથામાં આવેલો 'અનાગત' અર્થાત્ 'ભાવી' શબ્દ જ દર્શાવે છે કે પ્રત્યાખ્યાનના સંબંધ ભવિષ્યના દોષોના ત્યાગના અર્થમાં છે.

એકંદરે ગાથા ક્રમાંક ૯૫ થી ગાથા ૧૦૬ સુધીની કુલ ૧૨ ગાથાઓમાં મૂળ ગ્રન્થકર્તાએ સાધકની પ્રત્યાખ્યાન ભાવનાને નચાવતા જાય છે. આ પ્રકરણમાં વચ્ચે આવેલી સોમી ગાથા વિશેષ દ્રષ્ટવ્ય છે;

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન ચરિતમાં આતમા**
**પચખાણમાં આત્મા જ સંવર યોગમાં પણ આતમા**

આમ, સર્વત્ર આત્મભાવનાથી આચાર્યનું મન હિલોળે ચઢેલું દેખાય છે. ૧૦૨મી ગાથા અન્ય અનેક ગ્રંથોમાં પણ જોવા મળે છે, ખાસ કરીને સામાયિક પાઠમાં પણ જેનો ઉલ્લેખ જોવા મળે છે, તે ગાથા વિશેષ ધ્યાને લેવા જેવી છે.

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.**

આગળ જતા સર્વ જીવો પ્રત્યે સમતા ધારણ કરીને સમાધિને પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા કરતા આચાર્યશ્રી સાધકને 'નિષ્કષાય છે, સંયમી છે, શૂરવીર છે, શુદ્ધતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યે ઉદ્યમવંત છે અને સંસારથી ભયભીત છે તેને સુખમય પ્રત્યાખ્યાન હોય છે.' તેમ દર્શાવ્યું છે.

આ નિશ્ચયપ્રત્યાખ્યાન અધિકારમાં ૧૨ ગાથાઓ ૨૫ કળશકાવ્યો તથા ગ્રન્થાન્તરોમાંના ૧૨ ઉદ્ધરણો છે. ત્યાર પછીનો સાતમો અધિકાર પરમ આલોચનાનો છે જે ૧૦૭મી ગાથાથી ગાથા ક્રમાંક ૧૧૨મી સુધી કુલ ૬ ગાથાઓમાં નિબદ્ધ છે.

અધિકારને આરંભે નિશ્ચય આલોચનાનું સ્વરૂપકથન કરીને પછીની ૧૦૮મી ગાથામાં આલોચનાના સ્વરૂપના ચાર ભેદોનું કથન સ્પષ્ટ કરવામાં આવ્યું. આ અધિકારની છેલ્લી ગાથા અત્યંત મહત્વપૂર્ણ છે જેમાં ભાવવિશુદ્ધિના ઉલ્લેખ સાથે અધિકારનું ઉપસંહારરૂપ કથન છે.

આમ, કેવળ છ મૂળ ગાથાપ્રમાણરૂપ તથા ૨૮ કળશકાવ્યો તેમજ બીજા બે (૨) સન્દર્ભ કાવ્યોથી સભર આ અધિકાર ચારિત્રની શ્રેષ્ઠ આધ્યાત્મિક કવિતા છે.

આના પછી ગાથા ૧૧૩ થી ૧૨૧મી ગાથા સુધી આઠમો શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકાર આવે છે. જે અધિકારના શરૂઆતમાં જ આચાર્યશ્રી 'બહુ કહેવાથી શું? અનેક કર્મોના ક્ષયનો હેતુ એવું જે મહર્ષિઓનું ઉત્તમ તપશ્ચરણ છે તે બધું પ્રાયશ્ચિત જાણ' એવી શિખામણ આપવામાં આવી છે. પછીની ગાથાઓમાં તપનો મહિમા દર્શાવતા અનન્તાનન્ત ભવો વડે ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ તપશ્ચરણથી વિનાશ પામે છે; તેથી તપ પ્રાયશ્ચિત છે, એવું કથન કરવામાં આવ્યું છે. આત્મધ્યાનનો સર્વસ્વ મહિમા વર્ણવતા મૂળ ગ્રંથકાર કહે છે કે

**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે.**

આમ, આઠમાં અધિકારમાં ૯ મૂળ ગાથાઓ ૨૦ કળશકાવ્યો તેમજ બીજા શાસ્ત્રોના ચાર સન્દર્ભો છે.

આ શાસ્ત્રના ભાવોનું વિવેચન કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી ભાવવિભોર થઈ કહે છે 'ટીકાકાર મુનિરાજે કાર્યની સાથે જ ત્રૈકાલિક કારણ (કારણશુદ્ધપર્યાય)ની વાત કરીને ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યા છે. અહો! જંગલમાં વસનારા અને આત્માનંદમાં લીન રહેનારા સંતોના શ્રીમુખેથી પરમાગમરૂપી અમૃતની વર્ષા થઈ તેમાં આવ્યું કે હે ભાઈ! તારા ધર્મનું ધ્રુવકારણ તો તારામાં સદા વિદ્યમાન છે, પરંતુ તું તેને કારણ નથી બનાવતો તેથી દુઃખી છો. અહો! અંતરનું કારણ મુનિઓના આત્મામાંથી જ અમૃત ઝર્યા છે તેની આ અચિંત્ય અને અપૂર્વ વાત છે. ભારતવર્ષ માટે હાલમાં આ વાત તદ્દન નવી છે. જેના મહાભાગ્ય હોય તેને આ વાત સાંભળવા મળે છે અને જેને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંદરમાં આ વાત બેસી ગઈ તેનું તો કહેવું જ શું? તેનો તો બેડો પાર થઈ ગયો.'

આ નિયમસાર શાસ્ત્ર ઉપરના સળંગ અક્ષરશઃ પ્રવચનો ૨૧૪ ટોટલ ૭ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. આ શાસ્ત્ર પ્રકાશન માટે અમેરિકામાં રહેતા ભાઈશ્રી **ડૉ. તનસુખભાઈ ઉદાણી**નો સ્વર્ગવાસ થવાથી તેમની ભાવના રાજકોટ મંદિરને તત્ત્વજ્ઞાન પ્રકાશન માટે દાનરાશિ આપવાની હોઈ તેમના નિમિત્તે આ ૭ ભાગ રાજકોટ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરવામાં આવશે. જેના માટે તેમના તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા.૭/- (સાત લાખની) દાનરાશી મંદિરને ભેટ આપવામાં આવેલી છે. તથા બીજી દાનરાશી જે મુમુક્ષુઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે તેનું લીસ્ટ પણ છાપવામાં આવેલ છે. આ સર્વે મુમુક્ષુઓએ  ખૂબ જ ભાવપૂર્વક દાનરાશી આપી હોય સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત ચોથા ભાગમાં ગ્રન્થના નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમ આલોચના તથા શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત અધિકારો ઉપર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અતીન્દ્રિય આનંદથી તરબોળ એવા કુલ ૪૦ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે તથા ગાથા ૧૦૫, ૧૦૬ અને શ્લોક ૧૪૧ થી ૧૪૪ ઉપર સળંગ પ્રવચનો ઉપલબ્ધ ન હોય ત્રણ પ્રવચનો ગાથાની પૂર્તી રૂપે ૧૯૭૧ના પ્રવચનોમાંથી અક્ષરસઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમ ટોટલ ૪૦ પ્રવચનો થયા છે.

આ સમગ્ર પ્રવચનોનું કોમ્પ્યૂટરાઈઝ્ડ ટાઈપસેટીંગ સી.ડી. ઉપરથી અક્ષરશઃ ઉતારવાનું કાર્ય તથા ડીઝાઈનવર્ક **શ્રી નિલેષભાઈ જૈન–ભાવનગર** દ્વારા થયેલ છે તથા સમગ્ર પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **ચેતનભાઈ મહેતા–રાજકોટ** દ્વારા થયેલ છે. જે પ્રવચનો હિન્દીમાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવેલા છે. આ કાર્ય બદલ સંસ્થા સર્વનો આભાર માને છે. આ પ્રવચનોમાં કાંઈપણ ક્ષતિ રહી હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકબાઈન્ડીંગ તથા પ્રિન્ટીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા **ધર્મેશભાઈ શાહ–રાજકોટ** દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર તથા **vitragvani.com** પર મૂકવામાં આવેલ છે.

ટ્રસ્ટીશ્રી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૯૯ | ૦૭-૧૨-૭૯ | શ્લોક-૧૨૭, ગાથા-૯૬, | ૦૦૧ |
| ૧૦૦ | ૦૮-૧૨-૭૯ | ગાથા-૯૬ | ૦૧૩ |
| ૧૦૧ | ૦૯-૧૨-૭૯ | શ્લોક-૧૨૮, ગાથા-૯૭ | ૦૨૨ |
| ૧૦૨ | ૧૦-૧૨-૭૯ | ગાથા-૯૭ | ૦૩૫ |
| ૧૦૩ | ૧૧-૧૨-૭૯ | શ્લોક-૧૨૯-૧૩૦ | ૦૪૫ |
| ૧૦૪ | ૧૨-૧૨-૭૯ | શ્લોક-૧૩૧-૧૩૨, ગાથા-૯૮ (H) | ૦૫૮ |
| ૧૦૫ | ૧૩-૧૨-૭૯ | શ્લોક-૧૩૩, ગાથા-૯૮-૯૯ | ૦૭૦ |
| ૧૦૬ | ૧૪-૧૨-૭૯ | શ્લોક-૧૩૪, ગાથા-૯૯-૧૦૦ | ૦૮૨ |
| ૧૦૭ | ૧૫-૧૨-૭૯ | ગાથા-૧૦૦ | ૦૯૬ |
| ૧૦૮ | ૧૬-૧૨-૭૯ | ગાથા-૧૦૦ | ૧૦૭ |
| ૧૦૯ | ૧૭-૧૨-૭૯ | શ્લોક-૧૩૫ | ૧૧૯ |
| ૧૧૦ | ૧૮-૧૨-૭૯ | શ્લોક-૧૩૬, ગાથા-૧૦૧ | ૧૩૧ |
| ૧૧૧ | ૧૯-૧૨-૭૯ | શ્લોક-૧૩૭, ગાથા-૧૦૨ | ૧૪૪ |
| ૧૧૨ | ૨૦-૧૨-૭૯ | ગાથા-૧૦૨ | ૧૫૮ |
| ૧૧૩ | ૨૧-૧૨-૭૯ | ગાથા-૧૦૩ | ૧૭૨ |
| ૧૧૪ | ૨૨-૧૨-૭૯ | શ્લોક-૧૩૯, ગાથા-૧૦૪ | ૧૮૩ |
| ૧૧૫ | ૨૩-૧૨-૭૯ | શ્લોક-૧૪૦-૧૪૧ | ૧૯૭ |
| ૧૦૦ | ૨૦-૦૮-૭૧ | શ્લોક-૧૪૧, ગાથા-૧૦૫ | ૨૧૦ |
| ૧૦૧ | ૨૧-૦૮-૭૧ | શ્લોક-૧૪૧-૧૪૨ ગાથા-૧૦૫-૧૦૬ | ૨૨૪ |
| ૧૦૨ | ૨૨-૦૮-૭૧ | શ્લોક-૧૪૩- ૧૪૪, ગાથા-૧૦૬ | ૨૩૮ |
| ૧૧૭ | ૨૫-૧૨-૭૯ | શ્લોક-૧૪૪ થી ૧૪૯ | ૨૫૧ |
| ૧૧૮ | ૨૬-૧૨-૭૯ | શ્લોક-૧૫૦-૧૫૧, ગાથા-૧૦૭ | ૨૬૭ |
| ૧૧૯ | ૨૭-૧૨-૭૯ | શ્લોક-૧૫૨-૧૫૩, ગાથા-૧૦૮-૧૦૯ | ૨૮૧ |
| ૧૨૦ | ૨૮-૧૨-૭૯ | શ્લોક-૧૫૪ થી ૧૫૭ | ૨૯૭ |
| ૧૨૧ | ૦૧-૦૨-૮૦ | શ્લોક-૧૫૮-૧૫૯, ગાથા-૧૧૦ | ૩૧૨ |
| ૧૨૨ | ૦૨-૦૨-૮૦ | ગાથા-૧૧૦ | ૩૨૫ |
| ૧૨૩ | ૦૩-૦૨-૮૦ | ગાથા-૧૧૦ | ૩૩૫ |
| ૧૨૪ | ૦૪-૦૨-૮૦ | શ્લોક-૧૬૦-૧૬૧, ગાથા-૧૧૧ | ૩૪૫ |
| ૧૨૫ | ૦૫-૦૨-૮૦ | શ્લોક-૧૬૨ થી ૧૬૪ | ૩૫૬ |

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧૨૬ | ૦૬-૦૨-૮૦ | શ્લોક-૧૬૫ થી ૧૬૭ | ૩૬૮ |
| ૧૨૭ | ૦૭-૦૨-૮૦ | શ્લોક-૧૬૮-૧૬૯ | ૩૮૦ |
| ૧૨૮ | ૦૮-૦૨-૮૦ | શ્લોક-૧૭૦ થી ૧૭૨, ગાથા-૧૧૨ | ૩૯૨ |
| ૧૨૯ | ૨૦-૦૫-૮૦ | શ્લોક-૧૭૩ થી ૧૭૫ | ૪૦૫ |
| ૧૩૦ | ૨૧-૦૫-૮૦ | શ્લોક-૧૭૬-૧૭૭ | ૪૧૮ |
| ૧૩૧ | ૨૨-૦૫-૮૦ | શ્લોક-૧૭૮-૧૭૯, ગાથા-૧૧૩ | ૪૩૦ |
| ૧૩૨ | ૨૩-૦૫-૮૦ | શ્લોક-૧૮૦-૧૮૧, ગાથા-૧૧૪ | ૪૪૫ |
| ૧૩૩ | ૨૪-૦૫-૮૦ | શ્લોક-૧૮૨, ગાથા-૧૧૫ | ૪૬૧ |
| ૧૩૪ | ૨૫-૦૫-૮૦ | શ્લોક-૧૮૨, ગાથા-૧૧૬ | ૪૭૩ |
| ૧૩૫ | ૨૬-૦૫-૮૦ | શ્લોક-૧૮૩ થી ૧૮૫, ગાથા-૧૧૬-૧૧૭ | ૪૮૬ |
| ૧૩૬ | ૨૭-૦૫-૮૦ | શ્લોક-૧૮૬ થી ૧૮૮, ગાથા-૧૧૮ | ૫૦૧ |


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेव प्रणीत

श्री

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૪)

---

## પ્રવચન નં. ૯૯, શ્લોક-૧૨૭, ગાથા-૯૬, શુક્રવાર, માગશર વદ ૪, તા.૭-૧૨-૧૯૭૯

---

'નિયમસાર' 'સમયસાર'ની ગાથા છે ને?

**`सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।''**

**'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...'** આહાહા..! બે જ વાત. પોતે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એક જ વસ્તુ, એ સિવાય બીજું બધું પર છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી માંડી પરપદાર્થ બધા પર છે. **'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે એમ જાણીને...'** પર છે એમ જાણીને... આહાહા..! **'પ્રત્યાખ્યાન કરે છે...'** એટલે કે તેમાં જોડાતો નથી અને જ્ઞાનમાં રહે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં રહે છે. **'તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે...'** એ જ્ઞાનસ્વરૂપ આત્મા એ પ્રત્યાખ્યાન છે.

બહારની ક્રિયાકાંડમાં જે વિકલ્પ ઊઠે. પ્રત્યાખ્યાન અને પચ્ચખાણ કરું એ કોઈ પચ્ચખાણ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વપદાર્થ, પરપદાર્થથી તદ્દન ભિન્ન તેવા જ્ઞાનભાવમાં સ્થિર રહેવું તે જ્ઞાનભાવ રાગરૂપ થયો નથી. એટલે છોડવું એમ પણ કહ્યું નથી. તેમાં સ્થિર રહેવું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! છે? **'એમ જાણીને...'** પાછું એમ લીધું છે. પર છે એમ જાણ્યું. તો જાણવાનો સ્વભાવ તો પોતાનો છે પોતામાં છે. રાગાદિ પરપદાર્થ પર છે. હું સ્વ જ્ઞાન છું, આનંદ છું એ મુખ્યલક્ષણ બે. સમ્યગ્જ્ઞાન ખ્યાલમાં આવે અને અતીન્દ્રિય આનંદ ખ્યાલમાં આવે, એ જ્ઞાન અને આનંદ તે હું છું. એમ જ્યાં પચ્ચખાણમાં આવ્યું, તેથી એ ત્યાગ જાણીને પ્રત્યાખ્યાન ત્યાગે છે. ત્યાગે છે એનો અર્થ એ કે **'તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે...'** તે જ્ઞાનમાં જ્ઞાન આત્મામાં રહે છે એ પ્રત્યાખ્યાન છે. આવી વાત છે. આનું નામ પચ્ચખાણ.

આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપમાં રહેવું, પરને જાણવું, જાણ્યું પણ સ્વમાં રહેવું. જ્ઞાનસ્વરૂપ છે, તે સ્વરૂપે રહેવું તે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. એ જ્ઞાન એ પચ્ચખાણ છે. હાથ જોડ્યા અને વિકલ્પ ઉઠ્યો એટલે પચ્ચખાણ થઈ ગયું એ પચ્ચખાણ નથી. આહાહા..! 'પ્રવચનસાર'માં ચરણાનુંયોગમાં આવે છે ને? ગુરુ એને ૨૮ મુળગુણ આપે છે. આવે છે? એ ચરણાનુયોગની વાત વ્યવહારથી વાત છે. તત્ત્વદૃષ્ટિના દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ તો એ કોઈ આપતું નથી અને લેતું નથી. રાગ છે એ પુણ્ય-પાપના ભાવ છે એ પર છે. એ પર છે એમ જાણ્યું એટલે જ પોતે પોતામાં સ્થિર થાય છે. એનું નામ પ્રત્યાખ્યાન છે. આહાહા..!

હવે ચરણાનુંયોગના અધિકારમાં એમ આવે, ગુરુ એને અઠ્યાવીશ મૂળગુણ આપે, એ અંગીકાર કરે. નિમિત્તથી કથન છે. એ અંદર વ્યવહાર હોય છે ખરો ને? પણ વસ્તુ એ સ્થિતિ નથી. વસ્તુસ્થિતિતો જ્ઞાનસ્વરૂપને જ્ઞાનમાં હલવા ન દેવું, રાગ અને પુણ્ય-પાપમાં એને હલવા ન દેવું, એમાં જોડાવું નહિ. જ્ઞાન, જ્ઞાનમાં રહેવું, આત્મા, આત્મામાં રહેવું. આત્માના સ્વરૂપમાં રહેવું એ પ્રત્યાખ્યાન છે. ઓહો..! આવી અઘરી વ્યાખ્યા છે.

**'(અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...'** રાગના અભાવરૂપ અવસ્થા. આહાહા..! કેમ કે આત્મામાં એક અભાવ નામનો ગુણ છે. એથી પોતાના ગુણથી રાગના અભાવસ્વભાવરૂપે પરિણમવું, એનો અભાવ-સ્વભાવનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનો ત્યાગ કરું એમ પણ નથી. રાગના ત્યાગના અભાવસ્વભાવરૂપ, અભાવસ્વભાવ ગુણ છે. આત્મામાં અભાવસ્વભાવ ગુણ છે. એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં અને એમાં એકાગ્ર થતાં રાગરૂપે ન થવું અને જ્ઞાનરૂપે થવું, એનું નામ પચ્ચખાણ છે. આહાહા..! હવે આ પચ્ચખાણ પાછું આ પડિક્કમણા, અપવાસ કરે, પર્યુષણમાં બધા 'ચંદુભાઈ'! આ બધા તમે ત્યાં શું કરો છો? પડિક્કમણા કરે, અપવાસ કરે, બે અપવાસ કર્યા, ત્રણ અપવાસ કર્યા, એ પચ્ચખાણ કર્યા. અહીંયાં એ કહે છે એ પચ્ચખાણ નથી. એ તો વિકલ્પ છે. આહાહા..!

સ્વને જાણતા પરને જાણવું. સ્વને જાણવામાં રહેતા ત્યાં પરને જાણવું, એમ જાણીને પરરૂપે ન થવું, દ્રવ્યસ્વભાવ પરરૂપે થયો નથી. એ સ્વભાવ પરરૂપે થયો નથી. તે રૂપે તેને થવું, તે રૂપે સ્થિર થવું, એનું નામ પચ્ચખાણ છે. આહાહા..! આવી આકરી વ્યાખ્યા છે. નવા માણસને આકરું લાગે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આવી વ્યાખ્યા તો આપે કરેલી છે.

પૂ. ગુરુદેવશ્રી :– આમાં છે કે નહિ? બાપા! આહાહા..! પ્રભુતા! પ્રભુ તારી તો ખરી, પ્રભુ! તારી પ્રભુતા ત્યારે ખરી, મુજરો મુજ રોગ લે હરિ. એ રાગના રોગને હરિને સ્વરૂપમાં ઠર, ત્યારે તારી પ્રભુતા ખરી કહેવાય. આહાહા..! તારી પ્રભુતા એટલે ગુણ છે. આત્મામાં પ્રભુતા નામનો અનાદિ અનંત ગુણ છે. એ પ્રભુતાનો ગુણ અને એક અકાર્યકારણ નામનો ગુણ છે. તેથી રાગ છૂટવો અને સ્થિર થવું એમ પણ નથી. એટલે રાગનું છૂટવું એ કારણ અને સ્થિર થવું કાર્ય એ નહિ. એ તો કાર્યકારણ નામનો ગુણ છે. રાગના કારણના અભાવસ્વભાવરૂપે પરિણમવું... આહાહા..! એવું એનું સ્વરૂપ જ છે.

સચ્ચિદાનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા, અનંતગુણનો સાગર, હીરો એ જ્યાં પકડવામાં આવ્યો, એમાં સ્થિર થયો, એને પરને જાણ્યું કે આ પર છે. પણ પરરૂપે જાણ્યું અને જે પરરૂપે થયું નહિ. પરને જાણ્યું એટલે પરરૂપે થયો નહિ. સ્વરૂપે થયો. આહાહા..! આનું નામ પચ્ચખાણ છે. આનું નામ ત્યાગ છે. રાગનો ત્યાગ આ રીતે નામમાત્ર કહેવાય છે. આહાહા..! ભગવાન આત્મા રાગરૂપ થયો નથી. ચૈતન્યસ્વરૂપ જાણનાર–દેખનાર સ્વભાવ પૂર્ણ તે રાગ અચેતન છે, એ અચેતનરૂપે સ્વરૂપ. સ્વરૂપ, પોતાનો સ્વભાવ, સ્વ પોતાનો સ્વભાવ, જ્ઞાન-દર્શન-આનંદ એ સ્વભાવ છે. સ્વભાવ એટલે પોતાનો ભાવ છે. રાગાદિ પોતાનો ભાવ નથી. આહાહા..!

એ પોતાનો જે સ્વભાવ છે. સ્વ-ભાવ પોતાનો ભાવ છે. આત્માનો પોતાનો જ્ઞાનસ્વભાવભાવ, સ્વભાવ, પોતાનો ભાવ, આનંદભાવ, શાંતભાવ, વીતરાગભાવ, શ્રદ્ધાભાવ. એ ભાવરૂપે સ્થિર રહેવું... આહાહા..! ફક્ત જાણ્યું કે આ રાગ છે એ પર છે. એ પણ જ્ઞાનની પર્યાયની તાકાતે પોતે પોતામાં જાણ્યું. એમાં ઠર્યો એનું નામ પચ્ચખાણ છે. આવી વ્યાખ્યા છે. અહીં તો પચ્ચખાણ સહેલું થઈ પડ્યું છે. આઠ વર્ષની છોકરી હોય તો સામાયિક કરીને બેસે, પડિક્કમણા કરીને બેસે. પચ્ચખાણ કરે, પ્રત્યાખ્યાન કરે. અને શેઠિયાઓ પછી પૈસા આપે. આણે પાંચ સામાયિક કરી, પડિક્કમણા કર્યા. આને બબ્બે રૂપિયા આપો, પાંચ-પાંચ રૂપિયા આપો જાવ. આહાહા..! એ તો બધી શુભભાવની વાતું, બાપુ! આહાહા..!

સ્વદ્રવ્યને પોતાની સ્થિરતા માટે પરદ્રવ્યની કોઈ અપેક્ષા જ નથી. આહાહા..! એ ભગવાન આત્મા ચૈતન્ય જળહળ જ્યોતિ, પ્રભુ! સ્વસ્વયંભાવ. સ્વનો સ્વયં પોતાનો નિજભાવ, એ ભાવમાં સ્થિર થવું એ જ ત્યાગ છે. એ જ રાગનો ત્યાગ કહેવામાં આવે છે. એનું નામ પચ્ચખાણ છે. છે એમાં? **'પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...'** જ્ઞાન એટલે પોતાનો સ્વભાવ જે શુદ્ધ ત્રિકાળ, એ ગુણની અવસ્થા થવી તે પચ્ચખાણ છે. એ ગુણની નિર્મળ અવસ્થા થવી... આહાહા..! ઝીણું પડે પણ માર્ગ આ છે. બીજી વાતું સહેલી લાગે. એ બધી સહેલી રાગ છે. સહેલી.. સહેલી.. રાગ. આ તો હીરો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય હીરલાને એની કિંમત કરીને તેમાં રહેવું... આહાહા..! પરને જાણવું પરરૂપે છે એટલું. **'એમ નિયમથી જાણવું.'** એનું નામ પ્રત્યાખ્યાન છે એમ નિયમથી જાણવું. એમ નિયમથી, નિશ્ચયથી, વસ્તુની મર્યાદાના નિયમ જ આ છે. વસ્તુની મર્યાદા આ જ છે. આહાહા..! વસ્તુ.. વસ્તુ પોતે સ્વ... ભાવ. સ્વભાવ એટલે પોતાનો ભાવ, તેની અવસ્થા થવી એનું નામ પ્રત્યાખ્યાન છે. એ નિયમથી, નિશ્ચયથી એમ જાણવું. નિશ્ચયથી, યથાર્થથી તે વાત સાચી છે. આહાહા..!

હવે 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે.

**`प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।'**

એ 'સમયસાર'માં છેલ્લે પચ્ચખાણ અધિકાર છે ને? ત્યાં એ ગાથા છે. **'પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે—'** આહાહા..! પચ્ચખાણ ખરનાર એમ ભાવે છે, કે **'ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (–ત્યાગીને),...'** ભવિષ્યના સમસ્ત રાગના વિકલ્પ આદિ ત્યાગીને. આ વર્તમાન પ્રતિક્રમણ અને ભવિષ્યનું પચ્ચખાણ. ભવિષ્યનું એ કોઈપણ વિકલ્પને સર્વથા ત્યાગીને... આહાહા..! **'જેનો મોહ નષ્ટ થયો છે...'** જેનો મિથ્યાત્વ નાશ થયો છે. ભ્રમણા જેની નાશ થઈ છે. રાગ તે હું અને રાગની એક્તા એનો જેને નાશ થયો છે. એને પ્રત્યાખ્યાન હોય છે. આહાહા..! આ તો શાંતિથી સમજવા જેવી વાત છે. ભાઈ!

**'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...'** એવો હું... આહાહા..! રાગની એક્તા જેની નષ્ટ થઈ છે. રાગનો વિકલ્પ સૂક્ષ્મમાં સૂક્ષ્મ, એની એક્તા જેની નાશ થઈ છે, એવો હું... આહાહા..! **'નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** શેમાં કહે છે રહું છું. બધું જ ત્યાગીને, બધું જ છોડીને **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** ચૈતન્યનું સ્વ... રૂપ આત્મા, એનું રૂપ જ ચૈતન્ય છે. આત્માનું રૂપ જ ચૈતન્ય છે. આહાહા..! દયા, દાન, વ્રત વિકલ્પ આદિ એ આત્માનું રૂપ નથી, આત્માનું સ્વરૂપ નથી. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ એવો જે આત્મા. આત્મા કેવો કે ચૈતન્યસ્વરૂપ આત્મા. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ચૈતન્યસ્વરૂપ આત્મા નહિ. એ તો અણાત્મા છે. આહાહા..! રાગનો વિકલ્પ ઊઠે છે એ અણાત્મા છે. **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** આત્માથી જ. આત્મામાં નિર્મળ વીતરાગી સ્વભાવથી જ. આહાહા..! આત્મા નિજસ્વભાવ શુદ્ધચૈતન્ય, એને **'આત્મામાં આત્માથી જ...'** જે સ્વભાવ જેનો શુદ્ધ છે, વીતરાગી સ્વભાવ છે. સ્વ પોતાનો ભાવ વીતરાગી છે. વીતરાગી ભાવ વડે આત્મામાં સ્થિર થાવ છું. આહાહા..! આ પચ્ચખાણ. આકરું પડે હોં. સંપ્રદાયવાળા સાંભળતા... એ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... ઊડી જાય છે. વ્યવહાર રહે જ છે. જાણવા યોગ્ય વ્યવહાર રહે છે, આદરવા યોગ્ય નહિ. આહાહા..!

આગળ કીધું ને જાણીને. આવ્યું ને? જાણીને કીધું ને? આહાહા..! પહેલું **'પોતા સિવાય**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરપદાર્થો પર છે એમ જાણીને...**' જાણીને. આહાહા..! એકકોર ભગવાન આત્મા અને એકકોર અનંત પરપદાર્થો, એ બધા અનંતથી હું જુદો. મારામાં એ અનંત માહ્યલો કોઈ અંશ પણ નથી. અને મારામાં જે અંશો છે, અનંતગુણનો સ્વરૂપ, સ્વભાવ તે પરમાં નથી. આહાહા..! આવી વાતું છે. આત્મ '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' આત્માની વ્યાખ્યા કરી. કેવો આત્મા? કે ચૈતન્યસ્વરૂપ. એ દયા, દાન, વ્રત, ભક્તિ સ્વરૂપ નહિ. એ તો રાગ છે. આહાહા..! આ રાગ આવે, પણ જાણવા લાયક છે. જ્ઞેય તરીકે જાણવાલાયક આવે. એવો ચૈતન્યસ્વરૂપ તે આત્મા, એ '**આત્માથી જ (–પોતાથી જ)...**' એટલે વીતરાગભાવથી જ. આહાહા..!

રાગભાવ રહિત વીતરાગભાવથી કેમ કે પોતે વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપ એવો આત્મા એટલે ચૈતન્યસ્વરૂપ એવો આત્મા, ચૈતન્યસ્વરૂપની પરિણતિ દ્વારા... આહાહા..! છે? આ તો '**(–પોતાથી જ) નિરંતર વર્તું છું.**' મુનિરાજ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, હું તો ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ આત્મા, એમાં હું તો વર્તું છું. એમાં હું તો ચારિત્ર, ઠરવું એટલે રમવું. એમાં રમું છું એ મારું ચારિત્ર અને એ મારું પચ્ચખાણ છે. આહાહા..! નિશ્ચયની વાત બીજાને એવી લાગે કે આ તો એકાંત છે. વ્યવહાર તો હતો. પણ વ્યવહાર વચ્ચે આવતો નથી. વ્યવહાર પર તરીકે છે. પર તરીકે અનંત છે. રાગથી માંડીને પર તરીકે અનંત છે. એ જાણવાલાયક છે. એ વ્યવહાર તરીકે જાણવા લાયક છે. આહાહા..!

પણ ચૈતન્યસ્વરૂપ એવો જે આત્મા, એને ચૈતન્યસ્વરૂપ આત્માથી જ, ચૈતન્યસ્વરૂપ આત્માથી જ... આહાહા..! '**નિરંતર વર્તું છું.**' આહાહા..! લખે છે એ વખતે વિકલ્પ છે. છતાં હું તો ત્યાં વર્તું છું. વિકલ્પનું તો જ્ઞાન કરું છું. આહાહા..! વિકલ્પ તો પર તરીકે છે એમ જ્ઞાન કરું છું. મારું વર્તવું તો રાગરહિત સ્વરૂપમાં વર્તવું તે મારું સ્વરૂપ છે. આહાહા..! લખવા વખતે એમ કહે છે. લખવાની ક્રિયા મારી નથી. આહાહા..! એ તો પરમાણુની પર્યાયની ક્રિયા છે. આહાહા..! લખવામાં વિકલ્પ ઊઠે તે ક્રિયા મારી નથી. એ પરમાં જાય છે. પરથી ભિન્ન મારું ચૈતન્યસ્વરૂપ આત્મા. એ આત્માથી એટલે ચૈતન્યસ્વરૂપ એવો આત્માથી જ હું એમાં વર્તુ છું. ચૈતન્યસ્વરૂપ આત્મા, ચૈતન્યસ્વરૂપ આત્માથી જ વર્તું છું. આહાહા..! ભાષા તો ગજબ કરી છે. અંદર વાચ્ય શું છે? આ તો શબ્દો છે. વાચ્ય અંદર પૂર્ણઆનંદ અને પૂર્ણજ્ઞાન એવું જે ચૈતન્યનું સ્વરૂપ તે આત્મા, તે આત્માથી એટલે ચૈતન્યસ્વરૂપ આત્માથી વર્તવું, રાગથી નહિ, વિકલ્પથી નહિ. નિર્વિકલ્પપણે આત્મામાં વર્તવું, એનું નામ પચ્ચખાણ છે. આવી વાત છે.

લ્યો આમાં અર્થ શું કરતા હશે? વસ્તુ આવી છે. વસ્તુસ્થિતિ આવી છે જ્યાં. વસ્તુની મર્યાદા, સ્વભાવ. સ્વ એટલે પોતાનો ભાવ. જ્ઞાન, શાંતિ, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. એ સ્વ છે પોતાનો ભાવ છે. અને દયા, દાન, વિકલ્પ એ તો સ્વભાવ નથી. એ તો પરભાવ છે. આહાહા..! પરભાવ છે તેને જાણીને સ્વભાવમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મામાં ચૈતન્ય સ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માથી વર્તું છું. આહાહા..! આવું કામ છે. આનું નામ પચ્ચખાણ. આઠ અપવાસ કરે, ચોવિહારા કરે, વરઘોડા કાઢે... ઓહોહો..! આઠ અપવાસ કર્યા પછી દાન કરે. ત્યાં બે, ચાર, પાંચ, દસ હજાર, પચ્ચીસ હજાર ખર્ચે. આહાહા..! એ તો બહારની ચીજ છે. ખર્ચવું કે ન ખર્ચવું એ ક્રિયા આત્માના અધિકારની નથી. એને રાગની મંદતા થવી કે તીવ્રતા થવી તે તેના ઉલટા પુરુષાર્થની વાત છે. આહાહા..! ઉલટા પુરુષાર્થમાં પરનું કરવું એ આવતું નથી. ઉલટા પુરુષાર્થમાં શરીરનું કે પરનું કરવું એ આવતું નથી. ઉલટા પુરુષાર્થમાં રાગ મારો, ભ્રમ અને રાગ એ ઉલટા પુરુષાર્થમાં આવે છે. આહાહા..! સુલટા પુરુષાર્થમાં વીતરાગતા અને સમ્યગ્દર્શન આવે. આહાહા..! એ સમ્યગ્દર્શનમાં હું વર્તું છું. આત્મા ચૈતન્યસ્વરૂપ છે એવી પ્રતીતિનો અનુભવ અને એમાં હું વર્તું છું. એ વર્તું છે એ ચારિત્ર છે. વર્તુ છું એ પચ્ચખાણ છે. આહાહા..! છે?

## શ્લોક-૧૨૭

तथा हि -

(मंदाक्रांता)

सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं
प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।
सच्चारित्राण्यधकुलहराण्यस्य तानि स्युरुच्चैः
तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम्।।१२७।।

વળી (આ ૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] જે સમ્યગ્દષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે, તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશાં પ્રત્યાખ્યાન છે અને તેને પાપસમૂહનો નાશ કરનારાં એવાં સત્-ચારિત્રો અતિશયપણે છે. ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય વંદુ છું. ૧૨૭.

## શ્લોક-૧૨૭ ઉપર પ્રવચન

'વળી (આ ૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं**
**प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।**
**सच्चारित्राण्यधकुलहराण्यस्य तानि स्युरुच्चैः**
**तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम्।।१२७।।**

'પદ્મપ્રભમલધારિદેવ' ટીકાકાર કહે છે. **'જે સમ્યગ્દષ્ટિ...'** જીવ... આહાહા..! શુદ્ધ પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! પૂર્ણસ્વરૂપ ચૈતન્ય, તેની જેને દૃષ્ટિ અને અનુભવ છે, એ સમ્યગ્દષ્ટિજીવ... આહાહા..! **'સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે,...'** પ્રત્યાખ્યાન છે ને? સમસ્ત. ભગવાન પ્રત્યેની ભક્તિ અને પચ્ચખાણ, વ્રત, નિયમ અને બધા વિકલ્પને છોડે છે. વ્યવહારના વિકલ્પને બધાને છોડે છે. આહાહા..! **'કર્મ-નોકર્મના સમૂહને છોડે છે, તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને...'** જે સમ્યગ્દષ્ટિ જીવ સમ્યગ્દર્શન સિવાય રાગાદિ સર્વવિકલ્પને છોડે છે... આહાહા..! એ **'સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશાં પ્રત્યાખ્યાન છે...'** એને હંમેશાં દરેક સમયે પ્રત્યાખ્યાન છે. આહાહા..!

એક તો સમ્યગ્દર્શન છે, એ ઉપરાંત તેમાં વર્તે છે. એમ કહ્યું ને? **'નોકર્મના સમૂહને છોડે છે,...'** સમ્યગ્દષ્ટિ છે. અને **'કર્મ-નોકર્મના સમૂહને છોડે છે,...'** કર્મમાં ભાવકર્મ અને દ્રવ્યકર્મ બે આવ્યા. ભાવકર્મ જે દયા, દાન, વિકલ્પ છે એને પણ સમ્યગ્દષ્ટિ છોડે છે. આહાહા..! **'તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશાં પ્રત્યાખ્યાન છે...'** આહાહા..! મુનિરાજની વાત કરે છે. દિગંબર સંત મુનિ એને કહીએ. સમ્યગ્દષ્ટિ સહિત વિકલ્પ આદિ સર્વકર્મ-નોકર્મને છોડે છે. તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિ છે. આહાહા..! રાગ અને પુણ્ય-પાપનું મૂર્તિપણું છોડી દીધું છે. આહાહા..! એકલું જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. જ્ઞાન અને આનંદના સ્વરૂપે છે. મૂર્તિ એટલે એ.

**'હંમેશા પ્રત્યાખ્યાન છે...'** એને તો હંમેશા ચોવીસે કલાક પ્રત્યાખ્યાન છે. એક તો સમ્યગ્દષ્ટિ છે, પૂર્ણઆનંદ અને પૂર્ણજ્ઞાનનું સ્વરૂપ અનુભવમાં આવ્યું છે. અને અનુભવપૂર્વક ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ તેને લક્ષમાંથી છોડે છે. અને આત્માના સ્વભાવમાં રમે છે. એને હંમેશા પચ્ચખાણ છે. ચોવીસે કલાક પચ્ચખાણ છે. હંમેશા કીધું ને? ચોવીસે કલાક. ઉંઘમાં પણ. નિંદ્રામાં પણ પ્રત્યાખ્યાન છે. અંદરમાં સ્વરૂપમાં રમણતા, એકાગ્રતા, એ પ્રત્યાખ્યાન છે. આહાહા..! નિંદ્રા-નિંદ્રા પર તરીકે ધ્યાવે છે. નિંદ્રાને પર તરીકે ધ્યાવે છે. આહાહા..!

સમ્યગ્દર્શન સહિત રાગાદિ ભાવકર્મ, નોકર્મ, દ્રવ્યકર્મ એને છોડે છે. એ સમ્યગ્જ્ઞાનની મૂર્તિ, એ સમ્યગ્જ્ઞાનસ્વરૂપે ભગવાન, એને હંમેશા પચ્ચખાણ છે. એને ચોવીસે કલાક પચ્ચખાણ છે. આહાહા..! હવે આહાર કરવા જાય, આહાર વહોરવા જાય, ઊંઘે. તો પણ કહે છે જેટલો વિકલ્પ થયો એને જાણે. પણ ઠરે છે સ્વરૂપમાં. આહાહા..! બહુ આકરી વાત. ઝીણી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું. સવારમાં એક પૂછ્યું'તું હિન્દી વાળાને. એ કહે સમજાતું હતું? હિન્દી ભાષામાં કહેતા હતા ને? કાંઈક-કાંઈક થોડું સમજાતું હતું. આ વાત ક્યાંય સાંભળવા મળે નહિ. આ કરો, આ કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો, પડિક્કમણા કરો, બાહ્ય ત્યાગ કરો, જાત્રા કરો. બસ એ વાત ચાલતી હોય. આખો દિ' ને રાત એ જ ચાલે. આહાહા..! હવે એને આવી ઝીણી વાત.. હિન્દીમાં ચાલતી હતી. તો પણ એને બરાબર સમજાતું નહોતું. આહાહા..! સવારમાં આવ્યા હતા ને? ઝીણી વાત બહુ.

હવે આત્મા એટલે વળી શું? હવે આત્મા વળી કેવો? કે ચૈતન્યસ્વરૂપ. કેવો? કે એમાં રાગના વિકલ્પ, દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ નથી. એવો એ આત્મા અને અનંતાગુણો જેમાં ભર્યાં છે એવો એ આત્મા. એ આત્માને આત્મા વડે કરીને સ્થિર થવું, એ રાગ વડે નહિ, પુણ્ય વડે નહિ, વ્યવહાર–નિમિત્ત વડે નહિ. આહાહા..! આત્મા વડે આત્માને સ્થિર થવું, તો આત્મા વીતરાગસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપી આત્માને વીતરાગસ્વરૂપી આત્માએ વીતરાગભાવે અંદર સ્થિર થવું. આહાહા..! એને હંમેશા પચ્ચખાણ છે. કહો, 'ચીમનભાઈ'! આવી વાત ક્યાં સાંભળવા મળે? એય..! 'યશપાલજી'! આવી વાતું આકરી છે. આ ભવના અભાવની વાતું, બાપા! ચોરાશીના અવતાર કરીકરીને ભાઈ! ચોરાશીલાખ યોનીના અવતાર, ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતા કેમ કહેવાય?

અનંતકાળ ગયો... આહાહા..! અરે..રે..! એક-એક ભવમાં જેણે હરણને જેમ સિંહ આવીને ફાડે અને ખાય. જીવતા ખાય. આહાહા..! એવા ભવ અનંતા કર્યા છે. આહાહા..! નરકના દુઃખનું વર્ણન તો પરમાત્મા કહે છે. શું દુઃખનું વર્ણવું તે એ પ્રભુ! એ નર્કના ઓલામાં દુઃખનો... આહાહા..! મહાપાપ કરીને નર્કમાં ગયો, એના દુઃખનું વર્ણન કરોડ ભવે, કરોડ જીભે, ક્ષણના દુઃખની વ્યાખ્યા, એક ક્ષણના દુઃખની વ્યાખ્યા એ વેદે છે. એ અસ્તિ છે. પણ એ શું દુઃખ છે અને કેટલું કેમ? એ ક્રોડે ભવે, ક્રોડ જીભે કહેવું કઠણ છે. અરે..! પ્રભુ! આવા અનંતભવ કર્યા, અનંત અવતાર કર્યા. સત્ય વાત આવે ત્યારે નકાર કર્યો. એમ ન હોય, એ એકાંત છે, ફલાણું છે, ફલાણું છે. એમ કરીને સત્યને ટાળી નાખ્યું. વ્યવહારને વળગ્યો. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ વ્યવહાર, એને વળગ્યો એ તો સંસાર છે, રાગ છે. આહાહા..!

અહીં તો આત્માને ચૈતન્યસ્વરૂપ આત્માને આત્મા વડે. એમ કીધું ને? આહાહા..! અહીં કીધું સમસ્ત કર્મ આદિ છોડીને સમ્યગ્જ્ઞાનની મૂર્તિ આત્માને **'હંમેશાં પ્રત્યાખ્યાન છે...'** આહાહા..! **'અને તેને પાપસમૂહનો નાશ કરનારાં...'** આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ, સ્વરૂપથી પતીત કરનારા એવા જે પાપના ભાવ, **'તેને સત્ચારિત્રો અતિશયપણે છે.'** તેને સત્ ચારિત્રો અતિશયપણે છે. આહાહા..! પાપસમૂહનો નાશ કરનારા એ. પુણ્ય અને પાપસમૂહનો નાશ કરનારા **'સત્ચારિત્રો અતિશયપણે છે.'** આહાહા..! મુનિદશા, પરમેશ્વરદશા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિદશા એટલે પરમેશ્વર. પંચપરમેષ્ઠી. આહાહા..! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એવા સાધુ ને ગણધર... આહાહા..! ભવિષ્યમાં મુનિ થશે તેને પણ ગણધર, વર્તમાન નમસ્કાર કરે. આહાહા..!

ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી, ત્રણે કાળે વર્તતા. અરિહંત, સિદ્ધો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. ત્રણે કાળે વર્તતા. આહાહા..! આવી દશાએ વર્તતા, એને મારા નમસ્કાર. ગણધર શાસ્ત્ર રચે તો એને પાંચ નમસ્કાર પહેલા કરીને રચે. એ કેટલી મહત્વની વાત હશે! આહાહા..! પાંચ પરમેષ્ઠી એટલે કોણ? બાપુ! આહાહા..! ગજબ વાત છે. અને અત્યારે તો સાધારણ આલી દુઆલીમાં ખતવી નાખ્યું. સાધુપણું લુગડા ફેરવ્યા અને જરી નગ્ન થયો અને પાંચ મહાવ્રતના નામ લીધા ત્યાં થઈ ગયો સાધુ. બાપુ! સાધુપણું એ નહિ. એ પરમેશ્વરપદ છે, જેને ગણધરના નમસ્કાર પહોંચે છે. એ કહે છે, જુઓને! આહાહા..!

**'પાપસમૂહનો નાશ કરનારાં એવાં સત્ચારિત્રો અતિશયપણે છે.'** આહાહા..! સત્ચારિત્ર. બહારના સદાચાર એ નહિ. સત્ચારિત્ર, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, તેનું ચારિત્ર. સત્જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, એવું સત્ તેનું ચારિત્ર. આહાહા..! **'સત્ચારિત્રો અતિશયપણે છે.'** રાગાદિનો નાશ કરવાને માટે આવા સત્ચારિત્રો છે. **'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા...'** આહાહા..! ભવ-ભવના ભયનો, **'ભવ-ભવના ક્લેશનો...'** આહાહા..! અહીં એમ નથી લીધું કે નરક અને તિર્યંચના ભવો. આ તો ભવ-ભવના ક્લેશ. સ્વર્ગમાં પણ ક્લેશ છે. રાગનું દુઃખ છે. આહાહા..! એ રાગી છે. રાગવાળા દુઃખ સમકિતીને પણ (જેટલો) રાગ છે, એટલું એને દુઃખ છે. આહાહા..!

**'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે...'** ચારગતિના ભવ, એ ચારેયગતિના ભવ તો ક્લેશના કારણ છે. આહાહા..! એ **'ક્લેશનો નાશ કરવા માટે તેને હું...'** કોને? જે સત્ચારિત્રો પાપનો નાશ કરવાવાળા અતિશયપણે વર્તે છે. **'તેને હું નિત્ય વંદું છું.'** મુનિરાજ કહે છે, **'તેને હું નિત્ય વંદું છું.'** પોતે મુનિ છે. આહાહા..! ત્રણકષાયનો અભાવ છે, મુનિ છે. એક વાત કરી. જ્ઞાનની વાત કરતા, ભાવિ તીર્થંકરની વાત કરી. કેવળીની વાત નથી કરી. ભાવિ તીર્થંકરનું જ્ઞાન આવું હોય એમ વાતચીત કરી. કહ્યું હતું ને? 'ચેતનજી'! ભાવિ તીર્થંકર. ક્યું પાનું? ૨૧૨ કળશ.

**'જો શુદ્ધદૃષ્ટિવંત (–સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથ...'** જોયું? કેવળી નથી લીધા. એ ભાવિ કેવળીઓ લેવા જોઈએ. અહીં શબ્દ આ લીધો છે. આહાહા..! **'ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** આહાહા..! કેવળીને ન લીધા, તીર્થાધિનાથને લીધા. એનો ધ્વનિ પોતાનો પોકાર છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ પોતે જાણે ભાવિ તીર્થંકર થવાના હોય, એનો પોકાર છે. પંચપરમેષ્ઠીમાં મુનિ છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલે છે. આહાહા..! એ કહે છે, કે **'ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા...'** વીતરાગતા. કેવળીને વીતરાગતા હોય છે એમ ન લીધું. તીર્થાધિનાથને વીતરાગતા હોય છે એમ લીધું. એટલું ફેરવ્યું. આહાહા..!

એ વાંચીને મગજમાં એમ આવ્યું હતું કે આ તીર્થંકર થવાના લાગે છે. વાંચતા આવ્યું હતું, કે આ કેવળી ન લેતા તીર્થંકર લીધા. કેવળી ચોક્કસ સમતા વીતરાગવાળા છે. ભાવિ તીર્થનાથને, તીર્થંકરોને લીધા. .. એવું છે બધું. અલૌકિક છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. આચાર્ય નથી. ભલે મુનિ હોય, આચાર્ય હોય, સાધુ હોય બધા પંચપરમેષ્ઠી છે. આહાહા..! તીર્થાધિનાથને પરમવીતરાગતા વર્તે છે. ચોક્કસ સમતા વર્તે છે. આહાહા..! વીતરાગતા વર્તે છે. આહાહા..!

એ **'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય...'** આ કારણે તેને હું. માટે એટલે આ કારણે **'તેને હું નિત્ય વંદું છું.'** મારું વંદન તેને કાયમ છે. આહાહા..! ૯૬ ગાથા આવી ને?

## ગાથા-૯૬

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी।।९६।।**

**केवलज्ञानस्वभावः केवलदर्शनस्वभावः सुखमयः।**
**केवलशक्तिस्वभावः सोहमिति चिंतयेत् ज्ञानी।।९६।।**

**अनन्तचतुष्टयात्मकनिजात्मध्यानोपदेशोपन्यासोयम्।**

**समस्तबाह्यप्रपंचवासनाविनिर्मुक्तस्य निरवशेषेणान्तर्मुखस्य परमतत्त्वज्ञानिनो जीवस्य शिक्षा प्रोक्ता। कथंकारम्, *अनाद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण, शुद्धस्पर्शरसगंधवर्णानामाधारभूतशुद्धपुद्गलपरमाणुवत्केवलज्ञानकेवलदर्शनकेवलसुखकेवल-शक्तियुक्तपरमात्मा यः सोहमिति भावना कर्तव्या ज्ञानिनेति; निश्चयेन सहजज्ञानस्वरूपोहम्, सहजदर्शनस्वरूपोहम्, सहजचारित्रस्वरूपोहम्, सहजचिच्छक्तिस्वरूपोहम्, इति भावना कर्तव्या चेति -**

---

* અહીં **'अनादि'** ને બદલે **'सादि'** હોવું જોઈએ એમ લાગે છે; તેથી ગુજરાતીમાં 'સાદિ' એમ અનુવાદ કર્યો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



तथा चोक्तमेकत्वसप्ततौ -

(अनुष्टुभ्)

`केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।
तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्।।'

કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું - એમ જ્ઞાની ચિંતવે. ૯૬.

અન્વયાર્થ :– [केवलज्ञानस्वभावः] કેવળજ્ઞાનસ્વભાવી, [केवलदर्शनस्वभावः] કેવળદર્શનસ્વભાવી, [सुखमयः] સુખમય અને [केवलशक्तिस्वभावः] કેવળશક્તિસ્વભાવી [सः अहम्] તે હું છું- [इति] એમ [ज्ञानी] જ્ઞાની [चिंतयेत्] ચિંતવે છે.

ટીકા :– આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.

સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે. ક્યા પ્રકારે ? આ પ્રકારે :- સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક, જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી; અને નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું, હું સહજદર્શનસ્વરૂપ છું, હું સહજચારિત્રસ્વરૂપ છું અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું એમ ભાવના કરવી.

એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્યસ્વભાવી છે. તે જાણતાં શું ન જાણ્યું? તે દેખતાં શું ન દેખ્યું? તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?'

## ગાથા–૯૬ ઉપર પ્રવચન

केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।
केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी।।९६।।

**'चिंतए'** શબ્દ આવ્યો. **'चिंतए'** એટલે વિકલ્પ જ છે એમ કાંઈ નહિ. અંદર એકાગ્ર થવું આ ભાવે. આહા..!

કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું - એમ જ્ઞાની ચિંતવે. ૯૬.

આહાહા..! **'આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અત્યારે આત્મા નિજ ચતુષ્ટસ્વરૂપ ભરેલો છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, એનાથી ભરેલો આ ભગવાન છે. આહાહા..! કેવળીને અનંતચતુષ્ટય જે પ્રગટે છે. અનંત-અનંત આનંદ આદિ પ્રગટે છે એ ક્યાંથી પ્રગટે છે? એ બહારથી આવે છે કાંઈ? અંદરમાં અનંતચતુષ્ટય શક્તિ પડી છે એમાંથી બહાર આવે છે. આહાહા..! તો અનંતા આત્માઓ અનંત ચતુષ્ટયમય બિરાજમાન છે. શક્તિએ અને સ્વભાવે તો બધા ભગવાન આત્માઓ અનંતચતુષ્ટયમય બિરાજે છે. એની વ્યાખ્યા ચિંતવન મુનિ એમ કરે છે, કે ધર્માત્મા આવું ચિંતવન કરે. આહાહા..!

**'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.'** આવા જીવને શિખામણ દેવામાં આવી છે. એટલે એને પણ જ્ઞાન કરાવે છે. **'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત,...'** છે. વ્યવહારથી, વિકલ્પથી વિમુક્ત છે. **'નિરવશેષપણે...'** કાંઈ બાકી રાખ્યા વિના **'અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની...'** અંતર્મુખ પરમાત્મા, આત્મા જ્યાં બિરાજે છે, અંદર પરમાત્મા પોતે જ આત્મા છે. આહાહા..! પરમેશ્વર છે, વીતરાગ છે, કેવળી છે. કેવળદર્શન છે, આનંદ છે, કેવળવીર્ય છે, પૂર્ણ અનંતચતુષ્ટયે જે બિરાજમાન ભગવાન અંદર આત્મા છે.

એવા તત્ત્વજ્ઞાની **'જીવને શિખામણ દેવામાં આવી છે. ક્યા પ્રકારે? આ પ્રકારે :— સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...'** દાખલો આપે છે. જે પરમાણુ છે, **'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ પરમાણુની માફક,..'** આ તો શુદ્ધ પરમાણુની માફક છે. **'જે કેવળજ્ઞાન,...'** આહાહા..! કેવળજ્ઞાન શુદ્ધસદ્ભૂત વ્યવહારથી છે. નિશ્ચયથી તો કેવળજ્ઞાન ત્રિકાળમાં ભર્યું છે. પ્રગટ પર્યાય છે એ તો સદ્ભૂત વ્યવહાર છે. આહાહા..!

**'અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...'** પુદ્ગલ પરમાણુ એ પણ શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી એમ કહેવામાં આવ્યા. એની પેઠે આ ભગવાન જે કેવળજ્ઞાન છે એ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયથી પર્યાયમાં કેવળજ્ઞાન છે. આહાહા..! અંતરમાં છે એ ત્રિકાળી નિશ્ચયથી છે. **'જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી;...'** આહાહા..! હું તો ત્રિકાળી કેવળજ્ઞાન છું. ત્રિકાળી કેવળદર્શન છું, ત્રિકાળી કેવળ સુખ છું. તો કેવળશક્તિ વીર્ય પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી. પ્રગટ કરવા માટે આ ભાવના કરવી. આહાહા..! શક્તિરૂપે તો છે જ. પ્રગટ કરવા માટે ધર્માત્માએ આ ભાવના કરવી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૦૦, ગાથા-૯૬, શનિવાર, માગશર વદ ૫, તા.૦૮-૧૨-૧૯૭૯

'નિયમસાર' ગાથા-૯૬. એની ટીકા. ફરીને લેવાની છે ને?

**'આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્મા...'** પહેલી વ્યાખ્યા એ કરી, કે આ નિજઆત્મા અંદર કેવો છે? અનંતચતુષ્ટયસ્વરૂપ. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, **'અનંતચતુષ્ટયાત્મક નિજ આત્મા...'** અંદર પોતાનો આત્મા. દરેકનો આત્મા. એના ધ્યાનનો ઉપદેશ છે. એ ધ્યાન છે એ પર્યાય છે. આ પહેલો કીધો એ આત્મા કીધો. ત્રિકાળી આત્મા અનંતજ્ઞાન, દર્શન, ચતુષ્ટયસ્વરૂપ, એનું ધ્યાન અને એની એકાગ્રતા, તેનો આશ્રય, તેનો ઉપદેશ છે આ. પ્રત્યાખ્યાનની વાત છે ને? પચ્ચખાણની વાત.

**'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત,...'** કોને કહે છે કે આ શિખામણ દેવામાં આવી છે. **'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત,...'** છે. વિકલ્પ આદિ બહારની વાસનાની વૃત્તિઓ, શુભની પણ વૃત્તિઓથી વિમુક્ત છે. આહાહા..! દેહની ક્રિયા અને વાણીની ક્રિયાની તો વાત જુદી, એ તો જડ છે. અંદરમાં વિકલ્પની વૃત્તિ ઊઠે રાગ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ વાસનાથી વિમુક્ત છે. **'નિરવશેષપણે અંતર્મુખ...'** અને અંતર્મુખ રહેવામાં બાકી કાંઈ રાખ્યું નથી. અંતર્મુખ જેનું વલણ છે. આહાહા..! આત્મા અંતર અનંતચતુષ્ટય તેના તરફ પૂરેપૂરું અંતર્મુખ, અવશેષ–કાંઈ બાકી રાખ્યા વિના નિરવશેષ. અંતર્મુખ ચૈતન્ય ચતુષ્ટય આત્મા, અનંતજ્ઞાન-દર્શન-આનંદ વીર્ય, એમાં જેનું વલણ એટલે ઝુકાવ છે. બાકી કાંઈ રાખ્યા વિના, પર્યાય આશ્રય પણ નહિ એટલે પૂર્ણ-પૂર્ણ આશ્રયે એને જેનું ધ્યાન છે.

**'અંતર્મુખ પરમતતત્ત્વજ્ઞાની જીવ...'** આહાહા..! પરમતત્ત્વજ્ઞાની જેને પરમઆત્મા અતીન્દ્રિય આનંદનો અનુભવ, રાગના વિકલ્પથી ભિન્ન પડીને આ પચ્ચખાણ એને કહે છે. એવા જીવને શિખામણ દેવામાં આવી છે. આવા જીવને શિખામણ દેવામાં આવી છે. આહાહા..! **'ક્યા પ્રકારે? આ પ્રકારે :— સાદિ અનંત...'** આત્મામાં જે કેવળજ્ઞાન, કેવળદર્શન થાય છે. એ સાદિ અનંત છે. અનાદિથી પર્યાય નથી. અનાદિથી અંદર ચતુષ્ટયની શક્તિ છે. અનંતજ્ઞાન-દર્શન-આનંદ-વીર્ય. પણ પર્યાય છે તેની સાદિ છે. સાદિ એટલે આદિ છે. અને એનો અંત નથી.

**'સાદિ-અનંત અમૂર્ત...'** પ્રભુ તો અમૂર્ત છે. આહાહા..! **'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** અતીન્દ્રિયસ્વભાવવાળું આત્મતત્ત્વ, એને **'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...'** શુદ્ધસદ્ભૂતવ્યવહારથી નિશ્ચયથી અત્યારે નહિ, પછી નિશ્ચયથી કહેશે. જે કહેવાનું છે ચતુષ્ટયનું આ ધ્યાન એ પછી કહેશે. પણ પહેલા ધ્યાનની પર્યાય આવી થાય. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એ સદ્ભૂતવ્યવહારનય છે. નિશ્ચયનય નહિ. આહાહા..! કેમ કે નહોતી તે પર્યાય પ્રગટી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અને પર્યાય છે તે વ્યવહાર છે. અને એનામાં છે માટે સદ્ભૂત છે. પણ પર્યાય છે માટે વ્યવહાર છે. અને શુદ્ધ છે, પવિત્ર છે માટે શુદ્ધ છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયથી પર્યાયમાં પ્રગટ થયેલા છે. કોની પેઠે? દૃષ્ટાંત છે. **'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત...'** એક પરમાણુ લેવો, એક પરમાણુ જુદો. એનો **'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુ...'** એ સદ્ભૂત વ્યવહારનય થયો. ગુણી જે પરમાણુ, એનો **'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના...'** એ ગુણ, ગુણી અને ગુણ એવો ભેદ છે એ સદ્ભૂતવ્યવહાર થયો. સમજાય છે કાંઈ? એક પરમાણુ શુદ્ધ છે, એના સ્પર્શ, રસ, ગંધ, અંદર શુદ્ધ છે. પણ એ ગુણીના ગુણ છે, એનું નામ શુદ્ધસદ્ભૂત વ્યવહાર કહેવામાં આવે છે. નિશ્ચય તો દ્રવ્ય છે. આહાહા..! આ તો દૃષ્ટાંત દે છે.

**'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-...'** એ તો ત્યાં કેવળજ્ઞાન કીધું હતું. દૃષ્ટાંતમાં આવે છે. **'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...'** શુદ્ધ પરમાણુ એક પરમાણુની માફક... આહાહા..! **'જે કેવળજ્ઞાન,...'** આત્મામાં થાય. આહાહા..! શુદ્ધ પરમાણુ જે એક છે પરમાણુ. એના શુદ્ધપરમાણુના શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ જે ગુણ છે, એ સદ્ભૂતવ્યવહારનયથી છે. શુદ્ધ છે અને એનામાં છે. પણ પર્યાયભેદ છે એને શુદ્ધસદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...'** એ દૃષ્ટાંત દીધું. એની માફક. શુદ્ધ એક રજકણ છે, એનો શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે, એનો આધાર એવો જે ભેદ પડ્યો એ શુદ્ધસદ્ભૂતવ્યવહાર છે. એની **'માફક, જે કેવળજ્ઞાન,...'** આહાહા..! આત્મામાં જે ઉત્પન્ન થતું કેવળજ્ઞાન એ સદ્ભૂતવ્યવહારનય છે. આહાહા..! ઉત્પન્ન થાય છે ને? પર્યાય છે એ વ્યવહાર છે. અને એનો એનામાં છે એ સદ્ભૂત છે અને શુદ્ધ છે. હવે શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી. છે?

**'અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક, જે કેવળજ્ઞાન, કેવળદર્શન...'** વચમાં તો દૃષ્ટાંત દીધો. આહાહા..! દૃષ્ટાંત પણ ઝીણો. એક પરમાણુ છે એ શુદ્ધ છે, બીજા પરમાણુનો કોઈ એને સંબંધ નથી. તેથી એક પરમાણુ જે શુદ્ધ છે, તેના ગુણો શુદ્ધ છે. સ્પર્શ-વર્ણ-ગંધ-રસ શુદ્ધ. એક ગુણી એવો પરમાણુ એના શુદ્ધ જે સ્પર્શ-રસ-ગંધ આદિ એને અહીંયાં શુદ્ધ સદ્ભૂત વ્યવહારનય... કારણ કે શુદ્ધ છે, સદ્ભૂત એનામાં છે પણ ભેદ છે માટે વ્યવહાર છે. આહાહા..! આટલું બધું યાદ રાખવું.

**'એમ...'** એકલો આત્મા એ શુદ્ધ છે. એને આશ્રયે **'કેવળજ્ઞાન, કેવળદર્શન...'** છે? **'કેવળસુખ અને કેવળ...'** વીર્ય. શક્તિ એટલે વીર્ય. એવો **'પરમાત્મા તે હું છું...'** એવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા પર્યાયમાં થાય તે હું છું. એ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય તે હું છું. પર્યાયમાં હોં. આહાહા..! આવું છે. આવું યાદ કે દિ' રહે? આત્માને જુદો બતાવે છે. પરમતત્ત્વજ્ઞાનીને ધ્યાનનો ઉપદેશ કરે છે. કે પ્રભુ! જેમ પરમાણુ શુદ્ધ છે, એના ગુણો પણ શુદ્ધ છે. પણ એટલો ભેદ પાડવો એ શુદ્ધસદ્‌ભૂત વ્યવહાર છે. એમ ભગવાન આત્મા દ્રવ્ય છે એ શુદ્ધ છે. પણ એમાંથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય પ્રગટ થાય તે પર્યાય છે. પણ તે શુદ્ધ છે અને સદ્‌ભૂત એમાં છે. પણ પર્યાય છે માટે વ્યવહાર છે. શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળવીર્ય પર્યાયમાં છે. સમજાય છે? આહાહા..! થોડી ઝીણી વાત છે.

એ **'પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી;...'** એમ શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનયની પર્યાય પ્રગટ કરવા આમ ભાવના કરવી. આહાહા..! જેને આત્માને કેવળજ્ઞાન, કેવળદર્શન અને પરમ આનંદ પ્રગટ કરવો છે એને હું આત્મા નિશ્ચયથી વસ્તુ, પણ પર્યાયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, એ મારી પર્યાયમાં સદ્‌ભૂત તરીકે શુદ્ધ પણ પર્યાય છે માટે વ્યવહાર. શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારનયની ભાવના કરવી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'એમ જ્ઞાનીએ ભાવના કરવી;...' 'પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી;...'** પર્યાયમાં આવો છું. આવો છું એમ ભાવના કરવી. આહાહા..! સમજાણું?

પરમાણુ તો પરમાણુપણે છે. શુદ્ધ છે. બીજા પરમાણુ સાથે એને સંબંધ છે નહિ. એના જે શુદ્ધગુણો, એ ગુણી એવો દ્રવ્ય એના ગુણનો ભેદ પાડવો, એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય છે. એમ અહીંયાં ભગવાન આત્મા અનંતગુણનો શુદ્ધ ચૈતન્યતત્ત્વ છે. એમાં કેવળજ્ઞાન, કેવળદર્શનની પર્યાય, એ શુદ્ધ છે. પોતામાં છે, પણ પર્યાય છે એટલે શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય તેને કહેવામાં આવે છે. પહેલી એ વાત લીધી. એવા કેવળજ્ઞાનાદિ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયની ભાવના કરવી. આહાહા..! આવો ઉપદેશ! આવી ઝીણી વાતું લ્યો. શું આમાં કરવું? એ તો કહે છે ને પરમતત્ત્વજ્ઞાનીને આમ કરવું. એનો તો આ ઉપદેશ છે. આહાહા..!

**'અને..'** એ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય થયો. કેવળજ્ઞાન પ્રગટ કરવું છે તેની વાત થઈ. પ્રગટ કરવું છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, એ પર્યાય પ્રગટ કરવી છે તેની પહેલી વાત કરી. તેથી તેને શુદ્ધસદ્‌ભૂત વ્યવહારથી કહેવામાં આવ્યો. આહાહા..! શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી એ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય જે સિદ્ધને પ્રગટ્યા, કેવળીને પ્રગટ્યા, એ મને પ્રગટે એવી ભાવના કરવી. આહાહા..!

મુમુક્ષુ :– છું કે થવાલાયક છે?

પૂ. ગુરુદેવશ્રી :– છું નહિ. છું તો કેવળજ્ઞાની ત્રિકાળી છે. આ તો થવાને લાયકની ભાવના કરવી. ત્રિકાળી શુદ્ધ નથી એ હવે આવે છે. સમજાય છે કાંઈ? આમ ભાવના કરવી. આહાહા..! શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય છે ને આ તો? પર્યાય છે ને? પર્યાય પ્રગટ કરવાની ભાવના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવી. આહાહા..!

એક તો શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય ને એનો પરમાણુનો દાખલો. પરમાણુમાં શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર છે. આહાહા..! એમ આ ભગવાનઆત્મા અંદરમાં જે અનંતજ્ઞાન છે એ તો પછી કહે છે. પણ આ તો પ્રગટ કરવાની પ્રથમ ભાવના કરવી. આ. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય, એને પ્રગટ કરવાની ભાવના કરવી. આહાહા..! વ્યવહારની ભાવના કરવી ને રાગ કરવો, દયા પાળવી એ નહિ. એમ કહે છે. આહાહા..! જેમ ચાર જ્ઞાનપણે રહું એ પણ નહિ. ત્રણજ્ઞાન, ત્રણદર્શન, ચક્ષુ, અચક્ષુ, અવધિ. ચાર જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, એ પણ નહિ. એ તો અપૂર્ણ છે. આ તો પૂર્ણપર્યાય છે. પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળવીર્ય. એ સદ્‌ભૂત વ્યવહારના પર્યાયની ભાવના કરવી. આહાહા..! વ્યવહારની ભાવના છોડવી. આહાહા..! સમજાણું કાંઈ?

આવો ઉપદેશ છે. આમાં શું કરવું? હાથ લાગે પડે નહિ. અને વળી કહે પરમતત્ત્વજ્ઞાનીને આવો ઉપદેશ દઈએ છીએ. કે પરમતત્ત્વજ્ઞાનીએ આમ કરવું. એ કરવા જેવું તો આ છે. એ અપૂર્ણ રહેવું એ નહિ. આહાહા..! રાગ કરવો, પુણ્ય કરવા, દયા, દાન કરવા, વ્યવહારરત્નત્રયની ભાવના કરવી એ તો ક્યાંય રહી ગયું. પણ અપૂર્ણજ્ઞાન અને અપૂર્ણદર્શનપણે રહેવું એ નહિ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન અને પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્યપણે રહેવું, થવું, પ્રગટું એવી ભાવના કરવી. એ શુદ્ધવ્યવહારનયે કીધું છે. એ વ્યવહાર કહ્યો. ઓલા દયા, દાન ને વ્રત, ભક્તિ નથી. અહીંયાં વ્યવહાર અસદ્‌ભૂતવ્યવહાર કાઢી નાખ્યો છે. આહાહા..! એને તો કાઢી નાખ્યો પણ ચાર જ્ઞાનપણે રહેવું એ પણ કાઢી નાખ્યું.

અહીં તો અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, એવો જે પર્યાયભાગ, વસ્તુ શુદ્ધ છે, આત્મા દ્રવ્યશુદ્ધ છે, એની આ પર્યાય શુદ્ધ છે. એ અહીં શુદ્ધ-શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનય છે તેથી તેની ભાવના કરવી. આહાહા..! સમજાય છે આમાં? ઝીણી વાત છે, ભાઈ! અત્યારે ચાલતું નથી એટલે લોકોને લાગે કે વળી આ શું હશે? માર્ગ આ છે, બાપુ! વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથની ધ્વનિ આ છે. એનો ઉપદેશ આ છે. એને બીજી રીતે ખતવી નાખવો. વ્યવહારથી થશે, વ્યવહાર કરતા કરતા થાશે. એ બધી દૃષ્ટિ વિપરીત છે. એ ઉપદેશ ઉલટો છે. આહાહા..! છે કે નહિ સામે? આહાહા..!

**‘એમ જ્ઞાનીએ ભાવના કરવી;...’** પ્રગટ કરવાની. આહાહા..! પ્રગટ કરવાની ભાષા લીધી નથી. હું આવો જ છું. પર્યાયે આવો છું. એજ મારું સ્વરૂપ એવડું જ છે. આહાહા..! પર્યાયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન એવડો જ હું છું. પર્યાયમાં એવડો હું છું. આહાહા..!

મુમુક્ષુ :– ભાવી નયગમનયથી એવી ભાવના કરવી?

પૂ. ગુરુદેવશ્રી :– ભાવી નયગમનય નહિ. શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર છે. નયગમ નહિ. શુદ્ધસદ્‌ભૂત પોતાની પર્યાય પોતામાં છે. પોતામાં થાય માટે શુદ્ધસદ્‌ભૂત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો જુઓને એમ કીધું કે નહિ? એવું કેવળસુખ આદિ **'પરમાત્મા તે હું છું...'** તે હું છું. પર્યાય હોં. દ્રવ્ય નહિ. આહાહા..! અપૂર્ણજ્ઞાન, અપૂર્ણદર્શન, અપૂર્ણચારિત્ર અને વીર્ય એ વાત નથી. પર્યાયમાં એમ નહિ. પર્યાયમાં પૂર્ણ કેવળજ્ઞાન એ હું છું. આહાહા..! ધવલમાં એક પાઠ છે. કે સમ્યક્ મતિશ્રુતજ્ઞાન થાય છે. મતિ અને શ્રુતજ્ઞાન સમ્યક્ થાય છે, ત્યારે આત્માનું અંદર સ્વરૂપ શ્રદ્ધાન, તે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. મતિજ્ઞાન અપૂર્ણ જ્ઞાન રહું એમ નહિ. એવો ધવલમાં પાઠ છે. મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે એવો પાઠ છે. કેવળજ્ઞાન આવો.. આવો.. આવો... અલ્પકાળમાં હવે કેવળજ્ઞાન થાવ. આવી વાતું છે.

વીતરાગ જિનપરમેશ્વર એની વાતું, બાપુ! દુનિયામાં ક્યાંય નથી. આહાહા..! એના વીતરાગના ઘર સિવાય ક્યાંય આ વાત નથી. આહાહા..! જેણે કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, જાણ્યા. બિરાજે છે ભગવાન. મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. એમની આ વાણી છે. એ વાણીને મુનિઓ જગત પાસે જાહેર કરે છે. હવે નિશ્ચય. આ વ્યવહાર હતો. પર્યાય પ્રગટ થઈ તેવો હું છું. આહાહા..! એવો હું છું. પ્રગટ થવાનું છે જ માટે એવો હું છું. એમ જોર કર્યું છે. મને કેવળજ્ઞાન થવાનું છે, કેવળદર્શન થવાનું છે જ. મતિશ્રુતજ્ઞાન સમ્યગ્દર્શન થયું, આ તત્ત્વજ્ઞાન થયું, એને કેવળજ્ઞાન થવાનું છે જ. એથી કેવળજ્ઞાન હું છું. આહાહા..! છે એમાં જુઓ! એમાં કાંઈ આડુઅવળું નીકળે એવું નથી કાંઈ. આહાહા..!

**'કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત...'** સહિત. એવી શક્તિયુક્ત **'પરમાત્મા તે હું છું...'** આહાહા..! નિશ્ચયની પછી વાત કહેશે. પર્યાયની પહેલી વાત કરે છે. કારણ કે પર્યાય પ્રગટ કરવાની છે. દ્રવ્ય તો પડ્યું જ છે. **'જ્ઞાનીએ આમ ભાવના કરવી;...'** આહાહા..! આમાં બોલ યાદ રહેવા મુશ્કેલ છે. એટલા બોલ આવે છે. ઓલામાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય, વૈયાવચ્ચ આદિ.. જાવ. મિચ્છામી દુક્કડમ થઈ ગયું સામાયિક. તત્સુત્રીકરણેણં. ક્યાંય ધૂળમાં હતી? આહાહા..! આ તો એકએક લીટી ઘણી ગંભીર, ઘણી ઊંડી. ઊંડી વિચારણા માગે છે. દીર્ઘવિચારથી કહેલું છે. આહાહા..!

તત્ત્વજ્ઞાનીઓએ કેવળજ્ઞાન અને કેવળદર્શન અને છું એવી ભાવના કરવી. આહાહા..! ગજબ વાત છે. પંચમઆરાના સાધુ, પંચમઆરાના જીવ એમ માને અને એમ જાણે. એમ માને, જાણે અને એ ભાવના આમ કરે... આહાહા..! સાધુને આ ભાવના હોય... આહાહા..! વ્યવહાર કરું એ તો નહિ. બીજાનું કરી દઉં, ઉપદેશ દઈને બીજાને સમજાવી દઉં, એ વાત તો નહિ. ક્યાંય રહી ગઈ. આહાહા..! પણ પ્રગટ કરવામાં પણ અધુરી વ્યવહારરત્નત્રય તો નહિ, પણ અપૂર્ણ પણ નહિ. આહાહા..! વાણી તો જુઓ! વાણી. ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે. આઠ વર્ષનો બાળક તત્ત્વજ્ઞાની એટલે આત્મજ્ઞાની થાય. તત્ત્વ એટલે આત્માનું જ્ઞાન કરે, એ આ રીતે વ્યવહારની ગંધ ઉડાવી દઈ અને પોતાની પર્યાયમાં નિર્મળ કેવળજ્ઞાનાદિ, તે પરમાત્મા તે હું છું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આઠ વર્ષનો બાળક મુનિ થાય, દિક્ષીત થાય કે કમંડળ અને પીંછી બે. આહાહા..! જંગલમાં ચાલ્યા જાય. વાઘ અને વરુ, વીંછી ને રીછ, સિંહ અને વાઘ.. આહાહા..! ત્યાં આ ભાવના હોય છે. આહાહા..! પરનો તો ડર નથી, વ્યવહારરત્નત્રય કરું એ વાત તો નથી. આહાહા..! ધન્ય અવતાર, ધન્ય કાળ. આહાહા..! આવો ઉપદેશ પણ મળવો કઠણ છે. આહાહા..! આવી **'ભાવના કરવી;...'** ત્યારે ભાવના કરવીનો અર્થ એ જો હોય તો ક્યાંથી કરવી? છે તો નહીં. પણ ભાવના આ કરવી. પર્યાયમાં ભાવના આ કરવી. આહાહા..!

હવે નિશ્ચયથી. હવે દ્રવ્ય આવ્યું. આહાહા..! આ સદ્ભૂતવ્યવહારથી કહી. શુદ્ધસદ્ભૂતવ્યવહારથી આ વાત કરી. હવે નિશ્ચયથી કરે છે. નિશ્ચય હોય તો આ સદ્ભૂતવ્યવહારનય પ્રગટ થાય. આહાહા..! અરે..રે..! શું થાય? જગત લુંટાઈ ગયું છે. ભગવાનના માર્ગ સિવાય, અન્યપણાના માર્ગને માનીને જૈનનો માર્ગ માન્યો છે. આહાહા..! દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી એ બધાથી ધર્મ થાય, એ બધો અન્યધર્મ છે. એ જૈનધર્મ નથી. ભાવપાહુડની ૮૩ ગાથામાં આ લેખ છે. **'पूयादिसु वयसहियं'** એ જૈનધર્મ નથી. આહાહા..! એ વ્રત અને વૈયાવચ્ચ ને સ્વાધ્યાય ને પૂજા ને ભક્તિ એ જૈનધર્મ નથી. અર..ર..ર..! આમાં બતાવ્યું હતું નહિ? ભાવપાહુડ હોં. પાહુડ છે ને?

'કુંદકુંદાચાર્ય'નું વચન છે. 'કુંદકુંદાચાર્યે' બનાવેલું 'અષ્ટપાહુડ' છે. **'पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहि सासणे भणियं।'** જૈનશાસનમાં ત્રિલોકનાથ તીર્થંકરે જૈનપરમેશ્વરે જૈનશાસનમાં **'જિનશાસનમેં જિનેન્દ્રદેવને ઇસપ્રકાર કહા હૈ કિ પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ તથા મોહકે ક્ષોભસે રહિત જો આત્મા કા પરિણામ વહ ધર્મ હૈ. લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં...'** આહાહા..! જે કોઈ પુણ્ય અને વ્રતમાં ધર્મ મનાવે તે લૌકિકજનને અન્યમતી કહ્યા છે. આહાહા..! આકરું કામ છે. 'ચીમનભાઈ'! છે? **'કહતે હૈં કિ પૂજા આદિક શુભક્રિયાઓંમે ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ, પરન્તુ એસા નહીં હૈ જિનમતમેં જિનભગવાનને ઇસપ્રકાર કહા હૈ કિ — પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હૈ,...'** એ તો પુણ્ય છે. પૂજા, ભક્તિ, વ્રત, જાત્રા, તપસ્યા, અપવાસ એ તો બધા પુણ્ય છે. ધર્મ નથી. અર..ર..ર..! આવી વાત સાંભળવી...

મુમુક્ષુ :– ભાગ્યશાળી હોય એ સાંભળે.

પૂ. ગુરુદેવશ્રી :– આહાહા..! આવો માર્ગ છે. ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું 'કુંદકુંદાચાર્ય' કહે છે.

**'ઇસમેં પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ,...'** ભગવાનની પૂજા એ જૈનધર્મ નથી. એ શુભભાવ છે. ભગવાનની ભક્તિ, નામસ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ એ જૈનધર્મ નથી. એ રાગ છે. અશુભથી બચવા રાગ આવે, પણ એ જૈનધર્મ નથી. **'ભક્તિ, વંદના,...'** પંચપરમેષ્ઠીને વંદન કરવું, ઉઠબેસ કરીને ૧૦૮ વાર વંદન કરે અને હજાર વાર કરે. ઓલું કરે છે ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહેવાય તમારે? અપવાસ. ઉપધાન. ઉપધાનમાં ભગવાનની ખૂબ (ઉઠબેસ કરે) અહીં ભગવાન કહે છે, કે બાપુ! એ બધા વ્રત અને તપમાં **'વંદના, વૈયાવચ્ચ આદિક સમજના, યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર...'** પરદ્રવ્યને આશ્રયે છે. માટે એ ધર્મ નથી. એ જૈનધર્મ નથી. 'યશપાલજી'! આહાહા..! 'શાંતિભાઈ'! પછી આ 'સોનગઢ'ને નામે કોઈ કહે ને લોકો ન કહે. એય..! વ્યવહારના ઉથાપક છે, નિશ્ચયના સ્થાપક છે. અરે..! પ્રભુ! સાંભળને. વ્યવહાર હોય છે પણ એ શુભરાગ છે, ધર્મ નથી. જૈનધર્મ તો વીતરાગભાવ એ ધર્મ છે. આહાહા..!

અહીં પૂજા, ભક્તિ, વૈયાવચ્ચ **'યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કે લિયે હોતા હૈ...'** એ તો પરદ્રવ્યને માટે થાય છે. માટે શુભભાવ છે. ધર્મ નથી. **'ઔર ઉપવાસ આદિક વ્રત હૈ વહ શુભક્રિયા હૈ,...'** અપવાસ આદિ, અપવાસ. એક અપવાસ, બે અપવાસ, ત્રણ અપવાસ, દસ અપવાસ. **'ઔર ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈં, ઇનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ ઇસલિયે ઇનકો પુણ્ય કહતે હૈં. ઇસકા ફ્લ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈં.'** જૈનધર્મ નથી. આહાહા..! ભાવપાહુડ છે. ૮૩ ગાથા છે. એ અહીં કહે છે.

**'અને નિશ્ચયથી,...'** આહાહા..! વ્યવહારથી કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદની ભાવના ભાવે. આહાહા..! અરે..! પંચમઆરામાં પ્રભુ! તમે એકકોર કહો કે કેવળજ્ઞાન થાય નહિ. પંચમઆરામાં કેવળજ્ઞાન હોય નહિ અને વળી કહો પંચમઆરામાં કેવળજ્ઞાન છું એવી ભાવના કરવી? આહાહા..! પ્રભુ! તું સાંભળ, બાપા! આ તો ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવની વાણી બાપુ છે. આહાહા..! આ કોઈ કલ્પિત વાત નથી. ત્રણલોકનો નાથ કેવળી એમ કહે છે, કે પંચમઆરામાં કેવળજ્ઞાન નથી. છતાં એ ભગવાન એમ કહે છે કે કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાન છે, પરમાત્મા હું છું એમ ભાવના કરવી. આહાહા..! આવી વાત છે, ભાઈ! છે?

**'નિશ્ચયથી,...'** આહાહા..! **'હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** એ નિશ્ચય. ત્રિકાળ. ઓલો વ્યવહાર હતો. કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થાય ને? પ્રગટ થાય એટલે પર્યાય હતી. અને પ્રગટ ન થાય ત્રિકાળી વસ્તુ ત્રિકાળ આત્મામાં ત્રિકાળ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંત વીર્ય, અનંતસુખ ભર્યું છે. એ નિશ્ચય છે, એ ધ્રુવ છે. એ પલટતું નથી. એ પર્યાયમાં આવતું નથી. આહાહા..! એ હલતું-ચલતું નથી. આહાહા..! ભાગ્યવાનને તો કાને પડે એવી વાત છે, બાપુ! આહાહા..! ગડબડ-ગડબડ એવી ઉઠાવી દીધી છે. લોકો બહારમાં રાજી થઈ જાય. આમ કરવું... આમ કરવું... આમ કરવું... નિમિત્તથી આમ થાય.. નિમિત્તથી આમ થાય.

અહીં કહે છે, કે જે સમયે જે પર્યાય જીવની જે થવાની તે પોતાથી થવાની છે તે થાય. તે વખતે નિમિત્ત ભલે હોય, નિમિત્તથી થાય નહિ. તે સમયે, તે જીવની, તે પર્યાય થવાનો ક્રમબદ્ધમાં કાળ છે. આહાહા..! જન્મ ઉત્પન્ન થવાની નિજ ક્ષણ છે. એ માટે દરેક દ્રવ્યની ભલે ભગવાનની વાણી સાંભળે, પણ એ વખતે એ જ્ઞાન ઉત્પન્ન થવાનો સ્વકાળ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, ત્યારે વાણી તો નિમિત્તમાત્ર છે. આહાહા..! વાણીથી પણ જ્ઞાન થતું નથી. આકરું પડે. એય..! 'યશપાલજી'! શું કરવું? આ બધો વ્યવહાર...

**'નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** ઓલામાં વ્યવહારમાં એ કહ્યું હતું, કે શુદ્ધસદ્ભૂતવ્યવહારથી અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવવાળો પાછો હોં. એ પર્યાય પણ અમૂર્ત અને અતીન્દ્રિય સ્વભાવ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન એ પણ અમૂર્ત, સાદિ અનંત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહાર છે. આહાહા..! **'નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** સ્વભાવિક જ્ઞાન સ્વભાવ સ્વ..સ્વ.ભાવ. સ્વ એટલે મારો ભાવ જ શુદ્ધજ્ઞાન છે. પ્રગટવું કે નાશ થવું કે એવું મારામાં છે જ નહિ. આહાહા..! નિશ્ચયથી તો હું જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાનપ્રગટવું કે જ્ઞાનનો વ્યય થવો, કે ઓછું થવું કે વધવું એ મારી ચીજમાં છે જ નહિ. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય. સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય આ છે. આહાહા..!

ઓલામાં એમ કહ્યું હતું કે **'પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી;...'** આ **'નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** આહાહા..! એમ ભાવના કરવી. બેય ઠેકાણે એમાં એવું છે. આહાહા..! **'હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** જ્ઞાનસ્વભાવ. આત્માનો સ્વ એટલે પોતાનો ભાવ જ ભાવ જ્ઞાન છે. એ તો આત્મા જેમ નિત્ય છે તેમ એ સ્વભાવજ્ઞાન નિત્ય છે. આહાહા..! ભગવાનઆત્મા નિત્ય છે, અવિનાશી છે. તેમ તે જ્ઞાન પણ નિત્ય અવિનાશી છે. તે હું છું. એમ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ આમ ભાવના કરે છે. આહાહા..! આવી બધી વાતુંનો ફેરફાર. હવે ક્યાં ઓલા વ્રત અને તપને. પર્યુષણમાં કરે ત્યાં ધર્મ... ધર્મ... ધર્મ... ધર્મ... થઈ ગયો જાણે. પછી રથકાઢે, એમાં વ્રત લે, બ્રહ્મચર્ય લે જાણે સાત જણા બાળબ્રહ્મચર્ય તરીકે, એમાં વરઘોડો કાઢે જાણે ધર્મ થઈ ગયો. આ શરીરથી બ્રહ્મચર્ય પાળે તો એ કદાચ શુભભાવ હોય. એ ધર્મ-બર્મ નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાત છે. 'દેવીલાલજી'! આવી વાત છે. પ્રભુ! માર્ગ તો આવો છે. અરે..! જગતને બેસે, ન બેસે, એને ઘડમાં આવે ન આવે, કોઈ દિ' અંદર નિવૃત્તસ્વરૂપ શું છે અંદર? નિવૃત્તનો પિંડ આખો પડ્યો છે. જેમાં પર્યાયની પ્રવૃત્તિ પણ નથી. નિર્મળ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી છે એ પણ જેમાં નથી. આહાહા..! એ તો નિશ્ચય ધ્રુવ સહજજ્ઞાન સ્વરૂપ છે. કેવળજ્ઞાન તો પ્રગટપર્યાય છે.

**'હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** હું સહજજ્ઞાનસ્વરૂપ. મારું સ્વરૂપ જ સહજજ્ઞાન છે. હું એક સહજજ્ઞાનસ્વરૂપ જ છું. સહજજ્ઞાન સ્વભાવ છું. સ્વભાવ એટલે મારો સહજજ્ઞાન જ સ્વભાવ છે. હું જેમ ત્રિકાળ છું એમ મારો જ્ઞાનસ્વભાવ, સ્વ... ભાવ, ભાવવાન આત્મા એનો સ્વભાવ ત્રિકાળ છે. આહાહા..! અહીંથી ક્યાં જાવું? લ્યો અહીં તો ઓલું વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્રત કરો, તપ કરો. આ કરો. હવે એને અહીં લઈ જવા. આહાહા..! પ્રભુનો મારગડો તો એવો છે. ભગવાનના તો વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં પરમાત્મા તો રહ્યા નહિ. મહાવિદેહમાં રહી ગયા. કોઈને કેવળજ્ઞાન થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી શક્તિ રહી નહિ. આહાહા..! એમાં આવી વાત કરવી અને ઉલટી વાતુંને નિષેધ કરવી જગતને કઠણ પડે. આહાહા..!

પ્રભુ! તો મહાવિદેહમાં બિરાજે છે એ એમ કહે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. એની વાણીમાં આ આવ્યું છે. એ વાણીમાં આચાર્યોએ ગૂંથણી કરી છે. આહાહા..! માલ બધો તીર્થંકરના ઘરનો છે. આ વાત તો બધી.. આહાહા..! શું કહેવાય?

મુમુક્ષુ :– આડતિયા થઈને...

પૂ. ગુરુદેવશ્રી :– આ તો આડતિયા થઈને માલ વેચે છે. વચ્ચે–આડતિયા પ્રભુ! આમ કહે છે, ભાઈ! ભગવાન આમ કહે છે. આહાહા..! એકવાર તો ઠરી જાય એવું છે. આહાહા..!

ઓલામાં હું છું એમ હતું. આ પણ હું છું એમ જ છે. આહાહા..! ઓલો હું છું એ પરમાત્માની પર્યાયની અપેક્ષાએ હતી. આ દ્રવ્ય અપેક્ષાએ વાત છે. વસ્તુ. આહાહા..! હું પરમાત્મા **'સહજજ્ઞાનસ્વરૂપ છું,...'** સ્વભાવિકજ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન પ્રગટવું ને જ્ઞાન અવરાવું કે ઢંકાવું કે ઓછું એ કાંઈ મારામાં છે જ નહિ. એક સહજજ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા હું છું. નિશ્ચયથી ત્રિકાળ સહજજ્ઞાન, કેવળજ્ઞાનની પર્યાય પણ સ્વરૂપમાં નથી. આહાહા..! એ તો જ્ઞાનગુણસ્વભાવ ત્રિકાળ છે. એવી કેવળજ્ઞાનની અનંતી... અનંતી... અનંતી... અનંતી... પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે. એ ત્રિકાળ સહજજ્ઞાનસ્વરૂપ છે. આહાહા..!

**'હું સહજદર્શનસ્વરૂપ છું,...'** સ્વભાવિકદર્શનસ્વરૂપ છું. દેખવું-દેખવું. દૃષ્ટા. પહેલામાં જ્ઞાતા. સ્વભાવિક જ્ઞાતાસ્વરૂપ છું. જ્ઞાતાસ્વરૂપ કરું અને કરું તો જ્ઞાતા એમ નથી. સ્વભાવિક જ્ઞાતાસ્વરૂપ છું. સ્વભાવિક એટલે પોતાથી જ એનું દૃષ્ટાસ્વરૂપ છું. આહાહા..! ઓહો..! **'હું સહજચારિત્રસ્વરૂપ છું...'** આહાહા..! હું સહજસ્વભાવચારિત્ર ત્રિકાળી ચારિત્ર સ્વરૂપ છું. શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... અકષાયસ્વભાવ... આહાહા..! આવી આકરી વાત છે. ઓલી વ્યવહારની વાતું સાંભળે. દસ-દસ હજાર માણસ ભેગા થાય અને લોકો રાજી થઈ જાય આહા..! ભારે ધર્મ કર્યો, ભારે ધર્મ થયો. આહાહા..!

ભાઈ! પ્રભુનો માર્ગ અલૌકિક છે. દુનિયા નિંદે તો નિંદો. 'નિયમસાર'માં આવે છે ને? 'નિયમસાર'માં. કે નિંદો તો નિંદો ઇષ્ટમાર્ગ આ છે, બાપુ! એની નિંદા કરો તો કરો, ન ગોઠે તમને તો એનો વિરોધ કરો. બીજું કાંઈ થાય એવું નથી. આહાહા..! સ્વભાવિકદર્શનસ્વરૂપ છું. **'હું સહજચારિત્રસ્વરૂપ છું...'** ચારિત્ર પ્રગટ થાય એ નહિ. ચારિત્ર એટલે અકષાયભાવ, વીતરાગભાવ. હું વીતરાગભાવસ્વરૂપ જ છું. ચારિત્ર એટલે વીતરાગભાવ પ્રગટે એ પર્યાય છે. આ તો વીતરાગભાવસ્વરૂપ જ છું. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને એમ માને છે. કોઈનું કરેલું અને કરવું અને આ મદદ કરું, લઉં, દઉં એ સમકિત દૃષ્ટિ માનતો નથી. આહાહા..!

વ્યવહારરત્નત્રયને પણ જ્યાં હેય માને છે. આહાહા..! વ્યવહાર-વ્યવહાર, સદ્‌ભૂત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહારનયને પણ વ્યવહાર માને છે, કેવળજ્ઞાનને પણ વ્યવહાર માને છે. આહાહા..! એ ત્રિકાળી ચારિત્રસ્વરૂપ છું. અકષાયસ્વરૂપ વિકારરહિત શાંત... શાંત... શાંતિનો સમુદ્ર પ્રભુ! શાંતિનો સાગર આત્મા ત્રિકાળ ચારિત્રસ્વરૂપ જ છું. આહાહા..! **'અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું...'** સહજ ચિત્જ્ઞાનના વીર્ય. જ્ઞાનનું વીર્ય જે બળ, એ સહજસ્વરૂપ છે. મારું બળ કોઈ પર્યાયમાં આવે તો બળવંત એમ કાંઈ નથી. હું સ્વભાવે બળવંત જ છું. આહાહા..!

**'સહજ ચિત્..'** જ્ઞાનશક્તિ. જ્ઞાનનું બળ છે, આનંદનું બળ છે. શ્રદ્ધાનું બળ છે. એ ત્રિકાળી છે. આહાહા..! આવો ઉપદેશ હવે. છોકરાઓને નાનાને પણ આ. આવો માર્ગ તો આ છે ને, ભાઈ! ક્ષણમાં દેહ પડી જાય છે જુઓને! આહાહા..! ઓલો જુઓને બિચારો ક્ષણમાં મરી ગયો. 'હિંમતભાઈ'નો, 'મનસુખ'નો છોકરો અહીં હતોને .. અહીંથી આમ ..પછી પરણ્યો હતો ને છોડી દીધું હતું. કાલે અકસ્માત થયો ને મરી ગયો. આ 'હિંમતભાઈ'નો 'મનસુખ' એનો નાનો ત્રીજાનંબરનો છોકરો. અહીં ઘણા દિ' રહેતો. લઠ શરીર લઠ. ગમે તેમ થયું અકસ્માત થયો. ઉડી ગયો. દેહની સ્થિતિ કેવી? બાપુ! આહા..! અરે..! રાગ અને પુણ્ય-પાપના પરિણામ પણ જ્યાં આત્માના નથી. આહાહા..! અરે..! જ્યાં કેવળજ્ઞાનની પર્યાય પણ આત્માની નિત્ય નથી. આહાહા..! એ પણ સદ્ભૂત વ્યવહારનયે છે. પર્યાય છે. આ તો અનંત-અનંતગુણનો ધણી, અનંતશક્તિ, ચિત્શક્તિ સંપન્ન, જ્ઞાનશક્તિ, જ્ઞાનબળ, દર્શનબળ, આનંદબળ, શાંતિબળ, એવો અનંતાબળથી ભરેલો ભગવાન ત્રિકાળ છું. મારા બળમાં હિણપ કોઈ દિ' આવી નથી. આહાહા..! આવી વસ્તુ છે. કહો, 'ઝવેરચંદભાઈ'! તમારે 'આંકડિયા' ફાંકડિયામાં ક્યાંય આવું ક્યાં હતું? આહાહા..!

ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનું ફરમાન છે. આહાહા..! આવું ક્ષણભંગુર સ્વરૂપ. રાગ ક્ષણભંગુર, અરે..! કેવળજ્ઞાન નાશવાન. કેમ કે એ પર્યાય છે. પર્યાય નાશવાન છે અને હું ત્રિકાળી અવિનાશી છું. આહાહા..! એવી ભાવના સમકિતીએ કરવી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૦૧, શ્લોક-૧૨૮, ગાથા-૯૭, રવિવાર, માગશર વદ ૬, તા.૦૯-૧૨-૭૯

---

'નિયમસાર' ગાથા-૯૬નો અંદર એકત્વશક્તિનો કળશ છે. 'પદ્મનંદિપંચવિંશતિ' શાસ્ત્ર છે, એમાં આ શ્લોક છે. એ આ શ્લોક છે.

`केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।
तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्।।'

આહાહા..! **'જે પરમ તેજ...'** ભગવાન આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. આહાહા..! જેનો સ્વભાવ સર્વજ્ઞ છે, જ્ઞાન છે એ જ્ઞાન સર્વજ્ઞ પૂર્ણ જ હોય. એવું પૂર્ણ સ્વ-સ્વ પોતાનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન, એનું તેજ... આહાહા..! જેના સ્વજ્ઞાનનું તેજ જાણી લીધું. એણે શું ન જાણ્યું? આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! લોકથી જુદી જાત છે. જેણે **'તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન...'** ત્રિકાળી અંતરની વાત છે. ત્રિકાળી કેવળજ્ઞાન, ત્રિકાળી કેવળદર્શન, એ અંતર જે ત્રિકાળ સ્વભાવ છે. આત્મા જેમ ત્રિકાળી વસ્તુ છે, એમ એનો સ્વભાવ, પોતાનો જે ભાવ છે એ ત્રિકાળી છે. એવું જે ત્રિકાળી જ્ઞાન અને દર્શન **'અને કેવળસૌખ્ય...'** પ્રભુ તો આનંદ છે. આહાહા..! એ સચ્ચિદાનંદ છે. એનો સ્વભાવ સચ્ચિદાનંદ છે. સત્ ચિદ્ જ્ઞાન આનંદ. છે સત્તા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલી સત્તા આત્મા છે. બેસવું કઠણ પડે પ્રભુને. બીજી વાતું અનંતકાળથી બેસી છે. પણ અંતરઆત્મતત્ત્વ તે શું છે, એની વાત એણે કોઈ દિ' બેસાડી નથી અને એને બેસાડવાનો વિચાર પણ કર્યો નથી. આહાહા..! એ કેવળસુખ એકલો આનંદ. કેવળ શબ્દ પડ્યો છે ને?

**'પરમ તેજ કેવળજ્ઞાન,...'** પરમ તેજ કેવળજ્ઞાન, પરમ તેજ એકલું જ્ઞાનસ્વરૂપ પ્રભુ! એમ **'કેવળદર્શન,...'** કેવળદર્શન દૃષ્ટાદર્શન સ્વભાવ. આત્મા એનો દર્શન-દેખતો સ્વભાવ. કેવળદર્શન ત્રિકાળ પૂર્ણસ્વભાવ અને જેનું અનંતસુખ. કેવળસુખ. એકલો આનંદ. આત્મા વસ્તુ પણ ભારે જગતને આકરી પડે. પરિચય ન મળે. એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે. સચ્ચિદાનંદ પ્રભુ છે. બોલે તો છે ઘણા એમ સચ્ચિદાનંદ–સચ્ચિદાનંદ. પણ એ સચ્ચિદાનંદ એ બીજા ભગવાન થઈ ગયા એ. હું નહિ. પણ એ થઈ ગયા એ થયા ક્યાંથી? એનામાં એ શક્તિ અને સામર્થ્ય હતું ત્યારે એમાંથી થયા? કે બહારથી કાંઈ થયા છે? આહાહા..!

લીંડીપીપરમાં ચોસઠપહોરી તીખાશ ભરી છે, કદે નાની છે, રંગે કાળી છે. છતાં તે લીંડીપીપરમાં ચોસઠપહોરી એટલે? સોળઆના એટલે રૂપિયે રૂપિયો એટલે આખું સર્વ. તીખો રસ એ પીપરમાં પડ્યો છે. પૂરો તીખો રસ પડ્યો છે. ભલે કદ નાનું હોય પણ અંદર તીખો રસ અને લીલો રંગ પડ્યો છે. બહારમાં કાળી દેખાય છે. પણ અંદરમાં લીલો રંગ પૂર્ણ ભર્યો છે. એ ઘૂંટી આવે છે એ ક્યાંથી? એ અંદરમાં છે એ આવે છે. ઘૂંટવાથી આવતો હોય તો કોલસાને ઘૂંટે આવવું જોઈએ. એમાં ક્યાં છે? ઘૂંટતા આવતું હોય તો કોલસા, કાંકરાને ઘૂંટ્યે આવવું જોઈએ. પણ એ ઘૂંટતા અંદરમાં છે, લીંડીપીપરમાં ચોસઠપહોરી તીખાશ અને લીલો રંગ પૂરો, સોળઆના, રૂપિયે-રૂપિયો ભર્યો છે. ચોસઠપહોર એટલે ચોસઠ પૈસા એટલે રૂપિયો અને સોળ આના. આહાહા..!

એમ ભગવાન આત્મા ચોસઠપહોરી તીખાશની જેમ સોળ પહોરી તીખાશ પૂરી અંતર આનંદ ભર્યો છે. આહાહા..! અરે..રે..! કે દિ' વિચાર કર્યા હોય? ઘરના વિચાર મૂકીને બહારની .. માંડી બધી. કેવળસુખ! છે? એકલો આનંદ છે એ તો. દુઃખની ગંધ નથી. જેમાં દુઃખની ગંધ જ નથી. એવો ભગવાન અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! દેહથી જુદો વાણીથી જુદો, કર્મથી જુદો અને પુણ્ય-પાપની ક્રિયા, રાગની ક્રિયાથી પણ જુદો અને પોતાથી પરિપૂર્ણ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરથી જુદો અને પોતાથી પૂર્ણ. આહાહા..! આવો જે ભગવાન આત્મા કેવળસુખ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને છે? ત્રણે શબ્દ.

**'કેવળસૌખ્યસ્વભાવી છે. તે જાણતાં શું ન જાણ્યું?'** આહાહા..! આવો જે ભગવાન આત્મા અંદર, કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસુખ-આનંદ. એવું પરિપૂર્ણ સોળઆના, રૂપિયે-રૂપિયો ભર્યો છે. એને **'જાણતાં શું ન જાણ્યું?'** એકને જાણતા સર્વ જાણ્યું. સવારમાં એક પ્રશ્ન ઉઠ્યો હતો ને? ભાઈ! એમ કે કેવળજ્ઞાન અને કેવળદર્શન હું છું, એ તો એમ કે નયગમનયે છે. એમ નથી. કેવળજ્ઞાન અને કેવળદર્શન 'પ્રવચનસાર'ની છેલ્લી ગાથામાં લીધું છે, કે જે મોક્ષમાર્ગ આત્મા આનંદસ્વરૂપ, પ્રભુ! એનું દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યું. તે પ્રગટ્યું તેને અમે મોક્ષ સત્વ કહીએ છીએ. આહાહા..! આ તો નયગમનો પ્રશ્ન ઉઠ્યો હતો ને, ભાઈ! એ પૂર્ણ છે, પ્રભુ! આત્મા! અરે..! કેમ બેસે પણ આ દેખાય નહિ, પણ દેખાય નહિ એવો નિર્ણય શેમાં કર્યો? આત્મા દેખાય નહિ, પ્રભુ! એ દેખાય નહિ એમાં કઈ સત્તામાં એનો નિર્ણય કર્યો? દેખનારમાં નિર્ણય કર્યો કે દેખાય નહિ. આહાહા..! અરે..રે..! કોઈ દિ' ઘરના વિચાર કર્યા નથી. અને પરની બધી માંડી.

જેની સત્તામાં જણાય છે એ જાણનારને કોણ છે જાણનાર? આ જણાય છે જેનામાં, એ આ જણાતું નથી. જાણનાર જાણે છે. તે જાણનાર જાણે છે. જેમાં જણાય છે એ કોણ છે? એ એની સત્તા એકલી કેવળજ્ઞાનદર્શન અને આનંદ અને સુખરૂપ આનંદ છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! અરે..! એવો જે પ્રભુ! એણે જેણે અંતર જાણ્યો, પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણસુખ, એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલું સુખ. કેવળ લીધું છે એટલે. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલું સુખ, બીજી ચીજ જ જેમાં નથી. એવી જે ચીજ ભગવાન આત્મા, એને જેણે જાણ્યો, એણે શું ન જાણ્યું? પ્રભુ! **'एगं जाणइ सब जाणइ'** એકને જાણ્યો એણે બધું જાણ્યું. કેમ? કે એની જે જ્ઞાનશક્તિ છે, એ પૂર્ણ છે, આનંદ પૂર્ણ છે એમ જાણ્યું. તો પર્યાયમાં પણ પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રગટ થશે જ. તો એ પોતાની પર્યાય ભવિષ્યમાં પ્રગટ થશે. તો ગયા કાળને અને ભવિષ્યને બધાને ત્રણકાળને આત્મા જ્યાં જાણે. પર્યાયમાં હોં હજી. અહીં તો શક્તિની વાત છે. આહાહા..!

જેની શક્તિ એટલે સામર્થ્ય. જેનો સ્વભાવ. સ્વ એટલે પોતાનો પોતાથી ભાવ કેવળ એકલું જ્ઞાન-દર્શન અને સુખ ભર્યું છે. એને જાણતા, એની પર્યાયમાં જાણ્યું એને હવે શું બાકી રહ્યું? આહાહા..! કારણ કે પર્યાય જાણતા પૂર્ણ પર્યાય પ્રગટ થશે જ. અને એ પૂર્ણ પ્રગટ થશે અને આ પર્યાય, બધાનો પિંડ આત્મા છે, એને જેણે જાણ્યો. આત્મા પણ આખો જાણ્યો ક્યારે કહેવાય? 'પ્રવચનસાર'ની ૪૮-૪૯ ગાથામાં આવે છે ને. જેણે સર્વ જાણ્યું તેને એક જાણ્યો. કેમ? કે આત્મા સર્વ જાણે, આત્મા એક ચીજ છે. એને ત્રિકાળ જાણે, ત્રિકાળ. આત્મા એક ચીજ છે એમાં અનંત જ્ઞાન આદિ ભલે સુખ પણ ભરેલું છે. પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની પર્યાયમાં જુઓ તો અનાદિ અનંત પર્યાય-અવસ્થાઓ છે. એ ભવિષ્યની પણ પર્યાય કેવળજ્ઞાન અને કેવળદર્શન છે જ એમાં. થશે જ. અંતરમાં છે, તો પર્યાયદશામાં થશે જ. અને થશે તે સાદિ અનંત રહેશે. તો એ સાદિ અનંત એ અનાદિ શાંત આ પર્યાય. એવા એક આત્માને જાણ્યો એણે શું બાકી રાખ્યું? આહાહા..! શું કહ્યું એ. સમજાણું કાંઈ?

અંતર ભગવાન જેણે પૂર્ણ જાણ્યો એને તો ઠીક, પણ જેણે એક આત્માને ત્રિકાળી જાણ્યો. પર્યાય અવસ્થાથી દશાથી ત્રિકાળે તો એની ભવિષ્યની પર્યાય એ તો કેવળજ્ઞાન, કેવળદર્શન થવાની જ છે. આહાહા..! અને એ પર્યાય અવસ્થા સાદિ અનંત થવાની છે. તો એ જ્ઞાનમાં ત્રણ(કાળ), લોકાલોક જાણવામાં આવે છે. તો એ જ્ઞાનની પર્યાય અને અનાદિ શાંત પર્યાય અવસ્થા, અનાદિથી વિકારી છે એનો મોક્ષ થતા અંત આવી જાય છે. અને મોક્ષની દશાની શરૂઆત થઈ જાય છે. એ શરૂઆત થાય એ સાદિ-અનંત. શરૂઆતનો અંત આવી જાય એ અનાદિ શાંત, એ બે આખું જાણ્યું એણે શું ન જાણ્યું? આહાહા..! કેમ કે ભવિષ્યની કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય જશે. ત્યારે તો અનાદિ-અનંત આત્માને જાણ્યો ત્યારે કહેવાય. સમજાય છે? ઝીણું છે, ભગવાન! દુનિયાથી જુદી જાત છે, બાપા! દુનિયા શું છે અને ક્યાં છે? ક્યા અટકે છે? એટલી અનાદિથી બહારમાં અટકી છે. આહાહા..!

અહીં તો કહે છે, કે જેણે એકરૂપ વસ્તુ અંદર છે, એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ સુખ, એવું જેણે જાણ્યું, એની પર્યાય ભવિષ્યમાં કેવળજ્ઞાન તો થવાની જ છે. આહાહા..! અને એ કેવળજ્ઞાન સાદિ-અનંત થશે. થશે એટલે પૂરી એમ ને એમ અનંતકાળ રહેશે. અને ભૂતકાળની અનાદિ શાંત વિકારી પર્યાય અને સાદિ અનંત એ આખું આખું જાણ્યું. તો એ પર્યાયમાં છ દ્રવ્ય પણ જણાઈ ગયા, અનંતા સિદ્ધો પણ પર્યાયમાં જણાઈ ગયા. તો એ અનાદિ-અનંત પર્યાયને, એક પર્યાયને એટલે એક દ્રવ્યની પર્યાયને જાણી, એને બધું જણાઈ ગયું. 'શાંતિભાઈ'! ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! આવું આત્મા. કોણ જાણે એણે બે બીડીની તલપ લાગી, બે બીડી પીવે, સીગારેટ પીએ ત્યારે ભાઈસાહેબને દિશા ઉતરે પાયખાને. સરખી બે બીડી પીવે એને શું કહેવાય તમારે? સીગારેટ. સીગારેટ-સીગારેટ. આહાહા..! આવા અપલક્ષણને કહેવું કે તું ભાઈ! તું કેવળજ્ઞાન.... કયે માપે બેસાડે? એને માપ લાવવું... આહાહા..! માપ ક્યાંથી લાવવું?

રવિવારનો દિવસ હતો, એનો બાપ પચાસ આલપાક લાવ્યો. આ આલપાકના કોટ નથી થતા? કોટ-કોટ થાય છે ને આલપાકના? ઊંચી ચીજ પચાસ હાથ લાવ્યો. છોકરો નવરો. આમ માપ્યું ત્યારે સો હાથ થયો. બાપુ? તમારા પચાસ હાથ ખોટા. આ તો સો હાથ છે. બાપા કહે છે, કે છોકરા! તારા માપ કામ ન આવે, ભાઈ! અમારા માપમાં તારા માપ કામ ન આવે. તારો નાનો હાથ ત્યાં કામ ન આવે. એમ અહીં સર્વજ્ઞ પરમાત્મા અને સંતો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, તારા જગતના માપ કરવામાં તારી બુદ્ધિ એકાંતમાં એ કામ ન આવે. આહાહા..! પ્રભુ! તારું માપ કરવામાં મોટું માપલું જોઈશે. આહાહા..! આવી વાતું હવે. આહાહા..!

એક સર્વસ્વ છે, પ્રભુ! આહાહા..! કેવળ લીધું છે ને? કેવળઆનંદ, કેવળજ્ઞાન ને કેવળદર્શન. એક ચીજ પૂર્ણપ્રભુ આત્મા, એને જાણ્યો, એણે શું ન જાણ્યું? આહાહા..! એણે શું ન દેખતા **'શું ન દેખ્યું?'** ભગવાન પૂર્ણદર્શનસ્વરૂપ છે એમ દેખ્યું. તેની પર્યાયમાં પણ સર્વને દેખે એ પર્યાય પ્રગટ થવાની. **'શું ન દેખ્યું?'** આહાહા..! એણે લોકાલોક અને અનંતાસિદ્ધોને દેખ્યા. આહાહા..! અહીં દેખી પર્યાય હોં. અને દેખી છે પર્યાય શક્તિની તાકાત. એ શક્તિની તાકાતને જાણતા પર્યાયની તાકાત જણાઈ ગઈ, એમાં એને જાણવું શું બાકી રહી ગયું? આહાહા..! થોડું ઝીણું છે, બાપુ! ખબર છે. દુનિયાને આ બાજુ વળવું કઠણ છે. શું થાય પણ માર્ગ જ કોઈ જુદી જાત છે. આખું વલણ, જગતનું વલણ જોક-જોક ઝુકાવ જુદી જાતનો છે. અને ઝુકાવ જુદી જાતની અંદરની ચીજ છે. બહારનો ઝુકાવ જગતનો છે. આ અંતરના ઝુકાવની વાત છે.

ભગવાન બિરાજે છે પૂર્ણાનંદનો નાથ. આહાહા..! કયે માપે માપવું? પણ જેણે એ માપ્યું, તો એને કહે છે, જાણવું શું બાકી રહી ગયું હવે? દેખવું ક્યું બાકી રહી ગયું? આહાહા..! અને **'તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?'** આહાહા..! **'તેનું શ્રવણ કરતાં...'** આહાહા..! ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, પૂર્ણ પ્રભુ! વસ્તુ હોય એ પૂર્ણ હોય. વસ્તુ હોય એ અપૂર્ણ ન હોય. વસ્તુ હોય એ વિકૃત ન હોય. વિકૃત ન હોય તે અપૂર્ણ ન હોય, અપૂર્ણ ન હોય તો અવિકૃત પૂર્ણ હોય. નિર્વિકારી પૂર્ણ હોય, એ નિર્વિકારી પૂર્ણ જેણે દેખ્યું, અને જેણે આ વાત સાંભળી... આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! પ્રભુ! તારા ઘરની વાત છે. આહાહા..! બહારની માથાકૂટ કરી કરી ને અનંતકાળથી મરી ગયો છે. શાસ્ત્રને બહાને પણ બહારમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરી કરીને મરી ગયો છે. એ કાંઈ વસ્તુમાં નથી. એ તો વિકલ્પ-રાગ છે. આહાહા..!

જેણે આવા રાગ વિનાનું પૂર્ણ સ્વરૂપ જોયું. અરે..! જાણ્યું. અરે...! જાણ્યું શું? સાંભળ્યું. ત્યાં સુધી આવ્યું ને? આહાહા..! પ્રભુ! તારી પ્રભુતા તે સાંભળી. સાંભળી ત્યારે અંદરથી કહે, આહાહા..! શરીર, વાણી, મન, જડ, માટી, ધૂળ તો ક્યાંય રહી ગયા. પુણ્ય-પાપ એ તો ક્યાંય રહી ગયા. એ તો વિકાર. પણ અલ્પજ્ઞતા પણ ક્યાંય રહી ગઈ. કારણ કે એ કાંઈ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! કેવળ છે ને? આહાહા..! આવો ભગવાન જેણે સાંભળ્યો... આહાહા..! આવો પરમાત્મા પોતે છે, પૂર્ણ સુખે ભરેલો, પૂર્ણ જ્ઞાન-દર્શને ભરેલો, એવો જેણે સાંભળ્યો... આહાહા..! છે?

**'તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?'** આહાહા..! આ શ્રવણ કરવું આ કહે છે. બાકી આ કરવું.. આ કરવું.. આ કર્યું... આહાહા..! એ તો સાંભળી-સાંભળીને ફૂટ્યા કાન.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી કહેતા? 'હરિકથા સાંભળીને ફૂટ્યા કાન તોય ન આવ્યું હરિનું ભાન.' આહાહા..! કહે છે, કે જેણે આ પરિપૂર્ણ પ્રભુ છે, એવું જેણે સાંભળ્યું, એને હવે શું સાંભળવું બાકી રહી ગયું? આહાહા..! પ્રભુ! અંદર તારો સ્વભાવ. સ્વ-ભાવ. પોતાનો નજીકનો ભાવ, નિજ ત્રિકાળી ધ્રુવ એ અનંત છે. કેવળ એક જ રૂપ છે, પૂર્ણ છે. એવું જેણે સાંભળ્યું, એણે શું ન સાંભળ્યું? આહાહા..! એણે બધું સાંભળ્યું. આહાહા..! આવી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :– બેડો પાર થઈ જાય એવી વાત છે.

પૂ. ગુરુદેવશ્રી :– એવી વાત છે, ભગવાન! આહાહા..! વસ્તુ તો આવી છે. આહાહા..! છેલ્લે તો અહીં સુધી મૂક્યું. છે ને? પાઠમાં છે ને? **'श्रुते श्रुतम्' 'तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्।'** પાઠમાં, શ્લોકમાં છે. આહાહા..! પ્રભુ! તારી વાત, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન. આહાહા..! એ તને કાને પડી ને સાંભળ્યું, હવે તારે શું સાંભળવું છે? હવે સાંભળવું બાકી શું રહી ગયું? જે હતું એ કીધું. હતું એ આવ્યું. આહાહા..! અરે..! દ્રવ્યશ્રુતમાં આ આવ્યું. આહાહા..!

શાસ્ત્રકારે આ કહ્યું. એ કહ્યું ને જેણે સાંભળ્યું. **'तत्प्रति प्रीति चितेन'** પ્રીતિરુચિ પ્રેમથી જેણે આ સાંભળ્યું. આહાહા..! **'भावि निर्वाण भाजनम्'** મોક્ષનો લાયક છે એ. આહાહા..! એમાં નિઃસંદેહ છે. સંદેહ કરવા જેવો છે નહિ. આહાહા..! જેને આ વાત અંદરમાં બેઠી, જેણે આ સાંભળ્યું... આહાહા..! પૂર્ણજ્ઞાન, જ્ઞાન એટલે? આ શાસ્ત્રનું જાણવું એ નહિ હોં. જેમ સાકરનો ગળપણ સ્વભાવ છે, મીઠાનો જેમ ખારો સ્વભાવ છે. એ પૂરો છે. અને એમાં પરની અપેક્ષા નથી. એમ ભગવાનનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદનો પૂર્ણ છે. એને પૂર્ણમાં પરની કોઈ અપેક્ષા નથી. નિરપેક્ષ તત્ત્વ એવું છે. આવી વાત જેણે સાંભળી... આહાહા..! એણે શું ન સાંભળ્યું કહે છે. છે? અંદર છે કે નહિ? આહાહા..!

એણે પાંચ કરોડના પાંચ મંદિર બનાવ્યા. તો એણે શું ન કર્યું? એ ન આવ્યું? અરે..! એય..! આહાહા..! એ ન આવ્યું. એવું તો અનંતવાર કર્યું છે. આહાહા..! પણ તું અપૂર્ણજ્ઞાનવાળો એ પણ નહિ. આહાહા..! ભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ! પૂર્ણ જ્ઞાનદર્શન અને આનંદે સાંભળ્યું એણે શું ન સાંભળ્યું? એણે બારઅંગનો સાર સાંભળ્યો. આહાહા..! એને બારઅંગમાં પરિપૂર્ણતા કેવી છે તે એણે સાંભળી લીધું. આહાહા..! સમજાય છે? ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ જરી ઝીણા છે. આહાહા..! અત્યારે એ પરિચય નથી. બહારનો પરિચય અત્યારે વધી ગયો. બહારની કડાકૂટ, માથાકૂટ. ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સુખે, આનંદે, જ્ઞાને ભરેલો, એની વાત પડી રહી. વર મૂકીને જાન જોડી દીધી. આહાહા..! એમ ભગવાન આત્મા મૂકી દઈને પૂર્ણાનંદના નાથને સાંભળવું મૂકી દઈ, બીજું સાંભળ્યું. 'સાંભળી સાંભળીને કાન ફૂટ્યા, તો પણ ન આવ્યું ભાન.' આહાહા..!

ગાથા બહુ ઊંચી છે. આ તો અમૃત ભર્યા છે. અમૃતનો સાગર આત્મા. સાગર તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટો અસંખ્ય યોજન અને કરોડો યોજનનો હોય એને સાગર કહેવાય. ભગવાન તું ક્ષેત્રને મોટું ન માન. એનો સ્વભાવની હદ વિનાનો સ્વભાવ છે. મર્યાદા વિનાનો સ્વભાવ છે. એને માન. ક્ષેત્ર મોટું એમ ન માન. ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે ભગવાન અંદર ભિન્ન જુદી ચીજ છે. પણ છે તેનો સ્વભાવ બેહદ અપરિમિત છે. આહાહા..! પરિપૂર્ણ જ્ઞાન-દર્શન અને સુખથી ભરેલો ભગવાન છે. દેખાતો કેમ નથી? છે તો દેખાતો કેમ નથી. પણ દેખ્યો છે કે દિ’? અંતર દેખવાનો પ્રયત્ન કર્યો છે કે દિ’? જ્યાં છે ત્યાં જોવાને પ્રયત્ન કર્યો છે કે દિ’? જ્યાં સત્તા એની પરિપૂર્ણ પડી છે. સત્તા હોવાપણું ભગવાન આત્મા ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ!

સચ્ચિદાનંદ નિત્યાનંદ અનાદિ અનંત વસ્તુ આત્મા છે. આત્મા નવો થતો નથી. છે તેનો નાશ થતો નથી. છે તેની આદિ ન હોય. એ છે એવો પરિપૂર્ણ તરફનું એણે ધ્યાન ક્યાં આપ્યું છે? આહાહા..! કથાઓ અને વાર્તાઓ સાંભળી-સાંભળી અને ક્રિયાકાંડની વાતું સાંભળી-સાંભળીને વખત ગાળ્યા. બધો વખત ગયો. મરવાના ટાણા પછી થોડા રહ્યા. ૨૫-૫૦-૬૦ ગયા પછી એને દેહ છૂટવાના વર્ષ કેટલા રહ્યા? દેહ તો છૂટી જશે. જે સમયે છૂટવાનો તે સમયે છૂટી જવાનો નક્કી છે. જેટલા દિવસો-મહિના જાય છે એ બધા મૃત્યુની સમીપ જાય છે. દેહ છૂટવાની સમીપ જાય છે. એમાં આ તત્ત્વ ન કર્યું, અને મોટા મોટા બાદશાહી કરી, કરોડો રૂપિયાની પેદાશો કરી અને કરોડોના... આહાહા..! મોટા કારખાના માંડ્યા. મોટી સગા-વ્હાલાની જમાત ભેગી કરી. દીકરા, દીકરીઓ અને મોટી જમાત ભેગી કરી છે. આહાહા..!

કહે છે, કે આ સાંભળ્યું એને શું બાકી રહ્યું? આહાહા..! ગજબ વાત કરી છે ને? સાંભળવામાં. તું પૂર્ણાનંદનો નાથ! એ તારામાં વિકાર તો નહિ પણ અલ્પતા નહિ. આ વાત સાંભળી તેણે શું ન સાંભળ્યું? એમ કહે છે. કહો, ‘યશપાલજી’! આહાહા..! સંપ્રદાયવાળાને આકરું પડે એવું છે. ‘વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.’ પોતાનો પંથ કરવા માટે વાડા બાંધીને બેઠા. ભગવાન એકકોર રહી ગયો. આહાહા..! એ ત્યાં પૂરું થયું.

## શ્લોક–૧૨૮

(मालिनी)

**जयति स परमात्मा केवलज्ञानमूर्तिः**
**सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।**
**सहजपरमचिच्छकत्यात्मकः शाश्वतोयं**
**निखिलमुनिजनानां चितपंकेजहंसः।।१२८।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વળી (આ ૯૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-**

**[શ્લોકાર્થ :-] સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દૃષ્ટિમય (-સર્વથા નિર્મળ દર્શનમય), શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા તે જયવંત છે. ૧૨૮.**

## શ્લોક–૧૨૮ ઉપર પ્રવચન

**'વળી (આ ૯૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-'**

**जयति स परमात्मा केवलज्ञानमूर्तिः**
**सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।**
**सहजपरमचिच्छकत्यात्मकः शाश्वतोयं**
**निखिलमुनिजनानां चितपंकेजहंसः।।१२८।।**

ચિત્તપંકજનો હંસ છે એ તો. આહાહા..! હંસલો જેમ પાણી અને દૂધ જુદું કરે. આહા..! પાંચ શેર દૂધ અને શેર પાણી નાખ્યું. પણ એની હંસની ચાંચમાં ખટાશ છે. એ આમ નાખે એ ભેગું પાણી જુદું અને દૂધનું પોતળું જુદું. દૂધનો લોચો જુદો પડી જાય, પાણી જુદું પડી જાય. એવો એનો સ્વભાવ છે. એવો ભગવાન હંસનો સ્વભાવ છે. જ્ઞાનની પર્યાય જ્યાં આત્મા તરફ વાળી ત્યાં રાગનું પાણી જુદું પડી જાય અને આત્મા જુદો પડી જાય. આહાહા..! એવું પ્રભુ! તારું સ્વરૂપ છે. આહાહા..! કેમ બેસે? આહાહા..! એ ચુરમાના બે લાડવા ખાતો હોય અને એમાં પાછા પતરવેલીયા હોય. પતરવેલીયા આવે ને? શું કહેવાય એ? ભજીયા. અને ઘીમાં તળેલા. લાડવા અને ભેગા પતરવેલીયા. જાણે ઓહોહો..! શું થયું જાણે! એવું પ્રભુ! તારું મૃત્યુ થયું સાંભળ. ત્યાં તે પરમાં તૃપ્તિ માની અને આત્માનું ખૂન કર્યું. આહાહા..!

આત્માની તૃપ્તિમાં અંદર પરમા તૃપ્તિ માનતો નથી. આહાહા..! આવી વાતું. જેણે આત્માના આનંદની તૃપ્તિ જણાણી-જાણી અને આનંદની તૃપ્તિ થઈ, એને ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખ પણ.. આહાહા..! સડેલા મીંદડા અને કૂતરા સડેલા જેવા લાગે. આહાહા..! આત્માના આનંદ આગળ, આનંદના અનુભવ આગળ, ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા કૂતરા અને સડેલા મીંદડા જેવા લાગે. આહાહા..! આને એનાથી કાંઈ સાધારણ ચીજ મળી હોય જ્યાં, ત્યાં તો જાણે ઓહો..! કેવા છે તમારા વેવાઈ? સુખી છે. પૈસેટકે સુખી છે. આહાહા..! ભાઈ કહેતા હતા. 'મલૂકચંદભાઈ' નહિ? એ કહેતા હતા. મોટો છોકરો છે ને ત્યાં 'સ્વીટ્ઝરલેન્ડ'. ચાર કરોડ રૂપિયા છે. 'મલૂકચંદભાઈ'નો ભાઈ 'સ્વીટ્ઝરલેન્ડ'.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'અમદાવાદ' રહે છે ને? 'મલૂકચંદ'.

એકવાર કહેતા હતા. ન્યાલ સુખી છે બધું. એમ કહેતા હતા. ત્યાં ગયા હશે ને? ગયા હશે. મોટા બંગલા, બગીચા, દીકરો નથી. બાયડી-ભાયડો બે છે. દીકરી હતી તો પરણાવી દીધી. ચાર-પાંચ કરોડ રૂપિયા. ન્યાલ સુખી છે કહે. એમ કહેતા હશે. એય..! તમારા ભાઈ. 'ન્યાલ' એનો મોટો દીકરો. નાનો અહીં 'મુંબઈ' 'પૂનમચંદ'. એની પાસે ચાર કરોડ રૂપિયા છે. હમણા છોકરાના લગન કર્યા. વીસ લાખની તો એક મોટર લાવ્યા હતા. વીસ લાખની એક મોટર. અમને મૂકવા આવ્યા હતા. અમારે 'ભાવનગર' આવવું હતું ને. પંદર દિ' પહેલાની વાત છે. તે દિ' મોટરમાં બેસાડ્યા હતા. મેં કીધું એલા આ મોટરની કિંમત કેટલી?

મુમુક્ષુ :- આપ બેઠા એમાં મોટર પવિત્ર થઈ ગઈ.

પૂ. ગુરુદેવશ્રી :- ધૂળેય નથી. એમ માને એ લોકો કે મહારાજ બેઠા એટલે પવિત્ર થઈ. પૂછ્યું મેં. 'હિંમતભાઈ' હતા કે નહિ? સાથે હતા નહિ તમે? આ પણ બેઠા હતા. સાથે હતા. કીધુ આની કિંમત કેટલી? વીસ લાખની. એક મોટર વીસલાખની. એ તો કહે એક પચાસ લાખની મોટર ત્યાં છે. કોઈક શેઠિયો હશે. પચાસ લાખની એક મોટર. આમાં માણસો મરી ગયા.

મુમુક્ષુ :- જેની પાસે ઘણા પૈસા હોય એને પચાસ લાખની શું કિંમત.

પૂ. ગુરુદેવશ્રી :- ધૂળ છે આ. હવે એક સાથે આવો કટકો પણ આવવાનો નથી.. આહાહા..!

મુમુક્ષુ :- માટે અત્યારે વેચાતું લઈને ભોગવી લેવું.

પૂ. ગુરુદેવશ્રી :- માટે તો એ દૃષ્ટિને છોડી દ્યો. એમ કહે છે. આહાહા..! એ જડને રહેવું હશે એમ રહેશે. તારી સાવધાનીપણે નહિ રહે. આહાહા..! કેટલાય કેસ જોઈએ છીએ. આહાહા..! આ 'લાભુભાઈ'નો કેસ લ્યો. કેવું શરીર! અત્યારે આવું થઈ ગયું છે. ચાલી શકતા નથી, બોલી શકતા નથી. આહાહા..! એવા તો કેટલાય સાંભળીએ છીએ. શરીરની ક્રિયા.. ક્યારે શું થશે. આ દેહ તો પરમાણુ-માટી છે. ક્યારે શું થાય.

અહીં કહે છે. આહાહા..! **'સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...'** આહાહા..! આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! અનંતજ્ઞાન અને શાંતિથી ભરેલો, એવો આત્મા, એ **'સમસ્ત મુનિજનો...'** ભાષા કેવી લીધી? કોઈ મુનિ એમાંથી હીણા હોય, કોઈ મુનિ આવા હોય એમ નહિ. આહાહા..! **'સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ,...'** અંતરમાં આનંદરૂપ, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ હૃદયમાં અંદર જોતા આનંદ, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, આહાહા..! ભાષા કેવી વાપરી?

**'સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...'** મુનિ આને કહીએ. બાયડી-છોકરા છોડીને લુગડા ફેરવ્યા માટે સાધુ થઈ ગયા. સાધુ એમ નથી, બાપુ! આહાહા..! મુનિ એને ન કહેવાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિ એને કહેવાય કે જેના હૃદયમાં આત્મા હંસલો રાગ અને ચૈતન્યના અમૃતને જુદું પાડીને અમૃતને પીવે છે. એનું નામ સમસ્ત મુનિ હંસલા કહેવાય છે. આહાહા..! હંસ જેમ દૂધ અને પાણી ભેગા હોય એ પાણી કાઢી નાખીને દૂધનું કોકડું દૂધ પીએ. એ દૂધનું કોકડું લે. પાણી કાઢી નાખે. હંસલાનો એવો સ્વભાવ છે. એમ આત્મામાં એવો સ્વભાવ છે.

**'સમસ્ત મુનિજનનો હૃદયકમળનો...'** સ્વભાવ. આત્મા એ તો **'હૃદયકમળનો હંસ...'** છે. અંદર રાગ અને આત્માને ભગવાન બેને ભિન્ન પાડે છે. આહાહા..! આવી વાતું છે. આ બહારની પ્રવૃત્તિના હોંશમાં રોકાઈ જાય, મૂળ વાત રહી જાય. આહા..! આવી વાતું છે. આવે. અશુભભાવથી બચવા શુભભાવ હોય છે. જ્ઞાનીને પણ આવે. પણ એ જાણે કે બંધનું કારણ છે. ધર્મ નથી. આહાહા..! છતાં નબળાઈને લઈને એ ભાવ આવે, પણ એ હંસ છે. ધર્માત્મા તો હંસલા છે. રાગ અને પાણી, આત્મા અને દૂધ જેમ બે જુદા પાડે છે. આહાહા..! દૂધનું કોકડું વળે એમાં આત્માના આનંદનો અનુભવ કરે છે અને રાગનું પાણી જેમ વળે કાઢી નાખે છે. એને અહીંયાં મુનિ કહીએ. આહાહા..! આવી મુનિની વ્યાખ્યા છે. છે એમાં? છે કે નહિ?

**'સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...'** આહાહા..! મુનિ પોતે પોતાને માટે કહેતા હતા. નામ ન આપતા સમુચ્ચય આપ્યું છે. આહાહા..! સમસ્ત મુનિ એવા હોય છે. આહાહા..! કે **'હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત,...'** નિત્યપ્રભુ કેવળજ્ઞાની. એ તો નિત્ય આત્મા છે, ધ્રુવ છે, કોઈ દિ' એનો નાશ થાય એવું છે નહિ. એની કોઈ દિ' ઉત્પત્તિ હોય એમ છે નહિ. છે એની ઉત્પત્તિ શું? છે તેનો નાશ શું? છે તેના પૂર્ણસ્વભાવથી ખાલી શું? આહાહા..! એવો જે ભગવાન આત્મા **'શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ,...'** એકલું જ્ઞાનનું સ્વરૂપ જ. મૂર્તિ એટલે સ્વરૂપ. એકલું કેવળજ્ઞાનનું સ્વરૂપ. એ આત્મા એટલે એકલું જ્ઞાનનું સ્વરૂપ. જાણવાના સ્વભાવનું જેનું સ્વરૂપ, એની એ મૂર્તિ એનું સ્વરૂપ. આહાહા..!

**'સકળવિમળ દૃષ્ટિમય (–સર્વથા નિર્મળ દર્શનમય),...'** પહેલી જ્ઞાનની વાત કરી, હવે દર્શનની. સકળદર્શનમય **'સકળવિમળ દૃષ્ટિમય (–સર્વથા નિર્મળ દર્શનમય),...'** જેનું ત્રિકાળી નિર્મળદર્શન છે. આહાહા..! **'શાશ્વત,...'** એ શાશ્વત છે. વસ્તુ છે એ શાશ્વત છે, નિત્યાનંદ પ્રભુ છે. પર્યાયમાં, વિચારમાં બદલે. વિચાર એની અવસ્થા બદલે, વસ્તુ તરીકે શાશ્વત છે. આહાહા..! **'શાશ્વત આનંદરૂપ,...'** શાશ્વત આનંદરૂપ એવો એ આત્મા છે. આહાહા..! એ હવે આનંદ બહારમાં ગોતવા જાય છે. પૈસામાં, બાયડીમાં, છોકરામાં, આબરૂમાં... આહાહા..! ભૂંડ જેમ વિષ્ટા ખાય. આ ભૂંડ નથી થતા? હમણા અહીંયાં આવ્યા હતા. પહેલા અહીંયાં નહોતા. તે વિષ્ટા ગોતે વિષ્ટા જ ખાય. આહાહા..! એમ પુણ્ય અને પાપ વિષ્ટા સમાન છે, ઝેર સમાન છે. એકવાર વિષ્ટા કીધી હતી તે એને ઠીક નહોતું પડ્યું. પણ વિષ્ટા તો હજી ખવાય પણ આ તો ઝેર છે. પુણ્ય અને પાપ બેય ભાવ ઝેર છે. આહાહા..! એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝેરથી જુદો, **'શાશ્વત આનંદરૂપ,...'** શાશ્વત અંદર આનંદ. નિત્ય આનંદ. સહજાનંદસ્વરૂપ. ઓલા સ્વામિનારાયણ કહે એ નહિ હોં. સહજ આનંદ મૂર્તિ આ તો આત્મા છે. આહાહા..!

સહજ આનંદસ્વરૂપ **'સહજ પરમ ચૈતન્યશક્તિમય...'** સ્વભાવિક પરમ ચૈતન્યશક્તિ એટલે વીર્ય-બળ, એ મય **'પરમાત્મા તે જયવંત છે.'** આહાહા..! ત્રિકાળ જયવંત વર્તે છે. આહાહા..! **'સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દૃષ્ટિમય (–સર્વથા નિર્મળ દર્શનમય), શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય...'** ચૈતન્યશક્તિ. ચૈતન્યનું બળ, એના ચૈતન્યનું બળ છે, ચૈતન્યનું વીર્ય છે, એનામાં ચૈતન્યનું સામર્થ્ય છે. આહાહા..! એ ચૈતન્યના વીર્યથી પૂર્ણ ભરેલું છે. આહાહા..! એવો આત્મા **'પરમાત્મા તે જયવંત છે.'** જયવંત છે એમ કહે છે.

પર્યાયમાં અમે જોયો, એ આ જયવંત વર્તે છે એમ કહે છે. આહાહા..! પર્યાય એટલે અવસ્થા, વર્તમાન ચાલતી વિચારધારા. એમાં આ જોયો એટલે જયવંત વર્તે છે. આ વસ્તુ જયવંત છે. આહાહા..! આવો ઉપદેશ! અધ્યાત્મનો ઉપદેશ ઝીણો છે. કાને પડતા કઠણ પડે. ઓલી વાત તો આમ કરે, કે દયા પાળો, વ્રત કરો, એકબીજાને મદદ કરો, દુઃખીને મદદ કરો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી આપો, રોગીને ઔષધ આપો, દવાખાનામાં... એ સમજાય તો ખરું. શું સમજવું? એ કરી શકાય છે કે દિ'? એ તો બધી પરની–જડની ક્રિયા છે. આહાહા..!

અહીં તો અંદર રાગ થાય છે એ રાગ જ એનું સ્વરૂપ નથી. તો વળી બહારનું આ કરું... આ કરવું... આ કરવું... આંતરો બહુ આકરો છે. આહાહા..! શાસ્ત્રમાં પણ એવું આવે છે. સમકિતી છે એ મંદિર બનાવે, પૂજા આદિ થાય એ તો સંઘનો સંત કહેવાય એને સંઘનો નાયક કહેવાય. 'પદ્મનંદી પંચવિંશતી'માં છે. સંઘનો નાયક કહેવાય.

મુમુક્ષુ :– એક ચાવલ જેટલી મૂર્તિ બનાવે છે.

પૂ. ગુરુદેવશ્રી :– આટલી નાની મૂર્તિ બનાવે તો પણ સમકિતી છે, આત્મજ્ઞાની છે, એને ભાન છે કે આ ક્રિયા છે એ રાગ છે. એ રાગ પણ મારી નબળાઈને લઈને આવ્યા વિના રહેતું નથી. પણ એ મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો એને જાણવા દેખવાનો આનંદ એ મારું સ્વરૂપ છે. એમ જાણનાર હોય એને આવો રાગ આવે, એને પુણ્યબંધનું કારણ થાય. આહાહા..! બહુ આકરું કામ. બહારની હોંશ ઊડી જાય.

**'પરમાત્મા તે જયવંત વર્તે છે.'** આવો જે પરમાત્મા અંદર છે, તે જયવંત વર્તે છે. ત્રિકાળી જયવંત વર્તે છે. એને કોઈ ખોડખાપણ, વિકાર કે અપૂર્ણતા છે જ નહિ. એવો પૂર્ણ પ્રભુ અંદર જયવંત વર્તે છે. પરમાત્મા. જુઓ! પરમાત્મા કીધું. ઓલું જયવંત વર્તે છે. મુનિના હૃદયનો હંસલો જયવંત વર્તે છે. આહાહા..! અહીં તો આત્માની વાત નિશ્ચયથી કરે તો, એય..! આ તો આત્માની-આત્માની માંડી. ક્યાંય બીજી તો વાત ન મળે, બાપા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું થાય? કરવાનું તો આ છે. આ વિના બધા થોથા છે. આહાહા..! બીજા લાખો, કરોડો રૂપિયા ખર્ચે, બહારમાં આબરુ કાઢે. એથી કાંઈ આત્માનું વળે એવું નથી. આત્મામાં એમાં કાંઈ ભવ ઘટે એવું નથી. આમાં તો આત્માના ભવ ઘટે એની વાત છે. એ ૯૬મી ગાથા થઈ.

## ગાથા–૯૭

णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।
जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी।।९७।।

निजभावं नापि मुंचति परभावं नैव गृह्णाति कमपि।
जानाति पश्यति सर्वं सोहमिति चिंतयेद् ज्ञानी।।९७।।

अत्र परमभावनाभिमुखस्य ज्ञानिनः शिक्षणमुक्तम्।

यस्तु कारणपरमात्मा सकलदुरितवीरवैरिसेनाविजयवैजयन्तीलुंटाकं त्रिकालनिरावरणनिरंजननिजपरमभावं क्वचिदपि नापि मुंचति, पंचविधसंसारप्रवृद्धिकारणं विभावपुद्गलद्रव्यसंयोगसंजातं रागादिपरभावं नैव गृह्णाति, निश्चयेन निजनिरावरणपरमबोधेन निरंजनसहजज्ञानसहजदृष्टिसहजशीलादिस्वभावधर्माणामाधाराधेयविकल्पनिर्मुक्तमपि सदामुक्तं सहजमुक्तिभामिनीसंभोगसंभवपरतानिलयं कारणपरमात्मानं जानाति, तथाविधसहजावलोकेन पश्यति च, स च कारणसमयसारोहमिति भावना सदा कर्तव्या सम्यग्ज्ञानिभिरिति।

तथा चोक्तं श्रीपूज्यपादस्वामिभिः -

(अनुष्टुभ्)

`यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम्।।'

---

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે-જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે. ૯૭.

અન્વયાર્થ :– [निजभावं] જે નિજભાવને [न अपि मुंचति] છોડતો નથી, [कम् अपि परभावं] કાંઈ પણ પરભાવને [न एव गृह्णाति] ગ્રહતો નથી, [सर्वं] સર્વને [जानाति पश्यति] જાણે-દેખે છે, [सः अहम्] તે હું છું- [इति] એમ [ज्ञानी] જ્ઞાની [चिंतयेत्] ચિંતવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ટીકા :– અહીં, પરમ ભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.

જે કારણપરમાત્મા (૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા, ત્રિકાળ-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી; (૨) પંચવિધ (-પાંચ પરાવર્તનરૂપ) સંસારની વૃદ્ધિના કારણભૂત, [1]વિભાવપુદ્ગલ દ્રવ્યના સંયોગથી જનિત રાગાદિપરભાવને ગ્રહતો નથી; અને (૩) નિરંજન સહજજ્ઞાન-સહજદ્રષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત, સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત એવા [2]કારણપરમાત્માને નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે (-સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે; તે કારણ સમયસાર હું છું. - એમ સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી.

એવી રીતે શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૨૦ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

‘[શ્લોકાર્થ :-] જે અગ્રાહ્યને (-નહિ ગ્રહવાયોગ્યને) ગ્રહતું નથી તેમ જ ગૃહીતને (-ગ્રહેલાને, શાશ્વત સ્વભાવને) છોડતું નથી, સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય (તત્ત્વ) હું છું.’

## ગાથા–૯૭ ઉપર પ્રવચન

ગાથા-૯૭.

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी।।९७।।**

નીચે હરિગીત.

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

આહાહા..! એકએક શ્લોક કેવા છે? જુઓને!

મુમુક્ષુ :– પોતાની ભાવનાનું છે ને.

પૂ. ગુરુદેવશ્રી :– વસ્તુ છે ને? પોતે પોતાના માટે બનાવેલું છે. **‘પરમ ભાવનાની સંમુખ...’**

૧. રાગાદિપરભાવની ઉત્પત્તિમાં પુદ્ગલકર્મ નિમિત્ત બને છે.

૨. કારણપરમાત્મા ‘પોતે આધાર છે અને સ્વભાવધર્મો આધેય છે’ એવા વિકલ્પો વિનાનો છે, સદા મુક્ત છે અને મુક્તિસુખનું રહેઠાણ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમ ભાવના. પરમસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ, એની એકાગ્રતા–ભાવના, એની **'સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.'** આહાહા..! પૂર્ણઆનંદ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ શાશ્વત, એવા જ્ઞાનીને... આહાહા..! એની ભાવનાની સન્મુખ. એની એકાગ્રતાની સન્મુખ. એને અહીંયાં શિખામણ દીધી છે. એકાગ્રતાની સન્મુખ એને શિખામણ દીધી છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૦૨, ગાથા-૯૭, સોમવાર, માગશર વદ ૭, તા.૧૦-૧૨-૧૯૭૯

'નિયમસાર' ૯૭ ગાથા. ટીકાથી.

**'અહીં, પરમ ભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.'** પરમભાવ એવો પારિણામિકસ્વભાવ. સહજ નિત્યધ્રુવસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ. એ પરમ પારિણામિક ત્રિકાળ સ્વભાવ, જે પલટતો પણ નથી અને પલટતામાં આવતો પણ નથી. એવો જે ત્રિકાળી પરમભાવ. ભાવનાનો અર્થ ભાવનો ધરનાર ભાવવાન છે. ટીકામાં આધાર લેશે. ભાવવાન આત્મા એનો ભાવ આ પરમભાવ છે. એની સન્મુખ, એની સન્મુખ થયો છે. એ પરમાત્મસ્વરૂપ છે, શુદ્ધચૈતન્યસ્વરૂપની જે સન્મુખ થયો છે એ જ્ઞાનીને શિખામણ દે છે. એ જ્ઞાનીને સમજાવે છે. એટલે કે એને કેમ હોય એ બતાવે છે. તત્ત્વજ્ઞાનીને કેમ હોય અને શું હોય તે બતાવે છે.

**'જે કારણપરમાત્મા...'** લ્યો આવ્યું. કારણપરમાત્મા. ત્રિકાળી આત્મા, ત્રિકાળી ધ્રુવસ્વભાવ, જે પરમપારિણામિકભાવ, એ ત્રિકાળીને અહીંયાં કારણપરમાત્મા કહેવામાં આવે છે. એક સમયની જે પર્યાય અને કારણપરમાત્મા બે થઈને પ્રમાણનો વિષય દ્રવ્ય છે. તો અહીં નિશ્ચયનો વિષય સમ્યગ્દર્શનનો બતાવવો છે, તેથી કારણપરમાત્મા, ત્રિકાળી વસ્તુ જે શુદ્ધ ધ્રુવ કારણ પરમાત્મા છે. એ **'(૧) સમસ્ત પાપરૂપી બહાદુર...'** પાપરૂપી બહાદુર **'શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા,...'** આહાહા..! પોતાનો જે ભાવ છે, એ કહે છે, કે **'પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા, ત્રિકાળ-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી;...'** આહાહા..! એવો જે ભગવાન શુદ્ધસ્વરૂપ, એક સમયની પર્યાય વિનાનો, એ પોતાનો ત્રિકાળી સ્વભાવભાવ, કારણ પરમાત્મા, એનો જે સ્વભાવભાવ એ **'ત્રિકાળી-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને...'** પોતાનો પરમભાવ, કાયમ રહેનારો ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ, એને **'ક્યારેય છોડતો નથી;...'** વસ્તુ નિત્ય છે. ક્યારે છૂટે. આત્મા ત્રિકાળી નિત્ય વસ્તુ છે. એ વિચાર અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ બધી પર્યાયમાં થાય છે. સંસાર, સંસારનો અભાવ મોક્ષ એ બધું પર્યાય–અવસ્થામાં થાય છે. વસ્તુ છે એમાં એ છે નહિ. આહાહા..! આવું ઝીણું તત્ત્વ છે.

કારણ પરમાત્માએ ક્યારેય પોતાના સ્વભાવભાવને છોડ્યો નથી. **'છોડતો નથી;...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

છોડ્યો નથી એમ પણ કીધું નથી. **'છોડતો નથી;...'** આહાહા..! દેહદેવળમાં રાગના વિકલ્પથી પણ ભિન્ન, એક સમયની વર્તમાન રાગને જાણનારી પર્યાય એ પર્યાયથી પણ ભિન્ન, એવું જે ત્રિકાળી સ્વભાવભાવવસ્તુ, તેને ક્યારેય પણ છોડ્યો નથી. છોડતો નથી. ધ્રુવ સ્વરૂપ છે એ છૂટે ક્યાંથી? આહાહા..! આ સમ્યગ્દર્શનનો આ વિષય છે. ત્રિકાળી દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન છે પર્યાય, પણ પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

સમ્યગ્દર્શન, ક્ષાયિક સમકિતદર્શન, એ પણ કાંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. અરે..! કેવળજ્ઞાન અને કેવળદર્શન એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! એ તો પ્રગટેલી પૂર્ણ પર્યાય છે. આ તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ, જેણે કદી છોડ્યો નથી... આહાહા..! **'છોડતો નથી;...'** અને **'(૨) પંચવિધ (-પાંચ પરાવર્તનરૂપ) સંસારની વૃદ્ધિના કારણભૂત...'** દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ, ભવ અને ભાવ. એ પાંચ **'સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્ગલદ્રવ્યના સંયોગથી જનિત...'** પુદ્ગલકર્મ છે તેના સંયોગ જનિત. ઉત્પન્ન પોતામાં થાય છે પણ નિમિત્ત કર્મ છે. નિમિત્ત છે માટે નિમિત્તથી થાય છે એમ નથી. નીચે છે.

**'રાગાદિપરભાવની ઉત્પત્તિમાં પુદ્ગલકર્મ નિમિત્ત બને છે.'** એ પોતે વિકાર કરે છે ત્યારે તેને નિમિત્ત બને છે. આહાહા..! એવો જે વિભાવિકભાવ, એવા દ્રવ્યકર્મના સંયોગથી, જડ કર્મના સંયોગથી... આહાહા..! **'જનિત રાગાદિપરભાવને ગ્રહતો નથી;...'** આહાહા..! જેણે પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, પરમસ્વભાવભાવ, છોડ્યો નથી અને પુદ્ગલજનિત રાગાદિ ભાવ કદી ગ્રહ્યો નથી. દ્રવ્યે પુદ્ગલના નિમિત્ત અને વિકારભાવ નૈમિત્તક. એ વિકારભાવને આત્માએ કદી ગ્રહ્યો નથી. આહાહા..! ત્યારે આ સંસાર કોનો? એ સંસાર પર્યાયનો. દ્રવ્યને સંસાર નથી. દ્રવ્યમાં મોક્ષ પણ નથી અને સંસાર પણ નથી. દ્રવ્ય તો એકરૂપ ત્રિકાળી પરમભાવ... આહાહા..! આવી વ્યાખ્યા.

આ શરીર, વાણી, મન તો નહિ. એ તો જગતની ચીજ છે. કર્મ એ જગતની ચીજ છે. પણ કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલી પર્યાય, એ કર્મ તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાની પર્યાયમાં ઉત્પન્ન થયેલો વિકાર પોતાનો છે. એવી પર્યાયને વિભાવના ભાવને ગ્રહતો નથી. એવા રાગાદિ પરભાવને દ્રવ્યે કોઈ દિ' ગ્રહ્યો નથી. દ્રવ્ય વસ્તુ જે ભગવાન આત્મા ત્રિકાળી નિરાવરણ છે. સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર એવો જે ભાવ ત્રિકાળ. એને પોતાના ભાવને છોડ્યો નથી, છોડતો નથી. રાગાદિ પુણ્ય, પાપ, દયા, દાન, વિકલ્પ છે, એ કર્મ સંયોગ જનિત વિકાર છે. એને ગ્રહ્યો નથી. આહાહા..!

**'સંસારની વૃદ્ધિના કારણભૂત,...'** પુદ્ગલના નિમિત્તથી થતો રાગાદિ પરભાવ... આહાહા..! એને આત્મા ગ્રહતો નથી. ચિદાનંદ ભગવાન પરમસ્વભાવ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, અપ્રમત, પ્રમત્ત પર્યાય રહિત ભાવ, ત્રિકાળી ભાવ તેણે રાગને, વિકારને, સંસારને, ઉદયભાવને

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કદી જોયો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. દુનિયાથી જુદી જાત છે. પરમભાવને છોડતો નથી. **'છોડતો નથી;...'** એમ કહ્યું છે. પરમભાવને છોડતો નથી અને કર્મસંયોગજનિત વિકારભાવને ગ્રહતો નથી. આહાહા..! દ્રવ્યના સ્વભાવભાવને દ્રવ્ય જે વસ્તુ, એનો જે સ્વભાવ. સ્વ-ભાવ તેણે દ્રવ્યે છોડ્યું નથી. અને કર્મ જે પરવસ્તુ સંયોગ, એનાથી ઉત્પન્ન થયેલો વિકાર, તેને દ્રવ્યસ્વભાવ આત્માએ ગ્રહ્યો નથી. આહાહા..! સમજાય છે? શું કીધું?

મુમુક્ષુ :– પહેલી લીટી છે ને સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને નિમિત્ત માને.

પૂ. ગુરુદેવશ્રી :– પોતે પરમસ્વભાવ એવો છે કે એને લૂંટનારો એટલે કે એનામાં છે જ નહિ. ઉત્પન્ન જ થતો નથી ત્યાં લૂંટનારો કહેવું એ તો અપેક્ષાથી કીધું છે. ત્રિકાળ કારણપરમાત્મા એ **'શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા...'** આહાહા..! એવા ભાવને કદી ગ્રહતો નથી. એ લૂંટનારા તો પર્યાયથી વાત કરી છે. લૂંટ્યો નથી. પર્યાયમાં લૂંટારો થયો, સંસાર વિકાર, નરકગતિ, મનુષ્યગતિ, સિદ્ધગતિ, મોક્ષમાર્ગ, સમકિત એ બધી પર્યાયોમાં છે. દ્રવ્યસ્વભાવમાં એ છે નહિ. એને લૂંટનારો કહ્યો છે. એટલે કે એમાં છે નહિ. આહાહા..! આવો માર્ગ. ભારે ઝીણું હતું ને? હિન્દીમાં ચાલતું હતું પણ હિન્દી લોકો સાધારણ હતા. સમજતા નહોતા. ઊઠીને ચાલ્યા જતા હતા.. આ વાત ક્યાં? વ્રત કરવા હોય, અપવાસ કરવા હોય, મંદિર કરવું હોય પછી પૂજા કરવી હોય, રથયાત્રા કાઢવી હોય, પૈસા ખર્ચવા હોય તો આવું સમજાય તો ખરું.

મુમુક્ષુ :– શું સમજાય ...

પૂ. ગુરુદેવશ્રી :– સમજાય તો ખરું કે આ રખડવાનો મિથ્યાત્વભાવ છે, રાગ છે. છે તો મિથ્યાત્વભાવ. રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! ચાહે તો પરમાત્માની ભક્તિનો રાગ હોય, કે પંચપરમેષ્ઠીને યાદ કરવાનો, સ્મરણનો રાગ હોય, અરે..! ણમો સિદ્ધાણં. સિદ્ધને નમસ્કાર કરવાનો વિકલ્પ અને રાગ હોય. આહાહા..! એ જીવના દ્રવ્યસ્વભાવમાં છે નહિ. એ બધી પર્યાયોની રમતું છે. સવારે કહ્યું હતું ને, કે ૬૨મી ગાથામાં વિકાર ષટ્કારકરૂપે પરિણમે છે એ પર્યાયમાં પરિણમે છે. અને મોક્ષ જે થાય છે એ પર્યાયમાં થાય છે. સવારમાં ષટ્કારક આવ્યું હતું ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન વગેરે. એ બધી પર્યાય છે. દ્રવ્ય તો ત્રિકાળી એકરૂપ છે. એને નથી ગ્રહવું, નથી છોડવું. આહાહા..! આવો ઉપદેશ છે, ભાઈ! અને અહીં આખો દિ' ચાલે આ છોડો, આ મૂકો, આ છોડો અને આ મૂકો. અહીં કહે કે રાગ પણ ગ્રહ્યો નથી અને રાગ પણ છોડવો નથી. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! અજાણ્યાને નવી વાત લાગે આખી. આ તો ઘણા વર્ષ થઈ ગયા. ઘણા સાંભળનાર. ભલે એને બેસે ન બેસે પણ સાંભળે તો છે ને, પ્રેમથી ઘણા સાંભળે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. માર્ગ આવો કાંઈક છે. કાંઈક બીજો માર્ગ કહે છે. આહાહા..!

અહીં કહે છે, ભાઈનો પ્રશ્ન એમ કે જ્યારે એમાં નથી તો પછી લૂંટનારો ક્યાંથી આવ્યો? એમ કહે છે. આત્મામાં વિકાર નથી, પછી **'બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારો...'** ક્યાંથી આવ્યો? લૂંટનારનો અર્થ કે એનામાં છે નહિ. આહાહા..! બહાદુર સેના જે વિકારની છે એ વસ્તુમાં છે નહિ. ભગવાન બહાદુર છે. એ બહાદુરસિંહ છે. આહાહા..! બહાદુર સિંહ એને નથી સંસારને ગ્રહ્યો, એણે નથી પોતાના ત્રિકાળી સ્વભાવને છોડ્યો. આહાહા..! એકરૂપ ત્રિકાળ છે. એને પકડવો, એને ધ્યેયમાં લેવો, એને ધ્યાનની પર્યાયમાં ધ્યેયમાં બનાવવું. એ દ્રવ્યમાં સંસાર નથી અને મોક્ષ પણ નથી. આહાહા..! જે પર્યાય એને પકડે છે, એ પર્યાય પણ એમાં નથી. અરે..! આ શું છે? કે દિ' આ જૈનધર્મ શું છે? આહાહા..! અરે..રે..! અનંતકાળથી દુઃખી થઈને ચોરાશીના અવતારમાં રખડે છે. દુઃખી છે, રાંક છે, ભિખારી છે, દરિદ્ર છે દરિદ્ર. આહાહા..! અનાદિનો દરિદ્ર છે. પોતાની ઋદ્ધિનો નકાર કરી અને જે એનામાં નથી તે ઋદ્ધિ મારી એમ માને છે એ બધા દરિદ્ર-ભિખારી છે. આહાહા..!

પોતાના મહાપ્રભુની ઋદ્ધિ અંદર ભરી છે. એની સામે તો ઝંખના કરતો નથી. અરે..! ઝાંખ કરતો નથી. આહાહા..! એમાં નજર કરતો નથી. અને જેનામાં ત્રણકાળમાં નથી એવા વિકારભાવ અને એના ફળ તરીકે ગતિ. એના દ્રવ્યસ્વભાવમાં નથી. એની રમતુંમાં અનાદિથી રમી રહ્યો છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'! શું કરવું આથી સહેલો બીજો માર્ગ હશે કે નહિ? કે આવો જ માર્ગ હશે? ઘણે ઠેકાણે તો સહેલો માર્ગ ચાલે છે. સમ્મેદશિખરની જાત્રા કરો. સમ્મેદશિખરની જાત્રા કરો તો ૪૯ ભવે મોક્ષ જશે. એ ક્યા સાધુ કહેવાય એ?

મુમુક્ષુ :– મહાવીરકીર્તિ

પૂ. ગુરુદેવશ્રી :– 'મહાવીરકીર્તિ'. 'મહાવીરકીર્તિ' અહીંયાં આવ્યા હતા. પછી એની પાસે પુસ્તક હતું, શ્વેતાંબરમાં જેમ શેત્રુંજયનું છે ને? મહાત્મ્ય. શેત્રુંજય મહાત્મ્ય. એની પાસે સમ્મેદશિખર મહાત્મ્ય પુસ્તક હતું. પછી આહાર કરીને ફરતો હતો ત્યાં બેઠો. ત્યારે એ વાત નીકળી કે, સમ્મેદશિખરની જાત્રા કરતા. અમારી પાસે એક પુસ્તક છે, એમાં ૪૯ ભવે મોક્ષ જાય એમ લખ્યું છે. કીધું એ વાણી વીતરાગની નહિ. પરના દર્શને ભવનો અભાવ કહે, એ વાણી વીતરાગની નહિ. એ અન્યમતિની, જૈન સિવાયના અન્યમતિની વાણી છે. આહાહા..! પછી તો કહે, આહાહા..! આત્માની વાત... પણ પહેલા કીધું સમ્મેદશિખરના દર્શન કર્યે ૪૯ ભવે મોક્ષ જશે. એ સમ્મેદશિખર નહિ, આ સમ્મેદશિખર. આહાહા..!

અહીં ૯૯ વાર ઋષભદેવ ભગવાન આવ્યા હતા. શેત્રુંજયની ૯૯ જાત્રા કરે. ઉઠ-બેસ ચડીને ૯૯ કરે તો એનો ધર્મ અને મોક્ષ થઈ જાય. કહે છે, કે નવ્વાણું વાર શું અનંતવાર ઉપર ચડ ને ઉતરને. એ પુણ્યબંધન છે, સંસાર છે. જન્મ-મરણના અંતનો અંશ પણ બિલકુલ એમાં નથી. હવે આવી વાતું! ત્યાં શેત્રુંજય મહાત્મ્ય આવ્યું, કે એના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દર્શન કરી અને નીચે ગમે તેવા જીવ હોય પણ વહોરાવે તો મહા લાભ થાય. એવું મહાત્મ્ય છે. સમ્મેદશિખરનું આવું મહાત્મ્ય છે. આપણે વાંચ્યું નહોતું પણ એણે કહ્યું. ૪૯ ભવે મોક્ષ જાય. કીધું ૪૯ ભવે મોક્ષ જાય. પરના દર્શનથી મોક્ષ જાય એ વાત વીતરાગની નહિ.

સર્વજ્ઞ પરમાત્મા તો સ્વદ્રવ્ય આત્મા, એના દર્શન, જ્ઞાન અને એનો આશ્રય, એનાથી ભવભ્રમણ મટે. પરદ્રવ્ય ત્રણલોકના નાથનો આશ્રય કરે, તો પણ શુભરાગ છે. આવી વાત છે, બાપુ! કહો, 'ચંદુભાઈ'! હવે 'ચંદુભાઈ'ને ... દેરાસર બનાવવું છે. એ ભાવ હોય. પણ એ શુભભાવ છે. પણ એ શુભભાવ છે તે ધર્મ નથી. એ તો પાપથી બચવા, અશુભથી બચવા શુભભાવ હોય, આવે. જ્ઞાનીને આવે, પણ એ બંધન છે એમ માને. મારી નબળાઈ છે અને હું અંદરમાં હજી જઈ શકતો નથી. તેથી મારી નબળાઈને લઈને આ શુભભાવ છે. આવી વાત સાંભળવી કઠણ પડે. કહો, 'શાંતિભાઈ'! કઠણ પડે એને શ્રદ્ધામાં ક્યારે મૂકે અને આચરણ ક્યારે કરે? અરે..! પ્રભુ! જિંદગી ચાલી જાય છે. મોતની નજીક છે. ૫૦-૬૦ વર્ષ ગયા એટલા હવે કોઈને જવાના નથી. મૃત્યુની સમીપ છે. આહાહા..!

ભગવાનનો આ ઉપદેશ. ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની આ વાણી છે. તે પરમભાવ, ત્રિકાળીભાવ, જ્ઞાયકભાવ, પરમપારિણામિકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સચ્ચિદાનંદભાવ, અક્ષયભાવ, અકળભાવ, અગમ્યભાવ એવો જે ધ્રુવસ્વભાવ... આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ ભાવ કોઈ દિ' એણે છોડ્યો નથી. અને પુદ્ગલ જનિત નિમિત્ત છે. સંયોગ જનિત કીધું છે ને? પાઠમાં **'સંયોગથી જનિત...'** કીધું છે ને? **'વિભાવપુદ્ગલદ્રવ્યના સંયોગથી જનિત...'** કર્મ છે એ વિભાવપુદ્ગલ છે. કર્મ છે એ સ્વભાવિક પુદ્ગલ નથી. કર્મના પરમાણુ ઘણા એ વિભાવિક પુદ્ગલ છે. વિભાવિક. એ વિભાવક પુદ્ગલ સંયોગે ચીજ છે. એ સંયોગને નિમિત્તે પોતે પોતાથી વિકાર કરે છે. એ સંયોગ વિકાર કરાવતું નથી. તેમ સંયોગ નથી તેમ નથી. આહાહા..! આવી વાતું છે.

**'અને (૩) નિરંજન સહજજ્ઞાન-સહજદૃષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત,...'** આહાહા..! પ્રભુ રાગથી તો રહિત છે. એનો સ્વભાવ ત્રિકાળ, પણ આત્મા આધાર છે અને ગુણો એમાં આધેય છે. એમાં રહે છે. એવા ગુણગુણીનો ભેદ, એવા વિકલ્પો પણ વસ્તુમાં નથી. આહાહા..! આવી વાતું હવે આવો ઉપદેશ છે. શું કીધું એ? **'નિરંજન સહજજ્ઞાન-...'** ત્રિકાળી. **'સહજદૃષ્ટિ-...'** અહીં દૃષ્ટિ લીધી છે. **'સહજચારિત્રાદિ...'** સ્વભાવિક આનંદ, શાંતિ, વીતરાગ આદિ **'સ્વભાવધર્મો...'** સ્વભાવધર્મો. સ્વ-ભાવ. સ્વનો-પોતાનો ભાવ એ ધર્મ. એવા **'સ્વભાવધર્મોના આધાર...'** એ ધર્મોનો આધાર દ્રવ્ય અને ધર્મો તે આધેય. એવા **'આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત,...'** એવા વિકલ્પથી રહિત પ્રભુ અંદર છે. આહાહા..! અંદર છે કે નહિ?

ઘણા લોકો એવું કહે છે કે ઘરનું કર્યું, કલ્પનાથી અર્થ કરે છે. શાસ્ત્રોના અર્થ કલ્પનાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યા. એટલે આ... અરે..! પ્રભુ! પ્રભુ! શું થાય? ભગવાનનો વિરહ પડ્યો, પરમાત્માની વાણી રહી. પણ વાણીના અર્થો કરનારા ઊલટી દિશાએ ચાલ્યા ગયા. જે ભગવાને કહેવું છે એ પોતાની દૃષ્ટિએ કહેવું છે. ભગવાનને કહેવું એ દૃષ્ટિએ નહિ પણ પોતાની દૃષ્ટિએ ખતવીને કહેવું છે. આહાહા..! આવો માર્ગ છે. એ સ્વધર્મ જે છે, ધર્મી એવો જે આત્મા, એનો સ્વભાવ. ધર્મી એટલે સ્વભાવવાન. એનો સ્વભાવ, સ્વભાવિક જ્ઞાનદર્શન ત્રિકાળ સ્વભાવ એવો જે **'આધાર-આધેય સંબંધી વિકલ્પો...'** એ આત્મા આધાર અને ગુણો આધેય છે. આહાહા..! કહો.

હવે તો અહીં કહે છે, કે પાણી વાસણને આધારે રહે છે. ના પાડે છે. પાણીનું બેડું છે ને? એ બેડાને આધારે પાણી એમાં રહે છે. એ વાત તદ્દન ખોટી છે. 'ચંદુભાઈ'! આવી વાતું છે. કેમ કે પાણીના પરમાણુઓ જે છે. અંદર એકેન્દ્રિય જીવ છે એ જુદો. પણ પરમાણુ જે છે એ સ્વતંત્રપરમાણુ છે. એ પરમાણુને બીજાનો આધાર નથી. એનો આધાર-આધેય પોતામાં જ છે. ષટ્કારક પરમાણુના ષટ્કારક એ અધિકરણ નામનો ગુણ છે. તેથી પરમાણુ, પરમાણુને અધિકરણને આધારે રહેલ છે. પાણીના પરમાણુ બેડાને આધારે નહિ. આ કાંઈ વાત!

મુમુક્ષુ :- બેડુ માથાને આધારે...

પૂ. ગુરુદેવશ્રી :- બેડુ પણ માથાને આધારે નહિ. આ ટોપી પણ માથાને આધારે રહી નથી. અર..ર..! ગાંડા કહે. તો ગાંડા છે ને? પાગલ લોકો અત્યાર સુધી થઈ ગયેલા એ આવું સાંભળીને પાગલ કહે. આહાહા..! આ ચશ્મા છે તે નાકને આધારે રહ્યા નથી.

મુમુક્ષુ :- કાનને આધારે રહ્યા છે.

પૂ. ગુરુદેવશ્રી :- કાનને આધારે રહ્યા નથી. આહાહા..! આ હમણા ચશ્મા આવ્યા છે. ઓલા શેના કહેવાય? પ્લાસ્ટિકના. પ્લાસ્ટિકના આવે છે ને? ભાઈ લાવ્યા છે. 'મુંબઈ'થી 'વિમલ' લાવ્યો છે. પ્લાસ્ટિકના હળવા. ઓલા કાચના હોય એ તોડદાર હોય. આહાહા..! કેમ કે એકએક પરમાણુમાં ષટ્કારક ગુણ ભર્યા છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એને આધારે આ પરમાણુ રહે. પરમાણુને આધારે. વાસણને આધારે ઘી કે ઘીને આધારે વાસણ? વાસણને આધારે ઘી હોય તો ઘી નીચે પડી જાય અને વાસણ તો રહી જાય. જો એના આધારે હોય તો વાસણ પણ ભેગું પડી જવું જોઈએ. ઘીના પરમાણુને ઘીનો આધાર છે. જ્યાં હોય ત્યાં પોતાને આધારે રહેલ છે. એ તો બહુ સ્થૂળ વાત છે. હજી એ વાત બેસે નહિ.

અહીં તો આત્મા જે આધાર ત્રિકાળી દ્રવ્ય છે, એમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ છે. એ આધેય છે અને ભગવાન આધાર છે, એવા વિકલ્પો પણ વસ્તુમાં નથી. 'ચંદુભાઈ'! પકડાય એવું છે. ભાષા સાદિ છે. ભાવ ભલે ભગવાનના ઘરના ઊંડા હોય. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..રે..! એકએક દ્રવ્ય ભગવાને કેવળજ્ઞાનમાં પરમાત્માએ અનંતદ્રવ્ય જોયા. એ અનંતદ્રવ્ય જડ અને ચૈતન્ય બધા સ્વતંત્ર જોયા. એકએક દ્રવ્યનો આધાર અને આધેય તેનામાં છે બીજામાં નથી. આહાહા..! એ રહ્યા છે એ પોતાથી, પોતામાં, પોતાને આધારે. જ્યારે એમાં પણ આધાર-આધેય નથી, તો ભગવાન આત્મા વસ્તુ છે એ સ્વભાવવાન અને દર્શન-જ્ઞાન-આનંદ જે ત્રિકાળી સ્વભાવ એ આધેય. એવો આધાર અને આધેયનો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આધાર અને આધેયના ભેદનો વિકલ્પ રાગ છે. એ રાગ છે. આત્મા આધાર અને ગુણ આધેય એ રાગ છે. એ રાગ વસ્તુમાં નથી. અરે..! આવી વાત હવે. જિંદગીમાં કોઈ દિ' સાંભળી ન હોય. આહાહા..! આ જૈનધર્મ આવો હશે? જૈનધર્મ તો એકેન્દ્રિયની દયા પાળવી, છકાયની દયા પાળવી.

મુમુક્ષુ :– આપ રોજ કઠણ કઠણ વાત શાસ્ત્રમાંથી કાઢો છો.

પૂ. ગુરુદેવશ્રી :– આ પણ એમાં છે ને? છે કે નહિ આમાં? ઘરના ચોપડા મેળવો છો ને? તો આ તો મેળવો. વીતરાગ અને શાસ્ત્રના ચોપડા કેવી રીતે છે? કોઈ દિ' સાંભળ્યા નથી, ખબર નથી અને અમે ધર્મી છીએ અને ધર્મ કરીએ છીએ. વખત ચાલ્યા જાય છે, પ્રભુ! કોઈ શરણ નહિ થાય. લોકો ધર્મી માનશે તેથી કરીને ધર્મ નહિ થાય. આહાહા..! બહુ સારી ગાથા આવી. સવારમાં ૨૯૭ મી ગાથા હતી. આ એકલી ૯૭ છે. આહાહા..!

દિગંબર સંતોએ તો અજબ-ગજબ કામ કર્યા છે. આહાહા..! એવી વાત ભરતક્ષેત્રમાં ક્યાંય સાંભળવા મળે એવી નથી. એવી દિગંબર મુનિઓએ અંતરની દશા ત્રણકષાયના અભાવમાં રહેલા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં રહેલા... વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. શાસ્ત્રના કર્તા પણ અમે નથી. વિકલ્પ આવ્યો એ એનું કાર્ય અમારું નહિ. આહાહા..! આવી વાતું છે. લખવાનું કામ એ કામ અમારું નહિ. અમે પુસ્તક બનાવ્યું નથી. બહાર પાડવાનો અમારો ભાવ છે નહિ. આહાહા..! ગજબ વાત છે. આવી વાત છે. આ તે (વાણિયાની) વાત હશે? આ તો કોના ઘરની છે?

ભાઈ! આધાર આત્મવસ્તુ વસ્તુતત્ત્વ સત્તા છે ને? અસ્તિત્વ છે ને? હોવાવાળી ચીજ છે ને? હોવાવાળી ચીજના હોવાવાળા ભાવો, હોવાવાળી ચીજના હોવાવાળા ભાવો, એવા ભાવો ભાવવાન અને ભાવ, એનો વિકલ્પ કરવો એ પણ રાગ છે. એટલો ભેદ પાડવો એ પણ રાગ છે. આહાહા..! કહો, આવું કે દિ' સાંભળ્યું હતું? 'ઝવેરચંદભાઈ'! આહાહા..! ધંધા આડે પહેલા નવરા નહોતા. આ હવે ધંધો બીજી જાતનો છે. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, બાપા! ભગવાન બધાનું ભલું કરો, બધા ભગવાન થાવ. શાસ્ત્રમાં તો એમ આવે છે. ધર્મીજીવ ભાવના કરે છે. દ્રવ્યનું ભાન થયું છે, એ ધર્મીજીવ ભાવના કરે છે કે જેવી મને દશા થઈ એવી બધાને થાવ અને બધા પરમાત્મા થાવ, મોક્ષ થાવ, દુઃખી કોઈ ન થાવ, ભાઈ! સંસારના પરિભ્રમણમાં ચારગતિના દુઃખ, એ દુઃખની અનંતતામાં પ્રભુ તમે ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહો. આહાહા..! પ્રભુ! તમારું કલ્યાણ કરો. તમારું કલ્યાણ કરો. કોણ? પ્રભુ કરે નહિ હોં તું કર. આહાહા..! આવી વાતું છે. ક્યાં સુધી લઈ ગયા છે. આહાહા..!

ઘણે ઠેકાણે આવું આવે છે. **'આધાર-આધેય સંબંધી વિકલ્પો...'** વિકલ્પ એટલે રાગ. આધાર-આધેય સંબંધી રાગરહિત **'સદા મુક્ત...'** સદા મુક્તસ્વરૂપ જ પ્રભુ અંદર છે. પર્યાયમાં માન્યો છે કે રાગ હું છું. એવી માન્યતા કરી છે. સ્વરૂપ એમ નથી. સ્વરૂપ તો મુક્ત જ છે. આહાહા..! દેહના રજકણોથી, કર્મના રજકણોથી અને રાગના વિકારી ભાવોથી તદ્દન ભિન્ન મુક્ત સ્વરૂપ પ્રભુ છે. એનું હોવાપણુ અસ્તિપણે તો મુક્તસ્વરૂપે છે. એ તો પર્યાયના સંબંધમાં એને રાગાદિ દેખાય છે. વસ્તુના સ્વરૂપમાં રાગાદિ કાંઈ છે જ નહિ. આહાહા..! છે અને વળી નથી. પર્યાયમાં છે એ તો પર્યાય તો અવસ્થા છે. વર્તમાન પર્યાય... હવે પર્યાય સાંભળી ન હોય હજી. પર્યાય એટલે દ્રવ્યની વર્તમાનદશા. એ વર્તમાનદશામાં સંસાર.. હો, વસ્તુમાં નથી. આહાહા..! સાંભળતા-સાંભળતા કઠણ પડે એવું લાગે.

સવારમાં તો ઓલા બિચારા સાંભળતા-સાંભળતા ઊઠીને ચાલ્યા ગયા. હિન્દી વાંચતા હતા પણ એને શું. જાત્રામાં અને ભક્તિમાં ધર્મ માનતા હતા. જાત્રા કરવા, ભક્તિ કરવી, સવારે ભગવાનના દર્શન કરવા. છ આવશ્યક હોય અને સૂત્ર થોડા વાંચી લેવા એટલે ધર્મ થઈ જાય. અરે..! ભગવાન! ધર્મની કળા તો જુદી જાત છે, ભાઈ! અહીં કહે છે, એ **'સદા મુક્ત...'** છે. પ્રભુ જે દ્રવ્ય સ્વભાવ, વસ્તુસ્વભાવ છે. દ્રવ્ય એટલે તત્ત્વ જે છે, સત્ તત્ત્વ આત્મા છે, સત્ચિદાનંદ એ ચિદ્ અને આનંદ એ તો સ્વભાવ છે. પણ સત્ છે એ તત્ત્વ છે. એ તત્ત્વ તો મુક્ત જ છે. આહાહા..! એ સત્ અને ચિદાનંદ જ્ઞાનાનંદ એવા ભેદ પણ પ્રભુ એ વિકલ્પ અને રાગ છે. આહાહા..!

**'તથા સહજ મુક્તિરૂપી...'** ચૈતન્યપ્રભુ ભગવાન આત્મા અંદર બિરાજે છે. એ કેવો છે? **'સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત–એવા કારણપરમાત્માને...'** આહાહા..! કારણપરમાત્મા એટલે દ્રવ્ય. નીચે છે. **'પોતે આધાર છે અને સ્વભાવધર્મો આધેય છે એવા વિકલ્પો વિનાનો છે, સદા મુક્ત છે અને મુક્તિસુખનું રહેઠાણ છે.'** મુક્તિના સુખનું રહેઠાણ-રહેનાર છે. એમાં આનંદ ભર્યો છે. ભગવાનમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ આત્મા ભગવાન સ્વરૂપ જ છે. આત્મા પરમેશ્વર સ્વરૂપ જ છે. આહાહા..! કેમ બેસે?

અહીં તો અડદની દાળ સરખી ન હોય ત્યાં ઢીંચણીયું ઊડે. એમાં વળી સત્તાપ્રિય વેવાઈ આવ્યા હોય. સત્તાપ્રિય! જરી આકરો, છ મહિના પછી લગન કરવા હોય અને એમાં લાડવા અને અડદની દાળ સદડી ન થઈ હોય. જરી મેળવાળી ન હોય. આ શું કર્યું? બાયડી સાંભળે કહે બોલશો નહિ કહે. આહાહા..! આવી સ્થિતિ! અરે..રે..! પ્રભુ! તું કોણ, કેવડો અને તું ક્યાં જઈને રોકાણો છો? આહાહા..! તારી મોટપ તે ક્યાં વેચી નાખી? એક વિકલ્પમાં-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગમાં વેચી નાખી. આહાહા..! સંપ્રદાયમાં તો વાત સાંભળવી મુશ્કેલ પડે. એ નિશ્ચયની વાત છે... નિશ્ચયની વાત છે... એકાંત છે.. એકાંત છે... અરે..! પ્રભુ! સાંભળને એકાંત જ છે. સમ્યક્ એકાંત ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સમ્યક્ એકાંત શુદ્ધમુક્ત જ છે. વળી કથંચિત્ મુક્ત અને કથંચિત્ બંધ એમ નથી. આહાહા..!

અહીં તો બધા બહેનો-દીકરીઓ એ બધા આત્મા છે. દેહ દેવળમાં અંદર પ્રભુ-ભગવાન બિરાજે છે. એ મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! દ્રવ્યને આવરણ હોય? દ્રવ્યને આવરણ હોય તો દ્રવ્ય અદ્રવ્ય થઈ જાય. દ્રવ્યને વિકાર હોય? દ્રવ્યને વિકાર હોય તો દ્રવ્ય વિકારમય ચૈતન્ય અનંતગુણનો પિંડ પવિત્ર છે. એ વિકાર થઈ જાય. આહાહા..! દ્રવ્ય એટલે પૈસો નહિ હોં. દ્રવ્ય એટલે વસ્તુ અંદર. ત્રિકાળી વસ્તુ છે... આહાહા..! એને આવરણ પણ નથી, એને વિકાર નથી, એમાં અલ્પતા પણ નથી. આહાહા..! એવો.. આહાહા..!

મુક્તિના સ્વરૂપભૂત, કામભૂત 'સ્વયં જ્યોતિ સુખધામ' 'શ્રીમદ્'માં આવે છે. સ્વયં જ્યોતિ છે, આ પોતાથી ચૈતન્ય જ્યોતિ છે. એનો કોઈ કર્તા-ફર્તા છે નહિ. ઈશ્વરકર્તા, આત્માએ બનાવ્યું. વસ્તુ બનાવે? આહાહા..! એ આત્મા સ્વરૂપે સ્વયં જ્યોતિ છે અને સુખનું ધામ છે, અતીન્દ્રિય આનંદનું સ્થાન ખેતર છે. અતીન્દ્રિય આનંદ ત્યાં પાકે છે. આહાહા..! આ વિષય સુખ, એ સુખ એ તો દુઃખના ઝેરના પ્યાલા છે. પૈસામાં રાગ થાય, પ્રેમ થાય, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં એ તો ઝેરના પ્યાલા પીવે છે. આત્માના આનંદને મારી નાખે છે. આહાહા..! આવી આકરી વાત છે. અરે..! બાવા થઈએ તો બેસે. પણ બાવો જ છો. સાંભળને. એ તો કીધું મુક્તિ જ છે. મુક્ત જ છો. તે બીજું માન્યું છે. આહાહા..!

એક જણો એમ કહેતો હતો 'અમૃતલાલ', કે બાવા થાય તો આ બેસે એવું છે. પણ બાવો જ છો. શું કીધું આ? સદા મુક્ત છો. બાવો તો ક્યાંય રહી ગયો. આ તો સદા મુક્ત જ છો. આહાહા..! 'યશપાલજી'! આવી વાત છે, ભગવાન! સાંભળવી મુશ્કેલ પડે એવી છે. સાંભળવા મળે એવું નથી. આ દુનિયાને જાણીએ છીએ ને. આખી દુનિયા જોઈ છે. ૯૦ વર્ષ થયા. ૯૧મું વર્ષ ચાલે છે. ગર્ભના ૯૧ ચાલે છે. જન્મના ૯૦ વર્ષ. આહાહા..! બધું ઘણું જોયું, ઘણું સાંભળ્યું. આહાહા..! ઘણાને જોયા અને ઘણાનો પરિચય કર્યો છે. મૂળ વાત આખી પડી રહી. આહાહા..! હવે લોકો વિચારતા થઈ ગયા. કે શું કહે છે આ?

મુક્તસ્વરૂપ છો ને, પ્રભુ! મુક્ત છો તો પર્યાયમાં મુક્ત થઈશ. આહાહા..! પુણ્યપાપમાં આવે છે ને? ભાઈ! એમ કે બંધભાવ છે એ તો બંધભાવ જ થશે. આ તો મુક્તસ્વરૂપ છે તો એનાથી મુક્ત થશે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ તો બંધસ્વરૂપ છે. તો બંધસ્વરૂપમાંથી તો બંધ થશે. સંસારના રખડવાના ભાવ થશે. અને આત્મા મુક્તસ્વરૂપ છે તો એને આશ્રયે મુક્તપણું પ્રગટ થશે. મુક્તસ્વભાવી આત્મા છે. આહાહા..! આવું એકએક બોલ આકરા પડે. અજાણ્યા માણસ, ભાષા અજાણી, ભાવ અજાણ્યા. આવું ક્યાંથી કાઢ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હશે? આ શાસ્ત્ર કાંઈ 'સોનગઢ'ના છે. આ તો અનાદિના શાસ્ત્ર ચાલ્યા આવે છે. આહાહા..! તીર્થંકર-કેવળીના અભિપ્રાય તો અનાદિના ચાલ્યા આવે છે. 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્ર રચ્યા એમાં એ અભિપ્રાય મૂક્યો. આહાહા..!

**'સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત–'** એ અતીન્દ્રિય આનંદનું સ્થાન છે. એ જગ્યો.. એ જગ્યો... એ જગ્યો... જેમ ચોખાને ઉત્પન્ન થવાની જગ્યા જુદી હોય અને શું કહેવાય આ ભૂલી ગયો. કળથી. કળથી ઉત્પન્ન થવાની જમીન જુદી હોય. ચોખા ઉત્પન્ન થવાની જમીન જુદી અને એમ ચોખો આ આત્મા, ચોખ્ખી દશા ઉત્પન્ન થવાની મુક્તદશામાં, તેનું સ્થાન મુક્ત છે. મુક્તપણું ઉત્પન્ન થવાનું સ્થાન મુક્ત છે. આહાહા..! હવે એક કલાકમાં કેટલું યાદ રાખવું? બધું અજાણ્યું લાગે. આખો દિ' ધૂળધમાહા કરતા હોય. દાણાના વેપારી દાણા, ગુણ્યું. આ ગુણી આત્મા નહિ. ગુણી આત્મા નહિ. ગુણી એટલે ચોખાની ગુણી. ચોખાની ગુણી અને ઘઉંની ગુણી. આખો દિ' ગુણી... ગુણી... ગુણી... ગુણી... આ ગુણ એકકોર પડ્યો રહ્યો. આહાહા..! ગુણી કહે છે ને? આ ચોખા ભર્યા હોય ને, દાળ ભરી હોય એને ગુણી કહે છે. ત્યાં અમારે 'પાલેજ'માં દુકાન છે. મોટો વેપાર છે. પાંચ વર્ષ હું ત્યાં રહેલો. ઘરની દુકાન જ છે. એ ૬૩ થી ૬૮ વર્ષ. પાંચ વર્ષ દુકાન ચલાવી. અત્યારે તો મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે. ચાર લાખની પેદાશ છે. 'પાલેજ'માં મોટી દુકાન છે. 'ચંદુભાઈ' જાણે છે. 'વડોદરા'ની જોડે 'પાલેજ' છે. 'મનસુખ'.. ધૂળ અને ધાણી. દુકાન એકલા પાપના પોટલા છે. આ દુકાન જુદી જાતની છે.

કહે છે, કે એક આનંદનું સ્થાન છે. અતીન્દ્રિયઆનંદનું ધામ છે. અતીન્દ્રિય આનંદ પાકતો જોવો હોય તો એ આત્માને જોવો. રાગમાં જોતા તને દુઃખ પાકશે. આહાહા..! અરે..! પરદ્રવ્યને જોતા, ભગવાન ત્રણલોકના નાથને જોતા પણ રાગ થશે. આહાહા..! કહ્યું છે ને? 'અષ્ટપાહુડ'માં **'परदव्वादो दुग्गई'** એમ કહ્યું છે. **'परदव्वादो दुग्गई'** આ સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય, ત્રણલોકનો નાથ હો કે સ્ત્રી, કુટુંબ હો, પર ઉપર લક્ષ જતા રાગ થશે, એ પરભાવ છે, દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ નથી. આહાહા..! આવું સાંભળ્યું ન હોય. કઠણ પડે. રાગ હોય છે. અશુભથી બચવા ટાણે રાગ હોય છે. પણ એ શુભ પોતે છે એ બંધનું કારણ છે. આહાહા..! જેને લોકો અત્યારે ધર્મ માને છે અને ધર્મનું કારણ છે એમ માને છે. અને એમ મનાવે છે. શું થાય? ત્રણલોકના નાથની વાણી તો બીજી છે. એ તો મુક્તિના સુખનું સ્થાન છે.

**'એવા કારણપરમાત્માને નિશ્ચયથી નિજ નિરાવરણ...'** આહાહા..! ભગવાન કારણપરમાત્મા. સંતોને વાણી કહેતા જરી શરમ આવે છે. આહાહા..! શું વાણી કહેવી? એને ગોઠવવી. આહાહા..! જેમાં વાણી નથી, વિકલ્પ નથી એને વાણી દ્વારા કહેવો... આહાહા..! એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણપરમાત્મા જે દ્રવ્ય વસ્તુ છે. આત્મા ત્રિકાળ વસ્તુ છે. **'નિશ્ચયથી નિજ નિરાવરણ...'** નિશ્ચયથી નિજ-પોતે **'નિરાવરણ પરમજ્ઞાન વડે...'** નિરાવરણ પરમજ્ઞાન વડે **'જાણે છે...'** આહાહા..! એ જાણવાની શક્તિ ત્રિકાળ નિરાવરણ જાણવાની શક્તિ છે.

ભગવાન આત્મામાં કેવળજ્ઞાન ભર્યું છે, તો ત્રિકાળ નિરાવરણ જાણવાની એ શક્તિ છે. આહાહા..! **'અને તે પ્રકારના સહજ અવલોકન વડે...'** દર્શન **'(–સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે;...'** એ 'નિયમસાર'માં પહેલા આવી ગયું છે. પહેલા અધિકારમાં. અંદર દર્શન અને જ્ઞાન છે એ દેખે અને જાણવાનો સ્વભાવ જ છે. એ દેખે અને જાણે છે. ક્રિયા ભલે ન હોય પણ એ દેખે અને જાણે એવો એનો સ્વભાવ છે. આહાહા..! કોઈનું કરવું અને કોઈ પાસેથી કાંઈ લેવું, એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..!

**'નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે (–સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે; તે કારણસમયસાર હું છું–'** લ્યો. અહીં તો એ કહે છે. છદ્મસ્થમુનિ, પંચમઆરાના. **'તે કારણસમયસાર હું છું.–'** દ્રવ્યસ્વભાવ તે હું છું, કારણપરમાત્મા તે હું છું. આહાહા..! પર્યાય અને રાગ હું છું એમ નહિ. પર્યાય જે અવસ્થા છે એમ જાણે છે, કે હું કારણસમયસાર છું. આહાહા..! **'એમ સમ્યગ્જ્ઞાનીઓએ...'** ધર્મી જીવે, સમ્યગ્જ્ઞાની જીવે, સાચા જ્ઞાની જીવે **'સદા ભાવના કરવી.'** આહાહા..! તો ખાવું કે દિ'? પીવું કે દિ'? ધંધો ક્યારે કરવો?

મુમુક્ષુ :– આ ખોરાક નથી?

પૂ. ગુરુદેવશ્રી :– પણ એ કોણ કરી શકે છે? થવાનું હોય એ થયા કરે છે. આહાહા..! એમાં વિકલ્પ આવે છે એનો કર્તા પણ આત્મા ક્યાં છે? આહાહા..!

**'તે કારણસમયસાર હું છું–એમ સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી.'** ગજબ છે. કોઈ સમયે પણ વ્યવહાર મારો, વ્યવહારથી લાભ થાય એ ભાવના જ્ઞાનીની નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૦૩, શ્લોક-૧૨૯-૧૩૦, મંગળવાર, માગશર વદ ૮, તા.૧૧-૧૨-૧૯૭૯

---

આજે 'કુંદકુંદાચાર્ય'ની આરોહણ પદવીનો દિવસ છે. આપણે માગશર વદ ૮ છે. સિદ્ધાંત અને આગમને હિસાબે આજે પોષ વદ ૮ છે. વદ ૧લી બેસે છે ને? સુદ પછી એ પોષ વદ ૮ છે. એમાં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ને આજે આરોહણ આચાર્ય પદ આપ્યું હતું. આચાર્ય પદ આપવાનો આ દિવસ છે. જેણે મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે પદે જે આવ્યા છે. જેનો ઉપકાર ભરત ઉપર અનંતો વર્તે છે. 'સમયસાર' આદિ શાસ્ત્ર એણે જે રચ્યા, એ સાક્ષાત્ ભગવાનને સાંભળી અને આવીને આ રચ્યા છે. એમનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તિથિનો આચાર્યની પદવીનો દિવસ છે. આહાહા..! એમણે આચાર્યપદવીની અંદરમાં પાંચ પદનું આરાધન કર્યું, ચૈતન્યનું આરાધન કર્યું. પરમપારિણામિકસ્વભાવ જ્ઞાયકભાવ એ આપણે આવી ગયું છે. સમસ્ત મુનિના હ્રદયકમળમાં હંસલો વર્તે છે. આવી ગયું છે ને? આહાહા..!

એ 'કુંદકુંદાચાર્ય' આચાર્ય છે. આમ ઉપરથી આપે એટલે આચાર્ય પદ આવી જાય એમ નથી. સહજ અંતરની દશા છે. આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ થયો, અતીન્દ્રિય આનંદ અને ઉગ્ર વૈભવ પ્રગટ્યો. એ પાંચમી ગાથામાં કહ્યું. પ્રચુરસ્વસંવેદન. ઘણું જ આનંદનું વેદન આવ્યું છે. જે સ્વરૂપે સૌખ્યરૂપ. સૌખ્યરૂપ, સુખસ્વરૂપ, સુખસ્વભાવ, સ્વભાવ, સુખસ્વભાવ સ્વરૂપ આત્મા, એનું પર્યાયમાં પ્રચુર વેદન વર્તે છે. આહાહા..! એને અહીંયાં આચાર્ય પદવી કહેવાય છે. અલૌકિક વાત છે, ભાઈ! પાંચ આચાર્ય અને પરમ ઉપયોગ. 'પ્રવચનસાર'માં કહ્યું છે ને? આચાર્ય અને ઉપાધ્યાય, સાધુ. પરમપંચ આચાર્યના ઉપયોગમાં હોય છે. વિકલ્પમાં નહિ. અંદર નિર્વિકલ્પ પરમ આચાર્ય, પરમ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એવા પરમ શુદ્ધઉપયોગ... આહાહા..! એમાં વિચરનારા, એને આચાર્ય પદ આપ્યું. ... એવી આ મોટી તિથિ છે. તિથિ પૂર્વની અપેક્ષાએ કહીએ તો વર્તમાનમાં જ આજ જ અહીં ભગવાનને આચાર્યપણું આપ્યું હોય. આચાર્ય પદ આજ જ આપ્યું હોય. એમ નયગમનયથી ભૂતકાળને વર્તમાનકાળે કહેવામાં આવે છે. આહાહા..!

આમાં 'નિયમસાર'માં કહ્યું છે ને? કે સિદ્ધને પણ ગયા કાળના અનંતા બહિર્આત્મા આદિ જે થયા, એ પણ અત્યારે પૂર્વની અપેક્ષાએ એને (બહિરઆત્મા) કહેવાય. 'નિયમસાર' પહેલા આવી ગયું. આહાહા..! સિદ્ધને પણ બહિર્આત્મા, અંતરઆત્મા, એવી બધી દશાએ જે વીતી ગઈ, બધી વર્તમાનમાં પણ નયગમનયથી કહી શકાય... આહાહા..! પહેલા ભાગમાં છે. એમ 'કુંદકુંદાચાર્ય'ને તો પરમાત્મપદ થવાનું છે. આહાહા..! કહ્યું ને? અમે તો કેવળજ્ઞાનમય છીએ. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ સ્વરૂપ છીએ. અને અમે તો પરમ કેવળજ્ઞાનાદિ છીએ. આહાહા..! શક્તિએ તો છીએ... શક્તિએ તો છીએ, પણ વ્યક્તિએ અમે પરમાત્મદશા, મોક્ષના માર્ગમાં છીએ, અમે અત્યારે મોક્ષમાં જ છીએ. એમ કહે છે. આહાહા..!

'પ્રવચનસાર'માં તેની પોતાની ગાથા છે. મોક્ષમાર્ગને મોક્ષતત્ત્વ જ કહ્યું. અમે મોક્ષમાં જ છીએ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન! સચ્ચિદાનંદ પ્રભુ! એને તો ખરેખર તો એમાં આરૂઢ થવું, એ આચાર્ય પદ છે. બહારમાં તો વ્યવહાર... અંતરમાં આનંદસ્વરૂપમાં આરૂઢ થવું. આહાહા..! એ હવે અહીં કહે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૨૯ થી ૧૩૨

(वसंततिलका)

आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा
जानाति पश्यति च पंचमभावमेकम्।
तत्याज नैव सहजं परभावमन्यं
गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्।।१२९।।

(शार्दुलविक्रीडित)

मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-
वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।
तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे
देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने।।१३०।।

(शार्दुलविक्रीडित)

निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं
नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।
पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना
प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्।।१३१।।

(आर्या)

को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।
निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्।।१३२।।

વળી (આ ૯૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને એક પંચમભાવને જાણે છે અને દેખે છે; તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે તેને એ ગ્રહતો નથી જ. ૧૨૯.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[શ્લોકાર્થ :-] અન્ય દ્રવ્યનો [1]આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ [2]વિગ્રહને હવે છોડીને, વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર મારામાં-ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે-તેમાં આશ્ચર્ય નથી, કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે? (જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.) ૧૩૦.

[શ્લોકાર્થ :-] દ્વંદ્વ રહિત, ઉપદ્રવ રહિત, ઉપમા રહિત, નિત્ય, નિજ આત્માથી ઉત્પન્ન થતા, અન્ય દ્રવ્યની વિભાવનાથી (-અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા, એવા આ નિર્મળ સુખામૃતને પીને (-એ સુખામૃતના સ્વાદ પાસે સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી), જે જીવ *સુકૃતાત્મક છે તે હવે એ સુકૃતને પણ છોડીને અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (-પ્રગટપણે) પ્રાપ્ત કરે છે. ૧૩૧.

[શ્લોકાર્થ :-] ગુરુચરણોના ♦સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે? ૧૩૨.

## શ્લોક–૧૨૯ ઉપર પ્રવચન

જુઓ! '**વળી (આ ૯૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :-**' છે? ૧૨૯મો શ્લોક છે. ૧૨૯. ઉપરનો વંચાઈ ગયો છે.

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम्।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्।।१२९।।**

આહાહા..! માર્ગ કોઈ અલૌકિક છે. સાધુપદથી આચાર્યપદ, મુનિપદ કોઈ અલૌકિક છે. ખરેખર તો પાંચ પદસ્વરૂપ આત્મા છે. અંદર સ્વભાવ જ એનો છે. ત્યારે બહારમાં આવે છે. પ્રગટ થાય છે. આચાર્યપદ જે પ્રગટ્યું એ તો અંદર સ્વભાવમાં છે, એ બહારમાં પ્રગટ થાય છે. એ અહીં કહે છે, કે '**આત્મા...**' અપૂર્વ વાત છે, બાપુ! આહાહા..! આ

---

૧. આગ્રહ = પકડ; લાગ્યા રહેવું તે; ગ્રહણ.
૨. વિગ્રહ= રાગદ્વેષાદિ કલહ; (૨) શરીર.
*સુકૃતાત્મક = સુકૃતવાળો; શુભકૃત્યવાળો; પુણ્યકર્મવાળો; શુભ ભાવવાળો.
♦સમર્ચન = સમ્યક્ અર્ચન; સમ્યક્ પૂજન; સમ્યક્ ભક્તિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા અંદર આ દેહથી ભિન્ન છે. આ તો માટી છે, જડ છે. શરીર માટી અજીવ-ધૂળ છે. કર્મ અંદર માટી-ધૂળ છે. એ તો આત્માના પ્રદેશ પર્યાયમાં પણ નથી. પણ પુણ્ય અને પાપના દયા, દાન, કામ, ક્રોધના પરિણામ, એ પણ વસ્તુમાં નથી. એ આત્માના નથી, આત્માની ચીજ નથી. આહાહા..! એને અહીંયાં આત્મા પરમેશ્વર કહે છે.

એ **'આત્મા આત્મામાં...'** આહાહા..! એ **'આત્મા આત્મામાં...'** પરમશુદ્ધસ્વભાવ જે ત્રિકાળી આત્મા, એ **'આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...'** પોતાના આત્માના ગુણો જે જ્ઞાન, દર્શન, આનંદ એવા જે અનંતગુણોથી ભરેલો ભગવાન આત્મા અંદર છે... આહાહા..! જેના મહાત્મ્યની વાણીમાં પણ મહાત્મ્ય પૂરા આવ્યા નથી. એવો એ પ્રભુ અંદર દેહમાં બિરાજમાન છે. એને અહીંયાં આત્મા કહે છે. કીધું ને અહીંયાં. **'આત્મિક ગુણોથી સમૃદ્ધ...'** છે. આહાહા..!

લોકો આ બહારના ધૂળવાળા હોય એને એમ કહે છે ને? કે આ ૨૫ લાખનો આસામી, ૫૦ લાખનો આસામી, કરોડનો આસામી. 'ચીમનભાઈ'! આ 'ચીમનભાઈ'નો શેઠિયો ૫૦ કરોડનો આસામી છે. ૫૦ કરોડનો આસામી. ધૂળનો. એ નહિ, બાપુ! એ તો માટી, ધૂળ, જગતની ચીજ છે. એ કાંઈ તારામાં નથી, તું એનામાં નથી, તારી એ નથી. પણ તારામાં પુણ્ય અને પાપ થાય એમાં પણ તું નથી, તે તારામાં નથી, તે તારા નથી, તું તેમાં નથી, તે તારામાં નથી. આહાહા..! અરે..! આવી વાત.

આ જગતમાં રહેવા સંસારના ધંધા, પાણી. આકરું કામ. 'રમણિકભાઈ' પૂછતા હતા. આ પાંચ વર્ષ દુકાનનો ધંધો કર્યો ત્યારે રસ હતો કે નહિ? એમ પૂછતા હતા. પહેલેથી હું તો ભગત કહેવાતો. દુકાન ચાલતી, ઘરની-પિતાજીની દુકાન હતી. પણ હું ભગત જ કહેવાતો. દુકાન ચાલે, ચલાવે, તેમ છતાં પણ પહેલા વસ્તુ ધર્મ આ. શાસ્ત્ર શ્રવણ, વાંચન પહેલું. પછી દુકાન. ૧૮ વર્ષની ઉંમરથી. આ તો ૯૦ વર્ષ થયા. શરીરને તો ૯૦ વર્ષ થયા. આ તો ૭૨ વર્ષ પહેલાની વાત છે. આહાહા..! એમાં ક્યાંય રુચિ નહોતી, રસ નહોતો રસ. ટાણા આવ્યા એટલે ભાઈને કહ્યું, બાપુ! હું રહી નહિ શકું. આ સંસાર અને દુકાન હું ચલાવી નહિ શકું. હું દુકાન છોડી દઉં છું. અરે..! એ ક્યાં દુકાન, ક્યાં રાગ, ક્યાં પ્રભુ! આહાહા..! એ બહારની ચીજ તો જડ ક્યાંય રહી, એ તો આત્મા કરી શકતો નથી. પણ આત્મામાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિના કામ-ક્રોધના ભાવ થાય, એ પણ એનું કર્તવ્ય નથી, તે તેનું કાર્ય નથી. વ્યાપ્ય-વ્યાપક આપણે આવી ગયું છે એ વ્યાપ્ય નથી. આત્માનો વ્યાપ્ય-અવસ્થા નથી. વિકારી આત્માનું કાર્ય નથી. આહાહા..!

ભગવાન ચૈતન્યસ્વરૂપ પોતાના ગુણોથી સમૃદ્ધ છે એમ કહ્યું. પરને લઈને નહિ. રાગને લઈને નહિ. આહાહા..! રાગ એ વિકાર છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, વિકાર છે. એનાથી સમૃદ્ધ આત્મા નથી. આહાહા..! છે એમાં? **'આત્મા આત્મામાં**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' છે. નિજ આત્માના ગુણોથી સમૃદ્ધ છે. આહાહા..! ક્યારે બેસે અને ક્યારે વિચારે? આ દુનિયા એમ ને એમ ચાલી જાય છે. આહાહા..! '**નિજ આત્મિક...**' પહેલા બે શબ્દ લીધા. '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' છે. આત્મા, આત્મામાં પોતાના ગુણોથી સમૃદ્ધિવાળો છે. પોતાના ગુણોની સમૃદ્ધિ એમાં ભરેલી છે. આહાહા..!

અહીં તો એક મૂળો સારો મળે. શાક લેવા જાય ત્યાં ચાર આનાનું શાક મળે. એક મૂળો મફત આપજો. મૂળી-મૂળી. છોડી... જોયો હોય તો કહે, લાવો ભાઈ! ... આપું. એક મૂળો મળે ત્યાં ખુશી થઈ જાય. આહાહા..! પ્રભુ! તું ક્યાં ગયો? પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? વીતરાગ પરમેશ્વર પોકારે છે. પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? તું આત્મા તો આત્મિક ગુણોથી સમૃદ્ધ છો. આહાહા..! એય સાંભળ્યું ન હોય. આત્મા-આત્મા કરે. આત્મા છે. દેહમાં આત્મા છે. થઈ રહ્યું જાવ. આત્મા હાલે અને ચાલે એ આત્મા. અરે..! પ્રભુ! હાલવું-ચાલવું તો ક્યાંય રહી ગયું. પણ એનામાં અલ્પતા પણ નથી. પુણ્ય-પાપના વિકાર પણ નથી, આત્માના ગુણથી સમૃદ્ધ છે એમ કહે છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' ભગવાનનો તિથિ આરોહણનો દિવસ છે. એ કહે છે, કે '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી...**' એટલે નિજ સ્વરૂપના ગુણોથી '**સમૃદ્ધ આત્માને—**' આહાહા..! એવો જે સમૃદ્ધિ ભગવાન આત્મા અંદર બિરાજે છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન મળે, ખબર ન મળે. '**એક પંચમભાવને—જાણે છે...**' એ શુદ્ધાત્માને એટલે એક '**પંચમભાવને જાણે છે...**' આહાહા..! ધર્મીજીવ, સમ્યગ્દષ્ટિ જીવ, વીતરાગે કહ્યો તેવો આ આત્મા, આત્મામાં, આત્માના ગુણથી સમૃદ્ધ એવા એકને જાણે છે. આહાહા..! આવું ક્યાંય સાંભળ્યું નથી. 'ઝવેરચંદભાઈ'! આ તમારા મામાને બધું સંસારનું કીધું હતું. આહાહા..!

એ ભગવાન આત્મા પોતે '**આત્મા આત્મામાં...**' આહાહા..! '**નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' થી ભરેલો ભગવાન એકરૂપે છે. આહાહા..! શું શબ્દો! પાર ન આવે. આત્મા. અંદર ભગવાન આત્મા અંદર વસ્તુ, ભગવત્ સ્વરૂપ છે એ તો. પરમેશ્વર સ્વરૂપ છે. પરમેશ્વર થયા, અરિહંત અને સિદ્ધ એ ક્યાંથી થયા? બહારથી થયા છે? એ અંદરમાં છે એવું સ્વરૂપ બહાર આવ્યું છે. આહાહા..! અરે..! એને કોઈ દિ' જાણ્યો નહિ, એને માન્યો નહિ, એથી એણે માણ્યો નહિ. જાણ્યો નહિ, માન્યો નહિ માટે માણ્યો નહિ એટલે અનુભવ્યો નહિ. આહાહા..! એ વરને મૂકીને બધી જાન કરી દીધી. રખડવાની પટ્ટીએ ચારગતિમાં રખડે. આહાહા..! શું શબ્દ વાપર્યા છે?

'**આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને—...**' ત્રણ અને ચારવાર આત્મા શબ્દ આવ્યો. છે ને? નિજગુણથી સમૃદ્ધિ. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતવીતરાગતાથી ભરેલો ભગવાન છે આ. એવી પોતાની સમૃદ્ધિથી ભરેલા આત્માને '**એક પંચમભાવને—જાણે છે...**'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ પંચમભાવ જે ત્રિકાળી સ્વભાવભાવ, જેને કોઈ અપેક્ષા નથી. અંદર ત્રિકાળી એકરૂપ પરમાત્મા છે. પોતે જ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એકને જે જાણે છે. **'દેખે છે;...'** આહાહા..! જે આત્મા આવો અંદર જાણે છે, દેખે છે. આહાહા..! આ બધું બહારનું દેખવું મૂકી દઈને અંદર પોતે ભગવાન છે એને દેખે છે. બહારનું જાણવું છોડીને અંદર જાણવામાં પોતાને જાણે છે. આહાહા..!

**'તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી...'** આહાહા..! એવો જે પ્રભુ, પોતાની સત્તાનું અસ્તિત્વ, પંચમભાવસ્વરૂપ, પારિણામિકસ્વભાવસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, અનાદિઅનંતસ્વરૂપ, કદી એણે છોડ્યું નથી. પંચમભાવને એણે.. પંચમભાવ સમજાય છે? પાંચ ભાવ છે ને? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. ચાર પર્યાય છે અને એવા ગુણ-સ્વભાવ છે. પંચમભાવ એ સ્વભાવ છે. અને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર એની પર્યાય છે. ગુણ અને પર્યાય એની પણ ખબર ન મળે. અને અમે જૈન વાડામાં પડ્યા છીએ. જૈન છીએ. આહાહા..! અરે..! જિંદગી ચાલી જાય છે. મૂળ વીતરાગ માર્ગ કહે છે એ સમજવાની દરકાર કરતો નથી. આહાહા..!

કહે છે, **'એક પંચમભાવને એણે છોડ્યો નથી...'** એક શબ્દ વાપર્યો. **'સહજ એક પંચમભાવને જેણે છોડ્યો નથી જ...'** ભગવાન એમ ને એમ બિરાજે છે. આહાહા..! પોતાના ગુણની સમૃદ્ધિથી, પોતાના ગુણની ઋદ્ધિથી, પોતાના અનંતગુણની સામગ્રીથી, શુદ્ધિથી, ઋદ્ધિથી એકને કદી તેણે છોડ્યો નથી. આહાહા..! આવો કેવો ઉપદેશ? ઓલો કહે, કે દયા પાળવી, વ્રત કરવા, સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા. એવું તો સમજાય. એવું તો અનંતવાર કર્યું. એ બધી શુભરાગની ક્રિયા છે. એમાં કાંઈ આત્મા-ફાતમાં નથી. ત્યાં આત્મા આવતો નથી અને આત્માને ત્યાં જરીએ લાભ પણ નથી. આહાહા..!

આવો જે પંચમભાવરૂપ આત્મા, એટલે કે પર્યાયમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે. એ નહિ. આ તો ત્રિકાળી ધ્રુવ, એવા **'પંચમભાવને એણે છોડ્યો નથી જ...'** આહાહા..! જ્યારે જુઓ તો બિરાજમાન ભગવાન પૂર્ણાનંદ જ છે. પણ તારી જોવાની આળસે પડ્યો રહ્યો છે. 'નયનને આળસે રે ન નિરખ્યા નયને હરિ.' હરિ એટલે આત્મા. રાગ અને દ્વેષ ને અજ્ઞાનને વ્યવહારથી હણે. એને અહીંયાં હરિ અને આત્મા તે હરિ. બીજો હરિ બરી કોઈ કર્તા-ફર્તા નથી. કોઈ ઈશ્વર છે અને ઈશ કર્તા હરિ છે. એ નથી. હરિ તો અહીંયાં ભગવાન આત્મા હૃદયમાં બિરાજે છે. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે. અધિષ્ઠાતા એક છે. એ હું હૃદયમાં જોઉં છું. એ અધિષ્ઠાતા અહીં છે. બહારમાં ક્યાંય છે નહીં. આહાહા..!

**'અને અન્ય એવા પરભાવને—...'** પંચમ સ્વભાવભાવ કદી છોડ્યો નથી. ધ્રુવભાવ, નિત્યભાવ અવિચળ નિત્ય પ્રભુ! એવા ભાવને કદી છોડ્યો નથી. એને છોડે એટલે નિત્યને છોડે તો શું થાય? નિત્યપણું રહે નહિ એટલે વસ્તુ રહે નહિ. એ તો કદી છોડ્યો જ નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'અને અન્ય એવા પરભાવને—...'** આત્મા સિવાય બીજા ભાવને, **'કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે...'** એ તો પુદ્‌ગલનો વિકાર છે. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધ એ તો પુદ્‌ગલનો વિકાર છે, પ્રભુ! તારી ચીજ નથી. આહાહા..! તારામાં તો ચૈતન્યચમત્કાર આનંદનો નાથ પડ્યો છે, પ્રભુ! અતીન્દ્રિય આનંદની સમૃદ્ધિથી ભરેલો પ્રભુ તું છો. અતીન્દ્રિય વીતરાગસ્વભાવે ભરેલો ભગવાન આત્મા છે. ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવે છે. આહાહા..! આવો ઉપદેશ!

**'એવા પરભાવને—કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે...'** આહાહા..! આ તો ખરેખર તો એણે ક્ષાયિકભાવ પણ ગણ્યો નથી. એને પૌદ્‌ગલિક વિકાર ગણ્યો છે. ચારભાવને વિકાર ગણ્યા છે. આવે છે ને? 'નિયમસાર'માં અંદર આવે છે. વિકાર શું કે જેને કર્મની અપેક્ષા આવી ને? વસ્તુ તો ત્રિકાળ એકરૂપપ્રભુ છે. અનંત-અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલો ભગવાન છે. એને કોઈ કર્મના અભાવ અને કર્મના સદ્‌ભાવની કોઈ અપેક્ષા જ નથી. ક્ષાયિકભાવ અને ક્ષયોપશમભાવમાં કર્મના અભાવની અપેક્ષા છે. ઉદયમાં કર્મની અપેક્ષા છે. ઓલામાં અભાવની અપેક્ષા છે. એક આ અપેક્ષા વિનાની ચીજ છે. અને ખરેખર એ પંચમભાવ સિવાય... આહાહા..!

**'અન્ય એવા પરભાવને—કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે...'** આહાહા..! અનંતગુણની સમૃદ્ધિથી ભરેલો ભગવાન, એ સિવાય બધું વિકાર છે. આહાહા..! છે? **'તેને—એ ગ્રહતો નથી જ.'** એ દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ, એ કોઈ દિ' વિકારને પકડતો નથી. નિજને છોડતો નથી અને પરને ગ્રહતો નથી. અરેરે..! આવી વાતું. આહાહા..! આવો જૈનધર્મ. વીતરાગ જૈનપરમેશ્વર, ત્રિલોકનાથને સર્વજ્ઞપણે જણાણું તે આ વાત ભગવાન જગત પાસે જાહેર કરે છે. આહાહા..!

અનંત આત્માઓ પોતાના અનંતગુણના સમૃદ્ધિથી ભરેલા ભગવાને જોયા. આહાહા..! પરભાવ કદી અડ્યો નથી. અને જે ભાવ છે એને કદી છોડ્યો નથી. કોઈ દિ' અલ્પપણે પણ થયો નથી. વિકારપણે તો થયો નથી. પણ એ સ્વભાવભાવ-સ્વભાવભાવ ત્રિકાળી સ્વભાવભાવ, ત્રિકાળી ગુણ સમૃદ્ધિભાવ ભગવાન! એ અલ્પભાવે થયો નથી. આહાહા..! અલ્પભાવને અને વિકારને કદી ગ્રહ્યો નથી. આહાહા..! આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન આને કહીએ, બાપા! આ તો લોકોને કોઈને કાંઈ ખબર ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમકિત. નવતત્ત્વને માનો એટલે સમકિત થઈ રહ્યું. હાલી નીકળ્યા. આહાહા..!

ત્રણલોકનો નાથ જિનેશ્વર પરમેશ્વરનો આ હુકમ છે. 'કુંદકુંદાચાર્ય' આ હુકમ લઈને આવ્યા. ભગવાન પાસે ગયા હતા. સીમંધર સ્વામી ભગવાન મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. સીમંધર સ્વામી તીર્થંકર બિરાજે છે ત્યાં બે હજાર વર્ષ પહેલા આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવીને આ શાસ્ત્ર રચ્યા. આહાહા..! ભારે ગજબ વાત! **'આત્મા આત્મામાં..'** આત્મામાં ગુણ સમૃદ્ધિથી ભરેલો આત્મા, તેને કોઈ દિ' છોડતો નથી અને અન્યભાવને કોઈ દિ' ગ્રહતો નથી. આહાહા..! એ ભાષા થોડી, પ્રભુ! માર્ગ બહુ અલૌકિક છે. આહાહા..! આને તો હજી સમ્યગ્દર્શન કહીએ. સમ્યક્ચારિત્ર તો બીજી વાતું છે, બાપા! એ ચારિત્ર ક્યાં? લોકો માને એ ચારિત્ર-ફારિત્ર નથી. લુંગડા છોડ્યા અને દીક્ષા લીધી, મહાવ્રત એ દીક્ષીત ચારિત્ર-ફારિત્ર નથી. આહાહા..! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં ચારિત્ર ક્યાં આવ્યા? આહાહા..!

શ્લોક બહુ સરસ છે. 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકા કરનારે આ શ્લોક કહ્યો છે. **'તેને—એ ગ્રહતો નથી જ.'** આહાહા..!

## શ્લોક–૧૩૦ ઉપર પ્રવચન

શ્લોક-૧૩૦.

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चेन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने।।१३०।।**

આહાહા..! દેવોને અમૃતના ભોજન છે. દેવ છે ને દેવ? ચારગતિ છે ને? આ મનુષ્ય, તિર્યંચ, નીચે નરક છે અને આમ દેવ છે. એ દેવને હજારો વર્ષ અમૃતના ભોજનનો ઓડકાર આવે. જેને અમૃતના ભોજનનો સ્વાદ છે, એને રોટલારૂપી રાંધવા ને કરવા એને ક્યાંથી આવ્યું? આહાહા..! આ તો દાખલો આપ્યો.

**'અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને હવે...'** વિગ્રહ છે ને? **'રાગદ્વેષાદિ કલહ;...'** રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે એ કલહ છે. ઝીણી વાતું ભગવાન આ તો બહુ વાતો, ભાઈ! એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના તો કલહ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પણ કલહ, ક્લેશ અને રાગ છે. આહાહા..! એક શુભરાગ છે અને એક અશુભરાગ છે. બે રાગ છે. આહાહા..! એ રાગ-દ્વેષ **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને...'** **'રાગદ્વેષાદિ કલહ; શરીર.'** એ રાગ-દ્વેષ એ શરીર છે. આહાહા..!

એકકોર ભગવાન ચૈતન્યનું અનંતગુણની સમૃદ્ધિથી ભરેલું શરીર અને એક બાજુ પુણ્ય-પાપના ક્લેશથી ભરેલું શરીર. આહાહા..! એકકોર અમૃતનો સાગર ભગવાન અંદર. પૂર્ણ અમૃત ભર્યું. સિદ્ધ ભગવાન થયા એ અમૃતપણું ક્યાંથી આવ્યું? અંદરથી. અમૃત એટલે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતે મરે નહિ અને બીજાને મારે નહિ. બીજાથી મરે નહિ, બીજાને મારે નહિ, પોતે મરે નહિ. એવું જે અમૃત. આહાહા..! એવો જે આ ભગવાન અંદર ધ્રુવ નિત્ય અમૃતસ્વરૂપ ભગવાન. એ અમૃત છે. અ-મૃત. એ કોઈ દિ' મરે નહિ. અમૃત છે એ કોઈ દિ' કોઈને મારે નહિ. અમૃત એવું છે એ કોઈ દિ' કોઈનાથી મરે નહિ. આહાહા..! એવો જે અમૃતનો સાગર, પ્રભુ! તિથિનો આચાર્યના આરોહણનો દિવસ છે. આહાહા..! ઝીણી વાતું બહુ, પ્રભુ! પ્રભુ કહીને જ અહીં તો બોલાવે છે. ભગવાન આત્મા. આહાહા..!

અંદર દેહ દેવળમાં.. આ તો માટી અને હાડકા-ચામડા છે, બાપા! અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ વિકાર-વિકાર રૂપી શરીર છે. એ તારું શરીર વિકાર શરીરથી જુદું છે. શરીર એટલે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એ શરીર તારું જુદું છે. આહાહા..! 'જ્ઞાનવિગ્રહમ' એમ પાઠ છે. જ્ઞાનરૂપી શરીર. આ ક્લેશરૂપી શરીર... આહાહા..! શુભ અને અશુભરાગ એ ક્લેશરૂપી શરીર છે. આકરી વાત છે, પ્રભુ! નવાને પહેલા સાંભળવી કઠણ પડે. અનાદિથી વસ્તુસ્વરૂપ તો આ છે. એ અમૃતનો સાગર અંદર ડોલે છે. એ અમૃતના સાગરથી ભરેલો ભગવાન! આહાહા..! અ-મૃત કોને કહે? કોઈ દિ' મરે નહિ, કોઈને મારે નહિ, કોઈથી મરે નહિ. આહાહા..! કોઈ એ ધ્રુવને અડી શકે નહિ. આહાહા..!

એવું જે અમૃતસ્વરૂપ ભગવાન. આહાહા..! એ **'દ્રવ્યનો આગ્રહ કરવાથી...'** પરદ્રવ્યનો આગ્રહ કરવાથી શરીર મારું, વાણી મારી, પુણ્ય મારા, દયા-દાન-વ્રત મારા, એવા વિકલ્પો રાગ છે એ મારા. એવો **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને...'** થતાં ક્લેશને, થતા એ વિગ્રહના શરીરને **'હવે છોડીને,...'** હવે છોડીને. એ શું કહ્યું? બાપુ! હવે તો છોડ નાથ! તને પકડવામાં અનંતકાળ ગયો. અનંતકાળ વિત્યો નાથ! તારા ઉપર આવા ભવભ્રમણ માથે ધોકા પડ્યા છે. હવે તો છોડ... હવે તો છોડ.. આહાહા..! આથી હવે બીજું શું કહે? હવે તો છોડ. એટલે? અત્યાર સુધી કર્યું, પ્રભુ! તે ઊંધુ બહુ કર્યું. અને ભવભ્રમણ ચોરાશીના અવતારમાં અનેક યોનીમાં અનંત અવતાર કરી ચૂક્યો છો, બાપા! આહાહા..! હવે તો છોડ. આહાહા..!

હવે તો પ્રભુ ઉપર નજર નાખ. જે અમૃત સાગર છે ત્યાં નજર નાખ. આહાહા..! ત્યારે સંસાર છૂટશે. એ વિના સંસાર છૂટે એવો નથી. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા અને કરોડોના દાન કરે, મોટા મંદિરો બનાવે જાણે કેટલાય. ભાઈ ગયા ને? 'ચંદુભાઈ'. 'વડોદરા'માં મંદિર બનાવે છે ને? એક લાખ પાંત્રીસ હજાર નાખ્યા. એણે પોતે આપ્યા. એક લાખ પાંત્રીસ હજાર. 'ચંદુભાઈ' નહોતા? એમાં 'સાયલા'ના 'ભભૂતમલે' આઠ લાખ રૂપિયા આપ્યા. 'બેંગલોર'માં મંદિર બનાવ્યું ને? દિગંબર જિનમંદિર આઠ લાખનું. ચાર લાખ બીજા 'જુગરાજજી'એ. 'મુંબઈ'માં મહાવીર માર્કેટ છે. સ્થાનકવાસી છે, કરોડપતિ છે. એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર બનાવ્યું. પણ એને કીધું ભાઈ! તારા બાર લાખ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીસ લાખ, પચાસ લાખ... આહાહા..! એ રાગની મંદતા હોય તો શુભભાવ પુણ્ય છે.

પુણ્ય છે, ક્લેશ છે, રાગ છે. એ કષાયનું શરીર છે. ચૈતન્યનું શરીર નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા..! બે કરોડ રૂપિયા છે તો એમાંથી આઠ લાખ રૂપિયા આપ્યા. એમાં શું થયું? ઓલા સ્થાનકવાસી 'જુગરાજજી'ને એક કરોડ છે. એણે ચાર લાખ આપ્યા. 'બેંગલોર'માં મંદિર બનાવ્યું ને? દિગંબર જૈનમંદિર બાર લાખનું બનાવ્યું. પણ એમાંથી કોઈ ખુશી થઈ જાય કે આપણે ધર્મ કર્યો, એ નથી બાપુ! ધર્મ કોઈ જુદી ચીજ છે, પ્રભુ! એ વિકલ્પ અને રાગ છે. રાગને તો અહીં ક્લેશ કહે છે, ક્લેશ...શરીર કહે છે. આત્માના જ્ઞાન શરીરથી ભિન્ન શરીર કહે છે. આહાહા..!

આવું ક્યાં છે? તમારા 'કલકત્તા'માં આવું સાંભળવા મળે છે? 'શાંતિભાઈ'! આહાહા..! શું થાય? પ્રભુ! તારી મોટપનો પાર નથી, નાથ! અને તે હીણપ કરવાનો પાર રાખ્યો નથી. આહાહા..! એક બીડી પીને તલપ ચડી જાય ત્યાં... આહાહા..! એક રોટલી કેવી કહેવાય પૂરણપોળી. પૂરણપોળીની રોટલી અને પતરવેલીયાના ભજીયા ખાતો હોય ત્યાં જાણે... આહાહા..! પ્રભુ! તને આ શું થયું? તારી મોટપનો પાર નહિ અને તું હીણપમાં આટલે બધે ચાલ્યો ગયો? આહાહા..! પ્રભુ! તારા વખાણ કરતા પાર ન આવે, એવડો મોટો તું અને તું આ ક્યાં ગયો? શું કરે છે તું આ? પ્રભુ! ભગવંત! અહીં તો ભગવંત થવાની વાતું છે, બાપા! આહાહા..! વાતું જુઓને કરી!

એ **'અન્ય દ્રવ્યનો આગ્રહ...'** આત્મા સિવાય **'અન્ય દ્રવ્યનો આગ્રહ...'** આહાહા..! એ ત્રણલોકનો નાથ તીર્થંકર કહે છે, કે હું પરદ્રવ્ય છું. એ તારા સિવાય હું અન્યદ્રવ્ય છું. મારો **'આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને હવે છોડને,...'** આહાહા..! એમ આવ્યું કે નહિ એમાં? આહાહા..!

મુમુક્ષુ :– વિગ્રહ છોડવો સરળ છે કે કઠણ છે?

પૂ. ગુરુદેવશ્રી :– સરળ છે. એનામાં છે નહિ અને છોડવાનો પ્રશ્ન... એના અસ્તિત્વનો સ્વીકાર કર્યો કે એમાં છે નહિ. અનઅભ્યાસ છે એટલે કઠણ છે. બે વાત રાખી. આહાહા..! એક તો એ વાત સાંભળવા મળતી નથી. સ્થાનકમાં જાય તો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. એ કરે. અને દેરાવાસીમાં જાય તો પૂજા કરો, ભક્તિ કરો, ગીરનાર ને સમ્મેદશિખર.. દિગંબરમાં જાય તો કપડા છોડો, બે-ચાર-પાંચ પડિમા લઈ લ્યો. ભગવાન! શું થાય? પ્રભુ! એ કોઈ વિરુદ્ધની વાત નથી. પ્રભુ! આ તો માર્ગ આ છે. આહાહા..!

અહીં કહે છે, કે વિગ્રહ છે. આહાહા..! સ્વદ્રવ્યના પ્રેમની દૃષ્ટિ સિવાય, સ્વદ્રવ્ય વસ્તુ સિવાય પરદ્રવ્યનો જેટલો રાગનો આગ્રહ છે, એ બધું વિગ્રહના ક્લેશ છે. હવે તો છોડ. આહાહા..! કરતા કરતા તારો અનંતકાળ ગયો, પ્રભુ! તો પણ તને હજી ક્યાંય તૃપ્તિ વળી નહિ. આહાહા..! વિષયમાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં... આહાહા..! દસ લાખ મળ્યા તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીસ લાખ અને વીસ લાખ મળ્યા તો પચાસ લાખ... આહાહા..! હમણા કીધું ને? એક વીસ લાખની મોટર. એક મોટર વીસ લાખની. મેં કીધું આ શું? બાપુ! આ શું કરશે? મેં કીધું આ મોંઘું કેમ. એનો જે ઓલો હતો ને આપણે આવે છે અહીં આવે છે. નામ શું? એનો મોટરનો ડ્રાઈવર. 'રાજુ-રાજુ' 'રાજુ' બતાવતો હતો. મેં કીધું આટલું બધું મોઘું? તો એ બતાવતો હતો. 'મુંબઈ'થી અહીં આવવું હતું ત્યારે એમાં બેઠા હતા. તો એ મોટર મૂકી. વીસ લાખની. કીધું આટલું બધું? કીધું આમ કર્યું, જુઓ આમ કરે ત્યારે અહીં પ્રકાશ થઈ જાય. આમ કરે ત્યારે કાચ ઊંચો થઈ જાય. આમ કરે તો આમ થઈ જાય. અરે..રે..! શું થાય? આ તો નજરે જોયેલું. એમાં બેઠા હતા ને. 'મુંબઈ'થી સ્ટેશને આવવું હતું ને પ્લેનમાં? અરે..રે..! શું ચીજ? ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– પરદ્રવ્ય ક્યાં નડે છે?

પૂ. ગુરુદેવશ્રી :– પરદ્રવ્ય કોણે કીધું નડે છે? પરદ્રવ્યનો આગ્રહ કીધો. આગ્રહ કીધો છે. દ્રવ્યનો આગ્રહ કરવાથી એમ કીધું છે. પરદ્રવ્ય નથી કીધું. સમજાણું કાંઈ? પરદ્રવ્ય તો એને અડતું પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. બહુ આકરું પડે, બાપા! પરદ્રવ્યનો આગ્રહ પક્કડ. આ મારા છે, આ બાયડી મારી છે, છોકરા મારા, પૈસા મારા, મકાન મારા, આબરૂ મારી, ધંધો-વેપાર ચાલતો હોય અને પાંચ-પચ્ચીસ લાખ પેદા થતા હોય તો એ ધંધો અમારો, નોકર સારા અમારા, છોકરા હોંશિયાર જાગ્યા છે તો બધે દુકાન સાચવે. દસ દુકાનો છે.

'ચીમનભાઈ'! 'ચીમનભાઈ'ના શેઠ પાસે પચાસ કરોડ છે. 'મુંબઈ' વ્યાખ્યાનમાં આવ્યા હતા. આવે તો ખરા. સાંભળે એમાં. આ ક્યાં કોઈ દિ' સાંભળવું મળે નહિ. પચાસ કરોડ રૂપિયા. આપણે અહીંયાં પણ 'શાહુજી' પાસે ચાલીસ કરોડ હતા. ગુજરી ગયા ને બિચારા? એ સિવાય 'ગોવા'માં આપણા 'શાંતિલાલ'. 'શાંતિલાલ ખુશાલ' 'ગોવા'માં બે અબજ ચાલીસ કરોડ. પોતે મરી ગયા. અત્યારે છોકરા છે. ધૂળમાં શું? મરી ગયો. એને મારી નાખ્યો. પોતાના મહાત્મ્યને છોડીને પરદ્રવ્યનો આગ્રહ. પક્કડ-પક્કડ. પરદ્રવ્યની મહિમા, પરદ્રવ્યની વિસ્મયતા, પરદ્રવ્યની સ્વદ્રવ્યથી અધિકતા, સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યનો ભપકો. આહાહા..! આવું જે કર્યું એ તો કહે છે વિગ્રહ-ક્લેશ શરીર છે. હવે તો છોડ.

**'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...'** મુનિરાજ પોતે કહે છે. **'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...'** મારો નાથ સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આનંદ છે. એની **'પ્રાપ્તિ અર્થે, મારું આ...'** આહાહા..! **'મારું આ નિજ અંતર મારામાં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—નિરંતર લાગ્યું છે...'** છે? જુઓ! આ મુનિપણું. આહાહા..! મારો આત્મા અંદર આનંદમૂર્તિ પ્રભુ એમાં. કીધું ને? **'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્ય...'** આત્મા, એની **'પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર...'** મારું અંતર નિજ મન. **'મારામાં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** એમાં આશ્ચર્ય નથી. કારણ કે એ તો છે તેમાં લાગ્યું એમાં શું આશ્ચર્ય? એમ કહે છે. આહાહા..!

એવો ભગવાન અંદર બિરાજે છે. એમાં મન લાગ્યું છે એમાં આશ્ચર્ય શું? એ તો વસ્તુનું સ્વરૂપ છે. એમ કહ્યું, જુઓ! આહાહા..! બહારના અટકવાના રસ્તાના પાર ન મળે. છૂટવાનો એક રસ્તો અંતર સ્વરૂપમાં અંદર દૃષ્ટિ કરવી. અરે..રે..! આવી વાતું આવે. શું થાય? વાત તો આ છે. આહાહા..! **'ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—'** આહાહા..! ચૈતન્યચિંતામણિમાં નિરંતર મારું મન લાગ્યું છે. આહાહા..! આ લખવા વખતે પણ મારું મન તો ત્યાં જ લાગ્યું છે. એમ કહે છે. આહાહા..! લખવા વખતનો વિકલ્પ છે, લખવાની ક્રિયા એ તો ભાષાની, પરમાણુની ક્રિયા છે. મારી ક્રિયા નથી. વિકલ્પ ઊઠ્યો એ રાગ-ક્લેશ છે. એ હું નથી. આહાહા..! આવું આકરું લાગે ને? 'યશપાલજી'! બીજાને નવા માણસને લાગે. એવું લાગે કે આ શું? આવી વાત ક્યાંથી કાઢી? બધી વાત સાંભળી છે એમાંથી એકપણ વાત આવતી નથી. વ્રત પાળો, છપરબી દયા પાળો, છપરબી બ્રહ્મચર્ય પાળો. એવી વાત તો આમાં ક્યાંય આવતી નથી. હવે એવું તો અનંતવાર કર્યું છે ને સાંભળને હવે.

એ આ ભગવાન અંદર ચૈતન્યની સમૃદ્ધિથી ભરેલો ભગવાન, એની સામું તે કોઈ દિ' જોયું નથી. અને પરનો–સામાનો આગ્રહ તે કોઈ દિ' છોડ્યો નથી. આહાહા..! આ અમૃત વરસે છે. આહાહા..! આ અમૃતની વાણી છે ભગવાનની. વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વર દેવ પરમેશ્વર, એનું આ કથન છે, પ્રભુ! તને બેસે ન બેસે, આકરું લાગે. આ તો બહુ ઊંચી વાત છે એમ લાગે. અરે..! પ્રભુ! પહેલી જ વાત આ છે. ધર્મની પહેલામાં પહેલી વાત આ છે. આહાહા..!

મારું મન મારામાં... આહાહા..! મારું પૂર્ણ સહજજ્ઞાન આનંદ સુખ સ્વરૂપ, એની અર્થે. મારા પૂર્ણજ્ઞાન અને આનંદસુખને અર્થે, **'મારું આ નિજ અંતર મારામાં—ચૈતન્યમાત્ર-ચિંતામણિ...'** ચૈતન્યમાત્ર ચિંતામણિ ભગવાન... આહાહા..! ફાટ ફાટ અંદરથી. **'ચૈતન્યમાત્ર-ચિંતામણિ...'** પ્રભુ અંદર બિરાજે છે. આહાહા..! પ્રભુ! તને એની કિંમત નથી. આહાહા..! એ **'નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** એમાં શું કહે છે આશ્ચર્ય છે? છે તેમાં રહેવું એમાં શું આશ્ચર્ય છે? એમ કહે છે. નથી તેમાં જાવું એ જ આશ્ચર્ય છે, કે અર..ર..! આ ક્યાં ગયો? શું કરે છે આ? આહાહા..!

**'કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે?'** દેવોને ૩૩ સાગરનું જેનું આયુષ્ય છે, એને ૩૩ હજાર વર્ષે કંઠે અમૃતનો ઓડકાર આવે. એને અહીંયાં દાળ-ભાત કરવા પડે, ચા કરવી પડે, પૂરણપોળીની રોટલી કરવી પડે એવું ત્યાં નથી. એને આહારનો ઓડકાર હજારવર્ષે આવે. ૩૩ સાગરવાળાને ૩૩ હજારે આવે, બે સાગરવાળાને બે હજાર વર્ષે આવે. અહીં કંઠમાંથી અમૃત આવે. જેમ આ અમૃત આવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? મોઢામાં અમૃતની મીઠાશ આવે છે ને? એમ અમૃત અંદર ઝરે. આહાહા..! જેને અમૃતના સ્વાદ આવ્યા... અહીં એને કહે છે, કે ઝેરના સ્વાદ શી રીતે આવે? આહાહા..! છે?

જેને **'અમૃતભોજનજનિત સ્વાદને જાણીને...'** અમૃતના ભોજનના સ્વાદને દેવોએ જાણ્યા... આહાહા..! એ દેવ હવે ખીચડી અને દહીં શી રીતે ખાય? દહીંનું ઘોળવું કરે અને ખીચડીમાં મીઠું નાખે. કહે છે ને, જેને અમૃતના સ્વાદ આવ્યા... આહાહા..! હવે એ બહારના ભોજનને શું કરે? બરાબર છે? **'(જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને...'** જ્ઞાનસ્વરૂપ આનંદ આત્મા. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે અને અતીન્દ્રિય આનંદસ્વરૂપથી ભરેલો ભગવાન છે. અતીન્દ્રિય આનંદથી ભરેલી ખાણ નિધાન છે. અરે..! કે દિ' એને બેસે? એવા **'જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને...'** એ સૌખ્યનું નિધાન–ખાણ આત્મા. એ **'ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.)'** આહાહા..!

ચિંતામણિ ચૈતન્યમાં જ્ઞાન અને આનંદની રુચિ આગળ, એના સ્વાદ આગળ, દેવ અને અમૃતના સ્વાદ આગળ બીજા ભોજન અને દુધપાક અને પૂરીનો સ્વાદ એને આવતો નથી. એની ઇચ્છા પણ કરતા નથી. આહાહા..! એમ જેને આત્માના અમૃતના સ્વાદ આવ્યા, એ બીજા સ્વાદને ઇચ્છતા નથી. એનું નામ અમૃતનો અનુભવ અને અનું નામ સમકિત કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૦૪, શ્લોક-૧૩૧-૧૩૨, ગાથા-૯૮, બુધવાર, માગશર વદ ૯, તા.૧૨-૧૨-૧૯૭૯

---

૧૩૧મો કળશ છે. પ્રત્યાખ્યાન અધિકાર છે. પ્રત્યાખ્યાન-પચ્ચખાણ કોને કહેવું?

**निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं**
**नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।**
**पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना**
**प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्।।१३१।।**

થોડી ઝીણી વાત છે. ધર્મીએ શું કરવું? કે ધર્મીએ પ્રથમ આત્મા જે આનંદસ્વરૂપ છે, એનો પહેલા અનુભવ કરવો, સમ્યગ્દર્શન કરવું. એ વાત છે. પ્રથમમાં પ્રથમ આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય અનંતજ્ઞાનસ્વરૂપ છે, એનો પ્રથમમાં પ્રથમ અનુભવ કરીને સમ્યગ્દર્શનની પ્રતીતિ કરવી. પછી અંદરમાં સ્થિર થવું. પ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન છે ને? સ્વરૂપમાં સ્થિર થવું. અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ લેવો. અતીન્દ્રિય આનંદનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉગ્ર સ્વાદ લેવો એ પચ્ચખાણ-પ્રત્યાખ્યાન છે. એ વાત જુદી છે. જગતથી બીજી વાત છે. આ પ્રત્યાખ્યાન છે.

અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા. આત્મા ત્રિકાળીધ્રુવ અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. એનો પ્રથમ અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું અને પછી સ્વરૂપના આનંદમાં લીન રહેવું, એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એ કહે છે, કે **'દ્વંદ્વ રહિત,..'** જેમાં દ્વંદ્વ નહિ. બે નહીં. એકરૂપ ચૈતન્યરૂપ. જેમાં ગુણ અને પર્યાય એવો ભેદ પણ નથી. એવી અભેદ દૃષ્ટિ પ્રથમ કરવી. જેને સમ્યગ્દર્શન કરવું છે એને... આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. લોકોએ બહારમાં કાંઈક મનાવ્યો છે.

આ તો વીતરાગ સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવ પરમાત્મા, એના મુખેથી નીકળેલી વાણી છે. એ કહે છે, કે **'દ્વંદ્વ રહિત,...'** આત્મા આનંદસ્વરૂપ છે અને પર્યાયસહિત છે એવા દ્વંદ્વ, બેપણું પણ નથી. આહાહા..! આવી બહુ ઝીણી વાત છે. **'निरुपद्रवं' 'ઉપદ્રવ રહિત,...'** છે. એમાં કોઈ પુણ્ય-પાપનો જે વિકલ્પ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ ઉપદ્રવ છે. આહાહા..! રાગ છે, ક્લેશ છે. એ ઉપદ્રવરહિત પ્રભુઆત્મા અંદર છે. આવી વાત છે. આહાહા..!

નિર્દ્વંદ્વ **'દ્વંદ્વ રહિત, ઉપદ્રવ રહિત,...'** ઉપમા રહિત, કોની ઉપમા? એ વસ્તુ સ્વભાવ અંદર ચૈતન્યમૂર્તિ સચિદાનંદ પ્રભુ, ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન! એને કોની ઉપમા આપવી? એવો આત્મા અંદર છે. કાલે એવી વાત આવી. અમૃત પીઓ. એવો આત્મા છે એનું અમૃત પીવો. એ અમૃતસ્વરૂપ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ અમૃત. અતીન્દ્રિય આનંદ અમૃત. એ સ્વરૂપ એનું છે. ત્રિકાળી સચ્ચિદાનંદ ધ્રુવ છે. આકરું પડે, ભાઈ! શું થાય? લોકો વ્યવહારમાં બહુ રચ્યા પચ્યા રહે. એને આ નિશ્ચય એવો આકરો લાગે. પ્રભુ! માર્ગ તો આ છે.

ઉપમા રહિત **'નિત્ય,...'** વસ્તુ નિત્ય ધ્રુવ છે. પર્યાયને લક્ષમાં ન લેતા નિત્યાનંદ ધ્રુવ. ધ્રુવ નિત્યાનંદ પ્રભુને લક્ષમાં લેવું, લક્ષમાં લે છે પર્યાય. પણ પર્યાય ધ્રુવને લક્ષમાં લે છે. આહાહા..! **'નિત્ય, નિજ આત્માથી ઉત્પન્ન થતા,...'** નિજ આત્માથી ઉત્પન્ન થતા આનંદ. આત્મા અમૃત આનંદ અતીન્દ્રિય સ્વરૂપથી ભર્યો છે. એ અમૃતનો અનુભવ કરવો, અમૃતના આનંદનું વેદન કરવું, એનાથી ઉત્પન્ન થયેલો આનંદ **'અન્ય દ્રવ્યની વિભાવનાથી (–અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા—...'** આહાહા..! એમાં અંતરદૃષ્ટિ હોવાથી અંતર વસ્તુ ચૈતન્ય ચમત્કારી ભગવાન બિરાજમાન છે. એની દૃષ્ટિ કરવાથી, આશ્રય કરવાથી અન્ય દ્રવ્યનો આશ્રય છૂટી જાય છે.

**'અન્ય દ્રવ્યની વિભાવનાથી (–અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા-'** આહાહા..! આ પચ્ચખાણ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! દિગંબર મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' 'પદ્મપ્રભમલધારીદેવ' એ કહે છે. બધા દિગંબર મુનિ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક જ વાત કહે છે. દિગંબર મુનિઓ એક જ વાત બધા કરે છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહાહા..! વાત સાંભળવી કઠણ પડે. કહે છે, કે **'અન્ય દ્રવ્યની વિભાવનાથી (–અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી)...'** દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ વિકલ્પથી રહિત ઉત્પન્ન થતો વિકાર... આહાહા..!

**'એવા આ નિર્મળ સુખામૃતને પીને...'** આહાહા..! આ પચ્ચખાણ છે ને? સાચું પચ્ચખાણ એને કહે છે, સાચું પ્રતિક્રમણ એને કહે છે, સાચી વંદના પણ એને કહે છે. આત્મા નિર્દ્વંદ્વ, નિરુપદ્રવ, ઉપમા રહિત નિત્ય એવા આનંદના સુખામૃતને... છે? **'એવા આ નિર્મળ સુખામૃતને પીને...'** આહાહા..! અનાદિથી પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ એ બધા રાગ છે. રાગને પીને એ દુઃખી છે. એ રાગ છે એ દુઃખ છે. આહાહા..!

તો કહે છે, કે તારે જો પ્રત્યાખ્યાન કરવું હોય, તો અમૃતને પી. એ સુખ-દુઃખની કલ્પનામાં શુભાશુભરાગ, એનાથી રહિત થઈને. છે? **'નિર્મળ સુખામૃતને પીને...'** આહાહા..! ભગવાન આત્મા વસ્તુ છે, સત્તા છે, અસ્તિત્વ છે. એમાં તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય વીતરાગતા ભરી છે. એમાં કોઈ પુણ્ય-પાપ અને દયા-દાનનો વિકલ્પ નથી. આ તત્ત્વ ભિન્ન છે. એ તત્ત્વ ભિન્ન છે. આહાહા..! તો જેણે સાચું પચ્ચખાણ કરવું હોય. પચ્ચખાણ કહે છે? હિન્દીમાં પચ્ચખાણ કહે? શું? પ્રત્યાખ્યાન. સાચું પ્રત્યાખ્યાન કરવું હોય તેમણે પહેલા આત્મા આનંદસ્વરૂપ છે, એની દૃષ્ટિ કરીને આત્માનો સ્વાદ લેવો. અને સ્વાદ અંશે લેવો એ સમ્યગ્દર્શન છે. આહાહા..! અને એ સ્વાદ **'સુખામૃતને...'** જુઓ! **'નિર્મળ સુખામૃતને પીને...'** આહાહા..! નિર્મળ અમૃતનો કુંભ-ઘડો ભર્યો છે. આત્મા અમૃતનો કુંભ ભર્યો છે. એ સ્વરૂપની દૃષ્ટિ કરીને દ્વંદ્વપણું, ઉપદ્રવપણું, નિત્ય ઉપમા રહિત ચીજ છે, એ સુખામૃતને પીને. સુખામૃતને પી, નિર્વિકલ્પ આનંદને પીવે એ પચ્ચખાણ છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય. આવું પચ્ચખાણ! ઓલો ... સેવવા પચ્ચખાણ. હાથ જોડીને લઈ લે. બાપુ! એવું તો અનંતવાર કર્યું. એ બધું રાગની ક્રિયા છે. એ પ્રત્યાખ્યાન નથી. આહાહા..!

અંદર છે કે નહિ? શું લખ્યું છે? **'એવા...'** એવા કેવા? કે નિરૂપદ્રવ ચૈતન્યભગવાન અને અન્યદ્રવ્ય વિકલ્પથી રહિત **'એવા આ નિર્મળ સુખામૃતને...'** આહાહા..! એવા નિર્મળ આનંદરૂપી સુખ, અતીન્દ્રિય આનંદના અમૃતનો અનુભવ કરીને, પીને, નિર્વિકલ્પના...જો અનાદિથી રાગ, દયા, દાન અને પુણ્ય-પાપ પીધા છે, એ તો વિકાર છે. આહાહા..! 'યશપાલજી'! આકરું કામ છે. શુભભાવને અહીં ઝેર કહ્યા છે, દુઃખ-દુઃખ કહ્યું. આત્માનું સુખ... કળશ છે ને? ૧૩૧મો કળશ છે. આમાં અંદર લખ્યું છે. છે? શું લખ્યું?

પ્રભુ! તારે કામ કરવું હોય તો, પ્રભુ! તારે આ કરવાનું છે. આહાહા..! **'આવા...'** કેવા? નિરૂપદ્રવસ્વરૂપ ભગવાન ચૈતન્ય આનંદકંદ છે, અન્યદ્રવ્યના વિકલ્પથી રહિત એવા આત્માને... આહાહા..! હજી તો આત્મા એટલે શું એની ખબર ન મળે. **'એવા આ નિર્મળ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સુખામૃતને પીને...**’ નિર્મળ આનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞજિનેશ્વરે જે આત્મા કહ્યો એ. વીતરાગ સિવાય કોઈ આત્મા કહે છે એ બધા જાણ્યા વિના કહે છે. કોઈને ખબર નથી. સર્વજ્ઞ સિવાય કોઈને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ મહાવિદેહમાં બિરાજે છે. વર્તમાન મોજુદ છે. સમ્મેદશિખર સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એની આ વાણી છે. ‘કુંદકુંદાચાર્ય’ ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા. ત્યાંથી આવીને આ બનાવ્યું. અને એનો ભાવ બધા મુનિઓએ લીધો. આહાહા..! ‘કુંદકુંદાચાર્ય’ મુનિ તો એમ કહે છે, કે આ પુસ્તક તો મારા માટે બનાવ્યું છે. લોકો સમજે કે ન સમજે, મેં તો મારા માટે બનાવ્યું છે. આહાહા..! ઝીણી વાત બહુ, ભગવાન!

**‘એવા...**’ એટલે એવા કેવા? કે નિરૂપદ્રવ, દ્વંદ્વરહિત, ઉપમારહિત એવા નિર્મળાનંદ પ્રભુ! અન્યદ્રવના વિકલ્પથી રહિત, અન્ય પદાર્થના લક્ષથી રહિત, પોતાના આત્મામાં **‘આ નિર્મળ સુખામૃત...**’ નિર્મળ આનંદના અમૃતને પીને... આહાહા..! ‘યશપાલજી’! આવી વાત છે. એમાં છે? આ ‘સોનગઢ’નું નથી ને? આ દિગંબર સંતોનું છે. આ મહાદિગંબર સંતો ‘કુંદકુંદાચાર્ય’, ‘પદ્મપ્રભમલધારિદેવ’, ‘અમૃતચંદ્રાચાર્ય’, ‘પૂજ્યપાદસ્વામી’ મહાદિગંબર સંત, પરમેષ્ઠી, ભગવંત એ જે કહે છે એ કહે છે. આહાહા..! ઝીણી પડે, પ્રભુ! પ્રભુ તરીકે તો બોલાવે છે. હે પ્રભુ! તારી અંદરમાં એવી ચીજ પડી છે એ અમૃતથી ભરેલી છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે. અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સરોવર-સાગર છે. એ તરફ લક્ષ કરીને એનું સુખામૃત પી. એ આનંદના અમૃત ભર્યા છે એને પી. થોડું પી. આહાહા..! આવી વાતું છે. આવું તો સાંભળ્યું ન હોય. સુખામૃતને પીએ. ‘છોટાભાઈ’! શું કીધું આ? અનંત સુખામૃતને પી એમ કહે છે.

પ્રભુ! તું આ આત્મા છો ને, પ્રભુ! પ્રભુ! તારામાં તો અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને નાથ. આહાહા..! આ તારા સિવાયના અન્યદ્રવ્ય તરફનું લક્ષ છોડી દે. એના તરફના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભ અને અશુભ જેટલા વિકલ્પો આવે એ બધા દુઃખરૂપ છે. હમણા કહેશે. આહાહા..! **‘આ નિર્મળ સુખામૃતને પીને (–એ સુખામૃતના સ્વાદ પાસે...**’ સુખામૃતના સ્વાદની નજીક **‘સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી)...**’ છે? એ દયા, દાન, પંચમહાવ્રતના પરિણામ રાગ છે, દુઃખ છે. અરે..! કોણ માને? બહારની ક્રિયા કરે અને છોડે એટલે થઈ ગયો ધર્મ. બાપુ! ધર્મ કોઈ બીજી ચીજ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો ધર્મ કોઈ જુદી જાત છે. આહાહા..! શું કીધું?

એ પ્રભુ! સુખરૂપ, અતીન્દ્રિય આનંદરૂપ, એને પીને **‘(–એ સુખામૃતના સ્વાદ પાસે...**’ અમૃતના આનંદના સ્વાદની આગળ **‘સુકૃત...**’ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એ સુકૃત **‘પણ દુઃખરૂપ લાગવાથી,...**’ એ રાગ છે, એ વિકલ્પ છે, એ વિકાર છે, વિભાવ છે, એ આત્માના અતીન્દ્રિય સુખામૃતની પાસે આ રાગ દુઃખરૂપ લાગવાથી... આહાહા..! અહીં તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજી સંસારમાં બાયડી, છોકરા, ધંધો, પૈસો જાણે પાંચ-પચ્ચીસ પેદા થાય એટલે સુખી છીએ. અમે સુખી છીએ. ધૂળમાં સુખી નથી. સુખ ક્યાં હતું? આત્મા સુખ છે. અતીન્દ્રિય આનંદથી ભર્યો છે. સચ્ચિદાનંદ. સત્ છે. ચિદ્ જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ ભરેલા છે. એ સુખામૃતના સ્વાદની આગળ એ સુકૃત– દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ દુઃખરૂપ છે. અંદર છે? આવો આકરો માર્ગ છે, ભાઈ! આહાહા..!

વીતરાગ સર્વજ્ઞદેવ, એનો કહેલો ધર્મ. વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી હોય કે રાગભાવથી હોય? જૈનપરમેશ્વર તો વીતરાગ છે. ત્યારે એની વાણીમાં વીતરાગતા આવે કે રાગ આવે છે? રાગ આવે છે તો રાગ જાણવા માટે છે. છે એમ જાણવા માટે. પણ દુઃખરૂપ છે એમ જાણવા માટે આવે છે. આહાહા..! આવી વાત છે. આ બધા દયા, દાન, વ્રત, ભક્તિ માને છે ને? એ ધર્મ માનતા હતા ને એ. એ શું બધા માનતા હતા ને. અમે પણ એમાં હતા ને. આહાહા..! દુકાન ઉપર પણ એ માનતા. પડિક્કમણા કરીએ. આ તો પોણોસો વર્ષ પહેલાની વાત. પોણોસો વર્ષ પહેલાની વાત છે. અત્યારે ૯૦ વર્ષ થયા. ૯૦-૯૦. સોમાં દસ ઓછા. એ વખતે પડિક્કમણા કરીને માનીએ કે ધર્મ થઈ ગયો લ્યો. પડિક્કમણ કરીને પછી એમાં બોલીએ, 'જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રતધારી.' એમ બોલતા. હું બોલતો બધા દુકાને સાંભળે. કેવા વ્રતધારી! કેવા વ્રતધારી પછી કાંઈક હતું. આહાહા..! આ કહે 'કેવા વ્રતધારી? આગે વરે શ્રી વનહારી' એ વ્રતથી. એમ માનતા. આહાહા..!

અહીં કહે છે, કે આત્મામાં અતીન્દ્રિય આનંદના સમ્યગ્દર્શન આગળ અને આત્મામાં સમ્યગ્જ્ઞાન અને સ્વાદની આગળ, એ સુકૃત દયા, દાનના વ્રત પણ દુઃખરૂપ છે. દુઃખરૂપ છે. આકરું લાગે. વાદ-વિવાદ કરવા જાય તો પાર આવે એવું નથી. વાદ કરો.. વાદ કરો.. શેના વાદ કરે? ભાઈ! અમૃતનો સાગર છો, નાથ! જેટલા વિકલ્પ વૃત્તિઓ ઊઠે. પરદ્રવ્ય તરફની જેટલી વૃત્તિઓ ઊઠે એ બધી દુઃખરૂપ છે. દુઃખરૂપ છે. આહાહા..! એ પંચમહાવ્રતના પરિણામ આસ્રવ દુઃખરૂપ છે, ભગવાનની ભક્તિનો રાગ દુઃખરૂપ છે. આવે. અશુભથી બચવા આવે પણ છે દુઃખરૂપ. આહાહા..! છે બંધનું કારણ. આવે. પૂર્ણવીતરાગતા ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનની દૃષ્ટિ આત્મા ઉપર, પોતા ઉપર, અનુભવ હોવા છતા, વીતરાગ ન હોય તો રાગ આવે પણ એને જ્ઞાની બંધનું કારણ જાણે છે, એ દુઃખરૂપ છે. એ ધર્મ નથી. આહાહા..! સાંભળવું કઠણ પડે. શું કીધું?

**'(–એ સુખામૃતના સ્વાદ પાસે...'** અતીન્દ્રિય સુખના સ્વાદની આગળ **'સુકૃત...'** સુકૃત– શુભભાવ. સુકૃત એટલે શુભભાવ. દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, જાત્રાનો, પૂજાનો, ભગવાનના નામસ્મરણનો ભાવ એ બધું દુઃખરૂપ છે. અરે..રે..! ક્યાં સાંભળે? આખી વાત બીજે ચડી ગઈ. બીજે પાટે ચડી ગઈ. સંસારને પાટે. રાગથી ધર્મ મનાવ્યો. રાગ કરો.. રાગ કરો. કરતા કરતા બધું થશે. વ્યવહાર કરો અને દુઃખ કરો. દુઃખ કરતા-કરતા સુખ મળશે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખ છે ને? આહાહા..! બધી ખોટી વાત છે. ઓહોહો..!

સુખામૃતને પીને, **'જે જીવ સુકૃતાત્મક છે...'** છે? નીચે **'સુકૃતવાળો; શુભકૃત્યવાળો;...'** શુભ-શુભ. એ ભક્તિ, દાન, દયા, વ્રત, અપવાસ વગેરે શુભભાવ. **'શુભકૃત્યવાળો; પુણ્યકર્મવાળો; શુભ ભાવવાળો.'** જે ભાવ શુભભાવવાળા છે **'તે હવે એ સુકૃતને પણ છોડીને...'** આહાહા..! આમાં કાંઈ બોલાય એવું નથી. આની ના પડાય એવું નથી. આહાહા..! **'એ સુકૃતને પણ છોડીને...'** છે? અંદર સંસ્કૃતમાં–પાઠમાં છે. **'सुकृतम्येतद्विहायाधुना'** ત્રીજા પદમાં છે. આહાહા..! હોય તો એને છોડીને અંદર શુદ્ધસ્વરૂપમાં આવ. ભગવાન શુદ્ધસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે ત્યાં આવ, તેના આનંદને પી. એ આનંદના સ્વાદ આગળ તને સુકૃત પણ દુઃખરૂપ લાગે. તારો શુભભાવ, આનંદના અનુભવ આગળ, સમકિતના અનુભવ આગળ એ શુભભાવ પણ દુઃખરૂપ લાગશે. આહાહા..! હવે આવું. શુભભાવનું મીંડુ વાળવું બધું. આહાહા..! આવે, હોય પણ એને દુઃખરૂપ લાગે. હેય છે.

આત્માનો અનુભવ, સ્વાદ એ એક જ ઉપાદેય અને આદરણીય છે. આહાહા..! આવી વાત સાંભળતા જૂના આગ્રહીવાળાને આકરું પડે. એ સંપ્રદાયમાં માન્યું હોય અને એ બધા મનાવે છે. આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો... ભગવાન એમ કહે છે કે એ કરો... કરો... કરો.. ત્યાં મરવાનું છે. રાગ કરો એમાં આત્મા મરે છે. આહાહા..! રાગ કરવો એટલે દુઃખને કરવું, એમાં સુખનું મરણ થાય છે. આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... ભગવાન શાંતિનો સાગર, પ્રભુ તો શાંતિનો સાગર છે, એના અનુભવ આગળ રાગ છે એ અશાંતિ અને દુઃખરૂપ લાગે. આહાહા..! આવી વાતું છે. કહો, 'શાંતિભાઈ'!

શુભભાવ દુઃખરૂપ. સાંભળતા આકરું પડે. આહાહા..! માર્ગ આ છે, ભાઈ! પ્રભુનો વીતરાગમાર્ગ, જિનેશ્વર પરમેશ્વરનો માર્ગ તો આ છે. એમાં કાંઈ પણ ઓછું, અધિક, વિપરીત કરશે તો મિથ્યાત્વ થશે. આહાહા..! ઓહોહો..! **'સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી, જે જીવ સુકૃતાત્મક...'** સુકૃતસ્વરૂપ, શુભભાવ **'તે હવે એ સુકૃતને પણ છોડીને...'** જો તારે પ્રત્યાખ્યાન કરવું હોય, પચ્ચખાણ કરવું હોય તો શુભભાવને છોડીને અંદર સ્થિર થાય તે પચ્ચખાણ છે. શુભભાવ તો અપચ્ચખાણ છે. આહાહા..! રતિ ઊઠે, મને આ કરો... આ કરો. એ ભાવ અપ્રત્યાખ્યાન છે. આહાહા..! આવી વાત! ગળે ઉતરવી. આ અધિકાર ક્યો ચાલે છે? ઉપર છે નિશ્ચયપ્રત્યાખ્યાન. નિશ્ચય-પ્રત્યાખ્યાન એને કહે છે, કે પોતાના નિત્યાનંદનો સ્વાદ લઈને શુભભાવ જે વિકાર અને દુઃખ છે એને છોડ અને સ્વરૂપમાં લીનતા કર એ પ્રત્યાખ્યાન છે. અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ લે એ પ્રત્યાખ્યાન છે. આહાહા..! આવી વ્યાખ્યા કોઈ દિ' સાંભળી ન હોય. બહારથી આ જાત્રા કરીએ. ગીરનારની જાત્રા, સમ્મેદશીખરની જાત્રા. થઈ ગયો ધર્મ.

અહીં કહે છે, કે એ બધું પરદ્રવ્ય તરફનું લક્ષ છે એટલો બધો વિકાર છે, શુભરાગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા તરફનું લક્ષ છે એ પાપભાવ છે. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનું લક્ષ છે એ પુણ્યભાવ છે. પણ બંને ભાવ બંધનું કારણ છે. આહાહા..! **'એ સુકૃતને પણ છોડીને...'** પણ કેમ કહ્યું? કે અશુભ તો છોડ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, એ તો પાપ છે. એ તો છોડ. પણ આ સુકૃત, શુભભાવ, દયા, દાન એ પણ છોડ. તો પ્રત્યાખ્યાન થશે. આવી વાત હવે. અને **'અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.'** આહાહા..! શું કહે છે?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપનો અનુભવ કરતા એ પ્રગટ અનુભવ થાય છે. પ્રગટ છે ને? **'(–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.'** પ્રગટપણે આત્માને પર્યાયમાં પ્રાપ્ત કરે છે. આહાહા..! રાગ અને પુણ્ય અને પાપના ભાવ જે અનાદિથી પ્રગટપણે કરે છે, એ તો બધા અપ્રત્યાખ્યાન છે. આત્માની અંદરમાંથી ઓહો..! **'અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને...'** ચૈતન્યમાત્ર ચિંતામણિ. ચૈતન્યમાત્ર કેમ કહ્યું? કે એમાં કોઈ રાગના વિકલ્પનો સંબંધ નથી. એવા ચૈતન્યમાત્ર ભગવાન ચિંતામણિને પ્રગટપણે પ્રાપ્ત કરે છે, તેને પ્રત્યાખ્યાન થાય છે. આહાહા..! આ તો બે દ્રવ્ય ન ખાવા, પાંચ દ્રવ્ય ખાવા, ફલાણા ખાવા એટલે થઈ ગયા પ્રત્યાખ્યાન. ત્યાગ કર્યો, પાંચ રસ ખાતા નથી, બે રસ ખાય. એ તો પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે નહિ. આહાહા..! અંતરમાં એ શુભભાવ છે અને અંતરમાં અહીંયાં શુદ્ધ અમૃતના સાગર છે, બેને ભિન્ન કરીને, પછી આત્માના અમૃતને પીને શુભભાવને છોડી દે. આહાહા..!

પછી **'અદ્વિતીય...'** એની સામે બીજું કોઈ. એકલું **'અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.'** આહાહા..! આવી વાત છે. ઝીણું... ઝીણું... અરૂપી ભગવાન છે. એને તો રંગ નથી, ગંધ નથી, રસ-સ્પર્શ નથી, પુણ્ય-પાપના વિકલ્પ એ તો ભિન્ન તત્ત્વ છે. જ્ઞાયક તો અભિન્ન છે. નવ તત્ત્વમાં ભિન્ન તત્ત્વ છે. નવતત્ત્વ છે કે નહિ? તો દયા, દાન, વ્રત, પરિણામ એ તો પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું એ પાપતત્ત્વ છે. એ બે થઈને આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા તો આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. આહાહા..! નવતત્ત્વની શ્રદ્ધા કરે તો પણ એને પુણ્ય-પાપથી ભિન્ન આત્માની શ્રદ્ધા કરે તો થાય. આહાહા..! ઝીણું પડે. બોઝો પડે માણસને. આખી જિંદગી એમાં કાઢી. આ કર્યું... આ કર્યું... આ વ્રત કર્યા, આ ભક્તિ કરી, પૂજા કરી, ગજરથ ચલાવ્યા. ગજરથ ચલાવ્યા અને દસ લાખ ખર્ચ્યા. એ ધર્મ-બર્મ નથી. ગજરથમાં પાંચ-દસ લાખ ખર્ચ્યા એ ધર્મ નથી. શુભભાવ છે. એ શુભભાવ–સુકૃત સ્વભાવની અપેક્ષાએ દુઃખરૂપ છે. આહાહા..! સાંભળ્યું જાય. કાન સાંભળી સાંભળીને ઓલામાં ફૂટ્યા હોય. આ કરો.. આ કરો.. ગજરથ ચલાવો, ફલાણું કરો, આ કરો. મુનિને આહાર દ્યો તો કલ્યાણ થશે. અહીં કહે છે પરદ્રવ્યમાં જેટલો વિકલ્પ જાય એ બધું રાગ અને દુઃખ છે. આહાર દેવાનો ભાવ જે છે એ શુભભાવ છે. શુભભાવ એ દુઃખરૂપ છે. કોણ માને? માને ન માને સત્ય તો આ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણલોકના નાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષ આ વાત કરે છે. એ વાત આ છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. ત્યાં ગણધરો અને ઇન્દ્રો જાય છે. અરે..! નાગ, વાઘ, સિંહ સભામાં જાય છે. પ્રભુ આ વાત કરે છે. એ 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી લઈને આવ્યા અને દુનિયા પાસે જાહેર કરે છે. મારા પ્રભુનું આ છે. તમને સમજાય, ન સમજાય પણ વાત-માર્ગ આ છે. આહાહા..! કહો, આમાં કષાયની મંદતા ક્યાં આવી? કષાયની મંદતાને દુઃખ કહ્યું. આહાહા..! સુકૃત. લૌકિક સદાચાર તો વળી જુદા. નૈતિકજીવન. પણ આ તો લોકોત્તર જૈનમાં કહેલો વ્રત, તપ આદિ કરુણાનુયોગમાં, વ્રત, તપ અને ભક્તિ ચરણાનુયોગમાં અનુયોગમાં કહેલો. એમાં જણાવ્યો છે. ભગવાને વ્યવહાર આવે. પૂર્ણ વીતરાગ ન હોય એને આવે. પણ તે રાગ અને દુઃખ છે. આહાહા..! એ છે એ દુઃખરૂપ છે એમ જણાવ્યું છે. ચરણાનુયોગમાં આવે છે. આહાહા..! કથાનુયોગમાં આવે. કથામાં અનેક પ્રકારે આવે. ભાવના કરી હોય તો સિંહ અને વાઘે. 'રામચંદ્રજી'ને આહાર-પાણી આપતા હતા. ઓલો ગીધ પક્ષી માથે બેઠો હતો. 'રામચંદ્રજી'ને વહોરાવતા. આપતા હતા. ગીધ પક્ષીને જાતિસ્મરણ થઈ ગયું. અને નીચે ઉતરી ગયું. શરીર આખું ફરી ગયું. સોનાની આંખ. નીચે આવીને બેસી ગયું. 'સીતાજી'ને એમ થયું અરે..રે..! આ શું? આ જનાવર! કહે, સાંભળો એ પૂર્વનો રાજા વિરોધી હતો ત્યારે આ થયું છે. આહાહા..! એ જાતિસ્મરણ થયું. એ ગીધ પક્ષીને જાતિસ્મરણ થયું. જેની ચાંચ અને બે પાંખ સોનાની થઈ ગઈ અને ભગવાન 'રામચંદ્રજી' પાસે બેઠું હતું.

આત્મા છે તે ગમે તે હોય. શરીર ક્યાં આત્મા છે? સ્ત્રીનું શરીર, તિર્યંચનું શરીર, પુરુષનું શરીર, એ તો જડ-માટી-ધૂળ છે. એ કાંઈ આત્મા નથી અને એની ક્રિયા એ પણ આત્માની નથી. આહાહા..! આ હાથ ચાલે છે એ આત્માથી નહિ, ભાષા બોલાય છે એ આત્માથી નહિ. એ તો જડની ક્રિયા છે. આહાહા..! આવી વાતું.

મુમુક્ષુ :– જડની ક્રિયા આપ કરો છો શું કામ?

પૂ. ગુરુદેવશ્રી :– કોણ કરે છે? જડની ક્રિયાને કાળે જડની ક્રિયા થવાની હોય તે થાય. ભાષાવર્ગણામાંથી જે સમયે ભાષા થવાની હોય તે સમયે થાય. આત્મા એને ન કરી શકે. એમાં રાગ આવે એ રાગ વિકલ્પ છે.

મુમુક્ષુ :– બહુ જોરથી આપ તો ફરમાવો છો.

પૂ. ગુરુદેવશ્રી :– વસ્તુ આમ છે. માનો, ન માનો, જગત છે દુનિયા. આહાહા..! એને આ વાત બેસવી બહુ કઠણ પડે. કારણ કે આખું પોષણ બીજું મળ્યું હોય, એમાં એકદમ ગુલાંટ ખાવી કહે છે... આહાહા..! એ શુભભાવની ક્રિયા દુઃખરૂપ છે. આહાહા..! એમ ગળે ઉતારવું. એ આત્માના શુદ્ધઆનંદના સ્વાદ આગળ શુભક્રિયા દુઃખરૂપ છે. આહાહા..! **'(–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.'** લ્યો. ૧૩૧મો કળશ થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક-૧૩૨ ઉપર પ્રવચન

૧૩૨મો કળશ.

**को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्।।१३२।।**

આ 'અમૃતચંદ્રાચાર્ય'નું આવે છે ને? ટીકામાં 'અમૃતચંદ્રાચાર્ય'નું મૂક્યું છે. નીચે એનો અર્થ. '**ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા...**' ભાષા કઈ છે? ગુરુના '**સમ્યક્ અર્ચન; સમ્યક્ પૂજન; સમ્યક્ ભક્તિ.**' એનાથી '**ઉત્પન્ન થયેલા...**' ભાષા જુઓ! '**ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા...**' એક વાત. એટલે ગુરુએ એને વીતરાગભાવે કહ્યું, કે વીતરાગભાવ એ ધર્મ છે અને શુભભાવ એ ધર્મ નથી. આહાહા..! ચાહે તે ગુરુની સાચી ભક્તિ એણે કરી.

'**ગુરુચરણોના સમર્ચનથી...**' ભાષા આમ છે, કે ગુરુએ એ કહ્યું. 'આત્મ અવલોકન'માં આવે છે. 'આત્મઅવલોકન'માં આવે છે, કે મુનિઓ દુનિયાને વીતરાગ.. વીતરાગ... વીતરાગ... વીતરાગનો ઉપદેશ આપે છે. વીતરાગનો ઉપદેશ આપે છે. વીતરાગભાવનો ઉપદેશ આપે છે. વીતરાગભાવનો ઉપદેશ આપે છે, રાગનો નહિ. 'આત્મઅવલોકન'માં છે. વારંવાર વીતરાગપણું... વીતરાગપણું... રાગરહિતપણું, સમકિત રાગરહિતપણું, સમ્યગ્જ્ઞાનરહિત રાગરહિતપણું, ચારિત્ર રાગરહિતપણું, તપ પણ રાગરહિતપણું. એવા વીતરાગભાવની વારંવાર વાત કરે. આહાહા..! રાગથી આમ થાય અને રાગથી આમ થાય એવી વાત... એ ગુરુ પાસે સાંભળ્યું એમ કહ્યું.

એથી '**ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને...**' જુઓ! ગુરુએ એને બતાવ્યું એ. આહાહા..! પૂજા કરતા ગુરુએ બતાવ્યું આ. શું? '**નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન...**' આહાહા..! પોતાનો મહિમા, પોતાના નિજ વૈભવ, આત્માના સ્વભાવનો મહિમા જેને છે એ '**મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે?**' આહાહા..! કેમ કે ગુરુએ એને એમ કહ્યું છે, કે જેટલા વિકલ્પ અને પરદ્રવ્ય છે એ તારા નથી, એ પર છે. તો ગુરુના ચરણ જેણે સેવ્યા એ ગુરુની પાસે સાંભળ્યું એ વિદ્વાન કોણ એવા છે કે પરદ્રવ્ય મારું છે અને એનાથી મને લાભ થશે. શુભરાગથી મને લાભ થાય એમ કોણ કહે? એમ કહે છે. આહાહા..! કેમ કે ગુરુએ એને એમ કહ્યું હતું. આહાહા..!

'**નિજ મહિમા...**' આવી ને? '**સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમા...**'નો અર્થ એ. ગુરુની સેવાથી. ગુરુએ એને ઉપદેશ કર્યો. એને વીતરાગભાવ ઉત્પન્ન થયો. આહાહા..! છે? '**નિજ મહિમા...**' ગુરુએ બતાવી. પ્રભુ! તારી મહિમાનો પાર નથી. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તા-કર્મ-કરણ આદિ અનંતશક્તિઓનો સાગર, એ તારા અનંતાગુણ કહેવાને અનંતકાળ થાય તો પણ કહી શકાય નહિ. એટલી બધી શક્તિ તારામાં ભરી છે. આત્મા એક અને શક્તિ અનંત છે. એવો નિજ મહિમા એણે બતાવ્યો. ગુરુની સેવાથી એટલે ગુરુએ આ બતાવ્યું એટલે એનાથી ઉત્પન્ન થયું એમ કહેવામાં આવ્યું. આહાહા..!

એ તો પહેલા કહ્યું કે પરદ્રવ્યથી ઉત્પન્ન થાય નહિ. અહીં એ કહ્યું **'ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા...'** ઠીક. છે? સમર્ચન છે ને? સમ્યક્ અર્ચન છે ને? બરાબર પૂજા, બરાબર પૂજન, બરાબર ભક્તિ. તો જેમ કહ્યું એવું સાંભળ્યું, એવું માન્યું તો એણે બરાબર ભક્તિ કરી. એણે અત્યારે તો વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... નિશ્ચય વિનાનો વ્યવહાર. સમ્યગ્દર્શન નહિ. સમ્યગ્દર્શન તો આ છે. રાગમાં ધર્મ માને એ તો મિથ્યાત્વ છે. શુભરાગની ક્રિયામાં ધર્મ માને એ તો મિથ્યાદષ્ટિ છે. એ જૈન છે જ નહિ. એ જૈન જ નથી. જૈન તો વીતરાગને વીતરાગતા માને, આ તો રાગને વીતરાગધર્મ માને તો એ જૈન પણ નથી. આહાહા..!

જગતની સાથે રહેવું અને જગતથી જુદું. આહાહા..! માર્ગ તો આવો છે, બાપુ! આહાહા..! એ ભલે આજ સમજે, કાલે સમજે, પછી સમજે પણ સમજે તો આ છે. બાકી એ વિના બધા થોથા છે. લાખો ખર્ચે, કરોડો ખર્ચે. કરોડોના મંદિર બનાવે, મોટા વરઘોડા કાઢે. આહાહા..! રથયાત્રા કાઢે, ગજરથ મોટા દસ-દસ લાખ ખર્ચીને ગજરથ કાઢે. એ ક્રિયા બધી જડની છે, એ તો પરની છે. એમાં એનો ભાવ હોય તો એ શુભ છે. એ શુભ એ દુઃખરૂપ છે. આવી વાતું છે. અરે..રે..! ક્યાં સાંભળે? કોણ સાંભળે આ? વીતરાગમાર્ગ આવો છે.

મુમુક્ષુ :– સંસાર જેને નજીક હોય એ સાંભળે.

પૂ. ગુરુદેવશ્રી :– સંસાર જેને નજીક છે, અલ્પકાળમાં મુક્તિ થવાની છે. એને આ વાત બેસે. આહાહા..!

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. એ વાણી તો જડ છે, પણ અંદર વિકલ્પ ઊઠે ણમો અરિહંતાણં એ રાગ છે અને રાગ એ દુઃખ છે. આવે. પણ છે દુઃખરૂપ. રાગ છે એ ક્લેશ છે. રાગ એ સુખ હોય? ચાહે તો શુભરાગ હોય. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! **'નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન...'** એને વિદ્વાન કહીએ કે જે પરદ્રવ્યને મારો માને નહિ. રાગને, શરીરને મારા માને નહિ. આ શરીરની ક્રિયા મારાથી થાય એ બિલકુલ ખોટી વાત છે. આ પગ ચાલે છે એ આત્માથી ચાલે છે એ બિલકુલ ખોટી વાત છે. આહાહા..! પગ-પગ જડ છે. પગ તો પરમાણુ માટી છે. એની પર્યાય પરની ક્રિયા થાય છે એ જડથી થાય છે. આત્માથી જડની ક્રિયા થાય એ માન્યતા અજીવને જીવ માન્યો અને રાગને ધર્મ માન્યો એ પુણ્યને ધર્મ માન્યો. બેય એક મિથ્યાદષ્ટિ છે. જૈન નથી. એને જૈનની ખબર નથી. આહાહા..! આવી જિંદગી જાય. એમ કહે. ૧૩૨ થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૯૮

पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।
सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।
प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैर्विवर्जित आत्मा।
सोहमिति चिंतयन् तत्रैव च करोति स्थिरभावम्।।९८।।

अत्र बन्धनिर्मुक्तमात्मानं भावयेदिति भव्यस्य शिक्षणमुक्तम्।

शुभाशुभमनोवाक्कायकर्मभिः प्रकृतिप्रदेशबंधौ स्याताम्; चतुर्भिः कषायैः स्थित्यनुभागबन्धौ स्तः; एभिश्चतुर्भिर्बन्धैर्निर्मुक्तः सदानिरुपाधिस्वरूपो ह्यात्मा सोहमिति सम्यग्ज्ञानिना निरन्तरं भावना कर्तव्येति।

પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે
છું તે જ હું - ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.

અન્વયાર્થ :– [प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः विवर्जितः] પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ રહિત [आत्मा] જે આત્મા [सः अहम्] તે હું છું - [इति] એમ [चितयन्] ચિંતવતો થકો, (જ્ઞાની) [तत्र एव च] તેમાં જ [स्थिरभावं करोति] સ્થિરભાવ કરે છે.

ટીકા :– અહીં, (આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો-એમ ભવ્યને શિખામણ દીધી છે.

શુભાશુભ મનવચનકાયસંબંધી કર્મોથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે; ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે; આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.

## ગાથા–૯૮ ઉપર પ્રવચન

૯૮ ગાથા.

पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।
सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।

નીચે હરિગીત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે**
**છું તે જ હું - ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

આહાહા..! **'ટીકા :– અહીં (–આ ગાથામાં) બંધરહિત આત્માને ભાવવો—'** આત્મા બંધરહિત માનવો જોઈએ. આત્મા અંદર વસ્તુ છે, દ્રવ્યવસ્તુ સત્તા છે. ત્રિકાળ નિરાવરણ અબંધ છે. બંધરહિત માનવો જોઈએ. આહાહા..! 'સમયસાર'ની ૧૪મી ગાથામાં કહ્યું છે. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** 'સમયસાર'ની ૧૪ અને ૧૫મી ગાથા. **'जो पस्सदि अप्पाणं'** જે કોઈ આત્માને અબદ્ધ દેખે તે જૈનશાસનને દેખે. આત્માને બંધ દેખે એ રાગ અને અજ્ઞાનને દેખે. આહાહા..! ૧૪મી અને ૧૫મી ગાથા. દર્શન-જ્ઞાન. **'जो पस्सदि'** એમ છે ને? **'जो पस्सदि'** 'કુંદકુંદાચાર્ય' કહે છે, જે કોઈ જીવ પોતાના આત્માને અબંધ દેખે... આહાહા..! બંધ નહિ. છે ને અહીંયાં? આવ્યું ને? બંધરહિત આત્મા અબંધ છે. બંધ બંધમાં છે, આત્મા આત્મામાં છે. આત્મામાં બંધ છે નહિ. ઓહોહો..!

**'અહીં (–આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો–...'** બંધરહિત આત્માની ભાવના કરવી જોઈએ. બંધસહિતની ભાવના છોડવી જોઈએ. આહાહા..! અને ત્યાં તો ચોથું કહ્યું છે. જે કોઈ આત્માને **'पस्सदि'** દેખે. અબંધસ્પષ્ટ, એ જૈનશાસનને દેખે. જૈનશાસનમાં આ કહેવું છે. 'સમયસાર'ની ૧૫મી ગાથા છે. જે કોઈ પોતાના આત્માને **'पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं। अपदेससंतमज्झं'** એ ક્ષેત્રના કથન છે. વીતરાગની વાણી આ છે અને ભાવ આ છે. વીતરાગવાણીમાં પણ એમ કહ્યું છે, કે જે આત્માને અબદ્ધને દેખે એ જૈનશાસન છે. આહાહા..! વાતે વાતે ફેર. ભાવે ભાવે ફેર લાગે.

અહીં તો કહે, બંધરહિત... આહાહા..! આ 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે. છે ને? ગાથા તો એની છે ને? ટીકા 'પદ્મપ્રભમલધારિદેવ'ની છે. **'पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।'** બંધથીરહિત આત્મા. આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ, ધર્મની પહેલી શરૂઆતાવાળા આત્માને અબદ્ધ દેખે છે. એણે જૈનશાસન દેખ્યું. આત્માને બંધસહિત દેખે, રાગસહિત દેખે, એણે જૈનશાસન દેખ્યું નથી. આહાહા..! આકરું કામ છે. **'અહીં (આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો—...'** ભાવના એ કરવી જોઈએ. હું તો બંધરહિત છું. આહાહા..! ત્રિકાળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ, નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. બંધ-ફંદ મારામાં છે નહિ. આહાહા..! બંધ છે એ જાણવાલાયક છે, જ્ઞાન કરવાલાયક છે. આદરણીય નથી. અબંધસ્વરૂપ તે આદરણીય છે. આહાહા..! એક એક વાતમાં ફેર. એને ક્યાં પહોંચવું?

**'બંધરહિત આત્માને ભાવવો—'** જોયું? આ ગાથામાં આત્માને બંધરહિત ભાવના કરવી જોઈએ. એમ નથી કહ્યું, કે પ્રકૃતિ અને પ્રદેશથી બંધ છે. સ્થિતિથી કષાયથી સ્થિતિ છે એમ આત્માને માનવું જોઈએ એમ કીધું નથી. એ પર્યાયમાં છે. બંધ વસ્તુમાં નથી. તેથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુની ભાવના કરવી હોય એણે બંધરહિત ભાવના કરવી. છે? **'બંધરહિત આત્માને ભાવવો—'** ભાવવો એટલે ભાવના કરવી. ભાવના કરવી. આહાહા..! આત્માને ભાન બનાવવું. ભાન બનાવવું એટલે અંદર એમાં માલ છે એની ભાવના કરવી. પુણ્યની, દયાની, દાન, વ્રત, ભક્તિની ભાવના નહિ. આવું આકરું!

**'એમ ભવ્યને શિખામણ દીધી છે.'** એ પ્રાણી ભવ્ય જે છે, લાયક છે એને આ શિખામણ દીધી છે. ન સમજે, અભવી જીવ હોય એની વાત ક્યાં છે? વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૦૫, શ્લોક-૧૩૩, ગાથા-૯૮-૯૯, ગુરુવાર, માગશર વદ ૧૦, તા.૧૩-૧૨-૧૯૭૯

'નિયમસાર' ૯૮મી ગાથા, એની ટીકા. ટીકાની એક-બે લીટી તો આવી ગઈ છે. **'શુભાશુભ મનવચનકાયાસંબંધી...'** મન-વચન અને કાયા, એના સંબંધી જેટલા શુભાશુભ યોગ થાય. કંપન-જોગ થાય, એને અહીં કર્મ કહેવાય. કર્મ એટલે કાર્ય. એનાથી **'પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે;...'** આત્મામાં મન, વચન અને કાયા એ તો જડ પર છે અને એના સંબંધમાં જે યોગનું કંપન થાય, એ પ્રદેશ અને પ્રકૃતિબંધનું કારણ છે. આગળ કહેશે કે માટે તે હેય છે. અને **'ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે;...'** ચારકષાય–ક્રોધ, માન, માયા, લોભ. રાગના બે પ્રકાર : માયા અને લોભ, દ્વેષના બે પ્રકાર : ક્રોધ અને માન. લોભ છે એ રાગ છે. ચાહે તો પ્રશસ્તરાગ હોય કે અપ્રશસ્ત. દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધીનો રાગ હોય કે સ્ત્રી, કુટુંબ સંબંધીનો રાગ હોય એ અશુભ છે અને આ શુભ છે. એ બે કર્મની સ્થિતિ અને અનુભાગનું કારણ છે. આહાહા..! છે?

**'ચાર કષાયોથી...'** શુભ હોય કે અશુભ હોય, એનાથી કર્મમાં **'સ્થિતિબંધ...'** પડે અને **'અનુભાગબંધ થાય છે; આ ચાર બંધો રહિત...'** આત્મા ચાર બંધથી રહિત છે. જે એનું દ્રવ્યસ્વરૂપ, તત્ત્વસત્તા જે છે, એનું ત્રિકાળી તત્ત્વ હોવાપણું જે છે તે તો અબંધ છે. દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળી સત્તા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ આદિ, અનંતગુણ સંપન્ન જે દ્રવ્યની સત્તાનું અસ્તિત્વ છે, એ દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ અને નિરાવરણ છે. એ બંધરહિત છે. વસ્તુ છે એ બંધરહિત છે અને સમ્યગ્દર્શનનો વિષય પણ બંધરહિત છે. આહાહા..!

**'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** જે કોઈ આ આત્માને અબદ્ધ સ્પષ્ટ દેખે, બંધનથી કોઈ પ્રકૃતિ અને સ્થિતિ અનુભાગ, કે ...થી પ્રકૃતિ અને પ્રદેશ કોઈપણ બંધ એ સ્વરૂપમાં છે નહિ. એવું એનું ત્રિકાળી જ્ઞાયક અબંધસ્વરૂપ જે દેખે તેણે જૈનશાસનને દેખ્યું. આહાહા..! જોડે રાગ અને કષાય. રાગ કહો કે કષાય કહો, રાગના ભાગ માયા અને લોભ. દ્વેષનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રોધ અને માન. એ કષાયથી સ્થિતિ ને રસ પડે, એ કષાય ચાહે તો શુભ હોય કે અશુભ હોય, પણ એ બંધથી તો રહિત આત્મા છે. દ્રવ્યબંધથી તો રહિત છે. દ્રવ્યબંધ એટલે આઠકર્મબંધની પ્રકૃતિ. જડ, અચેતન એનાથી તો પ્રભુ અંદર અબદ્ધ છે. એ અજીવના સંબંધમાં આવ્યો પણ નથી. એની પર્યાયમાં જે સ્થિતિ અનુભાગ પડે એ કષાય થાય. શુભ કે અશુભરાગ એ પણ ભાવબંધ છે. એ ભાવબંધથી પણ અબંધસ્વરૂપ ભિન્ન છે. આવી વાતું છે.

એ અબદ્ધસ્વરૂપને જે દેખે છે એટલે કે શ્રદ્ધે છે, એટલે કે એને જાણીને માને છે, તેણે જૈનશાસને જે કહેવું હતું તે માન્યું. એ જૈનશાસન એ છે. **'पस्सदि जिणसासणं सव्वं'** આહાહા..! **'આ ચાર બંધો રહિત સદા...'** સદા શબ્દે ત્રણેકાળ. કોઈ વખતે નિગોદમાં પણ બંધવાળું દ્રવ્ય હતું એમ નથી. એ સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્ય છે, એ તો ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે. આહાહા..! એને તો બંધની સ્થિતિ અને રસ એમાં કાંઈ છે જ નહિ. એને દયા, દાન અને તીર્થંકરગોત્રનો જે ભાવ છે એ બંધ. એ ભાવ ભાવબંધ છે એ પણ અબંધસ્વરૂપમાં નથી. આહાહા..! આવી ઝીણી વાત છે, ભાઈ!

**'આ ચાર બંધો રહિત સદા...'** સદા કેમ મૂક્યું છે? ત્રિકાળ. મુક્ત થાય ત્યારે નિરુપાધિસ્વરૂપ છે એમ નહિ. એ મુક્ત થાય ત્યારે તો પર્યાયમાં નિરુપાધિસ્વરૂપ છે. આ તો દ્રવ્યસ્વરૂપ જે છે એ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે. નિરુપાધિસ્વરૂપ છે, તો પર્યાયમાં, અવસ્થામાં નિરુપાધિસ્વરૂપ પ્રગટ થાય છે. એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે તે મળે છે, છે તે પ્રગટે છે. આહાહા..! એવો જે ભગવાન આત્મા. આ ભગવાન આત્મા હોં. ભગવાન થઈ ગયા એ નહિ. અબદ્ધસ્વરૂપ છે. સદાય–ત્રણેકાળે અબદ્ધસ્વરૂપ છે. નિગોદમાં હોય કે તીર્થંકર પ્રકૃતિના ઉદયમાં હોય, પણ ઉદય તો એમને તેરમે ગુણસ્થાને આવે. બંધમાં હોય, તીર્થંકરપ્રકૃતિના બંધમાં હોય, પણ એ વસ્તુ તો ત્રિકાળ અબદ્ધ છે. આહાહા..!

ષોડ્ષકારણભાવનાએ તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવબંધથીરહિત વસ્તુ છે. બંધાય છે તે તીર્થંકર પ્રકૃતિ તે જડ છે. પણ એ જે ભાવે નિમિત્તબંધાય છે, તે ભાવ પણ અચેતન છે. તેનાથી સદાય ભિન્ન છે. આહાહા..! હવે અહીં સુધી જાવું માણસને. ઝીણી વાત છે, ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમની આજ્ઞાનું સ્વરૂપ છે એ કોઈ અલૌકિક છે. એવું સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. ક્યાંય છે નહિ. નિષેધ બહુ કરવા જઈએ તો શું થાય? બાકી અસ્તિરૂપે તો આ એકમાં જ છે એ. આહાહા..!

**'સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા...'** હવે સમ્યગ્દૃષ્ટિ જીવ એમ વિચારે છે, કે એ બંધથી સદા રહિત **'નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—'** આહાહા..! છે? ઉપાધિ છે ને? છે એ વ્યવહારમાં જાય. વસ્તુમાં નથી. વસ્તુ ત્રિકાળ નિરાવરણ છે. અખંડ એક અવિનશ્વર... આહાહા..! પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ પડી છે. કર્મ પારિણામિક શુદ્ધતત્ત્વભાવ નિજદ્રવ્ય, તે સદાય નિરુપાધિસ્વરૂપ છે. આહાહા..! એ વાત બેસે શી રીતે? દર્શનશુદ્ધિની વાત પહેલી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ચારિત્ર તો પછી. ચારિત્ર તો ચરવું. પણ શેમાં ચરવું? જે ચીજ જ જોઈ નથી, જે ચીજ જાણવામાં આવી નથી. એ ચીજમાં રમવું શી રીતે? રમવું એ ચારિત્ર છે. પણ ચીજ શું છે એ હજી દૃષ્ટિમાં આવી નથી. તો વસ્તુ એવી છે કે સદા નિરુપાધિસ્વરૂપ છે. આહાહા..!

એ **'આત્મા તે હું છું—'** આહાહા..! આ આત્મા તે હું છું. **'એમ સમ્યગ્જ્ઞાનીએ...'** સમ્યગ્જ્ઞાનીએ ચોથે ગુણસ્થાનથી. કેટલાય વળી સમ્યગ્જ્ઞાન ચોથે ગુણસ્થાને નહિ અને સાતમે ગુણસ્થાને કહે છે. દૃષ્ટિ ફરી ત્યાં સમ્યગ્જ્ઞાન થયું. ત્યાં **'સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.'** આહાહા..! વચ્ચે ભક્તિનો, પૂજાનો રાગ આવે. પણ એની ભાવના ન કરવી. એને જાણીને હેય જાણવો. અને ભાવના આની કરવી. સમ્યગ્જ્ઞાનીએ, સાચાજ્ઞાનીએ નિરંતર. અંતર પડ્યા વિના. સદા નિરુપાધિસ્વરૂપ ભગવાન આત્મા, તેની ભાવના–એકાગ્રતા કરવી. આહાહા..! આવો માર્ગ છે. ક્યાં જાવું એને?

ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ ભગવાન જેને સ્થિતિરસનો ભાવ જ નથી. જેમાં વિકલ્પભાવ તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ, એ ભાવ ભાવબંધ છે એનાથી પણ રહિત એ નિરુપાધિસ્વરૂપ છે. આહાહા..! એવું સદા નિરુપાધિસ્વરૂપ ભગવાન આત્મા, તેને ધર્મીજીવે, સમ્યગ્જ્ઞાની જીવે આ **'નિરંતર ભાવના કરવી.'** કે આ નિરુપાધિસ્વરૂપ છે તે હું છું. ઉપાધિ, રાગાદિ આવે તે હું નહિ. આહાહા..! વ્યવહારરત્નત્રયનો રાગ આવે, એને કથનમાત્ર–કહેવામાત્ર કહેવામાં આવે છે. એ વસ્તુ હું નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ એ હું નહિ. **'એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.'** આહાહા..!

સવારમાં ઓલું આવ્યું હતું. ષટ્કારકમાં ભેદ અને નિત્ય-અનિત્ય ધર્મના ભેદ અને જ્ઞાનદર્શન આદિ ગુણમાં ભેદ. એ અર્થકાર–ટીકાકાર 'રાજમલ' કરે છે એ તો કથનમાત્ર–વચનમાત્ર છે. વસ્તુમાં કાંઈ એ ભેદ છે નહિ. વ્યવહારનયને ૩૫ ગાથામાં કથનમાત્ર કહ્યું હતું ને? એમ અહીંયાં કથનમાત્ર કહ્યું છે. આહાહા..! એ તો કથનમાત્ર ભેદ છે. વસ્તુ તો અખંડઆનંદ પ્રભુ! ષટ્કારકના ભેદ વિકારથી તો ભિન્ન, ધર્મ જે કહેવાય અસ્તિત્વપણું એનાથી તો ભિન્ન, પણ નિર્મળપર્યાયના ષટ્કારકો, નિર્મળ વીતરાગી ધર્મની દશા એ નિર્મળ કર્તાકર્મ આદિ જે પર્યાય એનાથી પણ પ્રભુ તો ભિન્ન છે. આહાહા..! કેમ કે દ્રવ્યસ્વભાવ સમ્યગ્દર્શનનો જે વિષય છે, એમાં સમ્યગ્દર્શન પર્યાય વિષયમાં નથી. સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનના વિષયમાં નથી. આહાહા..! આવું આકરું પડે. શું થાય? અનાદિથી જે બીજે માર્ગે ચડી જાય. અનાદિથી બીજે માર્ગે ચડી ગયો. રસ્તો પડ્યો રહ્યો. વીતરાગપંથ જે છે એ પડ્યો રહ્યો. વીતરાગભાવે અંદરમાં જવાય એ પંથ પડ્યો રહ્યો. રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, એવા ભાવે આ થશે એમ માનીને ત્યાં રોકાઈ ગયો. આહાહા..!

અહીં તો કહે છે, **'સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા...'** એ જ આત્મા. એમ. એ આત્મા જ એ છે. બાકી ઉપાધિ આદિ રાગ-દ્વેષ અને પુણ્યતત્ત્વ, ભાવતત્ત્વ ભિન્નતત્ત્વ છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ **'આત્મા તે હું છું—'** આહાહા..! **'એમ...'** ધર્મી. ધર્મની શરૂઆત કરનારાએ, **'સમ્યગ્જ્ઞાનીએ...'** ધર્મીજીવ કહો કે સમ્યગ્જ્ઞાની કહો. એમ નહિ કે સમ્યગ્જ્ઞાન એટલે કોઈ ચીજ ઊંચા સમ્યગ્જ્ઞાની એટલે સાતમે, આઠમે ગુણસ્થાને ઊંચે. ધર્મ ચોથે હોય અને સમ્યગ્જ્ઞાન સાતમે હોય, એમ નથી. ધર્મ અને સમ્યગ્જ્ઞાન બધું એક જ સમયે ત્યાં ચોથેગુણસ્થાને છે. આહાહા..! **'એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.'** ભાવનાનો અર્થ વિકલ્પ નથી. ભાવનાનો અર્થ કર્યો ને ઓલો શ્રાવકનું આવે છે ને?

'પ્રવચનસાર'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં શ્રાવક–સમકિતી સામાયિક કરે, ત્યારે એને શુદ્ધોપયોગ આવી જાય છે. ઓલો શુદ્ધોપયોગ આવે ત્યારે એને અલ્પ શુદ્ધોપયોગની ભાવના એમ શબ્દ પડ્યો છે. ભાવના શબ્દે વિકલ્પ અને ચિંતા નહિ. શુદ્ધોપયોગની એકાગ્રતા આવી જાય છે. તો સામાયિકમાં ગૃહસ્થને બે કષાયનો અભાવ તો નિરંતર વર્તે છે. આહાહા..! સમ્યગ્દર્શન અને જેને સાચા શ્રાવક કહીએ, એને બે કષાયનો તો નિરંતર અભાવ વર્તે છે. અને તેથી તો તેમાં એને... આહાહા..! નિરંતર એકાગ્રતા તો એટલી વર્તે જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ, ત્યાં નિર્મળ શુદ્ધ નિરુપાધિપદાર્થ વિષે વર્તે છે. એમ નહિ કે એ બધું સાતમે ગુણસ્થાને હોય અને ફલાણે હોય. આહાહા..! આવી વાતું છે.

## શ્લોક–૧૩૩

(मंदाक्रांता)

प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं
संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।
तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्
श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे।।१३३।।

[હવે આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :-] જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ, સહજપરમાનંદવાળા ચિદ્રૂપને (-ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર ! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર. ૧૩૩.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૩૩ ઉપર પ્રવચન

**'[હવે આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'** આ તો ટીકા હતી. હવે શ્લોક છે.

**प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं**
**संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।**
**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे।।१३३।।**

આહાહા..! આ **'सखे'** માટે જોયું, ભાઈ! આમાં **'सखे'** શબ્દ આવ્યો છે ને? એ માટે ભાવપાહુડમાં 'કુંદકુંદાચાર્યે' ભાષામાં હે મહાજસ! હે મહામુનિવર! એમ ભાષામાં છે. આહાહા..! બાપુ! પૂર્વે દ્રવ્યલિંગધારણ કરી. દિગંબર સાધુ થયો. દ્રવ્યલિંગ અઠ્યાવીસમુળગુણ પાળ્યા, પણ પછી મરીને ચારગતિમાં રખડ્યો, બાપુ! તે દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી જન્મ-મરણ કર્યા વિના એક જગ્યા ખાલી નથી રાખી. એટલીવાર તે સાધુપણાના દ્રવ્યલિંગ ધારણ કર્યા છે. આહાહા..! 'અષ્ટપાહુડ' ભાવપાહુડમાં હે મહાજસ! એમ શબ્દ પડ્યો છે. હે મુનિવર! હે મહાજસ! આહાહા..! હે મિત્ર! એ અહીં આવે છે. એમાં પણ મિત્ર આવે છે. 'કુંદકુંદાચાર્ય'ના તો આ બધા કેડાયતો. આહાહા..!

**'ટીકા :– જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...'** અહીં છે ને ઓલું આવ્યું ને? **'तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन् श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे।'** આહાહા..! **'જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...'** મોક્ષરૂપી માર્ગ સામ્રાજ્ય... આહાહા..! **'એવા આ નિરુપમ, સહજપરમાનંદવાળા ચિદ્રૂપ...'** નિરુપમ—ઉપમા વિનાના ભગવાન. જેને ઉપમા નથી એવું પરમાત્મતત્ત્વ અંદર પડ્યું છે. જે પરમાત્માઓ થયા એ બધા પરમાત્મ શક્તિ હતી એમાંથી થયા. અંદરમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. હતી એમાંથી આવી. આહાહા..! પરમાત્મપદ કાંઈ બહારથી આવતું નથી. પોતે પાંચે પદ સ્વરૂપે છે. ભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી ભિન્ન, પાંચપદ સ્વરૂપે પ્રભુ છે. આહાહા..! છે એમાંથી આવીને બહાર આવે. આહાહા..! આવી વાતું.

અહીં એ કહે છે, **'મુક્તિસામ્રાજ્યનું મૂળ...'** મુક્તિરૂપી રાજ મોટું. આહાહા..! સામ્રાજ્ય કીધું આ નહિ. એક ફેરે 'વાંકાનેર' ગયા હતા ને? 'વાંકાનેર'ના દરબાર, એની રાણી હોંશિયાર છે ને? તે દિ' આવી શક્યા નહોતા. ઘણા વર્ષ થયા. બહાર જંગલમાં ગયા હતા. એને ખબર પડી કે મહારાજ અમારા બંગલા પાસે જંગલ–દિશાએ આવે છે. અમારે દર્શન કરવા છે. હું આવી શકું એમ નથી. મોટું .... હતું કાંઈક. એમના માણસ સાથે કહેવરાવ્યું. મહારાજ અહીંયાં આવે છે તો અમારા બંગલે દર્શન દેવા આવે એવી અમારી ભાવના છે. અમે ગયા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી રાણીએ બંગલમાં છેક ઓલા સુધી કર્યું શું કહેવાય? રંગોળી. રંગોળી કરી હતી. દરબાર બહાર આવીને ઊભા હતા. અંદર આવીને બેઠા, દસ મિનિટ વાત કરી. કીધું આ રાગ નહિ. રાગ તો આત્માનું સામ્રાજ્ય આ તો અંતરના ગુણના ધણી એ સામ્રાજ્ય છે કીધું. આ સામ્રાજ્ય આવ્યું ને? કીધું આ રાજ નહિ, દરબાર! રાણી હોંશિયાર હતા. બહુ કરોડ રૂપિયા ભેગા કરેલા. વેપાર-ધંધો એ કરતી. આ સામ્રાજ્ય નહિ, આ રાગ નહિ, કરોડોની ઊપજ હોય કે અબજોની ઊપજ હોય તો પણ એ રાજ નહિ. સામ્રાજ્ય તો અહીં છે. અનંતગુણનો ધણી પ્રભુ અંદર એ સામ્રાજ્ય અંદર મોટો બાદશાહ બિરાજે છે. એને ઓળખો અને એને માનો એ સામ્રાજ્ય છે. એ બિચારા હા પાડે બિચારા. શું કરે? અમારી પાસે ક્યાં કાંઈ લેવું-દેવું? દરબાર હોય કે ગરીબ માણસ હોય. બિચારા સાંભળતા. દસ મિનિટ બેઠા. સવારની વાત. વ્યાખ્યાન પહેલા. એક હજાર રૂપિયા મૂક્યા. દસ મિનિટ વાત સાંભળી. એક હજાર જ્ઞાન ખાતે મૂક્યા. આપણે નાખ્યું છે. નહિ? એણે એક ઠેકાણે નાખ્યું.

કીધું સામ્રાજ્ય આ નહિ. મોટું 'વાંકાનેર'નું રાજ છે અને એના અમે રાજા છીએ. 'જામનગર' હોં. 'વાંકાનેર' નહિ. 'જામનગર'ના 'દિગ્વિજય' અને રાણી. એ આ સામ્રાજ્ય નહિ, ભાઈ! આ તો નાશવાન વસ્તુ છે. આ સાથે આવે નહિ અને અહીં પણ તારી નથી. સામ્રાજ્ય તો અહીં અંદર છે, અનંતઆનંદ, અનંતજ્ઞાન એ સામ્રાજ્ય છે. સાંભળતા હતા, પ્રેમથી સાંભળતા હતા. એને ખબર કે મારે ક્યાં કાંઈ દરકાર છે? બાદશાહ હોય કે ગરીબ હોય. અહીંયાં ક્યાં ખરડો-બરડો કરાવવો છે તો માખણ ચોપડે. અહીં માખણ-બાખણ તો છે નહિ. બિચારાએ દસ મિનિટ સાંભળ્યું. હુકમ કર્યો કે જ્ઞાન ખાતે હજાર રૂપિયા આપો. આ સામ્રાજ્ય. આનો બાદશાહ થાય આત્મા... આહાહા..!

**'જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ,...'** આહાહા..! જેને કોઈ ઉપમા નથી. એની ઉપમા એને છે. આહાહા..! **'સહજપરમાનંદવાળા ચિદ્રૂપને...'** સ્વાભાવિક પરમાનંદરૂપી ચિદ્રૂપ એટલે આત્મા. આ **'સહજપરમાનંદવાળા ચિદ્રૂપને (–ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ...'** આહાહા..! હે ડાહ્યા! દુનિયાના ડાહ્યા તો દુનિયામાં રખડવાના છે. દુનિયાના ડાહ્યા બધા કરોડોપતિ, અબજોપતિ થઈ જાય. વાતું કરવા બેસે આમ જાણે. ઓ..હો..! દેવના દીકરા ઉતર્યા જાણે. બધા સાંભળે તો આહા..! આ તો અબજોપતિ માણસ છે. એ બોલે તો જાણે... એ દુનિયાના ડાહ્યા! એ સંસારના ડાહ્યા સંસારમાં ઊંડા રખડવા જવાના. અહીં કાંઈ અમારી પાસે બીજું કાંઈ ન મળે. માખણ ન મળે. વસ્તુ આ છે. બેસે એને બેસાડો.

અહીં તો આચાર્ય પોતે મુનિરાજ એમ કહે છે. આહાહા..! **'એકને ડાહ્યા પુરુષોએ...'** જોયું? છે ને? આહાહા..! **'પ્રેક્ષાવદ્ભિઃ'** ન્યાંથી કાઢ્યું ને. **'એકને ડાહ્યાપુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે;...'** આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદ, પ્રભુ! બધા ભગવાન છે. દેહ વિનાનો, રાગ વિનાના આત્માઓ બધા પ્રભુ છે. એ ભગવાન પ્રભુને ભજ. આહાહા..! બીજું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધું વ્યવહાર-ફ્યવહાર એકકોર મુકી દે કહે. આહાહા..! એ જ **'ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે...'** સમ્યક્ પ્રકારે કેમ કહ્યું? કે જાણી લીધું, જાણવામાં આવ્યું એ નહિ. અંદરમાં એકાગ્ર કર એ ડાહ્યાપુરુષે જાણ્યું કહેવાય. શાસ્ત્રનું જાણપણું કરીને વાત ખ્યાલમાં આવી, એવી વાત તો અગિયારઅંગ ભણી ગયો છે. આહાહા..! અગિયાર અંગમાં એ વાત આવી હતી. એ તો અનંતવાર બની ગયો છે, બાપુ! પ્રભુ! તું અંદરમાં ગયો નથી. જ્યાં તું છો ત્યાં ગયો નથી. જ્યાં તું નથી ત્યાં તે રમતું માંડી છે. અનાદિની પર્યાયમાં પુણ્ય, પાપ અને દયા, દાન, વિકારભાવમાં રમતું માંડી છે. આહાહા..!

ઓલામાં આવે છે ને? ત્યાં આવ્યું હતું. ઓલા 'રાણપુર' નહિ? રાણા! રમતું મેલ. કટક આવ્યું કિનારે. 'રાણપુર' છે ને? ઓલીકોર મંદિરને કાંઠે ગામ છે. રાણા! રમતું મૂક. એ રમત કરતો હતો. બાજી ખેલતો હતો. એમાં એના ઉપર રાજાએ લશ્કર લઈને ચઢાઈ કરી. એમાં એક બારોટ આવ્યો. રાણા! રજપુત! આ રમતું મેલ, આ કટક આવ્યું કિનારે. ગામનું નામ 'કિનારો'. ગામનું નામ 'કિનારો'. 'રાણપુર'ની જોડે છે. નદીને કાંઠે. આ રમતું મૂક ડાહ્યા! એમ અહીં કહે છે હે ડાહ્યા! આહાહા..! એ તારી રાગની રમતું મૂક, પ્રભુ! આહાહા..! પાછો મિત્ર કહે છે હોં. આહાહા..!

'કુંદકુંદાચાર્યે' તો ભાવપાહુડમાં દ્રવ્યલિંગીઓને પણ હે મહાજસ! હે મહામુનિ! તું આ દ્રવ્યલિંગીમાં પડ્યો એ પણ ભાવમાં રખડી મરીશ. આહાહા..! બોલે મહાજસ. મહાજસ બહાર આવ્યો. આટલું દિગંબર નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણ લીધા, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા હોં. એના માટે કરેલો આહાર-પાણી પ્રાણ જાય તો પણ ન લે. એનું નામ દ્રવ્યલિંગ કહેવાય. એને માટે કરેલો આહાર-પાણી-ચોખા કે એક બિંદુ ન લે. આહાહા..! એ કહે છે, હે મહાજસ! તે એટલા દ્રવ્યલિંગ ધાર્યા, પ્રભુ! તે દ્રવ્યલિંગ પછી જન્મ-મરણ કર્યા વિના આ જમીન ખાલી નથી રાખી. આહાહા..!

દ્રવ્યલિંગપણું, જૈનના દિગંબર સાધુ, નગ્ન, અઠ્યાવીશમૂળગુણ એ તો તે અનંતવાર લીધા છે, બાપા! એ કોઈ વસ્તુ નથી. આહાહા..! અંદર આત્મા આનંદમૂર્તિ નિરુપાધિસ્વરૂપ, એનો અનુભવ, સમ્યગ્દર્શન અને જ્ઞાન અનુભવ તે માર્ગ છે. આહાહા..! એને તો બહુ ઘણા દોહા કર્યા. એ જોતો હતો. આ મિત્ર છે ને? ત્યાં કેટલા શબ્દો વાપર્યા છે? એ થોડા પાના બાકી રહી ગયા. ત્યાં એને હે મિત્ર! એમ પણ કહ્યું છે. સાધુને 'કુંદકુંદાચાર્યે' હે મિત્ર! આ દ્રવ્યલિંગે તને કાંઈ ન વળે. આહાહા..! એ રાગના ક્લેશમાં દુ:ખી થઈશ. અંદર જિનભાવના ભાવ. એવો 'ભાવપાહુડ'માં પાઠ છે. જિનભાવનાનો અર્થ, વીતરાગી ભાવના ભાવ. રાગની ભાવના, દ્રવ્યલિંગની ભાવના તો રાગની છે. પંચમહાવ્રત અને પાંચ સમિતિ અને ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણ વ્યવહાર એ તો બધા રાગની ભાવના છે. એ નહિ. જિનભાવના ભાવ. એમ ભાવપાહુડમાં છે. 'અષ્ટપાહુડ'માં છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ! વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપની વીતરાગભાવના ભાવ. એનાથી વીતરાગતા પ્રગટ થાય. આ ત્રણેય વીતરાગતા. કોણ ત્રણેય? એક તો વસ્તુ પોતે નિરુપાધિ વીતરાગસ્વરૂપ, એની ભાવના વીતરાગભાવે ભવાય. રાગે નહિ. એના ફળમાં વીતરાગ પણ એ કેવળજ્ઞાન પ્રગટ થાય, એ વીતરાગ પ્રગટ થાય. આહાહા..! આવું છે. નવા માણસને આકરું લાગે. કોઈ દિ' સાંભળ્યું ન હોય. એને એમ કે આ શું હશે? આ નવું કાઢ્યું હશે? આ ક્યાં નવું પુસ્તક છે? આ તો હજારો વર્ષ પહેલાનું છે. બે હજાર વર્ષ પહેલાનું 'કુંદકુંદાચાર્યે' કરેલું છે. 'સોનગઢ'નું નથી. કોઈ એમ કહે કે 'સોનગઢ'વાળા આવું લખે. આ કોનું છે? આ તો 'કુંદકુંદાચાર્ય'નું છે. પછી 'પદ્મપ્રભમલધારિદેવે' ટીકા કરી છે. એ મુનિરાજ છે, સાચા ભાવલિંગી છે. અલ્પકાળમાં મુક્તિ પામવાના છે. અત્યારે વૈમાનિકમાં છે. આ 'પદ્મપ્રભમલધારિદેવ', 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' બધા વૈમાનિકમાં છે. પુરુષ દેવપણે. ત્યાંથી નીકળીને મોક્ષ જવાના છે. આહાહા..!

દિગંબર સંતોની બલિહારી છે, બાપા! એની દશા, એની વાત, એની કથનશૈલી દુનિયામાં શોધી મળે નહિ. બીજાને દુઃખ લાગે એ વાત નથી પ્રભુ હોં. એમ કહે અમારું ત્યારે ખોટું? એમ રહેવા દે, પ્રભુ! આ સાચું છે એ સમજી લે. આહાહા..! અને તે પણ પ્રભુ! તું ભગવાન થવાનો છે ને? તને ભગવાન થવાની વાત કરીએ છીએ ને, પ્રભુ! આહાહા..! તું ભગવાન સ્વરૂપ છો ને, પ્રભુ! તારું સ્વરૂપ જ વીતરાગ ભગવાન પરમેશ્વરસ્વરૂપ છે. 'સમયસાર'ની ૩૮મી ગાથામાં નથી આવતું? પોતાના પરમેશ્વરને ભૂલી ગયો. 'સમયસાર'ની ૩૮મી ગાથા. પોતાના પરમેશ્વરને ભૂલી ગયો અને પરપરમેશ્વરની માંડી. ભગવાન... ભગવાન... ભગવાન.. ભગવાન... ભગવાન.. ભગવાન... લાખવાર, કરોડવાર ભગવાન-ભગવાન કરને. એ તો બધો રાગ છે. આહાહા..! એ જૈનધર્મ નથી. ગજબ વાત છે. 'છોટાભાઈ'! આવું કહેવું હતું સભામાં. આહાહા..! ભાઈ ક્યાંના છે? મોટાભાઈ બેઠા એ.

મુમુક્ષુ :– કોલકર 'રતીભાઈ'ના ભાઈ છે.

પૂ. ગુરુદેવશ્રી :– એમ. હા. 'રતિભાઈ'ના ભાઈ? પ્રેમ છે. પ્રેમથી સાંભળે છે. સાંભળે છે પ્રેમથી. માર્ગ આવો છે, બાપા! માર્ગ એવી ચીજ છે. સાંભળે છે પ્રેમથી. માર્ગ આવો છે, ભગવાન! આહાહા..! ઝીણી વાત બહુ, પ્રભુ! આહાહા..!

શું કહ્યું? એ મુક્તિસામ્રાજ્યનું મૂળ પ્રભુ આત્મા, **'એવા આ નિરુપમ, સહજપરમાનંદવાળા ચિદ્રૂપને (–ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું...'** આહાહા..! અનુભવવું. **'સમ્યક્ પ્રકારે ગ્રહવું...'** આહાહા..! એકલી વાતુમાં ન રાખવું. એમ કહે છે. એકલા જાણપણાના ભાવની ધારણામાં ન રાખવું. એય..! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! માર્ગ આવો ધન્યભાગ્યને બાપા! એ વાત કાને પડે છે એ ધન્યભાગ્ય છે. એવી આ વાત છે, બાપા! આહાહા..! કહે છે, સમ્યક્ પ્રકારે અનુભવવું. જેવું છે તેવી રીતે તેને અનુભવવું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો અતીન્દ્રિય આનંદનો નાથ છે, રાગથી રહિત છે, વીતરાગમૂર્તિ છે, ચૈતન્યનું દળ છે, આનંદનો સાગર છે, શક્તિનો સમૂહ છે, એ અનંતાગુણનું ગોદામ છે. આહાહા..! એવા એકને જ. આવ્યું? એકને કહ્યું ને?

**'એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર!'** આહાહા..! એ મુનિરાજ મિત્ર તરીકે બોલાવે છે. આત્મા તરીકે છે ભગવાન આત્મા છે ને? અંદર આત્મા છે ને? આત્મા મિત્ર છે. બહારની ઉપાધિ ભલે હોય, એની સાથે સંબંધ નથી. અંદર આત્મા જે છે એ મિત્ર છે, સાધર્મી છે. દ્રવ્ય તરીકે જીવને બધા જીવો સાધર્મી છે. આહાહા..! ભગવાન સ્વરૂપ તમે છોને, પ્રભુ! અને હું પણ ભગવાન થવાને માટે અને તમે પણ ભગવાન થાવ. આહાહા..! શાસ્ત્રમાં એવી ભાવના છે. આહાહા..! આવી વાતું છે.

**'હે મિત્ર!'** આહાહા..! લે ઠીક. એ આત્માને મિત્ર તરીકે બધાને કહે છે. અંદર આત્મા ભગવાન છે ને. ઉપરનો વ્યામોહ. ઉપરની એ શરીરની રૂપાળી ત્વચા અને ચામડીને દેખીને વ્યામોહ થઈ જાય એ છોડી દે, પ્રભુ! આહાહા..! બહારના રાગના પ્રેમમાં શુભભાવના પ્રેમમાં જોડાઈ ગયો, પ્રભુ! છોડી દે. આહાહા..! **'હે મિત્ર!'** આહાહા..! ગજબ વાત કરી છે. 'કુંદકુંદાચાર્ય' પણ કહે, હે મહાજસ! હે મુનિવર! આહાહા..! તે અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યા, તારી માતા રોઈ રોઈને આંસુના દરિયા ભર્યા. એટલીવાર તે દ્રવ્યલિંગ ધારણ કર્યા. અનંતવાર દિગંબર જૈનમુનિ થયો. પણ આતમજ્ઞાન વિના એકડા વિનાના મીંડા થયા. આહાહા..! આવી વાતું છે. અસ્તિ તરીકે તો વસ્તુ આમ છે.

**'હે મિત્ર! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને,...'** આહાહા..! શું મીઠી-મધુરી ભાષા છે! **'હે મિત્ર!'** સાધુ મિત્ર બોલે છે. આહાહા..! હે મિત્ર! હે પ્રભુ! આહાહા..! **'તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને,...'** આહાહા..! **'તુરત જ ઉગ્રપણે...'** આહાહા..! વાયદા કરીશ નહિ, પ્રભુ! હમણા નહિ પછી કરીશું... પછી કરીશું... પછી કરીશું... છોકરાને ઠેકાણે પાડીએ, છોકરીને ઠેકાણે પાડીએ. મોટા વેપાર-ધંધા હોય તો સંકેલતા વાર લાગે. એ રહેવા દે, બાપા! આહાહા..! ઉગ્રપણે–એકદમ–શીઘ્ર. છે?

**'તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કાર પ્રત્યે તારું વલણ કર.'** આહાહા..! બાહ્યના સંયોગો અને રાગથી માંડીને બધી ચીજો, તેનું લક્ષ છોડી દે અને આના ઉપર વલણ કર. તારા વલણ બધે બહારમાં પ્રભુ છે. વ્યવહારમાં, રાગમાં, નિમિત્તના સંયોગોમાં એ તું ત્યાં ઝૂકી ગયો છો. આહા..! જે તારામાં નથી, તને લાભદાયક નથી. એમાં તું ઝૂકી ગયો છો. હવે આમ વલણ કર, પ્રભુ! આહાહા..! આવી વાત છે. મુનિરાજ મિત્ર તરીકે કહે છે. આહાહા..! એ 'કુંદકુંદાચાર્ય'ના કેડાયત બધા ... ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ને અનુસરીને કરી કેટલીક 'કુંદકુંદાચાર્ય'ને અનુસરીને લીધી. આહાહા..! મુનિઓ 'કુંદકુંદાચાર્ય'ના અનુયાયીઓ હતા. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉગ્રપુરુષાર્થ વડે **'આ ચૈતન્યચમત્કારમાત્ર...'** એ ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ છે. એમાં પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ એવા વિકલ્પ, રાગ, વિકાર એમાં છે નહિ. એ તો વીતરાગની મૂર્તિ છે, પ્રભુ! વીતરાગમૂર્તિ ન હોય તો વીતરાગમૂર્તિપણું આવશે ક્યાંથી? આહાહા..! અને તારી સત્તા છે, તું હોવાવાળો તત્ત્વ છે. હોવાવાળાતત્ત્વમાં સ્વભાવ છે કે નહિ? અને સ્વભાવ છે તો એની હદ છે કે નહિ? બેહદસ્વભાવ તારો છે, પ્રભુ! એવા બેહદસ્વભાવ તરફ વલણ કર. આહાહા..! આ પરિમિત ને હદવાળી ચીજ રાગાદિનો તે ઝૂકાવ કર્યો એમાં શું ફળ્યું તને? સંસાર ફળ્યો. આહાહા..!

ભગવાનઆત્મા નિરુપમ. છે? **'ઉપદેશના સારને સાંભળીને, તુરત જ...'** તુરત જ. વાયદો નહિ. જેની રુચિ હોય તેની રુચિ અનુયાયી વીર્ય. રુચિ અનુયાયી વીર્ય. જ્યાં રુચિ હોય એને સ્થાને પુરુષાર્થ થયા વિના રહે નહિ. આહાહા..! આવું છે. ઉપદેશ કઈ જાતનો? ઓલું તો એવું સમજાય કે 'રામચંદ્રજી' આમ હતા. દાન દેતા ત્યાં એક ગીધ પક્ષી ઊભું હતું, અને ગીધ પક્ષી જોતા હતા ત્યાં જાતિસ્મરણ થઈ ગયું અને ગીધ પક્ષી ત્યાં 'સીતાજી' પાસે આવ્યું. 'સીતાજી' ત્યાંથી ભાગ્યા. ... થઈ ગયું. અને એકદમ જાતિસ્મરણ થયું. હવે એવી વાત. હવે કેમ થયું. બાપુ! એને ગીધ પક્ષીને સમકિત ગ્રહણ કરાવ્યું હતું. આહાહા..! 'રામચંદ્રજી'એ સાથે રાખ્યું હતું. આહાહા..!

અહીં કહે છે, હે મિત્ર! આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે. ચૈતન્યચમત્કારમાત્ર કેમ કહ્યું? એ ચમત્કાર છે. રાગમાં આવ્યા વિના રાગનું જ્ઞાન પોતામાં પોતા વડે કરે એવું ચૈતન્યચમત્કાર છે. એ સવારે આવી ગયું. દેખતાને દેખે છે, દેખતા વડે દેખે છે. આહાહા..! પર વડે નહિ. આહાહા..! એ ચેતનાસ્વભાવ અને દર્શનસ્વભાવમાં આવી ગયું. ચેતન આવી ગયું, દર્શનમાં આવી ગયું. દેખતા વડે દેખે છે. દેખતાને દેખે છે. પરને નહિ. આહાહા..! આવી આકરી વાત છે. ઘણો વખત સાંભળે, પરિચય કરે તો હળવે, હળવે બેસે એવી વાત છે. આ કેવળદોમ વાત છે. ફેરફારવાત છે ને? એથી **'ચૈતન્યચમત્કારમાત્ર...'** એ ચમત્કાર છે ચૈતન્યતો, એ પોતે પોતાથી દેખે અને જાણે છે. પોતાને જાણે છે, પરને નહિ. આહાહા..! એવો એ ચૈતન્યચમત્કારવસ્તુ છે. પોતામાં રહીને પરમાં અડ્યા વિના પરસંબંધીનું જ્ઞાન, પોતા વડે, પોતાથી, પોતામાં કરે છે. આહાહા..! એવી એ ચમત્કારી ચીજ છે. ચૈતન્ય એવો ચમત્કારી પ્રભુ છે. આહાહા..!

એના **'પ્રત્યે તારું વલણ કર.'** છે ને? **'શ્રુત્વા શીઘ્રં કુરુ તવ મતિં'** મતિનો અર્થ કર્યો ને? તારી મતિ ત્યાં લે. આહાહા..! જે મતિ આમ છે એ મતિને આમ વાળ. આહાહા..! જ્યાં ભગવાન આખો નિરુપદ્રવ પડ્યો છે. જેની વાતું કરતા પણ પૂરું ન પડે, એવી જે ચીજ છે, એના ઉપર વલણ કરને, પ્રભુ! આહાહા..! ત્યાં બધું તને મળશે. જ્ઞાન મળશે, આનંદ મળશે, શાંતિ મળશે. નિરોગતા, સ્વચ્છતા ત્યાં મળશે. રાગ વિનાની નિરોગતા ત્યાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળશે. આહાહા..! એવા પ્રત્યે તારું વલણ કર. મતિને ત્યાં વાળ. આહાહા..!

મુમુક્ષુ :– ગુલાંટ મારવું જબરું કામ છે.

પૂ. ગુરુદેવશ્રી :– હા. એ આકરું કામ છે. વાત સાચી. બીજું બધું ઠીક પણ પર્યાયને વાળવી એ કાંઈ ઓછી વાત નથી. એ જ અનંત પુરુષાર્થ છે, એ જ વસ્તુ કરવાની છે. બીજું બધું અનંતવાર કર્યું છે. આહાહા..! જે મતિ પરતરફ વળેલી છે, એને ત્યાં રાખ. પછીની મતિને અંદરમાં વાળ. આહાહા..! એ જ્યાં ચૈતન્ય ચમત્કાર પ્રભુ બિરાજે છે, ભગવત્ સ્વરૂપ બિરાજે છે ત્યાં મતિને વાળને. આવા સાધારણ રાગને, રાગના ફળ આ બહારની ધૂળ, પૈસા, મકાન, એમાં અટકીને પડ્યો, બાપુ! પ્રભુ! તું શું કરે છો? અને ત્યાંથી ક્યાં જઈશ? એવી સ્થિતિમાં રહ્યો જઈશ ક્યાં? તું તો અનંતકાળ રહીશ. અનંતકાળ રહીશ જઈશ ક્યાં? આહાહા..! રહેવાનો તો અનંતકાળ છે, અનાદિ છે. તો પ્રભુ! આગળ ક્યાં જઈશ? સ્વતરફ વલણ ન કરીશ તો પછી જઈશ ક્યાં? પ્રભુ! આહાહા..! આવી વાત છે. **'પ્રત્યે તારું વલણ કર.'**

મુમુક્ષુ :– જ્યાં સુધી અંદર વળે નહિ ત્યાં સુધી વારંવાર અભ્યાસ કરવો?

પૂ. ગુરુદેવશ્રી :– અભ્યાસ અંદર વળવાનો પ્રયત્ન કરવો. અંતર બીજું બધું એકકોર રાખવું. બીજું ઓછું આવડે, ન આવડે, કહેતા ન આવડે, એનું કાંઈ નહિ. એ સવારમાં નહોતું આવ્યું? મેં મારા માટે શીખું છું, મારા માટે દેખું છું, પરને માટે કાંઈ છે નહિ. આહાહા..! આવો વિષય છે. ૯૮મી ગાથા થઈ.

## ગાથા–૯૯

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसं च वोसरे।।९९।।**

**ममत्वं परिवर्जयामि निर्ममत्वमुपस्थितः।**
**आलम्बनं च मे आत्मा अवशेषं च विसृजामि।।९९।।**

**अत्र सकलविभावसंन्यासविधिः प्रोक्तः।**

**कमनीयकामिनीकांचनप्रभृतिसमस्तपरद्रव्यगुणपर्यायेषु ममकारं संत्यजामि। परमोपेक्षालक्षणलक्षिते निर्ममकारात्मनि आत्मनि स्थित्वा ह्यात्मनमवलम्ब्य च संसृतिपुरंध्रिकासंभोगसंभवसुखदुःखाद्यनेकविभावपरिणतिं परिहरामि।**

**तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः-**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(शिखरिणी)

`निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणे
स्वयं विंदंत्येते परममृतं तत्र निरताः

परिवर्जुं छुं हुं ममत्व, निर्मम भावमां स्थित हुं रहुं;
अवलंबुं छुं मुज आत्मने अवशेष सर्व हु परिहरुं. ९९.

અન્વયાર્થ :– [ममत्वं] હું મમત્વને [परिवर्जयामि] પરિવર્જું છું અને [निर्ममत्वम्] નિર્મમત્વમાં [उपस्थितिः] સ્થિત રહું છું; [आत्मा] આત્મા [मे] મારું [आलम्बनं च] આલંબન છે [अवशेषं च] અને બાકીનું [विसृजामि] હું તજું છું.

ટીકા :– અહીં સકળ વિભાવના સંન્યાસની (-ત્યાગની) વિધિ કહી છે.

સુંદર કામિની, [૧]કાંચન વગેરે સમસ્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે મમકારને હું તજું છું. પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત [૨]નિર્મમકારાત્મક આત્મામાં સ્થિત રહીને અને આત્માને અવલંબનીને, [૩]સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૦૪માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

‘[શ્લોકાર્થ :-] શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી; (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું રમણ કરતું પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે; તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે - આસ્વાદે છે.’

## ગાથા–૯૯ ઉપર પ્રવચન

ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।
आलंबणं च मे आदा अवसेसं च वोसरे।।९९।।

૧ કાંચન = સુવર્ણ; ધન.

૨ નિર્મમકારાત્મક = નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ. (નિર્મમત્વનું લક્ષણ પરમ ઉપેક્ષા છે.)

૩ સંસૃતિ = સંસાર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ગાથા ..

**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને અવશેષ સર્વ હુ પરિહરું. ૯૯.**

**‘ટીકા :– અહીં સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે.’** આ ગાથામાં. ૯૯-ગાથા. **‘સકળ વિભાવ...’** કોઈપણ વિકારનો વિકલ્પ. ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ. આહાહા..! **‘સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે.’** કારણ કે જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે, એ ભાવનો નાશ કરશે તો વીતરાગ થાશે. અને વીતરાગ થાશે ત્યારે ઓલી પ્રકૃતિ જે બંધાણી છે તીર્થંકરની ત્યારે ઉદય આવશે. કેવળ થાશે ત્યારે ઉદય આવશે. હવે એ પ્રકૃતિને ભાવે તને કર્યું શું? આહાહા..! શું કહ્યું એ? કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે. રાગથી પ્રકૃતિ બંધાણી, હવે જ્યારે રાગનો નાશ કરીશ ત્યારે તને કેવળ થશે. અને ત્યારે તારી ઓલી પ્રકૃતિ બંધાયેલી છે ત્યારે ઉદય આવશે. આહાહા..! તને એ શુભભાવે શું કર્યું અને પ્રકૃતિ બંધાણી એણે શું કર્યું? આહાહા..! આ વાત સમજાય છે?

જે ભાવે બંધ પડ્યો, એ ભાવે કાંઈ અબંધપર્યાય નહિ પ્રગટે. એ ભાવનો નાશ કરશે ત્યારે અબંધ પર્યાય પ્રગટશે. અને પછી જે પ્રકૃતિનો બંધ પડ્યો છે, ત્યારે ઉદય આવશે. હવે કેવળજ્ઞાન થયું ત્યારે જે ભાવે બંધાણું એ ભાવનો નાશ કર્યો, ત્યારે એ પ્રકૃતિનો ઉદય આવ્યો. એણે શું કર્યું? તેરમે ગુણસ્થાને તીર્થંકરગોત્ર પ્રકૃતિનો ઉદય આવે. બંધાય ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે ગુણસ્થાને. આહાહા..! બહુ ઝીણું, બાપુ! આહાહા..! **‘અહીં સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે.’** વિશેષ અંદર કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૦૬, શ્લોક-૧૩૪, ગાથા-૯૯-૧૦૦, શુક્રવાર, માગશર વદ ૧૦, તા.૧૪-૧૨-૧૯૭૯**

---

‘નિયમસાર’ ગાથા-૯૯. ટીકા.

**‘સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે.’** ભગવાન આત્મા અસ્તિરૂપે પદાર્થ છે. સત્તારૂપે હયાતી ધરાવનાર ધ્રુવ વસ્તુ છે. એમાં વિભાવ નામમાત્ર નથી. આહાહા..! ઓલામાં તો એક-અનેક લીધું. ક્યાં ગયું? ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય. કળશમાં. ઓલામાં ધર્મમાં એ લીધું સત ને અસત નિત્ય-અનિત્ય, એક-અનેક અદયમ લીધું. આત્મામાં એવા ગુણો પણ નથી. આહાહા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ભેદ નથી અને દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ નથી.

મુમુક્ષુ :– પરમ સત્ય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂ. ગુરુદેવશ્રી :– આહાહા..! આવી વસ્તુ! જેમાનાં છ બોલ તો કહ્યા. આ બીજા છ બોલ. વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ નથી. એ ધર્મમાં ગણ્યું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ છે નહિ. એ તો વસ્તુ-વસ્તુ છે. એ અભેદવસ્તુ છે. એ દૃષ્ટિનો વિષય છે. બાકી બધા ગમે તેટલા પ્રકાર હોય, વચનમાત્ર એટલે કે જાણવામાત્ર છે. છે એવું જાણવું બસ. આદરવાની વાત તો આ એક જ છે. આહાહા..! અભેદ ચીજ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વિનાની, ઉત્પાદ-વ્યય-ધ્રુવના ભેદ વિનાની, કારકના ભેદ વિનાની... આહાહા..! ધર્મ અને ગુણના ભેદ વિનાની, વિકલ્પ, નય અને ધ્યાનાવલીના ભેદ વિનાની... આહાહા..! એવી ચીજમાં સકળ વિભાવનો ત્યાગ છે. કોઈ વિભાવ એમાં છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– બધું કાઢી નાખ્યું.

પૂ. ગુરુદેવશ્રી :– બધું કાઢી નાખ્યું. બધું છે ક્યાં? નરેન્દ્ર-ફરેન્દ્ર છે ક્યાં? અંદર ત્યાં દીકરો નથી અને દીકરી પણ નથી. કાંઈ નથી એમ કહે છે. આહાહા..! પૈસા એ તો બધી આત્માની પર્યાયથી બહાર ચીજ રહી ગઈ. પણ પર્યાયમાં જે રાગ અને દ્વેષ છે, એ પણ ક્યાં અંદરમાં છે. અને પર્યાયમાં પણ જે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ ઊપજે છે, એ અંદર ભેદ-અભેદમાં ક્યાં છે? ઉત્પાદ-વ્યય-ધ્રુવ ભેદ ઊપજે એ પણ અંદરમાં ક્યાં છે? અને કારક, ધર્મ અને ગુણ એ પણ અંદરમાં ક્યાં છે? આહાહા..! એ સર્વવિભાવને ભેદથી ભિન્ન ચીજ છે. આહાહા..! એ અહીં કહે છે.

**'સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે. સુંદર કામિની,...'** સુંદર સ્ત્રી. એના દ્રવ્ય-ગુણ-પર્યાય. એક નથી લીધું. ત્રણ લીધું છે. એનું દ્રવ્ય, એના ગુણ અને એની વર્તમાન પર્યાય અને **'કાંચન...'** એટલે સોનું. **'વગેરે...'** એ પરદ્રવ્ય, પરગુણ અને તેની પર્યાય, એ ત્રણ **'પ્રત્યે મમકારને હું તજું છું.'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ થવા માટે ત્રણને તજે છે તો આ સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! આવી વાત. માણસ પછી પોકાર કરે. એકાંતમાં બિચારા કહે... કે એકાંત છે, આમ છે, તેમ છે. જેમ છે, બાપા! પ્રભુ! તું પણ ભગવાન છો. તારી વાતું કહી શકાય નહિ એવી અભેદ ચીજ તું છો. આહાહા..! એની વાતું પ્રભુ થાય છે.

એ અભેદચીજમાં સર્વ વિભાવનો ત્યાગ, એમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો પણ ત્યાગ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ વસ્તુ છે એ ત્રણ ભેદનો પણ ત્યાગ. આહાહા..! વિકલ્પ, નય સમૂહનો વિકલ્પ અને ધ્યાનાવલી એટલે શુદ્ધતાની ધારા વહે. આત્મામાં દ્રવ્ય આશ્રયે શુદ્ધતાની ધારા વહે. એ પણ દ્રવ્યમાં ક્યાં છે? બધાથી રહિત પ્રભુ તું છો. આહાહા..! સમજાય છે? જુઓ! ઓલો નાનો બાળક તમારી પાસે બેઠો. એને સાંભળવાનો કેટલો પ્રેમ છે! ઘણીવાર આવે છે. બહુ સાંભળવા આવે છે. આવી રીતે સાંભળે તો ખરા, સમજે તો ખરા, બાપુ! આ શું છે? પ્રભુ! તું આત્મા છો ને. એ આત્માની વાત અહીં ચાલે છે, નાથ! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, **'સુંદર કામિની,...'** બહુ રૂપાળી એવી સ્ત્રી હોય, એના દ્રવ્ય-ગુણ-પર્યાય તો એનામાં છે, પ્રભુ! આહાહા..! એના મમકારનો ત્યાગ છે. એ મારા નથી. આહાહા..! એ સ્ત્રીનું દ્રવ્ય મારું નથી. સ્ત્રીની અંદર દ્રવ્યના જ્ઞાનગુણ જે છે, એ મારા નથી. એની વર્તમાનપર્યાય વિકૃત કે અવિકૃત હોય, એ મારા નથી, મારામાં નથી, એનામાં હું નથી. આહાહા..! હું તે મમકારને તજું છું. આહાહા..! એ વાણીમાં વાત નથી, બાપા! એને હું તજું છું. મારો ભગવાન અભેદ પૂર્ણાનંદથી ભરેલો, તેનો આશ્રય લઈને હું આને છોડું છું. કેમ કે એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહાહા..!

હજી અહીંયાં તો કહે, વ્યવહારરત્નત્રય સાધન. 'જયસેનાચાર્ય'ની ટીકામાં એ બહુ આવે છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં કઠણ આવે છે, ગંભીર આવે છે. એટલે 'જયસેનાચાર્ય'ની ટીકામાં બહુ વ્યવહાર-સાધન આવે છે. એ તો એનું જ્ઞાન કરાવ્યું છે. એ આચાર્ય છે. એનો વિરોધ નથી. એ આચાર્ય છે, જ્ઞાની છે, ભાઈ! પણ એનું સાચું છે અને 'અમૃતચંદ્રાચાર્ય'નું ખોટું છે એમ નથી. એ આચાર્ય છે. એની કથનની શૈલી છે. સાધક જ્યાં રાગથી ભિન્ન પડી, પ્રજ્ઞાના સાધન દ્વારા ભિન્ન પડી અને સાધ્યને સાધે છે ત્યારે સાધકપણું પ્રગટ્યું, ત્યારે રાગના નિમિત્ત અને આરોપથી સાધકપણાનો આરોપ દીધો. આવું છે, પ્રભુ! આડીઅવળી વાત કરે તો વિવાદે પાર પડે એવું નથી. વાદ અને વિવાદથી કાંઈ પત્તો ખાય એવું નથી. એવી ચીજ છે. આહાહા..! અને તું પણ ભગવાન છો, પ્રભુ! ગમે તે રીતે ઊંધી વાત કર. એ તો બધી પર્યાયમાં છે. વસ્તુમાં તો તું ભગવાન છો, પરમેશ્વર છો. આહાહા..! તારા તરફ દુઃખની દૃષ્ટિથી તને ન જો. તું અંદર ભગવાન આત્મા છો. આહાહા..!

જેની પર્યાય પોતાની પર્યાય બુદ્ધિ ગઈ છે, એ પરને પર્યાયબુદ્ધિરહિત દ્રવ્યથી જોવે છે. પર્યાયનું તો જ્ઞાન કરે છે. દ્રવ્યને આદરે છે. દ્રવ્ય સાધર્મી છે. આહાહા..! ભગવાન આત્મા આવો અંદર છે. એ સાધર્મી છે. આહાહા..! પર્યાયને જાણે... આહાહા..! અહીં કહે છે, કે એ બધા **'મમકારને હું તજું છું. પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** હવે શું કહે છે? જુઓ! **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મા...'** નિર્મમકારાત્મક આત્મા. **'નિર્મમત્વમય;...'** સ્વરૂપ આત્મા. નીચે. **'નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ.'** પણ એ નિર્મમત્વસ્વરૂપની વ્યાખ્યા શું? આહાહા..! એકકોર મમકાર તજું છું અને નિર્મમકાર.. એ નિર્મમકારનો અર્થ પરની ઉપેક્ષા કરવાની છે. છે?

**'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત....'** પરમ ઉપેક્ષા લક્ષણથી લક્ષિત. છોડું છું એ પણ અપેક્ષાથી છે. તો એ **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** છે. આહાહા..! હવે આની સાથે ચર્ચા કરો. એ ચર્ચા, બાપા! ભગવાન! તારી દૃષ્ટિ અંદર ન ફરે ત્યાં સુધી ચર્ચા શું કરવી? ભાઈ! આ વસ્તુ સ્થિતિ આવી છે ત્યાં... આહાહા..! શું કીધું? **'નિર્મમકારાત્મક આત્મા...'** પણ નિર્મમકારાત્મક સ્વરૂપ આત્મા કેવો? નિર્મમત્વ આત્માસ્વરૂપ કેવો? આહાહા..! ઓલા પરદ્રવ્યના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય-ગુણ-પર્યાયો કીધા ને? એને છોડ્યું. આ કેવો છે? એ તો **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** છે. જેને ભેદનું પણ લક્ષ નથી. પરમોપેક્ષાલક્ષણ. નયના વિકલ્પો, રાગાદિના વિકલ્પો, એનાથી પરમ અપેક્ષા રહિત છે એ તો. આહાહા..! હવે આવી વાત. અંદર સમજીને અનંત મોક્ષ પધાર્યા છે. એમાં ન સમજાય એમ નથી, પ્રભુ! એમ ન કરવું. ન સમજાય, ન બેસે, એ શ્રદ્ધામાં તો લે. બેસી શકે અને પરમાત્મા થઈ શકું છું. આહાહા..! હું આ જ છું. બીજી ચીજ હું નહિ. આહાહા..! છે?

**'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** શું? **'નિર્મમકારાત્મક આત્મા...'** મમતા રહિત, પરની મમતારહિત એવો જે ભગવાન, એનું લક્ષણ શું? કે પરમોપેક્ષાલક્ષણ. પરમ ઉપેક્ષા... આહાહા..! ત્યજવાની વાત પણ એ અપેક્ષાથી કહે છે. આહાહા..! પરમોપેક્ષાએ તો અભેદ અખંડાનંદ નાથ! એનું અવલંબન જ્યાં લીધું, એ પરમોપેક્ષાલક્ષણથી લક્ષવાળો પ્રભુ છે. પરની કોઈ અપેક્ષા રાખે એવો એ આત્મા નથી. વ્યવહાર હોય તો નિશ્ચય થાય અને વ્યવહારથી નિશ્ચય થાય, એવા એ લક્ષણવાળો પ્રભુ નથી. આહાહા..! એવું છે, પ્રભુ!

**'પરમોપેક્ષા...'** એકલી ઉપેક્ષા નથી. **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** એવા લક્ષણથી લક્ષમાં જાણવા યોગ્ય. **'પરમોપેક્ષાલક્ષણથી...'** જાણવા યોગ્ય. આહાહા..! આ રીતે તે જણાય એવો છે. **'પરમોપેક્ષાલક્ષણથી...'** કોઈ ભેદની, કોઈ નયના વિકલ્પની, કોઈ ષટ્કારકના ભેદની, નયના વિકલ્પની, પરની તો વાત શું કરવી? આહાહા..! પર નિમિત્તની તો વાત શું કરવી? નિમિત્ત હોય, નિમિત્ત છે. પણ એની અપેક્ષાથી આત્માનો અનુભવ થાય એ વાત બિલકુલ જૂઠી છે. નિમિત્ત છે, અનંત નિમિત્તો છે. વસ્તુ છે એ શું વસ્તુ છે? જે સમયે પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત આત્માને જાણ્યો, એ વખતે નિમિત્તથી જાણ્યું છે એમ નથી. આહાહા..!

એવા **'આત્મામાં સ્થિત રહીને...'** નિર્મમત્. આ બાજુ મમતા તજી અને આ બાજુ નિર્મમત્વ પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમત્વભાવ, પરમોપેક્ષાલક્ષણવાળો નિર્મમત્વભાવ, તેમાં સ્થિત રહીને. તે આત્મામાં સ્થિત રહીને. આહાહા..! ભાષા તો સાદી છે પણ ભાવ તો ઘણા ઊંડા ભરેલા છે. **'અને આત્માને અવલંબીને,...'** સ્થિત રહીને એટલે કે આત્માને અવલંબીને એમ. અવલંબન આત્મા એક અભેદનું. આહાહા..! એક સમયમાં પૂર્ણ અભેદ ચીજ જે પડી છે, ત્રિકાળ નિરાવરણ અખંડ એક, એવું જે પરમ આલંબન, એને આત્માને અવલંબીને, એ આત્માનું અવલંબન લઈને, પરની અપેક્ષા છોડી દઈને... આહાહા..! રાગાદિ વિકલ્પ, નય આદિ વિકલ્પો, કારકોના વિકલ્પો, એને છોડીને પરમોપેક્ષાલક્ષણ લક્ષિત પ્રભુ છે. તેને એમાં લઈને, **'આત્માને અવલંબીને, સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી...'** સંસારરૂપી સ્ત્રી એટલે પરિણતિ, શુભઅશુભરાગરૂપી પરિણતિ... આહાહા..! શુભ અને અશુભરાગ એરૂપી પરિણતિ સ્ત્રી, એના સંગથી **'ઉત્પન્ન સુખદુ:ખ...'** આહાહા..! બે નાખ્યું ને? શુભ અને અશુભ. શુભથી સુખ લાગે અને અશુભથી દુ:ખ લાગે. આહાહા..! આવી વાતું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભાશુભભાવ **'સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિ...'** એ સુખદુઃખનો અર્થ શુભઅશુભભાવ. શુભભાવ એ દુઃખ છે અને અશુભભાવ એ પણ દુઃખ છે. આહાહા..! સુખદુઃખાદિ. રતિ, ઉત્સાહ પરમાં બધા ભાવો વિકારી છે. પરદ્રવ્યના ગુણ અને પર્યાયને હું તજું છું. ત્યાં એકલા ભેદ લીધા. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ગ્રહણ કરું છું એમ ન લીધું. ત્યાં તો પરમોપેક્ષાલક્ષણવાળો લક્ષિત આત્માને ગ્રહણ કરું છું, એને અવલંબુ છું. આહાહા..! માણસને આવું આકરું લાગે. અપૂર્વ. કોઈ દિ' સાંભળ્યું ન હોય. અને ઘરે બેસવાનો ટાઈમ ન મળે અને નિવૃત્તિથી અંદર મેળ કરવો, એનો ટાઈમ મળે નહિ. સંસારના કામ આડે નવરો નથી. આહાહા..! દુકાને બેઠો હોય તો આખો દિ' હોળી સળગતી હોય. આ ગ્રાહક આવ્યો ને, આને દીધું, આને લીધું, આ પેદા થયું, આ આમ થયું. આખી હોળી સળગે છે. આહાહા..! એવા બધા ભાવોને તજીને... આહાહા..!

નિર્મમત્વસ્વરૂપ એવું જે પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત થયેલું, એવા આત્માને અવલંબીને, એમાં સ્થિત રહીને એ શુભાશુભરૂપી પરિણતિ, શુભાશુભરૂપી પરિણતિના સંગથી ઉત્પન્ન થયેલું સુખદુઃખ. શુભ છે એ પણ દુઃખ અને અશુભ છે એ પણ દુઃખ. એ **'સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.'** આહાહા..! એક-એક લીટી અને એક-એક પંક્તિમાં કેટલું ભર્યું છે! એ તો અધ્યાત્મનો ગ્રંથ છે. દ્રવ્યાનુયોગનો છે એમ કરીને કાઢી નાખ્યું. અરે..! પ્રભુ! ત્રણેય અનુયોગમાં પણ આ જ કહ્યું છે. આહાહા..! કથાનુયોગમાં પણ ક્રમબદ્ધની જ વાત કરી છે. ચરણાનુયોગમાં પણ ક્રમબદ્ધ વ્રત અને નિયમના પરિણામની જ વાત કરી છે અને કર્મપ્રકૃતિ કરણાનુયોગ, એમાં પણ અમુક ગુણસ્થાને આ ઉદયો, અને અમુક ગુણસ્થાને આ સત્તાઓ એ પણ ક્રમબદ્ધ છે એની જ વાત કરી છે. ચારેય અનુયોગમાં આ સ્થિતિનું વર્ણન છે. અને ચારેય સ્થિતિના વર્ણનમાં ત્યાંથી ફરીને સ્વમાં આવવું એ વર્ણન છે. કારણ કે ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. ૧૭૨ ગાથા. 'પંચાસ્તિકાય'ની ૧૭૨મી ગાથા. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. એમ નહિ કે બીજા અનુયોગો રાગને કરે અને રાગથી લાભ થાય એવું કહે. અને દ્રવ્યાનુયોગથી લાભ નથી એમ કહે, એમ નથી, ભાઈ! તને ખબર નથી. એ કરણાનુયોગ કર્મ હોય, જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય તેવી ભાષા આવે, તો ત્યાં પણ વ્યવહારની ભાષા છે. જ્ઞાનની પર્યાય પોતાથી હિણી થાય ત્યારે તેને નિમિત્ત કહેવાય. આહાહા..! અને તે પણ સમજવા માટે તેને છોડીને, હીણીને છોડીને અધિક વસ્તુ છે તેનું અવલંબન લેવા, એ હિણી અને એમાં નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! એમાં ઊભો રહેજે એમ વાત નથી કરી. આહાહા..!

એનો સાર વીતરાગતા કીધી છે. વ્રત કરવા, એના અતિચાર ટાળવા એ વાત બહુ આવે. પણ એનો અર્થ અંદર વીતરાગતા પ્રગટ કરવી એ સાર છે. આહાહા..! કર્મપ્રકૃતિમાં એ, ચરણાનુયોગમાં એ, કથાનુયોગમાં એ છે. એમ કહે આ તો દ્રવ્યાનુયોગની જ વાત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. પણ દ્રવ્યાનુયોગની દૃષ્ટિથી બીજા અનુયોગમાં શું કહેવું છે એ દૃષ્ટિથી બેસે. ત્યારે ચારેય અનુયોગની ઘડ બેસે. નહિતર એની ઘડ બેસે નહિ. આહાહા..! છે?

એવા સુખદુઃખની કલ્પના જે છે, શુભઅશુભભાવ. એ શુભભાવ તે સુખની કલ્પના. સુખદુઃખ. એ **'સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.'** આનું નામ પ્રત્યાખ્યાન છે. આનું નામ પ્રત્યાખ્યાન છે. આહાહા..! સાંભળતા કઠણ લાગે છે.

મુમુક્ષુ :- આપ તો સહેલું કરીને સમજાવો છો.

પૂ. ગુરુદેવશ્રી :- ભાષા તો આવી છે. આહાહા..! એને એમ લાગે કે આ કેમ પકડાય? કેમ પકડાય શું? એ પકડાય એવો જઈ છે. આહાહા..! ન પકડાય એવું એનામાં છે જ નહિ. આહાહા..! એ કહે છે. **'વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.'**

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૦૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'** એ 'સમયસાર'ના પુણ્યપાપના અધિકારમાં ૧૦૪ શ્લોક છે.

**`निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विंदंत्येते परममृतं तत्र निरताः**

આહાહા..! **'શુભ આચરણરૂપ કર્મ...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ **'શુભ આચરણરૂપ કર્મ...'** આહાહા..! **'અશુભ આચરણરૂપ કર્મ—'** પરિણામની વાત કરી છે. શુભઅશુભ પરિણામ બે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ શુભ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ એ અશુભ ભાવ છે. એ શુભ-અશુભ બે ભાવ, એ આચરણરૂપ કર્મ એટલે કાર્ય **'એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...'** અરે..! પ્રભુ! તમે બધાનો નિષેધ કરો તો મુનિને શરણ શું? આહાહા..! તમે તો શુભભાવને દુઃખ કહીને નિષેધ કરો, અશુભભાવને દુઃખ કહીને નિષેધ કહો, શુભભાવને ઝેર કહીને છોડાવવા માગો. આહાહા..! શું પણ હવે ત્યારે એને રહેવું ક્યાં? કરવું શું? એ એટલું પર્યાયમાં ભાસે છે એટલે એને આ છોડવાનું કહ્યું પણ હવે રહેવું ક્યાં? આહાહા..!

**'निषिद्धे सर्वस्मिन्'** તમે તો સર્વકર્મનો નિષેધ કર્યો. પંચમહાવ્રતના પરિણામ ભગવાન કહે છે, કે મારી ભક્તિ, મારું યાદ કરવું, સ્મરણ કરવું એ બધો શુભભાવ, એનો આપ નિષેધ કરો છો એ ધર્મ નહિ. આહાહા..! એ **'શુભ આચરણરૂપ...'** આચરણરૂપ કીધું છે ને? શુભ પ્રકૃતિ નથી લીધી. શુભ આચરણ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ આચરણ પરિણામ છે ને? એ **'શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ....'** ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ. **'એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...'** એવા સમસ્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકારના કાર્ય જે છે, તેનો **'નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,,,'** એ રીતે કર્મ રાગ-દ્વેષરૂપી, કર્મ એટલે કાર્ય એવી અવસ્થાથી રહિત **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** એ કર્મની અવસ્થા છોડીને નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં... આહાહા..!

એક બાજું છોડ્યું અને એકબાજુ ગ્રહ્યું. મમત્વને છોડ્યું અને નિર્મમત્વ એવા આત્માને ગ્રહણ કર્યો. એવી **'અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી;...'** એ શુભઅશુભ છોડાવ્યું માટે હવે એને કોઈ શરણ નથી એમ નથી. શરણ તો એ પરમાત્મા પોતે છે. આહાહા..! વિરોધ બહુ આવે. એમ ન હોય, આમ ન હોય. ના પાડી છે એમ કહે. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં ના પાડી છે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. એય..! એ શબ્દ નાખ્યો છે. એ કઈ અપેક્ષાએ કહે છે? કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. જે સમયે થાય તે કાળલબ્ધિ અને તેનો ભાવ તે ભવિતવ્યતા. કાળલબ્ધિ એટલે તો કાળે જ થાય એ કોઈ વસ્તુ નથી એમ એ કહે છે. એક જણાનું મોટું લખાણ આવ્યું છે. બહુ ઊંધું છે. ઘણું ઊંધું. શું થાય? વાંચનારા એ વાંચે. 'કૈલાસચંદજી'નો વિરોધ આવ્યો છે. 'કૈલાસચંદજી' એમ કે નિંદા જ કર્યા કરે. સાધુની, ફલાણાની, ઢીકણાની. એનો વિરોધ આવ્યો છે. અરે..! આવું કરીને શું કામ? બાપુ! તારે કરવાનું આ કામ છે.

**'મુનિઓ...'** જ્યારે શુભાશુભભાવને, સુખદુઃખનો તમે નિષેધ કર્યો, એ આચરણ જ નથી. એ આત્માનું આચરણ નથી. હોય, આવે. પણ એ આત્મા આચરણ નથી. આહાહા..! તો નથી તો એને કરવું શું? કે **'મુનિઓ કાંઈ અશરણ નથી; (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે...'** આહાહા..! શુભઅશુભ વિકલ્પ, એ નિવૃત્તિ પ્રવર્તે છે. શુભઅશુભ વિકલ્પ છે એ પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિની અપેક્ષાએ નિષ્કર્મ નિવૃત્તિ છે અને આત્માની અપેક્ષાએ નિષ્કર્મ પણ પ્રવૃત્તિ છે. પર્યાય પરિણતિ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ બેય ભાવ પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિને નિવૃત્તિથી... આહાહા..! એને કાંઈ શરણ નથી એમ નહિ.

**'નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ અવસ્થા) પ્રવર્તે છે...'** નિવૃત્તિની અપેક્ષા, શુભઅશુભભાવથી નિવૃત્તિ. બાકી છે તો આત્મામાં પરિણતિ. વીતરાગી પરિણતિ છે. શુભાશુભનો નિષેધ થયો, ત્યારે આત્માના અવલંબે વીતરાગી પરિણતિ તે શરણ છે. છે વીતરાગી પરિણતિ, વીતરાગી પર્યાય. આહાહા..! સમજાણું? વીતરાગી પર્યાય ધ્યેય નથી. શરણ છે કારણ કે ત્રિકાળીને આશ્રયે થાય અને નિર્વિકારી પર્યાય ઉત્પન્ન થાય. એથી એમ કીધું છે, **'નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું— રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;...'** જુઓ! એ પર્યાયની વાત કરી હોં. ત્રિકાળી જ્ઞાયકવસ્તુને આશ્રયે શુભાશુભથી નિર્વૃત્યો ત્યારે અંદર પ્રવર્ત્યો. શુભાશુભની અપેક્ષા છોડીને પ્રવર્ત્યો, એટલે એનાથી નિવૃત્તિ થઈ અને પોતામાં શુભની પ્રવૃત્તિ થઈ. આહાહા..! **'તે મુનિઓને શરણ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે;...'** આહાહા..! કહ્યું?

**'નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાન...'** એટલે આત્મામાં **'આચરણ કરતું—રમણ કરતું—પરિણમતું જ્ઞાન...'** જ્ઞાન એટલે આત્મા, આત્મા રમતો, પોતામાં રમણ કરતો... આચરણ કરતો... આહાહા..! આ તો 'સમયસાર'ના પુણ્યપાપના અધિકારનો કળશ છે. એ પરથી નિર્વૃત્તતું. **'જ્ઞાનમાં આચરણ કરતું—'** એ પ્રવૃત્તિ થઈ. **'રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ...'** આત્માને **'મુનિઓને શરણ છે;...'** એ જ્ઞાન જ પરિણતિ તે આત્માને શરણ છે. આહાહા..! શુભાશુભ છૂટ્યા એટલે હવે એને કાંઈ રહ્યું નહિ એમ નથી. એને જ્ઞાનમાં શુદ્ધતા આવી છે. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ અભેદ છે, તેનું અવલંબન લેતા પર્યાયમાં નિષ્કર્મ અવસ્થારૂપી શુભાશુભની અપેક્ષાએ નિવૃત્તિ છે અને દ્રવ્યની અપેક્ષાએ શુભ પરિણતિ છે. શુભપરિણતિરૂપ એ પ્રવૃત્તિ છે. આહાહા..! મુનિઓને પણ પ્રવૃત્તિ છે. આહાહા..! છે ને?

**'મુનિઓને શરણ છે;...'** આહાહા..! ધીમેથી, શાંતિથી વાંચે, વિચારે તો સમજાય એવું છે. એકદમ ઓલો એક જણો કહેતો હતો, કે તમે 'સમયસાર'ના બહુ વખાણ કરો છો. પંદર દિ'માં વાંચી ગયો છું. એમાં શું છે? ભાઈ! એની એક લીટીમાં શું છે, એ તારા વાંચવામાં આવે એમ નથી, બાપા! અરે...! આવો વખત, સમય સમય ચાલ્યા જાય છે. આહાહા..! ટાઈમ આવે જુઓને એક પછી એક પછી બિચારા ચાલ્યા જાય છે. આહાહા..! થઈ રહ્યું. આ જગતમાં હયાતી હતી, બહારમાં દેખાતી હતી એ બંધ થઈ ગઈ. ક્યાંક બીજે જઈને અવતર્યા. આહાહા..! કારણ કે એ તો અનાદિ-અનંત છે. અહીંથી છૂટીને એ ક્યાંય કોઈ ઠેકાણે જશે, ત્યાં પણ પ્રવૃત્તિ તો છે જ. કારણ કે અહીં પ્રવૃત્તિને પોતાની માની છે, ત્યાં પણ પ્રવૃત્તિમાં જ પોતે એકમેક થઈને રહેશે. આહાહા..!

એ શુભાશુભ પ્રવૃત્તિથી ભિન્ન ભગવાન નિવૃત્ત સ્વરૂપ છે એને તો ઓળખ્યો નથી. એને તો આંગણે લાવ્યો નથી. પર્યાયમાં એને લાવ્યો નથી. પર્યાયમાં રાગ, પુણ્ય, દયાને લાવ્યો છે. આહાહા..! આવી વસ્તુ છે. આહાહા..! 'દેવીલાલજી'! થોડું કઠણ લાગે, બાપા! પણ આ વસ્તુ તો આવી છે. એની શ્રદ્ધામાં તો પાકું કરવું જોઈએ. વિકલ્પની શ્રદ્ધાથી પાકું કરવું જોઈએ. ઉપરથી ઇન્દ્ર ઉતરે તો પણ ફરે નહિ. એવો પહેલો નિર્ણય પાકો કરવો જોઈએ. પછી વિકલ્પ તોડીને અંદરમાં જાવું એ જ રસ્તો સરળ છે. આહાહા..! પણ હજી વિકલ્પની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. અરે..! પ્રભુ! તારા શરણની વાત છે ને, નાથ! તને તારું શરણ બતાવે છે. તો શરણ અંદર છે. શુભાશુભ છૂટી જાય એટલે શરણ વિનાનો થઈ ગયો. કરવાનું એ હતું, એ જ કરવાનું હતું અને એ કરવાનું ગયું એટલે કાંઈ કરવાનું રહ્યું નહિ. શુભાશુભ છોડાવ્યા એ જ કરવાનું હતું. આહાહા..! એ કરવાનું હતું એનો નિષેધ કર્યો, હવે એને રહ્યું શું? બાપુ! એ શુભાશુભ કરતો હતો એ સ્થાનમાં શુદ્ધતાને કરે છે. એ શુભાશુભથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિવૃત્તિ લઈ અને પરિણતિમાં શુદ્ધતા, નિર્મળતા, વીતરાગતાને કરે છે. એ શરણ વીતરાગતાનું છે. એ નિષ્કર્મ થયો એટલે કાંઈ શરણ રહિત થઈ ગયો અને શુભભાવ હતો એ એને શરણ હતો. ઘણા કહે શુભભાવમાં ભગવાનનું લક્ષ જાય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પ્રેમ થાય, એટલે કાંઈ એમાં શરણ હતું. હવે એ ગયો એટલે મારે શું રહ્યું હવે? તારે રહ્યો મોટો ભગવાન. આહાહા..! આવી વાતું છે. ગાંડા-ઘેલાની વાતું તો આવી, બાપુ! કોઈ ગાંડા કહે, ઘેલા કહે, પાગલ કહે, નાથ! માર્ગ તો આ છે, બાપા! આહાહા..!

અહીંથી જાવું છે, બાપા! દેહ તો છૂટીને આવ્યો. ૫૦-૬૦ વર્ષ થયા એટલું કાંઈ રહેવું નથી. હવે જશે ક્યાં? એનું શું કર્યું? આહાહા..! એ શુભાશુભપ્રવૃત્તિ જે સુખદુ:ખરૂપ છે, એમાં જ રોકાઈ ગયો તો તે કર્યું શું? જે અનાદિ સંસારમાં કરતો આવે છે એ તે કર્યું. આહાહા..! અને કર્યું શું તે? એનાથી નિવૃત્તિ લઈને સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી એ કરવાનું છે. આહાહા..! શુભાશુભ પ્રવૃત્તિ છોડી **'જ્ઞાનમાં આચરણ કરતું—'** જ્ઞાન એટલે આત્મા સ્વભાવ. જ્ઞાનસ્વરૂપ છે એમાં આચરણ કરતું હોં. જ્ઞાન એટલે શાસ્ત્રનું જાણવું એ નહિ. શાસ્ત્રનું જાણવું અને એમાં રમણ કરતું એ નહિ. આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ છે. એવા **'જ્ઞાનમાં આચરણ કરતું—એવા જ્ઞાનમાં રમણ કરતું—એવા જ્ઞાનમાં પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;...'** આત્માને એ એક જ શરણ છે. આહાહા..! અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્ એ બધો વ્યવહાર છે એ તો કહે છે. આહાહા..!

મંગળિકમાં આવ્યું એ વ્યહાર છે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં એ વીતરાગ પર્યાય આવી. પણ એ વીતરાગ પર્યાય પ્રગટ કેમ થાય? કે અભેદદષ્ટિથી એ પ્રગટ થાય. આહાહા..! વીતરાગે કહેલો ધર્મ પર્યાય, પર્યાયના લક્ષે પર્યાય ન થાય. આહાહા..! તો ચારેય મંગળિક ઊડી ગયા. અરિહંતા સિદ્ધા સાહુ કેવળી પણ્ણંતો ધમ્મો. એ કેવળીએ કહેલો ધર્મ વીતરાગ. એ વીતરાગ તે શરણ છે એમ કહેવું છે. કેમ ઉત્પન્ન થાય? એ શુભાશુભથી નિવૃત્તિ કરીને અંદરમાં અવલંબન લે તો ઉત્પન્ન થાય. આહાહા..! ભગવાનનું શરણ કર્યા કરે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં...

હમણા એક પત્ર કોઈકનો આવ્યો હતો. એમ કહે મેં કેટલીવાર હજારવાર, દસ હજારવાર, લાખવાર ઓમકાર ગણ્યો. એનું શું પરિણામ હશે? મહારાજ! એમ પૂછ્યું હતું. બહુ મોટો ધોળો ડુંગર દેખાય છે, એમાં દિગંબર મુનિ દેખાય છે. એવો કોકનો પ્રશ્ન છે. અહીં કોણ લખે છે અને કોણ ઉત્તર આપે છે? કોકને ખેદ પણ થાય છે. ઓલાને ખેદ થયો છે. શું કહેવાય 'સોલાપુર'નો પંડિત.

મુમુક્ષુ :- વર્ધમાન સ્વામી -

પૂ. ગુરુદેવશ્રી :- વર્ધમાન... એ છે એમ અનુકૂળ લૌકિક સાધુ. એને અહીંથી હું અહીં ફલાણા માટે સહાય આપું એમ લખ્યું હતું. એનો ઉત્તર પણ નથી? એમ કહે હું તમને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળ્યો છું. ઉત્તર કોણ આપે? એ કાગળ, લખાણ, ઉત્તર લખવા. અહીં તે ક્યાં નવરાય છે? બાપા! એણે ખેદ બતાવ્યો છે. ઉત્તર પણ લખવાનો નથી? સહાય તો ન થયા. એવું કહે છે. અરે..! પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- ભૂતબલી શાસ્ત્રી

પૂ. ગુરુદેવશ્રી :- ભૂતબલી.. પહેલું શું કીધું હતું? વર્ધમાન એ તો વિરોધમાં. એ નહિ. આ તો મૂળબિદ્રીના. એ સાચી વાત. એનો કાગળ હતો.

અહીં કહે છે, કે પ્રભુ! એકવાર સાંભળ. એ **'જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે—'** એ પ્રવૃત્તિ વિનાનો નથી. એ પુણ્ય અને પાપની પ્રવૃત્તિ વિનાનો થયો. પણ અમૃતને પીવાની પ્રવૃત્તિથી ખાલી નથી. આહાહા..! એ શુભાશુભભાવમાં સુખદુઃખને પીતો હતો. આહાહા..! શુભાશુભભાવમાં સુખદુઃખને અનુભવતો હતો. એ હવે ખાલી નથી. આહાહા..! **'તે આત્મામાં લીન થયા થકા પરમ અમૃતને...'** પરમ અમૃત. જે અમૃતસ્વરૂપ છે એ કોઈ દિ' મરે નહિ, કોઈને મારે નહિ, કોઈથી મરે નહિ. આહાહા..! એવો અમૃત. આહાહા..! એવો અમૃતસ્વભાવ એનો સ્વભાવ છે. એ **'અમૃતને પોતે...'** પીવે છે. પીવે છે એટલે **'અનુભવે છે'**

મુનિરાજ શુભઅશુભરાગ છોડીને... આહાહા..! અત્યારે એમ કહેવામાં આવે છે, કે અત્યારે તો જોગ જ હોય. 'શ્રુતસાગર' છે. શાંતિસાગરના કેડાયત. એ કહે છે અત્યારે શુભભાવ જ હોય. બધા સાધુઓ થયા એ શુભભાવમાં જ હતા. એમ કહે. શાંતિસાગરથી માંડીને અત્યારે. અરે...! પ્રભુ! શુભભાવ એ કાંઈ વસ્તુ છે? આહાહા..! એ તો અનાદિ સંસાર કર્યો છે એ છે. આકરું કામ, બાપા!

એ **'પરમ અમૃતને પોતે અનુભવે છે—'** એમ છે ને? શબ્દ એમ છે ને? આહાહા..! **'स्वयं विंदंत्येते परमममृतं तत्र निरताः'** સ્વયં અમૃતને પીવે છે. આહાહા..! 'સમયસાર'ની પાંચમી ગાથામાં આવ્યું છે ને? પ્રચુર સ્વસંવેદન એ મારો વૈભવ છે. મુનિનો વૈભવ આ ઘણા શિષ્યો થયા, ઘણા શાસ્ત્રો બનાવ્યા, ફલાણું બનાવ્યું એ એનો વૈભવ નથી. એ તો પરનો વૈભવ છે. આહાહા..! ઘણા સમજાવ્યા અને ઘણા સાધુ થયા, શિષ્યો થયા. મારો એ વૈભવ નથી. મારો વૈભવ તો સ્વસંવેદન, પ્રચુરસ્વસંવેદન છે. કેમ કે સંવેદન તો અંશે અનુભૂતિ તો ચોથે ગુણસ્થાનથી હોય છે. પણ આ તો મુનિ છે એટલે પ્રચુર સ્વસંવેદન છે. ઘણું જ સ્વઆત્માનું વેદન છે. આહાહા..! એ મારા નિજવૈભવથી 'સમયસાર'ને હું કહીશ. એમ કહ્યું છે. આહાહા..! એવા મુનિરાજ એવા હતા. તે દિ' ત્યાંનો વિરોધ હતો. શ્વેતાંબર પંથ નીકળી ગયેલો. ૧૦૦ વર્ષ થઈ ગયા. તકરાર થઈ હતી. ગીરનારમાં મોટી. આહાહા..! ઓલો કહે મારી પહેલી ધજા ચડે, ઓલો કહે મારી પહેલી ધજા ચડે. ઓલા પુણ્યશાળી આત્મા પવિત્રતા અને પુણ્ય બે ભેગા હતા. અંબાદેવી બોલી કે દિગંબર ધર્મ પહેલો છે. 'કુંદકુંદાચાર્ય'ના વખતમાં ચર્ચા થઈ હતી. પ્રાચીન છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૩૪

(मंदाक्रांता)

अथ नित्यमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो
भववनधिसमुत्थं मोहयादःसमूहम्।
कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या
प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि।।१३४।।

વળી (આ ૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-

**[શ્લોકાર્થ :-] મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઇંદ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે *નિયંત્રણ કર્યું છે એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતા મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને તેમ જ કનક અને યુવતીની વાંછાને અતિપ્રબળ વિશુદ્ધ ધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું. ૧૩૪.**

## શ્લોક-૧૩૪ ઉપર પ્રવચન

'વળી (આ ૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'

अथ नित्यमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो
भववनधिसमुत्थं मोहयादःसमूहम्।
कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या
प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि।।१३४।।

આહાહા..! હવે મુનિરાજ પોતે કહે છે. ટીકાકાર 'પદ્મપ્રભમલધારિદેવ.' આહાહા..! પંચમઆરાના સાધુ. હજી તો એમને નવસો વર્ષ થયા. એ જૈનસંપ્રદાયને સંબોધે છે. અત્યારે આવું ન હોય. એમ કહે છે. આ પોતે સંબોધે છે? સભામાં આમ કહે છે.

**'મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે નિયંત્રણ કર્યું છે...'** આહાહા..! જેણે મન-વચન-કાયાને રોક્યા છે અને **'સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું...'** ઇચ્છાનું નિયંત્રણ-સંયમ કર્યું છે. ઇચ્છાનું સંયમ કર્યું છે એટલે ઇચ્છાઓ ઉડાડી દીધી છે. આહાહા..!

---

***નિયંત્રણ કરવું = સંયમન કરવું; કાબૂ મેળવવો.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ મુનિપણું. **'એવો હું...'** પાછું એમ કીધું. જોયું? **'મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે નિયંત્રણ કર્યું છે એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતા...'** ભવસાગર પરિભ્રમણમાં ઉત્પન્ન થતાં **'મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને...'** મોહરૂપી જળચર, સંસારરૂપી દરિયો એમાં મોહરૂપી જળચર રહેનારા. આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ મોહરૂપી જળચર છે એ. આહાહા..!

**'મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને તેમ જ કનક અને યુવતીની વાંછાને...'** પાઠમાં હતું ખરું ને. **'કનક અને યુવતીની વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી...'** આહાહા..! **'અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું.'** આહાહા..! **'અતિપ્રબળ વિશુદ્ધધ્યાનમયી...'** જોયું? ધ્યાનમયી પર્યાય લીધી છે ને? ઓલી રાગની પર્યાય છૂટી ગઈ ને? આ નિર્મળ **'અતિપ્રબળ વિશુદ્ધધ્યાનમયી સર્વ શક્તિથી...'** આત્માના અનંત-અનંત વીર્યની શક્તિથી એને હું **'તજું છું.'** અને સ્વરૂપની રચના કરું છું. આહાહા..! વીર્યનો ગુણ એ છે કે એને છોડવું અને સ્વરૂપની રચના, અનંતગુણની પર્યાયમાં રચના કરવી એ વીર્યગુણનો સ્વભાવ છે. એ કહે છે કે રાગને હું તજું છું અને સર્વશક્તિના પ્રબળથી અને વિશુદ્ધધ્યાનમાં રહું છું. આહાહા..! જુઓ! વિશુદ્ધ શબ્દ વાપર્યો છે. ઘણે ઠેકાણે વિશુદ્ધ શુભભાવમાં વપરાય છે. વિશુદ્ધ શુભભાવમાં વપરાય, શુદ્ધમાં વપરાય. એથી કરીને કાંઈ કયે ઠેકાણે કઈ વ્યાખ્યા છે એ જાણવું જોઈએ. શુભભાવને પણ વિશુદ્ધ કહે. અહીં વિશુદ્ધ એટલે વિશેષે શુદ્ધ. ઓલામાં વિશુદ્ધ એટલે અશુભકર્મ, અશુભભાવ જે છે એનાથી જરી હઠ્યો છે એટલો વિશુદ્ધ શુભભાવ. છે બંધનું કારણ ઝેર. એને વિશુદ્ધ કહે અને આને પણ વિશુદ્ધ કહે.

**'અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયીસર્વ શક્તિથી...'** આહાહા..! પંચમકાળમાં ધ્યાન હોય નહિ ને. પંચમકાળમાં ધ્યાન હોય નહિ. શુભયોગ જ હોય એમ કહે છે. આહાહા..! અરે..! પ્રભુ! તું એની હા તો પાડ કે ધર્મ-ધ્યાન હોય છે. આહાહા..! **'ધ્યાનમયી સર્વ શક્તિથી...'** મારી શક્તિનું જેટલું જોર છે એનાથી **'તજું છું.'** પરને હું છોડું છું. આહાહા..! પ્રકાશ છે તેથી જીવ આવે છે. ૧૩૪ કળશ થયો ને?

## ગાથા–૧૦૦

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा में संवरे जोगे।।१००।।**

**आत्मा खलु मम ज्ञाने आत्मा मे दर्शने चरित्रे च।**
**आत्मा प्रत्याख्याने आत्मा मे संवरे योगे।।१००।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अत्र सर्वत्रात्मोपादेय इत्युक्तः।

अनाद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसहजसौख्यात्मा ह्यात्मा। स खलु सहजशुद्धज्ञानचेतनापरिणतस्य मम सम्यग्ज्ञाने च, स च प्रांचितपरमपंचमगतिप्राप्ति-हेतुभूतपंचमभावभावनापरिणतस्य मम सहजसम्यग्दर्शनविषये च, साक्षान्निर्वाणप्राप्त्युपाय-स्वस्वरूपाविचलस्थितिरूपसहजपरमचारित्रपरिणतेर्मम सहजचारित्रेपि स परमात्मा सदा संनिहितश्च, स चात्मा सदासन्नस्थः शुभाशुभपुण्यपापसुखदुःखानां षण्णां सकलसंन्यासात्मक-निश्चयप्रत्याख्याने च मम भेदविज्ञानिनः परद्रव्यपराङ्मुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य, मम सहजवैराग्यप्रासादशिखरशिखामणेः स्वरूपगुप्तस्य पापाटवीपावकस्य शुभाशुभसंवरयोश्च, अशुभोपयोगपराङ्मुखस्य शुभोपयोगेऽप्युदासीनपरस्य साक्षाच्छुद्धोपयोगाभिमुखस्य मम परमागमकरंदनिष्यन्दिमुखपद्मप्रभस्य शुद्धोपयोगेऽपि च स परमात्मा सनातनस्वभावत्वात्तिष्ठति।

तथा चोक्तमेकत्वसप्ततौ -

(अनुष्टुभ)

'तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।<br>
चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।

(अनुष्टुभ)

नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम्।<br>
उत्तमं च तदेवैकं तदेव शरणं सताम्।।

(अनुष्टुभ)

आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया।<br>
स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः।।'

---

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,<br>
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.

અન્વયાર્થ :– [खलु] ખરેખર [मम ज्ञाने] મારા જ્ઞાનમાં [आत्मा] આત્મા છે, [मे दर्शने] મારા દર્શનમાં [च] તથા [चरित्रे] ચારિત્રમાં [आत्मा] આત્મા છે, [प्रत्याख्याने] મારા પ્રત્યાખ્યાનમાં [आत्मा] આત્મા છે, [मे संवरे योगे] મારા સંવરમાં તથા યોગમાં (-શુદ્ધોપયોગમાં) [आत्मा] આત્મા છે.

ટીકા :– અહીં (-આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (-ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.

આત્મા ખરેખર અનાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિયસ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે; પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂતપંચમભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે; સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ-પરમચારિત્રપરિણતિવાળો જે હું તેના (અર્થાત્ મારા) સહજ ચારિત્રમાં પણ તે પરમાત્મા સદા સંનિહિત (-નિકટ) છે; ભેદવિજ્ઞાની, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને પંચેદ્રિયના ફેલાવ રહિત દેહમાત્રપરિગ્રહવાળો જે હું તેના નિશ્ચયપ્રત્યાખ્યાનમાં - કે જે (નિશ્ચયપ્રત્યાખ્યાન) શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ અને દુઃખ એ છના સકળ સંન્યાસસ્વરૂપ છે (અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે) તેમાં તે આત્મા સદા આસન્ન (-નિકટ) રહેલો છે; સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ, સ્વરૂપગુપ્ત અને પાપરૂપી અટવીને બાળવા માટે પાવક સમાન જે હું તેના શુભાશુભસંવરમાં (તે પરમાત્મા છે), તથા અશુભોપયોગથી પરાઙ્મુખ, શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનતાવાળો અને સાક્ષાત્ શુદ્ધોપયોગની સંમુખ જે હું પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ - તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે કારણ કે તે (પરમાત્મા) સનાતન સ્વભાવવાળો છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ ને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] તે જ એક (-તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે, તે જ એક પવિત્ર દર્શન છે, તે જ એક ચારિત્ર છે અને તે જ એક નિર્મળ તપ છે.

[શ્લોકાર્થ :-] સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે, તે જ એક મંગળ છે, તે જ એક ઉત્તમ છે અને તે જ એક શરણ છે.

[શ્લોકાર્થ :-] અપ્રમત્ત યોગીને તે જ એક આચાર છે, તે જ એક આવશ્યક ક્રિયા છે અને તે જ એક સ્વાધ્યાય છે.'

## ગાથા–૧૦૦ ઉપર પ્રવચન

ગાથા-૧૦૦. ૧૦૦મી ગાથા આવી. આહાહા..! આ તો બહુ વારંવાર બધે ઠેકાણે છે. 'સમયસાર'માં પણ છે.

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा में संवरे जोगे।।१००।।**

'સમયસાર'ના બંધ અધિકારમાં છે.

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

આહાહા..! **'અહીં (–આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (–ગ્રહણ કરવાયોગ્ય) છે...'** આહાહા..! સર્વત્ર આત્મા જ આદરણીય છે. એ સિવાય કોઈ આદરણીય છે નહિ. વિકલ્પમાત્ર છોડવાયોગ્ય છે, ભાઈ! આહાહા..! આને માટે કાંઈ સહેલું–હળવું સાધન હશે કે નહિ? હળવું સાધન જ આ છે. પરથી જુદું પાડવું એ ધર્મનું સાધન છે. આહાહા..! એ કહે છે.

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

આહાહા..! **'અહીં (–આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (–ગ્રહણ કરવાયોગ્ય) છે...'** આત્મા જ અનુભવ કરવાલાયક છે. એમ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૦૭, ગાથા-૧૦૦, શનિવાર, માગશર વદ ૧૧, તા.૧૫-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર'. ગાથા-૧૦૦.

**'સર્વત્ર આત્મા ઉપાદેય (–ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.'** પહેલું છે ને? **'અહીં (–આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (–ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.'** હવે પહેલું જ્ઞાનમાં લે છે. **'આત્મા ખરેખર અનાદિ-અનંત,...'** વસ્તુ છે. સત્ છે... સત્ છે... સત્તા છે. એને આદિ-અંત શું હોય? અનાદિ-અનંત છે, **'અમૂર્ત,...'** છે. રંગ, ગંધ, સ્પર્શ વિનાની ચીજ છે. **'અતીન્દ્રિયસ્વભાવવાળો,...'** આત્મા છે. અતીન્દ્રિયસ્વભાવવાળો. ઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવો એ નથી. આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ ઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવો એ નથી.

**'શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે.'** શુદ્ધ સ્વભાવિક સુખસ્વરૂપ છે. આનંદસ્વરૂપ છે. સ્વભાવિક એનો સ્વભાવ જ આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિયઆનંદ, સ્વભાવિક અતીન્દ્રિય આનંદ શુદ્ધ એવો જેનો સ્વભાવ છે. આ આત્માની વ્યાખ્યા છે. એવો જ **'સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો...'** એવો જે ભગવાન આત્મા. સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના. દયા, દાન એ કર્મચેતના છે અને હરખ-શોક એ કર્મફળચેતના છે. એ વસ્તુ આત્મામાં નથી. અહીંયાં તો **'જ્ઞાનચેતનારૂપે પરિણમેલો...'** અનંતજ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એમાં દૃષ્ટિ આપતા **'જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું...'** જ્ઞાનની પર્યાયરૂપે, અવસ્થારૂપે, સમ્યગ્જ્ઞાનની દશારૂપે થયેલો એ **'હું તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે;...'** આત્મામાં એ સમ્યગ્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાનમાં આત્મા છે. એ સમ્યગ્જ્ઞાન કોઈ શાસ્ત્રથી કે પરથી પ્રગટે છે, એમ નથી. આહાહા..!

આવું જે સમ્યગ્જ્ઞાન એમાં આત્મા છે. એટલે કે આત્માના આશ્રયે સમ્યગ્જ્ઞાન થયું છે. એ સમ્યગ્જ્ઞાનની સમીપમાં પ્રભુ વિસ્તરે છે. સમ્યગ્જ્ઞાન એને કહીએ કે મોક્ષના માર્ગનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવયવ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ અવયવી, એનો એક અવયવ સમ્યગ્જ્ઞાન, તે જ જ્ઞાન સમ્યક્ એને કહીએ, કે જે જ્ઞાનમાં આત્મા સમીપમાં વર્તે છે. આહાહા..! રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી દૂર વર્તે છે. એ જ્ઞાન આત્માની સમીપમાં વર્તે છે. આવી વાત છે. એ મારા જ્ઞાનમાં **‘પરિણમેલો જે હું...’** પર્યાયમાં પરિણમેલો છે. એવું સમ્યગ્જ્ઞાન, તેમાં **‘ખરેખર તે (આત્મા) છે;...’** આહાહા..! એ આત્માના અવલંબે સમ્યગ્જ્ઞાન થયું છે. તેથી સમ્યગ્જ્ઞાનમાં આત્મા સમીપમાં છે. સમ્યગ્જ્ઞાનમાં રાગની મંદતા અને નિમિત્તોની સમીપતા છે માટે સમ્યગ્જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..! આવી વાત છે.

ધર્મનું પહેલું સોપાન સમ્યગ્જ્ઞાન. અહીં જ્ઞાનથી લીધું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ છે. એમાં પહેલું સમ્યગ્જ્ઞાન લીધું છે. એ જ્ઞાને પરિણમેલો... વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ અનાદિ-અનંત અમૂર્ત છે. પણ તેના લક્ષમાં વર્તમાનમાં જ્ઞાનરૂપે પરિણમેલો, સમ્યગ્જ્ઞાનરૂપી દશા થયેલી, તે સમ્યગ્જ્ઞાનદશામાં આત્મા સમીપ વર્તે છે. આત્મા જ તેનો આશ્રય છે. સમ્યગ્જ્ઞાનમાં આત્માનો જ આશ્રય છે. સમ્યગ્જ્ઞાનમાં બીજા કોઈનો આશ્રય છે નહિ. આહાહા..! આવું સમ્યગ્જ્ઞાન છે. મોટું એમ કહે સંસ્કૃત, વ્યાકરણ, અગ્યારઅંગના શાસ્ત્રજ્ઞાનના ભણતર એ સમ્યગ્જ્ઞાન નથી. સમ્યગ્જ્ઞાનમાં તો જ્યાં આત્મા સમીપમાં વર્તે છે. જેના ધ્યેયમાં આત્મા છે. સમ્યગ્જ્ઞાનના ધ્યેયમાં, આશ્રયમાં, અવલંબનમાં આત્મા છે. તેથી તેને સમ્યગ્જ્ઞાન કહીએ. એ સમ્યગ્જ્ઞાનની સમીપમાં પ્રભુ આત્મા છે. આહાહા..! અને એ સમીપમાં પ્રભુ છે અને દયા, દાન, પુણ્ય, પાપના વિકલ્પો, એનાથી સમ્યગ્જ્ઞાન દૂર દૂર છે. આહાહા..! આવી વાતું. આખો દિ’ સવારમાં પણ એ અને સાંજે પણ એ. એય ‘કનુભાઈ’! આહાહા..! બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! અનંતકાળ થયા, પ્રભુ! ચોરાશીના અવતારમાંથી નજર કરી નથી. તે નજર કરી નથી, ભાઈ! ભૂલી ગયો. આહાહા..! માતાના પેટમાંથી જ્યારે જન્મ્યો. જન્મીને છ-બાર મહિના કાઢ્યા, એ વખતની યાદી છે તને? આહાહા..! આ ભવની છતી થયેલી અવસ્થા. માતાએ કઈ રીતે એને.... આહાહા..! ધવરાવ્યો કેવી રીતે? બે પગ આમ લાંબા કરીને એમાં બેસાડી નીચે દીશા કરાવી. લાંબા બે પગ કરીને પછી છોકરાને બેસાડે છે ને? યાદ છે?

અહીં કહે છે, કે આ ભવમાં પણ વીતેલી યાદ નથી તેથી નથી કેમ કહેવાય? પ્રભુ! આ ભવમાં થયેલી વાત વીતી ગઈ તેને નથી એમ કેમ કહેવાય? એવી રીતે અનંતભવમાં વીતી ગઈ, બાપા! આહાહા..! અનંત-અનંત ભવના એક-એક ક્ષણમાં અનંતા દુઃખોના ભવ વેઠ્યા છે. એ ભૂલી ગયો એટલે નથી એમ કેમ કહેવાય? એને યાદ કરતો નથી. એથી નથી કેમ કહેવાય? યાદ કરે તો છે અને નહિંતર નથી. આહાહા..! અહીં તો હું તો આત્મા અનાદિ-અનંત ભગવાન ખરેખર છું. એ મારું જે સમ્યગ્જ્ઞાન છે એમાં એ આત્મા જ વર્તે છે. એ આત્માને અવલંબે મને સમ્યગ્જ્ઞાન થયું છે. આહાહા..! કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રને અવલંબે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ નહિ. આહાહા..! આકરું કામ છે. ધર્મ અપૂર્વ છે ને? પૂર્વે કદી કર્યો નથી. એથી વસ્તુ અપૂર્વ જ છે. એ મારા જ્ઞાનમાં પરિણમેલાને ખરેખર આત્મા જ છે. આહાહા..! એક વાત.

હવે સમ્યગ્દર્શન. બીજું સમ્યગ્દર્શન. એમાં બીજી ભાષા લેશે. **'પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિ...'** આહાહા..! સિદ્ધગતિ એ પૂજિત પરમગતિ છે. પૂજિત પરમ પંચમગતિ છે. આ ચાર ગતિ નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ એ તો રખડવાની ગતિ છે. આ તો પૂજિત પરમ પંચમગતિ... આહાહા..! પૂજવા લાયક **'પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** જોયું? સમ્યગ્દર્શનમાં આ નાખ્યું. આહાહા..! **'પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** આહાહા..! ઓલામાં **'સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો....'** એમ હતું. સહજશુદ્ધજ્ઞાન. આમાં તો **'પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** જ્ઞાયકભાવ જે ત્રિકાળ, પંચમભાવ જે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાય છે એનાથી તે જુદી ચીજ છે. દ્રવ્યમાં એ ચારભાવ નથી. ક્ષાયિકભાવ પણ દ્રવ્યમાં નથી. તો ઉદય, રાગ-દ્વેષના ભાવ તો શેમાં અંદર હોય? પંચમભાવ એવો જે ભગવાન ત્રિકાળી.

**'પંચમભાવની ભાવનારૂપે...'** પણ વાત શું કીધી? કે **'પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** પર્યાય લીધી. પંચમગતિની પ્રાપ્તિનું કારણ પંચમભાવની ભાવના. પંચમભાવ, પંચમભાવ પરિણમેલો... પરિણમેલો... ત્રિકાળી પંચમભાવરૂપે પરિણમેલો. ભાવનારૂપે એટલે વિકલ્પ અને કલ્પનારૂપે રહેલો એમ નહિ. પંચમભાવની ભાવના એટલે એકાગ્રરૂપે પરિણમેલો. ભાવનાનો અર્થ આ છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં શ્રાવકનો અધિકાર છે. સમકિતી શ્રાવક છે એ જ્યારે સામાયિકમાં બેસે છે, ત્યારે કોઈ વખતે એને શુદ્ધ ઉપયોગ પણ આવી જાય છે. શુદ્ધ ઉપયોગની ભાવના આવી જાય એવો પાઠ છે. એટલે એને ભાવનાનો અર્થ એવો કરે, કે એ તો એનો ભાવ આવે કે વિકલ્પ આવો હોય તો ઠીક. એવો એ ભાવનાનો અર્થ કરે છે. એમ નથી.

પંચમગુણસ્થાનવાળો સાચો શ્રાવક સામાયિકમાં બેસે ત્યારે કોઈવખતે એને શુદ્ધોપયોગ થઈ જાય છે. પુણ્ય-પાપના શુદ્ધ વિકલ્પ છૂટીને શુદ્ધોપયોગ થઈ જાય છે. એને પંચમભાવની ભાવના કહેવાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આનું નામ સામાયિક. અહીં તો સામાયિકના નામેય ખબર પણ ન મળે. **'પંચમભાવની ભાવના...'** ત્રિકાળી ભગવાન જ્ઞાયક જે અસ્તિ તત્ત્વ છે, અસ્તિ છે તે પૂર્ણ છે. પૂર્ણ છે તે પૂર્ણ પવિત્ર છે. પવિત્રતાની એકાગ્રતારૂપે પરિણમેલો **'જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** તેના સહજ સમ્યગ્દર્શન. **'(અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં)...'** તે પંચમભાવની ભાવના, તે પંચમભાવનો વિષય એવી ભાવના એ પર્યાય સમ્યગ્દર્શનની એ **'સહજ સમ્યગ્દર્શનવિષયે....'** એવી જે પર્યાય સહજ સમ્યગ્દર્શને પરિણમેલો, એનો વિષય. **'(અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે;...'** સમ્યગ્દર્શન પરિણમેલામાં વિષયમાં, ધ્યેયમાં આત્મા છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનના ધ્યેયમાં... સમ્યગ્દર્શન પણ નથી. એ પર્યાય છે. અહીંયાં એમ કહ્યું છે, કે **'પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** એ પર્યાય છે. **'જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** તેના ત્રિકાળી વસ્તુના સ્વભાવિક સમ્યગ્દર્શનના વિષયમાં **'(અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે;...'** સમ્યગ્દર્શનની પર્યાય આત્મા તરફ વળે છે. આહાહા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ સમકિત અને નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ સમકિત એ નહિ. સમ્યગ્દર્શનના વિષયમાં તો પંચમભાવ વર્તે છે. એ સમ્યગ્દર્શન પંચમભાવની પરિણતિ છે, પંચમભાવની પર્યાય છે. પંચમભાવ છે એ દ્રવ્ય છે. પંચમભાવ એ ત્રિકાળી દ્રવ્યવસ્તુ છે, એની ભાવના-એકાગ્રતા એ પર્યાય છે. એ પર્યાયનો વિષય છે તે પંચમભાવ છે. આહાહા..! આવું આકરું કામ છે. જન્મમરણરહિત થવાનો માર્ગ આવો છે. ચોરાશીના અવતાર કર્યા, એને મૂકાવાનો પંથ આ છે. બહારથી જાણે આ કર્યું... આ કર્યું... આ કર્યું... માટે એમાંથી આવી જશે, એના નિષેધ માટે આત્મા-આત્મા. મારા જ્ઞાનમાં આત્મા, મારા સમ્યગ્દર્શનના વિષયમાં આત્મા... આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ મારા સમ્યગ્દર્શનના વિષયમાં નથી. આહાહા..! છે કે નહિ? આકરું લાગે કે બીજું લાગે. શું થાય? માર્ગ પ્રભુ પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એની વસ્તુસ્થિતિ તો આ છે. એમના કથનો અને એમના કહેલા શાસ્ત્રો એ પ્રભુના શ્રીમુખે નીકળેલા, એ શ્રીમુખે નીકળેલી ધ્વનિ એમ એ કહે છે, કે પ્રભુ! આહાહા..!

**'પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** આહાહા..! કેટલા શબ્દ આવ્યા? **'પૂજિત પરમ પંચમગતિ...'** એ બધા 'પ-પ' આવ્યા. એની પ્રાપ્તિ, એનો હેતુ પંચમભાવ, એની **'ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે;...'** આહાહા..! નવતત્ત્વની શ્રદ્ધા કહે છે ને? એ નવમાં એક આવી ગયું. એકની યથાર્થતા થઈ એમાં આઠ નથી એવું જ્ઞાન એમાં આવી જાય છે. આહાહા..! એક વસ્તુ પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લેતા, એની પર્યાયો એમાં નથી એવું જ્ઞાન આવતા એ જ્ઞાનમાં નવતત્ત્વની શ્રદ્ધા આવી ગઈ. આહાહા..! આવી વાતું છે. સાધારણ માણસને તો આ નવું કાઢ્યું હશે? આવું કેમ? કહે છે. કેટલાક એમ કહે છે એય..! 'કાંતિભાઈ'! 'સોનગઢ'વાળાએ નવું કાઢ્યું. આપણો ચાલતો પંથ છે એ ક્રિયાકાંડનો જે છે એ બરાબર છે અને આ નવું કાઢ્યું. ભગવાન! એમ રહેવા દે, પ્રભુ! નવો પંથ નથી, પ્રભુ! એ પંથ અનાદિનો પરમાત્મા જિનેશ્વરદેવનો આ પંથ છે. આ વાડો નથી, આ પક્ષ નથી, આ જુદો પંથ નથી, એ વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! એથી એમ કહ્યું ને? મારો ભાવ પંચમગતિની પ્રાપ્તિનો ભાવ, પંચમભાવની ભાવના. **'ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે;...'** આમાં પંથ ક્યાં આવ્યો? આમાં તો વસ્તુ આવી. આહાહા..!

વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથે આ કહ્યું, પ્રભુ! ઠીક લાગે, ન લાગે. બીજાને એકાંત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાગે કે આ વ્રત અને નિયમ અને આ બધું કરવું નથી. તો ઠીક આ શોધી કાઢ્યું. હવે એમ પણ બોલે. 'યશપાલજી'! આ વ્રત, તપ બાપા! તે એવા કર્યા હતા. યુવાન અવસ્થામાં એવી આકરી ક્રિયા હતી. બહુ આકરી ક્રિયા. આહાહા..! બે-બે દિવસ સુધી પાણીનું બિંદુ ન મળે. નિર્દોષ. એવા દિવસો ગાળેલા. પાણી વિના એકલી છાશથી ચલાવેલું. એ વખતે એ ક્રિયામાં માન્યું હતું. એવી ક્રિયા સખત હતી. પણ એ બધી શુભભાવની ક્રિયા છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. આહાહા..! અમે વહોરવા જઈએ, શેઠિયાની વહુઓ ધ્રૂજે. ધ્રૂજે. ... શકે નહિ. ૩૦-૩૫ વર્ષની ઉંમર, વહોરવા જઈએ અને નિર્દોષ આમ જોઈએ. જરા પણ પાણીનો કળશો નીચે પડ્યો હોય, અડેલું પાણી અંદર ફક્ત. બાઈ વહોરવા ઊઠે અને જો એને સાડલો અડી જાય, બસ ઘર બંધ. એના ઘરેથી આહાર-પાણી લઈએ નહિ. એવા કેટલા વર્ષ કાઢ્યા છે. એ તો એ વખતે. બાપુ! એ બધી ક્રિયા કષ્ટો એ કાંઈ મૂળવાત ધર્મ નથી. આહાહા..!

આ તો કહે છે, કે **'(અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં)...' 'પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** આહાહા..! એવા **'પંચમભાવની ભાવના...'** એ હેતુ. આહાહા..! એ **'ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** મારો પ્રભુ છે. આત્મામાં, મારા સમ્યગ્દર્શનમાં છે. સમ્યગ્દર્શનમાં કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર કે ભેદ છે નહિ. આહાહા..! બે બોલ થયા. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન. હવે ચારિત્ર. ચારિત્રમાં આત્મા છે. ચારિત્ર એને કહીએ, પ્રભુ! પંચમહાવ્રતના પરિણામ અને સમિતિ, ગુપ્તિ જોઈને ચાલવું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! જોઈને ચાલવું, વિચારીને બોલવું, અશુભને રોકીને શુભ કરવા એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! ચારિત્ર તો ચરવું. તિર્યંચ હોય એ કાંઈ ચરે તે વસ્તુ ચરે કે વસ્તુ વિના ચરે? ઢેફા ખાય? લીલોતરી આમ જામી ગઈ હોય એને તિર્યંચ ખાય-ચરે. એમ ચારિત્ર એટલે અંદર જામી ગયેલો આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદનું દળ છે તેને અનુભવે, તેનો સ્વાદ લે, તેને ખાય, તેને અનુભવે, એનું નામ ચારિત્ર છે. 'કાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા..! પણ એ બધી નિશ્ચયની વાત છે. પણ એના સાધન તરીકે વ્યવહાર જોઈએ ને? એમ કહે. વ્યવહાર હોય છે, પણ સાધન તરીકે નહિ, જાણવા તરીકે છે.

જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, ત્યાં સુધી જ્ઞાનીને પણ વ્યવહાર આવે, રાગ આવે, પણ એ જાણે કે બંધનું કારણ છે. રાગ છે એ બંધનું કારણ છે પણ નબળાઈને લઈને આવ્યા વિના રહે નહિ. આવે માટે આદરણીય છે એમ નથી. આવે માટે આદરણીય છે અને હિતકર છે. જ્ઞાનીને પણ આવે માટે હિતકર છે એમ નહિ. આહાહા..! આવો માર્ગ જરી આકરો. હવે ચારિત્ર. ચારિત્રમાં **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિ...'**નું કારણ. જોયું? ઓલું સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનમાં મુક્તિની સાક્ષાત્ પ્રાપ્તિ નહોતી. આહાહા..! સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત જે ચારિત્ર છે એ **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત,...'** આહાહા..! ત્રણેમાં ફેરફારવાળી ભાષા છે. **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત,...'** એકલું સમ્યગ્દર્શન અને જ્ઞાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કાંઈ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી. અંદર સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક, અંદરમાં આનંદની રમણતામાં ઝમવટ જામી જાય, અતીન્દ્રિય આનંદમાં જામી જાય, દળ જામી જાય... આહાહા..! જેમ શિયાળામાં ઘી જામી જાય એમ આત્મા રાગ વિનાનો સ્થિરપણે જ્ઞાનમાં જામી જાય. આહાહા..! એ સાક્ષાત્ મુક્તિનું કારણ ચારિત્ર છે. પણ ચારિત્રની વ્યાખ્યા આકરી બહુ, બાપા! આહાહા..!

આ નગ્નપણું લીધું, લુગડા ફેરવ્યા, પંચમહાવ્રતના નામ ધરાવ્યા. એટલે ચારિત્ર છે, બાપુ! એમ નથી. ભાઈ! આ કોઈ વ્યક્તિના દોષની વાત નથી, પ્રભુ! આ વસ્તુનું સ્વરૂપ આવું છે. આહાહા..! વિરુદ્ધ હોય એને પણ ટળીને પ્રભુ! તારું કલ્યાણ થાવ. વિરુદ્ધભાવમાં ન રહો. વિરુદ્ધભાવમાં તો પ્રભુ! ભવિષ્યમાં કાળ લાવવો પડશે. આકરો પડશે, પ્રભુ! આહાહા..! ધર્મીની ભાવના એ ન હોય. ધર્મીની ભાવના તો બધા આત્માઓ નિર્વાણપદને પામો, કેવળપામો, ... પામો. અરે..રે...! આવા દુઃખના દરિયામાં પડ્યા. એ દુઃખના દરિયામાં રહેવું, બાપા! ઠીક નથી પ્રભુ! કહે છે. આહાહા..! મને તો ઠીક નહિ પણ બીજાને માટે પણ મને ઠીક નહિ એમ કહે છે. આહાહા..! બધા ભગવાન છે. એ દુઃખ પામે. નરક અને નિગોદના દુઃખો, બાપા! સાંભળ્યા આકરા પડે એવું... આહાહા..! અક્ષરનો અનંતમો ભાગ નિગોદને ઉઘાડો રહી ગયો. કેટલો હીણો થઈ ગયો. કેટલી દુઃખની દશા? એ દશા જેટલી હીણી થઈ ગઈ એટલું દુઃખ. ઓહો..! સંયોગ તરીકે નારકીનું દુઃખ કહેવાય છે. અંદરની હીણીદશાનું દુઃખ નિગોદનું છે. આહાહા..! દ્રવ્ય તરીકે નિગોદનો જીવ પણ પરમેશ્વર છે હોં. પણ પર્યાયમાં હીણીદશા એવી થઈ, કે બીજા જીવો એને જીવ છે એમ કબુલવા (તૈયાર ન થાય) આહાહા..!

એક વચન એવું છે. પ્રભુ! એમ કેટલા નિગોદમાં ગયા કેમ? કે એણે આ આત્માના તત્ત્વના અસ્તિત્વને ઊડાવી દીધેલું. એ નહિ. બધું રાગથી થાય, આથી થાય, આ થાય. એવું છતી ચીજને ઉડાવી અને જેમાં જન્મ્યો એને આ આત્મા જ છે એ અન્યોને આત્મા છે એ કબુલ કરવું પણ કઠણ પડે એવી સ્થિતિમાં ગયો, પ્રભુ! આહાહા..! આત્માને તે આળ આપ્યા હતા, પ્રભુ! આહાહા..! એ આળ અભ્યાખ્યાનના ફળમાં એની દશા હીણી થઈ ગઈ. બાપુ! હીણી ભાષા ભલે તમને લાગે, પણ એમાં અનંતું દુઃખ છે. પર્યાયમાં અનંત આનંદ હણાઈ ગયો. પર્યાયમાં હોં. દ્રવ્ય તો અનંત આનંદરૂપ જ છે. એ વખતે પણ. પણ પર્યાયમાં અનંત આનંદ હણાઈ ગયો એ દુઃખનું શું કહીએ? આહાહા..!

એથી કહે છે, કે **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિ...'** નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ... આહાહા..! ત્રણેની ભિન્ન-ભિન્ન વ્યાખ્યા કરી. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, આ ચારિત્ર આ. **'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદથી ભરેલો, પ્રભુ! ઠસોઠસ ભર્યો છે. એમાં અવિચળરૂપ–ચળે નહિ એ રીતે સ્થિતિરૂપ અંદર **'સહજપરમચારિત્રપરિણતિવાળો...'** સ્વભાવિક ચારિત્રપરિણતિવાળો... આહાહા..! આ ચારિત્ર છે. અરે..! ભાઈ! ચારિત્રની વ્યાખ્યા, બાપુ! આકરું બાપા. કોઈ વ્યક્તિનું કાંઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં નહિ. વસ્તુની સ્થિતિ આવી છે, ભાઈ! એણે દરકાર કરી નથી. નાની-નાની ઉંમરના બાળકોની પણ સ્થિતિ પૂરી થઈ જાય તો ચાલ્યા જાય છે. હાર્ટફેઈલ થઈ જાય તો ચાલ્યા જાય છે. આહાહા..!

હમણા જ વાત કરીને 'રામજીભાઈ'એ. ક્યાંક એ માણસ સાંજે દુકાન બંધ કરતા હશે. એમાં ડાકુ આવ્યા. ખૂબ માર્યો. મારીને માલ લઈ ગયા. આહાહા..! આ સ્થિતિ છે. ક્યા ગામમાં? 'રામજીભાઈ'! 'આફ્રિકા'માં. સાંજના દુકાન બંધ કરતો હશે, એમાં ડાકુ આવ્યા. માર્યો અને મારીને માલ-બાલ લઈ ગયા. આહાહા..! આ સ્થિતિ ઊભી થાય. હોસ્પિટલમાં લઈ ગયા. મૂંઢમાર પડે, હાડકા કળે... આહાહા..! દાસને એણે પૂછ્યું હતું વળતા કેમ છે? શું રહે છે? કીધું. અહીંયાં દુઃખ થાય છે. દુઃખનો પિંડલો આખો આત્મા પડ્યો છે. શરીર, એમાં આત્મા રહ્યો છે. દુઃખના પિંડમાં પ્રભુ આનંદનો નાથ કલંકપણે રહ્યો છે. આહાહા..! ભવ કરવો એ કલંક છે પ્રભુ એમ કહે છે. પ્રભુ! તને ભવ ન હોય. ભવના ભાવ ન હોય. પ્રભુ! એ કલંક છે. ત્રણલોકનો નાથ વીતરાગસ્વરૂપ જુઓને... આહાહા..!

**'નિજ સ્વરૂપમાં અવિચળસ્થિતિરૂપ...'** આહાહા..! સ્વભાવિક **'પરમચારિત્રપરિણતિવાળો...'** હું પોતે એમ કહે છે. મુનિ પોતે. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ'. એવું **'પરમચારિત્રપરિણતિવાળો જે હું...'** આહાહા..! પંચમઆરામાં પણ આ છે કે નહિ? આ તો ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. અત્યારે એમ કહે છે કે સાધુને અત્યારે શુભજોગ જ હોય. પ્રભુ! એમ રહેવા દે. શુભજોગ એમ કહે કે આગળ વધી શકતા નથી. શુભજોગ, ધર્મ બર્મ તો બીજી ચીજ છે એમ કબુલ કરીને પ્રભુ! દોષ અને અદોષ કબુલ કર. એમ બચાવ કર્યે આ કાંઈ આત્મામાં લાભ નહિ થાય. આહાહા..! અરે..! જીવે પણ અનાદિથી એમ જ કર્યું છે. પોતાનું ટાણું આવે તો પોતાના દોષનો બચાવ કરી એ રીતે બહારમાંથી છૂટ્યો છે. અંદરમાંથી તો દોષમાંથી ક્યાં છૂટે? આહાહા..! પંચ ભેગા થયા હોય અને દોષ કર્યો હોય એણે કબુલ કરવું પડે. આહાહા..! નાના હું એમાં નહોતો. મારું નામ નથી. એ તો બીજા છોકરા કરતા હશે એનું હશે. આહાહા..! એવા દોષથી છૂટો થયો પણ અંદરના દોષથી છૂટો ન થયો.

અહીં કહે છે, હું તો **'સહજ પરમચારિત્રપરિણતિવાળો...'** પરિણતિવાળો **'જે હું...'** આહાહા..! ભાષા જુઓ! પાઠ એવો છે ને? **'आदा खु मज्झ णाणे'** એ 'સમયસાર'ની ગાથા છે. 'સમયસાર'ની આ ગાથા બંધઅધિકારમાં છે. તેવો જે **'સહજપરમચારિત્રપરિણતિવાળો જે હું...'** તે **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** આહાહા..! **'સહજ પરમચારિત્રપરિણતિવાળો જે હું તેના (અર્થાત્ મારા) સહજ ચારિત્રમાં પણ તે પરમાત્મા સદા...'** એ સ્વભાવિક ચારિત્રમાં પણ પરમાત્મા સદા **'સંનિહિત (–નિકટ)...'** વર્તે છે. મારા ચારિત્રમાં પ્રભુ નિકટ વર્તે છે. આહાહા..! મારા ચારિત્રમાં પંચમહાવ્રતના પરિણામ અને વિકલ્પ એ મારામાં વર્તાતા નથી. આહાહા..! એનાથી તો હું દૂર વર્તું છું. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાંભળીને એણે પહેલું જ્ઞાન તો કરવું પડશે ને? આહાહા..!

અહીં બિચારી એક બાઈ છે. એનું આખું શરીર અગ્નિથી બળે છે. 'લલિતા ભાવસાર' આખું શરીર આમ કેટલાય વર્ષથી રોગ છે. આખું શરીર બળે છે અંદર. આહાહા..! 'લાલચંદભાઈ' નહિ અહીંયાં? .. ઓલા. આપણા 'રખિયાલ'વાળા 'નેમચંદભાઈ'. આમ કરતા હતા. અહીં કાંઈક અંદર થાતું હશે. અંદર પરમાણુ છે તે એવા સબકા મારે. અહીં. આહાહા..! આ 'હીરાલાલ' આવે છે ને? 'હીરાભાઈ શેઠ'. છોકરો બેસે છે. નહોતા બેસતા? ઘણા પૈસાવાળા છે. ૫૦-૬૦-૭૦ લાખ છે. પણ છોકરાને પરણાવા ગયો અને ચડવા ગયો ત્યાં પડી ગયો. આટલો હાથ કપાઈ ગયો. કટકા થઈ ગયા. આટલો હાથ ખલાસ થઈ ગયો. અહીં બેસે છે. ક્યારેક આવે છે. પણ માણસ એવો જ્યાં કટકા થયા, જુદું પડી ગયું. જ્ઞાયક. હું જ્ઞાયક છું. એમ પડકાર માર્યો હતો. મારું કપાય છે એ નહિ. 'ઝવેરચંદભાઈ' બેસે છે ત્યાં સાથે બેસે છે. 'હીરાભાઈ'! આહાહા..! પૈસાવાળા છે. ૫૦-૬૦ લાખ. ઘણા ઉદાર પણ છે. લાખો રૂપિયા આપે છે. લાખો રૂપિયા પુસ્તકોમાં (આપે છે) આહાહા..! પણ કપાણુ તો મળવા ઘણા આવે. મોટો માણસ છે. એને આબરૂ મોટી અને શાંત માણસ. મળવા આવે છે એમાં વાત વખત ગયો અને પછી ... શરૂ થઈ ગઈ. એને એમ કે પડ્યો. આટલું બધું કપાઈ ગયું. જીવતા હાથ કપાઈ ગયો. આહાહા..! આવું અનંત-અનંતવાર થયું છે. એકવાર નથી થયું કાંઈ. એની વાત નથી. આહાહા..! આવું અનંતવાર થયું, બાપુ! છતી વાતને ભૂલી ગયો.

આ છતો ભગવાન ત્રણલોકનો નાથ! જેની રમણતામાં સાક્ષાત્ મુક્તિની પ્રાપ્તિ, એવું જે ચારિત્ર, તેમાં **'પરમાત્મા સદા...'** પરમાત્મા એટલે જોયું? અહીંયાં પરમાત્મા લીધું. પરિ-આત્મા. આ આત્મા પરમાત્મા લીધો. આહાહા..! **'સદા સંનિહિત (–નિકટ)...'** વર્તે છે. મારા ચારિત્રમાં તો આત્મા નિકટ વર્તે છે. પંચમહાવ્રતના પરિણામ અને સમિતિ-ગુપ્તિ એ તો બધા બંધના કારણ છે. આહાહા..! આવું કરીને એકાંત માને પછી બાપા! આગળ ચાલી ન શકે. એમ કહે એકાંત છે, બાપુ! બીજો વ્યવહાર હોય છે. આવું નિશ્ચય ભાન હોય એને જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી ભક્તિના પરિણામ આવે, મહાવ્રતના આવે, સમિતિ-ગુપ્તિના આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની વંદન-ભક્તિનું બહુમાન આવે, પણ જાણે કે આ હેય છે. છાંડવાયોગ્ય છે, દુઃખરૂપ છે. મારી નબળાઈને લઈને આવ્યા વિના રહેતા નથી. છતાં એ દુઃખરૂપ છે. મોક્ષનું કારણ નથી. આહાહા..! સાક્ષાત્ નિર્વાણની પ્રાપ્તિનું કારણ તો આ ચારિત્ર છે. એ આવું ચારિત્ર. આહાહા..! સમજાય છે? પ્રભુ! સમજાય એવી સાદિ ભાષા આવે છે. આહાહા..!

**'પરમાત્મા...'** આમાં પરમાત્મા લીધું. ચારિત્ર થયું ને? જ્ઞાન-દર્શનમાં તો હીણી દશા હતી. અને ચારિત્રમાં દશા ઊંચી થઈ ગઈ. અંતરમાં રમતા-રમતા આનંદની રમત... આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાત્મા... પરમાત્મા... હું તો થયો. અને મારી ચારિત્રની પર્યાયમાં પરમાત્મા નિકટ વર્તે છે. આહાહા..! **'પરમાત્મા સદા...'** પાછું. એમ નહિ કે કોઈ વખતે આમ અને કોઈ વખતે મહાવ્રતના પરિણામ અને વહોરવા જાવ ત્યારે ભગવાન દૂર થઈ જાય છે. એમ નહિ. મારી ચારિત્રદશામાં તો નિરંતર સદા પરમાત્મા જ વર્તે છે. આહાહા..! છતી ચીજ અંદર પડી છે. સત્ છે... સત્ છે... અસ્તિ છે, સત્તાવાળી ચીજ છે. અને જે ચીજ છે તે સ્વભાવ વિનાની હોય નહિ, અને જેનો સ્વભાવ છે તે મર્યાદિત હોય નહિ. અમર્યાદિત સ્વભાવ અનંતજ્ઞાન-દર્શન-આનંદ એમાં ભર્યો છે, ભગવાન! આહાહા..! એવા **'પરમાત્મા સદા સંનિહિત (–નિકટ) છે;...'** આહાહા..! મારા ચારિત્રમાં પણ તે પરમાત્મા **'તે પરમાત્મા સદા સંનિહિત (–નિકટ) છે;...'** આહાહા..! ગજબ છે ને?

'નિયમસાર'. 'સમયસાર'ની વાત કરે પણ આ 'નિયમસાર'માં આ છે. કેટલીક વાત તો 'સમયસાર'થી પણ વધી જાય એટલી વાત આમાં છે. કારણ કે આચાર્ય પોતે કહે મારા માટે મેં તો બનાવ્યું છે. આહાહા..! વિશેષ બીજું હવે. પ્રત્યાખ્યાન. હવે પ્રત્યાખ્યાન. ચોથો બોલ. **'दंसणे चरित्ते य आदा पच्चक्खाणे'** છે ને? ચોથો બોલ છે. પ્રત્યાખ્યાનમાં કોણ છે? કે આ પ્રત્યાખ્યાન કર્યું, લ્યો આ ત્યાગ કર્યો. વિકલ્પ છે એ પ્રત્યાખ્યાન છે? પ્રત્યાખ્યાનનો તો આ અધિકાર છે. આ નિશ્ચયપ્રત્યાખ્યાનનો અધિકાર છે.

**'ભેદવિજ્ઞાની,...'** પ્રત્યાખ્યાનની એનાથી શરૂઆત કરી. રાગના વિકલ્પથી પણ ભિન્ન એવો મારો પ્રભુ, એવો જે હું **'ભેદવિજ્ઞાની, પરદ્રવ્યથી પરાઙ્મુખ...'** વિકલ્પથી અને પરસંયોગથી પરાઙ્મુખ. આહાહા..! **'અને પંચેંદ્રિયના ફેલાવ રહિત દેહમાત્રપરિગ્રહવાળો...'** આ મુનિની દશા. ભાવ પણ એવા જ હોય અને દ્રવ્યે પણ દેહમાત્ર જ હોય. મુનિને વસ્ત્ર, પાત્ર હોઈ શકે નહિ. આહાહા..! વસ્ત્ર-પાત્ર જ્યાં સુધી છે ત્યાં સુધી મુનિપણું છે નહિ. આહાહા..! અંતરથી જ્યાં ચારિત્ર થયું તેને આવો વિકલ્પ હોય જ નહિ. એવો સ્વભાવ છે. આહાહા..! **'પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્રપરિગ્રહવાળો...'** છે. એક નગ્ન તો શરીર છે બાકી બીજું બધું છોડી દીધું. આહાહા..! વસ્ત્ર નહિ, પાત્ર નહિ. આહાહા..! એ લેખન, લખવું, તાડપત્ર એ કોઈ ચીજ મારી નથી. આહાહા..! એ કાંઈ મારી ચીજ નથી.

**'દેહમાત્રપરિગ્રહવાળો...'** જોયું? મુનિને છે. જંગલમાં વસે, તાડપત્ર ઉપર લખે. ત્યાં તાડપત્ર બહુ છે ને? 'સુરત'ની પાસે ક્યું ગામ ઓલું? 'અંકલેશ્વર' નહિ. 'સજોત-સજોત'. 'સજોત' છે ને? 'ભરૂચ'ની પાસે. જૂનું બે હજાર વર્ષ જૂની પ્રતિમા છે. અમે ત્યાં ગયા છીએ. બે વાર જઈ આવ્યા. ત્યાં બે વાર જઈ આવ્યા છીએ. જેટલા નજીક હોય એટલામાં તો બધે જઈ આવ્યા છીએ. બે હજાર વર્ષ પહેલાની જૂની પ્રતિમા છે. નીચે. શું કહેવાય? ભોંયરામાં. નીચે ભોંયરા જેવું છે. બે હજાર વર્ષ જૂની દિગંબર મૂર્તિ–પ્રતિમા છે. આહાહા..!

કહે છે, કે **'દેહમાત્રપરિગ્રહવાળો જે હું...'** મુનિ કહે છે... આહાહા..! **'દેહમાત્રપરિગ્રહવાળો**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે હું...**' દેહ તો છૂટતો નથી. દેહની મમતા છૂટે છે પણ દેહ છૂટતો નથી. આહાહા..! દેહ તો એની સ્થિતિપ્રમાણે છૂટશે. તેથી એમ કહે છે, કે દેહમાત્રપરિગ્રહ તો છે. આહાહા..! એ '**દેહમાત્રપરિગ્રહવાળો...**' એમ કહીને મુનિપણાની દશાનું વર્ણન પણ કર્યું. મુનિ હોય એને વસ્ત્ર અને પાત્ર પણ હોય, તો એ મુનિ નથી. 'કુંદકુંદાચાર્ય' સૂત્રપાહુડમાં એમ કહે છે, વસ્ત્રનો એક ધાગો રાખીને મુનિપણું માને, મનાવે તો નિગોદમાં જશે. આહાહા..! વસ્તુસ્થિતિ આવી છે. એવો પાઠ છે. સૂત્રપાહુડની ૧૬મી ગાથામાં નિગોદમાં જશે એવો પાઠ છે. સુતરનો ધાગો રાખીને... આહાહા..! મોટરું સાથે રાખીને, ઘાસ રાખીને... આહાહા..! સૂત્રપાહુડમાં છે. 'કુંદકુંદાચાર્ય'નું છે. કાળલબ્ધિ પણ 'કુંદકુંદાચાર્ય'નું છે. 'અષ્ટપાહુડ'માં કાળલબ્ધિ. ઓલો કહે કાળલબ્ધિ નથી. એ વળી એવું નીકળ્યું. જેને જેમ ગમે તેમ. સમાજને કાંઈ ખબર નથી. જે વાત સામે કહે એ જય નારાયણ. આહાહા..!

કહે છે, કે હું જે '**દેહમાત્રપરિગ્રહવાળો...**' અને ભેદવિજ્ઞાની. અંદર રાગથી ભિન્ન પડેલો '**પરદ્રવ્યથી પરાઙ્મુખ...**' છું. પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છું. સ્વદ્રવ્યથી સન્મુખ છું. આહાહા..! '**તેના નિશ્ચયપ્રત્યાખ્યાનમાં—**' તેના સાચા પ્રત્યાખ્યાનમાં. નિશ્ચયપ્રત્યાખ્યાનમાં... આહાહા..! સાચું પ્રત્યાખ્યાન જે છે એ મારામાં કહે છે. એમાં શુભ-અશુભભાવ પણ નથી, પુણ્ય-પાપના પરમાણુ પણ નથી, સુખ-દુઃખની કલ્પના પણ નથી, છ બોલ પણ નથી. મારા પ્રત્યાખ્યાનમાં મને શુભ-અશુભભાવ નથી, પુણ્ય-પાપ નથી અને સુખ-દુઃખ નથી.

'**એ છના સકળ સંન્યાસસ્વરૂપ છે.**' પ્રત્યાખ્યાનમાં છના ત્યાગસ્વરૂપ છે. આહાહા..! શુભ-અશુભભાવ પણ પ્રત્યાખ્યાનમાં આવતો નથી. આવી વાત છે. છ જોડલું કીધું ને? '**શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ, દુઃખ એ છના સકળ સંન્યાસસ્વરૂપ...**' છનો બિલકુલ ત્યાગ. '**(અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે) તેમાં—તે આત્મા સદા...**' એવું જે મારું પ્રત્યાખ્યાન.. આહાહા..! મુનિરાજ કહે છે, એવું જે મારું પ્રત્યાખ્યાન–પચ્ચખાણ, તેમાં '**છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે...**' એમ. છમાં સંપૂર્ણ ત્યાગસ્વરૂપ. જરીએ શુભરાગ પ્રત્યાખ્યાનમાં છે એમ નહિ. નિશ્ચયપ્રત્યાખ્યાનમાં, સાચા પ્રત્યાખ્યાનમાં જરીએ શુભરાગ છે નહિ. શુભરાગ એ પ્રત્યાખ્યાન છે જ નહિ. આહાહા..!

'**તેમાં–તે આત્મા સદા આસન્ન (–નિકટ) રહેલો છે;...**' છના ત્યાગમાં, નિત્ય પ્રત્યાખ્યાનમાં '**તેમાં–તે આત્મા સદા આસન્ન (–નિકટ) રહેલો છે;...**' એ પ્રત્યાખ્યાનમાં આત્મા જ નિકટ છે. પ્રત્યાખ્યાનમાં કોઈ શુભરાગની મંદતા અને બહારની ક્રિયાકાંડની દશા અને એ પ્રત્યાખ્યાનમાં જોડે છે, એ પ્રત્યાખ્યાન નથી. આહાહા..! છે ને? એમાં છે ને? '**સદા આસન્ન (–નિકટ) રહેલો છે;...**' આહાહા..! અને '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ,...**' સહજ–સ્વભાવિક '**વૈરાગ્યરૂપી મહેલ...**' આ મહેલ એટલે મકાન. એના શિખર, એનો શિખામણિ. વૈરાગ્યનું જોર છે કહે છે. મુનિરાજને વૈરાગ્ય... વૈરાગ્ય... ઉદાસ.. ઉદાસ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉદાસ... ચાલતા સિદ્ધ છે. આહાહા..! સંત, દિગંબરસંત, મુનિવર, ચાલતા સંત છે. એને મુનિવર કહીએ. આહાહા..!

એ **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ, સ્વરૂપગુપ્ત...'** સ્વરૂપગુપ્ત. સ્વરૂપમાં ગુપ્ત. **'અને પાપરૂપી અટવીને બાળવા માટે...'** પાપરૂપી અટવી એટલે જંગલ, એને **'બાળવા માટે પાવક સમાન...'** અગ્નિ સમાન **'જે હું...'** આહાહા..! **'તેના શુભાશુભસંવરમાં...'** તે શુભ-અશુભ સંવરમાં **'(તે પરમાત્મા છે),...'** શુભ અને અશુભનો ત્યાગ છે, એમાં સંવર છે, એમાં પરમાત્મા છે. શુભભાવ તે સંવર છે એમ નહિ. આહાહા..! શુભ અને અશુભભાવ બેના ત્યાગરૂપ, એવો જે પરમાત્મા, આત્મા, એમાં સંવર છે. છે ને? **'શુભાશુભસંવરમાં (તે પરમાત્મા છે),...'** શુભાશુભ રોકવામાં, અટકવામાં પરમાત્મા છે. એ સંવરમાં પરમાત્મા છે. પણ સંવર ક્યો? કે આ સંવર. આમ લઈને બેસે અને પાંચ પચ્ચખાણ કરો, દુકાન-બુકાનનું કામ થોડું કરીને પછી સવારમાં આવે. આખો દિ' પોષા કરે. 'જામનગર'માં બહુ કરે. 'જામનગર' જોયું છે ને. એય..! આઠમના પોષા કરે ને? પાખીના. આહાહા..!

એ **'શુભાશુભસંવરમાં (તે પરમાત્મા છે),...'** આહાહા..! એ આત્મા છે. **'તથા અશુભોપયોગથી પરાઙ્મુખ,...'** અશુભ પાપના પરિણામથી તો પરાઙ્મુખ છું, વિરુદ્ધ છું. **'શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનવાળો...'** શુભોપયોગ જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે, તેનાથી પણ ઉદાસીનવાળો છું. કારણ કે એ કાંઈ મારી ચીજ નથી. આહાહા..! **'અને સાક્ષાત્ શુદ્ધોપયોગની સંમુખ...'** શુભ-અશુભ પરિણામ રહિત, સાક્ષાત્ શુદ્ધોપયોગ. ૯૦૦ વર્ષ પહેલા પંચમઆરાનો મુનિ એમ કહે છે. આહાહા..! મુનિવરની એવી દશા હોય છે. એ પોતે કહે છે શુભ-અશુભરહિત **'શુદ્ધોપયોગની સંમુખ જે હું—'** હું તો શુદ્ધોપયોગની સંમુખ છું. મારો પ્રભુ શુદ્ધ છે તેની સંમુખ મારો ઉપયોગ છે. પુણ્યપાપની તો ઉપેક્ષા છે. આહાહા..!

**'પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે...'** પોતે મુનિ કહે છે કે આ જે બધું નીકળે છે એ પરમાગમ છે. મારા મુખમાંથી જે નીકળે છે એ પરમાગમનો રસ ઝરે છે. આહાહા..! વીતરાગની વાણી છે એમ કહેવું છે. મારા ઘરનું કાંઈ નથી. બધી પરમાગમની વાણી છે. એ તો પહેલા પણ કહી ગયા છે. આની ટીકા કરનાર હું તે કોણ? ગણધરથી માંડીને મુનિઓ અને આચાર્યની પરંપરાથી આ ટીકા ચાલી આવી છે. આહાહા..! એ **'પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ–તેના શુદ્ધોપયોગમાં...'** યોગમાં છેલ્લો છે ને? સંવર અને જોગે. જોગ એટલે અહીં શુદ્ધોપયોગ લીધો. જોગ એટલે મન-વચન-કાયાના જોગ નહિ. જોગ એટલે અંતર વ્યાપાર શુદ્ધોપયોગ.

**'તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે...'** આહાહા..! પોતે પોતાની વાત કરે છે. જોયું! **'શુદ્ધોપયોગની સંમુખ જે હું—પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એવો પદ્મપ્રભ–તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે કારણ કે તે (પરમાત્મા) સનાતન સ્વભાવવાળો છે.'** એ વસ્તુ સનાતન સ્વભાવ, અનાદિ-અનંત સ્વભાવવાળો છે. તેની સન્મુખ મારી દૃષ્ટિ છે. તેની સન્મુખમાં હું સ્થિર છું. એ મારો શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ તે સંવર છે. શુભોપયોગ તે સંવર છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૦૮, ગાથા-૧૦૦, રવિવાર, માગશર વદ ૧૨, તા.૧૬-૧૨-૧૯૭૯

---

'નિયમસાર' ગાથા-૧૦૦. એમાં આધાર.

**'એવી રીતે એકત્વસપ્તતિમાં (–શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ ને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** આધાર આપ્યો છે, કે હું એમ કહું છું પણ આચાર્ય પણ આમ કહી ગયા છે.

**`तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।**

**'તે જ એક (–તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે,...'** આહાહા..! ચૈતન્યજ્યોતિ જે સ્વરૂપ આત્મા, તે જ એક જ્ઞાનસ્વરૂપ છે. એનાથી કોઈ બીજું જ્ઞાન નથી. આહાહા..! શાસ્ત્રજ્ઞાનને પણ અહીં જ્ઞાન કહેવામાં આવ્યું નથી. એ ચૈતન્યજ્ઞાનસ્વરૂપ જે છે. ભાષા શું છે? **'તે જ...'** તે જ. **'એક (–તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે,...'** આહાહા..! એને આશ્રયે, એને અવલંબે જ્ઞાન પ્રગટ થાય છે માટે વસ્તુ પોતે એક છે એ જ એક જ્ઞાન છે. આહાહા..! મોક્ષના માર્ગમાં પહેલું જ્ઞાન-દર્શન-ચારિત્ર. એમાં જ્ઞાન એને કહીએ, કે ચૈતન્યપદાર્થ જે અંદર ચૈતન્યરસથી ભરેલો, તે જ જ્ઞાન છે. એનું જ્ઞાન તે જ્ઞાન છે. એ જ્ઞાનસ્વરૂપ છે અને તેનું જ્ઞાન તે જ્ઞાન છે. બાકી કોઈ ભણતર-બણતર, બહારની વાતું એ જ્ઞાન-ધ્યાન નથી. આહાહા..!

**'તે જ એક પવિત્ર દર્શન છે,...'** પવિત્રદર્શન તે પણ એક આત્મા જ છે. આહાહા..! દર્શન એટલે સમકિત. **'તે જ એક પવિત્ર દર્શન છે,...'** ત્રિકાળ ચૈતન્યજ્યોતિ ભગવાન એ એક જ પરમજ્યોતિ છે. એક જ છે ને પહેલું? **'તે જ...'** કહ્યું એટલે જ ત્યાં લઈ ગયા. **'તે જ એક...'** એટલે તે એક જ **'પવિત્ર દર્શન છે,...'** આહાહા..! સમકિત અને દર્શન કોઈ બીજી ચીજ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા અને નવતત્ત્વના ભેદ માનવા, એ કોઈ સમકિત નથી. **'તે જ એક...'** અથવા તે એક જ **'પવિત્ર દર્શન છે,...'** આહાહા..!

આત્માનું અંતર પૂર્ણસ્વરૂપ, તેની પ્રતીતિ, તેનું દર્શન, તે જ એક દર્શન છે. આહાહા..! એની સામું જોવાને વખત મળે નહિ. અને ધર્મ કરવો અને ધર્મ કરીએ છીએ એમ માને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! અહીં તો પ્રભુ જે ચૈતન્યસ્વરૂપી ભગવાનઆત્મા પરમેશ્વર સ્વરૂપ જ પ્રભુ છે. એ જ્ઞાન છે અથવા એને અવલંબે થતું તે જ્ઞાન છે. એ વસ્તુ પવિત્ર દર્શન જ આત્મા છે. અને એને અવલંબે થતું સમકિત એ દર્શન છે. કોઈ બીજે અવલંબે દર્શન થાય એ સમકિત-બમકિત નથી. એમાં છે કે નહિ? આહાહા..!

'ન્યાલભાઈ'ને ભાઈએ પૂછ્યું હશે. આપણે 'ન્યાલભાઈ' પાસે ચાર-પાંચ કરોડ રૂપિયા છે. એ બાયડી-ભાયડો બે જ છે. આ 'હિંમતભાઈ'ના ભાઈના દીકરા. એને પૂછયું કાંઈ કરો છો? કહે, હા એક કલાક પૂજા-ભક્તિ કરીએ છીએ. થઈ રહ્યું લ્યો. એક કલાક સામે ફોટો લઈને પૂજા અને ભક્તિ કરે છે. થઈ ગયું. આહાહા..! અરેરે..! શું કરે? પૈસાવાળાનું માથુ ફરી જાય છે. માથા ફરી જાય છે. એથી નાનો કેવો? 'પૂનમચંદ' એ પણ એકવાર એના બાપને એમ કહેતો હતો, એણે ક્યાં પૈસા જોયા છે કહે. શું ભાષા હતી? હા પૈસાનો સ્વાદ એણે ક્યાં જોયો છે? કારણ કે એ વખતે ૨૫-૩૦-૪૦ હજાર જેટલા હશે. જાજા રૂપિયા તો અહીંયાં હતા. 'કસ્તુરભાઈ'. ગામમાં પૈસા જાજા ત્યાં હતા. 'શાંતિભાઈ'ના બાપ પાસે. ૮૦ હજાર કહેવાતા. શરૂઆતમાં પહેલા. અમે તો ત્યાં પહેલેથી જતા ખરા ને. એની પાસે ક્યાં ૩૦-૪૦ હજાર હતા. બે એક મકાનમાં સામે-સામે રહેતા. એ ત્યાં અમે છાશ લેવા આવતા ને? તમારા ઘરે ડોશી હતા ને? 'છોટાભાઈ'ના બા. ગામમાં છાશ લેતા એટલે ત્યાં ઊના પાણી કરતા. ઊનું પાણી ચોખ્ખુ-નિર્દોષ મળે નહિ. એટલે છાશ લેતા. ત્યાં અમે જાતા. સામું ઘર 'શાંતિભાઈ'નું અને સામું ઘર આનું. 'છોટાભાઈ'નું. આહાહા..! પૈસો ક્યાં સુધી? આહાહા..! ગજબ વાત છે. પૈસા મારીને બુદ્ધિ ફેરવી નાખી.

આજ તો સાંભળ્યું છે, 'ન્યાલભાઈ' તે દિ' કહેતા હતા. ઓલી ૨૦ લાખની મોટર લીધી ને તમે. ત્યારે 'ન્યાલભાઈ' કહેતા'તા 'સ્વીટ્ઝરલેન્ડ'માં ૫૦ લાખની મોટર છે. કોકને ત્યાં ૫૦ લાખની મોટર છે. વળી આજ તો સાંભળ્યું કે પાંચ કરોડની એક મોટર છે. આ કેવા કહેવાય? ખ્રિસ્તીના ગુરુ. પોપ. પોપ પાસે પાંચ કરોડની એક મોટર છે. હીરા-માણેક જડેલા. પાંચ કરોડની. આહાહા..!

મુમુક્ષુ :- પરપદાર્થ ક્યાં નડે છે?

પૂ. ગુરુદેવશ્રી :- પણ એની મમતા છે ને? મમતા મારી નાખે. આ મારા... આ મારા... મારા... અહીં તો સિદ્ધાંત ઓલો સિદ્ધાંત ન કહ્યું, કે રાગ-દ્વેષાદિ બધા પરદ્રવ્ય છે. આમાં આવી ગયું કે નહિ? **'સિદ્ધાન્તોऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां'** મોક્ષાર્થીએ આશ્રય લેવો તે ભગવાન આત્મા પૂર્ણાનંદનો આશ્રય લેવો. આહાહા..! એ સિવાય બધી ચીજો ધૂળ-ધાણી. ભલે પચાસ કરોડની હોય, ધૂળકરોડની હોય. આજે વળી સાંભળ્યું. 'ચંદુભાઈ' કહેતા હતા.

મુમુક્ષુ :- ત્યાગીઓ તો એમ કહેતા જ આવ્યા છે.

પૂ. ગુરુદેવશ્રી :- અરે..! પણ પ્રભુ! શું થાય? ઈસુને જડ્યો ત્યારે ગાયનું માંસ માગ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું. વિરોધીઓએ જડ્યો હતો ને? એમાં મરી ગયા ને? ખીલ્લા માર્યા. એમાં ગાયનું માંસ માગ્યું હતું. એ વખતે આ દશા. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! માંસના ખાનારા તો નરકે જાય. ભાઈ! એ પરમેશ્વર ન કહેવાય, એ સજ્જન ન કહેવાય. આહાહા..! અહીં તો એ કહે છે, કે અંદર પુણ્યના ભાવ થાય, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ થાય, તે પણ ઘોર સંસારનું મૂળ છે એમ કહી ગયા. આહાહા..! કેમ કે વિકલ્પ છે. રાગ છે એ સંસાર છે. ભગવાન આત્મા તો સંસારથી રહિત છે. એ તો બધું પરદ્રવ્ય છે. વિકલ્પ છે જે દયા, દાન, વ્રત, ભક્તિ એ તો પરદ્રવ્ય છે. ભગવાન આત્મા સ્વદ્રવ્યમાં તો અનંત આનંદ અને અનંતજ્ઞાન અને અનંતશાંતિ, અનંતી-અનંતી વીતરાગતા ભરી છે. એ એક જ આત્માને દર્શન છે. એ પવિત્ર દર્શન એ એનું દર્શન તે પવિત્ર દર્શન છે. આહાહા..! બીજા કળશનો આધાર આપ્યો. 'પદ્મનંદિપંચવિંશતી'માં. અહીં વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે.

**'તે જ એક ચારિત્ર છે...'** અથવા તે એક જ ચારિત્ર છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત-અનંત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એટલે કે ચારિત્ર એટલે કે અકષાયભાવ, એનાથી ભરેલો ભગવાન પૂર્ણસ્વરૂપ, ઠસોઠસ શાંતિથી ભરેલો છે. એ શાંતિથી ભરેલો એ ચારિત્ર છે અને એનો આશ્રય કરવો એ ચારિત્ર છે. આહાહા..! નિશ્ચય ચારિત્ર સ્વરૂપ ત્રિકાળ છે. એનો આશ્રય લેવો અને ઠરવું એ પર્યાયચારિત્ર છે. કોઈ વ્યવહાર દયા, દાન, વ્રત, પચ્ચખાણ બહારના એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! આને જાવું ક્યાં? ધંધા આડે નવરાશ ન મળે. 'શાંતિભાઈ'! એ પાપ. આખો દિ' પાપ, પાપ ને પાપ. આનું કર્યું.. આનું કર્યું... આનું કર્યું... અર..ર..! દુકાને બેસે તો આમ જાણે શેઠિયા. ગાદીએ બેસે અને ગ્રાહક આવે અને દરરોજની ૨૦૦-૫૦૦ રૂપિયાની પેદાશ થાય. એવો મોટો ધંધો હોય. ધંધો મોટો હોય છે ને?

'પાલેજ'માં અમારે મોટી દુકાન છે. હવે તો છોકરાઓ જુદા પડી ગયા. તે અત્યારે ત્રણેયની પેદાશ મોટી છે. પણ ભેગા હતા ત્યારે એક દિવસની ૮૦૦રૂપિયાની પેદાશ. એક દિવસની ૮૦૦ની પેદાશ. હવે ભાગ પડ્યો. પહેલા લાખ, સવાલાખની પેદાશ હશે. જુદા પડી ગયા. એ દુકાન હતી. આહાહા..! મગજ ફાટી જાય ને આમાં? એક દિવસની હજારની પેદાશ. મોટા ગૃહસ્થો હોય એને પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની પેદાશ. આ 'મલૂકચંદ' ને 'પૂનમચંદ'ને મોટી પેદાશ. આહાહા..! એક-એક દિવસની દસ-દસ હજારની પેદાશ. પેદાશ. મગજ ફરી જાય ને. બે ભાઈને ઘડિયાળના ધંધામાં તકરાર હતી. ઘડિયાળનો ધંધો. મોટો 'ન્યાલચંદ', નાનો આ. બે પાસે છે. એક પાસે ચાર-પાંચ કરોડ, એની પાસે ચાર-પાંચ કરોડ. ઘડિયાળમાં તકરાર હતી એ તકરાર ભાંગી. એક મહિના ૬૦ હજાર રૂપિયા દેવાના. 'પૂનમચંદે' નાના ભાઈએ મોટાને દીકરો નથી. એક દીકરી છે એને પરણાવી. ચાર કરોડ રૂપિયા. એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મહિને ૬૦ હજાર રૂપિયા દેવા. અહીં 'મુંબઈ'માં ફક્ત એક ધંધો. આહાહા..! એક દિ'ના બે હજાર આપવા. તે બાર મહિનામાં મહિને ૬૦ હજાર આપવા. બાર મહિનાના ૭૨૦ હજાર. છે અત્યારે છે ને. આ બધા એના જોબાળીયા રહ્યા. આહાહા..! મગજ ફાટી જાય. અરે..! પ્રભુ! તું કોણ છો? તારા ચૈતન્યચમત્કારના એક સમયના સમ્યગ્દર્શનની કિંમત આગળ ચક્રવર્તીના ઈન્દ્રના રાજ પણ જ્યાં તરણાતુલ્ય છે. આહાહા..! ક્યાંક સ્તુતિમાં આવ્યું હતું. દેવના સુખથી આ સુખ જરી બિંદુ છે. એ તો દેવના સુખની સાથે સંસારનું સુખ. આત્માના સુખની સાથે કોઈ દેવના સુખની સાથે મેળ હોય નહિ. દેવનું સુખ તો ઝેર સુખ છે અને આત્માનું સુખ તો અમૃત સુખ છે. એ અમૃતસુખને સંસારના સુખથી અનંતગણુ... તો તો અનંતગણુ ઝેર થયું. શેઠિયાઓને, અબજોપતિને જે સુખ છે એનાથી અનંતગણુ સુખ આત્મામાં છે. જાતિ એક થઈ ગઈ. જાત એક થઈ ગઈ. એમ નથી. શેઠિયાઓને જે સુખ છે એ તો ઝેર છે અને આત્માનું સુખ છે એ તો અમૃત છે. એને કોઈ ઉપમા આપી શકાય નહિ. અરે..! પ્રભુ! એવો તું છો, ભાઈ! આહાહા..!

અહીં એ કહે છે, **'તે જ એક ચારિત્ર છે...'** આહાહા..! આ ચારિત્રની વ્યાખ્યા. અત્યારે તો ફક્ત બહારથી આ છોડીને બેસે અને બેસવું. ચારિત્ર... નગ્ન છે, નગ્ન છે. પંચમહાવ્રત પાળે. પંચમહાવ્રત પણ ક્યાં હતા? આહાહા..! એને માટે કરેલો આહાર લે. નિર્દોષ આહાર તો અત્યારે મળે એવું નથી. એને માટે કરેલો આહાર હોય ચૌકા-બૌકા ત્યાં વહોરાવે. વ્યવહારે આ તો વસ્તુનું સ્વરૂપ હો. વ્યક્તિનું તો એના પરિણામની જવાબદારીમાં તો... સૌના પરિણામની જવાબદારી એ પરિણામ એને છે, બાપુ! એ દયા કરવા જેવું છે. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે આકરી. આહાહા..! કે એને માટે કરેલો આહાર લે તો પણ કહે છે એને આધાકર્મ કરીને ઉદ્દેશીને દેવાનું પચ્ચખાણ નથી, ત્યાગ નથી. એ ચારિત્ર નથી. ચારિત્ર તો આ. એક જ ચારિત્ર છે.

**'તે જ એક ચારિત્ર છે...'** એટલે એ એક જ ચારિત્ર છે. સ્વરૂપ આનંદનો નાથ, પ્રભુ! અંદર ત્રિકાળી ચારિત્ર અકષાય સ્વરૂપ જ છે. એની રમણતા એ એક જ ચારિત્ર છે. ચારિત્રનો બીજો પ્રકાર છે નહિ. આવી વાત છે. આહાહા..! **'અને તે જ એક નિર્મળ તપ છે.'** અપવાસ કરીને બેસે. નકોરડા, પાણી વિનાના, પર્યુષણના દસ અપવાસ કરે, ઘરે ન જાય ત્યાં ને ત્યાં બેસે. કહે છે કે એ તપ નથી એ તો લાંઘણ છે. આત્મા આનંદનો નાથ એમાં એકાકાર થવું, એ તપ છે. એ પોતે ખરેખર તો તપસ્વરૂપ જ છે. આહાહા..! અનાકુળ આનંદ સાગર એ પોતે છે. એને આશ્રયે તે ભાવ થાય એ તપ છે. એ વિનાનું તપ-બપ એ બધી લાંઘણ છે. આહાહા..! આવું થાય તો પછી કોઈ કરશે નહિ કહે. પણ કરે શું? અહીં તો શુભભાવ છોડીને અશુભ કરવો એ માટે અહીં વાત નથી. શુભ છોડીને અશુભ કરવું એ પ્રશ્ન અહીં નથી. શુભ છે એ રાગ છે, વિકાર છે, ઝેર છે, દુઃખ છે, સંસાર છે. માટે ત્યાંથી હઠી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જા. જ્યાં ભગવાન બેઠો છે ત્યાં જા. આહાહા..! અરે..રે..! આવી વાત! એ તપ એને કહે. કીધું ને?

**'તે જ એક નિર્મળ તપ છે.'** બસ. નિર્મળ તપ એને કહે. બાકી લાંઘણ છે. આહાહા..! એક મુનિ બીજા આચાર્યનો આધાર આપે છે. પોતે મુનિ છે. એ આચાર્યનો આધાર આપે છે. 'પદ્મનંદિઆચાર્ય' પણ આ કહે છે. હું કહું છું એમ એકલું નહિ. 'પદ્મનંદિઆચાર્ય' કહે છે. આહાહા..! એક શ્લોક થયો. તપ એને કહીએ જોયું? નિર્મળ તપ. **'तपन्ते इति तप'** અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત વિશેષ-વિશેષ ઉગ્ર પુરુષાર્થથી આનંદની નિર્મળધારા વિશેષ વધે, ઇચ્છાનો નાશ થઈને નિરિચ્છાદશા વિશેષ વધે એને જ તપ કહેવાય છે. બીજાને તપ કહેતા નથી. એમાં છે કે નહિ? અહીં 'સોનગઢ'નું છે આ. 'પદ્મનંદિ' આચાર્યનો આધાર આપે છે. આહાહા..! અરે..! ભાઈ! તું ક્યારે કરીશ? પ્રભુ! આવો અવસર મળ્યો. આહાહા..! સાંભળવું મુશ્કેલ પડે એવું તને સાંભળવાનું મળ્યું. આહાહા..! નહોતું કહ્યું? અમારા ગુરુ હતા. બિચારા એવા લૌકિક સજ્જન હતા. બહુ સજ્જન. ભાઈએ જોયા છે? 'રાણપર' જોયા હતા. 'રાણપર' અને ૭૧ની સાલમાં ત્યાં 'રાજકોટ' આવ્યા હતા. ભાઈએ ચોમાસું કરવાની વિનંતી કરી હતી. આહાહા..! 'ઠાકરશીભાઈ'એ. ૭૧ની સાલની વાત છે. ૭૦માં દીક્ષા અને પછી ૭૧ની સાલમાં ત્યાં ગયા હતા. 'રામજીભાઈ'ને ખબર છે. આહાહા..! એવા લૌકિક સજ્જન, ગંભીર, શાંત, કષાયમંદ, બ્રહ્મચર્યનો ... આ વાત કાને પડી નહિ, કે પરની દયા પાળવી તે રાગ છે અને રાગ તે હિંસા છે. આ શબ્દ કાને પડ્યા નહિ. અર..ર..! શું થાય? જગતના જીવો અનાદિથી એમ ને એમ રખડી રહ્યા છે. કાંઈકને કાંઈક પક્ષમાં પડીને મિથ્યાત્વનું પોષણ આપે છે.

અહીં તો એને તપ કહીએ કે આત્મા આનંદમૂર્તિ, પ્રભુ! એ અતીન્દ્રિય આનંદની જેમ સોનાને ગેરુ ચોપડતા જેમ ઓપ આવે અને ઝળકે અને ચમકે. એમ ભગવાન આત્મા ઇચ્છા નિરોધ કરીને આનંદમાં જાય, એ આનંદથી અંદર ઝળકે, અતીન્દ્રિય આનંદથી ઝળકે, તપે એનું નામ તપ કહેવામાં આવે છે. આહાહા..! એ એક શ્લોક થયો. બીજો.

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम्।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम्।।**

ત્યાં **'एव'** નાખ્યું.

**'સત્પુરુષોને...'** ધર્મીજીવને, સાચા ધર્મીને, સાચા સમકિતીને, સાચા જ્ઞાનીને, ધર્મની સત્ય શરૂઆત થઈ છે તેને, **'સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે,...'** ભગવાન આત્મા એક જ નમસ્કાર કરવાયોગ્ય છે. આહાહા..! ઠીક. ભગવાન પોતે કહે છે કે તેને નમસ્કાર કરવાયોગ્ય છે. તને નમસ્કાર કરવાયોગ્ય તું છો. અમે તો વ્યવહાર નમસ્કાર કરવાયોગ્ય... આહાહા..! ત્રિલોકનો નાથ પોકાર કરે છે. એની વાણીના આ મુનિઓ તો આડતિયા છે. કે નમસ્કાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવાયોગ્ય હોય તો તું છો. આહાહા..! પણ તે ઓળખ્યા વિના નમસ્કાર કોને કર? આત્મા કોણ છે? શું છે? કેમ છે? આ કેમ છે? ક્યાં છે? એને જ્યાં વસ્તુનું જ્ઞાન, ભાન જ નથી ત્યાં એને વળી નમસ્કાર કરવા? અંદર ક્યાં નમસ્કાર? એ તો બહારના થોથામાં કર્યા કરે. આ પંચપરમેષ્ઠીને નમસ્કાર અને આ નોકારને નમસ્કાર, શાસ્ત્રને નમસ્કાર એ તો બધા પુણ્યભાવ છે એ કાંઈ ધર્મ-બર્મ નથી. આહાહા..! આચાર્ય મહારાજનો આ પોકાર છે.

**'સત્પુરુષોને તે જ એક...'** મૂળ તો એ કીધું **'तदेवैकं'** એ જ એમ. **'તે જ એક...'** એ એક જ નમસ્કાર યોગ્ય છે. તે એક જ નમસ્કાર યોગ્ય છે. આહાહા..! દુનિયાની દરકાર મૂકી દઈને જગતને જાહેર કરે છે. આ દુનિયા કેમ માનશે, કરશે એની એને કાંઈ પડી નથી. માર્ગ પ્રભુ આ છે. આહાહા..! ચૈતન્ય અંદર ભગવાન... આહાહા..! બિરાજે છે. આહાહા..! પૂર્ણાનંદથી ભરેલો, અતીન્દ્રિય આનંદથી ભરેલો, ભરચક ભરેલો... આહાહા..! અતીન્દ્રિય શાંતિથી ભરેલો, અતીન્દ્રિય વીતરાગભાવથી ભરેલો એવો ભગવાન એક જ ભગવાન **'નમસ્કારયોગ્ય છે,...'** આહાહા..! નમઃ સમયસારાય. આવે છે ને પહેલું? એ આ વાત છે.

મારો પ્રભુ પૂર્ણ અતીન્દ્રિય આનંદનું જ્ઞાન છે અને એની કિંમત છે માટે હવે હું એને નમું છું. મારું વલણ, મારો ઝુકાવ આત્મા ચિદાનંદ પ્રભુ છે ત્યાં મારો ઝુકાવ છે. એ નમસ્કાર છે. આહાહા..! વાતે વાતે ફેર. આહાહા..! આ તો ચાર મંગળિકમાંથી નાખશે હોં. **'સત્પુરુષોને તે જ એક...'** અથવા તે એક જ **'નમસ્કારયોગ્ય છે,...'** એક જ નમસ્કાર યોગ્ય છે. બીજા નમસ્કાર યોગ્ય છે એ બધું વ્યવહાર છે, જાણવાલાયક છે. આહાહા..! આવું હશે તો દેવ અને ગુરુને માનશે નહિ કોઈ પછી. પણ જેને આવી માન્યતા થાય એને એવો વ્યવહાર વિનય-વિવેક આવ્યા વિના રહે નહિ, સમજાણું કાંઈ? જેને સત્ય આ જ છે અને એનું દર્શન અને જ્ઞાન તે જ વસ્તુ છે, એમ ભાન થાય એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય કરવાનો શુભભાવ આવ્યા વિના રહે નહિ. છતાં એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે એમ એ જાણે. એ શુભભાવ મને ધર્મ થાય છે એ એમ ન જાણે. આહાહા..! ઇન્દ્રો. આ એક નવમો દીપ છે ને. ક્યો? નંદિશ્વરદ્વીપ. ઇન્દ્રો, સમકિતી નંદિશ્વરદ્વીપમાં જાય છે. એકાવતારી ભવી, શકેન્દ્રિય ઘુઘરા બાંધીને ભગવાનની પ્રતિમા સામે નાચે. સમજે છે કે આ ક્રિયા જડની છે, બહારની છે. મારામાં જરી ભાવ થાય છે એ શુભ છે. એ બધો મારે હેય છે. પણ એ નબળાઈને લઈને આવ્યા વિના રહેતો નથી. આહાહા..!

**'તે જ એક નમસ્કારયોગ્ય છે, તે જ એક મંગળ છે,...'** લ્યો. અરિહંતા મંગળિક અને સિદ્ધા મંગળિક ક્યાં ગયું? મંગળિકમાં આવે છે ને? એ વ્યવહારની વાત છે. અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્ અને સાહુ મંગલમ્. એ તો પરદ્રવ્યની વાત છે. એ તો વ્યવહારે મંગળિક છે એ તો શુભરાગનો વિકલ્પ છે. નિશ્ચય મંગળિક તે એક મંગળ આત્મા છે. છે ને? **'तदेवैकं च मंगलम्'** એક જ તે મંગળ છે. આહાહા..! આચાર્યનું જોર. **'તે એક**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ મંગળ છે,...'** આ ભગવાનઆત્મા મંગળ. મમ એટલે પાપ અને પુણ્ય એને ગળ એટલે ગાળે, નાશ કરી નાખે. એવો પ્રભુ છે એ આત્મા એક જ છે. આહાહા..! અહીં તો જ્યાં ત્યાં આત્માના ગાણા છે. આત્મા કોણ છે એની ખબરું ન મળે. આહાહા..!

હમણા તો રસ્તામાં કૂતરા મરી જાય છે કોણ જાણે. એવા મોટા ડાઘા જેવા. પણ એમ કેમ થયું હશે. હમણા હમણા ... મોટર નીચે કચડાઈ જાય છે. સડક ઉપર પડ્યા હોય છે. મોટા ડાઘા જેવા હોય. માથે ખટારો ચાલ્યો જાય છે. સડક ઉપર મડદા પડ્યા હોય. આહાહા..! પાછા મરીને બિચારા ક્યાંક તિર્યંચની દશામાં. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ છે ને? આહાહા..! માંસ ન ખાતા હોય. એમાં અવતરે. આહાહા..! અરે..રે..! આ સંસાર! એક ક્ષણ પણ એ સંસારને સારો માનવા જેવું નથી. આહાહા..!

એ મંગળિક આત્મા છે. અરિહંત મંગળ અને સિદ્ધા મંગળ કાઢી નાખ્યું. એ તો વ્યવહાર થઈ ગયો, એ તો પરદ્રવ્ય છે. કેવળી પણતો ધમ્મો શરણં મંગળિક, એ પણ પર્યાય છે. આ તો આ આત્મા જ પોતે મંગળિક છે. આહાહા..! છે? આહાહા..! **'તે જ એક મંગળ છે,...'** એક ભગવાન આત્મા જ મંગળિક છે. પૂર્ણ શાંત અને વીતરાગ અને સ્વચ્છતા, પૂર્ણ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. બાકી તો બધો પર્યાયમાં પુણ્યનો વિકાર, એ શુભરાગ પણ ઘોરસંસાર છે. કારણ કે એનું ફળ સંસાર છે. આહાહા..! છતાં વ્યવહારનું વર્ણન કરે. ચરણાનુયોગમાં, કરણાનુયોગમાં, ગણિતાનુયોગમાં હોય એનું વર્ણન કરે, જણાવે. જાણવાયોગ્ય વસ્તુ છે, પણ એ આદરવાયોગ્ય એ નથી. આહાહા..!

જુઓ! ચત્તારિ મંગલમ્, અરિહંતા મંગલમ્. એ ઉડાવ્યું. પોતે આચાર્ય છે એ ઉડાવ્યું. અમે મંગળિક તારા માટે વ્યવહાર છે, નિશ્ચય માટે તારો ભગવાન આત્મા મંગળિક છે. આહાહા..! અરે..રે..! એવો આત્મા અંદર પૂર્ણાનંદ અને ચૈતન્યના રસથી ભરેલો, અતીન્દ્રિય આનંદ અને શાંતિરસનો કંદ છે. જેમ શક્કરકંદ છે ને? આ શક્કરિયા. શક્કરકંદ એ શક્કરકંદ કેમ કીધું? એ શક્કર એટલે સાકરની મીઠાશનો કંદ છે. મીઠાશ. પણ એ તો અનંતા પરમાણુ છે. આ તો એક જ અનંત આનંદનો કંદ છે. આહાહા..! એ શક્કરકંદ ખાધે જેમ સાકરની મીઠાશ આવે તેથી શક્કરકંદ કીધું ને? શક્કરકંદનો અર્થ એ કે સાકરની જેવી મીઠાશ આપે. એ ધૂળની મીઠાશ છે. આહાહા..! એ તો ધૂળ છે. શક્કરિયું એટલે ધૂળ, માટી, પુદ્‌ગલ. આહાહા..!

આ ભગવાનઆત્મા અંદર અમૃતનો સાગર છે. એ એક જ મંગળિક કહેવામાં આવે પરમાત્મા. ભગવાનની પ્રતિમા, ભગવાનનું દેરાસર, ભગવાન પોતે પણ કહે છે નિશ્ચય મંગળિક અમે નહિ. સાચું મંગળિક તો તું અંદરમાં છો. આહાહા..! એ ચાહે તો સમ્મેદશિખરની જાત્રા કરે અને ચાહે તો શેત્રુંજયની કરે, કે ગીરનારની કરે પણ એ બધો શુભરાગ છે. એ ધર્મ નથી. એમાં ક્યાંય ધર્મ છે નહિ. ધર્મ આત્મા ધર્મી ચૈતન્ય આનંદનો નાથ તેમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આશ્રિત હોય તે ધર્મ છે. આહાહા..! આમાં ક્યાં હવે સંતાડવા જેવી ગુપ્ત વાત છે? આહાહા..! એના વિના શરણ નથી. બાપુ! આ... આમ મોઢું ફાટી જશે. બધું પડ્યું રહેશે. આહાહા..! અરે..! ભાઈ બોલી શકતા પણ નથી. ભાઈને સાધ્ય છે કે નહિ? બોલાવો. બોલે બોલાવે બોલી શકે નહિ. ભાષા બંધ થઈ ગઈ હોય. સાધેય ન હોય. આહાહા..! છ-છ મહિના સુધી સાધ્ય નહિ. 'પોરબંદર' 'ભૂરાભાઈ'ને છ-છ મહિના સુધી સાધ્ય નહિ. અરે..! પ્રભુ! એ તો બાહ્યની સાધ્ય નહિ. પણ જેને આત્મા સાધનેય નથી અને રાગ તે મારો એમાં અટક્યો એ પણ અસાધ્ય છે. શું કહ્યું એ? પુણ્યના પરિણામમાં રોકાયેલો છે અને પુણ્યપરિણામ એ ધર્મ છે એ અસાધ્યમાં છે. 'કાંતિભાઈ'! આહાહા..! બાપુ! રીત તો આ છે, ભાઈ! કઠણ લાગે. એવી વાત ચાલતી નથી એટલે કઠણ લાગે, ભાઈ! પણ પરમસત્ય તો આ છે. આહાહા..!

પરમ પિયૂષ. પરમ અમૃતનો સાગર નાથ, પ્રભુ! એ શરીરપ્રમાણે દેખાય છે. છે ભલે એવું અવગાહન. પણ એના ગુણના પારની વાત નથી. આહાહા..! એવો આત્મા દરેક આત્મામાં બિરાજમાન છે. એ આત્મા એક જ મંગળિક છે. અરિહંત અને સિદ્ધ મંગળિક એ વ્યવહારમાં ગયા. આહાહા..! અહીં તો આવે મહારાજ! મંગળિક સંભળાવો. દુકાન માંડવી છે અને દુકાન સરખી ચાલે. કીધું ને? એક નાનો છોકરો યુવાન માણસ નાની ઉંમરનો. એને દુકાન માંડવી હશે. ૨૫-૩૦ લાખવાળો હતો. મહારાજ! મંગળિક સંભળાવો. પણ કીધું આ દેહની ૫૦-૬૦-૭૦ વર્ષની સ્થિતિ કહેવાય છે. એ દેહની સ્થિતિ કે આત્માની? એ મને ખબર નથી. આ ૫૦-૬૦-૭૦ વર્ષ કોના કહેવાય છે? આત્માના કે શરીરના? આત્મા તો અનાદિ અનંત નિત્ય છે. એને સ્થિતિ કેવી? મુદ્દત તો આને કહેવાય છે. આહાહા..! એ મૂર્તની મૂર્તિ છે એની મુદ્દત છે. ભગવાન તો અમૂર્ત અનાદિ-અનંત છે, એની મુદ્દત નથી. આ યુવાન માણસ હતો. સમજે નહિ શું કરે? અને કાં મંગળિક સાંભળીએ તો આપણને... મહારાજ! મંગળિક સંભળાવો. પગલા થાય તો આપણને પૈસા-બૈસા મળે. દુકાન સારી ચાલે.

મુમુક્ષુ :– 'મુંબઈ'માં બધા એવું કહે છે કે 'ગુરુદેવ'ના પગલા થાય ને...

પૂ. ગુરુદેવશ્રી :– બધી વાતું છે. પુણ્ય વિના થાય નહિ. એ તો હમણા કીધું ને? 'મુંબઈ' ડોક્ટરને બતાવવા ગયા ને. શરીરને હવે કેમ છે. 'આફ્રિકા' જાવું છે ને. લોકો કહેતા કે એકવાર બતાવો. ડોક્ટર બધા પાંચ-છ. એક તો મોટો પારસી ડોક્ટર આવ્યો હતો. બહુ હોંશિયાર. બધા ડોક્ટર કોઈએ એક પાય ન લીધી. પાય નહિ. અરે..! મહારાજ! આપને જોવા આવ્યા છે. મોટો પારસી ડોક્ટર હતો.

મુમુક્ષુ :– ઉમેદચંદ મોદી.

પૂ. ગુરુદેવશ્રી :– હા. મોદી. એકવાર કહે અમે મોટાણીની ઘરે હતા ત્યાં એક પારસી આવ્યો હતો. ભરૂચા એક પારસી. એક કલાકના ૨૦૦ રૂપિયા લીધા હતા. ૨૦૦ રૂપિયા. ઘરે બોલાવ્યો હતો. આણે એક પાય ન લીધી. ત્યાગી છે. એના માટે મને આવો વખત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાંથી મળે? પાંચેય જણા. ત્રણ તો આપણા જૈન હતા. એટલે એ તો બોલ્યા અમે જૈન છીએ મહારાજ! આહાહા..! પૈસા થાય એ આનાથી થાય. અમારી પાસે આવવાનું સાધારણ માણસ તો ઘણા છે, બાયુ સાધારણ છે. એ તો પૂર્વના પુણ્ય હોય એને લઈને આવે. પણ આત્માને શું?

મુમુક્ષુ :- આપના દર્શન થાય તો ગાંડપ ચાલી જાય.

પૂ. ગુરુદેવશ્રી :- એ બધી વાતું. આને રોગ આવે છે એનું શું ત્યારે? આ શરીરને તાવ આવે, શરીરમાં રોગ આવે. એ બધું બહારનું મહાત્મ્યથી લોકો કહે. 'આફ્રિકા'થી એક કાગળ પણ આવ્યો છે. ત્યાં તો મોટા ગૃહસ્થો છે ને? આઠ તો મોટા કરોડપતિઓ છે. બાકી બધા ૧૫ લાખ, ૨૦ લાખ, ૨૫ લાખ અને ૩૦ લાખવાળા છે. એક કાગળ આવ્યો છે, મહારાજ! આપ અહીં પધારો ત્યારે અમારે પગલા કરાવવા છે તો એનું શું કરવું? કાગળ આવ્યો છે. અને આપનો આહાર કરવો એનું અમારે શું કરવું? માણસ ઘરે ઘરે માંગશે. એક ઠેકાણે રાખવું કે ઘરે ઘરે કરવું? એવું લખાણ આવ્યું છે?

'લક્ષ્મીચંદભાઈ' અગ્રેસર છે. અહીં આવ્યા હતા ને અહીં આવ્યા હતા. 'લક્ષ્મીચંદભાઈ' અને 'જેઠાભાઈ' બે. બધા પૈસાવાળા હોં. 'લક્ષ્મીચંદભાઈ' પાસે ૭૦ લાખ રૂપિયા. 'જેઠાભાઈ' પાસે કરોડ રૂપિયા છે. અહીં તો આવતા ને. એનો કાગળ આવ્યો છે. આપ અહીં પધારો અમારા ઘરે પગલા કરવા છે. આપના શરીરને કેમ છે? કોને ખબર શું થયું કીધું. આવવા તો દ્યો. એક ઠેકાણે આહાર રાખવો કે ઘરે ઘરે માગશે મોટા મોટા પૈસાવાળા. એવું લોકોને... આહાહા..! એ બહારની વાતું શું છે? બાપા! એમાં શું પડી છે? અંતર ભગવાન બિરાજે છે ત્યાં જાને. એનું મંગળિક કરને. ત્યાં મંગળીક તને થશે. મગ એટલે પાપ અને ગળ એટલે ગળવું. પાપ ગળી જશે. પાપ શબ્દે અહીં પુણ્ય અને પાપ બેય હોં. પુણ્ય અને પાપ બેય પાપ ગળી જશે, પ્રભુ! એ મંગળિક તું તારો આત્મા છે. પણ એ કેમ બેસે? આહાહા..! આજે રસ્તામાં કૂતરું મરી ગયેલું જોયું. મોટો કૂતરો. માથે કાંઈક ખટારો કે ફરી વળ્યું હશે. આહાહા..! અરે..! મરીને પાછા ક્યાંક ઢોરમાં અવતર્યા. આવા અવતાર અનંતવાર કર્યા છે હોં. એણે કર્યા એમ નહિ. એવા અવતાર પૂર્વે અનંતવાર થઈ ગયા છે. ભ્રમણા મિથ્યાત્વની ભ્રમણા એવી કોઈ સૂક્ષ્મ છે. આહાહા..!

જેને અહીં તો શુભરાગનો વિકલ્પ ઊઠે એને ઘોર સંસાર કહે. એ આચાર્યને જગતની ક્યાં પડી છે? વસ્તુસ્થિતિ વર્ણવતા એ તો નિઃસ્પૃહી વીતરાગ છે. અમારી ભક્તિ અને અમને આહાર-પાણી દેવાનો ભાવ તારો વિકલ્પ છે એ ઘોર સંસાર છે એમ કહે છે. અર..ર..! એ તો મુનિ કહે. વીતરાગ મુનિ કહે. આહાહા..! ભાવ આવે ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે. પણ એ બધું હેયબુદ્ધિ જોઈએ. ઉપાદેય તો આ એક જ. આપણે આવ્યું છે ને? આ આવ્યું હતું નહિ? ૧૦૦મી ગાથાની શરૂઆતમાં. **'આ ગાથામાં સર્વત્ર**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આત્મા ઉપાદેય છે...**' છે? ટીકાની પહેલી લીટી. આહાહા..! આવું વ્યાખ્યાન સાંભળતા કેટલાકને એવું થઈ જાય કે અર..ર..! આ કઈ જાતનો ધર્મ હશે? આ તે જૈનધર્મ હશે? અમે તો 'પાલિતાણા'ની જાત્રા કરીએ. ૯૯ જાત્રા કરીએ. અરે..! ૯૯ શું લાખ કરને. ત્યાં ક્યાં ધર્મ છે? એ તો હલવા-ચલવાની જડની ક્રિયા છે. અને વાણી જડની છે, રાગ મંદ રાખતો હોય તો શુભ પુણ્ય છે. આહાહા..! આવી વાત છે.

મંગળિક પ્રભુ કહે છે, કે હું મંગળિક નિશ્ચયથી નથી. આહાહા..! એ તો તીર્થંકરો, વીતરાગો, સંતો કહે. વીતરાગી સંતો કહે. અમે નિશ્ચય મંગળિક નથી. ક્યારે? કે તારો આત્મા અંદર નિશ્ચય મંગળિક છે. આહાહા..! એને ક્યાં પડી છે? એને તો સત્ય આવ્યો વિકલ્પ ઊઠ્યો સહેજે, વાણી આવી ગઈ છે. છૂટી ગયા. જેટલું છૂટી ગયું તો બધું છૂટી ગયું. થઈ રહ્યું. આહાહા..! ... હંમેશા ઓલા મંગળિક કરે. સવારમાં ઊઠીને મંગળિક સંભળાવે.

અહીં કહે છે, '**તે જ એક મંગળ છે,...**' કોણ તે? આત્મા. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ સ્ફટિક જેમ.. 'નિર્મળતા રે સ્ફટિક તણી, જેમ નિર્મળતા રે સ્ફટિકતણી તેમ જ જીવસ્વભાવ રે...' આહાહા..! 'જેમ નિર્મળતા...' સ્ફટિક જોયું? સ્ફટિકમણિ આવડું? મેં તો ત્યાં 'જામનગર' જોયું. આવડું સ્ફટિકમણિ છે. એ નિર્મળ-નિર્મળ હોય. 'જેમ એમાં નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે. શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો પ્રબળ કષાય અભાવ રે..' કષાયનો અભાવ. રાગ પણ કષાય છે તેનો અભાવ. આહાહા..! ગળે ઊતરવું કઠણ પડે. આ નવું. એક તો વળી એક જણો એમ કહે કે આ નવો માર્ગ કાઢ્યો. ભાઈ! આ કોના ઘરનો? આ પુસ્તક કોનું છે આ? અહીંનું લખેલું છે આ? આહાહા..!

'**તે જ એક...**' ભાષા એમ છે ને? '**तदेवैकं**' '**तदेवैकं**' '**તે જ એક મંગળ છે,...**' પ્રભુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદની ખાણ... આહાહા..! હવે ઓલાને ઈસુ ખ્રિસ્તીના ગુરુ. એને પાંચ કરોડની મોટર. પાંચ કરોડની. પોપ કહેતા હશે. પાંચ કરોડની મોટર. પાંચ કરોડ તે શું? એકલું સોનું પહેરે તોય. હીરા નાખ્યા હશે. અરે..રે..! આવી દશાઓ. એમાં રાજી-રાજી થઈ જાય. ભક્તો રાજી થઈ જાય અને એ રાજી થઈ જાય. બાપુ! આ બહારની શું ચીજ? બહારની સાથે શું સંબંધ છે? એ તો સંયોગો જે આવવાના હોય એ આવે. એને કારણે સંયોગ અને એને કારણે વિયોગ એ કાંઈ તારાથી સંયોગવિયોગ થાય નહિ. પરચીજનો સંયોગવિયોગનો તું ત્યાગ ઉપાદાન શૂન્યત્વ છે. પરના ત્યાગ અને પરના ગ્રહણથી તો તારું સ્વરૂપ શૂન્ય છે. આહાહા..! અશુદ્ધનિશ્ચયે એક રાગનો ગ્રહણ ત્યાગ છે. પરનો ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહિ. આત્મા રજકણ કર્મને ગ્રહે અને કર્મને ભોગવે અને કર્મને છોડે અને કર્મને બાંધે, એ આત્મામાં છે જ નહિ. આહાહા..! જૈનધર્મનું તો એ છે ને કે કર્મ આત્મા બાંધે. અપ્પા, કત્તા, વિકત્તાય. આત્મા કર્તા અને વિકર્તા. ઉતરાધ્યયનના વીસમા અધ્યયનમાં અનાથિ મુનિનો અધિકાર આવે છે. શ્વેતાંબરમાં. આત્મા કર્તા અને આત્મા ભોક્તા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

બાપુ! એ વાણી કાંઈ ભગવાનની નથી. આહાહા..!

અને અહીં કર્તા કહે તો એ રાગનો કર્તા છે. અને કર્મનો કર્તા કહે તો ઉપચારથી વ્યવહારનયથી કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા. 'નિયમસાર'માં ૧૮મી ગાથામાં આવે છે ને. વ્યવહારથી કર્મનો કર્તા છે. એ નિમિત્ત છે એટલે. કર્તા-ફર્તા નથી. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. ઓહોહો..! ભગવાન એક જ મંગળિક છે. **'તે જ એક ઉત્તમ છે,...'** પાછું. ચાર બોલ આવે છે ને? ચત્તારિ શરણમ્ અરિહંતા, ચત્તારિ લોગુત્તમા ચત્તારિ શરણમ્ ચાર બોલ આવે છે ને? ચાર ઉત્તમ એમાં આ કહે **'તે જ એક ઉત્તમ છે...'** આ જ એક ભગવાન ઉત્તમ છે. એ સિવાય જગતમાં કોઈ ઉત્તમ છે નહિ. પરમાત્મા ત્રણલોકનો નાથ પણ વ્યવહારે ઉત્તમ છે. નિશ્ચયથી ઉત્તમ તો અંદર તું છો. આહાહા..! પહેલા વાત સાંભળવી મુશ્કેલ પડે. ઊઠ્યો ત્યારથી આ ભણે, ભણીને જ્યાં મોટો થાય ત્યા સગપણ કરે પછી બાયડી થાય, પછી દુકાનમાં ગોઠવાઈ જાય. એય...! આહાહા..! આમ ને આમ જિંદગી ચાલી જાય છે. અને શાસ્ત્ર સાંભળે તો પણ કહેનારા કલ્પનાથી કરે અને વાતું કરે. આહાહા..!

અહીં તો તું એક ભગવાન આત્મા સચ્ચિદાનંદ પવિત્રનો પિંડ એ પુણ્ય અને પાપ ઘોર સંસારનું કારણથી રહિત તારો પ્રભુ છે. એને અમે ઉત્તમ કહીએ છીએ. એ પુણ્ય પરિણામ ઉત્તમ નહિ, તીર્થંકરગોત્ર ઉત્તમ નહિ, તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ઉત્તમ નથી. આહાહા..! ગજબ વાત છે. 'ધીરૂભાઈ'! આવી વાતું છે. આહાહા..! પ્રભુ! તને શરણની વાત છે, સત્યની વાત છે, પ્રભુ! આહા..! દુનિયા માને ન માને એથી કરીને સત્ય કાંઈ બીજું ન થાય. સત્ય તો સત્ય જ રહેશે. આહાહા..! ભલે માને ન માને એની સંખ્યા ન પણ હોય. એથી સત્ય કાંઈ બીજું થઈ જાય. આહાહા..!

**'તે જ એક ઉત્તમ છે...'** આહાહા..! પ્રભુ! તમે ઉત્તમ નહિ. અમે તો અમારા માટે ઉત્તમ છીએ. તારે માટે ઉત્તમ તું છો. આહાહા..! અંદર છે કે નહિ? એ મુનિ તો કહે છે, પણ મુનિ આચાર્યનો આધાર આપે છે. 'પદ્મનંદિઆચાર્ય'. એ 'પદ્મનંદિઆચાર્ય' આમ કહે છે. આહાહા..! જે બહુ પ્રચલિત નથી. 'પદ્મનંદિપંચવિંશતિ'. અહીં તો વંચાઈ ગયું છે. આહાહા..! વ્યાખ્યાનમાં આખુ વંચાઈ ગયું છે. ઘણા વર્ષ થયા. પણ વંચાઈ ગયું. ૪૫ વર્ષ તો અહીં આવ્યા એને થયા. ૪૫ વર્ષ. ૪૫ વર્ષ દેહની સ્થિતિએ આવ્યા હતા. ૪૫ વર્ષે આવ્યા હતા અને ૪૫ થયા. શરીરને ૯૦ વર્ષ થયા. ગર્ભસહિત ગણે તો પણ ૯૧મું વર્ષ ચાલે છે. સવા નવ મહિના ગણે તો ૯૧મું વર્ષ છે. દેહની સ્થિતિ છે, પ્રભુ! તારાથી ઉત્તમ જગતમાં કોઈ નથી. આહાહા..! તીર્થંકરગોત્ર બંધાય એ ઉત્તમ નથી?

મુમુક્ષુ :– તે પણ પર છે.

પૂ. ગુરુદેવશ્રી :– પણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ઉત્તમ નથી? એમાંથી નીકળશે. આહાહા..! 'ઝવેરચંદભાઈ' પાછળ બેઠા છે.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– થોડી શરદી છે એટલે...

પૂ. ગુરુદેવશ્રી :– શરદી છે એટલે. સવારમાં મેં જોયા નહીં. સમજાય છે કાંઈ? આહાહા..! એ તું એક પોતે નમસ્કારયોગ્ય અને તું એક મંગળિક અને તું જ એક ઉત્તમ. આહાહા..! **'અને તે જ એક શરણ છે.'** અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્. કહે ના ના. એ કાંઈ શરણ દેવા આવતા નથી. અંદરમાં જા પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે. ત્યાં તને શરણ મળશે. એ શરણ ત્યાં છે. અંતર અતીન્દ્રિય આનંદનો સાગર છે. અતીન્દ્રિય ચમત્કારિક શક્તિઓનો તો મહાચમત્કાર છે. બીજા ચમત્કાર તને ભાસે છે કે આ ચમત્કાર, આને આ થયું, આને આ થયું. આહાહા..! કેરી બતાવે છે ને ઓલા? આંબાની ખોટી કેરી બતાવે. અમે ૧૦-૧૨ વર્ષની નાની ઉંમરમાં જોયું છે હોં. આંબો હોય અને એક કેરી. હોય ખોટે ખોટું. આંબો ક્યાં? કેરી ક્યાં? કોણ જાણે એવી રીતે બતાવે આમ. હોય કેરી તો અહીં માગવા શું કરવા આવે? એવી કેરી બનાવને તું. અમે જોઈ છે. ૧૦-૧૨ વર્ષની ઉંમર હતી. ત્યાં કન્યાશાળા છે. એમાં બહાર એણે રાત્રે બતાવ્યું હતું. મેં જોઈ છે કેરી. પીળી કેરી આવડી ખોટી કેરી. આંબો નાનો અને લુંગડુ ઢાંકેલું. એમાં કેરી. દુનિયાને ચમત્કાર લાગે. એ ચમત્કાર નથી, બાપુ! ચૈતન્યચમત્કાર... આહાહા..! એક એક ગુણમાં અનંત ચમત્કાર એવા અનંતગુણના ચમત્કારથી ભરેલો તો પ્રભુ ચૈતન્ય છે. એ જગતમાં તને શરણ છે. આહાહા..! બીજી કોઈ વસ્તુ શરણ નથી. આહાહા..!

અહીં તો એમ કહે આપણે જુવાનીમાં રળી લઈએ, પછી વૃદ્ધાવસ્થા થાય તો પછી રળવાની શક્તિ ન રહે તો પૈસા-બૈસા હોય તો ખાઈએ-પીએ ને ઠીક પડે. આહાહા..! પહેલા રળી લઈએ. વૃદ્ધાવસ્થામાં પછી રળી ન શકાય તો ઓલો પૈસો હોય તો કામ આવે. પણ તું હશે કે નહિ.

મુમુક્ષુ :– ઘણાને એવું કામ આવ્યું હોય એટલે એમ લાગે.

પૂ. ગુરુદેવશ્રી :– ધૂળેય કામ નથી આવ્યું. 'વીરજીભાઈ'એ એમ કહ્યું હતું. ત્યાં સંપ્રદાયમાં છેલ્લી ૮૯. ૮૯ની સાલ. 'વઢવાણ' નહિ? ૮૯ની સાલ. માણસ બહુ થતું. દરિયાપરી અપાશ્રયની સામે ધર્મશાળા છે ને? ૮૯ની સાલ. ત્રણ-ત્રણ હજાર માણસ અપાશ્રયમાં સમાય નહિ. સામે ધર્મશાળા છે ને? ત્યાં અંદર ઓસરી ઉપર તો ન સમાય એટલે ઓસરી ઉપર બેસાય નહિ. મોઢા આગળ હોય ત્યાં પાટ નાખીને બેસવું પડે. આમ સભા અને આમ સભા. ત્રણ-ત્રણ હજાર માણસ. આહાહા..! ૮૯ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૭ વર્ષ પહેલાની વાત છે. ત્યારે 'વીરજીભાઈ' કાંપમાં આવેલા. 'વીરજીભાઈ' કીધું કેમ તમે આવ્યા છો? અત્યારે યુવાન અવસ્થા છે ત્યાં રળી લઈએ. તમે શું કહો છો? આ બધા. આ 'પ્રિતમભાઈ' આ રહ્યા નહિ 'ત્રિભુવનભાઈ'. તે દિ' એમ કહ્યું હતું લ્યો. કે આ કાંઈક રળવા આવ્યા હતા. કીધું પણ આ તમે અહીં વ્યાખ્યાન વખતે ટાઈમસર આવવું જોઈએ. અત્યારે આ પહેલું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી લઈએ. કીધું શું કહો છો આ તમે? પછી રહેશે કે નહિ. કોણ રહેશે કોને ખબર. એવું બોલ્યા હતા હોં. પછી તો ફરી ગયા હતા. અહીં તો કહે તું એક જ શરણ અને તું એક જ ઉત્તમ છો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૦૯, શ્લોક-૧૩૫, સોમવાર, માગશર વદ ૧૩, તા.૧૭-૧૨-૧૯૭૯

'નિયમસાર' ૧૦૦ ગાથાનો ત્રીજો શ્લોક. પદ્મનંદિપંચવિંશતિનો ત્રીજો શ્લોક છે ઉપર.

**आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः।।'**

શું કહે છે? **'અપ્રમત્ત યોગી...'** એટલે કે પ્રમત્ત યોગીને તો હજી વિકલ્પ આવે. ત્રણ કષાયનો અભાવ હોવા છતાં વ્યવહાર આવશ્યક આદિ વ્યવહાર આચાર્યનો વિકલ્પ જાણવાલાયક હોય. આને તો વિકલ્પ હોય જ નહિ. એ વાત લીધી છે. તેથી અપ્રમત્ત યોગી લીધા છે. પ્રમત્ત યોગી નહિ. પ્રમત્ત યોગી છે, મુનિ છે, સાચા સંત છે. છતાં છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્ત યોગીને પ્રમાદનો વિકલ્પ રાગ હોય છે. તે રાગ હેય તરીકે છે, પણ હોય છે. અપ્રમત્તને એ હોતું નથી. છઠ્ઠા પછી તરત જ સાતમું ગુણસ્થાન આવે. મુનિની દશા એવી છે કે પહેલી પાંચમેથી, ચોથેથી, સાતમું ગુણસ્થાન આવે. પહેલું તો સાતમું અપ્રમત જ આવે. પછી એમાંથી વિકલ્પ ઊઠે એટલે છઠ્ઠું ગુણસ્થાન આવે. પછી છઠ્ઠું આવે, સાતમું આવે, છઠ્ઠું આવે, સાતમું આવે એમ હજારો વાર આવે. પણ છઠ્ઠે ગુણસ્થાન સુધી હજી વીતરાગતા હોવા છતાં પૂર્ણ વીતરાગતા નથી. તેથી તેને હજી શુભરાગ વિકલ્પ વ્યવહાર આચાર આદિનો હોય છે. જ્ઞાન આચાર, દર્શનઆચાર, ચારિત્રઆચાર.. પાંચ આચાર છે ને? એના વિકલ્પ હોય છે. એ 'પ્રવચનસાર'માં શરૂઆતમાં ચરણાનુંયોગમાં લીધું છે.

અહીં **'અપ્રમત્ત યોગી...'** વિકલ્પ છુટીને અંદર ધ્યાનમાં જાય છે. એ **'અપ્રમત્ત યોગીને તે જ એક આચાર છે,...'** આહાહા..! એ પંચમહાવ્રતના પરિણામ અને સમિતિ-ગુપ્તિ એવો આચાર એને નથી. સાતમું ગુણસ્થાન આવ્યું તે મુનિને હોય જ. સાતમું આવે, છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું. એમ અહીંયાં સાતમા ગુણસ્થાનની વાત મુખ્ય કરી. **'અપ્રમત્ત યોગીને તે જ એક આચાર છે,...'** તે એક જ આચાર છે. અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આચાર નિર્વિકલ્પ એ એક જ આચાર છે. વ્યવહાર આચાર એને છે નહિ. આહાહા..! આ પંચમઆરાના મુનિ, પંચમઆરાના જીવને કહે છે, કે મુનિની આ દશા હોય છે. એ અપ્રમત્તમાં આવે છે, ત્યારે તેને એ જાતનો વિકલ્પ હોતો નથી. એવી દશાને એ એક જ આચાર સાચો છે એમ કહે છે. છઠ્ઠે ગુણસ્થાને આવે અને વ્યવહારઆચાર આવે પણ એ કાંઈ વાત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહારકથનમાત્ર.. અંદર આનંદમાં ઠરે છે એ એક જ આચાર છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ત્રણ કષાયનો અભાવ હોવા છતાં સમ્યગ્દર્શનપૂર્વક મુનિને વીતરાગતા હોવા છતાં છઠ્ઠે ગુણસ્થાને હજી વ્યવહારે વિકલ્પ આવે, તો કહે છે કે એ કંઈ વસ્તુ નથી. આહાહા..! એ કંઈ આચાર નથી. પ્રમત્ત યોગીને તો એક જ આચાર છે. એ આત્માનો આચાર, આત્માના આનંદમાં એકાગ્રતા. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એમાં લીનતા, એકાગ્રતા એ એક જ આચાર છે. એવું મુનિપણું આવું હોય એ હજી શ્રદ્ધામાં સાંભળ્યું ન હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... આહાહા..!

**'અપ્રમત્ત યોગીને તે જ એક...'** અથવા તે એક જ **'આચાર છે,...'** જ્ઞાનાનંદ સ્વભાવમાં રમણતા, નિર્વિકલ્પપણે જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદમાં વીતરાગભાવનો જે ભાવ, તે એક જ આચાર અપ્રમત્ત યોગી સંત આત્માને હોય છે. એને અહીંયાં મુખ્ય વીતરાગતા ગણી છે. આહાહા..! **'તે જ એક આવશ્યક ક્રિયા છે...'** અપ્રમત્ત યોગી છે, છઠ્ઠેથી ખસીને અંદરમાં જાય છે, ત્યારે એને સામાયિકપણે વીતરાગી જ ભાવ હોય છે. ચોવીસંથો વીતરાગની સ્તુતિ એ પણ આ અંદરમાં સ્તુતિ, આત્માની તે સ્તુતિ તે આવશ્યક છે. છ બોલ આવે છે ને? સામાયિક, ચોવીસંથો, વંદન, પ્રતિક્રમણ, કોયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન છ. એ છએ આવશ્યક ક્રિયા... આહાહા..! **'અપ્રમત્ત યોગીને તે જ એક...'** આવશ્યક ક્રિયા છે. છઠ્ઠે ગુણસ્થાને આવશ્યક ક્રિયાનો વ્યવહારે વિકલ્પ આવે, પણ એ કાંઈ વસ્તુ નથી. એ તો કહેવામાત્ર, કથનમાત્ર છે. વસ્તુસ્વરૂપ આ છે. આહાહા..!

અંદર એક જ આચાર છે અને એક જ ક્રિયા. **'તે એક આવશ્યક...'** અવશ્ય ક્રિયા કરવાને લાયક હોય તો, મુનિને અપ્રમત્તપણામાં જે આવશ્યક ક્રિયા થાય, તે જ કરવા જેવી છે. આહાહા..! શ્વેતાંબરના ભગવતીસૂત્રમાં તો એવું આવે છે, કે છઠ્ઠું ગુણસ્થાન ... કરોડ પૂર્વ સુધી રહે. અને સાતમું ગુણસ્થાન અંતર્મુહૂર્ત રહે. આખા ઓલામાં. એવો ભગવતીમાં લેખ છે. અર્થ જ તદ્દન સત્યથી વેગળો છે. અહીં તો અપ્રમત્ત દશા અંતર્મુહૂર્ત રહે, વળી પ્રમત્તદશા અંતર્મુહૂર્ત રહે, વળી અપ્રમત્ત આવે એમ પ્રમત્ત-અપ્રમત્ત હજારો વાર અંતર્મુહૂર્તમાં હજારો વાર છેલ્લે આવે. સેકન્ડ, પોણી સેકન્ડ લગભગમાં છઠ્ઠું ગુણસ્થાન રહે અને પોણી સેકન્ડના અડધા ભાગમાં સાતમું ગુણસ્થાન રહે. છતાં એને અંતર્મુહૂર્ત કહેવાય. અસંખ્ય સમય છે ને? ભલે એક સેકન્ડ પણ ઈ અસંખ્ય સમય છે. આહાહા..!

અહીં કહે છે, **'તે જ એક આવશ્યક ક્રિયા છે...'** અવશ્ય કરવા લાયક આ જ છે. આગળ આવશ્યક અધિકારમાં કહેશે, કે દ્રવ્ય અને ગુણ અને પર્યાયનો વિચાર કરે એ પણ આવશ્યક નથી. એ પરાધીન છે. ત્રણનો વિચાર કરે એ વિકલ્પ છે, એ પરાધીન છે એ પરમાર્થ આવશ્યક નથી. આહાહા..! છેલ્લો આવશ્યકનો અધિકાર છે ને. દ્રવ્ય-ગુણ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય એવા એકના ત્રણ વિચારમાં આવે એ પણ ખરું આવશ્યક નથી. એ અશુભભાવ આવ્યો એ પણ પરાધીન છે. આહાહા..! વીતરાગનો માર્ગ સાંભળવો આકરો પડે. આ તે કાંઈ વીતરાગમાર્ગ આવો હશે? અત્યાર સુધી તો અમે આમ કરો, તેમ કરો એવું બધું... માર્ગ જ આ છે. પાઠ શું કહેવાય છે?

તે એક જ આવશ્યક છે. બીજો આવશ્યક છે જ નહિ. આહાહા..! છટ્ઠે ગુણસ્થાને છે તો એ કથનમાત્ર, વ્યવહાર કથનમાત્ર છે. જાણવાલાયક છે. વસ્તુસ્થિતિએ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સામાયિક કે નિર્વિકલ્પ આનંદમાં અંદર રહ્યો હોય, એ આવશ્યક સામાયિક ક્રિયા છે. ચોવિસંથો, ચોવિસ તીર્થંકરની સ્તુતિ કે અંદર નિર્વિકલ્પમાં એકાકાર થઈને રહ્યો એ એક જ આવશ્યક સ્તુતિ છે. છે ને? સામાયિક ચોવિસંથો, વંદન. તે સ્વરૂપમાં, આનંદમાં એકલું વંદનમાં રહેવું વિકલ્પ વિના, એ એક જ વંદનરૂપી ત્રીજુ આવશ્યક છે. આહાહા..! સામાયિક, ચોવિસંથો વંદન પ્રતિક્રમણ. એ નિશ્ચયથી પ્રતિક્રમણ પણ એ એક જ છે. અપ્રમત્તયોગીને નિશ્ચય પ્રતિક્રમણ છે. વિકલ્પ ઊઠે છે એ તો કથનમાત્ર છે. એ તો આવી ગયું છે. નિર્યાપક આચાર્યોએ છ સૂત્ર બનાવ્યું છે પ્રતિક્રમણ. એ હોય છે. પણ એનું ફળ પછી છોડીને અંદરમાં જાવું એ છે. આહાહા..!

હવે અંદરમાં શું છે? ક્યાં છે? કોણ છે? એની તો ખબર પણ ન મળે. આહાહા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરચક ભરેલો પ્રભુ છે. એવા એવા વીતરાગી અનંતગુણથી ભરેલો છે. વીતરાગી અનંતગુણોથી ભરેલો છે. એમાં સ્થિર થવું એ એક જ વંદન છે. એ વંદન સ્તુતિ આ ચોથો બોલ આવ્યો ને? સામાયિક, સ્તુતિ યા વંદન ત્રીજું. એ વંદન એ વંદન છે. પ્રતિક્રમણ પણ એ જ છે. પ્રત્યાખ્યાન પણ એ જ છે. આહાહા..! અને કાયોત્સર્ગ. એ પણ આત્મા અનાકુળ આનંદસ્વરૂપમાં અપ્રત્તદશામાં રમે એ જ કાયોત્સર્ગ છે. આ કાયોત્સર્ગ કરે છે ને? તસ્સૂતરી કરણેણં, પ્રાયશ્ચિત કરણેણં, કાયોત્સર્ગ નથી કરતા? સામાયિકમાં પહેલા. એ બધા કાયોત્સર્ગ નથી. એ બધા રાગ છે.

અહીં તો એક જ કાયોત્સર્ગ છે એમ કીધું છે. આનંદસ્વરૂપમાં, અપ્રમત્તદશામાં જેને અતીન્દ્રિય આનંદને પહેલો જાણ્યો હોય, અનુભવ્યો હોય, એણે આ સ્થિતિ આવે કે કાંઈ જાણ્યો નથી એને આ સ્થિતિ ક્યાંથી આવે? આહાહા..! સમજાય છે કાંઈ? પહેલો આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગમૂર્તિ છે, એવું અંદરમાં પહેલું અનુભવ-જ્ઞાનમાં આવે, જ્ઞાનમાં એ ચીજ જણાય. જે જાણેલો છે તેમાં ઠરાય. જે ચીજ નથી જાણી એમાં ઠરવું શું? આહાહા..! આવો માર્ગ! આ તો કહે, ભાઈ! ચોથા આરાની વાત છે. ચોથાઆરાના સાધુની વાત હશે. તો આ કહે છે પંચમઆરાનો સાધુ હું. હજી ૯૦૦ વર્ષ થયા. હું એમ કહું છું કે મારે તો આ આવશ્યક છે. આહાહા..! આકરું કામ છે.

જૈનદર્શન વીતરાગ સર્વજ્ઞે કહેલો માર્ગ. અહીં તો ખૂબી શું છે? કે એક જ સામાયિકની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાત છે, એક જ ચોવિસંથોની જાત છે, વંદન એક જ છે, પ્રતિક્રમણ એક જ છે, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ પણ એક જ છે. એક જ જાત છે. બે નથી. આહાહા..! આ સંપ્રદાયમાં આવે એનું શું કરવું? એકલું ચાલે ને. આહાહા..! એ એકલું ચાલે એ વ્યવહાર જ નથી. એમ કહે છે અહીં તો. એ તો નિશ્ચય આત્માનો અનુભવ હોય, એને એ વિકલ્પ આવે તો વ્યવહાર કહેવાય. પણ ખરેખર એ તો કથનમાત્ર છે. નિશ્ચયમાં તો અંદર અપ્રત્તયોગમાં રમે છે તેને જ અમે, એકને જ અમે આવશ્યક કહીએ છીએ એમ કહે છે. આહાહા..! એમાં છે કે નહિ? આવો બધો ફેરફાર હશે? 'યશપાલજી'! ત્યાં મહારાષ્ટ્રમાં આવું સાંભળ્યું છે? આહાહા..! આવી વાત ત્યાં સાંભળી છે? આહાહા..!

આ શાસ્ત્ર કાંઈ ઘરનું બનાવેલું નથી. આ તો બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્યે' બનાવેલું છે. આહાહા..! એની ટીકા પછી 'પદ્મપ્રભમલધારિદેવે' બનાવી છે. એ પોતે કહે છે, કે અપ્રમત્તદશામાં જે આ સામાયિક છે તે એક જ સામાયિક છે. છઠે ગુણસ્થાને પણ જે કંઈ શાંતિ વર્તે છે અને વિકલ્પ વર્તે છે એ વિકલ્પ સામાયિકનો કથનમાત્ર વ્યવહાર છે. એ એક જ સામાયિક છે. બે સામાયિક છે નહિ. એક નિશ્ચય સામાયિક અને વ્યવહાર સામાયિક એમ બે છે જ નહિ અહીં તો એમ કહે છે. આહાહા..! ભાઈ ક્યાં ગયા? ગયા? તાવ આવ્યો છે? શું કહ્યું સમજાય છે? એ પાઠ છે હોં.

'**तदेवैकम**' પાઠ છે ને? એક જ આ. એક ને જ અમે બસ સામાયિક ચોવિસ.. વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ કહીએ. આહાહા..! એ બધો વ્યવહાર. વ્યવહાર કહે એ તો કથનમાત્ર છે. વાસ્તવિક એ કોઈ ચીજ નથી. આહાહા..! અહીં એક જ કીધું છે ને? કે 'પદ્મનંદિપંચવિંશતિ'નો આધાર આપ્યો છે. એનો આ શ્લોક છે. 'પદ્મનંદિપંચવિંશતિ' મુનિ આચાર્ય થઈ ગયા છે. દિગંબર આચાર્ય મહા... આહાહા..! કહે છે, કે હું કહું છું, કે સામાયિક બે પ્રકારની નથી. એક નિશ્ચય સામાયિક અને એક વ્યવહારસામાયિક. એ અહીં ના પાડે છે. આહાહા..! અંદરમાં નિશ્ચય સામાયિક એ એક જ છે. વીતરાગભાવે રમવું, વીતરાગભાવનો અંદર સ્વાદ લેવો એ એક જ સામાયિક છે. અને પ્રભુની સ્તુતિ પણ એ પૂર્ણાનંદનો નાથ, એની સ્તુતિ, એમાં એકાગ્રતા, એ એકત્વ ચોવિસંથો છે. આહાહા..! અને એને વંદન કરવું તે એક જ વંદન છે. પહેલા આપણે આવી ગયું છે. નમસ્કાર કરવા યોગ્ય. ઓલી કોર. નમસ્કાર કરવાયોગ્ય એ એક જ જીવ છે. એના પહેલા આવી ગયું છે. છે?

એની પહેલાનો શ્લોક. '**સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે,...**' સત્પુરુષોને... આહાહા..! ધર્મી-જ્ઞાનીને તો એ એક જ નમસ્કાર યોગ્ય છે. અધર્મી-અજ્ઞાનીને ગમે તે નમસ્કાર યોગ્ય માને એ. અને એ નમસ્કારમાંથી લાભ માને. એમ. આહાહા..! આવું સાંભળ્યું ન હોય. વીતરાગમાર્ગ એવો છે. આહાહા..!

મુમુક્ષુ :– આ તો મુનિ માટે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂ. ગુરુદેવશ્રી :– પણ માર્ગ આ છે એમ પહેલો નિર્ણય તો કરે ઓલો. ભલે મુનિ માટે છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો સાચી કરે કે આ મુનિ આવા હોય. મુનિ કેવા હોય એની ખબર ન મળે એની શ્રદ્ધા વિપરીત છે. અમુનિને મુનિ માને એ મિથ્યાત્વ માન્યતા છે. આહાહા..! સાધને કુસાધુ માને, કુસાધુને સાધુ માને એમ નથી આવતું? ૨૫ પ્રકારના મિથ્યાત્વમાં આવે છે પડિક્કમણામાં. આહાહા..!

અહીંયાં કહે છે, **'તે જ એક આવશ્યક ક્રિયા છે...'** આહાહા..! આચાર્યોની તો કડક ભાષા. 'શ્રીમદ્' કહે છે, કે દિગંબર આચાર્યોના તીવ્ર વચનને લઈને રહસ્ય કાંઈ સમજી શકાય છે. એ વીતરાગતાનું વર્ણન.. વીતરાગ... વીતરાગ.. વીતરાગ... વીતરાગ... વીતરાગ... એ 'આત્માવલોકન'માં એ જ કહ્યું છે. મુનિનો ઉપદેશ એ ઉપદેશમાં વીતરાગતા જ હોય. રાગથી રહિત વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહાહા..! કેમ કે વસ્તુસ્વરૂપ પોતે વીતરાગ છે. તેથી તેને આશ્રયે થતી દશા વીતરાગ છે અને તેને આશ્રયે પૂર્ણદશા થતા પૂર્ણ વીતરાગ બારમે કે તેરમે ગુણસ્થાને વીતરાગ થાય. આહાહા..!

પ્રભુ વીતરાગસ્વરૂપ છે. એને આશ્રયે વીતરાગતા થાય, બીજાને આશ્રયે વીતરાગતા થાય નહિ. અને એનો પૂર્ણ આશ્રય થાય એટલે વીતરાગ પર્યાયમાં પૂર્ણ વીતરાગતા થાય, વીતરાગતા પૂર્ણ થાય એટલે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. આહાહા..! બારમે ગુણસ્થાને વીતરાગતા થાય, તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન થાય. આહાહા..! આવી વાતું. એવું સહેલુંસટ હતું. એક કલાક સાંભળવા જાય. 'નાગનેશ'માં સાંભળવા જાય 'શાંતિભાઈ'! ઓલા તમારા વાંચતાને શું? 'રૂગનાથભાઈ'. હવે એના દીકરાને પછી પ્રેમ હતો. કાંપમાં. 'લાલચંદભાઈ' એને પ્રેમ હતો. એ ગુજરી ગયા. એને પ્રેમ-લાગણી હતી. વાંચતા હતા.

અરે..! આ પક્ષેય ક્યાં છે? બાપા! આ તો સત્‌ના પક્ષે પરમાત્માના પડખે ઊભો રહ્યો. પરમાત્માને પડખે ઊભો રહ્યો. આહાહા..! ભલે હજી અંદર જઈ ન શકે પણ પડખે ઊભો છે. આહાહા..! **'તે જ એક...'** તે એક જ સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન એ વીતરાગ સ્વરૂપ ભગવાન ત્રિકાળી ચીજ એ પોતે વીતરાગમૂર્તિ પ્રભુ છે. વીતરાગ મૂર્તિ કહો કે અકષાય સ્વભાવ કહો, કે ચારિત્રસ્વરૂપ કહો. ત્રિકાળી ચારિત્ર હોં ત્રિકાળી. આહાહા..! એ સ્વરૂપમાં એકાગ્રતા એક જ તે આવશ્યક કહેવાય છે. આહાહા..!

**'અને તે જ એક સ્વાધ્યાય છે.'** આ સ્વાધ્યાય કરે છે ને? વાંચન કરે છે. બે-બે કલાક, ચાર-ચાર કલાક વાંચન કરે. આહાહા..! અહીં તો સ્વ-અધ્યાય. પોતાના અંતરમાં જ્ઞાનની એકાગ્રતા તે એક જ સ્વાધ્યાય છે. તે સ્વાધ્યાય પણ એક જ છે. દિગંબર સંતો ગજબ વાત કરે છે ને. સ્વાધ્યાય તપ છે તેમ કરીને ઓલા બહારના સ્વાધ્યાય વાંચે એ તપ છે. એ તપ નથી, બાપુ! એ તો વ્યવહારની વાતું કરી છે. આહાહા..! **'અને તે જ એક સ્વાધ્યાય છે.'** બે સ્વાધ્યાય નથી. આહાહા..! મુનિને ક્યાં પડી છે? જગતની ક્યાં પડી છે? જગતને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ બેસશે કે નહિ? ઉથળી જશે. આવું સાંભળીને કાં તો એકાંત છે... એકાંત છે... માનને તારે માનવું હોય એમ. તું પણ સ્વતંત્ર છો ને? આહાહા..! માર્ગ તો આ એક જ છે. એકાંતે આ એક જ માર્ગ છે. આહાહા..!

**'તે જ એક...'** અથવા તે એક જ **'સ્વાધ્યાય છે.'** ચૈતન્યમૂર્તિ, વીતરાગમૂર્તિ પ્રભુ! એમાં એકાકાર, સ્વમાં એકાકાર, નિર્વિકલ્પપણે એકાકાર તે એક જ સ્વાધ્યાય છે. આહાહા..! વાંચનનો જે વિકલ્પ ઊઠે છે, કહે છે કે એ સ્વાધ્યાય કથનમાત્ર છે, કહેવામાત્ર છે, વ્યવહારમાત્ર છે. આહાહા..!

મુમુક્ષુ :– ચારેય અનુયોગનો સ્વાધ્યાય કરે તો મર્મ ખૂલે.

પૂ. ગુરુદેવશ્રી :– અહીંથી અંદર સ્વાધ્યાય કરે તો મર્મ ખૂલે. આહાહા..! એ કહે છે, ને ઓલો ચાર અનુયોગનો.. પણ ચારેય અનુયોગનો સાર આત્મા છે. આત્મામાં બધું ભર્યું છે કે નહિ? જ્ઞાન આવે એ ચાર અનુયોગને વાંચવાથી જ્ઞાન આવે? કે જ્યાં છે એમાંથી આવે? બહાર ચાર અનુયોગના જ્ઞાનમાં આ જ્ઞાન છે? આહાહા..! જ્યાં જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, એ જ્ઞાનસ્વરૂપ છે ત્યાંથી જ્ઞાન આવે કે બહારથી જ્ઞાન આવે? ન્યાયથી પકડશે કે નહિ?

'શ્રીમદ્રે' તો એકવાર એમ પણ કહ્યું, કે બહુ વાંચ વાંચ કરે તો એ વેદ્યો છે. ત્યાં ને ત્યાં વાતું કર્યા કરે. આનું આમ છે... આનું આમ છે... આનું આમ છે... પણ અંદર જાવું છે એ સાર શું ચીજ છે... એમ 'શ્રીમદ્રે' કહ્યું છે. 'શ્રીમદ્' વાંચન બહુ કરતા. એકલું વાંચન... વાંચન... વાંચન... વાંચન... રાત અને દિવસ વાંચન. વેદિયો થઈ જશે. વેદિયા બ્રાહ્મણ હોય છે ને? વેદ મોઢે કરીને વેદિયા જેવા થાય. કાંઈ ઠેકાણા ન મળે. આહાહા..! અમારા 'ગઢડા'માં એક હતા. એ વેદિયા કહેવાતા. બ્રાહ્મણ હતો, વેદ મોઢે હતું. આમ નાખી લોટ માગવા નીકળે. હું દુકાન ઉપર બેઠો હોઉં. ત્યાં અમારા 'વનમાળી'કાકાની દુકાન હતી. એની દુકાને બેઠો હોય ત્યારે નીકળ્યો તો કહે જુઓ આને ચાર વેદ મોઢે છે. લોટ માગવા નીકળ્યો છે તે વેદિયો છે કહે. આહાહા..!

મુમુક્ષુ :– ઘીના આધારે ઠામ કે ઠામના આધારે ઘી?

પૂ. ગુરુદેવશ્રી :– ઘીના આધારે ઘી. ઠામને આધારે ઠામ. ઠામને આધારે ઠામ. ઘીને આધારે ઘી. નીચે રહે તો પણ પોતાનો આધાર, એમાં રહે તો પણ પોતાનો આધાર. ઠામનો આધાર ઘીને છે જ નહિ. અરે..રે..! આવી વાતું? 'યશપાલજી'! આવી વાતું. કહો, ઘી છે એ વસ્તુ પરમાણુનો પિંડ છે. જ્યાં હશે ત્યાં તે પરમાણુમાં આધાર નામનો ગુણ છે. ષટ્કારક સત્પર્યાય છે. શક્તિ છે એ તો જ્યાં હશે ત્યાં પર્યાય પોતાને આધારે ત્યાં રહે છે. એક પરમાણુ બીજા પરમાણુને આધારે નહિ. આહાહા..! આ છે તે આને આધારે રહેલું નથી. કહો. આ છે ને આ? એ આને આધારે રહેલું નથી. એ વસ્તુ છે. એક એક પરમાણુ આ ષટ્કારકો છે. કર્તા-કર્મ. તે પોતાને આધારે ત્યાં રહેલ છે. આહાહા..! આવી વાત આકરી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે. શું થાય? ભાઈ! આહા..! એ હવે આવશે. મરણ વખતે બાપુ! શું કરીશ તું? દેહ છુટવાનો કાળ આવશે. એકલું મરણ. હવે ગાથા આવશે. **'एगो य मरदि' 'एगो य मरदि'** છે ને? પહેલી જ લીટી છે. **'एगो य मरदि'** દેહ છૂટશે ત્યારે એકલો મરીશ, બાપા! કોઈ તને શરણ નથી. ણમો અરિહંતાણમ્... ણમો અરિહંતાણમ્... કરીને મરીશ તો પણ એ રાગ છે. એ કાંઈ આત્મા નથી. આહાહા..! આ તો ણમો અરિહંતાણમ્ કરતા મરે તો સમાધિમરણ થઈ ગયું. સ્વાધ્યાય સાંભળતા-સાંભળતા દેહ છૂટી જાય તો સ્વાધ્યાય થઈ ગયો. પંડિત મરણ, સમાધિમરણ થયું. લોકો હાંકે રાખ્યે. આહાહા..!

વાણિયા બહાર માલ લેવા જાય તો તોળાય ઘણું. કસોટી કરીને માલ લે. જરીક દૂધી-દૂધી. શાક લેવા જાય, તો દૂધીમાં ક્યાંક ટુવો-ટુવો. ટુવો સમજાય છે? ટુવો નથી સમજતા? સડવાનો ભાગ જરી દેખાય. જરીક ઉપરનો દેખાય તો ન લે. હજી ટુવો આઘો ન ગયો હોય, ઉપરનું દેખાય તો પણ ન લે. નહિ એ દૂધી નહિ. ટુવાવાળી દૂધી નહિ. ટુવો એટલે સડેલો ભાગ. ઉપર સડેલું હોય. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– પર્યાય ધ્રુવના આધારે તો ટકી રહી છે ને?

પૂ. ગુરુદેવશ્રી :– ના ના. પર્યાય પર્યાયના આધારે છે. પર્યાયમાં ષટ્કારક છે. એ તો આપણે આવી ગયું. ચારપ્રકાર આવ્યા. મને, મારા વડે, મારામાં, મારાથી, મને દેખું છું. એમ કહીને પછી ઉતાર્યા. ચેતના વડે ચેતુ, દર્શન વડે દેખું પછી જ્ઞાન વડે જાણું. પહેલા મારા વડે કરી, ઉતારી પછી એને ચેતનામાં નાખ્યો પછી દર્શન-જ્ઞાનમાં નાખ્યું. ચારવાર ચોવીસ બોલ ઉતાર્યા. આહાહા..! લુખૂ લાગે. વીતરાગમાર્ગ છે, બાપા! એમાં રસ ન પડે. ઓલા રાગ ન આવે રાગથી કાંઈ લુખૂ લાગે. રાગની અપેક્ષાએ પ્રભુનો માર્ગ લુખ્ખો લાગે. બાકી છે રસવાળો.

અતીન્દ્રિય આનંદના રસવાળો પ્રભુનો માર્ગ... આહાહા..! રાગના રસની અપેક્ષાએ લુખ્ખો લાગે. આહાહા..! આવો માર્ગ છે. માળા ઉડાડી મૂકે. એકાંત છે.. એકાંત છે... એકાંત છે... 'સોનગઢ'નું એકાંત છે. એક જણાની હમણા ચોપડી આવી છે. બ્રહ્મચર્યની. કોક મરી ગયું હશે 'અમદાવાદ' તો એની ચોપડી કાઢી. બ્રહ્મચર્ય બધું ઘણો વિસ્તાર છે. હવે આ લોકો લૌકિક છે બધું. પણ એમાં ભેટ આવી છે. એમાં લેખકે મોઢા આગળ લખ્યું છે, કે ઉપાદાનને પ્રસારનાર 'કાનજીસ્વામી' એક જ છે. એમને આ ભેટ આપું. ઉપાદાનથી થાય એનો પ્રચાર એમણે એકે જ કર્યો છે. પુસ્તક આવ્યું હતું. તો પછી બ્રહ્મચર્ય સરળ થાય કે નહિ? એમ શબ્દ છે. વ્યાખ્યાન અને બહારની ક્રિયા, બ્રહ્મચર્ય, સ્ત્રીનો પરિચય, હસ્તક્રિયા, એ બહારની વિષયની વાતું બધી લંબાવી ખૂબ. લીલાવતી આદિ હશે પછી કોઈ મરી ગયું. એની પાછળ બનાવ્યું છે. લેખકે મોઢા આગળ મારું નામ આપ્યું. ઉપર લખ્યું છે. ઉપાદાનનો પ્રસાર કરનાર એમને હું ભેટ આપું છું. 'શ્રી કાનજીસ્વામી' એમ કરીને. ઉપાદાનનું કાંઈક.. એનો અર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ ઉપાદાનનો હતો નહિ. નિમિત્તથી થાય... નિમિત્તથી થાય.. ઉપાદાનથી આકરી વાત ક્રમબદ્ધ છે. ઉપાદાનમાં આવી ગઈ. જે સમયે પોતાનો થાય. ઉપાદાન, ઉપાદેય પણ એક વાત છે. પૂર્વની પર્યાય ઉપાદાન અને પછીની પર્યાય ઉપાદેય. એ પણ એક છે. ત્યારે નિમિત્તની અપેક્ષાએ તેને નૈમિત્તિક કહેવાય અને ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય કહેવાય. એ એક વ્યવહારની શૈલી છે. નિશ્ચયથી તો ધ્રુવ ઉપાદાન છે અને ક્ષણિક પર્યાય ઉત્પન્ન થાય એ ઉપાદાન છે. તો તે ક્ષણે જે ઉત્પન્ન થવાની પર્યાય હોય તે પર્યાય ઉત્પન્ન થાય તેને ઉપાદાન કહે છે. અને એ ઉપાદાનને દ્રવ્યગુણના નિમિત્તની જરૂર નથી. એ ષટ્કારકરૂપે ઉપાદાનની પર્યાય પરિણમે છે. આહાહા..!

'પદ્મનંદિપંચવિંશતી' એક જ સ્વાધ્યાય છે. આહાહા..! આટલી વાર 'સમયસાર' વાંચ્યું, 'પ્રવચનસાર' વાંચ્યું, 'પંચાસ્તિકાય' વાંચ્યું. એ બધું ભગવાન અંદર આનંદસ્વરૂપ પ્રભુ સ્વ-અધ્યાય. એનો અધ્યાય, એનો અધ્યાય અને અંદરમાં રમણ એ સ્વાધ્યાય છે. આહાહા..! એ 'પદ્મનંદિપંચવિંશતિ'નો આધાર આપ્યો. બે ગાથા કાલે પૂરી થઈ હતી. કાલ બે ગાથામાં આવ્યું હતું, કે નમસ્કાર કરવાલાયક છે. પહેલું જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ આવ્યું હતું, કે આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે એ જ જ્ઞાન છે, એ જ દર્શન છે, એ જ ચારિત્ર અને તપ છે. પછી આવ્યું હતું કે નમસ્કાર કરવાલાયક પણ પ્રભુ આત્મા છે. આહાહા..! અને ઉત્તમ પણ એ છે, મંગળિક પણ એ છે અને શરણ પણ એ જ છે. આઠ બોલ આવ્યા. બીજા ચાર બોલ આજ આવ્યા. એ બાર બોલ 'પદ્મનંદિપંચવિંશતિ'માં છે.

**'એકત્વસપ્તતિ...'** એકપણામાં બીજાની વાતની જરૂર નથી. આહાહા..! એ પુસ્તકના અધિકારમાં 'એકત્વસપ્તતિ' છે ને? આમાં આવી ગયું ને? **'એવી રીતે એકત્વસપ્તતિમાં (–શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં...'** એકત્વસપ્તતિ અધિકાર. એકરૂપમાં બીજું નહિ. એવો આખો એક અધિકાર છે. અહીં એની ત્રણ ગાથાઓ મૂકી છે. હવે પોતે

## શ્લોક–૧૩૫

(मालिनी)

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे**
**सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः।।१३५।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(પૃથ્વી)

कचिल्लसति निर्मलं क्कचन निर्मलानिर्मलं
क्कचित्पुनरनिर्मलं गहनमेवज्ञस्य यत्।
तदेव निजबोधदीपनिहताधमूछायकं
सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्।।१३६।।

વળી (આ ૧૦૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધ જ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધ યોગમાં (-શુદ્ધોપયોગમાં તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. ૧૩૫.

[શ્લોકાર્થ :-] જે ક્યારેક નિર્મળ દેખાય છે, ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે, વળી ક્યારેક અનિર્મળ દેખાય છે અને તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે, તે જ કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક વડે પાપતિમિરને નષ્ટ કર્યું છે તે (આત્મતત્ત્વ) જ સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે. ૧૩૬.

## શ્લોક–૧૩૫ ઉપર પ્રવચન

'વળી (આ ૧૦૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-'

૧૦૦ ગાથા. ૧૦૦ છે. એમાં બાર બોલ આવ્યા. ૧૦૦માં બધું પૂરું આવ્યું. આહાહા..! હવે 'પદ્મપ્રભમુનિ' પોતે બે શ્લોક કહે છે.

૧૩૫મો કળશ.

मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे
सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले।
भवति स परमात्मा संवरे शुद्धयोगे
न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः।।१३५।।

આહાહા..! **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...'** મારા સહજ સમ્યગ્દર્શનમાં મારો પ્રભુ છે. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર મારા સમ્યગ્દર્શનના વિષયમાં છે નહિ. આહાહા..! છે? **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...'** મારો તે પરમાત્મા જ છે. ત્રીજી લીટી. મારો પરમાત્મા છે. એ જ મારામાં છે. બધાનો આશ્રય, અવલંબન ભગવાન છે. સમ્યગ્દર્શનમાં આશ્રય, અવલંબન શુદ્ધાત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સમ્યગ્દર્શનમાં કોઈ બહારના આધાર છે નહિ. આહાહા..! આવું ઝીણું હવે. કેટલાકને તો એમ કે મારું શું થશે? ક્યાં જઈશ અહીંથી? આ દેહ તો છૂટી જશે. અને ભવિષ્યમાં અનંતકાળ રહેવું છે. ક્યાં રહેશે? બાપા! આહાહા..! એ બેભાન કરીને ચાલ્યો જશે. માંસ-બાંસ તો ન ખાતા હોય. મોટો ભાગ તો અત્યારે માંસ ખાનાર છે. બોદ્ધ-બોદ્ધ ગાયનું માંસ ન ખાય. માંસ ખાય. અર..ર..! ગજબ છે. ખ્રિસ્તી માંસ ખાય. એ તો ગાયનું માંસ ખાય. એ પોતે ઈસુ મરતા હતા એણે ગાયનું માંસ માંગ્યુ હતું. જડ્યા ત્યારે. આહાહા..! એ પરમેશ્વર કહેવાણા. પરમેશ્વર એ ઈશ્વરના પુત્ર કહેવાણા એ. આહાહા..! અને મુસલમાન 'આફ્રિકા' સિવાય શું કીધું. 'અફઘાનિસ્તાન', 'પાકિસ્તાન' એ તો બધા મુસલમાનથી ભરેલા. મોટો ભાગ મુસલમાન છે, મોટો ભાગ ખ્રિસ્તી છે, મોટો ભાગ બૌદ્ધ છે. હિન્દુસ્તાનમાં તો માણસ બહુ થોડા અને થોડો ભાગ છે. આહાહા..! એમાં આ વળી આવું સાંભળવાનું. અરે..! બિચારાને ક્યાં મળે? બાપા!

એ પોપ બિચારા પાંચ-પાંચ કરોડની મોટરમાં બેસનારા. એ પ્રમાણે એની બહારની સાહેબી કેવી હશે? પોપને પાંચ કરોડની એક મોટર. એ ભાઈ! મરીને બાપા માંસ ખાનારા. અરે..રે..! એ બિચારાને સાંભળવું મળે નહિ. અને મરીને નરકે જાય. અહીં બધા ગુરુ કહેવાય. આહાહા..! કઠણ માર્ગ. નરકની ગતિ કુનાર માણસ પણ ઘણા, તિર્યંચ પણ ઘણા છે. આહાહા..! આવું મનુષ્યપણું મળ્યું એમાં હિન્દુસ્તાનમાં હિન્દી, એમાં આર્યકુળ, એમાં જૈનકુળ, એમાં જૈનકુળમાં વાણી, બહુ મોંઘી, બાપુ! એ કાંઈ અબજો રૂપિયે મળે એવું નથી. એની કાંઈ કિંમત નથી. આહાહા..!

એ અહીં કહે છે, કે મારા સમ્યગ્દર્શનમાં મારો પ્રભુ છે. આહાહા..! મારો પરમાત્મા એમ કીધું. છે ને? ત્રીજી લીટીમાં આવ્યું ને? **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...' 'તે પરમાત્મા જ છે...'** પરમાત્મા છે એ મારા સમ્યગ્દર્શનમાં છે. તે પરમાત્મા કોણ? આ. પૂર્ણપરમાત્મસ્વરૂપ જે આત્મા... આહાહા..! એમાં આ માંસના હાડકા જેવા શરીર, એમાં બાયડી અને છોકરા હવે આમાં કઈ રીતે વાત બેસે? આહાહા..! વિચાર કરવાનો અવકાશ ન મળે. જિંદગી ચાલી જાય. અહીં તો કહે છે, કે સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત. ધર્મની પહેલી શરૂઆત, એ **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...'** તે સહજ સમ્યગ્દર્શન, સ્વભાવિક, નિશ્ચય. સહજ કીધું છે ને? મારા નિશ્ચય સહજ સમ્યગ્દર્શનમાં તે પરમાત્મા જ છે. મારો પ્રભુ પૂર્ણ જે પરમાત્મા તે મારા સમ્યગ્દર્શનમાં છે. મને આલંબન એનું છે, આશ્રય એનો છે, આધાર એનો છે, ધ્યેય એનું છે. આહાહા..! શબ્દો તો બહુ સાદા છે પણ હવે ભાવ તો બીજું શું થાય? ગમે તેટલા એને સોંઘા કરે. આહાહા..!

**'મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધજ્ઞાનમાં,...'** બધું લેવું. ઓલું છે ને સહજ સમ્યગ્દર્શન. એમ મારા સહજ **'શુદ્ધ જ્ઞાનમાં,...'** સ્વભાવિક જ્ઞાનમાં. શાસ્ત્રજ્ઞાન આદિ એ નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારું જે સહજ સમ્યગ્જ્ઞાન, તે જ્ઞાનમાં મારો પરમાત્મા જ છે. એ પાછું પરમાત્મા જ છે. એમ લીધું છે. એકાંત લીધું છે. આ પણ છે અને આ પણ છે એમ નહિ. અનેકાંત એમ કહે છે ને લોકો? અનેકાંતનો અર્થ એમ. કથંચિત્ નિશ્ચયથી થાય, કથંચિત્ વ્યવહારથી થાય, આ તો અનેકાંત છે. કથંચિત્ નિમિત્તથી થાય, કથંચિત્ ઉપાદાનથી થાય. અહીં ના પાડે છે. આહાહા..!

મારા **'શુદ્ધ જ્ઞાનમાં...'** પરમાત્મા જ છે. **'પરમાત્મા જ છે...'** કેમ કે મારું જે જ્ઞાન છે, તેનું ધ્યેય, આલંબન, આશ્રય અને આધાર પરમાત્મા સ્વરૂપ પોતે છે. પોતાનું પરમાત્મસ્વરૂપ છે તે શુદ્ધજ્ઞાનનું આલંબન આધાર છે. શબ્દોનું આલંબન છે માટે આ સમ્યગ્જ્ઞાન છે એમ નહિ. આહાહા..! ભગવાનની પ્રતિમા દેખીને દર્શન થાય. ઓલામાં આવે છે. ધવલમાં. ભગવાનના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ તૂટે જોયું? ધવલમાં. એ ભગવાન આ ભગવાન. આહાહા..! એ ભગવાનને દેખીને, જોઈને કે આવો જ મારો પ્રભુ અંદર છે. એમ પરમાત્મસ્વરૂપ અંદર, રાગ અને પુણ્યપાપના વિકલ્પરહિત, એવો જે આત્મા એ પરમાત્મા જ મારા શુદ્ધજ્ઞાનમાં છે. આહાહા..! એ શુદ્ધજ્ઞાનમાં જ આશ્રય છે, આલંબન શુદ્ધાત્મા જ છે. આહાહા..!

**'ચારિત્રમાં,...'** ગાથામાં છે ને? એનું ટીકાકાર... **'ચારિત્રમાં,...'** પણ મારો પરમાત્મા છે. ચારિત્રમાં પંચમહાવ્રત અને અઠ્યાવીશમૂળગુણ એ કાંઈ ચારિત્રમાં છે એમ નથી. આહાહા..! આવી વાત એક તો સાંભળવી કઠણ પડે. 'કપૂરભાઈ'! જિંદગી ધંધામાં કાઢી, બાયડી-છોકરામાં કાઢી, એમાં આવી વાત આવી. વાત બીજી નીકળી. ધર્મના નામે સાંભળ્યું હતું એનાથી બીજી નીકળી. સંસારને બહાને તો ઠીક. આહાહા..! માર્ગ એવો છે, પ્રભુ! આહાહા..! મારા **'ચારિત્રમાં,...'** મારો **'પરમાત્મા જ છે...'** પંચમહાવ્રત અને વિકલ્પ-ફિકલ્પ મારા ચારિત્રમાં નથી. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ ૯૦૦ વર્ષ પહેલા થઈ ગયા. એ પોતે કહે છે. આહાહા..!

**'સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં...'** આહાહા..! શું કહે છે? શુભ અને અશુભભાવ જે છે, તેના ત્યાગકાળમાં **'(અર્થાત્ પ્રત્યાખ્યાનમાં),...'** મારો પરમાત્મા જ છે. શુભ-અશુભભાવના ત્યાગમાં એટલે પ્રત્યાખ્યાનમાં, શુભભાવના ત્યાગમાં, પ્રત્યાખ્યાનમાં પણ મારો પરમાત્મા જ છે. આહાહા..! એ શુભભાવ એ પ્રત્યાખ્યાન નહિ. આવું છે. શું કીધું? **'સુકૃત...'** એટલે શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા, શાસ્ત્ર સ્વાધ્યાય, વાંચન, શ્રવણ, મનન એ બધા સુકૃત અને દુષ્કૃત પાપ છે. એ કર્મદ્વંદ્વ. એ કર્મનો દ્વંદ્વ બે પ્રકારે. એક એના સંન્યાસકાળમાં, એના ત્યાગકાળમાં. બેના ત્યાગના વખતમાં એટલે કે બેના ત્યાગના વખતમાં એટલે પ્રત્યાખ્યાનમાં મારો પરમાત્મા છે. આહાહા..!

**'સંવરમાં...'** સંવર-સંવર. શુભભાવ અને અશુભથી રહિત એવા સંવરમાં મારો પરમાત્મા છે. આહાહા..! આ તો બહારના પચ્ચખાણ કરીને બેસી ગયો. સંવર છે મારે. અરે..! ભગવાન!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંવર કોઈ જુદી ચીજ છે, બાપુ! કાળ ચાલ્યો જાય છે, આવો સમય નહિ મળે. માટે કરવાનું આ છે, એને વિકલ્પસહિત દૃઢ શ્રદ્ધા તો કર, કે આ એક જ કર્તવ્ય કરવા જેવું છે. એનાથી રહિત થઈને નિર્મળ થવું તે. આહાહા..!

**'સંવરમાં અને શુદ્ધ યોગમાં..'** શુદ્ધ યોગ એટલે **'(–શુદ્ધોપયોગમાં)...'** છે ને? શુદ્ધ યોગ. પાઠમાં છે. પાઠમાં હતું અને ગાથામાં પણ હતું. ગાથામાં હતું યોગમાં. ગાથા છે ને? એમાં યોગ હતું. ૧૦૦મી ગાથા. **'संवरे जोगे'** ૧૦૦મી ગાથામાં. **'संवरे जोगे'** જોગ એટલે શુદ્ધોપયોગ. આહાહા..! હવે અહીં કહે છે, કે અત્યારે શુદ્ધોપયોગ હોય નહિ. અત્યારે તો મુનિને શુભયોગ જ હોય. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! પરમાત્માનો તો આ (પોકાર) છે. એની શૈલીનો પણ તું વિરોધ કરે છો. આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના રાગ એ તો રાગ છે એ કાંઈ શુદ્ધોપયોગ નથી. અને શુદ્ધોપયોગ વિના પરમાત્મા નજીકમાં નથી. શુભરાગમાં પરમાત્મા છે નહિ. એ તો અનાત્મા છે. આહાહા..! શુદ્ધોપયોગમાં **'તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય–...'** સમ્યગ્દર્શનનો, સમ્યગ્જ્ઞાનનો, સમ્યક્ચારિત્રનો, પ્રત્યાખ્યાનનો, સંવરનો અને શુદ્ધોપયોગનો **'બધાંયનો આશ્રય–અવલંબન શુદ્ધાત્મા જ છે)...'** શુદ્ધ આત્મા જ છે. આહાહા..! કોઈ પ્રકારે વ્યવહાર પણ છે અને વ્યવહારથી થાય છે એ લોકોને એવું સારું લાગે 'જયસેનાચાર્યની' ટીકા. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ! તો આ બધું ખોટું પડે. હવે એવી વાતું અત્યારે ચાલે છે શું થાય? પ્રભુ પડ્યા ત્યાં. કોઈ અહીં આવે નહિ. દેવ પણ ન મળે અને ભગવાન તો આવ્યા નહિ. આવે નહિ. આહા..! આ ભગવાન છે એની પાસે જાય નહિ. આહાહા..!

**'(અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય–અવલંબન શુદ્ધાત્મા જ છે);...'** ત્રિકાળી શુદ્ધ પ્રભુ! દયા, દાન, વ્રતના પરિણામ વિનાનો તે જ ધર્મનો આશ્રય છે. તે ધર્મનું અવલંબન છે. એ સમ્યગ્દર્શન જ્ઞાનનો આશ્રય અને આધાર એ છે. **'મુક્તિની પ્રાપ્તિ માટે...'** જેને મુક્તિ જોઈતી હોય એને માટે **'જગતમાં બીજો કોઈપણ પદાર્થ નથી, નથી.'** બે વાર કહ્યું. પાઠમાં છે ને? **'न च न च'** આહાહા..! મોક્ષ જેને જોતો હોય. ધર્મનું ફળ મોક્ષ, તો મોક્ષનું ફળ જોતું હોય એને એક જ આત્મા જ એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગ નિર્મળાનંદ એક જ આધાર છે. બીજો કોઈ પદાર્થ નથી. આત્મા સિવાય કોઈ પર પણ મુક્તિને માટે આધાર નથી. એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૧૦, શ્લોક-૧૩૬, ગાથા-૧૦૧, મંગળવાર, માગશર વદ ૧૪, તા.૧૮-૧૨-૧૯૭૯

'નિયમસાર' શ્લોક-૧૩૬. શ્લોક છે.

**कचिल्लसति निर्मलं कचन निर्मलानिर्मलं**
**क्कचित्पुनरनिर्मलं गहनमेवज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताधमूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्।।१३६।।**

આ શૈલી 'સમયસાર'ની છે ને? પાછળ છે ને. એ શૈલી લીધી છે.

શું કહે છે? ક્વચિત્ આ આત્મા નિર્મળ દેખાય. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છે, ચૈતન્યરત્ન છે, ચૈતન્ય અંતરના શક્તિના સ્વભાવનો મોટો દરિયો છે. એને જોતા તે નિર્મળ દેખાય છે. સાધકજીવની વાત છે. અંતરમાં ચૈતન્યસ્વરૂપ અનંતગુણમણી રતનની ખાણ. અનંતગુણમણીરતનની ખાણ આત્મા છે. આહાહા..! એને અંતર જોતા નિર્મળ દેખાય છે. અંતર ઉપયોગ જતા એકલો નિર્મળ દેખાય છે.

**'ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે,...'** ક્યારેક ઉપયોગ જ્યારે અંદરમાં ન હોય, ત્યારે નિર્મળ પણ છે અને રાગાદિ દેખાય છે, મલિન પણ દેખાય છે. સમજાય છે કાંઈ? 'યશપાલજી'! ફરીને. ફરીને. ઝીણું છે ને? એમ કે આત્મા છે તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ. અનંત-અનંતગુણમણી રતનની ખાણ, એવો જે શુદ્ધઆત્મા જ્યાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં જણાય છે. ધર્મની પહેલી શરૂઆત, એમાં જ્યાં જણાય છે ત્યારે નિર્મળ જણાય છે. પણ જ્યારે ત્યાંથી ઉપયોગ ખસી જાય છે, ત્યારે નિર્મળ પણ જણાય છે અને જરી રાગ થાય તો અનિર્મળ પણ જણાય છે. સમજાણું?

ઉપયોગ જ્યારે અંદરમાં નથી, છતાં શુદ્ધતા પ્રગટી છે. શુદ્ધ ચૈતન્ય સાધકની વાત છે. સમ્યગ્દષ્ટિ સાધકજીવને આત્મા કેવો, કઈ રીતે ભાસે છે? એની વાત છે. આહાહા..! **'ક્યારેક નિર્મળ દેખાય છે,...'** એટલે ઉપયોગ અંદરમાં જતાં. એકત્વસપ્તતિ છે ને? 'પદ્મનંદી પંચવિંશતિ'માં એમાં એવું લીધું છે કે સમતા. એકત્વસપ્તતિ. નિર્મળ એટલે કે સામ્ય, સ્વાસ્થ, ચિત્ત નિરોધ, શુદ્ધોપયોગ એ એક જ વાત છે. સમજાણું કાંઈ? સમતા કહો, વીતરાગતા કહો, આત્મા અંદર ઉપયોગમાં આવે ત્યારે વીતરાગતા થાય છે. એકલો રાગ લક્ષમાં રહે ત્યાં સુધી એને વીતરાગતા થતી નથી. દયા, દાન આદિનો રાગ જ્યાં સુધી રહે, એકલો રાગ લક્ષમાં રહે ત્યાં સુધી અંતર દષ્ટિ જતી નથી.

એથી તેની દષ્ટિ છોડીને. અંદરમાં ઉપયોગ જાય છે ત્યારે જ્ઞાન, આનંદ નિર્મળ દેખાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને ઉપયોગ એમાંથી ખસીને બહાર આવે છે ત્યારે નિર્મળ પણ છે. ત્યાં ઉપયોગ નથી. એટલે નિર્મળ પણ છે અને મલિન પણ રાગ છે તે દેખાય છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ દેખાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે,...'** આહાહા..! એ તો પછી ઠીક. **'વળી ક્યારેક અનિર્મળ દેખાય છે...'** લક્ષ એમાંથી બરાબર ન હોય, સાધક છે. છતાં રાગ અને પુણ્યના પરિણામ હોય એ જ લક્ષમાં રહે. તો એકલો અનિર્મળ દેખાય. દૃષ્ટિમાં શુદ્ધ છે છતાં રાગ ઉપર લક્ષ આવે છે. તો અનિર્મળ દેખાય છે. અરે..રે..! ધર્મની આવી વાતું!

મુમુક્ષુ :- વ્યંજનપર્યાય છે?

પૂ. ગુરુદેવશ્રી :- વ્યંજન-ફ્યંજનની અહીં વાત નથી.

અહીં તો રાગ અને નિર્મળતા બેની વાત છે. આત્મા અંદર શુદ્ધસ્વરૂપ છે એવી દૃષ્ટિ છે. છતાં બહાર આવ્યો અને એકલા રાગ ઉપર લક્ષ રહ્યું. ઓલો ઉપયોગમાં ન રહ્યો. લક્ષમાં રાગ આવ્યો. ત્યારે અનિર્મળ દેખાય. વસ્તુ દૃષ્ટિ તો છે. સાધકજીવની તો આ વાત છે. આહાહા..! વિશેષ ફરીને જોવું. કે આ આત્મા જે અંદર છે, એ તો તદ્દન આ દેહના રજકણથી જુદો, કર્મના પરમાણુથી જુદો અને પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત ભક્તિના શુભભાવ, એનાથી પણ અંદર એ જુદી ચીજ છે. કેમ કે દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્યતત્ત્વ છે. આત્મા તો જ્ઞાયકતત્ત્વ શુદ્ધ ચૈતન્યરત્ન છે. આહાહા..! એટલે એ શુદ્ધચૈતન્યરત્નને જેણે જોયો, શુદ્ધોપયોગમાં જેણે જોયો, એને આત્મા એકલો નિર્મળ દેખાય છે. ઉપયોગ ત્યાંથી ખસી જાય છે ત્યારે નિર્મળ અને અનિર્મળ બેય દેખાય છે. અને એકલા રાગ ઉપર લક્ષ રહે છે. દૃષ્ટિ ત્યાં છે. પણ એને જાણે રાગ મલિન હોય એમ દેખાય ત્યારે અનિર્મળ દેખાય છે. છે?

**'વળી ક્યારેક અનિર્મળ દેખાય છે અને તેથી...'** આ કારણે... આહાહા..! ભગવાન આખો પડ્યો રહ્યો અને બધી બહારની વાતું થઈ ગઈ. બીજા સાથે જોડી દીધી. આત્મા કોણ એની કાંઈ ખબર મળે નહિ અને કરો સામાયિક, કરો પોષા, કરો પડિક્કમણા એકડા વિનાના મીંડા છે. આહાહા..! અહીં તો કહે છે, કે આત્મા તો મુખ્ય વસ્તુ છે. પુણ્ય, પાપ, આસ્રવ બધા તત્ત્વો છે, પણ એનો તો એ જાણનાર છે. કરનાર નહિં, મારું માનનાર નહિં પણ એનો જાણનાર છે. પણ એ જાણનાર ક્યારે થાય? કે પોતે પોતાને અનુભવે અને જાણે ત્યારે એનો જાણનાર થાય. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ આત્મા ભગવાન પૂર્ણાનંદ એ ચૈતન્યરત્ન જ સર્વોત્કૃષ્ટ ત્રણલોકનો નાથ, ત્રણલોકમાં એના સિવાય કોઈ મોટી ઊંચી ચીજ નથી. આહાહા..! એવો અંદર ભગવાન બિરાજે છે. એની દૃષ્ટિ થતાં, સમ્યગ્દૃષ્ટિ થતાં તે અતિ નિર્મળ છે તે દેખાય છે અને બહાર આવતા અતિ નિર્મળ છે એ તો છે. પણ જરી રાગ ઉપર લક્ષ જતાં ભક્તિ, પૂજા આદિ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યારે અનિર્મળ દેખાય છે. અને ક્યારેક એકલો અનિર્મળ દેખાય છે. ઓલો તો નિર્મળ અને અનિર્મળ બેય સાથે દેખાય છે. બીજા બોલમાં બે સાથે દેખાય છે. પહેલા બોલમાં એક દેખાય છે. બીજા બોલમાં બે સાથે દેખાય છે. નિર્મળ શુદ્ધ ચૈતન્ય અને રાગ બે ભેગા. અને ત્રીજા બોલમાં અતિ રાગનું લક્ષ લીધું. અતિ અનિર્મળ દેખાય રાગ. આહાહા..!

સમકિતીને પણ લડાઈ આદિમાં ચડવું પડે છે. ભરતચક્રવર્તી આદિ. બાહુબલી બે ભાઈએ લડાઈ કરી. સમકિતી હતા, આત્મજ્ઞાની હતા. જ્યારે રાગ ઉપર જાય છે ત્યારે મેલ હોય એમ દેખાય. છતાં વસ્તુદૃષ્ટિ છે. આત્મા દૃષ્ટિમાં છે પણ ઉપયોગમાં જાણે એકલો મલિન છે એમ દેખાય. આહાહા..! અહો..! **'અને તેથી...'** આ કારણે **'અજ્ઞાનીને માટે જે ગહન છે,...'** અજ્ઞાનીને આત્મા સમજવો બહુ ગહન છે, બાપુ! આહાહા..! અનંતવાર મુનિપણું લીધું, સાધુ અનંતવાર થયો, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, પણ એ તો બધી રાગની ક્રિયા છે. એ કોઈ આત્માનું જ્ઞાન નથી. આહાહા..! ભારે આકરી વાતું.

એટલે કહે છે, કે એવી ક્રિયામાં પણ આ વસ્તુ સમ્યગ્દર્શનમાં આ રીતે ભાસે, એ અજ્ઞાનીને ગહન લાગે. **'માટે જે ગહન છે,...'** આહાહા..! પોતે તો નિર્મળાનંદનો નાથ પ્રભુ છે. પૂર્ણાનંદનો નાથ અંદર ચૈતન્યહીરો. જેવો પરમાત્મા વીતરાગ પર્યાયે પ્રગટ થયા, અરિહંત વીતરાગ. એવો જ આત્મા વીતરાગપણું છે એમાંથી વીતરાગતા આવી છે. તે આત્મા વીતરાગસ્વરૂપ જ છે. સ્વાસ્થ્યસ્વરૂપ જ છે. સ્વાસ્થ્ય એટલે આ નથી પૂછતા? સ્વાસ્થ્ય છે? નિરોગસ્વરૂપ જ છે. રાગનો રોગ એમાં છે નહિ. આહાહા..! અહીંયાં પૂછે છે ને? સ્વાસ્થ્યને ઠીક છે? આ શરીરનું સ્વાસ્થ્ય. ધૂળનું. આ તો ધૂળ છે. એના સ્વાસ્થ્યને પૂછે છે પણ આત્માના સ્વાસ્થ્યને... સ્વાસ્થ્ય એટલે સ્વમાં ટકી રહેવું. આનંદમૂર્તિ ભગવાન સ્વરૂપ છે એમાં ટકી રહેવું એનું નામ સ્વાસ્થ્ય છે, એનું નામ શુદ્ધોપયોગ છે, એનું નામ સમતા છે, એનું નામ ચિત્તનો પુણ્યપાપ તે નિરોધ છે. આહાહા..! આવી વાતું હવે.

ઓલું તો કેવું પાધરું જો એક કલાક જાય, સામાયિક કરીને નમો અરિહંતાણં, તિકખુતો, ઇચ્છામી પડિકમ્મણા, તસ્સૂતરી વિગેરે... આઠ પાઠ ભણ્યો, સામાયિક થઈ ગઈ. એક કલાક બેઠો. સામાયિક કરી આવ્યા. ધૂળેય સામાયિક નથી. સામાયિક વ્યવહારે પણ નથી ને એમાં નિશ્ચય તો ક્યાં હતો જ તે. અહીં તો કહે છે, કે નિશ્ચય હોય એને વ્યવહાર મલિનતા, રાગ, વ્યવહાર વિકલ્પ દેખાય, હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ ચીજ એવી છે, પ્રભુ! એમ કહે છે. જિનેશ્વરદેવનું આ કથન છે. એ સંતો જાહેર કરે છે. પ્રભુ અંદર ચૈતન્યરત્ન હીરલો પડ્યો છે ને. આહાહા..! ત્રણલોકમાં, ત્રણકાળમાં એના સિવાય કોઈ મોટી ચીજ નથી. આહાહા..! એના સિવાય એના જેવી મોટી સિદ્ધ કહો, પરમાત્મા કહો, એ પોતાની ચીજ છે એ તો પોતે છે એવડો જ છે. આહાહા..!

અહીં તો હજી દુકાનના પાપના ધંધા આડેથી નવરો થાય નહિ. શુભભાવમાં નવકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગણવા, સ્મરણ કરવું, પરમાત્માની પૂજા-ભક્તિ એ પણ શુભભાવ છે, ધર્મ નથી. એ પુણ્ય કરવા નવરો નથી ત્યાં ધર્મ તો ક્યાં હતો? આહાહા..! સવારે તમે ક્યાં બેઠા હતા? આઘે બેઠા હતા. સમજાય છે કાંઈ? આહાહા..! સર્વજ્ઞ ભગવાને કહેલું તત્ત્વ, સંતો, મુનિવરો જગતને જાહેર કરે છે. મુનિવરો એમ કહે છે, પ્રભુ! તું કેવો છો અંદર? આહાહા..! અતિનિર્મળ છો. છે ને? **'ક્યારેક નિર્મળ દેખાય છે,...'** એનો અર્થ જ અતિનિર્મળ ભગવાન પૂર્ણાનંદ.

**'ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે,...'** પણ દેખે એને ને. જે આત્માને દેખતો જ નથી એને બે ભેદ ક્યાંથી આવ્યા? આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, પ્રભુ! પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે. અત્યારે તો બગાડીને ફેરફાર. અન્યમતિ જેવું કરી નાખ્યું છે. જૈનધર્મને અન્યધર્મ જેવો કરી નાખ્યો છે. આહાહા..! બહારની ક્રિયાકાંડ તે સ્થુળ. રાગ ક્રિયાને ધર્મ મનાવી બેઠા છે. આ તો વીતરાગ. વીતરાગ પર્યાયે ધર્મ થાય. આહાહા..! એ વીતરાગ સ્વરૂપ જ ભગવાન છે. આ ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ છે. એને દેખી વીતરાગતા જ પ્રગટ થાય. પણ એમાં ઠરી શકે નહિ ત્યારે અનિર્મળતા-રાગ પણ જરી આવે. અને કોઈ વખતે એ રાગનું મુખ્યપણું લક્ષમાં આવે તો અનિર્મળ દેખાય.

અરે..! આવી આત્માની ચીજ, ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, પરમેશ્વર તીર્થંકર ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે બિરાજે છે આ એની વાણી છે. સીમંધર ભગવાન સમવસરણમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. કરોડપૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય. એવા-એવા કરોડપૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. સમવસરણમાં વર્તમાન મનુષ્યપણે બિરાજે છે. એની પાસે આ 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. સંવત્ ૪૯. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. અહીં માણસ નથી કહેતા, એનો બાપ બહાર ગયો હોય તો, બાપા! મારા માટે તમે શું લાવ્યા? કાંઈ ઘડિયાળ લાવ્યા? કે ફલાણું લાવ્યા? પૂછે ને? કહે છે, કે ભગવાન પાસે તમે શું લાવ્યા? પ્રભુ! આહાહા..! કે જો આ લાવ્યા. સાંભળ. આહાહા..!

**'તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે, તે જ—કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક...'** આહાહા..! બીજું બધું નહિ. નિજજ્ઞાનરૂપી દીવો. અંદર નિજ દીવો ભગવાન ચૈતન્યસૂર્ય, ચૈતન્યચંદ્ર, શીતળતાનો ભરેલો... આહાહા..! આકાશમાં વાદળા હોય છતાં આકાશમાં વાદળાનું ચિતરામણ ન હોય. એમ આત્મામાં રાગ અને શરીરનું ચિતરામણ નથી. એ આકાશની પેઠે નિર્મળાનંદ પ્રભુ બિરાજે છે. આહાહા..! આવો આત્મા બેસે શી રીતે? હજી જ્યાં દિવસના બે-પાંચ-દસ હજાર પેદા થતા હોય પાંચ હજાર, દસ હજાર ત્યાં તો પ્યાલા ફાટી ગયેલા હોય. આહાહા..! અમારે આ પેદાશ છે, આટલી આ પેદાશ છે. આહાહા..! પ્રભુ! શેની પેદાશ? બધી ખોટની પેદાશ છે. ખોટ-ખોટ. આહાહા..!

અંદર ચૈતન્યરત્ન જે ભગવાન ગહન છે તેને તું જો. અજ્ઞાનીને ગહન લાગશે કે આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું? નિર્મળ અને અનિર્મળ બેય! નિર્મળ હોય તો અનિર્મળ નહિ અને અનિર્મળ હોય તો નિર્મળ નહિ. સાંભળ, ભાઈ! વસ્તુની દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે એ તો નિર્મળ છે. અને પૂર્ણ વીતરાગતા નથી, એથી વચ્ચે પૂજા, ભક્તિ, દાન, દયાના શુભભાવ આવે, એને જાણે પણ એ મલિન છે એમ જાણે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! જગતને તો નવરાશ–ફુરસદ પણ ન મળે. બાયડી-છોકરા આડે ફુરસદ ન મળે અને ધંધા આડે ફૂરસદ ન મળે. એમાં ઘૂસી જાય. આહાહા..! આખો દિ' અજ્ઞાનની મજુરી કરે. મિથ્યાત્વની મજુરી. એ મારા... એ મારા... એ મારા.. એ મિથ્યાત્વ છે. એ તારા નથી તેને મારા માને એ તો મહામિથ્યાત્વ છે. આહાહા..! મિથ્યાત્વની મજુરીમાં એને આ કહેવું, તો પ્રભુ કહે છે, કે ગહન છે, બાપુ! તારી ચીજ, ભાઈ! ગંભીર છે, ગહન છે, ઊંડી-ઊંડી... આહાહા..! જ્યાં ગુણનું ગોદામ છે, જેમ બહારમાં મોટા ગોદામ હોય છે ને? એમ આ ગુણનું મોટું ગોદામ અંદર ભગવાન છે. ભલે શરીર પ્રમાણે હોય, પણ રાગને તો એ દ્રવ્યસ્વભાવ અડ્યો પણ નથી. આહાહા..! એ દયા, દાન, વ્રતના વિકલ્પ રાગ છે એ જ્ઞાયકથી તદ્દન ભિન્ન છે. આહાહા..!

એ જ્યારે સ્વભાવને જોતા નિર્મળ દેખાય, વિભાવને જરી જોતા નિર્મળ અને અનિર્મળ દેખાય. એકલા વિભાવને જોતા અનિર્મળ દેખાય. આહાહા..! બીજી વાત તો લીધી જ નથી અહીંયાં. ફલાણે દેખાય, ભગવાનને દેખાય, ફલાણે દેખાય. આહાહા..! કેમ કે એ પરને દેખતો નથી. દેખે છે પોતાને. પોતાના જ્ઞાન-દર્શનને દેખે છે. પરને કે દિ' અડે છે? પર તો તદ્દન ભિન્ન ચીજ છે. જેને જાણે છે એ જણાય છે એ ચીજ તો આત્માથી તદ્દન ભિન્ન છે. આત્મામાં જ્ઞાન થાય છે એ તો આત્માનું પોતાનું પોતામાં પોતાને માટે થાય છે. આહાહા..! એવું તત્ત્વ, વીતરાગતત્ત્વ આત્મા ગહન. પણ નિજજ્ઞાનરૂપી. જેને નિજજ્ઞાન હોં. પરમાત્માનું વીતરાગનું જ્ઞાન એ નહિ. પરમેશ્વરનું જ્ઞાન એ પણ પર શબ્દે શુભરાગ છે. આહાહા..! પાંચ નવકારનું જ્ઞાન અને એનું સ્મરણ એ બધો રાગ છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. આહાહા..! આવી વાત હવે. જિંદગી આખી કાઢી હોય ૬૦ વર્ષ અને ૫૦ વર્ષ. એને કહે કે રાગ એ ધર્મ નથી. રાડ નાખી જાય કે નહિ? બાપુ! મારગડા એવા છે, ભાઈ! પ્રભુ તે માર્ગ સાંભળ્યો નથી. આહાહા..! તું બીજે રસ્તે ચડી ગયો છો. આહા..! સ્વનો પંથ જે અંદરમાં જવો જોઈએ તે છોડી દીધો. એકલા બહારના રાગ પુણ્ય અને પાપના ભાવમાં તું ચડી ગયો છે. અને તે મારા માનીને મિથ્યાત્વમાં ચડી ગયો છે. આહાહા..!

**'ગહન છે, તે જ–કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક...'** જેને પોતાનો જ્ઞાનરૂપી દીવો ઉઘડ્યો છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન અને એ વાત અહીં નથી કરી. નિજજ્ઞાનરૂપી દીપક. આહાહા..! નિજ એટલે પોતે આત્મા, એનું દીવારૂપી જ્ઞાન, એ જેને પ્રગટ્યું છે. જેણે **'પાપતિમિરને નષ્ટ કર્યું છે...'** અને પાપના અંધકારનો તો જેણે નાશ કરી નાખ્યો છે. જ્યાં સમ્યગ્જ્ઞાનના અંજવાળા થયા, સૂરજનું જ્યાં અંજવાળુ થયું ત્યાં અંધકાર રહે જ નહિ. સૂરજનું અંજવાળુ થાય ત્યાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંધકાર રહે જ નહિ. એમ ચૈતન્ય સમ્યગ્જ્ઞાનનું અંજવાળું થયું ત્યાં અંધકાર રહે નહિ. આહાહા..! આવી વાતું. માર્ગ એવો છે, બાપા! આહાહા..!

**'નિજજ્ઞાનરૂપી દીપક વડે પાપતિમિરને નષ્ટ કર્યું છે તે (આત્મતત્ત્વ) જ–સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે.'** સત્પુરુષો, ધર્મીજીવ, સમકિતી એના હૃદયકમળમાં, એના હૃદયકમળરૂપી ઘર અંદરનું, એમાં નિશ્ચળપણે ભગવાનઆત્મા બિરાજે છે. આહાહા..! વાતે વાતે ફેર. શબ્દે શબ્દે ફેર. ઓલું સાંભળ્યું હોય એથી બધી જાત જ ફેર. હવે કઠણ પડે. દુનિયાની અંદરની બધી જાતની ખબર છે ને. આહાહા..! એવા **'સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં...'** એટલે અહીંયાં જ્ઞાનમાં **'નિશ્ચળપણે સંસ્થિત...'** આત્મા રહેલો છે. જ્ઞાનની દશામાં પ્રભુ રહેલો છે. એ રાગ અને પુણ્યમાં એ આત્મા નથી. આહાહા..! એક એક કડી પણ એવી છે.

મુમુક્ષુ :– પાપતિમિતર તો આત્મામાં નથી.

પૂ. ગુરુદેવશ્રી :– પાપ અને પુણ્ય બે નથી.

મુમુક્ષુ :– આત્મામાં છે જ નહિ પછી નષ્ટ કેમ કરે?

પૂ. ગુરુદેવશ્રી :– કીધું નહિ કે છે ક્યાં? પણ પર્યાયમાં હતું એનો નાશ કર્યો એમ કીધું. પર્યાયમાં છે ને? એ તો કીધું ને? અનિર્મળ દેખાય છે ને? જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ નિર્મળ આત્મા દેખાય અને રાગ મલિન દેખાય. બેય દેખાય છે. રાગની હયાતી નથી એમ છે? વસ્તુમાં નથી. પણ વસ્તુ પૂર્ણ પ્રગટે નહિ જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી નિર્મળાનંદનું પણ ભાન છે, વીતરાગતા પણ છે અને સાથે રાગ પણ છે. જો વીતરાગતા પૂર્ણ થઈ ગઈ હોય તો રાગ હોઈ શકે નહિ. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવને વીતરાગતા પૂર્ણ થઈ ગઈ. વીતરાગતા બારમે ગુણસ્થાને પૂર્ણ થઈ ગઈ એટલે તેરમે ગુણસ્થાને તો કેવળજ્ઞાન થઈ જાય. આહાહા..! એને રાગ હોય નહિ. પણ જેને હજી વીતરાગતા પૂર્ણ થઈ નથી. પણ સાધકપણામાં વર્તે છે. આત્મામાં નિજ સમ્યગ્જ્ઞાન વર્તે છે, એની પૂર્ણતા નથી એટલે એને નિર્મળ અને અનિર્મળ બેય ભાસે છે. નિશ્ચય અને વ્યવહારનું બેયનું જ્ઞાન એને યથાર્થ છે. આહાહા..! આખી દુનિયામાં આખો દિ' રચ્યા-પચ્યા. હવે એને આ વાત... આહાહા..! અરે..રે..! ક્યાં મરીને જાવું? બાપુ! દેહ તો છુટી જશે. એ તો ૫, ૧૦, ૧૫, ૨૦ વર્ષ. ૫૦-૫૦ વર્ષ કાઢ્યા એને ફરીને ૫૦ વર્ષ નીકળવાના નથી. એ દેહ તો છૂટી જશે. આ તો હાડકા છે. આત્મા ચાલ્યો જશે. પ્રપંચ બધી કરીને આખો દિ' રાગ અને દ્વેષ, કષાય, માન, માયા, લોભ કર્યા હશે. આહાહા..! માંસ અને દારૂબારુ ન ખાધા હોય એ બધા મરીને પશુમાં જવાના. ઘણા તિર્યંચભવમાં જવાના. પશુ-પશુ. આહાહા..! દેવના લક્ષણ તો છે નહિ, મનુષ્યમાં જવાના લક્ષણ રાગની મંદતા અને કષાયની મંદતા. આ તો એક કલાક જઈને સાંભળે પછી થઈ રહ્યું. ૨૩ કલાક પાપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આખો દિ'. એ એરણની ચોરી અને સોયનું દાન. આહાહા..! એની ગણતરી શી? એ તો ક્યાંય દાન ચાલ્યું ગયું.

મુમુક્ષુ :– તો ધંધો છોડી દેવો?

પૂ. ગુરુદેવશ્રી :– છોડે છે ક્યાં? કરી શકે છે ક્યાં? કરે છે રાગ. રાગ કરે છે એને છોડતા ધંધો છૂટી જશે. ધંધો એ ક્યાં કરી શકે છે? ધંધો તો પરવસ્તુ છે. આહાહા..! એક વખત 'પાલેજ'માં અમારી દુકાન ઉપર. દુકાન છે ને ત્યાં? એ દુકાન ઉપર જ્યાં થડો છે ત્યાં નાગણી નીકળી. થડે મારા મોટા ભાઈ બેઠેલા. એમાં નાગણી નીકળી. ત્યાં જ નીકળી. પોતે તો એકદમ ઊઠી ગયા. એને કેમ બચાવવું. જોડેવાળા ઓલા વ્હોરા મુસલમાનનું એક ઘર હતું. એ આવીને મારી નાખી. આહાહા..! આ ધંધાના રસ્તે પણ... આહાહા..! આ થડો. જે ઠેકાણે થડે બેસવાની ગાદી, વેપાર કરવાનું ત્યાં બરાબર ત્યાં નાગણી આવી.

હમણા અહીં નહિ નાગણી કરડી હતી. અહીં હોસ્પિટલમાં. નાગણી આમ... નામ સારું હતું. હશે કોક. એ આમ બેઠો હતો. નાગણી ઉપર પગ આવી ગયો અને નાગણી કરડી તો તરત મરી ગયો. પછી મેં પૂછ્યું હતું નાગણીનું શું થયું? નાગણીને જાળવી રાખી. હવે બિચારી ઉપર પગ બહુ દબાઈ ગયો. પછી જાળવીને જરી ઉપચાર કર્યા. જીવતી રહી છે. ઓલો મરી ગયો. બીજો હોય તો એને મારી નાખે. કીધું ને ઓલો થડે નીકળી, તો ભાઈ ઊઠીને ગયા તો જોડેવાળા માણસે આવીને મારી નાખી. આ જુઓ! આહાહા..! પંચેન્દ્રિય મારવાના પણ જેને પરિણામના ઠેકાણા ન મળે અને એકેન્દ્રિય જીવની દયા કયાંથી લાવે? અને એકેન્દ્રિયની દયા લાવે તો પણ એ રાગ છે. એકેન્દ્રિયની દયા એ રાગ, હિંસા, આત્માની હિંસા છે. આકરી વાત છે, પ્રભુ! શું કરીએ? વીતરાગનું કથન આ છે. ત્રણલોકના નાથ વીતરાગ એમ ફરમાવે છે. જેટલો રાગ તેટલી તારી હિંસા છે. આહાહા..! છતાં કહે છે કે જ્ઞાનીને થોડો રાગ હોય છે. જાણે કે આ દુઃખ છે. છતાં આદરણીય ન માને. આહાહા..! આદરણીય તો ચૈતન્યમૂર્તિ અંદર ભગવાન પોતે હીરો પડ્યો છે, તેમાંથી વીતરાગતા અને કેવળજ્ઞાન આવે છે એને આદરણીય માને. એ ગાથા પૂરી થઈ.

# ગાથા–૧૦૧

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ।।१०१।।**

**एकश्च म्रियते जीवः एकश्च जीवति स्वयम्।**
**एकस्य जायते मरणं एकः सिध्यति नीरजाः।।१०१।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इह हि संसारावस्थायां मुक्तौ च निःसहायो जीव इत्युक्तः।

नित्यमरणे तद्भवमरणे च सहायमन्तरेण व्यवहारतश्चैक एव म्रियते; सादिसनिधनमूर्तिविजातीयविभावव्यंजननरनारकादिपर्यायोत्पत्तौ चासन्नगतानुपचरितासद्भूत-व्यवहारनयादेशेन स्वयमेवोज्जीवत्येव। सर्वैर्बंधुभिः परिरक्ष्यमाणस्यापि महाबलपराक्रमस्यैकस्य जीवस्याप्रार्थितमपि स्वयमेव जायते मरणम्; एक एव परमगुरुप्रसादासादितस्वात्माश्रयनिश्चय-शुक्लध्यानबलेन स्वात्मानं ध्यात्वा नीरजाः सन् सद्यो निर्वाति।

तथा चोक्तम् -

(अनुष्टुभ् )

`स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विच्यते।।'

उक्तं च श्रीसोमदेवपंडितदेवैः-

(वसंततिलका)

`एकस्त्वमाविशसि जन्मनि संक्षये च
भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।
अन्यो न जातु सुखदुःखबिधौ सहायः
स्वाजीवनाय मिलितं विटपेटकं ते।।'

---

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.

અન્વયાર્થ :– [जीवः एकः च] જીવ એકલો [म्रियते] મરે છે [च] અને [स्वयम् एकः] સ્વયં એકલો [जीवति] જન્મે છે; [एकस्य] એકલાનું [मरणं जायते] મરણ થાય છે અને [एकः] એકલો [नीरजाः] રજ રહિત થયો થકો [सिध्यति] સિદ્ધ થાય છે.

ટીકા :– અહીં (-આ ગાથામાં), સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે એમ કહ્યું છે.

નિત્ય મરણમાં (અર્થાત્ સમયે સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં) અને તે ભવ સંબંધી મરણમાં, (બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે; તથા સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની ઉત્પત્તિમાં, આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે. સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળપરાક્રમવાળા જીવનું એકલાનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે; (જીવ) એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાઈને રજ રહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] આત્મા સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં ભમે છે અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.'

વળી શ્રી સોમદેવપંડિતદેવે (યશસ્તિલકચંપૂકાવ્યમાં બીજા અધિકારની અંદર એકત્વાનુપ્રેક્ષા વર્ણવતાં ૧૧૯ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખ-દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'

## ગાથા–૧૦૧ ઉપર પ્રવચન

ગાથા-૧૦૧. આહાહા..! મૂળ ગાથા.

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ।।१०१।।**

નીચે હરિગીત.

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

આહાહા..! **'ટીકા :– અહીં (આ ગાથામાં), સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે એમ કહ્યું છે.'** સંસારમાં પણ કોઈની સહાય નથી અને મુક્તિમાં પણ કોઈની સહાય નથી. બધા સ્વતંત્ર છે. આહાહા..!

**'નિત્ય મરણમાં (અર્થાત્ સમયે સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં)...'** આહાહા..! જે આયુષ્ય બાંધીને આવ્યો છે એ સમયે સમયે ઘટતો જાય છે. સમયે સમયે આયુષ્યનો નાશ થતો જાય છે. આવિચિમરણ કહે છે. જે મરણની મુદ્દત છે એની નજીક જાય છે. એ મુદત કાંઈ ફરે એવી નથી. જે સમયે, જે ક્ષેત્રે, જે દેહે, જે રીતે દેહ છૂટવાનો તે ક્ષેત્રે તે કાળે બરાબર છૂટવાનો. મોટા ડોક્ટર આવે કે ઇન્દ્ર આવે તો પણ ફરે નહિ. આહાહા..! એનું આયુષ્ય ક્ષણે ક્ષણે પર્યાયે પર્યાયે ક્ષય થાય છે. આયુષ્ય છે ને બાંધીને આવ્યો એ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયે સમયે આયુષ્ય ઓછું થતું જાય છે, ઘટતું જાય છે. મરણની સમીપે જાય છે.

જે **'નિત્ય મરણમાં (અર્થાત્ સમયે સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં) અને તે ભવ સંબંધી મરણમાં,...'** આહાહા..! એ દેહ છૂટવાના કાળમાં, મરણમાં... આહાહા..! **'(બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે;...'** વ્યવહારથી મરે છે ને? નિશ્ચયથી તો ત્રિકાળ છે એ છે. ત્રિકાળી ચૈતન્ય સદા આનંદકંદ પ્રભુ છે એનો તો કોઈ દિ' નાશ થતો નથી. દેહ છૂટવા કાળે બધા બાયડી-છોકરા આમ સામું જોયા કરે. તે વખતે વળી પાછા પૂછે. હવે અહીં મરવાની તૈયારી હોય તો પણ પૂછે હવે આનું શું કરવું? હવે પણ સરખો મરવા તો દે. અમારે તો બધા જોયા છે ને? ૯૦ની સાલમાં એક ભાઈ ત્યાં હતા. કેવા કહેવાય એ? જનાવરને ઓલી... દેરાવાસી હતા નહિ એક? 'રાજકોટ'. પાંજરાપોળનો નાયક હતો. ઓલો નાયક નહિ. પાંજરાપોળમાં તો બીજા હતા. એ વળી બીજા. આ તો બીજાનો ઉપરી હતો. એને પૂછીને કરે. મારવું હોય, કષાયખાને લઈ જવું હોય તો. વાણિયો. દેરાવાસી હતો. અમે ત્યાં હતા એટલે... ૯૦ની સાલની વાત છે. મહારાજને બોલાવો દર્શન કરવા. બિચારાની આંખમાં આંસુ ચાલ્યા જાય છે. અને દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... કાંઠે બાયડી પૂછવા બેઠી હતી. નક્કી થઈ ગયેલું કે દેહ હવે છૂટી જશે.

મુમુક્ષુ :– મ્યુનિસિપાલિટીનો સેક્રેટરી...

પૂ. ગુરુદેવશ્રી :– સેક્રેટરી. શેનો કીધો? મ્યુનિસિપાલિટીનો સેક્રેટરી.

મુમુક્ષુ :– ગામમાં ગયા હતા.

પૂ. ગુરુદેવશ્રી :– હા. એ. મ્યુનિસિપાલિટીનો સેક્રેટરી હતો. આ તો ૯૦ની સાલની વાત છે. આમ હું ગયો ત્યાં બાયડી માથે બેસીને પૂછ પૂછ કરે છે. અરે..! કીધું શું કરો છો તમે આ? આ તૈયારી થઈ ગઈ છે અને તમે એને ત્યાં રોકો છો. એમાં પોર્ટર આવ્યો નોકર લઈને. કે આ રાજ સાહેબની પદવી સરકાર આપે છે. ત્યાં હું હતો હોં. ત્યાં એક પોર્ટર સરકારનો માણસ. રાવસાહેબની પદવી આપે. અહીં મરવું છે. આહાહા..! તારા રાવસાહેબ ને ફાવસાહેબ. જ્યાં હું અપાશ્રય ગયો ત્યાં ખબર પડી કે રાત્રે મરી ગયા. બે આંખમાંથી આંસુ ચાલ્યા જતા હતા. ક્યાંક લગનમાં ગયેલા ત્યાં મૈસુબ અને ગળપણ ખાધેલું એટલે આ બધું સલવાઈ ગયું. આમ કરતા કરતા શ્વાસ ચાલે, મોટું લઠ જેવું શરીર હતું. શરીર મજબુત હતું. દેરાવાસી શ્વેતાંબર. આમ તો સૌને પ્રેમ ખરો ને એટલે મહારાજના દર્શન કરવા અને મંગળિક સાંભળવા. એ તો બે આંખે રોવે. અને ઓલી બાયડી પૂછે કે આનું શું કરવું? ભાઈ! એ હવે જાય છે. શું કરો છો તમે આ? આ જાય છે. ત્યાં પોર્ટર આવ્યો કે રાવ સાહેબનો ઇલકાબ આપનાનો છે. મરી ગયા. હમણા દેહ છૂટી જશે. શેનો ઇલકાબ કોને આ આપવો છે? અરે..! દુનિયા ગાંડી, પાગલ દુનિયા. કાંઈ ભાન ન મળે. શું કરીએ છીએ અને ક્યાં જશું અહીંથી? દેહ છૂટશે તો ખરો, આત્મા તો અનાદિ અનંત છે. એ અહીંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાં જશે? આહાહા..! પુણ્યના એવા પરિણામ કર્યાં હોય. કાંઈક ઠીક બે-ચાર કલાક સત્સમાગમ, બે-ચાર કલાક દયા, દાન, ભક્તિ, પૂજા તો તો વળી પુણ્ય પણ થાય. એ પણ નહિ. એકાદ કલાક ગયો હોય અને ૨૩ કલાક પાપના હવે મરીને ઢોરમાં જવું. એને બીજી ગતિ ન હોય. મરીને પશુ થાય. ભલે કરોડપતિ કે અબજોપતિ હોય. આહાહા..!

એ અહીં કહે છે. **'આયુકર્મના નિષેકોના ક્ષયમાં અને તે ભવ સંબંધી મરણમાં,...'** તે ભવ સંબંધી. બીજા ભવે બીજે. **'તે ભવ સંબંધી મરણમાં, (બીજા કોઈની) સહાય વિના...'** કોઈ મદદ કરે નહિ, કોઈ સામું જોવે નહિ. આહાહા..! બાયડી ટક-ટક જોવે, છોકરાઓ રોતા હોય, ઓલાને બે... શ્વાસ ચાલતો હોય. 'નાનાલાલભાઈ'ના ભત્રીજા હતા ને એક ભાઈ હતા. 'નાનાલાલ કાળીદાસ' 'રાજકોટ'. કરોડપતિ. એના કાકાના દીકરા 'પૂંજાભાઈ' હતા એ એના કાકાના દીકરા હતા. શું નામ હતું ભૂલી ગયો. 'અમુલખભાઈ'. એની છેલ્લી સ્થિતિ થઈ અને આખું કુટુંબ ભેગું થયું. બધા કરોડપતિ ગૃહસ્થો. કહે મહારાજને બોલાવો માંગળિક સાંભળવા. એ પણ ૯૦ની સાલની વાત છે. આ ઘર ભરેલું. 'નાનાલાલભાઈ' અને 'બેચરભાઈ' અને 'મોહનભાઈ' બધા હતા. 'રાજકોટ'માં બધા કરોડપતિ. બધું કુટુંબ ભેગું થયેલું. આને બે આંખમાંથી આંસુ ચાલ્યા જાય. આ સહન થાતું નથી. આ બધું પકડાઈ ગયું છે. આમ કરે ત્યાં અંદરથી રાડ નાખે. મોટા કરોડોપતિ ભાઈઓ હતા. આહાહા..! હાથમાં મોસંબી કાંઈક આપી અને મહારાજને વહોરાવો. પણ હાથ પણ ધ્રૂજે, આંખમાં આંસુ. બધા બેઠા. છૂટી ગયો દેહ. એકલો મરે અને એકલો જીવે, બાપા! કોણ તારું થાય છે? આહાહા..! જેને માટે તે આખી જિંદગી પાપ કર્યાં, એ બધા મરતા સામું જોઈ રહેશે. કોઈ સહાયક થાય એવું ત્યાં છે નહિ. આહાહા..!

**'(બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો મરે છે;...'** આહાહા..! દેહ છૂટી જાય છે. દેહ જડ-માટી છે. આ ક્યાં આત્મા છે? આ તો ધૂળ છે. ધૂળની સ્થિતિ છે. એ સ્થિતિ જે સમયે, જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગે પડવાનું તે પડવાનું. કેવળીના જ્ઞાનમાં આવ્યું છે કે આ ઠેકાણે છે એ પ્રમાણે એનું એટલું આયુષ્ય હશે. આહાહા..! કોણ કહે છે મરણમાં સહાય છે? આહાહા..! **'સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે; તથા સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની ઉત્પત્તિમાં, આસન્ન-અનુપચરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.'** ક્યાંકથી આવીને એકલો જન્મે. આહાહા..! ઢોરમાંથી આવે, થોરમાંથી આવે. એવા ભાવ હોય ત્યાંથી આવે અને એકલો આવીને જન્મે. આહાહા..! જન્મે જ્યાં બહાર આવે, પહેલા આંખ ઊઘાડે નહિ. જોયું છે? બાળક જન્મે ત્યારે પહેલા આંખ ન ઉઘાડે. પહેલા ઉંઆ... ઉંઆ... રોવા માંડે. બહાર જન્મે ત્યારે રોવા માંડે. હજી એની માને ખબર પડે નહિં કે આ દીકરો-દીકરી છે ત્યાં તો રોવા માંડે. આંખ બંધ હોય. આ સ્થિતિ. એકલો જન્મે અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકલો મરે. તને કોઈ સહાય નથી, બાપા! આહાહા..! જગતને આકરું પડે. આહાહા..!

સાદિ-સાંત સમજાણું? આ શરીરની ઉત્પત્તિ છે ને? એ ઉત્પત્તિનો પછી અંત છે. સાદિ-સાંત છે. શરીરની ઉત્પત્તિ છે એ શરૂઆત છે. **‘સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની...’** નર–મનુષ્ય થાય, કોઈ નારકી થાય, કોઈ દેવ થાય... આહાહા..! અને કોઈ દેવ થાય, મનુષ્ય થાય. એ **‘ઉત્પત્તિમાં, આસન્ન-અનુપચરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.’** આહા..! કોઈ સામું જોનાર ન મળે. ત્યાંથી જે પરિણામ લઈને આવ્યો. થોરમાં હોય, એકેન્દ્રિયમાં ક્યાંક હોય. ત્યાંથી મરીને જન્મે એકલો. આ બાંધેલું જે કર્મ છે. છે ને? જન્મમાં કોઈ સહાય હશે. અહીં ભલે જન્મ થાય અને પછી ગામમાં પેંડા વહેંચાય લાખોના. પણ ઓલો એકલો જન્મ્યો ત્યાં ઉંઆ... ઉંઆ... આહાહા..! આવા ભવ કર્યા છે, બાપા! આહાહા..! ચાલે છે એકદમ. એકલો મરે અને એકલો જન્મે. જન્મવા અને મરવા વખતે કોઈ સહાય ન મળે. આહાહા..!

અમારે ત્યાં એક ફેરી એક પ્રશ્ન થયો હતો. ૮૬નું ચોમાસું ‘અમરેલી’ કરેલું ને? ‘અમરેલી’થી ઉઠીને ‘ચીત્તલ’ ગયા ‘ચીત્તલ’. ૮૬ની વાત છે. એમાં ‘ચીત્તલ’માં વાઘેર છે ને? ‘ચીત્તલ’માં વાઘેર લોકો. બધા ગૃહસ્થ.

મુમુક્ષુ :– ઘણા કુટુંબ...

પૂ. ગુરુદેવશ્રી :– ઘણા કુટુંબ, ૧૯ ઘર છે. બધા પૈસાવાળા છે. અને ગયા ત્યાં અમારો ‘મનસુખ’ આવ્યો. ‘આનંદ’ આવ્યો હતો. ‘આણંદજી’ અમારે ‘પાલેજ’ની દુકાનથી આવ્યો હતો. સગપણ કરવા. ત્યાં ‘લાલચંદભાઈ’ હતા. વાઘેર. બધા ગૃહસ્થ પૈસાવાળા. લાખોપતિ. તે દિ’ હોં. પછી એણે મને પ્રશ્ન કર્યો. ઓલો ‘આણંદજી’ અમારો સગપણ કરવા આવ્યો હતો. અમારો ભાગીદાર હતો ને ત્યાં? આ તો ૮૭ની વાત છે. આહાહા..! ૮૭ની સાલની વાત છે. કે આ શું બનતું હશે? કીધું એક આવે થોરમાંથી અને એક આવે બેઇન્દ્રિયમાંથી. એ અહીં પછી પતિ-પત્નિ થાય. ત્યાં કાંઈ કોઈનો મેળ નથી. આહાહા..!

એ જાતનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો યોગ. પણ એક આવે થોરમાંથી અને એક આવે ઈયળમાંથી. અહીં થાય બાયડી-ભાયડો. આહાહા..! પાછો એક મરીને ક્યાંક જાય અને એક મરીને ક્યાંક જાય. કોણ સામું જોવે? બાપા! અમારો ‘આણંદજી’ હતો ને? એણે પ્રશ્ન કરેલો તે દિ’. એ પણ મરી ગયો, બધા મરી ગયા. આહાહા..! ઘણા વર્ષની વાત છે. આહાહા..!

**‘સ્વયમેવ જન્મે છે.** વિજાતીય મોટી વિભાવની પર્યાયો. આ શરીર વિજાતીય છે ને? મૂર્તિક છે. એ નરનારકાદિ પર્યાયની ઉત્પત્તિમાં આ નજીકના **‘અનુપચરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.’** આહાહા..! **‘સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળપરાક્રમવાળા જીવનું એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે;...’** આહાહા..! **‘સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું**

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવા છતાં, મહાબળપરાક્રમવાળા જીવનું...'** મહાબળ અને પરાક્રમવાળો ભગવાન અંદર છે. આહાહા..! અનંત-અનંત વીર્ય, અનંતજ્ઞાન, અનંત આનંદથી ભરેલો, ભગવાન! આહાહા..! તું ભગવાન છો, પ્રભુ! તને ખબર નથી. પરમેશ્વર છો, ભગવત્ છો. ભગવત્ અને પરમેશ્વર ન હોય તો તારી પર્યાયમાં પરમેશ્વર ક્યાંથી આવશે? પરમેશ્વર કેવળી થશે એ આવશે ક્યાંથી? બહારથી આવે એવું છે? અંદરમાં ભર્યું, અંદર પડ્યું છે. આહાહા..! એની ક્યાં ખબર છે? પરમેશ્વર શું ને... આહાહા..!

અહીં તો કહે છે, **'મહાબળપરાક્રમવાળા જીવનું...'** આહાહા..! **'એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં,...'** એને કાંઈ મરવાની ઇચ્છા છે? **'સ્વયમેવ મરણ થાય છે;...'** દેહ છૂટી જાય છે. બધા ટક ટક જુવે. 'ઊભી નારી રે તારી કામની, ટગ ટગ જોવે આરે દેહમાં હવે કાંઈ નથી. એમ ધ્રૂસકે ધ્રૂસકે રોવે.' આહાહા..! 'અંતકાળે તારું કોઈ નથી.' આહા..! તારા મરણને દેખી તારી બાયડી ધ્રૂસકે રોવે. અરે..રે..! આ દેહમાં હવે કાંઈ નથી. આ દેહ ચાલ્યો જશે. એ શું છે? એની સ્થિતિ પ્રમાણે રહે અને એની સ્થિતિ પ્રમાણે જન્મે છે. કોઈ બીજાની સહાય–મદદ છે નહિ. આહાહા..! આકરું કામ છે.

**'(જીવ) એકલો જ પરમ ગુરુના પ્રસાદથી...'** આહાહા..! હવે સવળું લે છે. **'એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનના બળે...'** આહાહા..! ગુરુનો ઉપદેશ મળ્યો એને પ્રભુ! તું આત્મા આનંદકંદ છો. ચૈતન્યરતન તું છો. તારા જેવી ત્રણલોકમાં કોઈ ચીજ નથી. આહાહા..! એવો એને ઉપદેશ મળ્યો, એને લઈને એના બળ વડે કરીને... આહાહા..! છે ને? **'પરમ ગુરુના પ્રસાદથી...'** એ નિમિત્તથી વાત છે ને? **'પ્રાપ્ત સ્વાત્માશ્રિત...'** ગુરુએ કહેલું શું? કે સ્વઆત્મા તારી અંદર ભગવાન છે ત્યાં જો. એનો આશ્રય લે. તું ણમો અરિહંતાણમ્... ણમો અરિહંતાણમ્... ણમો અરિહંતાણમ્... કરીશ એ તો રાગ થશે. એમાં કાંઈ તને સુધારો-બુધારો નહિ થાય. પાંચ નવકાર ગણો. નવકાર ગણે તે રાગ છે. આહાહા..!

**'સ્વાત્માશ્રિત...'** એમ લીધું. જોયું? ગુરુએ એને એ કહ્યું છે. આહાહા..! પરમ ગુરુના ઉપદેશથી. ગુરુ એને કહીએ કહે છે, કે જે સ્વ આત્માનો આશ્રય બતાવે. આહાહા..! છે? **'એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત...'** આત્માને આશ્રિત નિશ્ચયશુક્લધ્યાન. આહાહા..! એ પંચમઆરામાં નથી છતાં એવી વાત કરે છે. પછી ભવિષ્યના ભવમાં શુક્લધ્યાન કરીને મોક્ષ જશે. આહાહા..! આ ભવમાં જેને સમકિત થઈને આરાધન કર્યું છે, આત્માનું જ્ઞાન અને અનુભવ કર્યો છે, એને ભવિષ્યમાં શુક્લધ્યાન થશે અને મોક્ષ જશે. આહાહા..!

**'નિશ્ચયશુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાઈને...'** આહાહા..! **'રજ રહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.'** મરણમાં એકલો, જન્મમાં એકલો, મોક્ષમાં એકલો બધે એકલો છે કહે છે. કોઈ સાથે આવે એવું છે નહિ. પુણ્ય થોડા કર્યે હશે તો એ પુણ્યના પરમાણુ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધાયેલા છે. એ પરમાણુમાં પડ્યા એમાં કાંઈ તારો ભાવ નથી. આહાહા..! કોઈ શરણ નથી. શરણ ચૈતન્યમૂર્તિ છે. એ કાલે આવ્યું હતું ને. અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્ એ નહિ. એ તો વ્યવહાર છે, રાગ છે. માંગળિકમાં આવે છે ને? અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્, શાહુ શરણમ્, કેવળી પણંતોધમ્મો શરણમ્. એ તો રાગ છે. કાલે આવ્યું હતું. આત્મા અંદર શરણ છે. પરદ્રવ્યની સાથે કોઈ પણ સંબંધ છે એ રાગ છે. અરિહંતને યાદ કરે અને અરિહંતનું સ્મરણ કરે તો એ રાગ છે એમાં ધર્મ-ફર્મ છે નહિ. આહાહા..!

તેથી અહીં કીધું **‘સ્વાત્માશ્રિત...’** પોતાનો જે આત્મા છે એને આશ્રિત **‘નિશ્ચયશુક્લધ્યાન...’** થાય. આ તો મોક્ષ લેવો છે ને? **‘નિશ્ચયશુક્લધ્યાનના બળે...’** શરીરનું સંઘેયણ અને બળ અને વજ્રનારાચ સંઘયણ અને એના બળે નહિ. આહાહા..! કેવળજ્ઞાન પામે તેને વજ્રનારાચ સંઘયણ હોય. હોય. એના બળે કેવળ થાતું નથી. સ્વાત્માના આશ્રયે થાય છે. પ્રભુ પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે, એનો આશ્રય લેતા એને સમકિત થાય, એનો આશ્રય લેતા એને ચારિત્ર થાય, એનો આશ્રય લેતા એને નિશ્ચય શુક્લધ્યાન થાય, અને એનો આશ્રય પૂર્ણ થતાં કેવળજ્ઞાન થાય. આહાહા..! ભગવાન આત્મા સિવાય પરદ્રવ્યના આશ્રયમાં રાગ છે. આહાહા..!

**‘નિજ આત્માને ધ્યાઈને...’** જોયું? પોતાના આત્માનું ધ્યાન કરીને એમ કહ્યું. ણમો અરિહંતાણમ્, ણમો સિદ્ધાણમ્ ભગવાનનું ધ્યાન કરજો એમ ન કહ્યું. ભગવાનનું સ્મરણ કરે એ રાગ છે. પરમેશ્વર પરદ્રવ્ય છે. આહાહા..! **‘નિજ આત્માને ધ્યાઈને રજ રહિત થયો થકો...’** આહાહા..! **‘શીઘ્ર નિર્વાણ પામે છે.’** આહાહા..! આ રીતે એકલો મરે, એકલો જન્મે, એકલો મોક્ષ જાય, કોઈ સહાય છે નહિ. આહાહા..! એકલા ભૂંડા પરિણામ કર્યા હોય, બાયડી-છોકરા-ધંધા માટે ભોગવવા પોતાને એ નરકમાં અને ઢોરમાં જઈને. આહાહા..! એકલું ભોગવવું અને એકલું કરવું એમ કહે છે. માટે આત્માનો આશ્રય લે અને અંદર ધર્મ-ધ્યાન લે, તો તેમાંથી હળવે હળવે મુક્તિ થાય. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૧૧, શ્લોક-૧૩૭, ગાથા-૧૦૨, બુધવાર, માગશર વદ ૧૫, તા.૧૯-૧૨-૧૯૭૯

---

‘નિયમસાર’ આધાર આપ્યો છે. એવી રીતે શ્લોક દ્વારા કહીએ છીએ.

**`स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विच्यते।।‘**

**‘આત્મા સ્વયં કર્મ કરે છે,...’** કોઈની કાંઈ સહાય નથી. પોતે પોતાને ભૂલી વિકલ્પથી માંડીને પરભાવને પોતે કરે છે. એ તો જ્ઞાનાનંદ શુદ્ધ વિકલ્પરહિત સ્વરૂપ છે. પણ એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પથી માંડીને બીજા પદાર્થનું કરી શકે નહિ અને કરું છું એવા અભિમાનમાં મિથ્યાભાવને સેવે. '**स्वयं कर्म करोत्यात्मा**' એ કર્મના ભાગ અને વિકલ્પ પોતાની મેળે-સ્વયં કરે. એમ કહીને કર્મને લઈને કરે છે એમ નહિ. એમ કહે છે. વિકાર જે કરે છે, રખડે છે એ કર્મને લઈને નહિ. '**स्वयं कर्म करोत्यात्मा**' વિકલ્પથી માંડીને શુભ-અશુભરાગ, એ કર્મ છે, વિકાર છે, દુઃખ છે. એનાથી માંડીને રાગ-દ્વેષ વિકલ્પોની જાળ પોતે કરે, પોતે તેનું ફળ ભોગવે. આહાહા..! કર્યા હોય કોકને માટે, એ કાંઈ ભોગવવા માટે બીજા ભેગા ન આવે. બાયડી-છોકરા માટે પાપ કર્યું, એ ભોગવવા માટે કાંઈ બાયડી-છોકરા સાથે આવે? એકલો કરે અને એકલો ભોગવે. આહાહા..!

મુમુક્ષુ :- બાયડી-છોકરાનું કરવું શું?

પૂ. ગુરુદેવશ્રી :- ક્યાં હતા તે કરે? બાયડી-છોકરા એના ક્યાં હતા? એ તો એના છે. એ તો એની ચીજ છે, હવે એની ચીજમાં કરવું ક્યાં હતું? આ તો વિકલ્પ પણ જ્યાં એના નથી, વિકલ્પ પણ કર્મકૃત છે. સ્વભાવકૃત નથી. આહાહા..! શુભ-અશુભ આદિ રાગ એ સ્વભાવકૃત નથી. સ્વભાવ તો આનંદનો સાગર છે, એમાં વિકલ્પનું દુઃખ છે નહિ. આહાહા..! વિકલ્પથી માંડીને બહારના જેટલા સંયોગોને આશ્રયે વિકલ્પો કરે છે, એ સ્વયં કરે છે. બીજાઓ કરાવે છે એમ નહિ, કર્મ પણ કરાવે છે એમ નહિ. એમ કહેવું છે. આહાહા..!

'**સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે,...**' આહાહા..! નરક અને નિગોદમાં એકલો ૩૩-૩૩ સાગર નરકમાં. નિગોદમાં તો અનંતકાળ પોતાના કરેલા ફળને ભોગવે છે. આહાહા..! '**સ્વયં સંસારમાં ભમે છે...**' કર્મને કરે છે સ્વયં પાછું. સંસારમાં પોતે ભમે છે. કર્મને કારણે નહિ. '**સ્વયં સંસારમાં ભમે છે...**' નરક અને નિગોદના ફળ જે ધારણ કરે એ સ્વયં પોતે અપરાધથી કરે. એક વિકલ્પ ઊઠે એ પણ અપરાધ છે. આહાહા..! નિરપરાધિસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો સાગર છે. નિર્વિકલ્પ સ્વભાવનો સાગર છે. એમાં વિકલ્પમાત્ર ઊઠે છે એ બધો સંસાર છે.

એ સંસાર સ્વયં કરે, ભોગવે, '**સ્વયં સંસારમાં ભમે છે અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.**' '**तस्मात**' છે ને? એ શબ્દ તે દિ' પૂછ્યો હતો ને? ભાઈ! '**तस्मात**' એટલે? એ '**तस्मात**' એટલે સંસાર એમ. '**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विच्यते**' આહાહા..! સંસારથી મુક્ત એકલો થાય. પોતાના ધર્મધ્યાન અને શુક્લધ્યાન સ્વઆત્માને આશ્રયે. પરદ્રવ્યનો કાંઈ આશ્રય ન મળે. આહાહા..! બીજો શ્લોક.

**`एकस्त्वमाविशसि जन्मनि संक्षये च**
**भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।**
**अन्यो न जातु सुखदु:खबिधौ सहाय:**
**स्वाजीवनाय मिलितं विटपेटकं ते।।'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! 'સોમદેવપંડિતદેવે' કહ્યું છે, **'પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા...'** એકલું ફળ નહિ એનો અનુબંધ. એક પછી એક, એક પછી એક એનું ફળ આવ્યા જ કરે. આહાહા..! માણસ નથી કહેતા કે ઘરમાંથી ખાટલો છ મહિનાથી ખાલો થાતો નથી. એક માંદો પડે અને ઊઠે ત્યાં બીજો પડે, બીજો ઊઠે ત્યાં ત્રીજો પડે. છ-છ મહિના સુધી. પણ આ તો અનંતકાળ. એક ... જ્યાં આવે ત્યાં બીજો, ત્રીજો, ચોથો એમ અનંત અનુબંધ. કર્મની લાળ. આહાહા..!

**'પોતેકરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...'** તારા કરેલા ભાવને ભોગવવા જન્મમાં તારો જન્મ એને લઈને છે. જન્મમાં પ્રવેશ છે એ તારા કરેલા કર્મને લઈને પ્રવેશ છે. આહાહા..! અને મરણમાં પણ એ. અકસ્માત મરણ આવી જાય. આહાહા..! બેઠા હોય ને આમ... છોકરો 'મલકાપુર'નો. શું કહેવાય? આમ. 'મલકાપુર'નો છોકરો છે ને? 'સ્વરૂપચંદ' કહેતા હતા કે એક છોકરો મારા મિત્ર સાથે બેઠા હતા. વાત કરતા હતા. રોગ કાંઈ નખમાં પણ નહિ. વાત કરતા હતા. વાત કરતા'તા ત્યાં થુઉં એટલું કર્યું આમ જ્યાં જોવે ત્યાં મરી ગયો. વાતચીતમાં કાંઈ રોગ-બોગ કાંઈ ન મળે. આહાહા..! દેહની સ્થિતિ પૂરી થઈ, આમ થયું એટલું કસ નીકળી ગયો. જીવ નીકળી ગયો. સાથે વાતું કરતા હતા. બે મિત્ર હતા. ઓલો 'સ્વરૂપચંદ' મોટો વેપારી છે. દસ-દસ હજારનું કાપડ. તે દિ'ની વાત છે. હવે તો વધી ગયું હશે. 'મોક્ષમાર્ગપ્રકાશક' તો આખું કંઠે છે. નાનો છોકરો છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' એને આખું કંઠસ્થ છે. અહીંનો રસ બહુ છે. તે દિ' કુંવારો હતો. હવે પરણ્યો હશે.

અહીં કહે છે, કે **'પોતે કરેલા કર્મના ફળાનુબંધને...'** લઈને એક પછી એક પછી એક અવતાર ચાલ્યા કરે છે. આહાહા..! અને **'સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...'** આહાહા..! કોઈ સહાય ન મળે. અબજો પૈસા હોય તો પણ શું કરે. આહાહા..! ચાલ્યા ગયા. અબજોપતિ ચાલ્યા ગયા. **'જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...'** પ્રવેશે એટલે જન્મ અને મૃત્યુ પોતાને લઈને એકલાને થાય છે. આહાહા..! **'બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુ-ખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી;....'** એ જ્યારે શરીરમાં સોળરોગ આવે, ઓલા ટળવળે-જોવે. આહાહા..! અરે..રે..! આ શું છે?

'દામનગર'ની એક છોકરી હતી. બે વર્ષનો પરણેતર. ૧૮ વર્ષની નાની ઉંમર. અને એમાં શીતળાનો રોગ આવ્યો. દાણે-દાણે ઇયળ. દાણે-દાણે ઇયળ. 'ધીરૂભાઈ'ના દરવાજાની અંદર. દરવાજા અંદર. છોડીને એવી પીડા. ઇયળું દાણે-દાણે. દાણે એટલે કાણું. આમ ફેરવે તો રાડ નાખે, આમ ફેરવે તો રાડ નાખે. હજારો ઇયળુ ફરે. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. આ અનુબંધની વાત આવી. છે? **'ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...'** આહાહા..! એ છોકરી રોતી-રોતી, બા! મેં આવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપ આ ભવમાં કર્યાં નથી. આ ક્યાંથી આવ્યું? રોવે.. રોવે... દેહ છૂટી ગયો. કોણ કરે? આહાહા..!

**'સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી;...'** સ્ત્રી-પુત્ર જેને મારા માનીને મોટા કર્યાં, ભણાવ્યા, ગણાવ્યા. સ્ત્રીને મનાવી. આહાહા..! એ કહે તેમ કરી આપ્યું, રાજી રાખ્યા. આહાહા..! એ પોતાને જ્યારે દુઃખ આવ્યું એ બિલકુલ સહાયભૂત થતું નથી. કે દિ' એ વિચાર કર્યાં છે?

મુમુક્ષુ :– પગ તો દાબે ને?

પૂ. ગુરુદેવશ્રી :– આવે છે પગ દાબે છે. 'સુમન'! પગ જડ છે. એને દાબે એને આત્માને 'રામજીભાઈ'ને શું થયું? 'સુમનભાઈ' આવે છે ને? એને 'મુંબઈ'માં છ-સાત-આઠ હજારનો પગાર છે. અહીં પગ દાબે. પગમાં શું છે? આહાહા..!

અહીં કહે છે, કોઈ જરી આકરું કહેશે. એ **'સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'**

મુમુક્ષુ :– મહાપુરુષ તો એમ જ કહે ને?

પૂ. ગુરુદેવશ્રી :— પણ દુઃખ જ છે ને? દુઃખી જ છે ને? વિકલ્પ છે એ દુઃખ છે, બાપુ! એને ખબર ક્યાં છે? આનંદનો સાગર અંદર ડોલે. એ કોઈપણ પ્રકારના પરપદાર્થના લક્ષે વિકલ્પ કરે એ દુઃખી છે. દુઃખની વ્યાખ્યાની ખબર નથી. દુઃખ તો જાણે આમ અગ્નિમાં બળતો હોય, વીંછી કરડતો કરતો હોય, પગ ભાંગ્યો હોય એને દુઃખ માને. આહાહા..! દુઃખની એને ખબર નથી. એ તો આનંદનો સાગર ભગવાન! બ્રહ્માનંદ, એને વિકલ્પથી માંડી કોઈપણ ચીજ માટે, પરદ્રવ્ય માટે વિકલ્પ ઉઠાવે, અરે...! ત્રણલોકના નાથની ભક્તિ માટે વિકલ્પ ઉઠાવે એ વિકલ્પ દુઃખરૂપ છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે.

ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ અકષાય કરુણાથી જગતને કહે છે, ભાઈ! તારા કર્યાં કર્મના અનુબંધને એક પછી એક તું ભોગવે છે અને તું કરે છે અને તું ભોગવે છે. બાકી તો એ બાયડી, છોકરા, કુટુંબી એ બધા ધુતારાઓની ટોળી છે. આહાહા..! અનુકૂળ હોય ત્યાં સુધી ઠીક અને પ્રતિકુળ હોય તો એની અંદર ખાનગી, કે મોટો રાજા હતો એને રાણી હતી. નામ નથી આપતા. રાણી હતી તો ખાનગી કહે, કાંઈક અપમાન કર્યું હશે થોડું રાણીનું. એટલે રાણી કહે કે જુઓ! અમે ગરાસિયા. અમે ગરાસિયાની દીકરી છીએ કાંઈ સાધારણ નથી. અમારું એવું અપમાન કરશો નહિ. નહિતર એના ફળ સારા નહિ આવે. આહાહા..! મોટા રાજાને હોં. રાણીએ કહ્યું. અમારું અપમાન કરશોમાં. એના ફળ સારા નહિ આવે. અમે કાંઈ સાધારણ હરિજન, ભંગ્યા અને ઢેઢના ઘરે નથી અવતર્યાં. અમે રાજાના ઘરે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવતર્યા છીએ. રાણી છીએ રાજની. ધણીને એમ કહે. આહાહા..! અમને વતાવશો નહિ વધારે હોં. આ લાબું બહુ કરશો નહીં. નહિતર એના ફળ સારા નહિ આવે. એમ બોલે. આહાહા..! પણ એ તો કોક વખતે થાય એટલે ધ્યાન રાખે ને. આહા..!

અહીં કહે છે, કે એ બધા દીકરા, દીકરીઓ, બાયડી, છોકરા, વહુઓ... આહાહા..! એ **'પોતાની આજીવિકા માટે...'** નભવા માટે. **'(માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'** છે શબ્દ એમાં? ધુતારાઓની ટોળી મળીને તને ઠગે છે. આહાહા..!

મુમુક્ષુ :- હોંશે હોંશે ઠગાય છે.

પૂ. ગુરુદેવશ્રી :- સદાય ઠગાય છે. હોંશે શું? પરદ્રવ્યને આશ્રયે વિકલ્પ ઉઠાવી અને માને છે કે અમે સુખી છીએ. ઠગાય છે. સમયે સમયે ઠગાય છે, ભાઈ! આહાહા..!

વીતરાગ તો એમ કહે છે, પ્રભુ! તારું સ્વરૂપ તો વીતરાગ છે ને? વીતરાગના સ્વભાવથી ભરેલો ભગવાન ભંડાર છો ને? એમાંથી વીતરાગતા આવવી જોઈએ અને તું આ રાગ કરે છે, વિકલ્પ ઉઠાવે છો? એ દુઃખના દરિયે ડૂબકી મારે છો, ભાઈ! તને ખબર નથી. આનંદના સાગરમાં ડૂબકી મારવી જોઈએ. આહાહા..! કુત્રિમ વિકલ્પ, કુત્રિમ-ક્ષણિક. એમાં ડૂબકી મારીને દુઃખી થા છો. આ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર અંદર બિરાજે છે. અંદર એકવાર ડૂબકી તો માર, અંદર જો તો ખરો. આહાહા..! તારા દુઃખનો અંત લાવે એવી ચીજ અંદર છે. આહાહા..! કેમ બેસે? આત્મા એટલે કાંઈ ન મળે. આ બધું શરીર, વાણી, મન, બાયડી, છોકરા. પૈસા-બૈસા થયા હોય તો... આહાહા..! ફાટે. મગજ ફાટી જાય. આહાહા..!

ઉપદેશવાળાને ઉપદેશ ઠીક ન પડે. એને અનુકૂળ ન હોય તો એ ઉપદેશ પણ ઠીક ન પડે. ત્યાં સુધી મગજ ફાટી જાય. આહાહા..! અહીં તો એમ કહે છે. આ બાયડી, છોકરા, દીકરાઓ-દીકરી. બાપુજી! બાપુજી! કરતા આવે. આમ ઓશિયાળા થતા આવે અને ખોળામાં બેસવા આવે. આમ માથું નાખે. આહાહા..! ત્યાં ઓલો પંપાળે અને હાથ નાખે, બાપા! બધી ધુતારાઓની ટોળી છે. આહાહા..! કહો, 'દેવીલાલભાઈ'! આહાહા..! પ્રભુ! તારા દુઃખમાં એ જરીએ મદદ નહિ કરે. આહાહા..! અરે..! શાસ્ત્રમાં ત્યાં સુધી દાખલો આવે છે.

બે ભાઈઓ હતા, નાનો ભાઈ માંદો પડ્યો, મોટોભાઈ એને દવાઓ લાવી દે. નાનાભાઈને બહુ ખબર નહિ કે આમાં ઈંડા લાવે છે. દવામાં ઈંડા અને એવું લાવે. આને ખબર નહિ. આહાહા..! એમાં મોટો ભાઈ એના નાના ભાઈની દવા કરતો હતો. એ મરીને નારકી થયો અને નાનો ભાઈ મરીને પરમાધામી થયો. નરકમાં. પરમાધામી મારે, એને યાદ આવે અરે..! ભાઈ! મેં તારા માટે કર્યું હતું અને તું? મેં તને ક્યાં કહ્યું હતું? 'ચીમનભાઈ'! આવું કઠણ બાપા! આહાહા..! એ જગતની અનુકૂળતા આહાહા..! એમાં પાંચ-પચાસ કરોડ રૂપિયા હોય અને છોકરો પરણે, લાખ-બેલાખ આપે. જાવ ફરો ... બધું જોઈ લો દેશાવરમાં. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર..ર..!

મુમુક્ષુ :- આજે લાખ રૂપિયે પૂરું ન થાય.

પૂ. ગુરુદેવશ્રી :- લાખે ન થાય. રેલમાં બેસે તો પૂરું થાય. રેલમાં બેસે તો પૂરું થાય. રેલમાં ઓછો ખર્ચ થાય ને? આહાહા..! અરે..રે..! દુનિયા શું કરે છે? ક્યાં જાવું છે પ્રભુ તારે? તું કોણ છો? અને ક્યાં તું જવા માગે છે? આહાહા..! પ્રભુ! તું તો આનંદનો સાગર છો ને નાથ! પ્રભુ! તારું હિત તો તારામાં રહેવું એ હિત છે. બહાર નીકળવું, વિકલ્પ ઉઠાવવો પ્રભુ! એમાં દુઃખ છે. આહાહા..! શ્રુત પરિચિત અનુભૂતા આવે છે ને? એ આપણે આવ્યું છે એમાં. એ 'પદ્મનંદિપંચવિંશતિ'માં આવ્યું છે. એ શબ્દ છે. અનંતવાર તે બાપુ! રાગ અને વિકારની વાતું સાંભળી છે અને પરિચયમાં આવી છે અને અનુભવમાં આવી છે. એમાં 'પદ્મપનંદિપંચવિશતિ'માં છે. આમાં તો છે પણ એમાં ઓલાએ અર્થ કર્યો છે. 'સમયસાર'માં અર્થ કર્યો છે. 'બળભદ્રે' અર્થ કર્યો છે. શ્રુત એટલે જ્ઞાન, પરિચિત શ્રુતપરિચિત એટલે દર્શન, અનુભૂતિ એટલે ચારિત્ર. આહાહા..! એમાં 'પદ્મનંદિપંચવિંશતિ'માં છે. આહાહા..! શ્રુત પરિચિત અનુભૂતા. પ્રભુ! તે ઘણીવાર સાંભળ્યું. પાપ અને પુણ્યની વાત તો અનંતવાર સાંભળી. અને અનંતવાર કર્યા, અનંતવાર ફળ ભોગવ્યા. એ ટળવળતો.. ટળવળતો.. આહાહા..! બ્રહ્મદત્ત જેવો ચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, હીરા જડેલા ઢોલીયામાં સૂતેલો. મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમી નરકમાં છે. હજી ૮૫ હજાર વર્ષ થયા છે. હજી આ અબજોના અબજો વર્ષ એના અબજો વર્ષ હજી સાતમી નરકે ૩૩ સાગર છે. આહાહા..! ગજબ વાત છે. એક અંતર્મુહૂર્તની કલ્પના કરી, એના ફળ કેટલા પલ્યોપમના નરકના દુઃખ ભોગવ્યા છે. અત્યારે એમાં પડ્યો છે, સાતમી નરકે ભોગવે છે. હજી તો ૮૫ હજાર વર્ષ ગયા. હજી તો અસંખ્ય, ઘણા-ઘણા અબજો વર્ષ બાકી છે. આહાહા..! એક અબજ નહિ. પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ જાય એવા એક પલ્યોપમ એવા દસ હજાર પલ્યોપમનો એક સાગરોપમ, એવી ૩૩ સાગરની સ્થિતિએ પડ્યો છે અત્યારે. આહાહા..! જ્યારે અહીંયાં હતો ત્યારે બાપુ ફરી ગયો હતો. હીરાના ઢોલીયા અમે જાણે. આહાહા..! બાપુ! જે આનંદના સાગરને ભૂલીને, પ્રભુ! તું શું કરી રહ્યો છો? અને કોને માટે? બાયડી, છોકરા બધા આજીવિકાની ધુતારાઓની ટોળી છે. સરખું ન હોય તો ખાનગી બોલે. શું કરવા પરણ્યા હતા? શું કરવા આવ્યા હતા હાથ જોડતા? ખાનગી બોલે. બહારમાં એ વાત ન આવે. છે?

એકનો વળી પત્ર આવ્યો હતો. અહીં છે બેઠા છે. એનો એવો પત્ર આવ્યો કે આ તમે અમારું ધ્યાન રાખતા નથી તો વૃદ્ધા બાઈને પરણવી હતી ને જુવાનને શું કામ પરણ્યા? સમજાણું કાંઈ? આમાં બેઠા છે એ. નામ નથી આપતા. એવો કાગળ આવ્યો હતો. એમ કહે તમે અહીં આવતા નથી, તમે અમારી પાસે ભોગ લેતા નથી. તો વૃદ્ધને પરણવું હતું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? જુવાનને પરણવા આવીને ભાગીને ચાલ્યા ગયા? એ બધા સમજવા જેવા છે. 'દેવીલાલજી'! આહાહા..!

મુમુક્ષુ :– કાંઈ બધાને ઘરે એમ થાય?

પૂ. ગુરુદેવશ્રી :– બધાને ઘરે એમ જ છે. ધુતારાઓની ટોળી છે બધી. આહાહા..! સરખા લુગડા ન લાવ્યા હોય અને સરખા કપડા ન લાવ્યા હોય તો મેણુ મારે. આવા કપડા હોય? આવા દાગીના? છોકરાના લગન થાય છે ને સારો સાડલો લાવવો જોઈએ, ફલાણું કરવું જોઈએ. આહાહા..! દુનિયા તો છે દુનિયા. એ આ શું કહે છે?

**'પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે...'** આહાહા..! **'સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'** ધુતે છે તને. લાવ.. લાવ.. લાવ... કપડા લાવ, ફલાણું લાવ, ઢીકણું લાવ, આપણી પાસે આટલા પૈસા છે તો એના પ્રમાણમાં સાડલો ૧૦૦-૨૦૦નો ન હોય. પાંચ હજારની સાડી લાવો, દસ હજારની સાડી લાવો. ઓલી જરી ભરી છે ને જરી? છેડે જરી ભરેલી હોય છે ને? શું કહેવાય એ? આમ છેડો રાખે ને? જરી ભરેલી હોય. પાલવ. ઊંચી જરી ભરી હોય. પાંચ-પાંચ હજારની સાડી હોય. બધું ઘણું જોયું અને ઘણું સાંભળ્યું છે. અને એ સાડી પહેરીને દીકરાની વહુ બહાર નીકળે અને બીજા બીજી નજરે જુએ. આ એમ માને કે મારી સાડી બહાર પડે છે અને પૈસાવાળો છું એ બહાર પડે છે ને? આવા સ્વાર્થના પુતળા. આહાહા..! ઓલો સાડલો જોઈને બાઈની ઉપર સામાની નજર ફરી હોય. આ કહે છે મારી વહુ પહેરીને નીકળી છે ને એ જુએ છે. બહાર અમારી આબરુ વધે છે. પાંચ હજારની સાડી છે. આહાહા..! આ બધા ધુતારા છે. આકરું કામ, ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે સ્વદ્રવ્ય સિવાય ચાહે તો ગમે તે પરદ્રવ્ય હોય અને પરદ્રવ્યના આશ્રયે જે વિકલ્પ છે તે દુઃખરૂપ છે. આહાહા..! ચાહે તો શુભવિકલ્પ હોય કે અશુભ હોય. આનંદનો સાગર ભગવાન એની પાસે આ વિકલ્પની શું કિંમત છે? આહાહા..! જેની સાથે તુલના, આત્માના આનંદના અનંતમે ભાગે પણ વિષયમાં સુખ છે એમ છે જ નહિ. એની સાથે તુલના કરી શકે એ વિકલ્પ છે, દુઃખ છે. ભગવાન આ તો અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહાહા..! અબજોપતિ અને કરોડોપતિ કાંઈક કાંઈક સુખ તો હશે ને પછી ભલે ને આત્માના સુખથી અનંતમે ભાગે, એનાથી અનંતગણુ ઝેર છે. ભાગ-બાગ નહિ. આહાહા..! આવી વાત છે, પ્રભુ! પ્રભુનો પોકાર છે.

જિનેશ્વરદેવ ત્રિલોકનાથ, એની આ વાણી છે. અને પોતે 'કુંદકુંદાચાર્ય' તો કહે છે, મેં તો મારા માટે બનાવ્યું છે. આહાહા..! ધુતારાઓની ટોળી. એ સ્ત્રી, પુત્ર, મિત્ર... આહાહા..! એ છોકરાની વહુ પણ મોટી મોટી ભાષા કહે, બાપુજી! આમ છે. બાપુજી! આમ છે એમ કરી કરીને ઘરેણા લેવડાવે, કપડા લેવડાવે, ઢીકણું લેવડાવે. એ બધા ધુતારા છે કહે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એય..! 'દેવીલાલજી'! આહાહા..!

મુમુક્ષુ :– આપ તો બિલકુલ નિર્લેપ રહ્યા.

પૂ. ગુરુદેવશ્રી :– આ વસ્તુસ્થિતિ આવી છે. આહાહા..! આ તો પહેલું આવ્યું હતું ત્યારે કીધું, ભાઈ! અમારું નામ લેશો નહિ. મોટા ભાઈ આવ્યા. બે દુકાન હતી એને. એમની દુકાન જુદી હતી અને અમારી દુકાન જુદી હતી. એમના લગન કરવા હતા તો અમારી દુકાને આવ્યા. ભાઈ! અહીંથી તમારા સગપણ કરીને લગન કરવું છે હોં. મારું નામ લેશો નહિ કીધું. નાનો ભાઈ છે એક. એનું કરો. એ બિચારો પરણીને બે વર્ષે મરી ગયો. એ તો દેહની સ્થિતિ, બાપુ! શરીર જુઓ તો એવું મજબૂત હતું. મારાથી બે વર્ષ નાનો હતો. વીસ વર્ષે લગન અને બાવીસ વર્ષે તરત જ આવ્યા હતા. 'શાંતિભાઈ' ને ખબર નહીં હોય. એ ૭૧ની સાલમાં લગન અને વિધવા થયા અને તરત 'નાગનેશ' આવ્યા પહેલા. બધું આખુ કુટુંબ. 'ગાંડાભાઈ', 'ખુશાલભાઈ' બધાને લઈને. 'રતનભાઈ'ને ત્યાં ઉતર્યા હતા. અમારે 'સંતોકબા' સગા થાય ને? 'સંતોકબા' નાગનેશ. ૭૩ની સાલની વાત છે. ૭૧ની સાલમાં પરણેલો અને ૭૩ની સાલમાં ગુજરી ગયો. વિધવા બાઈ. વિધવા બાઈ પણ બહુ રૂપાળી હતી. બહુ રૂપાળી. એ છ મહિને ધણીની પાછળ જુરીને મરી ગઈ. આ સંસાર બધો આવો જોયો છે.

અહીં કહે છે, બાપા! બધા ધુતારાઓની ટોળી છે. તને ગમે તેમ લાગતું હોય. બીજા માખણ ચોપડે. આમ કરશું, બાપા! આમ કરશું, ફલાણું કરશું. આહાહા..! આટલા પૈસા મળ્યા પછી આપણે આનું આમ કરશું, પછી આમ કરશું. એ પાછા સફારશ નાખે માંહોમાંહે ભાઈયું. કે એ બધી ધુતારાની ટોળી તને મળી છે. વાત બેસવી કઠણ પડે. ભાઈ-ભાઈમાં ધુતારાની ટોળી, પતિ-પત્નીમાં ધુતારાની ટોળી, પત્ની-પતિની ધુતારાની ટોળી અને પતિ આની ધુતારાની ટોળી. એકબીજા ધુતારા છે. તું મરીને નરકે જા તો મારે ક્યાં? મરે ત્યારે રોવે છે તો કોઈ એમ રોવે છે? કે મરીને ક્યાં ગયો હશે? એમ રોવે છે કોઈ? શું કીધું? મરી જાય તો એમ પૂછે છે કે ૪૦ વર્ષનો મરી ગયો, ૩૫ વર્ષનો મરી ગયો. મરીને ક્યાં ગયો હશે? એમ કોઈએ પૂછ્યું? એ મરી ગયો અમારે ક્યાં સ્નાન કરવું છે? અહીં ઘર અને દુકાન સાચવતો એ અમારું ગયું એને અમે રોઈએ છીએ. આહાહા..! એ ક્યાં મરીને ગયો? એમ કોઈ પૂછે છે? આત્મા ક્યાં ગયો મરીને? આત્મા તો નિત્ય છે. દેહ છૂટી ગયો. અહીંથી ક્યાં અવતર્યો હશે? અરે..! કેવા ચોરાશીના અવતાર. બાયડી મરી જાય તો વિચાર કરે કે એ મરીને ક્યાં ગઈ હશે? પતિ મરે તો બાયડી એમ વિચાર કર્યો હશે કે આ ક્યાં મરીને ગયા હશે? અમારી સગવડતા જાય છે એને બધા રોવે છે. આહાહા..! એ વાત બેસવી કઠણ બહુ. આહાહા..!

હવે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. આ તો આધાર હતો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૩૭

(मंदाक्रांता)

एको याति प्रबलदुरधाज्जन्म मृत्युं च जीवः
कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।
भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-
देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्।।१३७।।

વળી (આ ૧૦૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસન્મુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત ફળમય (-શુભ અને અશુભ કર્મનાં ફળરૂપ) સુંદર સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; જીવ એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને તેમાં સ્થિત રહે છે. ૧૩૭.

## શ્લોક-૧૩૭ ઉપર પ્રવચન

૧૩૭મો કળશ છે ને? ૧૩૭.

एको याति प्रबलदुरधाज्जन्म मृत्युं च जीवः
कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।
भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-
देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्।।१३७।।

**‘જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત ફળમય (–શુભ અને અશુભ કર્મના ફળરૂપ)...’** ભાષા જુઓ! આટલી છે. **‘સુંદર સુખ...’** આ સંસારના. સુંદર સુખ દુઃખ છે. દુનિયાની ભાષાએ. પાઠમાં છે ને? **‘चारुसौख्यं’** આહાહા..! દુનિયા એમ કહે છે, દુનિયાની ભાષાથી કહે છે. આહાહા..! દુનિયાને એને કહે છે, પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા હોય તો ઓહોહો..! શું ભાઈ સુખી છે! અમારું કુટુંબ સુખી બહુ. તમારા ‘મલૂકચંદભાઈ’ કહેતા હતા ‘ન્યાલ’ સુખી છે. એમ કહેતા. એકવાર કહેતા. ‘ન્યાલ’. કારણ કે છોકરો નથી, ચાર-પાંચ કરોડરૂપિયા છે. મોટા બંગલા અને બગીચા, બાગ ને બગીચા. એ કહેતા હતા. ‘ન્યાલ’.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોકરાઓમાં 'ન્યાલ' સુખી છે. હવે સુખી કોને કહેવા આમાં? કારણ કે એક દીકરી છે એના દીકરાને ભેગો રાખે. ઓલા પાપ કરીને પૈસા હશે તો આપશે. આહાહા..! આ દુનિયા.

અહીં કહે છે, **'પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત ફળમય (–શુભ અને અશુભ કર્મના ફળરૂપ) સુંદર સુખ..'** એટલે આ શેઠાઈનું, રાગનું, દેવનું. એ લૌકિક ભાષાએ મૂક્યું છે. છે તો દુઃખ. રાજા અને દેવો બધા દુઃખના દરિયામાં ડૂબી ગયા છે બિચારા. આહાહા..! આનંદનો સાગર અંદર ડોલે છે. આહાહા..! આ વિકલ્પ એક કૃત્રિમ, ક્ષણિક ઉત્પન્ન થાય છે, જાય છે, ઉત્પન્ન થાય છે અને જાય છે. એ કાંઈ કાયમની ચીજ નથી. કાયમની ચીજ તો અતીન્દ્રિય આનંદનો સાગર ધ્રુવ છે. આહાહા..! એના ઉપર દૃષ્ટિ નહિ, એના ઉપર આશ્રય નહિ, અને કૃત્રિમ ક્ષણિક ઉપર બધું આલંબન... આહાહા..! અને અમે સુખી છીએ.

ઘણા વર્ષ પહેલા એક જણાને અહીંયાં. 'નાનાલાલભાઈ'નો સગો. કેવા હતા? 'ચુડગર' અમારા વેવાઈ સુખી છે. સુખીની વ્યાખ્યા શું? કીધું. પૈસા છે એ સુખીની વ્યાખ્યા? આહાહા..! અરે..રે..! પૈસો જડ છે, ધૂળ છે, માટી છે. એ કાંઈ તારી ચીજ નથી. વિકલ્પ ઊઠે છે એ તારો નથી તો પછી વળી તારો પૈસો ક્યાં આવ્યો? આહાહા..! સ્વના આશ્રય વિના પરના આશ્રયમાં વિકલ્પ ઊઠે... આહાહા..! ભગવાન એમ કહે. **'परदव्वादो दुग्गई'** પ્રભુ એમ કહે. આહાહા..! 'મોક્ષપાહુડ'માં. **'परदव्वादो दुग्गई'** જેટલું સ્વદ્રવ્યને ભૂલીને પરદ્રવ્ય તરફ વિકલ્પ ઊઠે છે એ બધી દુર્ગતિ છે. તારી ચૈતન્યગતિ નહિ. ભલે દેવલોકમાં જાય તો એ દુર્ગતિ છે. આહાહા..! ત્યાં એકલું દુઃખ જ છે. આહાહા..! રાગનો ક્લેશ... રાગનો ક્લેશ... ભોગવે. અરે..! બહુ ફેર આમાં. આટલો બધો ફેર માનવો.

**'સુંદર સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે;...'** એ લૌકિકની દૃષ્ટિએ ભાષા કરી. **'જીવ એકલો...'** ગમે તેમ કરી આ **'ગુરુ દ્વારા...'** આહાહા..! ગમે તેમ કરીને એટલે પુરુષાર્થ કરીને **'ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (–અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને...'** ભાષા જુઓ! ચૈતન્યતત્ત્વ ભગવાન છે. પુણ્યને પામીને, મનુષ્યપણાને પામીને એમ પણ ન કહ્યું. અને ગુરુ દ્વારા પણ પામીને શું? ચૈતન્યને. ગુરુને પામીને એમ પણ ન કહ્યું. **'ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને...'** આહાહા..! એક ચૈતન્યતત્ત્વ ભગવાન અંદર સચ્ચિદાનંદની મૂર્તિ, એકલો અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે. એવું જે ચૈતન્યતત્ત્વ ગુરુ દ્વારા... એમાં બે-ત્રણ ન્યાય છે. એક તો એક કહ્યું કે ગુરુ છે એ ચૈતન્યતત્ત્વને બતાવે છે. ગુરુ જે છે એ ચૈતન્યનો આશ્રય કરવાનું બતાવે છે. એક વાત. અને એને સમજવા માટે નિમિત્ત તરીકે હોય તો સાચા ગુરુ જ હોય, બે વાત. છતાં એ ગુરુને પામીને ગુરુએ કહ્યું તે ચૈતન્યતત્ત્વને પામીને એમ કહ્યું. ગુરુને પામીને મૂકીને ચૈતન્યતત્ત્વને પામીને એમ કહ્યું. આહાહા..! થોડી ભાષામાં ફેર. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકલો ગમે તેમ કરીને. એટલે કે પુરષાર્થ દ્વારા, પ્રયત્ન દ્વારા સહજસ્વભાવ સન્મુખ થઈને ગુરુએ કહ્યું, ગુરુએ એ કહ્યું છે. આહાહા..! બીજો બધો ઉપદેશ આવ્યો એ બધો વ્યવહાર છે. વસ્તુ આદરણીય આ એને કહી છે. બાર અંગમાં અને ચૌદપૂર્વમાં આ એક ચૈતન્યતત્ત્વને આદરણીય કહ્યો છે. આહાહા..! એમ કહ્યુંને? ગમે તેમ કરીને. **'એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને...'** ગુરુ દ્વારા એ નિમિત્તની વાત કરી. નિમિત્ત ગુરુ એવા હોય, કે એ ચૈતન્યતત્ત્વને બતાવે. પુણ્ય કરજે, આમ કરજે અને એનાથી તને આમ થશે એ બતાવે એ ગુરુ નથી. વ્યવહાર કરજે અને વ્યવહાર કરતા તને લાભ થશે એ ગુરુ નહીં. એમાં આવ્યું કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- આપને એકને બાદ કરીને.

પૂ. ગુરુદેવશ્રી :- આહાહા..! ગુરુ કહે છે આ કર્યું એમ કહ્યું. આત્મઅવલોકનમાં આવે છે.

ગુરુ વીતરાગતાનો ઉપદેશ આપે. પરનો આશ્રય છોડાવીને સ્વઆશ્રયનો ઉપદેશ આપે. વીતરાગપણાનો જ ઉપદેશ આપે. વીતરાગપણું એ બાર અંગનો સાર છે. આહાહા..! ઓલામાં છે ઘણું કરીને. 'એકત્વસપ્તતિ' 'પદ્મનંદિપંચવિંશતિ'. આખા બાર અંગનો સાર સામ્ય, સ્વાસ્થ, ચિત્ત નિરોધ, શુદ્ધોપયોગ એ બાર અંગનો સાર છે. આહાહા..! અને .. છે તે શુદ્ધોપયોગ, શુભભાવથી થાય એમ નહિ. એકતત્ત્વને, ચૈતન્યતત્ત્વને પામીને. પહેલો શુભભાવને પામી અને પછી ચૈતન્યતત્ત્વને પામે એમ પણ નહિ. આહાહા..! એમાં છે કે નહિ? આહાહા..! દુનિયાથી જુદી જાત છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી. આહાહા..!

પોતે ટીકાકારનો કળશ છે હોં. 'પદ્મપ્રભમલધારિદેવ'. આહાહા..! ગુરુ એને કહીએ કે એ ચૈતન્યતત્ત્વને બતાવે. આહાહા..! લાખ વાતની વાત કરીને પણ ચૈતન્યના આશ્રયની જ વાત કરે. આહાહા..! આ કરશો તો આમ થશે, પૂજા કરશો તો આમ થશે, ભક્તિ કરશો તો આમ થાશે, જાત્રા કરશો તો આમ થાશે. એ વાત ગુરુ દ્વારા ન હોઈ શકે. આહાહા..! ગુરુ એને કહીએ કે જે ચૈતન્યતત્ત્વને બતાવે. એને બતાવ્યું તે ઓલો પામ્યો. એમ આવ્યું ને? **'ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને...'** ગુરુએ તો ઘણી વાત કરી છે. પણ એક જ તત્ત્વને પામવાનો સાર એણે કર્યો. આહાહા..! વ્યવહારથી કહે, ભેદ પાડીને સમજાવે, છતાં એ બધાનો આશ્રય અભેદ એક ચૈતન્ય છે તેનો આશ્રય લેવો, એવા ચૈતન્યને પામીને... આહાહા..! આટલા પુણ્ય કરીને, આટલા દયા-દાન કરીને, આટલી ભક્તિ કરીને, આટલા પૈસા ખર્ચીને ચૈતન્યતત્ત્વને પામે. એમ નથી કહ્યું. એમાં છે કે નહિ? આહાહા..!

એકલો જીવ ગમે તેમ કરીને... આહાહા..! **'ગુરુ દ્વારા...'** દેશનાલબ્ધિ છે. દેશનાલબ્ધિ છે. પણ છતાં એક તત્ત્વને પામીને એ પણ ગુરુ સામું જોઈને નહિ. એ ચૈતન્યતત્ત્વને પામીને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ પણ એકતત્ત્વ ચૈતન્યતત્ત્વ. ગુણભેદ અને પર્યાયભેદ એ પર્યાય પણ નહિ. પર્યાય નહિ એમ આવ્યું છે ને? અબદ્ધસ્પષ્ટ. 'સમયસાર'ની ૧૪-૧૫ ગાથા. અવિશેષ. આમાં વિશેષ નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ નહિ અને પર્યાયના વિશેષ પણ નહિ. એક તત્ત્વને પામીને. આહાહા..! જુઓ! **'जो पस्सदि अप्पाणं'** આત્માને દેખવો હોય તો આ રીતે દેખ. વિશેષથી રહિત દેખ. વિશેષનો અર્થ ગુણભેદ અને પર્યાયભેદથી રહિત. આહાહા..! આવું મોઘું લાગે પછી 'સોનગઢ'વાળા આવું કહે છે, 'સોનગઢ'વાળા નિશ્ચય કહે છે, એકાંત કહે છે. બહુ બાપા! જેમ કહો એમ. વસ્તુ આ છે. શાસ્ત્રની આ વાત છે કે નહિ? આ શું છે બધું? વાંચવું નથી, વિચારવું નથી, વખત લેવો નથી. અને અધ્ધરથી ગપ્પા મારવા છે. એમ ન ચાલે, પ્રભુ! આ તો ત્રણલોકના નાથનો માર્ગ વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનેશ્વરદેવ સાક્ષાત બિરાજે છે. ઇન્દ્રો સાંભળવા જાય છે. વાઘ, નાગ, સિંહ સાંભળવા જાય છે. પ્રભુની વાણી તો આ આવી છે. ભાઈ! તું એકલો તારા ચૈતન્યતત્ત્વને પામ. પ્રભુ! આહાહા..! કોઈની સહાય વિના, કોઈની મદદ વિના, કોઈની અપેક્ષા વિના. આહાહા..! **'भुदत्थो देसिदो दु सुद्धणओ'** એ ત્રિકાળી વસ્તુ તે શુદ્ધનય છે. તેનો આશ્રય કરવાથી ચૈતન્યને પમાય છે. બીજો કોઈ એનો રસ્તો છે જ નહિ, ભાઈ! ગમે તેટલી તું વાત કર. બાર અંગ અને ચૌદ પૂર્વમાં ઘણું બધું ભર્યું. પણ બધું આ. એ તો બધો એનો વિસ્તાર છે. આહાહા..! પછી ચૈતન્યતત્ત્વના ગુણ શું? પર્યાય શું? વિકાર કેમ થાય છે? વિકારનો નિમિત્ત શું? એ બધું કરીને સમજણમાં આ લેવાનું છે. આહાહા..! **'એક તત્ત્વને પામીને...'** એક તત્ત્વને પામીને. આહાહા..! દેવ-ગુરુ તો ભેગા નહિ પાછા.

મુમુક્ષુ :– ગુરુ દ્વારા...

પૂ. ગુરુદેવશ્રી :– ગુરુ દ્વારા કીધું એટલે એ તો એણે એમાં કહ્યું. એટલું કહ્યું. એમણે એને કહ્યું, કે જો ચૈતન્યતત્ત્વ પ્રભુ! આ છે. એટલી વાત કરી. પણ એની સામું જોઈને ચૈતન્યતત્ત્વ પમાતુ નથી. આહાહા..!

**'એક તત્ત્વને (–અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને તેમાં સ્થિત રહે છે.'** આહાહા..! એ એકલું તત્ત્વ પામીને સ્થિત રહે છે. એમાં કોઈની મદદ છે નહિ. એકલો જન્મે, એકલો મરે, એકલો લૌકિકમાં સુખીદુ:ખી થાય. અને એકલો મુક્તિને પામે. આહાહા..! એમાં બીજા કોઈની કાંઈ જરૂર અને અપેક્ષા નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા નથી. આહાહા..! એક ચૈતન્યતત્ત્વ... આકરું લાગે પણ, પ્રભુ! માર્ગ આ છે. બીજા ઘણા વ્યવહારના લખાણ આવે. પણ એના ફળ વ્યવહાર બતાવે છે ઓલા નિશ્ચયને. એટલી અપેક્ષાએ વ્યવહાર પૂજ્ય કહેવાય. પણ બતાવે છે ઓલા નિશ્ચયને. ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા..! એથી તે વ્યવહાર કહેનાર અને સાંભળનારને આશ્રય કરવા લાયક નથી. આહાહા..! આવી વાત છે. એ ૧૦૧ ગાથા થઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૧૦૨

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।

एको मे शाश्वत आत्मा ज्ञानदर्शनलक्षणः।
शेषा मे बाह्या भावाः सर्वे संयोगलक्षणाः।।१०२।।

एकत्वभावनापरिणतस्य सम्यग्ज्ञानिनो लक्षणकथनमिदम्।

अखिलसंसृतिनन्दनतरुमूलालवालांभःपूरपरिपूर्णप्रणालिकावत्संस्थितकलेवरसंभवहेतुभूत-द्रव्यभावकर्माभावादेकः, स एव निखिलक्रियाकांडाडंबरविधिधविकल्पकोलाहलनिर्मुक्तसहज-शुद्धज्ञानचेतनामतीन्द्रियं भुंजानः सन् शाश्वतो भूत्वा ममोपादेयरूपेण तिष्ठति, यस्त्रिकालनिरुपाधिस्वभावत्वात् निरावरणज्ञानदर्शनलक्षणलक्षितः कारणपरमात्मा; ये शुभाशुभकर्मसंयोगसंभवाः शेषा बाह्याभ्यन्तरपरिग्रहाः, स्वस्वरूपाद्बाह्यास्ते सर्वे; इति मम निश्चयः।

---

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.

અન્વયાર્થ :– [ज्ञानदर्शनलक्षणः] જ્ઞાનદર્શનલક્ષણવાળો [शाश्वतः] શાશ્વત [एकः] એક [आत्मा] આત્મા [मे] મારો છે; [शेषाः सर्वे] બાકીના બધા [संयोगलक्षणाः भावाः] સંયોગલક્ષણવાળા ભાવો [मे बाह्याः] મારાથી બાહ્ય છે.

ટીકા :– એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.

ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા તે, સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી એક છે, અને તે જ (કારણપરમાત્મા) સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીંદ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે છે; જે શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો, તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે. આમ મારો નિશ્ચય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૧૦૨ ઉપર પ્રવચન

ગાથા-૧૦૨.

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।**

આહાહા..!

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

આહાહા..! **'એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.'** એકત્વભાવનાપણે પરિણમેલા, શુદ્ધોપયોગે પરિણમેલા... આહાહા..! સામ્યભાવે પરિણમેલા, સમતાભાવે પરિણમેલા, શુભાશુભભાવથી ચિત્તને નિરોધ કરીને પરિણમેલા, એવા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે. આહાહા..! **'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** હવે આ આત્મા. **'एगो मे सासदो अप्पा'** કીધું ને? મારો ભગવાન એક શાશ્વત આત્મા છે. આહાહા..! પરમાત્મા શાશ્વત છે એ તો એનામાં. મારા માટે તો મારો **'एगो मे सासदो अप्पा'** એમ છે ને?

**'ત્રણે કાળે નિરુપાધિક...'** ઉપાધિ વિનાના **'સ્વભાવવાળો હોવાથી...'** એ **'નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** ભગવાન આત્મા જે ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય છે, એ તો નિરુપાધિક સ્વભાવવાળો **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત પણ કેવા? **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** આહાહા..! એના લક્ષણને આવરણ નથી. પોતે પણ ત્રિકાળી નિરાવરણ છે અને જેનું લક્ષણ પણ નિરાવરણ છે. આહાહા..! એવા **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા...'** જુઓ! આવો આ કારણપરમાત્મા, આત્મા. કારણ શબ્દ મૂકીને બધું ઉડાવી દેવા માટે મૂક્યું છે. ત્યારે એ નિર્મળ પર્યાયનું કારણપરમાત્મા કારણ છે. આહાહા..! બીજું કોઈ કારણ નથી. થોડું લખ્યું વાત તે સાંભળવું હોય તો પણ એ અને ઘણું હોય તો પણ આ છે. આહાહા..!

**'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** ત્રણે કાળે. નિગોદમાં પણ દ્રવ્યને નિરુપાધિ સ્વભાવ છે. કારણપરમાત્માને ઉપાધિ છે જ નહિ. આહાહા..! **'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** આ કારણ. **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા...'** આહાહા..! કારણપરમાત્મા કોણ? આ આત્મા. ત્રિકાળી વસ્તુ તે કારણપરમાત્મા. વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૧૨, શ્લોક-૧૩૮, ગાથા-૧૦૨, ગુરુવાર, પોષ સુદ ૧, તા.૨૦-૧૨-૧૯૭૯

'નિયમસાર'. ગાથા-૧૦૨. ટીકા ફરીને.

**'એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.'** એકત્વભાવના એટલે સ્વરૂપ. જે જ્ઞાન અને આનંદ એવું જે સ્વરૂપ. સ્વ-રૂપ–સ્વભાવ, તેની એકાગ્રતા એ ભાવના. એવી ભાવનારૂપે પરિણમેલો. એ જ્ઞાન-દર્શન અને આનંદરૂપે પરિણમેલો, થયેલો. જેવો એનો સ્વભાવ છે, એવો પર્યાયમાં થયેલો. એવા **'સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.'** આહાહા..! ભાષા જરી સાદી છે પણ વસ્તુ અલૌકિક છે. આહાહા..! **'એકત્વભાવના...'** એટલે એ વિકલ્પ એમ નહિ. એકત્વભાવના એટલે એક છું એમ નહિ. એકત્વની, એકાગ્રતાની ભાવનારૂપે પરિમમેલો. શુદ્ધચૈતન્ય આનંદ અને અંતરમાં અનંત-અનંત વીર્ય અને આનંદઘન, અખંડ આનંદ એ રૂપે અંદર પરિણમેલો, એમાં લક્ષ-દૃષ્ટિ કરતા પર્યાયમાં તે રૂપે પરિણમેલો એટલે તે અવસ્થારૂપે થયેલો. આહાહા..! એવા **'સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.'** છે?

હવે કહે છે, **'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** ભગવાન આત્મા એનું લક્ષણ અને એ પોતે. બેય. **'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો...'** છે. આહાહા..! વસ્તુ જે પદાર્થ છે એને રાગનો સંગ અને રાગનો બંધ. સંગ અને બંધ બેય દ્રવ્યસ્વભાવમાં નથી. વસ્તુ છે અસ્તિ સત્તા, ચૈતન્યની સત્તા છે, ચૈતન્યનું હોવાપણું છે, ચૈતન્યની શક્તિના સામર્થ્યમાં અનંતબળના સામર્થ્યવાળું તત્ત્વ છે. આહાહા..! તે તેનું લક્ષણ **'ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** એ તો નિરાવરણ જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત... આહાહા..! રાગથી જણાય એવો નથી એમ કહે છે.

જેવો એ પોતે ભગવાન ત્રિકાળ નિરાવરણ છે, એમ નિરાવરણ એની પર્યાયથી જણાય એવો છે. આહાહા..! આવી વાત. ક્યાં માર્ગ રહી ગયો અને ક્યાં માર્ગ માને? **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** પોતે નિરાવરણ ત્રિકાળ છે, તેથી તેના સ્વભાવમાં નિરાવરણપણું જે લક્ષણ પર્યાયમાં છે, એનાથી તે લક્ષિત થઈ શકે છે. આહાહા..! એનામાં જે ભાવ છે એના લક્ષણથી તે લક્ષ થઈ શકે છે. એનામાં નથી તેનાથી તે લક્ષ થઈ શકતો નથી. આહાહા..! આવું સ્વરૂપ છે. એક એક શબ્દે આખું...

આ તો કહે દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, સામાયિક કરો, પડિક્કમણા કરો. પણ શેના ભાન વિના તું હજી અંદર કોણ છો? એની તો ખબરું ન મળે. આહાહા..! તેથી પહેલી જ આ વાત લીધી, કે **'ત્રણ કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** જણાય એવો છે. **'એવો જે કારણપરમાત્મા...'** લ્યો. 'ત્રિભુવનભાઈ'! આ કારણપરમાત્મા. એ નિરાવરણથી જણાય ત્યારે એને આ કારણપરમાત્મા છે એમ જણાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને કારણપરમાત્મા છે પણ દૃષ્ટિ વિના? એ રાગથી જણાય નહિ, વિકલ્પથી જણાય નહિ, વ્યવહારથી જણાય નહિ, નિમિત્તથી જણાય નહિ, ભેદથી જણાય નહિ. એ જે સ્વભાવ છે તે સ્વભાવના ભાવથી જણાય. જે એનામાં નથી એનાથી તે ન જણાય એમ કહે છે. આહાહા..! જે એનામાં છે. ત્રિકાળ નિરુપાધિક નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણ, એનાથી તે જણાય એવો છે. આહાહા..!

મુમુક્ષુ :– ક્ષયોપશમજ્ઞાન તો સર્વથા નિરાવરણ નથી.

પૂ. ગુરુદેવશ્રી :– ક્ષયોપશમ-ફયોપશમનું અહીં કામ પણ નથી. જે પર્યાય અંદરમાં વળે છે તે ક્ષયોપશમ પછી દ્રવ્યમાં નથી. એ પર્યાય ભલે ક્ષયોપશમવાળી હોય, પણ એ પર્યાય અંદરમાં વળે છે એ ક્ષયોપશમ વિનાની ચીજમાં વળે છે. આહાહા..! એ ક્ષયોપશમ પણ એને અહીં અત્યારે નથી કહેવું. અહીં એને કોઈની અપેક્ષા જ નથી. કર્મની ક્ષયોપશમમાં અપેક્ષા આવે છે. એ નથી. નિશ્ચયથી તો એવું કહેવા માગે છે, કે પરમપારિણામિક જ્ઞાયકભાવ જે છે એ પરમ જ્ઞાયકભાવની પરિણતિથી જણાય એવો છે. સામે છે કે નહિ? જુઓને! આહાહા..! આવું સ્વરૂપ! લોકોને બિચારાને કાને પડ્યું નથી. એમ ને એમ વાડામાં બંધાઈને જિંદગી પૂરી કરીને ચારગતિમાં રખડવા ચાલ્યા જાય. આ ચીજ મહાપ્રભુ.

સિદ્ધાંત તો એ સિદ્ધ કરવો છે, કે એનામાં જે સ્વભાવ હોય તે સ્વભાવથી જણાય. એનામાં જે ન હોય એવા ભાવથી તે જણાય નહિ. તો એ પોતે ત્રિકાળ નિરાવરણ–નિરુપાધિક જ્ઞાનસ્વભાવવાળો છે. એવો એનો લક્ષણનો સ્વભાવ છે. આહાહા..! એવો જ **'સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** એનાથી લક્ષિત થાય છે. આહાહા..! જેને લક્ષિત કરવામાં કંઈ પરની કોઈ અપેક્ષા નથી. એની જાતની જે નિર્મળ પર્યાય, પરમપારિણામિક સ્વભાવની જાતની જે પર્યાય, તે પર્યાયથી તે લક્ષિત છે. આહાહા..! હવે આમાં શું સમજવું? આહાહા..! થોડા શબ્દમાં ઘણું નાખ્યું છે. ઘણું નાખ્યું છે.

એનામાં જે સ્વભાવ છે. પોતે ત્રિકાળ નિરાવરણ છે, પણ એનું લક્ષણ પણ ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..! એવા લક્ષણથી લક્ષિત. એવા લક્ષણથી લક્ષિત એટલે જણાય એવો. એવો એ આત્મા છે. આહાહા..! સામે પુસ્તક છે કે નહિ? આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ ફરમાન છે. એ વાત એકકોર રહી ગઈ અને આ કરો.. આ કરો.. વ્રત કરો, અપવાસ કરો, ઓળી કરો, હોળી કરો, આ કરો. આહાહા..! બિચારાની જિંદગી ચાલી જાય છે. એ ચીજ નથી એમ કહે છે. એ કરો.. કરો... એવા વિકલ્પ કરે છે એ ચીજ એમાં નથી. તો એમાં નથી તો એનાથી કેમ જણાય? એમાં જે નથી એમાંથી એ કેમ જણાય? એમાં નથી... એમાં નથી. તો એને જાણવો છે એ એનામાં નથી એ એનાથી કેમ જણાય? આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદિ છે પણ વાત તો, ભાઈ! જેમ હશે એમ આવશે. કાંઈ બીજે ક્યાંથી લાવવી? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એવો જે કારણપરમાત્મા...'** એવો જે આ ભગવાનઆત્મા, ત્રિકાળી જ્ઞાન આનંદ અખંડજ્ઞાનસ્વરૂપી, જે પોતાના **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** છે. આહાહા..! ગજબ વાત કરી છે ને. સાધારણ એમ કહે કે જ્ઞાનલક્ષણ છે, તેથી જણાય છે એમ કહેતા કોઈ સાધારણ લક્ષણ માની લે. જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ. ગમે તે જ્ઞાનલક્ષણ માની લે એમ નહિ. જે જ્ઞાન નિરાવરણ... આહાહા..! છે? નિરાવરણ જ્ઞાનદર્શન છે. એ લક્ષણથી જણાય એવો છે. આહાહા..! આકરું પડે પણ માર્ગ આ છે. આહાહા..! ક્ષણમાં ચાલ્યા જાય. કેટલાય પછી મરી ગયા એને યાદ પણ કરતા નથી. યાદ કરે છે? 'હિંમતભાઈ'ને યાદ કરે છે? ગયા એ ગયા. થઈ રહ્યું. આહાહા..! એમ ભાઈઓ, દીકરો, મા-બાપ ગયા. આહાહા..!

અમારી દુકાનમાંથી કેટલાય ચાલ્યા ગયા. 'ખુશાલભાઈ' ગયા, 'કુંવરજીભાઈ' ગયા, 'આણંદજીભાઈ' ગયા, 'શિવલાલ' ગયા. આહાહા..! કેટલાય ચાલ્યા ગયા. હવે એ ક્યાં ગયા એનો પત્તો કોઈ પૂછે છે? એ ગયા એની અગવડતા થઈ અને સગવડતા કરતા હતા એટલું ગયું એ એનો વાંધો કાઢે. એને જરી રોવે. આહાહા..! પણ એ ક્યાં ગયા? આહાહા..!

મુમુક્ષુ :– કોને પૂછવું આ?

પૂ. ગુરુદેવશ્રી :– પણ શ્રદ્ધામાં તો વિચાર કરે, કે આ ક્યાં ગયા હશે? આહાહા..! એ શાસ્ત્રમાં આવે છે, કે ભાઈ! તું એક લીલોતરી આ પાંદડાને તોડે છો, તો એમાં તારા પૂર્વભવના મા-બાપ બેઠા છે. એક પાંદડાની એક કટકીમાં અસંખ્યજીવ. એવું લીંબડાનું આખું પાંદડું. એવો આખો લીંબડો. કેટલા જીવ? બાપુ! અનંતભવમાં કરેલા તારા મા અને તારા બાપ મરી ગયેલા એમાં બેઠા છે. આહાહા..! કોઈ દિ' વિચાર કર્યો છે? એની મોંઘપ અને એને રખડવાની દુઃખ દશા જે વેઠી છે... આહાહા..! જરીક આ બહારની સગવડતા મળે ત્યાં તો જાણે બસ, અમે તો જાણે સુખી થઈ ગયા. બીજા કરતા આગળ વધી ગયા. આહાહા..!

ઓલામાં 'પદ્મનંદિપંચવિંશતિ'માં એક દાખલો આપ્યો હતો, કે જે માથાનો કાપનાર છે એની સામું તો એ જોતો પણ નથી. પણ કોઈ આંગળીમાં ટચ કરીને આટલી આંગળી કાપી એની સામું જોયા કરે છે. એને વેરી માને છે. એવો દાખલો છે. શું કહેવાય? 'પદ્મનંદિપંચવિંશતિ.' આહાહા..! જે માથાના કાપનાર વેરી છે. એની સામું તો જોતો નથી કે આ શું કરે છે. આંગળીને જરી તોડે છે ત્યાં એની સામું જોયા કરે છે. એમ મહામિથ્યાત્વ, મહાવિપરીત શ્રદ્ધા આખા આત્માનું ખૂન થઈ જાય છે એની સામું તો જોતો નથી અને આ જરી દયા, દાન, વ્રતના પરિણામ થયા એટલે જાણે આહા..! થઈ ગયું કલ્યાણ. આહાહા..! દાખલો આપ્યો છે હોં. આમાં હશે ક્યાંક છે. 'પદ્મનંદિપંચવિંશતિ' આહાહા..!

અહીં કહે છે, કે નિરાવરણ–જ્ઞાનદર્શન... શું કહે છે? આહાહા..! તું પોતે ત્રિકાળી **'નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...'** એમ. તું પોતે જ નિરાકુળ નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી. ત્રણે કાળે.. આહાહા..! માટે તારા જે સ્વભાવમાં છે એ જાતના નિરાવરણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનદર્શનલક્ષણથી જણાય એવો છે. આહાહા..! ગજબ વાત કરી છે ને. જેનામાં જે નથી, એના વડે જણાય? નથી તેના વડે જણાય? આહાહા..! એનામાં છે. જ્ઞાનદર્શનઆનંદ નિરાવરણ લક્ષણ... આહાહા..!

પોતે જ '**ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા...**' ત્યાં સુધી વાત રાખી હવે. '**તે સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના...**' સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના '**મૂળના...**' આહાહા..! '**ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે...**' સામે શરીર કેવું છે એમ કહે છે. એકકોર આત્મા નિરાવરણ લક્ષણથી લક્ષિત થાય એવો, ત્યારે આ શરીર કેવું? શરીર. આહાહા..! '**સમસ્ત સંસારરૂપી નંદનવન...**' સંસારરૂપી નંદનવન કીધું. જેમ નંદનવન સદાય લીલુંછમ હોય છે. એમ સંસાર લીલાછમ ઝેરથી ભરેલું છે. રાગ અને દ્વેષ, વિષય, કષાયના ઝેરથી ભરેલું છે. આ શરીર જ એવું છે એમ કહે છે. આહાહા..! આ શરીર તો જડ છે, માટી છે, ધૂળ છે. ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ નિરુપાધિક સ્વભાવવાળો છે. આહાહા..! એની સામું કોઈ દિ' સાંભળ્યું નહિ, જોયું નહિ. આહાહા..!

'**સંસારરૂપી નંદનવનનાં...**' મેરુ પર્વત ઉપર જેમ નંદનવન તાજું ને તાજુ દેખાય એમ. એના '**વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે...**' એ નંદનવનના વૃક્ષો તો એમ ને એમ સારા લીલા રહ્યા જ કરે. એવી ત્યાં સ્થિતિ છે. આ શરીર કેવું છે? એ '**ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર...**' આહાહા..! '**ધોરિયા સમાન વર્તતું જે શરીર...**' આહાહા..! '**સંસારરૂપી નંદનવનના વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા...**' આહાહા..! શરીર સામું જોવું, શરીરનું આમ કરવું... શરીરનું આમ કરવું... શરીરનું આમ કરવું... એને આમ ખવરાવવું, આને પીવરાવવું, આને સુવરાવવું, આને જગાડવું... આહાહા..! એ કહે છે, કે સંસારૂપી જે વન છે, એમાં '**નંદનવનનાં વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર...**' આહાહા..!

હવે આ કહે કે આપણે શરીરથી ધર્મ થાય. '**शरीरआद्यं खलु साधनम धर्म**' અહીં શરીર છે તે ઝેર છે. આ તો ભગવાન નિરુપાધિસ્વરૂપ અંદર છે. ચૈતન્યભગવાન અંદર છે. એ ત્રિકાળી નિરુપાધિસ્વરૂપ છે. એ નિરુપાધિલક્ષણથી જણાય એવો છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકારી પરિણામથી ત્રણકાળમાં જણાય એવો છે નહિ. તો પાપના પરિણામ, હિંસા, જુઠું, ધંધા અને આખો દિ' ધંધાના પાપ. સવારથી સાંજ સુધી એય.. મથ્યો હોય. એમાં દિવસના બે-બે, પાંચ-પાંચ હજાર પેદા થતા હોય. તમારે જુઓ પાગલ. આહાહા..! પાગલ જોઈ લ્યો. આમ કરવું... આમ કરવું... આમ કરવું... આમ કરવું... આ જુઓ! ગ્રાહકને... આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ આ શરીર નંદનવનના વૃક્ષને જેમ તાજા રાખવા માટે પાણી હોય છે એમ આ શરીરને તાજું રાખવા માટે '**જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી એક છે,...**' એ '**શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત...**' આહાહા..! આ માટી, જડ, ધૂળ છે આ. આ તો ધૂળ, જડ, માટી છે. આની મહાણમાં રાખ થશે. આટલી પણ નહિ થાય. બળીને આટલી થાશે. પવન આવે તો ઊડી જાય. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત. પછી નરતન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.' રજકણ તારા રખડશે. આ રજકણ માટી, ધૂળના. અહીં અગ્નિ ઉઠશે. બળશે એટલે અગ્નિ નીકળશે અહીંથી. આહાહા..!

'જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં' પછી બાપુ! આ શરીર ક્યાંથી મળશે? માંડ અનંતેકાળે મળ્યું છે. એમાં સંસારને માટે તેનો ઉપયોગ કરે છો. રાગ અને દ્વેષ આખો દિ'. એ પાણીના ધોરિયાથી તે શરીરને ઊભું રાખ્યું છે. આહાહા..! પાપના ધોરિયા ભરી ભરીને. આહાહા..! '**તેની ઉત્પત્તિમાં હેતુભૂત...**' કેવું છે શરીર? કે '**દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી...**' શરીરની ઉત્પત્તિમાં હેતુ તો દ્રવ્ય જડકર્મ છે. કાં દયા-દાન અને પુણ્ય-પાપના ભાવ તે શરીરનું કારણ છે. કેમ કે એ બંધનું કારણ છે. શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો, પૂજાનો ભાવ એ પુણ્યબંધનું કારણ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપબંધનું કારણ છે. એ બેય પુણ્ય અને પાપના ભાવ રહિત, એના વિનાનો હોવાથી આત્મા '**એક છે,...**' '**एगो मे सासदो अप्पा**' એની વ્યાખ્યા કરી. આહાહા..!

હું તો એકલો ચૈતન્ય. શરીરથી જુદો ચૈતન્યશરીર મારું અંદર જુદું છે. આહાહા..! એ વળી શું હશે? ચૈતન્યશરીર. અરે..! પુણ્ય-પાપના ભાવને પણ ક્લેશશરીર કીધું છે. વિગ્રહ, ક્લેશનો વિગ્રહ શરીર છે. શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ વિગ્રહ ક્લેશ છે. રાગ છે, વિકાર છે. આહાહા..! એને '**દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી...**' નોકર્મ તો પોતે છે. શરીર નોકર્મ છે ને? એટલે હવે એ નોકર્મ કેમ થયું? એની ઉત્પત્તિનો અર્થ આ દ્રવ્યકર્મ અને ભાવકર્મ છે. એ ત્રણે '**વિનાનો હોવાથી...**'

'**શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી એક છે,...**' શું કીધું? સમજાણું? ભગવાન આત્મા જે આ દ્રવ્યકર્મ જે આ શરીર જડ છે, એ તો સંસારના રખડવાના જળથી ધોરિયા ભરેલા છે. એવું એક શરીર અને એના '**હેતુભૂત દ્રવ્યકર્મ અને ભાવકર્મ...**' એટલે નોકર્મ આ અને દ્રવ્યકર્મ અને ભાવકર્મ ત્રણથી રહિત આત્મા છે તે એકરૂપે અંદર છે. આહાહા..! પાઠ છે ને? '**एगो मे सासदो अप्पा**' '**एगो मे सासदो अप्पा**' હું એક છું. એકની વ્યાખ્યા કરી. કે આ શરીર એ રખડવાના, ચારગતિના રખડવાના ધોરિયાને પૂરા પાડે એવું આ શરીર છે. એ શરીરની ઉત્પત્તિનો હેતુ દ્રવ્યકર્મ અને ભાવકર્મ, જડકર્મ અને પુણ્ય અને પાપ, એ ત્રણથી રહિત એકલો છે. આહાહા..! રળવું, બાયડી-છોકરા અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધંધા આડે ક્યાં વખત મળે? 'ચીમનભાઈ'! આહાહા..!

ધર્મ કરો છો? કહે હા. એક કલાક પૂજા કરીએ છીએ ને, ભગવાનની ભક્તિ કરી છે. લ્યો થઈ રહ્યું 'હિંમતભાઈ'! તમારા ઘરની વાત છે. ધર્મબર્મ કરો છો? આહાહા..! 'ન્યાલ'ને પૂછ્યું હતું. ભગવાનની પૂજા-ભક્તિ એક કલાક કરીએ કરીએ છે. ધૂળમાં પણ નથી. એમાં પૂજા-ભક્તિમાં શું આવ્યું? એ તો કાંઈ જરી શુભભાવ છે. એરણની ચોરી અને સોયનું દાન. ૨૩ કલાક પાપમાં અને એક કલાક જરી શુભ. એ તો પુણ્ય છે કાંઈ ધર્મબર્મ નથી. ભગવાનની પૂજા, દાન એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

અહીં કહે છે, કે એક શાશ્વત આત્મા કેવો છે? કે પોતે નિરુપાધિસ્વરૂપ અને નિરાવરણ જ્ઞાનદર્શન, એનાથી જણાય એવો, એનાથી વિરુદ્ધ જે આ શરીર, એ પાણીના ધોરિયાથી શરીર મોટું થાય. જેમ વન જામે એમ આ શરીરને આખો દિ' જમાડે. એની બધી પંચાત. આ કર્યું... આ કર્યું.. આ કર્યું... એવા રાગ-દ્વેષના ધોરિયા ભર્યા, એનાથી શરીર મળ્યું. એ શરીરનો હેતુ? કર્મ જડ અને ભાવકર્મ પુણ્ય અને પાપ. એ ત્રણેય આવી ગયા. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ ત્રણ **'વિનાનો હોવાથી એક છે,...'** છે ને? એ અંદર ભગવાન એક જુદો છે. આહાહા..! એ ચૈતન્યહીરો જેમ ડાબલીમાં જુદો, ડાબલી જુદી, હીરો જુદો. આ તો જડ ડાબલી છે. આ તો જડ, માટી, ધૂળ છે. એમાં ચૈતન્યહીરો અંદર જ્ઞાનના પ્રકાશથી ભરેલો, આનંદનો સાગર. એ ચૈતન્યસાગર અંદર ભિન્ન પડ્યો છે. આહાહા..! કોણે વિચાર કર્યા છે? આ શરીર.. શરીર... શરીર.. આખો દિ'. સવારમાંથી ઊઠે, બપોરે... ચા, આહાર વખતે ફ્લાણુ કરો અને બપોરે વળી પાછા કાંઈક ભજીયા કે એવું કરે, સાંજે વળી પુડલા અને ભજિયા કરે. આખો દિ' આ હોળી સળગે. નવરો થઈને ધંધા કરે અને બાયડીને રાજી કરે. અરે..રે..! પ્રભુ! તું કોણ છો? આ ક્રિયા બધી છે એ તારી છે? પ્રભુ! એ તો સંસારમાં રખડવાને નંદનવનને પુષ્ટિ આપનારા છે. આહાહા..!

તું તો એકરૂપે છો. એ શરીર, કર્મ અને પુણ્ય-પાપના ભાવ, એનાથી પ્રભુ તારી ચીજ અંદર જુદી છે. આહાહા..! એને ક્યાં ખબરું છે? કોઈ દિ' સાંભળ્યું નથી. **'અને તે જ (કારણપરમાત્મા)...'** ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ. ચૈતન્યચમત્કાર મણિરત્ન ભરેલું છે અંદર. આહાહા..! જેમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન ભરેલું છે એવો પ્રભુ અંદર છે. એવો ભગવાન બધા આત્મા અંદર છે. સામું કે દિ' જોવું છે? એવો આત્મા **'સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...'** આહાહા..! ભગવાન કારણપરમાત્મા ચૈતન્યદળ, આત્મસ્વભાવ, ત્રિકાળ રહેનાર, જ્ઞાન, આનંદ અને શાંતિનો સાગર આત્મા, એ **'સમસ્ત ક્રિયાકાંડના આડંબરના...'** ક્રિયાકાંડનો આંડબર આ દયા પાળી, વ્રત કર્યા, ભક્તિ કરી, અપવાસ કર્યા, આ કર્યું તે કર્યું. એને ઉજવ્યું પાછું. આ વર્ષીતપ કરે, પછી એને પાંચ-પચ્ચીસ હજાર ખર્ચીને ઉજવે. ગૃહસ્થ વધારે હોય તો લાખો રૂપિયા ખર્ચે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! થઈ ગયો જાણે તપ અને ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. એ ક્રિયાકાંડના આડંબરથી તો ભગવાન રહિત છે. આહાહા..!

એક પહેલું દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત કીધું, છતાં ભાવકર્મની પાછી બીજી વ્યાખ્યા જરી આ કરી. આહાહા..! ઓલામાં આવી ગયું છે પણ અહીં વિશેષ સ્પષ્ટ કરવા **'સમસ્ત ક્રિયાકાંડના આડંબર...'** એ તો બધો આડંબર છે. આહાહા..! અહિંસા કરીએ છીએ, પાંજરાપોળ પાળીએ છીએ, દયા પાળીએ છીએ, દયામંડળના અધિપતિ છીએ, પાંચ-પચ્ચીસ લાખ ભેગા કર્યા છે, પચ્ચીસ-પચ્ચીસ હજાર, પચાસ હજાર મેળવી મેળવીને. એ બધો આડંબર છે. ક્રિયાકાંડનો આડંબર છે. એ કોઈ આત્મા નથી અને એમાં ધર્મબર્મ નથી. કહો, 'ચીમનભાઈ'! આહાહા..! આવું! અંદર છે કે નહિ?

ક્રિયાકાંડ. ક્રિયાકાંડ એટલે શંભુ. ક્રિયા આખો દિ'. સવારે આ અને ફલાણુ આ, ફલાણુ ખવાય નહિ, ફલાણુ ખવાય, ફલાણુ ખપે... આહાહા..! 'આફ્રિકા'માં શું મળે એ ભાઈએ લખ્યું હતું. 'જતીશે'. આ મળે છે, આ મળે છે. એક દાડમ મળતા નથી ત્યાં. તેલ મળતું નથી. ત્યાં તેલ નહિ હોય. 'આફ્રિકા'માં. એના વિના રહે છે કે નહિ? આહાહા..! આ આત્મા તો **'સમસ્ત ક્રિયાકાંડના આડંબરથી વિવિધ વિકલ્પ...'** છે એ તો રાગ છે. ક્રિયાકાંડનો તો પંચમહાવ્રત અને બારવ્રત એ તો બધો રાગ ને વિકલ્પ છે. આહાહા..! આકરું કામ. જેને લોકો ધર્મ માનીને બેઠા એને કહે છે, કે રાગ છે, વિકાર છે. આહાહા..! પરમેશ્વરનું આમ ફરમાન છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સીમંધરસ્વામી ભગવાન બિરાજે છે. એનું આ ફરમાન છે. માર્ગ આ છે. અરે..! પ્રભુ! તું ક્યાં ચડી ગયો? કયે રસ્તે ચડી ગયો તું? આહાહા..! જે રસ્તે જવું જોઈએ એ રસ્તાની સામું જોતો નથી. અને કુરસ્તે, ઉંધે રસ્તે દોડ... દોડ... દોડ.. દોડ... દોડતો હોય. એમ આવે છે ને? આહાહા..! બહુ જોરવાળો દોડતો હોય એટલે રાગ-દ્વેષ બહુ જોરવાળું કરે છે. આહાહા..! જાણે બહુ ક્રિયા કરીએ છીએ. આહાહા..!

**'ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ...'** ભિન્ન-ભિન્ન જાતના વિકલ્પ. એક પ્રકારના નહિ કહે છે. ક્રિયા પણ જુદી જુદી જાતની હોય ને? વ્રતની, તપની, ભક્તિની, પૂજાની, દાનની, દયાની, કામની, ક્રોધની, વિષયની, ભોગની ક્રિયા એ બધા વિકલ્પો છે, રાગ છે, વિકાર છે. એ **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ...'** એ કોલાહલ છે. આહાહા..! **'सेसा मे बाहिरा भावा'** એની વ્યાખ્યા છે. ત્રીજા પદની. **'सेसा मे बाहिरा भावा'** એ બધા બહિર્ભાવ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રોગ, ભોગ, વિષય અને વાસના એ બધા બહિર્ભાવ છે, ચૈતન્યમાં એ નથી. ભગવાન તો અંદર નિરુપાધિક ત્રિકાળ આનંદનો નાથ છે. તને ખબર નથી. તું રાંક થઈને... રાજાને રાંક થઈને તું માને છો. મોટો બાદશાહ છે એને તું ભિખારી માનીને બેઠો છો. આહાહા..!

કહે છે, કે એવો જે **'કોલાહલથી રહિત સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**થકો...'** આહાહા..! સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના. જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે. જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જાણપણું એ નહિ. અંદર જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છે. જેની સત્તામાં આ જણાય છે. આ છે.. આ છે... આ છે... એની સત્તામાં જણાય છે. એ જ્ઞાનસત્તા છે. એ આ ચીજ જણાતી નથી. ખરેખર તો એ જ્ઞાન જણાય છે. આહાહા..! જેના અસ્તિત્વમાં, જેની હયાતીમાં આ જણાય, એમ કહેવું એ વ્યવહાર છે. જેની હયાતીમાં પોતે જાણે છે એ જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં જ્ઞાન રહી જ્ઞાન જાણે છે. આહાહા..!

એવો જે **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો...'** આહાહા..! એવી જ્ઞાનચેતના એને **'અતીન્દ્રિયપણે ભોગવતો થકો...'** દયા, દાન અને કામ, ક્રોધના પરિણામ એ કર્મચેતના, વિકારીભાવ છે. અને એના ફળ તરીકે કર્મફળચેતના તરીકે હરખ અને શોક, એ દુ:ખ છે. આહાહા..! આવા **'અતીન્દ્રિયપણે ભોગવતો થકો...'** આહાહા..! એ આત્મા અતીન્દ્રિયપણે આત્માને ભોગવતો થકો. અતીન્દ્રિયપણે, અતીન્દ્રિય આત્મા, અતીન્દ્રિયપણે ભોગવતો થકો. આહાહા..!

**'શાશ્વત રહીને...'** મુનિરાજ કહે છે, કે **'મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** મારા માટે આ રીતે અંદર ઉપાદેયપણે રહે છે. મારા આદરણીય હોય તો આવો આત્મા છે. આ સમ્યગ્જ્ઞાનીનું લક્ષણ. આ સમ્યગ્દષ્ટિના ધર્મની શરૂઆતના લક્ષણ. આહાહા..! **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે...'** પર્યાયમાં **'ભોગવતો થકો શાશ્વત રહીને...'** આહાહા..! અતીન્દ્રિયપણાને ભોગવતો શાશ્વત રહ્યો, **'મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** મારા માટે ઉપાદેય તે એક જ આત્મા છે. આહાહા..! ઉપાદેય એટલે આદરણીય. મારે આદરવા લાયક બીજી એકેય ચીજ છે નહિ. આહાહા..! મુનિરાજ પોતાની વાત કરે છે.

પર્યાયનો અનુભવ થયો છે. પર્યાયનો દ્રવ્યમાં, દ્રવ્યનો પર્યાયમાં અનુભવ થયો. એ પર્યાય દ્રવ્યથી ભિન્ન રહી છે. એ પર્યાયમાં મારે માટે આ દ્રવ્ય કહે છે ઉપાદેયપણે રહ્યો. અતીન્દ્રિયપણે ભોગવતો થકો. આહાહા..! આવી ભાષા! આવો ઉપદેશ કઈ જાતનો! ઓલા તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા... થઈ રહ્યું લ્યો. તત્સુત્રી કરણેન થઈ ગઈ સામાયિક. ધૂળમાં પણ સામાયિક નથી. હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે, મિથ્યાદર્શન કોને કહેવું એની ખબર ન મળે. સામાયિક અને પોષા અને પડિક્કમણા આવ્યા ક્યાંથી? એકડા વિનાના બધા મીંડા છે. આહાહા..!

અહીં તો કહે છે, **'અતીન્દ્રિયપણે ભોગવતો..'** હું. આહાહા..! તે **'ભોગવતો થકો શાશ્વત રહીને...'** વસ્તુ શાશ્વત રહે છે પાછી. અતીન્દ્રિયપણે હું ભોગવું છું છતાં વસ્તુ શાશ્વત રહીને **'મારે માટે ઉપાદેયપણે રહે છે;...'** આહાહા..! મારે માટે આદરણીય આ એક જ આત્મા રહે છે. આહાહા..! અરે..રે..! સાંભળવું મળે નહિ. એવી વાત કાને પડે નહિ. આહાહા..! આખો દિ' સંસારના ધંધા, નવરો થાય તો બહારની વ્યવહારની, ક્રિયાકાંડની વાતું સાંભળે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પણ બધી ક્રિયાકાંડ કેવા છે એ પણ ખબર નથી. આહાહા..! ભગવાનઆત્મા તો અંદર એકકોર રહી ગયો.

ત્રિકાળી નિરુપાધિક, નિરાવરણ લક્ષણથી જણાય એવો... આહાહા..! એ આ ભાવકર્મ અને દ્રવ્યકર્મથી નહિ જણાય એવો અને શુદ્ધજ્ઞાનચેતનાને ભોગવનારો... આહાહા..! એ પર્યાયની વાત છે. પર્યાયમાં **'ભોગવતો થકો શાશ્વત રહીને...'** છતાં વસ્તુ શાશ્વત રહીને **'મારા માટે તો ઉપાદેયપણે રહે છે;...'** આહાહા..! એક તો ભાષા જ કઠણ. અંદર પરમાત્મા બિરાજે છે, ભાઈ! કેવળજ્ઞાની પરમાત્મા થયા, અરિહંત થયા, સિદ્ધ થયા, એ ક્યાંથી થયા? કાંઈ બહારથી આવે છે? અંદર ભર્યું છે. અંદર બધું ભર્યું છે, એમાંથી પ્રવાહ આવે છે. એ પ્રાપ્તની પ્રાપ્તિ છે એમાંથી બહાર આવે છે. એ પાણીનો ઘડો ભર્યો છે એ છલકાય છે. છલકાય છે ને હિન્દીમાં શું કહે છે? છલકે છે. એમ ભગવાન આનંદ અને જ્ઞાનજળથી ભરેલો છે. એ પર્યાયની બધી અવસ્થામાં છલકાય છે. આ દુનિયાની ભાષાથી જુદી જાત છે. ઓલો કલાક સાંભળવા જાય તો આત્મા કોણ? આનંદકંદ અખંડ છે. હવે ક્યાંક ક્યાંક અહીંનું વાંચી વાંચીને વાતું કરે છે. એનામાં એ હતું કે દિ'? અહીંના પુસ્તકો વાંચીને હવે કેટલાક વાતું કરે છે. આત્માના નામે. હજી તો દેવ-ગુરુ-શાસ્ત્રના ઠેકાણા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા? એની શ્રદ્ધાના ઠેકાણા નથી ત્યાં આત્મા ક્યાંથી આવ્યો? આહાહા..!

તેઓ **'મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** દુનિયા દુનિયાનું જાણે એમ કહે છે. આહાહા..! મારે માટે તો એ શાશ્વત છે. અતીન્દ્રિયપણે ભોગવતા છતાં વસ્તુ શાશ્વત રહે છે. **'જે શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા...'** શુભ અને અશુભકર્મના સંયોગથી ઉત્પન્ન થતા **'બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો,...'** આહાહા..! અભ્યંતર અને બાહ્ય બેય પરિગ્રહ **'તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.—'** મારા સ્વરૂપથી બાહ્ય છે. **'सव्वे संजोगलक्खणा'** આહાહા..! અહીં તો હજી એક બાયડી મારી નથી એમ માનવું એને પાણી ઉતરી જાય. પણ એ તો એનો આત્મા જુદો, શરીર જુદું, રજકણ જુદું. તારા કે દિ' હતા? એનો આત્મા મરીને ક્યાં જશે? એનો આત્મા ક્યાંથી આવ્યો? એના શરીરના રજકણો ક્યાંથી ઉત્પન્ન થયા. પૂર્વે વીંછીના ડંખ હતા એ પરિણમીને અત્યારે શરીર થયું છે. સર્પનું ઝેર હતું એ શરીરપણે થયા. એ શરીરના પરમાણુ ભવિષ્યમાં પાછા બીજી રીતે થશે. આહાહા..! આ તો માટી, જડ, ધૂળ છે. આહાહા..! એનાથી ભગવાન અંદર ભિન્ન છે. તે.. આહાહા..!

**'બાહ્ય-અભ્યંતર પરિગ્રહો,...'**થી ભિન્ન છે. **'બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.–'** બધા વિકલ્પમાત્ર... આહાહા..! ણમોકાર ગણવા એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આકરી વાત, પ્રભુ! વીતરાગનો માર્ગ કોઈ જુદી જાત છે. કહે છે, કે એ બાહ્ય જેટલા અભ્યંતર અને બાહ્ય વિકલ્પ ઊઠે છે, એ બન્ને **'નિજસ્વરૂપથી બાહ્ય છે.—'** મારી ચીજને એ અડતા નથી. આહાહા..! **'આમ મારો નિશ્ચય છે.'** આહાહા..! મુનિરાજ કહે છે, એ ચારે પડખેથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધુ સરખું છે, હોં! આહાહા..! **'આમ મારો નિશ્ચય છે.'** આહાહા..! શ્લોક તો બહુ સારો હતો. પોણો કલાક તો ચાલ્યો. આહાહા..!

**'તે બધા...'** બાહ્ય અને અભ્યંતર. કર્મના સંયોગથી ઉત્પન્ન થતાં. એ સ્ત્રી, કુટુંબ એ તો અઘાતિથી ઉત્પન્ન થાય છે. સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી, આબરૂ એ બહારની ચીજ તો અઘાતિકર્મથી ઉત્પન્ન થાય છે. અને આ પુણ્ય, પાપ, દયા, દાન એ બધા ઘાતિકર્મના નિમિત્તથી ઉત્પન્ન થાય છે. આહાહા..! બેય કર્મથી ઉત્પન્ન થતાં ભાવો. કીધું ને? બાહ્ય અને અભ્યંતર બે આવી ગયું ને? બેય પરિગ્રહો **'તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.—એમ મારો નિશ્ચય છે.'** મુનિરાજ કહે છે. આહાહા..! આ ટીકા. આ માર્ગ આવો છે. કોઈ દિ' સાંભળ્યો પણ નથી. બહારમાં ને બહારમાં ક્રિયાકાંડમાં મરી ગયા. અહીં તો કહે છે, કે ક્રિયાકાંડથી પણ હું તો જુદો છું. મારે અને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

## શ્લોક–૧૩૮

(मालिनी)

**अथ मम परमात्म शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।**
**निरवधिनिजदिव्यज्ञानदग्भ्यां समृद्धः**
**किमहि बहुविकल्पैर्मे फलं बाह्यभावैः।।१३८।।**

**[હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનીરાજ શ્લોક કહે છેઃ]**

**[શ્લોકાર્થ :-] અહો ! મારો પરમાત્મા શાશ્વત છે, એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ મળે છે? ૧૩૮.**

## શ્લોક–૧૩૮ ઉપર પ્રવચન

**'[હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનીરાજ શ્લોક કહે છેઃ]'** પોતે.

**अथ मम परमात्म शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



निरवधिनिजदिव्यज्ञानदग्भ्यां समृद्धः
किमहि बहुविकल्पैर्मे फलं बाह्यभावैः ।।१३८।।

આહાહા..! **'મારો પરમાત્મા...'** મારો પરમાત્મા એટલે કે આ આત્મા. એ આત્માને અહીં પરમાત્મા કીધું છે. કેમ બેસે? સવારમાં ઊઠીને દાંતણ સરખું ન આવ્યું હોય તો, કોઈ લાવ્યું નથી? કોઈ માંગણ આવી નથી? લીધું નથી? શું કર્યું? આહાહા..! ચા જોઈએ, પાણી જોઈએ, આહાર જોઈએ. આહાહા..! આખો દિ' હોળી સળગે. એમાં ભગવાન તો એકકોર પડ્યો રહ્યો. અહીં તો કહે છે, કે **'મારો પરમાત્મા...'** આ પરમાત્મા, હોં! તીર્થંકરદેવ એ તો એનો પરમાત્મા છે. તીર્થંકરદેવ પરમાત્મા અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર છે. પણ એ તો એના પરમેશ્વર છે. મારો પરમાત્મા તો અહીં છે. આહાહા..!

આત્મા તે પરમાત્મા. શાંતિની વાત છે, બાપુ! ધીરજની-ધીરજની વાત છે. પહેલા આપણા વાણિયામાં એક રિવાજ હતો. લગન વખતે સુતરનો ફાળકો રાખતા. એ ઘૂંચવણમાં લાવી, ઘૂંચવણનાખીને એને આપે. કારણ કે પરણવા આવ્યો છે તો એની કાંઈ ધીરપ રહે છે કે નહિ? એવું પહેલા હતું. હવે તો ક્યાં નવરાશ રહે છે? હવે તો 'મુંબઈ' ચાર વાગે પરણીને પાંચ વાગે ઘરે ચાલ્યા જાય. આહાહા..! પહેલા તો એ હતું. સુતરનો ફાળકો ઘૂંચવીને. પછી એમ કહે કે આને ધીરજ છે કે નહિ? પરણવા આવ્યો છે તો એકદમ અધીરજ અને આકુળતા અને વ્યાકુળતામાં છે, તો આનો ઉકેલ કરી શકે છે કે નહિ? એમ આત્મા અને જડનો ઉકેલ કરવો, બાપા! એમાં શાંતિ ઘણી જોઈએ. એ બધા આંટીવાળા ફાળકા પડ્યા છે. આહાહા..! શુભ અને અશુભભાવ, રાગાદિભાવ.. આહાહા..! જેને પંચમહાવ્રત કહે, પંચ બારવ્રત કહે, એ બધો રાગ છે. આત્માનું સ્વરૂપ નથી.

અહીં તો **'મારો પરમાત્મા શાશ્વત છે,...'** કથંચિત્ એક છે. વસ્તુ તરીકે એક છે. ગુણ-ભેદ પર્યાય તરીકે ભલે બે હોય. કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ એક છે. દ્રવ્ય જે વસ્તુ છે. સત્તા અસ્તિત્વ આત્માનું, અનાદિ અનંત નિત્ય અમૂર્ત. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ અંદર છે. જેમાં રંગ, ગંધ અને રસ, સ્પર્શ નથી. અને રાગ-દ્વેષ તો નથી, નથી ને નથી. આહાહા..! **'એવો મારો પરમાત્મા શાશ્વત છે,...'** કથંચિત્ **'એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે,...'** સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ છે. ઓલો તો પત્થરનો ચૈતન્યચિંતામણિ છે. બહાર હોય તે પત્થરનો છે. એ તો ક્યાંકથી મળે તો આવે. આ તો સહજ જ છે. મળવું છે કે ઓલું ચિંતામણિ ક્યાંક પડ્યું હોય અને ભાગ્યશાળીને મળી જાય. કામધેનુ ગાય. એ તમારે 'વઢવાણ'માં હતી. કેવા?

મુમુક્ષુ :– ...

પૂ. ગુરુદેવશ્રી :– ... ખબર છે ને ખબર. 'ચુનીભાઈ'એ ૮૨ની સાલમાં અમારી પાસે બાધા લીધી હતી. ૮૨ની સાલમાં ચોમાસું હતું ને? ૧૯૮૨નું ચોમાસુ 'વઢવાણ' હતું ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ ખબર નહિ હોય. ઘણા વર્ષ થઈ ગયા. ૧૮ + ૬ = ૨૪ ને ૫૪ વર્ષ. કેટલા વર્ષ થયા? ૬૦ વર્ષ. છ વર્ષની ખબર નહિ હોય. ૮૨ની સાલમાં ચોમાસું હતું ને? બહાર વ્યાખ્યાન હતું. 'ઠાકરશીભાઈ'ની ધર્મશાળામાં. ડેલા બહાર. ત્રણેય અપાસરાવાળા હતા. ૮૨ની સાલ. તે દિ' 'ચુનીભાઈ'એ ઘરે બાધા લીધી. 'ચુનીભાઈ'એ ત્યારે ચોમાસુ હતું. 'સુંદરવોરા'નો અપાશ્રયે. 'સુંદરવોરા'નો અપાશ્રય તમારે છે ને. આહાહા..! આ વાત આખી જુદી છે. આહાહા..!

કહે છે, કે સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ. એટલે શું કહ્યું? કે ઓલું ચૈતન્ય ચિંતામણિ તો ક્યાંક હોય અને મળે. આ તો સ્વભાવિક **'પરમ ચૈતન્યચિંતામણિ...'** શાશ્વત છે. આહાહા..! સ્વભાવિક ચૈતન્યચિંતામણિ રત્ન છે મોટું. અરૂપી છે. વર્ણ, ગંધ, રસ, રૂપ નથી, રાગાદિ તો નથી. એ તો સૂક્ષ્મ અરૂપી છે. એ નથી. **'સદા શુદ્ધ છે...'** મારો પ્રભુ પરમાત્મા તો સદા શુદ્ધ છે. એટલે અશુદ્ધપણું તો લઈને બેઠો છે કે રાગ, દ્વેષ માનીને. વસ્તુમાં અશુદ્ધ નથી. પુણ્ય અને પાપને મારા માનીને અશુદ્ધપણે ચારગતિમાં–ચોરાશીના અવતારમાં રખડવા રહ્યો છે. નરક અને નિગોદ. આહાહા..! રખડવા. પણ હું તો **'સદા શુદ્ધ છું...'** આહાહા..! એ અશુદ્ધતા મારામાં છે નહિ. જરી અશુદ્ધતા ચારિત્રમોહનો દોષ દેખાય છે, તેને હું જાણું છું કે છે. પણ મારામાં નથી. આહાહા..!

**'અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી...'** અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી **'સમૃદ્ધ છે.'** જુઓ! આ બધું પર્યાય જાણે છે, હોં! દ્રવ્ય તો દ્રવ્ય છે. પર્યાય જે પ્રગટ. પર્યાય વિનાનો દ્રવ્ય ત્રણકાળમાં કોઈ દિ' પ્રગટ હોય નહિ. પર્યાય વિનાનું એકલું દ્રવ્ય હોય તો નિશ્ચયાભાસ થઈ જાય છે. વેદાંત થઈ જાય છે. આ તો જાણનાર પર્યાય એમ કહે છે, કે મારો આત્મા શાશ્વત છે. એ વળી જાણનાર પર્યાય કહી. ધ્રુવ છે તો ધ્રુવ છે. આહાહા..! પર્યાય વિનાનો કોઈ દિ' કોઈ સમયે હોય તો ખલાસ થઈ જાય. એ વસ્તુ જ ન રહે. પર્યાય વિનાનું દ્રવ્ય જ ન રહી શકે. આહાહા..!

**'સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે.'** અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આહાહા..! ઓલામાં આવ્યું હતું ને? **'મારા માટે ઉપાદેયપણે રહે છે.'** ઉપાદેયપણે છે પણ માને છે કોણ? પર્યાય. સમજાય છે કાંઈ? પર્યાય જો દ્રવ્યમાં ભળી જાય તો પછી થઈ રહ્યું. કાંઈ રહે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધા ત્યાં ઘૂસી ગયા તો બહારમાં કાંઈ રહે નહિ. આહાહા..! આ તો મારો પ્રભુ આમ છે એમ પર્યાય જાણે છે પર્યાય પ્રગટ બહાર રહીને જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાય એમ કહે છે કે હું શાશ્વત પરમાત્મા છું.

પૂ. ગુરુદેવશ્રી :– પર્યાય એમ જાણે છે કે હું આ શાશ્વત પરમાત્મા છું. પર્યાય એમ જાણે છે. પ્રગટ રહેલી પર્યાય.. એ ૩૨૦ ગાથામાં છે. સદા ત્રિકાળ નિરાવરણ અખંડ એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પરમપારિણામિકભાવલક્ષણ એવો નિજપરમાત્મદ્રવ્ય, તે જ હું છું. એમ પર્યાય માને છે. તે જ હું છું. ખંડખંડ જ્ઞાન તે હું નહિ. ત્યાં બે શબ્દ છે. ખંડખંડ જ્ઞાન આ પર્યાય પોતે. ખંડખંડ ઉપર લક્ષ કરવું તો નથી માટે ખંડખંડ જ્ઞાન તે હું નહિ. હું આ છું. એમ પર્યાય જાણે છે. ધ્રુવ તો ક્યાં? આહાહા..! પર્યાય ન હોય તો જાણે કોણ? આહાહા..! છતાં પર્યાયમાં આત્મા આવે નહિ. છતાં પર્યાય આત્માને જાણ્યા વિના રહે નહિ. આહાહા..!

**'નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે.'** અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. **'આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?'** આવો હું છું પછી બાહ્યની ચિંતાનું, વિકલ્પોનું શું કામ છે? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૦૩

जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।
सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं।।१०३।।

यत्किंचिन्मे दुश्चरित्रं सर्वं त्रिविधेन विसृजामि।
सामायिकं तु त्रिविधं करोमि सर्वं निराकारम्।।१०३।।

आथ्मगतदोषनिर्मुक्त्युपायकथनमिदम्।

भेदविज्ञानिनोऽपि मम परमतपोधनस्य पूर्वसंचितकर्मोदयबलाच्चारित्रमोहोदये सति यत्किंचिदपि दुश्चरित्रं भवति चेत्तत् सर्वं मनोवाक्कायसंशुद्धया संत्यजामि। सामायिकशब्देन तावच्चारित्रमुक्तं सामायिकछेदोपस्थापनपरिहारविशुद्धयभिधानभेदात्त्रिविधम्। अथवा जघन्यरत्नत्रयमुत्कृष्टं करोमि; नवपदार्थपरद्रव्यश्रद्धानपरिज्ञानाचरणस्वरूपं रत्नत्रयं साकारं, तत् स्वस्वरूपश्रद्धानपरिज्ञानानुष्ठानरूपस्वभावरत्नत्रयस्वीकारेण निराकारं शुद्धं करोमि इत्यर्थः। किं च, भेदोपचारचारित्रम् अभेदोपचारं करोमि, अभेदोपचारम् अभेदानुपचारं करोमि इति त्रिविधं सामायिकमुत्तरोत्तरस्वीकारेण सहजपरमतत्त्वाविचलस्थितिरूपसहज-निश्चयचारित्रं, निराकारतत्त्वनिरतत्त्वन्निराकारचारित्रमिति।

तथा चोक्तं प्रवचनसारव्याख्यायाम् -

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(वसंततिलका)

`द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्रयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।'

---

જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;
કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.

અન્વયાર્થ :– [ मे ] મારું [ यत् किंचित् ] જે કાંઈ પણ [ दुश्चरित्रं ] દુ:ચારિત્ર [ सर्व ] તે સર્વને હું [ त्रिविधेन ] ત્રિવિધે (મન-વચન-કાયાથી) [ विसूजामि ] તજું છું [ तुं ] અને [ त्रिविधं सामायिकं ] ત્રિવિધ જે સામાયિક (-ચારિત્ર) [ सर्व ] તે સર્વને [ निराकारं करोमि ] નિરાકાર (-નિર્વિકલ્પ) કરું છું.

ટીકા :– આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.

મને પરમ-તપોધનને, ભેદવિજ્ઞાની હોવા છતાં, પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુ:ચારિત્ર હોય, તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું. 'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે - કે જે (ચારિત્ર) સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું.) અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું; નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (-સવિકલ્પ) છે, તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (-અંગીકાર) વડે નિરાકાર - શુદ્ધ કરું છું, એમ અર્થ છે. વળી (બીજી રીતે કહીએ તો), હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું અને અભેદોપચાર ચારિત્રને અભેદાનુપચાર કરું છું. એમ ત્રિવિધિ સામાયિકને (-ચારિત્રને ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરવાથી સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોય છે - કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે.

એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

'[શ્લોકાર્થ :-] ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે - એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો ચરણનો આશ્રય કરીને મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૧૩, ગાથા-૧૦૩, શુક્રવાર, પોષ સુદ ૨, તા.૨૧-૧૨-૧૯૭૯

ગાથા-૧૦૩.

**जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।**
**सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं।।१०३।।**

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

ટીકા :- **'આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું કથન છે.'** આત્મામાં થતાં રાગ, દ્વેષ, વિકાર એ અશુદ્ધપરિણામ છે. એ અશુદ્ધદોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે. હવે મુનિ પોતે કહે છે. **'મને પરમ-તપોધનને,...'** આહાહા..! પરમ તપોધન મુનિ. દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉપરાંત તપ એટલે ચારિત્રની વિશેષ નિર્મળતાની શુદ્ધતા એ તપ છે. એવા **'પરમ તપોધન...'** અને તપરૂપી ધન. ધણી... આહાહા..! **'ભેદવિજ્ઞાની હોવા છતાં,...'** રાગથી ભિન્ન આત્માનો અનુભવ હોવા છતાં, રાગના વિકલ્પથી ભિન્ન અનુભવ હોવા છતાં. દોષ બતાવવો છે ને? **'जं किंचि मे दुच्चरित्तं'** બતાવવું છે ને? પાઠમાં એ છે.

**'પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુઃચારિત્ર હોય,...'** કર્મનો ઉદય તો નિમિત્ત છે. મારી પર્યાયમાં જે કાંઈ દુઃચારિત્ર હોય... આહાહા..! શુભભાવ પણ દુઃચારિત્ર છે. **'તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી...'** મન-વચન અને કાયા તરફના વલણને છોડી અને **'હું સમ્યક્ પ્રકારે...'** શુદ્ધ ચૈતન્યનો આશ્રય લઈ તે તે દોષો કર્મના નિમિત્તથી પર્યાયમાં થતા મને તેને હું **'તજું છું.'** ઉપદેશના વાક્યો અપેક્ષિત હોય છે. નહિતર વળી દોષને તજું છું. તો એ કીધું કે એ તો વ્યવહાર છે. ૩૪ ગાથા. રાગનો ત્યાગ માત્ર પણ આત્મામાં નથી. પરમાર્થે રાગનો ત્યાગ કર્તા પણ આત્મા નથી. આહાહા..!

પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ તો આત્મામાં અજ્ઞાનભાવમાં પણ નથી. કેમ કે પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય વચ્ચે તો અત્યંત અભાવરૂપ મોટી વજ્ર-ભીંત પડી છે. આહાહા..! પણ નબળાઈને લઈને પર્યાયમાં આ જે રાગાદિ થાય છે, એને **'હું તજું છું.'** સમજાવવું છે ને? એક બાજું કહે કે રાગને છોડું છું, એ આત્માને નામમાત્ર કથન છે. પરમાર્થે છોડું છું એ પણ આત્મામાં નથી. કેમ કે એ જ્ઞાનસ્વરૂપથી ખસ્યો જ નથી. જ્ઞાનમાં નથી તે ત્યાં નથી. જ્યાં રાગ નથી ત્યાં ઠર્યો છું. આહાહા..! જે સ્થિતિએ રાગને છોડું છું, તજું છું. એવું પણ એક નામમાત્ર કથન કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. ઉપદેશમાં વ્યવહારના વાક્યો તો એવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ આવે.

હેય ઉપાદેયપણું પણ વ્યવહાર છે. એકલો ભગવાન પૂર્ણાનંદનો નાથ, તેને અવલંબીને જે દશા થાય એ એક જ ધર્મ છે. આહાહા..! માણસને આવું આકરું પડે. કાંઈક એનો બીજો રસ્તો હશે કે નહિ? આવું આકરું. સવાર-સાંજ આકરું... આકરું... આકરું... આકરાની વ્યાખ્યા અપૂર્વ એમ લેવું. અપૂર્વ. પૂર્વે કદી કર્યું નથી માટે અપૂર્વ. આહાહા..! કહે છે, કે **'તે સર્વને મન-વચન-કાયા...'**માં પૂર્વ સંચિતકર્મના ઉદયના નિમિત્તમાં, મારા અશુદ્ધ ઉપાદાનની યોગ્યતામાં જે કાંઈ દોષ આવ્યા હોય. કારણ કે નિમિત્ત અને ઉપાદાન બે વચ્ચે તો અભાવ છે. પોતે અશુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ તો નિમિત્ત નથી જ. સમજાણું કાંઈ? અશુદ્ધ ઉપાદાનના અસ્તિત્વની અપેક્ષાએ... આની અપેક્ષાએ તો નિમિત્ત વસ્તુ જ નથી. નિમિત્તની અપેક્ષાએ નિમિત્ત વસ્તુ છે. આહાહા..! આવી વાતું છે. માર્ગ એવો છે, ભાઈ!

ભગવાન ચૈતન્ય આનંદકંદ અખંડ આનંદનો સાગર જ્યાં ઉછળી રહ્યો છે, એને રાગનું તો કલંક છે. ભવ થવો એ પણ કલંક છે. આહાહા..! 'યોગીન્દ્રદેવ'માં આવે છે. 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં. જન્મ ભવ કલંક છે. આહાહા..! ભગવાન અસંયોગી ચીજ જેમાં રાગના સંયોગીભાવનો પણ અભાવ, સંયોગી ચીજનો ગ્રહણ-ત્યાગનો અભાવ તો બધાને છે. આહાહા..! પણ સંયોગી જે પુણ્ય, દયા, દાન આદિ રાગભાવ છે, એનો પણ સ્વભાવભાવમાં સંયોગીભાવનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદિ પણ ભાવ તો જે હોય એ હોય ને. આવું સ્વરૂપ છે.

કોઈનો કાગળ આવ્યો છે. ભાઈએ નામ લખ્યું નથી. આત્મજ. એમ કરીને કર્યું છે. ઓલું આવે છે ને આવું. શું કહેવાય એ? અંતરદેશી. બહુ ખુશી બતાવે છે. ઓહોહો..! આ વાત! ક્યાંય સાંભળી નથી, ક્યાંય છે નહિ. આનંદ.. આનંદ... આનંદ... આહાહા..! અખંડાનંદ પ્રભુ ભિન્ન છે. એવી વાત કોણ કરે છે? પ્રભુ! પાછળ નામમાં આત્મજ લખ્યું છે. નામ આપ્યું નથી. આત્મજ એટલે શું? આત્માથી ઉત્પન્ન થયેલો. દીકરો કહેવાય ને? આત્મજ કહેવાય. દીકરાને આત્મજ કહેવાય. વ્યવહારે આત્માથી ઉત્પન્ન થયેલો. કોઈ છે ખરો. બરાબર છાપેલ નથી.

અહીં કહે છે, હું તો તપોધન ... મને મારી પર્યાયમાં, મારી નબળાઈથી, કર્મના નિમિત્તના જોડાણથી, જોડવું એટલે તેમાં લક્ષ થવાથી **'જો કાંઈ પણ દુઃચારિત્ર હોય, તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી...'** આહાહા..! એ આવે છે ને? ભાઈ! પાછળ આવે છે, કે.. ભલે એને ભાવાર્થમાં ક્ષાયિકસમકિત લીધું, કે ક્ષાયિકસમકિત થતાં જોગનું કંપન્ન પણ એટલું નાશ થાય છે. ભાવાર્થમાં આવે છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ બંધના કારણ છે એ પાંચનો અંશ ઘટી જાય છે. મિથ્યાત્વ સર્વથા ઘટે, બીજો યોગ છે એનો પણ ત્યાં અંશે નાશ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજી ભાષાએ કહીએ તો સમ્યગ્દર્શન એટલે સર્વગુણાંશ સમકિત. એ સર્વગુણાંશનો અર્થ એ, કે અંદર જે અજોગ નામનો ગુણ છે, એ કંપનરૂપે છે. એ સમ્યગ્દર્શન વખતે પણ એટલું કંપન તો નાશ થાય છે. ક્યાંક છે. ભાવાર્થમાં ક્યાંક છે. પાછળ-પાછળ. 'સમયસાર' છે? આ તો 'નિયમસાર' છે. 'સમયસાર'માં છે. અહીં તો એમ કહેવું છે, કે **'મન-વચન-કાયાની સંશુદ્ધિથી...'** સંશુદ્ધિ શબ્દ પડ્યો છે ને? **'મન-વચન-કાયાની સંશુદ્ધિથી...'** એટલે ત્રણના અભાવરૂપી શુદ્ધિનો અંશ પ્રગટ થાય છે. આહાહા..!

મન-વચન-કાયાના પરિણામ. અશુદ્ધપરિણામ તો દૂર રહ્યા. પણ એ કંપન છે ને કંપન? મન-વચન-કાયાનું નિમિત્ત છે અને કંપન છે એ કંપનની પણ અંશે શુદ્ધિ થાય છે. એટલું કંપન પણ ચોથે ગુણસ્થાને નાશ થઈ જાય. આહાહા..! એટલે ત્રણેયની સંશુદ્ધિથી એમ કીધું છે. ત્રણેયની સંશુદ્ધિ. **'સમ્યક્ પ્રકારે...'** તેની શુદ્ધિ છે. શું કીધું આ? મન-વચન અને કાયાના નિમિત્તથી થતા ત્રણ અવગુણ જે છે, એ અંદર જતાં એ ત્રણેયનું કંપન થાય છે ને? એ કંપનથી પણ અંદર ઘટીને સંશુદ્ધિ થાય છે. આહાહા..! અશુદ્ધથી તો ખસી જાય છે પણ અશુદ્ધ ભેગું કંપન પણ અશુદ્ધ છે એમાંથી અંશે ખસી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– નિષ્કંપ થાય છે.

પૂ. ગુરુદેવશ્રી :– સ્થિર થાય છે. ચૌદમે ગુણસ્થાને જ અજોગ થાય છે એમ એકાંત નથી એમ કહેવું છે. સમજાય છે કાંઈ? ચૌદમે ગુણસ્થાને અજોગ થાય છે એ અજોગ થાય છે એ તો અજોગ એનો ગુણ છે. ગુણ છે એટલે પૂર્ણશુદ્ધ ત્યાં થાય છે. જોગ એનો ગુણ નથી કંપન. આહાહા..!

**'ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ...'** એમ છે ને? **'જો કાંઈ પણ દુઃચારિત્ર હોય,...'** મલિનતાનો અંશ... આહાહા..! **'તો તે સર્વને...'** તે સર્વને. આહાહા..! **'મન-વચન-કાયાની સંશુદ્ધિથી...'** સર્વની અશુદ્ધિનો નાશ થઈને સર્વની શુદ્ધિનો અંશ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી સમકિતને એમ કહ્યું છે ને 'શ્રીમદ્દે'? સર્વગુણાંશ તે સમકિત. આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં 'ટોડરમલજી'એ એમ કહ્યું છે, 'ચોથે ગુણસ્થાને એકદેશ જ્ઞાન પ્રગટ થાય છે.' જ્ઞાનાદિ. એમ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં છે. અને 'સર્વદેશ પૂર્ણ તે કેવળજ્ઞાનમાં થાય છે.' આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આખો પરમાત્મસ્વરૂપ છે. અનંત-અનંતગુણનો પિંડ, પ્રભુ! એમાંથી એનો આશ્રય લેતા, જેટલા ગુણો છે એનો એક-એક અંશ શુદ્ધિ પ્રગટ થતાં તેનાથી વિરુદ્ધના જેટલા અશુદ્ધ છે, તેના અશુદ્ધનો અંશ ત્યાં ઘટી જાય, નાશ થઈ જાય છે. કેટલાક અંશ અશુદ્ધ સર્વથા જાય, કેટલાક અશુદ્ધ અંશો થોડા ઘટી જાય. પણ સંશુદ્ધિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? આહાહા..!

મુમુક્ષુ :– એકલો ચારિત્રગુણ ન લેવો પણ બધા ગુણ લેવા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂ. ગુરુદેવશ્રી :– બધા ગુણનો અંશ સંશુદ્ધિ છે. એ ચોથે ગુણસ્થાને અનંતાગુણ, દ્રવ્ય છે કે નહિ? દ્રવ્યદૃષ્ટિ થઈને? શેની દૃષ્ટિ થઈ? દ્રવ્યની. તો દ્રવ્યમાં જેટલા ગુણો છે એની શુદ્ધિ એક અંશે બહાર આવે જ તે. સમજાણું કાંઈ? આહાહા..! ધીમેથી સમજવા જેવી વાત છે, બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞદેવ પરમેશ્વરનો અલૌકિક માર્ગ છે. આહાહા..! એની વાતું તો, એ પૂરી વાત તો ભગવાન જાણે, સંતો જાણે. આહાહા..! જે વિકલ્પાતીત છે, વચનાતીત છે. આહાહા..! એ કંપનથી રહિત છે. આહાહા..!

એવો જે ભગવાન આત્મા, એમાં મને જે કાંઈ અશુદ્ધતા થાય છે કહે છે. હું મુનિ છું, તો પર્યાયમાં અંશે અશુદ્ધતા આવે છે. તેને હું **'મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે...'** શુદ્ધિથી. **'હું સમ્યક્ પ્રકારે તજું છું.'** એટલે? આહાહા..! મેં જ્ઞાનને ધારણામાં રાખ્યું નથી. એમ કહે છે. એનું જે જ્ઞાન છે, આવું આ છે, જોગ વિનાનો છે, ફલાણો છે, ઢીંકણો છે, એવું મેં ધારણામાં રાખ્યું નથી. મેં તો મારા પ્રવર્તનમાં જ મૂકી દીધું છે. **'સમ્યક્ પ્રકારે...'** શબ્દ પડ્યો છે ને? આહાહા..!

**'હું સમ્યક્ પ્રકારે તજું છું.'** આહાહા..! જે રીતે વસ્તુનો સ્વભાવ છે તેજ રીતે અંશે પ્રગટ થતાં અશુદ્ધિને, મન-વચન-કાયાની અશુદ્ધિને પણ... આહાહા..! **'હું સમ્યક્ પ્રકારે તજું છું.'** સમ્યક્ પ્રકારે. જેવું સત્ છે એ રીતે સત્‌નો અંશ પ્રગટ કરી અને અસત્‌ના અંશને સમ્યક્ પ્રકારે કરીને છોડું છું. આહાહા..! શું એની ગહનતા! એની ગંભીરતા! એવી વાત છે. આ તો 'નિયમસાર' છે. એ પણ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે, કે મેં તો મારા માટે બનાવ્યું છે. છેલ્લી ગાથામાં છે. આહાહા..! આવો ભગવાન અંદર બિરાજે છે. અનંત-અનંતગુણના ચૈતન્યના ચમત્કારની શક્તિથી ભરેલો, પ્રભુ! અજોગ સ્વરૂપથી ભરેલો છે. કંપન-ફંપન એના સ્વરૂપમાં છે જ નહિ. એ ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ પ્રત્યક્ષ પ્રતિભાસ થાય તેવો છે. એ પર્યાયમાં જણાય એવો એ છે. પર્યાયમાં પ્રતિભાસ. એ શબ્દ ૩૨૦ ગાથામાં છે ને? ત્રિકાળ નિરાવરણ અને પ્રત્યક્ષ પ્રતિભાસ. પ્રત્યક્ષ પ્રતિ મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસ થાય. આહાહા..! એ ત્યાં રહે છતાં પ્રતિભાસ. પ્રતિબિંબ કહેવાય છે ને? સામે બિંબ ત્યાં રહે અને અરિસામાં પ્રતિબિંબ દેખાય. જેવી ચીજ છે એવું ત્યાં પ્રતિબિંબ. એમ મારામાં પ્રતિપક્ષ, પ્રતિપ્રત્યક્ષ... આહાહા..! મારી પર્યાયમાં એ આખી ચીજ પૂર્ણ પ્રત્યક્ષ દેખાય છે, પ્રત્યક્ષ જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ કથા નથી, બાપુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ છે. આહાહા..! એને સાંભળવા એકાવતારી ઇન્દ્રો ભેગા થાય, એને સાંભળવા જગતના બહારના જંગલના સિંહ, જંગલના વાઘ, કાળા નાગ. બીજાને ભય આપ્યા વિના આમ સડસડાટ કરતા ત્યાં સમવસરણમાં અત્યારે ચાલ્યા જાય છે. આહાહા..! એ વાણી કેવી હોય? બાપા! એ કાંઈ કથા છે? બારોટ છે? કે કૂળની માંડે મોટી. તારું કુળ આવું હતું અને આવું હતું. આ તો તારા આત્માનું કુળ આવું છે એની માંડી છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'હું તેને સમ્યક્ પ્રકારે તજું છું. 'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે—'** અહીં ચારિત્ર શબ્દ લીધો છે ને? આહાહા..! અહીં સામાયિક શબ્દે ચારિત્ર. પાઠમાં સામાયિક છે ને? ત્રીજું પદ. **''સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે—કે જે (ચારિત્ર)...'** ત્રણ પ્રકારનું છે. **'સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે.'** આહાહા..! એ સામાયિકનો અર્થ કર્યો. એ **'ત્રણ પ્રકારનું છે.'** ... ત્રિવિધે કરીને તેને રાગને છોડીને ત્રણ પ્રકારને છોડીને નિરાકાર આત્માને કરું છું. આહાહા..!

**'ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું.) અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું;...'** આહાહા..! ત્રણ પ્રકાર છે ને? એક જઘન્યરત્નત્રય છે, નીચલા રત્નત્રય છે, નીચલી દશામાં. જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું. ત્રણ પ્રકાર કહ્યા ને? **'सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं'** મૂળ પાઠ. સામાયિકને ત્રણ પ્રકારથી હું નિરાકાર કરું છું. એ ત્રણ પ્રકારના અર્થ બે. એક તો એ... આહાહા..! **'હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું;...'** જે જઘન્યદશા છે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નીચલી દશા છે, એને ઉત્કૃષ્ટ કરું છું. એક.

**'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (–સવિકલ્પ) છે,...'** આહાહા..! એ બે. **'નવ પદાર્થરૂપ પરદ્રવ્ય...'** અહીં તો જોયું? 'મોક્ષમાર્ગપ્રકાશક'માં નવતત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું. એ અભેદથી કહ્યું છે. એ એક વચન છે અને અહીં બહુવચન છે. **'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં...'** આ વ્યવહાર છે. **'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (–સવિકલ્પ) છે,...'** ત્રણ રાગવાળા છે. આહાહા..! એક તો જઘન્યરત્નત્રય છે એને ઉત્કૃષ્ટ કરું છું. એક નવપદાર્થનું જે શ્રદ્ધાન-જ્ઞાન જે સાકાર છે. સાકાર એટલે ભેદવાળા છે.

**'તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (–અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...'** છે? આહાહા..! **'તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...'** એ ત્રીજું. પહેલું એ કહ્યું, કે જઘન્યરત્નત્રય અને ઉત્કૃષ્ટ. બીજું નવપદાર્થની શ્રદ્ધા તે સાકાર છે અને ત્રીજું **'તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (–અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...'** એ ત્રણ થયા. સમજાણું આમાં કાંઈ? ત્રણના પાઠ અહીં છે ને? **'तिविहं करेमि'** એટલે એના બે બોલ લીધા. ત્રણ પ્રકારને શુદ્ધ કરું છું. એના બે બોલ લીધા. એક બોલ જઘન્યરત્નત્રયથી ઉત્કૃષ્ટ કરું છું અને નવપદાર્થરૂપ જે સાકાર છે બીજું, તેને હું છોડીને નિરાકાર કરું છું. **'નિરાકાર-શુદ્ધ કરું છું.'** આહાહા..! છે એમાં? ત્રણ થયા.

જઘન્યને ઉત્કૃષ્ટ કરું છું... આહાહા..! નવપદાર્થનો જે સાકાર છે એ બે. એને છોડીને હવે નિરાકાર કરું છું. ત્રણ. એ સામાયિકને ત્રણ પ્રકારે કરું છું એ આ રીતે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝીણો પાઠ આવ્યો. આહાહા..! મારી દશા જે જઘન્યરત્નત્રયની છે એને વધારું છું. આહાહા..! અને નવતત્ત્વની પરદ્રવ્યની જે શ્રદ્ધા છે, એ સાકાર છે, એને છોડીને હું નિરાકાર એકરૂપ આત્માની શ્રદ્ધા કરું છું. છે? ઓલા નવમાં પરદ્રવ્યની શ્રદ્ધા-જ્ઞાન-આચરણ હતું. હવે **'નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (–અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું, એમ અર્થ છે.'** અરે..! આવું ઝીણું છે. સમજમાં આવે છે કે નહિ? 'ચીમનભાઈ'! આકરી ગાથા છે.

સામાયિકને ત્રણ પ્રકારે કરું છું, કે જે કાંઈ દર્શન-જ્ઞાન-ચારિત્ર મારા થોડા છે, એને વધારું છું અને નવતત્ત્વની ભેદવાળી જે શ્રદ્ધા સાકાર છે, તેને છોડીને હું નિરાકાર કરું છું. આહાહા..! એક અર્થ એ થયો. હવે પાછો એનો બીજો અર્થ. ત્રણ પ્રકારનો એક અર્થ થયો અને ત્રણ પ્રકારનો હવે બીજો અર્થ. આહાહા..! **'વળી (બીજી રીતે કહીએ તો), હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું...'** શુભરાગનો વ્યવહાર વિકલ્પ જે છે, પંચમહાવ્રત આદિનો ભેદોપચાર... આહાહા..! એવાને છોડીને અભેદોપચાર કરું છું. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરું છું. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને છોડી અને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કરું છું. આમાં કેટલું યાદ રહે? લોઢામાં બધું યાદ રહે કળશમાં ને ઢીકણામાં. આહાહા..! એક ત્રણ પ્રકાર આ લીધા અને ત્રણ પ્રકાર આ. આહાહા..!

**'ભેદોપચાર...'** એટલે વ્યવહાર. ભેદ ઉપચાર છે ને? રાગમાં ભેદનો ઉપચાર કર્યો છે. સમકિતનો, જ્ઞાનનો. એ **'ચારિત્રને અભેદોપચાર કરું છું...'** એને છોડીને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે કરું છું. આહાહા..! એ ભેદ ઉપચારચારિત્રને અભેદ ઉપચાર કરું છું. પાઠ તો આવો છે. શબ્દને સમજાવવું હોય તો શી રીતે સમજાવે? આહાહા..! જે હું ભેદમાં–રાગમાં છું, તેમાંથી અભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય જે છે. પણ એ ત્રણ છે માટે અભેદ ઉપચાર છે. ત્રણ છે માટે અભેદ ઉપચાર છે. આહાહા..! એ ત્રણ અભેદ છે પણ એ વ્યવહાર છે. ઉપચાર એટલે વ્યવહાર. દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવવા, પર્યાયની અપેક્ષાએ કહ્યું. નીચે લખ્યું છે. ત્રણ ભેદ કેમ કહ્યા? કે લોકો પર્યાયથી સમજે છે માટે ત્રણ ભેદ કહ્યા છે. ૧૬મી ગાથામાં (સમયસારમાં). સમજાણું કાંઈ?

**'અને અભેદોપચાર ચારિત્રને અભેદાનુપચાર કરું છું—'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ છે. નિશ્ચયના, હોં! પણ એ ત્રણ ભેદ છે એ અભેદ ઉપચાર છે. એને અભેદ અનુપચાર કરું છું. એ ત્રણના ભેદને છોડીને આત્મામાં એકાકાર થાવ છું. આહાહા..! આવું ઝીણું છે. આ સામાયિકની વાત ચાલે છે. આ દુનિયા સામાયિક લઈને બેઠી છે એ સામાયિક-સામાયિક નથી એ તો મિથ્યાત્વ છે. શુભભાવના ઠેકાણા નથી અને માને સામાયિક. ત્યાં તો એકલું મિથ્યાત્વ છે. પોષણ મિથ્યાત્વનું પોષણ. આહાહા..! અહીં તો અંદર જઘન્ય રત્નત્રય છે એને ઉત્કૃષ્ટ કરું, નવની પરદ્રવ્યની શ્રદ્ધા છે તેને છોડી અને સાકારને છોડીને નિરાકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરું અને ભેદોપચાર ચારિત્ર જે વ્યવહાર છે, તેને છોડી અભેદરૂપ ઉપચાર કરું એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ભેદ. એને અભેદ ઉપચાર કીધો. એને છોડીને આત્મામાં એકાકાર થાઉં. એનું નામ અભેદ અનુપચાર.

મુમુક્ષુ :– અભેદ ઉપચાર એટલે નિર્વિકલ્પદશા થઈ ગઈ.

પૂ. ગુરુદેવશ્રી :— આત્મા છે ઈ. આ અભેદ ઉપચાર કરવો છે ને? હજી આ પર્યાય દ્રવ્યને આશ્રયે કરવી છે ને એટલે એ તો અભેદ ઉપચાર છે એટલો.

મુમુક્ષુ :– એ વિકલ્પ થઈ ગયો ને.

પૂ. ગુરુદેવશ્રી :– વિકલ્પ નથી. છે તો નિર્વિકલ્પ. પણ એટલો ઉપચાર છે ને? અભેદોપચાર કરે. આ આત્માને હું એકાકાર કરું છું એટલો પણ એમાં ભેદ છે.

મુમુક્ષુ :– આ નિર્વિકલ્પદશા છે?

પૂ. ગુરુદેવશ્રી :– છે નિર્વિકલ્પ. પણ એ તો ભેદ અંદર આવે છે. આહાહા..! આ કળશટીકામાં આવે છે. ભેદજ્ઞાન વિકલ્પ છે. કેવળજ્ઞાનની પેઠે નિર્વિકલ્પ નથી. કળશટીકામાં. કળશટીકા. એ અહીંયાં વિકલ્પને છોડીને પણ હવે નિર્વિકલ્પ કરું છું. પણ નિર્વિકલ્પ કરું છું તો વસ્તુ છે તેને નિર્વિકલ્પ કરું છે એટલો એ ઉપચાર આવ્યો ને અંદર કથન. આહાહા..! અનુપચાર આવ્યો ઇ. ભેદ ન રહ્યો. અભેદ અનુપચાર આવ્યો. ત્યાં ઉપચાર ન આવ્યો. આત્મામાં અભેદ એકાકાર એ અભેદ અનુપચાર છે. અને નિશ્ચયથી દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે એ અભેદ ઉપચાર છે. કારણ કે અભેદ છે એ છતાં બેય વ્યવહાર છે. અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે એ તો સાકાર છે જ તે. આહાહા..!

અહીંયાં તો પર્યાયને અંદરમાં એકાકાર કરું છું એટલે અભેદ અનુપચાર કરું છું. એમ લેવું છે. નહિતર તો ખરેખર પર્યાય છે એ દ્રવ્યમાં ભળતી નથી કાંઈ. પણ પર્યાયનું એકલું અભેદપણું દ્રવ્ય ઉપર ગયું છે એથી એને અભેદ અનુપચાર કહ્યો છે. આહાહા..! એકકોર એમ કહે કે પર્યાયને અવ્યક્ત છે એ અડતું પણ નથી. 'સમયસાર'ની ૪૯ ગાથામાં, વ્યક્ત અવ્યક્તને જાણતા છતાં, એક સાથે જાણતા છતાં. વ્યક્ત એટલે પ્રગટ અને અવ્યક્ત એટલે દ્રવ્ય-ધ્રુવ. બેને એક સાથે જાણતા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહાહા..! અને ત્યાં ને ત્યાં પાછું ૨૦માં પ્રવચનસાર (અલિંગગ્રહણના બોલમાં) કહે, કે દ્રવ્યને પર્યાય અડતી નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી. ઓલું કહ્યું દ્રવ્ય પર્યાયને અડતી નથી. ૨૦માં બોલમાં કીધું કે પર્યાય દ્રવ્યને અડતી નથી. જે અનુભવની પર્યાય થઈ, વેદનની પર્યાય થઈ, એ વેદનની પર્યાયમાં ધ્રુવ આવતું નથી. એ સામાન્યને એ અડતું નથી. વેદનમાં આવે તે જ હું આત્મા છું. પર્યાયમાં આવ્યો તે હું આત્મા છું. આહાહા..!

મુમુક્ષુ :– અહીં દ્રવ્ય પર્યાય અભેદ થઈ જાય છે એમ કહે છે.

પૂ. ગુરુદેવશ્રી :– અહીં અભેદ થતી નથી. દ્રવ્ય ઉપર લક્ષ કરતા કાંઈ ભેદ રહેતો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી એટલી વાત. અભેદ અનુપચાર. એકલો દ્રવ્ય ઉપર લક્ષ થતાં, ભેદ... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ લક્ષમાંથી છૂટી ગયા. ત્રણના ભેદ છે ત્યાં સુધી અભેદોપચાર છે અને છૂટી જતાં અભેદોનુપચાર છે. આહાહા..! આવી ભાષા હવે. વાણિયાને નવરાશ મળે નહિ ને આવી વાત આવી. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ આવો છે.

'કુંદકુંદાચાર્ય' કહે છે, કે મેં તો મારા માટે આ બનાવ્યું છે. એમાંથી ટીકા કરનારા નીકળ્યા વળી, એ ટીકા કરનારા એમ કહે, આની ટીકા કરનાર હું મંદબુદ્ધિ તે કોણ? એની ટીકા તો ગણધરદેવ અને પરંપરા આચાર્યથી ચાલી આવી છે. છે ને? આહાહા..! ગજબ વાતું છે. દિગંબર સંતોની વાતું. નાગા બાદશાહથી આઘા. એને દુનિયાની કાંઈ પડી નથી. આ દુનિયા સમતોલ રહેશે કે નહિ? આ સમાજ માનશે કે નહિ? માને ન માને એને ઘરે રહ્યો. વીતરાગ તત્ત્વ આ છે. આહાહા..! જરી ઝીણી ગાથા હતી.

એક તો મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું એક મલિનતાને સમ્યક્ પ્રકારે તજું છું. એમ આવ્યું ને? મન-વચન-કાયાની જે અશુદ્ધિ હતી તેને કાયાની અશુદ્ધિને **'સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું.'** આહાહા..! પછી કહ્યું કે સામાયિક કહેતા ત્રણ અર્થ છે. **'સામાયિક, છેદોપસ્થાન અને પરિહારવિશુદ્ધિ...'** એક વાત. બીજા ત્રણ આ પ્રકાર છે. જઘન્યને ઉત્કૃષ્ટ કરવું, નવપદાર્થને સાકાર કરીને અને નિરાકાર કરવું. ત્રીજી એ અપેક્ષા છે. એ ત્રણમાં ત્રણ કાઢ્યા. **'सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं'** છે શબ્દ? નિરાકાર કરું છું. આહાહા.. સાકાર અને નિરાકાર. એકકોર જ્ઞાન સાકાર, દર્શન નિરાકાર એ જુદી ચીજ. આ જુદી ચીજ. નવતત્ત્વના ભેદવાળું જ્ઞાન તે સાકાર અને અભેદવાળું તે અંદર... આહાહા..! નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાનવાળું તે નિશ્ચય, તે નિરાકાર. આહાહા..!

આ નિરાકાર એટલે દર્શન અને સાકાર એટલે જ્ઞાન. એ અહીં લેવું નથી. નહિંતર તો સાકાર એટલે જ્ઞાન અને નિરાકાર એટલે નિર્વિકલ્પ દર્શન. જ્ઞાન એ સવિકલ્પ છે સાકાર. સવિકલ્પ એટલે સ્વપરને જાણે છે ને એ વિકલ્પ. વિકલ્પ એટલે રાગ એમ નહિ. એનો વિકલ્પ સ્વભાવ જ છે. સ્વપરને જાણવું એવો સવિકલ્પ સ્વભાવ છે. અહીં કહે છે, કે હું નવતત્ત્વના ભેદરૂપ પરદ્રવ્ય છે એ... આહાહા..! એ નવપદાર્થમાં મોક્ષ આવ્યું. સંવર-નિર્જરા આવી. એને પરદ્રવ્ય કીધું. છે? આહાહા..! નવપદાર્થ ઉપર દ્રવ્ય... આહાહા..! છતાં ભેદ પડ્યા ને નવ? એ શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ રત્નત્રય સાકાર છે એટલે સવિકલ્પવાળા છે. આહાહા..! રાગસહિત એ છે. ધીમે ધીમે સમજવું, ભાઈ! આહાહા..!

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એની વાણી કેવી હોય? આહાહા..! એની ગંભીરતાનો પાર નહિ. જેની ઊંડપનો પાર નહિ, જેની શક્તિના સંગ્રહનો પાર નહિ, જેની શક્તિના સામર્થ્યનો પાર નહિ. શક્તિનો સંગ્રહ કેટલો એનો પાર નહિ અને એની શક્તિના સામર્થ્યનો પાર નહિ. આહાહા..! એવું જે ભગવાન આત્મતત્ત્વ. આહાહા..! એને ઉત્કૃષ્ટ કરું છું એ વસ્તુ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને **'નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...'** નિરાકાર કરું એ પણ હજી જરી ભેદ છે. આહાહા..! પછી ભેદોપચારને છોડી અભેદ ઉપચાર કરું છું. છોડીને અહીં નથી પણ હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છે. રાગમાં વિકલ્પ છે, પંચમહાવ્રત સમકિત સહિત છે, હોં! સમકિત સહિત પંચમહાવ્રતના વિકલ્પ છે એ સાકાર છે એને નિરાકાર કરું છું.

આહા! સ્વભાવરત્નત્રય **'નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (-અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...'** નિરાકારનો અર્થ એ શુદ્ધ કરું છું. આહાહા..! ઓલામાં સાકારનો અર્થ સવિકલ્પ કરું છું. સાકારનો અર્થ સવિકલ્પ કરું છું. નિરાકારનો અર્થ શુદ્ધ કરું છું. છે? આહાહા..! **'એમ ત્રિવિધ સામાયિકને (-ચારિત્રને) ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરવાથી...'** આહાહા..! એ સમ્યગ્દર્શનજ્ઞાનસહિતની વાત છે. સમ્યગ્દર્શન વિના સામાયિક-ફામાયિક હોય નહિ. પૌષધ પડિક્કમણા એ બધા એકડા વિનાના મીંડા છે. સમ્યગ્દર્શન વિના... આહાહા..! સમ્યગ્દર્શન શું છે એ વાત તો ચાલતી જ નથી. એ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, પછી વ્રત કરો થઈ રહ્યું. આ વાણિયા બધા વેપારમાંથી નવરા ન હોય એટલે જય નારાયણ કહે ઇ. આહાહા..! આવો માર્ગ છે. કેટલી ટીકા કરી જુઓને! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ.

**'એમ ત્રિવિધ સામાયિકને (-ચારિત્રને) ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરવાથી...'** એક પછી એક નિર્મળ કરવાથી **'સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...'** સહજ પરમતત્ત્વ ભગવાન આત્મા, એકલો આનંદનો ગોળો છે, જ્ઞાનનો ગોળો છો, આનંદનો સાગર છે. અખંડ આનંદનો દરિયો છે. એવો જે ભગવાન આત્મા એવું **'સહજ પરમતત્ત્વ...'** સ્વભાવિક પરમતત્ત્વ છે, તેમાં **'અવિચળ સ્થિતિરૂપ...'** ફરે નહિ એવી સ્થિતિરૂપ **'સહજ નિશ્ચય ચારિત્ર હોય છે—'** લ્યો. આહાહા..! આ રીતે અંદરમાં અભેદ જતાં સહજ અવિચળ સ્થિતિરૂપ નિશ્ચયચારિત્ર, સાચું ચારિત્ર હોય છે. એ ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. આહાહા..!

**'કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે.'** વિકલ્પ રહિત છે એમ કહેવું છે. **'નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...'** જુઓ! નાખ્યું પાછું એ. એ ૧૦૨ ગાથામાં નાખ્યું હતું, કે ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ ભગવાન છે, તેથી નિરાવરણ એવું જ્ઞાનદર્શનના લક્ષણથી તે લક્ષિત થઈ શકે છે. ત્રિકાળી નિરુપાધિતત્ત્વ ભગવાન, એ નિરાવરણ જ્ઞાનદર્શન, એના લક્ષણથી લક્ષિત થઈ શકે છે. આહાહા..! એ અહીંયાં એમ કહ્યું, જુઓ! **'(નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...'** તત્ત્વમાં લીન હોવાથી **'નિરાકાર ચારિત્ર છે.'** તત્ત્વમાં લીન હોવાથી. શુદ્ધ, અખંડ, અભેદ તત્ત્વ જે કહ્યું... આહાહા..! **'સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...'** એમ કહ્યું. સહજ સ્વભાવિક પરમ તત્ત્વમાં અવિચળ- ન ફરે એમ. એવી **'સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોય છે—કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...'** બેય વાત કરી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક તો પોતે નિશ્ચય કીધું. કીધું ને? **'સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...'** એ વસ્તુસ્થિતિ. એમાં. આહાહા..! **'સહજ પરમ તત્ત્વમાં...'** એ વસ્તુ કીધી. **'અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોય છે...'** એ પર્યાય કીધી. અને તેથી **'નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...'** એ નિરાકાર વસ્તુ જે છે એ વસ્તુ નિરાકાર હોવાથી, એમાં લીન હોવાથી **'નિરાકાર ચારિત્ર છે.'** ૧૦૨ મી ગાથામાં કીધું એ. ૧૦૨ ગાથામાં પહેલા કીધું ને. આહાહા..! શું કહ્યું એ. કે સહજ પરમાત્મા નિરાકાર શુદ્ધ ચૈતન્ય છે. એમાં સાકાર એટલે વિકલ્પ-બિકલ્પ છે નહિ. એવો જે નિરાકાર પ્રભુ... આહાહા..! એને પર્યાયમાં નિરાકાર ચારિત્ર થાય છે. એ નિરાકાર ચારિત્રથી નિરાકાર વસ્તુમાં સ્થિર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? વસ્તુ બેય નિરાકાર લીધી.

નિશ્ચય ચારિત્ર નિરાકાર અને નિરાકાર તત્ત્વ. એ નિરાકાર નિશ્ચયચારિત્ર નિરાકાર તત્ત્વમાં લીન થાય છે. આહાહા..! નિરાકાર એવું તત્ત્વ, એ રાગથી તેમાં લીન થઈ શકાતું નથી. વ્યવહારરત્નત્રયથી એમાં લીન થઈ શકાતું નથી. આ છેલ્લો સરવાળો કર્યો. આહાહા..! આવું સ્વરૂપ.

મુમુક્ષુ :– નિરાકાર અને અભેદ એક જ વાત છે?

પૂ. ગુરુદેવશ્રી :– એક જ. વસ્તુ અંતર એક. નિર્વિકલ્પ વસ્તુ તે નિરાકાર વસ્તુ. અભેદ વસ્તુ તે નિરાકાર. અભેદ વસ્તુ તે અભેદભાવથી સ્થિર થાય છે. નિર્મળ નિરાકાર અભેદ વસ્તુ છે, તે નિરાકાર પર્યાયથી ત્યાં સ્થિર થાય છે. નિજાકાર પર્યાયથી ત્યાં અંદર અવિચળમાં સ્થિર થાય છે. આહાહા..! આ સામાયિકની વાત ચાલે છે. અત્યારે તો સામાયિકમાં આઠ વર્ષની છોડી બેસી જાય. પાંચ સામાયિકને પચરંગી કરીને બેઠા. પછી શેઠિયાઓ રૂપિયો, બેરૂપિયા, પતાસા, પેંડા આપે. એટલે માણસ વધારે બેસે. અરે..! ભાઈ! હજી સામાયિક કોને કહેવી તે સાંભળી નથી, બાપુ! આહાહા..!

અહીં તો સમતાનો પિંડ, પ્રભુ! એ સમતા દ્વારા જણાય છે. બીજી રીતે કહીએ તો શુદ્ધોપયોગસ્વરૂપ આત્મા ત્રિકાળ એ વર્તમાન શુદ્ધોપયોગ દ્વારા જણાય છે. આહાહા..! નિરાકાર વસ્તુ ભગવાન તત્ત્વ, તે નિરાકાર ચારિત્રથી સ્થિર થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– અભેદ ઉપચાર ને શુદ્ધ પરિણતિ અને અભેદ ઉપચારમાં શુદ્ધોપયોગ બેય એક થયું?

પૂ. ગુરુદેવશ્રી :– એ શુદ્ધોપયોગ છે. અભેદ જે ઉપચાર છે એ શુદ્ધોપયોગ છે. પછી એકાકાર થઈ જાય છે તે અભેદ અનુપચાર છે. કાલે કહ્યું હતું. સ્વાસ્થ કહો, સાધન કહો, એ સંબંધે એને શુદ્ધોપયોગ કહેવાય છે. સામ્ય કહો. 'પ્રવચનસાર'માં શરૂઆતમાં આવે છે. સામ્યને અંગીકાર કરું છું. એ સામ્ય એટલે શુદ્ધોપયોગ છે. આહાહા..! પહેલા શરૂઆતમાં આવે છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, હું તો સામ્યને અંગીકાર કરું, શુદ્ધોપયોગને અંગીકાર કરું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! ટીકા કરે છે તો પરમ શુદ્ધોપયોગને અંગીકાર કરું છું. વળી પરમ ઓલામાં નાખ્યું. આચાર. જ્ઞાન આચાર, દર્શન આચાર... તપઆચાર, વીર્યાચાર (ચારિત્રાચાર) વિગેરે. આહાહા..!

શુદ્ધોપયોગ કહો, સમતા કહો, વીતરાગતા કહો, પર્યાયની દ્રવ્ય તરફની એક્તા કહો, એ બધું એક અર્થમાં છે. એ શુદ્ધોપયોગ અને સમતાની આ બધી ટીકાઓ છે. આહાહા..! એનું આ બધું વિવરણ અને વિવેચન છે. આહાહા..! સમતા. પુણ્ય પરિણામ દયા, દાન છે એ વિષમતા છે. એ એનો સ્વભાવ નથી. માટે એનાથી તે જણાય એવો નથી. આ મોટો વાંધો અત્યારે નડે છે. દિગંબર સંપ્રદાયને નડે છે. વ્યવહાર શુભરાગ એ શુભરાગ એની ચીજમાં નથી. એની ચીજમાં નથી, એનાથી તે ચીજ પ્રાપ્ત થાય એમ નથી. એની ચીજમાં તો વીતરાગતા છે. શુદ્ધોપયોગ ભર્યો છે. તો એ શુદ્ધોપયોગથી પ્રાપ્ત થાય. વીતરાગભાવ વીતરાગ પર્યાયથી પ્રાપ્ત થાય. પણ કષાયભાવ સ્વરૂપ ભગવાન અકષાય પરિણામથી પ્રાપ્ત થાય. સકષાય પરિણામથી પ્રાપ્ત ન થાય. આહાહા..!

મુમુક્ષુ :– ઘડીક કહો છો કે ભેદ ઉપચારથી અભેદ ઉપચારમાં જાય છે પછી...

પૂ. ગુરુદેવશ્રી :– એ અભેદ અનુપચાર એ વસ્તુ થઈ. ઓલામાં દ્રવ્ય અને પર્યાય બે ભેદ રહ્યા ને. દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય અને આત્મા. એવા બે ભેદ રહ્યા. 'સમયસાર'ની ૧૬મી ગાથામાં કહ્યું ને? **'दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं'** સાધુએ ત્રણ સેવવા, કે આમ કેમ કહ્યું? કે ભાઈ! લોકો પર્યાયથી સમજે છે માટે પર્યાયથી વાત કરી છે. પર્યાય એ કોણ? નિશ્ચય, હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય તે. બાકી **'ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो'** ત્રણ નહીં પણ એક જ આત્મા. આહાહા..!

મુમુક્ષુ :– ત્યાં ત્રણ ભેદને તો મેચક કીધા.

પૂ. ગુરુદેવશ્રી :– મેચક કહો કે ભેદ કહો, મેલ કહો કે વ્યવહાર કહો. એ ૧૬મી ગાથામાં કહ્યું. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ કરવા એ મેચક-મેલ છે. મેલ કહેવાની રીત છે એવું લખ્યું છે. આહાહા..! આકરું કામ છે. એક-એક બોલે...

હેય ઉપાદેય કહેવું તે વ્યવહાર છે. એકલો ભગવાન શુદ્ધચૈતન્ય આનંદકંદઘન, એનો આશ્રય લેવો એ જ વસ્તુ. ચૈતન્યચમત્કાર અનંતગુણની ગુણી, અનંતગુણની ગુણી. આ તમારે ચોખાની ગુણી હોય છે ને? એ ચોખા જુદા અને ગુણી જુદી. આ તો અનંતગુણનો ગુણી. આહાહા..! અનંતગુણથી ભરેલો ગુણી. પણ ઓલા ચોખાનો કોથળો જુદો. એમાં ગુણ અને ગુણી જુદા નથી કાંઈ. આ પ્રદેશ બેયના એક છે. પર્યાયના પ્રદેશ જુદા કહેવાય છે. ગુણ અને ગુણીના નહિ. આહાહા..! છેલ્લું શું કીધું?

**'એમ ત્રિવિધ સામાયિકને (–ચારિત્રને) ઉત્તરોત્તર...'** વ્યવહાર છોડીને નિશ્ચય, નિશ્ચય છોડીને અભેદ અનુપચાર. એમ **'સ્વીકૃત (અંગીકૃત) કરવાથી સહજ પરમ તત્ત્વમાં...'** સ્વભાવિક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા એમાં **'અવિચળ સ્થિતિરૂપ...'** ન ફરે એવી સ્થિતિરૂપ **'સહજ નિશ્ચયચારિત્ર હોય છે—'** એનો ખુલાસો કર્યો. લીટી કરી એટલે એનો અર્થ **'કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...'** નિશ્ચયચારિત્ર એને કેમ કહ્યું? કે **'નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી એ નિરાકાર ચારિત્ર છે.'** નિરાકાર ચારિત્રમાં વસ્તુ છે વસ્તુ, એમાં **'લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે.'** એને વિકલ્પ નથી, રાગ નથી, ભેદ નથી. આહાહા..! આ ચારિત્ર મુક્તિનું કારણ છે. બીજું ચારિત્ર, પંચમહાવ્રત અને લુગડા ફેરવ્યા, નગ્ન થયા માટે ચારિત્ર થઈ ગયા... આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૧૪, શ્લોક-૧૩૯, ગાથા-૧૦૪, શનિવાર, પોષ સુદ ૩, તા.૨૨-૧૨-૭૯

'નિયમસાર' ગાથાનો છેલ્લો ભાગ છે. ગાથા ૧૦૩ છે ને એનું...

**'એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** ત્યાં આવ્યું છે.

**`द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।**
**तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्ग**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।'**

**'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને? પચ્ચખાણનો અધિકાર છે. પચ્ચખાણ છે એ ચારિત્ર છે અને ચારિત્ર જે છે એ સ્વરૂપ જે ચૈતન્ય અનંતબળનો ધણી. જેમાં પોતાના અનંતગુણો છે, તેનો જેને અનંતવિશ્વાસ છે. શ્રદ્ધાનામનો ગુણ. શક્તિમાં સમકિત અને ચારિત્ર નથી લીધું. ૪૭ શક્તિ. પણ સુખ શક્તિમાં એ આવી જાય છે. ૪૭ શક્તિ છે ને? એમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર બે આવી જાય છે. એટલે અહીયાં એમ કહેવું છે, કે આત્મામાં અનંત બળીયો છે. રાગથી હાર્યો જાય એવો એ નથી. આહાહા..! એને વિશ્વાસ નથી. અનંત-અનંત બળ, અનંતજ્ઞાનનું બળ, અનંત દર્શનનું બળ, અનંતશ્રદ્ધાનું, વિશ્વાસનું બળ, અનંત ચારિત્રનું બળ, અનંતવીર્યનું બળ. એવા અનંતબળવાળો હું આત્મા છું. એમ ભગવાન કહે છે. આત્મા કેવો હોય એની ખબર પણ ન મળે. જય નારાયણ. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મામાં અનંત વિશ્વાસ-શ્રદ્ધા નામનો એક ગુણ છે, કે જે અનંત વિશ્વાસ છે. અનંતા ગુણો છે એકએક ગુણ અનંત છે. શક્તિવંત. એ બધા ગુણોનો જેમાં અનંત-અનંત વિશ્વાસ અને અનંતબળ છે. આહાહા..! એ આત્મા **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** એટલે શું કહે છે? પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને? એનું ચરણ એટલે નિર્મળ પરિણતિ. પાંચમે કે છઠે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણસ્થાને જે નિર્મળ પરિણતિ હોય છે, એના પ્રમાણમાં દ્રવ્યાનુસારી હોય છે. દ્રવ્યાનુસાર જે નિર્મળ પરિણતિ છે, એના પ્રમાણમાં એને રાગની મંદતાનું ચરણ હોય છે. ફરીને.

ચરણ એટલે રાગની મંદતાની લાયકાત. છઠે ગુણસ્થાને નગ્ન, દિગંબર મુનિ હોય, તો એની ચરણ એટલે રાગની, પંચમહાવ્રતની મંદતા, કે કપડું ન વાપરવું, કપડું લેવું નહિ, એવી જે મંદતા, એ એને અનુસાર પવિત્રતાની પરિણતિ છે. આહાહા..! આવું છે. આ **'ચરણ દ્રવ્યાનુસાર...'** એટલે દ્રવ્ય ન લેવું. દ્રવ્ય તો ત્રિકાળી છે. અનંતબળનો ધણી ભગવાન, અનંત વિશ્વાસ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતવીર્ય. એક-એક વીર્ય અનંત-અનંતગુણમાં વ્યાપ્યું છે. તો અનંતજ્ઞાન વીર્ય, અનંતદર્શન વીર્ય, અનંત સુખવીર્ય, અનંત શાંતિવીર્ય, એવો જે ભગવાન આત્મા એને અનુસરીને જે પરિણતિ થાય, તેના પ્રમાણમાં ચરણ હોય છે. અહીં ભાષા ચરણથી લીધી છે.

મુનિને છઠે ગુણસ્થાને રાગની મંદતાની યોગ્યતા એટલી જ હોય છે કે પંચમહાવ્રત, એને કપડું લઉં કે એને માટે કરેલો આહાર લઉં, એવું ચરણ એટલે રાગની મંદતાથી આ વિશેષ વાત એને હોય નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ચરણ એટલે રાગની મંદતા, એની ક્રિયા, એના પવિત્ર જે દ્રવ્ય પરિણમ્યું છે, એ પવિત્રતાના પ્રમાણમાં રાગની મંદતા હોય છે. મુનિપણું વિશેષ પ્રગટ્યું અને ચરણમાં તીવ્ર રાગ હોય, વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, એને માટે બનેલો આહાર લેવાનો, તો એવું ચરણ એને હોય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ પ્રત્યાખ્યાન છે.

પ્રત્યાખ્યાનની પરિણતિ એવી હોય, કે એને અનુસરીને રાગની મંદતા હોય, પહેલું અહીંથી લીધું છે, કે રાગની મંદતા એટલી એ ભૂમિકાએ હોય, કે જેથી દ્રવ્યને અનુસારે જે શુદ્ધ પરિણતિ પ્રગટી છે એના પ્રમાણમાં રાગની મંદતા હોય. સમજાય છે કાંઈ? આહાહા..! 'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર, એની છેલ્લી ગાથા છે. છેલ્લી ગાથા છે. ઝીણી વાત છે, ભાઈ! પચ્ચખાણ એને કહીએ, કે જેને રાગની મંદતા. અહીં પચ્ચખાણ જેને થયું છે, આનંદસ્વરૂપમાં રમે છે. આત્મા અતીન્દ્રિય આનંદમાં રમે છે, એ રમે છે એ પ્રત્યાખ્યાન. એ પ્રત્યાખ્યાન ચરણાનુસાર હોય છે. તેના પ્રમાણમાં એની રાગની મંદતા એટલી હોય છે. રાગની મંદતાના અનુસારે, એને લઈને નહિ. આહાહા..!

પ્રત્યાખ્યાન એને હોય છે, કે જેને રાગની મંદતા જે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં હોય, તે ભૂમિકા અનુસાર અહીંયાં શુદ્ધ પરિણતિ હોય. એ પહેલો અર્થ છે. કહો, સમજાણું આમાં? કોઈ કહે કે અમને શુદ્ધ પરિણતિ પ્રત્યાખ્યાન છે. પણ અમે વસ્ત્ર અને પાત્ર વાપરીએ છીએ. તો એ મિથ્યાદૃષ્ટિ છે. એને ચરણ દ્રવ્યાનુસારી નથી. આહાહા..! આવી વાત છે, બાપુ! આકરી છે. લોકોને ક્યાં પડી છે. પાપ આડે ક્યાં આખો દિ' નવરા થાય છે? ધંધાના પાપ, બાયડી-છોકરાને સાચવવા. બે-પાંચ કરોડ રૂપિયા ભેગા થઈ જાય, પાપમાં ખર્ચે અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની મહિમા થઈ જાય. આહાહા..!

અહીં કહે છે, કે પચ્ચખાણની દશા એટલે કે ચારિત્રની દશા એવી હોય, કે **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** એ જેટલી શુદ્ધ પરિણતિ પ્રગટી હોય એના પ્રમાણમાં ચરણ એટલે રાગની મંદતા હોય. છે ને? પહેલું ચરણ છે એ ચરણાનુંયોગનું ચરણ છે અને બીજું દ્રવ્યાનુયોગ એ દ્રવ્યની શુદ્ધિ છે. દ્રવ્ય અનુસાર એમ નહિ. દ્રવ્યને અનુસારે થતી પરિણતિ એ અહીં દ્રવ્યાનુસાર લેવી છે. સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો, બાપુ! જન્મ-મરણ કરી કરીને સોથા નીકળી ગયા છે. અનંતવાર જન્મ્યો. કરોડપતિ, અબજોપતિ અનંતવાર થયો, અને મરીને પાછો ભૂંડમાં, કાગડા, કૂતરામાં અવતર્યો અને વળી નરક અને નિગોદની ચારગતિમાં રખડ્યો છે. આહાહા..! 'ચીમનભાઈ'! અહીં તો જાણે પાંચ-પચાસ લાખ મળે ત્યાં તો ઓહોહો..! જાણે અમે શું વધી ગયા અને શું? પાપમાં વધી ગયા છે. આહા..!

અહીં કહે છે, કે વધેલો હોય એનું ચરણ એને એવું હોય છે, કે રાગની મંદતાના પ્રમાણમાં શુદ્ધની પરિણતિ વધેલી હોય છે. 'ચંદુભાઈ'! સમજાય છે? આમ સીધો અર્થ કઠણ પડે. વસ્તુ આમ છે. આહાહા..! આ શરીર, વાણી, મન તો જડ છે, આ તો માટી, ધૂળ છે. આ કાંઈ આત્મા નથી. અંદર કર્મ છે એ જડ-ધૂળ છે. અંદર કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પુણ્ય છે. હિંસા, જૂઠું, રળવા, ભોગવવા દુકાનના ધંધા એ પાપ છે. પણ એ પુણ્ય અને પાપથી ભિન્ન અંદર આત્મા છે. આહાહા..! એ આત્માનું **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** એ આત્માનું ચરણ એટલે રાગની મંદતા, દ્રવ્યની શુદ્ધિની પરિણતિ પ્રમાણે હોય છે. સમજાણું?

મુમુક્ષુ :– અંતરમાં ચોથું ગુણસ્થાન હોય અને બહાર નગ્ન મુનિપણું હોય તો?

પૂ. ગુરુદેવશ્રી :– એ ત્યારે દ્રવ્યલિંગી કહેવાય છે. એને દ્રવ્યલિંગ કહે છે. દ્રવ્યલિંગના ત્રણ પ્રકાર છે. એક તો બહારથી સાધુની ક્રિયા કરતો હોય. તે સાધુ કોણ? નગ્ન-દિગંબર હો એ. વસ્ત્રવાળા સાધુને જૈનદર્શનમાં ગણ્યા નથી. એ સાધુ નથી. અહીં તો વસ્ત્રરહિત થઈ, નગ્નપણું થઈ, પંચમહાવ્રત પાળતા હોય, પણ દૃષ્ટિ મિથ્યાત્વ હોય, એ રાગની ક્રિયા છે, ધર્મ છે એમ માને, તો એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી છે. એક વાત. બીજું જેને આત્મજ્ઞાન છે કે હું શુદ્ધ છું. આ રાગની મંદતા એ બંધનું કારણ છે. પંચમહાવ્રતના પરિણામ પણ બંધનું કારણ છે. એમ જાણે છે પણ ક્રિયા સાધુપણાની, વ્યવહારની કરે છે. અંદરમાં છઠ્ઠું ગુણસ્થાન નથી. અંદરમાં સમકિત છે અને બહારમાં ક્રિયા બરાબર ચરણ દ્રવ્યાનુસાર જે અહીં કહે છે એ પ્રમાણે કરે છે. એને પણ દ્રવ્યલિંગી કહેવાય છે. અને ત્રીજું, પાંચમું ગુણસ્થાન અંદર હોય, ક્રિયા બધી સાધુની હોય. નગ્નદિગંબર, વસ્ત્ર રહિત જંગલમાં વસે. એવું આચરણ હોય પણ અંદર પાંચમું ગુણસ્થાન હોય, એને પણ દ્રવ્યલિંગી કહે છે. આહાહા..!

ભાવલિંગી તો એને કહે છે, ચૈતન્યભગવાન અંદર અનંતઆનંદનો નાથ, પ્રભુ! અનંતજ્ઞાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને અનંતઆનંદ અને અનંતસુખ અને અનંતશાંતિ, અનંત જેનું બળ છે. જેના વિશ્વાસે અનંતબળ પ્રગટે છે અને અનંતબળવાળો છે એમ એનો વિશ્વાસ આવે છે. એ અનંતબળને લઈને એ રાગને તાબે થતો નથી. આહાહા..! સમ્યગ્દર્શન હજી તો ધર્મની પહેલી દૃષ્ટિ. એ અહીં ક્યાં છે? અત્યારે તો બધી વાતું છે. આહાહા..! અંતરની આનંદની રમતમાં, સમ્યગ્દર્શનની રમત અંદરમાં હોય છે સ્વરૂપનું ભાન થઈને, છતાં ક્રિયામાં તીવ્ર રાગની મંદતા એના પ્રમાણમાં હોય છે. તો એના પ્રમાણમાં રાગની મંદતા વિષય આદિ હોય છતાં એની રાગની મંદતા પ્રમાણે દ્રવ્યની શુદ્ધિ હોય. એના દ્રવ્યની શુદ્ધિ પાંચમા અને છઠાગુણસ્થાન જેવી ન હોય. તીવ્ર વિષય, ભોગ આદિ વાસના હોય, આર્તરૌદ્રધ્યાન આદિ હોય છે, તો એવું ચરણ જ્યાં હોય છે ત્યાં આગળ અંદરમાં શુદ્ધિની પ્રવૃત્તિ જેવી ઊંચી જોઈએ તેવી ન હોય. નીચલી ભૂમિકા પ્રમાણે તે શુદ્ધિ હોય. એ શુભને લઈને શુદ્ધિ હોય એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! દુનિયાથી બધું ઉંધું છે. દુનિયા ઉંધી છે તો એનાથી આ ઉંધું છે. ઉંધે ઘડે ઉધોં.. પડે. ઉંધો ઘડો મૂકે તો સવળો બેસે નહિ. ઉંધા ઉપર ઉંધો જ બેસે. એમ પહેલેથી જેણે આત્મદર્શન શું ચીજ છે? એ રાગરહિત અંદર નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ શું છે? એની ખબર વિના ઉંધા તર્ક કરે, એના બધા તર્ક એકોએક ઊંધા જ હોય. આહાહા..! સમજાય છે કાંઈ? ઊંધા તર્કનું ચરણ છે ત્યાં સામે મિથ્યાત્વ છે. અને રાગની મંદતાનું પ્રમાણ પાંચમા અને છઠા ગુણસ્થાન પ્રમાણમાં હોય તો અંદરમાં શુદ્ધ પરિણતિની પ્રત્યાખ્યાન દશા એના પ્રમાણમાં હોય. આહાહા..! એ એક અર્થ થયો.

**'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** રાગની મંદતાનો ભાવ, દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં હોય છે. આ એનો અર્થ. 'દેવીલાલજી'! **'અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** અને દ્રવ્યની શુદ્ધપરિણતિ પણ રાગની મંદતાના પ્રમાણમાં શુદ્ધ તેની પરિણતિ હોય છે. આહાહા..! અહીં શુદ્ધ પરિણતિ વિશેષ હોય અને અહીં રાગની તીવ્રતા હોય એમ ન હોય. દ્રવ્ય એટલે શુદ્ધપરિણતિ ચરણાનુસાર અને રાગની મંદતા અનુસાર હોય છે. સમજાય છે કાંઈ? આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની વાણી છે. અત્યારે તો બધી વાણી-બાણી લોપ થઈ ગઈ. અત્યારે દયા પાળો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, સૂકાઈ જાય તેવું કરો. તત્ત્વની તો ખબર પણ ન મળે. આહાહા..! આ વીતરાગનું વચન છે. એ મુનિઓ આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહાહા..!

દ્રવ્ય એટલે શુદ્ધ પરિણતિ. બીજો બોલ. દ્રવ્ય એટલે શુદ્ધપરિણતિ લેવી. શુદ્ધપરિણતિ ચોથાની, પાંચમાંની, છઠ્ઠાની એના પ્રમાણમાં રાગની મંદતા હોય છે. સમકિતીની દ્રવ્યપરિણતિ થોડી શુદ્ધ છે. તો એને રાગ ચરણમાં કોઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને એવું ચરણ હોય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમ શ્રાવક સાચો હોય. આ તો બધા વાડાના શ્રાવક છે. આ તો શ્રાવક એકેય નથી. અંતર.. 'શાંતિભાઈ'! આ આકરું પડશે આ. આ તો બધાને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોયા છે ને. આ શરીરને ૯૦ વર્ષ થયા. પહેલેથી ૭૨ વર્ષથી આ માંડી છે. ૧૮ વર્ષની ઉંમરથી દુકાન ઉપર. 'પાલેજ'માં દુકાન છે ને? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'માં દુકાન છે. ત્યાં દુકાનમાં નવ વર્ષ કાઢ્યા. ત્યારથી ત્યાં હું તો શાસ્ત્ર વાંચતો. ૭૨ વર્ષ પહેલા. ૭૨થી અત્યાર સુધી શાસ્ત્ર વાંચન. અત્યારે ૯૦ વર્ષ થયા.

મુમુક્ષુ :- ત્યારે શ્વેતાંબરના શાસ્ત્ર વાંચતા.

પૂ. ગુરુદેવશ્રી :- શ્વેતાંબર શાસ્ત્ર વાંચતા. સ્થાનકવાસી હતા. પિતાજી સ્થાનકવાસી હતા. પિતાજી ઢુંઢીયા હતા એમાં જન્મ થયો. એ વાંચતા. પણ પછી અંદરથી પૂર્વ ભવનું આવ્યું. ભગવાન મહાવિદેહમાં પ્રભુ! બિરાજે છે. ત્યાંનું આવ્યું. છે?

દ્રવ્યની શુદ્ધ પરિણતિ **'ચરણાનુસાર હોય છે—'** દ્રવ્યપરિણતિ શુદ્ધ ઘણી હોય અને રાગની તીવ્રતા હોય, જેમ કે છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધપરિણતિ ઘણી છે અને એને રૌદ્ર ધ્યાન હોય એમ ન હોઈ શકે. પાંચમે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ હોય અને એને આર્તધ્યાન, રૌદ્રધ્યાન હોઈ શકે. આહાહા..! આવી વાતું સમજવી (કઠણ પડે). આ ધર્મકથા. બાપુ! વસ્તુ કોઈ જુદી છે. જૈનપરમેશ્વર ત્રિલોકનાથનું કથન કોઈ જુદી જાતનું છે.

**'દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** દ્રવ્યની શુદ્ધપરિણતિ રાગની મંદતા પ્રકાર જેટલા જોઈએ તે ગુણસ્થાને તેના પ્રમાણમાં હોય છે. આહાહા..! કહો, સમજાણું કે નહિ? 'સુમનભાઈ'! અરસપર બીજું. 'ચીમનભાઈ'! સમજાણું કે નહિ આમાં? ઓલા લોઢામાં ઝટ સમજાય. ફટ દઈને પૈસા પેદા થઈ જાય. બાર મહિને પચાસ હજાર, લાખ પેદા થાય તો એય.. આમ જાણે... આહાહા..! મોટા શેઠિયાને જાણે આ શું છે! અહીં તો પ્રભુ કહે છે, કે આત્માનું જે જ્ઞાન અને શ્રદ્ધા-દૃષ્ટિ નથી એ બધા દરિદ્ર, ભિખારી છે. જેને રાગના વિકલ્પથી, દયા, દાનના વિકલ્પ રાગથી ભિન્ન આત્મા, એ આત્માની કિંમત નથી, આત્માની મોટપ નથી, આત્માની મોટપ અને પ્રતીતિ અને અનુભવ નથી. એ બધા કરોડોપતિઓ દરિદ્ર છે... દરિદ્ર છે... ભિખારી છે. ભગવાનને કાંઈ જગતની પડી નથી, કે કરોડોપતિ આમ હશે.

**'દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** શુદ્ધ પરિણતિના પ્રમાણમાં ચરણને અનુસાર હોય છે. અહીં પાછું રાગની જેવી મંદતા હોય એના પ્રમાણમાં દ્રવ્યની શુદ્ધિ હોય. એનાથી નહિ. આ તો ફક્ત જ્ઞાન કરાવે છે. આહાહા..! અંદર છે કે નહિ? **'એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે.'** કોણ બે? એક તો ભગવાન આત્મા શુદ્ધ રાગરહિત, વિકલ્પરહિત નિર્મળાનંદ પ્રભુ છે. એનો અનુભવ અને તેના આનંદનો સ્વાદ હોય છે. જઘન્ય દરજ્જાનો ધર્મી, પહેલી શ્રેણીનો ધર્મી એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે એ વિના એ ધર્મી હોય શકે નહિ. આહાહા..! એના સ્વાદના પ્રમાણમાં એને રાગની તીવ્રતા એટલી બધી ન હોય, કે જેથી કુગુરુ, કુદેવને માને. સમજાય છે કાંઈ? આહાહા..!

**'એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...'** બે પરસ્પર શુદ્ધ પરિણતિ અને શુભભાવ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...'** તેથી કાં તો શુદ્ધની પરિણતિનું જ્ઞાન કરીને... આશ્રય એટલે અહીં જ્ઞાન લેવું. સમજાણું કાંઈ? કાં તો દ્રવ્ય એટલે શુદ્ધ પરિણતિ. વીતરાગી પરિણતિ અંદર દયા, દાન, ભક્તિના પરિણામ એ પણ રાગ છે, વિકાર છે. એ ધર્મ નથી. એનાથી રહિત આત્માની શુદ્ધ પરિણતિ, એનો આશ્રય કરીને એટલે એનું જ્ઞાન કરીને. આ શુદ્ધ પરિણતિ આવી છે એવું એનું જ્ઞાન કરીને અને કાં તો ચરણનો આશ્રય કરીને. રાગની મંદતા અનુસાર આવું જ હોય તેનું જ્ઞાન કરીને... આહાહા..! હવે અહીં શબ્દ આવા છે અને અર્થ આવો છે લ્યો. ચરણનો આશ્રય કરીને. ચરણનો આશ્રય કરવાનો છે?

શુદ્ધસ્વભાવ ભગવાન આત્મા એવા પરમાનંદની મૂર્તિ, પ્રભુ! એનું જ્ઞાન કરીને કે એને આવી પરિણતિ વખતે રાગની મંદતા આવી જ હોય. અને કા રાગની મંદતાનું જ્ઞાન કરીને, રાગની મંદતા હોય ત્યાં શુદ્ધ પરિણતિ આવી હોય. એમ બંનેને **'મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.'** આહાહા..! કહો. આ ચોપડામાં આવે નહિ. સાંભળવા જાય ત્યાં આવે નહિ. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, મિચ્છામિદુક્કડમ કરો તત્સુત્રીકરણેણં. એ તો બધી રાગની ક્રિયા છે. એવું તો અનંતવાર કર્યું છે. આહાહા..! 'ચીમનભાઈ'! મેં એ પહેલા એ કર્યું હતું. કરતા હતા ને. દુકાન ઉપર અમે કરતા. સામાયિક, પડિક્કમણા, ચોવિહાર. ચોવિહાર તો ૬૫ની સાલથી. ૬૫ની સાલથી જાવજીવનો ચોવિહાર છે. પાણીનો બિંદુ નહિ. ૬૫ની સાલ. દીક્ષા ૭૦ની સાલમાં. દુકાન ઉપર હતા ત્યાં બધા એ લોકો જમે, તમે જાણો કીધું. હું સૂર્ય અસ્ત પહેલા જમી લઈશ. દુકાનમાં ૨૫-૩૦ માણસો. બે દુકાન હતી. આહાહા..! અભ્યાસ તો ત્યાં પણ કરતો. ભાગીદાર હતા. ભાગીદાર બેઠા હોય તો હું વાંચું. એ બહાર ગયા હોય તો મારે દુકાને બેસવું પડે. આ તો ૬૪-૬૫-૬૬ની સાલની વાતું છે. ૬૮ની સાલમાં દુકાન છોડી દીધી. ૬૮ની સાલમાં વૈશાખમાં. દુકાન ચાલે છે. મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે. ચાર લાખની પેદાશ છે. અત્યારે એક વર્ષની ચાર લાખની પેદાશ છે. ચાલીસ લાખ રૂપિયા છે. ધૂળ-ધૂળ.

મુમુક્ષુ :– પહેલા વખાણ કર્યા પછી પાછળથી ધૂળ કહો છો.

પૂ. ગુરુદેવશ્રી :– વખાણ ક્યાં કર્યા એ તો આંકડો બતાવ્યો. છોકરાઓને હું કહું છું. મારા ફઈના દીકરા ભાગીદાર હતા ને. એ તો બધા મરી ગયા. અહીં ૯૦ વર્ષ થયા. ૬૭ વર્ષ તો દીક્ષા લીધી એને થયા. ૬૦ અને ૭. એ છોકરાઓ છે. ફઈના દીકરા ભાગીદાર હતા એના બધા છોકરા નરમ છે. બધાને કહીએ કે બધું આ તમે પૈસા છે, દુકાન ઘરની છે... આહાહા..! સો ગામમાં ઉઘરાણી આઠ-આઠ લાખની નાખે. મોટો વેપાર છે. આઠ લાખની તો ઉઘરાણી નાખે. એમાં મરી જશો કીધું, હોં! ધ્યાન રાખજો. છોકરાઓ નરમ છે. 'મનસુખ'ને. ત્રણેય છોકરાવ. આહાહા..!

**'(જ્ઞાની, મુનિ)...'** આ ગાથા તો આકરી આવી. એમાં શબ્દો એવા છે ને? એથી આશ્રય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શબ્દ આમ, હોં! લેવો. એક તો દ્રવ્યાનુસારમાં દ્રવ્યને શુદ્ધપરિણતિ લેવી. દ્રવ્ય ન લેવું. અને ચરણાનુસાર પછી પરસ્પર અપેક્ષાસહિત છે. હવે કાં તો દ્રવ્યનો આશ્રય એટલે ત્યાં દ્રવ્ય એટલે શુદ્ધપરિણતિનું જ્ઞાન. કે આટલી શુદ્ધ પરિણતિ અહીં છે. તો શુભરાગ આવો જ હોવો જોઈએ. પછી ચરણનો આશ્રય કરીને. રાગની મંદતા આટલી છે. તો શુદ્ધ પરિણતિ નિર્મળ આટલી જ હોવી જોઈએ. આહાહા..! આવી વાતું છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે એની આ વાણી છે. આહાહા..! અત્યારે તો ચાલતી નથી. અત્યારે તો આખું બધું ઊંધું ચાલે છે. આહાહા..!

એ રીતે **'મોક્ષમાર્ગમાં આરોહણ કરો.'** મોક્ષમાર્ગમાં.. પાઠમાં છે? **'मुमुक्षुरधइरोहतु'** આહાહા..! ચોથે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ હોય, એના પ્રમાણમાં તેને લડાઈનો પણ ભાવ હોય. પાંચમે ગુણસ્થાને હોય તો એને અમુક પ્રમાણના રાગની મંદતા હોય, છઠે ગુણસ્થાને સાચા મુનિ હોય, તો એને ફક્ત આહાર-પાણી નિર્દોષ લેવા, એને માટે કરેલા નહિ. એટલા વિકલ્પની હદ હોય. વસ્ત્ર, પાત્ર લેવા કે એ ચીજ મુનિને હોઈ શકે નહિ. ત્યાં મુનિપણું રહેતું નથી. સમજાણું કાંઈ?

## શ્લોક–૧૩૯

(अनुष्टुभ्)

**चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।**
**यतंते यातनाशीलयमनाशनकारणम्।।१३९।।**

**વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**[શ્લોકાર્થ :-] જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે એવા યતિઓ યમમાં પ્રયત્નશીલ રહે છે (અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે) - કે જે યમ (-સંયમ) યાતનાશીલ યમના (-દુઃખમય મરણના) નાશનું કારણ છે. ૧૩૯.**

## શ્લોક–૧૩૯ ઉપર પ્રવચન

**'વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'**

ઓલો આધાર હતો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।**
**यतंते यातनाशीलयमनाशनकारणम्।।१३९।।**

આહાહા..! **'જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે...'** આત્મા છે ને? અસ્તિ છે ને? સત્તા છે ને? તો સત્તા છે તો સ્વભાવ વિના એકલી સત્તા હોય? સાકર છે અને ગળપણ સ્વભાવ ન હોય એમ બને ક્યાંય? એમ આત્મા છે તેમાં અનંતા સ્વભાવ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એવા અનંતાસ્વભાવ છે. એમાં ચૈતન્યસ્વભાવ મુખ્ય છે. આહાહા..! આ તો હાડકા, ચામડા છે. અંદર પુણ્ય-પાપના ભાવ ઊઠે એ તો વિકાર છે. નવતત્ત્વમાં એ તો વિકાર જુદું તત્ત્વ છે. આત્મા જુદું તત્ત્વ છે. આહાહા..!

**'ચૈતન્યતત્ત્વની ભાવનામાં...'** આહાહા..! જાણનાર-દેખનાર એવો હું. એમાં જેની બુદ્ધિ આસક્ત છે. જાણનાર-દેખનાર હું. હું કોઈનો કરનાર નહિ અને હું કોઈથી લેનાર નહિ. આહાહા..! આમાં બાપ-દીકરો પણ ન હોય એમ કહે છે. એય..! 'સુમનભાઈ'! પાછળ પ્રશ્ન ચાલે છે. આવીને પગ તો દાબે છે 'સુમનભાઈ'. આઠ હજારનો પગાર છે. છ હતા એમાંથી આઠ હજાર મહિને કર્યા. એમનો દીકરો છે. આવીને પગ દાબે. પગ દાબે એ તો જડ છે, માટી છે. માટીને શું કરે?

મુમુક્ષુ :- એમાં દિ' શું વળે?

પૂ. ગુરુદેવશ્રી :- દિ' શું વળે? ધૂળ. આહાહા..! બિચારો ઓલો છોકરો મરી ગયો નહિ? એની માની સેવા કરીને મરી ગયો, ભાઈ! આ છોકરો 'મનસુખ' હંમેશા એની માના પગ દાબતો. ૩૫ વર્ષની ઉંમર. હવે બિચારાને શું થયું. કોણ જાણે? મેડી, ચોથી મેડી. મરી ગયો. પહેલા હેમરેજ થઈ ગયું અને પછી દેહ છૂટી ગયો. કાલે સવારમાં ઓલા પૈસા નહોતા? આજ-આજ. એની પાછળ ૫૫૫૫૫ કાઢ્યા. ૫૫૫૫૫. પચ્ચીસ હજાર બીજા ખાનગી કાઢવાના છે. પોણો લાખ રૂપિયા એના છોકરા નામે. બૈરા નથી. પરણેલા પણ એ બાઈ હરખી નીકળી નહીં તો છોડી દીધી. આ દશા. આહાહા..! અહીં આવતો, સાંભળતો, બેસતો. મગજમાં જરી અસ્થિરતા હતી. પડતું મૂક્યું. થઈ રહ્યો. પાંચ ભાઈઓ. એમાં છેલ્લી સ્થિતિ થવાની એવી. આહાહા..! એવા અનંતા મરણ કર્યા છે. એવા આ જીવે અનંતા મરણ કર્યા છે, પ્રભુ! આહાહા..! અનંત-અનંતકાળ થયો આમ રખડતા-રખડતા. આમ ભૂતકાળમાં જોવે તો ભવ વિનાનો કોઈ દિ' રહ્યો છે? ગયા કાળ આમ જુઓ તો ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ.. ભવ... કોઈ કૂતરાના, કાગડાના, નરકના, નિગોદના, ભૂંડના એવા અનંતાભવ કર્યા છે. આહાહા..! અત્યારે મનુષ્યપણું આવ્યું ત્યાં બધું ભૂલી ગયો. એ ત્યાં રહ્યો અને આ અહીં. મારું થાય એ ખરું. ભવિષ્યને માટે ક્યાં જાવું છે. તું તો અનાદિ-અનંત છો. શરીર તો નાશ થશે, આ તો રાખ થશે. પછી આત્માનું શું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એવો વિચાર કરવાનો વખત ક્યાં છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— વિચાર કરવાનો વખત નથી. એય..! 'સુમનભાઈ'! મહિને આઠ હજારનો પગાર છે ને? પગાર તો પંદરહજારના પગારવાળા ઘણા પડ્યા છે. 'મુંબઈ'માં છે. આપણા 'દલીચંદભાઈ'ના દીકરા નહિ એક. 'મોરબી'વાળા. એકને પંદર હજાર અને એકને દસ હજાર પગાર. ત્યાં ઓલું ટાટા છે ને? ત્રણે ભાઈનું ચાલે છે ને. એકવાર ત્યાં ગયા હતા. એમાં શું?

આ આત્માને જાણ્યા વિના બધા થોથા. એકડા વિનાના મીંડા નીકળવાના. લાખ મીંડા કર્યા હોય પણ એકડો નથી. તો સંખ્યામાં નહિ આવે. એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ, પ્રભુ! જાણક-દેખન આનંદકંદ પ્રભુ! એની દૃષ્ટિ અને અનુભવ નથી ત્યાં સુધી બધું વ્યર્થ છે. એના વ્રત, તપ, ભક્તિ, પૂજા એ રણમાં પોક મૂકવા જેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે, **'જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવના...'** ભાવના શબ્દે એકાગ્રતા. જ્ઞાયકસ્વરૂપ હું તો જાણનાર-દેખનાર આનંદ. મારું જ્ઞાન અનંત, મારું દર્શન અનંત, મારું વીર્ય અનંત. હું અનંત વિશ્વાસુ માણસ છું. અનંતનો વિશ્વાસુ હું છું. આહાહા..! બહારની સંખ્યા નહિ. આત્માના અનંત-અનંત ગુણો ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવે કહ્યા. એ અનંતગુણનો વિશ્વાસુ હું છું. એવી **'ભાવનામાં આસક્ત...'** આહાહા..!

**'એવા યતિઓ...'** યતિઓ એટલે મુનિ. ઓલા જતિ નહિ, હોં! આ જતડા-જતિ. યતિ કેમ કીધું? અંદર આત્માના આનંદની જતના કરે તે જતિ. અતીન્દ્રિય આનંદનો નાથ અંદર બિરાજે છે. આહાહા..! એને પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડીને સ્વરૂપની જતના કરે તે યતિ. **'એવા યતિ એટલે યમમાં પ્રયત્નશીલ રહે છે...'** યમ એટલે સંયમ. આહાહા..! પોતાના સ્વરૂપમાં એ પ્રયત્નશીલ છે. બાહ્યક્રિયાકાંડના આડંબરથી રહિત છે. આહાહા..! અંતરમાં આનંદનો નાથ, પ્રભુ! સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદનો સાગર છે. અનંત જેમાં બળ છે. એ અનંતબળને લઈને એ જેને અનંતબળનું અનંતો વિશ્વાસ આવ્યો... આહાહા..! અનંતા ગુણો અને એના અનંતગુણમાં અનંતબળ છે એવો વિશ્વાસ આવ્યો... આહાહા..! એ અંદરમાં પ્રયત્નશીલ છે. સમજાય છે કાંઈ? સામે છે કે નહિ? આ કાંઈ અહીંનું નથી. 'સોનગઢ'નું નથી. આહાહા..!

**'પ્રયત્નશીલ...'** ભાષા કેવી છે? **'યતિઓ યમમાં પ્રયત્નશીલ રહે છે...'** એક તો યતિઓ અને પછી યમમાં એટલે સંયમમાં. પછી પ્રયત્નશીલ રહે છે. **'(અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે)— કે જે યમ...'** આહાહા..! શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, અંદર આનંદના નાથમાં મુનિ રમે છે. મુનિ એને કહીએ. એ **'યમ (–સંયમ) યાતનાશીલ યમના (–દુઃખમય મરણના) નાશનું કારણ છે.'** ભાષા જુઓ! એ યમ અંતર આનંદસ્વરૂપ ભગવાનનું સંયમ અંદર. સંયમ એટલે સમ્યક્ પ્રકારે સમકિતસહિત યમ. સમકિત વિનાના બધા થોથા. તેથી સંયમ. સમ + યમ.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ. એના સહિત જે અંદર યતનામાં પડ્યા છે, એ યમ. ભાષા યતની વાપરી.

**'યાતનાશીલ યમ...'** યાતનાશીલ યમ. આ યમ યાતનાશીલ મરણ **'નાશનું કારણ છે.'** આહાહા..! આવી વાતું લ્યો. કેવી છે? ઘરે પૂછે કે શું સાંભળ્યું? કાંઈક કહેતા હતા કોણ જાણે. આમ.. આમ.. આમ.. ઓલી કથા હોય તો યાદ પણ રહે. પ્રભુ! આ ધર્મકથા છે. બાકી બધી વિકથાઓ છે. આહાહા..! પુણ્યથી ધર્મ માને, વ્રતથી ધર્મ માને એ બધી વિકથાઓ છે. એ ધર્મકથા નથી. આહાહા..! અહીં કહે છે **'યમ (–સંયમ)...'** સમ્યગ્દર્શનસહિત અંદર સ્વરૂપમાં જતના, એવું સંયમ, યમ એ યમના **'નાશનું કારણ છે.'** યમ યમના નાશનું કારણ છે પહેલો યમ એ સંયમ. બીજો યમ એ દુઃખમય મરણ. યમ, યમના નાશનું કારણ છે. આહાહા..! છે કે નહિ?

યમ... આહાહા..! અંતર સ્વરૂપ આનંદનો નાથ, એને જગાડીને એમાં એકાકાર થયો છે, એવો યમ. યાતના, પીડાના સ્વભાવવાળો યમ. પીડા એટલે દુઃખમય. યાતનાશીલ છે ને? એનો અર્થ દુઃખમય કહ્યો. યાતના એટલે દુઃખરૂપ સ્વભાવ, એવું જે મરણ, એને તે **'યમ (–સંયમ) યાતનાશીલ યમના (–દુઃખમય મરણના) નાશનું કારણ છે.'** આહાહા..! સંયમ છે ને? સમ, યમ. સમ્યગ્દર્શન. પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વભાવ, એનો જેને અંદર સ્વાદ આવ્યો છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. આ તમારા મેસુબના, ધૂળના સ્વાદ એ તો જડના છે. એને કાંઈ એના સ્વાદ નથી આવતા. આ રસગુલ્લા અને મેસુબ અને શું કહેવાય તમારા પતરવેલીયા, અળવીના પાંદડાના પતરવેલીયા. ચણાના લોટમાં કટકા નાખીને કરે ને? દૂધપાક અને પછી ખાય. એ ખાતો નથી. આત્મા ખાઈ શકતો નથી. એ તો જડની ક્રિયા છે. એમાં એક રાગ કરે છે એને અનુભવે છે. આહાહા..! રાગને એ અનુભવે છે. ખાવાની ક્રિયા એ કરી શકતો નથી. આહાહા..! પાગલને તો પાગલ જેવું લાગે એવું છે. આહાહા..! ખાઈ શકતો નથી. અરે..! આત્મા ચાલી શકતો નથી, આત્મા બોલી શકતો નથી. આ તો ભાષા-જડ છે. આહાહા..! એવું જે સંયમ અંદર. પરનું કાંઈ કરવું નથી. અને અંદર સ્વની જતનામાં પડ્યો છે, એવો યમ. યાતના એટલે દુઃખરૂપ સ્વભાવવાળું મરણ, તેનો તે યમ નાશનું કારણ છે. આહાહા..! લ્યો એ ગાથા પૂરી થઈ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# ગાથા–૧૦૪

सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि।
आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए।।१०४।।

साम्यं मे सर्वभूतेषु वैरं मह्यं न केनचित्।
आशाम् उत्सृज्य नूनं समाधिः प्रतिपद्यते।।१०४।।

इहान्तर्मुखस्य परमतपोधनस्य भावशुद्धिरुक्ता।

विमुक्तसकलेन्द्रियव्यापारस्य मम भेदविज्ञानिष्वज्ञानिषु च समता; मित्रामित्रपरिणतेरभावान्न मे केनचिज्जनेन सह वैरम्; सहजवैराग्यपरिणतेः न मे काप्याशा विद्यते; परमसमरसीभावसनाथपरमसमाधिं प्रपद्येऽहमिति।

(वसंततिलका)

'मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः
स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।
संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-
मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि।।'

---

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.

અન્વયાર્થ :– [ सर्वभूतेषु ] સર્વ જીવો પ્રત્યે [ मे ] મને [ साम्यं ] સમતા છે, [ मह्यं ] મારે [ केनचित् ] કોઈ સાથે [ वैरं न ] વેર નથી; [ नूनम् ] ખરેખર [ आशाम् उत्सृज्य ] આશાને છોડીને [ समाधिः प्रतिपद्यते ] હું સમાધિને પ્રાપ્ત કરું છું.

ટીકા :– અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે.

જેણે સમસ્ત ઇંદ્રિયોના વ્યાપારને છોડ્યો છે એવા મને ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે; મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી; સહજ વૈરાગ્યપરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી; પરમ સમરસીભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું. (અર્થાત્ પરમ સમાધિને પ્રાપ્ત કરું છું.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એવી રીતે શ્રી યોગીંદ્રદેવે (અમૃતાશીતિમાં ૨૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**'[શ્લોકાર્થ :-] હે ભાઈ ! સ્વાભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને, ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને, અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'**

## ગાથા–૧૦૪ ઉપર પ્રવચન

ગાથા-૧૦૪.

**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए।।१०४।।**

'**खामेंमि सव्वे जीवा**' આવે છે ને?

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

**'અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે.'** જે સાધુ અંતર્મુખ ભગવાન અંતર પડ્યો છે આખો. એના ઉપર જેની દૃષ્ટિ છે. અંતર્મુખ... આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ છે. શરીર ઉપરથી તો દૃષ્ટિ ઊઠી ગઈ છે. આ તો જડ, માટી, અજીવ છે, મસાણની રાખ છે. આહાહા..! જેને **'અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન..'** અંતર્મુખ. બહિર્મુખમાં પુણ્ય અને પાપ અને એના નિમિત્ત. આ તો અંતર્મુખ પ્રભુ! પોતે બિરાજે છે. ભગવાન પોતે અંદર પરમેશ્વર છે. પરમેશ્વર ન હોય તો પરમેશ્વર પર્યાયમાં આવશે ક્યાંથી? બહારથી કાંઈ આવવાનો છે લટકતો? આહાહા..! એ પરમેશ્વર છે. તે અંતર્મુખ છે. અંતર્મુખ છે. વિકલ્પથી, રાગથી ભિન્ન અંદર છે. એમાં **'અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિ...'** એવા સંતોની ભાવશુદ્ધિનું આમાં કથન છે. આહાહા..!

**'જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે...'** આ ઇન્દ્રિયો જડ, માટી. આંખ, કાન એ માટી છે. ધૂળ, માટી, ધૂળ-ધૂળ છે. એનો **'વ્યાપારને છોડ્યો છે...'** આહાહા..! ભાવેન્દ્રિયનો પણ જેણે વેપાર છોડ્યો છે. જે એક એક ઇન્દ્રિય એક એકનું જ્ઞાન કરે છે એવી ભાવેન્દ્રિય, એનો પણ વ્યાપાર છોડ્યો છે **'એવા મને...'** મુનિરાજ પોતે કહે છે હવે. **'ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે;...'** કહે છે કે, સમસ્ત ઇન્દ્રિયોનો વેપાર છૂટી ગયો છે. અતીન્દ્રિય આનંદ ભગવાન, એના અનુભવમાં હું છું. તેથી ભેદજ્ઞાની કોઈ સમકિતી પાંચમે, છઠ્ઠે કે ચોથે ગુણસ્થાને જ્ઞાની હોય કે અજ્ઞાની હોય. બે પ્રત્યે સમતા છે. આહાહા..! **'खामेंमि सव्वे जीवा'** આવે છે ને? **'सव्वे जीवा'** આહાહા..! સમતા છે. હું તો આત્મા છું. અતીન્દ્રિય આત્મા છું. ઇન્દ્રિયો જ મારી નથી તો એનો વેપાર મારો ક્યાંથી? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય એવો જે ભગવાન આત્મા, એવો મને **'ભેદવિજ્ઞાનીઓ...'** એટલે જ્ઞાનીઓ પ્રત્યે **'તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે;...'** ચાહે તો કેવળજ્ઞાની હોય તો પણ મારે સમતા છે. પરદ્રવ્ય પ્રત્યેનું લક્ષ જાય તો રાગ થાય. એમ કહે છે. આહાહા..! ભગવાનનું સ્મરણ અને ભગવાન યાદ આવે, તોય રાગ થાય, એ શુભરાગ છે. એ ધર્મ-બર્મ નથી. આહાહા..! તેથી. છે ને? **'એવા મને ભેદવિજ્ઞાનીઓ...'** એટલે સમકિતી. પાંચમે, છઠે.. મુનિ આદિ. બધા પ્રત્યે અને અજ્ઞાનીઓ પ્રત્યે સમતા. ભલે અજ્ઞાની હોય. ઊંધી શ્રદ્ધાવાળા અજ્ઞાની અનાદિથી પડ્યા છે એ જાતના ભલે હોય, પણ મને એના પ્રત્યે સમતા છે. આહાહા..!

ભગવાન પ્રત્યે રાગ નથી અને અજ્ઞાની પ્રત્યે દ્વેષ નથી. એમ કહે છે. આહાહા..! છે? **'સમતા છે;...'** આનું નામ સમતા. એનું નામ પ્રત્યાખ્યાન, એનું નામ શુદ્ધોપયોગ... આહાહા..! આકરું કામ છે. એવી સમતા. **'મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે...'** મારે કોઈ મિત્ર કે શત્રુ કોઈ છે જ નહિ. મારી પરિણતિમાં, અવસ્થામાં, દશામાં... **'મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી;...'** ગમે તે પ્રાણી નિંદા કરો કે પ્રશંસા કરો, કોઈ પ્રત્યે મને વેર નથી. એ આત્માઓ છે. એ વસ્તુ તરીકે ભગવાન આત્મા છે. પર્યાયમાં ભાન નથી. વસ્તુ તરીકે ભગવાન છે માટે બધા પ્રત્યે મને વેર નથી. આહાહા..!

**'સહજ વૈરાગ્યપરિણતિને લીધે...'** સ્વભાવિક વૈરાગ્ય. એકલો બાયડી-છોકરા અને દુકાન છોડી માટે વૈરાગી એમ નહિ. અંતરના સ્વભાવના અનુભવસહિત જે રાગથી છૂટા પડીને વૈરાગ કરે એ વૈરાગ. બાયડી, છોકરા, દુકાન છોડીને બેઠા માટે વૈરાગી છે. એમ ભગવાન ના પાડે છે. પુણ્ય અને પાપના ભાવથી જે વિરક્ત છે તે વૈરાગી છે. પુણ્ય-પાપના અધિકારમાં આવી ગયું ને? 'સમયસાર' પુણ્ય-પાપના અધિકારમાં. આહાહા..! વાતે વાતે ફેર. અરે..રે..! ચોરાશીના અવતાર કરતા કરતા અનંતકાળ ગયો. કોઈ દિ' એણે આત્માનો વિશ્વાસ ન કર્યો. આત્મા શું છે એની વિસ્મયતા, આશ્ચર્યતા જ આવી નહિ. આત્માની આશ્ચર્યતા જ આવી નહિ અને દુનિયાની આશ્ચર્યતા છૂટી નહિ. આહાહા..! બાયડી જરીક સારી મળે ત્યાં ખુશ-ખુશ થઈ જાય. આહાહા..! હવે એ તો આત્મા જુદો, તારાથી એનું શરીર જુદું, તારે અને એને શું લેવા-દેવા? આત્માને બાયડી કેવી અને આત્માને છોકરા કેવા? આહાહા..! આકરું કામ છે. બોલવામાં બોલાય. ઓળખાણ કરવી હોય તો એમ કહેવાય, કે આ મારો દીકરો છે, આ મારા ઘરવાળા છે. એ તો કથનમાત્ર છે. માન્યતામાં હોય તો મિથ્યાદષ્ટિ છે. એ જૈન નથી.

જેની માન્યતામાં આ મારી દીકરી છે, મારી સ્ત્રી છે, મારો દીકરો છે. એવી માન્યતા છે એ તો મિથ્યાદષ્ટિ છે. જૈન નથી. આહાહા..! એમ અહીં ભગવાન કહે છે. જૈન તો રાગને જીતીને જ્ઞાનસ્વરૂપમાં આવે તેને જૈન કહીએ. જૈનશ્રુત છે ને? જૈનમાં જીતવું થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. કે રાગ અને પુણ્ય-પાપને જીતી અને એના રહિત થઈને આત્મામાં આવે તો એ જૈન કહેવાય. બાકી બધા થોથા કહેવાય. આહાહા..! આ વાત સાંભળી ન હોય, કોઈ દિ' સાંભળી ન હોય. દુનિયાની પાપની કથાઓ માંડીને... આહાહા..!

મુમુક્ષુ :– અમને કોઈ મળ્યા નથી પછી શું અભ્યાસ કરીએ?

પૂ. ગુરુદેવશ્રી :– આ મળે છે કે નહિ હવે? આહા..!

અમારે ત્યાં દુકાન ઉપર એમ હતું. સાધુ આવે તો હું ભગત કહેવાતો. દુકાન છોડી દઉં. બીજા બધા આઠ વાગે આખો ધંધો પૂરો થઈ જાય રાત્રે, પછી જાય. સાધુ કહે રાતડીયા આવ્યા. બસ રાતે નવરા થઈને કલાક સાંભળવા જાય. અને કહેનારા પણ કથાઓ કરે. કેવી? કથા-વાર્તા. આણે વ્રત પાળ્યા હતા, આણે અપવાસ કર્યા હતા, આણે આ કર્યું હતું... આણે આ કર્યું હતું... ધૂળ-ધાણી. કહેનારા એવા હતા. દરિયાપરી એક સાધુ આવ્યા હતા. 'અમદાવાદ'માં દરિયાપરી એક છે ને? અહીંયાં ઘણા સાધુ આવતા. 'પાલેજ'માં વચ્ચે આવ્યું ને? 'ભરુચ' અને 'વડોદરા' વચ્ચે 'મુંબઈ' જતા 'પાલેજ' ત્યાં રસ્તામાં જ છે. બધા આવી વાતું કરે. 'ભુદરજી તમને ભૂલ્યો રે, રખડુ છું ભવમાં.' ભુદરજી તને ભૂલ્યો કે આત્માને ભૂલ્યો? આહા..!

સ્વભાવિક **'વૈરાગ્યપરિણતિને લીધે...'** વૈરાગ માટે સ્વભાવિક શબ્દ વાપર્યો છે. એ સ્વભાવિક શબ્દ એમ વાપર્યો છે. કે શુભ અને અશુભ જે પુણ્યપાપના ભાવ, એમાં જે અનાદિથી રક્ત હતો એનાથી વિરક્ત થયો, એને વૈરાગી કહેવાય છે. આહાહા..! **'સહજ વૈરાગ્ય પરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી;...'** કાંઈક આમ માન મળે, આબરૂ મળે, ફલાણુ મળે, ધૂળમાં, આબરૂમાં... આહાહા..! એ પોતે મૂળામાં અને કાંદામાં પડ્યો હતો. ચાર પૈસે શેર રીંગણા. તે દિ'. હવે તો અત્યારે મોંઘુ થઈ ગયું લાગે. ચાર પૈસે શેર રીંગણા લે અને નાની છોકરી સાથે હોય. આ છોકરીને ઓલો કાંદો આપજો. મૂળાનો કાંદો. મફત. કાંદામાં પોતે બેઠો હોય. અનંતા ભવ કર્યા એમાં અંદર બેઠો હતો. મફતમાં ગયો. આહાહા..! પહેલા એમ આવતું. અત્યારે તો રીંગણા મોંઘા થઈ ગયા. પહેલા તો ચાર પૈસે શેર, ત્રણ પૈસે શેર હતું. હવે મોંઘું થઈ ગયું.

મુમુક્ષુ :– તે દિ' માણસ પાસે પૈસા નહોતા.

પૂ. ગુરુદેવશ્રી :– પૈસા ઓછા હતા. પૈસાની કિંમત પણ ઓછી હતી. વધારે કિંમત હતી. અત્યારે માલની કિંમત વધી ગઈ છે. બાજરો, ચોખા એના ભાવ વધી ગયા. પૈસાની કિંમત ઓછી. તે વખતના લાખ અને અત્યારના પચ્ચીસ લાખ બેય સરખા. કારણ કે આ બધો ભાવ વધી ગયો તો એ પ્રમાણે એ ખર્ચે. બધો ફેરફાર... ફેરફાર... ફેરફાર... આહાહા..!

અહીં કહે છે, **'વૈરાગ્યપરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી;...'** આહાહા..! શિષ્ય થાય, સંપ્રદાય વધે એવી કોઈ આશા નથી. આહાહા..! બનવાનું હોય એમ બનો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારે અને પરને કાંઈ સંબંધ છે નહિ. આહા..! **'પરમ સમરસીભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું...'** આશ્રય શબ્દ આવ્યો. **'પરમ સમરસીભાવસંયુક્ત...'** સમરસી, સમતા, વીતરાગતા. પુણ્યપાપરહિત વીતરાગતા. એવો **'પરમ સમરસીભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું...'** પર્યાયની વાત છે. ઓલો અશુભ ટાળવા મૂક્યું છે.

**'પરમ સમાધિનો હું આશ્રય કરું છું...'** દ્રવ્યનો આશ્રય છે એ તો મૂળવસ્તુ અને અહીંયાં તો પર્યાયમાં સમાધિ-શાંતિ છે. એનું જ્ઞાન કરું છું, આલંબન લઉં છું અથવા છે એમ. આહાહા..! **'समाहिवरमुत्तमं दिंतु'** આવે છે નહિ? લોગસ્સમાં આવે છે. **'समाहिवरमुत्तमं दिंतु'** અર્થની કોને ખબર હોય છે? લોગસમાં આવે છે. **'एवं मए अभिथुआ'** છે?

મુમુક્ષુ :– ગોખી ગયા હતા.

પૂ. ગુરુદેવશ્રી :– ગોખી ગયા હતા?

**'एवं मए अभिथुआ, विहुयरयमला'** કાંઈ અર્થની ખબર ન મળે. અને આ વળી ઘડિયાળ લઈને બેસી જાય. સામાયિક થઈ ગઈ. ધૂળેય નથી. સામાયિક કેવા અને ધર્મ કેવો? આહાહા..! 'લીંબડી'માં દસાશ્રીમાળી અને વિશાશ્રીમાળી વચ્ચે તકરાર થઈ હતી. 'લીંબડી-લીંબડી' તમારે. બે અપાશ્રય છે ને? એક સંઘવીનો અપાશ્રય અને એક શેઠનો અપાશ્રય. એમાં દશાશ્રીમાળીની બાય સામાયિક કરવા બેઠી હશે. એમાં ઓલા વીશાશ્રીમાળી સાથે તકરાર હતી. ત્યાં આ આવ્યું. **'एवं मए अभिथुआ, विहुयरयमला'** વિહા રોઈમળ્યા. એણે એવો અર્થ કર્યો. વિહા રોઈ મળ્યા. પણ ઓલા કહે આપણી તકરાર આ લોગસ્સમાં ક્યાંથી આવી? એટલી ભાન ન મળે. અને થઈ ગઈ સામાયિક. મરીને કાગડામાં અને બોકડામાં રખડવાના. આહાહા..!

**'विहुयरयमला'** આવે છે? **'विहुय'** એટલે ટાળ્યા છે, પ્રભુ! આપે **'विहुय'** વિશેષે ટાળ્યા છે. **'रयमला'** કર્મરૂપી રજ અને રાગ-દ્વેષ જે પરિણામ એ મળ. પુણ્યપાપના વિકારીભાવ એ મળ અને કર્મરજ. **'रयमला'** આપે એ રજ અને મળ બે ટાળ્યા છે પ્રભુ! લોગસમાં આવે છે. એને ઠેકાણે આવો અર્થ કરે. પણ આમાં ક્યાં છે આ? અર્થની ખબર ન મળે. અહીં તો **'પરમ સમાધિનો હું આશ્રય કરું છું...'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૧૫, શ્લોક-૧૪૦-૧૪૧, રવિવાર, પોષ સુદ ૫, તા.૨૩-૧૨-૧૯૭૯

---

કળશ છે. ૧૦૪ ગાથાનો કળશ.

**मुक्त्यङ्‌गनालिमपुनर्भवसौख्यमूलं।**
**दुर्भावनातिमिरसहंतिचन्द्रकीर्तिम्।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्रम्।।१४०।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'યોગીન્દ્રદેવ'નો આધાર છે. 'યોગીન્દ્રદેવ'નું છે ને?

**'હે ભાઈ!'** એમ કહીને વાત કરી. **'સ્વભાવિક બળસંપન્ન એવો તું...'** અહીંથી ઉપાડ્યું છે. પ્રભુ! તારામાં બળ તો અનંત છે. કેમ કે વીર્ય નામનો ગુણ છે, તો અનંતબળ છે. વિશ્વાસ નથી એટલે એને અનંતબળ દેખાતું નથી. માનવું જોઈએ. એની સન્મુખ થઈને એ રીતે ન માને ત્યાં સુધી આ અનંતબળ છે એવું એને ખ્યાલમાં, જ્ઞાનમાં આવે નહિ. **'સ્વભાવિક બળસંપન્ન છે...'** ઓહોહો..! એક એક ગુણમાં અનંતું-અનંતું વીર્ય અને વીર્ય નામનો ગુણ પણ ભિન્ન. એ અનંત-અનંતગુણને અનંતબળસંપન્ન કહી રહેનાર એવું જે આ તત્ત્વ... આહાહા..!

આ **'આ સ્વભાવિક બળસંપન્ન એવો તું...'** આહાહા..! કહે છે, કે બળ તારે બહારથી લાવવું પડતું નથી. તું અંદરમાં અનંત બળસંપન્ન છો. આત્મા જેને કહીએ, એ આત્મા અંતર અનંત વીર્યસંપન્ન છે. અનંતવીર્ય કહો કે બળ કહો. અને અનંતબળ સંપન્ન છે, તો અનંતબળમાં દરેકમાં એનું રૂપ પણ છે. રૂપ છે એટલે? આનંદ છે એમાં પણ બળનું રૂપ છે, જ્ઞાન છે એમાં બળનું રૂપ છે, શ્રદ્ધા છે એમાં બળનું રૂપ. શ્રદ્ધા ત્રિકાળ, હોં! આનંદ-ચારિત્ર છે એમાં પણ બળનું રૂપ છે. .... એ દરેક ગુણમાં અનંતબળનું રૂપ છે.

જેમાં પરિણમનની પર્યાય પણ નથી. આહાહા..! એવો જે આત્મા, એના અનંતગુણમાં અનંત બળસંપન્ન છે. એક એક ગુણ અનંતબળ સંપન્ન છે. આહાહા..! એ બીજા ગુણની પણ જેને અપેક્ષા નથી. એવા અનંતા અનંતા ગુણોથી ભરેલો ભગવાન છે. આહાહા..! આ બધા આત્માઓ અંદર ભગવાન છે. પૂર્ણાનંદના નાથ, અનંતગુણના બળસંપન્ન. બળસંપન્ન કહીને તો ગજબ કર્યું છે. આહાહા..! અમને કેમ જણાતું નથી. પણ જે બળસંપન્ન છે તેને તું માનતો નથી. આહાહા..! અનંતબળસંપન્ન ભગવાન આત્મા, એની ઉપર એની નજર નથી. પામર ઉપર નજર છે. વર્તમાનપર્યાય અને રાગ એની ઉપર એની નજર છે. તેથી ... પ્રભુ! જેને નિશ્ચયથી આત્મા જ કહીએ. ૩૮ ગાથામાં આવે છે, કે નિશ્ચય આત્મા તો એ ધ્રુવ છે એ નિશ્ચય આત્મા છે. પર્યાય તો વ્યવહારઆત્મા છે. આહાહા..! એવી વાત છે.

એવો જે ભગવાન આત્મા, અનંત બળ સ્વભાવિક. સ્વભાવિક અનંતબળ છે એમ કહે છે. કાંઈ લાવવું પડતું નથી. શરીરમાં બળ તો ઘટે, આહાર-પાણી ન લે તો આમ થાય. એમાં આમ નથી. શરીર તો નબળું પડી જાય, બળવાળું થઈ જાય. ઘણે પ્રકાર આહાર-પાણી વગેરેથી, ભસ્મ ખાવાથી વળી બળવાન થઈ જાય. આહાહા..! એવું આ નથી. આ તો **'સ્વભાવિક બળસંપન્ન એવો તું...'** આહાહા..! જેનો સ્વભાવ જ અનંતવીર્ય સંપન્ન છે ભગવાન. આ વાત એક જ શબ્દ બેસવો... આહાહા..! જ્યાં છે અને જે છે, ત્યાં તેની નજર જવી જોઈએ. જ્યાં નથી ત્યાં નજર પડતા, છે ત્યાંની નજરું લૂંટાઈ જાય છે. આહાહા..! એ શું કહ્યું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં પ્રભુ અંદર ધ્રુવ છે. અનંતબળ સ્વભાવિક બળ છે એના અનંતબળની વાત શું કરવી? ૪૭ શક્તિમાં વીર્યગુણની તો એવી રચના કીધી છે, કે એ સર્વગુણની રચના કરે, નિર્મળ રચના કરે એનું એટલે બળ છે. ૪૭ શક્તિમાં. સ્વરૂપની રચના કરે. અનંતબળ એને કહીએ અને એ વીર્ય એટલે શક્તિ એને કહીએ, સ્વરૂપની રચના કરે તેને બળ કહીએ. રાગની રચના કરે તેને તો નપુંસક કહીએ. આહાહા..! આકરી વાત. 'સુમનભાઈ'! આહાહા..! આ નોકરીનો રાગ કરે તો એ નપુંસકતા છે એમ કહે છે.

મુમુક્ષુ :- નપુંસકતાના કોઈ પૈસા આપે?

પૂ. ગુરુદેવશ્રી :- પૈસા કોણ આપી દે? એ તો પૈસા આવવાના હોય એ આવે, જવાના હોય એ જાય. પરમાણુ છે એને જ્યાં આવવાનું હોય ત્યાં આવે જાય. એને કારણે એની ક્રિયાવતી શક્તિ એક સમયમાં ધ્રુવપણું રહે અને એક સમયની પર્યાયમાં પરમાણુમાં ષટ્કારકે પરિણમતિ જ્યાં જેમ પરિણમન થઈને જવું હોય ત્યાં જાય. કોઈ દે અને લે એ બધી વાતું વ્યવહારની છે. આહાહા..! આ બધું જણાય છે એ વાત એમ નથી. કેમ કે જેની સાથે તન્મય નથી એને જાણે છે એમ કહેવું એ તો વ્યવહારનું અસદ્ભૂત કથન થયું. આહાહા..! શું કહ્યું એ?

આ જણાય છે, કે આ...આ...આ... પણ એમાં જણાય છે તો જ્ઞાનની પર્યાય. આ કાંઈ જ્ઞાનની પર્યાય એમાં જાતી નથી. અને એ પદાર્થ જે શરીર, વાણી આ બધું છે એ કાંઈ આત્મા જ્ઞાનમાં આવતું નથી. જ્ઞાન, જ્ઞાનમાં રહીને સ્વ અને પરના સામર્થ્યવાળું સ્વપરપ્રકાશક પોતાથી જ પ્રકાશે છે. પરને લઈને એ પ્રકાશતું નથી. આહાહા..! નિશ્ચયથી તો જ્ઞાતા પણ આત્મા, જ્ઞેય પણ આત્મા અને જ્ઞાન પણ આત્મા. જ્ઞેય, પરજ્ઞેય અને જ્ઞાન આ એ બધું વ્યવહાર કથન છે. આહાહા..!

જેની સત્તામાં જણાય છે, જે જણાય છે એની સત્તામાં જ્ઞાન નથી. જેની સત્તા અહીં છે, એની સત્તામાં જણાય છે. આ... આ... આ... આ... આ.. એ એની પર્યાય છે. જ્ઞાનની પર્યાયમાં એ જણાય છે. એ જણાય (એમ) કહેવું એ વ્યવહાર છે. આહાહા..! આવી વાત. બે ઘડી, ચાર ઘડી નિવૃત્તિ લેવી હોય તો મળે નહિ. એવા ધંધા અને પાણીમાં રોકાયેલા રહે. એને આવી વાતું... આહાહા..!

મુમુક્ષુ :- આવી જ વાતો સાંભળવા જેવી છે.

પૂ. ગુરુદેવશ્રી :- વાત તો સાચી છે. એય..! આહાહા..!

ચૈતન્ય મહાપ્રભુ અનંતબળ સંપન્ન જે શબ્દ ઉપાડ્યો છે, એમાં પહેલો શબ્દ સ્વભાવિક લીધું છે. **'સ્વભાવિક બળસંપન્ન...'** એ શબ્દમાં ઘણું જોર છે. આહાહા..! સ્વભાવિક અંદર બળસંપન્ન પ્રભુ ભગવાન છે. તેથી તે બળસંપન્ન હોવાથી અનંતગુણમાં તેનું બળનું રૂપ છે. તેથી અનંતગુણની રચના કરે તે વીર્ય છે. વ્યવહારરત્નત્રયનો રાગ આવે માટે ગુણની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રચના થાય, એમ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એટલે અહીં સમ્યગ્દર્શન કે નિર્મળ પર્યાય થાય એમ નથી. સ્વભાવિક બળસંપન્નને લઈ અનંતગુણમાં તે બળનું રૂપ છે, એને લઈને એ સ્વભાવિકની રચના થાય છે. રાગથી રચના થતી નથી. આહાહા..! આવી વસ્તુ છે. બાળક હોય કે વૃદ્ધ હોય એ તો શરીરની અવસ્થા છે. ભગવાન આત્માને કોઈ બાળક-વૃદ્ધપણું નથી. હા એને બાળક ક્યારે કહેવાય? કે પરને પોતાનું માને એવા મિથ્યાત્વમાં છે એને બાળક કહેવાય. અને પોતાને જાણે તેને યુવાન કહેવાય અને પોતે કેવળજ્ઞાનને પામે તે વૃદ્ધ કહેવાય. આહાહા..! બાકી શરીરની બાળ અવસ્થા, યુવાન, વૃદ્ધાવસ્થા એ તો જડની છે.

અહીં તો આટલા શબ્દમાં ઘણું ભર્યું છે. **'સ્વભાવિક બળસંપન્ન...'** આહાહા..! આમાં શરીરમાં કાંઈક બળ જોઈતું હોય તો કાંઈક ખોરાક લે, ભસ્મ. ફલાણાની, ઢીકણાની, હીરાની, માણેકની ભસ્મ ખાય. આહાહા..! ૩૨ કવળનો ચક્રવર્તીને ખોરાક હોય છે. એક એક કવળ કરોડો રૂપિયાની કિંમતનો. કેમ કે એ બધી ભસ્મ હીરા-માણેકની ભસ્મ હોય, એ આખા ઊના ઘીમાં એને કરી, ઘઉંના દાણા નાખે અને એનો ભૂકો એમાં નાખે એટલે ઘઉં પી જાય. એની થાય રોટલી. હીરા-ભસ્મની રોટલી ખાય. અને ૩૨ કવળ કરે. જેનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. આહાહા..! એક કવળ, છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. છતાં ૩૨ કરોડ લે અને હોય ક્ષાયિકસમકિતી. આહાહા..!

મુમુક્ષુ :- આ વાત સાચી હશે? 'ગુરુદેવ'!

પૂ. ગુરુદેવશ્રી :- એને ખબર નથી. આત્માનું બળ જુદું છે, આનું જુદું છે. આત્માના બળને લઈને શરીરમાં બળ આવે એવું કાંઈ છે નહિ. શરીરની તાકાત જુદી છે, પ્રભુની તાકાત જુદી છે. આહાહા..! એ તો પુરાણમાં ચાલ્યું છે. બધા રાજાઓની સભા ભરી હતી. એમાં ચર્ચા ચાલી. ભીમ, અર્જુન પાંડવો બીજા રાજાઓમાં ચર્ચા ચાલી, આમાં બળવાન કોણ? આ રાજાઓમાં બળવાન કોણ? કોઈ કહે કે ભીમ બળવાન, કોઈ કહે અર્જુન બળવાન, કોઈ કે ઢીકણા બળવાન. કોઈએ કીધું ભાઈ! બીજું કોઈ નહિ પણ જુઓ નેમિનાથ ભગવાન બેઠા. ગૃહસ્થાશ્રમમાં. એ બળવાન છે. એ શરીરના, હોં! આત્માના નહિ. ભગવાન બેઠા છે. એટલે થઈ રહ્યું. ...

'શ્રીકૃષ્ણ' ઉઠ્યા, એટલે પગ નીચે મૂક્યો, પગ ઉપાડો હવે. 'શ્રીકૃષ્ણ' પગને ઉપાડો એમ કહે, ભગવાને નીચે મૂક્યો. ટીંગાઈ ગયા પણ કોઈ ઊંચો કરી શકે નહિ. એવું તો ભગવાનના શરીરનું બળ. સમજાય છે કાંઈ? આ તો પ્રત્યક્ષ બળ દેખાય છે. ઓલો નહોતો કેવો ઓલો? કામો. ચાલતી બે મોટર હોય એને હાથ નાખીને ઊભી રાખે. ચાલતી મોટરમાં હાથ નાખીને ઊભી રાખે એટલી તાકાત હતી. એ મરતી વખતે માખી અહીં ઊભી હોય તો એ માખીને ઉડાડવાની શકતી નહોતી. આમ આમ કરી કરી ને માંડ માંડ હાથ આમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાતો હતો. જે મોટરને ઊભી રાખતો એ માખીને ઊડાડી શકતો નહોતો. એ જડની શક્તિમાં એટલી વિચિત્રતા છે. છાપામાં આવ્યું હતું. સૂતો હતો એમાં ઓલી માખીને ઉડાડે એવું છાપામાં આવ્યું હતું. માખી ઉડાડી શકતો નહોતો. અહીં કહે છે કે એની સાથે આત્માને સંબંધ નથી. આત્મા તો સ્વભાવિક અનંત.. અનંત.. અનંત... અનંત... અનંત વિશ્વાસ કર. બળસંપન્ન છે. એના જેવું બળ બીજે ક્યાંય નથી. કોઈ શરીરમાં કે કોઈ અન્ય પ્રકારની ભસ્મ, દવા દે માટે શરીર પુષ્ટ લાગે અને મજબૂત અને બળવાળું લાગે. એ કાંઈ છે નહિ. આહાહા..!

**'સ્વભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને,...'** કેમ દેખાતું નથી? કે આળસ છે માટે. કર્મ છે માટે એમ નહિ. આહાહા..! **'આળસ તજીને,...'** એમ નથી કીધું કે કર્મને ઘટવા દે ઘટે તો તારું બળ કામ આવે એમ નહિ. આળસને છોડ તું. આળસ તું પોતે... **'આળસ તજીને, ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને,...'** આહાહા..! ઉત્કૃષ્ટ સમતારૂપી, વીતરાગતારૂપી કુળદેવી. એ તારા કુળની દેવી વીતરાગતા... આહાહા..! રાગરહિત વીતરાગસ્વભાવ એ આત્માના કુળની દેવી વીતરાગતા છે. રાગ એનો સ્વભાવ જ નથી. રાગ એનામાં છે જ નહિ. આહાહા..!

**'ઉત્કૃષ્ટ સમતારૂપી...'** ઉત્કૃષ્ટ વીતરાગ. ઉત્કૃષ્ટ વીતરાગરૂપી કુળદેવી, એને સ્મરીને... આહાહા..! **'અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા...'** આહાહા..! અજ્ઞાનમંત્રી છે, મોહશત્રુ રાજા છે. આહાહા..! એ **'અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા...'** આહાહા..! **'આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** એ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને, અંદર જ્ઞાનને પકડ. જે જ્ઞાન ધ્રુવસ્વરૂપે પરમાત્મા અનંતબળનો ધણી છે એને પકડ. એ પણ શીઘ્ર ગ્રહણ કર. **'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કરે.'** જે ચક્ર વડે અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ થાય છે. અને શીઘ્ર ગ્રહણ કર. ત્યાં શીઘ્ર ગ્રહણ કરમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું?

એ ક્રમબદ્ધમાં જ શીઘ્ર ગ્રહણ આવે છે. કહેવાનો આશય છે, કે આમ જે કરે હવે એને અલ્પકાળે જ કેવળજ્ઞાન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી ગાથા દીઠે તો તકરાર ઉઠાવે. **'શીઘ્ર ગ્રહણ કર.'** શીઘ્ર. આ તો જે સમયે જે પર્યાય થવાની તે સમયે તે થવાની, થવાની. શીઘ્રપણું તો ત્યાં... પર્યાયમાં શીઘ્રપણું છે પુરુષાર્થ. શીઘ્રપણું થઈને પર્યાયને પલટાવીને બીજી પર્યાય કરી નાખવી. આહાહા..! એ શીઘ્રનો અર્થ એ વખતે આવું જે કરે, એને અલ્પકાળમાં તેના અજ્ઞાન, મોહનો નાશ થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** આહાહા..! તારો ભગવાન અંદર... પહેલું બળ લીધું, પછી જ્ઞાન લીધું. ફળમાં કુળદેવીને યાદ કર, વીતરાગ પરિણતિને યાદ કર. આહાહા..! **'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** આહાહા..! અહીંયાં તો એના પુરુષાર્થથી આત્મા હાથ આવે એવો છે એમ કહે છે. કોઈ આડાઅવળી નહિ. ક્રમબદ્ધ છે એમાં આડુઅવળું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. એમાં પુરુષાર્થ નથી એમ નહિ. એમાં જ અનંતપુરુષાર્થ છે. એક સમયની પર્યાય છે તેને પણ આઘી પાછી કરવી નથી. આહાહા..! અને આત્મામાં એક ભાવ નામનો ગુણ છે. ભાવ નામનો ગુણ છે. કે જ્યાં વસ્તુને પકડી, તે ભાવના ગુણને લઈને એક પર્યાય હોય જ. નિર્મળ પર્યાય ભાવગુણને લઈને હોય જ. ૪૭ શક્તિમાં આવે છે. ભાવ-ભાવ. (શ્રોતા :- ભાવ, અભાવ) એ પછી, પહેલો ભાવ.

વસ્તુ જ્યાં અનંતસ્વભાવિક બળ છે, એવું જે જ્ઞાન અને આનંદને પકડ્યું, તો એ સમયે જે ભાવગુણને લઈને નિર્મળ પર્યાય તે સમયે થવાની હતી તે થઈ. અભાવને લઈને નહિ, કર્મને લઈને નહિ, રાગને લઈને નહિ. પોતાનો એ અભાવ નામનો એક ગુણ છે એને લઈને રાગ વિનાના અભાવરૂપી પરિણમન એનું થયું. રાગનો અભાવ થયો માટે નહિ. પણ અહીં અભાવ નામનો ગુણ છે, એથી રાગના અભાવરૂપે પરિણમન થયું. આહાહા..! ગજબ વાત છે ને?

મુમુક્ષુ :– આ વાત જટ પકડાય એવી નથી.

પૂ. ગુરુદેવશ્રી :– ભાષા તો સાદી છે. સંસારના ચોપડાને કેમ પકડે છે બધા? એય..! 'સુમનભાઈ'! ચોપડા ઝીણા હોય તો વ્યાજ કાઢે તો આમ છે, તેમ છે, ઢીકણું છે, ફીકણું છે. દરરોજનું વ્યાજ કાઢી ઉપરાંત પાછા ચઢાવે. એક ટકાના વ્યાજે પાંચલાખ આપ્યા છે. એક દિ'નું વ્યાજ આ ચઢાવો. આ વ્યાજ સહિત પાછું બીજે દિ' વ્યાજ. એ ત્યાં વાણિયા ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે. અહીં ચક્રવૃદ્ધિવ્યાજ કાઢવું હોય તો ન મળે. આહાહા..!

અહીં તો દ્રવ્યની મહિમા છે. એ દ્રવ્યની દૃષ્ટિ થઈ, તે એમાં ભાવ નામનો ગુણ છે, તેથી તે પર્યાય કરવી નથી પર્યાય થશે જ. આહાહા..! અને અભાવ પણ રાગાદિના અભાવરૂપે એ રાગને કારણે નહિ, પોતાનો અભાવ ગુણ છે એને લઈને ભાવનો અભાવ થશે જ. આહાહા..! ભાવનો અભાવ એટલે પરના ભાવનો અભાવ, હોં! પછી ભાવ-અભાવ. પાછો ત્રીજો ગુણ એ છે, કે ભાવ છે તેનો સ્વભાવ અભાવ થશે. બીજે સમયે તેનો અભાવ થશે. એવો એનો ગુણ છે. એને બીજે સમયે અભાવ કરું તો થાય એમ નથી. આહાહા..!

આત્મામાં ભાવ અભાવ નામનો એક ગુણ છે, કે જે ભાવ વર્તમાન પર્યાય નિર્મળ વર્તતી હોય, એને છોડીને પછી અભાવ જે પર્યાય નથી એ આવશે. એમાં ભાવ-અભાવ નામનો ગુણ છે. છે તેને છોડીને નથી તે આવશે. નથી તે આવશે જ. આહાહા..! અભાવભાવ. જેનો અભાવ છે એવો ભાવ ત્યાં આવશે જ. અભાવનો ભાવ આવશે જ. ભાવનો અભાવ થશે, પછી અભાવ એટલે એ ભવિષ્યની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. એ અભાવનો ભાવ થશે. ભાવનો અભાવ થશે અને અભાવનો ભાવ થશે. આહાહા..! આટલું હવે ક્રમબદ્ધ શું કરવું? આહાહા..! એવું એનું સ્વરૂપ છે.

ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. એ પર્યાય જે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યને પકડ્યું, પ્રભુને એની જે પર્યાય છે નીકળી તે ભાવ-ભાવ. છે... છે... છે... એ જાતની આવ્યા કરશે. અને અભાવ-અભાવ. જે નથી તે નથીપણાનો જ અભાવ રહ્યા કરશે. આહાહા..! જરી ઝીણું છે. ક્યાં સુધી પછી ઝીણું-ઝીણું કરવું? આહાહા..! એ અહીં કહે છે, અરે...! **'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને...'** ચઢાવ. **'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને...'** ચઢાવ. સ્વને પકડીને જે જ્ઞાન થાય એ સમ્યગ્જ્ઞાન. એ **'ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** જેથી કરીને અજ્ઞાનમંત્રી સહિત મોહનો નાશ થાય. અજ્ઞાનમંત્રી સહિદ મોહનો નાશ થાય. અરે..રે..! આવી વાતું. આહાહા..! એ કળશ થયો. આધાર હતો.

## શ્લોક–૧૪૦-૧૪૧

**तथा हि -**

(वसंततिलका)

मुक्त्यङ्गनालिमपुनर्भवसौख्यमूलं।
दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।
संभावयामि समतामहमुच्चकैस्तां
या संमता भवति संयमिनामजस्त्रम्।।१४०।।

(हरिणी)

जयति समता नित्यं या योगिनामपि दुर्लभा
निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।
परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका
मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि।।१४१।।

વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-

[શ્લોકાર્થ :-] જે (સમતા) મુક્તિસુંદરીની સખી છે, જે મોક્ષસૌખ્યનું મૂળ છે, જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને નિરંતર સંમત છે, તે સમતાને હું અત્યંત ભાવું છું. ૧૪૦.

[શ્લોકાર્થ :-] જે યોગીઓને પણ દુર્લભ છે, જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે, જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વહાલી સખી છે અને જે મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે, તે સમતા સદા જયવંત છે. ૧૪૧.**

## શ્લોક–૧૪૦ ઉપર પ્રવચન

**'વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-'**

ઓલા શ્લોકનો તો આધાર આપ્યો હતો. હવે ટીકાકાર પોતે બે શ્લોક કહે છે. આ ધીમે ધીમે ધીરે ધીરે સમજવાની વાત છે. આ કોઈ વાર્તા કથા નથી. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમાત્મા પરમગુરુ, એનો ઇતિહાસ છે. આહાહા..!સર્વજ્ઞદેવ પરમગુરુ એમણે કહેલી વાતનો આ ઈતિહાસ છે, કે આમ કહ્યું છે અને એમ થાય છે અને એમ રહે. આહાહા..! નિવૃત્તિ લેવી જોઈએ. પ્રવૃત્તિમાંથી બહાર નીકળવું અને આમાં ઝુકવું પડે. ઝીણી વાતુંમાં... આહાહા..!

૧૪૦મો કળશ.

**मुक्त्यङ्‌गनालिमपुनर्भवसौख्यमूलं।**
**दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्त्रम्।।१४०।।**

**'જે (સમતા)...'** રૂપી. આહાહા..! સમતા કહો, વીતરાગી પર્યાય કહો, શુદ્ધોપયોગ કહો, આત્માનું સ્વાસ્થ્ય કહો. આત્માની જે વીતરાગી પર્યાય છે, તેને સમતા કહો, શુદ્ધોપયોગ કહો, ચિત્તનિરોધ કહો... આહાહા..! એ ભિન્ન-ભિન્ન ભાષાનો અર્થ છે. સ્વાસ્થ્ય કહો. સ્વસ્થ પોતામાં રહેવું છે એ શુદ્ધોપયોગ છે. આહાહા..! એ શુદ્ધોપયોગ **'મુક્તિસુંદરીની સખી છે,...'** આમાં સુધાર્યું છે. જૂનામાં હશે. ઓલામાં–જૂનામાં મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યેક ભ્રમણ સમાન છે એમ લખ્યું છે. નવીમાં ચોખ્ખું છે.

**'જે (સમતા)...'** આહાહા..! જે પુણ્ય અને પાપના વિકલ્પ રાગ વિનાની સમતા. ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિ છે, તેને આશ્રયે થતી વીતરાગદશા, એને અહીં શુદ્ધોપયોગ અને સમતા કહે છે. આહાહા..! **'જે (સમતા) મુક્તિસુંદરીની સખી છે,...'** મોક્ષરૂપી સુંદરી સ્ત્રી, તેની એ મૈત્રી છે. એની સખી, બહેનપણી છે. આહાહા..! કે જેને સમતા પ્રગટી તેને અલ્પકાળમાં મુક્તદશા થવાની જ છે. આહાહા..! જેને શુદ્ધોપયોગ પ્રગટ્યો, શુભ અશુભવિકલ્પના રાગથી રહિત થઈ... આહાહા..! શુદ્ધોપયોગ કહો, સમતા કહો, વીતરાગતા કહો, સ્વાસ્થ્ય કહો,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

ચિત્તનિરોધ કહો. આહાહા..! એ **'મુક્તિસુંદરીની સખી છે,...'** વીતરાગતા, શુદ્ધોપયોગ, તે મુક્તિસુંદરીની સખી છે. આમાં રાગને ન નાખ્યું ક્યાંય વ્યવહારને. વ્યવહારથી થાય. વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય છે એવું કાંઈ કહ્યું નહિ. 'જયસેનાચાર્ય'માં સાધક એમ જણાવ્યું છે. આરોપીત સાધક છે એમ આરોપિત જણાવ્યું છે. હવે એ લોકોને એ ઠીક પડે.

મુમુક્ષુ :– પણ વ્યવહાર શબ્દ ક્યારે કહેવાય કે એનો અભાવ થાય ત્યારે.

પૂ. ગુરુદેવશ્રી :– એ તો એમ માને નહિ. એ તો વ્યવહાર કરતા નિશ્ચય થાય. સવારમાં નહોતું આવ્યું? વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય. એ તો વ્યવહાર હતો. એનો અભાવ કરીને થયું એમ કહેવામાં આવે. આહાહા..! સવારમાં 'સમયસાર'માં હતું. વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય, જુઓ! આહાહા..! એનો તો અભાવ કરીને. એનું લક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી તો અંતર જવાય નહિ. શુભરાગનું જ્યાં સુધી દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, અરે..! સૂક્ષ્મ રાગ, ગુણ-ગુણીના ભેદનો સૂક્ષ્મ રાગ છે ત્યાં સુધી અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ થાય નહિ. આહાહા..! અને નિર્વિકલ્પ દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોય નહિ. આહાહા..! આવું છે, પ્રભુ! ભાષા સાદી પણ વસ્તુ તો જેવી હોય એવી હોય ને? આહાહા..!

**'જે મોક્ષસૌખ્યનું મૂળ છે,...'** એ વીતરાગતા મોક્ષસૌખ્યનું મૂળ છે. **'મુક્તિસુંદરીની સખી છે,...'** એક વાત. અને **'જે મૌક્ષસૌખ્યનું મૂળ છે,...'** અનંતસુખ જે મુક્તિનું, એમાં વીતરાગતા, સમતા જે શુભાશુભભાવરહિત વીતરાગદશા, તે મૌક્ષસૌખ્યનું મૂળ છે. મોક્ષના આનંદના સુખનું એ મૂળીયું છે. આહાહા..! **'જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે...'** એ સમતા કેવી છે? વીતરાગ પર્યાય કેવી છે? આહાહા..! તિમિર-અજ્ઞાન-અંધકાર. ઉંધી ભાવના વિકલ્પ એનાથી લાભ એમ **'તિમિરના સમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે...'** જેમ ચંદ્રનો પ્રકાશ વધે તેમ દરિયાનું પાણી વધે. ભરતી વધે. ભરતીને શું કહે? બાઢ.

ચંદ્રમાં જેમ વધે તેમ ભરતી વધે. પૂનમથી ઓટ આવે. એવો કુદરતનો નિયમ છે. ચંદ્રનો પ્રકાશ જેમ પૂર્ણ થાય તો દરિયામાં ભરતી આવે. એમ **'ચંદ્રના પ્રકાશ સમાન છે...'** આહાહા..! એ **'દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે...'** કોણ? સમતા. અને **'ચંદ્રના પ્રકાશ સમાન...'** જેટલી વીતરાગતા છે તેટલો ગુણ વધે છે. જેટલી વીતરાગતા તેટલા અનંતગુણોનો પ્રકાશ વધે છે. ચંદ્રમાંને લઈને જેમ... ચંદ્રમાં તો નિમિત્ત છે. એને લઈને કાંઈ દરિયો .. દરિયો તો પોતાને કારણે છે. પણ ઓલો તો નિમિત્ત છે. ચંદ્રને લઈને દરિયામાં ભરતી આવે છે એમ પણ નથી. આહાહા..!

એને ને એને શું સંબંધ છે? પણ એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, કે જ્યાં ચંદ્રનો પ્રકાશ વધે એટલે દરિયામાં ભરતી આવે. એમ અહીંયાં મોક્ષસૌખ્યનું મૂળ એવો વીતરાગભાવ એ **'ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને નિરંતર સંમત છે,...'** સમકિત સહિત

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે સંયમી છે. આહાહા..! સમ + યમ છે ને? સમ–સમ્યગ્દર્શનપૂર્વક યમી છે. યમ-યમ. એ આપણે આવ્યું હતું. યમ–યાતનાશીલ એવું જે યમ તેને નાશ કરનાર છે. યમ એટલે સંયમ. યાતના એટલે પીડા, દુઃખ કરનાર એવો મોહ... આહાહા..! એનો નાશ કરનાર છે–યમ. યમ, યમનો નાશ કરનાર છે. સવારે આવ્યું હતું. સમજાણું કાંઈ? અરે..રે..! આવું ઝીણું!

દયા પાળવાનું કહે, વ્રતનું કહે તો સમજાય પણ ખરું, ચોવિહાર કરવો, આ તે. .. ચોવિહાર.. છપરબી કંદમૂળ ન ખાવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું, એવું કહે તો સમજાય ઠીક કરીએ. એમાં શું થયું? એ તો જડ છે. રાગ મંદ હોય તો પુણ્ય થાય. બાકી આ તો શરીરાદિ જડની ક્રિયા છે. આ શરીરને હું કરી શકતો નથી. શરીરથી વિષય સેવી શકતો નથી એ પણ એક મિથ્યાત્વ અભિમાન છે. આહાહા..! અને શરીરથી હું વિષય સેવી શકું છું, સ્પર્શી શકું છું, એ મિથ્યાત્વ છે. અને શરીરને મેં ઇન્દ્રિયના વિષયથી જતા રોકી રાખ્યું છે... આહાહા..! ગજબ વાત છે. શરીરથી ઇન્દ્રિયના વિષયમાં જતા મેં રોકી રાખ્યા છે. એ પણ એક મિથ્યાત્વ છે. શરીરની ક્રિયાને રોકવી અને છોડવી એ કોઈ આત્માના અધિકારની વાત નથી. આહાહા..!

અહીં કહે **'ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને નિરંતર સંમત છે,...'** મુનિઓને તો તત્કાળ સંમત છે અને વીતરાગતા હોય છે. ચોથે ગુણસ્થાને હજી પાંચમે ગુણસ્થાને થોડી વીતરાગતા હોય, સંયમીઓને તો બહુ વીતરાગતા.. આહાહા..! વીતરાગના ઝુલે ઝૂલતા હોય છે. આહાહા..! **'સંયમીઓને નિરંતર સંમત છે,...'** નિરંતર એટલે બીજા, ચોથે અને પાંચમા ગુણસ્થાને છે એને સંયમ આવતા વાર લાગે છે. વીતરાગતા આવતા વાર લાગે છે. પણ **'સંયમીઓને નિરંતર સંમત છે,...'** સંયમીઓને તત્કાળ વીતરાગતા આવે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે આકરી વાત. વીતરાગમાર્ગ એવો છે, ભાઈ! અત્યારે તો બધી ગડબડ કરી નાખી છે. આ તો વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું કથન છે. એ મુનિઓ દુનિયાને જાહેર કરે છે. આહાહા..! પહેલા કહી ગયા છે ને? અમે ટીકા કરનાર કોણ? એ તો ગણધરથી અને આચાર્યોથી પરંપરાથી ટીકા ચાલી આવી છે. એ અહીં કહી છે. હું તો નિમિત્તમાત્ર છું. આહાહા..! નિમિત્તનો અર્થ કે હું એનો કર્તા નથી. આહાહા..!

જે સમતા, વીતરાગતા. શુભ-અશુભરાગથીરહિત. સમતા, સ્વાસ્થ, વીતરાગતા એ **'દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે...'** જેટલા પ્રમાણમાં વીતરાગતા પ્રગટે એટલા પ્રમાણમાં રાગનો અભાવ થતો જાય છે. આહાહા..! જેટલા પ્રમાણમાં વીતરાગ પર્યાયના ચંદ્રમાનો પ્રકાશ વધતો જાય છે તેટલો તેટલો રાગના અંશનો નાશ થતો જાય છે. આહાહા..! 'સમયસાર'માં આવ્યું છે ને? વિજ્ઞાનઘન થતો જાય છે. જેટલો આમ થતો જાય એમ વિજ્ઞાનઘન થતો જાય. વિજ્ઞાનઘન થતો જાય તેટલો આમ સ્થિર થતો જાય. આહાહા..! 'સમયસાર'ની ૧૪મી ગાથામાં આવે છે. આહાહા..! ઝીણું બહુ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સંયમીઓને નિરંતર સંમત છે,...'** જે મુનિ છે... આહાહા..! નગ્નમુનિ છે, દિગંબર મુનિ છે એને મુનિ કહીએ. વસ્ત્રવાળા એ મુનિ-મુનિ છે જ નહિ. વસ્ત્રનો કટકો રાખીને મુનિ માને, મનાવે... સૂત્રપાહુડની ૧૮મી ગાથામાં ચોખ્ખું કહ્યું. નિગોદમાં જાશે. લસણ અને ડુંગળી, એમાં ઊપજશે. આહાહા..! આવી વાત. આચાર્ય અને ઉપાધ્યાય બધા સાધુ. અહીં તો 'કુંદકુંદાચાર્ય' એમ કહે, એક કટકો રાખીને મુનિપણું માને તો એ મુનિપણાની દશા છે જ નહિ. કારણકે વસ્ત્ર લેવાની મમતા છે માટે એ મુનિપણું નથી. મુનિપણું નથી નવતત્ત્વની શ્રદ્ધાની વિપરીતતા છે. એમાં નવેતત્ત્વની શ્રદ્ધાની વિપરીતતા છે. આહાહા..! કેમ કે એક તો જીવનો આશ્રય જેટલો લીધો એટલો આશ્રય રાગ છે એટલે એટલો આશ્રય ઓછો થયો. વસ્ત્ર, પાત્ર રાગ છે એટલો આશ્રય ઓછો. વસ્ત્ર, પાત્ર ન હોય ત્યારે આશ્રય વિશેષ હોય. રાગ આમાં હોય તો આશ્રય ઓછો હોય. અજીવનો સંયોગ જેટલો જોઈએ તેટલો નથી, એથી વધારે છે એથી અજીવની ભૂલ થઈ. અંદર પુણ્ય-પાપમાં પણ ભૂલ થઈ. એમ કહે કે થોડો સંયોગ છે અને એનો શુભરાગ છે એને વીતરાગતા માને છે. એનાથી કલ્યાણ માને છે. પુણ્યમાં પણ ભૂલ છે, પાપમાં પણ ભૂલ છે, આસ્રવમાં ભૂલ છે, સંવરમાં ભૂલ છે, નિર્જરામાં ભૂલ છે, મોક્ષમાં ભૂલ છે. આહાહા..! આવી વાતું છે.

એમ આ નગ્ન છે એ બધા સાધુ છે એમ પણ નથી. નગ્નપણું અનંતવાર લીધું છે. અનંતવાર નગ્નપણું અને પંચમહાવ્રત અનંતવાર લીધા છે. એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. અહીં શું કહેવું છે? **'સંયમીઓને નિરંતર સંમત છે,...'** એનો અર્થ ચાલે છે. ચોથાગુણસ્થાને અને પાંચમાગુણસ્થાને વીતરાગતા માની છે, પણ એને પ્રગટતા વાર લાગે છે. આહાહા..! અને મુનિને છે એ નિરંતર સંમત છે. સાતમું ગુણસ્થાન આવે તરત વીતરાગતા આવે છે. આહાહા..!

**'તે સમતાને...'** આહાહા..! મુનિરાજ પોતે કહે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. **'તે સમતાને હું અત્યંત ભાવું છું.'** હું તો વીતરાગભાવને ભાવું છું. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ આવે પણ એને કાંઈ ભાવતો નથી. આહાહા..! **'સમતાને હું અત્યંત ભાવું છું.'** ભાષા જોયું? એકલું ભાવું છું એમ ન કહ્યું. **'હું અત્યંત ભાવું છું.'** એમ કરીને પોતાની મુનિદશાની વીતરાગતા પ્રસિદ્ધ કરે છે. આહાહા..! જીવનો જેવો વીતરાગી સ્વભાવ છે, એવો વીતરાગી અંશ ચોથે ગુણસ્થાને પ્રગટે છે. અને મુનિને તો વીતરાગતા તત્કાળ, વિશેષ પ્રગટે છે. તેથી મુક્તિસુંદરીની સખી છે એ. અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થશે. આહાહા..! મતિ અને શ્રુતજ્ઞાન યથાર્થ થયું. ધવલમાં એમ કહે છે, કે એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. ઓહોહો..! આહાહા..! ઓલામાં મતિજ્ઞાન બોલાવતું હશે? પાઠ એવો છે. મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે. બોલાવે એટલે હવે એને નજીકમાં છે.

મતિજ્ઞાન જેને સમ્યક્ થયું, એને કેવળજ્ઞાન તદ્દન નજીકમાં છે. આહાહા..! 'શ્રીમદ્દે'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો એમ પણ કહ્યું છે, કે સમ્યગ્દર્શન થઈને પછી તું એમ કહે કે અમારે હવે ભવભ્રમણ કરવું છે. અમારે આ નહિ ચાલે, ભવભ્રમણ હવે નહિ થાય. એવું છે. આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જ્યાં પ્રગટ્યા એને હવે ભવભ્રમણ નથી. તું ના પાડ કે હવે કેવળજ્ઞાન નથી જોઈતું. નહિ ચાલે. એમ લીધું છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પરાણે ખેંચીને લઈ જાય મોક્ષમાં?

પૂ. ગુરુદેવશ્રી :- એવું એનું સ્વરૂપ જ છે. સમ્યગ્દર્શનથી આખા પૂર્ણ આત્માને જોરથી પકડ્યો છે. તેથી તેની પર્યાય વધતી જ જાય છે. વધી જતા અલ્પકાળમાં કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. આહાહા..! આવું છે. ભાવ-ભાવ. ભાવ-ભાવ. ભાવ છે તે ભાવને... આહાહા..! વીતરાગના વચનો ઘણા સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળ્યા નથી. બિચારા કાંઈક કાંઈક રોકાઈ ગયા છે. ધર્મ એકકોર પડ્યો રહ્યો. આહાહા..! **'તે સમતા...'**

મુમુક્ષુ :- મતિશ્રુતને કેવળજ્ઞાન કેટલું દૂર હોય છે?

પૂ. ગુરુદેવશ્રી :- દૂર કાંઈ નથી. એ તો કોઈને અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થાય, કોઈને એકાદ-બે ભવ કરવો પડે. આહાહા..! પણ એ અનંતકાળના હિસાબે એ બે ભવ ગૌણ કહેવાય. અનંત જ્યાં ભવ થયા... આહાહા..! એમાં બે-ચાર ભવ કે પંદર ભવ. 'શ્રીમદ્દે' પંદર કહ્યા છે. સમ્યક્ત્વ થયા પછી પંદર ભવ થાય. આગળ ન વધે તો. આહાહા..!

**'તે સમતાને હું અત્યંત ભાવું છું.'** એકલું ભાવું છું એમ નહિ. **'અત્યંત ભાવું છું.'** આહાહા..! મુનિની દશા તો વીતરાગભાવની જ હોય છે. વીતરાગભાવની દશા અને વીતરાગભાવની જ ભાવના. વીતરાગભાવનું જ ઘોલન. આહાહા..! એવી મુનિદશા. એ કહ્યું. **'અત્યંત ભાવું છું.'**નો અર્થ એ કર્યો. ૧૪૦ કળશ થયો.

## શ્લોક-૧૪૧ ઉપર પ્રવચન

૧૪૧મો કળશ.

**जयति समता नित्यं या योगिनामपि दुर्लभा**
**निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।**
**परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका**
**मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि।।१४१।।**

આહાહા..! **'જે યોગીઓને પણ દુર્લભ છે,...'** વીતરાગતા યોગીઓને પણ દુર્લભ છે. સમકિત સહિતની વીતરાગતા... આહાહા..! **'યોગીઓને પણ દુર્લભ છે,...'** આહાહા..! બોધી દુર્લભ ભાવનામાં એમ આવે ને? સમકિત બોધી દુર્લભ છે. એમ આ પણ દુર્લભ છે. સમતા એટલે વીતરાગતા. **'જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**(સમાન) છે,...'** આહાહા..! અંદરની વીતરાગતા. શુભ અને અશુભભાવ રહિત, શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ, શુદ્ધોપયોગ, વીતરાગભાવ, સમતાભાવ... આહાહા..! **'જે નિજાભિમુખ...'** નિજની સન્મુખ, અભિમુખ છે. આત્મા પૂર્ણાનંદનો નાથ એની અભિમુખ-સન્મુખ. સુખના સાગરમાં એ **'નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા...'** એ સુખના દરિયામાં–પર્યાયમાં ભરતી લાવવા. ભાષા.

**'નિજાભિમુખ સુખના સાગરમાં...'** અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો ચોથે ગુણસ્થાનેથી આવ્યો છે. અહીં મુનિને તો અતીન્દ્રિય આનંદ... આહાહા..! એ સુખના સાગરમાં ભરતી લાવે છે. આહાહા..! પર્યાયમાં સુખના સાગર ડોલે છે, ઝૂલે છે, વિશેષ પ્રગટ છે. આવું મુનિપણું છે. **'પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...'** સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રમાની પ્રભા સમાન. પૂર્ણ ચંદ્રમાં થાય એટલે દરિયામાં ભરતી આવ્યા વિના રહે જ નહિ. એમ સ્વસન્મુખ એ સુખનો સાગર, એણે પર્યાયમાં **'ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન)...'** સમતા છે. સમતા એટલે રાગ વિનાની સમતા. પુણ્ય અને પાપનો ભાવ વિષમતા છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ વિષમતા છે. એ સમતા નથી. આહાહા..! એનાથી વિરુદ્ધ પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન વીતરાગતા છે. આહાહા..!

**'જે પરમ સંયમીઓની...'** પરમસંયમી સંતોની... આહાહા..! **'દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...'** દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે. આહાહા..! મુનિની દીક્ષા થઈ ત્યાં વીતરાગતા હોય જ. એની સખી છે. સાથે હોય છે. અંતરથી જ્યાં મુનિપણું લીધું. અંતરથી, હોં! એકલા બહારથી લે એ મુનિ નહિ. નગ્નપણું એકલું મુનિપણું નથી. વસ્ત્રવાળા તો મુનિ છે જ નહિ. કોઈ દિ' અજ્ઞાનમય. વસ્ત્ર છોડીને નગ્ન થાય એ પણ કાંઈ મુનિ નથી. અંતરની **'પરમસંયમીઓની દીક્ષા...'** વીતરાગપણાની જે દીક્ષા હતી. આહાહા..!

જયધવલમાં તો એમ પણ કહ્યું છે. મેં તો શુદ્ધોપયોગમાં રહેવું એ પ્રતિજ્ઞા કરી છે. શુદ્ધોપયોગમાં રહેવું એમ મેં પ્રતિજ્ઞા કરી હતી. મને આ પંચમહાવ્રતના પરિણામ આવ્યા એ મારા પ્રત્યાખ્યાનનો ભંગ થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? મેં તો શુદ્ધોપયોગમાં રહેવું એટલે વીતરાગભાવમાં રહેવું એ મેં પ્રતિજ્ઞા કરી. એમાં હું રહી શક્યો નથી. મહાવ્રતના પરિણામ આવ્યા.. આહાહા..! વ્યવહાર સમિતિ, ગુપ્તિ આવી, ભક્તિ આવી એટલે મારી પ્રતિજ્ઞામાં ભંગ પડ્યો. ફરી પ્રતિજ્ઞા લઉં છું. આહાહા..! શુભવીતરાગતા સિવાય મારે કાંઈ બીજું નહિ. એવી વીતરાગતા સહિતનું મૃત્યુ સમાધિ મરણ છે. આહાહા..! એ પચ્ચખાણ કરે છે. મરણને છેડે આવા પચ્ચખાણ કરે છે. કે ઓલો પંચમહાવ્રતનો પ્રમાદભાવ હતો, એમાં અપ્રમાદમાં રહેવું, વીતરાગતામાં રહેવું એમ મેં ... એમાં અહીંયાં આવીને આટલો દોષ લાગી ગયો. માટે ફરી પચ્ચખાણ કરું છું. આહાહા..! વાતું સાંભળવી કઠણ પડે. આહાહા..! 'યશપાલજી'! જયધવલમાં છે. શું કહેવાય એ? જયધવલ. જયધવલમાં એવું લખાણ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધવલ, મહાધવલ અને જયધવલ. કે મેં તો ઉપયોગને શુદ્ધ રાખવો, શુદ્ધ ઉપયોગમાં રહેવું, વીતરાગપણે રહેવું એ મેં પ્રતિજ્ઞા કરી હતી. એ હું શુદ્ધ ઉપયોગમાં રહી શક્યો નહિ અને પંચમહાવ્રત આદિના પરિણામ આવ્યા તેથી મારી પ્રતિજ્ઞા ભંગ થઈ. હવે હું પંડિત મરણે વૈરાગ્યવાળો છું. તે પ્રતિજ્ઞા લઉં છું. શુદ્ધ ઉપયોગની પ્રતિજ્ઞા. શુદ્ધ ઉપયોગ એ જ મારું સ્વરૂપ છે અને મારું સંયમ છે. આહાહા..! છે?

**'જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી...'** એટલે શું કીધું? મુનિ જ્યાં દીક્ષા લે છે એટલે એને વીતરાગતા જ હોય. સાચી દીક્ષા જે છે એને વીતરાગતા જ આવે. આહાહા..! છે એમાં? **'પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને...'** સમતા એટલે વીતરાગતા **'વહાલી સખી છે...'** વીતરાગતા તો એની વહાલી સખી છે. આહાહા..! સંતોની વાણી, દિગંબર સંતોની વાણી જ જુદી જાતની છે. આખી દુનિયાથી ફેર. નાગા બાદશાહથી આઘા. એને બાદશાહની પડી નથી. કોણ માનશે, કોણ કહેશે? એને ઘરે રહ્યા. માર્ગ આ છે. આહાહા..!

**'અને જે મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે,...'** વીતરાગતા. સમતા એટલે વીતરાગતા. એ **'મુનિવરોના સમૂહનું...'** જેટલા મુનિ છે તે બધાનું. વીતરાગભાવ તે તેનું આભૂષણ છે. અને ત્રણલોકનું... આહાહા..! આ મુનિપણું 'યશપાલજી'! આહાહા..! આ તો થોડું કાંઈક છોડે એટલે મુનિપણું લઈ લ્યો, વ્રત લઈ લ્યો. આહાહા..! **'મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણલોકનું પણ અતિશયપણે આભૂષણ છે,...'** આહાહા..! વીતરાગતા તો **'અતિશયપણે આભૂષણ છે, તે સમતા સદા જયવંત છે.'** તે સમતા વર્તે છે એમ કહે છે. જયવંત છે એટલે તે વીતરાગતા મને વર્તે છે. એ જયવંત વર્તે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- ગાથા ૧૦૫નું પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી ૧૯૭૧ના સાલના પ્રવચનમાંથી લેવામાં આવેલ છે.**

---

**પ્રવચન નં. ૧૦૦, શ્લોક-૧૪૧, ગાથા-૧૦૫, શુક્રવાર, શ્રાવણ વદ ૧૫, તા.૨૦-૮-૭૧**

---

'નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર'. વીતરાગ પરિણતિરૂપ ચારિત્ર, એનો આ પ્રત્યાખ્યાન પેટા ભેદ છે. ૧૪૧ કળશ છે.

**जयति समता नित्यं या योगिनामपि दुर्लभा**
**निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।**
**परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका**
**मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि।।१४१।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહે છે ? કે આત્મામાં વીતરાગતારૂપી સમતા પ્રગટ થવી. રાગ તો અનાદિનો પ્રગટ થાય છે. પુણ્ય અને પાપના વિકલ્પો એ તો વિકાર (છે). પણ વીતરાગતા ધર્મનું સ્વરૂપ, એ બધા શાસ્ત્રનો તાત્પર્ય ભાવ છે. આત્મામાં વીતરાગતારૂપી સમતા.

શ્લોકાર્થ :- 'જે યોગીઓને પણ દુર્લભ છે,...' **'योगिनामि दुर्लभा'**. શું આવે છે ? બીજામાં આવે છે ને ? સેવનો. સેવા તો યોગીઓને પણ ગહન છે, એમ લોકો કહે છે. સેવા.. સેવા. દુનિયાની સેવા કરવી એ તો યોગીને દુર્લભ છે એમ એક પત્રમાં આવ્યું હતું. જૈનના પત્રમાં, હોં ! અહીં તો કહે છે, સેવા કોની ? પરની સેવા કરી શકે છે ક્યાં ? અને પરની સેવાનો ભાવ છે એ શુભભાવ-પુણ્ય છે, રાગ છે, એ કંઈ ગહન નથી. એક પંડિતે લખ્યું હતું. પત્રમાં આવ્યું છે. સેવા યોગીનામપિ ગહનમ્. પંડિત હતા એણે લખ્યું હતું. ધૂળેય ગહન નથી. આ ગહન તો યોગીઓને દુર્લભ વીતરાગભાવ કે જે વસ્તુ અખંડ આનંદ પ્રભુ, એના ઉગ્ર આશ્રયથી પ્રગટ થાય એ આત્માની સેવાથી જે પ્રગટ થાય, એવી વીતરાગતા યોગીઓને પણ દુર્લભ છે. આહાહા..! સમજાણું કાંઈ ? 'ભીખાભાઈ' ! લોકો એમ કહે છે. પૈસા-બૈસા કાંઈક આપ્યા હોય, પાંચ-પચાસ હજાર અને નિવૃત્તિ લીધી હોય. એટલે એમ કે આ સેવા કરીએ છીએ એ યોગીઓને પણ દુર્લભ છે. એમ.

અહીં તો મુનિ 'પદ્મપ્રભમલધારીદેવ' પંચ મહાવ્રતધારી વ્યવહારે હતા. નિશ્ચયે સ્વરૂપના ધરનારા હતા. વીતરાગભાવ જેણે અંતર ભગવાન નિધાન ચિદાનંદ પ્રભુ, એના અવલંબનથી, ઉગ્ર આશ્રયથી જેણે વીતરાગતા પ્રગટ કરી છે. એ પ્રત્યાખ્યાન અને એ ચારિત્ર છે. જે યોગીઓને પણ દુર્લભ. સંતોને પણ અંદર ઉગ્રપણે વસ્તુનો આશ્રય લઈને પ્રત્યાખ્યાન એટલે ચારિત્રની વીતરાગ પરિણતિ પ્રગટ કરવી દુર્લભ છે. પરનો આશ્રય છોડી અનાદિથી પરના સંસ્કાર, પરનો આશ્રય, પરનું અવલંબન, એ અનાદિથી ટેવાઈ ગયેલો છે. એમાંથી કહે છે કે આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો ઉગ્રપણે આશ્રય લઈને જે સમતા, વીતરાગતા થવી દુર્લભ છે. આહા..હા...! આ પૈસા મળવા દુર્લભ છે, આ વ્રત પાળવા દુર્લભ છે એમ અહીંયા નથી કહ્યું.

મુમુક્ષુ :– એક ઠેકાણે કહ્યું છે.

ઉત્તર :– ઇ કહ્યું હોય ઇ તો સ્વરૂપની સ્થિરતાની અપેક્ષાએ. અંદર સ્વરૂપની સ્થિરતા હોય એને મહાવ્રત મોટા. એમ કહ્યું છે. મહાવ્રત મહાપુરુષો પાળે. છે ને? પંડિતજી ! મહાવ્રત છે ને, તો એનો અર્થ આવો કરે છે. એને મહાપુરુષોએ પાળ્યા. એનો અર્થ કે જ્યાં સ્વરૂપની ધ્રુવ ઉપર ઘણી જ ઉગ્રતાની આશ્રયે જે વીતરાગતા પ્રગટી છે, ત્યાં આગળ આવા પંચ મહાવ્રતના વિકલ્પો હોય છે. પાળી છે સ્વરૂપની સ્થિરતા, પણ વ્રત પાળે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જે સમતા. સમતા એટલે વીતરાગતા, વીતરાગતા એટલે ચારિત્રની રમણતા, પ્રત્યાખ્યાન,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધા એકાર્થવાચક છે. એ બધા વસ્તુ ભગવાન.. આહા..હા...! જેણે પોતાની શક્તિ ઉપર અનંત કાળથી નજર કરી નથી. આહા..હા...! મહા અતીન્દ્રિય આનંદનો ભંડાર, અનંત અતીન્દ્રિય આનંદનો ભંડાર એવું પરમ સ્વતત્ત્વ. એનો ઉગ્રપણે આશ્રય લેવો. જઘન્યપણે આશ્રય લેવો એ સમકિત છે. ઉગ્રપણે આશ્રય લેવો એનું નામ ચારિત્ર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...'** આહા..હા...! સ્વરૂપ, એને અવલંબે પ્રગટેલી સમતા વીતરાગ નિર્વિકલ્પ દશા, એ નિજ અભિમુખ સુખના સાગરમાં,.. જુઓ! એ વીતરાગતા સ્વરૂપને અવલંબે પ્રગટે. સમ્યગ્દર્શન એ વીતરાગતા છે. સમ્યગ્જ્ઞાન એ વીતરાગતા છે અને સમ્યક્ચારિત્ર, એ ત્રણેય વીતરાગતા છે. કહે છે કે જે સમતા-વીતરાગતા ચારેય અનુયોગનું તાત્પર્ય. ચાર શાસ્ત્ર છેને? અનુયોગ. એનું તાત્પર્ય વીતરાગતા છે. સમભાવ છે, સમતા છે. એ સમતા.. આમ સમતા રાખવી, રાગની મંદતાની, એ સમતાની આ વાત નથી. આહાહા..! જેમાં વીતરાગતા, વસ્તુના સ્વભાવમાં.. અરે..! વિશ્વાસ (આવવો કઠણ).

ભગવાનઆત્મામાં પૂર્ણ અચળ વીતરાગતાના સ્વભાવનો ભગવાન ભંડાર છે. એનામાં એનો આશ્રય કરીને એને ધ્યેય બનાવીને જે વીતરાગતા પ્રગટ થાય, એ નિજ અભિમુખ સુખના સાગરમાં.. આહા..હા...! કહે છે કે પોતાનો આત્મા એની સન્મુખ થયેલું, અભિમુખ થયેલું સુખ અને એમાંથી પ્રગટેલું સુખ, એવા સુખના સાગરમાં. આહા..હા...! સમ્યગ્દર્શનમાં પણ સુખની દશા છે. સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ દશા, એમાં એ અતીન્દ્રિય આનંદના આશ્રયે સુખની પ્રશમતા, શાંતિ પ્રગટેલી હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો નિજાભિમુખ ઉગ્રપણે સુખનો સાગર પ્રગટ્યો છે, કહે છે. પર્યાય. મુનિની દશાની વાત છે ને! આહાહા..! અતીન્દ્રિય સાગર આનંદ એ નહિ. પણ એને આશ્રયે, એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળ્યો છે, કહે છે. આહાહા..! કહો, શેઠ ! ઓલો તમારો સાગર નહિ. આહાહા..!

'સુખના સાગરમાં ભરતી લાવવા..' ભરતી સમજતે હો? બાઢ. બાઢ આતી હૈ. આહા..હા..! ભગવાન પૂર્ણ સુખનો સાગર, અપરિમિત મર્યાદા વિનાની જ્યાં સુખની દશા, જ્યાં સુખનું સ્વરૂપ પડ્યું છે. ભગવાન અંતરમાં એની સન્મુખ થઈને. આહાહા..! રાગ અને નિમિત્તથી વિમુખ થઈને. આ 'નિયમસાર' છે ને! નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એ વસ્તુના નિજાભિમુખ–નિજ અભિમુખથી પ્રગટ થયેલી આનંદ અને વીતરાગદશા છે. એનું નામ મોક્ષનો માર્ગ પરમાત્મા ફરમાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ પણ કહેવા માગે છે કે જે ચારિત્ર નામ સમતાભાવ છે, એ આનંદરૂપ છે, દુઃખરૂપ નથી. લોકો એમ કહે છે ને? ચારિત્ર તો બાપા! લોહના કોળિયા છે. મીણના દાંતે વેળુ... વેળુ સમજતે હો? વાલુ. વાલુ હોતી હૈ ન? રેતી.. રેતી. મીણને દાંતે રેતી ચાવવી. એવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્ર. દુઃખ છે, કઠણ છે. ઇ વાત જૂઠી છે, એમ કહે છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. ચારિત્ર તો આનંદદાયક છે, એને દુઃખદાયક માન (તો) તને વસ્તુની ખબર નથી. એ ચારિત્ર એટલે કે પંચમહાવ્રતના પરિણામ કે નગ્નની ક્રિયા એ નહિ. ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છલોછલ ભરેલું તત્ત્વ છે. એમાં ડૂબકી મારીને–એકાગ્ર થઈને જે આનંદની છોળ–ભરતી આવે, વર્તમાન કાંઠે–પર્યાયમાં. આહાહા..! અરે..! વ્રત ને કષ્ટ સહન તો કરી જુઓ! કેવા વ્રત કઠણ છે. અરે..! એમ નથી, પ્રભુ! તને ખબર નથી. આહા..!

એ ચારિત્ર તો 'નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન)...' વીતરાગતા છે. એ ચારિત્રતા કહો, સમતા કહો, વીતરાગતા કહો, પ્રત્યાખ્યાન કહો. આહા..! જેમ સાગરમાં પૂનમ હોય ત્યારે એની ભરતી બહુ આવે. પૂનમ હોય ને પૂનમ? પૂનમનો ચંદ્ર. બહુ ભરતી આવે. બાઢ બહુ આવે. ચંદ્રને અને સાગરને એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. જ્યારે ચંદ્ર પૂનમપણે ખીલ્યો હોય ત્યારે દરિયો પણ આમ ભરતીમાં–બાઢમાં ઉછળી જતો હોય છે. બે-બે, ત્રણ-ત્રણ માથોડા ઉછળે. અહીં તો અમે જોયું. 'પોરબંદર'. 'પોરબંદર' નજીકથી જોયું. ન્યાં જ મોઢા આગળ અમે ઉતરેલા. દરિયાને કાંઠે ઉતરવાનું સ્થાન હતું. શું કહેવાય ઈ? ટાઉન હોલ. માથે ત્યાં ઉતરેલા. ન્યાં જ દરિયો છે. આ બાજુ. વંડી છે માથે. દરિયો માથે એ દેખાય. છોળ મારે જ્યારે પૂનમ હોય. ચંદ્ર. આજે તો અમાસ છે. પૂનમે પૂર્ણ મહિનો થાય છે ને. અમાસ તો અર્ધમાસ છે. મહિનો પૂર્ણ થાય ત્યારે ચંદ્ર પૂર્ણ હોય અને દરિયો ઉછળે છે, કહે છે. આહાહા..!

એમ સમતા એટલે ભગવાન આનંદના ધામનો આશ્રય લઈને–ઉગ્ર આશ્રય લઈને જે સમતા અને વીતરાગતા આવી, એ વીતરાગતા સાગર સુખનો, જે ભરતી આવે છે, એ ભરતી લાવવામાં ચંદ્રમા સમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! પ્રભુ! સુખ તારું ક્યાંય બીજે નથી, એમ કહે છે. શરીરમાં નથી, પૈસામાં નથી, આબરૂમાં નથી. નથી પાપના ભાવમાં સુખ, નથી પુણ્યના ભાવમાં સુખ. એ તો દુઃખ છે. ભગવાન આત્માના આનંદનો જ્યાં આશ્રય લીધો છે અને સમુદ્રમાં જેમ ગોથા ખાઈને અંદર પડીને જેમ મોતી લાવે, એમ ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ–સાગર, એમાં એકાગ્ર થઈને.. આહાહા..! આ વાત તે કંઈ વાત છે! દશા પલટીને દિશા પલટી જવી.. આહાહા..!

નિજ અભિમુખ. ભગવાનઆત્માની સન્મુખ થઈને જે આનંદ પ્રગટે છે એ આનંદ પ્રગટવામાં ભરતીને લાવવામાં, એ પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન સમતા છે. આહાહા..! એમ કહે છે કે ચારિત્રમાં કહો, વીતરાગતામાં કહો કે સમતા કહો, એમાં આનંદ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! અરે..! અમારે સહન કરવા પડે, ઉઘાડે પગે ચાલવા પડે, ઊના પાણી પીવા, લોચ કરાવવા અને આ તીખા ધારના જેવા વ્રત પાળવા.. અરે..! ભગવાન! શું કહે છો? ભાઈ! એ તો બાહ્ય દૃષ્ટિ છે. આહાહા..! શબ્દ પણ કેવા વાપર્યા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે! ઓછા પડે છે જાણે. ભાઈએ લખ્યું છે ને? પંડિતજીએ ક્યાંક આમાં લખ્યું છે કે ક્યાંક લખ્યું છે. પ્રસ્તાવનામાં લખ્યું છે. શબ્દો ઓછા પડે છે. પાઠ છે ને? જુઓને! **'निजमुख'** એમ છે ને? **'निजमुख'**. ભગવાનઆત્મા પૂર્ણ આનંદનું ધામ, એની સન્મુખ. નિજ એની સન્મુખ. અને વિકાર અને સંયોગથી વિમુખ. આહાહા..! એ કંઈ વાત છે! એ કંઈ વાતે બેસે એવું છે? આહાહા..! અનંત અનંત જેમાં પુરુષાર્થ છે. આમ દશા છે એને આમ કરી નાખવી. **'निजमुख'** શબ્દ વાપર્યો છે. એવી જે સમતા, એ સુખના સાગરની ભરતી લાવવા માટે સાગરમાં જેમ ચંદ્ર છે એમ આ ચંદ્ર છે. ચંદ્ર સમાન છે ઇ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એમ કીધું.

'જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...' એ વસ્તુ ભગવાન પરમતત્ત્વના અવલંબનથી-આશ્રયથી જે વીતરાગતા પ્રગટી એ વીતરાગતા પરમ સંયમીઓની દીક્ષા, ચારિત્ર. એની જે સ્ત્રી. ચારિત્ર દીક્ષારૂપી પ્રવજ્યારૂપી સ્ત્રી, એના મનને વહાલી સખી છે. સમતા એટલે વીતરાગતા મુનિઓને વહાલી છે, એમ કહે છે. રાગવાળો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ એ વ્હાલા નથી એમ કહે છે, ભાઈ! આમાં. આહાહા..! વ્હાલા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગના ઘરના માંડવા છે. સમજાણું કાંઈ? એ વીતરાગના ઘરને માંડવે શેના ગાણા હોય? રાગના હોય? કહો. લગન વખતે તો ઉપાડો કહેવાય, ઇ ઠીક ન કહેવાય, લ્યો. .. કહેવાય, ભાષા પણ જુઓને! કર્યું હતું ને?

અમારે એમ થયું હતું ને. (સંવત) ૧૯૬૪ની સાલ. ૧૯૬૪-૬૪. અમારે 'ફાવાભાઈ'ના લગ્ન હતા. ચૌદ વર્ષની ઉંમર, મારી અઢારની. એનો હું અણવર થયો હતો. ઓલું સાચવવા. દાગીના-બાગીના હોય ને. મૂળ તો ઇ. એમાં એને લઈને બેસાડવા ગયા ખાડામાં. મેં કીધું, ઉપાડો. ઓલાને એમ થાય કે લગ્નમાં ઉપાડો ન કહેવાય. આપણે તો ભગત માણસ. આપણને કંઈ લોકની (ખબર નહિ). કીધું, ઉપાડો. શેઠ! ઉપાડો, સમજ્યાને? ઉઠાવો. ઉઠાવો ન કહેવાય. લગ્ન પ્રસંગમાં ઉઠાવો ન કહેવાય. તેડો, એમ કહેવાય. એ ભાષા છે. તેડોને તમારી ભાષામાં શું કહે છે? ઉપાડો મડદાને ઉપાડો એમ કહેવાય. આપણને કાંઈ ખબર ન મળે. ગામમાં લગ્ન અને બહાર ગાડુ હતું. ગાડે બેસાડવાનું. અહીં 'ઉમરાળા'. 'ફાવાભાઈ' હતા ને આપણા? 'ફાવાભાઈ', નહિ? 'સુરતવાળા'. 'મનહર' છે કે નહિ? ગયો? ગયો હશે. લોકોને ગાંડાભાઈ કહે. જુઓ ભાઈ! એ ભગત છે. એના શબ્દો મંગળિક છે. કોઈ અમંગળિક માનશો નહિ. ગાંડાભાઈને અમારી છાપ હતી ને. નાની ઉંમરથી છાપ હતી ને બધી. કીધું,... એકનો એક દીકરો, ભાઈ! એકનો એક દીકરો. નાની ઉંમર. ચૌદ વર્ષના લગ્ન. ચૌદ વર્ષના. ચૌદ વર્ષે. પહેલા તો .. નહોતો ને એટલે એમ કે કોણ જાણે કેમ થાય, પરણાવી દ્યો. આ શબ્દ નીકળ્યો ને લોકોને એમ થઈ ગયું, આ શું? શંકા કરશો નહિ, કોઈ સંદેહ કરશો નહિ. ઇ ભગતનું વાક્ય છે. એય..! 'સેઠી'! (સંવત) ૧૯૯૬માં મારી પાસે બ્રહ્મચર્ય લીધું, લ્યો!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં. ૧૯૬૪ ને ૧૯૯૬, કેટલા થયા? ૩૨ વર્ષ. કાંઈ થયું નહિ. ઉપાડો કીધું તો કાંઈ (થયું નહિ). મફતના લોકોના (વહેમ). અહીં ૧૯૯૬ પછી તો કેટલા વર્ષ રહ્યા? ઘણા. બ્રહ્મચર્ય સજોડે અહીં લીધું. પછી ઘણા વર્ષ રહ્યા. પછી ગુજરી ગયા. પછી આ 'દૂધીબેન' ગયા એમના ઘરે બૈરાં... દુનિયામાં વચન છેકે એનો ભાવનો આશય શું છે એને સમજે નહિ.

અહીં કહે છે, આહાહા..! મુનિઓને તો વીતરાગતા વ્હાલી છે. એય..! સમ્યગ્દષ્ટિને પણ વીતરાગતા વ્હાલી છે. રાગ વ્હાલો નથી, હોય ખરો. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બધુંય સમજવા જેવું છે.

ઉત્તર :- આહાહા..! એક એક શબ્દે...

'પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...' આહાહા..! ભગવાન આત્મા શાંતિથી છલોછલ ભરેલો. એમાં ઉછળીને આવી પર્યાય પ્રગટ થઈ, અંદર સ્વસન્મુખતા થઈને. એવી વીતરાગતા, એવું ચારિત્ર એ નિશ્ચય પ્રત્યાખ્યાન. એ સંતોને વહાલું છે. એ દુઃખદાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પ્રવજ્યા. પ્રવજ્યા નથી ખ્યાલ? એ તો દીક્ષા છે. ચારિત્ર. દીક્ષા એટલે ચારિત્ર કહો. સ્વસન્મુખની સ્થિરતા. એ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે શુદ્ધાત્માભિમુખ પરિણામથી પ્રાપ્ત થાય છે. એ કોઈ બહારથી થાતું નથી. શુદ્ધ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અંદર, એની સન્મુખ શુદ્ધ અભિમુખ પરિણામ. એનાથી સમકિત થાય છે. અને વિશેષ શુદ્ધ અભિમુખ પરિણામથી ચારિત્ર થાય છે. પરિપૂર્ણ જ્યાં દ્રવ્યનો આશ્રય લીધો (ત્યાં) કેવળજ્ઞાન થાય. આહાહા..! ચારિત્ર કોને કહેવું એની શ્રદ્ધાના ઠેકાણા નથી અહીં તો. નવ તત્ત્વમાં સંવર, નિર્જરા આવે છે ને? એ સંવર, નિર્જરા ઇ ચારિત્ર છે. તો સંવર, નિર્જરાની દશા મુનિને કેવી હોય, ત્યારે એને મુનિપણું કહેવાય, એની ખબર નથી (તો) નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા..! પંડિતજી! આ તો બાપુ..! નવે ભિન્ન ભિન્ન તત્ત્વની હજી ખબર નથી. સંવર, નિર્જરા આટલી દશા હોય ત્યારે એને ચારિત્ર કહેવાય અને આસ્રવનો આટલો મંદ ભાગ હોય ત્યારે એને વ્રત આદિ કહેવાય. એને એકેય તત્ત્વની ભિન્ન ભિન્નની વાસ્તવિકતાની ખબર ન મળે. અભિન્ન એકાકાર તો પછી. સમજાણું કાંઈ?

જે ચારિત્ર તો દીક્ષા એટલે સ્વરૂપની સ્થિરતા કરનારા, રમણ કરનારા મુનિઓ, એને તે સમતા-વીતરાગતા અથવા ચારિત્ર, એની સખી છે. વહાલી સખી છે. આહાહા..! એ વહાલી બહેનપણી છે, એમ કહે છે. બહેનપણી કહે છે ને? હિન્દીમાં કહે છે કે નહિ? બહેનપણી કહે છે? બહેનપણી, આ વહાલી સખી હોય ને? એને બહેનપણી કહે. અમારે અહીંયા બહેનપણી કહે છે. જેમ આ ભાઈબંધ, ભાઈ ન હોય, ભાઈબંધ. એમ આ બહેન ન હોય તો બહેનપણી. એમ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે મુનિવરોના સમૂહનું... આહાહા..! વસ્તુ ભગવાનને આશ્રયે પ્રગટેલી સમતા-વીતરાગતા-નિર્વિકલ્પતા, ચારિત્રતા, પ્રત્યાખ્યાન. એ **'મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે.'** વીતરાગ ચાંદલો ત્રણ લોકમાં એ શોભે છે, કહે છે. સમજાણું કાંઈ ? આહાહા..! ચારિત્ર એટલે શું? એ તો જાણે આ લૂગડાં ફેરવ્યા ને આ કર્યું ને થઈ ગયું. મહાવ્રતના વિકલ્પ કંઈક હોય. શુદ્ધતા વિનાના. થઈ ગયું, જાઓ! ઇ કહેશે અહીંયા. ૧૦૫ માં. જે સમતા ભગવાન આત્માથી પ્રગટેલી. પૂર્ણ સમતાનો કંદ નાથ આત્મા, એમાં પેસીને જે પ્રગટેલી, એવી જે સમતા અને ચારિત્ર, પચ્ચખાણ, આહાહા..! મુનિવરોના સમૂહને પ્રિય છે, આભૂષણ છે. મુનિના ટોળાને એ આભૂષણ છે. એમાં એની શોભા છે. આહાહા..! અને ત્રણ લોકનું પણ વિશેષપણે આભૂષણ છે. આહાહા..! ધન્ય! ધન્ય! વીતરાગતા દ્રવ્યને આશ્રયે સમતા ચારિત્ર પ્રત્યાખ્યાન ત્રણ લોકનું આભૂષણ છે. જેને સંતો ધારે છે, ઇન્દ્રો જેને પ્રાર્થે છે. આહાહા..! એવી જે ચારિત્રદશા ત્રણ લોકમાં પણ. એમ. મુનિવરોને તો ઠીક પણ ત્રણ લોકમાં બીજા બધાને. આહાહા..! સ્વર્ગના દેવો પણ ભાવે છે કે ક્યારે અમે ચારિત્ર અંગીકાર કરીએ? ઇ ચારિત્ર એટલે આ વ્રત ને નગ્નણું એ નહિ. કહેતા હતા ને? એક મારવાડી આવ્યા ત્યારે. ન્યાં એને કહેવું હતું ઇ. ચારિત્ર તો દેવને નથી. આ તો મહાવ્રતનું ચારિત્ર મનુષ્યપણામાં હોય છે. આ નગ્નણું ને મહાવ્રત ઇ મનુષ્યપણામાં (થાય) માટે ચારિત્ર અંગીકાર કરો. દેવમાં ચારિત્ર ન્યાં હોતું નથી માટે આ ચારિત્ર. માનેલા. અરે..! એ ચારિત્ર (કેવા), એ તો અચારિત્ર છે. આહાહા..!

'તે સમતા સદા જયવંત છે.' એમ કહીને પોતાની દશાની પ્રસિદ્ધિ કરે છે. અમારા આત્માને આશ્રયે પ્રગટેલી વીતરાગતા એ જયવંત વર્તે છે. એનો જય છે. આહાહા..! સમજાણું કાંઈ? સદા જયવંત છે, એમ કહ્યું છે ને? આહાહા..! અમારો ભગવાન, એને અવલંબીને, આશ્રય લઈને, ધ્યેય બનાવીને જે વીતરાગતા ચારિત્ર પ્રગટ્યું છે, એ વસ્તુ જેમ જયવંત વર્તે છે એમ એને આશ્રયે પ્રગટેલી પર્યાય ચારિત્ર પણ જયવંત વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ તો જુઓ! કહો, 'દેવીલાલજી'! કેટલા વખાણ ચારિત્રના!

મુમુક્ષુ :- દ્રવ્યચારિત્ર તો છે.. ભાવચારિત્ર...

ઉત્તર :- પણ દ્રવ્યચારિત્ર હોય પણ દ્રવ્યચારિત્ર કહેવાય ક્યારે એને? ભાવ પ્રગટ્યો હોય તો એને દ્રવ્યચારિત્ર કહેવાય. આવે પહેલું, વાત સાચી છે. એટલે કહે છે ને. પહેલું આવે ને. ચોથે, પાંચમે, આવ્યું હોય તો ઓલાને દ્રવ્યચારિત્ર કહેવાય. નહિંતર દ્રવ્યચારિત્ર શેનું કહેવાય? એ તો ચારિત્રના બે પ્રકાર છે ક્યાં? ચારિત્ર એક જ છે. એનું નિરૂપણ બે પ્રકારે છે. અરે..! ભગવાન! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૧૦૫

णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।
संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।

निःकषायस्य दान्तस्य शूरस्य व्यवसायिनः।
संसारभयभीतस्य प्रत्याख्यानं सुखं भवेत्।।१०५।।

निश्चयप्रत्याख्यानयोग्यजीवस्वरूपाख्यानमेतत्।

सकलकषायकलंकपंकविमुक्तस्य निखिलेन्द्रियव्यापारविजयोपार्जितपरमदान्तरूपस्य अखिलपरीषहमहाभटविजयोपार्जितनिजशूरगुणस्य निश्चयपरमतपश्चरणनिरतशुद्धभावस्य संसारदुःखभीतस्य व्यवहारेण चतुराहारविवर्जनप्रत्याख्यानम्। किं च पुनः व्यवहारप्रत्याख्यानं कुदृष्टेरपि पुरुषस्य चारित्रमोहदयहेतुभूतद्रव्यभावकर्मक्षयोपशमेन क्वचित् कदाचित्संभवति। अत एव निश्चयप्रत्याख्यानं हितम् अत्यासन्नभव्यजीवानाम्; यतः स्वर्णनामधेयधरस्य पाषाणस्योपादेयत्वं न तथांधपाषाणस्येति। ततः संसारशरीरभोगनिर्वेगता निश्चयप्रत्याख्यानस्य कारणं, पुनर्भाविकाले संभाविनां निखिलमोहरागद्वेषादिविविधविभावानां परिहारः परमार्थप्रत्याख्यानम्, अथवानागतकालोद्भवविविधान्तर्जल्पपरित्यागः शुद्धनिश्चयप्रत्याख्यानम् इति।

---

અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,
શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.

અન્વયાર્થ :– [ निःकषायस्य ] જે નિઃકષાય છે, [ दान्तस्य ] *દાન્ત છે, [ शूरस्य ] શૂરવીર છે, [ व्यवसायिनः ] વ્યવસાયી (-શુદ્ધતા પ્રત્યે ઉદ્યમવંત) છે અને [ संसारभयभीतस्य ] સંસારથી ભયભીત છે, તેને [ सुखं प्रत्याख्यानं ] સુખમય પ્રત્યાખ્યાન (અર્થાત્ નિશ્ચયપ્રત્યાખ્યાન) [ भवेत् ] હોય છે.

ટીકા :– જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે.

જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે, સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય

---

* દાન્ત = જેણે ઇન્દ્રિયોનું દમન કર્યું હોય એવો; જેણે ઇન્દ્રિયોને વશ કરી હોય એવો; સંયમી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મેળવ્યો હોવાથી જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે, સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે, નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં [1]નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે અને જે સંસારદુઃખથી ભયભીત છે, તેને (યથોચિત શુદ્ધતા સહિત) વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. પરંતુ (શુદ્ધતા વિનાનું) વ્યવહારપ્રત્યાખ્યાન તો કુદૃષ્ટિ (-મિથ્યાત્વી) પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ વડે ક્વચિત્ કદાચિત્ સંભવે છે. તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન અતિ-આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે; કારણ કે જેમ [2]સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે તેમ અંધપાષાણ નથી. માટે (યથોચિત્ શુદ્ધતા સહિત) સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે અને ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે અથવા અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પોનો (–વિકલ્પોનો) પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.**

## ગાથા–૧૦૫ ઉપર પ્રવચન

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।**

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

આહાહા..! ભાષા જુઓને! અજ્ઞાનીનું પચખાણ દુઃખમય હોય છે, એમ કહે છે. આત્માના શુદ્ધતાના ભાન ને અનુભવ વિના જે કંઈ પંચ મહાવ્રતને લે એ બધું દુઃખરૂપ છે. એમ બતાવવું છે. એ માટે તો આ પાઠ છે. પાઠ છે ને? ‘**सुहं हवे**’. એની સામે નાખ્યું. પેલાને દુઃખમ્. આહાહા..!

ટીકા :– ‘**જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય...**’ દેખો! જે આત્મા પોતાના સ્વરૂપને અવલંબીને વીતરાગતા પ્રગટ થવાને લાયક હોય, ‘એવા જીવના સ્વરૂપનું આ કથન છે.’

‘**જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે.**’ કષાયકલંકરૂપી કાદવ. કીચડ. કષાયકલંકરૂપી કાદવ. જુઓ! કાદવ શબ્દ છે આમાં. હિન્દીમાં શું છે? કીચડ છે. હિન્દીમાં છે. બરાબર છે. આ પંચ મહાવ્રતના પરિણામને કષાયકલંક કાદવ કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિને

**૧. નિરત = રત; તત્પર; પરાયણ; લીન.**
**૨. જે પાષાણમાં સુવર્ણ હોય છે તેને સુવર્ણપાષાણ કહે છે અને જે પાષાણમાં સુવર્ણ હોતું નથી તેને અંધપાષાણ કહે છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાદવ છે. રાગ છે ને. આહાહા..! દુઃખથી લિપ્ત ભાવ છે. આહા..! **'કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે.'** ચારિત્ર જેને વર્તે છે, એમ આગળ કહેવું છે ને. એવી શુદ્ધતા વર્તે છે એને વ્યવહાર હોય એમ કહે છે.

**'સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે,...'** ઇન્દ્રિયોનું દમન કર્યું હોય, ઇન્દ્રિયોને વશ કરી હોય એવો. છે ને નીચે? ઇન્દ્રિયોના વિષયથી વિરક્ત થયો છે. અતીન્દ્રિય આનંદના ધામમાં પહોંચી ગયો છે. અતીન્દ્રિય સુખને પહોંચી ગયો છે, એમ કહે છે. આવા મુનિ, એનું એ ચારિત્ર અથવા શુદ્ધભાવ. 'સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી...' પરિષહરૂપી મહાસુભટ. આહાહા..! જેણે જીત્યા છે, આનંદ, શાંતિથી. વીતરાગભાવે જેણે પરિષહ જીત્યા છે.

**'જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે,...'** એ નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે. શરીરની શૂરતા ને બળની એ વાત અહીં નથી. વિકલ્પનું બળ, રાગનું એ નથી. નિજ શૂરગુણ. આત્માનો વીરતા ગુણ-પુરુષાર્થ ગુણ જેણે પ્રાપ્ત કર્યો છે. શૂરવીર છે. સ્વરૂપમાં રમવા માટે વીર છે. રાગની રમતું જેણે છોડી દીધી છે. આહાહા..!

મુમુક્ષુ :- આ તો મુનિની વાત છે ને.

ઉત્તર :- પણ આ મુનિનો ભાવ છે એ સમકિતમાં પણ છે ને અંશે? અંશે છે કે નહિ એને? એને મુનિપણું શું છે એની શ્રદ્ધા કરવાની છે કે નહિ? અને એને ભાવના હોય છે કે નહિ? કે મુનિને માટે છે, અમારે કાંઈ છે નહિ? શેઠ! અમારે તો કાંઈ નહિ. બસ! આ ધંધા-બંધા કરવા. સમકિતીને ભાવના હોય છે. આહાહા..! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' આવે છે ને? 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' જુઓ! ગૃહસ્થાશ્રમમાં છે.

ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,

જુઓ! આ ભાવના હોય સમકિતીની.

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,

'શ્રીમદ્'ને લાખોના મોતીના વેપાર હતા, એમ લોકો કહે. એને વેપાર હતો આત્માનો. આરે..આરે..! ભારે. સમજાણું કાંઈ? લોકોને તત્ત્વ શું છે (એની ખબર ન મળે). 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' એનું નામ સંયમ. એની ભાવના સમકિતી પણ ભાવે છે. એને પણ જાણીને, ઓળખીને ભાવના ભાવે છે. અમારે કાંઈ નહિ, એને છે એમ નહિ. 'વિકાસભાઈ'! મુક્તિ જોઈએ છે કે નહિ? મુક્તિ તે અનંત આનંદનું ધામ. જેને સુખ જોઈએ એ સુખ તો મુક્તિમાં છે અને મુક્તિનું કારણ તો ચારિત્ર છે. અને ચારિત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન હોય તો હોય છે. આહાહા..! સમજાણુ કાંઈ? જુઓને! કેટલી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવના ભાવી છે! ધંધા હતા પણ સંયમની ભાવના હોય ને. 'છ ઢાળા'માં આવે છે ને? 'લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈં.' છતાં એ ચારિત્રની ભાવના રાખે છે. એ આવે છે ને? કડી એમાં આવે છે. 'છ ઢાળા'માં એવી એક કડી આવે છે. બધું કંઈ યાદ રહે છે. સંયમ ધારણ (કરી) શકે નહિ, પણ સંયમ ધારણ કી છટાછટી. 'દૌલતરામજી'. એ આવે છે ને? સંયમ ધારી શકતો નથી પણ સંયમ કેમ લઉં? કેમ લઉં? એની છટાછટી લાગી હોય છે. એ.. શેઠ! એમ ને એમ બીડીના ધંધામાં પડ્યા રહેવા ને 'ડાલચંદજી'નું માન મળે, બાપુજી.. બાપુજી.. (કરે). આવા હોંશિયાર છોકરા પાક્યા અને એના વળી બાપુજી. એટલે વળી કેવા હશે?

મુમુક્ષુ :– એ હોંશિયાર થયા તો અમને નિવૃત્તિ મળી ને.

ઉત્તર :– ના, ના. એ ખોટી વાત છે, એમ કહે છે. પરની સાથે શું સંબંધ છે? આહાહા..! અને એ નિવૃત્તિ શું? આ બહારથી નીકળ્યા એટલું. નિવૃત્તિ તો રાગથી નિવૃત્તિ થઈને સ્વરૂપમાં જાય એને નિવૃત્તિ કહે છે. આહાહા..! બહારથી નિવડે પછી ઘરડા થાય તો શું કરે? ઓલા કરતા હોય તો પછી છોડો આપણે. આપણે કરીએ ઇ કરે છે. એટલું સંમતમાં તો એને આનંદ છે. અનુમોદના છે. અમારા વતી ઇ કરે છે. ભલે. અમારે જે કરવું છે ઇ તો અમે કરી ચૂક્યા. હવે આ કરે છે ઇ અમે જ કરીએ છીએ. એને મજા માને છે. પાપની અનુમોદના છે ઇ બધી. શેઠ, એવું છે આ તો. આહાહા..!

કહે છે, **'જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે,...'** આહાહા..! શરીરનું બળ નહિ, પુણ્યનું બળ નહિ. ધર્માત્માએ તો આત્માના નિજ શુદ્ધ ગુણને પ્રાપ્ત કર્યો છે. આહાહા..! જે વીર્ય સ્વરૂપનું છે એ શુદ્ધતાને રચે એવું વીર્ય પ્રગટ કર્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? એને વીરતા કહીએ. બાકી તો કાયરતા. આહાહા..! 'નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે, નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે...' દેખો! 'નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત...' સાધુપણામાં. એવો શુદ્ધભાવ મુનિને વર્તે છે. લ્યો, આ મુનિને શુદ્ધભાવ હોય કે નહિ? આઠમે શુદ્ધ હોય, કહે છે. આહાહા..! આ તો છઠ્ઠાની વાત કરે છે અહીંયાં તો. શુદ્ધભાવ જેને વર્તે છે એને વ્યવહાર પચખાણ આ ત્યાગનો હોય એમ અહીં કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો ભાઈએ કહ્યું છે ને. એમ કહે છે. 'પદ્મનંદી'એ કહ્યું છે ને? કહ્યું છે શું? સાંભળને. આ '**પચ્ચક્ખાણં સુહં હવે**'. એનો ન્યાય કાઢ્યો છે. આવો જે આત્મા, જેને પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધભાવ વર્તે છે. એની ભૂમિકા પ્રમાણમાં ચૈતન્યના આનંદનો પવિત્ર ભાવ જેને વર્તે છે.

**'અને જે સંસારદુઃખથી ભયભીત છે,...'** ચાર ગતિના દુઃખના દરિયામાં પડવું, એનો ભય છે. આહાહા..! અરે..! ચોરાશી લાખના અવતાર. ક્યાંય કોઈ શરણ નથી. નિરાધાર ચાર ગતિમાં રખડવું. આહાહા..! ધર્મીને એનો ભય હોય છે. સમજાણું કાંઈ? સંસારદુઃખથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંસારદુઃખ કીધું. ચારેય ગતિના ભવ. દેવ પણ સંસાર દુઃખ છે. આહાહા..! દેવનો ભવ પણ સંસારદુઃખ છે. આ અબજોપતિના શેઠિયાના ભવ એ સંસારદુઃખ છે. કહો, શેઠ! જુઓ, એમાં લખ્યું. સંસારદુઃખ. એમ નથી કહ્યું કે ફલાણાનું નારકીનું દુઃખ ને ઢોરનું દુઃખ ને દેવનું સુખ. ચારેય ગતિના દુઃખ. આહાહા..! એ શેઠિયાઓ પણ કષાયની અગ્નિના અંગારાએ જળી રહ્યા છે. જળી રહ્યા છે, બળી રહ્યા છે. 'પોપટભાઈ'! લાલચોળ શરીર લાગે. બંગલા ૭૭-૭૭ લાખના કરે, ચાલીસ-ચાલીસ લાખના બંગલા. આહાહા..! દેવના બંગલામાં એ દેવ દુઃખી છે. આહાહા..! જેને સ્વ અવલંબી તત્ત્વ પ્રગટ્યું નથી, પર અવલંબનમાં જ વિકલ્પોની જાળમાં ગુંચાઈ ગયા છે. એવો સંસારનો જેને ડર છે. ભવભયથી બીના છે. આહાહા..! ભવભયથી ડર્યા છે. ભવ નહિ, હોં! આહાહા..! સમકિતી ભવભયથી બીના છે. આહાહા..!

સિંહને દેખીને જેમ જુવાન માણસ ભાગે,... 'વઢવાણ'માં, નહિ? છોકરો મરી ગયો. નહિ? આપ્ટાનો હતો. આપ્ટો આવે છે ને? ટ્રેક્ટરમાં .. હોય છે. ટીમરું. બીડીના ટીમરું. નાના પાંદડા આવે ને? નાના. ઓલા મોટા પાંદડા. એ તો બધા અમારે દુકાનમાં હતા ને. બધું જોયું છે, દુકાનમાં બધું રાખ્યું હતું. દુકાનમાં ધંધો હતો. આપ્ટાના પાંદડા અને ટીમરુના. બેયની બીડી થાય. એ છોકરાને એના બાપે 'વઢવાણ' મોકલ્યો. ભાઈ! તું જાને હવે. પરણેલો. લગન કરેલા. ત્રણ માણસને સાથે મોકલ્યા. જંગલમાં આપ્ટાના પાંદડાના મોટા ઢગલા હતા. બીડીયું આવે ને? આપ્ટો. આપ્ટાને તમારે શું કહે છે? ઓલા નાના પાંદડા. અમારે અહીં આપ્ટો કહે છે અને ટીમરુ. એક એક પાંદડાની બીડી થાય. એને ટીમરુ કહે અને ઓલા બે-ત્રણ પાંદડા નાખે. એક પાંદડુંને બીજું કરે અને પછી ત્રીજું કરે. નાના નાના હોય ને. એ માટે છોકરાને મોકલ્યો, હોં! મોટો ઢગલો પડેલો. ત્રણ માણસ સાથે રાખ્યા. એમાં આમ દીઠો સિંહ. ઢગલાની પાછળ સિંહ. સિંહ–શેર. એવી રાડ નાખી. તમે ઓળખતા હશો. નહિ? 'વઢવાણ' પાછળ રહેતા. અમે ત્યાં એટલામાં હતા એ વખતમાં. છોકરો ભાગ્યો, ભાઈ! બાવળ ઉપર ચડવા. ત્રણ માણસો સાથે. લાકડી રાખી. શું કરે લાકડી? ત્રણે ચડી ગયા બાવળ ઉપર, સિંહ આવ્યો એટલે. આ ચડવા ગયો ત્યાં બાવળનું લાકડું કપડામાં ભરાઈ ગયું. ચડી ન શક્યો. આમ કપડું ભરાઈ ગયું. ત્યાં સિંહ આવ્યો. ઓલા ત્રણ રખોપા હતા ઇ જોતા હતા. ખાતો હતો ઇ. રખોપિયા હતા ઇ માથે જોતા હતા. નીચે શેઠનો દીકરો. કડું સોનાનું. સોનાનું કડું હોય છે ને? શું કહે છે? સોનાના કડા કહે છે ને. એ એકલું છૂટું કરી નાખ્યું અને પેલો આખો ખાઈ ગયો. પછી હેઠે ઉતર્યા, ઓલો સિંહ જતો રહ્યો. આહાહા..! આવો સંસાર. ઓલો સંયોગને લઈને દુઃખ છે એમ નહિ. એ આકુળતા છે ઇ દુઃખ છે. એ સંસારનો જ્ઞાનીને આકુળતાથી ભય વર્તે છે. આહાહા..! અરે..! ચોરાશીના અવતાર.

કહે છે, **'સંસારદુઃખથી ભયભીત છે,...'** આહાહા..! **'તેને (યથોચિત શુદ્ધતા સહિત)...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે લ્યે છે, જુઓ! જુઓ આ શુદ્ધતા છઠ્ઠા સહિત વાત છે, ભાઈ! છઠ્ઠાની વાત છે. કોઈ કહે છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધતા ન હોય. આ શું કહે છે? અરે..! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન, જ્ઞાનની શુદ્ધતા છે. સ્વરૂપાચરણ એ પણ શુદ્ધતા છે. આહાહા..! પાંચમે ગુણસ્થાને પણ શુદ્ધતા વિશેષ વધી ગઈ છે. છઠ્ઠે વિશેષ શુદ્ધતા છે. એવો શુદ્ધતાવાળો મુનિ. હવે જુઓ, ન્યાય તો કેટલો આપ્યો છે! 'વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે.' વ્યવહાર. આહાર કરીને ચાર આહારનો ત્યાગ એ વ્યવહાર છે. પણ આવી શુદ્ધતા સહિત હોય એને. સમજાણું કાંઈ? આવી શુદ્ધતા ભગવાન આત્માની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પ્રગટ્યા વિના એકલા ચાર આહારનો ત્યાગ કરે એ વ્યવહાર પ્રત્યાખ્યાન પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલી સ્પષ્ટ વાત કરી છે! આવા યથોચિત. છઠ્ઠી ભૂમિકાને યોગ્ય જે શુદ્ધતા, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર, દર્શન ચારિત્રની જે શુદ્ધતા. રાગરહિત વીતરાગતા પ્રગટી છે તે ચારિત્ર અને તે પ્રત્યાખ્યાન છે. એને આહાર કરીને ચાર આહારનો ત્યાગ એ વ્યવહાર પ્રત્યાખ્યાન છે. એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? નિશ્ચય અને વ્યવહારની સાથે હોય એમ કહે છે. નિશ્ચય શુદ્ધતા ન હોય અને વ્યવહાર પ્રત્યાખ્યાન હોય, એમ બને નહિ ત્રણ કાળમાં, એમ કહે છે.

મુમુક્ષુ :– છઠ્ઠા સુધી તો એકલો વ્યવહાર હોય.

ઉત્તર :– એકલો વ્યવહાર હોય નહિ કોઈ દિ'. એકલો નિશ્ચય હોય. કેવળી થઈ ગયા એને. પણ એકલો વ્યવહાર સાધકને હોઈ શકે નહિ. અજ્ઞાનીને વ્યવહાર એ વ્યવહાર નથી. નિશ્ચય વિનાનો વ્યવહાર કેવો? સમજાણું કાંઈ? વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે.

**'પરંતુ (શુદ્ધતા વિનાનું)...'** સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ અંદર પ્રગટી નથી. **'(શુદ્ધતા વિનાનું) વ્યવહારપ્રત્યાખ્યાન તો...'** મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જ્યાં રાગનું પણ કર્તવ્ય નથી અને સ્વરૂપના કર્તવ્યની દશાની સ્થિરતા પ્રગટી છે, એને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. વિકલ્પ ઉઠે એને. પણ આ શુદ્ધતા વિનાનું. જેણે સ્વ ભગવાનનો આશ્રય લીધો નથી અને અવલંબન વિનાની પવિત્રતા જેને પ્રગટી નથી, એ પવિત્રતા વિનાનો જે વ્યવહાર લઈને બેસે એ મિથ્યાત્વી **'કુદૃષ્ટિ (–મિથ્યાત્વી) પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ...'** એટલે એટલો પુરુષાર્થ છે ને, એમ. રાગની મંદતા કરી છે, એટલો ક્ષયોપશમ. ખરો ક્ષયોપશમ આ નથી. દ્રવ્યક્ષયોપશમ. શું કહ્યું ઇ? ભાવક્ષયોપશમ નથી. આમાંથી બધા કાઢે છે ને? સામાવાળા શ્વેતાંબર ને ઇ. અમારા રાગની મંદતાની ક્રિયા એ ક્ષયોપશમભાવ છે. ઇ કરતાં કરતાં ક્ષાયિક થાશે, એમ કહે છે. ખોટી વાત છે. ઉદયભાવ છે. પણ મિથ્યાદૃષ્ટિએ જરી રાગમાં પુરુષાર્થથી મંદ કર્યો છે, મંદ કર્યો છે એથી એને જરી ક્ષયોપશમ કહેવામાં આવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– વાસ્તવિક નથી.

ઉત્તર :– વાસ્તવિક નથી. 'પંચાસ્તિકાય'માં આવે છે આવો અધિકાર. સમજાણું કાંઈ ? એને તો ખરેખર તો **'ચારિત્રમોહના ઉદયભૂત હેતુભૂત...'** એમ છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. એનો કાંઈક પુરુષાર્થ છે ને એટલો. મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, શુદ્ધતાના અનુભવ વિનાનો છે. એને આ રાગની મંદતાનું પ્રત્યાખ્યાન વ્યવહારે કહેવામાં આવે છે. ક્ષયોપશમ છે એમ કીધું. **'ક્વચિત્ કદાચિત્ સંભવે છે.'** કોઈ વખતે કોઈને એવું હોય છે. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે આવું હતું. વ્યવહાર પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ?

ઇ તો મોટી ચર્ચા થઈ હતી. 'રાણપુર'. કઈ ચર્ચા? (સંવત) ૧૯૮૦. ૮૦ની સાલ. ૧૯૭૯નું ચોમાસુ 'લીંબડી' હતું. અમારું હતું 'બોટાદ'. બેય 'રાણપુર' ભેગા થયા. ૧૯૮૦ની સાલ. ૪૭ વર્ષ થયા. ત્યારે પ્રશ્ન ચાલ્યો હતો. 'મૂળચંદજી' હતા અને આ 'જેચંદજી' (હતા). બે વચ્ચે ચર્ચા ચાલતી હતી નીચે. હું ઉપર હતો. 'રાણપુર' મેડી છે ને? નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ ગયો એટલો ક્ષયોપશમ છે ચારિત્રનો. એટલો એ પુરુષાર્થનો ક્ષયોપશમ છે એમ કહેતા હતા. ભાઈ! એને આ કાંઈ આવી ખબર નહોતી. પણ એને ... ખરું ને. થોકડામાં આવે. આ લોકો માને છે. શ્વેતાંબર તો ઇ જ માને છે. અમારો વ્યવહાર કરીએ ભલે, એ વ્યવહાર ક્ષયોપશમભાવે છે. એમ કરતાં નિશ્ચય થાશે. વ્યવહાર એ ઉદયભાવ છે. નિશ્ચયથી તો ઉદયભાવ છે. વ્યવહારે જરી રાગની મંદતાનો પુરુષાર્થ છે એટલે ક્ષયોપશમ કહ્યો છે પણ એ કંઈ સંવર-નિર્જરા નથી. એકલું બંધનું જ કારણ છે. આહાહા..! ઇ પ્રશ્ન ચાલ્યો હતો તે દિ'. પછી હું નીચે ઉતર્યો ત્યારે આ વાત ચાલતી હતી. મને કહ્યું, આ? મેં કીધું, નહિ. અનંત વાર ગયો એ ક્ષયોપશમ નહિ પણ ઉદયભાવ છે. એય..! ૪૭ વર્ષ પહેલા, હોં! પચાસમાં ત્રણ કમ. એ ક્ષયોપશમભાવ નહિ. એય..! 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :–

ઉત્તર :– ચારિત્રનું શું કહે છે?

મુમુક્ષુ :– કર્મનો ક્ષયોપશમ હોય, આમાં ક્ષયોપશમ કેમ કીધો?

ઉત્તર :– આમાં ક્ષયોપશમ ઇ તો કીધું ને, મંદ કીધું ને. રાગની મંદતાનું વીર્ય છે એટલી અપેક્ષાએ કહીએ. કહ્યું, બે-ત્રણ વાર કહ્યું. ખ્યાલ તો હોય ને આ શું કહેવું છે. આ તો અમારે પચાસ વર્ષથી ચાલે છે. આ કાંઈ નવું નથી. સમજાણં કાંઈ? એ.. 'પોપટભાઈ'! તમે બધા નવા આવ્યા હમણાં. ઉદયભાવ છે પણ તીવ્રની અપેક્ષાએ મંદને ક્ષયોપશમ દ્રવ્ય નિક્ષેપે કહ્યો. ભાવનિક્ષેપે નહિ, એમ કહ્યું હતું. એય..! વસ્તુ તો આમ છે. ભાવનિક્ષેપે નહિ. અનુયોગનો, એવો અનુયોગ દ્વારમાં પાઠ છે. અણઉપયોગ તે દ્રવ્ય છે. જેમાં ભાવઉપયોગ પ્રગટ્યો નથી એ બધું દ્રવ્ય છે. શુદ્ધઉપયોગ વિના ભાવ હોઈ શકે નહિ. ભાવનિક્ષેપ. આ ક્વચિત્ હોય છે. લ્યો. હવે એની વિશેષ વાત છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૦૧, શ્લોક-૧૪૧-૧૪૨ ગાથા-૧૦૫-૧૦૬ શનિવાર, ભાદરવા સુદ ૧, તા.૨૧-૮-૭૧

૧૦૫ ગાથા. 'નિયમસાર'. 'નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર'. એટલે કે સાચું ચારિત્ર. રાગાદિ દોષોનો સ્વભાવ અને આત્મા શુદ્ધ પવિત્ર આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એનું આનંદ અને શાંતિરૂપે પરિણમન અવસ્થાનું થવું એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ મોક્ષનો માર્ગ (છે). ઇ અહીંયાં પહેલી વાત કરી. વ્યવહાર પ્રત્યાખ્યાન તો અજ્ઞાનીને હોય છે. રાગની મંદતા કરે. હોય છે એ તો પુણ્યબંધનું મિથ્યાત્વ સહિત (કારણ છે). અહીં આવ્યું છે ને બીજી લીટી ? **'તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન..'** પાનું-૨૦૪. ટીકાની બીજી લીટી.

વ્યવહાર પ્રત્યાખ્યાન એટલે જેને આત્માનું ભાન નથી, આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ સ્વરૂપ (છે), એવું જેને આત્મજ્ઞાન નથી એ જીવ મિથ્યાદૃષ્ટિ રાગને, પુણ્યને પોતાના માનનારો, એને રાગની મંદતાનો કંઈ પુરુષાર્થ હોય તો તેને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પણ એ કંઈ ધર્મ નથી. તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન-સાચો રાગનો ત્યાગ અને સાચો સચ્ચિદાનંદ પ્રભુ એવો આત્મા, એના આશ્રયે-અવલંબે પ્રગટેલી આનંદની અને શાંતિની નિર્દોષ દશા, તે જ પ્રત્યાખ્યાન **'અતિ આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે;...'** આહાહા..!

અનાદિ અનભ્યાસ ચૈતન્યની જાતનો. ભગવાનઆત્મા તો શાશ્વત વસ્તુ છે. સત્ સત્ છે એ. અને એનો સ્વભાવ કાયમી તો જ્ઞાન અને આનંદ છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ છે. એ એનો સ્વભાવ, એનું સ્વરૂપ આત્માનું છે. પણ એનો અભ્યાસ નહિ. અનાદિ રાગ અને પુણ્ય-પાપની ક્રિયાઓના પરિણામ, જે કૃત્રિમ વિકાર અનિત્ય (છે) એનો અભ્યાસ (છે). તેથી એને આત્માનું નિત્યપણું અને એને અવલંબે થતી શુદ્ધતાની દશા કેવી હોય એની એને ખબર નથી. કહો, શેઠ! એક તો એ બહારના ધંધા આડે નવરો થાય નહિ.

મુમુક્ષુ :- નાહી, ધોહીને પવિત્ર થઈને તો આવ્યા છીએ.

ઉત્તર :- પણ ત્યાં હજી ઓલા છોકરાઓ કામ કરે એ અમારા વતી કરે છે ને ઠીક કરે છે, એ બધી પડાઈ સાથે હાથમાં રાખીને બેઠા છે. પતંગ.. પતંગ. પતંગ દૂર ઊડતી હોય ને તો એનો દોરો હાથમાં હોય.

મુમુક્ષુ :- પતંગ કબજામાં રહે.

ઉત્તર :- હા. જ્યારે ખેંચવો હોય તો ખેંચાય, છોડવો હોય તો છોડાય. એમ બધો દુકાનનો ધંધો અમે કરતા, રાગ, એ આ છોકરાઓ કરે છે એ ઠીક કરે છે. એટલે વાત તો ઇ ની ઇ છે. આહા..! અરે..! એણે અનાદિનો સદોષ વિકારભાવનો વેપાર કર્યો છે. બીડીનો વેપાર નહિ, હોં! તંબાકુ, બીડીનો વેપાર એ તો જડ છે. એનો કોઈ વેપાર કરી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શકે નહિ. એમાં થતો રાગ અને દ્વેષનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ, એનો એણે વેપાર કર્યો. ત્યારે જે એ વસ્તુ છે એ તો નાશવાન છે, પુણ્ય-પાપ તો નાશ થવા લાયક છે. એથી એનો અર્થ ઇ કે પુણ્ય-પાપનો ભાવ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવમાં નથી. નહિતર નાશ થવા લાયક હોઈ શકે નહિ. આ શરીર, વાણી તો નાશવાન છે એ તો જુદી વાત છે. આ તો પરવસ્તુ છે, માટી. પણ અંદરમાં પુણ્ય અને પાપનો રાગ અને વિકલ્પ થાય એ અભાવ કરી શકાય છે, નાશ કરી શકાય છે. એથી એ ચીજ એની નહિ. કહો, 'પોપટભાઈ'! એની નહિ એનો એણે વેપાર કર્યો.

મુમુક્ષુ :– ચોર થયો ઇ.

ઉત્તર :– ઇ ચોર છે. આહાહા..!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પરમાનંદની મૂર્તિ આત્મા તો છે. સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ, એવું એનું સ્વરૂપ છે. પણ અનંતકાળમાં કોઈ દિ' એની સંભાળ અને પુરુષાર્થ કર્યો નથી. આહાહા..! એથી એણે પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભરાગ, જે ત્યાગવા યોગ્ય છે, એના ઘરમાં નથી, એનો વેપાર કર્યો એટલે ચાર ગતિમાં રખડ્યો. આહા..! એથી કહે છે કે અજ્ઞાનમાં આત્માના ભાન વિના કોઈ દયા, દાન, વ્રતના પરિણામ કરે તો એમાં રાગની કંઈ મંદતા હોય તો એથી એને અજ્ઞાનીને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પણ એ તો કંઈ જન્મ-મરણને ટાળવાનો હેતુ નથી. એ તો કર્મના બંધ અને કારણરૂપ હેતુ છે. આહાહા..!

**'તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન...'** એમ કહે છે. આ કારણે નિશ્ચય એટલે સાચું આત્માનું સ્વરૂપ જે આનંદ અને જ્ઞાન, એની દશારૂપે પરિણમવું, થવું અને પુણ્ય-પાપના રાગના અભાવરૂપે થવું એ સાચો ત્યાગ અને સાચો ધર્મ અને સાચું ચારિત્ર કહેવામાં આવે છે. ભારે ઝીણું, ભાઈ! અરે..! એ નિશ્ચય ત્યાગ એટલે રાગનો અભાવ અને ભગવાનઆત્મા નિર્દોષ પવિત્રનો પિંડ પ્રભુ, એમાંથી પ્રગટેલી પવિત્રતા, એ પવિત્રતા એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :– જ્યાં સુધી સાચું સમજાય નહિ ત્યાં સુધી...

ઉત્તર :– એ તો અજ્ઞાનથી કરે છે. એમાં નવાઈની શી વાત થઈ? ઇ તો કર્યું છે, ઇ વાત કરે છે. અનાદિથી ચાર ગતિમાં ઘાણીમાં પીલાય એવું એણે કર્યું છે. આહાહા..! અરે..! જેનું નિજ સ્વરૂપ પવિત્ર અને આનંદનું ધામ પ્રભુ! એની સામું જોયા વિના પર સામું જોઈને પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ ને સંકલ્પ ને વિકલ્પ કર્યા. એ તો અજ્ઞાની અનાદિથી કરે છે અને એનાથી ચાર ગતિમાં રખડે છે. આહાહા..! એ કંઈ નવી ચીજ નથી.

અહીં તો કહે છે, એ વ્યવહાર પ્રત્યાખ્યાન પણ કંઈ નવી ચીજ નથી, એમ કહે છે. અને એ હિતરૂપ પણ નથી. એમ થયું ને ભાઈ! આમાં? એ હિતરૂપ નથી. આહાહા..! આત્માના ભાન વિના અનુભવ વિના જે કંઈ રાગની ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજાનો ભાવ, (કરૂણા, કોમળતા કર્યા) એ કંઈ હિતરૂપ નથી. આહા..! આસન્નભવ્યજીવ જે છે, જેને નજીકમાં મુક્તિનો માર્ગ અને મુક્તિ જેને નજીક છે, આહાહા..! એવા જીવને તો સાચો ત્યાગ એટલે રાગનો અભાવ અને નિર્દોષ સ્વભાવનું સત્યપણું પ્રગટવું. આત્મા જેવો નિર્દોષ પિંડ છે, એમાંથી નિર્દોષતા સ્વનો આશ્રય લઈને પ્રગટે, એ નિર્દોષતા એ અતિઆસન્નભવ્યને હિતરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કારણ કે જેમ સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે...'** શું કહે છે? આ સોનાના પથરા નીકળે છે ને? સોનું હોય અને પથરા ભેગા હોય. એને સુવર્ણપાષાણ કહે છે. પછી ઓગાળીને જુદા પાડે છે ને? પથરાને જુદા પાડે અને સોનાને (જુદું પાડે). એ **'સુવર્ણપાષાણનો પાષાણ ઉપાદેય છે...'** એમાંથી સોનું નીકળે છે. સમજાણું કાંઈ? અને એ સોના સાથે પત્થર વસે ને? વ્યવહારે એ ઉપાદેય છે. ધ્યાન રાખવા જેવી આ વાત છે જરી. છેલ્લે ઇ કહેશે. સમજાણું કાંઈ? આગળ કહેશે. વ્યવહાર અને નિશ્ચય સ્વીકૃત છે. ૧૦૬માં કહેશે. નિશ્ચય પ્રત્યાખ્યાન અને વ્યવહાર પ્રત્યાખ્યાન સ્વીકૃત કરે. છેલ્લો સાર છે ને? એનો હેતુ ઇ છે, કહેવાનો આશય એમ છે કે જેમ સુવર્ણવાળો પથરો એ ઉપાદેય કહેવામાં આવે છે. કારણ કે સોના સહિત પત્થર છે ને? એથી એને જુદું પાડવા માટે એ ઉપાદેય છે. ઉપાદેય સમજાણું? આદરણીય છે. પણ ઓલો રાગ વ્યવહારમાં ઉપાદેય... વ્યવહાર પ્રત્યાખ્યાન માથે આવ્યું ને? ચાર આહારનો ત્યાગ કરે. એની સાથે આ સંધિ છે. આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે વ્યવહારથી. જરી ઝીણી વાત છે. આહાહા..!

મુનિરાજ એમ કહેવા માગે છે કે જેને ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પરમાનંદનું ધામ, એવું જેણે દૃષ્ટિમાં લીધું છે અને સ્વરૂપમાં ઠર્યો છે એને તો સાચું પચખાણ અને સાચું ચારિત્ર કહીએ. પણ તેવા ચારિત્ર શુદ્ધતાના ભાન સહિતની ભૂમિકામાં ચાર આહારનો ત્યાગ આદિ જે આવે છે એવો વિકલ્પ, એ પણ એક વ્યવહાર પ્રત્યાખ્યાન છે. એ પણ વ્યવહારે આદરણીય કહેવામાં આવે છે. વ્યવહારે વ્યવહાર આદરણીય, નિશ્ચયે નિશ્ચય આદરણીય એમ કહે છે.

ફરીને, માથે કહ્યું હતું ને? નિશ્ચય સહિત છે એ ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. જ્યાં સ્વરૂપનું અંતર આનંદ અને અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ, એનો જ્યાં અનુભવ (થયો), આનંદનો અનુભવ, શુદ્ધતાની દશા વર્તે છે એને જે વ્યવહાર ત્યાગનો વિકલ્પ આવે એને વ્યવહાર પ્રત્યાખ્યાન વ્યવહાર ત્યાગ કહેવામાં આવે છે. એમ કહે છે. એટલે કે **'સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે તેમ અંધપાષાણ નહિ.'** એટલે? જેમાં સોનું નથી તે પથરો પણ ઉપાદેય નથી. વ્યવહારે પણ. એટલે **'(યથોચિત્ શુદ્ધતા સહિત)...'** દેખો! આત્મામાં જ્ઞાનાનંદ અને શુદ્ધ ચૈતન્યપ્રભુ, એનો અંતર આશ્રય લઈને શુદ્ધતા જે પ્રગટી છે એ શુદ્ધતા સહિત **'સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...'** સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'દેવીલાલજી'!

મુમુક્ષુ :–

ઉત્તર :– વાત છે. જ્યાં આગળ શુદ્ધ પ્રભુ ચૈતન્યમૂર્તિ, એની શુદ્ધતા જેણે અંતરમાં ચૈતન્યને અનુભવ કરી, આત્માનો અનુભવ કરી અને પ્રગટ શુદ્ધતા કરી છે એ શુદ્ધતા સહિત **'સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...'** એ સાચું ચારિત્ર અને રાગનો સાચો ત્યાગ. સમજાણું કાંઈ? પણ એ અંધપાષાણ જે છે, એકલો અંધપાષાણ એટલે નિશ્ચય શુદ્ધતાના ભાન વિના એકલી રાગની મંદતાનો ત્યાગ વ્યવહાર પ્રત્યાખ્યાન, એ આંધળો પથરો છે.

મુમુક્ષુ :– વ્યવહારે ઉપાદેય..

ઉત્તર :– વ્યવહારે ઉપાદેય નથી. સમજાણું કાંઈ? ધીમેથી સમજવા જેવી (વાત છે), બાપુ! અનંતકાળમાં આત્મા વસ્તુ ભગવાન દેહથી ભિન્ન છે અને પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન છે, એ ભિન્નની વાત કહેશે. ભિન્ન પાડવાનો અભ્યાસ. સમજાણું કાંઈ?

આમ અંતર્મુખમાં જઈ અને રાગને ભિન્ન પાડવાની જે કળા, એ જેણે પ્રગટ કરી નથી, એનો રાગાદિનો મંદતાનો ત્યાગ ભાવ આંધળા પથરા જેવો છે. એય..! વ્યવહાર એકલો આંધળો છે એમ કીધું.

મુમુક્ષુ :– શુદ્ધતા સાથે ન હોય એમાં કાંઈ...

ઉત્તર :– શુદ્ધતા સાથે હોય તો પેલા વ્યવહારનો આરોપ કહેવાય. તો વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન જાગીને જોયું હોય એણે. મારી પુંજી, મારા નિધાનમાં તો આનંદ ને શાંતિ ને જ્ઞાયકતા ચૈતન્ય સ્વભાવભાવ ભર્યો છે. એવી નિજ પુંજીને... એ.. શેઠ! આ તમારી પુંજી-બુંજીની ધૂળને નહિ, એમ કહે છે. એ બધા દુઃખના નિમિત્ત છે, તમારી ધૂળ. એ.. શેઠ!

મુમુક્ષુ :– તો શું નાખી દેવી

ઉત્તર :– નાખી દીધી છે ક્યાં તે નાખી દ્યે? એને દીધી છે? મમતા લીધી છે એણે તો. મમતા. એ તો જેના સ્થાનમાં છે એ પડી જ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુનિ નિશ્ચય અને વ્યવહાર બેની સંધિ કરે છે. સોનાનો પત્થર સુવર્ણપાષાણ છે. એ તો લઈને ભેદ પાડવાની સ્થિતિ કરવી જોઈએ. એમાં રાગની મંદતાનો ભાવ અને રાગના અભાવનો ભાવ. એ શુદ્ધતા સહિત જો આ હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઉપાદેય...

ઉત્તર :– વ્યવહારે ઉપાદેય કહ્યું ને? વ્યવહારનયે વ્યવહાર ઉપાદેય છે. એથી છઠ્ઠામાં કહેશે, વ્યવહાર પ્રત્યાખ્યાનને સ્વીકૃત કરે છે. અંગીકૃત. છેલ્લો સરવાળો છે ને ગાથાનો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર છે ને. વ્યવહાર છે. વ્યવહારે આદરણીય અને વ્યવહારે પાળે એમ પણ કહેવામાં આવે.

મુમુક્ષુ :– વ્યવહારે પૂજ્ય છે.

ઉત્તર :– વ્યવહારે પૂજ્ય છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય ન હોય તો ભગવાન ત્રિલોકના નાથ પણ પૂજનિક ન હોઈ શકે, વ્યવહારે. 'પદ્મનંદિ'માં આવે છે ઇ. 'પદ્મનંદિ'માં પાઠ આવે છે. વ્યવહાર પૂજ્ય છે, એવું આવે છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. નિશ્ચયમાં પૂજ્ય નહિ. આહાહા..! બે વસ્તુ છે ને? 'દીપચંદજી'એ તો ખૂબ લખ્યું છે. વ્યવહાર ત્યાજ્ય છે, ત્યાજ્ય છે પણ જેને ... નહિતર ત્રણ લોકના નાથનો પણ ત્યાગ થઈ જશે. અધ્યાત્મ... શું કહેવાય ઇ? પંચસંગ્રહ. એમાં લખ્યું છે. શ્લોક છે. 'દીપચંદજી'. વ્યવહારે વ્યવહાર છે એટલું. અને પૂજ્ય પણ વ્યવહારે કહેવાય. નિશ્ચયથી બીજી ચીજ છે. નિશ્ચય અને વ્યવહાર બેયને અહીંયાં સિદ્ધ કરવા છે ને. સમજાણું કાંઈ? આહાહા..! વાણી પણ પૂજ્ય છે, એમ ન આવ્યું? પહેલામાં ના પાડી અને બીજીમાં હા પાડી. કઈ અપેક્ષાએ?

મુમુક્ષુ :– એમાં પાછું... કાઢ્યું, ઇ તો જડ છે, જડને કેમ..?

ઉત્તર :– ઇ જડ છે પણ સર્વજ્ઞ અનુસારિણી છે. એમ કહ્યું. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, એને અનુસરીને એટલે કે નિમિત્ત થઈને બહાર આવી છે. એમાં નિમિત્તપણું વાણીમાં ભગવાનનું જ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :– ભગવાનનું જ્ઞાન જડમાં ક્યાં છે?

ઉત્તર :– આવ્યું છે ક્યાં? કોણે કહ્યું? નિમિત્ત કહ્યું ને. 'દેવીલાલજી'! એવો માર્ગ છે, ભગવાન! એ.. 'પાટણીજી'! જુઓ! એમાં છે, સર્વજ્ઞ અનુસારિણી. અનુસારિણી એટલે નિમિત્તને અનુસારિણી એટલું. કંઈ સર્વજ્ઞના ભાવ વાણીમાં આવ્યા છે? વાણીમાં તો વાણીના જડના ભાવ છે. પણ ઓલો વ્યવહાર કહવો છે ને.

મુમુક્ષુ :–

ઉત્તર :– જ્ઞાન વાણીમાં શું આવે? વાણી તો જડ છે. જડના દ્રવ્ય, ગુણ, પર્યાય જડ છે. એમાં ચૈતન્યનો અંશ ક્યાંથી આવ્યો? આ તો એ વાણીના પરિણમનને કાળે સર્વજ્ઞનું જ્ઞાન નિમિત્ત છે એટલું લઈને, નિમિત્ત અનુસારિણી છે એમ કહેવામાં આવે છે. આહા..! આ તો વાત... વચન પણ કથંચિત્ વસ્તુ.. છે ને? કહી શકે છે વાણી, સર્વથા.. એવું ક્યાં હોય? ભગવાન તો વિકલ્પ રહિત, આત્મા તો વાણી રહિત છે. પણ તે કાળે સર્વજ્ઞ પરમાત્મા આત્મા થયો. જે સર્વજ્ઞ સ્વભાવ આત્મામાં હતો એને ઘોળીને અંદરમાંથી સર્વજ્ઞપણું પર્યાય અંતરમાંથી પ્રગટ કરી, હવે એને વાણી એ કાળે નીકળી એ વાણી એવી જ હોય. એ વાણીમાં સ્વપરપ્રકાશક કહેવાની તાકાત છે. સ્વપર જાણવાની તાકાત નથી. તાકાત છે. કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન કેવું હોય એને કહેવાની વાણીમાં તાકાત છે, એમ કહે છે. એય..!

મુમુક્ષુ :– એ પણ ઉપાદેય કહે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– વ્યવહારે ઉપાદેય કીધી. નિશ્ચયે ક્યાં છે? સર્વજ્ઞ કેવા હોય, સિદ્ધ કેવા હોય એવું વાણીમાં કહેવાની તાકાત છે. છતાં એ સિદ્ધરૂપ અને કેવળજ્ઞાનનું રૂપ વાણીમાં નથી આવ્યું કાંઈ. સમજાણું કાંઈ? આહાહા..!

એ અહીં કહે છે. જુઓને! તેથી લીધું ને? ખુલાસો કર્યો છે, પંડિતજીએ નાખ્યું છે. **'(યથોચિત્ શુદ્ધતા સહિત)'** એટલે સોનાવાળો પથરો, સુવર્ણપાષાણ એમાં સારું સુવર્ણ નીકળે ઇ, હોં! નહિતર આ 'ગીરનાર'ના પથરા છે એમાં સોનું છે પણ એ સુવર્ણપાષાણ શું? સો રૂપિયાનો ખર્ચ કરે ત્યારે સાંઈઠ રૂપિયાનું સોનું નીકળે. ઇ સોનું શું? ઓલામાં તો સોનું આમ તદ્દન જુદું પડે. પથરો અને સોનું બે જુદા પડી જાય એવો સુવર્ણપાષાણ. છે ને મોટી ખાણ? સુવર્ણની ખાણ હોય છે ને ? 'જેઠાભાઈ' ઇ હતા ને? સોનાના પથરા લાવીને ઓગાળતા. 'જેઠાલાલ સંઘવી'. 'મુંબઈ'. 'બોટાદવાળા'. એને ઇ સોનાનો ધંધો હતો. સુવર્ણના પથરા લાવે એને ઓગાળતા. જુદા પાડતા. એમ નિશ્ચય ભગવાનઆત્મા શુદ્ધ આનદનું ધામ, એનું જેને ભાન, એનું જેને ભાન, એમાં જેની સ્થિરતાની શુદ્ધતા અને એની સાથે રાગનો ભાગ વ્યવહાર પ્રત્યાખ્યાન, એ સુવર્ણપાષાણ છે. ઓલો રાગ છે એ પથ્થર જેવો છે અને આ શુદ્ધતા તે સુવર્ણ જેવી છે. એક પર્યાયના બે ભાગ બધા લીધા. આહાહા..! સમજાણું કાંઈ? પણ અંધપાષાણ, જેમાં સોનું નથી, એમ જેમાં શુદ્ધતા, આત્મા પવિત્ર ભગવાન, એનું જેને ભાન, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નથી એવી શુદ્ધતા વિનાના ત્યાગનો ભાવ આંધળો પથરો છે. શેઠ! આ સમજવાની દરકાર જ કરી નથી. હો ને હા..

મુમુક્ષુ :– દરકાર તો બહુ કરી.

ઉત્તર :– રળવાની. ધૂળ ભેગી કરવાની કરી હતી. એ પણ પુણ્યને લઈને મળી છે એ કંઈ તમારા પુરુષાર્થથી મળી નથી. તમારો પુરુષાર્થ તો રાગનો હતો. એ.. શેઠ! રાગ કર્યો હતો તમે. પૂર્વના પુણ્ય હતા એટલે ગોઠવાઈ ગયું. આવ્યું. ધૂળ દેખાણી, બંગલા દેખાણા. દેખાણા, હોં! પણ દેખાણા ત્યાં કહે, મારા.

અહીં કહે છે કે જેને અંતરમાં રાગ અને પરવસ્તુની મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે અને આત્મા પૂર્ણ આનંદકંદ છે એવી બુદ્ધિ અને એવું જ્ઞાન જેને થયું છે, એવી શુદ્ધતાવાળાનો ભાવ તે તો સાચું પ્રત્યાખ્યાન છે. અને એમાં ચાર આહાર આદિનો ત્યાગ યોગ્યતા પ્રમાણે એવો વિકલ્પ છે એ વ્યવહાર ત્યાગ કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! હોય છે ખરું ને? મુનિને હંમેશા આહાર કર્યા પછી ચાર આહારનો ત્યાગ કરી દે. ચોવીસ કલાક કે અડતાલીસ કલાક. એ તો વ્યવહાર થયો, એ તો વિકલ્પ છે. પરલક્ષી. અંદર શુદ્ધતા.. વસ્તુ જે અંતર છે એના અંતર્મુખમાં જઈને જેણે પાતાળમાંથી દરિયામાંથી મોતી લાવ્યા, એમ શુદ્ધતા પ્રગટ કરી છે. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ ... શુદ્ધતા પ્રગટ કરી છે. એ સાચું ચારિત્ર અને સાચો ધર્મ. પણ એની સાથે એવા શુદ્ધતાવાળાને પૂર્ણ શુદ્ધતા નથી એથી વ્યવહાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાગનો વિકલ્પ ઉઠે છે એને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કારણ નહિ. કારણ-ફારણ નહિ. છે એટલી વાત છે. કારણ-ફારણ નહિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– ના. નથી એમાં. નિશ્ચય પ્રત્યાખ્યાનનું કારણ આ એક જ. નિશ્ચયની વાત છે. વ્યવહાર કારણ છે એમાં ઇ વાતમાં એમાં છે જ નહિ. શું કીધું? શુદ્ધતા સહિત **'સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ...'** એ નિશ્ચય પ્રત્યાખ્યાન, એની વાત છે ઇ. સંસાર અને શરીર સંબંધી ભોગનો ત્યાગ એ વ્યવહાર અને આ નિશ્ચય, એમ નહિ. ભાઈ! એણે ઇ ખુલાસો કર્યો. એ નહિ. અહીં તો સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં રમણતા આવી એટલે રાગથી નિવૃત્તિ થઈ ગઈ એમ. વ્યવહાર-ફ્યવહારની વાત ત્યાં નથી.

મુમુક્ષુતા :– નિર્વેગતા શબ્દ..

ઉત્તર :– આ બાજુ ખસી ગયો છે, આ બાજુ આવી ગયો છે, બસ એટલું. એ બેય નિશ્ચય છે.

મુમુક્ષુતા :– નિશ્ચય-વ્યવહાર.

ઉત્તર :– વ્યવહાર નહિ. બે નિશ્ચય છે.

મુમુક્ષુ :– એક નાસ્તિ છે, એક અસ્તિ છે.

ઉત્તર :– હા, એમ. શુદ્ધતાની દશાનું પરિણમવું, અશુદ્ધતાનો અભાવ થવો. એ પણ છે એક જ નિશ્ચય. સમજાણું કાંઈ? આરે..! ભારે વાત. ધર્મની વાતું.

મુમુક્ષુ :– શુદ્ધતા ઉપર ભાર છે.

ઉત્તર :– શુદ્ધતા ઉપર ભાર છે. હા!

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવે' તો કહ્યું, મહારાજ! સંસાર, શરીર, ભોગ ...

ઉત્તર :– હા, એ તો છે ને. એ તો એનું સ્વરૂપ છે. આ બાજુ વેગ છે તો આ બાજુ વેગ નથી, બસ. એનો અર્થ ઇ. સ્વભાવ સન્મુખનો વેગ છે તો વિકાર સન્મુખનો વેગ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્માની પાટે ચડી ગયેલી દૃષ્ટિ એટલે રાગને પાટેથી ખસી ગઈ છે. આહા..! એ તો નિશ્ચય છે, સત્ય છે. એ સાચું ચારિત્ર છે, સાચો મોક્ષનો માર્ગ છે. એવા સાચા મોક્ષમાર્ગ સહિત રાગની મંદતાનો ભાવ વ્યવહાર હોય એને વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર ચારિત્ર, વ્યવહાર ત્યાગ કહેવામાં આવે છે. બેનું જ્ઞાન કરાવ્યું છે ને. સમજાણું કાંઈ? જેમ જ્યાં હોય તેમ ત્યાં જાણવું. ખેંચાતાણ કરે તો એ કંઈ વસ્તુ (નથી). આહાહા..!

**'અને ભવિષ્ય કાળે થનારા...'** આ પચખાણ છે ને. **'ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...'** દેખો! નિશ્ચય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યાખ્યાનનું કારણ અને આ પરમાર્થ પ્રત્યાખ્યાન અસ્તિ એકલું લીધું. **'ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ ભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે અથવા...'** એનો ને એનો વિસ્તાર કરે છે. એ ત્રણની વાત કરે છે એમાં. **'અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પો...'** પુણ્ય-પાપના વિકલ્પો, એનો **'પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન છે.'** ત્રણ પ્રકાર લીધા. વસ્તુ તો ઇ ની ઇ છે. નિશ્ચય પ્રત્યાખ્યાન કહો, પરમાર્થ પ્રત્યાખ્યાન કહો, શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન કહો. અંતર્જલ્પ વિકલ્પ ઉઠે ને? વૃત્તિ. આ છોડું, આ મૂકું એવો વિકલ્પ, રાગ. એ રાગનો પણ જ્યાં અંદર ત્યાગ અને સ્વરૂપની અંદરની સત્તાનું સાવધાનપણે પ્રગટ થવું. આહાહા..! મોહના અભાવરૂપ સાવધાની. સમજાણું કાંઈ? એ તો મુનિરાજે વધારે ખુલાસો કર્યો. નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમાર્થ પ્રત્યાખ્યાન, શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ?

**[હવે આ ૧૦૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]**

## શ્લોક–૧૪૨

**(हरिणी)**

**जयति सततं प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं**
**परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम्।**
**सहजसमतादेवीसत्कर्णभूषणमुच्चकैः**
**मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम्।।१४२।।**

**[શ્લોકાર્થ :-] હે મુનિવર! સાંભળ; જિનેંદ્રના મતમાં ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે. તે પ્રત્યાખ્યાન પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે, સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે અને તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે. ૧૪૨.**

## શ્લોક–૧૪૨ ઉપર પ્રવચન

**'(હવે આ ૧૦૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'** આ ટીકા હતી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



जयति सततं प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं
परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम्।
सहजसमतादेवीसत्कर्णभूषणमुच्चकैः
मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम्।।१४२।।

શ્લોકાર્થ :– **'હે મુનિવર! સાંભળ.'** જુઓ! મુનિ મુનિને કહે છે. **'હે મુનિવર! સાંભળ. જિનેંદ્રના મતમાં...'** જેને સર્વજ્ઞપણું પ્રગટ થયું છે. ત્રણકાળ ત્રણલોક જેને જાણવામાં આવ્યા છે અને જેણે રાગ ને અજ્ઞાનને જીતી લીધા છે, એવા જે પરમાત્મા જિનેન્દ્ર. એના મતમાં. એવા સર્વજ્ઞ પરમેશ્વર, એના અભિપ્રાયમાં **'ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે.'** આહાહા..! સતત જયવંત છે. આહાહા..! જુઓ! સમ્યગ્દર્શન જયવંત વર્તે છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એની અંદર ભાનમાં પ્રતીતિ જયવંત છે. એમ સ્વરૂપને આશ્રયે થયેલી સ્થિરતા વર્તે છે, કહે છે, જયવંત છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને.

વીતરાગ પરમેશ્વર, જેને રાગ વીત્યા છે, જીત્યા છે, ટળી ગયા છે. એટલે કે નિર્દોષ પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ દશા જેને પ્રગટ થઈ છે. એવું જીવનું–આત્માનું સ્વરૂપ છે. જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ્યું. એમના મતમાં, એમણે જાણેલા, જોયેલા અભિપ્રાયમાં ઉત્પન્ન થતું. આહાહા..! એટલે કે વીતરાગે કહ્યું એવું આત્માના સ્વરૂપનું જેણે આનંદના ભાનમાં આવીને સ્વરૂપની લીનતા પ્રગટ કરી એ પ્રત્યાખ્યાન સતત સતત નિરંતર ચારિત્રની વીતરાગતા વર્તે છે, કહે છે. આહાહા..! મુનિ પોતાથી વાત કરે છે. ખબર પડે છે. એમ કહે છે. સમ્યગ્દર્શન વર્તે છે, સમ્યગ્જ્ઞાન વર્તે છે, સમ્યક્ચારિત્ર વર્તે છે, એમ ખબર પડે છે. કે કેવળી જાણે? પંડિતજી! કેટલાક અત્યારે કહે છે ને?

મુમુક્ષુ :– મીઠાઈ ખાયેગા તો મુંહ મીઠા હોગા હી.

ઉત્તર :– હોગા. એની ખબર ન પડે એને? એની ખબર ન પડે કે મોઢું ગળ્યું થયું છે? કે કો'કને ખબર પડે?

મુનિરાજ જરી ગંભીરથી વાત કરે છે. ભાવલિંગી સંત જંગલમાં રહેનારા. દ્રવ્યે નગ્ન દશા. જંગલમાં વસનારા સંતો સાચા. આહા..! જેણે જન્મને સફળ કર્યા. જેણે અવતારમાં અવતાર રહિત દશા પ્રગટ કરી. જેના ભવમાં ભવના અભાવની દશા પ્રગટ કરી. કહે છે કે જયવંત છે, એમ કહે છે. અમારી પાસે એ ભાવ વર્તે છે, ભાઈ! આહાહા..! અમે પૂર્ણાનંદના નાથ આત્મા, એની અંતરમાં રમતા, રમતું કરતાં જે સ્થિરતા વર્તે છે, નિશ્ચય ચારિત્રની, નિશ્ચય પ્રત્યાખ્યાનની, એ જયવંત છે. સમજાણું કાંઈ? ઘરમાં મૂડી કેટલી હોય એ એને લક્ષમાં હોય કે નહિ? શેઠ! ઘરમાં કેટલી મૂડી છે? પચાસ-સાંઈઠ લાખ કહે, ભલે કરોડપતિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે. બેય શેઠિયાને કરોડપતિ કહે છે, ન્યાં. શું કહેવાય તમારું? બુંદેલખંડ. પછી ભલે કરોડ ન હોય. સાંઈઠ-સીત્તેર લાખ (હોય), પણ ઇ બે જણા જાણે. બીજા કોણ જાણે? પણ બહારના તો એમ કહે ને? જાજું દેખીને.

મુમુક્ષુ :– આપની પાસે તો બધી વાત આવી જાય છે.

ઉત્તર :– કો'ક કહે છે. અહીં કોણ સાંભળે છે? કો'ક વાતું કરે. આમ કહેવાય. આટલા પૈસા (છે.) કરોડપતિ કહેવાય. ગમે એટલા ઓછા હોય. પણ બધા કરોડપતિ (કહે છે). પચાસ લાખ ઉપર ઇ કરોડપતિ કહેવાય. એમ માણસો વાતું કરે.

મુમુક્ષુ :– લોકોને ..

ઉત્તર :– પણ કાંઈક અનુમાન કરનારા તો કેટલાક હોય ને. બધા કાંઈ ગાંડા હોય? બધાને ઉડાડી દેશે. સમજાણું? એક વખતે ભાઈએ વાત નહોતી કરી? 'મોહનભાઈ'ની. 'મોહન ધીયા'. 'મોહન ધીયા'ને કહે, 'ધીયાજી' તમને કરોડપતિ લોકો કહે છે. ઘણા વર્ષની વાત છે. ઘણા વર્ષની. આ 'મોહનલાલ ધીયા' અત્યારે છે ને? 'રાજકોટ'માં. 'રતિભાઈ'ને ઇ. કરોડપતિ માણસ છે. કરોડપતિ છે ને? એંસી લાખ છે. કરોડપતિ મને કહેતા હશે. આ તો ઘણા વર્ષની વાત છે, હોં! પંદર-વીસ વર્ષ થઈ ગયા. અહીં આવ્યા હતા. ... લોકો એવું કાંઈક સાંભળીને કહેવા આવે કે આમ કહેતા હતા. આમ વાત ચાલતી હતી ત્યાં. અહીં ક્યાં ઘરે જોવા ગયા હતા.

અહીં કહે છે.. આહાહા..! ધન્ય રે ધન્ય! મુનિરાજને ચારિત્ર વર્તે છે એવું એને સાક્ષાત્ ભાન હોય. આહાહા..! મુનિપણું એટલે શું! મોક્ષનો સાક્ષાત્ માર્ગ. એ તો અંતરના આનંદમાં રમતુંમાં રમતો હોય છે. અતીન્દ્રિય આનંદના (જે) ઘુંટડા પીતો હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ જ્યારે કોઈ કોઈ વાર ધ્યાનમાં અતીન્દ્રિય આનંદ વિશેષ પીતો હોય છે, તો આ તો મુનિ! આહાહા..! ધન્ય રે અવતાર! જેણે મોક્ષને નજીક કર્યા. સંસારને પૂંઠ દીધી. ખસી ગયા. આ બાજુ આવી ગયા. મુક્તસ્વરૂપ ભગવાનના પડખે ચડી ગયો છે. આહાહા..! એમ કહે છે. ભગવાનના માર્ગમાં વર્તમાનમાં ચારિત્ર વર્તે છે, જયવંત છે, એમ કહે છે. આહાહા..! કહો, 'પૂનમચંદજી'! આ દ્રવ્યલિંગી છે કે ભાવલિંગી ભગવાન જાણે કે પોતે જાણે?

મુમુક્ષુ :– ભાવલિંગી હોય ઇ પોતે જાણે.

ઉત્તર :– પણ દ્રવ્યલિંગીને તો ભાન જ ક્યાં છે? ઠીક ભાઈએ ઉતાર્યું. નથી જાણતા. છે નહિ ને નથી જાણતા માટે ઇ તો એમ જ કહે ને. ઇ એમ કહે છે. આહાહા..! ભાઈ! અરે..!

મુનિ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે, જેણે પૂર્ણ પ્રત્યક્ષ આત્મા કર્યો. આહાહા..! આત્માની ભવિષ્યની દશા, સમય સમયની કેવળજ્ઞાનની થવાની હતી એ પણ જેણે વર્તમાન પ્રગટ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી નાખી. સમકિતીને ત્રિકાળ આત્માનું જ્ઞાન છે. તો એનો અર્થ ઇ કે ભવિષ્યમાં જે કેવળજ્ઞાન થવાનું છે, સાદિઅનંત પર્યાયો, એની પ્રતીતિમાં આવી ગઈ છે, આખો આત્મા પ્રતીત કરતાં. સમજાણું કાંઈ? શું કીધું ઇ?

આત્મા માન્યો ને? આત્મા ત્રિકાળી માન્યો ને? તો ત્રિકાળી આત્મા એટલે ભવિષ્યમાં કેવળજ્ઞાન તો છે, છે ને છે. એ કેવળજ્ઞાન સહિતની પર્યાયવાળો જે આત્મા સાદિઅનંત અને મોક્ષમાર્ગની પર્યાયવાળો સાદિશાંત અને અજ્ઞાનથી અનાદિઅનંત, એવા આખા બધાને જાણી લીધો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનુભવ બધાને ન હોય, જ્ઞાન છે એટલું..

ઉત્તર :- બધું. પરોક્ષ પ્રમાણ પણ જ્ઞાન છે ને! અનુમાન એ પ્રમાણજ્ઞાન છે કે જૂઠું જ્ઞાન છે? આહાહા..!

અહીં તો વર્તમાનનો ભવ બતાવે છે ને. એમાં તો ત્રિકાળ આખો આત્મા આવી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા માનવો એટલે? આત્મા તો ત્રિકાળી ધ્રુવ છે પણ હવે એની પર્યાયો જે ભવિષ્યની સાદિઅનંત છે, કેવળજ્ઞાનની પર્યાય થવાની અને સાદિઅનંત થવાની. આ તો અનંતમા ભાગની છે. અજ્ઞાન દશાની પર્યાય તો અનંતમા ભાગની છે. અનાદિઅંત છે. આ સાદિઅનંત છે. આખો આત્મા જેણે ધ્રુવને પ્રતીતમાં લીધો એ બધી પર્યાયનો પિંડ એને પ્રતીતમાં આવી ગયો છે. આહાહા..! એક આત્મા જાણતા. એ તો એમાં આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર', નહિ? ૪૮-૪૯ ગાથા. એક આત્માને જાણતાં આ જાણે. આત્મા કોને કહેવો? બધું જાણે. ૪૮-૪૯ 'પ્રવચનસાર'. આ તો ગાથા. ભાઈ 'બંસીધરજી' હતા. તે દિ' ઇ ગાથા ચાલતી હતી. શેઠ હતા. 'હુકમચંદજી'. બાપુ ! મારગડા તારા જુદા, ભાઈ! આહાહા..! બધી પર્યાયનો પિંડ તે ગુણ અને બધા ગુણનો પિંડ તે દ્રવ્ય. દ્રવ્યમાં દ્રવ્યનું જ્ઞાન થઈને પ્રતીત થઈ, એ શું નથી થઈ? શું એને બાકી રહ્યું? આહાહા..! સમજાણું કાંઈ?

એમ અહીં મુનિરાજ કહે છે, અરે..! મુનિ! વીતરાગ પરમેશ્વરે જે જાણ્યું અને જોયું અને એમણે કહ્યું એવું એના મતમાં ઉત્પન્ન. એના મતમાં ઉત્પન્ન થતું, એમ કહે છે. આહાહા..! શાંતિ અને સ્થિરતા તો વીતરાગ આત્મા છે અને વીતરાગે કહ્યો એવો છે. એમાં આ નિશ્ચય પ્રત્યાખ્યાન ઉત્પન્ન થાય છે. આહાહા..! ગજબ વાતું! **'તે પ્રત્યાખ્યાન પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે,...'** આહાહા..! આત્મા શુદ્ધ સચેતન પ્રભુ. સચેતન એકલો જ્ઞાયકનો પિંડ પ્રભુ. એ તો એણે ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાતવાળું બધું તત્ત્વ આખું. એવું જેણે વીતરાગમાર્ગમાંથી જાણીને, જોઈને ભાવ કાઢ્યો છે, એ નિશ્ચય પ્રત્યાખ્યાન **'પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે,...'** મોક્ષનો કરનાર આ છે. સ્વરૂપની અંતરમાં રમણતા ચારિત્રની એ મોક્ષનું કારણ છે. વ્યવહાર વચમાં હો. એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો કહ્યું વચમાં. પણ એ કંઈ મોક્ષનું કારણ નથી. આહાહા..!

કહે છે, **'સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે...'** આહાહા..! જે વીતરાગતા, નિર્દોષતા પ્રગટ થઈ છે–સમતા, એનું સુંદર કર્ણનું મહા આભૂષણ પ્રત્યાખ્યાન છે **'અને તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રી...'** દીક્ષા એટલે વીતરાગતા પ્રગટ થઈ તે. દીક્ષા અને પ્રવજ્યા બે નામ ભેગા પાડ્યા છે ને? નહિ પાછળ? 'સમયસાર'. દીક્ષા, પ્રવજ્યા. બધા બોલ છે. એક બોલમાં આવે છે. દીક્ષા કહો કે આત્માની શાંતિની સ્થિરતા એ દીક્ષા. દીક્ષા (એટલે) લૂગડાં ફેરવીને બેસે ને થઈ ગઈ દીક્ષા (એમ નથી).

મુમુક્ષુ :– બે પ્રકારે...

ઉત્તર :– એ હો જગતને પણ વસ્તુ આ છે.

**'સમતાદેવીના સુંદર કર્ણ..'** સુંદર કર્ણ. કર્ણ–કાન. એમ પાછું. એનું આભૂષણ. **'તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે.'** આહાહા..! શું કહે છે? યૌવનમાં જેમ શરીરની પુષ્ટતા હોય, એમ નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય સાચી વીતરાગ પરિણતિ એ દીક્ષારૂપી પ્રિય સ્ત્રીનું અતિશય યૌવન, જુવાન દશાનું કારણ છે. ભાષા પણ કેવી! અતીન્દ્રિય આનંદનો જ્યાં પ્રકાશ થઈને અતીન્દ્રિય આનંદ વર્તે છે, એવી જે દીક્ષા, એમાં રાગના અભાવરૂપ અને શુદ્ધતાની સમતારૂપી સ્થિરતા, એ દીક્ષાની યૌવન વયની પુષ્ટીનું કારણ છે. એ અતિશય યૌવનનું કારણ છે. આહાહા..! એ ૧૦૫ ગાથા થઈ, લ્યો.

મુમુક્ષુ :— .. કેવળજ્ઞાનનું કારણ છે?

ઉત્તર :– હા. આ તો ચારિત્રની પુષ્ટિ યૌવનદશા છે, એમ. નિશ્ચય પ્રત્યાખ્યાન એ ચારિત્રની યૌવન દશા છે. ચારિત્રની પુષ્ટ દશા છે. લસ પુષ્ટ થાય છે. નિશ્ચયપ્રત્યાખ્યાનથી ચારિત્ર લસપુષ્ટ થાય છે. આહાહા..! છે તો ઇનો ઇ ભાવ પણ બતાવે છે ને. ૧૦૬ ગાથા. આ પ્રત્યાખ્યાનની છેલ્લી ગાથા છે.

## ગાથા–૧૦૬

एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।
पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा।।१०६।।

एवं भेदाभ्यासं यः करोति जीवकर्मणोः नित्यम्।
प्रत्याख्यानं शक्तो धर्तुं स संयतो नियमात्।।१०६।।

निश्चयप्रत्याख्यानाध्यायोपसंहारोपन्यासोयम्।

यः श्रीमदर्हन्मुखारविन्दविनिर्गतपरमागमार्थविचारक्षमः अशुद्धान्तरस्तत्त्व-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



कर्मपुद्गलयोरनादिबन्धनसंबन्धयोर्भेदं भेदाभ्यासबलेन करोति, स परमसंयमी निश्चयव्यवहारप्रत्याख्यानं स्वीकारोतीति।

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

અન્વયાર્થ :– [ एवं ] એ રીતે [ यः ] જે [ नित्यम् ] સદા [ जीवकर्मणोः ] જીવ અને કર્મના [ भेदाभ्यासं ] ભેદનો અભ્યાસ [ करोति ] કરે છે, [ सः संयतः ] તે સંયત [ नियमात् ] નિયમથી [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ धर्तुं ] ધારણ કરવાને [ शक्तः ] શક્તિમાન છે.

ટીકા :– આ, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે.

શ્રીમદ્ અર્હંતના મુખારવિંદમાંથી નીકળેલાં પરમાગમના અર્થનો વિચાર કરવામાં સમર્થ એવો જે પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ પુદ્‌ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે, તે પરમ સંયમી નિશ્ચયપ્રત્યાખ્યાન તથા વ્યવહારપ્રત્યાખ્યાનને સ્વીકૃત (-અંગીકૃત) કરે છે.

## ગાથા–૧૦૬ ઉપર પ્રવચન

एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।
पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा।।१०६।।

ઓહોહો..!

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

ટીકા :– ‘**આ, નિશ્ચય–પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે.**’ પૂરું છે આ. આ ગાથા.. પ્રતિક્રમણની વ્યાખ્યા આવી ગઈ, પ્રત્યાખ્યાનની (આવી), પછી આલોચના. વર્તમાનની લેશે. ભવિષ્યનું પ્રત્યાખ્યાન છે ને? ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન, વર્તમાનનો સંવર, આલોચન.

‘શ્રીમદ્ અર્હંતના મુખારવિંદથી નીકળેલાં...’ આહાહા..! સ્વરૂપની લક્ષ્મીવાળા અરિહંત ભગવાન, જેને જ્ઞાનમાં કોઈ જગતની ચીજ રહસ્ય બાકી નથી. બધું રહસ્ય ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાનસ્વરૂપની પ્રગટ દશામાં બધું ભાન આવી ગયું છે. એવા ભગવાન અર્હંત.. અર્હંત..

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુખારવિંદમાંથી નીકળેલ. લ્યો! ભાષા આવી–મુખારવિંદમાંથી. ૐ ધ્વનિ નીકળે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર હોય એને વાણી આમ હોઠ ન બોલે. હલે નહિ, કંઠ ધ્રુજે નહિ. આખા શરીરમાંથી ૐ એવી ધ્વનિ ઉઠે. એને અહીંયાં મુખારવિંદમાંથી નીકળી એમ કહે છે. મુખરૂપી અરવિંદ–કમળ. દુનિયામાં વ્યવહાર છે ને? એટલે નાખ્યું. વ્યવહારથી વાત કરી. નહિતર નીકળે તો આમ (આખા શરીરમાંથી). પૂર્ણ દશા સર્વજ્ઞ પરમેશ્વર થયા, પરમાત્મા આત્મામાંથી પૂર્ણ શક્તિને પ્રગટ કરી. પરમાત્મા થાય એને વાણી આમ ન હોય, આપણે બોલીએ એવી.

મુમુક્ષુ :– શ્વેતાંબર તો એમ જ માને છે.

ઉત્તર :– શ્વેતાંબર તો એક જ માને છે એટલું. એ તો બધું આવે છે. આ વાત આમ છે, એ સિવાય બીજું સમજી લેવું. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :– શ્વેતાંબરોની માન્યતા વિપરીત છે. મોઢેથી નીકળે છે (એમ કહે છે).

ઉત્તર :– બીજી છે. મોઢેથી વાત કરે બાયું સાથે. એવું કહે છે. એક બાઈ છે, રાજાની દીકરી. તીર માર્યા'તા ને ભગવાનને પ્રશ્ન કર્યા છે અને સીધા ઉત્તર આપ્યા છે. 'ભગવતી'માં આવે છે. શું નામ? ભૂલી ગયા. બાઈ આવે છે. તીર મારે છે.

મુમુક્ષુ :– મૃગાવતી

ઉત્તર :– મૃગાવતી? બાઈનું નામ છે. 'ભગવતી'માં છે. ઘણા વર્ષ થઈ ગયા ને હવે એને વાંચ્યાને. બાઈએ અઢાર પ્રશ્ન કર્યા છે. ભગવાનને પ્રશ્ન (કર્યા). ભગવાન સીધા જવાબ આપે છે.

અહીં તો તીર્થંકરની વાણી એને સહજ ૐ ધ્વનિ નીકળે. કોઈ વખતે ઇન્દ્ર ને નરેન્દ્રો, ચક્રવર્તી, ગણધર આદિના પ્રશ્ન હોય તો ૐ ધ્વનિ નીકળે. એવી સહજ દશા ભગવાનની મુખમાંથી એથી કહે છે, મુખારવિંદમાંથી નીકળેલ. એ વાણીને પરમાગમ કહીએ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ પવિત્ર પરમાત્મ દશા. દેહમાં રહ્યા છતાં જ્યાં અંતર પ્રગટ દશા થઈ અને વાણી નીકળી. એના **'અર્થનો વિચાર કરવામાં સમર્થ...'** અહીં તો કહેવું છે બીજું જરી. એક તો પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ સિદ્ધ કર્યા, એની નીકળેલી વાણી. એને પરમાગમ સિદ્ધ કર્યા અને **'એવો જે પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મપુદ્ગલનો ભેદ અભ્યાસના બળથી કરે છે.'** એ પરમાગમમાં એમ કહ્યું છે કે રાગને સ્વભાવથી ભેદ પાડ. રાગથી તારા સ્વભાવને ભેદ પાડે એમ પરમાગમમાં કહ્યું છે. સમજાણું કાંઈ?

એક તો દેવ સિદ્ધ કર્યા. પરમાત્મા કેવા હોય ઇ. એની વાણી કેવી નીકળે અને એ વાણીને પરમાગમ કહેવામાં આવે. અને એ પરમાગમમાં એમ કહેવામાં આવ્યું છે કે જેટલા વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધ એ કર્મ. ભગવાનઆત્મા કર્મરહિત અકર્મસ્વરૂપ. એ બેની વચ્ચે ભેદ પાડ. બે જુદા પાડ, અભ્યાસ જુદા (પાડવાનો) કર. આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને જુદા કરવાનો અભ્યાસ એ એનો ધર્મ. આહાહા..! એક તો અનાદિથી માન્યા છે. પુણ્ય-પાપનો રાગ, વિકલ્પ જે દયા, દાન, વ્રત એ તો રાગ છે. એને અને આત્માને એક માન્યા, એ તો મિથ્યાત્વભાવ છે.

પરમાગમ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે **'પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા...'** જુઓ! ભાષા રાખી. ભેદ પાડવો છે પણ સંબંધ છે, એમ કહે છે. **'અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ અંતતત્ત્વ...'** વિકારી પર્યાય. એમ. અશુદ્ધ અંતતત્ત્વ 'અને કર્મપુદ્‌ગલ...' બે છે ને? એને બેને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે ને? વિકારી પર્યાય અને કર્મનો ઉદય, બેને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. શુદ્ધતાને, ધ્રુવને કાંઈ સંબંધ નથી. શું કહ્યું સમજાણું કાંઈ? કર્મનો ઉદય જડ અને વિકારી પર્યાય, બેને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. એ અનાદિ બંધનરૂપ સંબંધવાળા. અશુદ્ધ તત્ત્વ એટલે વિકારી પર્યાય અને પુદ્‌ગલ. એનો **'ભેદાભ્યાસના બળથી કરે છે,...'** એનો ભેદ ભેદાભ્યાસના બળથી (કરે છે). એમ બે વાત છે. આહાહા..! જુઓ! આ કરવાની ક્રિયા.

ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર અને પર્યાય–અવસ્થામાં અશુદ્ધતા અને કર્મનો ઉદય, બેયને જે આમ સંબંધ છે, એને છોડ હવે, કહે છે. પરથી છોડ એટલે અશુદ્ધતાની પર્યાયથી પણ જુદો પડી ગયો. એની સાથે બેને સંબંધ હતો. શું કહ્યું? અશુદ્ધ અંતતત્ત્વ લીધું છે ને? બે ઠેકાણે પહેલાં આવી ગયું છે. પાનું-૮૧ અને પાનું૧૫૫. અશુદ્ધ અંતતત્ત્વ. ભેદ અભ્યાસનો અધિકાર એક ઠેકાણે, એક ઠેકાણે અશુદ્ધ અંતત્ત્વ. કહેવું છે જરી એવું કે ભગવાનઆત્મા તો શુદ્ધ અંતતત્ત્વ છે. પણ કર્મના ઉદયનો સંબંધ અશુદ્ધ વિકાર સાથે છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ એટલાને છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવની સાથે કર્મનો આ નિમિત્ત સંબંધ છે નહિ. એનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે. આહાહા..! એ રાગ અને નિમિત્ત બેથી મારી ચીજ જુદી (છે). એમ અંતર્મુખમાં પરથી ખસીને સ્વભાવનો અભ્યાસ કરવો એને ભેદજ્ઞાન અને તે ધર્મની દશા પ્રગટ કરવાનું કારણ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૦૨, શ્લોક-૧૪૩-૧૪૪ ગાથા-૧૦૬, રવિવાર, ભાદરવા સુદ ૨, તા.૨૨-૮-૭૧

---

આ 'નિયમસાર', નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. ૧૦૬ ગાથા. વચમાં થોડું બાકી છે ને? **'અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મ પુદ્‌ગલનો ભેદ...'** જુઓ! આ શું કહે છે? કે પર્યાયમાં જે અશુદ્ધતા આત્મામાં છે એ અશુદ્ધ આત્મા કહેવાય છે. ત્યાગનો અધિકાર છે ને? પ્રત્યાખ્યાનનો. મિથ્યાત્વનો ત્યાગ, રાગનો ત્યાગ એ બધો એક જ પ્રકાર છે. આત્મામાં પર્યાયમાં–વર્તમાન હાલતમાં અશુદ્ધતા–મલિનતા જે છે અને કર્મનો ઉદય જે નિમિત્ત છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'અનાદિ બંધનરૂપ સંબંધવાળા...'** વિકારી અશુદ્ધ પર્યાય અને કર્મનું નિમિત્ત, એના સંબંધવાળા **'અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મ પુદ્‌ગલનો...'** ભેદ–બેની જુદાઈ. કર્મનો ઉદય છે એનાથી જુદાઈ. તો એનો અર્થ એ થઈ ગયો કે ઉદયમાં જોડાણ, અશુદ્ધ વિકારી પર્યાય છે એનાથી જુદાઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કોણ જુદા? શેનાથી?

ઉત્તર :– આત્માની વિકારી પર્યાય અને કર્મનું નિમિત્ત. એ બે આત્માના સ્વભાવથી ભિન્ન–જુદા.

ફરીને, અહીં નિમિત્ત-નિમિત્ત સંબંધ વર્ણવ્યો છે. પરમ સંયમી ધર્માત્મા, અનાદિ બંધનરૂપ સંબંધ. કોની સાથે? અશુદ્ધ આત્મા વિકારી પર્યાય અને કર્મનું નિમિત્ત, એનો એને સંબંધ છે. કર્મનું નિમિત્ત છે માટે અશુદ્ધતા છે એમ નહિ. પણ અશુદ્ધતા અને નિમિત્તને, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એને ભેદ દ્વારા. એટલે વિકારી પર્યાય અને નિમિત્ત બેય મારામાં નથી. કર્મના નિમિત્તથી લક્ષ છૂટતાં અશુદ્ધતાનું લક્ષ પણ ભેગું છૂટી જાય છે, એમ કહે છે. ઝીણું છે થોડું. થોડું ઝીણું છે.

આત્મા તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એની વાસ્તવિકતા. હવે એની પર્યાયમાં અશુદ્ધતા છે એને અહીંયા અશુદ્ધ અંતતત્ત્વ કહેવામાં આવ્યું છે. છે એ આસ્રવ ને વિકાર ને રાગ ને રોગ. રાગનો રોગ. પણ એને અશુદ્ધ અંતતત્ત્વ કહ્યું. શુદ્ધ અંતતત્ત્વ છે એ વસ્તુ. સમજાય છે કાંઈ? શુદ્ધ અંતતત્ત્વ જે ચિદાનંદ આનંદસ્વરૂપ ભગવાન, એ આત્મા. અને અશુદ્ધ અંતતત્ત્વ એ વિકારી પર્યાય. છે તો આસ્રવ. પણ એમાં એકતા છે ને એથી એને અશુદ્ધ અંતતત્ત્વ કહેવામાં આવ્યું છે. એકતા માની છે ને! નહિતર તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાનંદ ધામ અંતર્મુખનો વિષય, એ તો પૂર્ણ શુદ્ધ છે. એમાં જે પર્યાયમાં અશુદ્ધતા, વિકાર, ભ્રમણા, રાગ-દ્વેષ એ દુઃખરૂપ છે. એને અહીંયા અશુદ્ધ અંતતત્ત્વ કહ્યું છે. એ પર્યાયવાળા જીવને. સમજાણું કાંઈ? અને એને અને કર્મના નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નૈમિત્તિક વિકારી પર્યાય, નિમિત્ત કર્મનો ઉદય. બેનો સંબંધ એ વ્યવહાર છે. એને હું આત્મા શુદ્ધ અંતતત્ત્વ પૂર્ણ આનંદ, જ્ઞાન છું. એને અશુદ્ધ પર્યાય અને નિમિત્ત, બેનાથી ભેદ પાડીને, ભેદઅભ્યાસના બળથી. જુદા પાડવાના બળથી. સેઠી! આવો માર્ગ ભારે ઝીણો.

કર્મ પુદ્‌ગલનો ભેદ, ભેદાભ્યાસના બળથી–એમ બે વાત. ભગવાનઆત્મા તો શુદ્ધ આનંદ પવિત્રધામ ભગવાનઆત્મા (છે). પણ એની પર્યાયમાં જે અશુદ્ધતા (છે), એ નિમિત્તના સંબંધમાં થઈ છે. કર્મનું નિમિત્ત, એના સંબંધે સંસાર વિકાર, ઉદયભાવ અંતતત્ત્વ અશુદ્ધ પર્યાય અને કર્મનું નિમિત્ત. બેને ભેદ–બેનો ભેદ કરવો. એટલે કે શુદ્ધ આત્મા પરમ આનંદ છું. એના તરફ ઝુકતાં એ અશુદ્ધતા અને નિમિત્તનો ભેદ થઈ જાય છે. શેઠ! શેઠ છે ને એ તમારા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરતાં બહુ ધ્યાન રાખે છે. બે ભાઈઓ છે ને એમાંથી ભાગ મળી જશે, એમ? એવું નથી. આહાહા..!

આ વસ્તુ પોતે ભગવાનઆત્મા એ તો અતીન્દ્રિય આનંદની કાતળી છે. એને ચૂસવી જોઈએ. એના અતીન્દ્રિય આનંદમાં ઝુકાવથી અતીન્દ્રિય આનંદનો ચુસાવ રસ આવે છે. એ દ્વારા, એવું જે બેનું ભેદ સ્વરૂપ, એ દ્વારા. ભેદાભ્યાસથી. રાગ અને નિમિત્તથી જુદો. એમ અંતર્મુખના વલણથી. વીતરાગમાર્ગ એવી અલૌકિક ચીજ છે કે એને શુદ્ધ દ્રવ્યપણું બતાવે છે, પર્યાયમાં અશુદ્ધતા બતાવે છે અને એનું નિમિત્ત બતાવે છે. આવી ત્રણ ચીજો વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે વસ્તુનું સ્વરૂપ જ આવું છે. બીજી રીતે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે, ધર્માત્માએ શું કરવું? અનાદિ બંધનરૂપ સંબંધ. બંધનરૂપ સંબંધ. એવો અશુદ્ધ અંતતત્ત્વ. વિકારી ભાવ, ઉદયભાવ, દોષવાળો ભાવ, દુઃખરૂપ ભાવ એને કર્મપુદ્‌ગલ નિમિત્ત. એનો ભેદ બે જુદાં છે. એ ન્યાયે જુદાં છે ખરેખર તો. નિમિત્ત અને અશુદ્ધતા એ બે જુદાં છે. પણ બે જુદાં છે એની એકતા માની છે એટલે કહે છે કે એ ભેદાભ્યાસના બળથી કરે છે. અંતર્મુખ સ્વભાવ ચૈતન્ય, એના તરફ ઝુકતાં, એના સન્મુખ થતાં આ રાગ ને નિમિત્તનો ભેદ થઈ જાય છે. અને એ જાતના ભેદાભ્યાસના બળથી એનો ભેદ કરે છે. એમ કહે છે ને? **'ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે.'** એમ કહ્યું. શું કીધું? અશુદ્ધ અંતતત્ત્વ વિકારી દશા એટલે અશુદ્ધ આત્મા. એટલે એમ કરીને એમ સિદ્ધ કરે છે કે પર્યાયમાં અશુદ્ધતા જીવે પોતે કરી છે. હતી એને ભેદ પાડવો છે, અહીં તો કહે છે. કરેલી છે અનાદિની, એનાથી ભેદ પાડીને ભેદાભ્યાસ કરવો છે. મુનિને કે સમ્યગ્દષ્ટિને. સમજાણું કાંઈ? બહુ ધીરજના માર્ગ છે.

એવો અશુદ્ધ અંતતત્ત્વ. વસ્તુસ્થિતિ બતાવે છે અહીં તો. વસ્તુ શુદ્ધ અંતતત્ત્વ છે અને પર્યાયમાં અશુદ્ધ અંતતત્ત્વ એ પોતે થયેલો છે. અને એમાં નિમિત્ત એ છે. એ બેનો અને એ બેયથી જુદાનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે. ધર્મી એને જુદાઈના બળથી ભેદ પાડે છે. આહાહા..! આવું પકડવું કઠણ. એવી વાત સિદ્ધ કરી છે.

જ્યારે પ્રત્યાખ્યાન થાય કે મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે એનો અર્થ એ થયો કે મિથ્યાત્વ અને રાગ એનામાં હતો. ખરું કે નહિ? પર્યાયમાં-અવસ્થામાં—દશામાં-હાલતમાં વિકાર હતો. તો વિકારનો ત્યાગ થાય. પરનો તો ત્યાગ છે જ. પરવસ્તુ તો કંઈ છે જ નહિ. પરનું લક્ષ કર્યું છે એટલો સંબંધ છે. અને લક્ષ કરીને પર્યાયમાં જે અશુદ્ધતા ઉત્પન્ન થઈ છે, એ અશુદ્ધ પર્યાય એટલે અંતતત્ત્વ અને કર્મ પુદ્‌ગલ નિમિત્ત. એનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે. અંતરના સ્વભાવની સન્મુખતા કરીને. એ નિમિત્ત અને અશુદ્ધ તો ભેદ છે જ, પણ બેમાંથી પણ ભેદ પાડીને.. આહાહા..! ભગવાનઆત્મા.. કામ ભાઈ! મોટું છે આ. સમજાણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? એણે કોઈ દિ'કર્યું નથી. એને કેમ કરવું એની ખબર નથી.

બેની–અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મ પુદ્‌ગલ. એમ શબ્દ પડ્યા છે ને? એની જુદાઈ– એનો ભેદ ભેદઅભ્યાસના બળથી કરે છે. એ રાગ અને નિમિત્ત એ હું નહિ. હું જ્ઞાયક ચિદાનંદ આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ, પરમાત્મા ઈશ્વર પૂર્ણ સ્વરૂપ હું છું. એમ પરથી ભેદ પાડવાનો અભ્યાસ કરતાં બે જુદા પડી જાય છે, એમ કહે છે. 'જેઠાલાલભાઈ'! આહાહા..! ભેદજ્ઞાન.. ભેદજ્ઞાન કહે છે ને? મને ભેદજ્ઞાન બતાવો એમ બિચારા... કોઈ દિ' કરેલું નહિ, સાંભળેલું ન હોય. અરે..! જીવને.. એવું આવ્યું છે આમાં. બિચારા શું કરે? આ વાત.. આહા..!

ત્રણલોકનો નાથ અનંતા અનંતા સિદ્ધોને સોડમાં રાખીને બેઠો એવો ભગવાન છે. આહાહા..! સોડ સમજો છો? સોડ. અમારી કાઠિયાવાડી ભાષા છે. રજાઈ ઓઢે ને? રજાઈ. શાલ ઓઢે છે ને ? શાલ. એને અહીંયા સોડ કહે છે. એમ ભગવાનઆત્મા અનંતા સિદ્ધોને પોતાના પેટમાં, સોડમાં રાખ્યા છે. એવો ભગવાનઆત્મા, એને અશુદ્ધતાની પર્યાય અને કર્મનું નિમિત્ત, નિમિત્ત તો જુદું છે હવે, બેનો સંબંધ પણ વ્યવહારે હતો. એ વ્યવહાર અભૂતાર્થ છે, જૂઠો છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભાઈ! સત્ય તો આવું છે. એને આકરું કહો, સહેલું કહો, મોંઘુ કહો, પણ છે તો આ. આ સિવાય બીજી રીતે કરવા જશે તો જન્મ-મરણ નહિ મટે. અને એ પણ પોતાને માટે છે ને. આમાં ક્યાં કો'કને માટે આ છે. દુઃખ પણ પોતે ભોગવે છે. આહાહા..! એકલો દુઃખ ભોગવે. એ આવી ગયું. પહેલી ગાથા. એકલો દુઃખ ભોગવે છે. એકલો મરે અને એકલો જન્મે. આવ્યું ને ભાઈ પહેલું? આહાહા..! કોણ પણ, તારું હતું કોણ કે તારામાં આવે ભેગો? આહાહા..! તારામાં હતું તેં માન્યું હતું કે મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ તેં માન્યું હતું. આહાહા..! એનાથી હવે જુદું પડવું છે. એનું નામ ધર્મ છે. છે જુદું પણ એણે (એક) માન્યું છે કે આ રાગ હું છું. એ તત્ત્વ તો જુદું તત્ત્વ છે.

રાગ, દયા, દાન, વ્રત આદિના પરિણામ એ તત્ત્વ આસ્રવ ભિન્ન તત્ત્વ છે. કર્મનો ઉદય તો ભિન્ન તત્ત્વ છે જ. એ તો જડની પર્યાય છે. અહીં તો બેનો સંબંધ કહીને હવે એનાથી જુદું પાડવું છે. સંબંધ જેણે જોડ્યો તે સંબંધ તોડે. ભાઈ! આ તો તારા ઘરની, હિતની વાત છે. મોંઘી લાગે કે ન લાગે પણ આ કર્યા વિના એનો કોઈ દિ' ચોરાશીના અવતાર.. અરે..! ભાઈ! નહિ મટે. દુનિયા તો દુનિયા જોશે અને દુનિયા તો બહારની વાતના વખાણ પણ કરશે, એથી કાંઈ તારા દાળિયા થાય એવા નથી.

અહીં તો કહે છે, **'સંબંધવાળા અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મપુદ્‌ગલનો ભેદ..'** જુદાઈ **'ભેદાભ્યાસના બળથી કરે છે.'** એનો અર્થ ઇ કે સ્વસન્મુખતામાં આવે છે એટલે રાગ અને નિમિત્તનો ભેદ પડી જાય છે. આહાહા..! આવું કામ છે. સમજાણું કાંઈ? **'તે પરમ સંયમી...'** પરમ ધર્માત્માને **'નિશ્ચયપ્રત્યાખ્યાન તથા વ્યવહાર પ્રત્યાખ્યાનને સ્વીકૃત (–અંગીકૃત) કરે છે.'** લ્યો. આવા ધર્માત્માને સ્વસન્મુખની પ્રગટેલી દશા, એ નિશ્ચયપ્રત્યાખ્યાન છે અને વિકલ્પ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉઠે જરી આ ચોવીસ કલાક, અડતાલીસ કલાક આહાર ન લઉં, એ વ્યવહાર પ્રત્યાખ્યાન. પણ એ આવા ધર્માત્માને નિશ્ચય અને વ્યવહાર હોય છે. એકલા આત્માના ભાન વિનાના ત્યાગને, અપવાસ કર્યા ને આ કર્યા, એને વ્યવહાર ત્યાગ પણ નથી. લાંઘણું છે. બેય લીધું, હોં! અત્યારે વાત સાધકની છે ને.

પંચ મહાવ્રતનો હજી વિકલ્પ છે એ વ્યવહાર ત્યાગ કહેવાય. વ્યવહાર પ્રત્યાખ્યાન. અંતરમાં રાગથી ભિન્ન પડીને ચૈતન્યના તળિયાં જેણે અંદરથી તપાસ્યા છે, ચૈતન્યના તળમાં તો અનંત આનંદ અને જ્ઞાન ભર્યું છે. એવા તળમાં તળિયામાં અંતરમાં જાય છે એ દશાને નિશ્ચય ત્યાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વાત સાધારણ લાખો માણસ ભેગા થાય ને હો.. હા થાય એવું આ નથી. એય..! 'મૂળચંદભાઈ'! લાખો માણસ હોહા થાય એવું નથી. ઓલો તો વ્યવહારમાં રાજી થઈ જાય. આહા.. આહા..! અપવાસ કર્યા, અઠ્ઠાઈ કરી, દસલક્ષણીના દસ દિવસ કર્યા,.. વાહ.. વાહ..!

મુમુક્ષુ :– અપવાસ કરવાવાળાના તો વરઘોડા નીકળે છે.

ઉત્તર :– વરઘોડા નીકળે. મરે એની ઠાઠડી નીકળે છે કે નહિ? એ વરઘોડો નથી? બાયું અને આદમી ભેગા થઈને નીકળે છે કે નહિ? કે એકલું મડદું જાય? અને એ વરઘોડો સાથે હોય. એ પણ વરઘોડો જ છે ને, બીજું શું છે? જાનમાં પરણાવવા જાય અને મરવામાં બાળવા જાય, બીજું શું છે? વાજા વગાડે. અમારે 'પાલેજ'માં તો એક ભંગ્યો હોય છે. એની પાસે મોટું ભુંગળું હોય, ભુંગળું. મરે ત્યારે એ ભુંગળુ લઈને આવે. મોટું ભુંગળું. આવું મોટું ભુંગળું. ભંગ્યો હોય, ભંગ્યો. ભંગી સમજો છો ને? હરિજન નહિ. હરિજન તો ઢેઢ. આ તો ભંગી. એથી હલકા કહેવાય. એમાં પણ બે જાત છે. વિષ્ટા ને પાયખાના સાફ કરે એ ભંગી કહેવાય. હરિજન તો એનાથી ઓલા કહેવાય. સૂતરના કામ કરે.. એ ભંગીનું ઘર છે ત્યાં. દિશાએ જઈએ ત્યાં બહાર ઘર છે. એ મરે એટલે મોટું ભુંગળું લઈને આવે. ભું.. ભું.. કરતો મડદાંની મોઢા આગળ ચાલે. એ વાજુ છે. પરણવા જાય ત્યારે ઓલા બેંડવાજા વગાડે. બધી એકની એક જાત છે, શું છે પણ? આહાહા..!

અહીં કહે છે, મુનિરાજે એવી શૈલી લીધી કે રાગથી અને નિમિત્તથી, નિમિત્તથી તો જુદો જ છે, પણ રાગ અને નિમિત્તને સંબંધ હતો, એ સંબંધ તોડ્યો. સ્વભાવ સાથે સંબંધ કરતાં રાગના સંબંધનો અંદર ભેદ પડી ગયો. એ ભેદના અભ્યાસ દ્વારા અંતર્મુખ દૃષ્ટિ થઈ અને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટી એ તો સત્ય સ્વરૂપ, સત્ય ત્યાગ, સત્ય પ્રત્યાખ્યાન. એમાં હજી અધુરો છે એટલે વિકલ્પ આવે કે ત્યાગ કરું.. આ કરું.. આ કરું. એ વિકલ્પને વ્યવહાર અંગીકાર કરે છે એમ કહેવામાં આવે છે. વ્યવહારે આદરે છે એમ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[હવે આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે :]

## શ્લોક–૧૪૩

(रथोद्धता)

भाविकालभवभावनिवृत्त:
सोहमित्यनुदिनं मुनिनाथ:।
भावयेदखिलसौख्यनिधानं
स्वस्वरूपममलं मलमुक्त्यै।।१४३।।

[શ્લોકાર્થ :-] 'જે ભાવિ કાળના ભવ-ભાવોથી (સંસારભાવોથી) નિવૃત્ત છે તે હું છું' એમ મુનિશ્વરે મળથી મુક્ત થવા માટે પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત નિર્મળ નિજ સ્વરૂપને પ્રતિદિન ભાવવું. ૧૪૩.

## શ્લોક–૧૪૩ ઉપર પ્રવચન

'હવે આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ નવ શ્લોક કહે છે :–' એકના નવ. ૯ અફર આંકડો છે ને. આગળ ૯ લેશે. આલોચનામાં ૯ લેશે. એક ૬ લેશે અને એક ૯ લેશે. આહા..! ૧૪૩. માથે કળશ છે ને?

भाविकालभवभावनिवृत्त:
सोहमित्यनुदिनं मुनिनाथ:।
भावयेदखिलसौख्यनिधानं
स्वस्वरूपममलं मलमुक्त्यै।।१४३।।

આહાહા..! અરે..! મુનિઓએ તો કામ કર્યા છે ને! ગજબ કર્યા છે! દિગંબર મુનિઓ એ તો કેવળજ્ઞાનના કેડાયતો, કેવળજ્ઞાનને થંભાવી રાખ્યું છે. કેવળજ્ઞાન લઉં, કેવળજ્ઞાન લીધું કે લઉં એમ છે. એવી દશા છે. જુઓ! શું કહે છે?

શ્લેકાર્થ :– **'જે ભાવિ કાળના ભવ-ભાવોથી...'** ભવિષ્યના ભવના કારણો એવા વિકારી ભાવ **'નિવૃત્ત છે તે હું છું...'** આહાહા..! સમ્યગ્દષ્ટિ પણ એમ જ છે. પ્રત્યાખ્યાન છે ખરું ને એટલે ભાવિ કાળ લીધો છે. પ્રતિક્રમણ ભૂતકાળ લે. સંવર, અલોચના વર્તમાન લે. ભાવિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળના પણ વર્તમાનમાં ભાવિ કાળના ભવ-ભાવોથી નિવૃત્ત છું. એટલે અત્યારે હું નિવૃત્ત છું. આહાહા..! મારા સ્વભાવમાં એ વિકારભાવ છે જ નહિ. ભૂતકાળ માટે કે ભાવિકાળ માટે કે વર્તમાન કાળ માટે. આલોચનામાં વર્તમાન આવશે. અહો..! ચૈતન્યદરિયો, કેવો પવિત્રનો ધામ પ્રભુ! હું, એ હું. ભાવિ કાળના ભવના ભાવ, સંસારના ભાવ, પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી નિવૃત્ત છે, તે આત્મા હું છું. આહાહા..! સમજાણું કાંઈ? આમ ખબર પડતી હશે આ?

**'નિવૃત્ત છે તે હું છું...'** પર્યાયમાં વિકાર હતો અને એ વિકાર ભાવિકાળમાં ભવનું કારણ હતું. એનાથી હું નિવૃત્ત છું તે હું છું. આહાહા..! **'એમ મુનિશ્વરે...'** ધર્માત્માએ **'મળથી મુક્ત થવા માટે...'** દેખો! ભાવિ ભવનો ભાવ તે મેલ છે. ચાહે તો સર્વાર્થસિદ્ધમાં સ્વર્ગમાં જવાનો ભાવ (હોય) એ પણ મેલ છે. એનાથી તો નિવૃત્ત છે તે હું. નિવૃત્ત છે તે હું. એ છે તે હું નહિ. શુભાશુભભાવ છે તે હું નહિ. એનાથી નિવૃત્ત છે તે હું છું. ભારે કામ, ભાઈ! અંતર્મુખ ઢળતાં, સ્વભાવ સન્મુખ ઢળતાં, વળતાં એ હું, એ તો ભાવિના ભવના ભાવથી રહિતવાળો તે હું છું. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આ સત્ય જ આવું છે. એને આકરું કહેવું એ તો લોકની દુર્લભતા બતાવવા માટે. આકરું કહેતાં એ વસ્તુ એથી કોઈ બીજી જાત હોય એમ નથી. વાત તો આ છે.

ભગવાન સત્યનું સ્વરૂપ તો આ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આમ જાહેર જગતમાં પ્રસિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? અરે..! ભાવિ એટલે ભવિષ્યકાળ, એના જે ભવ, એનો ભાવ. ભવનો ભાવ એનાથી તો હું નિવૃત્ત છું. અત્યારે હું નિવૃત્ત છું. આહાહા..! સમજાણું કાંઈ? એ તે કંઈ વાત છે? એ તો ભાવ છે. આ ભાવ પ્રગટ્યા વિના બધી વાતું થોથેથોથાં છે. આહાહા..! પછી પૂજા કરે ને ભક્તિ કરે ને જાત્રા કાઢે ને.. દસ-દસ લાખ, વીસ લાખ ખર્ચે ને મંદિર બનાવે લાખ, કરોડ ને અબજ, બધું થોથાં છે.

હું એટલે આત્મા અને એ આગળ કહેશે.. અનંત અનંત આનંદનો નાથ ભરેલો. એવો હું ભાવિ ભવના ભાવથી નિવૃતેલ છે તે હું છું. આહાહા..! વર્તમાનમાં એ ભાવ કરે છે કે હું આવો છું. અને ભાવિ માટે પણ હું આવો જ છું. આહાહા..! ભારે આકરી વાત. આખો દિ'.. આ જુઓને! દસ દિવસ આવશે. પૂજા કરવી, ભક્તિ સવાર થયા. ષોડશ કારણ ભાવતા... શું આવે છે?

મુમુક્ષુ :- દરશવિશુદ્ધિ ભાવના ભાય..

ઉત્તર :- સોલહ તીર્થંકર પદ પાય. એય..! રાજી રાજી થઈ જાય બધા. આહાહા..! ષોડશ કારણ ભાવના તો વિકલ્પ, રાગ છે. જે ભાવે તીર્થંકર (ગોત્ર) બંધાય એ રાગ છે. અપરાધ છે, નુકસાન છે. આહાહા..! એ.. 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :- તીર્થંકરપદને પ્રાપ્ત થાય..

ઉત્તર :- તીર્થંકર એટલે શું? સમવસરણ મળે ઇ તીર્થંકર? ઇ તો જડનું થયું છે. એ તો પુણ્ય પ્રકૃતિ છે અને જે ભાવે બંધાણી એ તો અપરાધ છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બતાવ્યું છે ને? મહારાજ! સમકિતી પણ જ્યારે તીર્થંકર ગોત્ર બાંધે તો એ ભાવ સમકિતીને જ હોય. તો ઇ શું છે? સમકિતથી બંધાય છે? ના. એ તો શુભઉપયોગનો અપરાધ છે. સમજાણું કાંઈ? પહેલાં બતાવ્યું હતું. કેટલામી ગાથા? ૨૨૦. જુઓ!

**'આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ થાય છે, અન્ય ગતિનું નહિ, અને જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે, તે આ અપરાધ શુભોપયોગનો છે.'** કહો, સમજાણું? તીર્થંકરની વાત છે, હોં! માથે. એ ૨૧૮ (ગાથા) છે.

**सति सम्यक्त्वचरित्रे तीर्थंकराहारबन्धकौ भवतः।**
**योगकषायौ नासति तत्पुनरस्मिन्नुदासीनम्।।२१८।।**

'જેમાં સમ્યક્ત્વ અને ચારિત્ર...' આનંદસ્વરૂપ ભગવાનઆત્મા હોવા છતાં, એને **'તીર્થંકર અને આહારક પ્રકૃતિનો બંધ કરનાર યોગ અને કષાય થાય છે...'** યોગ અને કષાય તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત વનવાસી (આ કહે છે). 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ૨૧૮ ગાથા. આહાહા..! **'અને ન હોતા, થતા નથી...'** એટલે કે યોગ અને કષાય ન હોય તો તીર્થંકર ગોત્ર બંધાતું નથી. **'તે સમ્યક્ત્વ અને ચારિત્ર વિના બંધના કર્તા યોગ અને કષાય થતા નથી...'** સમ્યક્ અને ચારિત્ર હોય અને યોગ, કષાયથી કર્મ બંધાય એમ હોય નહિ. માટે સમ્યક્ અને ચારિત્ર હોય ત્યાં આવો કષાય હોય એનાથી તીર્થંકર ગોત્ર બંધાય છે. તો એ **'આ બંધમાં ઉદાસીન છે.'** એ સમ્યગ્દર્શન અને ચારિત્ર, જે ભાવથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવથી ઉદાસ છે. ત્યારે છે શું એ? એમ કહ્યું. એ અપરાધ છે. એ ૨૨૦ (ગાથા)માં અપરાધ કીધો. યોગ કષાય એ અપરાધ છે. આહાહા..! એ.. 'ભીખાભાઈ'! તીર્થંકર પ્રકૃતિ પણ.. કહે છે ને, 'મૂલચંદભાઈ' (કે) તીર્થંકર પ્રકૃતિ બંધાય ને. તીર્થંકર થાય ને. આહાહા..! અને જે ભાવે તીર્થંકર બંધાણું એ ભાવે કાંઈ કેવળજ્ઞાન થાતું નથી. એ તો અપરાધ છે. એનો નાશ કરશે તે દિ' કેવળજ્ઞાન થાશે. સમજાણું કાંઈ? આવો માર્ગ! આહાહા..! વીતરાગનો નિર્દોષ નિષ્કલંક માર્ગ. આહાહા..!

પોતાનો સ્વભાવ જ તદ્દન શુદ્ધ સ્વભાવ પવિત્ર (છે). એના સ્વભાવના ભાન દ્વારા અને સ્થિરતા દ્વારા જ મુક્તિ થાય. એમાં આ વચ્ચે અપરાધ આવે. આહાહા..! ઓલો રાજી રાજી થાય. ષોડશ કારણ ભાવના ભાય, તીર્થંકર પદ પાય.. શું આવે છે ને? શું કીધું પછી? પરમગુરુ હોય.. એય..! 'શ્રીચંદજી'! અમારે 'શ્રીચંદજી' બહુ ગાય છે. આ દસ દિ' આવશે ને? પરમગુરુ હોય.. એ... બેઠા ત્યાં. પહેલા બહુ ગાતા. હવે ઓછું થઈ ગયું. અપવાસ-બપવાસ હોય. તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય.. પરમગુરુ હોય. તીર્થંકરથી પરમગુરુ થાતો હશે? પ્રકૃતિથી. અને જે ભાવ અપરાધ છે તેનાથી આત્મા પરમગુરુ થાતો હશે? એય..! શેઠ! લોકોની શ્રદ્ધામાં જ ભાન ન મળે કાંઈ.

અહીં તો ૨૨૦ (ગાથા)માં કીધું. **'शुभोपयोगोऽयमपराधः'** 'મૂળચંદભાઈ'! જે ભાવે તીર્થંકર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોત્ર બંધાય એ શુભઉપયોગનો અપરાધ છે. શુભઉપયોગ પોતે અપરાધ છે. આહાહા..! કાંઈ નિરપરાધથી બંધન થાય? 'પાટનીજી'! (સંવત) ૧૯૮૫ માં આ વાત સભામાં મૂકી હતી. ૧૯૮૫. સંપ્રદાયમાં હતા ને ત્યારે? પોષ મહિનો હતો, પોષ. ૧૯૮૫. 'બોટાદ'. ૧૫+૨૭=૪૨ (વર્ષ) થયા. ત્યાં તો હજારો માણસ આવતું. લોકોને અમારા ઉપર બહુ પ્રેમ હતો ને. ખીચોખીચ સભા. આ તો નાની અત્યારે છે. ઓલી તો મોટી સભા. ૩૦૦-૩૫૦ ઘર. ૧૦૦૦-૧૫૦૦ માણસ ખીચોખીચ (બેઠા હોય). બહાર બેસે. માય નહિ. લોકોને બહુ માન હતું ને. પ્રિયતા બહુ હતી અમારા ઉપર. આ મુહપત્તી ફરી, મૂર્તિ આવી ત્યાં બધું ફરી ગયું. તે દિ' એમ કહ્યું હતું, હોં! સભામાં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. ધર્મથી બંધાય એ વસ્તુ હોઈ શકે નહિ. માટે ધર્મથી વિરૂદ્ધ તે પુણ્ય છે. બીજી રીતે કહો તો કીધું, અધર્મ છે. ખળભળાટ થઈ ગયો. સભાને તો બધાને પ્રેમ હતો ને.

એક વેષધારી બેઠા હતા. 'જગજીવન'. એય..! 'હરિભાઈ'! 'જગજીવન'ને ઓળખ્યા ને? ક્યાં ગયા 'હરિભાઈ'? 'જગજીવનજી' હતા. એકલા બેઠા હતા. વોસરે.. વોસરે.. વોસરે વોસરે એટલે આ શ્રદ્ધા અમારે જોતી નથી. ક્યાં છે પણ મફતના ઉઠી ગયા સભામાંથી. સભાવાળાને કાંઈ ખબર પડે, શું બોલ્યા. પણ મને ખબર પડી. સભા તો એક જ ધ્યાને મારું સાંભળતા હોય. ઇ તો ચાલ્યા ગયા. વ્યાખ્યાન પૂરું થયું પછી એકલા (હતા ત્યારે) કીધું, પણ શું કરવા ઉઠ્યા? ને બેસતું હોય તો બેસી રહેવું હતું. કોઈએ માન્યા તમને? શું કીધું ઇ સભાને ખબર છે? વોસરે.. વોસરે કરીને ઉઠી ગયા. આપણે આવે છે ને વોસરે? નથી આવ્યું? આવી ગયું. પ્રત્યાખ્યાનમાં. ત્યાગું છું, છોડું છું. વોસરે એટલે છોડું છું. આ શ્રદ્ધા છોડું છું. ક્યાં હતી પણ મફતના શું કરવા ઉઠી ગયા? એના મોટા સાધુને સારું લગાડવા. 'મૂળચંદજી'ને. જુઓ! મેં એ વખતે આવી સભામાં પણ (આવું બોલ્યો). કોઈ સભા સમજતી નથી કે તમે શું કીધું. મને ખબર છે કે આ શ્રદ્ધા તમારી વોસરે... વોસરે. ૧૯૮૫ની વાત છે, શેઠ! ૧૫+૨૭=૪૨ વર્ષ થયા. સંપ્રદાયમાં કહ્યું હતું, હોં! આહાહા..! માર્ગ આ છે. માર્ગ આ છે, કીધું. બે વાત કરી હતી. પંચમહાવ્રત તે આસ્રવ છે અને તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય તે ધર્મ નહિ પણ અધર્મ છે. માનો, ન માનો પણ માર્ગ આ છે. 'બાલચંદજી'! તમારા સંપ્રદાયમાં રહીને કહ્યું હતું. આહાહા..!

અહીં કહે છે, એમ ધર્માત્માએ **'મળથી મુક્ત થવા માટે...'** આહાહા..! **'પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત...'** આહાહા..! પરિપૂર્ણ આનંદનું નિધાન, એવું જે નિર્મળ નિજ સ્વરૂપ. ભગવાનઆત્મા પોતાનું નિજ સ્વરૂપ, પોતાનું પરિપૂર્ણ આનંદ. આહાહા..! પરિપૂર્ણ સુખ. અનંત સુખ. પરિપૂર્ણ સુખનું નિધાન. અનંત સુખ. પરિપૂર્ણ સુખનું નિધાન. એવી મારી નિજની ખાણ. તે પણ **'નિર્મળ નિજ સ્વરૂપ...'** એને **'પ્રતિદિન ભાવવું.'** ધર્માત્માએ દિન દિન પ્રત્યે આ ભાવના કરવી. હું પરમ આનંદનો ધામ, નિધાન એના તરફ ઝુકાવ કરવો. આનું નામ ધર્મ છે. કહો, શેઠ!

મુમુક્ષુ :– ભાવના ભાવવી તો આ રીતે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ભાવનાનો અર્થ આહીં એકાગ્રતા છે. ભાવના એટલે વિકલ્પ નહિ.

કહે છે કે ધર્માત્માએ હું છું, આવો તો નિર્ણય સ્થિરતામાં કર્યો છે. પણ મુક્ત થવા માટે વારંવાર પરિપૂર્ણ સુખનું ધામ નિધાન પ્રભુ, આહાહા..! અલ્પસુખ નહિ, દુઃખ તો નહિ જ. ભગવાનઆત્મામાં દુઃખ તો નહિ જ, વિકાર તો નહિ જ. નિમિત્ત તો નહિ પણ અલ્પસુખ પણ નહિ. ચૈતન્ય આનંદનો નાથ, જેનો સ્વભાવ આનંદ, એવા પરિપૂર્ણ સુખનું નિધાન, એવું નિજ નિર્મળ સ્વરૂપ, એની તરફ ઝુકાવ કરવો. આહાહા..! લ્યો, 'જેઠાલાલભાઈ'! હજી તો અહીં 'જેઠાલાલભાઈ'ને વાંધા ઓલા, કર્મનું હોય તો વિકાર થાય, કર્મ હોય તો વિકાર થાય. કરો, ચર્ચા. આ કહે, હું એવું માનતો નથી. શું કહ્યું આ?

જેને સુખી થવું હોય તો એણે શું કરવું? કે પરમ પરિપૂર્ણ આનંદનો નિધાન ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ પ્રગટ કર્યો અને આવો આત્મા છે. પરમ આનંદની મૂર્તિ પ્રભુ પરિપૂર્ણ આનંદ. એવો જે આત્માનો સ્વભાવ, નિર્મળ નિજ સ્વરૂપ એવું આત્માનું. એમાં એકાગ્ર થવું એ સુખને પામવાનો રસ્તો છે. બાકી આ બધા દુઃખના પામવાના રસ્તા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ૧૪૩ (શ્લોક પૂરો) થયો. ૧૪૪.

## શ્લોક–૧૪૪

(स्वागता)

घोरसंसृतिमहार्णवभास्व-
द्यानपात्रमिदमाह जिनेन्द्रः।
तत्त्वतः परमतत्त्वमजस्रं
भावयाम्यहमतो जितमोहः।।१४४।।

**[શ્લોકાર્થ :-] ઘોર સંસારમહાર્ણવનું આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેંદ્રદેવે કહ્યું છે; તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (-પારમાર્થિક રીતે) ભાવું છું. ૧૪૪.**

## શ્લોક–૧૪૪ ઉપર પ્રવચન

घोरसंसृतिमहार्णवभास्व-
द्यानपात्रमिदमाह जिनेन्द्रः।
तत्त्वतः परमतत्त्वमजस्रं
भावयाम्यहमतो जितमोहः।।१४४।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્લોકાર્થ :– આહાહા..! **'ઘોર સંસારમહાર્ણવ...'** મોટો દરિયો ચાર ગતિમાં રખડવાનો સંસાર મિથ્યાત્વભાવ. આહાહા..! નરક ને નિગોદ, કીડા ને કાગડા, કૂતરા ને કુંજર, હાથી એવા ભવો મહાસંસાર. ઘોર સંસાર. મહાર્ણવ. મોટો દરિયો છે કહે છે. આહાહા..! એનું **'આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે...'** ચૈતન્ય ભગવાન આનંદનો નાથ, એ પરમ ઘોર સંસારને તરવા માટે નાવ સમાન છે. એ આત્મા નાવડી છે. એ બહારના સંયોગો તો દુઃખદાયકનું નિમિત્ત છે અને અંતરના સંકલ્પ, વિકલ્પો એ તો દુઃખની મૂર્તિ છે. આહાહા..! સંકલ્પ ને વિકલ્પ, આ કરું ને તે કરું, એ બધી દુઃખની ખાણ છે. એકલી દુઃખની ખાણ છે. એવો મહા સમુદ્ર સંસાર, એને તરવા માટે **'આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે...'** એ શોભિતી નાવ છે. શણગારેલી નાવ છે. કોણ? આત્મા. અનંત જ્ઞાન ને આનંદનો નાથ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણ સુખથી ભરેલો આત્મા છે. એ આત્મા સંસારના ઘોર સંસારના ભવથી તરવા માટે નાવડી આત્મા છે. આહાહા..!

**'નાવ તરે રે મારી નાવ તરે...'** એવું શ્વેતાંબરમાં આવે છે. એ વાત સાચી નથી પણ... એક 'અયવંતો' રાજકુમાર હતો. નાની ઉંમરમાં દીક્ષા લીધેલી. શ્વેતાંબરમાં 'ભગવતી' માં આવે છે. વાત બધી ખોટી છે પણ એ વાત એવી આવે છે. સાર કાઢવો છે. એ 'અયવંતો' રાજકુમાર હતા. પછી નાની ઉંમરમાં દીક્ષા લીધી. ઘણી નાનીં ઉંમર. એમાં મુનિઓ સાથે જંગલ–દિશાએ બહાર જાય છે. વળતા વળે છે ત્યાં વરસાદ બહુ આવ્યો. વરસાદ સમજ્યા? વરસાદ સમજતા નથી? બારીશ કહો કે વરસાદ કહો. એટલો શબ્દ (છે). પાણી બહુ પડ્યું. એમાં નાનું બાળક. રાજકુમાર અને દીક્ષા થઈ ગયેલી. પેલો પાણીનો પ્રવાહ ચાલે ને? બહુ વરસાદ એટલે. પોતે આમ બેસી ગયા. બેસીને આમ પ્રવાહ ચાલ્યો એમાં ધૂળની પાળ બાંધી. માટીની પાળ બાંધી. અને પાતરું હાથમાં હતું. શ્વેતાંબર તો એમ માને ને? પાતરું.

મુમુક્ષુ :– પાતરું તો પહેલેથી સિદ્ધ કરી દીધું.

ઉત્તર :– બધું સિદ્ધ કરવું છે. એક કાંકરે બધા... બધી વાત ખોટી. ઇ પાતરું એમાં મૂક્યું. **'નાવ તરે રે મોરી નાવ તરે... એમ મુનિવર જળ શું ખેલ કરે..'** એની સજ્ઝાય બધી વાંચેલી. આ તો દુકાન ઉપર વાંચેલી. (સંવત) ૧૯૬૪-૬૫. ચાર સજ્ઝાયમાળા છે ને? એ તો તે દિ' વાંચેલી. ઓલા બીજા સાધુ જોયું તો કહે, અરર..! આ શું? પાણીમાં... 'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ શું ખેલ કરે, મોહનીય કર્મના રે એ ચાળા, મુનિવર દોહે ના નરિયા રે બાવા..' એક હસ્તિમુક્તકુમાર અને એક ગજસુકુમાર. બેય નાના હતા ને? એની એક મોટી સજ્ઝાય છે. આ તો બધી દુકાન ઉપર વાંચેલી. દીક્ષા પહેલા, હોં! ૧૯૬૪ની સાલ. ધંધો નિવૃત્તિનો, ઘરની દુકાન હતી. ખૂબ વાંચેલું.

અહીં એમ કહે છે,.. ઇ તો પાતરું ને પાણી ને સાધુ.. ઇ બધી વાત ખોટી છે. સમજાણું? પણ આ નાવ. આહાહા..! મારો ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ. 'નાવ તરે રે મોરી નાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તરે, એમ નિજ આનંદમાં આતમ ખેલ કરે..' નિજ, કહ્યું ને? જુઓને! મારો તરતો આત્મા એ સંસારના સમુદ્રથી નાવ સમાન તરતો છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી એમ પોતાના નિજાનંદસ્વરૂપ ભગવાનને સંસારના દરિયાથી તરતું નાવ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? રાજકુમાર. ગજસુકુમાર થયા ને? શ્રીકૃષ્ણના ભાઈ. એ નાની ઉંમરમાં.. પરણ્યા નહોતા ને દીક્ષા લીધી. એને પણ એકદમ વૈરાગ્ય થઈને સંસારમાં ધ્યાનમાં હતા ને એના સાસરાએ નહીં. આપણે ફોટો છે ને? ગજસુકુમારનો. ઇ બેની વાત આવે છે. બે મુનિવર નામ લીયા બાળા. એક તો મુનિને પાત્ર ન હોય. અને મુનિ બાળક હોય તોપણ એને આવા મોહના ચાળા હોય નહિ. એય..! આહા..! આવી વાતું લડાવી છે એમાં. 'ભગવતી સૂત્ર'માં. 'રાણપુર'માં આ વાત કોઈ આવી હતી. પેલા ભાઈ હતાને? શું કહેવાય? 'રાણપુર'માં છાપાવાળા. ગુજરી ગયા, નહિ? 'અમૃતલાલભાઈ'. ઇ ત્યાં વ્યાખ્યાનમાં આવેલા. ત્યાં હતું ને? એનું સ્થાન હતું ને, 'રાણપુર'. બહાર છાપામાં હતું. અમે એના ઘરે ગયા હતા. તે દિ' વ્યાખ્યાનમાં આવેલા અને આ વાત આવતી હતી. આ આવી હતી તે દિ.' ૧૯૮૪ની વાત છે. ૧૯૮૪નું ચોમાસુ હતું ને? 'રાણપુર'. બિચારાએ કોઈ દિ' સાંભળેલી નહિ એટલે આહા..! શું કહે છે આ? કારણ કે એને વૈરાગ્ય... બધા આવ્યા હતા. પજોસણમાં તો આવે ને. જુઓ! આમ છે. આત્મા રાગથી ભિન્ન અને પરથી ભિન્ન, એને ભાન કર્યા વિના નાવ તરશે નહિ, કીધું. બૂડશે. આ બહારની શોભા ને આ પૈસા મળ્યા ને ઢીકણા મળ્યા ને આબરૂ વધી. પૂછડા વધ્યા. રખડવાના છે. એય..! 'મલૂકચંદભાઈ' તે દિ' હતા કે નહિ? ૧૯૮૪. પેલાનો અપાસરો, કેવો?

મુમુક્ષુ :– અમૃતલાલ..

ઉત્તર :– હા ઇ. ઓલો અપાસરો છે ને? ન્યાં મેડી ઉપર વાંચ્યું હતું ને. તપસીનો અપાસરો. ૧૯૮૪માં. આ હતા ને. 'મનસુખ-બનસુખ' બધાએ પોષા કર્યા હતા. તે દિ'. ખબર છે? આ 'મનસુખ' તે દિ' નાનો હતો. ૧૯૮૪. ૧૬+૨૭, કેટલા થયા? ૪૩ વર્ષ પહેલાની વાત છે. એણે પોષો કર્યો હતો. 'પૂનમભાઈ'! તમારા બાપે ને એ બધાએ પોષા કર્યા હતા.

મુમુક્ષુ :– બજારમાં એ નહિ ખપતી હોય.

ઉત્તર :– વાત સાચી છે. હવે આ બીજો માલ આવ્યો. આ તો કસ્તૂરી વેંચાણી હવે. એ તો બધા ખડના પોટલા હતા. આહાહા..!

જુઓને! મુનિરાજે કેવી રીતે (વાત કરી છે)! અરેરે..! ઘોર મહાર્ણવ સંસાર. ચોરાશીના અવતારના કારણો વિકારભાવ, મિથ્યાત્વભાવ, પુણ્ય-પાપ ભાવ એવો મહાસંસાર ઘોર. એમાં દેદીપ્યમાન મારું નાવડું રંગીત છે, શોભિતું નાવડું છે, કહે છે. એમ કહ્યું ને? ભાઈ! **'भास्व'**, **'भास्व'**, **'भास्व'** એટલે શોભિત. સમજાણું કાંઈ?

એક દાખલો આપતા. એક હતો આંધળો. એના બાપ મરી ગયેલા. અને એના બાપને નાવડાનો ધંધો. નાવડું ભાંગી ગયેલું, ફૂટલું. એમાં કોઈ પુણ્યનો દાડો હશે. નર્મદાની નદીમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓલે કાંઠે જાવું હતું. હવે આ કહે કે મારી પાસે કાંઈ સાધન નહિ, હું આંધળો. ફૂટલું નાવડું હતું. કાગળે શણગાર્યું. કાગળ.. કાગળ. ચોડી.. શું કીધું? કાગળ નથી સમજતા? લાલ ચીતરામણવાળા કાગળ (લગાવ્યા). ફૂટલી નાવ. નાવ ફૂટલી. કાણા પડેલા. ખર્ચ કરે તો હજાર રૂપિયા જોવે. શોભિત નાવ. પછી નદીના આ કાંઠેથી ઓલે કાંઠે જાવું. માણસને ત્રણ રૂપિયા, ચાર રૂપિયા આ કાંઠેથી ઓલે કાંઠે લઈ જવાના. આ નાવવાળો કહે, મારે તો એક રૂપિયો લેવો છે. આખું ખોચોખીચ ભરાણું. ચાલ્યું વહાણ. ચાલતા જ્યાં પાણી ભરાણું એટલે કાગળ પલળ્યા. અંદર અધવચમાં પાણી આવ્યા. એ.. આ શું થયું? ભાઈ! તમને ખબર નથી? ચાર રૂપિયાનો એક રૂપિયો (લીધો તો) તમે છેતરાણા કે હું છેતરાણો? .. બતાવ્યું. ઓલા ચાર રૂપિયા લે તો મેં એક રૂપિયો લીધો તો કાંઈક કારણ હશે એમ તમને વિચાર ન આવ્યો? ચશ્મા ચડાવ્યા હતા. લીલા. એટલે દેખે નહિ બીજા. જુઓ! હું તો આંધળો છું. તમે પણ આંધળા?

એમ આ મોક્ષના માર્ગની સહેલી વાતું આંધળાએ કરી નાખી છે બધી. સમજાણું કાંઈ? દયા પાળો ને વ્રત પાળો ને તપ કરો.. મોક્ષ થશે. આંધળાઓએ આવો સહેલો માર્ગ કર્યો. અને ઓલા ભાન વિનાના બેઠા એમાં. સમજાણું કાંઈ? ‘જેઠાભાઈ’! એ અમારે ‘હીરાજીમહારાજ’ દાખલો આપતા. ગુરુ આપતા. એમની ક્રિયા તો બહુ આકરી હતી ને. આહા..! સસ્તો ધર્મ. અપવાસ કરો, આ કરો, અઠ્ઠમ કરો, આ શું કહેવાય તમારે? સોળ ભથ્થું કરો.. સોળ ભથ્થું નહિ? માસખમણ મહિનાના. શ્રાવણ સુદ પૂનમથી આપણે દિગંબરમાં. ષોડશ કારણ ભાવના, એના અપવાસ. જાઓ તમારું કલ્યાણ. ધૂળેય નથી, સાંભળને! મરી જાને કલ્યાણ કરીને. એ તો રાગની ક્રિયા છે. સોંઘું બતાવ્યું આંધળાએ. એય..! ‘મૂળચંદભાઈ’! નાવ ફૂટલી શણગારેલી. આ સાચી શણગારેલી. આહાહા..!

**‘દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે;...’** આહાહા..! ત્રણલોકના નાથ જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર, જેના સો ઇન્દ્રો તળિયા ચાટે, એવા ભગવાન ત્રિલોકનાથે એમ કહ્યું કે સંસારમાં તરવાનો નાવ, એ તારો પરમ આનંદનો ધામ આત્મા છે. એની દૃષ્ટિ અને અનુભવ કર, એ તરવાનો ઉપાય છે. બાકી આ ક્રિયાકાંડ ને રાગાદિ એ કોઈ તરવાનો ઉપાય છે નહિ. આહાહા..! આકરું તો લાગે ભઈ માણસને, હોં! ઘણા વર્ષથી સેવતા હોય. માન મળ્યું હોય મોઢા આગળ પડીને, લ્યો. આ અમારા ઘરમાં ડાહ્યા છે. નીકળે ગાંડા. એય..! ‘પોપટભાઈ’! આહાહા..!

અરે..! ઘોર સંસારને તરવાને માટે આ દેદીપ્યમાન આત્મા, એનું દેદીપ્યમાન નાવ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની નાવ આત્મા, એનો જેણે અંદર અનુભવ કર્યો, એ આત્મા પોતે સંસારને તરવાની નાવ છે. બીજી કોઈ ક્રિયાકાંડ આદિ સંસારને તરવાની નાવ છે નહિ. અરે..! **‘તેથી હું...’** જિનેન્દ્રદેવે એમ કહ્યું. પરમાત્મા ત્રિલોકનાથે ઇન્દ્રોની ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે) ભાવું છું.'** આહાહા..! એવું પરમ તત્ત્વ. મોહને જીતી, મિથ્યાભ્રાંતિને ટાળી, મારો ભગવાન આનંદનો ધામ એના ઉપર મારી દૃષ્ટિ અને એનો સ્વીકાર, એ પરમ સત્યનો સ્વીકાર (છે). એવા જીવને **'નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે)...'** વિકલ્પ અને ચિંતાથી નહિ. આહાહા..! અંતરના ભગવાનઆત્મામાં એકાગ્ર થઈને ભાવું છું. એની ભાવનામાં એકાગ્ર છું. એ મારે મોક્ષનો ઉપાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૧૭, શ્લોક-૧૪૪ થી ૧૪૯, મંગળવાર, પોષ સુદ ૭, તા.૨૫-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર' ૧૦૬ ગાથાનો કળશ છે. ૧૪૪મો કળશ.

**घोरसंसृतिमहार्णवभास्व-**
**द्यानपात्रमिदमाह जिनेन्द्रः ।**
**तत्त्वतः परमतत्त्वमजस्रं**
**भावयाम्यहमतो जितमोहः ।।१४४।।**

મુનિ કહે છે, કે **'ઘોર સંસારમહાર્ણવ...'** સંસાર ચૌરાશીલાખ અવતાર ઘોર મહાસંસાર છે. એકેન્દ્રિયમાં, બેઈન્દ્રિયમાં, ત્રણેન્દ્રિયમાં નિગોદમાં એ મહાભવ ઘોર સંસાર છે. એવા **'ઘોર સંસારમહાર્ણવ...'** એટલે દરિયો. એનું **'આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે...'** નાવ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય, આનંદ રાગ અને પુણ્યને પાપના રાગથી ભિન્ન એવું આત્મતત્ત્વ, એ **'સંસારમહાર્ણવ આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે...'** એ નાવથી સંસાર સમુદ્ર તરે છે. પરમતત્ત્વ જે આનંદસ્વરૂપ, એમાં એકાગ્ર થઈને... આહાહા..!

શુભ અને અશુભાવ, પુણ્ય અને પાપના ભાવ પણ બેય બંધનું કારણ છે. એને છોડીને જે પોતાના સ્વરૂપમાં **'(પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે;...'** હવે તો આ ચારેકોર આવ્યું હતું. આજે કાગળ આવ્યો છે. કોનો કાગળ છે? વૈષ્ણવનો એક અન્યમતિનો કાગળ છે ને? કાગળ છે ને? 'પીઠડીયા'નો? રહે છે 'પીઠડીયા'? છે છોકરો પણ આ આપણા 'રાજકોટ'વાળા 'શાંતિભાઈ' છે ને? એમને કાંઈક સંબંધ હશે તો પત્ર લખ્યો હશે. પણ છે અન્યમતિવાળા. વાંચીને તો બહુ ખુશી થયો. ઓહોહો..! આવી વાત! આત્મા અંદરમાં ચૈતન્યમૂર્તિ, એનું અવલંબન લેવું અને એમાંથી આગળ વધાય. એમ બહુ સરસ લખ્યું છે. પત્ર આવ્યો છે.

અહીં કહે છે, કે આ સંસાર, ઘોર સંસાર ચોરાશીના અવતાર, મનુષ્યના અવતારો કે દેવના અવતારો પણ ત્યાંથી નરક અને નિગોદના અવતાર થાય. આહાહા..! એને તરવાનું પરમ તત્ત્વ, ચૈતન્યતત્ત્વ, **'દેદીપ્યમાન નાવ છે.'** ચૈતન્યચમત્કાર ચૈતન્યથી ભરેલો ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! ચૈતન્ય અને આનંદથી ભરેલો આત્મા છે. પૂર્ણધ્રુવ સ્વભાવ છે. એનું અનંત આનંદ, અખંડ જ્ઞાન અને અખંડ વીર્યથી ભરેલું એ તત્ત્વ છે. પણ એને કેમ બેસે? પર્યાયમાં ભળાય નહિ, પર્યાય અંદરમાં જાય નહિ અને એને આ માનવું. આહાહા..!

અંતર ચીજ છે ને? વસ્તુ છે ને? આત્મા તત્ત્વ છે કે નહિ? તો છે તો એમાં કોઈ સ્વભાવ છે કે નહિ? તો એનો સ્વભાવ અનંતઆનંદ અને અનંતજ્ઞાનાદિ સ્વભાવ છે. દરેક આત્મામાં એવો અંદર સ્વભાવ છે. એ પરમતત્ત્વને, સંસારના મૂળને **'દેદીપ્યમાન નાવ છે...'** તરવા માટે નાવ. નાવથી જેમ દરિયો તરી જાય છે, એમ આનાથી દરિયો તરે છે. **'એમ જિનેન્દ્રદેવે કહ્યું છે;...'** છે? આહાહા..! કોઈ વ્યવહારથી તરે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ધર્મથી તરે છે. એક કલાક ભગવાનની ભક્તિ, પૂજા કરે એટલે જાણે થઈ ગયો ધર્મ. ઓલા એક કલાક સામાયિક કરે, થઈ ગયો ધર્મ. હવે પછી ૨૩ કલાક પાપ. ધર્મ ક્યાં હતો હજી? એમાં તો શુભભાવના ઠેકાણા નથી.

અહીં તો કહે છે, **'એમ જિનેન્દ્રદેવે કહ્યું છે;...'** સંસાર ઘોર સંસાર... આહાહા..! ક્યાં નિગોદના જીવ અને ક્યાં એકેન્દ્રિય અને કીડી, મકોડાના જીવ. આહાહા..! ત્યાં હતો અને ત્યાં રહ્યો છે. એવો ઘોર મહા સંસાર, એને તરવાનો ઉપાય, દેદીપ્યમાન એક નાવ આત્મા છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ, એનું ભાન થયે સંસારનો અંત અને છેડો આવે છે. એ સિવાય કોઈ ક્રિયાકાંડથી છેડો આવતો નથી.

**'તેથી હું મોહને જીતીને...'** મુનિરાજ પોતે કહે છે. **'તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને...'** આહાહા..! પર તરફના સાવધાનીના ભાવને છોડીને, સ્વતત્ત્વની સાવધાનીના ભાવને ગ્રહણ કરીને, **'નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (પારમાર્થિક રીતે) ભાવું છું.'** લ્યો. આવી ભાષા. આમાં બહારનું કરવાનું શું? બહારનું કરવાનું હોય તો ઠીક. આ કરવું, મૂકવું, દીધું, લીધું. કરે શું? બહારમાં શું કરે? અંદરમાં હજી અજ્ઞાન, મિથ્યાત્વભાવ છે. રાગ છે એ મારો છે, પરનું કરી શકું છું, પરથી મારામાં બગાડ, સુધાર થાય છે. મારાથી પરમાં બગાડ-સુધાર થાય છે. એ બધી માન્યતા ભ્રમ છે, અજ્ઞાન છે. પરને બચાવી શકું છું, પરને મદદ કરી શકું છું, પર મને મદદ કરી શકે છે. એ બધી ભ્રમણા મિથ્યાત્વ છે. આહાહા..!

એ મિથ્યાત્વને તજીને. જીતીને કહ્યું ને? **'નિરંતર પરમ તત્ત્વને...'** નિરંતર જે પરમતત્ત્વ ભગવાન આત્મા અંદર તેને **'તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે) ભાવું છું.'** પરમ તત્ત્વને તત્ત્વતઃ પરમાર્થે ભાવું છું. આહાહા..! એકલું એમ કહે જાણપણું આવું છે એમ રાખીને નહિ, હું તો પરમાર્થે તત્ત્વતઃ તત્ત્વથી જાણું છું, અંદરમાં અનુભવથી જાણું છું. આહાહા..! આ મુનિની દશા હોય. સમ્યગ્દર્શન પહેલા હોય. આહાહા..! શુદ્ધોપયોગ હોય ત્યારે તો એને મુનિપણું કહેવાય. અહીં તો શુદ્ધોપયોગ ના પાડે છે કે અત્યારે હોય નહિ.

મુમુક્ષુ :– એને નથી એટલે ના જ પાડે ને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂ. ગુરુદેવશ્રી :– એને નથી પણ સમાજમાં ના પાડે. પાછા ભરતક્ષેત્રમાં બધા સાધુ શુભભાવવાળા જ છે. કોઈને એમ કે શુભ આગળ વધી શકે એવું છે જ નહિ એમ.

અહીં તો કહે છે, કે હું તો મિથ્યાત્વને **'જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે) ભાવું છું.'** આ કરવાનું છે. અંદર સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ અને શાંતિનો સાગર, તેવા તત્ત્વની અંદરમાં ભાવના કરવી, એકાગ્રતા કરવી, એ સંસાર સમુદ્રના પારનો ઉપાય છે. આહાહા..! ઓલા આમાં નવરા ક્યારે થાય? ૧૪૪મો કળશ થયો.

## શ્લોક–૧૪૫

(मंदाक्रांता)

प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः
भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्टबुद्धेः।
नास्त्यन्येषामपरसमये योगिनामास्पदानां
भूयो भूयो भवति भविना संसृतिर्घोररूपा।।१४५।।

**[શ્લોકાર્થ :-] ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (-લીન, એકાગ્ર) છે એવા શુદ્ધચારિત્રમૂર્તિને સતત પ્રત્યાખ્યાન છે. પરસમયમાં (-અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી; તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ (-પરિભ્રમણ) થાય છે. ૧૪૫.**

## શ્લોક–૧૪૫ ઉપર પ્રવચન

૧૪૫મો કળશ.

(मंदाक्रांता)

प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः
भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्टबुद्धेः।
नास्त्यन्येषामपरसमये योगिनामास्पदानां
भूयो भूयो भवति भविना संसृतिर्घोररूपा।।१४५।।

**'ભ્રાંતિના નાશથી...'** આ પહેલો બોલ એ મૂક્યો છે. ભ્રાંતિ એટલે અંદર શરીરથી હું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કામ કરી શકું, વાણીથી હું કરી શકું, પુણ્ય અને પાપભાવ એ મારા છે, એ માન્યતા બધી ભ્રાંતિ, ભ્રાંતિ એટલે મિથ્યાત્વ છે. આહાહા..! 'મુંબઈ' મોહનગરીમાં તો આવા મોટા ધંધા ચાલે, બહારથી ધંધા ચાલે. ધમાલ... ધમાલ... ધમાલ... હવે એને આ... આહાહા..!

અહીં તો કહે **'ભ્રાંતિના નાશથી...'** હું તો ભગવાન શુદ્ધ ચૈતન્ય છું અને રાગાદિ મારી ચીજ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે. એ હું નથી તો વળી બીજું હું નથી એ ક્યાંથી આવ્યું? આહાહા..! આ તો મારો ધંધો, મારો ધંધો મને ધીકતો. શું કહેવાય? ધીકતો ધંધો ચાલે છે. એવું વાણિયા બોલે. હમણા ધંધો ધીકતો ચાલે છે, ધોધમાર ચાલે છે, પેદાશ સારી ચાલે છે. 'ચીમનભાઈ'! ઘણા લોકો પૈસાવાળા હોય એને બે-પાંચ લાખ ભેગા થયા હોય, તો મહિને ૨૫-૨૫ હજારની ધોધમાર પેદાશ હોય. ઓહો..! આ તો સાધારણ વાત કરું છું, હોં! દિવસની દસ-દસ હજાર, પંદર-પંદર હજારની પેદાશવાળા વાણિયા છે અત્યારે. દિવસના દસ હજાર અને પંદર હજારની પેદાશ. અત્યારે એવો વેપાર 'મુંબઈ'માં છે. ફાટે પણ મગજમાં ફાટ પડી જાય. આહાહા..! આ રળીએ છીએ, આ પૈસા... આહાહા..!

**'ભ્રાંતિના નાશથી...'** એ ભ્રમણા છોડી દે. એ ચૈતન્યસ્વરૂપ તો કોઈનું નથી અને કોઈ તારું નથી. આ દયા, દાનનો રાગ જે વિકલ્પ ઊઠે એ પણ તારો નથી અને તું એ વિકલ્પનો નથી. એમ **'ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત...'** આહાહા..! જેને ભ્રાંતિનો નાશ અને મિથ્યાત્વનો નાશ થાય, એની બુદ્ધિમાં સ્વભાવિક પરમાનંદ આવે. સ્વભાવિક પરમાનંદ જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ આવે. આહાહા..! કેમ કે આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદ, હોં! આ ઈન્દ્રિયોના આનંદ એ તો ઝેર છે. એ ઝેરના પ્યાલા, વિષયના પ્રેમ. આ તો આત્મામાં અંદર અતીન્દ્રિય આનંદ ભર્યો છે.

**'ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત...'** આહાહા..! જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે! મિથ્યાત્વના નાશથી **'જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (-લીન, એકાગ્ર) છે...'** સહજ-પરમાનંદયુક્ત ચેતન. ચેતન આત્મા કેવો છે? કે સહજ સ્વભાવિક પરમાનંદયુક્ત છે. આહાહા..! એ તો સુખનો સાગર છે, સુખનો દરિયો છે. અને પુણ્ય ને પાપના ભાવ એ તો દુઃખનો દરિયો છે. દુઃખ છે દુઃખ. આ કેમ બેસે? જુવાન શરીર હોય એમાં બે-ચાર-પાંચ-દસ કરોડ રૂપિયા થઈ જાય વળી. પૈસા ઉડાડે... આહાહા..! મહિને દસ-દસ લાખની પેદાશ થાય. એને આ બેસે શી રીતે? રખડવાના રસ્તા.

**'ભ્રાંતિના નાશથી...'** પ્રભુ! મિથ્યાત્વના નાશથી **'જેની બુદ્ધિ...'** એટલે જ્ઞાન. **'સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (-લીન, એકાગ્ર) છે...'** આહાહા..! **'સહજ-પરમાનંદયુક્ત ચેતન...'** એવો આત્મા એમાં ભ્રાંતિના નાશથી તેમાં લીન થાય, એકાગ્રતા છે. આહાહા..! ટૂંકા શબ્દો પણ ભાવ ઘણા ઊંચા. નવા માણસને લાગે કે આ શું? પણ શું કરવું આમાં?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કરવાનું... કરવાનું... કરવાનું... આ અંદર ઠરવાનું. અંદર તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન આનંદથી ભર્યો છે ત્યાં જઈને ઠરવાનું એ એક કરવાનું છે. બાકી બધા મીંડા છે. આહાહા..!

**'સહજ-પરમાનંદયુક્ત ચેતન...'** આહાહા..! સ્વભાવિક પરમાનંદ અંતર એના સહિત ચૈતન્ય, એકલો ચેતન નહિ. એ પરમાનંદયુક્ત–સહિત ચેતનમાં જેની એકાગ્રતા છે **'એવા શુદ્ધચારિત્રમૂર્તિને....'** હવે ચારિત્ર લીધું. **'એવા શુદ્ધચારિત્રમૂર્તિને...'** સ્વરૂપમાં રમણતા. અતીન્દ્રિય આનંદમાં રમણતા. ચારિત્રમૂર્તિને **'સતત પ્રત્યાખ્યાન છે.'** એને નિરંતર પચ્ચખાણ છે. એના પચ્ચખાણનું સ્વરૂપ આ છે. આહાહા..! હાથ જોડીને બેસે પચ્ચખાણ આપું, ઢીકણું આપું. એ ક્યાં પચ્ચખાણ હતા? આહાહા..!

**'સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠ (–લીન, એકાગ્ર) છે એવા શુદ્ધચારિત્રમૂર્તિને સતત પ્રત્યાખ્યાન છે.'** આહાહા..! એને પચ્ચખાણ છે. બાકી બધાને મિથ્યાત્વસહિત અપ્રત્યાખ્યાન છે. આહાહા..! **'પરસમયમાં (–અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે...'** જિનેન્દ્ર ત્રણલોકનો નાથ, એની જે વાણી અને એનો માર્ગ, એમાં જે નથી અને અન્યમાં જે છે. જિનેન્દ્ર સિવાય બીજા માર્ગમાં જે છે **'એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...'** આહાહા..! વીતરાગમાર્ગ સિવાય એ પણ દિગંબરસંતોએ કહ્યો એ વીતરાગમાર્ગ. એ વીતરાગ કહ્યો એ આ માર્ગ. એ સિવાય અન્યમતના. એ સિવાય બધા અન્યમત છે. આકરું કામ છે. ૩૬૩ પાખંડ અન્યમત છે, શ્વેતાંબર અને સ્થાનકવાસી પણ અન્યમત છે. એ જૈનમત નથી. આહાહા..! આકરું પડે શું થાય? લોકોને બિચારાને ખબર નથી. જ્યાં જન્મ્યા ત્યાં ને ત્યાં પોતાનું માને. 'જેસી કુળે સમુપ્પન્ને' જે કુળમાં ઊપજ્યો અને જેનો સંગ રહ્યો એ માન્યું. તત્ત્વની તો ખબર ન મળે કે તત્ત્વ શું છે? આહાહા..!

અન્ય વીતરાગ સિવાય જેટલા અન્યમાર્ગના સ્થાન છે, **'એવા યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...'** આહાહા..! એમાં શ્વેતાંબર પણ આવ્યા, હોં! તમે સ્થાનકવાસી પણ આવ્યા. સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં પ્રત્યાખ્યાન હોતું નથી એમ કહે છે. એના સાધુને પચ્ચખાણ હોતા નથી. પચ્ચખાણ એ સાધુ નથી. એ તો અજ્ઞાની સાધુ છે.

મુમુક્ષુ :– એના શાસ્ત્રોમાં બીજી રીતે કીધું હોય.

પૂ. ગુરુદેવશ્રી :– એના શાસ્ત્રોમાં લખ્યું એ શાસ્ત્ર જ કલ્પિત છે. એ બધા શાસ્ત્રો કલ્પિત બનાવ્યા.

મુમુક્ષુ :– કોઈ આચાર્યના લખેલા નથી.

પૂ. ગુરુદેવશ્રી :– આચાર્યના પણ એ મિથ્યાદૃષ્ટિ આચાર્યના.

મુમુક્ષુ :– એમાં પહેલું કહ્યું સાધુને આહાર આપે તો...

પૂ. ગુરુદેવશ્રી :– હા. પરિત થઈ જાય. મિથ્યાદૃષ્ટિ થયા પછી... બહુ ઝીણી વાત છે, ભાઈ! બહુ લાંબુ કરવા જઈએ તો.. આહાહા..! એક દર્શનસાર પુસ્તક છે ને? એમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો એવું લખ્યું છે કે એનો જે કાઢનાર છે એ તો નરકમાં ગયો છે. અનંતાનુબંધી સેવીને. દર્શનસાર પુસ્તક છે. દેવસેન આચાર્યનું. ઝીણી વાત છે, ભાઈ! અહીં પક્ષ-બક્ષની વાતું નથી. અહીં તો વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ શું કહે છે એની વાત છે. આકરી વાત તો લાગે પણ શું થાય બીજું? બાપુ! એ એના હીતની વાત છે, ભાઈ! આહાહા..!

જેમાં સાધુપણું નથી, પ્રત્યાખ્યાન નથી એને પ્રત્યાખ્યાન માનવું એ તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વને લઈને અનંત અનંત ગર્ભાશયમાં જવું પડશે. આહાહા..! ત્યાં કોઈ શિફારશ નહિ કામ આવે. ભાઈ! અમને ઘણા માનતા હતા. આહાહા..! છે સ્થાન? પરસમય એટલે અન્યદર્શન. જૈનદર્શન સિવાય બધા પરસમય. એ જૈનદર્શન એટલે દિગંબરદર્શન. એ જૈનદર્શન છે. એ સિવાય **'જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓ...'** છે. ભલે એ મુનિ નામ ધરાવતા હોય. એને **'પ્રત્યાખ્યાન હોતું નથી;...'** આહાહા..!

જ્યાં દેવ, ગુરુ અને શાસ્ત્રની ભૂલ છે. આકરું લાગે. શું થાય? બાપુ! એનું પણ કલ્યાણ થાવ. ભૂલ ટાળીને કલ્યાણ થાવ. એ પરમાત્મા છે. પણ વસ્તુસ્થિતિ તો આ છે. કોઈ ચારગતિમાં રખડો એવો ભાવ ધર્મીને હોય? બધા ભગવાન છે અને ભગવાન થાવ. પણ આ રીતે થાવ. બીજી રીતે ન થવાય એમ. આહાહા..! જે-તે સંપ્રદાયમાં જન્મી અને જે-તે ક્રિયાકાંડ કરે અને એનાથી ધર્મ થાય, એમ નથી. આ મુનિરાજે ચોખ્ખું કરી નાખ્યું. આહાહા..!

**'પરસમયમાં (–અન્ય, દર્શનમાં) જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...'** આહાહા..! આકરું લાગે. કોઈને એમ લાગે, કે આ તો દિગંબરનો એક પક્ષ છે. પક્ષ નથી. દિગંબરનો ધર્મ એ જૈનધર્મ સનાતનસત્ય વસ્તુનો ધર્મ છે. સનાતનવસ્તુની આ વાત છે. આહાહા..! એની તકરારું, ઝઘડા... આહાહા..! **'પરસમયમાં (–અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે...'** પરમાં એટલે જૈનદર્શન સિવાય. જૈનદર્શન એક આ. દિગંબરદર્શન 'કુંદકુંદાચાર્યે' જે કહ્યું તે. એ સિવાયના જેટલા માર્ગ છે એ બધા પ્રત્યાખ્યાન વિનાના છે. એ સાધુ પણ અપચ્ચખાણી છે. ભલે મહાવ્રતને લઈને પડ્યો હોય અને બોલે મહાવ્રતાદિ, પણ મૂળ મિથ્યાત્વ છે એટલે એને સમકિત નથી અને પ્રત્યાખ્યાન પણ નથી. 'દેવીલાલજી'! આવું બધું કરતા. પહેલા એમાં હતા.

મુમુક્ષુ :– આપની કૃપાથી ઉદ્ધાર થઈ ગયો

પૂ. ગુરુદેવશ્રી :– પહેલા અમે પણ ત્યાં હતા કે નહિ? આહાહા..! હું તો દુકાને બેઠો હોઉં. શું કહેવાય? થડો. બજારમાં આપણા સાધુ નીકળે, ક્યાંકથી વિહાર કરીને આવે. હું તો એકદમ ઊભો થઈ જાવ. ત્યારે દુકાન છોડી દઉં. પ્રભુ! મહારાજ આવ્યા, મહારાજ આવ્યા. ત્યાં અમારે 'પાલેજ'માં આવતા ને? સાધુ ઘણા આવતા. 'મુંબઈ'નો રસ્તો ખરો ને? હું તો દુકાનના થડે બેઠો હોઉં. ત્યાં નીકળ્યા હોય. એમને ઉતારો, આહાર-પાણી બધું હું કરતો. એવી ક્યાં ખબર હતી કે આ બધું ખોટું છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો પરમાત્માના સંતો જગતને જાહેર કરે છે કે એક શુદ્ધ પરમદિગંબર 'નગ્ગે મોખો ભણીયો સેસા ઉમગ્ગા' બાહ્ય અને અભ્યંતર એક નગ્નપણું છે એને મોક્ષમાર્ગ છે. બાકી નગ્નપણા સિવાયના જેટલા માર્ગ છે એ બધા ઉન્માર્ગ છે. અહીં કાંઈ ગુપત-બુપત નથી રાખ્યું કાંઈ. 'ઝાંઝરીજી'! માર્ગ આ છે. એને દિગંબરવાળાનેય ખબર નથી અને હજી કાંઈક ક્રિયાકાંડમાં આ કરે. તકરારું કરે. તકરારું કરે. દેરાસર માટે તકરાર. અને કરે. અર..ર..! તારે જાવું છે ક્યાં? બાપુ! કેટલો કાળ... આહાહા..! તું તો અનાદિ અનંત છો. અનાદિ-અનંત પણ અહીંયાં રહેવાનું કેટલું? ૨૫-૫૦-૬૦-૭૦ વર્ષ. તો જાવું ક્યાં તારે? આહાહા..! અનંત-અનંતકાળ ભવિષ્યમાં ઘોર સંસાર પડ્યો છે, બાપા! આહાહા..! ત્યાં પછી એમ કામ નહિ આવે કે મને ખબર નહોતી.. મને ખબર નહોતી... આહાહા..!

**'એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...'** આહાહા..! **'તે સંસારીઓને...'** તે સંસારી છે. આહાહા..! એ સાધુ નામ ધરાવનારા હોય, કે શ્રાવક નામ ધરાવનારા હોય, **'તે સંસારીઓને ફરી ફરીને ઘોર સંસરણ (–પરિભ્રમણ) થાય છે.'** આહાહા..! આવી વાત છે, બાપુ! વસ્તુસ્થિતિ આ છે. ત્રણલોકનો નાથ આ કહે છે. જિનેન્દ્રદેવના વચનો છે. 'કુંદકુંદાચાર્ય' સીમંધર ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. બે હજાર વર્ષ... ત્યાંથી આવીને ભગવાનનો આ સંદેશ છે, ભગવાનનો હુકમ આ છે. એમ જાહેર કર્યું છે. આહાહા..! જગતને આકરું પડે, શું થાય?

એ દિગંબર જૈનધર્મ જે જૈન સાચો ધર્મ, એનાથી અન્યમાર્ગ જે **'એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...'** ત્યારે છે શું? **'તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ (–પરિભ્રમણ) થાય છે.'** આહાહા..! આકરું પડે શું થાય? ભાઈ! બાપા! આહાહા..! અન્યમતિના બાવાઓને તો ભાન પણ ક્યાં છે? જૈનમાં આવ્યા એને પણ ખબર ન મળે કે સત્ય શું છે? મોક્ષમાર્ગ શું છે? પોતાના સંપ્રદાય તરીકે માન્યું, સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા. સામાયિક, પોષા, પડિક્કમણા છે ક્યાં? બધી રાગની ક્રિયા છે. આહાહા..! એને સામાયિક, પોષા, પડિક્કમણા માન્યા. આહાહા..!

અહીં તો મુનિરાજ પક્ષપાત વિના એકરાર કરે કે **'સંસારીઓને...'** અરે...! જેને મિથ્યાત્વ છે અને જૈનદર્શનની ખબર નથી. એવા જીવને **'ફરીફરીને ઘોર સંસરણ (–પરિભ્રમણ) થાય છે.'** એક ભવમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો એમ ફરી ફરીને ત્યાંને ત્યાં પણ પાછો આવે છે. આ ભવ કરતા કરતા વળી ફરીને ત્યાં આવે. આહાહા..! આવા ભવ કરવાનું એને નસીબમાં છે. આહાહા..! ૧૪૫ શ્લોક થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૪૬

(शिखरिणी)

**महानंदानंदो जगति विदितिः शाश्वतमयः**
**स सिद्धात्मन्युच्चैर्नियतवसतिर्निर्मलगुणे।**
**अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरभिहताः**
**कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः।।१४६।।**

**[શ્લોકાર્થ :-] જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે, તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે. (તો પછી,) અરેરે! આ વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા ક્લેશ પીડિત થઈને તેને (કામને) કેમ ઇચ્છે છે! તેઓ જડબુદ્ધિ છે. ૧૪૬.**

## શ્લોક-૧૪૬ ઉપર પ્રવચન

૧૪૬મો શ્લોક.

**महानंदानंदो जगति विदितिः शाश्वतमयः**
**स सिद्धात्मन्युच्चैर्नियतवसतिर्निर्मलगुणे।**
**अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरभिहताः**
**कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः।।१४६।।**

આહાહા..! **'જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે,...'** આત્મા તો પ્રસિદ્ધ છે. આત્મા વિના જાણ્યું કોણે? કે આ છે અને આ નથી, આ ફલાણું. આહાહા..! એ આત્માને કાઢી નાખ્યો. આ છે... આ છે... આ છે... આ છે... આ છે... એ તો જડ છે એ કાંઈ જાણતા નથી. જાણનારો તો અહીં રહ્યો. આ છે એ જાણનારો જ જાણવારૂપ છે. તે શાશ્વત છે. ધ્રુવ અંદર આત્મા શાશ્વત નિત્ય છે. **'શાશ્વત મહા આનંદાનંદ...'** મહા આનંદાનંદ છે. આહાહા..! **'શાશ્વત મહા આનંદાનંદ...'** છે. આહા..! આત્મા અતીન્દ્રિયનો મહા આનંદાનંદ છે. આહાહા..! વાત એ કે એ તરફની નજર કરી નથી. અને એ તરફની નજર કરવી એ કાંઈ સાધારણ વાત નથી. અનંત પુરુષાર્થ છે. પર્યાયને દ્રવ્ય તરફ વાળવી એ કાંઈ સાધારણ વાત નથી. કરવાનું એ છે અને એ મોટી વાત છે. એને દ્રવ્ય શું અને પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું એ પણ ખબર ન હોય. આહાહા..! દયા, દાનનો રાગ એકકોર પડ્યો રહ્યો. એ વિકાર છે એ નહિ. ફક્ત એની જે જ્ઞાનની પર્યાય છે, એમાં જે પરવિષય છે, તેને સ્વવિષય બનાવવો. આહાહા..! એ કેમ કે મહા આનંદાનંદ છે. અને **'જગતમાં પ્રસિદ્ધ છે,...'** છે ને?

**'જગતમાં પ્રસિદ્ધ છે,...'** આ દુનિયા આત્મા આનંદમય છે એમ પ્રસિદ્ધ છે. આહાહા..! અન્યમતિઓ પણ એમ કહે એ સચ્ચિદાનંદ પ્રભુ છે, આનંદ છે. એ જગતમાં પ્રસિદ્ધ છે. **'શાશ્વત મહા આનંદાનંદ...'** બે શબ્દ વાપર્યા છે જોયું? આનંદાનંદ. આહાહા..! જેના આનંદની પાસે ઇન્દ્રના સુખની પણ તુલના થઈ શકે નહિ. ઇન્દ્રના સુખ પણ ઝેર છે અને આ અતીન્દ્રિય સુખની એ બેની જાત જ વિપરીત જુદી-જુદી છે. આહાહા..! ઇન્દ્રો જેની પાસે ૩૨ લાખ વૈમાન છે. એના ઇન્દ્ર છે. એક-એક વૈમાનમાં અસંખ્ય દેવ છે. મોટો બાદશાહ છે. આ તો સમકિતી છે. અત્યારે છે એ સમકિતી છે અહીં. પણ બીજા કોઈ મિથ્યાત્વી હોય અને અસંખ્ય દેવનો સ્વામી થાય.. આહાહા..!

એ **'શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે,...'** એની ખબર ન હોય. આ બહારમાં બધું રોકાય જાય. આહાહા..! નહિતર તો એને રાંધવું, લાકડા લાવવા, દીવાસળી કે પીડી પીવી એવું કાંઈ છે નહિ ત્યાં દેવને. રોટલા કરવા, રોટલી કરવી, ચૂલા, અગ્નિ, લાકડા, દિવાસળી એ તો કાંઈ લાવવાનું નથી અને દેવાનું નથી. એ બધા કામ તો એને છે નહિ. આહારનો એક હજાર વર્ષે ઓડકાર આવે, તો એને માટે કાંઈ ચૂલા સંઘરવા, માલ સંઘરવા એ કાંઈ ન મળે. એ બધી ઘણી નિવૃત્તિ છે. પણ એ શું નિવૃત્તિ છે? આહાહા..! એ પણ અંદરમાં નિવૃત્તિ નથી દેતા, બહારથી નિવૃત્તિ આટલી હોવા છતાં. આહાહા..! એને નથી પરણવાનું, નથી એને રાંડવાનું, નથી એને... આહાહા..! લૂગડા સીવવા, પછી કોઈ પાસે સીવરાવવા અને પહેરવા. એવું ત્યાં નથી. ત્યાં તો બધું તૈયાર હોય છે. આહાહા..! એ પણ પ્રાણી દુઃખી છે.

આ મહા આનંદાનંદ એવો જે આત્મા, એની જેને ખબર નથી. **'જગતમાં પ્રસિદ્ધ છે,...'** આહાહા..! દુનિયા પણ એમ કહે છે, કે આત્મા તો આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ છે, સચ્ચિદાનંદ છે. એમ દુનિયા વાતું કરે છે. આહાહા..! **'તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં...'** તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં **'અતિશયપણે અને નિયતપણે રહે છે.'** એ ધર્માત્મા ત્યાં રહે છે એમ કહે છે. **'આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે, તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે.'** આહાહા..! એ આત્મા આમાં રહે છે. મહા આનંદાનંદમાં અને સિદ્ધાત્મામાં એ રહે છે. આહાહા..!

**'(તો પછી,) અરેરે!'** ભાષા જુઓ! **'અરેરે! આ વિદ્વાનો પણ...'** વિદ્વાનો નામ ધરાવે અને પાછા રાગની ક્રિયાથી ધર્મ મનાવે એ તો બધી કામની વાત છે. આહાહા..! 'સમયસાર'માં આવે છે, નિશ્ચય વ્યવહાર વિદ્વાન છે. નિશ્ચય ત્યજીને વ્યવહારમાં વર્તે છે. પણ મોક્ષ તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિશ્ચયવાળાનો છે. 'સમયસાર'માં. એ વિદ્વાને શાસ્ત્ર ભણી ભણીને વ્યવહાર કાઢ્યો. જે નિશ્ચય છે એ એમાંથી ન કાઢ્યું. એટલે નિશ્ચય એકકોર પડ્યું રહ્યું અને વ્યવહારમાં વર્તન થઈ ગયું. અને એમાંથી માની બેઠો કે એ સંસાર છે. વ્યવહાર છે એકલો રાગ છે, ક્રિયાકાંડ છે એ સંસાર છે. નિશ્ચય ત્યજી વિદ્વાન વ્યવહારને આચરે છે. આહાહા..! હવે આવું તો ચોખ્ખું લખાણ છે. આકરું કામ.

**'અરેરે! આ વિદ્વાનો પણ...'** એમ કે સાધારણ તો ઠીક. એમ કહે છે. પણ છે ને? સાધારણ માણસ તો ઠીક ન સમજતા હોય, ન વાંચતા હોય, ન જાણપણું હોય. **'વિદ્વાનો પણ...'** આહાહા..! જેને શાસ્ત્રનું જાણપણું છે એવા **'વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા...'** એટલે કે પરની ઇચ્છા અને કામના, એના તરફની ઇચ્છાથી **'તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને...'** આહાહા..! **'તેને (કામને) કેમ ઇચ્છે છે!'** કામની–રાગની ભાવના કેમ કરે છે? આહાહા..! કામમાં સ્ત્રીનો વિષય જ એક નથી. બધા આઠ સ્પર્શ છે. ઠંડું, ગરમ, હલકું એ બધાની ઇચ્છા કરે. ઠંડકવાળું હોય તો ઠીક અને ગરમ હોય તો ઠીક, સુવાળું હોય તો ઠીક, કર્કશ હોય તો ઠીક. એમ આઠ સ્પર્શ. અંદરની કામના એ કામ છે. એવી જેની કામના છે એ આ ક્રિયાને કેમ ઇચ્છે છે? આહાહા..! આવો ભગવાન અંદર અસ્પર્શી! સ્પર્શ વિનાનો અંતર મહા આનંદસ્વરૂપ. એને છોડીને વિદ્વાનો. આ ક્યાંથી કાઢ્યું આવું? એણે વ્યવહાર ક્યાંથી કાઢ્યો?

**'તેને (કામને) ઇચ્છે છે! તેઓ જડબુદ્ધિ છે.'** આહાહા..! એ વિદ્વાન નથી પણ જડબુદ્ધિ છે. આકરું પડે. આહાહા..! વ્યવહારથી કાંઈક થાય.. વ્યવહારથી કાંઈક થાય.. નહિતર એકાંત થશે. એમ એનો પોકાર છે. આ એકાંત જ છે. સ્વરૂપ તરફની દૃષ્ટિ, જ્ઞાન અને આનંદ છે, તેનું વેદન કરવું એ સમ્યક્ એકાંત જ છે. એ વિદ્વાનો અંદર ચરણાનુયોગમાંથી, કરણાનુયોગમાંથી, ગણિતાનુયોગમાંથી વ્યવહાર કાઢે. આ વ્યવહાર આવ્યો અહીંયાં.. આ વ્યવહાર આવ્યો... બધો આવ્યો. સાંભળ. એ બધું જાણવા માટે છે. આહાહા..! આદરવાનું તો એક જ ચૈતન્ય મહાઆનંદનો સાગર, એ જ એક આદરવાલાયક છે. આહાહા..!

એવા જીવો **'ક્લેશપીડિત થઈને તેને (કામને)...'** એટલે રાગને ઇચ્છે છે **'તેઓ જડબુદ્ધિ છે.'** આહાહા..! કામભોગ, ઇચ્છા આવે છે ને? કામ–રાગ. મૂળ તો રાગને ઇચ્છે છે ને? એ કામને જ ઇચ્છે છે. રાગને ઇચ્છે છે એ તો રાગના સાધનને ઇચ્છે છે. આહાહા..! **'તે જડબુદ્ધિ છે.'** લ્યો અહીં તો કીધું એવા વિદ્વાનો પણ જડબુદ્ધિ છે. આહાહા..! જેમાંથી મહા આનંદનો આનંદ એવો સ્વભાવ, એ દૃષ્ટિમાં આવે નહિ અને દૃષ્ટિમાં બધો રાગ, વિકલ્પ અને પુણ્ય તરવરે, અને એને લઈને એને લાભ થાય એમ માને... આહાહા..! આકરું કામ છે. **'તે જડબુદ્ધિ છે.'** આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક-૧૪૭

(मंदाक्रांता)

प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं
सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम्।
तत्त्वं शीघ्रं कुरु त्व मतौ भव्यशार्दूल नित्यं
यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम्।।१४७।।

**[શ્લોકાર્થ :-] જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે; (માટે) હે ભવ્યશાર્દૂલ! (ભવ્યોત્તમ!) તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર - કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે અને મુનિઓના ચારિત્રનું મૂળ છે. ૧૪૭.**

## શ્લોક-૧૪૭ ઉપર પ્રવચન

શ્લોક-૧૪૭.

प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं
सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम्।
तत्त्वं शीघ्रं कुरु त्व मतौ भव्यशार्दूल नित्यं
यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम्।।१४७।।

આહાહા..!

**'જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિરૂપ છે...'** આહાહા..! **'દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ...'** પુણ્ય અને પાપ બે. **'જે દુષ્ટ પુણ્ય-પાપરૂપી વૃક્ષોની ગીચ અટવી...'** ગીચ અટવી. આમ ભર્યું વનસ્પતિ. રસ્તો ન મળે. એ ગીચવસ્તીમાં **'અટવીને બાળવાને અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને...'** આહાહા..! **'એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે;...'** એ સંયમ પ્રત્યાખ્યાનથી થાય છે. આહાહા..!

'શ્રીમદે' કહ્યું ને? દિગંબરના તીવ્ર... વચનોને લીધે રહસ્ય સમજી શકાય છે. વસ્તુની સ્થિતિ આ છે. આકરું લાગે, ન બેસે એથી કરીને કાંઈ સત્ય ફરી જાય? આહાહા..! **'દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવી...'** માણસ નથી કહેતા ગીચ આમ ખીચોખીચ ભરેલી વનસ્પતિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! ક્યાંય પગ મૂકવાનું સ્થાન ન હોય એટલી વનસ્પતિ હોય. જંગલમાં ઘણી વનસ્પતિ હોય છે. 'મુંબઈ' થી 'પૂના' જાય છે ને? ત્યાં નીચે બહુ આવે છે. એટલી ઝાડી.. એટલી ઝાડી... ત્યાં ઝાડ અને વનસ્પતિ... વનસ્પતિ.. વનસ્પતિ... કારણ કે કોઈ જઈ શકે નહિ એટલે વનસ્પતિના ઢગલા થયા. 'મુંબઈ'થી 'પૂના' જતાં રસ્તામાં આવે છે. આહાહા..!

અહીં કહે છે, કે **'જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિપૂર છે એવું પ્રગટ...**' આત્મા પ્રગટ છે, વ્યક્ત જ છે. **'શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને...**' એવા **'શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે;...**' એ પ્રત્યાખ્યાનથી આવું પ્રગટ થાય છે. આહાહા..! એ પ્રત્યાખ્યાન એ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અંદર રમણતા, રાગરહિત અંદર રમણતા, એનું નામ પ્રત્યાખ્યાન છે, એનું નામ પચ્ચખાણ. આહાહા..! **'(માટે) હે ભવ્યશાર્દૂલ!**' આહાહા..! **'હે ભવ્યશાર્દૂલ!**' હે ભવ્યસિંહ. મુનિરાજ કહે છે, જુઓ! હે ભવ્યસિંહ! તારામાં અનંતો પરાક્રમ પડ્યો છે, પ્રભુ! તારામાં અનંતબળ છે. પણ એને જો માન તો ને. એને માન્યા વિના પર્યાયમાં દેખાય નહિ. આહાહા..! અંદર અનંત બળ છે, અનંત શાંતિ છે, અનંત વીતરાગતા છે, અનંત સ્વચ્છતા અને શાંતિથી ભરેલો સમતાનો સાગર છે. આહાહા..!

**'માટે હે..**' આહાહા..! છે? **'ભવ્યશાર્દૂલ! (–ભવ્યોત્તમ)...**' ભવ્યમાં પણ ઉત્તમ. **'તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર—**' જુઓ! એમાં શીઘ્ર આવ્યું પાછું. વાયદો કરીશ નહિ. આહાહા..! હમણા નહિ.. હમણા નહિ.. હમણા છોકરાઓને પરણાવી દઈએ, દીકરીઓને ઠેકાણે કરીએ. મકાન-બકાન કરવાનું છે. પછી. પણ વચમાં મરી જઈશ તો શું? આહાહા..! જુવાન માણસ મરી જાય છે. આહાહા..! **'(–ભવ્યોત્તમ) તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર—**' આ ક્રમબદ્ધમાં આવ્યું કે નહિ? ક્રમબદ્ધમાં આ આવ્યું, જેણે આમ નજર કરી છે એને શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કરે છે. આહાહા..!

**'શીઘ્ર તારી મતિમાં...**' મતિજ્ઞાનમાં **'તત્ત્વને નિત્ય ધારણ કર—**' મતિજ્ઞાનમાં આત્માના તત્ત્વને ધારણ કર. રાગને, પુણ્યને ધારણ કરીને અનાદિથી મરી ગયો. આહાહા..! પુણ્ય અને પાપના પરિણામ કરી અને ધારીને મરી ગયો. જીવવું હોય તો આ આમ કર. તત્ત્વથી જીવવું હોય તો, તત્ત્વને જીવતું રાખવું હોય તો આમ કર. આહાહા..! **'કે જે તત્ત્વ...**' કેવું છે? **'સહજ સુખનું દેનારું છે...**' ભગવાન આત્મા સ્વભાવિક આનંદને દેનારું છે. એનામાં જે આનંદ છે એવો આનંદ ક્યાંય છે નહિ. ઇન્દ્રના ઇન્દ્રાસનમાં નથી.. આહાહા..! એ દૂધપાક-પૂરી, ભજીયા ખાય તો જાણે આમ.. આહાહા..! એ ઝેર છે. એ મીઠાશ લાગે છે એ ઝેરની છે. આ સુખ તો અંતરનું છે કહે. આહાહા..! છે ને?

**'જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે...**' જે તત્ત્વ સ્વભાવિક સુખનું દેનારું છે. દેનાર એટલે તું અંદર જો તો દેનાર છે એમ કહે છે. **'અને મુનિઓના ચારિત્રનું મૂળ છે.**' આહાહા..! મુનિઓના ચારિત્રનું મૂળ. આ ઝીણું પડે એટલે લોકો કાંઈક કાંઈક સાધન, વ્યવહાર.. વ્યવહાર..

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર... ક્યાંક કોઈ વખતે તો કહો. એમ કહે છે. કોઈ વખતે શું કરવા? જ્યારે આવે ત્યારે હર વખતે કહે નહિ કે વ્યવહાર છે. છે પણ એનાથી લાભ છે નહિ. વ્યવહાર તો આવે છે. આહાહા..! પણ એનાથી કલ્યાણ થતું નથી, સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી, સમ્યક્ચારિત્ર થતું નથી. આહાહા..!

અહીં તો એ કીધું રાગ-બાગ છોડીને તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર. આહાહા..! **'કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે...'** આત્મા સ્વભાવિક આનંદનું દેનાર તત્ત્વ છે. આહાહા..! એ આનંદને બહારમાં શોધવા જાવું પડે એવું નથી. અંતર આનંદથી અંતર્મુખ જો તો આનંદ છે. આહાહા..! બહિર્મુખ જો તો રાગ અને દુઃખ છે. આહાહા..! ભગવાન આત્માને બહિર્મુખ જો, તો ત્યાં રાગ અને દુઃખ છે. અંતર્મુખ જો તો રાગીને સુખ છે. વીતરાગી સુખ છે એમ કહેવું છે. આહા..! આવો શ્લોક અને આવા અર્થ! કહો, એ **'મુનિઓના ચારિત્રનું મૂળ છે.'** લ્યો. એ ૧૪૭મો શ્લોક થયો.

## શ્લોક–૧૪૮

(मालिनी)

जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धे:
हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत्।
तदपि सहजतेज: प्रास्तमोहान्धकारं
स्वरसविसरभास्वद्बोधविस्फूर्तिमात्रम्।।१४८।।

**[શ્લોકાર્થ :–] તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે, તે સહજ તત્ત્વ જયવંત છે. તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે. ૧૪૮.**

## શ્લોક–૧૪૮ ઉપર પ્રવચન

શ્લોક-૧૪૮.

जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धे:
हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत्।
तदपि सहजतेज: प्रास्तमोहान्धकारं
स्वरसविसरभास्वद्बोधविस्फूर्तिमात्रम्।।१४८।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૪૭ થયો ને? હવે ૧૪૮.

**‘તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે,...’** આહાહા..! ધર્મી એને કહીએ, કે જે તત્ત્વમાં નિષ્ણાંત છે. આહાહા..! આત્મતત્ત્વ તે શુદ્ધ આનંદ છે. રાગાદિ એ દુઃખ છે, શરીરાદિ એ પર છે. સ્ત્રી, કુટુંબ, બાયડી, છોકરા તો બધા પર છે. એ એના હતા કે દિ’? આહાહા..! ધણી મરીને નરકે જાય અને બાયડી મરીને સ્વર્ગે જાય. એના પરિણામ ઉપર આધાર છે ને? ધણી મરીને સ્વર્ગે જાય અને બાયડી મરીને નરકે જાય. આહાહા..! આવું સ્વતંત્રસ્વરૂપ છે.

માટે **‘તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિ...’** તત્ત્વની સ્થિતિ જે વસ્તુ છે, તેમાં નિષ્ણાંત–નિપુણ **‘બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે,...’** અંતર ભગવાન સુસ્થિત છે. **‘તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે,...’** આહાહા..! **‘તે સહજ તત્ત્વ જયવંત વર્તે છે.’** તે સ્વભાવિક તત્ત્વ જયવંત છે. આહાહા..! એ સ્વભાવિક તત્ત્વ વર્તમાન છે. એમ કહીએ છીએ. આહાહા..! પ્રત્યક્ષ કરીને કહે છે કે જયવંત વર્તે છે એમ અમે કહીએ છીએ. આહાહા..! કોઈ કહે તેમ માનીને એમ નહિ. **‘સહજ તત્ત્વ જયવંત છે.’** આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, એનો અનુભવ થતાં એ તત્ત્વ જયવંત વર્તે છે. આહાહા..! ભાષા બીજી બધી, વાતું બીજી.

**‘તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે...’** સહજ તેજે. ચૈતન્યના તેજ જે. જ્ઞાન અને આનંદના તેજ. જ્ઞાન અને આનંદનો ચમત્કાર, એણે મોહાંધકારનો નાશ કર્યો છે. આહાહા..! જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર હોતો નથી. સૂર્ય જ્યાં પ્રકાશે ત્યાં અંધારું હોતું નથી. એમ ચૈતન્યનો પ્રકાશ જ્યાં થયો ત્યાં મોહાંધકાર રહેતો નથી. આહાહા..! **‘તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી...’** આહાહા..! કહે છે વિસ્તાર પામેલું એ તત્ત્વ નિજરસનો ફેલાવ છે. જ્ઞાન અને આનંદની શક્તિની વ્યક્તતા વધી જાય, એ બધો આનંદનો-જ્ઞાનનો નિજતત્ત્વનો વિસ્તાર છે. જ્ઞાન, આનંદ, શાંતિ અંતર્મુખ કરતા અંદર વધી જાય, એ બધો તત્ત્વનો વિસ્તાર છે. કાંઈ બહારથી આવતું નથી. આહાહા..!

**‘નિજ રસના ફેલાવથી...’** પોતાના અતીન્દ્રિય આનંદના વિસ્તારથી શોભી રહ્યું છે. આહાહા..! **‘પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે.’** એ જ્ઞાનતત્ત્વને પ્રકાશ કરતા, આનંદનો પ્રકાશ થતાં, અનંતગુણનો વિકાસ થતાં એ જ્ઞાનનો જ પ્રકાશ છે અને આત્માનો જ પ્રકાશ છે. આહાહા..! અનંતગુણ જે ખીલે છે. તત્ત્વમાં અનંતગુણ છે અને એ તત્ત્વને જ્યાં અનુભવે છે, એ તત્ત્વને પકડે છે, ત્યારે જ્ઞાનાદિ આનંદનો વિસ્તાર થાય છે એ અંદરમાંથી આવે છે. એ તત્ત્વમાંથી આવે છે કાંઈ બહારથી આવતું નથી. આહાહા..! કહો, શ્લોક પણ બધા આવા છે. **‘તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી...’** જ્ઞાનના પ્રકાશનું આ તો છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૪૯

(पृथ्वी)

अखंडितमनारतं सकलदोषदूरं परं
भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम्।
अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं
नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा।।१४९।।

[શ્લોકાર્થ :-] વળી, જે (સહજ તત્ત્વ) અખંડિત છે, શાશ્વત છે, સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે, ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને (શાંત કરવા) માટે જળ સમાન છે, તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું. ૧૪૯.

## શ્લોક–૧૪૯ ઉપર પ્રવચન

૧૪૯. ઓહો..! હજી ઘણા છે.

अखंडितमनारतं सकलदोषदूरं परं
भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम्।
अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं
नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा।।१४९।।

**'વળી, જે (સહજ તત્ત્વ) અખંડિત છે,...'** જેમાં પર્યાયનો ખંડ પણ નથી. એવું અખંડતત્ત્વ છે. આહાહા..! અરૂપી છે અને નજરું રૂપીમાં જાય છે. ભગવાન પોતે અરૂપી છે. એ અરૂપીની નજરું રૂપીમાં જાય છે. પણ નજરું જતાં પણ જણાય છે એ અરૂપીની પર્યાય અને એ માને છે કે આ જણાય છે. એને અડતો પણ નથી અને જણાય ક્યાંથી? આહાહા..! પોતાની જ્ઞાનપર્યાયમાં એ બધું જાણવાની શક્તિ સ્વતંત્ર-સ્વતઃ છે. **'જે (સહજ તત્ત્વ) અખંડિત છે,...'** પરને જાણતા પર્યાયમાં ખંડ ખંડ થાય છે. એમ નથી. એ અખંડ છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપે અખંડ છે. ઓલા આવે છે ને? મતિશ્રુત અભિનંદન અભિનંદે છે. મતિશ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ કાંઈ ખંડ કરતું નથી. પર્યાયને અભિનંદે છે, પુષ્ટિ કરે છે. 'સમયસાર'માં આવે છે. અખંડિત છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'શાશ્વત છે,...'** ત્રિકાળ શાશ્વત છે. આદિ-અંત વિનાની ચીજ છે. આદિ નથી, અંત નથી, સ્વભાવથી ખાલી નથી. આદિ નથી, અંત નથી અને વર્તમાનસ્વભાવથી ખાલી નથી. એવું તત્ત્વ શાશ્વત વર્તે છે. આહાહા..! **'સકળ દોષથી દૂર છે,...'** બધા દોષો વિકલ્પ માત્ર જે રાગ. ચાહે તો ભગવાનનું સ્મરણનો રાગાદિ હોય, એનાથી પણ ભિન્ન છે, દૂર છે. આહાહા..! એ તત્ત્વમાં એ ભગવાનનું સ્મરણ અને રાગનો ભાગ નથી. એનાથી તત્ત્વ તદ્દન ભિન્ન છે.

**'ઉત્કૃષ્ટ છે,...'** ચૈતન્યતત્ત્વ ઉત્કૃષ્ટ છે. ઊંચામાં ઊંચું ત્રણલોકનો નાથ, એવો આત્મા, એના જેવી કોઈ ચીજ જગતમાં નથી. આહાહા..! **'ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે...'** ભગસાગરમાં ડૂબેલા જીવસમૂહને... આહાહા..! ડૂબેલો કોને કહેવો અમે લહેર કરીએ છીએ ને? રાગ અને પુણ્ય-પાપને મારા માને એ ભવસાગરમાં ડૂબી પડ્યો છે. આહાહા..! **'ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને...'** એ તત્ત્વ સહજ છે એ નૌકાસમાન છે. **'અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને (શાંત કરવા) માટે જળસમાન છે,...'** પ્રબળ જે રાગાદિભાવ તેને નાશ કરવા જળસમાન છે. આહાહા..!

**'તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું.'** મુનિરાજે ચોખ્ખુ કર્યું. **'પ્રમોદથી સતત (નિરંતર) નમું છું.'** આવું જે તત્ત્વ મારું ભગવાનસ્વરૂપ, તેને હું સતત નિરંતર–નમું છું. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૫૦

(પૃથ્વી)

जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं
मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम् ।
नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः
नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः ।।१५०।।

**[શ્લોકાર્થ :-] જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ૧૫૦.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૧૮, શ્લોક-૧૫૦-૧૫૧, ગાથા-૧૦૭, બુધવાર, પોષ સુદ ૮, તા.૨૬-૧૨-૧૯૭૯

'નિયમસાર' ૧૫૦ કળશ છે. ૧૦૬ ગાથાનો કળશ છે ને? ૧૫૦.

**जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं**
**मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम् ।**
**नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः**
**नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः ।।१५०।।**

આહાહા..! આ પ્રત્યાખ્યાનની વાત ચાલે છે. સાચું પચ્ચખાણ કોને કહેવું? કે **'જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે,..'** આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ, અનંતગુણનો સાગર, ભંડાર જિનેશ્વરના મુખારવિંદથી તે પ્રસિદ્ધ છે. આહાહા..! એ બીજાને તે ખબર પડી નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એને જોયું તે કહે છે. **'જિનપ્રભુના મુખારવિંદથી..'** પ્રભુની વાણીથી એ પ્રસિદ્ધ છે. આત્મતત્ત્વ પ્રભુની વાણીથી પ્રસિદ્ધ છે. અને આનંદકંદ પ્રભુ અંદર છે. આ શરીર, વાણી, મન તો જુદા. એ તો એનામાં છે નહિ. પણ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ પણ એનામાં નથી. એ તો વિકાર છે. એવું ભગવાનના **'મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે,...'** એમ કહે છે.

કોઈ કહે, કે ભાઈ! આત્મા તો બહુ દુર્લભ છે. એ કાંઈ ખ્યાલમાં આવતો નથી. અહીં કહે છે, પ્રભુના મુખારવિંદથી નીકળેલ પ્રસિદ્ધ છે. આહાહા..! અંદર દેહમાં ચૈતન્યહીરો નિર્મળાનંદ પ્રભુ વીતરાગસ્વરૂપે, આનંદસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! એટલે એમ કહ્યું, કે બીજા સિવાય આ નથી એમ કહે છે. જિનવર **'જિનપ્રભુના મુખારવિંદથી વિદિત...'** મુખથી તો અપેક્ષિત કહ્યું છે. ૐ ધ્વનિ આવે છે ને? પણ આમ લોકો મુખથી કહે છે. પછી આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઊઠે છે. 'ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' ભગવાનને વીતરાગતા થાય, કેવળ થાય ત્યારે ૐ ધ્વનિ ઊઠે. હોઠ હલે નહિ, કંઠ હલે નહિ. આખા શરીરમાંથી ૐનો ધ્વનિ ઊઠે. એમાં બધું બાર અંગનું સ્વરૂપ આવે. એ કહે છે, કે આ મુખારવિંદમાંથી. એને મુખરૂપી અરવિંદ–કમળ. વ્યવહારમાં ચાલે છે એટલે બોલ્યા છે. એને લઈને પ્રસિદ્ધ છે. આહાહા..! વિદિત છે. અજાણ્યું નથી. આહાહા..! ચૈતન્યહીરો અંદર, બધા કરોડો-અબજોના હીરા છે એ બધાને જાણનારો તો ભગવાન આત્મા છે. હીરાની કિંમત એને કરતા આવડે છે? આ કરે કે આના કરતા ઉજળો, આના કરતા ઉજળો. આ હીરો તો પોતે આ છે. અંદર ચૈતન્ય હીરો છે. પણ એનું મહાત્મ્ય આવે નહિ. પરીક્ષા કરવાનો વખત રહે નહિ. એટલે આત્મા શું છે એ કાંઈ નહિ. બીજી ચીજનો મહિમાનો પાર નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો પ્રભુના મુખમાંથી નીકળેલો પ્રસિદ્ધ છે. આહાહા..! પહેલા દેવને લીધા. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એના મુખારવિંદ–મુખ રૂપી અરવિંદ–કમળ. એમાંથી નીકળેલી વાણી પ્રસિદ્ધ છે. આત્મા અંદર તત્ત્વ શુદ્ધ છે એવું પ્રસિદ્ધ છે. પવિત્રનો પિંડ છે, એમાં રાગનો કણ નથી, જેમાં મોહનો લેપ નથી. એવો નિર્લેપ. આહાહા..! ભગવાનના મુખમાંથી નીકળેલું છે, એ નિર્લેપતત્ત્વ પ્રસિદ્ધ છે. આહાહા..!

મુમુક્ષુ :– છે તો પછી ઉપદેશ શું કરવા?

પૂ. ગુરુદેવશ્રી :– કીધું ને પ્રસિદ્ધ છે. પણ કોને? જે સાંભળે સમજે એને ને? સમજે એને પ્રસિદ્ધ છે ને. ન સમજે એને ક્યાં. મુખારવિંદથી નીકળેલું વિદિત છે પણ કોને? જે એને મથાળાને કહ્યું કે આમ છે, એમ જેણે અંદરમાં જોયું, જાણ્યું ત્યારે એને માટે પ્રસિદ્ધ છે. આહાહા..! એને તો એ આત્મા-આત્મા કહો એટલે આત્મા-આત્મા કરે. પણ જગતમાં આત્મા સિવાય બીજી ચીજ જ મોટી નથી. એ આત્મા મહાપ્રભુ છે, પરમેશ્વર છે, ભગવાન છે, વીતરાગ છે, સહજાનંદની મૂર્તિ છે. જગતમાં ત્રણલોકને, ત્રણકાળને જાણનારું તત્ત્વ હોય તો એ એક જ આત્મા છે. એક જ આત્મા એવો છે. આહાહા..! એવા તત્ત્વને માટે બહુ ગંભીર પુરુષાર્થ જોઈએ. ભગવાનના મુખમાંથી નીકળ્યું છે ને કહે છે,.. આહાહા..!

એ આત્મા કેવડો છે અને કેવો છે? એ ત્રણલોકના નાથના મુખરૂપી કમળમાંથી નીકળેલું છે. આહાહા..! માણસોને બહારના ધંધા આડે દરકાર ન મળે.

મુમુક્ષુ :– બહારના ધંધામાંથી ઊંચા આવે નહિ.

પૂ. ગુરુદેવશ્રી :– આખો દિ’ ધંધો. ‘શાંતિભાઈ’ કહે છે. ધંધો, બાયડી, છોકરા માટે આ કરે. ... પોતાનું ... બીજાનું કરવામાં આનું કરે. ... કોઈનો કર્તા-ફર્તા નથી. આહાહા..! એવું વિદિત છે. એકવાત.

બીજું **‘જે સ્વરૂપમાં સ્થિત છે,...’** એ સ્વરૂપમાં આત્મા સ્થિત છે. ભગવાનથી તો પ્રસિદ્ધ છે, પણ સ્વરૂપ પોતે સ્વરૂપમાં સ્થિત છે. એ સ્વરૂપ કોઈ રાગમાં, પુણ્યમાં, દયા, દાનમાં ક્યાંય છે નહિ. આહાહા..! આવી વાત છે. પ્રભુ સ્વરૂપમાં સ્થિત છે. ચૈતન્યસ્વરૂપ અંદર ચૈતન્ય ચમત્કાર અનંત-અનંત આનંદ અને શાંતિનો સાગર, અપાર જેનો મહિમા, ગુણની ખાણ, નિધાન એ વસ્તુસ્વરૂપમાં સ્થિત છે. એમ કે નથી ને અમને બતાવવું છે એમ નહિ. અંદર છે, સ્થિત છે. આહાહા..! તારી નજર રાગ અને પુણ્ય ઉપરથી ખસતી નથી. પર્યાય ઉપરથી ખસતી નથી એટલે તને દેખાતું નથી. આહાહા..! ક્યાં ગયા? ‘દેવીલાલજી’! આહાહા..!

વાહ! શૈલી તો જુઓ! ત્રણલોકના નાથથી તો પ્રસિદ્ધ છે ને, પ્રભુ! તું અપ્રસિદ્ધ કર પણ પ્રભુથી તો પ્રસિદ્ધ છે. આહાહા..! અને પ્રસિદ્ધ તે પણ સ્વરૂપમાં સ્થિત જ છે. સ્વરૂપથી બહાર આવ્યો નથી. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય ગમે તે સ્થાનમાં હોય, પણ એ દ્રવ્ય તો દ્રવ્યમાં સ્થિત જ છે. આહાહા..! વસ્તુ જે દ્રવ્ય ધ્રુવ છે, એ તો સ્વરૂપમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિત છે. પર્યાયના ભેદો ભલે જુદી જાતના હોય. એ પર્યાય કાંઈ ટકતી વસ્તુ નથી. એ તો એક સમયની દશા છે. અંદર વસ્તુ જે છે એ તો અંદર ત્રિકાળ ટકતી સ્વરૂપ સ્થિત છે. છે તેને પામવું છે એમ કહે છે. ભગવાને કહ્યું છે, તેથી પ્રસિદ્ધ છે અને છે તેને પામવું છે. આહાહા..! આવો ધર્મ હવે. આ તો સામાયિક કરો, પડિક્કમણા કરો એ ધર્મ. આ ધર્મ આવ્યો. એને ધર્મનું ભાન પણ ક્યાં છે? એમ ને એમ જિંદગી ચાલી જાય છે, બાપા! આહાહા..! બે. આ બે વાત થઈ.

ત્રીજી. **'મુનિશ્વરોના મનોગ્રહની અંદર...'** સાચા સંત જે મુનિ હોય, તેના મનરૂપી ઘરમાં **'અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે,...'** આહાહા..! છઠ્ઠા આરાના ન લીધા. ઉત્કૃષ્ટ પ્રકાશે છે એને લીધા. **'મુનિશ્વરોના મનોગ્રહની અંદર...'** અંતરમાં–અંતરમાં **'સુંદર રત્નદીપની માફક...'** સુંદર રત્નનો દીવો હોય, સુંદર રતનનો દીવો, એમ સુંદર જ્ઞાનનો દીવો અંદર પ્રકાશે છે. આહાહા..! એક-એક બોલે તો ન્યાલ કરી નાખે. આહાહા..! જુની રૂઢિ જાય ત્યારે આ વાત બેસે એવું છે. આહાહા..! અરે..રે..! હું તો એકલો છું. મારું કોઈ નથી. હું કોના માટે કરું? કોઈ મારું નથી તો હું કોના માટે કરું? આહાહા..! અને હું કોઈનો નથી તો એ મારા માટે કરે એમ છે નહિ. આહાહા..!

અને આ ક્રમબદ્ધમાં તો એ આવે છે. ક્રમસરમાં આ ભગવાન રત્નદીપક છે એનું જ્ઞાન–ભાન થયું. એટલે હું કોઈને બગાડી શકું, કે હું પરથી બગડું એવી ચીજ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો **'સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે,...'** એ મુનિ લીધા. ત્રણેય લીધું. દેવ, ગુરુ એટલે સ્વરૂપસ્થિત અને મુનિ. આહાહા..! **'મુનિશ્વરોના મનોગ્રહની...'** એને મુનિ કહીએ, બાપુ! આહાહા..! મુનિ કોને કહેવા? આહાહા..! જેના મનોગ્રહરૂપી ઘરમાં, અંદરમાં **'સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે,...'** એને મુનિ કહીએ. આહાહા..! ચૈતન્યહીરો જેના હૃદયમાં ચમકે છે. ચમત્કાર, ચમત્કારીક વસ્તુ છે. આહાહા..! અનંતકાળથી અજ્ઞાનમાં અને અંધારામાં હોવા છતા એ વસ્તુ તો વસ્તુરૂપે રહી છે. એ વસ્તુ તો પોતાના સ્વરૂપે સ્થિત છે. છે તેને દૃષ્ટિમાં લઈને પ્રગટ કરવો છે. આહાહા..!

હવે આવું ક્રિયાકાંડથી કેટલું થાતું હશે? ક્રિયાકાંડ કરીને મરી જાય. સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા. ઓલા કહે ગિરનારની જાત્રા કરી. એ બધી ક્રિયાઓ રાગ છે. અંદર ભગવાન ચૈતન્ય હીરલો. એ ભાવ આવે. અશુભથી બચવા ભાવ આવે, પણ એ ભાવ શુભ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો આત્મા સ્વભાવમાં ત્રિકાળી શુદ્ધ સ્થિત છે. ત્રિકાળી સ્વભાવમાં, ધ્રુવમાં સ્થિત છે. તે રતન મુનિરૂપી ગ્રહમાં–ઘરમાં અંદરમાં સુરતનની પેઠે પ્રકાશે છે. આહાહા..! ભાષા પણ કરી છે. આ મુનિ છે, હોં! અને મુનિની આ ... આહાહા..!

**'જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે...'** પાછળથી એ લીધું. ભગવાનથી વિદિત છે, સ્વરૂપ સ્થિત છે. મુનિશ્વરોના ઘરની અંદર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રત્નની માફક પ્રકાશે છે. પણ જે **'લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા..'** છે. મિથ્યાત્વ ઉપર વિજય મેળવેલો છે. એ યોગીઓને નમસ્કાર કરવાયોગ્ય છે. એવા યોગીઓને એ આત્મા નમસ્કાર કરવાયોગ્ય છે. આહાહા..! એવા યોગીઓને ભગવાન નમસ્કાર કરવા યોગ્ય છે એ તો વ્યવહાર છે. આહાહા..! આવી ઝીણી વાત છે. પાછી ભાષા શું લઈ લેવી? કે આ લોકમાં દર્શનમોહ એટલે મિથ્યાત્વ આદિ પર વિજળ મેળવેલો, એવા જ્ઞાની, એવા મુનિ, એવા ધર્મી, એવા સંત. એનાથી પણ નમસ્કાર કરવાયોગ્ય એ ચીજ છે. આહાહા..!

**'અને જે સુખનું મંદિર છે,...'** આત્મા સુખનું મંદિર છે. આહાહા..! જેની સામું જોવું નથી, કોઈ દિ' નજરું કરવી નથી. નજર કરવાનો વખત મળતો નથી. આહાહા..! એ ભવ ખોઈ બેસે છે. અરે..! બહારમાં આ કર્યું... આ કર્યું... **'જે સુખનું મંદિર છે,...'** પ્રભુ તો સુખનું ઘર છે અને મંદિર છે. મુનિના ઘરમાં અંતરદીપે પ્રકાશે છે અને પોતે સુખનું મંદિર છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનું મંદિર. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્માની પ્રતિમા... આહાહા..! એવા સુખનું મંદિર છે. એમ કહીને શું કીધું? કે જેણે દર્શનમોહ આદિ મિથ્યાત્વનો વિજય મેળવ્યો છે. એવા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે. કેમ કે એને ખ્યાલમાં આવ્યું છે. જેને ખ્યાલમાં આવ્યું નથી એને નમસ્કાર શું કરે? જે ચીજ જેના ખ્યાલમાં આવી નથી એ નમસ્કાર શું કરે? આહાહા..!

આ ચૈતન્ય હીરો, દેહમાં ભગવાન ચૈતન્ય હીરલો અનંત-અનંત ચૈતન્યના આનંદના પ્રકાશથી બિરાજમાન, એને નમસ્કાર કરવાયોગ્ય કેમ. એને ઓળખ્યો એ નમસ્કાર કરી શકે એમ સિદ્ધ કરે છે. અને **'વિજય મેળવેલા યોગીઓથી...'** એમ. **'દર્શનમોહાદિ પર વિજય મેળવેલા...'** મિથ્યાત્વ ઉપર એવા **'યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે...'** આહાહા..! શ્લોક બહુ ઊંચો છે. થોડા-થોડા શબ્દોમાં ઘણું મૂક્યું છે. સુખનું મંદિર પ્રભુ છે. અંદર આત્મતત્ત્વ અતીન્દ્રિય આનંદનું મંદિર છે. જેમાં પ્રવેશ કરતા અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, એવો એ આત્મા છે. એ સુખ બહારમાં ક્યાંય નથી. એના પૈસામાં, એની બાયડી, છોકરા, ધૂળમાં, મકાનમાં, આબરૂમાં, શરીરની યુવાનીમાં, પટીયા પાડવામાં આ કરે ને શું? અત્યારે પાછા બધા શું કરે છે? સવારમાં ઉઠીને દાંતિયા રાખે. અને સવારમાં અરીસામાં જોવે. નાનો અરીસો હોય તો આમ મોઢું આખું... આમ-આમ કર્યા કરે. આહાહા..! પ્રભુ! પણ તે તને જોયો? એ તો ધૂળ છે. આ તો માટી છે. મહાણની માટી છે આ. આ દેહની મહાણમાં માટી થવાની છે. અંદર ભગવાન આત્મા બિરાજે છે. એ તો... આહાહા..! **'સુખનું મંદિર છે.'** અતીન્દ્રિય આનંદનો સાગર મંદિર છે. આહાહા..! કેમ બેસે? બહારની વાતું આડે આ કરવું... આ કરવું.. આ કરવું... આહાહા..! પછી એકાંત લાગે ને? સંસારથી નવરો ન થાય. એક તો પાપમાં પડ્યો આખો દિ'. એમાં ધર્મને નામે આવે તો એને એવી ક્રિયાકાંડ બતાવે, કે આ વ્રત કરો, તપ કરો, અપવાસ કરો. અપવાસ છે તે તપ છે, તપ છે એ નિર્જરા છે, નિર્જરા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ ધર્મનું કારણ છે. ધર્મ જલ્દી થયો. ધૂળેય નથી. એવા અપવાસ કરીને મરી જા ને. અનંતા અપવાસ કર્યા છે. એ તો લાંઘણ છે.

અંદર આનંદનો નાથ સુખનું મંદિર, પ્રભુ! એને અંદરમાં જોયા વિના, જાણ્યા વિના તને એનું બહુમાન ક્યાંથી આવશે? આહા..! અને પરનું બહુમાન કે દિ' ટળશે? દયા, દાન, રાગ આદિ વિકાર છે એનો મહિમા કે દિ' ટળશે? આહાહા..! સુખનું તો મંદિર છે. પ્રભુ! અંદર સુખનું મંદિર બિરાજે છે. **'તે સહજ તત્ત્વ...'** હવે મુનિરાજ કહે છે. એવું સ્વભાવિક તત્ત્વ છે એને **'હું સદા અત્યંત નમું છું.'** આહાહા..! હું સાધક છું તેથી હું ચૈતન્યમૂર્તિને અંદરમાં એકાગ્રતાથી વિશેષ વધારું છું. અંદર એકાગ્રતાથી શુદ્ધિની વૃદ્ધિ કરું છું. **'સદા અત્યંત નમું છું.'** આહાહા..! વિકલ્પમાં પણ આવતો નથી. નિર્વિકલ્પમાં રહું છું. આહાહા..! આવો ધર્મ. અહીં બહારમાં ધર્મ સહેલોસટ કરી નાખ્યો. મૂર્તિપૂજા કરો, ગિરનારની જાત્રા કરી નાખો એટલે થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. એના પુણ્યના ઠેકાણા નથી હજી એના શુભભાવમાં કેવો છે. એ શુભભાવ છે. શુભભાવ તો રાગ છે, ઝેર છે. અરે..રે..! ભગવાન તો આનંદનું મંદિર છે.

એવું જે સહજ તત્ત્વ છે. અંદર સહજતત્ત્વ પ્રભુ બિરાજે છે. દરેક આત્મા એવો જ છે પણ એની એને ખબર નથી. એવા **'સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું.'** એટલે મારું વલણ જ અંદર સ્વભાવ તરફ છે. સદા નિરંતર. ઊંઘ આવે તો પણ અંદર એકાગ્રતા છે. સ્વભાવમાંથી ખસતો નથી. આહાહા..! **'હું સદા અત્યંત નમું છું.'** આહાહા..! મુનિ છે ને? મુનિનીદશા તો અંતર આત્માના આનંદનું બળ વિશેષ હોય છે. પ્રચુર-પ્રચુર સ્વસંવેદન. એને આત્માનું ઘણું જ વેદન હોય છે. એને મુનિ કહીએ. એમ કહે, આ ક્રિયાકાંડ કરે, લુગડા ફેરવે એ સાધુ-બાધુ નથી. જેને અંતરમાં આનંદનો પ્રચુર રતન પ્રચુરપણે જેને વેદનમાં આવે, અનુભવમાં એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ઉત્કૃષ્ટપણે ઘણા... તેને અહીંયાં સાધુ કહેવામાં આવે છે. જૈનદર્શનમાં એને સાધુ કહેવામાં આવે છે. બીજા બધાને સાધુ કહેવામાં આવતા નથી. આહાહા..! એ ૧૫૦ મો કળશ થયો.

## શ્લોક–૧૫૧

(पृथ्वी)

प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं
प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।
प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं
प्रवृद्धगुणमंदिरं प्रहृतमोहरात्रिं नुमः।।१५१।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :-] જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે, જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી - જે કૃતકૃત્ય છે), જે પુષ્ટ ગુણોનું ધામ છે અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ. ૧૫૧.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

---

## શ્લોક–૧૫૧ ઉપર પ્રવચન

---

૧૫૧ શ્લોક છે ને?

**प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं**
**प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।**
**प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं**
**प्रवृद्धगुणमंदिरं प्रहृतमोहरात्रिं नुमः।।१५१।।**

‘**જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે,...**’ ભગવાન આત્મા જેણે અંદર જોયો. સમકિત થયું અને સમકિત ધર્મનો પહેલો પાયો થયો. એને કહે છે, કે ‘**પાપના રાશિને નષ્ટ કર્યો છે,...**’ અશુભભાવનો તો જેણે નાશ કર્યો છે. આહાહા..! અને ‘**પુણ્યકર્મના સમૂહને હણ્યો છે,...**’ શુભભાવને પણ હણી નાખ્યો છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ તો પુણ્ય છે. એ પુણ્યને પણ ધર્મીજીવે હણી નાખ્યો છે. એનાથી પાર અંદર ભગવાન બિરાજે છે. ત્યાં જેની બેઠક થઈ છે. અનાદિથી અજ્ઞાનીને રાગમાં બેઠક હતી, એ બેઠક ફરી ગઈ છે. આહાહા..!

‘**જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (–કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે,..**’ કામની ઇચ્છાને તો જેણે ખંખેરી નાખી છે. એમ કામમાં તો દુઃખ છે. ઇન્દ્રિયના વિષયમાં, ઇચ્છા અને ભોગ એ તો દુઃખ છે. ત્યાં સુખ છે નહિ. ઝેર છે. ઇન્દ્રિયના વિષયમાં ઝેર છે. એ શુભભાવ છે એ ઝેર છે. તો આ ઇન્દ્રિયનો વિષય તો અશુભ છે. આહાહા..! એવા ‘**મદન (–કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે,...**’ વેદની વાસના જેણે ખંખેરી નાખી છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. એવી વાસનાનો જેણે નાશ કર્યો છે. આહાહા..!

**'જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે,..'** પ્રબળ જ્ઞાનનો મહેલ છે. અંદર જઈને પેસ તો તને મહેલ મળશે. આહાહા..! મેલને ટાળ તો મહેલ મળશે. મેલ એટલે શુભ અને અશુભ રાગ. એને ટાળ તો અંદર જ્ઞાનમહેલ મળશે. આહાહા..! મોટા મહેલ આવે છે નહિ? ત્રણકરોડ સાડા ત્રણ કરોડનો મહેલ નહિ? ક્યું ગામ? 'મૈસુર'માં ત્રણ-સાડા ત્રણ કરોડનો બંગલો. રાજાને રજ આપી પણ રાજા નીકળી ગયા છે. મોટા મકાન. મકાન ખાલી પડ્યા છે. સાડા ત્રણ કરોડ રૂપિયાના. તે દિ'ના હોં! ધૂળ તો પડી છે. ધૂળ ક્યાં એની સાથે આવે છે. આહાહા..! એકવાર ત્યાં જોવા ગયા હતા. આહાહા..!

ભગવાન **'પ્રબળ જ્ઞાનનો મહેલ છે,...'** ભગવાન. આ મહેલ છે. એના ઉપર પગથિયું ચડ. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું એ ચઢવા માટેના પગથિયા છે. એ મહેલમાં ચઢવાના એ પગથીયા છે. આહાહા..! કોઈ શુભ અને અશુભક્રિયા એ એના પગથિયા નથી. એ તો એને અટકાવનાર મહેલ અને દુઃખ છે. આહાહા..! આવું કરવું હવે એને. એક તો નવરાશ પણ મળે નહિ. ધંધા આડે બે ઘડીની નવરાશ પણ ન મળે. હવે એમાં આવું કરવું. આહાહા..! ગ્રાહક આવે એમાં રાજી-રાજી થઈ જાય. હવે એમાં એક ગ્રાહક પાંચ હજારનો માલ લેવા આવ્યો હોય અને એમાં પાંચસોની પેદાશ હોય. એક ગ્રાહકમાં જાણે તો આહાહા..! મશગુલ થઈ જાય. સવારનો આહાર સાંજે થઈ જાય. અત્યારે નહિ.. અત્યારે નહિ... સાંજે ચાર વાગે. એટલા મશગુલ થઈ જાય. વાણિયા-વેપારી... આહાહા..! પણ તું કોણ છો? ક્યાં છો? એની તો સામું જો.

ભગવાન અંદર ત્રણલોકનો નાથ બિરાજે છે. અનંત ચૈતન્યરતનનો દરિયો છે. એની સામું એને જોવું... આહાહા..! એ શું હશે પણ કહે. ભાઈએ પૂછ્યું હતું ને, કે એ મોટો ચૈતન્યસ્તંભ છે? ચિત્તે બાંધ્યું એમ આવ્યું હતું ને? થાંભલે બાંધ્યું. એ થાંભલો કેવો હશે એ? 'ચંદુભાઈ'એ પૂછ્યું હતું. એ ધ્રુવ છે. ધ્રુવ છે. અનાદિ-અનંત ધ્રુવ છે. એ ધ્રુવને થાંભલે પર્યાયને બાંધી. આહાહા..! ધ્રુવ વસ્તુ છે એમાં ઉત્પાદ-વ્યય અને પર્યાય એનો ધર્મ છે. એ ઉત્પાદ-વ્યયની પર્યાયને ધ્રુવના થાંભલા સાથે બાંધી. એ પર્યાય ... એને અહીં બાંધી. ધ્રુવની સાથે બાંધી. આહાહા..! બધી ભાષા અલૌકિક લાગે. આવો ઉપદેશ ક્યાંથી કાઢ્યો! ઓલું સાંભળ્યું સામાયિક કરો, પડિક્કમણા કરો, આ કરો, તે કરો, ચોવિહાર કરો. એમાં સૂઝ તો પડે.

જેણે કામને તો **'ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે,...'** પ્રબળ જ્ઞાનનો મોટો મહેલ છે. જેમ ઘુસતો જાય, પગથિયા ચઢતો જાય તેમ કેવળજ્ઞાન પામી જાય. એવો એ કેવળજ્ઞાનનો મહેલ છે. આહાહા..! ધીરજથી જુએ તો ખબર પડે. નહિતર સ્ફટિક રત્નનું મકાન હોય, સ્ફટિક રતનનું અને એની નીસરણી સ્ફટિક રત્નની હોય, તો એને ધીરજથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચાલવું પડે. એ ચડે તો ત્યાં નીચે દેખાય. સ્ફટિક રત્નનું છે ને? રાવણને સ્ફટિક રત્નના મહેલ હતા. નિસરણી સ્ફટિકની, મકાન સ્ફટિકના. પછી આમ જ્યાં જુએ ત્યાં એ દેખાયા કરે. ચાલવું ક્યાં? અહીં કહે છે, કે જ્યાં જુએ ત્યાં પ્રકાશ દેખાય તો પછી એ ત્યાંથી નીકળી કેમ શકે? આહાહા..! એવો ચૈતન્યહીરો અંદર છે.

**'જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે,...'** અજ્ઞાની પ્રણામ કરતો નથી. એમ કહે છે. અજ્ઞાની જે પ્રણામ કરે છે એ તત્ત્વને પ્રણામ કરતો નથી. એને તત્ત્વનું ભાન ક્યાં છે? આહા..! સમજાણું કાંઈ? આવે છે ને? સમંતભદ્રમાં સ્તુતિ આવે છે. સમંતભદ્રમાં. અજ્ઞાની પ્રભુ! આપને નહિ માને. તત્ત્વજ્ઞાની વિના આપને નહિ માને, અજ્ઞાની નહિ માને એમ છે. આહાહા..! જેને એ સ્વરૂપ જ જાણવામાં નથી આવ્યું અને જેને એ સ્વરૂપની મહિમા અને મોટપ જેને હજી દેખાણી નથી, એ કેમ એને નમે? મોટાને નમે, નાનાને નમે? આહાહા..!

**'તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે,...'** આહાહા..! ભગવાન ચૈતન્યસૂર્ય અંદર બિરાજે છે. શરીરની પાર, વાણીની પાર, મનના વિકલ્પની પાર અંદર જુદો ભગવાન છે, એને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે. આહાહા..! બહાર ભગવાન આદિને પ્રણામ કરે છે એ વ્યવહાર છે એમ કહે છે. એ માટે આ કહ્યું છે. આ નિશ્ચય પરિણામ આ છે. પોતાના સ્વભાવમાં અનુભવ કરીને પ્રણામ કરવા, નમવું, પ્રણમવું એ. **'જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી—જે કૃતકૃત્ય છે),...'** આહાહા..! વસ્તુ છે એ તો કૃતકૃત્ય છે. કાર્ય કરવાનું હોય એ તો પર્યાયમાં છે. વસ્તુ પણ કૃતકૃત્ય છે. એની દૃષ્ટિ અને સ્થિરતા કરે ત્યારે પર્યાયમાં કૃતકૃત્યપણું આવે. કૃતકૃત્ય વસ્તુ છે. કાર્ય કરવાનું આદિ વસ્તુ છે, અનાદિ-અનંત તત્ત્વનો સાગર, એની સામું જુએ ત્યારે પર્યાયમાં ધીમે ધીમે આગળ વધે. આહાહા..!

આ તો **'પ્રકરણના નાશસ્વરૂપ છે...'** એટલે જેને કાંઈપણ કરવાનું રહ્યું નથી. એવી એ વસ્તુ કૃતકૃત્ય છે. આહાહા..! એ વસ્તુ કૃતકૃત્ય છે, તો એ વસ્તુને આશ્રયે અનુભવ થતાં પર્યાયમાં કૃતકૃત્ય સિદ્ધ ભગવાન થઈ ગયા. ભગવાનને કાંઈ કરવાનું રહેતું નથી. સિદ્ધ ભગવાન છે એ કૃતકૃત્ય છે. ત્યારે પર્યાયમાં પૂર્ણ થઈ ગયા. પર્યાયમાં કાર્ય પૂર્ણ થઈ ગયા. કારણ કે વસ્તુ કૃતકૃત્ય છે. તેને આશ્રયે પ્રગટેલી પર્યાય કૃતકૃત્ય છે. આહાહા..! **'જે પુષ્ટ ગુણોનું ધામ છે...'** આહાહા..! ભગવાન આત્મા અંદર અનંત-અનંતગુણના પુષ્ટગુણોનું ધામ છે. એનો એકેય ગુણ સુકાણો અને ઓછો થયો નથી. સુકાતો નથી, ઓછો થતો નથી, વિપરીત થતો નથી. આહાહા..!

પુષ્ટગુણોનું ધામ પરમાત્મા પોતે છે. આ આત્માની વાત છે, હોં! આહાહા..! દેહદેવળમાં બિરાજતો ભગવાન... આહાહા..! નરનારાયણ થાય છે. એ અંદર નારાયણસ્વરૂપ છે. અન્યમતિ કહે એ નારાયણ નહિ. એ તો પરમાત્મસ્વરૂપ પામે તે નારાયણ છે. આહાહા..! **'જે પુષ્ટ ગુણોનું ધામ છે...'** આહાહા..! **'અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે,...'** મોહરૂપી અંધકારનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો જેણે નાશ કર્યો છે. આહાહા..! મિથ્યાત્વરૂપી રાગથી કલ્યાણ થશે, એવી જે મિથ્યા ભ્રાંતિ, પુણ્ય ક્રિયા કરતા કરતા કલ્યાણ થશે એવી જે મિથ્યાત્વની ભ્રાંતિ, દેહની ક્રિયા કરતા પણ લાભ થશે એવી જે મિથ્યાત્વની ભ્રાંતિ, એ બધી મોહરાશિનો નાશ કર્યો છે. આહાહા..!

**'તેને (–તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ...'** આહાહા..! આવા તત્ત્વને અમે નમીએ છીએ. આહાહા..! અમારા નમસ્કાર કરવા યોગ્ય હોય તો તે ભગવાન મારો આત્મા આવો છે. આહાહા..! વાણી છે એ વાણી કેવી છે! મુનિની છે. જંગલમાં વસતા મુનિઓ, દિગંબર મુનિ... આહાહા..! સાચા સંત હતા, ભાવલિંગી હતા. આનંદનું પ્રચુર વેદન હતું. એ કહે છે, કે અમે એવા  સહજ તત્ત્વને, સ્વભાવિક તત્ત્વ છે એ. પર્યાય છે એ ઉત્પન્ન થાય, નાશ થાય, ઉત્પન્ન થાય, નાશ થાય. પણ તત્ત્વ વસ્તુ છે એ તો સત્ અનાદિ છે. એ ઉત્પન્ન અને વ્યય થાય નહિ.

**'(–તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ.'** આહાહા..! આ પંચમઆરાના ૯૦૦ વર્ષ પહેલાના મુનિ અહીં આવી વાત કરે છે. આહાહા..! એને એમ નથી કે પ્રજાને આવી વાત બેસશે કે નહિ? આ જ વાત કરવાની અને બેસાડવાની છે. બીજી બધી વાતું થોથા છે. આહાહા..! વખત ચાલ્યો જાય છે. દેહની સ્થિતિ પૂરી થવાનો તો નિર્ણય છે. જેટલો વખત જાય એ બધો મૃત્યુની સમીપ જાય છે. આ જાણે કે હું મોટો થાઉં છું. કહે છે મા જાણે મોટો થાય. ભગવાન કહે કે એ મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! એનો મૃત્યુનો સમય નક્કી છે. જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગમાં દેહ છૂટવાનો એ છૂટવાનો. એમાં બીજો લાખ ઉપાય કરે તો કાંઈ થાય એવું નથી. આહાહા..! **'અમે નમીએ છીએ.'** લ્યો. એ કળશ પૂરો થયો.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ...'** છે. મુનિ છે ને? મુનિને દેહ જ હોય. વસ્ત્ર-પાત્ર હોય નહિ. **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** નિશ્ચય-પ્રત્યાખ્યાન આને કહેવું. અંતર આનંદમાં લૂંટીને આનંદમાં રમવું. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં રમવું એને પચ્ચખાણ કહે છે. આમ હાથ જોડીને વાઘાનો ત્યાગ કરવો, પચ્ચખાણ કર્યા એ નહિ. એ તો બધી દેહની ક્રિયા છે. અંદર વિકલ્પ ઊઠે છે એ રાગ છે.

અહીં તો રાગ વિનાનો આત્મા અંતર આનંદ મૂર્તિ, એમાં અંતર જામી જાવું. ઓળખીને, અનુભવીને જામવું, ઠરવું એનું નામ પચ્ચખાણ છે. જૈનદર્શનમાં એને પચ્ચખાણ કહે છે. બાકી બીજા બધાને અપ્રત્યાખ્યાન કહે છે. આહાહા..! એ અધિકાર પૂરો થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



– ૭ –

# પરમ-આલોચના અધિકાર

## ગાથા-૧૦૭

आलोचनाधिकार उच्यते -

णोकम्मकम्मरहियं विहावगुणपज्जणहिं वदिरित्तं।
अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि।।१०७।।

नोकर्मकर्मरहितं विभावगुणपर्ययैर्व्यतिरिक्तम्।
आत्मानं यो ध्यायति श्रमणस्यालोचना भवति।।१०७।।

निश्चयालोचनास्वरूपाख्यानमेतत्।

औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि हि नोकर्माणि, ज्ञानदर्शनावरणांतराय-मोहनीयवेदनीयायुर्नामगोत्राभिधानानि हि द्रव्यकर्माणि। कर्मोपाधिनिरपेक्षसत्ताग्राहक-शुद्धनिश्चयद्रव्यार्थिकनयापेक्षया हि एभिर्नोकर्मभिर्द्रव्यकर्मभिश्च निर्मुक्तम्। मतिज्ञानादयो विभावगुणा नरनारकादिव्यंजनपर्यायाश्चैव विभावपर्यायाः। सहभुवो गुणाः क्रमभाविनः पर्यायाश्च। एभिः समस्तैः व्यतिरिक्तं, स्वभावगुणपर्यायैः संयुक्तं, त्रिकाळनिरावरणनिरंजनपरमात्मानं त्रिगुप्तिगुप्तपरमसमाधिना यः परमश्रमणो नित्यमनुष्ठानसमये वचनरचनाप्रपंचपराङ्मुखः सन् ध्यायति, तस्य भावश्रमणस्य सततं निश्चयालोचना भवतीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः -

(आर्या)

`मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।'

उक्तं चोपासकाध्ययने -

(आर्या)

`आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।
आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम्।।'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મકર્મ - વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.

અન્વયાર્થ :– [नोकर्मकर्मरहितं] નોકર્મ ને કર્મથી રહિત તથા [विभावगुणपर्ययैः व्यतिरिक्तम्] વિભાવગુણપર્યાયોથી [1]વ્યતિરિક્ત [आत्मानं] આત્માને [यः] જે [ध्यायति] ધ્યાવે છે, [श्रमणस्य] તે શ્રમણને [आलोचना] આલોચના [भवति] છે.

ટીકા :– આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.

ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો તે નોકર્મો છે; જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે. [2]કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે. મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે; ગુણો સહભાવી હોય છે અને પર્યાયો ક્રમભાવી હોય છે. પરમાત્મા આ બધાથી (-વિભાવગુણો અને વિભાવપર્યાયોથી) વ્યતિરિક્ત છે. ઉપરોક્ત નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત તથા ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત, ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી) પરમસમાધિ વડે જે પરમ શ્રમણ સદા અનુષ્ઠાનસમયે વચનરચનાના પ્રપંચથી (-વિસ્તારથી) પરાઙ્મુખ વર્તતો થકો ધ્યાવે છે, તે ભાવશ્રમણને સતત નિશ્ચયઆલોચના છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

‘[શ્લોકાર્થ :-] મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (-ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને (-તે સર્વ કર્મની આલોચના કરીને), હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ) નિરંતર વર્તું છું.’

વળી ઉપાસકાધ્યયનમાં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

‘[શ્લોકાર્થ :-] કરેલા, કરાવેલા અને અનુમોદેલા સર્વ પાપને કપટરહિતપણે આલોચીને, મરણપર્યંત રહેનારું, નિઃશેષ (-પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.’

---

*વ્યતિરિક્ત = રહિત; ભિન્ન. ૨. શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનય કર્મોપાધિની અપેક્ષા રહિત સત્તાને જ ગ્રહે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૧૦૭ ઉપર પ્રવચન

આલોચના. સંવર અધિકાર. ગયા કાળનું પડિક્કમણું આવે છે ને? ભવિષ્યકાળના પચ્ચખાણ અને વર્તમાનનો સંવર. એ આ આલોચના સંવર છે, વર્તમાન સંવર. એ અધિકાર છે.

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जणहिंवदिरित्तं।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि।।१०७।।**

નીચે હરિગીત.

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

'**ટીકા :– આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.**' વ્યવહારે આલોચના તો પોતાને પાપ લાગ્યું હોય તો ગુરુદેવ પાસે કહે. એ બધું વ્યવહાર પુણ્ય છે. એ બધો પુણ્યભાવ છે. પોતાને પાપ લાગ્યું હોય અને ગુરુની પાસે સાક્ષી રાખીને પ્રાયશ્ચિત લે. એ બધું પુણ્ય છે. આ નિશ્ચય આલોચના છે. ઓલી ખરેખર નિશ્ચય આલોચના નથી, એ વ્યવહાર છે. આહાહા..!

'**ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો તે નોકર્મો છે;...**' જોયું? પાંચેય શરીરને નોકર્મ કીધા. ત્રણ લેવા છે. નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ. આત્મા ત્રણથી રહિત છે. અંદર આત્મા ત્રણથી રહિત છે. પહેલા નોકર્મથી રહિત છે. નોકર્મ કોણ? એક તો આ ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર દેવને, આહારક શરીર મુનિને, તૈજસ અને કાર્મણ બધાને. આહાહા..! કાર્મણ શરીર પણ નોકર્મમાં આવી ગયું. કાર્મણ શરીર એ નોકર્મ છે. પાંચેય શરીર નોકર્મ છે. એ આત્મામાં નથી. આત્મામાં શરીર-બરીર નથી. આ તો શરીરમાં શરીર છે. આહાહા..! એવું ભેળસેળ લાગે. આત્મા વિના જાણે શરીર ચાલે નહિ, આત્મા વિના બોલે નહિ એમ થઈ જાય. આત્મા બોલતો પણ નથી અને આત્મા ચાલતો પણ નથી. આત્મા તો આનંદમૂર્તિ ત્રિકાળી એકરૂપ સ્થિત છે. આહાહા..! આવી વાત છે. એ પાંચ શરીર એ નોકર્મ.

'**જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે.**' એ આઠ કર્મ દ્રવ્યકર્મ છે. ઓલા પાંચ શરીર તે નોકર્મ છે. અને '**કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની...**' દૃષ્ટિથી શું કહે છે? જેને કર્મના ઉપાધિની અપેક્ષા નથી અને નિજ સત્તા, જે ચૈતન્યની સત્તા નિજ છે, નિજ હોવાપણું જે છે, તેને ગ્રાહક '**શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ...**' શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ. આહાહા..! '**પરમાત્મા...**'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે? પરમાત્મા એટલે આ આત્મા, હોં! પરમસ્વરૂપી, પરમ આત્મા એટલે પરમસ્વરૂપી આત્મા. આહાહા..! **'આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.'** આહાહા..! ભગવાનને નોકર્મ પણ નથી અને જડ દ્રવ્યકર્મ પણ આત્માને નથી. આત્માને કર્મ નથી. કર્મે રજળાવ્યો, કર્મે રખડાવ્યો, કર્મે વાળ્યો આડો આંક, એવી વાતું કરે ને? અહીં તો કહે છે, કર્મ જુદી ચીજ છે, આત્મા જુદી ચીજ છે. કર્મથી આત્મા જુદી ચીજ છે. શરીરથી તો જુદી છે પણ કર્મથી પણ જુદી ચીજ છે.

**'મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે...'** મતિજ્ઞાનાદિ પર્યાય છે પણ તેને વિભાવગુણ કહેવામાં આવ્યો છે. આહાહા..! કારણ કે સાથે રહે છે ને? મતિશ્રુત જ્ઞાન સાથે રહે છે ને? સાથે રહે છે એ અપેક્ષાએ ગુણ કહ્યો છે. સહવર્તી ગુણ. આમ તો સહવર્તી ત્રિકાળ અહીં એ નહિ. અહીં તો મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન સાથે રહે છે એ માટે એને સહવર્તી ગુણ કહેવામાં આવ્યો છે. સહવર્તી પણ વિભાવગુણ, હોં! વિભાવગુણો છે. આહાહા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તે વિભાવગુણો છે.

**'અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે;...'** આ નર શરીર, નારકીનું શરીર, દેવનું (શરીર) એ **'વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે;...'** આહાહા..! **'ગુણો સહભાવી હોય છે...'** આ ગુણો. આ, હોં! મતિજ્ઞાનાદિ વિભાવગુણ. એ મતિ અને શ્રુતજ્ઞાન સાથે હોય છે ને? એ અપેક્ષાએ વાત લીધી છે. **'મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે; અને ગુણો સહભાવી હોય છે અને પર્યાયો ક્રમભાવી હોય છે.'** નારકાદિ વ્યંજનપર્યાયો એક પછી એક ક્રમભાવી હોય છે. નહિતર ત્રિકાળ ગુણ જે છે એ સહભાવી છે. સહભાવી. વર્તમાન પર્યાય ક્રમભાવી છે. પણ અહીં અપેક્ષાથી મતિજ્ઞાનાદિ એકસાથે છે તેથી એને વિભાવગુણો કહ્યા અને સહભાવી કહ્યા. આહાહા..! કહો, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ વિભાવગુણ છે. ગુણ શબ્દે પર્યાય છે ત્યાં. એ પર્યાય છે પણ વિભાવપર્યાય છે. સમ્યક્ નથી. સમ્યક્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ સમ્યક્ જ્ઞાનીના ચાર છે. એ પણ વિભાવગુણમાં ગણવામાં આવ્યા છે. આહાહા..! કેમકે એ પર્યાય છે. પર્યાયનું લક્ષ છોડવા એ ચારેય વિભાવગુણપર્યાય કહીને તેનું લક્ષ છોડાવે છે. આહાહા..! ભગવાનઆત્મા એનાથી રહિત છે તેને જો ને! વિભાવગુણથી રહિત છે તે આત્મા છે. આહાહા..! અને વિભાવપર્યાય... આહાહા..!

**'પરમાત્મા આ બધાથી...'** આહાહા..! પરમાત્મા એટલે આ આત્મા, હોં! પરમાત્મા એટલે અરિહંત અને સિદ્ધના નહિ. **'પરમાત્મા આ બધાથી (વિભાવગુણો અને વિભાવપર્યાયોથી) વ્યતિરિક્ત છે.'** તદ્દન જુદો છે. આહાહા..! મતિજ્ઞાન સમ્યક્, હોં! સમ્યક્. શ્રુતજ્ઞાન સમ્યક્, એનાથી પણ એ વિભાવપર્યાય ગણીને ગુણ ગણ્યા. ભગવાન એનાથી ભિન્ન છે. કારણ કે આ એક સમયની પર્યાય છે અને આ વસ્તુ ત્રિકાળ સ્થિત છે. દ્રવ્ય ત્રિકાળ સ્થિત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એથી આત્મા એ વિભાવપર્યાય રહિત છે. આહાહા..! વિભાવગુણ કીધા.

**'ઉપરોક્ત નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત થતા ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત...'** વિભાવગુણ મતિજ્ઞાનાદિ પર્યાયથી જુદો. **'તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...'** આહાહા..! યાદ રહેવું મુશ્કેલ છે. કેટલું (યાદ રાખવું?) આ બધી ભાષા જુદી, ભાવ જુદા. સ્વભાવગુણપર્યાય અને વિભાવગુણપર્યાય એ ત્યાં સાંભળી ન હોય. આહાહા..! સ્વભાવગુણપર્યાય પોતે. પોતાનો જે સ્વભાવ છે તેનો ગુણ અને તેની નિર્મળ પર્યાયથી સંયુક્ત. આહાહા..! ભલે કારણપર્યાય લે અંદર. આ તો ગુણના ભેદરૂપી પર્યાય અને કારણપર્યાય. **'સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...'** એનાથી સહિત આત્મા છે. ઘણા બોલ આવ્યા. એક તો મતિજ્ઞાનાદિને વિભાવગુણ કહેવા. સમ્યક્જ્ઞાન, હોં! આહાહા..! કેવળજ્ઞાનને એકને જ સ્વભાવ કીધો છે. આ શું કહેવાય? આલોચના. નયનો અધિકાર છે ને? શું નામ? ગુણ ધર્મ નય, અને ધર્મ ગુણ... 'આલાપ પદ્ધતિ', 'આલાપ પદ્ધતિ'માં બધાને વિસ્તારથી ત્યાં લખ્યું.

**'સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...'** છે. પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન ને આનંદ અને એની પર્યાય કારણપર્યાય, એનાથી તે આત્મા સહિત છે. આહાહા..! મતિજ્ઞાનાનાદિ વિભાવથી પણ રહિત છે. સમ્યક્, હોં! મિથ્યાદર્શનની વાત જ નહિ. આ તો સમ્યક્ મતિજ્ઞાનાદિ પણ વિભાવગુણપર્યાય છે. આહાહા..! એનાથી રહિત આત્માનો સ્વભાવ છે. આમાં યાદ કેટલું રાખવું?

**'ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને...'** એવો જે આ આત્મા, એ ત્રિકાળ નિરાવરણ નિરંજન આત્મા છે. વસ્તુ જે છે એ ત્રિકાળ નિરાવરણ છે. આ તો પર્યાયમાં રાગનો સંબંધ છે. દ્રવ્યને કાંઈ સંબંધ છે જ નહિ. આહાહા..! ભગવાન નિત્યસ્વરૂપ ધ્રુવ નિત્ય છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ-નિરાવરણ. ક્યારે? અત્યારે. આહાહા..! આત્મા અંદર વસ્તુ છે, દેહના મંદિરમાં જુદો ચૈતન્યરત્ન ભગવાન (બિરાજે છે), એ ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..! **'ત્રિકાળ-નિરાવરણ નિરંજન...'** જેને અંજન-મેલ નથી. મતિજ્ઞાનાદિથી રહિત છે તો પછી વળી મેલ-ફેલ ક્યાંથી આવ્યો? આહાહા..! પહેલા આમાં પણ લીધું છે ને? કેવળજ્ઞાન એ સ્વભાવ છે. બીજા ચાર વિભાવ છે. પહેલા ધ્યાન અધિકારમાં, પહેલા અધિકારમાં લીધું. કેવળજ્ઞાન અને કેવળદર્શન બે સ્વભાવ છે. બાકી બધા વિભાવ (છે). એને કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે ને? આહાહા..! ક્ષયોપશમભાવ પણ વિભાવ. આહાહા..!

પરમ **'ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને...'** પરમાત્મા એટલે આ આત્માને. પરમાત્મા કેમ કીધું? પરમસ્વરૂપ એ. આત્મા એટલે સ્વરૂપ. પરમસ્વરૂપને **'ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી)...'** મન, વચન અને કાયાથી રહિત થઈ. ત્રણ ગુપ્તથી ગુપ્ત અંદર. આહાહા..! મન, વચન અને કાયાથી એ જણાય એવો નથી. દયા, દાન ને વ્રતના પરિણામથી જણાય એવો નથી. એ તો ત્રિકાળ ત્રિગુપ્તિથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુપ્ત છે. છે? **'ત્રિગુપ્તિગુપ્ત (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી)...'** આહાહા..!

**'પરમસમાધિ વડે...'** પરમસમાધિ. આ અન્યમતિના બાવા સમાધિ કરે એ નહિ. અંતરની શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય, વીતરાગી અકષાય શાંતિ. લોગસ્સમાં આવે છે ને? **'समाहिवरमुत्तमं दिंतु।'** લોગસ્સમાં આવે છે. **'समाहिवरमुत्तमं दिंतु।'** સમાધિ એટલે એ શાંતિ. પુણ્ય-પાપ રહિત આત્માની શાંત દશા એ સમાધિ છે. ઓલા બાવા સમાધિ કરે એ સમાધિ નહિ. આહાહા..! **'પરમસમાધિ...'** પાછું. **'પરમસમાધિ વડે જે પરમ શ્રવણ...'** આહાહા..! પરમ શબ્દ ખૂબ વાપરે છે. **'પરમસમાધિ વડે જે પરમ શ્રવણ સદા અનુષ્ઠાનસમયે...'** સદા પોતાના આચરણ સમયે **'વચનરચનાના પ્રપંચથી (–વિસ્તારથી) પરાઙ્મુખ...'** રહિત. આહાહા..! પડિક્કમણાના વચન બોલવા, એનાથી કહે છે, પરાઙ્મુખ છે. આહાહા..! પ્રતિક્રમણ બંધાયેલું છે અને એના વચનો છે, બોલવામાં જે શુભરાગ છે, એના પ્રપંચથી રહિત. આહાહા..! **'વચનરચનાના પ્રપંચથી (–વિસ્તારથી) પરાઙ્મુખ...'** જેમાં એ વચનની રચના જ નથી. જેમાં દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતનો, અનુકંપાનો પણ વિકલ્પ જેમાં નથી. એવો જે ભગવાન અંદર આત્મા.

એ **'પરમ શ્રમણ સદા અનુષ્ઠાનસમયે વચનરચનાના પ્રપંચથી (–વિસ્તારથી) પરાઙ્મુખ વર્તતો...'** વચનવિસ્તાર છોડી દઈને અંદરમાં આનંદમાં ઠરતો. આહાહા..! ત્યારે તેને આલોચના થાય. સંવર ત્યારે થાય. ધર્મનો ઉપાય સંવર ત્યારે થાય. આહાહા..! **'વર્તતો થકો ધ્યાવે છે,...'** પરથી પરાઙ્મુખ થઈને અંતરમાં ધ્યાવે છે, ધ્યાન કરે છે. આહાહા..! આનંદને ચૂસે છે. ધાવે છે ને? બાળક ધાવે છે ને? દૂધ. એમ આ આનંદને ધાવે છે. અંતરના અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે, એને એ પીવે છે. એને ધ્યાનમાં ધ્યાવે છે.

**'તે ભાવશ્રમણને...'** તેનું નામ ભાવસાધુ. આહાહા..! **'સતત નિશ્ચય આલોચના છે.'** એને નિરંતર-સતત આલોચના વર્તે છે. આહાહા..! સવારે કે સાંજે પડિક્કમણા કરવા અને એ વખતે સંવર, આલોચના છે... આહાહા..! એ તો વ્યવહાર છે. વ્યવહાર આવે ખરો. વ્યવહાર હોય છે. પણ આ છે **'તે ભાવશ્રમણને સતત નિશ્ચયઆલોચના છે.'**

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા...'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૧૯, શ્લોક-૧૫૨-૧૫૩, ગાથા-૧૦૮-૧૦૯, ગુરૂવાર, પોષ સુદ ૯, તા.૨૭-૧૨-૧૯૭૯**

---

'નિયમસાર' નીચે 'અમૃતચંદ્રાચાર્ય'નો શ્લોક છે..

**मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આલોચનાનો અધિકાર છે. આલોચના એટલે જાણવું, જોવું. જોવામાં રહેવું એ આલોચના. જ્ઞાનમાં રહેવું એનું નામ આલોચના એટલે સંવર. ગયા કાળનું પડિકમણું, વર્તમાન કાળના સંવર અને આવતા કાળના પચ્ચખાણ. પડિકમ્મણા, પચખાણ ગયા, હવે આ વર્તમાન વાત છે.

મોહના ઉદયથી **'મોહના વિલાસથી...'** આહાહા..! **'ફેલાયેલું જે આ ઉદયમાન (-ઉદયમાં આવતું) કર્મ...'** મોહકર્મના ઉદયથી ફેલાયેલો જે રાગાદિ કર્મ, **'તે સમસ્તને આલોચીને (–તે સર્વ કર્મની આલોચના કરીને),...'** આલોચીને એટલે એને છોડીને. આહાહા..! એક કોર ભગવાન કર્મરહિત, રાગરહિત એવા આત્મામાં અંતર આશ્રય કરીને, કર્મથી ફેલાયેલા વિકારને છોડીને **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય'નો 'સમયસાર'માં શ્લોક છે. ચૈતન્યમાત્ર **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** એમાં ક્યાંય શુભભાવ-અશુભભાવ આવ્યો નહિ. શુભ-અશુભભાવ એ બધો મોહકર્મનો વિસ્તાર છે. આત્માનો એ ફેલાવ નથી, એ કર્મનો ફેલાવ છે. પુણ્ય-પાપ, દયા-દાન આદિ અસંખ્ય પ્રકારના વિકાર શુભ અને અસંખ્ય પ્રકારના અશુભ એ કર્મનો વિસ્તાર છે. એ બધી કર્મની પ્રજા છે. આહાહા..! એને આલોચીને–એને જોઈને, એને જાણીને–હું મારા આત્મસ્વરૂપમાં કે જે સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ આત્મા (છે, તેમાં વર્તુ છું). ચૈતન્યસ્વરૂપ આત્મા છે. કોઈ વિકલ્પરૂપે કે રાગ કે દયા-દાન, વ્રતાદિરૂપે ભગવાનની ભક્તિ તે રૂપે આત્મા છે જ નહિ.

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** જે સ્વભાવ છે, એ સ્વભાવની પરિણતિથી જ. જે ચૈતન્યસ્વરૂપ છે એની પરિણતિથી. જે એમાં નથી એને લઈને જણાય નહિ. એમાં જે ચૈતન્ય જ્ઞાન-દર્શન સ્વભાવ છે. એ ચૈતન્ય આત્માને આત્માથી. આહાહા..! આત્માને **'આત્મામાં આત્માથી જ (–પોતાથી જ) નિરંતર વર્તું છું.'** આહાહા..! આત્મા ચૈતન્યસ્વરૂપ, વિકારના વિસ્તારથી રહિત અને પોતાના જ્ઞાનાદિના વિસ્તાર સહિત, એવો જે વિસ્તાર થાય તેમાં હું રમું છું, કહે છે. આહાહા..! એ શક્તિરૂપે જ્ઞાન-દર્શન અને આનંદ છે, એની પ્રતીતિ અને રમણતા દ્વારા જે અંદર વિકાસ થાય, તે ચૈતન્યદ્રવ્યનો વિકાસ છે. ચૈતન્યદ્રવ્યનો એ વિસ્તાર છે. એ વિસ્તારમાં હું રમું છું, કહે છે. છે?

**'આત્માથી જ (–પોતાથી જ) નિરંતર વર્તું છું.'** આહાહા..! લ્યો, આ પંચમઆરાના સાધુ. આવી વાત આકરી પડે. સાધુ કોને કહીએ? હજી પહેલા સમ્યગ્દર્શન શું એની ખબર નથી. આ તો સમ્યગ્દર્શન, રાગથી રહિત નિર્વિકલ્પ ચૈતન્ય, એના અનુભવમાં પ્રતીતિ અને પછી એમાં સ્થિરતા, એનું નામ ચારિત્ર છે. કહે છે, એ ચારિત્રમાં હું નિરંતર વર્તું છું. આહાહા..! લખવા વખતે એ કહે છે કે હું નિરંતર વર્તું છું, બોલવા વખતે કહે છે કે હું નિરંતર વર્તુ છું. અડધી પોણી સેકન્ડ થોડો ઉંઘમાં હોય, એ વખતે હું તો મારા નિવૃત્તમાં (–સ્વરૂપમાં વર્તું) છું. આહાહા..! જે સ્વરૂપને જાણી અને એમાં રમણતા થઈ, એ રમણતા ચોવીસ કલાક નિરંતર રહે છે, એમ કહે છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'નિરંતર વર્તું છું.'** એથી કીધું કે કર્મને લઈને વર્તું છું, કર્મ જરી ક્ષયોપશમ માર્ગ આપ્યો, માટે હું વર્તું છું એમ નથી. આહાહા..! મારા પુરુષાર્થથી જ, મારા આત્માના સ્વભાવથી, મારો જે ત્રિકાળ સ્વભાવ છે, એ સ્વભાવની પરિણતિથી હું આત્મામાં વર્તું છું. આહાહા..! ભાવ જ અલૌકિક છે! વ્યવહારના રસિકને આકરું પડી જાય એવું છે. આમાં કાંઈ વ્યવહાર કરવાનો આવતો નથી. વ્યવહાર કરે તો થાય એવું તો આવતું નથી. વ્યવહાર હોય છે. અહીં તો નિષેધ કરીને નિશ્ચયની સ્થિરતા એ આલોચના બતાવવી છે. હું તો નિરંતર એમાં વર્તું છું કહે. આહાહા..! આ તો ૯૦૦ વર્ષ પહેલા સાધુ થયા. એ પોતે કહે છે, નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી, આત્માથી, સ્વભાવમાં સ્વભાવથી, સ્વભાવ જે જ્ઞાન અને આનંદસ્વભાવ, એના આનંદ અને જ્ઞાનસ્વભાવથી વર્તું છું. આહાહા..! લ્યો, આનું નામ આલોચના, એનું નામ સંવર, એનું નામ સંવર-સંવર. આહાહા..!

બીજો શ્લોક. **'વળી ઉપાસકાધ્યયનમાં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) ક્હયું છે કે :–'**

**आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम्।।**

જે કાંઈ મેં **'કરેલા,...'** વિકારીભાવ, **'કરાવેલા અને અનુમોદેલા...'** આહાહા..! મારા આત્માના સ્વભાવ સિવાય જેટલા વિકલ્પો પરદ્રવ્ય સંબંધી થાય એ બધા કર્યા હોય, કરાવ્યા હોય, અનુમોદ્યા હોય, એ **'સર્વ પાપને કપટરહિતપણે...'** શુદ્ધ સ્વભાવ છે, અનંત અનાકુળ આનંદનો સાગર છે તેને હું કપટરહિત એટલે છે રીતે તેમાં જાવ છું. છે એ રીતે એમાં રહું છું. **'કપટરહિતપણે આલોચીને,...'** કપટરહિતપણે જોઈને, જાણીને. **'મરણપર્યંત રહેનારું,...'** આહાહા..! દેહ છૂટે ત્યાં સુધી રહેનારું. ક્ષણિક પણ નહિ. ત્યાં સુધી રહેનારું એ **'નિઃશેષ (–પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.'** આનું નામ મહાવ્રત. એ મહાવ્રત હોય ત્યાં સ્થિરતા હોય એમ કહે છે. મહાવ્રત એને હોય કે જેને સ્થિરતા હોય છે. મહાવ્રત તો વિકલ્પ છે. નિશ્ચયમહાવ્રત છે એ આત્માની સ્વરૂપ સ્થિરતા છે. વ્યવહાર મહાવ્રત છે એ સ્થિરતા સહિતની ભૂમિકામાં શુભ વિકલ્પ છે. પણ એ શુભ વિકલ્પ પણ કોને હોય? કહે છે. અંતરમાં નિશ્ચય દર્શન-જ્ઞાન થયું હોય અને સ્વરૂપની સ્થિરતા પણ થઈ હોય, અંતરમાં જામ્યો હોય, એને શુભ વિકલ્પનું મહાવ્રત હોય એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયવ્રત છે એ સ્વરૂપમાં ઠરવું. એ નિશ્ચયવ્રત એ સંવરનું કારણ છે. આહાહા..!

**'કપટરહિતપણે આલોચીને,..'** આહાહા..! શું કહે છે? સાધુપણાનો દેખાવ કરવો અને અંદરમાં રાગરહિત દશા (હોય) નહિ એ કપટસહિત છે, કહે છે. આહાહા..! આ તો કપટરહિત જેવો છે તેવો. આહાહા..! **'આલોચીને, મરણપર્યંત રહેનારું,...'** દેહ છૂટે ત્યાં સુધી રહેનારું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'નિઃશેષ (–પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.'** એ પરિપૂર્ણ મહાવ્રત ધારણ કરું છું, એમ પાછું. આહાહા..! નિશ્ચયથી મહાવ્રત સ્થિરતારૂપ છે. વ્યવહારથી મહાવ્રત વિકલ્પરૂપ છે.

'વળી (આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૧૫૨

**तथा हि -**

आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं-
शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे।
पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां
नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि।।१५२।।

[શ્લોકાર્થ :–] ઘોર સંસારનાં મૂળ એવા સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને હું નિરુપાધિક (-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ. ૧૫૨.

## શ્લોક–૧૫૨ ઉપર પ્રવચન

'વળી (આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–'

आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं-
शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे।
पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां
नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि।।१५२।।

**શ્લોકાર્થ :-** **'ઘોર સંસારનાં મૂળ...'** આહાહા..! **'ઘોર સંસારનાં મૂળ...'** પુણ્ય અને પાપના ભાવ, શુભભાવ અને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..! છે? **'સુકૃત અને દુષ્કૃતને...'** સુકૃત હોય–ભક્તિ, વંદના, મંદિર સ્થાપન, એની પ્રતિષ્ઠા, એનું વગેરે.. લાખો માણસો ભેગા થાય, એમાં ભગવાનની સ્તુતિ થાય, વંદન થાય એ બધા શુભભાવ સુકૃત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..!

મુમુક્ષુ :– ઘોર સંસારનું મૂળ તો શુભાશુભમાં રુચિ છે.

ઉત્તર :– એ બીજ જ સંસાર છે. શુભભાવ જ સંસાર છે, પોતે સંસાર છે. આ આકરી વાત છે.

જૈનધર્મ, જૈનધર્મ એ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. જૈનપણું એ વીતરાગભાવ છે. આત્મા વીતરાગસ્વભાવ જ છે. જૈનધર્મ એ કોઈ નવી ચીજ નથી. એ વસ્તુસ્વભાવ જ વીતરાગ છે. આત્મા આત્માથી, એમ આવ્યું હતું ને? વીતરાગ સ્વભાવ છે એ વીતરાગભાવથી પોતે પોતાને જાણે, રાગથી કે વિકલ્પથી એ જણાય નહિ. આહાહા..! ઘણી ધીરજ જોઈએ, ઘણી પ્રયત્નની ગરજ જોઈએ. આહાહા..! આવો અવસર ક્યારે આવે? એને મોંઘપ લાગવી જોઈએ. આહાહા..! અનંત કાળમાં ક્યાં ફરતાં? ક્યાં રખડતાં? ક્યાંથી આવીને ઉપજ્યા ? એનો એને ભવનો ભય હોવો જોઈએ. ભવના ભયનો ડર હોવો જોઈએ. એ આ વિચાર કરે છે.

શુભ અને અશુભ બેય. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ શુભભાવ (છે). એ સંસારનું મૂળ છે. કારણ કે તીર્થંકરપ્રકૃતિ બંધાય છે. ન્યાં પ્રકૃતિ બંધાય છે. સ્વભાવ એકત્વ થતો નથી. સ્વભાવની એકાગ્રતા ત્યાં નથી. ત્યાં તો પ્રકૃતિનો બંધ પડે છે. જે ભાવે બંધ પડે એ ધર્મ કેમ હોય? આહાહા..! સહન કરવું કઠણ પડે.

મુમુક્ષુ :– આમાં તો સ્પષ્ટ લખેલું છે પણ છેલ્લા ૨૦૦ વર્ષમાં કોઈ આવું સ્પષ્ટ કહી શક્યું નથી.

ઉત્તર :– બધાએ સ્પષ્ટ કરી નાખ્યું. આણે ચોખ્ખું કરી નાખ્યું. આ તો 'નિયમસાર' છે ને? 'સમયસાર' છે, 'પંચાસ્તિકાય' છે, 'અષ્ટપાહુડ' છે. બધે સ્પષ્ટ કરી નાખ્યું છે. વ્યવહારનો જ્યાં અધિકાર હોય ત્યાં વ્યવહારનું વર્ણન આવે. પણ એ બધું જાણવા માટે. એ ભૂમિકાએ આવું હોય એમ જાણવા માટે વ્યવહારે વ્યવહાર આદરણીય પણ કહેવાય. વ્યવહારે વ્યવહાર, વ્યવહારનય વ્યવહારે પૂજ્ય પણ કહેવાય. વ્યવહારે વ્યવહાર પૂજ્ય, નિશ્ચયથી નહિ. આહાહા..! 'પદ્મનંદિ' (આચાર્ય) છે. વ્યવહારનયને વ્યવહારથી પૂજ્ય કહેવાય, નિશ્ચયથી તો છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– બેમાં સાચી વાત કઈ?

ઉત્તર :– બેય સાચી છે. છે એમાં એમ સાચી છે. છે. પણ એનાથી થાય એ વાત ખોટી છે. નિશ્ચય પણ છે અને અધૂરો હોય ત્યારે વ્યવહાર પણ છે. છે એ બેય સાચા છે. છે એમાં એટલું. છે અપેક્ષાએ સાચા છે. પણ વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ખોટી છે. આહાહા..! આવી વાત છે.

એટલે અહીંયાં કહ્યું. પાઠમાં પાઠ છે ને? જુઓને! **'સુકૃત અને દુષ્કૃત...'** એવો પાઠ છે. સુકૃત અને અસુકૃત. શુભભાવ અને અશુભભાવ. આહાહા..! ભગવાનની માળા ગણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધો શુભભાવ છે, ધર્મ નથી. એ શુભ હોય કે અશુભ હોય, બેય ઘોર સંસારનું મૂળ (છે). આહાહા..! શુભભાવથી પુણ્ય બાંધીને કયાં જશે? ત્યાં પછી પાપ બાંધીને ક્યાં જશે? આહાહા..! નરક ને નિગોદમાં... આહાહા..! પછી તો ક્યાંય પત્તો નહિ ખાય. મનુષ્યપણે તેને સાંભળવાનું મળે, વિચારવાનું મળે. ત્યાં તો પછી ચાર ગતિમાં રખડવું (છે). આહાહા..! તિર્યંચના અવતાર, સિંહના, વાઘના (અવતાર), મરીને પાછા નરકમાં જાય. આહા..! દુનિયાની સિફારીશ ત્યાં કામ ન આવે. કે અમને બહુ માનતા હતા અને વખાણતા હતા માટે અમે કાંઈક સારા છીએ. એમ કામ ન આવે. આહાહા..!

**'સુકૃત અને દુષ્કૃત...'** શુભભાવ અને અશુભભાવ બેય ઘોર સંસારનું મૂળ (છે). સંસારમાં રખડવાનું મૂળ. શરીર સંસાર છે, રાગ સંસાર છે અને એ શુભભાવ મારો છે એવો મિથ્યાત્વ એ સંસાર છે. આહાહા..! એની વાત છે ને? અહીં એ વાત કરવી છે. **'સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને...'** આહાહા..! સુકૃતને અને દુષ્કૃતને જોઈને, જાણીને... આહાહા..! કે આ શુભ છે અને આ અશુભ છે. એ બેયને જાણીને **'હું નિરુપાધિક...'** હું તો એ શુભ-અશુભરહિત નિરુપાધિક છું. શુભ અને અશુભભાવ તો ઉપાધિ છે, મેલ છે, બંધનું કારણ છે. આહાહા..!

**'હું નિરુપાધિક (-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને...'** નિરુપાધિક ગુણવાળો શુદ્ધ આત્મા, અંદર પવિત્ર પ્રભુ પુણ્ય અને પાપના પરિણામથી રહિત (મોજૂદ છે). આહાહા..! કેમ બેસે? હજી તો શરીરથી જુદો છે કે નહિ, એ વાત પણ બેસવી કઠણ પડે. શરીર અને આત્મા એક થઈને બેઠો છે અંદર. શરીર ચાલે તો આત્મા ચાલે છે. શરીર બોલે તો આત્મા બોલે, શરીરમાં દુઃખ થાય તો મને થાય, શરીરમાં રોગ થાય તો મને રોગ થાય. એ શરીરની દશાને જે આત્મા માને હવે એને રાગ વિનાનો આત્મા (કેમ બેસે?). આહાહા..! એને અવસર ઘણો જોઈએ. પુરુષાર્થનો નિવૃત્તિનો (ઘણો જોઈએ). આહાહા..!

**'હું નિરુપાધિક (સ્વાભાવિક)...'** નિરુપાધિકની વ્યાખ્યા કરી. **'(-સ્વાભાવિક) ગુણવાળા...'** ઓલા શુભ અને અશુભભાવ એ સ્વાભાવિક નથી. એ વિભાવિક છે. શુભ અને અશુભભાવ એ વિભાવિક. આ **'(-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું.'** શુદ્ધ આત્માને... આહાહા..! પવિત્ર આત્મા આનંદનો નાથ મહાપ્રભુ આનંદનો અતીન્દ્રિય સાગર ભર્યો છે. એને અતીન્દ્રિય આનંદના નાથને, અતીન્દ્રિય આનંદથી... આહાહા..! **'આત્માથી જ અવલંબું છું.' 'શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું.'** રાગથી આત્માને અવલંબાય નહીં અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી આત્માનું અવલંબન ન લેવાય. એ તો વિકાર છે. આહાહા..! અત્યારે તો શુભભાવ, બસ. શુભભાવ... શુભભાવ... શુભભાવ... ધમાલ-ધમાલ મોટી. અહીં તો કહે છે, અંદરમાં સમાઈ જવાની વાત છે. બહારમાં જેટલા વિકલ્પ ઊઠે એ બધા બંધના કારણ છે. આહાહા..! ચાહે તો મંદિર બનાવે, લાખ, પચાસ લાખ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરોડ ખર્ચે. એમાં રાગની મંદતા હોય તો શુભ છે, પુણ્ય છે. ધર્મ-બર્મ નહિ. એનાથી ધર્મ થતો નથી. આહાહા..! આકરી વાત છે. પછી...

**'આત્માને આત્માથી જ અવલંબું છું.'** આત્માને આત્માથી એટલે વીતરાગભાવથી. એમ. રાગભાવથી નહિ. વીતરાગસ્વરૂપને વીતરાગભાવથી અવલંબું છું. આહાહા..! આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. ત્રિકાળી વીતરાગ ચૈતન્યની પ્રતિમા છે, એને હું વીતરાગભાવથી નમું છું. આહાહા..! તેને અવલંબું છું. વીતરાગભાવને વીતરાગભાવથી અવલંબું છું. આહાહા..! વીતરાગભાવને રાગથી અવલંબન થાય, એમ બનતું નથી. આહાહા..! આવું આકરું કામ. હજી તો શુભને માટે નિવૃત્તિ મળે નહિ. એને ઠેકાણે અહીં કહે છે કે શુભ કરે એ સંસાર છે. એ આત્મા નહિ. એ તો ઉપાધિ છે. ઉપાધિ એટલે સ્વભાવ નહિ. આહાહા..! એટલે આત્મા અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન વીતરાગમૂર્તિ નિર્વિકલ્પસ્વરૂપ, તેને હું અવલંબું છું.

**'આત્માને આત્માથી જ...'** પોતે વીતરાગભાવને વીતરાગભાવથી જ. જુઓ! **'થી જ...'** છે. એકાંત છે. કથંચિત્ રાગથી પણ આત્માને અવલંબે અને કથંચિત્ વીતરાગભાવથી આત્માને અવલંબે, એમ કથંચિત્ નથી. ઘણા વખતથી ઇ ચાલે છે ને. કથંચિત્ રાગથી પણ થાય, કથંચિત્ વીતરાગતાથી થાય. અહીં કહે છે કે આત્માને આત્માથી જ. આહાહા..!

**'પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને...'** દ્રવ્યકર્મ અને ભાવકર્મને નાશ પમાડી. **'પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિ...'** ૧૪૮ (પ્રકૃતિ). **'અત્યંત નાશ પમાડીને...'** ફરીને પ્રકૃતિ આવે નહિ, બંધાય નહિ એ રીતે. **'સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.'** આહાહા..! આત્માને આત્માથી અવલંબતા... આહાહા..! દ્રવ્યકર્મનો નાશ કરી અને હું સહજ જ્ઞાનવિલસતી જ્ઞાનલક્ષ્મી આત્માની અંદર ભરી છે, જ્ઞાન જ્ઞાનસ્વરૂપ અંદર પૂર્ણ ભર્યું છે. એ **'જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.'** એમ નિશ્ચય કર્યો છે. હું પામીશ. મુનિ છદ્મસ્થ છે. પંચમઆરાના છે. આહાહા..! આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદ, એ અતીન્દ્રિય આનંદની દશાથી અતીન્દ્રિય આનંદ જણાય એવો છે. ઇન્દ્રિયના વિષય અને રાગથી તે જણાય એવો નથી. આહાહા..!

એથી કહે છે, હું તો દ્રવ્યકર્મનો નાશ કરી, સમસ્ત પ્રકૃતિનો અત્યંત નાશ (કરી). અત્યંત નાશ પાછો. બધી પ્રકૃતિનો અને અત્યંત નાશ પમાડીને, મૂળમાંથી ઉખેડી નાખીને **'સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને...'** સહજ સ્વરૂપ જ્ઞાન અને આનંદલક્ષ્મી ભગવાનમાં ભરી છે. એને **'હું પામીશ.'** આ આલોચના. આહાહા..! અંદરમાં નિધાન ભર્યું છે. આત્મા એટલે અંતર આનંદ અને જ્ઞાનનું નિધાન છે. એ નિધાન ઉપર નજર જતાં સ્થિરતા થાય છે, તેમાં હું રહીશ. આહાહા..! એમ કહે છે. રાગાદિ જે થાય એને હું છોડી દઉં છું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા–૧૦૮

आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य।
चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए।।१०८।।

आलोचनमालुंछनमविकृतिकरणं च भावशुद्धिश्च।
चतुर्विधमिह परिकथितं आलोचनलक्षणं समये।।१०८।।

आलोचनालक्षणभेदकथनमेतत्।

भगवदर्हन्मुखारविन्दविनिर्गतसकलजनताश्रुतिसुभगसुन्दरानन्दनिष्यन्द्यनक्षरात्मकदिव्यध्वनि-परिज्ञानकुशलचतुर्थज्ञानधरगौतममहर्षिमुखकमलविनिर्गतचतुरसन्दर्भगर्भीकृतराद्धान्तादि-समस्तशास्त्रार्थसार्थसारसर्वस्वीभूतशुद्धनिश्चयपरमालोचनायाश्चत्वारो विकल्पा भवन्ति। ते वक्ष्यमाणसूत्रचतुष्टये निगद्यन्त इति।

---

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

અન્વયાર્થ :– [ इह ] હવે, [ आलोचनलक्षणं ] આલોચનાનું સ્વરૂપ [ आलोचनम् ] [1]આલોચન, [ आलुंछनम् ] [2]આલુંછન, [ अविकृतिकरणम् ] [3]અવિકૃતિકરણ [ च ] અને [ भावशुद्धिः च ] [4]ભાવશુદ્ધિ [ चतुर्विधं ] એમ ચાર પ્રકારનું [ समये ] શાસ્ત્રમાં [ परिकथितम् ] કહ્યું છે.

ટીકા :– આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.

ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો, (શ્રવણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ, તેના પરિજ્ઞાનમાં કુશળ ચતુર્થજ્ઞાનધર (મનઃપર્યયજ્ઞાનધારી) ગૌતમમહર્ષિના મુખકમળથી

---

૧. પોતે પોતાના દોષો સૂક્ષ્મતાથી જોઈ જવા અથવા ગુરુ પાસે પોતાના દોષોનું નિવેદન કરવું તે વ્યવહાર-આલોચન છે. નિશ્ચય-આલોચનનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે.
૨. આલુંછન = (દોષોનું) આલુંચન અર્થાત્ ઉખેડી નાખવું તે
૩. અવિકૃતિકરણ = વિકારરહિતતા કરવી તે
૪. ભાવશુદ્ધિ = ભાવોને શુદ્ધ કરવા તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નીકળેલી જે ચતુર વચનરચના, તેના ગર્ભમાં રહેલા રાદ્ધાંતાદિ (–સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે. તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.**

## ગાથા–૧૦૮ ઉપર પ્રવચન

ગાથા-૧૦૮.

**आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य।**
**चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए।।१०८।।**
**આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,**
**—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.**

'**ટીકા :– આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.**' આત્મા સિવાય પરવસ્તુ કેવી છે એને જોવું, જાણવું. એ પોતાના સ્વરૂપનું જ્ઞાન થતાં, બીજી ચીજને એ જાણે-દેખે. એમાં રહે નહિ, ઠરે નહિ. ઠરે આત્મામાં. એનું નામ અહીંયાં આલોચના છે, એનું નામ સંવર છે. એ '**આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.**'

'**ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...**' આહાહા..! મુનિરાજ પોતે કહે છે, '**ભગવાન અર્હંતના મુખારવિંદ...**' મુખરૂપી અરવિંદ–કમળ. ભગવાન અર્હંતના મુખરૂપી કમળથી '**નીકળેલો (શ્રવણ માટે આવેલ)...**' આહાહા..! '**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...**' આહાહા..! સર્વજ્ઞની વાણી હોય એ સૌભાગ્ય પ્રાણી હોય એને મળે. આહા..! ભાગ્યવંતને મળે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની જે વાણી–ૐ ધ્વનિ–દિવ્યધ્વનિ–એ તો ભાગ્યવાનને મળે, એમ કહે છે. આહાહા..!

એવો જે, '**સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' આહાહા..! સુંદર આનંદઝરતો... આહાહા..! વાણી, હોં! દિવ્યધ્વનિ. આનંદમાં આનંદનું લખાણ આવે ને. આનંદનું કથન આવે છે ને? એટલે '**(સુંદર આનંદઝરતો), અનક્ષરાત્મક...**' અક્ષર જેમાં નથી. આપણે જે ભાષા બોલાય એ નહિ, ત્યાં ૐ ધ્વનિ છે. 'ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આખા શરીરમાંથી ૐ છૂટે, ૐ. હોઠ બંધ હોય, કંઠ હલે નહિ. ૐ એવો અવાજ (નીકળે). કેવો છે ૐ? અનક્ષરાત્મક. અક્ષરસ્વરૂપ નથી. ૐ છે એ અનઅક્ષર છે. એવી '**દિવ્યધ્વનિ,...**' એવી ભગવાનની દિવ્યધ્વનિ... આહાહા..! સાક્ષાત્ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ-અવાજ. આહાહા..!

'**મુખારવિંદથી નીકળેલો (શ્રવણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય...**'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જનતાને સાંભળવા મળતું હોય એ સૌભાગ્ય છે, કહે છે. આહાહા..! **'મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર–આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...'** આહાહા..! અક્ષરધ્વનિમાં આનંદનું સ્વરૂપ આવે છે, એમ કહે છે. દિવ્યધ્વનિમાં અને શ્રોતાને પણ એ રીતે અતીન્દ્રિય આનંદ આત્મા, એની વાત કરે છે. મુખ્યપણે આનંદની ધ્વનિ છે. દિવ્યધ્વનિ એ મુખ્ય આનંદની ધ્વનિ છે. અને સાંભળનાર પણ એમાંથી તારવીને આનંદને તારવે છે. ભગવાન અતીન્દ્રિય આનંદ કરાવવા માગે છે. આહાહા..! બીજી બધી વાત કાઢી નાખી.

**'સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...'** આહાહા..! એવી જે વાણી, એ વાણીને અહીંયાં આનંદસ્યંદી કીધી. કેમકે એ તો નિમિત્ત છે પણ સાંભળનારને અતીન્દ્રિય આનંદ પોતાથી પ્રગટે છે એથી નિમિત્તને પણ અનંત-આનંદસ્યંદી એમ છે. એ અનંત આનંદ દેનારી વાણી છે, એમ કહ્યું. આહાહા..! અને એના સાંભળનારનું સૌભાગ્ય છે. એ આત્માની વાણી સાંભળવી એ તો સૌભાગ્યવંતને મળે છે, કહે છે. આહાહા..!

**'સુંદર-આનંદસ્યંદી, અનક્ષરાત્મક...'** ભગવાનને આવી વાણી ન હોય. કેવળ થાય એટલે હોઠ બંધ હોય, કંઠ હલે નહિ. ૐ ધ્વનિ આખા શરીરમાંથી નીકળે. ૐધ્વનિ શરીરમાંથી નીકળે. એને અહીંયાં અનક્ષરાત્મક કીધી છે. એ દિવ્યધ્વનિ.

**'તેના પરિજ્ઞાનમાં કુશળ...'** દિવ્યધ્વનિના પરિ એટલે સમસ્ત પ્રકારે જ્ઞાનમાં કુશળ. આહાહા..! એવા જ્ઞાનમાં કુળશ **'ચતુર્થજ્ઞાનધર...'** ચાર જ્ઞાનના ધરનારા. **'(મનઃપર્યયજ્ઞાનધારી)...'** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન (એ) ચાર જ્ઞાનના ધરનારા. **'ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી...'** આહાહા..! ગૌતમમહર્ષિ સંત-મુનિ, એના મુખકમળથી નીકળેલી **'જે ચતુર વચનરચના,...'** 'ગૌતમે' રચના કરીને? 'ૐ ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ...' વાણીમાંથી આગમ રચે, એ આગમ સાંભળીને 'ભવ્યજીવ સંશય નિવારે.' આહાહા..! એવા જે **'ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી જે ચતુર વચનરચના, તેના ગર્ભમાં રહેલા રાદ્ધાંતાદિ (–સિદ્ધાંતાદિ)...'** એની વાણીમાં રહેલા સિદ્ધાંત. આહાહા..! દ્રવ્યાનુયોગાદિના સિદ્ધાંતો એની વાણીમાં રહ્યા છે. જે વસ્તુ સિદ્ધ થઈ ગઈ છે, સિદ્ધ છે, સત્ય છે, બરાબર છે એવા સિદ્ધાંતો તેની વાણીમાં નીકળે છે.

**'સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સાર...'** આહાહા..! ચારે અનુયોગના શાસ્ત્રોના અર્થસમૂહ. એના અર્થનો સમૂહ બધો. એનો **'સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના...'** આહાહા..! શુદ્ધ નિશ્ચય આત્માનું આલોચન. અંતર્મુખ પ્રભુને જોવા માટેનું અને રાગને ભિન્ન પાડવાનું આલોચન. ધર્મીને **'શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો (કહ્યા) છે.'** ભગવાનના મુખેથી નીકળેલું છે અને ગૌતમે આ રચ્યું છે. આલોચનાના ચાર પ્રકાર. **'તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.'** આહાહા..!

નીચે છે ને? **'પોતે પોતાના દોષો સૂક્ષ્મતાથી જોઈ જવા અથવા ગુરુ પાસે પોતાના**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**દોષોનું નિવેદન કરવું તે વ્યવહાર-આલોચન છે.'** એ વિકલ્પ છે અને શુભભાવ છે. આહાહા..! પોતાના દોષોનું ગુરુ પાસે પ્રાયશ્ચિત લેવું, આલોચના કરવી એ વ્યવહાર છે. **'નિશ્ચય-આલોચનાનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે.'** અંદર આગળ આવશે. ૧૦૮ પછી. નિશ્ચય આલોચના તો અંદરનું સ્વરૂપ (છે). વાત એ છે કે સારમાં સાર ચૈતન્યતત્ત્વ છે. એ તત્ત્વની જેને મહિમા નથી એને આ પુણ્ય અને પાપની મહિમા અને એના ફળની, બહારની સામગ્રીની મહિમા (છે). એમાં એ ઘૂંચવાઈ ગયો છે. અંદરની વાત એક કોર રહી ગઈ. આત્મા પોતે જે મહાપ્રભુ અંદર છે, એની પ્રભુતા અંદર રહી ગઈ અને મહિમા આપી પરમાં, કાં પુણ્યમાં, કાં પાપમાં, કાં પુણ્યફળમાં. આ મહારાજા છે, મહારાણી છે, શેઠિયા છે, શેઠિયાની વહુ છે. એવા બધા ભિખારાને મહાત્મ્ય આપ્યા અને બાદશાહને ભિખારી માન્યો. આહાહા..! પૈસાવાળા હોય, આબરૂવાળા હોય તો ઓ..હો..હો..! ભારે આબરુ! ભારે પૈસાવાળા છે!

આ તો **'સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે. તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.'** કળશ છે. કળશ છે ને?

---

[હવે આ ૧૦૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

## શ્લોક–૧૫૩

(इंद्रवज्रा)

आलोचनाभेदममुं विदित्वा
मुक्त्यंगनासंगमहेतुभूतम्।
स्वात्मस्थितिं याति हि भव्यजीवः
तस्मै नमः स्वात्मनि निष्ठिताय।।१५३।।

[શ્લોકાર્થ :–] મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને જે ભવ્ય જીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે, તે સ્વાત્મનિષ્ઠિતને (–તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો. ૧૫૩.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૫૩ ઉપર પ્રવચન

आलोचनाभेदममुं विदित्वा
मुक्त्यंगनासंगमहेतुभूतम् ।
स्वात्मस्थितिं याति हि भव्यजीवः
तस्मै नमः स्वात्मनि निष्ठिताय ।।१५३।।

આહાહા..! **'મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત...'** આહાહા..! મોક્ષ એટલે આત્માની નિર્મળ આનંદદશા. નિર્મળ અતીન્દ્રિય આનંદની દશા એ મોક્ષ. એ મોક્ષ એ મુક્તિરૂપી સ્ત્રી. મોક્ષરૂપી સ્ત્રી. ક્યાંથી આવ્યો? પ્રકાશ આવ્યો? ઉપરનો આવ્યો? તડકામાં આવ્યો. તડકાનો પ્રકાશ દેખાય.. કુદરતના તડકે. બહુ ચોખ્ખું દેખાય.

**'મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત...'** અતીન્દ્રિય આનંદનો નાથ તે મોક્ષ. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ આત્માનો સ્વભાવ, તે અતીન્દ્રિય આનંદની વ્યક્તતા-પ્રગટતાનો લાભ તે મોક્ષ. એવા મોક્ષના મોક્ષરૂપી સ્ત્રી, એનો સંગમ એટલે સંયોગ, એના હેતુભૂત. એનો મોક્ષલક્ષ્મીનો સંબધ થવો, એનો **'હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને જે ભવ્યજીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે,...'** ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે. બધું જાણીને કરવાનું પાછું આ છે. અંતર ચૈતન્યહીરો, ચૈતન્યરૂપી માણેક મહા છે. આહાહા..! એવા ચૈતન્ય હીરા ઉપર સ્થિતિ કરીને... આહા..! સ્થિતિ પામે છે.

**'જે ભવ્ય જીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે, તે સ્વાત્મનિષ્ઠિતને...'** નિજાત્મામાં લીન ભવ્યજીવને નિષ્ઠિતને **'સ્વાત્માનિષ્ઠિતને (–તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો.'** આ મુનિરાજને પણ પ્રમોદ આવ્યો છે. અહો...! જે કોઈ અંતર આત્મા આનંદસ્વરૂપ, એમાં જે સ્થિતિ પામ્યા છે. આહાહા..! અને એના હેતુભૂત આલોચના કરીને નિજ આત્મામાં સ્થિતિ પામે છે તેને અમારો નમસ્કાર! આહાહા..! અલૌકિક વાત છે. આહાહા..! અહીં શુભની તો આમાં વાત પણ નથી. વાત છે એ આવી કે સુકૃત છે એ સંસારનું કારણ છે. કેટલાક પંડિતો એ કહે છે કે, જરી શુભ કરો. ચરણાનુયોગમાં એને કરવાનું આવે છે. એ કરવાનું કહ્યું છે એ તો અંદર આવે છે એ જાણવા માટે. વ્યવહારે જાણવા માટે કહ્યું છે. આહાહા..! ભગવાન પરમાનંદની મૂર્તિ અંદર, એને તો વ્યવહાર સ્પર્શતો પણ નથી. વ્યવહારને નિશ્ચય અડતો પણ નથી. નિશ્ચયમાં વ્યવહારનો તો અભાવ છે. જે ચીજનો અભાવ છે તેના ભાવથી આત્માને શું થાય? જે ભાવનો આત્મામાં અભાવ છે, એ ભાવથી આત્માને શું લાભ થાય? જે ભાવનો ભાવ અંતરમાં છે એ ભાવથી આત્માને લાભ થાય. આત્માનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ વીતરાગભાવ છે, આનંદભાવ છે. એ કીધું ને? આનંદ કીધો ને? અનંત આનંદ નિષ્ઠિતને. આહાહા..! **'સ્વાત્મનિષ્ઠિતને (–તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો.'** આહાહા..! એવા મુનિરાજને અમે નમસ્કાર કરીએ છીએ.

પહેલા આવ્યું હતું ને? સુંદર આનંદસ્યંદિ. સુંદર આનંદસ્યંદિ. સુંદર આનંદઝરતો. ઓહોહો..! જેમ ડુંગરમાંથી પાણી ઝરે એમ ભગવાન ઉપર દૃષ્ટિ આપતા આનંદ ઝરે, એમ કહે છે. આત્મા ત્રણલોકનો નાથ અંદર ભગવાન પોતે, એના ઉપર નજર આપતા આનંદ ઝરે. ડુંગર ઉપર પાણી પડતા પાણી ઝરે. આ ભગવાનઆત્મા પણ અતીન્દ્રિય આનંદનો ડુંગર છે. અરે..રે..! આહાહા..!

અરે..! એની દશા. એક લીલ-ફૂગમાં જાય, ફૂગમાં જાય. લીંબડાની એક કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ. પણ એ ભલે અવગાહન નાની હોય, પણ એ તત્ત્વ આત્મા છે કે નહિ? ફૂલ કે લસણ કે ડુંગળીની એક રાય જેટલી કટકી લ્યો, એમાં અસંખ્ય તો શરીર છે. એક એક શરીરમાં અનંતા અનંતા જીવ છે. એક એક જીવને કાર્મણ અને તૈજસ શરીર બે છે. એ જીવની અનંતી શક્તિ છે. ક્ષેત્રથી નાનું છે. સ્વભાવને ક્ષેત્રની જરૂર નથી. સ્વભાવને ભાવની સામર્થ્યતાની જરૂર છે. આહાહા..! એકેન્દ્રિય જીવ પણ અનંત સામર્થ્યવાળા છે. એ તો આવી ગયું ને? બધે આત્મા જ છે. પર્યાય છોડી દે તો બધે આત્મદ્રવ્ય તો એવો ને એવો ત્રિકાળ રહ્યો છે. ભલે લીલ-ફૂગમાં ગયો હોય કે એક કીડીમાં ગયો અને કષાયખાનામાં ગયો હોય. હજારો ભેંસો કાપતા કારખાનામાં (ગયો હોય). એ બધું પર્યાયમાં છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ અંદર આખું પડ્યું છે. આહાહા..! કઈ રીતે વાત બેસાડવી? એક સમયની પર્યાય, એમાં એ બધા પાપ અને પુણ્ય છે ને બધા છે. વસ્તુ છે એ તો તદ્દન પાપ અને પુણ્યથી નિરાળી ચૈતન્યધાતુ મુખ્ય વસ્તુ છે. આહાહા..!

## ગાથા–૧૦૯

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं।**
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं।।१०९।।**

**यः पश्यत्मात्मानं समभावे संस्थाप्य परिणामम्।**
**आलोचनमिति जानीहि परमजिनेन्द्रस्योपदेशम्।।१०९।।**

**इहालोचनास्वीकारमात्रेण परमसमताभावनोक्ता।**

**यः सहजवैराग्यसुधासिन्धुनाथडिंडीरपिंडपरिपांडुरमंडनमंडलीप्रवृद्धिहेतुभूतराकानिशीथिनीनाथः सदान्तर्मुखाकारमत्यपूर्वं निरंजननिजबोधनिलयं कारणपरमात्मानं**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



निरवशेषेणान्तर्मुखस्वस्वभावनिरतसहजावलोकनेन निरन्तरं पश्यति; किं कृत्वा? पूर्वं निजपरिणामं समतावलंबनं कृत्वा परमसंयमीभूत्वा तिष्ठति; तदेवालोचनास्वरूपमिति हे शिष्य त्वं जानीहि परमजिननाथस्योपदेशात् इत्यालोचनाविकल्पेषु प्रथमविकल्पोऽयमिति।

સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના-જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.

અન્વયાર્થ :- [ यः ] જે (જીવ) [ परिणामम् ] પરિણામને [ समभावे ] સમભાવમાં [ संस्थाप्य ] સ્થાપીને [ आत्मानं ] (નિજ) આત્માને [ पश्यति ] દેખે છે, [ आलोचनम् ] તે આલોચન છે. [ इति ] એમ [ परमजिनेन्द्रस्य ] પરમ જિનેંદ્રનો [ उपदेशम् ] ઉપદેશ [ जानाहि ] જાણ.

ટીકા :- અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.

સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને તેની ઉજ્જવળતા વધારનાર) જે જીવ સદા અંતર્મુખાકાર (-સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત કારણપરમાત્માને નિરવશેષપણે અંતર્મુખ નિજ સ્વભાવનિરત સહજઅવલોકન વડે નિરંતર દેખે છે (અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે છે-અનુભવે છે); શું કરીને દેખે છે? પહેલાં નિજ પરિણામને સમતાવલંબી કરીને, પરમસંયમીભૂતપણે રહીને દેખે છે; તે જ આલોચનાનું સ્વરૂપ છે એમ, હે શિષ્ય! તું પરમ જિનનાથના ઉપદેશ દ્વારા જાણ.-આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો.:]

## ગાથા-૧૦૯ ઉપર પ્રવચન

૧૦૯-ગાથા.

जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं।
आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं।।१०९।।

સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના-જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.

જિનવરવૃષભનો ઉપદેશ આ છે. આહાહા..! મુનિઓને પણ એમ લખવું પડે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'કુંદકુંદાચાર્ય'ને. મુનિ પોતે કહે એ સત્ય છે પણ દુનિયાને આસ્થા કરાવવા (કહે છે), **'परमजिणंदस्स उवएसं'** – આ ઉપદેશ પરમ જિનેન્દ્રનો છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ, એનો આ ઉપદેશ છે. આહાહા..! અભ્યાસ નહિ એટલે એને આકરો લાગે. છતાં કહે છે, ઉપદેશ તો જિનવરનો છે. એ કાંઈ સાધારણ છદ્મસ્થનો નથી. આહાહા..!

**'અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી...'** આલોચના એટલે અંદર આત્માનું આનંદ સ્વરૂપ અને રાગનું દુઃખ સ્વરૂપ, બેની આલોચના કરતાં–બેને ભિન્ન પાડતા. આહાહા..! **'આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.'** પરમસમતાભાવ. આહાહા..! રાગના વિકલ્પથી ભિન્ન એવી સમતા. રાગ તો વિષમ છે. એનાથી ભિન્ન અંતર પરમાત્માને, પોતે પરમાત્મ છે, એનું અવલોકન કરતા સમતાભાવ પ્રગટે છે. તો એ સમતાભાવના કહેવામાં આવે છે. આલોચનામાં સમતાભાવ કહેવામાં આવે છે. અહીં સમતા શુદ્ધ ઉપયોગરૂપે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમતા સામ્યરૂપ છે. સમતા સ્વાસ્થ્યરૂપ છે. આત્માનું સ્વાસ્થ્ય નિરોગતા. રાગાદિ તો આત્માનો રોગ છે. આહાહા..! સ્વાસ્થ્ય. રાગના રોગરહિત અંદર ભગવાનઆત્મા સ્વાસ્થ્ય છે. સ્વસ્થ પોતામાં રહેનારું સ્વરૂપ છે અને શુદ્ધ ઉપયોગી છે. આહાહા..!

**'સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત...'** આહાહા..! ભાષા. **'પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને તેની ઉજ્જવળતા વધારનાર) જે જીવ સદા અંતર્મુખાકાર (–સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત કારણપરમાત્માને...'** અહીં છે મૂળ. અહીં લઈ જવું છે બધાને. **'સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ...'** દરિયામાં જેમ ફીણ હોય છે ને? શું કહે છે? શું કહેવાય એને? અંબર.. અંબર... અંબર... અંબર કહેવાય. ૪૦-૫૦-૬૦ રૂપિયાનો તોલો. આખું ચાર મણ આપે નહિ તો એક વાડીયું આપે તો દેતા. 'વાડીભાઈ'. 'વાડીભાઈ', 'નથુભાઈ' 'પોરબંદર'વાળા. એ જાય રસ્તામાં ઓલા મળે અંબરવાળા. મણ, બે મણ લાવે. એને વાડીયું આપે. ખજૂરનું વાડીયું. ખુશી ખુશી થાય. ૫૦-૬૦ રૂપિયાનો એક તોલો. એવું એક વાડીયું ચાર મણનું હોય. એની કિંમત. બે મણ, ચાર મણ ફીણ લઈ આવે અને એ આપતા. પેલા દેનારા ખુશી થતા. ઓ..હો..! શેઠે બહુ સારુ આપ્યું. કિંમત ન મળે કે આ ચીજ શું છે? અંબર ચીજ છે. અંબર કહેવાય છે એને. એ ફીણ અંબર હોય છે. આહાહા..!

એમ અહીંયાં **'સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ...'** આહાહા..! **'સહજવૈરાગ્યરૂપી...'** એટલે સહજ વૈરાગ્ય કેમ કહ્યો? કે બાયડી, છોકરા છોડીને સાધુ થાય માટે વૈરાગી છે એમ નથી. એવા તો અનંત વાર કર્યા. પુણ્ય અને પાપના બે ભાવને છોડીને રક્ત થઈને વિરક્ત થાય, એને વૈરાગી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? સહજ સ્વભાવિક વૈરાગ્ય એમ કીધું છે ને? ઓલો તો કૃત્રિમ વૈરાગ્ય છે. સ્મશાન વૈરાગ્ય કહે છે ને? સ્મશાન વૈરાગ્ય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માણસ બાળે ત્યારે એમ થઈ જાય કે, આહાહા..! સ્મશાન છે. ઘરે પાછો લહેર કરતો હોય. વળી ભૂલી જાય. આહાહા..!

સહજ વૈરાગ્ય. અંદરથી પુણ્ય અને પાપના ભાવથી વિરક્ત અને સ્વરૂપમાં રક્ત, એને અહીંયાં વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા..! શુભ અને અશુભભાવથી રહિત, વિરક્ત અનંત આનંદસ્વરૂપ ભગવાનમાં રક્ત, એને અહીંયા વૈરાગ્ય કહેવામાં આવે છે. એવા **'સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ...'** આહાહા..! અમૃતસાગરના ફીણ. દરિયાના ફીણ હોય એને... શું કીધું ઇ ? અંબર. આ **'ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિ...'** આહાહા..! એ ફીણનો સમૂહ એ શ્વેત-ધોળા **'શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન...'** આહાહા..! ભાષા ખૂટી જાય છે ને. અંદર કહે છે કે કેવો છે ભગવાન? કે જ્યાં ભાષા કામ કરે નહિ, જ્યાં વિકલ્પ કામ કરે નહિ. આહાહા..! એવો પ્રભુ નિર્વિકલ્પ અંદર પડ્યો છે. એને **'અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિ...'** ક્ષણે ક્ષણે એની શોભાની વૃદ્ધિ થાય છે. એના **'હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને તેની ઉજ્જવળતા વધારનાર)...'** એમ કીધું ને? **'જે જીવ સદા અંતર્મુખાકાર...'** આહાહા..! અંતર્મુખાકાર. અંતર્મુખ ભગવાન છે. અંતર્મુખ જોતા ભગવાન છે. બહિર્મુખ જોતા રાગ અને પર્યાય બહાર છે. આ અંતર્મુખ જોતા અંદર... આહાહા..!

**'અંતર્મુખાકાર (–સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન...'** અતિ અપૂર્વ–અનંત કાળમાં કોઈ દિ' હાથ આવ્યો નથી. **'અતિ અપૂર્વ, નિરંજન, નિજબોધના સ્થાનભૂત...'** નિરંજન એટલે મેલ વિનાના **'નિજબોધના સ્થાનભૂત..'** જ્ઞાન પોતાનું છે એનું સ્થાન. સમ્યગ્જ્ઞાનનું સ્થાન, ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ' 'શ્રીમદ્'માં આવે છે ને? **'નિરંજન નિજબોધના સ્થાનભૂત કારણપરમાત્માને...'** આહાહા..! આ કારણપરમાત્મા. આવો જે કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ જેમાં પર્યાયનો પણ ભાવ નથી, એવો જે કારણપરમાત્મા નિત્યાનંદ વસ્તુ છે. સત્તા છે, સત્તા છે, સત્ત્વ છે, સત્ તત્ત્વનું સત્ છે. તેને અહીં કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! કારણપરમાત્મા કોણ? આ આત્મા, હોં!

ત્રિકાળી વસ્તુને, રાગરહિત સ્વભાવને, ત્રિકાળીને કારણપરમાત્મા કહેવામાં આવે છે. નિરવશેષપણે–એવા કારણપરમાત્માને કાંઈ બાકી રાખ્યા વિના. અંતર્મુખ–જરી કોઈ વિકલ્પની અપેક્ષા રાખે એ છોડી. સમસ્ત પ્રકારે **'અંતર્મુખ નિજ સ્વભાવનિરત...'** પોતાના સ્વભાવમાં લીન **'સહજ-અવલોકન વડે...'** સ્વાભાવિક જ્ઞાનને જ્ઞાનથી અવલોકવાથી. આહાહા..! ભાષા ભારે. ક્રિયાકાંડીઓને તો આ આકરું લાગે. ક્રિયાકાંડનું તો આમાં (કાંઈ આવે નહિ). ક્રિયાકાંડવાળાને આમાં થપ્પડ વાગે. ઘોર સંસાર છે. આહાહા..!

**'અંતર્મુખ નિજ સ્વભાવનિરત સહજ-અવલોકન વડે નિરંતર દેખે છે (અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિરંતર દેખે છે...'** સહજ-અવલોકન વડે નિરંતર દેખે-અનુભવ છે. આત્માને **'અનુભવે છે...'** આહાહા..! **'શું કરીને દેખે છે? પહેલાં નિજ પરિણામને સમતાવલંબી કરીને,...'** નિજ પરિણામને રાગથી રહિત કરી, સમતા પરિણામ કરી. આહાહા..! **'પરમસંયમીભૂતપણે...'** પરમ સંયમ અંદરમાં રમતા **'રહીને દેખે છે;...'** એ સમતાપણે રહીને દેખે છે, વીતરાગભાવપણે રહીને દેખે છે. **'તે જ આલોચનાનું સ્વરૂપ છે એમ, હે શિષ્ય! તું પરમ જિનનાથના ઉપદેશ દ્વારા...'** પરમ જિનનાથનો આ ઉપદેશ છે. એ **'દ્વારા જાણ–આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો.'** ચાર ભેદ છે એમાં પહેલો ભેદ છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**[હવે આ ૧૦૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :]**

## શ્લોક–૧૫૪

(स्नग्धरा)

**आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं**
**यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति।**
**सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा**
**तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम्।।१५४।।**

**[શ્લોકાર્થ :–] આ પ્રમાણે જે આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો દેખે છે, તે અનંગ-સુખમય (અતીંદ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે. તે આત્મા સુરેશોથી, સંયમધરોની પંક્તિઓથી, ખેચરોથી (–વિદ્યાધરોથી) અને ભૂચરોથી(–ભૂમિગોચરીઓથી) વંદ્ય છે. હું તે સર્વવંદ્ય સકળગુણનિધિને (–સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને) તેના ગુણોની અપેક્ષાથી (–અભિલાષાથી) વંદું છું. ૧૫૪.**

**પ્રવચન નં. ૧૨૦, શ્લોક-૧૫૪-૧૫૭, શુક્રવાર, પોષ સુદ ૧૦, તા.૨૮-૧૨-૧૯૭૯**

'નિયમસાર', ગાથા-૧૦૯નો કળશ છે. ૧૫૪.

**आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं**
**यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा**
**तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम्।।१५४।।**

**શ્લોકાર્થ :- 'આ પ્રમાણે જે આત્મા આત્માને આત્મા વડે આત્મામાં...'** આહાહા..! આત્મા છે એ વીતરાગસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. તો એ વીતરાગ અને આનંદસ્વભાવ દ્વારા જણાય એવો છે. જે એનો સ્વભાવ છે તે તેની પર્યાયમાં પ્રગટ થતાં તેનાથી જણાય એવો છે. આહાહા..! **'આત્મા આત્માને આત્મા વડે...'** કરણ. આત્મામાં–આધાર. **'અવિચળ રહેઠાણવાળો દેખે છે,...'** આહાહા..! ધ્રુવસ્વરૂપ ચૈતન્ય પર્યાય આત્માની એને દેખે છે કે આ તો અવિચળ છે. ધ્રુવ એ કોઈ દિ' ચળતો નથી. એમ પર્યાય એને દેખે છે.

**'તે અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે.'** આત્માના આનંદને વીતરાગસ્વભાવ દ્વારા, એના દ્વારા જે આત્માને જાણે છે એ અલ્પકાળમાં મુક્તિને પામે છે. જેવો એનો સ્વભાવ મુક્ત છે, મુક્ત સ્વભાવને અવલંબે, મુક્તિપણાની પર્યાય પ્રગટ કરે છે. આશ્રય લઈને. એટલે એનું પરિણામ છેવટે મુક્તદશા આવે છે. રાગ, પુણ્ય અને વ્યવહારને તો અહીં યાદ પણ કર્યા નથી. આહાહા..!

આ તો ચાર બોલ લીધા છે. **'આત્મા,...'** કર્તા. **'આત્માને...'** કર્મ **'આત્મા વડે...'** કરણ. **'આત્મામાં...'** આધાર. **'અવિચળ રહેઠાણવાળો...'** ચળે નહિ એવું સ્થાન છે. આ સ્થાયી સ્થાન છે. 'નિર્જરા અધિકાર'માં આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં. સ્થાયી સ્થાન છે. રહેનારનું રહેવાનું સ્થાન છે. આહાહા..! રહેવું હોય એને રહેવાનું સ્થાન છે એમ જેને ઠરવું હોય તો ઠરવાનું એ સ્થાન છે. આહાહા..! આવો માર્ગ!

**'(અતીંદ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે.'** બીજ ઊગે એટલે પૂનમ થાય જ. એમ આત્મજ્ઞાન થાય એટલે કેવળજ્ઞાન થાય જ. એ વાત અહીં લીધી છે. આત્મજ્ઞાન થાય એ વસ્તુનું જ્ઞાન. પૂર્ણ પૂર્ણ સ્વરૂપ. રાગ અને પર્યાયની ક્રિયાથી ભિન્ન છે, એવું જે પૂર્ણ સ્વરૂપ, તેને અનુભવવાથી અલ્પકાળમાં મુક્તિને પામે છે. આ મુક્તિનો માર્ગ છે.

**'તે આત્મા સુરેશોથી,...'** સુર એટલે દેવોના ઇન્દ્રોથી. સુરેશ એટલે સુર એટલે દેવ. એના ઈષ એટલે ઇન્દ્રો. એ સુરેન્દ્રોથી પૂજનિક છે. ઇન્દ્રો પણ તેને પૂજે છે. જેને ૩૨ લાખ વૈમાન અને સામગ્રીનો પાર નહિ એવા દેવ પણ જેને પૂજે છે. એમ કહે છે. **'સંયમધરોની પંક્તિઓથી,...'** આહાહા..! અને સંયમ ધરનાર સાધુ, એની પંક્તિની શ્રેણીથી... આહાહા..! પૂજે છે. સાધુની હાર. આહાહા..! એ વખતે સાચા સાધુ ન માને. સાધુની પંક્તિ છે એ ભગવાનને નમે છે. પહેલા દેવ લીધા, પછી સંયમધરોની પંક્તિ લીધી, પછી **'ખેચરોથી (–વિદ્યાધરોથી)...'** ખેચર–આકાશમાં ચાલનારા. **'(–વિદ્યાધરોથી) અને ભૂચરોથી...'** આ જમીન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપર ચાલનાર **‘(–ભૂમિગોચરીઓથી) વંદ્ય છે.’** આહાહા..! આવા વંદનિક પુરુષ આવા વંદનિક છે. ભૂચરો, ખેચરો, મનુષ્યો અને સુરેશો, દેવના પણ જે ઇન્દ્રો, એને એ પૂજ્ય છે.

**‘હું તે સર્વવંદ્ય...’** મુનિરાજ કહે છે, **‘હું તે સર્વવંદ્ય...’** સર્વને વંદન કરવા લાયક **‘સકળગુણનિધિ...’** સકળ ગુણનો નિધિ, સાગર, નિધાન. આહાહા..! **‘સકળગુણનિધિ...’** એ નિધાન છે. અનંતા ગુણનું એ નિધાન છે. એ આત્માને... આહાહા..! **‘(–સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને)...’** અર્થ કર્યો. **‘સર્વવંદ્ય સકળગુણનિધિને (–સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને)...’** આહાહા..! **‘તેના ગુણોની અપેક્ષાથી...’** **‘तद्‌गुणलब्धये’** આવે છે ને? એમના ગુણની અપેક્ષા રાખીને વંદું છું. મારે બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..! એ વંદે છે માટે ગુણ થાય એમ પ્રશ્ન નથી. ફક્ત વિકલ્પ મારો ઉઠ્યો છે, પણ મારી આશા તેનો જે ગુણ છે, એ ગુણ મને જોઈએ છે. એ વંદનથી તે ગુણ પ્રગટે એમ નહિ, પણ વંદનમાં મારો ભાવ જેવા એમના કેવળજ્ઞાનાદિ ગુણ છે એ ગુણ મને પ્રગટે, એ મારા વંદનના ફળનો ભાવ છે. આહાહા..!

એ પ્રશ્ન ચાલતો હતો ને? **‘तद्‌गुणलब्धये’**. એ બાજુથી પ્રશ્ન આવ્યો હતો, કે જુઓ! **‘तद्‌गुणलब्धये’** કીધું છે. તેના ગુણની પ્રાપ્તિ માટે વંદન કરું છું. તેમની સ્તુતિ વંદન કરે તો તેના ગુણ પ્રાપ્ત થાય. **‘तद्‌गुणलब्धये’** નથી? શું શ્લોક છે ઇ?

**मोक्षमार्गस्य नेतारं भेतारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्‌गुणलब्धये।।**

શ્લોક આવે છે. એનો અર્થ એ લોકો નિમિત્તનો કરતા હતા, કે જુઓ! ભગવાનને વંદવાથી મોક્ષ મળે છે. અને ભગવાનને વંદવાથી મોક્ષની ભાવના છે અને ગુણની ભાવના છે. ભગવાનને વંદન કરવું એમાં વળી વિકલ્પ શું આવ્યો? એ મોટી ચર્ચા છે. આહાહા..!

અહીં તો કહે છે, એમના ગુણોને હું વંદુ છું. જે એમના ગુણો છે તે મને પ્રગટે, મારામાં છે, એ અપેક્ષાએ હું વંદું છું. આહાહા..! શબ્દના અર્થમાં ફેર કરે. એ કહે (છે), એમના ગુણને વંદન કરતાં એમના જે ગુણ છે એવા ગુણ પોતામાં પ્રગટે. તો તમે કહો (છો), વંદન કરતા, એ તો વિકલ્પ છે, પરદ્રવ્યને વંદે એ વિકલ્પ છે. માટે એ વાત એમ નથી, (એમ) કહે. તદ્દગુણ તેની ગુણની લબ્ધિ માટે એમ કહેતા. એવી વાત છે. અહીં તો કહે છે, તેના ગુણની પ્રાપ્તિ માટે હું વંદું છું. ગુણની પ્રાપ્તિ મારા માટે મારામાં થાય છે એને માટે હું અપેક્ષાથી વંદુ છું પરને. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૫૫

(मंदाक्रांता)

आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये
ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजः पुराणः।
सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-
न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः।।१५५।।

[શ્લોકાર્થ :–] જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે અને જે પુરાણ (–સનાતન) છે એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે. તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (-વચન અને મનના માર્ગથી અગોચર) છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો? ૧૫૫.

આમ આ પદ્ય વડે પરમ જિનયોગીશ્વરે ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો *ઉપહાસ કર્યો છે.

## શ્લોક-૧૫૫ ઉપર પ્રવચન

૧૫૫-શ્લોક.

आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये
ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजः पुराणः।
सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-
न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः।।१५५।।

**શ્લોકાર્થ :-** 'જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે...' પાપ શબ્દે એ પાપ ને પુણ્ય બેય. આહાહા..! પણ જ્ઞાનજ્યોતિ વડે. ચૈતન્યની જ્યોતિ, ઝળહળ જ્યોતિ સત્તા, એ વડે પાપતિમિરનો નાશ કર્યો છે. ભાષાથી સમજાવવું હોય તો એમ જ આવે ને? નહિતર એક ઠેકાણે ૩૪-૩૫ ગાથામાં એવું આવે કે રાગનો પણ નાશકર્તા એ નામમાત્ર

* ઉપહાસ = મશ્કરી; ઠેકડી; હાંસી; તિરસ્કાર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, પરમાર્થે કર્તા નથી. કઈ અપેક્ષાએ (કહ્યું) છે? જે વખતે જે સમજણમાં ટૂંકી ભાષામાં કહેવું હોય, તો લાંબું લાંબુ કરે. એને વંદનમાં જે વિકલ્પ છે તે નહિ પણ એના પોતાને ... એવું લાંબુ લાંબુ કહેવા જતા, એમના વંદનથી અમને લાભ થાય એમ ભાષા બોલે. આહાહા..! ત્યાં એમ કહ્યું છે, રાગ ને વિકારનો નાશકર્તા એ પણ આત્મામાં નામમાત્ર કથન છે. કેમકે પરમાર્થે ભગવાનઆત્મા રાગરૂપે થયો જ નથી ને. દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, ચૈતન્યતત્ત્વ તે રાગરૂપે થયો નથી. થયું નથી તો તે રાગરૂપનો નાશ શી રીતે કરે? આહાહા..! સમજાણું કાંઈ? નામમાત્ર કથન છે. પણ અહીં સમજાવવું છે ત્યારે એ વાત લે તો મુશ્કેલી પડે.

**'જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે અને જે પુરાણ (–સનાતન) છે એવો આત્મા...'** સનાતન છે. આહાહા..! દ્રવ્ય ને ગુણ જેમ સત્ છે, સત્ છે, સત્તા (છે), એમ તે કાળની તેની પર્યાય પણ સત્ છે, સત્તા છે, તેનો તે કાળ છે. આહાહા..! જેમ દ્રવ્ય-ગુણને અપેક્ષા નથી એમ પર્યાયને અપેક્ષા નથી. સમજાણું? **'એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.'** પુરાણ સનાતન છે એવો આત્મા. સનાતન ધ્રુવ. પરમસંયમીઓ, પરમ. ઇન્દ્રિયના દમન અતીન્દ્રિયમાં પડ્યા છે. એવા **'પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.'** અંદર. આહાહા..!

**'તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (–વચન અને મનના માર્ગથી અગોચર) છે.'** લ્યો. **'તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત છે.'** પરને વંદન કરવા એ વિકલ્પ છે, પુણ્ય છે. આહાહા..! ભાષા શું કહેવાય? **'મનોમાર્ગથી અતિક્રાંત છે.'** આહાહા..! **'સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (–વચન અને મનના માર્ગથી અગોચર) છે.'** મનથી પણ જણાય એવો નથી. આહાહા..! **'આ નિકટ પરમપુરુષમાં...'** આ નજીક પરમપુરુષમાં **'વિધિ શો અને નિષેધ શો?'** આચાર્યે આશ્ચર્ય કર્યું કે આમ છે અને આમ નથી, એ બે શું એમાં? છે જ. આહાહા..! જેમ દ્રવ્ય, ગુણ સનાતન છે એને કોઈ અપેક્ષા નથી. બસ, તેની પર્યાય વર્તમાન છે એ તો ઓલો ત્રિકાળી સત્ છે આ તો વર્તમાન સત્ છે. બેય સત્ છે તેને અપેક્ષા કોઈની નથી. આહાહા..! એવા આત્મામાં વિધિ એટલે આ છે અને આ નથી એ શું? પરથી નથી એવો તો એનામાં પોતાનો ભાવ છે. સ્વથી છે એવો પણ પોતાનો ભાવ છે. પોતાથી છે એવો પણ એક ભાવ છે, પરથી નથી એવો પણ પોતાનો પોતાને લઈને ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવા નિજ પરમાત્મામાં, **'નિકટ પરમપુરુષમાં...'** આહાહા..! **'વિધિ શો અને નિષેધ શો?'** આ કરજે અને આ છોડજે એ બે ક્યાં એને લાગુ પડે છે. આહાહા..!

મુમુક્ષુ :– આત્મામાં બે ધર્મ નથી કે બે વિકલ્પ નથી?

ઉત્તર :– બે વિકલ્પ નથી. વિકલ્પ નથી. અને જ્યાં બંધ અને મોક્ષ પણ નથી. આત્મામાં બંધ અને મોક્ષ તો પર્યાય છે. એ પર્યાય વસ્તુમાં ક્યાં છે? અહીં તો વિધિ એટલે આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિધિ–આ રીતે કરવું અને આ રીતે ન કરવું, એવું આમાં ક્યાં છે? આહાહા..! અર્થકાર કરે છે.

**'આમ આ પદ્ય વડે પરમ જિનયોગીશ્વરે...'** પરમજિનયોગીશ્વરે **'ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.'** જોયું? વ્યવહાર આલોચનાની મશ્કરી કરી છે. છે? આહાહા..! પ્રાયશ્ચિત લેવું, આલોચના કરવી ને આ કરવું ને આ કરવું... એ બધો વિકલ્પ છે. એ વ્યવહાર આલોચનાની તો મશ્કરી કરી છે, એમ કહે છે. ઠેકડી કરી છે. હાંસી, તિરસ્કાર. વ્યવહારનો તિરસ્કાર, વ્યવહારની હાંસી, મશ્કરી. આહાહા..! અંતર વસ્તુની અપેક્ષાએ એમાં વિધિ નિષેધ શો? એટલે આલોચના નથી, વિકાર નથી અને આત્માનું છે, એવો પણ વિધિ-નિષેધનો વિકલ્પ એમાં ક્યાં છે? આહાહા..! પરને આલોચીને જોવું અને પછી એનાથી નિવર્તવું એવી વિધિ-નિષેધ સ્વરૂપમાં ક્યાં છે? સ્વરૂપ તો એકરૂપ ત્રિકાળ છે. આહાહા..!

કીધું ને? **'વિધિ શો અને નિષેધ શો?'** એનો અર્થ, વ્યવહાર આલોચના, આ વ્યવહાર આલોચના, વ્યવહાર આચરણ, વ્યવહાર પુણ્ય, વ્યવહાર દયા, દાન, વ્રત વ્યવહાર... આહાહા..! જેટલો વ્યવહાર છે એ બધાનો ઉપહાસ કર્યો છે. વ્યવહાર આલોચનાને પ્રપંચ ગણ્યો. વ્યવહાર આલોચનાનો વિકલ્પ આવે. આહાહા..! પાપ લાગ્યું છે તો પ્રાયશ્ચિત લઈ લ્યો. ગુરુને બોલાવીને. એ તો બધો વિકલ્પનો પ્રપંચ ઉઠ્યો છે. આહાહા..! વસ્તુસ્વરૂપમાં એ ચંચળતાનો વિકલ્પ છે ક્યાં તે એને છેદે, એનો નાશ કરે. આહાહા..! આલોચના એટલે જોવે. પણ જોવે એનામાં છે નહિ ને શું જોઈને ટાળે? રાગને જોઈ અને ટાળે. પણ એનામાં નથી પછી જોઈને શું ટાળે? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– એકરૂપપણું છે આત્મામાં તો એકરૂપપણે જોવે.

ઉત્તર :– એકરૂપ જ છે. એ તો એક જ છે પણ આ રીતે વ્યવહારની આલોચના છે એ વિકલ્પ છે. આવું પાપ લાગ્યું હોય તો આલોચના કરવી, પ્રાયશ્ચિત લેવું એ બધો વ્યવહારનો પ્રપંચ છે, કહે છે. આવે, હોય (પણ) છે પ્રપંચ. આહાહા..! એક ભગવાનઆત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ જ ત્રિકાળ છે. એમાં દૃષ્ટિ આપતા વિધિ–નિષેધ કાંઈ થતું નથી. આહાહા..! અનાકુળ આનંદ, એનો જે ભંડાર ભગવાન, એમાં દૃષ્ટિ આપતા એને આલોચનાથી આ પ્રાયશ્ચિત લેવું અને એના દોષ લગાડ્યા માટે આમ લેવું, એવો પ્રપંચ એમાં છે નહિ. આહાહા..! આકરી વાત પડે કે નહિ? વ્યવહાર આલોચનાને ઉડાવી દીધી. વ્યવહાર બધાને ઉડાવ્યો. આખો વ્યવહાર પ્રપંચ છે. આહાહા..!

**'આમ આ પદ વડે પરમ જિનયોગીશ્વરે ખરેખર...'** પાછું. **'વ્યવહાર આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.'** ખરેખર મશ્કરી કરી છે. બહુ શું વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... આ વ્યવહાર કરી કરીને. વિકલ્પ આવી જાય પણ એમાં બહુ રચ્યોપચ્યો રહે કે આલોચના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધી પછી પ્રાયશ્ચિત થયા અને એને લઈને શુદ્ધ થયો, એવું ક્યાં અંદર છે? વિકલ્પ આવ્યો અને એમાં પ્રાયશ્ચિત લીધું તો શુદ્ધ થયો. એવું અંદર છે ક્યાં? આકરી વાત છે, ભાઈ! આહાહા..! એક કોર વ્યવહાર પ્રાયશ્ચિતના મોટા ગ્રંથો હોય છે. પ્રાયશ્ચિતના શાસ્ત્રો. એ કરેલા મુનિઓએ. અને એક કોર અહીં કહે છે કે વ્યવહાર બધો પ્રપંચ છે. અહીં નિશ્ચયની વાત છે. ઓલું જાણવા માટે આવે છે એને વ્યવહારથી કહે છે. જાણવા માટે આવે અને વ્યવહારથી કહે. આહાહા..!

## શ્લોક–૧૫૬

(पृथ्वी)

जयत्यनधचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं
विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।
नयानयनिकारदूरमपि योगिनां गोचरं
सदाशिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।

[શ્લોકાર્થ :–] જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર છે, જે સદા શિવમય છે, ઉત્કૃષ્ટ છે અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે, એવું આ [1]અનઘચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત છે. ૧૫૬.

## શ્લોક–૧૫૬ ઉપર પ્રવચન

૧૫૬-શ્લોક.

जयत्यनधचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं
विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।
नयानयनिकारदूरमपि योगिनां गोचरं
सदाशिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।

શ્લોકાર્થ :- 'જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે,...'

* અનઘ = નિર્દોષ; મળ રહિત; શુદ્ધ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા એને કહીએ કે પાંચેય ઇન્દ્રિયોના વિષયો તરફનો ઝુકાવ, એનો જે વિકલ્પ કોલાહલ છે, એના તરફ જતાં, ઇન્દ્રિયો તરફ જતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, એ કોલાહલથી તો એ રહિત છે. આહાહા..! **'સકળ ઇન્દ્રિયોના સમૂહથી...'** બધી ઇન્દ્રિયોના સમૂહથી જે વિકલ્પ ઊઠે છે. **'ઉત્પન્ન થતા કોલાહલથી...'** એ કોલાહલ છે. શાંત વીતરાગસ્વભાવમાં વિકલ્પ એ કોલાહલ છે. આહાહા..! શાંત વીતરાગ શુદ્ધ સ્વભાવની મૂર્તિ, એની પાસે શુભ આદિ વિકલ્પ એ બધો... આહાહા..! કોલાહલ છે. માણસ નથી કહેતા, કે એલા! કોલાહલ શું કરે છે? અહીં એમ કહે છે કે કોલાહલ શું કરે છે? ચૈતન્યતત્ત્વની અંદરમાં ન જતા વિકલ્પને ઉઠાવીને કોલાહલ કરે છે. આહાહા..! આવી વાત છે. દિગંબર સંતોની વાણી અંતરને ઊંડે લઈ જવાની છે. બહારથી વર્તે એવું નથી. આહાહા..! છે ને?

**'નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં...'** આ નયથી જણાય અને આ કુનય છે ને આ નય છે, નયનો અધિકાર પહેલો આવે છે ને? બદ્ધ છે અને અબદ્ધ છે, એવા નયથી પણ રહિત છે. એવા નયના **'સમૂહથી દૂર હોવા છતાં...'** એ નય વિકલ્પવાળી કહેવી. નિર્વિકલ્પનય છે એ તો 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની,' એ નિર્વિકલ્પ નય છે. આહાહા..! વિદ્વાનો વ્યવહાર તજીને નિશ્ચયમાં વર્તે, તો એ તો ધર્મ છે, પણ નિશ્ચય છોડીને વ્યવહારમાં વર્તે તો એ રાગ છે, વિકલ્પ છે. આહાહા..!

એમ આ **'નય અને અનય...'** નયમાં વિકલ્પ ઉઠાવે તો નય કહેવાય વિકલ્પની સાથે. વિકલ્પ વિનાની નય છે એ તો મુક્તિનું કારણ છે, નિશ્ચય. **'નય અને અનયના સમૂહથી...'** ઓહોહો..! એ પહેલા આવ્યું હતું. પ્રભુ! તમે ષટ્કારકથી ભિન્ન છો. પર્યાયના ષટ્કારકથી ભિન્ન છો, નયના સમૂહથી ભિન્ન છો. છે ને? અને ધ્યાનાવલીથી પણ ભિન્ન છો. આહાહા..! ત્રણ બોલ આવ્યા હતા. નયથી ભિન્ન છો, ષટ્કારકથી ભિન્ન છો અને ધ્યાનાવલી અંતર આત્મા તરફના ધ્યાયની પર્યાયમાં શુદ્ધિ... શુદ્ધિ... શુદ્ધિ... શુદ્ધિ... શુદ્ધિ... આમ વધે, એવી પર્યાયથી પણ આપ ભિન્ન છો. આહાહા..!

પ્રભુ! આપની નય તો ઇન્દ્રજાળ જેવી છે, એમ કહ્યું છે. ઇન્દ્રજાળ જેવી છે. એક કોર નયથી વિકલ્પ કહે અને એક કોર નયથી મોક્ષ કહે. અબદ્ધ છું, શુદ્ધ છું. એ વિકલ્પસહિતની નય તે બંધનું કારણ છે. એક કોર એમ કહે ૨૭૨ (ગાથા સમયસારમાં) કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વસ્તુ. પછી વિકલ્પ નહિ. નિશ્ચયનયનો વિષય જે આત્મા, એના આશ્રયે મુક્તિ થાય. વિકલ્પ-બિકલ્પ નહિ. નય અને પ્રમાણ બેય વિકલ્પ સહિત પણ હોય, વિકલ્પરહિત પણ હોય. અહીં વિકલ્પ સહિતની વાત છે.

નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં. કહે છે, ભલે **'નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર છે,...'** અંતરદૃષ્ટિ કરે તેવા યોગી. યોગ એટલે જોડાણ. ચૈતન્યસ્વરૂપમાં જોડાણ કરનારને તે ગમ્ય છે. ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાયકસ્વભાવ અતીન્દ્રિય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદસ્વભાવ, એમાં જે પોતાની પર્યાયને જોડે તો એ ગમ્ય છે. ગમ્ય થઈ શકે છે. જે પર્યાય આમ (પર તરફ) વળેલી છે, એ પર્યાય ત્યાં રાખીને બીજી પર્યાય નવી પર્યાય થઈ એને અંદર વાળે. સમજાણું? એ યોગીઓને ગોચર છે.

આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધ બ્રહ્મસ્વરૂપ, નય અને અનયથી વિરુદ્ધ છે, દૂર છે. છતાં જ્ઞાનીને ગમ્ય છે. જ્ઞાનીને ગમ્ય છે, એમ કહે છે. આહાહા..! છે? સમૂહ કીધું ને? સમૂહ એટલે બધી નયો. વ્યવહાર અને નિશ્ચય, સદ્ભૂત અને અસદ્ભૂત, ઉપચાર અને અનઉપચાર એ બધી નયોના પ્રકાર છે ને? એ બધી નયો હોવા છતાં યોગીઓને ગમ્ય છે. એ તો નયથી પાર છે. આહાહા..! અહીં તો હજી બહારમાં શુભરાગથી, દયા, દાન, વ્રતથી પાર છે એ વાત બેસવી કઠણ પડે. અને આ તો અંદરના નયના વિકલ્પો, અંદરના વિકલ્પો. આંખો મીંચીને બેસે, કાને સાંભળે નહિ અને અંદરમાં વિકલ્પ કરે કે આ અંદર અબદ્ધ છે. છતાં કહે છે કે એ નયનો સમૂહ છે એનાથી અગમ્ય છે, એનાથી ગમ્ય નથી. આહાહા..! યોગીઓને ગમ્ય છે.

**'જે સદા શિવમય છે,...'** કેમકે પ્રભુ પોતે સદા નિરુપદ્રવ છે. શિવ–કલ્યાણસ્વરૂપ જ છે. આત્મા તો કલ્યાણસ્વરૂપ છે. આહાહા..! **'સદા શિવમય...'** સદા શિવમય. શિવ એટલે આ શંકર નહિ, હોં! એ તો નમોત્થુણંમાં આવતું ને? નમોત્થુણંમાં નથી આવતું? 'સિવમલયમરુયમણંત'. તમારે નહિ આવતું હોય. સ્થાનકવાસીમાં આવે છે. 'નમોત્થુણં'. 'સિવમલયમરુયમણંત'. 'નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં...' 'સિવમલયમરુયમણંત'. શિવમ્ અચલમ્ અરુયં, એવો અર્થ છે એનો. સ્થાનકવાસીમાં સામાયિક બોલે. પરિપૂર્ણ કરે એમાં બોલે. શિવ એટલે કલ્યાણપણું. શિવ એટલે શંકર નહિ. કલ્યાણસ્વરૂપ છે. આહાહા..! સદા તે કલ્યાણસ્વરૂપ છે.

વળી **'ઉત્કૃષ્ટ છે...'** એનાથી–ભગવાનઆત્મા સિવાય કોઈ ઉત્કૃષ્ટ છે નહિ. આહાહા..! એના આત્માને માટે તો એનો આત્મા જ ઉત્કૃષ્ટ છે, બસ. એનાથી કોઈ ઉત્કૃષ્ટ છે નહિ. **'અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે,..'** વસ્તુના સ્વરૂપને નહિ જાણનારને અતિ દૂર છે. આહાહા..! યોગીઓને ગમ્ય છે. યોગ–અંદર જોડાણ કરનારને ગમ્ય છે, જાણવામાં આવે છે પણ અજ્ઞાનીઓને તે અગમ્ય છે. આહા..! **'પરમ દૂર છે,...'** રાગ અને પુણ્યમાં વર્તનારા, વિકલ્પમાં વર્તનારા, જે દ્રવ્યમાં નથી એવી વૃત્તિઓમાં વર્તનારાને દૂર છે. વિકલ્પથી દૂર છે એટલે એનો પત્તો નથી ખાતો. વિકલ્પોથી દૂર છે એટલે એને પત્તો ખાધો નથી. આહાહા..!

**'એવું આ અનઘચૈતન્યમય...'** આહાહા..! અનઘ એટલે નિર્દોષ. અઘ એટલે દોષ, અનઘ એટલે નિર્દોષ. નિર્દોષ ચૈતન્યમય 'મળ રહિત; શુદ્ધ.' આહાહા..! એકલા આત્માના ગાણા ગાયા છે. ચૈતન્યમય **'સહજતત્ત્વ...'** એવું જે સહજતત્ત્વ. સ્વભાવિક ચીજ છે. કરાયેલી નથી, કરેલી નથી, કરે તો રહે એમ નથી. સ્વભાવિક ચીજ અનાદિની છે. સહજતત્ત્વ એવો આત્મા...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'અત્યંત જયવંત છે.'** આહાહા..! દૃષ્ટિમાં જણાય છે માટે અત્યંત જયવંત છે. આ તત્ત્વ–વસ્તુ અત્યંત જયવંત છે. જેને જેને અનુભવ થયો, જેને જેનું જ્ઞાન અને પ્રતીતિ થઈ તે વસ્તુ જયવંત છે, એમ કહે છે. જેને જણાણું નથી એને તો છે ક્યાં? છે એમ તો ક્યારે થાય? કે એને ચીજ જણાણી હોય, ત્યારે એ ચીજ છે. નથી જણાણી એને... આહાહા..! સસલાના શીંગડા જેવું છે. ૧૮ મી ગાથામાં આવ્યું ને? જાણ્યું નથી એને સસલાના શીંગડા જેમ છે. જેમ સસલાના શીંગડા ન હોય એમ એને પણ વસ્તુ નથી. વસ્તુ શું છે એનું જ્ઞાન જ નથી, તેની પ્રતીતિ નથી, તેના તરફ વલણ નથી, તે શું છે એમ જાણ્યું નથી. તો શેમાં એને રમવું? શેમાં ઠરવું? ક્યાંથી ખસીને ક્યાં જવું? આહાહા..!

આવું **'અનઘચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત છે.'** મુનિરાજ કહે છે કે એ અત્યંત જયવંત છે. જયવંત રહેશે એમ નહિ, અત્યંત જયવંત રહેશે એમ નહિ, જયવંત છે જ. અમારી દૃષ્ટિમાં એ જયવંત વર્તે જ છે. આહાહા..! ભગવાન એવો મોટો નિર્વિકલ્પ, રાગથી ન પકડાય એવો, છતાં અમારે જ્ઞાનગમ્ય છે. એથી તે જયવંત વર્તે છે. એવું તત્ત્વ જયવંત છે. દૃષ્ટિમાં આવ્યું અને અનુભવ થયો એ વસ્તુ જયવંત વર્તે છે. આહાહા..! જેને દૃષ્ટિમાં આવ્યું નથી એને જયવંત વર્તે છે, એ જયવંત વર્તે છે એ ક્યાંથી શ્રદ્ધા કરી? ત્રિકાળ નિત્ય છે, ધ્રુવ છે એવી ત્રિકાળી સત્તાના અનુભવ વિના સહજતત્ત્વ સનાતન છે, અત્યંત જયવંત છે, એ ક્યાંથી આવ્યું? કહે છે. આહાહા..! વાણી તે વાણી છે ને.

અત્યંત જયવંત વર્તે છે. કહે છે કે આ આત્મા અમને રાગરહિત, નય-નિક્ષેપના વિકલ્પો રહિત આત્મા અત્યંત નિર્મળ અને અત્યંત જયવંત વર્તે છે. જયવંત વર્તે છે એમ પણ નથી કીધું, જયવંત છે. ભલે ગમે તેટલી વાત કરી કે નયથી ન જણાય, ફલાણેથી ન જણાય, પણ અમે કહીએ છીએ કે જયવંત છે. આહાહા..! ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે. છે તેની આ વ્યાખ્યા થાય છે, એમ કહે છે. આહાહા..! છે તે અનુભવમાં આવી ગયો છે. એની સનાતન સત્તા દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવી ગઈ છે. એથી એ કહે છે કે આ તો જયવંત વર્તે છે. ધ્રુવસત્તા એ તો જયવંત અનાદિઅનંત (છે). અહીં પર્યાયમાં ખબર નહોતી. એ તો અનાદિઅનંત વર્તે છે. આહાહા..! પર્યાયમાં ગમે તેટલા ગોટા વાળે, પણ અહીં તો પર્યાયને અંદર વાળી ત્યાં એ જયવંત વર્તે છે એમ દેખાય છે. આહાહા..! એ ૧૫૬ શ્લોક (પૂરો) થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્લોક-૧૫૭

(मंदाक्रांता)

शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं
बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।
तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं
भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।

[શ્લોકાર્થ :–] નિજ સુખરૂપી સુધાના સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે; તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્ભૂત) સહજ તત્ત્વને હું પણ સદા અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું. ૧૫૭.

## શ્લોક-૧૫૭ ઉપર પ્રવચન

૧૫૭મો શ્લોક.

शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं
बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।
तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं
भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।

**શ્લોકાર્થ :-** **'નિજ સુખરૂપી સુધાના સાગરમાં ડૂબતા...'** આહાહા..! નિજ આનંદરૂપી સુધા એટલે અમૃત. નિજ સુખનો અમૃતરૂપી સાગર. પોતાના સુખરૂપી અમૃતના સાગરમાં ડૂબતા **'આ શુદ્ધાત્માને જાણીને...'** આહાહા..! એ શુદ્ધાત્મા. **'ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** એમ કહીને એમ કહે છે, કે ગુરુ આવો ઉપદેશ આપે છે. આત્માનો વીતરાગભાવનો જ ઉપદેશ આપે છે. બસ. છે ને? **'ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** એનો અર્થ કે ગુરુએ એ જ કહ્યું હતું, કે અંતર ત્રિકાળી ચીજ આનંદકંદ છે તે તરફ જા. ત્યાં તને આનંદ થશે. એ સુખનો સાગર છે, અમૃતથી ભરેલો છે. એમ ગુરુએ કહ્યું. ગુરુ એવા હોય એમ કહે છે. એમ બે વાત કરી છે.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** આહાહા..! પરમ ગુરુ દ્વારાનો અર્થ એ, કે ગુરુએ એને એવો જ ઉપદેશ આપેલો. આત્માના ધ્યેયને પકડે એવો. આત્માના ત્રિકાળી સનાતનને પકડે એવો, શાશ્વત સત્તાને સંભાળે એવો. એવા ઉપદેશથી એમને આત્મતત્ત્વ મળ્યું. એ દ્વારા **'શાશ્વત સુખને પામે છે;...'** એના દ્વારા આત્મા શાશ્વત સુખને પામે છે. લ્યો. પરમગુરુ દ્વારા આવ્યું. નિમિત્ત દ્વારા.

મુમુક્ષુ :- સાચું લખે છે.

ઉત્તર :- કઈ અપેક્ષાએ? એમને આવો જ ઉપદેશ કર્યો હતો એ બતાવે છે. એમણે એ ઉપદેશ કર્યો હતો, કે તારો આત્મા અંદર ભિન્ન છે. મારી સામું જોવું રહેવા દે અને વિકલ્પ છોડી દે. આહાહા..!

મુમુક્ષુ :- એવું લખ્યું નથી.

ઉત્તર :- **'ગુરુ દ્વારા...'**નો અર્થ એ થયો. કેમકે **'ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** કહ્યુંને? ત્યારે ગુરુએ કહ્યું હશે ત્યારે શાશ્વત સુખને પામ્યો ને? આહાહા..! **'સુધાના સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા...'** આહાહા..! પરમ ગુરુએ અમને આ ઉપદેશ કર્યો, કે તું ભગવાન છો, પરિપૂર્ણ છો. આહાહા..! તારી સત્તાને કોઈ અડચણ ને આડ આવી નથી. એવી વિઘ્ન વિનાની સનાતન ચીજ છે. એ ચીજ નિત્ય શાશ્વત, ટંકોત્કીર્ણ શાશ્વત પડી છે. એમ ગુરુએ કહેલું. એ દ્વારા શાશ્વત સુખ પામ્યો. એ કીધું હતું એ અંદર પામ્યો. એમણે એ કીધું હતું. કારણ કે ગુરુએ કાંઈક કીધું હોય અને સુખને પામે એમ હોય? આહાહા..!

મુમુક્ષુ :- પોતાનો આત્મા જ સદ્‌ગુરુ છે.

ઉત્તર :- એ જુદું. અત્યારે એ કામ નથી. અહીં તો ગુરુનો ઉપદેશ મળ્યો એ ગુરુનો ઉપદેશ કેવો? 'આત્માવલોકન'માં ગાથા આવે છે કે મુનિરાજ છે એ વીતરાગભાવની જ વાત કરે. વીતરાગ મુહૂ મુહૂ વીતરાગ એવો પાઠ છે. મુહૂ મુહૂ એટલે વારંવાર. વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... દ્રવ્યમાં વીતરાગ, ગુણમાં વીતરાગ, પર્યાયમાં વીતરાગ... આહાહા..! એ જ તારું સ્વરૂપ છે. વીતરાગ સિવાય રાગથી લાભ માને અને રાગ કરવા લાયક છે એમ કહે એ ગુરુ નથી. આકરી વાત છે. એ ગુરુ નહિ. જે ગુરુ વ્યવહારથી લાભ માને, મનાવે એ ગુરુ નહિ.

આ તો **'પરમ ગુરુ દ્વારા...'** કેવો આત્મા? કે **'નિજ સુખરૂપી સુધાના સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને...'** આહાહા..! નિજ સુખરૂપી સુધા-અમૃત, એના સાગરમાં ડૂબતો અંદર પેસી જતો. આહાહા..! એવા **'શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ...'** ભવ્ય જીવ **'પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** આહાહા..! જૈનગુરુનો આવો ઉપદેશ હોય છે. જેનાથી મુક્તિ મળે અને મુક્તિનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો ઉપદેશ છે. બીજો ઉપદેશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો હોતો નથી. બીજો ઉપદેશ આવે એ જાણવા માટે. આદરવા માટેનો આ જ ઉપદેશ છે. વ્રતનો આવે, ચરણાનુયોગમાં. એ તો આવી ગયું ને? નિર્યાપક આચાર્યે પ્રતિક્રમણની રચના કરી, એ મુનિ પ્રતિક્રમણ કરે, પણ એનું સફળપણું ક્યારે? એમાંથી નીકળીને નિર્વિકલ્પ થાય ત્યારે. એ આવી ગયું. આહાહા..! સંતો નિર્યાપકોએ વ્યવહારનું પ્રતિક્રમણ રચ્યું. એ વ્યવહાર પ્રતિક્રમણ કરે, છતાં એ વ્યવહારનું સફળપણું ક્યારે? એટલે કે એને છોડીને અંદર નિશ્ચયમાં જાય તો. એકલા વ્યવહારમાં રહે તો સંસાર અને બંધન છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રતિક્રમણને બધું છોડી દેવું?

ઉત્તર :– છોડી દેવાનું. વિકલ્પને છોડી દેવાનું. એવી વાત છે. એમાં ક્યાં જરીએ વિકલ્પ છે? આ મારું છે કે આ મારા... પોતે જ પોતાનો ગુરુ છે, પોતે જ પોતાનો દેવ છે, પોતે પોતાનો ધર્મ છે. દેવ-ગુરુ અને ધર્મ ત્રણે આત્મામાં છે. આહાહા..!

**'પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે; તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે...'** ભેદના અભાવને લીધે, ભેદ નહિ. આહાહા..! ભેદના અભાવને લીધે. ભેદના અભાવની દૃષ્ટિ એટલે અભેદ દૃષ્ટિ. અભેદ દૃષ્ટિ–આત્મા પૂર્ણાનંદ છે એવી અભેદ દૃષ્ટિ. **'જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે...'** જેનાથી મુક્તિ ઉત્પન્ન થાય એ સુખ વડે શુદ્ધ છે. એ **'ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે...'** એ દૃષ્ટિ શુદ્ધ છે. આહાહા..! નિર્મળ જે પરમાત્મસ્વરૂપ પોતે અંદર છે, એની દૃષ્ટિએ શુદ્ધ છે. કેમ? કે એ **'સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...'** આહાહા..! એમણે ભેદના અભાવની દૃષ્ટિ કરી છે. ભેદની વાત નહિ. આહાહા..! ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતાં સૌખ્ય વડે શુદ્ધ છે. આહાહા..! સુખની વ્યાખ્યા કરી. શુદ્ધ સુખને પામે છે એમ કીધું ને? શાશ્વત સુખને પામે છે.

**'તેથી ભેદના અભાવની દૃષ્ટિએ...'** આહાહા..! ગુણ-ગુણીનો અને પર્યાય-પર્યાયવાનનો પણ જ્યાં ભેદ નથી. ભલે પર્યાય પોતે સંભાળે છે પણ સંભાળે છે એ અભેદને. પોતે ભેદ છે પણ સંભાળે છે અભેદને. પર્યાય એમ કહે છે કે આ અભેદ છે એ હું છું. આહાહા..! પર્યાય તો સદાય હોય જ છે. પર્યાય ન હોય તો દ્રવ્ય જ ન રહે. સાધકને નિર્મળ પર્યાય પણ સદાય હોય છે. આહાહા..! એ પર્યાય દ્રવ્ય ઉપર જાય છે એટલે કહે છે, ભેદનો ત્યાં અભાવ થયો ને? ભેદજ્ઞાન કર્યું ત્યાં ભેદનો અભાવ થયો. ભેદ નહિ, હવે અભેદ થયો. આહાહા..!

એવી **'દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...'** ક્યું? ઓલું સુખ. **'પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...'** એ સુખ. આહાહા..! **'આ શુદ્ધાત્માને જાણીને...'** એમ કહ્યું છે ને? **'ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે; તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...'** અતીન્દ્રિય આનંદ વડે ઉત્પન્ન થયેલું એ શુદ્ધ છે. આહાહા..! એકલો આમાં આત્મા જાણ્યો એને બીજું કાંઈ સાથે ન આવ્યું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો આવ્યો. અતીન્દ્રિય વીર્ય આદિ અનંત ગુણોની પર્યાય અંશે વ્યક્ત થઈ ગઈ. એ એના વડે શુદ્ધ સુખ છે. સિદ્ધનું સુખ શુદ્ધ છે. પરમાત્મા થયેલાનું સુખ શુદ્ધ છે. શુદ્ધ છે કેમ? કે ભેદના અભાવને લીધે. **'સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્‌ભુત) સહજ તત્ત્વને...'** આહાહા..! ત્યાં એવું કહે છે. એવા એટલે શું કહીએ? વાણીમાં શું આવે?

**'એવા કોઈ (અદ્‌ભુત) સહજ તત્ત્વને હું પણ સદા અતિઅપૂર્વ રીતે...'** હું પણ. જ્ઞાયકતત્ત્વને, ધ્રુવતત્ત્વને હું પણ.. બીજાઓ ભલે આદરે પણ **'હું પણ સદા અતિઅપૂર્વ રીતે...'** સદાય અતિઅપૂર્વ રીતે. એમ. આહાહા..! આ મુનિદશા. અંતરના આનંદસ્વરૂપને સદાય **'અતિઅપૂર્વ રીતે અત્યંત ભાવું છું.'** એ પણ અત્યંત ભાવું છું. એકલો ભાવું ભાવું છું એમ નહિ. આહાહા..! મુનિ છે ને! એટલે અપૂર્વ રીતે અને અત્યંત. આહાહા..! અતિઅપૂર્વ સદા, જેમાં એક સમયનું અંતર નથી. આહાહા..! એ ધ્રુવ પ્રગટ્યું, એ ધ્રુવ નિત્ય છે. એના તરફનો સ્વાદ છે એ નિત્ય છે. કાયમ છે. છે પર્યાય ભલે. એવા સંસારના સુખ નહિ પણ **'સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય...'** એમ. છે ને? સિદ્ધિથી ઉત્પન્ન થતા સુખ, એ વડે શુદ્ધ છે.

**'એવા કોઈ (અદ્‌ભુત) સહજ તત્ત્વને હું પણ સદા અતિ-અપૂર્વ રીતે..'** આહાહા..! શબ્દો થોડા પડે છે એમને. **'હું પણ સદા અતિ-અપૂર્વ રીતે...'** પૂર્વે નહિ કરેલી રીતે. આહાહા..! એમ કહેતા સમય સમયની વૃદ્ધિ થાય છે, એમ કહે છે. અપૂર્વ એટલે ભલે શુદ્ધિ પહેલી થઈ હતી તે પણ અતિઅપૂર્વ રીતે, પૂર્વે નહિ થયેલી એ રીતે. એટલે કે શુદ્ધિ થઈ છે એનાથી શુદ્ધિ વધે છે. એટલે પહેલી એવી વધે છે એ પહેલી પૂર્વે નહોતી એવી અપૂર્વ રીતે. આહાહા..! સમજાણું કાંઈ? અધ્યાત્મની વાણી ઝીણી બહુ. પરિચય કરવો જોઈએ. એમ ને એમ... બહારની ક્રિયાકાંડ કરી કરીને મરી ગયા બધા. ક્યાંય ચાલ્યા ગયા. આહાહા..! **'હું પણ સદા અતિ-અપૂર્વ રીતે...'** આહાહા..! સમયે સમયે અપૂર્વ રીતે, એમ કહે છે. સમયે સમયે જે પર્યાય થઈ એનાથી બીજી અપૂર્વ છે. એ પહેલી નહોતી. આહાહા..!

મુમુક્ષુ :– એમાં જ્ઞાન વધે કે મગ્નતા વધે?

ઉત્તર :– સ્થિરતા વધે. જ્ઞાન વધે, ન વધે એમ નહિ. સ્થિરતા વધવાની વાત છે. જ્ઞાન તો થોડું જ હોય. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું જ્ઞાન. વીતરાગતા બારમે ગુણસ્થાને થઈ જાય. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું જ્ઞાન છે. સ્વપરના ભેદજ્ઞાનનું જ્ઞાન હોય. 'શિવભૂતિ' અણગાર નહિ? શિવભૂતિ અણગાર. મા તુષ અને મા રુષ. એવા શબ્દો યાદ ન રહ્યા. મગજવાળા બહુ માટે આ વાત બેસી જાય એવી કાંઈ આ વાત નથી. અંદર રુચિ અને અંતર દૃષ્ટિવાળા જોઈએ. આહાહા..! મા રુષ અને મા તુષ. ગુરુએ કહ્યું. એટલે કોઈ ઉપર સંતોષ નહિ અને કોઈ ઉપર દ્વેષ નહિ, વીતરાગતા રાખજે. એમ કહ્યું. યાદ ન રહ્યું. એટલા શબ્દ યાદ ન રહ્યા. ભાવ હતો. ભાવમુનિપણું હતું, સાચા મુનિ સંત હતા. શબ્દો યાદ નહોતા તેથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું છે? આહાહા..!

મુમુક્ષુ :– અંતરમાં જ્ઞાનની સ્પષ્ટતા હોય છે

ઉત્તર :– જ્ઞાનની સ્પષ્ટતા થોડી ભલે હોય, અંદર સ્થિરતા વધારે હોય. જ્ઞાન તો જે હોય તે હોય. અહીં સ્થિરતાની વાત છે. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વધર હોય, છતાં છઠ્ઠે ગુણસ્થાને હોય. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન હોય છતાં બારમે (ગુણસ્થાને) હોય. આહાહા..! વાત તો એવી છે, ભાઈ! અંતર દૃષ્ટિ અને સ્થિરતા બેની વાત છે. સમ્યક્જ્ઞાન તો છે, એ વચ્ચે છે. ભલે ત્યાં થોડું હોય. એ તો કીધું ને? મા રુષ અને મા તુષ એટલું યાદ ન રહ્યું. આહાહા..!

મુમુક્ષુ :– અનુભૂતિમાં મગ્નતા હોય ત્યારે આત્મા સ્પષ્ટ વધારે થાય ને?

ઉત્તર :– એ તો આત્મા અનુભવમાં આવે છે. એમાં કાંઈ જ્ઞાન વધતું નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. અનુભવ વખતે જ્ઞાન વધતું નથી. એ તો છે ને? લેખ છે ને. જ્ઞાન તો એટલું ને એટલું હોય છે, પણ અંદર સ્થિરતા અને આનંદ વધે છે. સ્થિરતા અને આનંદ, એ વધે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો ઘણા બધા બોલોનો વિસ્તાર કર્યો છે. સત્યને બહુ સાદી ભાષામાં... છે. સાતમા અધ્યાયમાં છે. આહાહા..!

**'અતિઅપૂર્વ રીતે...'** ગજબ છે! સદા. કોઈ વખતે મારું ધ્યાન આત્મામાં અને કોઈ વખતે આર્તધ્યાનમાં જાય એમ નહિ, એમ કહે છે. આહાહા..! **'સદા અતિઅપૂર્વ રીતે...'** પહેલી પર્યાયથી બીજી પર્યાય (થાય) પણ અપૂર્વ રીતે **'અત્યંત ભાવું છું.'** એ મોક્ષનો માર્ગ છે. બાકી મોક્ષનો માર્ગ બીજો છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૫૮

(वसंततिलका)

निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं
निर्मोहरूपमनघं परभावमुक्तम्।
संभावयाम्यहमिदं प्रणमामि नित्यं
निर्वाणयोषिदतनूद्भवसंमदाय।।१५८।।

**[શ્લોકાર્થ :–] સર્વ સંગથી નિર્મુક્ત, નિર્મોહરૂપ, અનઘ અને પરભાવથી મુક્ત એવા આ પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખને માટે નિત્ય સંભાવું છું (-સમ્યક્પણે ભાવું છું) અને પ્રણમું છું. ૧૫૮.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૨૧, શ્લોક-૧૫૮-૧૫૯, ગાથા-૧૧૦, શુક્રવાર, મહા વદ ૧, તા.૦૧-૦૨-૧૯૮૦

'નિયમસાર', કળશ-૧૫૮. આલોચના છે. આલોચનાનો અધિકાર છે. આલોચના એટલે? જે શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે તેને જોવો, તેને આલોચવો, તેમાં એકાગ્ર થવું એને અહીંયા આલોચના કહે છે. નિશ્ચય આલોચના છે. નિશ્ચય જોવું. સ્વરૂપ જે ત્રિકાળી અનંત ગુણનો સમુદાય એવો જે પ્રભુ, એને જોવો, એને આલોચવો એટલે જોવો અને એમાં એકાગ્ર થવું તે આલોચના છે.

**શ્લોકાર્થ :- 'સર્વ સંગથી નિર્મુક્ત...'** જે આલોચના કરવાલાયક જીવ છે એ જીવ કેવો છે? કે સર્વસંગથી નિર્મુક્ત. જેને સંગ જ નથી કંઈ. વિકલ્પનો સંગ નથી. **'નિર્મોહરૂપ,...'** છે. સર્વ સંગથી નિર્મુક્ત છે અને નિર્મોહ (અર્થાત્) પરમાં સાવધાનીનો બિલકુલ અભાવ છે. મોહ એટલે રાગ. પરમાં સાવધાનીથી બિલકુલ રહિત છે. એવું જેનું ત્રિકાળી શુદ્ધ સકળ નિરાવરણ અખંડ એક સ્વરૂપ એવો જે **'અનઘ...'** દોષ વિનાનો. અઘ એટલે પુણ્ય અને પાપ એવો જે અઘ, એનાથી રહિત **'અને પરભાવથી મુક્ત...'** ભાષા એકની એક છે. અનઘ એટલે નિર્દોષ છે અને પરભાવથી મુક્ત છે. વસ્તુ જે છે એ તો ત્રિકાળ નિરાવરણ (છે). દૃષ્ટિનો વિષય છે એ ત્રિકાળ નિરાવરણ નિર્મોહ છે. પર તરફના પર્યાયના વલણવાળું પણ એનું સ્વરૂપ નથી. પોતાનું પૂર્ણ જે અંતર સ્વરૂપ, પર્યાયની પાછળ અંતર રહેલું તત્ત્વ, પર્યાયની અંતર રહેલું તત્ત્વ, તે તદ્દન નિર્મુક્ત અને પરભાવથી ભિન્ન (છે).

**'એવા આ પરમાત્મતત્ત્વને...'** એવું આ પરમાત્મતત્ત્વ. આહાહા..! **'હું...'** જુદું પાડે છે. બધા એક એમ નહિ. બધા આત્મા એક છે એમ નહિ પણ **'હું...'** મારું અસ્તિત્વ બધાના અસ્તિત્વથી જુદું છે. તેથી **'હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા...'** નિર્વાણ એટલે મોક્ષરૂપી પરિણતિથી **'ઉત્પન્ન થતા અનંગ સુખ...'** અંગ વિનાનું સુખ, આત્માનું સુખ. અનંગ સુખ એટલે આત્માનું સુખ. **'અનંગ સુખને માટે નિત્ય સંભાવું છું...'** આહાહા..! પૂર્ણાનંદને પ્રગટ કરવા માટે, પૂર્ણ આનંદના અનુભવ માટે હું નિત્ય સંભાવું છું. સમ્યક્ પ્રકારે એને જ હું ભાવું છું. આહાહા..! આવો નિશ્ચય માણસને આકરો લાગે. નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... બસ. વ્યવહાર જેમાં પર્યાય પણ નથી. આહાહા..!

દ્રવ્ય જે છે એ તો સકળ નિરાવરણ અખંડ એક સ્વરૂપે છે. તેને હું અહીં ભાવું છું એમ કહે છે. **'એવા પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખ...'** આહાહા..! નિર્વાણરૂપી પરિણતિ, એનાથી ઉત્પન્ન થતો આનંદ, એને માટે નિત્ય હું સમ્યક્ પ્રકારે ભાવું છું. આ આલોચના. આહાહા..! જેમાં વિકલ્પનો પણ અવકાશ નથી. નિર્વિકલ્પપણે આત્માને જોવું, નિર્વિકલ્પપણે આત્માની ભાવનામાં રહેવું, એ નિર્વાણરૂપી સ્ત્રીના સુખને ઉત્પન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવાનો ભાવ છે. આહાહા..!

**'સંભાવું છું...'** એની સાથે હું **'પ્રણમું છું.'** એને જ હું નમું છું. મારું વલણ જ, પરિણમન જ, પરિણમું છું, મારા શુદ્ધ સ્વરૂપમાં જ હું પરિણમું છું. એ જ આલોચના છે. આહાહા..! આ નિશ્ચય વાત જરી લોકોને આકરી પડે છે એટલે એકાંત એકાંત કરીને કાઢી નાખે છે. આ જ અનેકાંત છે. સ્વ તરફનો સમ્યક્ એકાંત (જે). નિશ્ચયનયનો વિષય છે એ સમ્યક્ એકાંત જ છે. સમ્યક્ એકાંતમાં જે અનુભવવું (થાય છે) અને પર્યાય પ્રગટ થાય, એને જોવી એનું નામ અનેકાંત પ્રમાણ છે. સમ્યક્ એકાંતને આશ્રયે જે દશા પ્રગટે એને જોવી એને પ્રમાણ કહેવાય છે. આહાહા..!

**'પ્રણમું છું.'** એની સમ્યક્ પ્રકારે ભાવના ભાવું છું. અને એને જ હું નમું છું. પ્રણમું છું. એને જ હું પ્રણામ કરું છું. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રને પ્રણમું છું એ તો વિકલ્પ છે. આ તો નિત્યાનંદ પ્રભુ, વિકલ્પના સ્પર્શ વિનાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, તેની હું ભાવના ભાવું છું અને તેને જ હું પ્રણમું છું. આનું નામ આલોચના કહો કે ધર્મ કહો કે મુક્તિનો માર્ગ કહો. આહાહા..! એ ૧૫૮ (શ્લોક પૂરો થયો). તે દિ' થોડું ચાલ્યું હતું, થોડું બાકી હતું.

## શ્લોક–૧૫૯

(वसंततिलका)

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम्।।१५९।।**

**[શ્લોકાર્થ :–] નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું. સંસારસાગરને તરીજવા માટે, અભેદ કહેલા (–જેને જિનેંદ્રોએ ભેદ રહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું. ૧૫૯.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૫૯ ઉપર પ્રવચન

૧૫૯.

त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं
चिन्मात्रमेकममलं परिभावयामि।
संसारसागरसमुत्तरणाय नित्यं
निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम्।।१५९।।

**શ્લોકાર્થ :- ‘નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને...’** આહાહા..! આ પંચમઆરાના સાધુ પંચમઆરાના શિષ્યને કહે છે. કોઈ એમ કહે કે આવી વાત ચોથા આરાની છે. કહેનાર તો પંચમઆરાના સાધુ છે અને સંભળાવે છે પંચમઆરાના જીવને. એને આરો-બારો લાગુ પડતો નથી. આહાહા..! કે આવી મોટી વાત આવા પંચમકાળમાં કેમ કહેવાય? અહીં તો કહે છે, ગાથાદીઠ અમે એ વાત કરીએ છીએ. આહાહા..!

નિત્ય વસ્તુ નિરાવરણ અંદર પડી છે. એની મહાસત્તા અનંત અનંત સુખનો સાગર છે એવો જે ભગવાનઆત્મા, એના ભાવથી ભિન્ન **‘એવા સકળ વિભાવને છોડીને...’** આહાહા..! ભગવાન તો એમ કહે છે, કે અમારી ભક્તિના ભાવને પણ છોડીને. આહાહા..! સકળ વિભાવને છોડીને કીધું ને? તીર્થંકરદેવ અને સર્વજ્ઞદેવ પરમાત્મા, એના તરફનો જે ભાવ અને પરિણમન, નમસ્કાર એ ભાવથી પણ વસ્તુ ભિન્ન છે. આહાહા..! દેશનાલબ્ધિ આવે છે ને? દેશનાલબ્ધિ વિના તો થાય નહિ એવું આવે છે. એ તો એક (વાત) જણાવી. દેશનાલબ્ધિ હોય છે. પણ દેશનાલબ્ધિના લક્ષે જે જ્ઞાન થયું, એનાથી સમ્યગ્દર્શન ન પમાય. સમજાય છે? એ પણ હજી પરલક્ષી જ્ઞાન છે. દેશનાલબ્ધિ હોય છે છતાં એ પણ પરલક્ષી છે. અહીંયા તો પરથી તદ્દન ભિન્ન. છે ને?

**‘સકળ વિભાવને છોડીને એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.’** જ્ઞાનની તો પ્રધાનતા વર્ણવી છે, બાકી આખો આત્મા, જ્ઞાન એટલે આખો આત્મા. અનંતગુણની રાશિ એવો જે આત્મા તેને અહીં જ્ઞાન કહી અને એને ભાવું છું એમ કહે છે. તેવા ચિન્માત્રને... ભાષા તો ચિન્માત્ર લીધી. જ્ઞાનમાત્ર. પણ માત્ર કેમ લીધું? કે બીજા રાગાદિની જેને અપેક્ષા નથી. ચિન્માત્ર–એકલો જ્ઞાયકસ્વભાવ. આહાહા..! એને હું ભાવું છું. એની ભાવનામાં હું છું.

**‘સંસારસાગરને તરી જવા માટે,...’** આહાહા..! દેહ છૂટીને આત્મા તો રહેશે. દેહનો નાશ થાય પણ આત્મા તો અનાદિઅનંત છે. તો કહે છે કે હું સંસારસાગર–એ અવતાર જે છે તેને તરી જવા માટે. આહાહા..! મારામાં અવતાર અને અવતારનું બીજડું પણ નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવતારના કારણનો અને અવતારનો બેયનો મારામાં અભાવ છે. આહાહા..! એવા **'સંસારસાગરને તરી જવા માટે,..'** આની કોર ભાવું છું અને આ બાજુ સંસારસાગર તરી જવા માટે, એ અપેક્ષાથી કથન કર્યું. પર્યાયમાં સંસાર છે એટલું જરી જણાવ્યું. પણ એનાથી તરવા માટે, સંસારસાગરથી તરવા માટે **'અભેદ કહેલા...'** ભગવાને જે મોક્ષનો માર્ગ અભેદ કીધો. વસ્તુ તો અભેદની દૃષ્ટિએ લીધી પણ હવે અહીં અભેદ મોક્ષમાર્ગ કહ્યો. જે મોક્ષમાર્ગમાં ભેદ નથી. વ્યવહારનો વિકલ્પ પણ જેમાં નથી.

એવો જે **'અભેદ કહેલા (-જેને જિનેંદ્રોએ ભેદ રહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગ...'** અહીંયા અભેદ (એટલે) દૃષ્ટિના વિષયની વાત નથી. અભેદ અહીંયા મોક્ષમાર્ગની વાત છે. પર્યાયમાં ભેદ નથી. એકલો અભેદસ્વરૂપે અભેદનું ધ્યાન, અભેદના માર્ગે અભેદનું ધ્યાન. આહાહા..! એને જોવાનું આ છે. અભેદ દૃષ્ટિથી અભેદનું જોવું એ નિશ્ચય-સત્ય આલોચના છે. આહાહા..! આમાં કરવું શું પણ? આ કરવું કાંઈ આવે નહિ. વિકલ્પ કરવો, આ કરવું કે આ કરવું. કરવાનું તો આવતું નથી. ત્યાંથી છૂટીને ઠરવાની વાત છે. આહાહા..!

પ્રભુએ અભેદ કહેલો છે, મુક્તિનો માર્ગ અભેદ કહ્યો છે. વસ્તુ તો અભેદ છે પણ એ મોક્ષનો માર્ગ છે એ અભેદ છે. ભેદ-વ્યવહાર નહિ. વ્યવહારમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી. **'અભેદ કહેલા (જેને જિનેદ્રોંએ ભેદ રહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ...'** આ શું કીધું? એને 'પણ' શું કરવા લીધું? કે **'નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.'** અને **'મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.'** તેથી 'પણ' લીધું. આહાહા..! સમજાય છે કાંઈ? **'એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.'** અને **'અભેદ કહેલા મુક્તિના માર્ગને પણ...'** ઓલું પણ છે અને આ પણ છે. એમ. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યને પણ નમું છું અને પર્યાયને પણ નમું છું?

ઉત્તર :- એ પર્યાય પણ અભેદ. અભેદ પર્યાયથી અભેદને જોતા એને ભાવું છું. અભેદને ભાવું છું એમ આ અભેદ મોક્ષમાર્ગને પણ ભાવું છું. એટલે એનાથી જ અભેદ દૃષ્ટિ થાય છે. ભાવું છું નો અર્થ એ. અભેદથી અભેદની દૃષ્ટિ થાય છે. અભેદ મોક્ષમાર્ગથી અભેદની દૃષ્ટિ થાય છે. ભેદ મોક્ષમાર્ગથી અભેદની દૃષ્ટિ થતી નથી. આહાહા..! આકરું કામ છે. એક એક શ્લોક... આચાર્ય પોતે કહે છે કે આ મેં તો મારા માટે બનાવ્યું છે. આ ટીકા તો છે ભલે 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિની, પણ શ્લોકો જે છે એ તો આચાર્ય કહે છે, મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. કોઈને સમજાવવા માટે, સમજવા માટે નહિ, મારી ભાવના માટે છે. આહાહા..! એમાં સમજવું હોય એ સમજી લ્યો.

મુમુક્ષુ :- દ્રવ્યની ભાવના ભાવે છે અને પર્યાયની ભાવના ભાવે છે.

ઉત્તર :- પર્યાય એ તરફ વળે છે ને? માટે ભાવના ભાવે છે. એમ. ભેદનો વ્યવહાર નથી. અભેદનો પર્યાય વ્યવહાર છે તેથી એને ભાવું છું, એમ કહે છે. દ્રવ્યની અપેક્ષાએ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ છે તો વ્યવહાર.

મુમુક્ષુ :- આવી ભાવના ભાવે એને અભેદ થાય જ.

ઉત્તર :- થાય જ તે.

મુમુક્ષુ :- પ્રમાણજ્ઞાનથી થઈ જાય?

ઉત્તર :- અહીંયાં અભેદ દૃષ્ટિ ત્રિકાળ ઉપર છે એટલે નિશ્ચયનયનો વિષય છે. અભેદમાં પર્યાય થાય એને જાણવા જાય ત્યાં પ્રમાણ થઈ જાય છે. આહાહા..! આ તો એકલી અભેદ ચીજ છે, મોક્ષમાર્ગ જે ભગવાને કહ્યો અને જે અભેદ ચીજ ભગવાને કહી એને ભાવું છું અને અભેદ મોક્ષમાર્ગને પણ ભાવું છું. બે વાત લઈ લીધી. આહાહા..!

મુમુક્ષુ :- એક સમયમાં બન્ને?

ઉત્તર :- એક સમયમાં બે ભેગું છે. અભેદની દૃષ્ટિ જ અભેદ ઉપર છે. એટલે અભેદની ભાવના થઈ-આ અભેદ વસ્તુની ભાવના થઈ અને અભેદ મોક્ષમાર્ગની ભાવના થઈ. બે એકસાથે ભેગી થઈ. ભેદ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આમાં 'ગુરુદેવ' ૨૧ મો બોલ આની સાથે આવી જાય તો સારું.

ઉત્તર :- એ તો આવ્યું હતું. ૨૧મા બોલની વ્યાખ્યા આપણે નથી આપી?

મુમુક્ષુ :- કાલે રાત્રે આપે કહ્યું ત્યારે 'લાલુભાઈ' નહોતા.

ઉત્તર :- 'બહેનશ્રીના વચનામૃત'ના ૨૧માં બોલમાં આવે છે. ત્યાં જ કો'કનું પાનું પડ્યું છે. કોઈકે ચિહ્ન રાખ્યું છે. આહાહા..!

**'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી...'** ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી ભગવાન, એના **'ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના...'** એટલે અભેદ મોક્ષમાર્ગ જે અહીં કહ્યો ઇ. **'એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'** આહાહા..! આ **'જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** એટલે શું કહ્યું? આહાહા..! શુદ્ધ ચૈતન્યની ભાવના-પરિણતિ, એનું ફળ પૂર્ણ સ્વરૂપ ન આવે, દ્રવ્ય પૂર્ણરૂપે ન પરિણમે તો દ્રવ્ય શૂન્ય થઈ જાય. આહાહા..! એક દ્રવ્ય શૂન્ય થતાં, દરેક પરિણતિનું ફળ શૂન્ય થતાં જગત શૂન્ય થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં તો 'આફ્રિકા'માં વાત કરી હતી. શરૂઆતમાં પહેલી. લોકો સાંભળતા હતા. છેલ્લા આઠ દિ' પછી થોડું... પહેલા અઢાર દિ' માણસ ઠીક રહ્યું.

શું કહે છે? કે રાગ-દ્વેષ રહિત ચૈતન્યની ભાવના... આહાહા..! એ **'ફળ્યે જ છૂટકો.'** એ ભાવના થઈને સિદ્ધપણું થયે જ છૂટકો. ન થાય, **'જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** એ પરિણામ જે ચૈતન્યના, મોક્ષમાર્ગના એનું મોક્ષ જે દ્રવ્ય છે, મોક્ષ એવી જે જીવની પર્યાય છે, એ દ્રવ્યની પર્યાય છે, આ ચૈતન્યના પરિણમનથી એ પર્યાય જો ન આવે, તો એ દ્રવ્યને શૂન્ય થવું પડે. એટલે દ્રવ્યમય પરિણમન છે તેનું પરિણામ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યે જ છૂટકો. આવે એટલે ચૈતન્યદ્રવ્ય ટકી રહે. એમ ચાર ગતિના જે પરિણામ રાગ-દ્વેષવાળા છે એનું પરિણામ પણ ગતિ ન આવે તો એ ગતિ શૂન્ય થઈ જાય. એમ થઈને પાંચેય ગતિ શૂન્ય થઈ જાય, પાંચેય ગતિ શૂન્ય થતાં જગત શૂન્ય થઈ જાય, જગત શૂન્ય થતાં દ્રવ્ય શૂન્ય થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

રાગ-દ્વેષ વિનાની ચૈતન્યની ભાવના, એની જે પરિણતિ, એનું ફળ સિદ્ધપદ, પૂર્ણપદ, એ ફળ્યે જ છૂટકો. ન ફળે, એ પરિણામનું ફળ ન આવે તો સિદ્ધ ગતિ જ ન રહે, મોક્ષ ગતિ જ ન રહે. મોક્ષ ગતિ ન રહે તો દ્રવ્યની પર્યાય ન રહે તો દ્રવ્ય જ ન રહે. આહાહા..! જગતને શૂન્ય થઈ જવું પડે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો ચૈતન્યના પરિણમનની કરી છે પણ એમાં આખું જગત શૂન્ય થઈ જાય એમ કીધું એનો અર્થ, કે જે જે પરિણામ છે તેનું ફળ પર્યાયમાં આવે નહિ તો તે દ્રવ્ય રહે નહિ. દ્રવ્ય ન રહે એટલે જગત શૂન્ય થઈ જાય. અનંતા દ્રવ્યનું પરિણમન છે તે પરિણમનનું પરિણામ–ફળ પૂર્ણ છે એ ન આવે, અશુદ્ધતાનું ફળ ગતિ, શુદ્ધતાનું ફળ સિદ્ધગતિ એ ન આવે તો એ ચારે ગતિ અને સિદ્ધ ગતિનો પણ નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

**‘જો ન ફળે તો જગતને–ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.’** એ પર્યાયનું ફળ ન આવે તો દ્રવ્ય જ ન રહે. આહાહા..! ચૈતન્યના પરિણમનનું ફળ, ચૈતન્યની મુક્તિની પર્યાય ન આવે, ગતિ ન આવે, પૂર્ણ ગતિ ન થાય તો એ દ્રવ્યનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? જરી ઝીણું છે.

મુમુક્ષુ :– પર્યાય ન પરિણમે એમાં દ્રવ્યનો નાશ શું કરવા થાય?

ઉત્તર :– પર્યાયનું ફળ છે ગતિ પૂર્ણ છે. પર્યાયનું ફળ છે.. અહીં તો ચેતનનું લેવું. એનું ફળ છે એ પૂર્ણ ગતિ છે. અને એનું ફળ પૂર્ણ ન આવે તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય. પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. એક દ્રવ્યનો નાશ થતાં સર્વ દ્રવ્યનો નાશ થઈ જાય. સર્વ દ્રવ્યનો નાશ થતાં જગત શૂન્ય થઈ જાય. ‘લાલચંદભાઈ’! આહાહા..!

એ વાત તો ત્યાં ‘આફ્રિકા’માં વિસ્તારથી થઈ હતી. ત્યાં સાંભળનારા છે. ૩૦ વર્ષથી ત્યાં તો ચાલે છે ને? શું કહેવાય? આ ટેપ રેકોર્ડિંગ ચાલે છે, વ્યાખ્યાન ચાલે છે. ‘ઝવેરચંદભાઈ’ છે, એક ‘વેલજીભાઈ’ છે. ‘વેલજીભાઈ’ અહીં રહી ગયા છે નહિ? બહુ વાંચનાર. સાધારણ નોકર છે. આ ‘ઝવેરચંદ’ને ઇ બધા પૈસાવાળા લાખોપતિ ઘણા મોટા. આ છે પણ છતાં આ માણસ ઘણો સંતોષી છે. ઘણું વાંચન મીઠું આપે. અહીંની શૈલીની વાત ઘણી મીઠી આપે. સાંભળનારા ‘ધરમશીભાઈ’ને ત્યાં અમે ઉતર્યા હતા, એ તો બહુ ખૂશી થતા. ‘વેલજીભાઈ’ વાંચે છે તો એવો આનંદ આવે છે. જુવાન માણસ છે. અહીં આવ્યા હતા. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો વાત ચૈતન્યના પરિણમનથી પરિણામ એનું પૂર્ણ સ્વરૂપ ન થાય તો એ ગતિ જ ન રહે. ગતિ ન રહે એટલે એ દ્રવ્ય જ નાશ થઈ જાય. દ્રવ્યનું પરિપૂર્ણ સ્વરૂપ છે એ પર્યાય થઈ. એ સિદ્ધ ગતિ થઈ. તો એ ચૈતન્યના પરિણામનું એ પૂર્ણ સ્વરૂપ ન થાય તો એ દ્રવ્ય જ ન રહે, દ્રવ્ય ન રહે તો એક દ્રવ્ય ન રહે તો બીજા દ્રવ્યો પણ તેના પરિણામના ફળ રૂપે તેની ગતિ ન થાય તો એ દ્રવ્ય પણ નાશ થઈ જાય. દ્રવ્ય નાશ થતાં જગતની શૂન્યતા થઈ જાય. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..!

**'અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.'** પર્યાયની પૂર્ણતા ન રહે. અહીં સાધન થયું અને સાધ્ય ન થાય, તો સાધનનું કરનાર દ્રવ્યનો પણ નાશ થઈ જાય. આહાહા..! **'પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે...'** એટલે કે સાધકના પરિણામની સાથે **'કુદરત બંધાયેલી છે–'** ચૈતન્યના પરિણામ થયા છે તેને મુક્તિ થાય જ. એ થાય જ. એમાં કુદરત એની સાથે બંધાયેલી છે. એ દ્રવ્યનો સ્વભાવ જ એવો છે. સમજાય છે કાંઈ? ચૈતન્યના પરિણામ જે નિર્મળ છે, એનું નિર્મળપણું પૂર્ણ ન આવે... આહાહા..! એમ બને જ નહિ. પરિણામ થાય તે સિદ્ધ થાય જ. એવી **'કુદરત બંધાયેલી છે–'** કુદરત એટલે? દ્રવ્યનો સ્વભાવ જ એ રીતે બંધાયેલો છે. આહાહા..!

મુમુક્ષુ :– કુદરત એટલે બાહ્ય દ્રવ્યનો સંયોગ નહિ?

ઉત્તર :– બીજાની બાહ્યની વાત (નથી). કુદરત એટલે એ દ્રવ્યના રાગ-દ્વેષ વિનાના પરિણામ થયા અને પૂર્ણતા ન થાય, એ તો વસ્તુનું સ્વરૂપ રહે નહિ, વસ્તુનું સ્વરૂપ જ રહે નહિ. આહાહા..! અભેદ મોક્ષમાર્ગ થાય અને મોક્ષ ન થાય તો એ દ્રવ્ય જ રહે નહિ. એ પરિપૂર્ણ ગતિ ગતિ જ ન રહે. ગતિ ન રહેતા દ્રવ્ય ન રહે, દ્રવ્ય ન રહેતા દ્રવ્યનો નાશ થઈ જાય. સમજાય છે કાંઈ? આહાહા..! ત્યાં તો બધા સાંભળતા હતા બિચારા. ત્યાં તો ઘણા વર્ષથી વાંચન છે ને? ૨૫-૩૦ વર્ષથી વાંચન છે.

**'ચૈતન્યના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે—'** એટલે? નિર્મળ પરિણામ સાથે સિદ્ધપદ થાય જ. એવો દ્રવ્યનો સ્વભાવ જ છે. આહાહા..! સાધક પરિણામ નિર્મળ થયા અને સાધ્ય ન થાય (એમ) ત્રણકાળમાં બને નહિ. આહાહા..! એ સાધક પરિણામ થયા અને એને સિદ્ધપદ ન થાય, એને સંસાર ભવ રહે એમ ત્રણકાળમાં બને નહિ. સંસારભવ રહે જ નહિ. સિદ્ધ ગતિ જ થાય. સિદ્ધ ગતિ ન થાય તો પરિણામનું ફળ ન આવ્યું. પરિણામનું ફળ ન આવ્યું તો પરિણામ જ નિરર્થક ગયા. પરિણામ નિરર્થક ગયા તો પરિણામનો ધરનાર આત્મા, એનો પણ નાશ થયો. આહાહા..! આવું છે. તે દિ' પહેલા આવો અર્થ અહીં નહોતો થયો, આ વંચાઈ ગયું ત્યારે. એ તો આવે ત્યારે આવે ને. કાંઈ ધારી રાખ્યું છે? ત્યાં એકદમ અંદરથી આવ્યું, શું કહે છે આ?

સાધક પરિણામ, ચૈતન્યના પરિણામ થયા અને પરિણામનું ફળ મુક્તદશા, એ દ્રવ્યની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા પરિપૂર્ણ ન થાય તો એ દ્રવ્ય નાશ થઈ જાય, દ્રવ્ય જ રહે નહિ. એક દ્રવ્ય ન રહે, બીજા દ્રવ્યના પણ જે પરિણામ છે તેનું ફળ પણ ન આવે તો તે પણ ફળ વિનાની, ગતિ વિનાનું અને તેના કારણ વિનાનું દ્રવ્ય થઈ જાય. તેથી દ્રવ્યનો નાશ થઈ જાય. પાંચેય ગતિનો નાશ થઈ જાય. પાંચેય ગતિનો નાશ થતાં પાંચેય ગતિનું કારણ જે દ્રવ્ય, એનો નાશ થઈ જાય. દ્રવ્ય રહે નહિ. આહાહા..! છે?

**'એવો જ વસ્તુનો સ્વભાવ છે.'** એવો જ વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! **'આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** આહાહા..! સમજાય છે? અનંત તીર્થંકરોએ કહેલી આ વાત છે. જેના પરિણામ રાગ-દ્વેષ રહિત થયા, એના પરિણામનું ફળ સિદ્ધપદ ન થાય, કેવળ ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. એમ ન થાય તો દ્રવ્યનો સ્વભાવ પરિપૂર્ણ છે એનો અભાવ થાય, પરિપૂર્ણનો અભાવ થતાં તેના કારણના પરિણામનો અભાવ થાય, કારણના પરિણામનો અભાવ થતાં દ્રવ્યનો પણ અભાવ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? જરી ઝીણું છે.

**'આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** કેમકે દ્રવ્ય જે છે, એના જે પરિણામ છે, એ ચૈતન્યના પરિણામનું ફળ ચૈતન્ય પૂર્ણ થયા વિના રહે જ નહિ. એ જ એનો દ્રવ્યનો સ્વભાવ છે. એમ અનંત તીર્થંકરોએ કહેલું છે. એ રીતે પરિણામનું ફળ જો ગતિ તરીકે, પૂર્ણ તરીકે એકનું ન થાય તો બીજાનું ન થાય. તો બીજી ગતિઓના પરિણામનું ફળ ગતિ પણ એ ન થાય. જો ગતિ જ ન થાય તો ગતિનો ધરનાર દ્રવ્ય પણ રહે નહિ. અનંતા તીર્થંકરોએ આમ કહ્યું છે. આહાહા..! આ ૨૧મો બોલ છે.

વસ્તુ નિત્યાનંદના પરિણામ થાય અને નિત્યાનંદરૂપી પર્યાયની દશા પૂર્ણ ન થાય તો તે દ્રવ્ય જ રહી શકે નહિ. આહાહા..! પરિણામના ફળવાળું દ્રવ્ય જ રહી શકે નહિ. ફળ ન આવે અને એકલા પરિણામ રહ્યા (તો) એ પરિણામને કરનારું દ્રવ્ય પણ રહ્યું નહિ. આહાહા..! ઝીણી વાત છે થોડી. આ 'બહેન'ના વચન છે. એ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુના સ્વરૂપથી નીકળેલી એ વાત છે.

મુમુક્ષુ :- પહેલા આનો અર્થ શું કરતા હતા?

ઉત્તર :- બસ, એમ કે નાશ થાય એટલી સાધારણ વાત. બહુ વિસ્તાર એનો નહોતો. નાશ થાય તો શું થાય? અને અનંતા તીર્થંકરોએ કીધું કે આ નાશ થાય તો જગત શૂન્ય થાય, એટલી બધી વિસ્તારથી વાત નહોતી. સમજાણું કાંઈ? આહાહા..!

રાગ-દ્વેષ વિનાના પરિણામ થાય અને એ પરિણામની પૂર્ણતા એવી સિદ્ધગતિ ન થાય તો સિદ્ધગતિ ન રહે. ગતિ ન રહે તો ગતિના કારણના પરિણામ શૂન્ય થઈ જાય. અને એ પરિણામનો ધરનાર દ્રવ્ય પણ રહે નહિ. એ રીતે ત્રણેય કાળના દ્રવ્યના શૂન્યપણાનો પ્રસંગ આવે. આહાહા..! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસ્તિત્વ તત્ત્વ છે, પરિપૂર્ણ ભરેલું નિરાવરણ છે. એને આશ્રયે થયેલા પરિણામ, એની પરિપૂર્ણતા ન થાય તો તે પરિણામની પણ શૂન્યતા થઈ જાય, પરિણામનો પણ અભાવ થઈ જાય. પરિણામનો અભાવ થતાં જેને આશ્રયે પરિણામ થયા એ દ્રવ્યનો અભાવ થઈ જાય. આહાહા..! જરી ઝીણું છે. ત્યાં 'આફ્રિકા'માં ચાલ્યું હતું. એ વખતે તો બહુ માણસ હતું. પછી પાછળના આઠ દિ' થોડું માણસ હતું. પહેલા અઢાર દિ'. પાછળથી પછી દુકાનમાં ધંધાને કારણે છોકરાઓ નહોતા આવી શકતા. મોટા મોટા આદમી આવે. આઠ દિ'માંથી એક દિ' તો 'મોમ્બાસા' ગયા હતા ને પાછા આઠ દિ'માંથી એક દિ' આમ ઓલું... શું બીજું ગામ? 'ટીકાવા'. 'મોહનલાલ' હતા ત્યાં ગયા. ત્યાં પણ માણસ ખૂબ આવતું. 'મોમ્બાસા'માં ભાઈને એમ હતું કે, હું એકલો છું, શું કરીશ? કેમ થાશે? કીધું, કાંઈ જાજા માણસની આપણે જરૂર નથી. રોવા માંડ્યા. ત્યાં 'નાઈરોબી'માં. રોવા માંડ્યા કે અહીં મહારાજ આવ્યા અને મારું ગામ અહીં ૩૦૦ માઈલ છેટે. અહીંથી ૩૦૦૦ માઈલ છેટે, ત્યાંથી ૩૦૦ માઈલ છેટે. અહીં આવે નહિ. હું ત્યાં કાયમ રહેનારો. આહાહા..! રોવા માંડ્યા. મુંઝાઓ નહિ, આપણે માણસની જરૂર નથી. જે કાંઈ પાંચ-પચ્ચીસ માણસ બેઠા હશે એમાં આપણે વાંચશું, કહેશું. ત્યાં તો ખીચોખીચ માણસ ભરાઈ ગયેલું. આખો મોટો હોલ. પૈસા પણ ખૂબ ખર્ચ્યા. ૪૧ હજાર રૂપિયા ખર્ચ્યા. એક દિ' એટલામાં ૪૧ હજાર રૂપિયા આપ્યા. આહાહા..!

આ પરિણામનું પરિણામી ફળ પૂર્ણ ન આવે તો તે દ્રવ્ય જ ન રહે. દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે દ્રવ્યના પરિણામ થયા તેને પૂર્ણ પરિણતિ થયે જ છૂટકો. બીજ ઊગી, પૂનમ થયા વિના રહે નહિ. નહિતર એ બીજ ઊગી જ નથી. અને બીજનો ચંદ્રમા પણ નથી. આહાહા..! પૂનમ ન થાય તો તે બીજ જ નથી. બીજ નથી તો ચંદ્ર નથી, ચંદ્ર નથી તો તેનું પરિણામ પૂર્ણ આવ્યું નથી. આહાહા..! 'હિંમતભાઈ'! આહાહા..! જેની સત્તા પૂર્ણ પડી છે... આહાહા..! એના ભાવના પરિણામ પ્રગટ્યા અને તેની પર્યાયમાં પૂર્ણતા ન થાય, જગત શૂન્ય થઈ જાય. એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! '**આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.**' કારણ કે વસ્તુનું સ્વરૂપ જ આ છે. એ અનંત તીર્થંકરોએ કહેલું છે. કોઈએ પાનું આમાં રાખ્યું હતું. લ્યો, આ વાત થઈને? 'લાલચંદભાઈ'એ સાંભળી નહોતી એટલે ફરીને કહેવરાવી. આહાહા..!

દ્રવ્ય, સાધક પરિણામ અને સાધ્ય પરિણામ ત્રણનો સંબંધ છે. એ સંબંધમાં ક્યાંય તૂટ પડે તો દ્રવ્યનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..! દ્રવ્ય, વસ્તુ એ ત્રિકાળી સત્તાનું સત્ત્વ છે અને એના પરિણામ વર્તમાન પર્યાયના સત્ત્વનું સત્ત્વ છે. આપણે તો ૧૪મી ગાથામાં એમ આવ્યું નહોતું? કે અશુદ્ધપણું એ પણ જીવનું સત્ત્વ છે. અશુદ્ધપણું નથી જ એમ કોઈ કહે, તો તો એ દ્રવ્ય જ પોતે નહિ રહે. અશુદ્ધપણાનો અંશ છે. તેનાથી દ્રવ્ય આખું થાય છે. અનંતા ગુણોનો પિંડ તે દ્રવ્ય થાય છે. અશુદ્ધપણાનો અંશ તો સાદિઅનંત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એ ન માને તો દ્રવ્ય જ નહિ રહે. એ અશુદ્ધપણું પણ દ્રવ્યનું સત્ત્વ છે. વસ્તુની પર્યાય પણ અંશે સત્ત્વ છે. પણ આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવા લાયક નથી માટે સત્ત્વ નથી એમ નહિ.

બીજા એમ જ કહે છે ને કે એક જ આત્મા સર્વવ્યાપક છે. મલિનતા-ફલિનતા આત્મામાં છે જ નહિ. પર્યાયમાં મલિનતા નથી એમ માને એ વસ્તુને, દ્રવ્યને માનતો નથી. કારણ કે મલિનતાના અંશો અને નિર્મળતાના અંશો, એ અનાદિઅનંત પર્યાયનો પિંડ તે ગુણ છે. અને એવા અનંત ગુણ તે દ્રવ્ય છે. તો એ જે સાદિઅનંત અશુદ્ધતા ન માને, એણે ગુણ જ માન્યો નથી. અને ગુણ માન્યો નથી એટલે અનંત ગુણનો પિંડ દ્રવ્ય પણ જાણ્યું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવું છે.

અહીં પણ એ કહે છે, જુઓ! **'ચિન્માત્રને હું ભાવું છું. સંસારસાગરને તરી જવા માટે, અભેદ કહેલા...'** ભગવાને મોક્ષનો માર્ગ જે અભેદ કીધો તે **'મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.'** એને હું પ્રણમું છું, કેમકે તેનાથી મને મુક્તિ થવાની છે. અભેદ મોક્ષના માર્ગથી મુક્તિની પર્યાય અસ્તિત્વપણે (થવાની છે). આ અસ્તિત્વથી એ અસ્તિત્વ થવાનું છે. મોક્ષના માર્ગની અપૂર્ણ અશુદ્ધતાથી પૂર્ણ શુદ્ધતા થવાની છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમાંથી કાંઈપણ ઓછું, અધિક, વિપરીત ફેરફાર કરે તો દ્રવ્યનો નાશ થઈ જશે. એટલે કે એની સત્તામાં, શ્રદ્ધામાં સત્ય નહિ રહે. સત્ય જેવું છે, જેવડું છે, જેવડું છે તેવું એની શ્રદ્ધામાં નહિ રહે ..... એને તો દ્રવ્ય, દ્રવ્યના પરિણામ અને એનું ફળ દૃષ્ટિમાં આવ્યું જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– અપૂર્ણતાથી પૂર્ણતા થાય તે શું...

ઉત્તર :– થાય જ. બીજ ઊગે એની પૂનમ થાય જ. બીજ ઊગે અને પૂનમ ન થાય તો એ ચંદ્રમા રહી શકે નહિ. ભલે અપૂર્ણ છે અને એનાથી પૂર્ણ થયું, પણ ફળ એનું એની જાતનું છે. અભેદ મોક્ષમાર્ગ, એ પૂર્ણ મોક્ષની પર્યાયની જાતનો માર્ગ છે. કજાત નથી એ. આહાહા..! એ પ્રગટ દશા થઈ અને મોક્ષ ન થાય... આહાહા..! તત્ત્વ નહિ રહે. પર્યાયની સાધકદશા પ્રગટી, કુદરત બંધાયેલી છે કે ત્યાં સાધ્ય સિદ્ધપદ થાય જ. ન થાય (તો) દ્રવ્યનો નાશ થઈ જાય. અનંતા તીર્થંકરોએ એમ કહેલું છે. સમજાણું કાંઈ? આરે..! આવી વાતું છે.

અહીં એ કીધું, **'ચિન્માત્રને હું ભાવું છું.'** ભાવું છું એ તો પર્યાય છે. **'સંસારસાગરને તરી જવા માટે,...'** એ અશુદ્ધતાના અભાવ માટે **'અભેદ કહેલા (–જેને જિનેદ્રોંએ ભેદ રહિત કહ્યો છે એવા)...'** આહાહા..! એવા **'મુક્તિના માર્ગને પણ...'** પણ એટલે? **'નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.'** તેમ મુક્તિમાર્ગને પણ હું નિત્ય ભાવું છું. પણ શબ્દ લીધો છે. ભાવું છું એટલે મારામાં થાય છે. મોક્ષનો માર્ગ થાય જ છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંતોની વાણી આ છે. દિગંબર સંતોની આ વાણી છે. અપ્રતિબુદ્ધને કહે છે. ૩૮ ગાથામાં એમ આવ્યું છે ને? અપ્રતિબુદ્ધ શિષ્યને કહે છે, કે પંચમઆરાના સંત, પંચમઆરાના અપ્રતિબુદ્ધ જીવને કહે છે અને એ પંચમઆરાનો અપ્રતિબુદ્ધ જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરે છે. પરિપૂર્ણ કરે છે. ત્યાં ૩૮ ગાથામાં આવ્યું છે. અને તે... આહાહા..! ફરે નહિ એ વાત. પ્રગટ દશા થઈ એ પડે નહિ. એમ અપ્રતિબુદ્ધ શ્રોતા ગુરુ પાસે સાંભળીને એની પોતાની યોગ્યતાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં, એ પંચમઆરાના પ્રાણીની પર્યાય પણ પડવાની નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અપ્રતિહત ભાવનો પોકાર કર્યો છે. અપ્રતિહત ભાવનો ઢંઢેરો પીટ્યો છે. પડીશ.. પડીશ... દ્રવ્યનો નાશ થાય તો પડીશ શંકા તને થશે. આહાહા..! પડીશની અહીં વાત નથી, ચડીશની વાત છે. આહાહા..! છૂટ્યે–પૂર્ણ થયે (છૂટકો). ક્ષયોપશમ છે એનું ક્ષાયિક થયે છૂટકો અને તે કેવળજ્ઞાન લીધે છૂટકો. પંચમઆરાનું ક્ષયોપશમજ્ઞાન, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિતનું કારણ છે. ક્ષાયિક થયે છૂટકો છે અને એમાંથી કેવળજ્ઞાન થયે છૂટકો છે. આહાહા..!

મુમુક્ષુ :– નહિતર બ્રહ્માંડનો નાશ થઈ જાય?

ઉત્તર :– હા. નહિતર વસ્તુ નહિ રહે. પરિણામ અને પરિણામનું ફળ, બે ન રહે તો પરિણામ અને પરિણામના ફળનો ધરનારો તો રહે નહિ. આહાહા..! આ તો 'બહેન'ની ભાષા આવી છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– 'પૂજ્ય બહેનશ્રી'ને એટલું બધું કહેવાનું છે આ બોલમાં?

ઉત્તર :– અંદરમાં ભાવમાં છે. ન્યાં કાંઈ ગોખવું પડતું નથી. ભાવ એવો જ આવ્યો છે અને એવો જ છે. કાંઈ ગોખીને, યાદ કરીને ત્યાં કહેવું પડતું નથી. આહાહા..!

**'મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.'** એ ૧૦૯ ગાથા (પૂરી) થઈ.

# ગાથા–૧૧૦

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं।।९१।।**

**कर्ममहीरुहमूलछेदसमर्थः स्वकीयपरिणामः।**
**स्वाधीनः समभावः आलुंछनमिति समुद्दिष्टम्।।११०।।**

**परमभावस्वरूपाख्यानमेतत्।**

**भव्यस्य पारिणामिकभावस्वभावेन परमस्वभावः। औदयिकादिचतुर्णां विभावस्वभावानामगोचरः स पंचमभावः। अत एवोदयोदीरणक्षयक्षयोपशमविविधविकारविवर्जितः। अतः कारणादस्यैकस्य**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

परमत्वम्, इतरेषां चतुर्णां विभावानामपरमत्वम्। निखिलकर्मविषवृक्षमूलनिर्मूलनसमर्थः त्रिकालनिरावरणनिजकारणपरमात्मस्वरूपश्रद्धानप्रतिपक्षतीव्रमिथ्यात्वकर्मोदयबलेन कुद्दष्टेरयं परमभावः सदा निश्चयतो विद्यमानोऽप्यविद्यमान एव। नित्यनिगोदक्षेत्रज्ञानामपि शुद्धनिश्चयनयेन स परमभावः अभव्यत्वपारिणामिक इत्यनेनाभिधानेन न संभवति। यथा मेरोरधोभागस्थितसुवर्णराशेरपि सुवर्णत्वं, अभव्यानामपि तथा परमस्वभावत्वं; वस्तुनिष्ठं, न व्यवहारयोग्यम्। सुद्दशामत्यासन्नभव्यजीवानां सफलीभूतोऽयं परमभावः सदा निरंजनत्वात्; यतः सकलकर्मविषमविषद्रुमपृथुमूलनिर्मुलनसमर्थत्वात् निश्चयपरमालोचनाविकल्पसंभवालुंछनाभिधानम् अनेन परमपंचमभावेन अत्यासन्नभव्यजीवस्य सिद्यतीति।

---

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

અન્વયાર્થ :– [ कर्ममहीरुहमूलछेदसमर्थः ] કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે [ समभावः ] સમભાવરૂપ [ स्वाधीनः ] સ્વાધીન [ स्वकीयपरिणामः ] નિજ પરિણામ [ आलुंछनम् इति समुद्दिष्टम् ] તેને આલુંછન કહેલ છે.

ટીકા :– આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.

ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે. તે પંચમ ભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે. તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે. આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે. સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે (કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી). નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી (પરંતુ શુદ્ધપણે જ છે). જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે, તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે; તે વસ્તુનિષ્ઠ છે, વ્યવહારયોગ્ય નથી (અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણરાશિનું સુવર્ણપણું સુવર્ણરાશિમાં રહેલું છે પણ તે વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી, તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે પણ તે વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી, તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે પણ તે કામમાં આવતું નથી કારણ કે અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે). સુદૃષ્ટિઓને–અતિ આસન્નભવ્ય જીવોને–આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે) સફળ થયો છે; જેથી, આ પરમ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું ‘આલુંછન’ નામ સિદ્ધ થાય છે, કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.**

## ગાથા-૧૧૦ ઉપર પ્રવચન

ગાથા-૧૧૦. આહાહા..! શું અસ્તિત્વનો પોકાર છે! તીર્થંકરોનો પોકાર છે. પૂર્ણ સત્તાનો સ્વીકાર... આહાહા..! પૂર્ણ પ્રભુનો સ્વીકાર, એ પૂર્ણ થયે છૂટકો. જેવું અંદરમાં છે એવું પૂર્ણ પર્યાયમાં આવ્યે છૂટકો. નહિંતર દ્રવ્ય રહી શકશે નહિ, જગત નહિ રહી શકે. સત્તાની અસત્તા થઈ જશે. એવું કોઈ દિ’ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

૧૧૦.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं।।११०।।**

‘**सकीयपरिणामो**’ શબ્દ પડ્યો છે તેને પારિણામિકભાવ કહેશે. અર્થમાં પારિણામિકભાવ કહેશે.

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

**ટીકા :- ‘ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...’** આહાહા..! ભવ્યને પ્રગટ થયો છે એ અપેક્ષાએ વાત છે. પારિણામિકભાવ તો અભવીને પણ છે પણ એને પ્રગટ થવાનો નથી એટલે છે નહિ. **‘ભવ્યને પારિણામિકભાવરૂપ...’** પારિણામિકભાવરૂપ એમ શબ્દ છે. ... પારિણામિકભાવ... આહાહા..! એવો **‘સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે.’** પરમ સ્વ ભાવ છે. ભવ્ય જીવને પારિણામિકભાવ સ્વરૂપ સ્વભાવ હોવાથી પરમ સ્વ ભાવ, પોતાનો સ્વયં સ્વભાવ છે. સ્વ એટલે પોતાનો જ એ ભાવ છે. પૂર્ણ પારિણામિકભાવ એ ભાવવાન એવો આત્મા, એનો જ એ સ્વભાવ છે. સ્વભાવવાનનો જ એ સ્વભાવ છે. આહાહા..!

**‘ભવ્યને...’**, અભવ્યને પણ સ્વભાવ તો પૂર્ણ શુદ્ધ છે, પર્યાયમાં પ્રગટ થતો નથી. આહાહા..! **‘પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.’** આહાહા..! ભાવ, દ્રવ્ય સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ અસ્તિત્વ, એ **‘ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.’** ક્ષાયિકભાવને પણ અગોચર કીધું. એનો અર્થ કે ક્ષાયિકને આશ્રયે થતું નથી, એમ કહે છે. અહીં તો ચારેય ભાવને અગોચર કીધું. એનો અર્થ એને આશ્રયે પ્રગટ થતું નથી. પારિણામિકભાવને આશ્રયે પ્રગટ થાય છે. એથી **‘ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે.**' અગમ્ય છે. એટલે કે ક્ષાયિકભાવને આશ્રયે અગમ્ય છે. ક્ષયોપશમભાવને આશ્રયે અગમ્ય છે. ક્ષયોપશમભાવથી જણાય છે, ઉપશમભાવથી જણાય છે, ક્ષાયિકભાવથી જણાય છે. છતાં તેને અગોચર છે. એને આશ્રયે થતાં અગોચર છે. ક્ષાયિકભાવનો પર્યાયનો આશ્રય કરવા જાય તો અગમ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? શબ્દ તો આમ છે.

**'ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.'** આત્મા ક્ષાયિકભાવને પણ અગમ્ય છે. એનો અર્થ ક્ષાયિકભાવની પર્યાયના લક્ષથી અગમ્ય છે. પર્યાય ઉપર લક્ષ કરતાં તે અગમ્ય છે. દ્રવ્ય ઉપર લક્ષ કરતાં તે ગમ્ય થઈ શકે છે. આહાહા..! આવું ઝીણું! પછી ઘણા કહે ને? કે એકાંત છે, એકાંત છે.

ક્રમબદ્ધની વ્યાખ્યા ભાઈએ સારી મૂકી છે. ક્રમબદ્ધનું પુસ્તક આવ્યું છે ને? પુસ્તક આવ્યું છે. મને કાંઈ ખબર નહોતી ત્યારથી મારી દિશા પલટી. ... ક્રમબદ્ધ છે ત્યારથી મારું દિલ ફરી ગયું. વળી એને સાંભળીને કેટલાકને નિયતવાદ ને .... પુરુષાર્થની હિનતા દેખી ક્રમબદ્ધમાં પણ ક્રમબદ્ધમાં જ પુરુષાર્થ છે. ... એનો નિર્ણય દ્રવ્યને આશ્રયે થાય છે. જ્ઞાયકભાવને આશ્રયે નિર્ણય (થાય છે). તેથી તે પુરુષાર્થ છે. પારિણામિક શુદ્ધભાવ છે, એનો પુરુષાર્થ થયો એ તો .... થવાની હતી, કાળલબ્ધિ પણ તે સમયે હતી, એ સમયે નિમિત્ત કે નિમિત્તનો અભાવ જે છે, એ સમય ... એક સમયમાં પાંચે સમવાય એકસાથે જ હોય છે. સમજાણું કાંઈ? માર્ગ એવો ઝીણો. બહારની પ્રવૃત્તિમાં ચડાવી દીધા ને એટલે અંદરમાં દૃષ્ટિ કરવી એને મુશ્કેલી પડી જાય છે. વસ્તુ તો ...

જ્યાં દૃષ્ટિ કરવી છે એવું સ્વરૂપ ત્રિકાળ વિદ્યમાન છે. છે તેની દૃષ્ટિ કરવી છે. લ્યો, ઠીક. નથી તેની દૃષ્ટિ કરવી હોય તો દૃષ્ટિમાં વિપરીતતા આવે. પણ છે. ભગવાન છે. ... પણ પરમાત્મા છે. આહાહા..! એવો જે ચાર ભાવ.... અભાવસ્વભાવ. ક્ષાયિકને, એ કેવળજ્ઞાન ને ક્ષાયિકભાવને પણ અગમ્ય છે. એટલે કે પર્યાયના લક્ષે થતું નથી. એથી ચાર ભાવને અગમ્ય છે. બાકી તો ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમભાવને ગમ્ય છે. .... શી રીતે થાય? આહાહા..! અગમ્ય કીધું ઇ આ અપેક્ષાએ કીધું. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૨૨, ગાથા-૧૧૦, શનિવાર, મહા વદ ૧, તા.૦૨-૦૨-૧૯૮૦

'નિયમસાર' ૧૧૦-ગાથા.

**'ભવ્યને...'** (અભવ્યને) છે પણ પ્રગટ થતું નથી એટલે છે એ નથી. અભવ્યને પણ પારિણામિકભાવ છે. એથી એને છે જે એ નથી જેવું છે. ભવ્યને પ્રગટ થાય છે. પાઠમાં તો **'सकीयपरिणामो'** છે. પણ પરિણામનો અર્થ સ્વભાવ લેવાનો છે. પરિણામ એટલે પર્યાય નહિ. **'ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...'** એને તો સહજ સ્વભાવ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પારિણામિકભાવ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે. તે પંચમભાવ...'** ક્રમબદ્ધમાં પણ મૂળ તો પંચમભાવનો જ આશ્રય છે. ક્રમબદ્ધમાં ક્રમબદ્ધનો આશ્રય નથી. ક્રમબદ્ધમાં પણ પંચમભાવ એટલે જ્ઞાયકભાવ, એનો આશ્રય છે. ત્યારે એને ક્રમબદ્ધનો નિર્ણય થાય છે.

એથી કહે છે, **'તે પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.'** ક્ષાયિકભાવને અગમ્ય છે. ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિકભાવમાં જ એ જણાય છે પણ ક્ષાયિકભાવને આશ્રયે જણાતો નથી. એથી એને કહ્યું કે ચાર વિભાવસ્વભાવ છે... આહાહા..! એને અગમ્ય છે. એને આશ્રયે તે ગમ્ય નથી. પરમસ્વભાવ જે સત્ત્વ છે, તત્ત્વ છે એને આશ્રયે ગમ્ય થાય છે, જણાય છે. તેથી **'ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.'**

**'તેથી જ તે પંચમભાવ...'** આહાહા..! **'ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** વિકાર એટલે વિશેષ ભાવો. ચાર જે વિશેષ ભાવ છે એ વિનાનો છે. ત્રિકાળી પંચમ પરમભાવ, પંચમ પારિણામિક સ્વભાવભાવ એ ચાર ભાવ–વિકાર વિનાનો છે. વિકાર એટલે વિશેષ ભાવ. વિકાર વિનાનું સામાન્ય છે. આહાહા..! આવું ... છે. ચાર વિભાવને અગમ્ય તો કહ્યું પણ ચાર વિભાવને ... છે. વિશેષ ભાવ છે. વિશેષ ભાવને આશ્રયે સામાન્યભાવ, પંચમભાવ જણાતો નથી. સ્વભાવને આશ્રયે પંચમભાવ જણાય છે. જણાય છે ક્ષયોપશમ, ક્ષાયિકમાં. પણ એ ત્રિકાળી વસ્તુ પરમસત્ વસ્તુ ત્રિકાળ એક સ્વભાવરૂપ, ચૈતન્યતત્ત્વ આખું એના આશ્રયે જણાય છે. આહાહા..! ક્ષાયિકભાવને અગમ્ય કહ્યું અને ચાર ભાવ વિકારવાળા કહ્યા. બે .. કહ્યા. ચાર ભાવોથી અગમ્ય છે એટલે કે આત્મા ત્રિકાળી પરમ પંચમભાવ ... અને પર્યાયો વિશેષ પ્રકારે છે, .... વિકાર ભાવ કીધો. છે ને? ઉદય, ઉદીરણા, ઉદયમાં લાવવાની ઉદીરણા છે. આહા..! **'એવા વિવિધ વિકારો વિનાનો છે.'**

**'આ કારણથી આ એકને પરમપણું છે,...'** ત્રિકાળી જે ધ્રુવ સ્વભાવ, ત્રિકાળી સકળ નિરાવરણ અખંડ એક સ્વભાવ ... **'આ એકને પરમપણું છે,...'** આહાહા..! ત્રિકાળી સ્વભાવભાવ એકરૂપ ભાવ ... પંચમભાવ ... ચારને પરમપણું નથી. આહાહા..! ક્ષાયિકભાવ કેવળજ્ઞાન મોક્ષ એને પરમપણું નથી. એ .. નથી. આહાહા..! તે ... છે એ પર્યાયની અપેક્ષા નથી આ. સ્વકીય પરિણામ એટલે સ્વકીય પારિણામિકભાવ. એવા અર્થમાં શબ્દ વાપર્યો છે. 'કુંદકુંદાચાર્યે' પોતે પોતાના ભાવને માટે... આહાહા..! આ બધું આકરું પડે. .. તેનો આશ્રય નથી. પ્રગટે પ્રયાયે પણ ... પર્યાયનો આશ્રય લેવા જાય છે તો વિકલ્પ થાય છે. ક્ષાયિકસમકિતનો આશ્રય પણ જેને નથી. વિકારભાવ એટલે વિશેષ ભાવ (એને) અગમ્ય છે. પરમસ્વભાવભાવ, એને આશ્રયે અગમ્ય છે. આહાહા..! આ બહારની ધમાધમ ચાલે એમાં આ બેસવું (કઠણ પડે). ચાર ભાવને ગમ્ય નથી. ચાર ભાવ વિકારવાળા છે. એને ગમ્ય નથી એમ કીધું અને તે વિકાર વિશેષ ભાવ છે. તેથી તે વિશેષભાવને આશ્રયે .... આહાહા..!

**'આ કારણથી આ એકને...'** સ્વકીય પરિણામ 'પંચાસ્તિકાય'માં બોલ લીધો છે. ૫૬મી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથામાં. ત્યાં પારિણામિકભાવ ... એ પારિણામિક સ્વભાવ ત્રિકાળ. એવું સંસ્કૃત ટીકામાં છે. ત્રિકાળી પારિણામિકભાવ... આહાહા..! પારિણામિકભાવ એટલે પારિણામિક એટલે સ્વપરિણામિક ત્રિકાળી ત્રિકાળ પારિણામિકભાવ. એ ગમ્ય છે. એનો આશ્રય કરે તો જણાય એવો છે. પર્યાયનો આશ્રય કરે તો (જણાય એવો નથી). આહાહા..! ગજબ વાત છે. આટલું બધું .... કથાનુયોગનું ક્યાં ગયું? ક્યાંય ગયું નથી. બધું છે. ...

પલટવું નથી, જેની આદિ નથી, જેનો અંત નથી, જેની એકરૂપતા મટતી નથી, કોઈ દિ' અનેકરૂપે થતો નથી. આહાહા..! એવો જે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ પરમપારિણામિક સ્વભાવભાવ, એ એક જ પરમભાવ છે. ક્ષાયિકભાવ પણ પરમભાવ નથી. આહાહા..! ક્ષાયિકભાવને અગમ્ય કીધું એટલે કે એને આશ્રયે લક્ષ ન થાય. વિકારવાળો કીધો એટલે વિશેષ કીધો. એથી વિશેષને આશ્રયે સામાન્ય જણાય નહિ. અને તેથી તે ભાવને અપરમભાવ કહેવામાં આવે છે. આહાહા..! છે?

**'બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.'** ત્રણ પ્રકાર વાપર્યા. ક્યા ત્રણ પ્રકાર? કે ચાર ભાવ છે એ વિભાવભાવ છે, તેને અગમ્ય છે. એ વિકારવાળા છે એટલે વિશેષવાળા છે, તેને આશ્રયે અગમ્ય છે. એ વિશેષભાવ છે તેથી તે અપરમભાવ છે. ત્રણ પ્રકાર કહીને એનો નિષેધ કરી દીધો. અને પહેલામાં ચાર ભાવને અગમ્ય (કહ્યું) ત્યારે પારિણામિક સ્વભાવને ગમ્ય છે (એમ કહ્યું). પારિણામિક સ્વભાવ વિશેષ વિનાનો છે. પારિણામિક સ્વભાવ તે એક પરમભાવસ્વરૂપ છે. આહાહા..! જ્યાં પૂર્ણ પરમાત્મા બિરાજે છે ત્યાં તેને ઢળવાનું છે. બાકી બધી વાતું છે.

ચારેય અનુયોગોમાં સારપણે, તાત્પર્યપણે અનુયોગમાં 'પંચાસ્તિકાય'માં ૧૭૨ ગાથામાં વીતરાગભાવ એ ચારેય અનુયોગનો સાર છે. કોઈ કહે કે ચરણાનુયોગમાં ફલાણું છે, ઢીકણું છે. એ બધાનો સાર વીતરાગભાવ છે. અને વીતરાગભાવની પર્યાય એ વીતરાગભાવની પર્યાયને આશ્રયે પ્રગટતી નથી. આહાહા..! વીતરાગભાવની પર્યાય વીતરાગભાવ જે એક પરમ છે, ચારથી અગમ્ય છે, ચારના વિશેષથી ભિન્ન છે, જેને એક જ પરમપણું છે. બાકી બીજું અપરમપણું છે. આહાહા..! કહો, સમજાય છે? આવી વાતું.

હવે ઓલામાં એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા .... મિચ્છામી દુક્કડમ થઈ ગયું. સામાયિક થઈ ગઈ. ઇચ્છામી પડિકમણા તત્સુત્રી કરણેણં. આહાહા..! એ તો બધી વિકલ્પની વાતું છે. એ કાંઈ મોક્ષમાર્ગની વાતું નથી. આહાહા..! કેમકે આત્મા મુક્તસ્વરૂપ છે. અબંધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો, મુક્તસ્વરૂપ કહો કે એક પરમભાવસ્વરૂપ કહો. ૧૪-૧૫ ગાથામાં જે અબંધ કીધો છે એનો અર્થ મુક્તસ્વરૂપ. અબંધ નાસ્તિથી કીધું છે. અસ્તિથી તે મુક્તસ્વરૂપ જ પ્રભુ છે. ચાર ભાવને એ અડતો પણ નથી. આહાહા..! ગજબ વાત!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પંચમ એક પરમભાવ, ચાર જે અપરમભાવ છે તેમાં આવતો નથી, તેથી અડતો નથી, તેથી તેને સ્પર્શતો નથી. આહાહા..! આવું સ્વરૂપ પછી 'સોનગઢ'વાળાનું એકાંત કહે નહિ? એ કહે ને એ કહે. આહાહા..! બહારમાં આમ ધમાધમ ચાલતી હોય, શિક્ષણ શિબિર અને હજારો માણસ ભેગા થાય. હો.. હા.. હો.. હા... એમાં પાંચ, પચાસ હજાર, લાખ, બે લાખ આપે. એને તો આમ ધર્મધુરંધર ભારે ધર્મી કહેવાય, લ્યો.

અહીં તો કહે છે, કે ક્ષાયિકભાવને આશ્રયે પણ પરમભાવ પ્રગટતો નથી, લે! તારા રૂપિયા-ફૂપિયા તો ક્યાંય રહી ગયા. આહાહા..! ક્ષાયિકભાવ પ્રગટે છે એ પરમ પારિણામિકભાવને આશ્રયે પ્રગટે છે. એને આશ્રયે એ પ્રગટતો નથી. એટલે કે પહેલું ક્ષાયિકસમકિત આદિ થયું હોય, એને આશ્રયે ક્ષાયિક કેવળજ્ઞાન થતું નથી. આહાહા..! ચોથે (ગુણસ્થાને) ક્ષાયિકસમકિત થયું હોય પણ તેને આશ્રયે ક્ષાયિક કેવળજ્ઞાન થતું નથી. આહાહા..!

એક બાજુ કહેવું કે મોક્ષનો માર્ગ છે એનાથી મોક્ષ થાય છે. એ વ્યવહારના કથન છે. મોક્ષનો માર્ગ, તેનું ફળ તે મોક્ષ. અધુરી અપૂર્ણ શુદ્ધ દશા, તે પૂર્ણ શુદ્ધ દશાનું કારણ. એ અહીં નહિ. પૂર્ણ શુદ્ધ દશા, એને આશ્રયે પણ પૂર્ણ દશા રહેતી નથી, ઉત્પન્ન થતી નથી, ટકતી નથી, વધતી નથી. આહાહા..! આવી વાત છે. પછી માણસ ન કહે, કે આ બધું આખો દિ' પછી આ કરવું.. આ કરવું... આ કરવું... બસ, કરવું કાંઈ નહિ. કર્મ-કર્તા. અરે..! અહીં તો કહે છે કે ક્ષાયિકભાવનો કર્તા પણ નથી. સાંભળને! પરની કર્તાની વાત પણ ક્યાં કરવી? આહાહા..!

આવું દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યા વિના દ્રવ્યને આશ્રયે જ ક્ષાયિકભાવ પ્રગટે છે. કેવળજ્ઞાન પણ દ્રવ્યને આશ્રયે પ્રગટે છે. કેવળજ્ઞાન મોક્ષમાર્ગને આશ્રયે પ્રગટે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. મોક્ષમાર્ગથી મોક્ષ થાય એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! અહીં તો ક્ષાયિકભાવની મોક્ષની પર્યાય પણ પરમપારિણામિક એક સ્વભાવભાવને આશ્રયે થાય છે. તેથી **'બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.'** આહાહા..! ગજબ છે ને! ક્ષાયિકભાવ, કેવળજ્ઞાન, અનંતઆનંદ પ્રગટ, એ પણ અપરમભાવ છે, પરમભાવ નહિ. કાયમ ટકતા તત્ત્વનો રસકંદ, અનંતઆનંદનો કંદ, રસકંદ, ધ્રુવકંદ, એને આશ્રયે ક્ષાયિકભાવ પ્રગટે છે. ક્ષાયિકભાવને આશ્રયે ક્ષાયિકભાવ પ્રગટતો નથી. તેથી આ 'નિયમસાર'ની ૫૦મી ગાથામાં કહ્યું છે, કે પર્યાય છે એ પરદ્રવ્ય છે. ક્ષાયિક પર્યાય જે છે... આહાહા..! ક્ષાયિક સમકિત છે, ક્ષાયિક યથાખ્યાતચારિત્ર છે એ પરદ્રવ્ય છે. કેમકે એને આશ્રયે કોઈ દશા પ્રગટ થતી નથી. આહાહા..! પંચમભાવ જે ભગવાનઆત્મા, એને અવલંબે ક્રમબદ્ધનો નિર્ણય, એને અવલંબે ક્ષાયિકભાવની પર્યાયની પ્રગટતા, એને અવલંબે મોક્ષમાર્ગની પર્યાયની ઉત્પત્તિ અને એને અવલંબે મોક્ષની ઉત્પત્તિ (થાય છે). મોક્ષમાર્ગને લઈને મોક્ષની ઉત્પત્તિ (થાય) એ (વાત) પણ નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં...'** એટલે કે... આ પર્યાયની વાત નથી. **'સમસ્ત...'** પાઠ છે ને? **'कम्ममहीरुहमूलच्छेदसमत्थो'** ત્રિકાળી ભાવ. **'कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो' 'सकीयपरिणामो'** એટલે ત્રિકાળી સ્વભાવ. આહાહા..! છે એમાં? છે કે નહિ? એ **'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં...'** આહાહા..! તીર્થંકરગોત્ર એ કર્મરૂપી વિષવૃક્ષનું ફળ. આહાહા..! તીર્થંકરપ્રકૃતિ, આહારક શરીર, આહારક અંગોપાંગ, એનું બંધન એ બધા કર્મરૂપી વિષ–ઝેરના ઝાડ. આહાહા..! એ અમૃતનો સાગર, એ ઝેરના ઝાડને ઉખેડવામાં સમર્થ (છે). એટલે કે એમાં એ છે નહિ. છે? **'મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** વળી પરમભાવમાં એ છે નહિ ને ઉખેડી નાખે ક્યાંથી? ભાષા આમ લીધી છે. એ પરમભાવ કર્મના ઝેરના ઝાડને નાશ કરવાને સમર્થ છે એટલે કે તેમાં તે છે નહિ. છે નહિ એટલે એ નાશ કરવાને સમર્થ છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– નાશ કરવામાં નિમિત્ત છે એમ કહેવાય?

ઉત્તર :– નિમિત્ત-ફિમિતની અહીં વાત નથી.

અહીં તો પરમપારિણામિકભાવ જ કર્મને ઉખેડી નાખવામાં (સમર્થ છે) એટલે કે કર્મનો ભાવ એમાં છે જ નહિ. એટલે ઉખેડવું એ કહેવું એ તો એક અપેક્ષાથી વાત છે. આહાહા..! પરમભાવમાં અપરમભાવ છે નહિ. એમાં કર્મભાવ તો છે જ નહિ. છતાં એને ઉખેડી નાખવું કહેવું એ કથન છે. એ ૩૪ ગાથામાં આવી ગયું છે. આત્મા રાગનો નાશ કરે એ નામમાત્ર કથન છે. રાગનો, હોં! આ તો કર્મનું લીધું છે. આત્મા રાગનો નાશ કરે એ નામ કથન છે. કેમકે જ્યાં સ્વભાવનો આશ્રય થાય છે ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી. તેને એ નાશ કરે છે એમ કહેવામાં આવે છે. નામકથન. પરમાર્થે તો નાશ કરનારો પણ નથી. આહાહા..!

**'સમસ્ત કર્મરૂપી...'** એમાં બધું આવી ગયું ને? તીર્થંકરગોત્રની પ્રકૃતિ પણ આવી ગઈ. ૧૪૮ કર્મની પ્રકૃતિ. એમાં તીર્થંકરગોત્રની પ્રકૃતિ આવી ગઈ. એ પંચમભાવ, એ પ્રકૃતિ ઝેરના ઝાડને ઉખેડવામાં એટલે એમાં છે જ નહિ. એમાં છે જ નહિ એટલે એ ઉખેડવામાં સમર્થ છે એમ આરોપથી કથન છે. આહાહા..! એવો આ પરમભાવ **'વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** વળી પહેલું કહ્યું કે એ પરમભાવ વિભાવસ્વભાવને અગોચર છે. વિભાવસ્વભાવ છે એ વિકારવાળા છે. વિશેષ છે. વિકાર એટલે વિશેષ છે. વિશેષને સામાન્ય કરતું જ નથી. પણ અહીં આ અપેક્ષાથી આમ લીધું. એક સામાન્યનો જ્યાં આશ્રય થાય છે ત્યાં વિશેષ ઉત્પન્ન થતાં જ નથી. વિશેષ નિર્મળ દશા ઉત્પન્ન થાય છે એ સામાન્યને આશ્રયે થાય છે. પૂર્વ જે નિર્મળ પરિણામ હતા એને લઈને બીજી નિર્મળ પર્યાય થઈ, એમ નથી. પૂર્વે પરિણામ નિર્મળ હતા તેથી પછીના પરિણામ નિર્મળ થયા, એમ નથી. કેમકે એ પર્યાયનો તો અભાવ થાય છે. ત્યારે ભાવરૂપ શું છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભાવ ભાવને કરે નહિ. અભાવ-વ્યય એ ભાવને કરે નહિ, તો કરે કોણ? એટલું બતાવવા પંચમ પારિણામિકભાવ ઉખેડી નાખે એમ કીધું છે. બાકી તો એ ઉખેડતો પણ નથી. પંચમભાવની દૃષ્ટિ થઈ એટલે બીજો ભાવ ઉત્પન્ન થતો નથી. આહાહા..! આવું આકરું છે.

ધ્યેય શું છે એની એક જ વાત છે. પછી સાધ્ય તો પ્રગટે જ. સાધ્ય છે એ ક્ષાયિકભાવ છે પણ ધ્યેયને આશ્રયે પ્રગટે. આહાહા..! ધ્યાનના આશ્રયે પણ એ પ્રગટે નહિ. ધ્યાન પૂર્વની પર્યાય છે અને પછીની પર્યાય તેનું ફળ, એ પણ અહીં નથી. ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન, પંચમ પરમભાવ કર્મના મૂળને ઉખેડી નાખવા સમર્થ છે. એટલે કે એનામાં કર્મ છે જ નહિ. આહાહા..! પરમભાવ એ કર્મને સ્પર્શ્યો નથી. આહાહા..! એને ઉખેડી નાખવાને સમર્થ છે એમ આરોપથી કથન વ્યવહારથી છે. આહાહા..! એવી રીતે ઘણી વાત આમાં આવે છે. પરમભાવ આમ કરે અને પરમભાવ... પરમભાવ શું કરે? પરમભાવ તો પરમભાવ છે જ. આહાહા..!

ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, આનંદનું દળ, ત્રિકાળી આનંદદળ પરમભાવ, એને આશ્રયે ક્ષાયિકભાવ પ્રગટે છે, તેથી કર્મને ઉખેડી નાખવા સમર્થ છે એમ એને આરોપ અપાય છે. બાકી એ તો ઉખેડતો પણ નથી, ટાળતો પણ નથી અને રાખતો પણ નથી. એનામાં એ છે જ નહિ. જેમાં નથી તેને ઉખેડે એમ કહેવું... આહાહા..! સમજાય છે? પર્યાયમાં છે અને પર્યાયમાં નાશ થાય એ તો બરાબર છે. પણ પારિણામિકભાવમાં તો એ છે નહિ અને એ પારિણામિકભાવ એને ઉખેડવામાં સમર્થ છે, એ વ્યવહારના કથનથી પરમભાવની મહિમા બતાવી છે. આહાહા..!

ફરી ફરીને એને પરમભાવ ઉપર દૃષ્ટિ કરવાની છે. 'લાખ વાતની વાત નિજ આતમ ઉર ધ્યાવો.' પર્યાયને પણ નહિ. આતમ ધ્યાવો. આહાહા..! એકાંત નથી થતું આ? અનેકાંત માર્ગ છે. એ જ અનેકાંત છે કે આથી થાય છે અને બીજાથી થતું નથી. આહાહા..! ક્ષાયિકભાવથી ક્ષાયિકભાવ થતો નથી. એ તો પરમપારિણામિકભાવથી થાય છે. આહાહા..! એ પણ વ્યવહાર કહેવામાં આવે છે. બાકી તો પર્યાય પર્યાયથી થાય છે. પરમભાવથી પણ એ પર્યાય થતી નથી. આહાહા..! ગાથા ઝીણી આવી. સવારનું ઝીણું હતું, હવે આ ગાથા ઝીણી આવી.

એવો '**સમસ્ત કર્મરૂપી...**' આહા..! તીર્થંકર પ્રકૃતિનું બંધન છે પણ એ પણ પ્રકૃતિ છે, વિષવૃક્ષ છે. એ '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...**' છે. એવો આ પરમભાવ. આહાહા..! આચાર્યોને શબ્દો થોડા પડે છે. કઈ રીતે પરમભાવ કહેવો, એથી ઉખેડી નાખવામાં સમર્થ કરીને સમજાવ્યું. બાકી ક્યાં એમાં છે તે ઉખેડે? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક છે. લૌકિકના વ્યવહારની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. લૌકિકથી વિરુદ્ધ લાગે, એકાંત લાગે એવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જે સમયે જે થાય તે થાય, તે પણ દ્રવ્યને કારણે નહિ. આહાહા..! અહીં તો કહે છે, દ્રવ્ય એને–ચાર ભાવને ઉખેડી નાખે છે. આહાહા..! એટલે કે એમાં એ પર્યાય છે નહિ. એમ કહેવું છે. એમાં એ ઉખેડવું એ સ્વરૂપમાં છે નહિ. એટલે ઉખેડી નાખે છે એવું ત્યાં કથન કરવામાં આવ્યું છે. આહાહા..!

**'આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ...'** ત્રિકાળ-નિરાવરણ છે. આવરણ છે નહિ એ આવરણને ઉખેડે એમ કહીને પાછું વળી (કહે છે), ત્રિકાળ-નિરાવરણ છે. આહાહા..! ભગવાન પોતે ભગવત્ સ્વરૂપ પ્રભુ, વિશેષ પર્યાય વિનાનો, એ ત્રિકાળ-નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ. નિગોદમાં પણ એ ત્રિકાળ નિરાવરણ જ છે. આહાહા..! પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ નિગોદને વિકાસ રહી ગયો. પણ દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ જ પડ્યું છે. ભગવાન તો એમાં પણ એવો ને એવો જ પડ્યો છે. આહાહા..! એક શરીરમાં અનંત આત્માઓ, એક શરીર અંગુલને અસંખ્યમા ભાગમાં અનંત આત્માઓ (રહે). એ અનંત આત્માઓ પરમાત્મસ્વરૂપ જ પડ્યા છે. એની અક્ષરના અનંતમાં ભાગની પર્યાય કે ક્ષાયિક પર્યાય, તેને એ પારિણામિકભાવ અડતો પણ નથી. આહાહા..!

ત્રિકાળ નિરાવરણ. ત્રિકાળ નિરાવરણ થયું તો પછી એને આવરણ ઉખેડી નાખે ક્યાં આવ્યું? ત્રિકાળ નિરાવરણ છે ને? તો એના પહેલા એમ કીધું કે ઉખેડી નાખે. આવરણને ઉખેડી નાખે છે. ભાષા, વ્યભિચારી ભાષા (છે). વસ્તુ ભિન્ન, ભાષા ભિન્ન. ભાષાથી કેટલુંક કહેવું? કેમ કહેવું એને? આહાહા..! એક કોર કહ્યું કે ઉખેડવામાં સમર્થ છે અને એક કોર કહેવું કે ત્રિકાળ નિરાવરણ છે.

એવા **'નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ...'** ત્રિકાળ નિરાવરણ એવો નિજ કારણપરમાત્મા. નિજ કારણ એમ લીધું પાછું. એમ નહિ કે ત્રિકાળ નિરાવરણ પરમાત્મા, કારણપરમાત્મા નહિ. નિજ કારણપરમાત્મા, આ કારણપરમાત્મા. **'ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વ કર્મના ઉદયને લીધે...'** તીવ્ર મિથ્યાત્વ કર્મના પ્રગટપણાને લીધે **'કુદૃષ્ટિને,..'** આહાહા..! **'સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં,...'** જેની દૃષ્ટિમાં એ ચીજ આવી નથી એને તે છે જ નહિ. આહાહા..! ધારણામાં જ્ઞાનમાં આવે છતાં એને એ છે, વસ્તુ છે નહિ એને. વસ્તુ જે ત્રિકાળ છે એ અનુભવમાં આવે છે એને એ છે. અનુભવમાં આવતી નથી એને એ નથી. છે તે નથી. આહાહા..!

**'મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં,..'** દેખો! સદા નિશ્ચયથી હયાતી ધરાવતો હોવા છતાં. ભગવાનઆત્મા પરમસ્વભાવભાવ ત્રિકાળ સદા હયાતી ધરાવતો હોવા છતાં, હયાતી એની સત્તા હોવા છતાં **'અવિદ્યમાન જ છે...'** દૃષ્ટિમાં આવ્યો નથી એથી એને તો નથી. ભલે વસ્તુ હો. પણ વસ્તુ જ્યાં દૃષ્ટિમાં આવી નથી, જ્ઞાનમાં આવી નથી એને તો નથી જ. જ્ઞાનમાં એ ચીજ આવી નથી એને તો એ નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

**‘વિદ્યમાન હોવા છતાં,...’** એમ કહ્યું ને? **‘વિદ્યમાન હોવા છતાં,...’** નિશ્ચયથી હયાતી– સત્તા ધરાવતા છતાં **‘અવિદ્યમાન જ છે...’** પર્યાયમાં દૃષ્ટિ હોવાથી, તે વસ્તુની દૃષ્ટિ નહિ હોવાથી, તેને વિદ્યમાન પણ અવિદ્યમાન જ છે. શું ચીજ છે એ દૃષ્ટિમાં આવી નથી. એના જ્ઞાનમાં એ જ્ઞેય આવ્યું નથી. એથી તે જ્ઞેય એને આવ્યું નથી માટે એ જ્ઞેય વિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં આવ્યું નથી માટે એને અવિદ્યમાન છે. આવી તો ટીકા છે. આહાહા..!

**‘વિદ્યમાન હોવા છતાં,...’** આહાહા..! સત્તા જ પડી છે. ભલે મિથ્યાશ્રદ્ધા હોય, ભલે પર્યાયમાં કુદૃષ્ટિ હોય, પણ વસ્તુ તો વસ્તુ પડી જ છે. ત્રિકાળ નિરાવરણ જ છે. આહાહા..! પર્યાયમાં ગમે તે માને, તેથી વસ્તુ તો વિદ્યમાન જ છે. પણ તેને લક્ષમાં નથી આવી માટે હોવા છતાં એને નથી. એને તો એ પર્યાય છે એ છે. વસ્તુ તેને વિદ્યમાન છે તે એને નથી. પર્યાયની વિદ્યમાનતા છે. દ્રવ્યની વિદ્યમાનતા હોવા છતાં તેને અવિદ્યમાન છે. આહાહા..! આખી ગાથા એવી આકરી છે. આહાહા..!

વિદ્યમાન ત્રિકાળ પ્રભુ બિરાજમાન છે. એવો ને એવો ત્રિકાળ સકળ નિરાવરણ અખંડ એક પ્રતિભાસમય, પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે. એને રાગનો પણ સંબંધ નથી. પર્યાયના અંશમાં રાગનો સંબંધ છે. દ્રવ્યમાં–વસ્તુમાં તો રાગનો સંબંધ પણ નથી. આહાહા..! હવે આમાં વ્યવહારના રસિક જીવને કઠણ પડે. આ કરો... આ કરો... મદદ કરો... બીજાનો સંગ કરો. અહીં કહે છે, કે અહીં તો સંગ કરવાની પણ ના છે. અસંગને સંગ શા? અસંગને સંગ શું? વસ્તુ અસંગ છે. આહાહા..! એ સંગ કરવા જાય ત્યાં રાગ ઉત્પન્ન થશે. આહાહા..! અસંગમાં એ રાગ નથી. એ તો ત્રિકાળ નિરાવરણ અસંગ તત્ત્વ છે. ભગવાનઆત્મા બધાના આત્મા પર્યાયના લક્ષ વિના જુઓ તો, પર્યાયદૃષ્ટિ છૂટી છે એ લક્ષે જુઓ તો બધા આત્મા વિદ્યમાન પરમાત્મસ્વરૂપે બિરાજમાન જ છે. એને આવરણ પણ નથી અને એને અલ્પતા પણ નથી અને એને વિપરીતતા પણ નથી. આહાહા..! આ જાહેરાત છે.

પરમસ્વભાવભાવ... આહાહા..! જેને વિદ્યમાન હોવા છતાં કુદૃષ્ટિને, દૃષ્ટિની વિપરીતતાને. (અર્થાત્) પરનું કર્તાપણું માનનાર, રાગના કર્તાપણું માનનાર પર્યાયબુદ્ધિવંતને દ્રવ્યપણું વિદ્યમાન હોવા છતાં પર્યાયબુદ્ધિવાનને તે વસ્તુ નથી. એક સમયની પર્યાયની બુદ્ધિવાળાને (તે વસ્તુ નથી). એ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમૂંઢા પરસમયા. આહાહા..! એક સમયની અવસ્થાની દૃષ્ટિને મૂંઢ દૃષ્ટિને તે છે છતાં એને નથી. એના ખ્યાલમાં આવ્યા વિના આ છે એમ કેમ કહેવું? આહાહા..! છે એવો ભગવાન અંદર... આહાહા..! પરમભાવ જાણવામાં આવ્યો એને છે. જાણવામાં ન આવ્યો એને છે એ ખ્યાલમાં આવ્યા વિના આ છે એ શી રીતે એને માને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..!

એ તો 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં એ જ કહ્યું ને? પર્યાયમાં દ્રવ્ય જણાય છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથા. પર્યાયમાં... જ્ઞાનની પર્યાય છે એનો સ્વતઃ સ્વયં સ્વભાવ સ્વપરપ્રકાશક છે. સ્વતઃ સ્વભાવ છે. તેથી તે સ્વને પ્રકાશે છે. આહાહા..! પણ તેની નજર ત્યાં નથી એથી તેને પ્રકાશતો નથી. આહાહા..! પર્યાયમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય હોવાથી, દ્રવ્ય-ગુણને લઈને નહિ, પર્યાયમાં સ્વપરપ્રકાશક જાણવાનું સામર્થ્ય હોવાથી દ્રવ્યને જાણે જ છે. છતાં તે સામર્થ્ય તરફ તેનું લક્ષ નથી. લક્ષ પર્યાય ઉપર હોવાથી અને પર્યાયથી આઘો જાય તો રાગ ઉપર લક્ષ હોવાથી તેને વિદ્યમાન છે (છતાં) તેને અવિદ્યમાન છે. આહાહા..! આવો ઉપદેશ છે. આમાં ટોળા ભેગા થાય, લાખો માણસ ભેગા થાય અને આ બેસે નહિ. વાત સાંભળતા એને (એમ થાય), એકાંત છે... એકાંત છે. રાડું પાડે. સાંભળ, ભાઈ! ભગવાન! એકાંત જ છે.

નિશ્ચયનય સમ્યક્ એકાંત છે. અનેકાંત પણ સમ્યક્ એકાંત છે. પર્યાય અને રાગાદિનું જ્ઞાન હોવા છતાં... આહાહા..! સમ્યક્ એકાંત એ નિશ્ચયનય છે, એ સમ્યક્ એકાંત એ નિશ્ચયનય તે સત્ય છે. તેની અપેક્ષાએ તો એ પર્યાય છે નહિ. આહાહા..! સમ્યક્ એકાંત છે. એ અનેકાંત છે. સમ્યક્ એકાંત એટલે આ છે (અને) આ નથી. એમ સમ્યક્ એકાંત તે અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત જ છે એમ નથી. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નયની અપેક્ષાએ... આહાહા..! સમ્યક્ એકાંત છે. પર્યાયમાં અભાવ હોવા છતાં નિશ્ચયનયના સમ્યક્ એકાંતની અપેક્ષાએ, પરમભાવની દૃષ્ટિની અપેક્ષાએ તે ભાવ છે જ નહિ. એમાં એ છે જ નહિ. એ સમ્યક્ એકાંત નિશ્ચય છે. આહાહા..! સમ્યક્ એકાંતનું જ્ઞાન થયું, એ પછી પર્યાય છે એને જાણે છે એ વ્યવહારજ્ઞાન, પ્રમાણજ્ઞાન થયું. પણ સમ્યક્ એકાંત થયું એને એ પ્રમાણજ્ઞાન હોય. જેને સમ્યક્ એકાંત થયું નથી એને પ્રમાણજ્ઞાન હોઈ શકે નહિ. આહાહા..! આવું છે. ત્યાં ક્યાંય આવું સાંભળ્યું હતું? સ્થાનકવાસીમાં?

મુમુક્ષુ :– દિગંબરમાં નથી તો સ્થાનકવાસીમાં...

ઉત્તર :– આકરું છે. દિગંબરમાં આકરું બહુ. અરે..રે..! કોઈ પ્રાણી દુઃખી થાય, વસ્તુની સ્થિતિથી વિપરીત માન્યતાથી વર્તમાન દુઃખી થાય, ભવિષ્યમાં દુઃખી થાય એવી કોની ભાવના હોય. આહાહા..! તેથી 'દ્રવ્યસંગ્રહ'માં અવાયમાં કહ્યું ને? હું પણ પૂર્ણ થાઉં અને બધા પૂર્ણ થાવ. પ્રભુ! તમે દુઃખી ન થાવ. આહાહા..! એ દુઃખ એ વસ્તુ જ નથી. અવસ્તુ છે. વસ્તુ તો મહા આનંદમય છે. અવસ્તુ છે તો ટળી શકે છે, વસ્તુ હોય એ ટળી શકે નહિ. આહાહા..! ભગવાન એમ કહીને કહે છે, હોં! 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મધ્યાનનો બોલ લીધો છે. જ્યાં અવાય બોલ લીધો છે. એ અવાયમાં ધર્મી એમ વિચાર કરે છે... આહાહા..! હું તો ભગવાન છું. શક્તિએ પ્રગટ થવાનો છું જ. બધા પરમાત્માઓ શક્તિએ છે. પ્રગટ પર્યાયમાં પરમાત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાવ. કોઈ દુઃખી ન થાવ. આહાહા..! એવો ધર્મધ્યાનનો અવાયનો બોલ છે. 'દ્રવ્યસંગ્રહ'. 'દ્રવ્યસંગ્રહ' છે ને? એમાં (છે). આહાહા..! બધા દ્રવ્ય સાધર્મી દ્રવ્ય છે. જેવો હું ભગવાન પરમભાવ છું, એવા જ બધા પરમભાવ સ્વભાવથી ભરેલા જ છે. આહાહા..! એ પ્રગટ થાવ. અમારે પણ પ્રગટ થવાનું છે જ. તમે પણ પ્રગટ થાવ. કોઈ દુઃખી ન થાવ, ભાઈ! આહાહા..! એવી ભાવના કરે છે.

૩૮મી ગાથામાં પણ આવ્યું ને? લોકાલોક અહીં આવો, સમાય જાવ. 'સમયસાર'ની ૩૮મી ગાથા. આ તો 'દ્રવ્યસંગ્રહ'ની. આહાહા..! અહીં બધા લોકોલોક સમાય જાવ. જણાય જાવ. આખા સર્વ જીવો બધા આત્મામાં સમાય જાવ. આહાહા..! વિશાળ દૃષ્ટિ. દ્રવ્યદૃષ્ટિ થઈ ત્યાં વિશાળ દૃષ્ટિ થઈ, વિશાળ દૃષ્ટિ થતાં બધાને ભગવાન તરીકે (જુએ છે). 'બહેન'ના પુસ્તકમાં આવે છે, અમે તો સર્વને સિદ્ધ સમાન જોઈએ છીએ, ચૈતન્યસ્વરૂપ જોઈએ છીએ. એ ગમે તેમ માને. આવે છે ને? ભાઈ! આહાહા..! એ ગમે તેમ માને. આહાહા..! ભગવાન! તારો આત્મા પણ પરમસ્વભાવરૂપ છે. તું ગમે તેમ માન, એથી કરીને એ તો પર્યાયની વ્યાખ્યા છે. વસ્તુ તો પરમાત્મા જ છે, ભાઈ! અને છે એવો થઈ જા. આહાહા..! પ્રાપ્તની પ્રાપ્તિ કરી લે. આહાહા..! અહીં કહેશે કે અભવીને એ નહિ બેસે.

**'(કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી).'** જે વસ્તુ ખ્યાલમાં જ આવી નથી, આવડી અને આ આમ છે એવું જે જ્ઞાનમાં જ આવ્યું નથી, એને આ આવડો છે એ શી રીતે બેસે? એને શી રીતે બેસે? એને તો એ છે એ નથી. આહાહા..! **'(કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી).'** આહાહા..! પૂર્ણ પરમાત્મા, પૂર્ણ આનંદસ્વરૂપ છું. પૂર્ણ નિરાવરણ ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ છું, એવી જેને શ્રદ્ધા નથી એટલે શ્રદ્ધામાં, ખ્યાલમાં વસ્તુ આવી નથી. જ્ઞાનમાં આ જ્ઞેય આવડું અને એવડું છે, એ જ્ઞાનમાં જ્ઞેય આવડું આવ્યું નથી એટલે એને તો છે જ નહિ. એને તો જેટલું જ્ઞાનમાં આવ્યું એટલો એ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ અંદર પરિપૂર્ણ ભરી છે, એ જ્ઞાનમાં આવે નહિ એને માટે તો વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન છે. એ ભલે અવિદ્યમાન માને, પણ વસ્તુ તો વિદ્યમાન છે જ. જેને વિદ્યમાનનું જ્ઞાન થયું છે, ઓલો ભલે અવિદ્યમાન માને, પણ એની ચીજ વિદ્યમાન છે એમ તો એને પણ દૃષ્ટિમાં છે. મહા ભગવાન બિરાજે છે. આહાહા..!

**'નિત્યનિગોદના જીવોને પણ...'** જોયું? નિગોદમાંથી કોઈ દિ' નીકળતા નથી. આહાહા..! એક શરીરના અનંતમાં ભાગમાંથી નીકળે. એવા તો નિગોદના અસંખ્ય શરીર છે. એક શરીરને અનંતમે ભાગે જીવ બહાર આવે છે. આહાહા..! ઓ..હો..હો..! જેવી વસ્તુ વિદ્યમાન ત્રિકાળ છે, એવી રીતે પર્યાયમાં **'નિત્યનિગોદના જીવોને પણ...'** આહાહા..! **'શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** એ અંદર વિદ્યમાન છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે નથી એમ નથી. એમ. **''અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** અભવીને તો પરિણતિ થતી નથી. એવું આ નથી. આહાહા..! છે?

**'નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** એનો ત્રિકાળ સ્વભાવ એ અભવ્યત્વપારિણામિક જેવો નથી. 'અભવ્યત્વ પારિણામિક'ને તો પર્યાયમાં કોઈ દિ' આવતો જ નથી. અને આને તો પર્યાયમાં આવે એ રીતે છે. આહાહા..! શું કહ્યું સમજાણું? અભવી જીવને વિદ્યમાન તો છે પણ ખ્યાલમાં આવતો નથી માટે એને નથી. એવી રીતે બીજા બધાને નથી. આહાહા..! ખ્યાલમાં આવે એવો એ રીતે અંદર છે. આહાહા..! જોયું? **''અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી (પરંતુ શુદ્ધપણે જ છે).'** એ વસ્તુ તો એની શુદ્ધપણે જ છે. એ પર્યાયમાં ભલે ગમે તેમ માને. વસ્તુ શુદ્ધ (છે એમ) પોતાને પર્યાયદૃષ્ટિ ગઈ છે, તો એ પર્યાયદૃષ્ટિથી સામાને ન જોતાં શુદ્ધ વસ્તુ છે, પરમસ્વભાવભાવથી ભરેલો છે એમ (જોવે) છે. એનો દૃષ્ટાંત દેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૨૩, ગાથા-૧૧૦, રવિવાર, મહા વદ ૨, તા.૦૩-૦૨-૧૯૮૦

---

'નિયમસાર' ૧૧૦-ગાથા. અહીં સુધી આવ્યું છે.

**'નિત્યનિગોદના જીવોને પણ...'** શું કહે છે? આ આત્માનો જે પંચમ પરમભાવ વસ્તુ તરીકે, સત્તા તરીકે, અસ્તિત્વ તરીકે જે સત્ છે એ **'નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** એટલે એનો પરિણામ ન પરિણમી શકે, શુદ્ધ સ્વભાવને ન પરિણમી શકે એવું એને નથી. અભવ્ય જીવને વસ્તુ છે પણ એને આશ્રય નથી તેથી તે તેને લાયક નથી. એમ અહીં નિગોદના જીવને લાયક નથી એમ નહિ, એમ કહે છે. નિગોદના જીવમાં પણ... આહાહા..! એ લસણ અને ડુંગળી, એની એક રાય જેટલી કટકી લ્યો તો અસંખ્ય તો શરીર છે અને એક એક જીવને તૈજસ, કાર્માણ શરીર છે. એવા એક અંગુલના અસંખ્યભાગમાં અનંત આત્માઓ (રહે છે) પણ એ આત્માનું જે સત્ત્વ દળ છે એ તો નિત્ય નિગોદના જીવને પણ શુદ્ધ જ છે. આહાહા..!

**'નિત્યનિગોદના જીવોને પણ...'** પ્રગટ થયું છે એને તો ઠીક પણ **'નિત્ય નિગોદના જીવોને પણ શુદ્ધ શુદ્ધનિશ્ચયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી (પરંતુ શુદ્ધપણે જ છે).'** આહાહા..! એ આનંદ અને પરમાત્મસ્વરૂપે શુદ્ધ જ છે. અને તે પરમાત્મસ્વરૂપે પરિણમી શકે એમ છે. નિત્યનિગોદના જીવમાં પણ એવી શક્તિ છે. એ અભવી પરિણમી શકતા નથી એવા એ નથી, એમ કહે છે. આહાહા..! વસ્તુ છે ને? અંતરમાં ચૈતન્ય સત્નું, સત્ત્વ, એનું તત્ત્વ જે છે એ તો જ્ઞાયકપણાનું અનંતગુણનું પૂર્ણ રૂપ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પોતે સ્વતઃપણે, સ્વયં, અંતરના સ્વભાવપણે પરિણમી શકવાને નિત્યનિગોદના જીવની પણ તાકાત છે. આહાહા..! ભલે એ ટાણે ન કરી શકે પણ એનામાં તાકાત છે. નિત્યનિગોદનો જીવ નીકળીને પણ માણસ થઈને પરમપારિણામિક સ્વભાવનો અનુભવ કરી અંતર્મુહૂર્તમાં મુક્તિને પામે. આહાહા..!

**''અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** આહાહા..! એથી આમ કહ્યું, અભવ્ય જીવનો તો જીવ શુદ્ધપણે વસ્તુ તો છે પણ એ પરિણમવાને યોગ્ય નથી. પૂર્ણ જેવું સ્વરૂપ છે તેવું થવાને લાયક એ નથી. એમ નિત્યનિગોદમાં નથી. આહાહા..! ભલે નિત્યનિગોદમાં અત્યાર સુધી ત્રસ થયો નથી પણ એ જીવમાં એવી તાકાત છે કે પરિણમી શકે એવી તાકાત છે. વસ્તુ તો છે પણ તે શુદ્ધ પરિણમી શકે તેવી લાયકાતવાળા નિગોદના, નિત્યનિગોદના જીવો પણ છે. આહાહા..! છે?

**'(શુદ્ધપણે જ છે)'**. આહાહા..! જેનું સત્ત્વ ચૈતન્ય એ શુદ્ધ જ છે. ભલે નિત્યનિગોદમાં હોય, ત્રસપણું પામ્યા પણ ન હોય પણ એની વસ્તુ તો શુદ્ધ પવિત્ર આનંદકંદ અને પરિણમવાને યોગ્ય છે. આહાહા..! ત્યાંથી નીકળીને અંતર્મુહૂર્તે મનુષ્ય થાય, એકાદ ભવ ભલે કરે નિગોદથી પછી મનુષ્ય થાય. એ આઠ વર્ષે શુદ્ધ સ્વરૂપનું પરિણમન કરીને મુક્તિ પણ પામે. આહાહા..! એવી એનામાં તાકાત છે. નિત્યનિગોદમાં ત્રસપણું હજી પામ્યા નથી એવા જીવોમાં પણ એવી તાકાત છે કે એ એકાદ ભવ વચ્ચે કરે અને મનુષ્ય થાય, આઠ વર્ષે... આહાહા..! નિગોદનો અનાદિસાંત ભાવ કરી અને સિદ્ધનો સાદિઅનંત ભાવ પ્રગટ કરી શકે છે. આહાહા..! ત્યાં ભાષા કામ ન કરે. ભાવની ત્યાં સામર્થ્યની બલિહારી છે. એ વાત અંદર બેસવી... આહાહા..! એ જ્ઞાનમાં એ વાત આવ્યા વિના એ બેસે નહિ.

અહીંયાં તો નિગોદના જીવની તાકાત એવી છે એટલી વાત કરે છે. પણ એ બેસે કોને? જેને એ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમેશ્વર સ્વરૂપે બિરાજમાન, એની અંદરની દૃષ્ટિ થઈ, એના સત્‌ના સત્ત્વને અનુભવ્યું, અનુભવમાં આવ્યું કે આ તો પૂર્ણ આનંદનો ઘન છે, એ જીવને પરિણમવાની જેમ તાકાત છે, એમ નિગોદના જીવને પણ એ રીતે પરિણમવાની તાકાત છે. આહાહા..!

**'જેમ...'** દૃષ્ટાંત આપે છે. આ પંચમ આરાના મુનિ પંચમ આરાના જીવને સંબોધે છે. આહાહા..! આવડી મોટી વાત પંચમઆરામાં કરાય કે નહિ? કરાય નહિ (શું) કરી શકે છે. પંચમઆરાનો જીવ પણ નિગોદમાંથી નીકળીને આઠ વર્ષે, અંતર્મુહૂર્તે આત્મજ્ઞાન પામીને સર્વજ્ઞ થઈ શકે છે. આહાહા..! ભરોસો જોઈએ ને. વિશ્વાસે વહાણ ચાલે ને? વિશ્વાસ. રુચિ, દૃષ્ટિ પરિણમનમાં એને બેસવું જોઈએ, કે આ તો પ્રભુ શુદ્ધ સત્ત્વ છે આખું, પૂર્ણ આનંદ છે. વસ્તુમાં અશુદ્ધતા તો નથી પણ અપૂર્ણતા નથી. અશુદ્ધતા તો નથી પણ અપૂર્ણતા પણ નથી. એવા નિત્યનિગોદના જીવ છે. આહાહા..! તો પછી તું બહાર નીકળીને અહીં આવ્યો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એમ કહે છે. તું અહીં સુધી આવ્યો. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ કહ્યું, સબ અવસર આ ગયા હૈ. આવ્યું છે ને? મનુષ્યપણું પામ્યો, જૈનવાણી પંચમપરમભાવની તને કાને પડી અને ક્રમબદ્ધ–દ્રવ્યનો પર્યાયસ્વભાવ ક્રમબદ્ધ, તેનો નિર્ણય થવાનો જ્ઞાયકભાવ તરફનો આશ્રય થવાની લાયકાત તારામાં છે. એ પંચમઆરો એને કાંઈ નડતો નથી. આહાહા..! પંચમઆરાના સાધુ...

**'જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિને પણ...'** મેરુ પર્વતની નીચે એકલું સોનું ભરેલું છે. આહાહા..! લાખ યોજનનો મેરુ પર્વત છે. એમાં અનાદિથી નીચે એકલું સોનું ભર્યું છે. આહાહા..! મેરુ પર્વતનો અંદર જે નીચલો ભાગ (છે) એ એકલા સોનાથી ભરેલો છે. અનાદિથી, હોં! આહાહા..! એ **'મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિ...'** સુવર્ણનો ઢગલો. તેને પણ **'સુવર્ણપણું છે,...'** એને પણ સુવર્ણપણું છે.

**'તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે;...'** અભવ્યને પરમસ્વભાવપણું તો છે. આહાહા..! **'તે વસ્તુનિષ્ઠ છે,...'** તે વસ્તુમાં રહેલી જ એની યોગ્યતા છે. જેમ મેરુ પર્વતનું સોનું બહાર લાવીને વેપારમાં કામ આવે કે ઉપયોગમાં કામ આવે એમ નથી. નીચે સોનાનો ઢગલો પડ્યો છે. મેરુ પર્વત લાખ યોજનનો ઊંચો. એના પ્રમાણે એની પહોળાશ કેટલી? મેરુ પર્વતની નીચે એકલું સોનું ભર્યું છે. આહાહા..!

શ્રોતાને એમ કહે છે, તું પરિણમી શકે એવો છો. અભવ્યના જીવ જેવો તું નથી. આહાહા..! એવા કોઈ અલ્પ જીવ હોય છે. તું અહીંયાં આવ્યો, અહીંયાં સાંભળે છો, સાંભળવા આવ્યો. આ કાંઈ એકેન્દ્રિયને કહેતા નથી. આહાહા..! અપ્રતિબુદ્ધ હો, પણ છો તો ભગવાન. અને ભગવાન થવાને પરિણમનને લાયક જ છો. ભગવાનપણું પરિણમવાને લાયક જ છો. આહાહા..! અભવ્યને ભગવાનપણું છે પણ ભગવાનપણું પરિણમવાને લાયક નથી. આંતરો પાડીને વાત કરે છે. હું તને સંભળાવું છું એ તને હું એમ કહું છું, કે નિત્યનિગોદના જીવ પણ અભવ્યજીવ જેવા નથી. આહાહા..! પ્રભુ! તું તો અહીં સુધી આવ્યો, સાંભળ્યું, વીતરાગ સર્વજ્ઞની વાણી કાને પડી, તો કહીએ છીએ કે તારો આત્મા શુદ્ધપણે પરિણમવાને લાયક છે. આહાહા..! પરમાત્મ થવાને લાયક છે, આહાહા..! પરમાત્મપણું છે. એવું પરમાત્મપણું પ્રતીતમાં આવે એવો તું છો. આહાહા..!

મુમુક્ષુ :– મંગલ આશીર્વાદ આપના.

ઉત્તર :– આવી વાત જ કરી. ઓલી વાત જ ક્યાં છે?

આ પંચમઆરાના સાધુ છે અને પંચમઆરાના શ્રોતાને સંભળાવે છે. આહાહા..! તું મુંઝાઈશ નહિ. અભવી જેમ પરિણમી શકે નહિ એમ તું ન પરિણમી શકે એમ છે નહિ. તું અહીં સુધી આવ્યો તે સાંભળ. આહાહા..! એમ કહે છે. મુનિરાજ એમ કહે છે. ભગવાનની વાત મુનિરાજ કહે છે. ભગવાનની વાણી પણ એમ કહે છે. એને અનુસરીને એ પોતે કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અનુસરીને પરિણમ્યા છે (અને) અનુસરીને તું પરિણમીશ એવો તું છો. આહાહા..! પંચમઆરા અને પુણ્ય ઓછા, હલકે ઠેકાણે અવતાર થઈ ગયો ને... એ લક્ષમાં લઈશ નહિ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ! અતીન્દ્રિય આનંદનો રસકંદ અતીન્દ્રિય આનંદપણે પરિણમી શકે એવો તું છો.

૩૮ ગાથામાં તો એ કહ્યું છે ને? (અપ્રતિબુદ્ધ શિષ્યને) ગુરુએ વારંવાર કહ્યું. ન્યાં તો એમ લખ્યું છે કે નિરંતર સમજાવતા. નિરંતર સમજાવતા તો ક્યાં નવરા હતા ગુરુ? .. નિરંતર ઘોલન કરતાં. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયો. અને તે પણ કેવો પ્રાપ્ત થયો? ન પડે એવું. ... એમ કહેતા અપ્રતિબુદ્ધ હતો તે પણ પ્રતિબુદ્ધ પામ્યો અને તે ... (મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન) થવાનો છે જ નહિ. આહાહા..! પંચમઆરાના પ્રાણીનો પોકાર છે. કહેનારનો તો છે પણ શ્રોતા છે, જેણે સાંભળ્યું એનો પણ એ પોકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહેનાર તો કહે છે પણ તું તેવો થઈ શકે એવો છો. કાળની રાહ અને વાહ જોવાની નથી. આહાહા..! આવો તને ભગવાન પૂર્ણાનંદનો નાથ કાને પડ્યો, પ્રભુ! એ પરમાત્મા થવાને લાયક જ છો. તું અભવી જેવો નથી. આહાહા..! આટલું બધું કહી દીધું. અભવી જેવો તું નથી. એ નિત્યનિગોદના જીવો પણ અભવી જેવા નથી. આહાહા..!

'તારી નજરને આળસે રે, નયણે ન નિરખ્યા હરિ.' હરિ એવો જે અજ્ઞાન અને રાગ-દ્વેષ હરનાર, પ્રભુ! તારી નજરને આળસે નિધાન રહી ગયું. નિધાન પડ્યું જ છે અને તે પરિણમવાને લાયક તું છો. આહાહા..! ગજબ વાત કરે છે! દિગંબર સંતોની વાત... 'શ્રીમદ્' કહે છે ને દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળશને લઈને રસ ઠંડાતો ગયો. અને આના રસનો એવો પોકાર છે, દિગંબર સંતોનો પોકાર છે. આહાહા..! તું પરિણમવાને લાયક છો એમ કહીએ છીએ, કહે છે. આહાહા..! પ્રભુ! તમે સર્વજ્ઞ નથી ને. અમે અભવી છીએ કે નહિ એ તમને ખબર નથી અને તમે આવો પોકાર કરો છો એકદમ! આહાહા..! લાયક છો, પરિણમવાને લાયક છો, પરિણમી શકે છો. આહાહા..! છે?

**'અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે.'** પણ **'સુદૃષ્ટિઓને...'** આહાહા..! જેણે દૃષ્ટિમાં ગુલાંટ ખાધી છે, પર્યાયદૃષ્ટિ છૂટી અને ક્રમબદ્ધમાં નિર્ણય કરતા જ્ઞાયકનો નિર્ણયનો અનુભવ થયો છે. ક્રમબદ્ધનો નિર્ણય કરતાં જ્ઞાયકભાવનો અનુભવ થયો છે. આહાહા..! એવા **'સુદૃષ્ટિઓને–અતિઆસન્નભવ્ય જીવોને–'** લીટી કરીને સુદૃષ્ટિની વ્યાખ્યા કરી. સુદૃષ્ટિ એટલે અતિઆસન્નભવ્ય જીવ. એને અલ્પકાળમાં મુક્તિ છે. આહાહા..! મોક્ષ તો એને હવે હથેળીમાં આમળો દેખાય. એમ કહે છે એને મોક્ષ તો દેખાય છે. અલ્પ કાળમાં મોક્ષ થશે એમ પોકાર છે. આહાહા..!

'શ્રીમદ્દે' કહ્યું ને? એ તો ગૃહસ્થાશ્રમમાં હતા, લાખોના વેપાર હતા. અંતર દૃષ્ટિમાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...' રાગ હજી એક બાકી લાગે છે. 'પણ તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' અમે એકાદ દેહ ધારીને અમારા દેશમાં ચાલ્યા જઈશું. રાગના પરદેશમાં હવે અમે નહિ રહીએ. આહાહા..! રાગના પરદેશમાં... એ વાણી આવી ને? 'બહેન'માં પણ એ આવ્યું. 'જાશું સ્વરૂપ સ્વદેશ.' એનો અર્થ આવ્યો, કે પુણ્ય અને પાપ છે એ પરદેશ છે, વિભાવ છે. સ્વભાવ નથી. એનો આત્માનો એ પરિવાર નથી. આહાહા..! આત્માનો પરિવાર તો આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પૂર્ણતા એ પ્રભુની સામગ્રી અથવા પરિવાર છે. એ સ્વદેશમાં એકાદ દેહ ધારણ કરીને અમે પૂર્ણ થવાના છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? સર્વજ્ઞને મળ્યા નથી.

'કુંદકુંદાચાર્ય' તો સર્વજ્ઞને મળ્યા છે. આ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ, સર્વજ્ઞસ્વરૂપ જ આત્મા છે, જેને આત્મજ્ઞ કહ્યું. સર્વજ્ઞસ્વભાવ આત્માનો તે આત્મજ્ઞ છે. સર્વને જાણવું એ તો અપેક્ષિત વાત થઈ. આહાહા..! આત્માની પર્યાયમાં પૂર્ણપણે જાણવું એ આત્મજ્ઞપણું એ સર્વજ્ઞપણું છે. એવું અલ્પકાળમાં સર્વજ્ઞપણું થશે. તે અમારો સ્વદેશ છે. એમાં અમે જશું. પરદેશમાંથી ખસી જઈશું. અમારું એ વતન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ, એ અમારું વતન છે. એ અમને રહેવાનું સ્થાન છે. આહાહા..! 'જાશું સ્વરૂપ સ્વદેશ.'

(અહીંયાં) મુનિરાજ એમ કહે છે, તું અલ્પકાળમાં મોક્ષ થઈશ, મોક્ષ જઈશ એવો તું છો. આહાહા..! અભવ્યની રાશિ જેવો નથી. એમ કીધું ને? નિગોદના જીવને પણ એમ કીધું. પણ સંભળાવનારને તો પંચેન્દ્રિયપણું છે. આહાહા..! સાંભળનારને તો પંચેન્દ્રિયપણું છે. આહાહા..! ઓછપનો આશ્રય ન કર. ઓછું રહીશ એવું ન માન. પૂર્ણ થઈ જઈશ એવું માન. આહાહા..! પૂર્ણ છો અને પૂર્ણ થઈ જઈશ. અભવી પૂર્ણ છે પણ પૂર્ણ થઈ શકવાને યોગ્ય નથી. પણ તને કહીએ છીએ કે તું પૂર્ણ છો અને પૂર્ણ થઈ શકવાને યોગ્ય છો. આહાહા..! આવી વાત છે.

મુનિના હૃદયોમાં પોકાર આ છે. પોતે પામ્યા એટલે કહે છે, તું પામીશ જ. તું પામવાને લાયક જ છો. આહાહા..! અભવી જીવની પેઠે નથી. નિત્યનિગોદના જીવો પણ અભવી જીવની પેઠે નથી, પ્રભુ! ત્યારે પછી તું તો અહીંયાં પંચેન્દ્રિયપણે જૈનવાણી સાંભળવા માટે આવ્યો. આહાહા..! અલ્પકાળમાં પરિણમીશ. જેવી જેટલી પ્રભુતા પડી છે, જે સત્ત્વમાં પ્રભુત્વ છે, તેવી જ પર્યાયમાં સત્ત્વ પ્રભુતા પ્રગટ થઈ જશે. એવો લાયક તું છો. આહાહા..! વિશ્વાસ, એ ક્યાંથી લાવવો? કહે છે. એનો વિશ્વાસ, વિશ્વાસે વહાણ ચાલે, એમ ચૈતન્યના આવા વિશ્વાસે એની પરિણતિ પૂરી થઈ જાય. આહાહા..! ભાષા જોઈ?

નિત્યનિગોદના જીવ અભવી જીવની પેઠે નથી. આ પ્રભુ શું કહે છે? નિત્યનિગોદના જીવ એવા નથી. આહાહા..! તો પ્રભુ! તું તો માણસ થયો અને તે પરમાત્માની વાણી સાંભળવાને માટે આવ્યો, સાંભળે છો, પરિણમવાને લાયક જ છો. સંદેહ ન કર. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- આજનું સંબોધન ગુરુદેવ! બહુ મીઠું લાગે છે.

ઉત્તર :- આવી વાત મુનિ પોતે કહે છે. નિત્યનિગોદના જીવમાં પણ અભવી તો પડ્યા છે પણ છતાં અભવીને લાયક પરિણમન નથી એમ તો અમે ના પાડીએ છીએ. આહાહા..! તેમાં પણ એવા જીવો છે કે કેવળજ્ઞાનપણે પરિણમી જશે. ભલે ન્યાંથી નીકળીને. અને તું તો નીકળીને બહાર આવ્યો છો. આહાહા..! અને કાને પરમાત્માની વાણી પડે છે. ત્રણલોકના નાથની વાણી છે આ. આહાહા..!

મુમુક્ષુ :- જામી, ગુરુદેવ! જામી!

ઉત્તર :- આહાહા..? ફેર શું કર્યો? કે નિત્યનિગોદના જીવ પણ પરિણમી શકે છે. અભવી જેવા નથી. ગજબ વાત કરી છે. પ્રભુ! તમે તો છદ્મસ્થ મનુષ્ય છો. (પંચમઆરાના) મુનિ (છો). પંચમઆરા-ફારાના અમે મુનિ નથી. આહાહા..! અમે તો જે છીએ તે છીએ. છીએ તે છીએ ત્રિકાળ છીએ તેજ અમે છીએ. આહાહા..! અને તું પણ તે થઈ શકીશ. વિશ્વાસ લાવ, સંદેહ છોડ, નિઃસંદેહ કર. અમે તને કહીએ છીએ કે તું પરિણમી શકીશ પછી તને નિઃસંદેહ થતો નથી. આહાહા..! 'લાલચંદભાઈ'! (શ્રોતા :- ઘણું કહ્યું.) છે? આહાહા..!

શું વાણી સંતોની! આ દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે એમ કહે છે. આહાહા..! ફાટ ફાટ પ્યાલા અંદર છે. દિગંબર સંતોની વાણી, તીર્થંકરની જિનવાણી દિવ્યધ્વનિ, એ વાણી છે. આહાહા..! પ્રભુ! તું પામર તરીકે માનતો હોય તો છોડી દેજે. આપણે અભવી હશું કે નહિ? અરે..રે...! પ્રભુ! એ શું કરે છે તું? એક આર્જિકા છે ને? 'જ્ઞાનમતિ'. બહુ પ્રસિદ્ધ ને વખાણ (થાય છે). ૨૫ લાખનો જંબુદ્વિપ (બનાવ્યો છે), બહુ પ્રસિદ્ધ થઈ ગઈ છે. એ એમ કહે છે કે આપણે ભવી છીએ કે અભવી? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે. અર..ર..! છાપામાં આવ્યું છે. 'જ્ઞાનમતિ' છે ને? વાચાળ બહુ છે. માણસ બહુ ભેગું થાય. પણ વસ્તુની પ્રતીતિના ઠેકાણા ન મળે. આહાહા..! એવું ત્યાં સુધી લખ્યું છે, કે આપણે ભવી છીએ કે અભવી? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે. અર..ર..ર..! અહીં કહે છે કે તને (કાળલબ્ધિ) પાકી છે એમ અમે તને કહીએ છીએ. આહાહા..! અને દુનિયા પાછી પ્રશંસા કરે. ચારે અનુયોગના જાણપણાના બોલ બોલે. 'સ્યાદ્વાદ અવલોકન' પુસ્તકનું નામ આપ્યું છે. 'સ્યાદ્વાદ અવલોકન' ... ચાર અનુયોગનું જ્ઞાન છે, એમ કહે. અને આમ પાછું લખે કે આપણે ભવી છીએ કે અભવી એ ભગવાન જાણે. અરે..! પ્રભુ! શું કરે છે તું? આહાહા..!

અહીં મુનિરાજનો તો પોકાર છે કે નિત્યનિગોદના જીવ પણ અભવી જેવા નથી અમે એમ કહીએ છીએ. આહાહા..! અભવી જીવ ન પામી શકે એવા નથી. નિત્યનિગોદમાં એવા છે. એમ કહ્યું ને, ભાઈ! આહાહા..! ગજબ કામ કર્યું છે. આહાહા..! રહેવા દે, આડ મુકી દે. આડ રહેવા દે. પૂર્ણ પ્રભુ છો, પ્રભુ! આહાહા..! ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નડતર નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય તરીકે વિષય... આહાહા..!

સર્વવિશુદ્ધ જ્ઞાનમાં નથી આવતું? દીવો ઘટપટને પ્રકાશે છે, એમ નહિ. દીવો દીવાના પ્રકાશને દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને દીવો ઘટપટનું જ્ઞાન જે અહીં છે એને પ્રકાશે છે. જ્ઞાન એટલે પ્રકાશ, એને પ્રકાશે છે. એમ આત્મા પરને પ્રકાશતો નથી. એની દ્વિરૂપતા સ્વને પરને જાણવાનો પ્રકાશ પોતાનો છે, એ દ્વિરૂપતાને પ્રકાશે છે. પરને નહિ. આહાહા..! વાણી તો જુઓ! દીવો ઘટપટને પ્રકાશતો નથી. દીવાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને એનું જે સ્વરૂપ છે તેને દીવો પ્રકાશે છે. એને (–ઘટપટને) નહિ.

એમ ભગવાનઆત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નથી. સ્વ અને પરને પ્રકાશવામાં દ્વિરૂપતાને પ્રકાશે છે. જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહિ. લોકાલોકને નહિ. આહાહા..! છે ને? પાછળ. આહાહા..!

પ્યાલો ફાટ અંદરથી, કહે છે. ભગવાન ભરેલો છે. એ ભગવાન ભરેલાને જો. ભરેલો છે, પૂર્ણ છે અને પૂર્ણ થઈ શકવાને લાયક છે એમ તને કહીએ છીએ. સંદેહ ન કર. આહાહા..! આ એ પોકાર છે. બેસવું તો એને પોતાને છે ને? મુનિરાજ તો બેસાડે છે. મુનિરાજ તો કહે છે કે નિત્યનિગોદમાં પણ અભવી જેવા પરિણમી શકે નહિ એવી વાત છે નહિ. આહાહા..! એ તો કોઈ અલ્પ છે, ઢગલા તો આ પડ્યા છે મોટા જીવના, આત્માના. પરિણમવાને લાયક છે તેના ઢગલા પડ્યા છે. નહિ પરિણમવાને લાયક એવા અજીવ તો કોઈ અલ્પ અને અનંતમાં ભાગે (છે), એની વાત રહેવા દે. એ વાતને ભૂલી જા. એ છે નહિ. તું એ છો નહિ. આહાહા..! ટીકા કરીને ગજબ કર્યું છે!

મુમુક્ષુ :– ટીકાની પણ ટીકા કેવી છે!

ઉત્તર :– ગજબ ટીકા છે ને!

**'સુદૃષ્ટિઓને...'** એટલે **'અતિઆસન્નભવ્ય જીવોને—'** તૈયારી છે મુક્તિની, તૈયારી છે મુક્તિની. આહાહા..! જેમાં અજંપાજાપ નહિ પણ જંપાજાપ થઈ ગયા છે. મુક્તિનો જાપ થઈ ગયો છે. આહાહા..! એવા આસન્નભવ્યજીવને. આસન્ન એટલે નજીક. મુક્તિ જેને નજીક છે, સંસારના જેને છેડા આવી ગયા છે. આહાહા..! એ વાતને લક્ષમાં લે. સંસારના છેડા આવી ગયા છે, અંત આવ્યો છે અને મુક્તિની નજીક છે. એવા **'અતિઆસન્નભવ્ય જીવોને– આ પરમભાવ...'** આ પરમભાવ, ત્રિકાળી પરમસ્વભાવ સત્ત્વ **'સદા નિરંજનપણાને લીધે...'** આહાહા..! **'સદા નિરંજનપણાને લીધે...'** અંજન-ફંજન મેલ એને છે જ નહિ. એ તો નિરંજન છે. આહાહા..! આલોચનાનો અધિકાર છે. આમ આલોચન કર. આમ અંદર આલોચન કર કહે છે. આહાહા..! એ છે એમ એ રીતે આલોચવું. અને જોવાને લાયક જ તું છો. સંદેહ રહેવા દે. ભગવાને ભવ દીઠા હશે તો? અરે..! સાંભળને. ભગવાનની પ્રતીતિ થઈ તેને ભગવાને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભવ દીઠા જ નથી.

એ (સંવત) ૧૯૭૨ની સાલમાં કહ્યું હતું. મોટો પ્રશ્ન ઉઠ્યો હતો. ભગવાને દીઠા એટલા ભવ થાશે. તેમાં આપણે શું કરીએ? ભગવાન એક સમયનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી એક જ પર્યાય, અનંતી બીજી પર્યાય જુદી રહી. એક સમયની એક પર્યાય એક ગુણની એક પર્યાય... આહાહા..! લોકાલોકને જાણે, પોતાના દ્રવ્ય-ગુણ પૂર્ણને જાણે, એવી પર્યાયની સત્તાનો સ્વીકાર જેને છે, એને ભગવાને દીઠું એનો નિર્ણય સાચો છે. એને સત્તાનો સ્વીકાર થયો, એને સર્વજ્ઞ સત્તા મારી છે એનો સ્વીકાર થયો. એને ભવ હોઈ શકે નહિ. ભગવાને એના ભવ દીઠા નથી. ૧૯૭૨ની સાલમાં કહ્યું હતું. ભગવાને ભવ દીઠા નથી.

ભગવાન જેને બેઠા, ભગવાન આ જગતમાં છે, એક સમયની સ્થિતિની સત્તાવાળા, અને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે, એવું સત્ત્વ આ જગતમાં છે. આહાહા..! એનો જેને સ્વીકાર છે, ભગવાને એને ભવ દીઠા નથી, કીધું. એને એકાદ-બે ભવ હોય તો જ્ઞાન તરીકે, જ્ઞેય તરીકે છે. એ છૂટે છૂટકો. ભગવાને દીઠું છે એમ કરીને.. એ તો આમ પણ કીધું ને. 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા.' પણ કોને? જેને ભગવાનની પ્રતીતિ થઈ છે તેને. વીતરાગે દેખી 'જે જે દેખી વીતરાગે તે તે હોસી વીરા.' પણ વીતરાગ જગતમાં છે એણે દીઠું પછી પ્રશ્ન. વીતરાગનું અસ્તિત્વ જગતમાં છે, એક સમયનું વીતરાગનું અસ્તિત્વ... આહાહા..! પૂર્ણ વીતરાગતા જગતમાં છે, એક સમયની પર્યાય પૂર્ણ છે એવી સત્તાનો જેને સ્વીકાર છે, તેને ભગવાને ભવ દીઠા નથી. ભગવાને તેને ભગવાન થવાને દીઠું છે. એ તો અલ્પકાળમાં ભગવાન થવાનો જ છે. આહાહા..! આવી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :– આજે બપોરે શેનો રસ પાયો છે 'ગુરુદેવ'ને? એમ પૂછે છે.

ઉત્તર :– એ લાવે છે કાંઈક. આહાહા..!

**'આસન્નભવ્ય જીવોને–'** આહાહા..! આસન્ન, અતિઆસન્નભવ્ય પાછું. ભવ્ય, આસન્ન અને અતિઆસન્ન. આહાહા..! **'અતિ આસન્નભવ્ય જીવોને—આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે...'** આહાહા..! તે પરમભાવ નિરંજન છે, જેમાં અંજનની ગંધ નથી, રાગની ગંધ નથી, ઉદયને સ્પર્શતો નથી, એવો જે પરમસ્વભાવભાવ પરમાત્મા પડ્યો છે. આહાહા..! તે પરમાત્મા થવાને લાયક છે. પરમાત્મા થવાને લાયક નથી એ વાત અહીં સાંભળવા જેવી નથી. આહાહા..! એમ કહે છે. એથી 'શ્રીમદ્દે' કહ્યું ને? દિગંબરના તીવ્ર વચનો, તીવ્ર વચનો એના, સંતોના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય કે આ શું કહેવા માગે છે અંદર. એવો શબ્દ છે ને? શ્વેતાંબરની મોળાશને લઈને, વિપરીતતાને લઈને (રસ) ઠંડાઈ ગયો. આ તો તીવ્ર વચનનો પોકાર છે.

**'અતિઆસન્નભવ્ય જીવને–આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે...'** નિરંજનપણાને લીધે એટલે? **'નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિરંજનપણું છે. પણ છે એમ ભાસ્યા વિના છે એવું ક્યાંથી આવ્યું? જ્ઞાનમાં જ્ઞેય ભાસ્યા વિના આ છે એમ આવ્યું ક્યાંથી? આહાહા..! ગજબ ટીકા કરે છે. 'પદ્મપ્રભમલધારીદેવ' છે, મુનિ છે. આચાર્ય નથી. મુનિ તો તીર્થંકર થવાના છે. એવું મનમાં આવ્યું છે. એવો ધ્વનિ લાગે છે. તીર્થંકર થવાના છે. તીર્થંકર થઈને મોક્ષ જશે. આહાહા..! એ એક ફેરી બતાવ્યું હતું, નહિ? સર્વજ્ઞની વાત આવી ત્યાં સર્વજ્ઞપણું ન મુક્યું, તીર્થંકરપણું મુક્યું. એ અહીં બતાવ્યું હતું. 'હિંમતભાઈ'! જ્યાં સર્વજ્ઞની વ્યાખ્યા આવી છે, ત્યાં સર્વજ્ઞપણું ન મુકતા તીર્થંકરને મુક્યા છે. તીર્થંકર આવા સર્વ ભાવવાળા છે. એના ધ્વનિમાં જ મગજમાં જ એમ આવતું હતું કે આ તીર્થંકર થવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છે ને ક્યાંક? જુઓ!

મુમુક્ષુ :– ૨૧૨.

ઉત્તર :– ૨૧૨ પાનું? ૨૧૨ કળશ. ૨૫૯ પાનું.

ઉત્તર :– ૨૫૯ પાનું તો આવ્યું. હવે જુઓ! એ આવ્યું. જોયું? દૃષ્ટિની વાત કરે છે. **'જો શુદ્ધદૃષ્ટિવંત (–સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમમુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઉર્ધ્વ રહે છે. (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર...'** સર્વજ્ઞ ન લીધા પણ **'ભવભયહર ભાવિતીર્થાધિનાથ...'** છે? નહિંતર સર્વજ્ઞને ત્યાં લેવા જોઈએ. ભાવી સર્વજ્ઞ. પણ તીર્થાધિનાથ સર્વજ્ઞ લીધા છે. એ પોતાનો ધ્વનિ છે અંદરનો. છે? 'ચંદુભાઈ'! **'અભિરામ એવા ભવભયહર...'** ત્યાં સર્વજ્ઞ શબ્દ જોઈએ. આહાહા..! **'ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** સર્વજ્ઞ શબ્દ ન વાપરતા ભાવિ તીર્થાધિનાથ શબ્દ વાપર્યો છે. એ પોતાનો અંતરનો ધ્વનિ છે. આહાહા..! દિગંબર મુનિઓની તો બલીહારી છે! આહાહા..! સાક્ષાત્ તીર્થંકરના કામ કરે છે!! એની વાણી અને એના ભાવ, તીર્થંકરની હાજરી બતાવે છે. આહાહા..!

કહે છે, કે **'અતિ-આસન્નભવ્ય...'** નિરંજનપણાને લીધે. નિરંજનપણાને લીધે, એનો અર્થ નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે. એ ભલે નિરંજન છે, પણ છે એવું પ્રતિભાસ્યા વિના નિરંજન છે એમ ક્યાંથી આવ્યું? શું કીધું ઇ? ભગવાનઆત્મા નિરંજન છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, પણ એ ભાસ્યા વિના, જ્ઞાનમાં એ ભાસ્યા વિના પરમ નિરંજન છે એમ ક્યાંથી આવ્યું? ભાસ્યું ત્યારે લાગ્યું કે આ પરમ નિરંજન છે. આહાહા..! એમાં પણ પરમ નિરંજનનાથ જ ભાસ્યો છે. છે એટલું એમ નહિ. એ પરમસ્વભાવભાવ નિરંજન છે એમ નહિ. એ છે એવો ભાસ્યો છે માટે છે. ભાસ્યા વિના છે એમ એને ક્યાંથી આવે? આહાહા..! સમજાણું કાંઈ?

**'(અર્થાત્ સદા નિરંજપણે પ્રતિભાસ્યો હોવાને લીધે)...'** પ્રતિભાસ્યો એટલે જ્ઞાનની પર્યાયમાં ભાસ્યો હોવાને લીધે. આહાહા..! **'સફળ થયો છે;...'** કે નિરંજન છે પણ પ્રતિભાસ્યો છે તો એ સફળ થયો છે. પ્રતિભાસ થાય નહિ ત્યાં છે એ સફળ ક્યાં થયો? શું કીધું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન સદા નિરંજન છે પણ ભાસ્યા વિના, જ્ઞાનમાં ભાસ્યા વિના, પ્રતિભાસ (થયા વિના) સદા નિરંજન છે એમ જાણે કોણ? જાણ્યું કોણે? એ પ્રતિભાસ્યો છે એણે જાણ્યું છે. એ કહે છે કે... આહાહા..! એને સદા નિરંજન જે ભાવ, પ્રતિભાસ્યો છે માટે તે નિરંજન ભાવ સફળ થયો છે. નિરંજન ભાવ છે તો ખરો, પણ આસન્નભવ્ય જીવને સફળ થયો છે. આહાહા..! પર્યાયમાં, દૃષ્ટિમાં ભાસ્યો છે, એથી તે છે તે ભાસ્યો છે. તેથી તેને તે સફળ થયો છે. છે તેવું ભાન થઈ ગયું છે. છે તેવી પ્રતીતિ અને જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું છે. આખો પરમાત્મા જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવ્યો છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ પ્રતિભાસ છે. છે ને? પ્રતિભાસ્યો છે. પર્યાયમાં આખો નિરંજન નિરાકાર ભગવાન પ્રતિભાસ્યો છે તેથી તે સફળ થયો છે. નિરંજન સદા છે, પણ પ્રતિભાસ્યો માટે સફળ થયો છે. પ્રતિભાસ વિના છે એટલે શું? આહાહા..! એવી વાત છે. આહાહા..!

**‘(સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે) સફળ થયો છે;...’** સફળ થયો છે એનો અર્થ કાઢ્યો. સદા નિરંજનપણું છે એવું ભાસ્યું છે તેથી સફળ થયો છે. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ નિરંજન નિરાકાર હોવા છતાં પ્રતિભાસ્યો ત્યારે તેને હોવું છે એમ બેઠું. તેથી તેને સફળ થયું છે. પ્રતિભાસ્યો છે તેથી તેને સફળ થયો છે. પ્રતિભાસતો નથી એને સફળ ક્યાંથી થાય? આહાહા..! તેના જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ છે એવો ભાસ થયો અને ભાન થયું છે, તેને તે સદા નિરંજનપણું સફળ છે. એનું ફળ એને આવ્યું. સફળ છે. જેને એ માનવામાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી, દૃષ્ટિમાં આવ્યું નથી, જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાણું નથી એને તો સફળ નથી. આહાહા..! પણ જેવડું એ જ્ઞેય છે તેવડું જ્ઞાનમાં આવ્યું છે તેથી તે સદા નિરંજનપણું સફળ થઈ ગયું છે. આહાહા..! ગજબ વાત કરી છે ને!

**‘જેથી, આ પરમ પંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું ‘આલુંછન’ નામ સિદ્ધ થાય છે,...’** પ્રતિભાસ્યો છે માટે આલુંછન સિદ્ધ થાય છે. આહાહા..! જ્ઞાનમાં ત્રિકાળી નિરંજન સદા પ્રતિભાસ્યો એટલે જ્ઞાનમાં ભાસ્યો છે, પર્યાયમાં પ્રતિભાસ્યો, છે તેવો પ્રતિભાસ થયો છે તેથી તેનું સફળપણું થયું છે. સફળપણું થયું છે તેથી **‘પરમ-આલોચનના ભેદરૂપે ઉત્પન્ન થતું ‘આલુંછન’ નામ સિદ્ધ થાય છે,...’** સફળપણું થયું એ જ આલુંછન છે. એ આલુંછન છે. આહાહા..!

**‘કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.’** એટલે કે એનામાં છે નહિ. **‘પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમવિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.’** એટલે કે એનામાં છે જ નહિ. સફળ થયો છે અને એમાં છે જ નહિ. એટલે ઉખેડી નાખ્યો છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક-૧૬૦

(मंदाक्रांता)

एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः
कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।
मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां
एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः॥१६०॥

[શ્લોકાર્થ :–] જે કર્મના દૂરપણાને લીધે પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે, જે આત્મનિષ્ઠાપરાયણ (આત્મસ્થિત) સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે, જે એકાકાર છે (અર્થાત્ સદા એકરૂપ છે), જે નિજ રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે, તે શુદ્ધ-શુદ્ધ એક પંચમ ભાવ સદા જયવંત છે. ૧૬૦

## પ્રવચન નં. ૧૨૪, શ્લોક-૧૬૦-૧૬૧, ગાથા-૧૧૧, સોમવાર, મહા વદ ૪, તા.૦૪-૦૨-૧૯૮૦

'નિયમસાર'. છે ને? 'નિયમસાર' ૧૧૦ ગાથા. એની ટીકા, બે શ્લોક. ટીકા થઈ ગઈ છે.

एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः
कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।
मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां
एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः॥१६०॥

આ પંચમભાવ, દ્રવ્યભાવ, શુદ્ધ શુદ્ધ ભાવ. દ્રવ્યે પણ શુદ્ધ છે અને પર્યાયે પણ શુદ્ધ છે અને ત્રિકાળ શુદ્ધ છે. એવો **'જે કર્મના દૂરપણાને લીધે...'** પંચમભાવ જે સમ્યગ્દર્શનનો વિષય, જે ધ્રુવ ભાવ નિત્યાનંદ પ્રભુ, એ **'કર્મના દૂરપણાને લીધે...'** કર્મથી તો દૂર વસ્તુ છે. કર્મનો એ દ્રવ્ય વસ્તુને સંબંધ નથી. પર્યાયમાં રાગનો, એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ (છે), દ્રવ્યને સંબંધ નથી. દ્રવ્ય તો **'કર્મના દૂરપણાને લીધે...'** આહાહા..! વસ્તુ જે છે, પ્રભુ (એ) કર્મપણાના દૂરપણાને લીધે **'પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે,...'** પ્રગટ સહજ અવસ્થા એટલે સહજ સ્વરૂપ. અવ એટલે નિશ્ચય, સ્થ–અવસ્થા (એટલે) પર્યાય એમ નહિ. ભાષા સહજઅવસ્થા છે. પણ સહજ અવસ્થ (એટલે) સહજપણે રહેલો, નિશ્ચયથી રહેલો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેને કર્મની ગંધ નથી, કર્મનો સંબંધ નથી એવો સહજઅવસ્થ, સ્વાભાવિક નિશ્ચયસ્થ રહેલો, પોતાના સ્વરૂપની શુદ્ધતાના સ્વભાવમાં સહજ પંચમભાવ રહેલો છે.

**'જે આત્મનિષ્ઠાપરાયણ (આત્મસ્થિત)...'** મુનિઓને. એવા આત્મામાં નિષ્ઠ, એવા આત્મામાં સ્થિત... આહાહા..! **'સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે,...'** એ પંચમભાવ એ મુક્તિનું મૂળ છે. મોક્ષનો માર્ગ એ પણ ન કહ્યો. કેમકે માર્ગનો તો વ્યય થાય છે ત્યારે મુક્તદશા ઉત્પન્ન થાય છે. એનો ભાવ ઉત્પન્ન થયો એ ભાવમાંથી ભાવ (થયો), એ પંચમ ભાવમાંથી મુક્ત અવસ્થા આવે છે. પંચમ ભાવને આશ્રયે મુક્તિનું મૂળ છે. આહાહા..! કોને? **'આત્મનિષ્ઠ પરાયણ...'** આત્મામાં પ્રેમમાં જ જે તત્પર અંદર છે. સ્વભાવ જે શુદ્ધ ત્રિકાળ છે, સનાતન સત્ય તે કર્મના દૂરપણાને લીધે પ્રગટ અવસ્થા સ્વરૂપ જ વસ્તુ છે. સત્ સત્તા છે, સત્તા છે, હોવાપણે વસ્તુ છે એ ત્રિકાળ છે. તેમાં જે પરાયણ છે. તેમાં જ નિષ્ઠા એટલે પરાયણ છે. આહાહા..!

**'સમસ્ત મુનિઓને...'** બધા મુનિઓને મુક્તિનું મૂળ એ છે. વ્યવહાર મોક્ષમાર્ગ કાઢી નાખ્યો, નિશ્ચય મોક્ષમાર્ગ કાઢી નાખ્યો. પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય નથી આવતી. એથી ત્રિકાળ જે સત્ સત્તા પૂર્ણ, દૂરથી ભિન્ન, કર્મ દૂરથી ભિન્ન... આહાહા..! એવું જે સત્ તે **'મુનિઓને મુક્તિનું મૂળ છે,...'** મુનિઓને મુક્તિનું મૂળ તો આ છે. આહાહા..! વ્યવહાર કાઢી નાખ્યો તો નિશ્ચય પણ કાઢી નાખ્યો અહીં તો. અને અત્યારે તો એ ચાલે છે કે વ્યવહાર કરતા નિશ્ચય થાય. આહાહા..! શુભરાગ હોય, શુભરાગની ક્રિયા હોય તો શુદ્ધતા થાય, એમ અત્યારે તો ચાલે છે. આહાહા..!

અહીં તો **'સમસ્ત મુનિઓને...'** આહાહા..! કોઈપણ કાળના અને કોઈપણ ભાવવાળા મુનિ આ છે. પંચમઆરાના મુનિ અને ચોથા આરાના મુનિને ફેર એવું કાંઈ છે નહિ. આહાહા..! **'સમસ્ત મુનિઓને...'** એ કર્મથી દૂર સહજ અવસ્થાસ્વરૂપ. અવસ્થ એટલે નિશ્ચય. અવસ્થા નહિ. અવ એટલે નિશ્ચયરૂપ રહેલો, સ્થ–ટકેલો. એ **'સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે,...'** આહાહા..! **'જે એકાકાર છે...'** જે એક જ સ્વરૂપે છે. દ્રવ્ય અને પર્યાય એવા બે ભેદ એમાં નથી. દ્રવ્ય છે તે એકસ્વરૂપે જ છે. પંચમભાવ એવો પારિણામિક સ્વભાવ, એવો જ્ઞાયકભાવ એકરૂપે છે.

**'એકાકાર છે (અર્થાત્ સદા એકરૂપ છે), જે નિજ રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે...'** આહાહા..! પોતાના નિજ આનંદ અને જ્ઞાનરસના વિસ્તારથી અંદર ભરપૂર હોવાને લીધે. ત્રિકાળી, હોં! આહાહા..! ત્રિકાળી ચીજ નિજરસના ફેલાવથી, પોતાનો નિજ રસ છે તે જ અંદર પંચમભાવમાં વિસ્તાર પામેલો છે. જે આનંદરસ છે, પરમ પંચમરસ છે, જ્ઞાયકરસ છે, એમાં એ **'રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે...'** પંચમભાવ નિજરસના વિસ્તારના ફેલાવથી, વિસ્તારના ફેલાવથી ભરપૂર છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ **'ભરપૂર હોવાને લીધે પવિત્ર છે...'** આહાહા..! બધું કાઢી નાખ્યું. પર્યાય ને રાગ ને નિમિત્ત ને સંયોગ ને કર્મથી પણ દૂર વર્તે છે. અંદર કર્મથી ભગવાન દૂર છે. આહાહા..! હવે અહીં કહે કે કર્મ નડે છે. કર્મનો ઉદય નડે છે. અહીં કહે છે કે કર્મના ઉદયથી તો વસ્તુ દૂર છે. એને અને એને કાંઈ અડી નથી. આહાહા..! નિજસત્તા એવું જે સ્વરૂપ, સહજઅવસ્થ, સહજઅવસ્થ. નિશ્ચય સહજ દશામાં શક્તિરૂપ રહેલું સ્વભાવરૂપ ભરેલું. આહાહા..! **'નિજરસના ફેલાવથી ભરપૂર...'** નિશ્ચય ત્રિકાળી, હોં! એને લીધે પવિત્ર ત્રિકાળ છે. આહાહા..! આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ પણ દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન પણ સમ્યગ્દર્શનનો વિષય નથી.

સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી કર્મથી દૂર, પોતાના સ્વભાવથી ભરપૂર ફેલાવ, રહેલો એ આત્મા પવિત્ર છે. ત્રિકાળ પવિત્ર છે. ત્રિકાળ શુદ્ધ આનંદ... આહાહા..! એવું જે ચૈતન્યનું સત્ત્વ છે, સત્તા ત્રિકાળ **'અને જે પુરાણ (સનાતન) છે,...'** અનાદિ છે. સનાતન છે. પુરાણ છે... પુરાણ છે... સનાતન છે, અનાદિ છે. એની કોઈ આદિ છે કે ઉત્પન્ન થયો છે એવું નથી. સદા પુરાણ છે, સદા સનાતન છે. આહાહા..! મુનિને શબ્દો થોડા પડે છે. એને કઈ રીતે કહેવું? એમ કહે છે. આહાહા..!

એવો જે ભગવાન અંદર આત્મા, એક સમયમાં કર્મથી દૂર, સ્વભાવથી ભરપૂર. કર્મથી દૂર, સ્વભાવથી ભરપૂર, પોતાના સ્વભાવથી વિસ્તારરૂપથી પવિત્ર. આહાહા..! અને જે સનાતન અનાદિ છે. આહાહા..! આવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. બાકી બધી વાતું છે. આહાહા..! આવી ચીજ છે તે પવિત્ર છે, સનાતન છે, પોતાના સ્વભાવથી વિસ્તાર ફેલાયેલ છે. આહાહા..! કર્મથી દૂર છે. એવો સનાતન (છે).

**'તે શુદ્ધ-શુદ્ધ...'** બે વાર કહ્યું છે. તે વસ્તુ શુદ્ધ છે, શુદ્ધ છે. એ દ્રવ્યે શુદ્ધ છે, વસ્તુએ શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે. શુદ્ધ જ છે. અશુદ્ધતાની વાત-ગંધ એમાં નથી. આહાહા..! આવું એકાંત લાગે. એમાં આ બહારની ધમાધમ, પ્રવૃત્તિમાં પરોવાયેલા, એને આ નિવૃત્તિરૂપ તત્ત્વ આવું બેસવું એને કઠણ પડી જાય. પ્રવૃત્તિમાં પડેલા નિવૃત્તરૂપ તત્ત્વ આખું, તદ્દન નિવૃત્ત છે, ત્રિકાળ નિવૃત્ત છે. આહાહા..! શુદ્ધ છે... શુદ્ધ છે. એ ઘણીવાર શ્લોકમાં આવી ગયું છે. ૨૨૨, ૨૫૬માં આવી ગયું છે. બે વાર શુદ્ધ કેમ કીધું છે? એટલે વસ્તુએ શુદ્ધ છે, કર્મથી રહિત શુદ્ધ છે, પોતે શુદ્ધ છે. આહાહા..! દ્રવ્યે શુદ્ધ છે, ભાવે શુદ્ધ છે. દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, એ શુદ્ધ શુદ્ધ છે. આહાહા..! એવો એ પંચમભાવ... આહાહા..!

**'શુદ્ધ-શુદ્ધ એક પંચમભાવ...'** એક પંચમભાવ. ચાર ભાવ કાઢી નાખ્યા. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જેમાં નથી. જેમાં એ ચાર ભાવ નથી. એ તો **'એક પંચમ ભાવ સદા જયવંત(વર્તે) છે.'** સદા જયવંત વર્તે છે, સદા જયવંત વર્તી રહ્યો છે. પ્રગટ જયવંતરૂપ વર્તી રહ્યો છે. આહાહા..! પણ પરની પ્રવૃત્તિની દૃષ્ટિ આડે, ઉતાવળને લઈને ધીરું જે તત્ત્વ છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધીરજવાળું, એ ઉતાવળીયાને હાથ આવતું નથી, એમ કહે છે. ઉતાવળ કરવા જાય એટલે આમ કરી દઉં... આમ કરી દઉં... આમ કરી દઉં... બહારમાં આમ કરું, ફલાણું આમ કરું. આહાહા..! એવો ભગવાન પંચમભાવ સદા જયવંત છે. એમ પર્યાયમાં ભાન થયેલો કહે છે. પર્યાયમાં તે સનાતન સત્ય ભાન થયું છે એ એમ કહે છે કે આ તો સદા જયવંત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સદા જયવંત છે.'** કોને? જેને પર્યાયમાં ભાસ્યો છે તેને. છે છતાં ભાસ્યો નથી એને શું છે? આહાહા..! તેથી મુનિઓને મુક્તિનું મૂળ છે એમ કીધું ને? આહાહા..! એને તો સદા શુદ્ધ શુદ્ધ જયવંત વર્તે છે. આહાહા..! શું મંગળિક! શું સનાતન જૈનદર્શનનું તત્ત્વ! સનાતન આત્મતત્ત્વ, સનાતન શુદ્ધ જીવતત્ત્વ. આહાહા..! એ જયવંત વર્તે છે. એમ કહીને પર્યાયમાં અમને એ જયવંત વર્તે છે એમ ભાસ્યું છે, એમ કહે છે. છે, એ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે અને એ લઈ લીધું, ધાર્યું છે, એમાં જયવંત વર્તે છે એને નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જેની પર્યાયમાં મુક્તિનું મૂળ જે છે, એ ભાસ્યું છે એથી એને જયવંત વર્તે છે. આહાહા..!

આવો માર્ગ વ્યવહાર રુચિવાળાને તો આકરો લાગે. વ્યવહાર ક્રિયાકાંડ આ કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ કરો, દેરાસર બનાવો. આહાહા..! કરોડનું દેરાસર, પાંચ કરોડનું દેરાસર ભલે ને બનાવે, કહે છે. વીસ લાખની મોટર હમણા પાછી આવી છે, કહે છે. ત્યાં 'મુંબઈ'. 'પૂનમચંદ'ની. અને ખ્રિસ્તીના ગુરુ, એને તો પાંચ કરોડની મોટર. મોટર પાંચ કરોડની, હોં! એટલે જાણે મોટા (થઈ ગયા). પાંચ કરોડની મોટરમાં બેસે એ તો મોટા જ હોય ને! કહે છે કે એ (મોટા) નહિ. આ મોટરમાં બેસે એ મોટા. આહાહા..! આવું સનાતન સત્ય જે છે, તે જયવંત વર્તે છે એમ અમે પર્યાયમાં ભાસેલું કહીએ છીએ કે આ જયવંત વર્તે છે. આહાહા..! એ અમારી મોટર અનંત અનંત અબજ રૂપિયે પણ મળે નહિ. અનંત અનંત ક્રિયાકાંડે મળે નહિ. આહાહા..! અનંત એનો પુરુષાર્થ સ્વસન્મુખ થાય, ક્રમબદ્ધનો નિર્ણય કરતાં તેનો સ્વનો પુરુષાર્થ થાય, તેને એ જયવંત વર્તે છે. આહાહા..! એકલું નિશ્ચય લાગે. પણ નિશ્ચય એટલે પરમસત્ય. પછી અશુદ્ધનયથી, વ્યવહારથી ગમે તે વાત કરે, એ બધા ભેદો ભલે હોય પણ એ કોઈ આશ્રય કરવા લાયક નથી. એ કોઈ ચીજ નથી. આહાહા..!

**'શુદ્ધ-શુદ્ધ...'** બે શબ્દ વાપર્યા છે. એવો એ પંચમભાવ. આહાહા..! દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, પર્યાયે શુદ્ધ છે. એ પર્યાયમાં ભાસ્યો છે તેથી પર્યાય પણ શુદ્ધ છે. આહાહા..! દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. સદા જયવંત વર્તે છે એમાં એમ કહેવું છે. જયવંત વર્તે છે એ પર્યાયમાં શુદ્ધમાં એ ભાન થયું છે. પર્યાય પણ શુદ્ધ થઈ છે તેથી આખું જણાણું છે કે આ જયવંત વર્તે છે. આહાહા..! આવો માર્ગ હવે. લોકો પછી એકાંત કહે ને? સમ્યક્ એકાંત છે. નિશ્ચયનય સમ્યક્ એકાંત છે. નય છે ને? સમ્યક્ એકાંત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ સનાતન જયવંત વર્તે છે. એનો અનુભવ એ મુક્તિનું મૂળ છે. એનો અનુભવ એ મોક્ષનું મૂળ છે. આહાહા..! મુનિને શબ્દો ટૂંકા પડે છે. કેટલુંક એને કાઢવું? આહાહા..! એવો જે ભગવાન ત્રિકાળી એક સમયમાં વર્તતો જયવંત વર્તે છે એમ કહીએ છીએ, કહે છે. એ પર્યાયમાં ભાસ થયેલો છે માટે જયવંત વર્તે એમ કહીએ છીએ. એમ કહે છે. પર્યાયમાં આવા સનાતન સત્ય શુદ્ધનો અનુભવ થયો છે માટે કહીએ છીએ કે જયવંત વર્તે છે. આહાહા..! હવે બહારની ક્રિયાકાંડવાળાને આ બેસવું કઠણ પડે. આહાહા..! કાંઈક કરીએ... કાંઈક કરીએ... અહીં તો કહે છે મુક્તિનું મૂળ છે એમાં ઠરીએ. એમાં ઠરીએ એ એની પર્યાય છે. આહાહા..!

'પદ્મપ્રભમલધારી' મુનિએ પંચમભાવના કારણ પરમાત્માને ઘણો જ મલાવ્યો છે. આહાહા..! કારણપરમાત્મા સનાતન પંચમભાવ, છે તેવો કહ્યો છે. મલાવ્યો છે એનો અર્થ છે એથી વધારે મલાવ્યો છે એમ નહિ. આહાહા..! એવું જ એ સ્વરૂપ છે. શુદ્ધ, શુદ્ધ અને સનાતન જયવંત વર્તે છે. પર્યાયનો પોકાર છે, કે તે દૃષ્ટિમાં આવ્યો છે, એ પર્યાય પોકારે છે કે જયવંત વર્તે છે. આહાહા..! એ ૧૬૦ શ્લોક (પૂરો) થયો. શુદ્ધ શુદ્ધ શબ્દ બીજે ઘણે ઠેકાણે આવે છે. 'સમયસાર'માં ૨૨૨, ૨૫૬માં શુદ્ધ શુદ્ધ બે શબ્દ એકસાથે આવે છે. ૧૬૦ શ્લોક પૂરો થયો. આહાહા..!

## શ્લોક-૧૬૧

(मंदाक्रांता)

आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा
मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा।
ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं
मोहाभावास्फुटितसहजावस्थमेषा प्रयाति।।१६१।।

**[શ્લોકાર્થ :–] અનાદિ સંસારથી સમસ્ત જનતાને (–જનસમૂહને) તીવ્ર મોહના ઉદયને લીધે જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે, કામને વશ છે અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે. મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે–કે જે શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (ઉજ્જવળ) કર્યું છે અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે. ૧૬૧.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૬૧ ઉપર પ્રવચન

૧૬૧.

आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा
मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा।
ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं
मोहाभावास्फुटितसहजावस्थमेषा प्रयाति।।१६१।।

**શ્લોકાર્થ :- 'અનાદિ સંસારથી સમસ્ત જનતાને...'** આહાહા..! સમસ્ત **'(–જનસમૂહને) તીવ્ર મોહના ઉદયને લીધે...'** મોહ એટલે પર તરફની સાવધાનીના ઝુકાવને લીધે, અનાદિ સંસારી પ્રાણીને પર તરફના ઝુકાવને લીધે... આહાહા..! **'જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે,...'** એ જ્ઞાનજ્યોતિ સદા મત્ત–ઘેલી થઈ ગયેલી છે. આહાહા..! મોહમાં મત્ત છે. **'મોહના ઉદયને લીધે...'** પર્યાયમાં મત્ત છે. **'કામને વશ છે...'** આહાહા..! કોઈપણ વૃત્તિની ઇચ્છા એને વશ છે. તેથી તે હાથ આવતું નથી. પોતાના સનાતન સત્ સિવાય કોઈપણ બાહ્યની ચીજ નાની-મોટી, બીજા દ્રવ્ય-ગુણ-પર્યાય... આહાહા..! ભગવાન હો કે ભગવાનની વાણી હો, એ પર તરફના મોહના ભાવને લીધે.. આહાહા..! **'સદા મત્ત છે,...'** ગાંડી છે, દશા ઘેલી થઈ ગઈ છે. આહાહા..! જેવો સનાતન પવિત્ર છે એવી સનાતન અહીંયાં અનાદિની પર્યાયમાં અપવિત્રતા થઈ ગઈ છે, કહે છે. આહાહા..!

**'કામને વશ છે...'** કામ શબ્દે ઇચ્છા. કોઈપણ પદાર્થની પર તરફની ઇચ્છાની, ઉત્સાહ, વીર્યની વૃત્તિ, વીર્યનો ઉત્સાહ, પર તરફમાં કોઈપણ પ્રકારનો ઉત્સાહ... આહાહા..! એને વશે થઈ ગયું છે. અંતર જોવાને વખત મળતો નથી. કામના વશમાં મત્ત છે. આહાહા..! પોતાની ... તેનું અવલંબન, ... છે. આહાહા..! ... આહાહા..! પહેલા વખાણ કર્યા ને? કર્મથી દૂર છે. પણ કર્મના સમીપમાં પોતે વર્તે છે. આમ નથી વર્તતો, આમ વર્તે છે.

**'કામને વશ છે અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે.'** ... કરવાનું કાંઈ છે જ નહિ. એવો જે આત્મ નિજ કાર્ય ... એવું જે નિજ આત્માનું કાર્ય ..., પણ તે જ **'મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે–'** ભલે અશુદ્ધપણામાં મત્ત થયેલી, પણ તે મોહના અભાવને લીધે.. આહાહા..! પોતાના પુરુષાર્થના મોહના અભાવને લીધે... આહાહા..! ક્રમબદ્ધમાં આ આવ્યું. ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં જ્ઞાયકભાવનો નિર્ણય થાય છે. ત્યાં મોહનો અભાવ થાય છે. આહાહા..! ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યાં એની દૃષ્ટિ પર્યાયથી ઊઠી જાય છે. આહાહા..! અને નિજ કાર્યમાં સન્મુખ થઈ જાય છે. એ ક્રમબદ્ધનું ફળ અકર્તાપણું આ છે. તે રાગનો પણ કર્તા નથી અને પર્યાયને કરું એવો વિકલ્પ પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી અને કરું એવો ભાવ પણ નથી. આહાહા..!

**'નિજ આત્મકાર્યમાં મૂઢ છે. મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે.'** પહેલો મોહનો ભાવ કહ્યો–બતાવ્યો. છતાં એના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે. બીજું કોઈ એનું કારણ નથી, કે આ રાગ મંદ કરીને ક્રિયા કરી, આટલું કર્યું, ફલાણું કર્યું. બહુ વાંચ્યું, ઘણું જાણ્યું માટે તેના મોહનો અભાવ થાય એમ નથી. આહાહા..! સ્વભાવમાં સન્મુખ થતાં મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ ભગવાન પોતાના શુદ્ધભાવને પ્રાપ્ત કરે છે. આહાહા..! શુદ્ધભાવ ધ્રુવભાવને તે પામે છે. પામે છે તે પર્યાયમાં જણાય છે. પણ જણાય છે ધ્રુવ. સનાતન સત્ય કર્મથી દૂર પૂર્ણ સ્વભાવથી ફેલાયેલ એવું સત્ત્વ, એવું જે સત્ તે તેને જણાવવામાં આવે છે, તેને પામે છે.

**'કે જે શુદ્ધભાવે...'** આહાહા..! **'દિશામંડળને ધવલિત (–ઉજ્જવળ) કર્યું છે...'** એટલે શુદ્ધભાવમાં ઉજ્જવળતા એવી આવી છે, કે ત્રણકાળ ત્રણલોકને જે જાણે છે. દિશામંડળ એટલે બધું જગત–ત્રણકાળ ત્રણલોક, એને ઉજ્જવળ કર્યું. ઉજ્જવળ કર્યું એટલે જાણવામાં આવ્યું. આહાહા..! આત્મકાર્ય જાણવામાં આવ્યું અને આમ બધું જાણવામાં આવી ગયું છે. નિર્મળાનંદની પર્યાયમાં બધું જાણવામાં આવ્યું છે. એક સમયની પર્યાય ત્રિલોકના નાથને જાણે, તે પર્યાય લોકાલોકને જાણે તે પર્યાયનું દ્વિરૂપ આવું સામર્થ્ય જે છે... આહાહા..! તે ધવલિત નામ ઉજ્જવળ કર્યું છે, પ્રગટ થયું છે. આહાહા..! એટલે કે એકલા આત્માને પામે છે એમ નહિ, પણ એની પર્યાયમાં જેવો આત્મા છે એવો જણાણો. તેવો જ લોકાલોક છે એ અંદર જ્ઞાનની પર્યાયમાં, તેની–પરની હયાતીને કારણે નહિ, પણ એની પોતાના સ્વભાવના સ્વપરપ્રકાશકના સામર્થ્યથી દિશાને ઉજ્જવળ કરી દીધી. એટલે બધાને જાણી લીધી. આહાહા..! આવી ભાષા છે.

**'દિશામંડળને ધવલિત (–ઉજ્જવળ) કર્યું છે...'** એટલે કે છએ દિશાઓને જાણી લીધી. લોકાલોક જણાઈ ગયો. આહાહા..! જેના પ્રકાશમાં, જીવનો પ્રકાશ થયો ત્યાં બધું જણાઈ ગયું. સ્વ જણાણું ત્યાં પર જાણવાનું સામર્થ્ય પણ એમાં ભેગું આવી ગયું, એમ કહે છે. સ્વ જ્યાં જાણવામાં આવ્યો, તેનો સ્વભાવ જ એવો સ્વપરપ્રકાશક છે, તેથી તે બધા લોકાલોકના દિશામંડળને ધવલ કરી નાખ્યું, ઉજ્જવળ કરી નાખ્યું. પોતે ઉજ્જવળ થયો એટલે લોકાલોકને જાણવામાં ઉજ્જવળ થયો. આહાહા..! **'અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે.'** સ્વાભાવિક અવસ્થા–દશા નિર્મળ, તેને જેણે પ્રગટ કરી છે. એવો એ આત્મા એ મોક્ષનું મૂળ પ્રગટ કરીને મુક્તિને પામે છે. આહાહા..! વચ્ચે દેવલોક ને ગતિ ને ફલાણું ને ઢીકણું કાંઈ ન મળે.

ધીરજનો ભંડાર, ધીરજથી કામ લેનારો, પોતા તરફના સ્વભાવની સન્મુખ થનારો, તેના પ્રકાશમાં સ્વ ને પર પ્રકાશ પૂર્ણ પ્રકાશે છે. આહાહા..! એવી સહજ અવસ્થાને પ્રાપ્ત કરી છે. સહજ સ્વભાવ છે. સ્વને જ્યાં પ્રાપ્ત કર્યો ત્યાં લોકાલોક જણાણા એ તો સહજ સ્વભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાનો છે. એ સહજ અવસ્થા થઈ છે એમાં જણાઈ ગયું છે. આહાહા..! લોકાલોકને જાણવું છે એમ નહિ. એ અવસ્થાનો સ્વભાવ જ એવો છે કે સ્વને જ્યાં જાણવામાં આવ્યો, ત્યાં પરનું જાણવાનું સહજ સ્વભાવમાં પ્રગટ થઈ ગયું છે. પોતાને કારણે એ પ્રગટ થઈ ગયું છે. એવો એનો સ્વભાવ છે. આહાહા..! મુનિ. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ, એના આ કળશો છે. એ અમૃતથી ભરેલા કળશ છે. આહાહા..! એક એક પદમાં ઘણું જ ભર્યું છે. ઘણી જ ગંભીરતા છે. ઊંડુ ઊંડુ રહસ્ય છે.

તારું ચૈતન્યતત્ત્વ જે પ્રભુ છે, પૂર્ણાનંદનો નાથ, એને મોહનો અભાવ કરીને જાણ્યો, એમાં બધું જણાઈ ગયું કહે છે. **'શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (–ઉજ્જવલિત) કર્યું છે...'** એટલે કે ચારે કોરની દિશાનું જ્ઞાન પોતામાં પોતાના કારણે થઈ ગયું છે. આહાહા..! એવો જ એનો સ્વભાવ છે. એ ૧૧૦ (ગાથા પૂરી) થઈ. ગાથા-૧૧૧. આ અધ્યાત્મ ભાષા છે ને. બધી અધ્યાત્મ ટીકા છે. એકદમ પરમ સત્. જેની પૂર્ણ સત્‌ની હયાતી (છે) એનો જ્યાં સ્વીકાર થયો, ત્યાં આગળ બધું લોકાલોક સહેજે જણાઈ ગયું છે. એને જાણવા (માટે) ઉપયોગ મૂકવો પડતો નથી કહે છે. એ તો આ જણાણું ત્યાં એ તો જણાઈ ગયું છે. આહાહા..! એવો ચૈતન્યનો સ્વપરપ્રકાશક સ્વભાવ, સહજ સ્વભાવ પોતાથી પોતામાં થયો છે. આહાહા..!

હવે આમાં ઓલા એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રેઇન્દ્રિયા કરીને સામાયિક કરીને બેસે. આ અમારી સામાયિક છે અને આ આઠમના પોષા કરીને બેસે. એ કહે, આ અમારો પોષો છે. ભાઈ! સામાયિક અને પોષા કોને કહેવા? સમતા એટલે આનંદનો લાભ થાય અને પોષણ નામ ચણો જેમ પોષાય, પાણીમાં જેમ પોઢો થાય, પણ એ તો પોલો પોઢો થાય. ચણો પાણીમાં પોઢો થાય પણ પોલો-પોલો પોઢો થાય. આહાહા..! આ તો ભરપૂર કસ લઈને ભગવાન પ્રગટ થાય. પૂર્ણ કસ લઈને પર્યાયમાં... આહાહા..! **'સહજ અવસ્થાને પ્રગટ કરી છે.'** એ તો સહજ દશા છે. જેવો સનાતન સહજ સ્વભાવ છે એવી જ સહજ દશા થઈ જાય છે. એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ.

## ગાથા–૧૧૧

**कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं।**
**मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं।।१११।।**

**कर्मणः आत्मानं भिन्नं भावयति विमलगुणनिलयम्।**
**मध्यस्थभावनायामविकृतिकरणमिति विज्ञेयम्।।१११।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इह हि शुद्धोपयोगिनो जीवस्य परिणतिविशेषः प्रोक्तः।

यः पापाटवीपावको द्रव्यभावनोकर्मभ्यः सकाशाद् भिन्नमात्मानं सहजगुण-[निलयं मध्यस्थभावनायां भावयति तस्याविकृतिकरण-] अभिधानपरमालोचनायाः स्वरूपमस्त्येवेति।

---

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

અન્વયાર્થ :– અન્વયાર્થ :– [ मध्यस्थभावनायाम् ] જે મધ્યસ્થભાવનામાં [ कर्मणः भिन्नम् ] કર્મથી ભિન્ન [ आत्मानं ] આત્માને– [ विमलगुणनिलयं ] કે જે વિમળ ગુણોનું રહેઠાણ છે તેને– [ भावयति ] ભાવે છે, [ अविकृतिकरणम् इति विज्ञेयम् ] તે જીવને અવિકૃતિકરણ જાણવું.

ટીકા :– અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.

પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન આત્માને–કે જે સહજ ગુણોનું નિધાન છે તેને–મધ્યસ્થભાવનામાં ભાવે છે, તેને અવિકૃતિકરણ-નામક પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.

---

## ગાથા–૧૧૦ ઉપર પ્રવચન

---

ગાથા–૧૧૧.

कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं।
मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं।।१११।।

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

**ટીકા :-** આહાહા..! **'અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિ વિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.'** આહાહા..! શુદ્ધોપયોગ, સામ્યભાવ, અવિકૃતભાવ, વીતરાગભાવ બધા એકાર્થ છે. શુદ્ધોપયોગ. દયા, દાનનો ઉપયોગ એ અશુદ્ધ ઉપયોગ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા... એ તો ૮૩ ગાથામાં કહ્યું છે ને? એ કાંઈ જૈનધર્મ નથી. વ્રત, પૂજા, ભક્તિ આદિ એ કાંઈ જૈનધર્મ નથી. 'અષ્ટપાહુડ'માં 'મોક્ષપાહુડ' (છે). આહાહા..! ૮૩ ગાથા. પૂજા, વ્રત, નિયમ, તપ, ભક્તિ, વયાવચ્ચ એ કોઈ જૈનધર્મ નથી. આહાહા..! એ તો પુણ્યભાવ છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો રાગભાવ છે. એ કાંઈ જૈનધર્મ નથી. જૈનધર્મ તો વીતરાગભાવ છે. આહાહા..! જે વ્યવહારથી પુણ્ય છે તેને ધર્મ માને છે એને કહે છે કે એ તો જૈનધર્મ જ નથી. અન્યધર્મને જૈનધર્મ તેં માન્યો છે, તું અન્ય ધર્મી છો. આહાહા..! વ્યવહારરત્નત્રયને પણ ધર્મ માનનાર જૈનધર્મી નથી, અન્ય ધર્મી છે. આહાહા..!

**'શુદ્ધોપયોગી જીવની પરિણતિ...'** ભાષા જુઓ! **'શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.'** આહાહા..! શુભ અને અશુભભાવ એ જૈનધર્મ નથી. તેથી સામ્યભાવ પણ નથી તેથી શુદ્ધોપયોગ પણ નથી. શુદ્ધોપયોગ અને સામ્યભાવ એ જીવનો વીતરાગી પરિણામ છે, એ જૈનધર્મ છે. જોયું? **'શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.' 'પાપરૂપી અટવીને બાળવા માટે...'** પાપ એટલે કે પુણ્ય અને પાપ બેય. **'પાપરૂપી અટવી...'** આહાહા..! પર્યાયમાં પાપરૂપી અટવી-મોટી પૃથ્વી. આહાહા..! એને **'બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન...'** આહાહા..! એ જડકર્મથી ભિન્ન, પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, એના ભાવથી પણ ભિન્ન અને નોકર્મ એટલે શરીર, વાણી અને મનથી પણ ભિન્ન, એવા આત્માને. આહાહા..! **'કે જે સહજ ગુણોનું નિધાન છે...'** એ આત્મા કેવો છે? સ્વાભાવિક ગુણોનું નિધાન-ભંડાર છે. આહાહા..! ગુણોનું ગોદામ છે, એકલા પવિત્ર ગુણનું ગોદામ છે, નિધાન છે. આહાહા..! એ નિધાનની નજરું કરી નથી. નજરું બધી પર્યાય અને રાગ ઉપર હોવાથી નિધાન નજરમાં આવ્યું નથી. પર્યાય અને પ્રશસ્ત ભલે રાગ હોય, એની રુચિ ને દૃષ્ટિને લઈને એ રાગ વિનાનું નિધાન નજરે આવ્યું નથી.

એવો જે જીવ **'પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન...'** આહાહા..! પાપમાં પુણ્ય અને પાપ બેય આવી ગયા, હોં! આહાહા..! પાપ એટલે એકલા અશુભભાવ નહિ. પુણ્યભાવ પણ પાપ છે. 'યોગીન્દ્રદેવ'ના દોહામાં આવે છે. 'પાપ ને પાપ તો સૌ કહે, પુણ્યને અનુભવીજન પાપ કહે.' 'યોગીન્દ્રદેવ'માં આવે છે. આહાહા..! આકરું કામ છે. આ તો ધીરજના ધીરાના કામ છે. 'ધીરજ ધરને અરે.. અધિરા...' આહાહા..! અંદર ધીરજનો ભંડાર ભગવાન છે ત્યાં તારે જાવું છે. ધીરજ કર... ધીરજ કર. ઉતાવળ આ કરું... આ કરું... આ કરું... આનું કરવું અને આ કરું, એ બધું છોડી દે. એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..!

એ તો પુણ્ય અને **'પાપરૂપી અટવી બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ...'** એવો જીવ. આહાહા..! **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન...'** જડકર્મ, ભાવ એટલે પુણ્ય-પાપના ભાવરૂપી કર્મ અને મન, વચન, કાયાદિ નોકર્મ. એનાથી **'ભિન્ન આત્માને...'** આહાહા..! 'નિયમસાર'નો એક એક શ્લોક પણ ગજબનો છે! 'શીતલપ્રસાદે' આનો અર્થ કરતાં લખ્યું છે, 'સમયસાર' કરતાં પણ કેટલીક નવીન વાત આમાં 'નિયમસાર'માં ઊંચી છે. કારણપરમાત્માની પ્રસિદ્ધિની વ્યાખ્યા અલૌકિક છે. ગાથા દીઠ કારણપરમાત્મા સનાતન સત્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ... આહાહા..! એની પ્રસિદ્ધિ કરવાને સમર્થ છે.

'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે, બસ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' જેવા ભગવાન પાસે ગયા હતા. એ કહે છે કે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. આહાહા..! મારો નાથ આત્મા, શુદ્ધ પૂર્ણ સનાતન સત્ય, તેની ભાવનામાં, ઘોલનમાં આ બનાવ્યું છે. આહાહા..! ભલે વિકલ્પ હતો પણ ઘોલન સ્વભાવ તરફ હતું. અહીં કહ્યું ને? શુદ્ધોપયોગી જીવની પરિણતિ વિશેષ. કહેવું છે એ એને વિકલ્પ છે. બોલવા ટાણે, લખવા ટાણે વિકલ્પ છે. પણ એની ગૌણતા ગણીને... આહાહા..! શુદ્ધોપયોગની પ્રધાનતા ગણીને તેનું આ પરિણમનનું કથન કર્યું છે. એ જીવ કેવો છે?

**'પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન...'** એ દ્રવ્યકર્મ, ભાવકર્મ એટલે પુણ્ય અને પાપ બેય, પાપરૂપી અટવી હતી ને પહેલો શબ્દ? એટલે એનો ખુલાસો અહીં કરી નાખ્યો. ભાવકર્મ. ભાવકર્મમાં પુણ્ય અને પાપ બેય આવી ગયા. આહાહા..! બેય પાપ છે. 'સમયસાર'ની ટીકાના છેલ્લા અધિકારમાં 'અમૃતચંદ્રાચાર્યે' ખુલાસો કર્યો છે. ભાઈ! આ અધિકાર તો પાપનો ચાલે છે એમાં તમે આ પુણ્યનો અધિકાર શું લીધો? એ પુણ્ય એ પાપ છે માટે અધિકાર લીધો. તું સાંભળ. 'સમયસાર'ની ટીકા પુણ્ય-પાપ (અધિકારનો) છેલ્લો શ્લોક. પવિત્રતાનો પિંડ પ્રભુ ત્યાંથી પુણ્ય પતીત કરે છે. આહાહા..! પવિત્રતાનો પિંડ પ્રભુ! એમાં પુણ્ય પરિણામ (થાય) તે તેનાથી પતીત કરે છે. આહાહા..! હવે એને કહેવું કે પુણ્યભાવથી ધર્મ થાય, શુભભાવ કરતાં કરતાં આગળ વધાય... આહાહા..! અહીં તો કહ્યું કે એ પુણ્યભાવ... અધિકાર પાપનો ચાલે છે એમાં આ ભલે કહ્યું કે વ્યવહારે પવિત્ર છે. સંસ્કૃત ટીકામાં એમ લીધું છે, પણ નિશ્ચયથી તો પવિત્રતાથી પતીત કરે છે. પવિત્રતાનો પિંડ પ્રભુ એનાથી પતીત પુણ્યભાવ કરે છે. માટે તે પણ પાપ છે. આહાહા..!

એ અહીંયાં કહે છે. **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન આત્માને–કે જે સહજ ગુણોનું નિધાન છે તેને...'** જે ધ્યાવે છે. આહાહા..! જેમ બાળક એની માતાના દૂધને ધાવે છે, પીવે છે. એમ જે આત્માને ધ્યાવે છે. આહાહા..! **'તેને અવિકૃતિકરણ-નામક પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.'** શું કીધું? જે આવા સહજ ગુણોનું નિધાન, તેવા ભગવાનઆત્માને જે ધ્યાવે છે એટલે ધ્યાનમાં ધ્યેય બનાવીને ધ્યાવે છે, ચૂસે છે. આહાહા..! આનંદનો રસ ચૂસે છે. તેને સહજગુણ નામક પરમ આલોચના, સ્વભાવિકગુણ નામક પરમ આલોચનાનું સ્વરૂપ વર્તે છે. આહાહા..! તેને સ્વાભાવિકગુણ નામક પરમઆલોચના. આ વિકલ્પ નહિ. આહાહા..! એ નિર્મળ પર્યાય, શુદ્ધોપયોગ તેને અહીં સદ્ગુણનામક પરમ આલોચનાનું સ્વરૂપ વર્તે છે એમ કહ્યું. શુદ્ધોપયોગને. શુભને નહિ. **'પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.'** વગેરે ટીકા કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[હવે ૧૧૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ નવ શ્લોક કહે છે :]

## શ્લોક–૧૬૨

(मंदाक्रांता)

आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-
रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं
नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः।।१६२।।

[શ્લોકાર્થ :–] આત્મા નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે, અંતરંગમાં શુદ્ધ છે અને શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે (અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ કરે છે તેમ આત્મા શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી ગુણોમાં રમે છે). સદા આનંદાદિ અનુપમ ગુણવાળો અને ચૈતન્યચમત્કારની મૂર્તિ એવો તે આત્મા મોહના અભાવને લીધે સમસ્ત પરને (–સમસ્ત પરદ્રવ્યભાવોને) ગ્રહતો નથી જ. ૧૬૨.

**પ્રવચન નં. ૧૨૫, શ્લોક-૧૬૨-૧૬૪, મંગળવાર, મહા વદ ૫, તા.૦૫-૦૨-૧૯૮૦**

‘નિયમસાર’ ૧૬૨મો કળશ. ૧૧૧ ગાથાના ૯ કળશ છે. ગાથા ૧ અને કળશ ૯. ૧૬૨.

आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-
रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं
नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः।।१६२।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **‘આત્મા નિરંતર...’** પહેલું કરવાનું હોય તો આ છે. આત્મા સર્વજ્ઞનો નિર્ણય કરો કે સર્વજ્ઞસ્વભાવી નિર્ણય કરો. સર્વજ્ઞ પ્રગટ થઈ ગયેલા, એનો નિર્ણય કરો. એમ કહ્યું ને? **‘जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं’** એ અરિહંતના પર્યાયનો નિર્ણય કરો કે આ સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા એનો અનુભવ, નિર્ણય કરો, એ બધી એક વાત છે. સર્વજ્ઞના નિર્ણય વિના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય ન થાય અને સર્વજ્ઞસ્વભાવના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્ણય વિના સર્વજ્ઞ અરિહંત એનો નિર્ણય ન થાય, અને એનો પણ ક્રમબદ્ધ વિના નિર્ણય ન થાય. આહાહા..! કેમકે ક્રમબદ્ધ એ સર્વજ્ઞસ્વભાવના નિર્ણયમાં ક્રમબદ્ધ આવે છે. સર્વજ્ઞસ્વભાવનો જ્યાં નિર્ણય કરે છે ત્યાં એને ક્રમબદ્ધ નિર્ણયમાં આવી જાય છે, કે જે સમયે જે પર્યાય થવાની તે થાય, કરું તો થાય એમ ત્યાં રહેતું નથી.

એથી કહે છે કે **'આત્મા નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે,...'** આહાહા..! નિરંતર ભિન્ન છે. વસ્તુ જે છે એ તો નિરંતર સર્વ આવરણરહિત અને નોકર્મ તો બાહ્ય રહી ગયા. એનાથી રહિત છે. આહાહા..! કરવાનું હોય તો પહેલું આ છે. એમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય આવી જાય છે, એમાં સર્વજ્ઞનો નિર્ણય આવી જાય છે. એમાં સર્વજ્ઞસ્વભાવી આત્મા, એનો નિર્ણય કરતાં આ નિર્ણય બધા આવી જાય છે. આહાહા..!

**'નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે, અંતરંગમાં શુદ્ધ છે...'** અંતર એનું શુદ્ધ છે. તદ્દન પવિત્રથી ભરેલો (છે). એની સત્તા, હોવાપણું, પવિત્રતાના ભાવથી ભરેલ હોવાપણું છે. પવિત્રતાના ભાવથી ભરેલું હોવાપણું છે. આહાહા..! **'શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે (અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ કરે છે...'** હંસ-હંસ. **'તેમ આત્મા શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી ગુણોમાં રમે છે).'** રમે છે એટલે એમાં છે. આહાહા..! શાંતભાવ એટલે અકષાયભાવ એટલે ચારિત્રભાવ. ચારિત્ર એટલે ત્રિકાળી ચારિત્રભાવ, હોં! એ ભાવમાં **'અને જિતેંદ્રિયતારૂપી ગુણોમાં રમે છે.'** એ ભાવમાં જ એ પડેલો છે. આહાહા..! **'સદા આનંદાદિ અનુપમ ગુણવાળો...'** નિરંતર અતીન્દ્રિય આનંદ આદિ, જેની ઉપમા ન મળે એવો અનુપમ ગુણવાળો **'ચૈતન્યચમત્કારની મૂર્તિ એવો...'** આહાહા..! એવો આત્મા છે કહે છે. એનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. એ સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞનો સ્વભાવ છે એનો નિર્ણય કરતાં સર્વજ્ઞ પરમાત્મા, એના કહેલા શાસ્ત્રો અને એમના માનેલા મુનિઓ, એ આ પરમ આનંદાદિ અનુપમ ગુણવાળાનો નિર્ણય થતાં એ બધો નિર્ણય સાચો થઈ જાય છે.

**'સદા આનંદાદિ...'** અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા આદિ **'અનુપમ...'** જેને કોઈ ઉપમા આપી શકાય નહિ એવો એ ગુણવાળો છે. આહાહા..! આમાં વ્યવહાર અને નિમિત્ત તો ક્યાંય ઊડી ગયા. આવો છે એવો નિર્ણય કરે ત્યાં વ્યવહાર અને નિમિત્ત ઉપરથી લક્ષ ઊડી જાય છે. આહાહા..! જેનાથી લક્ષ ઊડે છે એનાથી થાય એ વાત બને નહિ. આહાહા..! વ્યવહાર અને નિમિત્તથી અંદર આત્માને કંઈપણ લાભ થાય એમ છે જ નહિ, એમ કહે છે.

એ તો સદાય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, પ્રભુતા અનંતગુણના ચિત્ચમત્કારિક સ્વભાવથી (ભરેલા) **'ગુણવાળો અને ચૈતન્યચમત્કારની મૂર્તિ...'** (છે). આહાહા..! રાગ વિનાનો (તો છે) પણ એક સમયની પર્યાય વિનાનો ચૈતન્યચમત્કારની મૂર્તિ (છે). એવી તાકાત છે એની કે એના ઉપર નજર પડતા પર્યાયમાં એવી જાણવાની શક્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટ થાય કે જેને પરની અપેક્ષા નથી એવું એમાં સ્વ-પર જાણવાનું પ્રગટ થાય. એવો ચૈતન્યચમત્કાર એમાં છે. સમય એક અને જાણવામાં લોકાલોક આવે. એવો એ ચમત્કારી ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. આહાહા..!

**'એવો તે આત્મા મોહના અભાવને લીધે...'** આટલી અપેક્ષા સમજાવી વળી. નહિતર તો આત્મામાં અભાવ નામનો ગુણ છે એથી પોતે અભાવગુણને લઈને પરિણમે છે, પણ આ નિમિત્તથી કથન કર્યું છે (કે) મોહના અભાવને લીધે. ખરેખર તો એનામાં અભાવ નામનો એક ગુણ છે. અનાદિઅનંત ભાવ, અભાવ એવો એનામાં ગુણ છે. એને લઈને પરથી અભાવસ્વરૂપ **'સમસ્ત પરને (–સમસ્ત પરદ્રવ્યભાવોને) ગ્રહતો નથી જ.'** આહાહા..! પરપદાર્થના ભાવ એવો જે મોહ એના અભાવને લઈને **'(સમસ્ત પરદ્રવ્યભાવોને) ગ્રહતો નથી જ.'** એ રાગને પણ દ્રવ્ય ગ્રહતું નથી. પુણ્યના પરિણામ અને તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ ભાવને પણ દ્રવ્ય ગ્રહતું નથી. આહાહા..! એવો એ ભગવાનઆત્મા (વિદ્યમાન છે).

૧૧૧મી ગાથાનો આ કળશ છે. મૂળમાં મોહભાવ ભિન્ન છે ને? એનો વિસ્તાર કર્યો છે. પાઠ છે ને મૂળ? **'कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं'** આહાહા..! આવો આત્મા અંતર દૃષ્ટિમાં ન આવે અને એની મહિમા આટલી મોટી છે, એનું મહાત્મ્ય આવડું છે એવું દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પર તરફનો મોહ ઊડે નહિ, પર તરફની સાવધાની ટળે નહિ. સ્વ તરફની સાવધાનીની ઉગ્રતામાં પર તરફની સાવધાની રહે નહિ. આહાહા..! આવી ઝીણી વાત છે.

**'સમસ્ત પરને ગ્રહતો નથી જ.'** પરને ગ્રહતો નથી જ પાછું એમ. એકાંત છે. દ્રવ્યસ્વભાવ ચૈતન્યચમત્કાર! આહાહા..! એ **'શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે...'** એ તો પોતાના ગુણમાં જ રમે છે. એટલે કે ગુણમાં જ છે. એમ. બહાર નીકળતો જ નથી. આહાહા..! એક સમયની પર્યાયમાં જણાય છે પણ એ પર્યાયમાં આવતો નથી. એવો જે રાજહંસ જેમ કમળમાં રમે પણ એ કમળ અને રાજહંસ બે જુદા, એ તો દૃષ્ટાંત છે. અહીંયાં તો કહે છે પોતાના ગુણમાં જ એ ટકી રહ્યો છે એમ કહે છે. રમે છે એટલે પોતાના ગુણમાં જ અનંત ચિત્ચમત્કાર આદિ ગુણોમાં જ રહેલો છે. એમાંથી એક સમય પણ ખસ્યો નથી. આહાહા..! આવા આત્માની અંદરની દૃષ્ટિ કરવી એ મોક્ષનો માર્ગ છે. કેમકે મુક્તસ્વરૂપ છે. અનંત ગુણ સંપન્ન મુક્તસ્વરૂપ છે. તેની અંદરમાં દૃષ્ટિ કરી, મુક્તમાર્ગનો ભાવ પ્રગટ થાય છે. મુક્તિમાર્ગનો ભાવ ત્યાં પ્રગટ થાય છે. બંધના કારણે અને બંધની અપેક્ષા રાખીને, નિમિત્તની અપેક્ષા રાખીને મુક્ત સ્વરૂપનો મોક્ષનો માર્ગ પ્રગટ થતો નથી. આહાહા..! આવી વાતું હવે.

માણસ (એમ) જાણે કે અમે સાધારણ છીએ. સાધારણ નથી, પ્રભુ! તું ભગવંત છો. એમ અહીં કહે છે. અનંત ગુણ સંપન્ન પ્રભુ છો. વિકાર તો નથી, કર્મ તો નથી, અલ્પતા નથી. આહાહા..! એવા પૂર્ણ ગુણથી ભરેલો ભગવાન, તેની દૃષ્ટિ કરવી એ આલોચન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આલોચન અધિકાર ચાલે છે ને? એને જેણે જોયો એણે આલોચન કર્યું. આહાહા..! બાકી પોતાના પાપ અને પુણ્યના ભાવો જોવા કે ગુરુ પાસે કહેવા કે મને આટલું થયું. એ વસ્તુ નથી. ગુરુ પોતે જ છે. અનંત ગુણનો દરિયો ગુરુ પોતે છે. એમાં એ રમતો એટલે રહેતો પોતે જ ત્રિકાળ છે. આહાહા..!

એને **'મોહના અભાવને લીધે સમસ્ત પરને (–સમસ્ત પરદ્રવ્યભાવોને) ગ્રહતો નથી જ.'** રાગના અંશને દ્રવ્યસ્વભાવ ગ્રહતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવને પણ રાજહંસ આત્મા અડતો નથી, ગ્રહતો નથી. આહાહા..! એવો એ આત્મા, એનું આલોચન એટલે એને જોવું, એને માનવું અને એને અનુભવવું એ મુક્તિનો માર્ગ છે. આહાહા..! ૧૬૨ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક–૧૬૩

(मंदाक्रांता)

**अक्षय्यान्तर्गुणमणिगण: शुद्धभावामृताम्भो-**
**राशौ नित्यं विशदविशदे क्षालितांह:कलंक:।**
**शुद्धात्मा य: प्रहतकरणग्रामकोलाहलात्मा**
**ज्ञानज्योति:प्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति ।।१६३।।**

**[શ્લોકાર્થ :–] જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદા વિશદ-વિશદ (અત્યંત નિર્મળ) શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં પાપકલંકને ધોઈ નાખ્યાં છે અને જેણે ઇન્દ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે, તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને અત્યંત પ્રકાશે છે. ૧૬૩.**

## શ્લોક–૧૬૩ ઉપર પ્રવચન

૧૬૩મો કળશ.

**अक्षय्यान्तर्गुणमणिगण: शुद्धभावामृताम्भो-**
**राशौ नित्यं विशदविशदे क्षालितांह:कलंक:।**
**शुद्धात्मा य: प्रहतकरणग्रामकोलाहलात्मा**
**ज्ञानज्योति:प्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति ।।१६३।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :-** આહાહા..! **'જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે,...'** શું કહે છે? અક્ષય-જેનો કદી ક્ષય ન થાય એવા **'અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે,...'** જેમાં કદી હિણપ ન આવે. આહાહા..! અક્ષય-ક્ષય ન થાય. અંશે પણ અંદર હિણપ ન આવે એવા અંતરંગ ગુણમણિનો ઢગલો છે. અંતરંગ ગુણમણિ. અંતરગ ગુણમણિઓનો સમૂહ છે. આહાહા..! અરે..! આવો આત્મા, એને હાલતો, ચાલતો કહેવો..! ત્રસ હોય એ હાલે-ચાલે, સ્થાવર એ સ્થિર. એની વ્યાખ્યા.

મુમુક્ષુ :- વ્યાખ્યા જ ખોટી છે.

ઉત્તર :- એ વ્યાખ્યા જ ખોટી છે. આહાહા..! ભગવાન હાલે નહિ, ચાલે નહિ અને બોલે નહિ. સ્થિર રહે નહિ કે ચાલતો હતો માટે ઇ સ્થિર રહે. સ્થિર તો અંદર ગુણમાં સ્થિર છે. આહાહા..! ત્રિકાળ અનંતગુણમાં સ્થિર ચૈતન્યચમત્કાર મૂર્તિ પ્રભુ! આહાહા..! ગુણમણિઓનો (સમૂહ). ગુણરૂપી મણી... આહાહા..! એક-બે મણિ નહિ અનંત ગુણરૂપી મણિઓનો. બહુવચન કર્યું છે ને? ગુણમણિ નહિ. ગુણમણિઓનો. અનંતગુણ રતનરૂપી મણિ. આહાહા..! **'અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે,...'** અંતરંગ ગુણરતનમયનો તો ઢગલો છે, સમૂહ છે. આહાહા..! આવા આત્મા પાસે પરની દયા પાળવાની અને વ્રત કરવાનું કહેવું... આહાહા..! એ ચક્રવર્તીને રાજ મળ્યું અને સાવરણીથી ચક્રવર્તીએ મહેલને સાફ કરવો (કહેવું) એવી વાત છે. આહાહા..!

એવો જે રતનનો મણિ ભગવાન **'જેણે વિશદ-વિશદ (અત્યંત નિર્મળ) શુદ્ધભાવરૂપી)...'** ત્રિકાળ શુદ્ધ નિર્મળ **'શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં પાપકલંકને ધોઈ નાખ્યાં છે...'** એટલે કે એને અમૃતના સમુદ્રમાં પાપકલંક છે નહિ. શબ્દ એ તો આમ વાપર્યો છે. **'ધોઈ નાખ્યાં છે...'** એ શબ્દ વાપર્યો છે. પણ હોય તો ધોવે ને? સમજાણું કાંઈ? એ તો એક શબ્દની શૈલી વાપરી છે. બાકી કહે છે કે **'અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદા વિશદ-વિશદ (અત્યંત નિર્મળ) શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં..'** પડેલો જ છે. અમૃતસમુદ્ર જ છે. એને પાપ ધોવું એ પણ એનામાં નથી. આહાહા..! પુણ્યને કરવું એ તો નથી પણ પુણ્યને ધોવું એ સ્વરૂપમાં નથી. આહાહા..! એ કહે છે.

**'શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં પાપકલંકને ધોઈ નાખ્યાં...'** એટલે કે એને પુણ્ય-પાપ છે જ નહિ. એમ. ધોઈ નાખ્યાનો અર્થ એ. જે ભગવાનઆત્મા અમૃતસાગરના મણિરત્નથી ભરેલો, એમાં પુણ્ય અને પાપ છે જ નહિ. આહાહા..! છે નહિ પછી એને ધોઈ નાખવો એ તો એક સમજાવવું છે. આહાહા..! **'અને જેણે ઇન્દ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે,...'** આહાહા..! અતીન્દ્રિય શુદ્ધ ભાવના આનંદના અનુભવમાં ઇન્દ્રિયના સમૂહના કોલાહલ, પાંચ ઇન્દ્રિયનો કોલાહલ, ઇન્દ્રિયોમાં વિકલ્પ ઉઠે, આ ઠીક છે, આ ઠીક નથી. આ વિષય ઇન્દ્રિયને ઠીક પડે છે અને આ વિષય ઠીક પડતો નથી. એ બધો કોલાહલ (છે). આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને હણી નાખ્યો છે. એટલે કે એ કોલાહલ એનામાં છે નહિ. આહાહા..! હોય તો હણી નાખે ને? આહાહા..! એ છે નહિ એને સમજાવવાની શૈલીએ વાત કહી છે. આહાહા..!

'સમયસાર'માં ૩૪મી ગાથામાં આવ્યું છે ને? આત્મા રાગનો નાશ કરે છે એ નામ કથન છે. એ કથનમાત્ર ભાષા છે. પરમાર્થે તે રાગનો નાશ કરે એવું છે જ નહિ. હોય તો નાશ કરે ને? સ્વરૂપમાં નથી તો નાશ ક્યાંથી કરે? આહાહા..! એ રાગને નાશ કરવો એમ કહેવું એ નામમાત્ર કથન છે. આહાહા..! આવું ઝીણું પડે, ભાઈ! વસ્તુ છે તે વસ્તુ જ છે. એમાં હણવું કે થવું બેય નથી. વિકાર થવો કે વિકાર હણવો, એ બધી પર્યાયની વાતું એ અંદરમાં છે જ નહિ, વસ્તુમાં છે જ નહિ. એ પર્યાયની વાતું નિમિત્તથી છે. પર્યાયમાં હણાવું એમ કહેવું એ પણ નિમિત્તનું કથન છે. આહાહા..! પરમાર્થે એ પર્યાયમાં આવ્યો નથી.

એ તો આનંદનું ધામ, સત્તાનો આલય, પૂર્ણ ગુણની સત્તાનું ધામ, સ્વયં જ્યોતિ સુખધામ. 'શ્રીમદ્'માં આવે છે ને? સ્વયં જ્યોતિ. આનંદનું ધામ. જેના ક્ષેત્રમાંથી અતીન્દ્રિય આનંદ પાકે એવું એ ક્ષેત્ર છે. ઇન્દ્રિયનો વિષય–ઝેર પાકે એવું એ ક્ષેત્ર છે જ નહિ. આહાહા..! ઇન્દ્રિયના વિષયોને હણી નાખ્યા છે, કોલાહલને હણી નાખ્યા છે. એટલે કે કોલાહલ એમાં છે નહિ. હણી નાખ્યો છે એ પર્યાયની વ્યાખ્યા છે. વસ્તુમાં હણી નાખ્યો કે છે એ વસ્તુ કાંઈ છે નહિ. આહાહા..! એવા આત્માની વાત છે. આવો આત્મા નજરમાં, દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે, આવો આત્મા જ્ઞાનમાં જ્ઞેય તરીકે ન આવે ત્યાં સુધી બધું નિરર્થક ફોગટ છે. આહાહા..! હવે આમાં વ્યવહારથી અને નિમિત્તથી થાય એમ છે નહિ. વ્યવહાર જ એમાં છે નહિ, નિમિત્ત પણ એમાં નથી. છે નહિ પછી એને હણવું કે એનાથી થવું એ પ્રશ્ન ક્યાં છે? આહાહા..!

**'ઇન્દ્રિયના સમૂહ...'** સમૂહ એટલે પાંચ ઇન્દ્રિય. પાંચ ઇન્દ્રિયના સમૂહને... કોલાહલ. એ તો કોલાહલ છે. પાંચ ઇન્દ્રિયમાં શાંતસ્વરૂપ પ્રભુ, નિર્વિકારી શાંત આનંદસ્વરૂપ, એ પાંચ ઇન્દ્રિયના વિકલ્પો તો કોલાહલ છે. એ કોલાહલ તો જેણે હણી નાખ્યો છે. એટલે કે જેમાં કોલાહલ છે જ નહિ. આહાહા..! જેનો આશ્રય લીધો ત્યાં ઇન્દ્રિયના કોલાહલ છે જ નહિ. ભગવાનનો આશ્રય લીધો ત્યાં ઇન્દ્રિયના સમૂહનો કોલાહલ છે જ નહિ. આહાહા..!

ભગવાન એટલે આત્મા. **'તે શુદ્ધ આત્મા...'** જુઓને! **'તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને...'** એ પર્યાયથી વાત કરી છે. તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે, પર્યાય વડે **'અંધકારદશાનો નાશ કરી...'** જ્ઞાનની ઉત્પત્તિ કરી, અજ્ઞાનનો વ્યય કરી **'અત્યંત પ્રકાશે છે.'** આહાહા..! ખરેખર શુદ્ધ આત્મા જાણવામાં આવ્યો એથી એને એમ કીધું છે. શુદ્ધાત્મા તો શુદ્ધ જ છે પણ જાણવામાં આવ્યો એથી જ્ઞાનજ્યોતિ વડે અંધકારનો નાશ કર્યો. પ્રકાશ કર્યો અને અંધકારનો વ્યય કર્યો. ધ્રુવનો આશ્રય કર્યો. આહાહા..! ધ્રુવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્યનો આશ્રય કર્યો તો જ્ઞાનજ્યોતિ પ્રગટી એ ઉત્પાદ થયો. અંધકારનો વ્યય થયો. ધ્રુવ તરીકે આશ્રય રહ્યો. આહાહા..!

અનંત પ્રકાશે છે. અનંત **'અત્યંત પ્રકાશે છે.'** **'નાશ કરીને અત્યંત પ્રકાશે છે.'** પર્યાયમાં હવે પ્રકાશે છે, કહે છે. વસ્તુ તો પ્રકાશસ્વરૂપ જ છે પણ એનો જ્યાં આશ્રય કર્યો, ત્યાં પર્યાય પ્રકાશમય પ્રગટી અને અંધકારવ્યયનો નાશ કર્યો. આહાહા..! જે એમાં નથી તેનો નાશ કર્યો એ પર્યાય અપેક્ષાએ કથન છે. દ્રવ્ય વિકારને નાશ કરે છે એ પણ અપેક્ષિત કથન છે. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– પર્યાયનો પ્રકાશ અને ઇન્દ્રિય...

ઉત્તર :– પ્રકાશ પર્યાયમાં છે. એ અપેક્ષિત પર્યાય થઈ. ઉત્પાદ અને વ્યયની અપેક્ષા થઈ ગઈ. ધ્રુવને એની અપેક્ષા છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ગુણશક્તિ અંદર ભરપૂર છે.

ઉત્તર :– ભરપૂર જ છે, ભરેલો જ છે. આહાહા..! એ તો જેને અંદર આશ્રય સ્વીકાર જ્યાં થાય છે ત્યાં પર્યાયમાં ઉછળે છે. છે તે પર્યાયમાં ઉછળે છે. પર્યાયદૃષ્ટિએ, હોં! દ્રવ્યદૃષ્ટિએ તો દ્રવ્ય છે ઇ છે. પણ એની દૃષ્ટિ કરી છે એ પર્યાય છે. પર્યાયદૃષ્ટિએ પ્રકાશ પ્રગટ થાય છે. અંધકારનો નાશ થાય છે. આહાહા..! આવો ભગવાન અનાદિથી અજ્ઞાનમાં રહ્યો એ જ વિસ્મય અને આશ્ચર્યકારી છે. એ જ વિસ્મય અને આશ્ચર્ય છે. આવી ચીજ... આહાહા..! સમજાણું? આવી મહાપ્રભુની ચીજ અનંત ગુણમણિરતનની ખાણ, એ અંધકારમાં અજ્ઞાનમાં રહ્યો, રાગમાં રહ્યો એ જ કોઈ વિસ્મય આશ્ચર્ય છે. આહાહા..!

તેથી કહે છે, **'શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે...'** પર્યાય વડે **'અંધકારદશાનો નાશ કરી...'** પર્યાયથી **'અત્યંત પ્રકાશે છે.'** અત્યંત પ્રકાશે છે, જેને પ્રકાશમાં કોઈની અપેક્ષા નથી. 'પ્રવચનસાર'ની ૧૦૧મી ગાથામાં ત્યાં સુધી કહ્યું. 'પ્રવચનસાર'. ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી. આહાહા..! અનંતઆનંદના ઉત્પાદને વિકારના વ્યયની અપેક્ષા નથી. વિકારના વ્યયને અનંતઆનંદના ઉત્પાદની અપેક્ષા નથી. અનંતઆનંદનો ઉત્પાદ, એને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! 'પ્રવચનસાર'ની ૧૦૧મી ગાથા. ૧૦૨ ગાથામાં જન્મક્ષણ કીધું. જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે સમયે થવાની. એની ઉત્પત્તિનો એક ક્ષણ-કાળ છે. આડીઅવળી ફેરફાર, નંબરવાર જ્યાં પર્યાય થાય છે ત્યાં આડોઅવળો ફેરફાર છે નહિ. આહાહા..! એ પર્યાયનયનું કથન છે. ધ્રુવમાં તો એ છે જ નહિ. ઉત્પન્ન થવું અને વ્યય થવો એ ધ્રુવમાં તો છે જ નહિ. જેમાં નથી એની દૃષ્ટિ થતાં અનંતઆનંદનો પ્રકાશ પ્રગટ થાય છે અને અંધકારનો ત્યાં નાશ થાય છે. એ પર્યાયની (અપેક્ષાએ કથન છે). આહાહા..! આવી વાત. સાધારણ સમુદાયમાં આવી વાત મૂકે એટલે લોકોને એમ થાય કે આ તો બહુ ઊંચી વાત છે. ઊંચી નથી જે છે એ આ જ છે. ધર્મને નામે જે છે એ આ છે. પછી ઊંચી કહીને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને હલકી ઠરાવીને હેઠલી કોઈ બીજી ચીજથી થાય અને આ તો બધું ઊંચું છે, એમ કરીને એની હલકાય કરી નાખવી, એમ નથી. આહાહા..!

પહેલે નંબરે વસ્તુ પરિપૂર્ણ અનુપમ દૃષ્ટિમાં જ્યાં જ્ઞાનમાં જ્ઞેય તરીકે પ્રતિભાસ થયો, જ્ઞેયમાં વસ્તુ ન આવી–પર્યાયમાં વસ્તુ ન આવી પણ પર્યાયમાં એ વસ્તુનું જેટલું સામર્થ્ય અને સ્વરૂપ છે, તેટલું પર્યાયમાં જ્ઞાન આવ્યું અને એટલી શ્રદ્ધા પણ આવી. છતાં એ શ્રદ્ધામાં એ વસ્તુ આવી નહિ. કેમકે શ્રદ્ધા અને જ્ઞાન એ પર્યાય છે. પર્યાયમાં દ્રવ્ય આવે નહિ, પણ પર્યાયમાં દ્રવ્યનું જેવું યથાર્થ સ્વરૂપ છે તેવું તેને જ્ઞાન અને શ્રદ્ધામાં આવી જાય છે. આહાહા..! તેથી અત્યંત પ્રકાશે છે એમ કહ્યું. અધંકારનો નાશ કરીને અત્યંત પ્રકાશે છે. આહાહા..!

ધ્રુવનો આશ્રય કરતાં પર્યાયમાં ચૈતન્ય પ્રકાશે છે અને પર્યાયમાં અંધકારનો વ્યય થાય છે એમ બતાવવું છે. આહાહા..! કરવાનું આ છે. એની ખબરું ન મળે અને જિંદગી ચાલી જાય છે. દેહ છૂટી જશે અને આત્મા તો નિત્ય છે, અનાદિઅનંત છે, ક્યાંક જવાનો છે. દેહ છૂટે ક્યાં જશે? અહીં જે ભાવના ઠેકાણા નથી કર્યા, જે ચીજ છે તેનો આદર નથી, તે ચીજની કિંમત કરી નથી, કિંમતી ચીજની કિંમત કરી નથી, નથી કિંમતી તેની કિંમત કરી છે એ તો ક્યાંક રખડવામાં જાશે. આહાહા..! દેહને છૂટવાનો કાળ તો અલ્પકાળ છે. ૫૦ વર્ષ ગયા એને ૫૦ વર્ષ થવાના નથી કાંઈ. આહાહા..! પછી રહેવાનો તો અનંતકાળ રહે છે. પણ જેણે આ પોતાની નિત્ય ચીજની મહિમા, કિંમત અને મહાત્મ્ય જાણ્યા નથી એને પર તરફની મહિમા અને મહાત્મ્ય છૂટતા નથી. અને પર તરફની મહિમા અને મહાત્મ્ય છૂટતું નથી તેથી પરસંયોગ તેને છૂટતો નથી. પર સંયોગમાં જ એના અવતાર ધારણ કરે છે. આહાહા..! ૧૬૩ શ્લોક (પૂરો) થયો.

## શ્લોક–૧૬૪

(वसंततिलका)

संसारघोरसहजादिभिरेव रौद्रै-<br>
र्दु:खादिभिः प्रतिदिनं परितप्यमाने।<br>
लोके शमामृतमयीमिह तां हिमानीं<br>
यायादयं मुनिपतिः समताप्रसादात्।।१६४।।

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] સંસારનાં ઘોર, *સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા આ લોકમાં આ મુનિવર સમતાના પ્રસાદથી શમામૃતમય જે હિમ-રાશિ (બરફનો ઢગલો) તેને પામે છે. ૧૬૪.**

## શ્લોક–૧૬૪ ઉપર પ્રવચન

૧૬૪-શ્લોક.

**संसारघोरसहजादिभिरेव रौद्रै-**
**र्दु:खादिभिः प्रतिदिनं परितप्यमाने।**
**लोके शमामृतमयीमिह तां हिमानीं**
**यायादयं मुनिपतिः समताप्रसादात्।।१६४।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'સંસારના ઘોર, સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન...'** શું કહે છે? પર્યાયમાં જે સંસરણ દશા, વિકારી દશા, મિથ્યાત્વ દશા એ સહજથી જન્મેલ સ્વભાવિક છે. જેમ વસ્તુ સ્વભાવિક છે એમ ઘોર સંસારની ઉત્પત્તિ પણ સ્વભાવિક અનાદિથી છે. આહાહા..! સમજાય છે? આહાહા..! તેથી સહજ શબ્દ વાપર્યો છે. જેમ સહજ ભગવાન પરની અપેક્ષા વિના સહજસ્વરૂપ જ છે. એમ એની પર્યાયમાં પણ સહજ સ્વભાવિક નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ, એ તો સંસારમાં સ્વભાવિક જ છે. આહાહા..! જ્યાં હોય ત્યાં વિકલ્પની કોલાહલ. સંકલ્પ અને વિકલ્પની કોલાહલની જાળ સંસારમાં વળગી છે. આહાહા..!

**'સહજ ઇત્યાદિ રૌદ્ર...'** આહાહા..! પર્યાયમાં અનાદિથી સ્વભાવિક દુઃખ છે કહે છે. સ્વભાવિક કીધું ને સહજ? આહાહા..! એ પણ સ્વભાવિક-સહજ દુઃખ છે. આહાહા..! **'ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન...'** **'નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વભાવિક જ છે.'** શું કહે છે? પરમાનંદનો નાથ ભગવાન જેમ સહજ સ્વરૂપે બિરાજે છે, તેમ અનાદિથી તેની પર્યાયમાં સંકલ્પ-વિકલ્પની દુઃખની દશા સહજ સ્વભાવિક અનાદિથી છે. આહાહા..! કર્મથી છે એમ નહિ. તેથી સહજ રૌદ્ર (કહ્યું). આહાહા..! પૈસા મળ્યા, પૈસા વાપર્યા, બાયડી મળી, છોકરા થયા, ઘર બનાવ્યા, મકાન થયા, વાસ્તુ કરે, કાર્યકર્તાઓને જમાડ્યા એ એકલી સહજ દુઃખદશા છે.

સહજ–**'નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વભાવિક જ છે.'** આહાહા..!

---

*** સહજ = સાથે જન્મેલ અર્થાત્ સ્વાભાવિક. [ નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વાભાવિક જ છે. અર્થાત્ સંસાર સ્વભાવથી જ દુઃખમય છે. તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારાં ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે. ]**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સંયોગને લઈને (દુઃખદશા) નથી. એમાં વિકલ્પની જાળ જ એકલી ઊભી કરી. આ કર્યું, આ મૂક્યું, આ લીધું, આનું કર્યું, આનું કર્યું, આ કર્યું. આહાહા..! એવી **'સહજ રૌદ્ર દુઃખાદિકથી...'** રૌદ્ર. આહાહા..! **'તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારાં ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે.'** સ્વભાવિક સંકલ્પ-વિકલ્પ તો છે પણ અશાતાના ઉદયથી પણ એને પ્રતિકૂળતાનો પાર નથી. આહાહા..! બે વાત કરી.

કહ્યું ને? **'સ્વભાવથી જ દુઃખમય છે. તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો..'** નીચે અર્થ છે ને? **'તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારાં ઘોર દુઃખોથી...'** આહાહા..! અશાતાના ઉદયને લઈને મનમાં, વાણીમાં, દેહમાં પ્રતિકૂળતાના કારણે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. પ્રાણી દુઃખી છે. એ કરોડપતિ, અબજપતિ રાજા, દેવ જે પરનો પતિ થાય છે, કરોડપતિ, લખપતિ, નરપતિ એ દુઃખપતિ છે. આહાહા..! કહેવામાં મુનિને વાણી ઓછી પડે છે કહે છે. શું કહેવું? આહાહા..!

**'ઘોર, સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી...'** વિકલ્પના દુઃખથી તો ઘેરાયેલો જ છે. ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ, આનંદનો સાગર, અનંતગુણમણિથી ભરેલો, એ સહજ પર્યાયરૂપી દુઃખથી તો પર્યાયમાં ભરેલો જ છે. આહાહા..! ઘોર સંસારનું સ્વભાવિક **'રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન...'** આહાહા..! સ્વભાવના આશ્રય વિના એનો પરમાં આશ્રય નિરંતર વર્ત્યા જ કરે છે. આહાહા..! પછી ભલે સાધુ થાય. બહારનો સંસાર, બાયડી-છોકરાને છોડે. એ સંસાર નથી. સંસાર તો અંદર મિથ્યા અભિપ્રાય અને મિથ્યા અસ્થિરતા એ સંસાર છે. એ સંસાર છોડ્યો નથી અને બહારમાં કુટુંબ અને બાયડી-છોકરા છોડીને અંદર સંકલ્પ-વિકલ્પમાં પડ્યો છે. આહાહા..! સ્વભાવિક એક તો દુઃખ છે અને અશાતાના ઉદયે પણ પ્રતિકૂળતાનું, સંયોગનું દુઃખ છે. આહાહા..!

**'ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે.'** કોને લાગે પણ? આનંદનો નમૂનો જોયો હોય તો એને સંકલ્પ-વિકલ્પ સંસારના દુઃખનો ખ્યાલ આવે. એ વિના આ સંસારના દુઃખનો (ખ્યાલ ક્યાંથી આવે?) ક્યાં દુઃખ છે આમાં? શું છે? પણ દુઃખની વ્યાખ્યા તું સમજતો નથી. આત્માના આનંદથી વિપરીત સંકલ્પ-વિકલ્પ એ દુઃખનો ઘોર સંસાર છે. આહાહા..! બહારના શરીરની શારીરિક શાતા, પૈસાની અનુકૂળતા... આહાહા..! ત્યાં કીધું ને એક અબજપતિ છે. 'નાઈરોબી'માં. એક જણો તો એમ કહેતો હતો કે એક અબજની તો એને પેદાશ છે. એક વળી એને એમ કહેતો હતો. કહ્યું'તું ને? કો'ક કહેતું હતું. એક અબજની પેદાશ. વ્યાખ્યાનમાં આવ્યો હતો. આ વાત (ત્યાં ક્યાં છે?) બહાર પૈસાના ઢગલા, સુખના ઢગલા દેખાય અજ્ઞાનીને. આહાહા..!

અહીં તો કહે છે, કે એમાં વિકલ્પ અને સંકલ્પથી ઘેરાઈ ગયેલો, આનંદના સાગરને વિકલ્પથી ઘેરી નાખ્યો છે. જે એનામાં નથી તેની પર્યાયમાં વિકલ્પના ઘોર સંસારના દુઃખથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘેરાયેલો છે. આહાહા..! જેની આડમાં પ્રભુ આનંદ છે એની તો એને ખબર પણ નથી. આહાહા..! પૈસાવાળા દુઃખી, દેવ દુઃખી, રાજા દુઃખી. પોતાના સ્વરૂપને ભૂલીને સંકલ્પ વિકલ્પ કરનાર રૌદ્ર ઘોર સંસારમાં દુઃખી છે. આહાહા..! એને લોકો સુખી કહે. ગાંડા–પાગલ લોકો સુખી કહે. પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ મળ્યા. આહાહા..!

'નાઈરોબી'માં એક જણો કહેતો હતો કે, સાત લાખની વસ્તી છે. એક લાખ મોટર છે અને સાડા ચારસો કરોડપતિઓ છે. આહાહા..! ધૂળમાં છે, કીધું. કરોડપતિ કોનો? પતિ જડનો. ભેંસનો પતિ પાડો હોય. એમ કરોડ જડરૂપનો પતિ જડ માને. જડ છે. આહાહા..! અરે..! એને સાંભળવા મળે નહિ. એને વિચારવાનો વખત કાઢે નહિ અને વખત ચાલ્યો જાય છે. દેહની સ્થિતિ પૂરી થવાને સમીપ છે. જે જે દિવસો જાય તે મોતની સમીપ જાય છે. આ જાણે કે હું મોટો થાઉં છું. ભગવાન કહે છે કે દેહની સ્થિતિ પૂરી થવાને સમીપ જાય છે. જ્યાં પૂરી થશે ત્યાં ફડાક દેહ છૂટી જશે. આહાહા..! પ્રભુ તો અનાદિઅનંત છે. ક્યાંક રહેશે. ક્યાં રહેશે? આહાહા..! સંકલ્પ ને વિકલ્પની જાળમાં (રહેશે). જેમ કરોળિયો લાળમાં ઘૂંચવાઈ ગયો, એમ આ સંકલ્પવિકલ્પમાં ઘૂંચાયેલો ચાર ગતિમાં રખડવામાં રહેશે. આહાહા..! ભાષા કેવી લીધી છે!

**'સંસારના ઘોર, સહજ...'** સ્વભાવિક પણ ઘોર. આહાહા..! એવા **'રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા...'** આહાહા..! **'પ્રતિદિન પરિતપ્ત...'** દુઃખથી પરિતપ્ત. આહાહા..! અગ્નિમાં જેમ ઉંદર ઝળે સળગે એમ આ સંકલ્પ-વિકલ્પમાં સળગી રહ્યો છે, કહે છે. પરિતપ્ત છે. આહાહા..! દુનિયાથી જુદી જાત છે. આહાહા..! **'પ્રતિદિન...'** કોઈ સમય દુઃખથી ખાલી નથી, કહે છે. **'પરિતપ્ત થતા આ લોકમાં...'** આહાહા..! એવી આ દુનિયા–લોક એમાં **'આ મુનિવર...'** આહાહા..! **'સમતાના પ્રસાદથી...'** વિકલ્પની જાળ તોડી નાખીને **'સમતાના પ્રસાદથી...'** આહાહા..! મુનિવર એટલે કાંઈ બાયડી, છોકરા, દુકાન છોડીને બેઠો માટે મુનિવર (છે), એમ નહિ. એના સંકલ્પ-વિકલ્પની જાળ જે ઘોર સંસાર એ છે. જીવનો સંસાર આત્માની પર્યાયથી દૂર ન હોય. બાયડી, છોકરા, ધંધો, કુટુંબ એ સંસાર નથી. કારણ કે આત્માની પર્યાયમાં એ ચીજ નથી. આત્મામાં દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એની પર્યાયમાં નથી. આહાહા..! એ તો દૂર વર્તે છે. પર્યાયથી તો દૂર વર્તે છે. એની પર્યાયમાં તો ઘોર સંકલ્પ-વિકલ્પના રૌદ્ર દુઃખદાયક પરિણામ વર્તે છે. આહાહા..!

જેના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે પણ તેની પર્યાય જે અવસ્થા, વર્તમાન વર્તતી હાલત છે, એ હાલતમાં કર્મ નથી, શરીર નથી, સ્ત્રી નથી, કુટુંબ નથી, પરિવાર નથી, પૈસો નથી, આબરૂ નથી. એની પર્યાયમાં એ ચીજ નથી. એ તો દૂર છે. આહાહા..! એની પર્યાયમાં તો દુઃખના ભાવ, સંકલ્પ-વિકલ્પના ભાવ એનામાં છે, એ એની પર્યાયમાં છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પર્યાયબુદ્ધિને છોડીને મુનિવર... આહાહા..! **'સમતાના પ્રસાદથી...'** જોયું? ઓલું વિષમ દુઃખ હતું. સંસારના ઘોર સંકલ્પ-વિકલ્પ. આ વીતરાગતા આવી. વીતરાગી સ્વભાવી ભગવાનને અવલંબે વીતરાગતા આવી. એ વીતરાગતા કહો, શુદ્ધઉપયોગ કહો, સમતા કહો... આહાહા..! મુનિવર શુદ્ધોપયોગના પ્રસાદથી... આહાહા..! સમતા એટલે આ. જ્યાં પુણ્ય અને પાપ બેય સરખા બંધના કારણ દુઃખદાયક છે. એવી જે અંદર સમતા વર્તે છે. આહાહા..! અને ત્રિકાળી ભગવાનઆત્મા, એનું અવલંબન વર્તે છે.

એના પ્રસાદથી મુનિવર **'શમામૃતમય જે હિમ-રાશિ...'** આહાહા..! સમતાનો અમૃતનો રસ ભગવાન, આત્મા સમતાના અમૃતરસનો ભગવાન **'હિમ-રાશિ (બરફનો ઢગલો)...'** એ મુનિવર શાંતિને પામે છે. ઓલો સંસારના દુઃખમાં, રૌદ્ર પરિણામમાં દુઃખ પામે છે અને અશાતાના લઈને (દુઃખ પામે) છે. બે વાત લીધી. અને આને તો મુનિવરને સમતા, આનંદ, વીતરાગતા... આહાહા..! **'શમામૃતમય...'** શમતારૂપી અમૃત. વીતરાગભાવરૂપી અમૃત. જે **'(બરફનો ઢગલો)...'** આહાહા..! સમતારૂપી અમૃતનો, હિમનો ઢગલો. આહાહા..! પર્યાયમાં, હોં! તેને પામે છે. ઓલો રૌદ્ર દુઃખને પામે છે, તો આ શમતારૂપી શાંતિને પામે છે.

**'શમામૃતમય જે હિમ-રાશિ (બરફનો ઢગલો) તેને પામે છે.'** આહાહા..! શાંત... શાંત... શાંત... વિકલ્પ-સંકલ્પનો અભાવ. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિથી ભરેલો ભગવાન, તેને આશ્રયથી પ્રગટેલી શાંતિના સમતાભાવને પામે છે. આહાહા..! આને મુનિવર કહીએ. આહાહા..! બાયડી, છોકરા, દુકાન છોડ્યા માટે મુનિ છે, ધંધો કરતો નથી માટે મુનિ છે, પંચ મહાવ્રત પાળે છે માટે મુનિ છે, એમ નથી. આહાહા..!

મુનિવર તો શમતાના પ્રસાદથી, વીતરાગભાવના પ્રસાદથી, સંકલ્પ-વિકલ્પના અભાવથી... આહાહા..! પર્યાયમાં, હોં! જેવો વીતરાગસ્વભાવ છે, તેવો જ એનો આશ્રય કરીને જેણે વીતરાગતા, સમતા પ્રગટ કરી છે. એવા સમામૃતમય, શાંતિનો ઢગલો, હિમનો ઢગલો... આહાહા..! શાંતિનો સાગર પર્યાયમાં ઊછળ્યો. એમ અહીં શાંતિનો ઢગલો આવ્યો. અજ્ઞાનીને દુઃખનો ઘોર સંસાર આવ્યો. આને શાંતિનો આનંદ આવ્યો. આહાહા..! બેની અપેક્ષાથી સામસામી વાત કરી ને? પહેલી ઓલા **'સંસારના ઘોર સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા આ લોકમાં...'** ત્યારે **'મુનિવર સમતાના પ્રસાદથી...'** આહાહા..! મુનિ કોને કહીએ? કહે છે. આહાહા..! જેને આનંદનો ઢગલો ભગવાન પૂર્ણ શાંતરસથી અકષાયભાવથી ભરેલો, એને આશ્રયે જે અકષાયભાવ શાંતિ પ્રગટી, એ સમામૃતના સુખના ઢગલામાં એને પામે છે. અતીન્દ્રિય શાંતિને પામે છે એને મુનિવર કહીએ, ઓલાને સંસાર કહીએ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૬૫

(वसंततिलका)

मुक्तः कदापि न हि याति विभावकायं
तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात्।
तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं
मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि।।१६५।।

[શ્લોકાર્થ :–] મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી કારણ કે તેણે તેના હેતુભૂત સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે. તેથી હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને એક મુમુક્ષુમાર્ગે જાઉં છું (અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા છે તે જ એક માર્ગે ચાલું છું). ૧૬૫.

---

પ્રવચન નં. ૧૨૬ શ્લોક-૧૬૫-૧૬૭, બુધવાર, મહા વદ ૬, તા.૦૬-૦૨-૧૯૮૦

---

मुक्तः कदापि न हि याति विभावकायं
तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात्।
तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं
मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि।।१६५।।

**શ્લોકાર્થ :-** '**મુક્ત જીવ...**' આલોચના છે ને? જેણે આત્માની પરમઆલોચના કરી એટલે કે પૂર્ણ આનંદસ્વરૂપની પ્રાપ્તિ કરી, એ પરમઆલોચના. પરમઆલોચનાનો અધિકાર છે ને? આત્માના ત્રિકાળી પવિત્ર શુદ્ધ સ્વરૂપને જેણે આલોચ્યું–જોયું, જાણ્યું અને ઠર્યા એ પરમઆલોચના. '**મુક્ત જીવ...**' એવી પરમ આલોચના કરીને થયેલા '**મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી...**' કેટલાક એમ કહે છે ને, ભાઈ! મોક્ષ થયા પછી.. બહુ વયા જાય મોક્ષમાં એટલે વળી ફરીને મોક્ષમાંથી સંસારમાં આવવું પડે. આહાહા..! ભક્તોને ભીડ પડી હોય તો મુક્તિમાંથી આવવું પડે. એવું સ્વરૂપ નથી, કહે છે.

'**મુક્ત જીવ વિભાવસમૂહને...**' વિકારના કોઈપણ પ્રકારને '**કદાપિ...**' કોઈ કાળે. કદાપિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે કોઈ કાળે **'પામતા નથી...'** અહીં ગમે તેવી ભક્તોને ભીડ પડે તો એને અવતરવું પડે, એમ નથી. મુક્તિની સ્થિતિ એવી નથી. મુક્ત થયા એ તો **'વિભાવસમૂહને કદાપિ પામતા નથી...'** અનંતકાળ, સાદિ અનંતકાળ મુક્તસ્વરૂપે રહે છે. વિકલ્પનો સમૂહ એને આવતો નથી. એમ કહે છે. વિકલ્પ એને આવતો નથી. પામતા નથી એટલે કદાપિ વિકલ્પ એને થતા નથી. નિર્વિકલ્પ આનંદસમૂહને પામ્યા એને વિકલ્પ કદી થતો જ નથી. આહાહા..!

**'કારણ કે તેણે તેના હેતુભૂત...'** કોના હેતુભૂત? વિભાવના સમૂહના હેતુભૂત **'સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે.'** શુભભાવ અને અશુભભાવ બેયનો નાશ કર્યો છે. સુકૃતનો પણ નાશ કર્યો છે. લ્યો. અહીં કહે, ભાઈ! સુકૃત કરતાં મુક્તિ થાય. અહીં કહે છે, સકૃતનો નાશ કરીને મુક્ત થયા છે. **'સુકૃત અને દુષ્કૃતનો...'** એટલે શુભભાવ અને અશુભભાવનો જેણે **'નાશ કર્યો છે.'**

**'તેથી હવે હું...'** હવે પોતે મુનિરાજ કહે છે. આવી સ્થિતિ જ્યારે મુક્તની છે કે મુક્ત થયા તે વિકારને પામે નહિ અને તે વિકારના હેતુભૂત **'સુકૃત અને દુષ્કૃતનો** (જેણે) **નાશ કર્યો છે.'** તેથી તે મુક્તિને પામ્યા છે. **'તેથી હવે હું...'** અહીં મુનિરાજ કહે છે **'તેથી હવે હું...'** હવે હું. એ ભલે થઈ ગયા. હવે હું. અત્યાર સુધી મેં કર્યું નહિ, કહે છે. આહાહા..! વિભાવસમૂહનો નાશ કરીને મુક્ત થયા. હું પણ હવે.. એ થયા. **'તેથી હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને...'** આહાહા..! શુભ અને અશુભ કર્તવ્ય, શુભ અને અશુભ જે કર્તવ્ય છે–દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ. હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિ અશુભ, એની જે કર્મજાળ છે. એ બેય કર્મજાળ છે. એને **'છોડીને એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** એનું વચન ઉકેલ્યું પાછું. મોક્ષનો માર્ગ એક જ છે. અને એક જ મોક્ષમાર્ગે હું જાઉં છું. આહાહા..!

મુમુક્ષુ એને કહીએ કે સુકૃત અને દુષ્કૃતનો નાશ કરી અને સ્વભાવની નિર્મળતા પ્રગટ કરે એને મુમુક્ષુ કહીએ. લ્યો. આ મુમુક્ષુનું મંડળ ને કહેવાય છે ને તમારે? ફલાણા ગામના મુમુક્ષુ, ફલાણા ગામના મુમુક્ષુ. મુમુક્ષુનો અર્થ આ. વિકાર, શુભ-અશુભભાવ, તેનો નાશ કરી અને સ્વભાવની પ્રાપ્તિ કરે, તે એક જ મોક્ષમાર્ગ. પાછો એક શબ્દ વાપર્યો છે ને?

**'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** આહાહા..! મુમુક્ષુમાર્ગના બે માર્ગ નથી. વ્યવહાર પણ અને નિશ્ચય પણ (એમ) બે માર્ગ નથી. આહાહા..! મુનિરાજ તો આમ કહે છે. એને એમ કહેતા નથી કથંચિત્ વ્યવહાર પણ લઉં છું. આહાહા..! સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળ છે ઇ. આહાહા..! શુભભાવ એ પણ એક કર્મજાળ છે, એ આત્મસ્વભાવ નથી. આહાહા..! આ પાંચમા આરાના મુનિ પાંચમા આરાના શ્રોતાને કહે છે. અત્યારે મોક્ષ તો નથી ને? મોક્ષ થતો નથી પણ મોક્ષનો માર્ગ છે, એ લે તો થયા વિના રહેશે જ નહિ. આહાહા..!

**'હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળ...'** છે. શુભભાવ એ કર્મજાળ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ ધર્મભાવ નથી. એ કર્મજાળ છે. આવું તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોખ્ખું કરે છે. આહાહા..! અને તે **'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** આહાહા..! હું જાઉં છું એવી મને પણ ખબર પડે છે. એમ પાછી. આહાહા..! ભગવાનને પૂછવું પડતું નથી. સુકૃત અને દુષ્કૃતનો નાશ કરી એટલે કર્મજાળને છોડી **'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** મુમુક્ષુઓનો આ માર્ગ છે. મુમુક્ષુમંડળ કહેવાય છે કે નહિ? ફલાણા ગામના મુમુક્ષુમંડળ, ફલાણા ગામના મુમુક્ષુમંડળ. પણ મુમુક્ષુ કહીએ કોને? કહે છે. આહાહા..! જે શુભ અને અશુભભાવ કર્મજાળ છે તેને છોડીને **'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** આ બંધભાવને છોડી, અબંધભાવે જાઉં છું. કર્મજાળ છોડી, ધર્મભાવે જાઉં છું. અને તે એક જ મોક્ષમાર્ગ છે. આહાહા..! આવું સ્પષ્ટ છે છતાં ઝઘડા કરે છે.

ભગવાનની વાણી નિમિત્ત છે. નૈમિત્તિક જ્ઞાન થાય છે અને નિમિત્તથી જ્ઞાન ન થાય એમ માનનારા મિથ્યાત્વી છે એમ કહે છે, લ્યો. અહીં કહે છે કે એનો જ્યારે શુભાશુભ નાશનો કાળ આવ્યો ત્યાં એને ભગવાનનું સાંભળવાનું લક્ષ પણ છોડી દીધું. આહાહા..! એણે શાસ્ત્રને વાંચવું પણ છોડી દીધું. એમ આવ્યું કે નહિ? કર્મજાળ. આહાહા..! શુભ અને અશુભ વિકલ્પ છે એ કર્મજાળ છે. એને હું છોડી દઉં છું. આહાહા..! સમજાવવામાં તો એમ જ આવે ને? આમ કીધું છે કે રાગને છોડવું કહેવું એ નામમાત્ર કથન છે. ૩૪ ગાથામાં. આહાહા..! રાગનો ત્યાગ કરું, નાશ કરું એ પણ નામ કથનમાત્ર છે. વ્યવહાર એટલે કથનમાત્ર. વસ્તુ નથી. આહાહા..! વ્યવહારનય તે કથનમાત્ર છે. આવ્યું છે ને? પહેલા પાંચમા શ્લોકમાં. 'સમયસાર'ના પાંચમાં શ્લોકમાં. વ્યવહાર એટલે કથનમાત્ર. આહાહા..!

એવા વ્યવહારના કથનમાત્ર જે વ્યવહાર રાગ છે, તેને છોડીને **'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું.'** રાગના વિકલ્પજાળનો વ્યય કરી અને મોક્ષના માર્ગનો ઉત્પાદ કરી તે રસ્તે જાઉં છું. આહાહા..! આ ગાથામાં કેટલું ભર્યું છે, જુઓ! મુમુક્ષુનો એક જ માર્ગ છે. અંતરમાં શુભ અને અશુભ છોડી અને શુદ્ધતામાં રમણતા કરવી એ એક જ મુમુક્ષુનો માર્ગ છે. આહાહા..! હવે અહીં કહે છે કે બે ન માને તો મિથ્યાત્વી છે. ભગવાનની વાણી સાંભળી અને નિમિત્તથી અહીં જ્ઞાન થાય છે. એમ ન માને, નિમિત્તથી જ્ઞાન થાય એમ ન માને એ મિથ્યાત્વી છે. કોણ કહે છે?

મુમુક્ષુ :– તત્ત્વની ખબર ન હોય તો એમ જ કહે.

ઉત્તર :– આવું કહે છે ને. આહાહા..!

મારો તો જે રાગની જાળના ત્યાગનો કાળ છે... આહાહા..! તે જ મારા એક મોક્ષના માર્ગનો કાળ છે. આહાહા..! અંતર છૂટવાનો એક જ માર્ગ છે. રાગથી છૂટવું એ એક જ માર્ગ છે. રાગનો આદર કરીને રાગ વ્યવહાર છે. વ્યવહારરત્નત્રય છે માટે કાંઈ આ નિશ્ચય થાય છે એ વાતને તો અહીં છોડી દીધી છે. આહાહા..! 'નિયમસાર'માં આવે છે ને? ૪૯ ગાથામાં. વ્યવહાર ઉપાદેય છે એમ આવે છે. ટીકામાં આવે છે. ૪૯ ગાથા. એનો અર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યો છે કે વ્યવહાર છે એ જાણવા જેવો છે એને ઉપાદેય કહ્યો. એવો અર્થ કર્યો છે. 'નિયમસાર'ની ૪૯ ગાથા. ૫૦ ગાથામાં તો પછી પર્યાયને પરદ્રવ્ય કહીને છોડાવી દીધું છે. પર્યાય પણ પરદ્રવ્ય છે. માટે પર્યાયનું પણ લક્ષ છોડી દે. આહાહા..! મોક્ષના માર્ગની પર્યાયનું પણ લક્ષ છોડી દે.

અંતર દ્રવ્યસ્વભાવ સત્તા મહાપ્રભુ ભગવાન પૂર્ણાનંદથી ભરેલું પૂર્ણ સ્વરૂપ, સનાતન અનાદિ સત્, સત્ય સનાતન તેને રસ્તે જા. ત્યારે તને મોક્ષનો માર્ગ અને મુમુક્ષુ કહેવામાં આવે છે. આહાહા..! આવું સાંભળવું પડે? કહે છે. અહીં કહ્યું. બીજે કહ્યું છે કે નહિ? પણ બીજે કહ્યું છે એ તો જાણવા માટે કહ્યું છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. 'સમયસાર'ની ૧૨મી ગાથામાં એમ કહ્યું. વ્યવહાર આવે છે એ જાણેલો પ્રયોજનવાન છે. **'तदात्वे'** તે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. કારણ કે સમય સમયની પર્યાયની શુદ્ધિ વધે છે અને સમય સમયની અશુદ્ધિ ઘટે છે, માટે તે તે સમયનો શુદ્ધ અને અશુદ્ધનો પર્યાય જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન છે એમ કહ્યું નથી. ૧૨મી ગાથા. એમાં પણ વિરોધ કરે છે, કે જુઓ! આ **'ववहारदेसिदा पुण'** વ્યવહાર દેખાડ્યો છે. નીચલા માર્ગવાળાને વ્યવહાર જ હોય. **'ववहारदेसिदा पुण'** એમ આવ્યું ને? **'अपरमे ट्ठिदा भावे'** નીચલા માર્ગમાં જે સ્થિત છે તેને વ્યવહાર જ દેખાડ્યો છે. એવો અર્થ ત્યાં કરે છે.

ત્યાં **'अपरमे ट्ठिदा भावे' 'ववहारदेसिदा पुण'** એની વ્યાખ્યા ટીકાકારે તો એમ કરી, કે તે કાળે જે સમયની પર્યાયની શુદ્ધતા અને અશુદ્ધતા છે તેને જાણવી તે વ્યવહાર પ્રયોજનવાન છે. બીજે સમયે પણ શુદ્ધતાનો અંશ વધે અને અશુદ્ધતાનો અંશ ઘટે, તે બીજે સમયે પણ તે પ્રકારનું જ્ઞાન જાણવું પ્રયોજનવાન છે. ત્રીજે સમયે શુદ્ધિનો અંશ વધે, અશુદ્ધિનો ઘટે તો તે સમયે તેને જાણેલો પ્રયોજનવાન છે. એમ ત્યાં તો કહ્યું છે. આહાહા..! **'तदात्वे'** શબ્દ પડ્યો છે (અર્થાત્) તે કાળે. એટલે સમયે સમયે. કારણ કે સમય સમયમાં વ્યવહારમાં ફેર પડે છે. શુદ્ધિ વધે છે, અશુદ્ધિ ઘટે છે. સમય સમયમાં ફેર (પડે છે) એ બધો વ્યવહાર છે. પર્યાય છે ને? આહાહા..! સમજાણું? તે તે કાળે તે તે પ્રકારનો અપૂર્ણ શુદ્ધપર્યાય અને અશુદ્ધપર્યાય સાથે હોય, તે કાળે તે સમયે તે જાણવાલાયક છે. બસ, એટલી વાત છે. એ અહીં કહે છે કે એને તો હું છોડી દઉં છું. જાણવાલાયક છે એ બરાબર છે પણ એ છોડવાલાયક છે. આહાહા..! વ્યવહારનો આશ્રય છોડવાલાયક છે.

**'(અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા છે તે જ એક માર્ગે ચાલું છું).'** તે જ એક મુમુક્ષુમાર્ગ છે ને મૂળ પાઠમાં? એટલે એનો અર્થ કર્યો. **'તે જ એક માર્ગે...'** આહાહા..! સુકૃત અને દુષ્કૃતને છોડી, શુભ અને અશુભભવાને છોડી... આહાહા..! ભગવાનની ભક્તિનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ, પંચ પરમેષ્ઠીના સ્મરણનો ભાવ, એ પણ સુકૃત છે એને છોડીને. એ માર્ગ નથી. આહાહા..! મુમુક્ષુઓનો એ માર્ગ નથી. આવે છે. વચ્ચે આવે છે. પણ એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોડતો જાઉં છું.

એ બહેનના 'વચનામૃત'માં આવ્યું ને? એક મુસાફર એક નગરથી બીજે નગર જાય છે. જે નગરે જાવું છે તે ધ્યેય છે. વચમાં બીજા નગર આવે છે તેને છોડતો જાય છે. ત્યાં રહેતો નથી, અટકતો નથી. જોવા પણ અટકતો નથી. એ તો ચાલ્યો જ જાય છે. પોતાનું જે ગામ છે, જ્યાં જાવું છે ત્યાં ચાલ્યો જ જાય છે. વચમાં જે ગામ આવે એને છોડતો જાય છે. એમ મુમુક્ષુ વચમાં જે ભાવ આવે એ છોડતો જાય છે. આહાહા..! અને સાધ્ય જે ઉપેય છે સિદ્ધ, તે માર્ગે ચાલ્યો જાય છે. તેની સન્મુખ ચાલ્યો જાય છે. આહાહા..! આ મુમુક્ષુનો માર્ગ છે. આને મુમુક્ષુ કહીએ. વાડાનું મુમુક્ષુ મંડળ બાંધ્યું એથી બધા મુમુક્ષુ છે એમ નથી, એમ કહે છે. આહાહા..!

એક મુમુક્ષુમાર્ગ. સુકૃતને છોડીને–શુભભાવના ભાવને પણ છોડીને... આહાહા..! પંચ પરમેષ્ઠીનું શરણ છોડીને, મુમુક્ષુનો માર્ગ આત્માના સ્વભાવના શરણે જાવું એ એક જ મોક્ષમાર્ગ છે. આહાહા..! ત્યાં હું જાઉં છું. ત્યાં હું ચાલું છું. એ મને ખબર છે એમ કહે છે. આહાહા..! ભગવાનને પૂછવાપણું નથી. છે? એક જ માર્ગે ચાલું છે. **'એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...'** એનો અર્થ એ લીધો ને? મુમુક્ષુમાર્ગે જાઉં છું એ મને ખબર છે. મારા જ્ઞાનમાં એ વાત આવી છે. આહાહા..! એ કાંઈ ભગવાનને પૂછવું પડતું નથી કે હું સાધકભાવમાં છું કે કેમ? આહાહા..! આવી વાત છે. ભારે કળશ ઊંચા! એ ૧૬૫ કળશ (પૂરો) થયો.

## શ્લોક–૧૬૬

(अनुष्टुभ्)

**प्रपद्येऽहं सदाशुद्धामात्मानं बोधविग्रहम्।**
**भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम्।।१६६।।**

**[શ્લોકાર્થ :–] પુદ્ગલસ્કંધો વડે જે અસ્થિર છે (અર્થાત્ પુદ્ગલસ્કંધોના આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી) એવી આ ભવમૂર્તિને (–ભવની મૂર્તિરૂપ કાયાને) છોડીને હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું. ૧૬૬.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૬૬ ઉપર પ્રવચન

**प्रपद्येऽहं सदाशुद्धामात्मानं बोधविग्रहम्।**
**भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम्।।१६६।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'પુદ્‌ગલસ્કંધો વડે...'** પરમાણુ વડે. આ શરીર અસ્થિર છે. આહાહા..! ઘડીકમાં રોગ આવે, ઘડીકમાં કંઈ થાય, ઘડીકમાં કંઈ થઈ જાય. કમળો આવે, ધાર્યું ન થાય, પીળું શરીર પડી જાય, જોવાનું જે હોય એ બધું પીળું દેખાય. આહાહા..! એ **'પુદ્‌ગલસ્કંધો વડે...'** પુદ્‌ગલના સ્કંધો વડે, પુદ્‌ગલના સ્કંધના પિંડ વડે. જે આ કાયા અસ્થિર છે. **'પુદ્‌ગલસ્કંધોના આવવા-જવાથી...'** આવવા અને જવાથી. સમયે સમયે આવે અને જાય. **'(આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી)...'** આહાહા..! આ કાયા એકસરખી રહેતી નથી. એમ કહીને કાયારહિતની વાત કહેશે. આહાહા..!

**'પુદ્‌ગલસ્કંધો વડે જે અસ્થિર છે (અર્થાત્ પુદ્‌ગલસ્કંધોના આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી) એવી આ ભવમૂર્તિ...'** ભવમૂર્તિ. આ શરીરને ભવમૂર્તિ કીધું. આહાહા..! છે ને? **'(–ભવની મૂર્તિરૂપ કાયાને)...'** ભવમૂર્તિ, ભવની કાયા. આહાહા..! એને **'છોડીને...'** એ ભવની મૂર્તિરૂપ શરીર. પરમાણુ આવે, જાય, અસ્થિર થાય. ઘડીકમાં ક્ષણમાં ઉડી જાય છે. ઘણાંનું સાંભળીએ છીએ, ફલાણો આમ મરી ગયો, આમ છૂટી થઈ ગયો. ક્ષણમાં આમ થઈ ગયું અને ફલાણું આમ થઈ ગયું. આહાહા..! શરીરની દશા એ તો એ પરમાણુની એ પ્રકારે, આવવું જવું થવાથી તે અસ્થિર છે. એકરૂપ રહેવું એ સ્વરૂપ નથી. શરીરનું એકરૂપ રહેવું એવું સ્વરૂપ નથી. આહાહા..! હવે એકરૂપ રહેવું એ શું છે?

**'એવી ભવમૂર્તિને (–ભવની મૂર્તિરૂપ કાયાને) છોડીને હું...'** એક બાજુ એમ કહેવું કે આત્માને રાગ-દ્વેષનો નાશ એ પણ નામમાત્ર છે. તો પરનું છોડવું તો એમાં છે જ નહિ. કેમકે પરનું ગ્રહણ નથી. પરનું ગ્રહણ કર્યું જ નથી. એથી એને છોડવું એમ પણ નથી. અહીં પણ એ સમજાવે છે. છે એ છૂટી જાય છે. એથી એને કહે છે, છોડું છું. એમ નિમિત્તનું કથન છે.

મુમુક્ષુ :– મમતા છોડી.

ઉત્તર :– વસ્તુ તો એના તરફનું વલણ છોડ્યું છે. એ વસ્તુ તો છૂટવાને કાળે છૂટ્યે છૂટકો એને કારણે. આત્માથી છોડી જાય નહિ. આત્મા જેને રાગનો નાશ પણ નામમાત્ર છે. કેમકે જ્ઞાનસ્વરૂપ રાગરૂપ થયું નથી. ચૈતન્યશરીર કહેશે. વિગ્રહ. **'बोधविग्रहम्'** છે ને? જુઓને! શરીર છે ને? એ ગાથામાં. **'बोधविग्रहम्'** જ્ઞાનશરીર-જ્ઞાનશરીર. એ જ્ઞાનશરીરને હું પકડું છું. જ્ઞાનશરીર એવો જે આત્મા. જેનું શરીર જ્ઞાન છે. આહાહા..! આ કાયા એનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીર નથી. એ તો ભવની મૂર્તિ. અસ્થિર પુદ્ગલ સ્કંધથી જવા-આવવાને લઈને એ કાયા અસ્થિર છે. જુવાનીમાં પણ ભવરોગ થઈને દેહ છૂટી જાય છે. આહાહા..! ૨૫-૨૫ વર્ષના જુવાન માણસ (મરી જાય છે). શું થયું? કહે. કાં કીડનીનું દર્દ થયું, કાં ફ્લાણું થયું, ઢીકણું થયું એમ કરીને ઉડી જાય છે. એ એની પર્યાયનો તે સમયનો એ જ સ્વભાવ (છે). એને છોડવું પડતું નથી, એ છૂટી જાય છે. આહાહા..! અહીં ઉપદેશમાં (એમ કહે છે), એવી **'ભવમૂર્તિને છોડીને...'** ઉપદેશની શૈલી છે ને?

**'હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા...'** આહાહા..! **'હું...'** એટલે બીજા બધાથી જુદો. **'સદાશુદ્ધ...'** ત્રણે કાળે શુદ્ધ. આત્મા કોઈ દિ' અશુદ્ધ થયો જ નથી. આહાહા..! દ્રવ્ય છે તે અશુદ્ધ થયું જ નથી. સદા શુદ્ધ છે. **'સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા...'** જ્ઞાન જેનું શરીર છે એ આત્મા. આ પુદ્ગલ જેનું શરીર છે તે કાયા જડ. આ જ્ઞાનશરીર છે એવો આત્મા. બોધશરીર કીધું છે ને આમાં? જુઓને! કીધું ને **'बोधविग्रहम्'** વિગ્રહ એટલે શરીર. ૧૬૬ના શ્લોકની પહેલી લીટીનો છેલ્લો શબ્દ. **'बोधविग्रहम्'** વિગ્રહ એટલે શરીર. જ્ઞાનશરીર. ભગવાન તો જ્ઞાનશરીર સ્વરૂપ છે. આ કાયા તો પુદ્ગલના આવવા-જવારૂપે શરીરના ભવની મૂર્તિ છે. આહાહા..! ભવકાયા છે, ભવની કાયા છે. આહાહા..!

**'જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું.'** ઠીક! **'भूदत्थमस्सिदो खलु'** ('સમયસાર'ની) ૧૧મી ગાથામાં આવ્યું ને? ભૂતાર્થનો આશ્રય કરું. ત્રિકાળી ચીજ છે ભગવાન, એનો હું આશ્રય કરું. રાગનો નહિ, નિમિત્તનો નહિ, પર્યાયનો પણ નહિ. ત્રિકાળી જે જ્ઞાનશરીર આત્મા... આહાહા..! ત્રિકાળ એકરૂપ જે જ્ઞાનશરીરરૂપ ત્રિકાળ ધ્રુવ. એક જ સ્વરૂપ ચળાચળ વિનાની જે ચીજ છે તેનો હું આશ્રય કરું છું. જે ચળાચળ વિનાની ચીજ ધ્રુવશરીરજ્ઞાન, જ્ઞાનધ્રુવ શરીર એવો આત્મા. આહાહા..! શરીર તો કીધું. પણ જ્ઞાનશરીર. આત્માને શરીર કીધું. જ્ઞાનશરીર આત્મા. જેને જ્ઞાનરૂપી શરીર આત્મા છે. આહાહા..!

જ્ઞાનશરીરી આત્મા એમ કીધું ને? જ્ઞાન જેનું શરીર છે. જેમાં એકરૂપતા છે. જેમાં આવવું-જાવું (નથી). આ શરીરમાં જેમ પરમાણનું આવવું-જવું છે એવું એમાં કાંઈ નથી. એમાં કોઈ ગુણ આવે ને જાય, પર્યાય ઓછી-વત્તી થાય એવું વસ્તુમાં નથી. આહાહા..! પર્યાય ઓછી-વત્તી થાય એ તો અવસ્થા છે. જ્ઞાનશરીરી ત્રિકાળી આત્મા, એનો આશ્રય કરું છું. એનું અવલંબન લઉં છું. એનો મને આધાર છે. આહાહા..! એનું મને શરણ છે. ચાર મંગલિક ને શરણ જે કીધા એ વ્યવહાર છે. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં, એ પણ વ્યવહાર છે. આ નિશ્ચય છે.

**'જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું.'** વ્યવહારનો આશ્રય કરું છું કે વ્યવહારને હળવે હળવે રાગ મંદ કરું છું અને પછી આત્માને પામીશ. એમ કાંઈ છે નહિ. આહાહા..! અશુભમાંથી શુભમાં આવું તો પછી હું શુદ્ધને પામું, એમ અહીં છે નહિ. અહીં તો કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે હું શુભને છોડીને. આહાહા..! એ પહેલામાં આવી ગયું. આમાં **'ભવમૂર્તિને છોડીને હું સદાશુદ્ધ એવો...'** ત્રિકાળ પવિત્રનો પિંડ પ્રભુ! સનાતન સત્તા એકરૂપ રહેનારી નિર્મળ સત્તા, એવો જે જ્ઞાનશરીર આત્મા, તેનો હું આશ્રય કરું છું. આ આશ્રય કરે છે પર્યાય. પણ મારું લક્ષ ત્યાં જાય છે, એમ કહે છે.

આ જ્ઞાનશરીરી આત્માનો આશ્રય કરે છે એટલે એની પર્યાયમાં એ આવી જાય છે એમ નથી. હું એનો આશ્રય કરું છું. મારી પર્યાયમાં અવલંબન એ જ છે. એનું જેટલું સામર્થ્ય અને શક્તિ છે તેટલું અને તેવડું મારા જ્ઞાનમાં સામર્થ્ય અને શક્તિ છે એટલું ભાન થાય છે. આહાહા..! તેનો તો હું આશ્રય કરું છું. તે રૂપે થાઉં છું એમ નહિ. જ્ઞાનશરીર તો ધ્રુવ છે. ધ્રુવરૂપ તો થતું નથી. હું તેનો આશ્રય કરું છું. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ! સચ્ચિદાનંદ પ્રભુ, જે હલચલ વિનાની ચીજ એટલે પરિણમન વિનાની ચીજ, હિનાધિક રહિત ચીજ, એકરૂપ રહેલી ચીજ. એવું એકરૂપ જ્ઞાનશરીર (તેનો આશ્રય કરું છું). આહાહા..!

ઓલામાં આવ્યું હતું ને? એક આવ્યું હતું ને? એક માર્ગે જાઉં છું. ૧૬૫માં આવ્યું હતું ને? એક જ માર્ગ છે. માર્ગ છે એ પર્યાય છે. પણ એક જ માર્ગ છે કે શુદ્ધ ધ્રુવનો આશ્રય લેવો, બસ. આહાહા..! બીજા બધા લખાણ ચરણાનુયોગમાં આવે. મહાવ્રત પાળવા, અતિચાર પાળવા, દોષ લાગે તો પ્રાયશ્ચિત લેવું. એવું બધું આવે ને? એ બધું જાણવા લાયક છે. આશ્રય કરવા લાયક આ એક જ. જ્ઞાનશરીર ધ્રુવ આત્મા, તેનો આશ્રય કરું છું. આહાહા..! એ ૧૬૬ કળશ (પૂરો) થયો.

## શ્લોક–૧૬૭

(अनुष्टूभ्)

अनादिममसंसाररोगस्यागदमुत्तमम् ।
शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना ।।१६७।।

**[શ્લોકાર્થ :–] શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે. ૧૬૭.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૬૭ ઉપર પ્રવચન

૧૬૭ શ્લોક.

**अनादिममसंसाररोगस्यागदमुत्तमम्।**
**शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना।।१६७।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! બહું ટૂંકુ કર્યું. **'શુભ અને અશુભથી રહિત...'** શુભ અને અશુભનો વિકલ્પ છે એ કર્મજાળ છે. તેને છોડીને, તેનાથી રહિત થઈને **'શુદ્ધચૈતન્યની ભાવના...'** શુદ્ધચૈતન્યની ભાવના. શુદ્ધ ચૈતન્ય છે એ ધ્રુવ (છે), એની ભાવના છે એ વર્તમાન પર્યાય (છે). **'શુદ્ધચૈતન્યની ભાવના...'** વ્યવહારની ભાવના નહિ, શુભરાગની ભાવના નહિ. શુદ્ધચૈતન્યની ભાવના. નિર્મળાનંદ પ્રભુ પવિત્રતાનો પિંડ આખો. અનાદિથી પવિત્ર પિંડ છે. પવિત્રનો જ એ પિંડ છે. અનંતગુણનો પિંડ, અનંતગુણ બધા પવિત્ર જ છે. કોઈ ગુણ, પર્યાયમાં અપવિત્ર થાય એવો ગુણ નથી. પર્યાયમાં જે અપવિત્રતા આવે છે એ તો નિમિત્તને લક્ષે, પરને આશ્રયે, વશે આવે છે. સ્વના ગુણને આશ્રયે અપવિત્રતા નથી આવતી. આહાહા..! છતાં પણ એ અશુદ્ધતાનો આશ્રય આત્મા છે એમ પણ કહેવામાં આવે છે. 'પંચાસ્તિકાય'ની ૧૦મી ગાથામાં એમ કહ્યું, કે એ મલિન પરિણામનો આશ્રય પણ આત્મા છે. એટલે પર્યાયનો કર્તા આત્મા છે. પર્યાયનો કર્તા પર્યાય છે બીજો નહિ એમ બતાવું છે. ત્યાં એમ કહ્યું છે. પાઠ આવો છે, હોં! શુભ અને અશુભભાવનો આશ્રય આ જીવ છે. એનો અર્થ કે એની પર્યાયમાં પોતાથી થાય છે, પરથી થતો નથી. એમ એનો અર્થ છે. આહાહા..! કયે ઠેકાણે કઈ લખાણની અપેક્ષા, કઈ ઠેકાણે કઈ અપેક્ષા. એને (સમજે નહિ તો) ગોટો વાળે.

અહીં તો કહે છે એક શુદ્ધચૈતન્યની ભાવના-વીતરાગી પરિણતિ. વીતરાગી સ્વભાવ, એ મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. વીતરાગીસ્વરૂપ એ મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, તેની ભાવના એ વીતરાગીભાવના છે. આહાહા..! શુભ-અશુભભાવ છે એ રાગભાવના છે. આ **'શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.'** આહાહા..! **'શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના...'** એટલે પરિણતિ-પર્યાય, શુદ્ધચૈતન્યની પર્યાયભાવના નિર્મળ, શુભભાવથી રહિત એ **'મારા અનાદિ સંસારરોગનું...'** એ અનાદિ સંસારરોગ પણ પર્યાયનો મારામાં છે. મારા કીધું ને? **'મારા અનાદિ સંસારરોગ...'** આહાહા..! પરને લઈને કાંઈ છે નહિ.

**'મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઓષધ છે.'** આહાહા..! ઔષધ ક્યાંથી કાઢ્યું? **'संसाररोगस्यागद'** **'आगदमुत्तमम्'** **'आगदमुत्तमम्'** એમાંથી ઔષધ કાઢ્યું. પાઠમાં છે ને? ત્યાં ચિહ્ન કર્યું છે તે દિ'. આહાહા..! **'मुत्तमम्'** પાછું **'मुत्तमम्'** કીધું. છે ને?

મુમુક્ષુ :- ઉત્તમ ઔષધ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– હા. **'ઉત્તમ ઔષધ છે.'** આહાહા..! એ ભાવના શુદ્ધચૈતન્ય ભગવાન પરમાત્મા, એની ભાવના એ ઉત્તમ ઔષધ છે. ભવને ટાળવાનું એ ઉત્તમ ઔષધ છે, ભવરૂપી રોગ છે. આહાહા..! અહીં એમ કહ્યું નથી, કે નારકી કે તિર્યંચ જ રોગ છે. ચારે ગતિ રોગ છે, દેવગતિ પણ રોગ છે. દેવગતિ પણ રોગ છે. આહાહા..! ચારેય ગતિ તે રોગ છે. આહાહા..! એ **'મારા અનાદિ સંસારરોગ...'** ચાર ગતિનો રોગ, એને ટાળવાનું **'ઉત્તમ ઔષધ છે.'** ચૈતન્યની ભાવના. શુદ્ધ ચૈતન્યની પરિણતિ. શુદ્ધ ચૈતન્ય જે ધ્રુવ, તેની પરિણતિ એટલે નિર્મળ પર્યાય, એની ભાવના. ભાવની ભાવના. ભાવ ત્રિકાળ ધ્રુવ, તેની ભાવના. તે ઉત્તમ ઔષધ, સંસારના ત્યાગનું ઉત્તમ ઔષધ છે. ચાર ગતિના ત્યાગનું એ ઉત્તમ ઔષધ છે. દેવગતિના ત્યાગનું પણ એ ઉત્તમ ઔષધ છે. દેવગતિ પ્રાપ્ત કરવી સારી છે એમ નથી. આહાહા..!

**'અનાદિ સંસારરોગ...'** એ ચાર ગતિ અનાદિ સંસારરોગ છે. મનુષ્યગતિ એ રોગ છે. મનુષ્યગતિથી કેવળજ્ઞાન પામે, મનુષ્યગતિમાં જ પામે છે. એ સિવાય પામતો નથી. તેથી મનુષ્યગતિથી પામે? મનુષ્યગતિ તો રોગ છે. આહાહા..! **'મારા...'** પાછો શબ્દ કેવો છે? રોગ છે એ મારી પર્યાયમાં છે. **'મારા અનાદિ સંસારરોગ...'** પરની સાથે મારે શું સંબંધ છે? આહાહા..! કર્મને લઈને રોગ કરતો હતો એમ નહિ. અનાદિ સંસારરોગ મારો. આહાહા..! ચાર ગતિમાં રખડવું એ અનાદિ સંસારરોગ મારો છે. પર્યાયમાં. તેના નાશનું... આહા..! **'ઉત્તમ ઔષધ છે.'** આહાહા..!

અહીં તો મનુષ્યગતિ અને દેવગતિનો પણ નાશ (કરવાનું) ઔષધ એ શુદ્ધ ચૈતન્યભાવના છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યની ભાવના એ આ રાગના નાશનો ઉપાય છે. મને મનુષ્યપણું મળે તો હું ભગવાન પાસે જાઉં, દેવમાં જાઉં એમ વાત અહીં લીધી નથી. ચારે ગતિ રોગ છે. આહાહા..! દેવ થાઉં તો ભગવાન પાસે જાઉં, એમ લીધું નથી. એ ચારે ગતિ રોગ છે. એના નાશનો ઉપાય તો મારી ભાવના એક જ છે. આહાહા..! ભગવાન પાસે જાઉં અને સાંભળું, એ ઉપાય છે એમ ન લીધું. પંચમઆરો છે અને ભગવાન અહીં નથી તો અહીંથી મનુષ્યપણામાંથી દેવમાં જશું, ત્યાંથી ભગવાન પાસે જાશું, ત્યાં આગળ પામશું વધારે, એમ લીધું નથી. આહાહા..! દિગંબરના વચનોની તીવ્રતા છે. પંચમઆરાના શ્રોતાને કહે છે. પંચમઆરાના સાધુ પંચમઆરાના શ્રોતાને કહે છે.

**'શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.'** આહાહા..! ચૈતન્યની ભાવના એ ઉત્તમ ઔષધ છે. ભગવાનના દર્શન કરું ને ભગવાન પાસે સાંભળુ એ કાંઈ લીધું નથી. આહાહા..! ચૈતન્યમૂર્તિ જે આત્મા, એની જે ભાવના, એની સન્મુખની જે દશા, તે અનાદિ રોગને ટાળવાનો ઉપાય છે. આહાહા..! બહુ ટૂંકું કર્યું. આ સાંભળવું, વાંચવું... આહાહા..! પહેલો અશુભરાગ ટાળવો, પછી શુભરાગ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ટળશે એ વાત લીધી નથી. આહાહા..! એ શુભ અને અશુભ બેયને ટાળવાનો ઉપાય તે મારી ભાવના છે. મારા શુદ્ધ ચૈતન્યની ભાવના શુભ-અશુભરાગને ટાળવા માટેની છે. આહાહા..! એક એક શ્લોકે આખો સંસાર ઉડાડી દે છે. શુભભાવને તો થોથા કરી નાખે છે. જે અત્યારે શુભભાવ કરીએ તો આમ થાય અને આમ કરીએ તો આમ થાય.

મુમુક્ષુ :– આ કાળમાં શુભભાવ જ હોય.

ઉત્તર :– હા, વળી ઓલો ઇ કહે છે. આ કાળમાં તો શુભભાવ જ હોય. 'શ્રુતસાગર' એક (સાધુ) છે એ વળી એમ જ કહે છે. આહા..!

આ મુનિ પંચમઆરાના છે. આ શ્લોક કરનાર તો નવસો વર્ષ પહેલા (થયા) છે. પંચમઆરાના નવસો વર્ષ પહેલાના સાધુ એમ કહે છે... આહાહા..! **'મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ...'** મારી શુદ્ધ ચૈતન્યની ભાવના છે અત્યારે. આહાહા..! પાંચમાઆરા માટે પણ અનાદિ ચાર ગતિનો સંસારરોગ મટાડવા માટે પંચમઆરામાં પણ આરો-બારો કાંઈ નડતો નથી ત્યાં. મારા શુદ્ધ ચૈતન્યની ભાવના એ રોગ મટાડવાનો ઉપાય છે. પંચમઆરામાં શુભભાવ કરવો, પછી આગળ વધતા શુદ્ધ થશે એમ કહ્યું નથી. આહાહા..! આકરા વચનો છે. બહુ ટૂંકું.

**'શુદ્ધચૈતન્યની ભાવના...'** નિશ્ચય મોક્ષમાર્ગ. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ. આહાહા..! ભવના રોગને ટાળવાનો ઉપાય એ એક જ છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ બે છે એમ નથી. આહાહા..! પહેલા તો આવી ગયું ઇ. એક મોક્ષમાર્ગ. એક જ માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :– બીજો મોક્ષમાર્ગ હોય તો એને ક્યા તત્ત્વમાં નાખવો?

ઉત્તર :– બીજો મોક્ષમાર્ગ હોય તો અજીવતત્ત્વ. એ અજીવતત્ત્વ છે. જીવતત્ત્વ નથી. જીવની ભાવના નથી, જડની ભાવના છે. આહાહા..! પહેલા કહી ગયા ને? સુકૃત અને દુષ્કૃત. આહાહા..! **'સંસારના ઘોર, સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા આ લોકમાં...'** પ્રતિદિન, પ્રત્યેક કાળ. દેવલોકમાં પણ. આહાહા..! **'સંસારના ઘોર, સહજ...'** એ ઘોર પણ સહજ દુઃખ છે. **'રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા...'** આહાહા..! એમાંથી કોઈ સંસારીજીવ કાઢી નાખ્યો નથી કે દેવનો જીવ કે પૈસાવાળાનો જીવ કે અબજોપતિ જીવ છે એ બધા દુઃખથી પરિતપ્ત છે. આહાહા..!

'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' એમ આવતું નથી? 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' શરીર આદ્યં ધર્મ સાધનમ્ એમ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં આવે છે. એ બધા નિમિત્તના કથન છે. આહાહા..! વસ્તુ તો આ છે. ચૈતન્ય ત્રિકાળી આનંદનો સાગર, જ્ઞાનશરીરી પ્રભુ! એની જે ભાવના–ચૈતન્યભાવના એ સંસારરોગ ટાળવાનો એક ઉપાય છે. બાકી એ રોગ ટાળવાનો બીજો ઔષધ છે નહિ. આ એક ઔષધ છે. આહાહા..! ઉત્તમ ઔષધ કીધું ને પાછું?

મુમુક્ષુ :– લાગુ પડી જ જાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– પડે જ તે. ઔષધ જ એ છે. અને એ ઔષધથી રોગ ટળે જ તે. આહાહા..!

**'સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.'** **'મારા અનાદિ...'** સંસારના નાશને માટે શુદ્ધ ચૈતન્યની ભાવના છે. એમ કીધું ને? શુભ-અશુભરહિત પહેલું કીધું ને? **'શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના...'** આહાહા..! **'મારા અનાદિ સંસારરોગનું...'** ઓહોહો..! સર્વાર્થસિદ્ધિનો ભવ પણ રોગ છે. આહાહા..! કલંક છે એ. 'યોગસાર'માં કહ્યું છે કે ભવ છે એ કલંક છે. એ કલંકને ટાળવાનો ઉપાય શુદ્ધ ચેતનાની ભાવના છે. શુદ્ધ ચેતન વસ્તુની ભાવના એક જ વાત છે. એ ભાવના તે નિશ્ચયમોક્ષમાર્ગ છે. એ સ્વને આશ્રયે જે થાય તે નિશ્ચય મોક્ષમાર્ગ એ એક જ માર્ગ છે. આહાહા..!

**'શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના...'** ભાવના એટલે કલ્પના અને વિકલ્પ એમ નહિ. આહાહા..! કહે છે ને ઓલા? 'પ્રવચનસાર'માં આવે છે ને? સામાયિકમાં શ્રાવક હોય ત્યારે શુદ્ધભાવના હોય છે. એનો એવો અર્થ કરે છે કે શુદ્ધઉપયોગ નહિ, શુદ્ધભાવનાની કલ્પના કરે છે. ત્યાં પૂછ્યું'તું ને, ત્યાં ભાવના કીધી છે. પણ ભાવનાનો અર્થ કાંઈ કલ્પના અને વિકલ્પ નહિ. આહાહા..! ઓલો નહોતો? બ્રહ્મચારી નહિ ઓલો? 'દયાસાગર' કોણ? અહીં નહોતો બેસતો? એ આવ્યો ત્યારે (કહેતો હતો). શ્રાવકને સામાયિકમાં શુદ્ધભાવની ભાવના હોય છે. ત્યારે એ શુદ્ધભાવની ભાવના એટલે? કે એ તો કલ્પના-ભાવના. એમ નથી. ભાવના એટલે કે નિર્મળ પરિણતિ. આહાહા..!

'પ્રવચનસાર'માં ટીકામાં આવે છે, કે સામાયિકમાં શ્રાવકને પણ સમકિતીને શુદ્ધઉપયોગ આવે છે. ભાવના શબ્દે શુદ્ધઉપયોગ. આહાહા..! સમ્યગ્દર્શન છે અને સામાયિકમાં જ્યારે બેસે છે, ત્યારે કદાચ શુદ્ધઉપયોગ આવે છે. ભાવના એટલે શુદ્ધઉપયોગ. એમ વાત છે ત્યાં. ભાવના એટલે શુદ્ધોપયોગ અમને આવો એવો વિકલ્પ એનું નામ ભાવના એમ નથી. એમ આ શુદ્ધ ચૈતન્યની ભાવના એ વિકલ્પ નથી, એકાગ્રતા છે. આત્માના આનંદની, અનુભવની દશા છે. એને આ ભાવના કહે છે. આહાહા..! ભાવના એટલે વિચાર કરવો અને વિકલ્પ કરવો, ચિંતવન કરવું (એમ નથી). એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા..!

અહીં તો શુદ્ધ ચૈતન્યની ભાવના એટલે એકાગ્રતા. શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભગવાન ત્રિકાળ પરમાત્મસ્વરૂપ ધ્રુવ, તેની સન્મુખની ભાવના, એ અનાદિ સંસારરોગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૬૮

(मालिनी)

**अथ विविधविकल्पं पंचसंसारमूलं**
**शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा।**
**भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं**
**तमहमभिनमामि प्रत्यहं भावयामि।।१६८।।**

**[શ્લોકાર્થ :–] પાંચ પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના પરાવર્તનરૂપ) સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને, જે જન્મમરણ રહિત છે અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે તેને (–શુદ્ધાત્માને) હું નમું છું અને પ્રતિદિન ભાવું છું. ૧૬૮.**

**પ્રવચન નં. ૧૨૭, શ્લોક-૧૬૮-૧૬૯, ગુરુવાર, મહા વદ ૭, તા.૦૭-૦૨-૧૯૮૦**

'નિયમસાર' ૧૬૮–કળશ. ૧૬૮–કળશ.

**अथ विविधविकल्पं पंचसंसारमूलं**
**शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा।**
**भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं**
**तमहमभिनमामि प्रत्यहं भावयामि।।१६८।।**

**શ્લોકાર્થ :- 'પાંચ પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના પરાવર્તનરૂપ) સંસારનું મૂળ..'** દ્રવ્યનું પરાવર્તન, ક્ષેત્રનું, કાળનું, ભવનું અને ભાવનું એવું જે સંસારનું મૂળ, એ પાંચ પ્રકારના પરિવર્તનમાં સંસારનું મૂળ **'વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે...'** પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસાર, એનું મૂળીયું **'વિવિધ ભેદવાળું શુભાશુભ...'** એકરૂપ શુભાશુભ નથી. શુભ-અશુભભાવ વિવિધ પ્રકારે (થાય છે). શુભ પણ અસંખ્ય પ્રકારે અને અશુભ પણ અસંખ્ય પ્રકારે (થાય છે). એ બધા ભાવો પંચ પરાવર્તનનું રખડવાનું મૂળ છે. આહાહા..! દ્રવ્યના સંયોગોમાં અનંત વાર આવ્યો, ક્ષેત્રના ઉત્પત્તિમાં અનંત વાર આવ્યો, કાળના સમય સમયમાં અનંત વાર ઊપજ્યો, એક એક ભવમાં અનંત વાર ઊપજ્યો અને ભાવમાં અનંત વાર અસંખ્ય પ્રકારના શુભ-અશુભ અનંત વાર થઈ ગયા. એ બધા પાંચનું મૂળ શુભાશુભ કર્મ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. છે ને?

**'પાંચ પ્રકારના સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને,...'** એમ પ્રત્યક્ષ જાણીને... આહાહા..! આત્માના જ્ઞાનને એ શુભાશુભ વિકારનું કારણ ભાવ, એનાથી ભિન્ન જાણીને. શુભાશુભ કર્મને ત્યારે સ્પષ્ટ જાણે. પોતાનો સ્વભાવ પ્રત્યક્ષ કરે, ત્યારે તે શુભાશુભ કર્મને સ્પષ્ટ જાણે. **'જે જન્મમરણ રહિત છે...'** કેવો છે પ્રભુ આત્મા? શુદ્ધ આત્મા જે વસ્તુ છે એ તો જન્મ મરણ રહિત છે. વસ્તુ છે એમાં જન્મ પણ નથી અને મરણ પણ નથી. એ તો પર્યાયમાં જન્મ-મરણ (છે). વસ્તુ છે એ તો જન્મ-મરણ રહિત જ છે.

**'અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે...'** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ પાંચ પ્રકાર છે ને ? એનાથી છૂટકારો કરનાર છે. **'પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે...'** એ અપેક્ષાથી કથન છે. એ તો છે ઇ છે. પાંચમો ભાવ (પરમ પારિણામિકભાવ) જે છે ઇ છે. પણ એનો આશ્રય કરે, એને મુક્તિ દેનાર છે એમ કહેવામાં આવે છે. બાકી પંચમભાવ એ કંઈ મુક્તિ દેનાર નથી. પર્યાય એમાં નથી કાંઈ. પણ તેનો આશ્રય કરવાથી પાંચ પ્રકાર એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવની **'મુક્તિ દેનાર છે...'** આહાહા..! એક કોર કહેવું કે દ્રવ્ય પર્યાયને કરતો જ નથી. દ્રવ્ય પર્યાયને કરતો નથી. અહીં કહે છે કે એ પાંચ પ્રકારની મુક્તિ દેનાર દ્રવ્ય છે. એટલે કે પાંચ પ્રકારની જે મુક્તિ છે એ સ્વરૂપ જ એ છે. પાંચ પ્રકાર : દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવથી મુક્તસ્વરૂપ જ છે. એથી તે મુક્તિ દેનાર છે એમ કહેવામાં આવે છે. આહાહા..! 'પદ્મનંદી'ના કળશો બહુ ઊંચા છે. 'પદ્મનંદી' મુનિ હતા. આચાર્ય નહોતા. વળી એક જણાને મુનિનું માન્ય નહિ. મુનિનું માન્ય નહિ અને આચાર્યનું માન્ય. કારણ કે આમાં કઠણ વાત છે ને ? એની માનેલી વ્યવહારની વાતનો તો ભૂકો ઊડી જાય. એટલે એ એમ કહે કે મુનિની (વાત માન્ય) નહિ. એક જણો એમ કહે છે. આહાહા..!

એવો જે શુદ્ધાત્મા, તેને આશ્રયે પંચ પ્રકારની મુક્તિ–દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવની થાય છે. તેથી તે મુક્તિનો દેનાર છે એમ હું કહેવા માગું છું, કહે છે. અને **'તેને (–શુદ્ધાત્માને) હું નમું છું...'** મુક્તિને દેનાર છે, તેને હું નમું છું. એ પર્યાય છે. પંચમભાવ ત્રિકાળીભાવ એ તો શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એકલો પવિત્રતાનો પિંડ (છે). એમાં કોઈ પર્યાયનો પ્રવેશ કે પર્યાયનો વ્યય એમાં છે નહિ. પણ એનો આશ્રય પર્યાય લે છે. તો એ પર્યાય આશ્રય લે છે, એથી શુદ્ધાત્મા પોતે મુક્તિ દેનાર છે. એમ કહેવામાં આવે છે. સમજાય છે આમાં કાંઈ? શુભકર્મ મુક્તિ દેનાર નથી, પર્યાય મુક્તિ દેનાર નથી, શુદ્ધાત્મા મુક્તિ દેનાર છે એમ કહે છે.

મુમુક્ષુ :– આશ્રય થાય છે.

ઉત્તર :– આશ્રય થાય છે એટલે. આહાહા..! એ તો છે એ છે. પણ જ્યારે ખ્યાલમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું ત્યારે એણે મુક્તિ દીધી એમ કહેવામાં આવે છે. ખ્યાલમાં આવ્યું કે આ ચીજ તો પરમાત્મસ્વરૂપ, ભગવતસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે. આબાળ-ગોપાળ જીવનો, બાળકથી માંડીને વૃદ્ધ, સ્ત્રી-પુરુષના દેહ એ તો જડના છે. અંદર વિકલ્પ છે એ કર્મજાળ છે. હવે એ વસ્તુ જે છે, એ મુક્તિનો દેનાર છે એમ કહેવું છે. મુક્તિનો દેનાર... દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ પાંચ પ્રકાર. એ મુક્તિનો દેનાર એ પંચ પ્રકાર સંસારનું મૂળ, શુભાશુભ કર્મ... આહાહા..! પાંચ પ્રકારના પરિવર્તનનું મૂળ શુભાશુભ કર્મ અને પાંચ પ્રકારની મુક્તિનો દેનાર શુદ્ધાત્મા. આ બે વાત લીધી. સમજાય છે કાંઈ? આહાહા..!

પાંચ પ્રકારના રખડવાનું મૂળ શુભાશુભ કર્મ. પરિભ્રમણની પર્યાય જે થાય છે, એ પણ સ્વતંત્ર છે. એ કાંઈ શુભાશુભ કર્મથી થાય છે? કર્મ તો જડ પર છે. પણ અહીં તો બેનો સંબંધ કહેવો છે. એ શુભાશુભ કર્મ જ પરિભ્રમણનું કારણ છે. અને મુક્તિનું કારણ શુદ્ધાત્મા છે. બસ, આ. આહાહા..! શુદ્ધાત્માને જે પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે. પાંચ પ્રકાર કોણ ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ. પાંચેયથી છૂટકારો દેનાર છે. એટલે પાંચેય પ્રકાર એમાં છે નહિ. છે નહિ માટે એને આશ્રયે પાંચ પ્રકારથી મુક્તિ થાય છે. તેથી તેને મુક્તિ દેનાર છે એમ કીધું છે. આવું ઝીણું છે.

**'તેને (–શુદ્ધાત્માને) હું નમું છું...'** આહાહા..! એ પર્યાય છે. મુક્તિ દેનાર છે એમ જે કીધું છે એ દ્રવ્ય છે. પણ નમું છું અને મુક્તિ જે છે ઇ પર્યાય છે. આહાહા..! મુક્તિ દેનાર જે છે એ દ્રવ્યસ્વભાવ છે. અહીંયાં પાંચ પરાવર્તનનું પરિભ્રમણ શુભકર્મ છે. બેય નિમિત્તથી કથન છે. આહાહા..! ટૂંકુ કથન કરવું છે એમાં બીજું શું કરે ? એવા **'(–શુદ્ધાત્માને) હું નમું છું...'** એવો જે પાંચ પ્રકારના પરિવર્તનથી મુક્તિ દેનારો, એવો જે શુદ્ધાત્મા, તેને હું નમું છું. એ પર્યાય છે. **'અને પ્રતિદિન ભાવું છું.'** આહાહા..! પ્રતિદિન એટલે સમયે સમયે મારી ભાવના તો એ પંચમભાવ તરફ જ છે. સમજાય છે કાંઈ?

ત્રિકાળી જે જ્ઞાયકભાવ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ પોતે પરમેશ્વરરૂપ જ છે. દ્રવ્ય છે એ તો પરમેશ્વરસ્વરૂપ જ છે, ત્રિકાળ નિરાવરણ છે. તેવા ભગવાનઆત્માને મુક્તિ દેનાર છે, તેવાને હું નમું છું. આહાહા..! એવો જે શુદ્ધાત્મા તેમાં નમું છું એટલે તેમાં મારું વલણ છે એમ કહે છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન સદા નિત્ય નિરંજન નિરાકાર, જેમાં પર્યાયનો પણ સ્પર્શ નથી. આહાહા..! એવો જે શુદ્ધાત્મા તે મુક્તિનો દેનાર છે અને તેને **'હું નમું છું અને પ્રતિદિન (તેને હું) ભાવું છું.'** એમ કહેતા કહે છે, કોઈ સમય પણ પંચમભાવના આશ્રય વિના રહેતો નથી. આહાહા..!

મોક્ષના લેનારને કોઈ એક પણ સમય પંચમભાવના આશ્રય વિનાનો હોતો નથી. આહાહા..! ગમે તેટલા પ્રસંગમાં હો, સમકિતી લડાઈમાં ઊભો હોય, છતાં અંદર આશ્રય તો દ્રવ્યનો છે. આહાહા..! આવો ઉપદેશ ! 'શાંતિભાઈ'! આમાં કાંઈ હીરા-માણેકમાં આવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ આવે નહિ. આહાહા..! અહીં તો અત્યારે તો બહારમાં પણ ક્યાં આવે છે? સંપ્રદાયમાં પણ ગોટા ઉઠ્યા છે. આહાહા..!

આ મહાપ્રભુના વખાણ છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન એ મુક્તિનો દેનાર છે. આહાહા..! એને આશ્રયે મુક્તિ થાય છે ને? એથી એ દેનાર છે એમ કહેવામાં આવે છે. આહા..! અને શુભ-અશુભ કર્મ તો જડ છે. પરિભ્રમણની પર્યાય છે એ તો અરૂપી વિકારી છે. છતાં એ શુભાશુભ કર્મ પાંચ પરાવર્તનનું કારણ છે, ત્યારે ભગવાનઆત્મા પાંચ પ્રકારની મુક્તિનું કારણ છે. આહાહા..! અંદર કેટલું ભર્યું છે! આવું છે. હવે આમાં દયા, દાન, વ્રત, ભક્તિ ને એનાથી ધર્મ (થાય). અત્યારે તો આખું એ ચાલ્યું છે. એનાથી વિરુદ્ધ કહે તો એ નહિ. આહાહા..!

એ પ્રભુ મુક્તિનો દેનાર છે, તે પ્રભુને હું નમું છું અને તેને પ્રતિદિન, તેને હું પ્રતિક્ષણે ભાવું છું. કોઈ પણ સમય તેના આશ્રય વિનાનો કે તેની ભાવના વિનાનો નથી. આહાહા..! આવો માર્ગ છે. પ્રતિદિન એટલે દરેક સમયે. આહા..! પ્રત્યેક દિને, પ્રત્યેક દિવસે એટલે પ્રત્યેક સમયે. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને હું પ્રતિદિન નમું છું અને ભાવું છું. તેમા જ મારું વલણ છે અને એની જ મને ભાવના છે. આહાહા..! શુભાશુભ કર્મની વાત તો મૂકી દીધી. એ તો શુભ પરિણામ પણ પરાવર્તનનું કારણ છે. ત્યારે ભગવાન મોક્ષનું કારણ છે. આહાહા..! ૧૬૮ શ્લોક (પૂરો) થયો.

## શ્લોક-૧૬૯

(मालिनी)

अथ सुललितवाचां सत्यवाचामपीत्थं
न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम्।
तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः ।।१६९।।

**[શ્લોકાર્થ :–] આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી; તોપણ ગુરુના વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૬૯.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૬૯ ઉપર પ્રવચન

૧૬૯.

अथ सुललितवाचां सत्यवाचामपीत्थं
न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम् ।
तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः ।।१६९ ।।

આહાહા..! 'શ્રીમદે' એમ કહ્યું છે, સત્ સરળ છે, સત્ સર્વત્ર છે, સત્‌ની પ્રાપ્તિ સહેલી છે. એને બતાડનાર ગુરુ જોઈએ. એ અહીં લીધું છે. બતાડનાર ગુરુ જોઈએ. પાત્રતા તો એની પોતાની છે.

**શ્લોકાર્થ :- 'આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ...'** જેની આદિ નથી, શરૂઆત નથી. છે એની શરૂઆત શી? આહાહા..! કર્તા તો ઉડાવી દીધો, પણ અનાદિ પોતે શુદ્ધ શુદ્ધ અનાદિ (છે). **'આદિ-અંત રહિત...'** ભવિષ્યનો અંત અને ભૂતના આદિ વિનાની ચીજ છે. **'એવી આ આત્મજ્યોતિ સુલલિત (સુમધુર) વાણીનો...'** મીઠી મધુરી વાણીનો પણ એ વિષય નથી. આહાહા..! **'સુલલિત (સુમધુર) વાણીનો...'** વળી એક કોર કહેશે, ગુરુથી મળશે. ગુરુના વચનો વડે પામીને. વળી વચન ત્યાં લીધા. અહીં ના પાડી. એ **'સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી;...'** આહાહા..! મીઠી મધુરી વાણી કે સાચી વાણી... આહાહા..! સત્ય વાણી, એનો પણ વિષય નથી. આહાહા..! એવો એ ભગવાન મધુર વાણી, સત્ય વાણી, સાચી વાણી. સાચી વાણી વીતરાગની... આહાહા..! એ વાણીનો પણ એ પ્રભુ વિષય નથી. આહાહા..!

મુમુક્ષુ :– વાચ્ય-વાચક સંબંધ છે ને?

ઉત્તર :– એ નિમિત્તથી કથન આવે. અભિધેય-અભિધાન આવે છે ને પહેલા? શરૂઆતમાં. નિમિત્તથી છે. બાકી તો વચનાતીત, વિકલ્પાતીત (છે). સત્ય વાણીનો પણ વિષય નથી એમ કીધું ને? એકલી વાણીનો વિષય નથી એમ ન કહ્યું. સાચી વાણીનો પણ વિષય નથી. આહાહા..! વાણી જડ, પ્રભુ ચૈતન્ય આનંદ છે. ઇશારાથી વાત થાય. કારણ કે પોતાની જાતથી વાણી વિરુદ્ધ છે. એ સાચી વાણી હોય તોપણ એનો એ વિષય નથી. આહાહા..! સવારમાં તો આવ્યું હતું, કે દ્રવ્યશ્રુત સંસારથી મુક્ત થવામાં સમર્થ છે. દ્રવ્યશ્રુત આવ્યું હતું ને? એ નિમિત્તથી કથન છે. અહીં કહે છે, સત્ય વાણીનો વિષય નથી. ત્યાં કહ્યું કે એ વાણી ત્યાં કામ જ નથી કરતી. આહાહા..! વાણીથી અતીત છે, વાણીથી ભિન્ન છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– કથંચિત્ વક્તવ્ય કહેવાય.

ઉત્તર :– કહેવાય. સપ્તભંગી છે ને? ૪૭ નય આવી છે ને? ૪૭ નય. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. નામથી પણ જણાય છે એમ ત્યાં કહ્યું. આહાહા..! નામ એક સત્ય નામ, સત્ય સ્થાપના, સત્ય દ્રવ્ય અને સત્ય ભાવ એનાથી જણાય એવો છે. ૪૭ નય. 'પ્રવચનસાર'. અહીં ના પાડે છે. કઈ અપેક્ષા તે જાણવી જોઈએ. ત્યાં નિમિત્તની અપેક્ષાથી કથન છે. અહીં સ્વતંત્ર... વાણીનો વિષય શું? વાણી જડ, પોતે ચૈતન્ય ભગવંત, વાણી અચેતન માટી, અને આ પરમાત્મ માટી, પરમાત્મનો ધણી. આહાહા..! એ સત્ય વાણીનો વિષય કરી શકતી નથી. આહાહા..! કઈ અપેક્ષાએ કથન છે? એમ એને જાણવું જોઈએ ને.

**'સત્ય વાણીનો પણ...'** પણ કીધું ને? એટલે શું? કે મધુર વાણીનો વિષય તો નથી. મીઠી મધુર વાણીનો વિષય નથી પણ **'સત્ય વાણીનો પણ...'** એક બીજો આ પણ. એમ. **'સત્ય વાણીનો વિષય નથી;...'** આહાહા..! વીતરાગની વાણી સત્ય વાણી છે. આહાહા..! એનો પણ વિષય નથી. આહાહા..! અને 'સમયસાર'માં એમ જણાવ્યું, કે દ્રવ્યશ્રુતથી જે પ્રાપ્ત થઈ શકે એવું સામર્થ્ય છે. દ્રવ્યશ્રુતમાં એવું સામર્થ્ય છે. એમ બતાવ્યુ ને? ભાઈ! દ્રવ્યશ્રુતનું સામર્થ્ય એવું છે, છતાં એના જ્ઞાનથી પણ તે પ્રાપ્ત થઈ શકતું નથી. એનાથી પણ મળ્યો નહિ. દ્રવ્યશ્રુત મળ્યું, સત્શ્રુત મળ્યું, સત્શ્રુત કાને પડીને જ્ઞાન પણ તે પ્રકારનું પરલક્ષી થયું. પરલક્ષી. આહાહા..! છતાં એ વાણીથી મળે એવો નથી. ત્યાં વાણીનું સામર્થ્ય કીધું. આવ્યું હતું ને? ભાઈ! વાણીના સામર્થ્યે, વાણીમાં સામર્થ્ય છે. દ્રવ્યસૂત્રમાં દ્રવ્યશ્રુતનું સામર્થ્ય છે. એનાથી પણ એ પામ્યો નહિ. એમ આવ્યું હતું ને? આહાહા..! શું એની વાણી! અલૌકિક વાણી છે.

મુમુક્ષુ :– પરલક્ષી જ્ઞાનમાં પણ કાંઈક ખ્યાલ આવે?

ઉત્તર :– પરલક્ષી જ્ઞાનમાં કાંઈ ન મળે. એ પરાધીન પરમાં જાય છે. જેને સમજવા માટે પરલક્ષી જ્ઞાનની પણ અપેક્ષા નથી. અહીં સત્ય વાણીનો પણ વિષય નથી. ત્યાં કહ્યું કે દ્રવ્યશ્રુતનું સામર્થ્ય છે. સાકરવાળું દૂધ એને પીવાથી સર્પનું ઝેર મટે એવું છે. છતાં એનાથી પણ એનું ઝેર મટ્યું નહિ. આહાહા..! આવ્યું હતું ને? સાકરવાળું દૂધ. સર્પ પોતાની મેળે તો ઝેર છોડતો નથી પણ સાકરવાળું દૂધ પીને પણ છોડતો નથી. આહાહા..! એમ આત્મા પોતાની મેળાએ તો છોડતો નથી પણ જે દ્રવ્યસૂત્ર છે, સમર્થ છે... આહાહા..! એને જ્ઞાન કરાવવામાં નિમિત્ત રીતે સમર્થ છે. એનાથી પણ છૂટ્યો નથી. દ્રવ્યશ્રુતનું જ્ઞાન કર્યું, ધારણા કરી, અગિયાર અંગ ભણ્યો, એમાં આ વાત આવી ગઈ. પંચમભાવ આવો છે, ફલાણું આવું છે એ બધું. પણ તે વાત ધારણામાં રહી. આહાહા..! અંતરમાં સ્પર્શ કર્યો નહિ, અંતર્મુખ જોયું નહિ. જેને સત્ય વાણીની પણ અપેક્ષા નથી. ત્યાં સમર્થ કીધું હતું. અહીં વાણીની જરૂર નથી એમ કહે છે. આહાહા..! સવારે કાંઈક અને બપોરે કાંઈક.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમારે 'ફાવાભાઈ' કહેતા. 'ફાવાભાઈ'. બુદ્ધિ સાધારણ. મગજ કામ કરે નહિ એટલે જાડી બુદ્ધિ. એનો છોકરો અત્યારે કરોડપતિ થઈ ગયો છે. એ બધા છે સાધારણ. એ તો પુણ્યની વાતું છે. પુણ્ય એ નિમિત્ત છે. એ પૈસો ત્યાં આવવાનો હતો એ ઉપાદાનની પર્યાયને કારણે આવ્યો. શાતાવેદનીયનું નિમિત્ત છે. નિમિત્ત એ પૈસાને ખેંચી લાવતું નથી. આહાહા..! ફક્ત એનું નિમિત્ત કોણ હોય એ બતાવ્યું છે. એના બુદ્ધિબળથી પૈસો આવે એમ નહિ એ બતાવવા શાતાવેદનીયના ઉદયથી પૈસો આવે છે. અંતરાયના ક્ષયોપશમથી આવે છે એમ વાત કરી છે. બાકી તો તે પરમાણુ ત્યાં આવવાના... આવવાના... આવવાના.. આવવાના. એની ક્રિયાવતી શક્તિથી ત્યાં આવવાના તે આવ્યા. આહાહા..! આવું છે.

કહ્યું કે દ્રવ્યશ્રુતમાં જેમ સાકરવાળા દૂધમાં ઝેર છોડવાની તાકાત છે. તો સર્પે પોતાની મેળે ઝેર છોડ્યું નહિ, સાકરવાળા દૂધથી છોડ્યું નહિ. એમ પોતાની મેળાએ તો સમજ્યો નહિ પણ જે દ્રવ્યશ્રુત વીતરાગની વાણી, દ્રવ્યશ્રુત હોં! સર્વજ્ઞની વાણી. એ સિવાય કોઈ વાણીને અહીં વાણી કીધી નથી. કલ્પિત બનાવેલા શાસ્ત્રો એ વીતરાગની વાણી નથી. આહાહા..!

મુમુક્ષુ :– ભુતનૈગમનયને નિમિત્ત કહેવાય?

ઉત્તર :– એ ખોટા શાસ્ત્ર નિમિત્ત પણ નહિ.

મુમુક્ષુ :- સાચા શાસ્ત્ર.

ઉત્તર :- સાચા. એ તો કીધું ને. એનું ઝેર છોડાવવામાં સમર્થ છે. સંસાર છોડાવવા એ સમર્થ છે. એવી દ્રવ્યશ્રુતમાં તાકાત છે એમ કીધું. એમ કીધું ને? ભાઈ! અહીં ના પાડે છે. કઈ અપેક્ષા છે? બાપા! આહાહા..! સત્ય વાણીનો વિષય એ નથી. એ તો અંતરના અનુભવનો વિષય છે. 'રાજમલ'ટીકામાં આ લખે છે. શી રીતે કહેવું એને? કોઈ રીતે કહી શકવાની વિધિ નથી લાગતી. પણ આમ ટૂંકું કહીએ કે જ્ઞાન અંદર એકાગ્ર થાય છે એટલી વાત કરીએ. બસ! લ્યો.વસ્તુ છે એ પોતે અંદર એકાગ્ર થાય છે એટલી વાત કરીએ છીએ. 'કળશટીકા'માં છે. 'રાજમલ'ની ટીકા છે ને?

મુમુક્ષુ :– પોતે તો પોતાનું માપ કાઢી શકે ને?

ઉત્તર :– શબ્દથી કાઢે નહિ, જ્ઞાનથી કાઢે. વીતરાગની વાણીથી પણ કાઢે નહિ. છતાં એ પાછું કહેશે.

**'સત્ય વાણીનો પણ વિષય નથી; તોપણ...'** છે ને? આહાહા..! **'સત્ય વાણીનો પણ વિષય નથી; તોપણ ગુરુનાં વચનો વડે તેને પામીને...'** વળી વચનો આવ્યા. નિમિત્તથી કથન છે. એનો અર્થ એ કે એને ગુરુના વચનો મળવા જોઈએ. પ્રભુ! તું પૂર્ણ છો, પરમાત્મા છો, નાથ! ભગવાન છો. તને આ શું થયું? એવા ગુરુના વચનો આવવા જોઈએ. એમ કહે છે. આહાહા..! તું અપૂર્ણ નથી, વિકારી નથી, તને કોઈએ રોક્યો નથી. તું તને સમજ્યા વિના રોકાયેલો છો. હવે તું તને તારી શક્તિથી છોડ. તારું સ્વરૂપ તો પરમાત્મા છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! જે ક્ષણે જણાય ત્યારે એ તો પરમાત્મા જ છે. એ પોતાના સંગથી જણાય છે પણ એને બતાવનાર ગુરુનું વચન દેશનાલબ્ધિ જોઈએ એટલી વાત છે. આહાહા..!

‘શ્રીમદ્દે’ એમ કહ્યું છે, ‘સત્ સરળ છે, સર્વત્ર છે, પણ બતાવનાર ગુરુ જોઈએ.’ એમ લખ્યું છે. એના પત્રમાં છે. અપેક્ષાથી કથન છે. આહાહા..! ગુરુના વચનો, કેવળીના વચનો અનંત વાર મળ્યા, છતાં પોતાને પ્રાપ્ત ન કર્યો. પણ પ્રાપ્ત કરે એને ગુરુની વાણી હોય છે. આહાહા..! **‘ગુરુના વચનો વડે...’** જોયું? ઓલામાં ના પાડે કે **‘સત્ય વાણીનો વિષય નથી; તો પણ ગુરુના વચનો વડે...’** એને બતાવનાર, ઈશારો કરનાર જોઈએ એમ કહે છે. તું પ્રભુ છો, ભગવંત છો એમ ઈશારો કરનાર જોઈએ. એટલી વાત છે. આહાહા..!

તું પરમાત્મા છો, પ્રભુ! પૂર્ણ પરમાત્મા પરમેશ્વરમાં અને તારી તાકાતમાં કાંઈ ખામી નથી. ૩૮ ગાથામાં કહ્યું છે ને? પોતાના પરમેશ્વરને ભૂલી ગયો. ૩૮ ગાથામાં આવે છે. આહાહા..! પોતાનો પરમેશ્વર, એને પોતે ભૂલી ગયો. એ ભૂલ પોતે ટાળે. પણ તેને ગુરુના વચનો હોય છે. છતાં એ ગુરુના વચનો તરફનું જે લક્ષ છે, એ જ્ઞાન પણ હજી પરલક્ષી છે. પણ એમાં ઇશારો આવ્યો હતો કે તું પ્રભુ છો, પૂર્ણ છો, પરમાત્મા છો, પરમેશ્વર છો, ભગવંત છો. આહાહા..! પંચમભાવ પરમાત્મસ્વરૂપ જ છે. એટલી વાણી આવી હતી એનો એટલો ઇશારો અહીં પામવામાં વાત કરી છે. આહાહા..!

**‘ગુરુના વચનો વડે તેને પામીને...’** આહાહા..! બીજી રીતે કહીએ તો આ કેમ મૂક્યું? કે ગુરુ એના આત્માના તત્ત્વને જ બતાવે છે. એને રાગથી લાભ થાય કે આનાથી લાભ થાય એ નથી બતાવતા એટલો ફેર પાડવા વાત કરી છે. શું કહ્યું? ગુરુ એને વીતરાગતા બતાવે છે. ગુરુ એને શુભકર્મથી કર અને મારી ભક્તિ કર તો તને લાભ થાશે એમ ગુરુ બતાવતા નથી. આહાહા..! શું એની શૈલી! શું વચનની રચના! દ્રવ્યશ્રુતની રચના પણ જુઓ તો ખરા! આહાહા..!

**‘ગુરુના વચનો વડે તેને પામીને...’** વચનો વડે તેને પામીને. એનો અર્થ ઇ કે ગુરુએ પરમાત્મસ્વરૂપ જ બતાવ્યું છે. અમારાથી થશે અને રાગથી થશે, શુભકર્મ કરવાથી થશે, અમારી ભક્તિ કરવાથી થશે એમ ગુરુએ કહ્યું નથી. એથી ગુરુની વાણીથી પામીને એમ કહ્યું છે. ગુરુએ એને વીતરાગતાથી તને તારો (આત્મા) મળશે (એમ બતાવે છે). આહાહા..! એ ‘આત્મઅવલોકન’માં આવે છે. મુહુ મુહુ. ગુરુ વારંવાર વીતરાગતાની જ વાત કરે છે. ‘આત્મઅવલોકન’માં ગાથા આવે છે. વીતરાગ... વીતરાગ... વીતરાગ.. રાગના ગંધની વાત નહિ, કે શુભક્રિયાનો રાગ છે માટે કાંઈક તને અંદર અશુભમાંથી શુભમાં આવતા તને અંતરમાં પામવાને સરળતા થશે એમ પણ નહિ. આહાહા..! અહીંયાં એવા ગુરુના વચનો કહ્યા. સમજાણું કાંઈ? આહાહા..!

**‘સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી;...’** આહાહા..! છતાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તોપણ ગુરુના વચનો વડે...'** વજન આનું આ કારણે છે, કે ગુરુ એને વીતરાગસ્વભાવ બતાવે છે. મારાથી પમાશે કે રાગથી પમાશે એમ ગુરુ કહેતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી ગુરુ શું કહે છે?

ઉત્તર :- વીતરાગભાવ કહે છે ઇ. તું પરમાત્મા છો એમ કહે છે. તને મારી પણ જરૂર નથી એમ ઇ કહે છે.

મુમુક્ષુ :- તું પરમાત્મા છો એમ કહે.

ઉત્તર :- એ તો થયું, એનો અર્થ થયો કે એને પરની જરૂર નથી. એમ એને વીતરાગ... ચૈતન્ય વીતરાગમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ છો. તને રાગની મંદતાથી લાભ થાય એ ચીજ તું નથી. તને રાગની અપેક્ષાથી મળે એવો તું નથી. તું તો વીતરાગભાવથી મળે એવો તું છો. એમાં વીતરાગભાવથી મળે એવો છો એમ કહેતા અમારા તરફના લક્ષથી મળે એવો નથી. એ પણ એના વચનમાં આવી જાય છે. આહાહા..! ગજબ વાત કરી છે ને!

એક તો મધુર વચનો અને.. આહાહા..! સત્ય વાણીનો વિષય નહિ. વળી કહે છે.. સ્યાદ્વાદ વીતરાગની વાણી, અપેક્ષાએ વાત છે. એમાં હેતુ આ છે. ગુરુ એને કોઈ રીતે બીજું પડખું ન બતાવતા તું પરમાત્મા છો. તારી નજરને આળસે બાકી રહી ગયું છે, બસ. એમ બતાવે છે. એવું બતાવનાર ગુરુ આ જ બતાવે. ગુરુ વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી આ થાય એમ બતાવે એ ગુરુ નહિ, એમ કહે છે. આહાહા..! **'ગુરુના વચનો વડે તેને પામીને...'** એનો અર્થ આ. આહાહા..! ગુરુના વચનો આવા હોય છે. તને અમારી ભક્તિથી થશે એ ગુરુના વચન નહિ. આહાહા..! તને રાગની મંદતાથી,... આ કોણ નથી આવ્યું?

મુમુક્ષુ :- કાંતિભાઈ જોડિયાવાળા.

ઉત્તર :- હા. 'જોડિયાવાળા'. કેમ નથી આવ્યા? સમજાણું આમાં?

એક કોર કહે છે, કે વીતરાગની, મુનિઓની સાચી વાણી, એનાથી પમાય નહિ. અને બીજી રીતે કહે છે, કે ગુરુના વચનને પામીને પમાય છે. આહાહા..! એ હોય છે અને હેતુ આ છે, કે એની વાણીમાં... આહાહા..! વીતરાગતા... વીતરાગતા... વીતરાગતા... પ્રભુ! તું વીતરાગસ્વરૂપ છો. વીતરાગદશાથી તેની પ્રાપ્તિ થાય. પરના લક્ષે અને પરની અપેક્ષાએ તને પ્રાપ્તિ ન થાય. એવું ગુરુનું વચન હોય એમ બતાવવા એના વડે પામે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતે શાસ્ત્ર વાંચીને સમજી શકે છે કે નહિ?

ઉત્તર :- ગુરુનો ઉપદેશ જોઈએ. પહેલા કીધું ને.

**'સત્ય વાણીનો પણ વિષય નથી;...'** પણ ગુરુનો કહેવાનો આશય આ છે કે એ સીધો પરમાત્માને જ બતાવે છે. એ વાણી ગુરુની કહેવાય. એ વાણી વીતરાગના શાસ્ત્રની છે. આહાહા..! સત્ય વાણીનો પણ વિષય નથી છતાં ગુરુ એનું ગુરુપણું બતાવે છે. તું પરમેશ્વર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છો, તું પ્રભુ છો, તું ભગવત્‌સ્વરૂપ છો, તું અનાદિઅનંત અચળ જ્યોતિ બિરાજમાન શાશ્વત ટંકોત્કીર્ણ તત્ત્વ છો. આહાહા..! શું એની શૈલી! બેય વાણીની એક કોર ના પાડે. લલિતવાણી અને સત્યવાણીની ના પાડે. એક બાજુ દ્રવ્યશ્રુતનું સામર્થ્ય છે કે તેને જ્ઞાન પામે. પણ છતાં જેમ સાકરવાળું દૂધ ઝેરને છોડે છતાં ઝેર છોડતો નથી. એમ બતાવવા વાણી એને મળી, છતાં એ છોડતો નથી. વાણીમાં કહેવાનો આશય જે છે એ પકડતો નથી અને એને છોડતો નથી. આહાહા..! પોતાના પક્ષને ક્યાંક અટકાવે છે. અંદર ક્યાંક પણ અટકે છે. આટલું કરું તો થાય... આટલું કરું તો થાય.. આટલું કરું તો થાય. ગુરુ એમ કહેતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુ વચનો તો કહે છે.

ઉત્તર :– કીધું ને. વચનનું નિમિત્ત કીધું. પણ નિમિત્તમાં આમ બતાવે એવું એ વચન છે. એની જે પરમાત્મસ્વરૂપ સ્થિતિ છે, તેને તે બતાવે છે એટલું એક વચન છે. છતાં તેનાથી પામતો નથી. અહીં એનાથી પામે છે એમ કહેવામાં કે એણે વીતરાગતા બતાવી છે. તેથી વીતરાગતાને પામ્યો એટલે એનાથી પામ્યો એમ કહેવામાં આવે છે. કારણ કે બીજા સરાગથી, રાગથી અને શુભકર્મથી, વ્યવહાર કરતા કરતા થાશે એ બતાવનાર તે ગુરુ નહિ. આહાહા..! આ દિગંબર મુનિ. એની વાણી તો જુઓ! આહાહા..!

**'ગુરુનાં વચનો વડે...'** આહાહા..! એનો અર્થ ઇ, કે ગુરુ એને એકદમ વીતરાગપણું જ બતાવે છે. અમારા શબ્દોની પણ તને જરૂર નથી, અમારી વાણીની પણ તને જરૂર નથી, એમ એ બતાવે છે. આહાહા..! સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ છો. ટંકોત્કીર્ણ એવું ને એવું ચિદ્‌ઘન. આહાહા..! ચિદઘન વજ્ર. જેમાં વિકલ્પનો પ્રવેશ નથી, એવો ચિદ્‌ઘન વજ્ર છો તું. એમ ગુરુ બતાવે છે તેથી ગુરુની વાણીથી પામે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

સવારે તો એ કહ્યું, કે એનું ઝેર ટાળવાને દ્રવ્યશ્રુતમાં પણ સમર્થ છે. પણ એનાથી પણ ટાળતો નથી. સાકરવાળું દૂધ ઝેરને ટાળવા સમર્થ છે એ પણ ટાળતું નથી. એમ વીતરાગની વાણી, એ અજ્ઞાનનું ઝેર ટાળવાને સમર્થ છે. આહાહા..! છતાં એ પણ સાંભળ્યું, ધારણામાં કર્યું, પણ અંદરમાં પ્રવેશ કર્યો નહિ. ધારણામાં વાત રાખી, ધારણામાં વાત રાખી તો અગિયાર અંગ અનંતવાર ધાર્યાં. એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ગંભીર વાણી છે, ભાઈ!

**'જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...' 'ગુરુના વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...'** જુઓ! શું કીધું? એમાં ન્યાય આપ્યો, કે ગુરુએ શુદ્ધ દૃષ્ટિ કરવાની જ એને વાત બતાવી છે. એથી શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. આહાહા..! **'ગુરુનાં વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...'** એનો અર્થ કે ગુરુએ એને શુદ્ધ દૃષ્ટિની જ વાત કરી છે. ત્રિકાળી પરમાત્માને પામ, ત્યાં દૃષ્ટિ કર. મોજૂદ ચીજ પડી છે. છે તેની હયાતી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. બીજો કોઈ એનો ઉપાય નથી. એવા **'ગુરુના વચનો વડે તેને પામીને જે શુદ્ધ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**દૃષ્ટિવાળો થાય છે,...'** એ શુદ્ધદૃષ્ટિ એણે બતાવી હતી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ગુરુનાં વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...'** આહાહા..! બતાવનારને પણ ઓળખ્યા, બતાવનારની વાણી કેવી એને પણ ઓળખી અને વાણીમાંથી કીધેલો ભાવ એને ઓળખ્યો. તે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. એ શુદ્ધદૃષ્ટિથી એમણે કથન બતાવ્યું છે. ત્રિકાળી ભગવાનને પકડ, એમ કહ્યું તો એવો પામીને શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. આહાહા..! જે ગુરુએ કીધું હતું તે પ્રમાણે થાય છે. આહાહા..! આવી વાત. હવે અત્યારે વિરોધ કરે. વ્યવહારથી થાય. આ વ્યવહારથી ન થાય તો આમ થાય. વીતરાગની વાણી નિમિત્ત છે અને એને લઈને જ્ઞાન થાય. નિમિત્તથી જ્ઞાન ન માને તે મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– દિવ્યધ્વનિથી થાય.

ઉત્તર :– દિવ્યધ્વનિથી થાય. અહીં તો કહે છે, ગુરુની વાણીથી થતું નથી. પણ ગુરુની વાણી દિવ્યધ્વનિમાં આ આવ્યું. પરમાત્મા છો તેને પામ, બસ. એ આવ્યું. એથી એને વાણીથી પામ્યો એમ કહેવામાં આવ્યું. કેમકે વાણીમાં એ આવ્યું હતું તેવું તે પામ્યો, તેથી વાણીથી પામ્યો એમ કહેવામાં આવ્યું. આહાહા..!

મુમુક્ષુ :– વાણીથી પામ્યો નહોતો?

ઉત્તર :– એ થતું નથી. પણ એને બતાવ્યું છે તે થયું. પોતે કર્યું એ જ બતાવ્યું હતું. શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે એમ કીધું ને? શુદ્ધ દૃષ્ટિ એટલે ત્રિકાળની દૃષ્ટિ, ત્રિકાળી શુદ્ધ આત્માની દૃષ્ટિ. આહાહા..!

મુમુક્ષુ :– પામી જાય તો વાણીનો ઉપચાર લાગુ પડે.

ઉત્તર :– ત્યારે તો એ નિમિત્ત કહેવાય. અહીં તો વજન ગુરુએ શું કહ્યું એ વજન છે. તે શુદ્ધ દૃષ્ટિવાળો થયો તે એણે કહ્યું હતું. એ વાત ઉપર વજન છે. વાણીથી થાય એમ વજન નથી. 'લાલચંદભાઈ'! આહાહા..! કહેવાનો આશય આ (છે). પંડિતજી! આહાહા..!

મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' એનો આશય આ છે. જે બતાવ્યું હતું તે પામ્યો. પામ્યો તે બતાવ્યું હતું. તેથી તે શુદ્ધ દૃષ્ટિવાળો થયો. શુદ્ધ દૃષ્ટિ કરાવવી હતી. વાણીમાં એને શુદ્ધ દૃષ્ટિ જ કરાવવી હતી. ત્રિકાળીને દૃષ્ટિ કર, ત્રિકાળીને માન, ત્રિકાળીને અનુભવ, ત્રિકાળીને જો, ત્રિકાળીને પ્રતીત કર. એ એની વાણીમાં આવ્યું હતું. આહાહા..! એ શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. આહાહા..! એમ કહીને એમ પણ કહ્યું, કે ગુરુ આ બતાવે એવા ગુરુ મળવા જોઈએ. એમ કહે છે. એના પુણ્યનો યોગે પણ એવા ગુરુ એને મળવા જોઈએ, કે જે એ વીતરાગતાની દૃષ્ટિ બતાવે. ત્રિકાળી છે તેની દૃષ્ટિ કર. બધું ભૂલી જા. મારા તરફનું લક્ષ ભૂલી જા. અમે કહીએ છીએ તેનું જ્ઞાન થાય તે જ્ઞાનનું લક્ષ પણ ભૂલી જા. આહાહા..!

**'વાણીનો પણ વિષય નથી; તોપણ...'** એમ કહ્યું ને? **'તોપણ ગુરુનાં વચનો વડે તેને પામીને...'** આહાહા..! ગજબ વાત કરી છે. એને ગુરુ એવા મળ્યા હોય કે જે શુદ્ધ દૃષ્ટિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર એ એક જ વાત કરી હોય. એ વાત મળી તેથી એને પામીને નિમિત્તથી કથન કહ્યું. આહાહા..! બીજી લાખ વાતની વાત હોય, બધી વાત છોડી દે. ભગવાન ત્રિકાળી છે તેની દૃષ્ટિ કર, તેનો આશ્રય કર, તેનું અવલંબન લે તો પ્રભુની પ્રાપ્તિ તને થશે. એમ કીધું હતું એમ થયું એને. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...'** જોયું? ગુરુના વચનો પામીને પણ ન થાય એ પ્રશ્ન અહીં લીધો નથી. ભાઈ! થાય છે. આહાહા..! એક તો ગુરુનું વચન કેવું હોય અને સાંભળીને પામે જ. એ જ કીધું ને ઓલામાં? પાંચમી ગાથા. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'** 'કુંદકુંદાચાર્ય' કહે છે. મારા વૈભવથી સ્વની એકત્વતા અને પરની ભિન્નતા બતાવીશ. એટલું કીધું. પણ **'जदि दाएज्ज पमाणं'** જો તને બતાવું તો પ્રમાણ કરજે. ત્યાં એમ જ વાત લીધી છે. એ વાત આ છે. અનુભવ કરજે. હા પાડીને એકલો ધારણામાં રોકાઈશ નહિ. આહાહા..! આવે છે ને? ભાઈ! **'पमाणं'** પ્રમાણ કરજે. પ્રમાણ એટલે અનુભવ. આહાહા..! ઘણી વાત કરી છે, હોં! વચનોની ના પાડી. સુલલિત મધુર વચનો, સત્ય વાણીની ના પાડી, લે, હવે સત્યવાણીની પણ ના પાડી. ત્યારે ગુરુની વાણી કેવી અસત્ય હશે? પણ એ સત્ય વાણીમાં આ બતાવ્યું હતું એ પામ્યો. એથી એને વાણીથી પામ્યો એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...'** શુદ્ધ દૃષ્ટિ કરવાનું જ કહ્યું હતું. તેથી શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. આહાહા..! **'તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...'** તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એમ કહે છે. પહેલો શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે એમ કીધું. પછી તે પરમશ્રીરૂપી કામિની, પરમશ્રી–લક્ષ્મી, પરમલક્ષ્મી કેવળજ્ઞાન. આહાહા..! દૃષ્ટિવાળો તો થયો, હવે **'પરમશ્રીરૂપી (કેવળજ્ઞાનનો) કામિનીનો વલ્લભ થાય છે...'** એટલે એ પર્યાય પ્રાપ્ત થાય છે. **'(અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).'** આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૭૦

(मालिनी)

**जयति सहजतेजःप्रास्तरागान्धकारो**
**मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः।**
**विषयसुखरतानां दुर्लभः सर्वदायं**
**परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः।।१७०।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

**[શ્લોકાર્થ :–] જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે, જે મુનિવરોના મનમાં વસે છે, જે શુદ્ધ-શુદ્ધ છે, જે વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે, જે પરમ સુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે આ (શુદ્ધ આત્મા) જયવંત છે. ૧૭૦.**

---

**પ્રવચન નં. ૧૨૮, શ્લોક-૧૭૦-૧૭૨,ગાથા-૧૧૨, શુક્રવાર, મહા વદ ૮, તા.૦૮-૦૨-૮૦**

---

'નિયમસાર' ૧૭૦ કળશ.

**जयति सहजतेजःप्रास्तरागान्धकारो**
**मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः।**
**विषयसुखरतानां दुर्लभः सर्वदायं**
**परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः।।१७०।।**

આલોચનાનો (અધિકાર) છે. આત્માને આ રીતે આલોચવો એટલે જોવો એટલે માનવો એટલે અનુભવવો. કઈ રીતે?

**શ્લોકાર્થ :- 'જેણે સહજ તેજથી...'** જેના સહજ સ્વરૂપના **'તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે,...'** એટલે કે એમાં રાગ છે નહિ. વસ્તુસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. આત્મા અનાદિ વીતરાગસ્વરૂપ જ છે. એના આશ્રયે રાગરૂપી અંધકારનો નાશ થાય છે. તો તેના તેજથી નાશ થયો એમ કહેવામાં આવે છે. દ્રવ્ય એ કાંઈ પર્યાયને કરતું નથી. દ્રવ્ય તો ધ્રુવ શુદ્ધ આનંદઘન નિત્યાનંદ પ્રભુ, જેમાં હલન-ચલન અને પર્યાય પણ નથી. એ રાગરૂપી અંધકારને જેના તેજ એટલે જેના તેજની દૃષ્ટિ કરતાં રાગનો નાશ થાય છે તો એ પોતે રાગનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે.

**'જે મુનિવરોના મનમાં વસે છે,...'** આહાહા..! જે મુનિવરોના હૃદયમાં–જ્ઞાનમાં વસે છે. એ આત્મા જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયમાં વસે છે. એની પર્યાયમાં રાગ કે વ્યવહાર (એ) મુનિવરોના જ્ઞાનમાં વસ્તુ નથી. આહાહા..! મનમાં એટલે જે મુનિવરના જ્ઞાનમાં વસે છે. **'જે શુદ્ધ-શુદ્ધ છે,...'** વસ્તુએ શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, દ્રવ્યે શુદ્ધ છે અને ગુણે શુદ્ધ છે. ભાવ-સ્વભાવે શુદ્ધ છે અને સ્વભાવવાન તે શુદ્ધ છે અને સ્વભાવથી પણ શુદ્ધ છે. **'જે વિષયસુખમાં રત જીવોને...'** આહાહા..! જેને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફના વલણમાં, ઝુકાવમાં રસ છે તે **'જીવોને સર્વદા દુર્લભ છે,...'** જેનું ખેંચાણ પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ જાય છે એને એ ચીજ દુર્લભ છે. કારણ કે એના લક્ષે કે આશ્રયે તે પ્રાપ્ત થતો નથી. **'વિષયસુખમાં રત જીવોને...'** અતીન્દ્રિય આનંદ સુખરૂપી પ્રભુ! વિષય એટલે પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં સુખબુદ્ધિવાળા જીવને અત્યંત દુર્લભ છે. (સર્વદા) દુર્લભ છે. **'સર્વદા દુર્લભ છે,...'** આહાહા..!

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે પરમ સુખનો સમુદ્ર છે,...'** પરમ અતીન્દ્રિય આનંદ, એનો તો એ દરિયો છે. અપાર બેહદ અપરિમિત સુખસમુદ્રથી ભરેલો છે. આહાહા..! બીજે બધેથી સુખબુદ્ધિ ઉઠાવી અને જ્યાં સુખ છે ત્યાં બુદ્ધિને લગાડવી એ મહાદુર્લભ છે. **'જે પરમ સુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે...'** સુખ છે અને જ્ઞાન છે. બધે બેની મુખ્યતા વર્ણવે છે ને? **'જે શુદ્ધ જ્ઞાન છે...'** શુદ્ધ જ્ઞાન શબ્દે, જેમાં રાગ તો નથી પણ પર્યાય નથી એવો શુદ્ધ જ્ઞાનપિંડ પ્રભુ છે.

**'અને જેણે નિંદ્રાનો નાશ કર્યો છે,...'** આહાહા..! સ્વરૂપનું ભાન થયે નિંદ્રામાં પણ તેનું ભાન રહ્યા કરે છે અને નિંદ્રાનો એણે નાશ કર્યો છે. આહાહા..! જે ચૈતન્યસત્તા હોવાપણે ભાસન થયું એ ભાસન એની નિંદ્રામાં પણ ભાસન કાયમ રહે છે. ખરેખર તો એણે નિંદ્રાનો નાશ કર્યો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનું જેને ભાન છે, એણે નિંદ્રાનો નાશ (કર્યો) છે. આહાહા..! આવી ચીજ છે. **'તે આ (શુદ્ધ આત્મા)...'** મુનિરાજ પોતે કહે છે. આ જે કહું છું તે મારા જ્ઞાનમાં જયવંત વર્તે છે. વગર જોયે જયવંત વર્તે છે એમ કહેતો નથી. એમ કહે છે. અનુભવીને કહું છું કે આ જયવંત વર્તે છે. આહાહા..! દ્રવ્ય જયવંત વર્તે છે એનો અર્થ અનુભવની પર્યાયમાં જણાય છે તે સદાય જયવંત વર્તે છે. આહાહા..! તેનો કોઈ દિ' અભાવ નથી, એમાં કોઈ દિ' ઊણપ અને વિકાર નથી. સદાય શુદ્ધ જ્ઞાન નિંદ્રાનો નાશ કરીને જયવંત વર્તે છે. આહાહા..!

જયવંત વર્તે છે એટલે? પર્યાયમાં તેનું ભાન થતું હોવાથી, તે જેટલો અને જેવડો છે તેટલું અને તેવડું જ એમાં જ્ઞાન અને શ્રદ્ધા થવાથી, એ જ્ઞાન અને શ્રદ્ધા એમ કહે છે કે એ તો જયવંત વર્તે છે. મારી દૃષ્ટિના વિષયમાં તરવરે છે. આહાહા..! પારિણામિકભાવે શુદ્ધ છે એમ એકલું નહિ પણ એનું ભાન થયે જયવંત વર્તે છે એમ એના જ્ઞાનમાં આવ્યું છે. આહાહા..! વસ્તુ પોતે જયવંત વર્તે છે. પર્યાયદૃષ્ટિ છોડી અને જેણે દ્રવ્યદૃષ્ટિ કરી છે તેને તો જયવંત વર્તે છે. શાશ્વત અનુભવમાં આવ્યો છે તેથી અનુભવ કહે છે કે આ જયવંત વર્તે છે. વસ્તુ આ તો કાયમ આમ ને આમ છે. આહાહા..! આવું છે. આ બહારના ઝઘડા આડે અંતરમાં જવાનો વખત મળે નહિ. એ હવે કહેશે.

## ગાથા–૧૧૨

मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति।
परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं।।११२।।

मदमानमायालोभविवर्जितभावस्तु भावशुद्धिरिति।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



परिकथितो भव्यानां लोकालोकप्रदर्शिभिः।।११२।।

भावशुद्धयभिधानपरमालोचनास्वरूपप्रतिपादनद्वारेण शुद्धनिश्चयालोचनाधिकारोपसंहारोपन्यासोऽयम्।

तीव्रचारित्रमोहोदयबलेन पुंवेदाभिधाननोकषायविलासो मदः। अत्र मदशब्देन मदनः कामपरिणाम इत्यर्थः। चतुरसंदर्भगर्भीकृतवैदर्भकवित्वेन आदेयनामकर्मोदये सति सकलजनपूज्यतया, मातृपितृसम्बन्धकुलजातिविशुद्धया वा, शतसहस्रकोटिभटाभिधानप्रधानब्रह्मचर्यव्रतोपार्जितनिरुपमबलेन च, दानादिशुभकर्मोपार्जितसंपद्वृद्धिविलासेन, अथवा बुद्धितपोवैकुर्वणौषधरसबलाक्षीणर्द्धिभिः सप्तभिर्वा, कमनीयकामिनीलोचनानन्देन वपुर्लावण्यरसविसरेण वा आत्महंकारो मानः। गुप्तपापतो माया। युक्तस्थले धनव्ययाभावो लोभः; निश्चयेन निखिलपरिग्रहपरित्यागलक्षणनिरंजननिजपरमात्मतत्त्वपरिग्रहात् अन्यत् परमाणुमात्रद्रव्यस्वीकारो लोभः। एभिश्चतुर्भिर्वा भावैः परिमुक्तः शुद्धभाव एव भावशुद्धिरिति भव्यप्राणिनां लोकालोकप्रदर्शिभिः परमवीतरागसुखामृतपानपरितृप्तैर्भगवद्भिरभिहित इति।

---

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.

અન્વયાર્થ :– [ मदमानमायालोभविवर्जितभावः तु ] મદ (મદન), માન માયા અને લોભ રહિત ભાવ તે [ भावशुद्धिः ] ભાવશુદ્ધિ છે [ इति ] એમ [ भव्यानाम् ] ભવ્યોને [ लोकालोकप्रदर्शिभिः ] લોકાલોકના દ્રષ્ટાઓએ [ परिकथितः ] કહ્યું છે.

ટીકા :– આ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધનિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.

તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે. અહીં 'મદ' શબ્દનો 'મદન' એટલે કે કામપરિણામ એવો અર્થ છે. (૧) ચતુર વચનરચનાવાળા *વૈદર્ભકવિત્વને લીધે, આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી, (૨) માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી, (૩) પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ સુભટ સમાન નિરુપમ બળથી, (૪) દાનાદિ શુભ કર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી, (૫) બુદ્ધિ, તપ, વિક્રિયા, ઔષધ, રસ, બળ અને અક્ષીણ–એ સાત ઋદ્ધિઓથી, અથવા (૬) સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા શરીરલાવણ્યરસના વિસ્તારથી થતો જે આત્મ-અહંકાર (આત્માનો અહંકારભાવ) તે માન છે. ગુપ્ત પાપથી માયા હોય છે. યોગ્ય

---

* વૈદર્ભકવિ = એક પ્રકારની સાહિત્યપ્રસિદ્ધિ સુંદર કાવ્યરચનામાં કુશળ કવિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સ્થળે ધનવ્યયનો અભાવ તે લોભ છે; નિશ્ચયથી સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે.–આ ચારેય ભાવોથી પરિમુક્ત (રહિત) શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધિ છે એમ ભવ્ય જીવોને લોકાલોકદર્શી, પરમવીતરાગ સુખામૃતના પાનથી પરિતૃપ્ત અર્હંતભગવંતોએ કહ્યું છે.**

## ગાથા–૧૧૨ ઉપર પ્રવચન

૧૧૨–ગાથા.

**मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति।**
**परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं।।११२।।**

ત્રણલોકના નાથ લોકાલોકને જાણનારા, એણે આત્માને ભાવશુદ્ધિથી જોયો છે.

**ટીકા :- 'આ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાના સ્વરૂપના...'**

**ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને**
**—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.**

જેમાં ક્રોધ, માન, માયા, લોભ છે જ નહિ. એવો એ ભગવાન શુદ્ધ વર્તે છે. આહાહા..! **'તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ...'** આહાહા..! વિષયની વાસનાનો વિલાસ. પુરુષને અહીં લીધો છે પણ સ્ત્રીને પણ સ્ત્રી સંબંધી લેવો. **'ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે.'** મદ એટલે અહીં અભિમાન નહિ. મદ એટલે મદન. આહાહા..! એટલે કામવિકાર એવો અર્થ છે. જેને કામવિકાર વર્તતો નથી, જેમાં કામનો વિકાર છે જ નહિ. આહાહા..! એક વાત.

**'(૧) ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને લીધે,...' 'એક પ્રકારની સાહિત્યપ્રસિદ્ધિ સુંદર કાવ્યરચનામાં કુશળ કવિ...'** આહાહા..! **'આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી,...'** કવિ તો એવી રચના કરે કે લોકો ફીદા ફીદા થાય. એ પણ એક માન છે, કહે છે. એ વસ્તુમાં નથી. આહાહા..! એના માનના કામીને એ નિર્માન ચીજ તે દૃષ્ટિમાં આવતી નથી. આહાહા..!

**'(૨) માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી,...'** ઉત્તમ કુળનું ગર્વ એને હોય છે. મારી માતા ઉત્તમ કુળના, પિતા ઉત્તમ કુળના એવી વિશુદ્ધિથી જેને ગર્વ વર્તે છે. એને હાથ આવતો નથી. એને એ ચીજનો પત્તો ખાતી નથી. કેમકે એ ચીજમાં એ છે નહિ. જે એમાં નથી એ વડે કરીને ખ્યાલમાં આવતો નથી. આહાહા..!

**'(૩) પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે...'** અંદરનો પ્રધાન બ્રહ્મ આનંદ, એની રમત વડે **'ઉપાર્જિત**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લક્ષકોટિ સુભટ...**' લાખ કોટિનો '**સુભટ સમાન નિરુપમ બળથી,...**' બ્રહ્મચર્યના જોરથી ઉત્પન્ન થયેલું બળ... આહાહા..! એનું પણ જેને અભિમાન નથી. એ અભિમાનવાળાને તે હાથ આવતો નથી. આહાહા..! જાવજીવનું બ્રહ્મચર્ય શરીરથી નહિ પણ બ્રહ્મ એટલે આત્માઆનંદમાં ચરવાના બળથી શુભકોટિ, '**લક્ષકોટિ સુભટ...**' લાખ-કરોડ સુભટથી પણ જેનું બળ બ્રહ્મચર્યને લઈને અંદર વધી ગયું છે. એના બળથી પણ તે હાથમાં આવતો નથી. એનું જેને અભિમાન વર્તે છે એને એ હાથ આવતો નથી. કેમકે એનામાં એ છે નહિ. આહાહા..! તળિયા તપાસ્યા છે. તળમાં ચૈતન્ય આવું છે, એમાં આ નથી એમ તપાસ્યું છે. એ તપાસ્યું છે એ કહે છે. લાખકોટિ સુભટ સમાન નિરુપમ બળ, એનું પણ જેને અભિમાન વર્તે, એ અભિમાન આત્મામાં નથી. આહાહા..! તેથી તેના બળ વડે ભગવાનઆત્મા જણાય એવો નથી. આહાહા..!

'**(૪) દાનાદિ શુભ કર્મ વડે...**' દાન, પૂજા, ભક્તિથી '**શુભ કર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી,...**' દાન, પૂજા, ભક્તિ આદિ કર્યા હોય, એનાથી પુણ્ય બંધાણું હોય, એ પુણ્યને લઈને સંપત્તિ વધ્યે જ જાય. વૃદ્ધિ વિલાસ થાય. એનું પણ જેને અભિમાન છે તેને એ હાથ આવે એવો નથી. આહાહા..! કેમકે એ એમાં છે નહિ. આહાહા..! '**શુભ કર્મ વડે ઉપાર્જિત સંપત્તિ...**' આહાહા..! એની વૃદ્ધિ. કરોડો-અબજો રૂપિયા વધી જાય. મહિને-મહિને અબજોની પેદાશ વધી જાય. સહેજે સહેજે અબજો થઈ જાય. એનો પણ જેને ગર્વ છે, એનો પણ જેને મહિમા-મહાત્મ્ય છે એ વસ્તુમાં નથી. તેથી તેના વડે કરીને વસ્તુ હાથ આવતી નથી. આહાહા..!

'**(૫) બુદ્ધિ,...**' ક્ષયોપશમભાવ, એના અભિમાન વડે પણ એ હાથ આવે એવો નથી. આહાહા..! કેમકે એમાં એ છે નહિ. જેમાં નથી તેના વડે કેમ હાથ આવે? આહાહા..! એ ક્રોધ, માન, માયા લોભ વસ્તુમાં નથી. જેનામાં હોય તેના વડે જાણવામાં આવે. જેમાં જે હોય તેના વડે જાણવામાં આવે. એમાં આ નથી તેના વડે જાણવામાં આવે નહિ. આહાહા..! અહીં તો જ્યાં બે-પાંચ હજાર શ્લોક મોઢે આવડ્યા હોય, તો એને એમ થઈ જાય કે અમે જ્ઞાન કર્યું અને જ્ઞાનમાં વધ્યા છીએ. આહાહા..! એ એમાં છે જ નહિ, કહે છે. બુદ્ધિનો ક્ષયોપશમનો વિલાસ એ સ્વરૂપમાં છે જ નહિ. એનાથી આત્મા હાથ એવો નથી. આહાહા..!

'**તપ,...**' તપના અભિમાન. છ-છ મહિનાના અપવાસ, છ મહિને પણ રસ વિનાનો આહાર કરે. એની પણ જેને જરી વાસનાની ગંધ રહી જાય છે કે હું પણ કાંઈક તપસી (તપ કરનાર) છું, એને એ વસ્તુ હાથ આવે એવી નથી. આહાહા..! '**વિક્રિયા,...**' શરીરની ક્રિયા, વિક્રિયા બનવામાં હોશિયાર હોય. શરીરની ભાત-ભાતની ક્રિયા–વિક્રિયા કરી શકે. એનું જેને અભિમાન છે. એ રહિત જીવ છે. તેથી તેના અભિમાનથી તે જણાય એવો નથી. '**ઔષધ,...**' ઔષધનું બળ હોય, ઘણી આવડત હોય. ઔષધની ઘણી આવડત, એનું પણ જેને અભિમાન છે તેને જણાય એવો નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– એમ થયું કે ડોક્ટરોને ન જણાય.

ઉત્તર :– ડોક્ટર. ડોક્ટર-બાક્ટર છે કોણ? આત્મા જ્ઞાનાનંદ સહજ સ્વરૂપ છે, એમાં ડોક્ટરનું ભણતર ક્યાં અંદરમાં છે. એમાં એ ભણતરનું પણ જરી... આહાહા..! અભિમાન અંદર રહે, વાસનાની ગંધ રહે, એ સ્વરૂપમાં નથી. તેથી તેનાથી સ્વરૂપ જણાય એવું નથી. આહાહા..!

**'રસ,...'** રસનું બળ હોય. ગમે એવો ઊંચા રસ ખાઈ શકતો હોય, પચાવી શકતો હોય. ચક્રવર્તી હીરાની ભસ્મના રસ પચાવી શકે. આહાહા..! જેના બત્રીશ કવળનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ, એ રસને ચક્રવર્તી પચવે. આહાહા..! પણ તેને અભિમાન નથી. આ હીરાની અને માણેકની ભસ્મ ખાઈ શકું છું અને એને લઈને મને મારા શરીરમાં બળ વધે છે એવી જેને પર તરફની વાસનાની ગંધ છે એને ચૈતન્યની ગંધ આવતી નથી. આહાહા..!

અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો, છતાં એ આત્મા હાથ ન આવ્યો. કારણ કે એ તો પરલક્ષી જ્ઞાન છે. આહાહા..! જેને જાણવા માટે આવી વિશેષતાની કોઈ જરૂર નથી. એને જાણવા માટે તો એના રાગરહિત, ક્રોધ, માન, માયા, લોભરહિત ભાવથી તે જણાય એવો છે. આવા જેને મદ વર્તે છે... આહાહા..! એનાથી જણાય એવો નથી.

**'બળ...'** શરીરનું બળ વિશેષ હોય. આહાહા..! એનાથી પણ તે જણાય એવો નથી. શરીરનું બળ ખૂબ જોરદાર હોય. આહાહા..! 'નેમિનાથ' ભગવાનનું આવે છે ને? બધા સુભટો સભામાં ભેગા થયેલા. બહુ વખાણ કરવા માંડ્યા કે 'ભીમ' જોરદાર છે, 'અર્જુન' જોરદાર છે ને ફલાણા જોરદાર છે. એમાંથી એક જણો બોલ્યો કે પણ એ બધાથી ભગવાન બેઠા છે. 'નેમિનાથ' હજી ગૃહસ્થાશ્રમમાં હતા. એના શરીરના બળ આગળ કોઈનું બીજાનું બળ વિશેષ છે નહિ. ભગવાનને એમ કહ્યું એટલે ભગવાને નીચે પગ મૂક્યો. કૃષ્ણ એના પગને વાળવા માંડ્યા, ઉપાડવા માંડ્યા. ઉપડી ન શક્યો. પણ એ તો શરીરનું બળ છે. એ બળનું પણ જેને અભિમાન છે એને આત્મા હાથ આવે એવો નથી. કેમકે એમાં નથી.

આત્મા સ્વભાવ વડે જણાય એવો છે. અલિંગગ્રહણમાં આવે છે ને? છટ્ઠો બોલ. આહાહા..! પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો આત્મા જ્ઞાતા છે. આહાહા..! એને કોઈ આવા સાધન અને બળની જરૂર નથી. એવા સાધનમાં જેને રસ લાગ્યો હોય એ આત્માને નહિ જાણી શકે. આહાહા..! આવડતનું અભિમાન થઈ ગયું હોય, ક્ષયોપશમ જ્ઞાનમાં, જ્ઞાનમાં યાદગીરી બહુ રહેતી હોય, એનું એને અંદર અહંપણું રહેતું હોય, એનાથી આત્મા જણાય એવો નથી. આહાહા..!

**'અક્ષીણ...'** એવી એક ૠદ્ધિ થાય છે, કે એક લાડવો હોય એમાં ચક્રવર્તી છ ખંડના છન્નું કરોડ માણસ જમે તોપણ ખૂટે નહિ એવી એક અક્ષીણ ૠદ્ધિ છે. એનું પણ જેને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભિમાન નથી. એ તો જગતની ચીજ કર્મ અને પ્રકૃતિના બધા વિકારો છે. આહાહા..! એક લાડવામાંથી છન્નું કરોડ પાયદળ જમે. એવી અક્ષીણ ઋદ્ધિ પ્રગટે છે. એ પણ આત્મામાં નથી. આહાહા..! એનામાં નથી માટે એનાથી તે જણાય એવો નથી. **'એ સાત ઋદ્ધિઓથી,...'** જેને અભિમાન છે.

**'અથવા (૬) સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા શરીરલાવણ્યરસના વિસ્તારથી...'** શરીર એવું રૂપાળુ અને બધા અવયવો સુંદર એવા **'સુંદર કામિનીઓનાં લોચન...'** એવી સુંદર સ્ત્રીઓના **'લોચનને આનંદ પમાડનારા...'** શરીરના લાવણ્યનો રસ. આહાહા..! ભગવાન જન્મે ત્યારથી એને રસ એવો હોય છે. છતાં એને અભિમાન નથી. સમકિત લઈને આવ્યા છે. આહાહા..! જેને હજાર આંખ કરીને ઇન્દ્ર જોવે. ઇન્દ્ર, જેને પુણ્યની ઋદ્ધિથી ઇન્દ્ર પદ મળ્યા, એ ભગવાનના જન્મને, શરીરને જોવે. આંખથી તૃપ્ત થતો નથી તો હજાર આંખ કરે. એવું જેનું શરીર છે એનું પણ જેને અભિમાન નથી. એ તો પરદ્રવ્ય છે. આહાહા..! એક ક્ષણમાં પલટતા વાર નથી લાગતી. આ નથી ઓલી બાઈની વાત કરી? 'રતિભાઈ'ના દીકરાની વહુ વાત કરતી હતી, કહે છે. 'વીંછીયા'વાળા 'રતિભાઈ' 'ખસળચંદભાઈ'ના દીકરા. એના દીકરાની વહુ જુવાન. કો'ક સાથે વાત કરતી હતી. એમાં એકદમ મગજ ચડી ગયું. ચડી ગયું અને હેમરેજ થઈ ગયું. હેમરેજ થઈને દેહ છૂટી ગયો. આહાહા..! કહો, શરીરની સ્થિતિ કેવી, કેમ થાય એ કાંઈ આત્માના અધિકારની વાત નથી. આહાહા..! જુવાન શરીર હોય. ૨૫ વર્ષ, ૩૦ વર્ષની જુવાન અવસ્થા. ખાધે-પીધે બધી રીતે પૂર્ણ હોય. એના ઇન્દ્રિયના લાવણ્ય... એવી બાઈના પણ લોચનને આનંદ પમાડનાર, એવો શરીરના લાવણ્યરસ. શરીરની એવી કોમળતાનો રસ, એના વિસ્તારથી થતો અહંકાર, આત્માનો અહંકાર... આહાહા..! કસ્તુરીના ચાર લાડવા ચડાવી શકું છું, ભસ્મ ખાઈ શકું છું. છતાં મને કાંઈ થતું નથી. એવી શરીરની સ્થિતિને **'સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા...'** આહાહા..! એનો પણ જે અહંકાર તે માન છે. એ માનીને આત્મા હાથ આવતો નથી. આહાહા..! કેમકે એ સ્વરૂપમાં માન છે નહિ. આવી ચીજનું માન પણ સ્વરૂપમાં નથી.

ભગવાન પરમાત્મસ્વરૂપ, એના નિધાનની વાતું શું થાય? આવું જેને સુંદર શરીર હોય એનો પણ જેને અહંકાર નથી. અને હોય તો એ માન છે. આહાહા..! એમ કહેવું છે કે આવા ભાવથી તે રહિત છે. ભગવાન આવા ભાવથી રહિત છે. અને એવા ભાવના સ્પર્શથી ભગવાન જણાય એવો બિલકુલ નથી. આહાહા..! બાહ્યથી ઉદયભાવથી મરી ગયેલો છે. એ ઉદયભાવ સ્વરૂપમાં નથી. માટે જેને મરી ગયેલો છે એને હાથ આવે છે. આહાહા..! જેમાં જે નથી, તેમાંથી તે હાથ આવે એ વસ્તુ નથી. આહાહા..! પ્રભુનો સ્વભાવ શુદ્ધ છે તો સ્વભાવથી હાથ આવે. પણ આ બધી ચીજો જે વિભાવ છે, એનાથી હાથ નહિ આવે. એનાથી આત્મા નહિ જણાય. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ગુપ્ત પાપથી માયા હોય છે.'** ગુપ્ત પાપ કરીને માયા-કપટ (કરે) એવાઓને પણ હાથ ન આવે. **'યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ તે લોભ છે;...'** યોગ્ય સ્થળે પૈસા જોઈએ એ ઠેકાણે વાપરવા જોઈએ, એને ઠેકાણે માનમાં વાપરે, વેશ્યામાં વાપરે, ફૂલમાં વાપરે... આહાહા..! ઓલો રાજા એક હતો ને? મોટો રાજા છે ને? એ રાજા મરી ગયો. જેના લગનના એક રાતમાં એક કરોડ ખર્ચ્યા. પહેલી રાતના, એક રાતમાં એક કરોડ. આહાહા..! એમાં તો એને અંદર કાંઈક થતું હશે. આહાહા..! અમે કેટલા રાજા અને કેટલા... મરી ગયો. એને ઠેકાણે બીજો ગાદીએ બેઠો. આહાહા..!

અહીં કહે છે, કે **'યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ...'** આહાહા..! જ્યાં જોઈએ ત્યાં પૈસાનો લોભ ઘટાડે નહિ. જ્યાં જોઈએ જેને જરૂર છે એ ધર્મસ્થળમાં એ પૈસાને ખર્ચે નહિ, એ યોગ્ય સ્થાનનો ધનનો અભાવ તે લોભ છે. આહાહા..! છોકરાને પરણાવવા હોય તો પાંચ લાખ ખર્ચી નાખે, પણ કોઈ જરૂર પડી, મંદિરની, દેવ-ગુરુની રક્ષા માટે, તો ત્યાં એ લોભ કામ કરે અને ખર્ચે નહિ, એવા જીવને આત્મા હાથ ન આવે. આહાહા..!

**'નિશ્ચયથી સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ...'** ખરેખર તો આ બધા પરિગ્રહ છે. આહાહા..! અહીં તો જ્યાં અબજ, બે અબજ, પાંચ અબજ રૂપિયા થઈ જાય (ત્યાં) માથુ ફરી જાય છે. ગામ ગામ કારખાના, ગામ ગામ દુકાનો. સેંકડો ગામમાં કારખાના અને સેંકડો ગામમાં દુકાનો. જ્યાં જાય ત્યાં માણસો માન આપે. પધારો શેઠ સાહેબ, પધારો શેઠ સાહેબ... આહાહા..! એનું પણ જેને અંદર અભિમાન છે એને આત્મા હાથ નહિ આવે.

મુમુક્ષુ :– પૈસા હોય અને પૈસાવાળો એમ માને છે કે હું પૈસાવાળો છું, એમાં અભિમાન ક્યાં આવ્યું?

ઉત્તર :– એ અભિમાન છે. એ પૈસાવાળો ક્યાં હતો? પૈસાવાળો છે કે આત્માવાળો છે? જ્ઞાનવાળો છે, દર્શનવાળો છે, આનંદવાળો છે. પૈસાવાળો છે? દુનિયાથી ઊંધુ છે, ભાઈ!

શાસ્ત્રના ક્ષયોપશમ જ્ઞાનના પણ આવડતના અભિમાન, જે એને રોકી રાખે ત્યાં. આહાહા..! પાંચ-પચ્ચીસ કરોડ શ્લોક આવડ્યા અને કંઠસ્થ કર્યા, એટલે શું? અભવીને નવ પૂર્વ પણ આવડ્યું હતું, અગિયાર અંગ આવડ્યા હતા. ભવીને પણ અગિયાર અંગ ને નવ પૂર્વ અનંતવાર આવી ગયા. પરલક્ષીજ્ઞાનથી સ્વલક્ષી જ્ઞાન આ થાય, એમ છે નહિ. આહાહા..! આત્માને નિતારી નાખ્યો છે. બધાથી રહિત છે. આવા ભાવની જેમાં ગંધ નથી. એવા ભાવના જેને માન છે એને એ આત્મા અનુભવમાં નહિ આવે. આહાહા..! પાંચ-પચ્ચીસ લાખ, પચાસ લાખ ખર્ચ્યા તો એને જાણે ઓહોહો..! ધર્મ ધુરંધર દુનિયા એને કહે અને એ (પોતે) પણ માને.

ધર્મ તો આનંદ છે. અંદર આનંદની વૃદ્ધિ થાય અને અંદર આનંદના ઉછાળા મારે. એ આ બધા વાસનાના અભાવમાં થાય, આવી વાસના હોય એને અંદર આનંદના ઉછાળા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મારે (એમ બને નહિ). એક મ્યાનમાં બે ન રહી શકે. આહાહા..! આ આલોચનાની છેલ્લી ગાથા છે. આલોચન. આત્માને જોવું. આહાહા..! એને આ કહે છે કે આવા ભાવ હોય નહિ.

**'પરિત્યાગ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી...'** બેય પરિગ્રહ લીધો. આ બાજુ જેટલા પ્રકાર કીધા એ પરિગ્રહનો ત્યાગ છે. આ બાજુના આત્મામાં પરિગ્રહનું ગ્રહણ છે. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ. અભિમાનના ઘણા પ્રકાર એ ગામ. અને એક કોર પ્રભુ. આહાહા..!

**'એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર...'** આહાહા..! **'નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર...'** એક રજકણ પણ મારો એવો સ્વીકાર. આહાહા..! એક લોભના કણનો **'સ્વીકાર તે લોભ છે.'** આહાહા..! **'આ ચારેય ભાવોથી...'** આવી ગયું. ક્રોધ, માન, માયા અને લોભ. **'ચારેય ભાવોથી પરિમુક્ત (રહિત) શુદ્ધભાવ...'** એવા ચાર–ક્રોધ, માન, માયા અને લોભ. એક રાગના રજકણનું પણ જો અભિમાન (છે તો) એ પણ લોભ છે. આહાહા..! એવા પરિગ્રહથી રહિત. છે ને? અને **'નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે.–'** આહાહા..! એક કોર ભગવાન પૂર્ણાનંદનો સ્વીકાર અને એક કોર આ બાજુમાં લોભના એક અંશનો પણ સ્વીકાર, એને આત્માની પ્રાપ્તિ થતી નથી. આ આલોચના છે. જીવને જોવાનો સ્વભાવ આવો છે. જીવને જોવાનો આવો સ્વભાવ છે. કે આ જે બધા પરિગ્રહના પ્રકાર કહ્યા તેનાથી રહિત છે.

એનો પોતાનો સ્વભાવ, પરમાત્મતત્ત્વ તે કોણ? **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...'** પરમેશ્વર ભગવાન પણ નહિ. પંચ પરમેષ્ઠી ને ભગવાન પણ નહિ. આહાહા..! **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વના...'** પોતાના અંજનતત્ત્વના પરિગ્રહથી **'અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે.'** આહાહા..! **'આ ચારેય ભાવોથી પરિમુક્ત (રહિત) શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધિ છે...'** આ જે અભિમાનના પ્રકાર કહ્યા, એ બધા પ્રકારથી રહિત છે તે શુદ્ધભાવ **'તે જ ભાવશુદ્ધિ છે...'** આહાહા..! તે જ શુદ્ધભાવ અને તે જ ભાવશુદ્ધિ. ચાર પ્રકારના જે ક્રોધ-માન-માયા-લોભની વાત કરી, એનાથી રહિત શુદ્ધભાવ, એનાથી રહિત શુદ્ધભાવ, તે જ પર્યાયની ભાવશુદ્ધિ છે, ઇ પર્યાયમાં ભાવશુદ્ધિ છે. આ ભાવથી રહિત અને શુદ્ધ ચૈતન્યના ભાવની શુદ્ધિથી સહિત. એવી ભાવશુદ્ધિ (છે).

**'એમ ભવ્યજીવોને...'** આવી વાત ભવ્યજીવોને. અભવ્યને નહિ. આહાહા..! **'લોકાલોકદર્શી,...'** લોક અને અલોકને દેખનારા **'પરમવીતરાગ સુખામૃતના પાનથી પરિતૃપ્ત...'** અમૃતના સ્વાદથી પૂરા તૃપ્ત. ભગવાન તો અતીન્દ્રિય આનંદના સુખથી પરિતૃપ્ત, પૂરા તૃપ્ત, સમસ્ત પ્રકારે તૃપ્ત. પરિતૃપ્ત છે ને? પરિ–સમસ્ત પ્રકારે પૂરા તૃપ્ત છે. એવા **'અર્હંતભગવંતોએ કહ્યું છે.'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિરાજ કહે છે કે હું કાંઈ કહેતો નથી. આહાહા..! અમૃતમાં પૂર્ણ તૃપ્ત પામેલા, પૂર્ણ અમૃતસ્વરૂપના અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત પામેલા, એવા અર્હંતભગવંતોએ આ કહ્યું છે. આહાહા..!

એક બાજુ ભાવશુદ્ધિનો ભાવ શુદ્ધભાવ અને એક બાજુ આ અભાવ, અશુદ્ધ ભાવ, એનાથી તે પ્રભુ રહિત છે. એમ શ્રી ભગવાન અનંતસુખથી તૃપ્ત થયેલા પ્રભુ, એમણે આ કહ્યું છે. કહેતી વખતે તો ભગવાન નહોતા. ટીકા કરતી વખતે ભગવાન નહોતા. પણ જેના હૃદયમાં ભગવાન ભાસ્યો છે, એના હૃદયમાં ભગવાન સદાય ભાસે જ છે. આહાહા..! એ ભગવાન એના હૃદયમાં વસે જ છે. એવા અર્હંતભગવંતોએ આ કહ્યું છે. આહાહા..! ભાવશુદ્ધિથી જે ભાવશુદ્ધિથી ભાવશુદ્ધિ થાય. ભાવશુદ્ધથી ભાવશુદ્ધિ થાય. આ જે અશુદ્ધ ભાવ કીધા, એનાથી તે ભાવશુદ્ધિ થાય નહિ. આહાહા..! આકરું કામ.

એક કોર નિર્મળાનંદ પ્રભુ પૂર્ણ અને એક બાજુ આ બધા સંસારના વિલાસની વૃત્તિઓની વિસ્મયતા, ચમત્કાર, વિશેષતા, અધિકતા, સ્વભાવથી કાંઈક (અધિક) ભાસે એને આત્માનો પત્તો ખાય નહિ. એમ ભગવાને કહ્યું છે. આહાહા..! ઉદયથી મરી ગયા છે એને હાથ આવે એમ છે એમ કહે છે. આહાહા..! ઉદયભાવથી, અશુદ્ધભાવથી તો અશુદ્ધભાવ ઉત્પન્ન થાય. એને મારી નાખ્યો છે એવા ભાવશુદ્ધિથી, શુદ્ધભાવથી તે જ ભાવશુદ્ધિ થાય છે. આહાહા..! શબ્દો થોડા છે, ભાવ ઘણા છે. એક કોર ભગવાન પૂર્ણ શુદ્ધ, એને પૂર્ણ જે અશુદ્ધતાનો અંશ છે, કાંઈક પણ ક્યાંક ગર્વ છે, ક્ષયોપશમ જ્ઞાનની પણ આવડતની બીજા કરતા મને અધિકતા છે, એને પણ તે ભાવશુદ્ધિ નથી. તેથી શુદ્ધભાવ નથી. ભાવશુદ્ધિ નથી તેથી શુદ્ધભાવ નથી. આહાહા..! છે?

**'[ હવે આ પરમ-આલોચના અદિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે : ]'**

## શ્લોક–૧૭૧

(मालिनी)

अथ जिनपतिमार्गालोचनाभेदजालं
परिहृतपरभावो भव्यलोकः समन्तात्।
तदखिमवलोक्य स्वस्वरूपं च बद्ध्वा
स भवति परमश्रीकामिनीकामरूपः।।१७१।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] જે ભવ્ય લોક (ભવ્યજનસમૂહ) જિનપતિના માર્ગમાં કહેલ સમસ્ત આલોચનાની ભેદજાળને અવલોકીને તથા નિજ સ્વરૂપને જાણીને સર્વ તરફથી પરભાવને છોડે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૭૧.**

## શ્લોક–૧૭૧ ઉપર પ્રવચન

લ્યો. પહેલામાં પણ નવ (શ્લોક) આવ્યા હતા.

**अथ जिनपतिमार्गालोचनाभेदजालं**
**परिहृतपरभावो भव्यलोकः समन्तात्।**
**तदखिमवलोक्य स्वस्वरूपं च बद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१७१।।**

**શ્લોકાર્થ :-** ‘**જે ભવ્યલોક (ભવ્યસમૂહ)...**’ એક વચન તે લીધું. ‘**ભવ્ય લોક (ભવ્યજનસમૂહ)...**’ લાયકપ્રાણીનો સમૂહ. આહાહા..! ‘**જિનપતિના માર્ગમાં કહેલ...**’ વીતરાગના માર્ગમાં કહેલ ‘**સમસ્ત આલોચનાની ભેદજાળને અવલોકીને...**’ એ પણ ભેદજાળ છે એને જાણીને. નિજ સ્વરૂપને જાણીને, એ આલોચના તરફથી ખસી જઈને જોવું. એકલા નિજ સ્વરૂપને અવલોકીને ‘**સર્વ તરફથી પરભાવને છોડે છે,...**’ સર્વ તરફથી એકલો પરમભાવ, શુદ્ધભાવ, પરમસ્વરૂપ, અમૃતસ્વરૂપ, અમૃતનો સાગર, સર્વ તરફથી પરભાવને છોડે છે, પણ નિજ સ્વરૂપને જાણીને. એમ કીધું ને? ‘**નિજસ્વરૂપને જાણીને સર્વ તરફથી પરભાવને છોડે છે,...**’ આહાહા..! સર્વ તરફથી નિજ સ્વરૂપને જાણીને, સર્વ તરફથી પરભાવને છોડે છે. આહાહા..!

‘**તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.**’ તે પરમશ્રી એટલે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી, પરમશ્રી–કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી, કામિની. કેવળજ્ઞાનરૂપી કામિનીનો વલ્લભ થાય છે. એટલે કે એને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! સુંદર લાવણ્યથી સુંદર સ્ત્રીના લોચનને સુખ ઉપજાવનાર કરતાં આ ‘**પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...**’ આહાહા..! ‘**(અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**’ આહાહા..! આત્માના પવિત્ર સ્વભાવ સિવાય કોઈ પણ અંશ ભાવના અભિમાનથી, અહંકારથી, ગર્વથી, અધિકપણે ચાર ભાવમાં કોઈ ભાવ ક્રોધ, માન, માયા, લોભને અધિકપણે જાણતા સ્વરૂપનું અધિકપણું હાથ નથી આવતું. આહાહા..! ‘**સર્વ તરફથી પરભાવને છોડે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**’ આહાહા..!

---

*** નિયત = નિશ્ચિત; દૃઢ; લીન; પરાયણ [આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.]**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૭૨

(वसंततिलका)

आलोचना सततशुद्धनयात्मिका या
निर्मुक्तिमार्गफलदा यमिनामजस्त्रम्।
शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा
स्यात्संयतस्य मम सा किल कामधेनुः।।१७२।।

**[શ્લોકાર્થ :–] સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી તથા શુદ્ધ આત્મતત્ત્વમાં *નિયત આચરણને અનુરૂપ એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો. ૧૭૨.**

## શ્લોક-૧૭૨ ઉપર પ્રવચન

૧૭૨.

आलोचना सततशुद्धनयात्मिका या
निर्मुक्तिमार्गफलदा यमिनामजस्त्रम्।
शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा
स्यात्संयतस्य मम सा किल कामधेनुः।।१७२।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'સંયમીઓને...'** આત્મજ્ઞાન સહિત જેને સંયમ પ્રગટ્યો છે. આહાહા..! સ્વરૂપમાં જેની જમવટ જામી છે. આનંદનો નાથ ધ્રુવસ્વરૂપ ભગવાન, જેમાં જેની લીનતા તલ્લીનતા થઈ છે, એવા **'સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી...'** સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી. આહાહા..! **'શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણને અનુરૂપ...'** આહાહા..! નહિતર તો આત્મા મોક્ષમાર્ગને અને મોક્ષ પામે એ પણ પર્યાયદૃષ્ટિથી કથન (છે). મોક્ષમાર્ગથી મોક્ષ, અહીં એ ન લેતા મોક્ષમાર્ગનું **'સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી તથા શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણ...'** એમ લીધું. ત્રિકાળી ન લીધું. ત્રિકાળીનું આચરણ જે છે– આહાહા..! પર્યાય.

**'સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી તથા શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણ...'** **'દૃઢ; લીન; પરાયણ [આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.]'** એ મુનિપણું, એ સંયમ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ આત્મા જે પુણ્ય-પાપના વિકલ્પ અને ચાર કષાયથી રહિત છે એવો આત્મા, એમાં જે લીન છે... આહાહા..! એ સંયમી મુનિ છે. એ **'શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણને અનુરૂપ એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...'** પર્યાયને શુદ્ધનય કીધી. **'શુદ્ધનયાત્મક આલોચના તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો.'** આહાહા..! ૧૪મી ગાથામાં કહ્યું છે ને? શુદ્ધનય કહો, આત્મા કહો, અનુભૂતિ કહો. નહિતર શુદ્ધનય તો ત્રિકાળ છે. **'ભુદત્થો દેસિદો દુ સુદ્ધણઓ'** ભૂતાર્થ જે ત્રિકાળ છે તે શુદ્ધનય છે. પણ ત્રિકાળને આશ્રયે પ્રગટેલી દશાને પણ અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. આહાહા..!

**'નિયત આચરણ...' 'દૃઢ; લીન; પરાયણ [આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.]'** આત્માને અનુરૂપ એવી નિરંતર... આહાહા..! નિરંતર–એક સમયનું અંતર પડ્યા વિના. આહાહા..! મુનિઓને અંદર નિરંતર સંયમ વર્તે છે. તે આત્માને અનુરૂપ આચરણ છે. રાગાદિનું આચરણ એ પ્રતિકૂળ છે. આ અનુરૂપ આચરણ **'અનુરૂપ એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...'** શુદ્ધનય સ્વરૂપ આલોચના–પર્યાય, તે... મુનિરાજ કહે છે. આહાહા..! **'તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો.'** જ્યારે જોઈએ ત્યારે કામધેનુ ગાય દૂધ આપે. એમ નિરંતર મારા આત્મા તરફ વલણ છે તો જોઈએ ત્યારે આનંદ આવે છે. આનંદનો અંતર પડતો નથી. આહાહા..! કામધેનુ ગાય જોવે ત્યારે દૂધ આપે. તમારે 'વઢવાણ' હતી ને? 'ચુનીભાઈ' 'દાદભા'. આહાહા..!

આ કામધેનુ આત્મા. આત્માથી પણ આલોચનાવાળી શુદ્ધનય. **'શુદ્ધનયાત્મક આલોચના તે મને...'** આહાહા..! પંચમઆરાના સાધુ નવસો વર્ષ પહેલા થઈ ગયા છે એ પોતે કહે છે. આહાહા..! પોતાને ખબર પડે છે. અત્યારે એમ કહે છે કે નિશ્ચય સમકિતની ખબર ન પડે માટે વ્યવહાર સમકિત રાખો. અત્યારે એમ કહે છે. અહીં કહે છે કે એવી **'આલોચના તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ...'** છે. સમયે સમયે આનંદની પ્રાપ્તિ. કામધેનુ ગાય દરેક સમયે દૂધ આપે એમ ભગવાનઆત્મા દરેક સમયે આનંદ આપે છે. આહાહા..! તેના તરફના વલણના તદ્અનુરૂપ આચરણથી, આત્માને અનુકૂળ-અનુરૂપ આચરણથી સમયે સમયે મને સંયમીને આનંદ મળે છે. આહાહા..! આ કામધેનુરૂપ હો. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૭૩

(शालिनी)

शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्
बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः।
तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा
सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः।।१७३।।

**[શ્લોકાર્થ :–] મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને તેની સિદ્ધિને અર્થે શુદ્ધ શીલને (ચારિત્રને) આચરીને, સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે— સિદ્ધિને પામે છે. ૧૭૩.**

---

**પ્રવચન નં. ૧૨૯, શ્લોક-૧૭૩-૧૭૫, મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૧૦, તા.૨૦-૦૫-૧૯૮૦**

---

'નિયમસાર' આલોચના અધિકાર. ૧૭૩ શ્લોક છે.

शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्
बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः।
तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा
सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः।।१७३।।

**શ્લોકાર્થ :- 'મુમુક્ષુ જીવ...'** જેને મોક્ષની અભિલાષા, અંતર તત્ત્વની જેને અભિલાષા છે એને અહીંયાં મુમુક્ષુ કહે છે. **'મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...'** ત્યાં 'રાજકોટ'માં પ્રશ્ન થયો હતો. એમ કે ભગવાનને ત્રણ લોકના નાથ કહ્યા છે. .... એ તો નથી. ત્રણલોકના નાથ કહ્યા છે એ જાણવાની અપેક્ષાએ. અહીં કહ્યું ને **'ત્રણ લોકને જાણનારા...'** એને ત્રણ લોકના નાથ કહેવામાં આવે છે. એ ક્યાં કોઈના ...

**'ત્રણ લોકને જાણનારા...'** કોણ? કે નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ, નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ. ભેદ વિનાનું અભેદ અંદર તત્ત્વ, એને અહીંયાં નિર્વિકલ્પ તત્ત્વ કહે છે. જેમાં ભેદ નથી. આ ગુણ અને ગુણી એવો પણ જેમાં ભેદ નથી. એવું જે અભેદ તત્ત્વ, એને જાણીને. **'ત્રણ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...**' એમ કહ્યું. આહાહા..! '**તેની સિદ્ધિને અર્થે...**' તેની પૂર્ણ પ્રાપ્તિને અર્થે '**શુદ્ધ શીલને (ચારિત્રને આચરીને,...)**' જાણીને પહેલું કહ્યું પછી આચરીને કહ્યું. જાણ્યા વિના કોનું આચરણ? શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ, અનંતગુણથી ભરેલો ચૈતન્યરત્નાકર દેવ છે. એને જાણીને. એને જાણીને ક્યારે થાય? પર તરફના વલણને છોડી, રાગને, સંયોગને ભેદને છોડીને અંતર અભેદ ચીજ છે, એને જાણીને, એનું જ્ઞાન કરીને. પછી ચારિત્ર. શુદ્ધ શીલ પાછું. ચારિત્ર એ શુદ્ધ. પંચ મહાવ્રતાદિ એ નહિ. એથી એ શબ્દ લીધો છે. પંચ મહાવ્રતાદિ નહિ. શુદ્ધ શીલ. આહાહા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન, તદ્દન અભેદ શુદ્ધનું જ્ઞાન કરીને એમાં રમવું, ચરવું એનું નામ શુદ્ધ ચારિત્ર. શુદ્ધ શીલ. શીલ એટલે ચારિત્ર. એવા '**શુદ્ધ શીલને (ચારિત્ર)ને આચરીને, સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે—**' આહાહા..! મુક્તિરૂપી પૂર્ણ દશા એનો એ ધણી થાય, એમ કહે છે. મુક્તિરૂપી પૂર્ણ દશા એ શુદ્ધ તત્ત્વને જાણી એમાં શીલ એટલે આચરણ કરી મુક્તિરૂપી પરિણતિ તેને પ્રાપ્ત થાય. એથી એને સ્ત્રીનો સ્વામી કહ્યો. '**સિદ્ધિને પામે છે.**' કહ્યું ને? '**સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય...**' એટલે શું? '**સિદ્ધિને પામે છે.**' આહાહા..! તત્ત્વની પણ વાત કરી, ઉપાયની પણ કહી અને ઉપેયની પણ કહી. એક શ્લોકમાં ત્રણ આવી ગયું. અંદર શુદ્ધ અભેદ ચૈતન્ય તે તત્ત્વ. એને જાણીને એ સમ્યક્જ્ઞાન. જાણીને માન્યું એ સમ્યગ્દર્શન. અને એમાં શુદ્ધ શીલ, સ્વરૂપમાં આચરણ અંદર ચારિત્ર. આહાહા..! ચારિત્ર એટલે મોક્ષનો માર્ગ. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ. આહાહા..!

'**સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે—સિદ્ધિને પામે છે.**' એક શ્લોકમાં તો ઘણું બધું આવી ગયું. બાહ્ય ક્રિયાકાંડથી, તેમ બાહ્ય શાસ્ત્રના એકલા જ્ઞાનથી તે પ્રાપ્ત થાય એવો નથી. વસ્તુ છે, પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે. એને પામવા માટે તો તેની સન્મુખતા અને સંયોગ રાગ અને પર્યાયની વિમુખતા (થવી જોઈએ). દ્રવ્યસ્વભાવની સન્મુખતા. સંયોગ. દેવ-ગુરુ-શાસ્ત્ર સંયોગમાં ભલે હો. આહાહા..! એનાથી પણ રહિત. એના પ્રત્યેનો રાગ છે, એનાથી પણ રહિત. અને રાગમાં, પર્યાયમાં જે જ્ઞાન થાય છે એ પર્યાયથી પણ રહિત. આહાહા..! ત્રિકાળી જે શુદ્ધતત્ત્વ છે, એને જાણી–માનીને આચરણ, એ સિદ્ધિનું કારણ છે. મુક્તિનું એ કારણ છે. આહાહા..! ૧૭૩ શ્લોક (પૂરો) થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૭૪

(स्नग्धरा)

सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये
निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।
शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहधोरान्धकारं
तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्।।१७४।।

**[શ્લોકાર્થ :–] તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે, જે બાધા રહિત છે, જે વિશુદ્ધ છે, જે કામદેવના બાણોની ગહન (–દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેને–સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ તે શુદ્ધ તત્ત્વને—હું વંદું છું. ૧૭૪.**

## શ્લોક–૧૭૪ ઉપર પ્રવચન

सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये
निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।
शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहधोरान्धकारं
तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्।।१७४।।

**શ્લોકાર્થ :- 'તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...'** આહાહા..! એકલું માખણ છે. અંદરમાં તત્ત્વમાં જે મગ્ન છે. ચૈતન્યતત્ત્વ, ધ્રુવ અનંતગુણથી એકરૂપ, એવા તત્ત્વમાં જે મગ્ન છે. એવા **'જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...'** કેસર જેમ ફૂલમાં હોય એમ આ પ્રગટ આનંદની દશા સહિત બિરાજે છે. આહાહા..! **'તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિ...'** આ કાંઈ મુનિ ક્રિયા કરે, મહાવ્રત પાળે એ નહિ. આ તો **'તત્ત્વમાં મગ્ન...'** આહાહા..! **'એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...'** આહાહા..! જેમ કમળમાં કેસર બહાર આવે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ આ હ્રદયમાં ભગવાનઆત્મા આનંદસહિત બહાર આવે છે. એની દષ્ટિ કરતાં, એનો આદર કરતાં અતીન્દ્રિય આનંદના કેસરસહિત બહાર આવે છે. શક્તિરૂપે રહે છે એમ નહિ. આહાહા..! તત્ત્વમાં અંતર એકાગ્ર થતા અંતરના આનંદનું, જેમ કમળમાં કેસર હોય, એમ આત્મામાં આનંદસહિત એ આત્મા બહાર આવે છે. આહાહા..! આવી વાતું છે. બધાની વાત એક છે. કુંચી એક છે, કુંચી. છોકરો બોલ્યો હતો. સિદ્ધપ્રકાશ છે ને. બધાની કુંચી એક છે એમ બોલ્યો હતો. આત્માની એક જ કુંચી છે કે અંદર ત્રિકાળ સ્વભાવ તરફ જવું.

આનંદસ્વરૂપ અંદર ભગવાનઆત્મા... આહાહા..! કેસર બહાર આવે છે ને? કમળમાં શક્તિરૂપે રહેતું નથી, કેસર બહાર આવે છે. આહાહા..! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની શક્તિથી ભરેલો, એને જાણીને **'હ્રદયકમળના કેસરમાં...'** હ્રદયકમળમાં એ આનંદનું સ્ફુરણ થાય છે. **'જે આનંદ સહિત બિરાજમાન છે,...'** આહાહા..! પણ કોને? કહે છે. તત્ત્વમાં મગ્ન એવાને. તત્ત્વ જે આત્મા ભગવાનસ્વરૂપ... આહાહા..! કેમ બેસે? અત્યારે ભગવાન! ભગવાન તો ક્યારે થાય? આહાહા..! ભગવાન જ છો. ભગવાન જો ન હોય તો ભગવાનપણું આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે?

ભગવાનસ્વરૂપ આત્મા એવા તત્ત્વમાં જે મગ્ન છે એમ કીધું. **'એવા જિનમુનિના હ્રદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...'** એ જીવ લીધો છે. આલોચનામાં આલોચના એટલે જીવને જોનારો અને જીવમાં મગ્ન એ આલોચના છે. આલોચના અધિકાર છે ને? આહાહા..! એ તત્ત્વ જે છે એને જોવે છે, એને જાણે છે, એમાં મગ્ન છે, તેને આનંદ સહિત આત્મા બિરાજે છે. પ્રગટ આનંદસહિત બિરાજે છે. આહાહા..! **'જે બાધા રહિત છે,...'** જેને કોઈ વિઘ્ન નથી. એવું એ આત્માનું સ્વરૂપ છે, જે તત્ત્વમાં મગ્ન છે, કે જેને બાધા કોઈ નથી. વિઘ્ન કોઈ છે જ નહિ. કે કર્મનો ઉદય આકરો આવશે તો આમ થશે ને તેમ થશે. તત્ત્વમાં મગ્ન પુરુષાર્થીને કોઈ જાતનું વિઘ્ન અંતરમાં આવતું નથી. આહાહા..! વીતરાગમાર્ગ બહુ ઝીણો. અત્યારે તો બધું ક્રિયાકાંડમાં ઉતારી નાખ્યું. દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો. આમાં ભક્તિ... આહાહા..!

તત્ત્વ જે અંદર છે, અને કહે છે જે તત્ત્વમાં મગ્ન છે **'એવા જિનમુનિના હ્રદયકમળમાં...'** આહાહા..! કમળમાં જેમ કેસર (હોય) એમ આનંદ સહિત બિરાજમાન છે. આહાહા..! પણ તત્ત્વમાં જે મગ્ન છે તેને આનંદસહિત બિરાજમાન છે. આમ તો આત્મા આનંદસહિત ત્રિકાળ છે. પણ અંદરમાં મગ્ન (થયા) વિના પર્યાયમાં આનંદ આવતો નથી. આહાહા..! આવો ઉપદેશ. સાધન શું હશે? આ સાધન. તત્ત્વને જાણવું, માનવું અને ઠરવું એ એનું સાધન. મુક્તિનું એ સાધન છે. આહાહા..!

**'જે બાધા રહિત છે, જે વિશુદ્ધ છે,...'** જે વિશુદ્ધ છે. વિશુદ્ધ અર્થમાં તો શુભભાવમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ આવે છે અને શુદ્ધમાં પણ આવો અર્થ આવે છે. અહીં શુદ્ધના અર્થમાં વિશુદ્ધ છે. વિશુદ્ધ છે-એકલો નિર્મળ શુદ્ધ છે. **'જે કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે...'** આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? કે જે બાહ્યની સુંદરતા દેખીને, પાંચેય ઇન્દ્રિયાના વિષયો અંદર આમ સુંદરતા, શરીરની સુંદરતાને દેખીને જે કામ ઉત્પન્ન થાય એવા કામબાણનો તો નાશ કરી નાખે એવો છે. આહાહા..! **'કામદેવ...'** લે, હવે એને દેવ કીધો. **'કામદેવના બાણો...'** આહાહા..! રૂપાળુ કાંઈક શરીર દેખે, રૂપાળી કોઈ ચીજ દેખે, અંદરમાં ઘા વાગી જાય. આ ઠીક છે, ત્યાં રોકાઈ જાય. એ કામદેવનું બાણ છે. આહાહા..! પાંચેય ઇન્દ્રિય તરફની અનુકૂળ ચીજને દેખીને, તેમાં રાગની ઉત્પત્તિ કરીને અંદર રોકાઈ જવું, એ કામદેવના બાણ છે. તેને આ હણી નાખે છે.

**'કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેના...'** એટલે કે... આહાહા..! આંખથી દેખવું, કાનથી સાંભળવું વગેરે પાંચ ઇન્દ્રિયની ઘણી જ અંદર પ્રીતિ અને પ્રેમ ઉત્પન્ન થાય, એ એને દુર્ભેદ છે. આહાહા..! એનો નાશ કરવો. દુર્ભેદ એવી સેના. આહાહા..! જુવાન શરીર હોય, ઇન્દ્રિયો પુષ્ટ હોય, ખોરાક અને પૈસા-સાધન હોય. અંદરથી ફાટી નીકળે, જાણે, બસ, અમે આ છીએ, અમે સુખી છીએ. આહાહા..! એવા પાંચ ઇન્દ્રિયના બાણ જે છે તેને. એ બાણ છે કેવા? દુર્ભેદ્ય. નાશ કરવું મુશ્કેલ છે. આહાહા..! એને ભેદ કરવો (મુશ્કેલ છે). આહાહા..! પોતાની કીર્તિ સાંભળે, આબરૂ સાંભળે ત્યાં અંદરમાં એને ગલગલીયા થાય. આહા..! એની જ્યાં મોટપ સાંભળે, એ બધા કામના બાણ છે. દુર્ભેદ્ય છે. એનો ભેદ-નાશ કરવો એ મુશ્કેલ, દુષ્કર છે.

છતાં તેની **'સેનાને બાળી નાખવા માટે...'** આહાહા..! તત્ત્વ એવું છે. ભગવાન ચૈતન્ય તત્ત્વ અતીન્દ્રિય આનંદનું તત્ત્વ (એવું છે) કે કામની સેના જે દુર્ભેદ છે તેને પણ બાળી નાખવા સમર્થ છે. **'બાળી નાખવા માટે દાવાનળ સમાન છે...'** સાધારણ અગ્નિ નહિ. આહાહા..! દાવાનળ જેમ જંગલમાં હોય અને મોટા ઝાડવા બાળી નાખે. સુકા અને લીલા... આહાહા..! દાવાનળ લીલા અને સુકાને બાળીને રાખ કરી નાખે. એમ આત્માનું તત્ત્વનું મગ્નપણું અંદર... આહાહા..! **'દાવાનળ સમાન છે.'** આહાહા..! કામની સેના દુર્ભેદ્ય હોવા છતાં તેને બાળી નાખવા સમર્થ છે. આહાહા..! આ આલોચના... આ આલોચના. મોઢેથી ગુરુને કહેવું કે મને આમ થયું, તેમ થયું એ બધી વિકલ્પની આલોચના છે. આ તો નિર્વિકલ્પ આલોચના છે. આહાહા..!

**'અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...'** આહાહા..! શુદ્ધ સમ્યગ્જ્ઞાન વડે, ચૈતન્યપ્રકાશ વડે અંદરના તત્ત્વને પકડવાથી એનો ચૈતન્યનો પ્રકાશ પ્રગટ્યો. એ ચૈતન્યના પ્રકાશ વડે, **'દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે,...'** આહાહા..! જે ભગવાન ચૈતન્ય અંદર છે, એનો જેણે આદર કર્યો તેને ચૈતન્યના પ્રકાશ વડે, મુનિઓના હૃદયમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે અંધકાર છે એનો એણે નાશ કર્યો. ઘોર અંધકારનો નાશ કર્યો. આહાહા..!

મુમુક્ષુ :– મુનિઓના મનોગૃહમાં...

ઉત્તર :– પહેલા દુર્ભેદ કીધું હતું. કહે છે કે પણ છે ઘોર. આહાહા..! ઘોર અંધકાર. મોહરૂપી ઘોર અંધકાર. એ ચૈતન્યના તત્ત્વના અવલંબનથી દાવાનળ સમાન ચૈતન્ય ભગવાન કામની સેનાને બાળવા સમર્થ છે. આહાહા..! ઇન્દ્રની ઇન્દ્રાણી આવીને પણ જો ચળાવવા આવે તો કહે છે કે આત્મા સમર્થ છે. એ કામબાણની સેનાને દાવાનળ સમાન છે. આહાહા..! તે કેવો? ઘોર દાવાનળ. આહાહા..!

**'ઘોર અંધકારનો નાશ કર્યો છે,...'** આહાહા..! **'તેને–સાધુઓ વડે વંદ્ય...'** આહાહા..! આવું તત્ત્વ છે એ સંતો વડે વંદનિક છે, સાધુ વડે આદરણીય છે. આહાહા..! **'સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં...'** આહાહા..! જન્મરૂપી અર્ણવ એટલે દરિયો, એને **'ઓળંગી જવામાં...'** શુદ્ધ તત્ત્વનો આશ્રય એ **'જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ...'** જેમ દરિયામાં નાવથી તરીને જાય. નાવ-નાવ, નૌકા. આહાહા..! **'સાધુ વડે વંદ્ય...'** ભાવલિંગી સાધુ. જેને ભાવ આનંદનું લિંગ-ચિહ્ન પ્રગટ્યું છે. આહાહા..! એ જેનું કેસર છે. કમળનું જેમ કેસર (હોય તેમ). એ દુર્ભેદ્ય કામબાણ હોવા છતાં સંતોને વંદનિક છે અને જન્માર્ણવને ઓળંગી જતા... આહાહા..! જન્મરૂપી દરિયો, જન્મ-મરણ... જન્મ-મરણ... જન્મ-મરણ... એક જન્મ થાય ત્યાં મરે ત્યાં બીજો જન્મ, બીજો મરે ત્યાં ત્રીજો જન્મ. એવા અનંતા અનંતા મરણ. આ પાંચ-પચ્ચીસ-પચાસ વર્ષ સ્થિતિની મુદ્દત કેટલી? સો વર્ષની લ્યો ને. મુદ્દત કેટલી અનંતકાળ સામે? એવા સો સો વર્ષની જિંદગી. જન્મરૂપી અર્ણવ સંસાર... આહાહા..! **'ઓળંગી જવામાં નૌકારૂપ...'** છે. પાણીનો મોટો દરિયો ભર્યો હોય એને નાવ હોય તો નાવથી એ તરી શકે છે. એમ આ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં લીન થઈ અને મોહાંધકારનો નાશ કરી શકે છે. આહાહા..! આમાં બહારનું શું કરવું કાંઈ આવતું નથી. કઈ ક્રિયા કરવી કે... આહાહા..!

જડની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. અંદર અશુદ્ધ પરિણામના રાગાદિ આવે એ તો દુઃખ ને આકુળતા છે. એને તો છેદવા માટે આ આલોચના એટલે જીવને જોવો, અંદર જોવો કે આ છે કોણ પણ? આહાહા..! મુનિના હૃદયકમળમાં... આહાહા..! **'મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેને–સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં...'** આહાહા..! સંસારના ભવ કરવાના પરિણામથી ઓળંગી ગયો છે. જે ભાવે ભવ મળે તે ભાવથી ઓળંગી ગયો છે. આહાહા..! આવી વાતું છે.

મુનિરાજ પંચમઆરાના મુનિ છે. પંચમઆરાના શ્રોતાને કહે છે. કે ચોથા આરાના છે? આહાહા..! પ્રભુ! તારામાં તૈયારી એટલી છે... આહાહા..! તેની સામું જો અને તેમાં ઠર. આહાહા..! મનોગૃહનો, મોહનો અંધકારનો નાશ થઈ જાય એવો છે. મોહ રહે નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક છાંટ પણ મોહની રહે નહિ. દરિયામાં જેમ નૌકાથી તરી શકાય, એમ પ્રભુના આશ્રયથી મોહના અંધકારને તરી શકે છે. આહાહા..!

**'તે શુદ્ધ તત્ત્વને...'** મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. એવા **'તત્ત્વને—હું વંદું છું.'** પાંચ પરમેષ્ઠીને વંદું છું એ વાત નહિ. આહાહા..! કેમકે એ તો વિકલ્પ છે. આહાહા..! આવા તત્ત્વને.. આહાહા..! **'તે શુદ્ધ તત્ત્વને—'** જે તત્ત્વમાં મોહનો નાશ કરવાની તાકાત છે. દુર્ભેદ્ય હોવા છતાં જેને ભેદી નાખે એવી તાકાત છે. રાગાદિ ભેદ કરવો, નાશ કરવો દુર્ભેદ્ય છે. એને બાળી નાખવાને સમર્થ છે એવું જે તત્ત્વ. એવા તત્ત્વને હું વંદું છું. આને હું વંદું છું એમ ભાષા કહે છે. આ આલોચના. આહાહા..! અગમ્યગમ્યની વાતું છે આ. અલકમલકની નહિ. આહાહા..! અગમ્ય–જે અનાદિથી ગમ્ય થયો નથી એને ગમ્ય કરવાનો આ અધિકાર છે. આહાહા..! એક એક શ્લોક ઘણા તત્ત્વથી ભર્યો છે. આહા..! એવા **'તે શુદ્ધ તત્ત્વને...'** એટલે જે સાધુ વડે વંદ્ય છે, જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ છે, જે મુનિઓને મનોગૃહના ઘોર અંધકારને નાશ કરવા સમર્થ છે, એવું જે શુદ્ધતત્ત્વ એને હું વંદું છું. આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :– આત્મા તો અકર્તા છે.

ઉત્તર :– કર્તા છે અને અકર્તા છે. બેય છે. રાગનો અકર્તા છે અને સ્વરૂપની પર્યાયનો કર્તા છે. અને એક ન્યાયે તો શુદ્ધપર્યાયનોય કર્તા નથી. પર્યાય પર્યાયથી થાય છે. અહીં એકસાથે અભેદ કરીને સમજાવવું છે ને? એમ કરી નાખે કે આત્મા પર્યાયને છેદી નાખે છે. છેદી નાખે એ તો રાગને માટે છે. નિર્મળ પર્યાયને છેદે છે? નિર્મળ પર્યાય પ્રગટી છે તેનો આશ્રય તત્ત્વ છે. ધર્મની નિર્મળ પર્યાય પ્રગટી છે તેનો આશ્રય સ્વતંત્ર પર્યાય કર્તા થઈ અને ધ્રુવનો આશ્રય લે છે. આહાહા..! ઘણી ઝીણી વાત, ભાઈ! એથી પર્યાય પણ સ્વતંત્ર છે. નિર્મળ જે પર્યાય છે તે સ્વતંત્ર છે. એ પર્યાય પર્યાયને વાંદે છે. પર્યાય ધ્રુવને વાંદે છે. વાંદે છે તો બેયને. સમજાય છે કાંઈ? આહાહા..! બેયનો આદર છે. ધ્રુવનો આદર છે અને ધ્રુવના આદરથી પ્રગટેલી દશાનો પણ આદર છે. આહાહા..! આવી વાત આવે ત્યાં લોકોને (એમ થાય છે કે) એકલી નિશ્ચયની વાત છે, ત્યાં તો નિશ્ચયની વાતું કરે છે. પણ બાપુ! નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે આરોપિત. આહાહા..! એવા સત્‌ને પ્રભુ તેં સાંભળ્યું નથી.

અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે. એ શરીર પ્રમાણે દેખતા એને એમ લાગે કે આવડો મોટો અહીં હશે? ભલે અવગાહન શરીર પ્રમાણે હો. છતાં એનો સ્વભાવ છે એ તો અપાર છે. અનંતઆનંદ અને અનંતજ્ઞાન. અનંત એટલે જેમાં અંત નથી. એટલું જ્ઞાન-દર્શન અને શાંતિ ભરી છે. શાંતિ... શાંતિ... શાંતિ... એનો આશ્રય લેનારને શાંતિ મળે એમ છે, બાકી શાંતિ ક્યાંયથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળે એવી નથી. આહાહા..! ત્યાં પ્રશ્ન બહુ થયા છે. એમ કે આ શુભભાવ કરીએ એમાં જરી શાંતિ લાગે છે ને? 'ચંદુભાઈ' પ્રશ્ન કરતા હતા. બહુ કરતા. શુભભાવમાં જરી શાંતિ લાગે છે એટલે શું? શાંતિ નથી અને લાગે છે એ ક્યાંથી આવ્યું? શુભભાવ તો અશાંતિ છે, શુભભાવ તો આકુળતા છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દુર્ભેદ તો કીધું. થઈ શકવા લાયક છે. આકરું પણ અશક્ય નથી. થઈ શકે નહિ એવું આકરું નથી. હજી આગળ કહેશે. આ સહેલું છે એમ કહેશે. આમાં છે ને? ૧૭૬, ૧૭૬. **'નિરંતર સુલભ છે,...'** ૧૭૬ કળશ. આહાહા..! છે? ૧૭૬ કળશની બીજી લીટી. એની શરૂઆતમાં **'જે નિરંતર સુલભ છે,...'** ભગવાન. આહાહા..! 'શ્રીમદ્'માં પણ આવે છે. સત્ સત્ છે, સરળ છે, સર્વત્ર છે. આ બતાવનારા જોઈએ એટલું (વિશેષ કહ્યું). આહાહા..! અહીં તો કીધું કે સત્ નિરંતર સુલભ છે. એમ નથી કહ્યું કે એ નહિ પમાય. આહાહા..! પોતે જ એને મોંઘુ છે એમ માનીને અંદરમાં પુરુષાર્થ કરી શકતો નથી. નહિતર જે નિરંતર સુલભ છે. આહાહા..!

મુમુક્ષુ :– બોધિદુર્લભભાવના કેમ કહ્યું?

ઉત્તર :– બોધિદુર્લભભાવના અપેક્ષાએ છે. એ તો પહેલું કહ્યું, દુર્ભેદ્ય છે. શા માટે? ભેદવું દુર્લભ છે પણ થઈ શકે છે. થઈ શકે એવું એ તત્ત્વ છે. તત્ત્વની સામું જોતા એ કોઈ રહી શકે, એનાથી વિરુદ્ધભાવ કોઈ રહી શકે એ તાકાત નથી. એવું એ તત્ત્વ છે. જેના તત્ત્વના પ્રકાશના આદર અને સ્વભાવ ને સત્કાર આગળ, એનાથી વિરુદ્ધનો ભાવ ઊભો રહી શકે નહિ એવું એ તત્ત્વ છે. વિશ્વાસ આવવો જોઈએ ને? આહાહા..!

અહીં તો સંતો વાત કરે છે એ પોતાની છે એ વાત બીજાને કરે છે. ભાઈ! એ થઈ શકે છે. આ તું લાખ કરીને પોતાનું માનવા માગ તો અનંતકાળ થયો તો નહિ થાય. અને રાગનો કણ પણ મારો માનવા માગીશ (તો) અનંતકાળ થયો તોપણ નહિ થાય. સમજાય છે કાંઈ? દયા, દાનનો વિકલ્પ ઊઠે એને પોતાનો કરવા માગીશ તો ત્રણ કાળમાં નહિ થાય. આહાહા..! આ થઈ શકશે માટે સુલભ કીધું છે. આહાહા..! કહો, 'ચેતનજી'! સુલભ કીધું છે એ કઈ રીતે? અનંતકાળ થયો, પ્રભુ! રાગના કણને મારો માનવામાં મથ્યો છે. પણ કોઈ દિ' રાગનો કણ એનો થતો નથી. રાગ અને આત્માની વચ્ચે તો સાંધ છે. આહાહા..! એ સાંધ કોઈ દિ' તોડીને રાગ એકત્વ થતો નથી. પણ રાગને તોડીને ભગવાનઆત્મા પૂર્ણાનંદને પ્રાપ્ત કરી શકે એવો એ નિરંતર સુલભ છે. આહાહા..! અરે..રે..! વાત સાંભળી છે ક્યાં? એના ઘરની અંદરમાં ઘરમાં શું ભર્યું છે? તાળા માર્યા છે. દયા, દાન વગેરે રાગ અને રાગના ફળ દેખી અને હરખાઈ ગયો અને આત્માના અંતર સ્વભાવને તાળા માર્યા. આહાહા..! એ ૧૭૬માં આવશે પછી. **'નિરંતર સુલભ છે,...'** આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૭૫

(हरिणी)

अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये
विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।
हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं
पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्।।१७५।।

**[શ્લોકાર્થ :–] અમે પૂછીએ છીએ કે–જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે? અહો! ખેદ છે કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ *પિંડરૂપ આ પદને જાણીને ફરીને પણ સરાગતાને પામે છે! ૧૭૫.**

## શ્લોક–૧૭૫ ઉપર પ્રવચન

હવે ૧૭૫.

अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये
विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।
हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं
पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्।।१७५।।

આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે, આચાર્ય નથી. આહાહા..!

**શ્લોકાર્થ** :- અરે..! **'અમે પૂછીએ છીએ કે–જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં...'** બહુ જાણપણું ધાર્યું છે એવા હોવા છતાં, એમ કહે છે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, વાતું કરતા તો બહુ આવડી. આહાહા..! **'જેઓ સમગ્ર બુદ્ધિવાળા...'** બુદ્ધિમાં તો જાણે એવી વાતું કરવા બેસે જાણે... આહાહા..! ડાહ્યાનો દીકરો જાણે ઉતર્યો. ભગવાન! **'જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે,...'** આહાહા..! આ રાગને કર એમ કેમ ઉપદેશે છે એ? આ એમ કહે છે. આહાહા..! **'અમે પૂછીએ**

* પિંડ = (૧) પદાર્થ; (૨) બળ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છીએ કે–જેઓ...'** ઘણા બુદ્ધિવાળા કહેવાય. આવા (હોવા) છતાં રાગ કર, પુણ્ય કર એનાથી તને લાભ (થશે એમ કહે છે). શું છે આ તને? એમ કહે છે. આહાહા..! **'જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર'...'** આહાહા..!

મુમુક્ષુ :– નવું પાપ કર એટલે?

ઉત્તર :– કર એટલે આ રાગને પોતાનો માન એમ કર. રાગથી લાભ થાય એમ કર. આ શું થયું તને? એમ કહે છે. 'ચેતનજી'! આહાહા..! આમ વાત છે. પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને. એમાં શુભરાગ પણ પાપ છે. આકુળતા છે એ કર, તને આ ક્યાંથી સૂઝ્યું? તેં ઘણું સાંભળ્યું અને ધાર્યું છે ને? શાસ્ત્રને સમગ્ર બુદ્ધિવાળો થયો છો ને. આહાહા..!

મુમુક્ષુ :– એમ કરીને મશ્કરી કરી છે.

ઉત્તર :– મશ્કરી એને ઉડાવી દીધો. ધર્મમાં તું છો જ નહિ, જા. નાલાયક છો. જાણપણાની બધી મોટી મોટી વાતું કરતા આવડે છે અને તત્ત્વની દૃષ્ટિનો આદર નથી. એની વાત કરીએ ત્યારે તને અંદર લાગે આ તો ઝીણું છે, આ તો બીજી વાત છે. પણ આ જાડી વાત એ તને સહેલી લાગે છે. થયું છે શું? મિથ્યાત્વનો દારૂ પીધો છે. આવી વાત છે. આ તો દિગંબર સંતોની વાતું, બાપા! આહાહા..! ક્યાંય છે નહિ. દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. લોકોને આકરું લાગે. પણ આ આકરું નથી લાગતું.

હું એક ચૈતન્યમૂર્તિ, તેં ઘણા જાણપણા કર્યા. એ જાણપણા કર્યા છતાં.. ચૈતન્યના નહિ. જાણપણા કર્યા બધા ધારણાના. અને વળી નવું પાપ કર, જે આત્મામાં નથી એવા પુણ્ય, નવા પાપ કર... આહાહા..! મુનિ ઉછળી ગયા છે. આહાહા..! ભગવાન વીતરાગમૂર્તિ છે ને પ્રભુ! તેં જાણપણા ઘણા કર્યા છતાં તું વીતરાગમૂર્તિને ન આદરતા, જે આત્મામાં નથી એવા રાગને નવા કર, આ શું થયું તને? આહાહા..! **'એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે?'** કે મુનિ છે? રાગ જે સ્વરૂપમાં નથી, એને નવો કર. એમાં નથી એ નવું કર. તો એનાથી તને લાભ થશે. પહેલું એ આવે અને આવે તો એનાથી લાભ થશે. આવી વાત તું કરવા કેમ માંડ્યો છો? એમ કહે છે. આહાહા..! એય..! આ તો બીજી વાતું છે, બાપા! આહાહા..! તેઓ શું ખરેખર મુનિ છે? જે વ્યવહારના રાગને આદરણીય મનાવે છે, એવા નવા પાપ કરાવે છે એ શું મુનિ છે? આહાહા..! આવી વાત છે. એમાં છે કે નહિ? આહાહા..! પ્રભુ! તું અનાદિ સનાતન શાંતિનો સાગર છો, પ્રભુ! એનું તેં જાણપણું કર્યું નહિ અને વાતું કરવાની વાતુંનું જાણપણું કર્યું. અને એ જાણપણામાં વળી તેં એમ ઠરાવ્યું કે ભાઈ શુભ થયા વિના ચાલશે નહિ. શુભ વિના તો અંદર જવાશે નહિ. પાધરા જવાતા હશે?

મુમુક્ષુ :– એ આંગણું છે.

ઉત્તર :– આંગણું છે. અરે..! તને શું થયું આ? આહાહા..! એને ઓળંગી જઈને પ્રાપ્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. એનાથી થતું નથી. શુભભાવથી આત્માની પ્રાપ્તિ થતી નથી. લાખ ભક્તિ કરે અને કરોડો રૂપિયા ખર્ચીને મંદિર બનાવે અને વ્રત છ-છ મહિનાના અપવાસ કરે, એનાથી પ્રાપ્તિ થતી નથી. તને શું થયું આ? મુનિ થઈને આ નવું પાપ કરવાનું તને ક્યાંથી સૂઝ્યું? એમ કહે છે. આહાહા..! જુઓને! એમ ઉપદેશે છે એમ કીધું ને? આહાહા..! વ્યવહાર રાગનો ભાવ ઉપદેશે છે. રાગથી કલ્યાણ થશે. તેં નવી વાત કાઢી, આવો ઉપદેશ? શુભ કરતાં કરતાં કલ્યાણ થશે.

મુમુક્ષુ :– આ કાળે તો શુભ જ થઈ શકે છે.

ઉત્તર :– એ તો વળી બિચારા... અરે..રે..! આહાહા..! મુનિને આ કાળે તો શુભયોગ જ હોય. એમ કહે છે. ‘શ્રુતસાગર’ છે. ‘શાંતિસાગર’ના કેડાયત. એ એમ કહે છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ! આવું તને ક્યાંથી સૂઝ્યું? ભાઈ! આ તેં જાણપણા બધા કર્યા. એને જાણપણું ઘણું છે. ક્ષયોપશમ ‘ધર્મસાગર’ કરતા એને વિશેષ છે. ‘શાંતિસાગર’ના કેડે આવ્યા છે ને? એના કરતાં આને.. પદ ન આવ્યું એ જુદા પડી ગયા. વાંચન (ઘણું). પણ આ વાંચન કરીને આવી વાત સ્થપાવી? અરે..રે..! કે અત્યારે તો શુભયોગ જ થશે. શુભ પરિણામ. આવો ઉપદેશ કર્યો! અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! તું આત્મા છો પ્રભુ! એ શુભ પરિણામથી તને લાભ થાય એમ માનીશ તો મિથ્યાત્વનું દુઃખ થશે. અને ભગવાન તને દુઃખ થાય એ કોઈ ઇચ્છે?

આત્માઓ બધા ભગવાન છે. સુખી થાઓ. આત્માના અંદરમાં જઈને સુખી થાવ. દુઃખી થાવ એ વાત અંદર હોય નહિ. આહાહા..! કોઈ પ્રત્યે હલકો, વેર અને વિરુદ્ધ હોય નહિ. કોઈ પ્રાણી પ્રત્યે હલકો માને એમ હોય નહિ. પોતે જેને પૂર્ણ માન્યો છે એ બીજાને હલકો કેમ કહે? આહાહા..! પ્રભુ! તું મોટો છો, ભાઈ! બીજી વાતું કરીને પાપથી ધર્મ થાય, એ પુણ્ય પણ ખરેખર પાપ છે. આહાહા..! ‘પાપ પાપ તો સહુ કહે પણ અનુભવી પુણ્યને પાપ કહે.’ ‘યોગીન્દ્રદેવ’ના દોહરામાં આવે છે. આહાહા..! એ કહેવા આ માગે છે, હોં! આ નવું તને ક્યાંથી સૂઝ્યું? એ તો અનાદિથી પ્રાપ્તિ છે. આહાહા..!

**‘જેઓ સમગ્ર બુદ્ધિવાળા...’** જાણે બધું જાણપણું કરી, શાસ્ત્રો વાંચ્યા... આહાહા..! **‘છતાં બીજાને ‘આ નવું પાપ કર’ એમ ઉપદેશે છે,...’** આહાહા..! ‘કુંદકુંદાચાર્યે’ તો મંદિર બનાવવાની વાતમાં વાત કરી. ‘બોધપાહુડ’માં છ કાયની દયાની વાતું કરી. કારણ કે એમાં જરીક હિંસા છે. મંદિર બને એમાં પાણી, પૃથ્વી એ ખ્યાલમાં લઈને બોધમાં નાખ્યું છે. છ કાયની રક્ષા કેમ થાય તે હું વાત કરીશ. આહાહા..! ઓલામાં જરી છ કાયનું આવે છે ને? આહાહા..! મંદિર બનાવવામાં પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ ત્યાં હણાય છે. અહીં તો કહે છે કે બિલકુલ બહારમાં જવું જ નહિ એવી સ્થિતિ બતાવવી છે. એ વાત છોડી દે. ફલાણુ કરું, ઢીકણું કરું એ મૂકી દે. આહાહા..! એ તો છકાયની રક્ષાની વાત જ કરી. એમાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈપણ પ્રાણી, પૃથ્વી, પાણીને જરી પણ પીડા થાય, એ વાત હવે નહિ કરું. 'બોધપાહુડ'માં કહ્યું. આહાહા..! અહીં કહે છે, કે તું મુનિ થઈને... આહાહા..! તેઓ શું ખરેખર મુનિ છે? જે કોઈ શુભરાગ ને હિંસા આદિથી ધર્મ મનાવે છે.

મુમુક્ષુ :– ધર્મ ન મનાવે પણ આંગણું મનાવે તો વાંધો છે?

ઉત્તર :– આંગણે ક્યાં છે? આ આંગણું પણ નથી. આંગણું ઓળંગી જાય ત્યારે એને આંગણું કહેવાય. તળેટીને ઓળંગી જાય અને ઉપર જાય ત્યારે હેઠાને તળેટી કહેવાય. આ ડુંગર ઉપર ચડેને? ત્યાં ને ત્યાં ઊભો એને તળેટી કહેવાય? આહાહા..! ઉપર ચડે ત્યારે નીચે તળેટી કહેવાય. એમ શુભને છોડીને સ્વરૂપમાં ઠરે ત્યારે શુભભાવ હતો એનું જ્ઞાન કરે. પણ એનાથી મને લાભ થાય એવો ઉપદેશ ક્યાંથી તેં કાઢ્યો? એમ અહીં તો કહે છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારીદેવ'. તેઓ શું ખરેખર મુનિ છે? આહાહા..!

**'અહો! ખેદ છે...'** આહાહા..! **'કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ...'** ચૈતન્યપિંડ. **'આ પદને જાણીને ફરીને પણ સરાગતાને પામે છે!'** જોયું? આહાહા..! ભગવાન અંદર **'વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ...'** ચૈતન્યપિંડ, ચૈતન્યપદાર્થ. ચૈતન્યદળ પદાર્થ એકલું દળ જ જેનું ચૈતન્યનું છે. એમાં ચૈતન્યની શુદ્ધિ પ્રગટ થાય એવું જ બળ છે. અશુદ્ધિને પ્રગટ કરે એવું એનામાં બળ છે જ નહિ. એ તો પર્યાયમાં અદ્ધરથી કરે છે. એના અનંતગુણમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર શુભપણે થાય. અનંતગુણ માહ્યલો એક ગુણ એવો નથી કે શુભપણે થાય. શુભ અધ્ધર પર્યાયમાંથી અદ્ધરથી થાય છે. આહાહા..! આવું છે. સાધારણ માણસે કોઈ દિ' સાંભળ્યું ન હોય એને એમ લાગે કે આ શું કહે છે આવું તે આ? આ બધું ચાલે છે આ, અત્યારે બધા ખોટા? ખોટા-સાચાનો નિર્ણય તું કર. બાપા! તારો નાથ અંદર પડ્યો છે. આહાહા..!

એ કહે છે, જુઓને! કેવો છે? કે **'હૃદયમાં વિલસિત...'** અંદરમાં પડ્યો છે **'શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડ...'** સર્વોત્તમ ચૈતન્યપિંડ. **'આ પદને જાણીને...'** આહાહા..! **'ફરીને પણ સરાગતાને પામે છે!'** વળી રાગથી લાભ થાય એ ક્યાંથી મંડ્યો તું? તું મુનિ છો? એમ કહે છે. આહાહા..! મુનિરાજ મુનિને કહે છે. ભગવાન! આહાહા..! તેં બહારના બધા જાણપણા કર્યાં, પણ સર્વોત્કૃષ્ટ પ્રભુ ચિદ્‌પિંડ આત્મા, અને જે **'હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ...'** એમાં જવા માટેની વાત કરતો નથી અને શુભરાગ કર એવી તું પ્રરૂપણા કરે છો, પ્રભુ! એ કાંઈ મુનિપણું છે? આહાહા..!

મુમુક્ષુ :– શ્રાવકને માટે તો શુભરાગ છે ને?

ઉત્તર :– શ્રાવક પણ નથી. શ્રાવક છે એ તો શુભરાગ આવે છે એમ જાણે છે. કે આ હેય છે, દુઃખ છે. મારી નબળાઈને લઈને આ થાય છે. એટલી અપેક્ષાએ શ્રાવકનો ધર્મ કહ્યો છે ને. ધર્મનો અર્થ એ કે મારાથી અત્યારે વીતરાગતા થતી નથી એથી અશુભથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બચવા હું શુભમાં આવું છું. એથી શ્રાવકનો એને ધર્મ કીધો છે. શ્રાવકની શૈલીમાં, એની રીતમાં, પદ્ધતિમાં આટલું હોય. પણ મુનિને હોય નહિ. છતાં એ શ્રાવકને પણ રાગથી ધર્મ થાય એવી માન્યતા ન હોય. આહાહા..! ત્યાં તો એવું છે. આહાર-પાણીને સદોશ કરવો.. વગેરે એ તો શ્રાવકનો ધર્મ છે. એમ કહ્યું. એનો અર્થ એની ભૂમિકામાં આવે છે. એટલી વાત છે, બીજું કાંઈ નહિ. અહીં તો મુનિને કહે છે, કે પ્રભુ! તું ક્યાં ગયો? તેં જાણપણા કરીને આ કાઢ્યું? આહા..! શાસ્ત્ર વાંચીને તેં આમ કાઢ્યું કે રાગમાં ધર્મ થાય? રાગથી ધર્મ થાય? આહાહા..!

મુમુક્ષુ :- રાગથી ધર્મ થાય એમ ન કહ્યું, શુભરાગથી ધર્મ થાય એમ કહ્યું.

ઉત્તર :- એ શુભરાગથી ધર્મ થાય એ પાપ છે, મિથ્યાત્વ છે. એમાં હતું, મિથ્યાત્વ તે સંસાર. કહ્યું હતું ને? મિથ્યાત્વ તે સંસાર છે. મિથ્યાત્વ ગયે સિદ્ધ સદશ્ય છે. એ શ્લોકમાં છે. સવારે કહ્યું હતું. સિદ્ધ સદશ્ય છે. કથનની શૈલી એક અપેક્ષાએ. એક કોર ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ કહે અને એક કોર સમકિત થયું એને સિદ્ધ સદશ્ય કહે. એ વિવક્ષાની અપેક્ષા છે. વિવક્ષાની વિચિત્રતા છે. એથી વિરુદ્ધતા નથી. એ કથનની વિચિત્રતા છે. એમાં તત્ત્વની વિરુદ્ધતા નથી. આહાહા..!

એ આસ્રવમાં કહ્યું છે. આ શબ્દો આસ્રવમાં આવે છે, કે ભાઈ! એક કોર આસ્રવ સમકિતીને આવે નહિ એમ કહો, વળી જઘન્ય જ્ઞાનમાં આસ્રવ આવે અને બંધ થાય એમ કહો. એ વિવક્ષાની વિચિત્રતા છે. કથનની શૈલી કઈ છે એ સમજાવ્યું છે. એમાં લખ્યું છે. વિવક્ષાની વિચિત્રતા છે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..!

અરે..! હ્રદયમાં બિરાજતો શુદ્ધ જ્ઞાનરૂપ ભગવાન અને સર્વોત્તમ ચૈતન્યપિંડ, સર્વોત્તમ પદાર્થ. આહાહા..! સર્વોત્તમ પૂર્ણ બળવાળો... આહાહા..! એને મુકીને **'જાણીને ફરીને પણ...'** એને જાણીને ફરીને પણ રાગથી લાભ થાય એ લાવ્યો ક્યાંથી? આ શું કર્યું તેં? તું સાધુ છો? આહાહા..! આકરી વાત પડે, બાપુ! દુનિયાના ધંધા આડે (નવરાશ ન મળે).

મુમુક્ષુ :- ... પૂજા કરો...

ઉત્તર :- એ તો સમજાવે છે. અશુભથી બચવાને કાળે શુભ ક્રમબદ્ધમાં આવે છે. એટલું. પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. અશુભને સ્થાનેથી ટાળવા, અશુભથી ટાળવા શુભ આવે એવું તો 'પંચાસ્તિકાય'માં છે. પણ એનાથી તને ધર્મ થશે અને જન્મમરણ મટશે આવો ઉપદેશ ક્યાંથી લાવ્યો તું? તું મુનિ છો? આહાહા..! મુનિ હોય તો આવું કર?

**'સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને...'** આહાહા..! ભગવાનસ્વરૂપ ચૈતન્યપિંડ પ્રભુ આનંદનો સાગર છે. એને જાણીને પણ... આહાહા..! **'ફરીને પણ સરાગતાને પામે છે!'** એમાં રાગ છે નહિ. એમ તો તેં જાણ્યું છે. છતાં વળી પાછો રાગથી ધર્મ મનાવ. જેમાં જે હોય એનાથી એમાં લાભ થાય. તો રાગ કાંઈ આત્મામાં નથી. એટલે આત્મામાં નથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેનાથી લાભ થાય એ વાત હોતી જ નથી. આત્મામાં જે દ્રવ્યમાં હોય, જ્ઞાન-દર્શન-આનંદ એનામાં છે તો એનાથી એને લાભ થાય. આહાહા..!

**'સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને...'** જોયું? **'આ પદને જાણીને...'** આહાહા..! આવી બુદ્ધિ ક્યાંથી તને આવી? **'સરાગતાને પામે છે!' 'ફરીને પણ સરાગતાને પામે છે!'** આહાહા..! રાગથી રહિત એવો ભગવાનઆત્મા તેં જાણ્યો, ઊંચી ચીજ છે (એમ જાણ્યું) છતાં વળી ફરીને રાગથી આત્માને લાભ થશે, આ શું તને થયું? વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૭૬

(हरिणी)

**जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं**
**सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम्।**
**परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः**
**स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम्।।१७६।।**

**[શ્લોકાર્થ :–] તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે—કે જે સદા અનાકુળ છે, જે નિરંતર સુલભ છે, જે પ્રકાશવંત છે, જે સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે, જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે, જેની સહજ અવસ્થા સ્ફુટિત (–પ્રકટિત) છે અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે. ૧૭૬.**

---

**પ્રવચન નં. ૧૩૦, શ્લોક-૧૭૬-૧૭૭, બુધવાર, જ્યેષ્ઠ સુદ ૭, તા.૨૧-૦૫-૧૯૮૦**

---

'નિયમસાર' ૧૭૬ કળશ છે. ૧૭૫ થઈ ગયો. ૧૭૬ છે.

**जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं**
**सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम्।**
**परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः**
**स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम्।।१७६।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :- ‘તત્ત્વોમાં જે સહજ તત્ત્વ જયવંત છે—’** સાત તત્ત્વ છે. નવ તત્ત્વ. આસ્રવમાં પુણ્ય-પાપ ભેગા છે. એ સાત તત્ત્વમાં ભગવાન જયવંત જ્ઞાનવંત જયવંત છે. બીજા તત્ત્વો તો પર્યાયમાં પલટે છે. સંવર, નિર્જરા, મોક્ષ એ પર્યાય છે તો પલટે છે. આ પલટ્યા વિનાનું તત્ત્વ **‘તત્ત્વોમાં..’** એટલે સાત તત્ત્વમાં **‘તે સહજ તત્ત્વ જયવંત છે—’** આહાહા..! ધ્રુવ જ્ઞાયકતત્ત્વ તો જયવંત વર્તે છે. કોઈ વખતે એમાં પલટો નથી, હિણપ નથી, વિપરીતતા નથી. એ તો પૂરેપૂરો ભગવાન નિરાવરણ, પૂર્ણ તત્ત્વ બિરાજે છે, જયવંત છે. આહા..! ધર્મી ભાવનામાં આમ કહે છે. મારું જે પૂર્ણ તત્ત્વ સાતમાં છે એ જયવંત વર્તે છે. આહાહા..! એવું ને એવું અનાદિકાળથી જે આત્મતત્ત્વ છે, એવો આત્મા શુદ્ધ આત્મા, પવિત્ર આનંદનો સાગર અનાદિથી જયવંત વર્તે છે. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધ પરિણમન થાય ત્યારે જયવંત વર્તે ને?

ઉત્તર :– હા. જયવંત એ જ કહે છે. જેને તત્ત્વ ધ્રુવ ભાસ્યું છે એ કહે છે કે જયવંત આ છે. ભાસ્યું નથી એને બહારની એકલી નજરું (છે). શરીર, વાણી, મન, કુટુંબ, કબીલા. અહીંયાં તો અંદર પર્યાયમાં ભાસન થયું. સહજ–સ્વભાવિક.

**‘તત્ત્વોમાં...’** સાત તત્ત્વોમાં સ્વભાવિક **‘સહજ તત્ત્વ જયવંત છે—’** એ જાણ્યું એણે કીધું છે. જાણવામાં આવ્યું એ કહે છે. આહાહા..! આસ્રવ અને સંવર, નિર્જરા ધર્મની પર્યાય અને ધર્મની પર્યાયનું ફળ મોક્ષ એ તો એક સમયની પર્યાય પૂરતી દશા છે. આહાહા..! તેથી જયવંત (વર્તે છે). આહાહા..! ત્યાં નજર કર, ત્યાં દૃષ્ટિ દે એમ કહે છે. બધા સંયોગો અને અંદરના રાગાદિ અને એની એક સમયની પર્યાય, મોક્ષની પર્યાય કે સંવર-નિર્જરાની પર્યાય, એના ઉપર નજર ન દે. જ્ઞાન કર. જ્ઞાનમાં એ જણાય. પણ સર્વોત્કૃષ્ટ શાશ્વત તત્ત્વ તો ભગવાન ધ્રુવ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! એ કોઈ દિ’ એણે સર્વોત્કૃષ્ટપણું જાણ્યું નથી. અનાદિકાળથી રખડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કરી છે. એ બધી રાગની ક્રિયા છે, એ કાંઈ આત્મક્રિયા નથી. આ તો આત્મિકક્રિયા જેને ઉત્પન્ન થઈ છે, એ એમ કહે છે, બધા તત્ત્વોમાં આ જયવંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં ધર્મ શું છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પર્યાયમાં સાર તત્ત્વમાં એ તત્ત્વ હું છું, સર્વોત્કૃષ્ટ છે. સવારમાં કહ્યું હતું ને? અજીવનો ચોથો અધિકાર. અજીવનો ચોથો થયો. આ અમે કાંઈ વધારે કહેતા નથી, ઉમેરીને કહેતા નથી. એ જોયું હતું. અજીવનો ચોથો અધિકાર.

અહીં એ આવ્યું, જુઓ! આત્મા જીવદ્રવ્ય પોતામાં પોતાને નિરંતર અનુભવો. આહાહા..! જીવદ્રવ્ય–આત્મા કેવો છે? આહાહા..! અનુભવયોગ્ય આત્મા છે. અનુભવો એમ જે કહ્યું પણ એ અનુભવ યોગ્ય જ છે. આહાહા..! ત્રિકાળી ચીજ આત્મા અનુભવયોગ્ય છે. સમસ્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણલોકમાં ઉપરીકરણપણું સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે. સર્વોત્કૃષ્ટ છે, જે ઉપાદેય છે. એવો જ છે. વધારીને નથી કહેતા. એમ કે આવો વખાણ્યો ને આવો ને આવો... સર્વોત્કૃષ્ટ વસ્તુ ભગવાન આત્મા એ જ ઉપાદેય છે. બીજું કાંઈ કરવા લાયક નથી. એ વધારે અમે કહેતા નથી. વધારીને કહેતા નથી, વધારે કહેતા નથી. આહાહા..! પણ અનાદિથી પર્યાયનો અને રાગનો અભ્યાસ (છે). સાધુ થાય તોપણ મિથ્યાત્વમાં પર્યાયનો અને રાગનો અભ્યાસ. આહાહા..! અંદર ત્રિકાળ ભગવાન શુદ્ધ ચૈતન્ય એ પવિત્ર સર્વોત્કૃષ્ટ છે. ઉપરીકરણ એમ શબ્દ છે. બધાથી ઉપર તરે છે, બધાથી ઉપર ઉપર રહે છે.

મુમુક્ષુ :– આપ કહો છો, તળીયે રહે છે, આ કહે છે, ઉપર રહે છે.

ઉત્તર :– એ તળીયાનો અર્થ પર્યાયની (અંદર) આમ. પણ છે એનાથી ઉપર સર્વોત્કૃષ્ટ. તળીયાનો અર્થ એક સમયની પર્યાયમાં આ ભાગમાં છે. પર્યાયના આ ભાગમાં નથી. બાહ્ય ભાગમાં પર્યાય હોય છે (એ ભાગમાં) દયા, દાન, વ્રતમાં આત્મા નથી. એ આત્મા ગમ્ય નથી. એક સમયની પર્યાય અંતરમાં વળે છે એથી તેને તળમાં કહે છે. પણ છે એ ચીજ સર્વોત્કૃષ્ટ. આહાહા..!

આત્માની વાત લોકોને આકરી પડે. ઓલી ક્રિયાકાંડમાં આખી જિંદગી ગઈ. એમાં અનંતકાળ ગયો. અહીં તો કહે છે કે પાંચ પરમેષ્ઠીનું સ્મરણ, એ પણ રાગ ને સંસાર છે. પર તરફના વલણનો ભાવ એ બધો સંસાર છે. એને અંતર્મુખમાં વાળવો એ મોક્ષનો માર્ગ છે. એ અંતર્મુખમાં વાળવો એ સર્વોત્કૃષ્ટ છે. એ અહીં કીધું છે. સમજ્યા? અમે વધારીને નથી કહેતા. એ અજીવ અધિકારમાં છે.

એમ અહીં કહે છે, **'તત્ત્વોમાં તે સહજ તત્ત્વ...'** તત્ત્વોમાં તે સહજ તત્ત્વ **'જયવંત છે—કે જે સદા અનાકુળ છે,...'** ભગવાનઆત્મા તો આનંદસ્વરૂપ છે. દુઃખની ગંધ જેમાં નથી, દુઃખની છાંય જેમાં નથી. આહાહા..! અનાકુળ આનંદસ્વરૂપ છે. પણ એમાં દૃષ્ટિ દે ત્યારે તેને ખબર પડે ને. છે ગમે તેવો પણ અંદર નજર કર્યા વિના (કેમ ખબર પડે?) આહાહા..!

**'જે સદા અનાકુળ છે, જે નિરંતર સુલભ છે,...'** ભાષા તો જુઓ! આહાહા..! પાઠ છે ને? **'સતતસુલભં' 'સતતસુલભં'** વસ્તુ છે, સહજ છે, અણકરેલી છે, અવિનાશી છે અને અનત અનંત ધ્રુવ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે એ નિરંતર સુલભ છે. આહાહા..! એની નજર કર તો તને એ સુલભ છે. આહાહા..!

મુમુક્ષુ :– બોધિદુર્લભભાવના શા માટે કીધી?

ઉત્તર :– એ દુર્લભ કીધી એ દુર્લભ અનંતકાળના અણઅભ્યાસને લઈને. અનંતકાળના અણઅભ્યાસને લઈને. અભ્યાસે સતત સુલભ છે. આહાહા..! અંદર ભગવાન પ્રભુ! તું આનંદમૂર્તિ છો ને, નાથ! આહાહા..! સ્ત્રીનો, પુરુષનો, તિર્યંચનો દેહ ન જો. એની અંદર રાગ છે એને ન જો. કારણ કે એ કાંઈ આત્મતત્ત્વ નથી. આત્મતત્ત્વ તો શુદ્ધ ધ્રુવ આનંદનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાથ અનાકુળ સ્વરૂપ છે. આહાહા..!

**‘નિરંતર સુલભ છે,...’** ભાષા તો જુઓ! દિગંબર સંતોની ઉગ્ર ભાષા. નિરંતર પર્યાયની નજીકમાં પડ્યો છે. એક સમયની જે અવસ્થા, એમાં નજીકમાં ભગવાન ધ્રુવ અનાકુળ આનંદકંદ પડ્યો છે. ‘તારી નજરને આળસે તેં નિરખ્યા ન નયણે હરિ.’ હરિ એટલે અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ. એ હરિ આ આત્મા. આહાહા..! ‘નયણને આળસે રે નિરખ્યા ન નયણે હરિ.’ પછી **‘सततं’** નિરંતર–અંતર પડ્યા વિના, વિઘ્ન વિના. આહાહા..! કર્મનું વિઘ્ન અને કર્મથી થતા રાગનું વિઘ્ન એ વસ્તુમાં નથી. આહાહા..! આવી વસ્તુ તે **‘सततं’** સુલભ છે. અણઅભ્યાસે દુર્લભ છે. સહજ તત્ત્વના અભ્યાસે તે સહજ અને સુલભ છે. આહાહા..!

**‘જે પ્રકાશવંત છે,...’** ચૈતન્યના પ્રકાશનું નૂર છે. એ પ્રકાશ ચૈતન્યનાપ્રકાશનું પૂર છે. આહાહા..! આવી મહત્ ચીજ એની મહિમા લાવીને અંદર નથી ઉતરતો. પણ બહારની ચીજની મહિમા લાવીને આ કર્યું, આણે આ કર્યું, આણે આ કર્યું. આહાહા..! પાંચ, સાડા પાંચ લાખ રૂપિયા આપીને ‘નાઈરોબી’માં ‘લક્ષ્મીચંદભાઈ’એ મૂર્તિ સ્થાપી. સાડા પાંચ લાખ. એક જ મુખ્ય મૂર્તિ છે. હવે એમાં ... છાતીમાં ઠીક નથી, શરીરમાં ઠીક નથી. ડૉક્ટર પાસે બતાવ્યું. આ તો ધૂળ છે. ધૂળને કેમ રહેવું એ તો એની અવસ્થાને કારણે (રહે) છે. આહાહા..! એ ડોક્ટરની દવાથી પણ ફેરફાર થાય? શરીર અને પરમાણુની અવસ્થાનો જે ક્રમ છે એમાં ડોક્ટરની દવાથી ફેરફાર થાય એમ નથી. આહાહા..!

શું કહ્યું? આ દેહમાં ભગવાન જે આત્મા બિરાજે છે એ રાગ વિનાનો છે, પુણ્યના પરિણામ વિનાનો છે. નિશ્ચયથી તો સંવર, નિર્જરાની પર્યાય વિનાનો છે. આહાહા..! ધર્મ વિનાનો ધર્મી. આહાહા..! ધર્મ એટલે સંવર અને નિર્જરા. એક સમયની પર્યાય છે. એ વિનાનો ધર્મી છે. અરે..અરે..! ત્યાં એ પ્રશ્ન કીધો હતો. ‘ચંદુભાઈ’એ પ્રશ્ન કર્યો હતો. ધર્મી કેટલા પ્રકારના? કીધું, ધર્મી બે પ્રકારના. એક વર્તમાન ધર્મ ત્રિકાળને આશ્રયે કરે છે માટે એને ધર્મી કહીએ. ત્રિકાળને આશ્રયે વર્તમાનમાં શાંતિ અને આનંદની દશા વેદે છે, કરે છે માટે એને ધર્મી કહીએ. અને એક ત્રિકાળી વસ્તુને ધર્મી કહીએ. આહાહા..! ત્રિકાળી વસ્તુ જે ધર્મી એટલે દ્રવ્ય. અનંત અનંત ધર્મ અને ગુણનો ધરનાર એવો જે ભગવાનઆત્મા મહા પ્રકાશવંત છે. આહાહા..!

**‘જે સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે,...’** આહાહા..! ધર્મીજીવને–સાચી દૃષ્ટિ જેની સત્ થઈ છે તેને–એ સમતાનું ઘર છે. એ વીતરાગમૂર્તિ છે એમ કહે છે. **‘સમ્યગ્દષ્ટિઓને...’** આહાહા..! સમ્યગ્દષ્ટિઓ એટલે બહુવચન છે. ઘણા સમ્યગ્દષ્ટિને, આહાહા..! એટલે બધા સમ્યગ્દષ્ટિને સમતાના વીતરાગતાનું ઘર છે. ત્યાંથી વીતરાગતા પ્રગટે. જેને આત્મા વીતરાગસ્વરૂપ છે એની જ્યાં ખબર નથી એને સમતા, સ્વાભાવિક સમતા આવે ક્યાંથી? સામાયિક એટલે સમતાનો લાભ. સામાયિક છે ને? સામાયિક. .. છે ને? અહીં તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે,...'** ધર્મી જીવને વીતરાગદશા પ્રગટી છે. એ વીતરાગતાનું ઘર એ છે. પર્યાય પણ નહિ. સમજાય છે કાંઈ? ધર્મીજીવને જે સમ્યગ્દર્શન, વીતરાગી પર્યાય જે આત્માને આશ્રયે પ્રગટી છે, તે જીવને જે આ ચીજ છે તે ત્રિકાળી સમતાનું ઘર છે. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાય કે દ્રવ્ય બેય.

ઉત્તર :– બેય-બેય. અત્યારે બે નથી. અહીં તો એક જ છે. અહીં તો ... મારી પર્યાય એમ કહે છે, કે આ આખું સમ્યગ્દર્શન સમતાનું ઘર છે. મારી પર્યાયમાં આ સમતાનું ઘર છે. ત્યાંથી વીતરાગતા આવી છે. એ વીતરાગનું ઘર છે. આત્મા વીતરાગનું સ્થાન છે. આહાહા..! વીતરાગ જે થયા અને અરિહંત ભગવાનને વીતરાગ પર્યાય પ્રગટી એ ક્યાંથી બહારથી આવી છે કાંઈ? વીતરાગમૂર્તિ આત્મા છે. સમતાનું ઘર એટલે ઇ. વીતરાગપણાનું એ ઘર છે. આહાહા..! જેના ઘરમાં રાગ અને પુણ્ય નથી. આહાહા..! સમતા પડી છે. વીતરાગ સ્વભાવ પડ્યો છે. એમાંથી જેણે સમ્યગ્દર્શન કર્યું એને એ સમતાનું ઘર છે. જેની દૃષ્ટિમાં જ હજી રાગ તરવરે છે–દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ, એણે તો એ સમતાનું ઘર, વીતરાગતાનું ઘર જોયું નથી. આહાહા..!

એ **'સમ્યગ્દષ્ટિઓને સમતા...'** એટલે વીતરાગતાનું ઘર છે. આહાહા..! આત્મામાં તો એકલી વીતરાગતા ભરી છે. જેણે એની નજર કરી છે, દૃષ્ટિ કરી છે એને તો એ વીતરાગતાનું જ ઘર છે. વીતરાગતા પ્રગટે છે તે એનું ઘર છે. પર્યાયમાંથી કાંઈ વીતરાગતા પ્રગટતી નથી. પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે પણ વીતરાગતા એમાંથી પ્રગટતી નથી. પ્રગટ થાય એ તો વીતરાગનું ઘર છે. આહાહા..! આવી વાત. **'સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે,...'**

**'જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (–ખીલેલું) છે,...'** આહાહા..! પરમ કળા. જે કળાથી આત્મા પ્રગટ થાય અને જે કળાથી આત્માને કેવળજ્ઞાન થાય, એવી **'પરમ કળા સહિત વિકસિત (પ્રગટ) નિજ ગુણોથી વિકસેલું...'** આહાહા..! અનંતા જે ગુણો છે, એનો ધરનાર જે ભગવાન, એની જેણે દૃષ્ટિ કરી છે, એને ગુણ ખીલેલા છે. શક્તિરૂપે તો છે જ પણ અંદર જેણે નજર અને એનો આદર કર્યો, એને એ અનંતા ગુણો પર્યાયમાં ખીલ્યા છે. એ પર્યાયમાં ગુણોની દશા આવી છે. આહાહા..! આવો ઉપદેશ હવે.

**'જે પરમ કળા સહિત વિકસિત (પ્રગટ) નિજ ગુણોથી વિકસેલું (ખીલેલું) છે,...'** આહાહા..! અનંત અનંત ગુણોથી ખીલેલું એ તત્ત્વ છે. પણ કોને? જેણે નજર કરી છે તેને તે અનંત ગુણથી ખીલેલું તત્ત્વ છે તેમ ભાનમાં આવે છે. આહાહા..! જે અંતરમાં નજર કરતા નથી, બાહ્ય ક્રિયાકાંડમાં ઘૂંચવાઈ ગયો છે... આહા..! એને એ ચીજ ગુણનો વિકાસ, ખીલેલી દશા એને હોતી નથી. એને રાગ અને વિકારી દશા હોય છે. આહાહા..! એક કળશમાં કેટલું ભર્યું છે! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**‘નિજ ગુણોથી વિકસેલું (–ખીલેલું) છે,...’** અનાદિના એવા ને એવા ગુણ છે એમ નહિ કહે છે. અહીં તો ત્યાં નજર કરીને સમ્યગ્દૃષ્ટિએ એ અનંતા ગુણો પર્યાયમાં ખીલ્યા છે. આહાહા..! જેમ કમળ ખીલે એમ ભગવાનઆત્મા અનંતગુણનો સાગર, એનો જે આદર, સાગરનો જ્યાં આદર (કર્યો છે) અને રાગ અને પર્યાયમાં આદર જ્યાં છૂટી જાય છે, ત્યારે તેને ધર્મ થાય છે એટલે ધર્મના ગુણો ખીલેલા હોય છે. એ ગુણો ખીલેલા હોય છે એટલે ધર્મ. કઈ જાતની વાત! આહાહા..! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? બાપુ! ભગવાનનો અનાદિનો આ છે. સંપ્રદાયમાં ... આ કરો.. આ કરો... પણ અહીં કહે છે કરવું તે જ્ઞાનના સ્વરૂપમાં છે જ નહિ. એ તો જાણનાર દેખનાર છે. આહાહા..! જાણનાર દેખનારને કરવું સોંપવામાં જાણનાર-દેખનાર તત્ત્વ રહેતું નથી. એને કરું, આ કરું, દયા પાળું એવા એને ભાવ થાય... આહાહા..! ત્યાં ચૈતન્યમૂર્તિની અનંત ખીલેલી દશા જોઈએ એ ખીલેલી ... થતી નથી. ત્યાં તો રાગની ખીલવટ છે. આહાહા..! આવો ઉપદેશ છે. ... ‘સોનગઢ’ ..

પ્રભુ! તું એવો છો. તું એવો છે. વીતરાગતા અરિહંતને પ્રગટે છે, કેવળજ્ઞાન પ્રગટે છે, પૂર્ણ જ્ઞાન પ્રગટે છે એ ક્યાંથી આવે? કાંઈ બહારથી આવે છે? હોય એમાંથી આવે. પ્રાપ્તની પ્રાપ્તિ. અંદર હોય તો આવે. કૂવામાં હોય તો અવેડામાં પાણી આવે. એમ ભગવાન પૂર્ણ ગુણ સંપન્ન છે પણ દૃષ્ટિ એને આપતા એ બધા ગુણો ખીલેલા દેખાય છે. આહાહા..! એટલે બધા ગુણોની એક સમયની પર્યાય વિકસિત દેખાય છે. બહાર આવી પ્રગટ દશા. આહાહા..!

**‘જેની સહજ અવસ્થા સ્ફુટિત (–પ્રકટિત) છે...’** જેની સ્વભાવિક અવસ્થા, વીતરાગી સહજ દશા વીતરાગસ્વરૂપ છે. એમ જેણે દૃષ્ટિમાં તત્ત્વ લીધું એને વીતરાગી ભાવ સ્ફુટિત છે, પ્રગટ છે. આહાહા..! ગુણ છે તે શક્તિરૂપ છે. અનંતગુણ છે. અનંત અનંત ગુણ અને અનાદિનું દ્રવ્ય એવો ભગવાન શક્તિરૂપ છે. સામર્થ્યવાળો છે. પણ એની સામું જોતાં, એમાં એકાગ્ર થતા અનંત ગુણોની પર્યાય ખીલી નીકળે છે, વિકસિત, સ્ફુટીત, પ્રગટ (થાય છે). આહાહા..! સ્વભાવિક દશા પ્રગટ થાય છે. અજ્ઞાનીને તો રાગ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ પ્રગટ થાય છે, જે એમાં નથી. જે એમાં નથી એવા પ્રગટ થાય છે એ અધર્મ છે. આહાહા..! દયા ને વ્રત, ભક્તિ ને પૂજા એ અધર્મ છે. કેમકે એ એના ગુણની ખીલેલી અવસ્થા નથી. એ તો ગુણોને રોકનારી રાગદશા છે. આહાહા..! એ રાગ બંધનકર્તા, અબંધસ્વરૂપને અનાદર કરે છે. અબંધસ્વરૂપ, મુક્તસ્વરૂપ છે. એ આવી ગયું છે. આહાહા..! મુક્ત આવી ગયું છે ને? ‘સમયસાર’માં.

**‘જેની સહજ અવસ્થા સ્ફુટિત (–પ્રકટિત) છે...’** એટલે? જે ભગવાનઆત્મા અનંતગુણના અસ્તિત્વ એટલે હયાતીથી ભરેલું, એનો જેણે સ્વીકાર કર્યો, એની સામું જોયું, એની સન્મુખ થયો, એને ગુણની પર્યાય પ્રગટ થઈ છે. એ ગુણની પર્યાય પ્રગટ થઈ છે એ ધર્મ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવું ઝીણું. જેની સહજ દશા... રાગાદિ સહજ દશા એ તો વિકૃત વિકાર છે. સ્વભાવિક જે વસ્તુ છે, તેની સ્વભાવિક સહજ દશા પ્રગટ છે. આહાહા..! ભારે શ્લોક. એક શ્લોકે બાર અંગનો સાર છે. બાર અંગનો સાર! આહાહા..! લ્યો! ...

**'અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે.'** આહાહા..! ભગવાનઆત્મા અનાકુળ આનંદ છે. એ આનંદમાં લીન છે. આહાહા..! પર્યાયથી, હોં! પર્યાયથી આનંદમાં લીન છે. આહાહા..! જેણે એ અનાકુળ આનંદતત્ત્વ જોયું, જાણ્યું, માન્યું, અનુભવ્યું એને એ સહજ તત્ત્વ પોતાની મહિમામાં લીન છે. એની નિર્મળ અવસ્થા ગુણમાં લીન છે. અજ્ઞાનની અવસ્થામાં રાગમાં લીનતા થઈ છે. દયા, દાન, વ્રત અને ભક્તિ એના પરિણામમાં લીન છે એ અજ્ઞાન છે. નિજ મહિમામાં લીન છે. આહાહા..! મુનિરાજને... આ ટીકાકાર તો મુનિ છે, એને શબ્દો ઓછા પડે છે. એને શું કહેવું અંદર પ્રભુને! એ અંદર આનંદનો લાડવો છે. અતીન્દ્રિય જ્ઞાનનું ઘર છે. અતીન્દ્રિય સુખ-શાંતિ... આહાહા..! એનું સ્થાન છે. અતીન્દ્રિય સુખ-શાંતિ, સુખ-શાંતિ, કૃત્રિમ શાંતિ નહિ. એ શુભરાગ આવે એમાં શાંતિ દેખાય... એ પ્રશ્ન ... છે. એ શુભરાગ છે એ કૃત્રિમ છે. આ સહજ છે.

સહજ **'નિરંતર નિજ મહિમામાં લીન છે.'** એવું તત્ત્વ છે. એ તત્ત્વને અહીંયાં આત્મા કહે છે. અને એ આત્મા ઉપર નજર અને અનુભવ કરતાં એને આલોચના કહેવામાં આવે છે. એણે આલોચના કરી. આહાહા..! આલોચવું એટલે વાસ્તવિક જોવું. વાસ્તવિક એણે જોયું. આહાહા..! આનંદનો સાગર એને જોતાં પર્યાયમાં સ્ફુટિત શક્તિ પ્રગટ થાય છે. એવું એ નિજ મહિમામાં લીન છે. આહાહા..! એટલે શું કહે છે? એને કોઈ રાગાદિની મહિમા આવતી નથી. ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો રાગ આવે. એ રાગની મહિમા ચૈતન્યને જાણનારને આવતી નથી. ચૈતન્યતત્ત્વને જાણનાર ધર્મીને નિજ મહિમા આગળ રાગાદિની મહિમા આવતી નથી. રાગાદિની મહિમા આવે એને નિજની મહિમા છે નહિ. નિજ મહિમા નથી એટલે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ જૈન નથી. આહાહા..! એ ૧૭૬ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક-૧૭૭

(हरिणी)

सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं
सकलविमलज्ञानावासं निरावरणं शिवम्।
विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं
किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः ।।१७७।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ (કલ્યાણમય) છે, સ્પષ્ટ-સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે; તેને અમે નમીએ છીએ. ૧૭૭.**

## શ્લોક–૧૭૭ ઉપર પ્રવચન

૧૭૭–શ્લોક.

**सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं**
**सकलविमलज्ञानावासं निरावरणं शिवम्।**
**विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं**
**किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः।।१७७।।**

મુનિને પણ મન-વચનથી દૂર છે. ૧૭૭.

**શ્લોકાર્થ :- ‘સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે,...’** આહાહા..! સંવર અને નિર્જરા થઈ ધર્મ થયો, એને સાત તત્ત્વોમાં સહજ તત્ત્વ નિર્મળ ઇ છે. સાત તત્ત્વમાં સંવર અને નિર્જરાની નિર્મળતા તો એક સમયની છે. આહાહા..! ત્રિકાળી ધર્મીજીવની દૃષ્ટિ થતાં અંદરથી જે ધર્મ પ્રગટે એ ધર્મ તો પર્યાય છે. પર્યાયની મુદત તો એક સમય છે. આહાહા..! એથી અહીં કહે છે, **‘સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે,...’** સંવર અને નિર્જરાને પણ અહીં નિર્મળ ન કહ્યું. અહીં તો પરમ તત્ત્વ નિર્મળ છે એમ કહ્યું. ત્રિકાળી. **‘સાત તત્ત્વોમાં સહજ...’** આહાહા..! આવી વાત ક્રિયાકાંડીના રસવાળાને બેસે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– એની લાયકાત જ નથી સમજવાની.

ઉત્તર :– એ રસ ચડી ગયો છે ને રસ. સાધુએ પણ રસ ચડાવી દીધો છે ને? આ કરો... આ કરો.. આ કરો... આ કરો... વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, દાન કરો, દયા કરો. કરો... કરો... અને કરો. મરો. કરો ત્યાં મરો છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનમાં રાગનું કરવું એ વસ્તુમાં આવતું નથી. આહાહા..! એ તો જાણનાર-દેખનાર રહે છે. એ જાણનાર-દેખનારની દશા તે ધર્મ છે. આહાહા..! રાગાદિ જે આવે એ તો અધર્મ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. બંધનનું કારણ તેને ધર્મ કહેવાય નહિ. આહાહા..! આકરી વાત છે.

**‘સાત તત્ત્વોમાં...’** ભાષા ચોખ્ખી છે. સાતમાં સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વમાં **‘સહજ પરમ તત્ત્વ નિર્મળ છે,...’** ત્રિકાળી વસ્તુ તે સહજ નિર્મળ છે. સ્વભાવિક. આ તો નિર્મળ પ્રગટ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ. સંવર, નિર્જરા અને મોક્ષ નિર્મળતા પ્રગટ થઈ. સહજ ત્રિકાળી ... આહાહા..! સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ ત્રિકાળી નિર્મળ છે. આહાહા..!

**'સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે,...'** આહાહા..! એ ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનને રહેવાનું સ્થાન છે. રહેનારનું રહેઠાણ છે. આહાહા..! પૂર્ણ જ્ઞાન. **'સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે,...'** એમાં ભર્યું છે, કહે છે. આહાહા..! એમ કહીને શું કહે છે? સહજ નિર્મળ જ્ઞાન જ્ઞાનનું રહેઠાણ છે. એ રાગનું રહેઠાણ નથી. દયા, દાનના રાગનું રહેઠાણ એ સહજ જ્ઞાન નથી. આહાહા..! અહીં તો આખો દિ' એને લક્ષમાં એ જ હોય. આ કરું... આ કરું... આ કરું... વ્રત પાળ્યા ત્યાં ધર્મ થઈ ગયો. આહાહા..!

અહીં કહે છે, એ પોતે... આહાહા..! **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) જ્ઞાનનું રહેઠાણ છે,..'** એમાં દયા, દાન અને કામ-ક્રોધના પરિણામનું એ સ્થાન નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગ છે. રાગનું સ્થાન આત્મા નથી. આહાહા..! ત્યારે છે શું? **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) જ્ઞાનનું રહેઠાણ છે,...'** પૂર્ણ જ્ઞાનને રહેવાનું સ્થાન છે. આહાહા..!

વાત સાંભળવા મળે નહિ. બિચારી જિંદગી વઈ જાય. મરીને પછી ઢોરમાં, તિર્યંચમાં જાય. ઘણા મરીને તિર્યંચમાં જાય. આહાહા..! ધર્મ ન મળે, ધર્મ શું છે એની ખબર ન મળે. રાગની કાંઈ ક્રિયા કરતા હોય તો સહજ સાધારણ પુણ્ય થાય. એમાં પાછું આખો દિ' વેપાર-ધંધાના એકલા પાપ હોય તો એ પાપમાં વળી પુણ્ય પણ ખલાસ થઈ જાય. એરણની ચોરી અને સોઈનું દાન. સોનીની લોઢાની એરણ હોય ને? એની ચોરી અને સોઈનું દાન. એમ આ એક કલાક જાય ત્યાં મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે. પુણ્યમાં ધર્મ મનાવે, રાગમાં ધર્મ મનાવે, દયામાં મનાવે. આહાહા..! એના રાગમાં રુચિવાળો એમાં રહ્યો. એ ક્ષણિક વખતે શુભભાવ સાંભળે ત્યારે હોય. પણ પછી ૨૩ કલાક તો પાછા પાપમાં. ૬-૭ કલાક ઊંઘે, ૬-૭ કલાક બાયડી-છોકરામાં જાય, વેપાર ધંધામાં દુકાને જાય. દુકાને થડે બરાબર બેસવું જોઈએ ને. ઘરાકને સાચવવા. આહાહા..! આ બધા પાપમાં કાળ જાય. એમાં એકાદ કલાક સાંભળવાનું પુણ્ય હોય. સાંભળવા કદાચ ગયો હોય. આ બધા પાપની આગળ એ પુણ્ય ધોવાઈ જાય. આહાહા..! એટલે એ પાપ એટલા બધા કર્યા એની આગળ ઓલું પુણ્ય છે એ તો ધોવાઈ જાય. આહાહા..! એને જાવું ક્યાં? રખડવાના રસ્તે જવાનો એ. આહાહા..! ભારે આકરી વાત.

**'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે,...'** પ્રભુ તો ત્રિકાળ નિરાવરણ છે. પર્યાયમાં–અવસ્થામાં રાગનો સંબંધ છે, વસ્તુમાં રાગનો સંબંધ નથી. વસ્તુ જે નિરાવરણ પ્રભુ છે એ સકળ નિરાવરણ છે. એવો ભગવાનઆત્મા અંદર છે. આહાહા..! એ રાગને આવરણ કાળે પણ વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. પર્યાયમાં રાગ, પુણ્ય-પાપ, દયાના પરિણામ એ આવરણ છે. ભાવ આવરણ છે. અને કર્મ છે એ જડ આવરણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. પણ એ આવરણના કાળમાં પણ ભગવાનઆત્મા જે ત્રિકાળી છે તે નિરાવરણ છે. આહાહા..!

**'શિવ (કલ્યાણમય) છે,...'** એ શિવસ્વરૂપ છે–કલ્યાણસ્વરૂપ છે, નિરુપદ્રવ સ્વરૂપ છે. એને રાગનો ઉપદ્રવ વસ્તુમાં છે નહિ. વ્યવહારરત્નત્રયનો જે રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એ બધો ઉપદ્રવ દ્રવ્યમાં નથી. આહાહા..! એ તો પર્યાયમાં ઉપદ્રવ છે. દ્રવ્ય તો નિરાવરણ છે. સકળ ત્રિકાળ નિરાવરણ પ્રભુ. આહાહા..! ગળા સુધી રાગમાં પેસી ગયો હોય. આખો દિ' રાગ... રાગ.. રાગ.. રાગ... રાગ... ઠીક ન પડે ત્યાં દ્વેષ (કરે). હવે એને કહે કે તું સકળ-નિરાવરણ છો. એ ચીજ તારી વસ્તુમાં પેઠી નથી. આહાહા..!

**'શિવ...'** નમોત્થુણમમાં નથી આવતું? નમોત્થુણમમાં આવે છે. 'સિવમલયમરુયમણંતમમક્ખયમવ્વાબાહમ...' 'નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં... સિવમલયમરુયમણંતમ...' એ આવે છે. શિવ એટલે ઓલા શંકર નહિ. આ શિવ એટલે ઉપદ્રવ રહિત અથવા શિવ એટલે કલ્યાણમય. ભગવાન કલ્યાણની મૂર્તિ છે. આહાહા..! કલ્યાણ કાંઈ રાગથી અને પુણ્યથી આવતું નથી. આહા..! એ કલ્યાણની મૂર્તિમાંથી કલ્યાણ આવે છે. આહાહા..! કલ્યાણ કરવું હોય એણે કલ્યાણની મૂર્તિની દૃષ્ટિ અને અનુભવ કરવો. આહાહા..! એ વિના કલ્યાણ થાય એવું નથી. આહાહા..!

મુમુક્ષુ :– અમે તો આપ કહો એમ કરીએ.

ઉત્તર :– આત્મા જેવો છે એવો કરીએ. આત્મા અંદર આવો છે એવો કરીએ. આહાહા..! આવી વાત. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, લાખો રૂપિયા ખર્ચે. કીધું ને આ? 'નાઈરોબી' ગયા હતા ને? 'આફ્રિકા' ગયા હતા ને? સાડા પાંચ લાખની મૂર્તિ સ્થાપી. એક મૂર્તિ સ્થાપનના આટલા. છતાં કહે છે, બાપુ! ધર્મ નથી, હોં! તારા સાડા પાંચ લાખ શું કરોડ દે ને. કરોડનું મંદિર બનાવ ને. મંદિર બનાવવાના છે. દિગંબર મંદિર 'આફ્રિકા'માં પહેલું વહેલું બે હજાર વર્ષે બનાવે છે. સાંઈઠ ઘર છે. પૈસાવાળા ઘણા છે. મોટું મંદિર બનાવે છે. ૪૫ લાખનો તો ખરડો કર્યો છે. અમે ત્યાં ૨૬ દિવસ રહ્યા એમાં ૪૫ લાખનો ખરડો કર્યો છે. એ પહેલા પંદર લાખનું મંદિર કરવાનું નક્કી કર્યું હતું. તે દિ' થઈ શકે? પણ કીધું, એ લાખ ને કરોડ... આહાહા..! એ તો જડ છે, ધૂળ છે. ધૂળથી ધર્મ થાય? એ ધૂળ મારા છે એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. પૈસો મારો અને મારો છે એ હું આપું છું. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! સાંભળવામાં કઠણ પડે. બહારની માન્યતામાં રોકાઈ ગયેલા. આહાહા..!

અહીં કહે છે, **'શિવ...'** આહાહા..! ભગવાનઆત્મા અંદર શિવસ્વરૂપ છે. અંદર દેહથી ભિન્ન, રાગથી ભિન્ન કલ્યાણની મૂર્તિ છે. આહાહા..! કલ્યાણનો સાગર, મૂર્તિ છે. એમાં એકલું કલ્યાણ જ ભર્યું છે. આત્મામાં અકલ્યાણ અને રાગ-બાગ છે નહિ. આહાહા..! કોને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હશે આ?

મુમુક્ષુ :– આત્માને પોતાને.

ઉત્તર :– જેણે એને જાણ્યો એને આ છે. જાણ્યો નથી એને પ્રતીતિ આવતી નથી. શેની પ્રતીતિ? જાણ્યા વિના પ્રતીતિ શેની? આહાહા..! એ શિવને જે જાણવામાં આવે, ત્રિકાળી ભગવાન કલ્યાણની મૂર્તિ પ્રભુ શિવસ્વરૂપ છે. શંકર ઓલા એ શિવ નહિ. અહીં તો કલ્યાણની મૂર્તિ એનું નામ શિવ. એમાંથી અકલ્યાણમાંથી પ્રગટે એવી એ ચીજ નથી. આહાહા..! અકલ્યાણ પ્રગટે એ તો પરની દૃષ્ટિથી પ્રગટે છે. સ્વની દૃષ્ટિ અને સ્વભાવથી અકલ્યાણ પ્રગટે નહિ. આહાહા..! કઈ જાતનો આ ધર્મ? આજે 'લંડન'નો પત્ર આવ્યો છે. 'લંડન'માં વાંચન ચાલે છે આ. આ 'વીરચંદભાઈ' ગયા હતા. ..ના કાકા. પુસ્તકો ઘણા થઈ ગયા ને. લગભગ ૩૦ લાખ પુસ્તક છે. ૨૨ લાખ અહીંથી અને ૮ લાખ 'જયપુર'થી. ચારે કોર દેશદેશાવરમાં પુસ્તકો (ગયા છે). આહાહા..! પણ એને સમજાવનાર જોઈએ તો એને સમજાય.

**'સ્પષ્ટ-સ્પષ્ટ છે,...'** કેવો છે ભગવાન? આહાહા..! એકલો સ્પષ્ટ ન કહ્યું. **'સ્પષ્ટ-સ્પષ્ટ છે,...'** પર્યાયમાંથી જણાણો માટે પર્યાય સ્પષ્ટ છે અને વસ્તુ પણ સ્પષ્ટ છે. શું કીધું? આત્મા પ્રત્યક્ષ છે. પર્યાયમાં જ્યાં જણાણો ત્યારે પર્યાય પણ પ્રત્યક્ષ છે અને પર્યાયમાં જણાણી એ ચીજ પણ પ્રત્યક્ષ છે. આહાહા..! પર્યાયમાં જણાય છે એ રાગથી જણાતો નથી કે પહેલા દયા, દાન અને ભક્તિ કરીએ એમાંથી આપણે શુભભાવથી હળવે હળવે અંદર જવાશે. એ એમ નથી. એ દુઃખદશા છે. શુભરાગ છે એ દુઃખદશા છે. ભગવાન તો કલ્યાણ શિવસ્વરૂપ છે. દુઃખદશાથી શિવસ્વરૂપમાં જવાશે નહિ. આહાહા..! આવી વાત છે.

**'સ્પષ્ટ-સ્પષ્ટ છે,...'** આહાહા..! **'विशदविशदं'** એ ને? **'સ્પષ્ટ-સ્પષ્ટ છે,...'** ગુપ્ત નથી. એકલી શક્તિવાળું તત્ત્વ એ નથી. એ શક્તિવાળા તત્ત્વને અનુભવ્યું છે માટે સ્પષ્ટ-સ્પષ્ટ છે. પર્યાયમાં પણ સ્પષ્ટ દેખાણો અને વસ્તુ સ્પષ્ટ છે. આહાહા..! વીતરાગનો માર્ગ હશે આ? આહાહા..! માર્ગ તો આ છે. વીતરાગનો માર્ગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ... ત્રિલોકનાથનો પ્રશ્ન થયો કે ત્રિલોકનાથ કેમ કીધા? કે ત્રણલોકને જાણે છે માટે. કાંઈ નાથ-બાથ કોઈના નથી. ત્રણ કાળનું જ્ઞાન છે એ જ્ઞાન પોતાનું સ્વરૂપ છે. 'રાજકોટ' 'ચંદુભાઈ'એ પ્રશ્ન કર્યો હતો. ઘણા પ્રશ્નો થયા હતા.

સ્પષ્ટ છે. કોણ? અંદર ભગવાનઆત્મા નિત્ય છે અને સ્પષ્ટ-સ્પષ્ટ છે. **'નિત્ય છે,...'** સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય અનિત્ય છે. રાગ અને પુણ્ય, દયા-દાનની વાત તો શું કરવી એ તો વિકાર છે પણ અવિકારી દશા થાય એ પણ પર્યાય છે. તે નિત્ય નથી. એ પર્યાય અનિત્ય છે. અને અનિત્ય દ્વારા અનિત્યથી નિત્ય જણાય છે. ઇ શું કહ્યું? પર્યાય જે રાગ વિનાની તે અનિત્ય છે એનાથી નિત્ય જણાય છે. નિત્યથી નિત્ય જણાતો નથી. રાગ છે તેનાથી નિત્ય જણાતો નથી કે નિત્યથી નિત્ય જણાતો નથી, અનિત્ય એવી નિર્મળદશા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનાથી નિત્ય જણાય છે. અરે..! આ તો વાતે વાતે ફેર. આહાહા..! કહો, '...ભાઈ'! આવો માર્ગ છે. 'કલકત્તા'માં ને ક્યાં રખડે ને મળે કાંઈ.

મુમુક્ષુ :– બીજું કાંઈક તો મળતું હશે.

ઉત્તર :– ધૂળ મળે. ધૂળ મળે, ધૂળ–પૈસા. એ એને ક્યાં મળે છે? એની પાસે આવે ત્યારે માને છે કે આ મારા છે. એ એના ક્યાંથી થયા? પૈસો તો પૈસામાં રહ્યો. પૈસો આત્મામાં આવે છે? પૈસો આવ્યો એમાં મમતા કરે છે કે મને પૈસો આવ્યો. એ મમતા એની પાસે આવી. એની પાસે પૈસો આવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– તિજોરીમાં રાખીએ તો આપણા થાય ને?

ઉત્તર :–તિજોરી કોના બાપની? એ તો જડ છે. તીજોરી જડ છે, માટી, ધૂળ છે. ધૂળમાં ધૂળને રાખે તો એની થઈ ગઈ? દુનિયાથી જુદી જાત છે, બાપા! આહાહા..! તારું તત્ત્વ અંદર ભગવાન છે, પરમાત્મા છે. એ તત્ત્વ ઉપર નજરું કોઈ દિ' કરી જ નથી અને બહારમાં પોગળમાં... આહાહા..! પોગળમાં બધું કાઢ્યું. પુણ્ય અને દયા, દાન, વ્રતમાં જિંદગી કાઢી. પાયમાલ કરી નાખ્યો છે.

અહીં તો પરમાત્મા કહે છે, કે એ **'સ્પષ્ટ-સ્પષ્ટ છે, નિત્ય છે,...'** આહાહા..! વસ્તુ નિત્ય છે. સંવર, નિર્જરા અને મોક્ષ તો અનિત્ય છે. આસ્રવ અને પુણ્ય-પાપ એ તો અનિત્ય છે ને વિકાર છે પણ સંવર, નિર્જરા અને મોક્ષ જે નિર્વિકારી ધર્મ છે એ અનિત્ય છે. એ પર્યાયમાં ધર્મ થાય છે. વસ્તુ પોતે નિત્ય છે. આહાહા..! નિત્યના અવલંબે અનિત્યમાં ધર્મ થાય. અનિત્ય નિત્યને જાણે છે. આહાહા..! સમ્યગ્જ્ઞાન એનું જે અનિત્યપણું, એ સમ્યગ્જ્ઞાન અનિત્ય નિત્યને જાણે છે. આવી વાત છે.

મુમુક્ષુ :– પર્યાયની કિંમત વધી ગઈ...

ઉત્તર :– એ વધી તો .. એ પર્યાયથી જણાય એવો છે. બીજાથી જણાય નહિ એવો છે. પર્યાય નિર્મળથી જણાય એવો મોટો છે. જણાય પર્યાયમાં. પણ પર્યાયમાં જણાય કોણ? કે ધ્રુવ જે છે એ. આહાહા..! ખરેખર તો ધ્રુવને પર્યાય જાણે છે. ધ્રુવમાં એકમેક થતી નથી. જ્ઞાનની પર્યાયમાં ધ્રુવ જણાય છે, કાંઈ ધ્રુવમાં પર્યાય ગરી ગઈ નથી. તેમ પર્યાયમાં ધ્રુવ આવ્યો નથી. ધ્રુવનું સામર્થ્ય છે એવું પર્યાયમાં જ્ઞાન આવ્યું. જ્ઞાનની પર્યાયમાં એના સામર્થ્યનું જ્ઞાન આવ્યું. પણ એ ચીજ પર્યાયમાં આવી જાય એમ નથી. આહાહા..! હવે આવી વાતું કરે પછી બધા એકાંત કહે ને. વ્યવહારની વાતું કરતા નથી, વ્યવહારથી થાય એમ કહેતા નથી. એની વાત સાચી. વ્યવહારથી ... આખા અપવાસ નકોરડા કરીએ છીએ. પાણીનો બિંદુ પણ ન લઈએ. ધૂળમાં પણ નથી. .. એ તો લાંઘણ છે. આત્મા રાગથી ભિન્ન છે એવી દૃષ્ટિ જ્યાં નથી, ત્યાં એ બધી... શું કીધું? લાંઘણ છે લાંઘણ. લાંઘણ કરીને મરી ગયો. મહિનાના અપવાસ અને છ-છ મહિનાના અપવાસ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે, **'નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે...'** આહાહા..! બહારના વિકલ્પના પ્રપંચથી તો પરાઙ્મુખ છે. ઓહોહો..! ગજબ કર્યું ને! **'અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે;...'** આહાહા..! મુનિ સાચા થાય એને પણ એના મનથી અને વાણીથી દૂર વસ્તુ છે. આહાહા..! વાણી અને મનથી જણાય એવો નથી. આહાહા..! મુનિપણું ગજબ વાત છે, બાપુ! ક્યાં મુનિપણું છે? અત્યારે મુનિપણું ક્યાં છે? હજી સમકિતના ઠેકાણા ન મળે. એની દૃષ્ટિ છે વિષયમાં નિમિત્તમાં. આવે ક્યાં? અહીં કહે છે **'મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે;...'** (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૭૮

(દ્રુતવિલંબિત)

जयति शांतरसामृतवारिधि-
प्रतिदिनोदयचारुहिमद्युतिः।
अतुलबोधदिवाकरदीधिति-
प्रहतमोहतमस्समितिर्जिनः।।१७८।।

**[શ્લોકાર્થ :–] જે (જિન) શાંત રસરૂપી અમૃતના સમુદ્રને (ઉછાળવા) માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યના કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે, તે જિન જયવંત છે. ૧૭૮.**

**પ્રવચન નં. ૧૩૧, શ્લોક-૧૭૮-૧૭૯, ગાથા-૧૧૩, ગુરુવાર, જ્યેષ્ઠ સુદ ૮, તા.૨૨-૦૫-૧૯૮૦**

'નિયમસાર' આલોચના અધિકાર છે ને? તીર્થંકરદેવ જૈન પરમેશ્વરનું શું સ્વરૂપ છે? અને એ સ્વરૂપની પ્રતીતિ કરનાર સમકિતી કેવો છે, એની વાત ચાલે છે. ૧૭૮ કળશ.

जयति शांतरसामृतवारिधि-
प्रतिदिनोदयचारुहिमद्युतिः।
अतुलबोधदिवाकरदीधिति-
प्रहतमोहतमस्समितिर्जिनः।।१७८।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :- 'જે (જિન)...'** વીતરાગ **'શાંત રસરૂપી અમૃતના...'** શાંત રસરૂપી અમૃત. આહાહા..! આત્મામાં શાંતરસ અમૃત પડ્યું છે. એમાંથી શાંતરસ અમૃત ભગવાને કાઢ્યો. એ કાંઈ બહારથી નથી આવતો. વીતરાગતા અને શાંતરસ અમૃત જે ભગવાનને પ્રાપ્ત થયા એ બહારથી નથી આવતા, અંદરમાં છે. દ્રવ્યસ્વભાવ આત્માનો સ્વભાવ છે. અનાદિઅનંત અંતર શાંતરસ અને અમૃતથી ભરેલો છે. હવે આ વાત..

સમકિતી ત્યારે કહીએ, સમ્યગ્દષ્ટિ હજી પ્રથમ, જેને શાંતરસ અમૃતનો સમુદ્ર, પ્રભુઆત્મા શાંત કષાયરહિતરસ–શાંતરસ, એમાં એકાકાર અમૃતનો સમુદ્ર છે ભગવાન અરિહંત પરમાત્મા (એવા છે). પણ એની પ્રતીતિ કરનાર,... એણે કાઢ્યું ક્યાંથી? શાંતરસ અમૃત ભગવાને કાઢ્યો–પ્રાપ્ત કર્યો એ અંદર દ્રવ્યમાંથી પ્રાપ્ત કર્યો છે. આહાહા..! આકરી વાત છે. આત્માનો જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, એમાં શાંતરસ, અમૃતરસ પૂર્ણ ભર્યો છે. એનો અંતરમાં અનુભવ કરવો, સ્વસન્મુખ થઈને અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દષ્ટિ જીવ તીર્થંકર પૂર્ણ અમૃતનો કેવો સ્વાદ અનુભવમાં લે છે એ વાત કરે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

'પદ્મપ્રભમલધારિ' મુનિ થયા. આ 'નિયમસાર' કરનાર 'કુંદકુંદાચાર્ય' છે. અને 'કુંદકુંદાચાર્ય'એ છેલ્લે એમ લખ્યું છે, કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. આ ગ્રંથ મારી ભાવના માટે બનાવ્યો છે. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. એની ટીકા 'પદ્મપ્રભમલધારિદેવ' દિગંબર મુનિ થયા. આચાર્ય નહિ. એમણે આ ટીકા કરી. તો એ પોતાની વાત પણ કરે છે, કે આ આત્મામાં શાંતરસ અને અમૃતનો ધોધ પડ્યો છે. આહાહા..! જુઓ!

**'શાંત રસરૂપી અમૃતના સમુદ્રને (ઉછાળવા) માટે...'** આહાહા..! ભગવાનને તો પ્રતિદિન પૂર્ણ શાંતરસ ઉછળે છે અને પ્રગટ છે. સમકિતીને પણ પોતાના અંતર સ્વરૂપનો અનુભવ હોવાથી શાંતરસરૂપી અમૃત સમયે સમયે ઉછળે છે. પણ અલ્પ ઉછળે છે. ભગવાનને પૂર્ણ ઉછળે છે. આહાહા..! આવો ધર્મ! છે? **'પ્રતિદિન ઉદયમાન...'** પાછી ભાષા, જુઓ! આહાહા..! ભગવાન પરમાત્મા જૈન પરમેશ્વરને પ્રતિદિન અમૃતનો ઉછાળો આવે છે. જેમ સમુદ્રમાં ભરતી આવે છે એમ પોતાની પર્યાયમાં–અવસ્થામાં અનંત આનંદની ભરતી આવે છે. આહાહા..! પણ એને માનનારને પણ... આહાહા..! સમ્યગ્દષ્ટિ હોય છે, તો જે ભગવાનને માને એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પોતાનો દ્રવ્ય સ્વભાવ. એને પણ શાંતરસનો અમૃતનો ઉછાળો પ્રતિદિન થોડો હોય છે. આવી વાત છે. સમજાણું કાંઈ? ભગવાનને પ્રતિદિન પૂર્ણ શાંતરસ અમૃતનો ઉછાળો આવે છે. જેમ દરિયામાં ભરતી આવે છે એમ પ્રત્યેક દિન, પ્રત્યેક કાળે. પ્રતિદિન કહ્યું ને? પ્રતિદિન એટલે દરરોજ (શાંતરસ ઉછળે છે). આહાહા..!

**'ઉદયમાન...'** પ્રગટ **'સુંદર ચંદ્ર સમાન છે...'** આહાહા..! જેમ ચંદ્ર સુંદર છે. એમ ભગવાનને પર્યાયમાં શીતળતા ઉછળે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાંતરસ પૂર્ણ ઊછળે છે. તો એવો સમકિતી કહે છે, કે એ જયવંત વર્તો. કેમકે એનો નમૂનો મને પણ થોડો આવ્યો છે. તો મને પણ જયવંત વર્તો. મારા સમ્યગ્દર્શનમાં પણ શાંતરસનો અનુભવ થયો છે એ પણ જયવંત વર્તો અને પૂર્ણ પરમાત્માને જે પ્રગટ થયો છે એ પણ જયવંત વર્તો. આહાહા..! આવી ઝીણી વાત છે, સૂક્ષ્મ વાત છે, ભાઈ!

**'પ્રતિદિન...'** એમ શબ્દ છે ને? પ્રત્યેક સમયે ભગવાનને અનંત અમૃતનો સાગર ઉછળે છે. એમ સમકિતીને પણ પ્રતિદિન એટલે દરેક સમયમાં અંતરમાં શાંતરસ આનંદ પડ્યો છે, એની એક સમયની પર્યાયમાં એ પણ ઉછળે છે. આહાહા..! આનંદ અમૃતનો અનુભવ સમકિતીને પણ થાય છે. પણ એ થોડી, અલ્પ દશા છે. ભગવાનને પૂર્ણ દશા છે. વસ્તુ તો એની એ છે. બીજનો ચંદ્ર અને પૂનમનો ચંદ્ર. ચંદ્રના પ્રકાશમાં ફેર છે એટલો, બાકી ચંદ્ર તો એ જ છે. આહાહા..!

**'પ્રતિદિન ઉદયમાન...'** પ્રગટરૂપ. ભગવાનને પૂર્ણ અમૃતસાગર પૂર્ણ પ્રગટ્યો છે. સમકિતીને પૂર્ણ પ્રગટ નથી થયો. પણ પ્રગટ્યો છે. અંતર શાંતરસના આનંદનો અનુભવ પોતાની પર્યાયમાં ઉદયમાન પ્રગટ છે. આહાહા..! **'સુંદર ચંદ્ર સમાન...'** ચંદ્ર જેમ શીતળ પૂર્ણ સોળ કળાએ ખીલે એમ ભગવાનને શાંતરસ અને વીતરાગદશા અંતરમાંથી પ્રગટી છે. કોઈ બાહ્ય ક્રિયાકાંડથી નથી થઈ. આહાહા..! આ વાત છે. સમ્યગ્દર્શન. અને સમ્યગ્દર્શન વિના સાચું જ્ઞાન પણ નથી, એને ચારિત્ર અને વ્રત પણ સાચા નથી.

અહીંયાં એ કહે છે. **'પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યના કિરણોથી...'** અંતર ચૈતન્યના પ્રકાશના પૂરનું નૂરનું તેજ અંતરમાં સર્વજ્ઞ પરમાત્માએ પૂર્ણ પ્રગટ કર્યું છે. અંદર પૂર્ણ ભગવાન છે. અંદર આત્મા ભગવાન જ છે. પર્યાયમાં દોષ છે, વસ્તુએ તો ભગવાન જ છે. આહાહા..! **'જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે,...'** આહાહા..! જ્ઞાનની તીવ્રતાથી મોહનો નાશ કર્યો છે. કોઈ ક્રિયાકાંડ કરતા કરતા મોહનો નાશ કર્યો છે એમ નથી. છે?

**'જેણે અતુલ જ્ઞાનરૂપી...'** સમ્યગ્જ્ઞાન, જે આત્મા જ્ઞાનરૂપી સાગરથી ભર્યો છે એમાંથી કાઢીને **'અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે,...'** મોહનો અંધકાર. તિમિર એટલે અંધકાર. મોહરૂપી અંધકારને અંદર શાંતરસના કિરણો દ્વારા, જ્ઞાન દ્વારા નાશ કર્યો છે. આહાહા..! જરી ઝીણી વાત છે. જુઓ! એમાં બતાવ્યું. ક્રિયાકાંડથી, દયા, દાન, વ્રત, ભક્તિથી ભગવાન સર્વજ્ઞ થયા એમ નથી કહ્યું. અશુભથી બચવા શુભભાવ આવે છે. પણ એ કોઈ ધર્મ નથી. આહાહા..! અંતર જ્ઞાન અને અંતરમાં અમૃતનો સાગર શાંતરસ બે, જ્ઞાન લીધું, અહીં શાંતરસ લીધો, બેમાં અંતર એકાગ્ર થઈને ભગવાનને પૂર્ણ પ્રાપ્તિ થાય છે, તો કહે છે કે એ જયવંત વર્તો. છે?

**'તે જિન...'** વીતરાગ **'જયવંત છે.'** આહાહા..! એમાં પણ મર્મ છે. એ ચીજનો નમૂનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતામાં જોયો. સમજાણું કાંઈ? જેમ બીજનો ચંદ્ર છે, બીજ.. બીજ. એના પછી પૂનમ થાય છે. એમ ભગવાન પૂર્ણાનંદ પૂનમરૂપે પૂર્ણ છે. પણ એને પહેલા ચંદ્રમાની જેમ બીજ ઊગે છે એમ ધર્મીજીવને, સમ્યગ્દૃષ્ટિને પોતાની અંદરમાં શાંતરસ અને આનંદનો અલ્પ રસનો અનુભવ થાય છે. એ ન હોય તો એકલા રાગની ક્રિયાકાંડથી ધર્મ થતો નથી. આહાહા..! આવી વાત છે. ભાષા કરીને? બે (વાત) લીધી ને?

**'શાંત રસરૂપી અમૃતના સમુદ્રને (ઉછાળવા)..'** પ્રગટ થયો. અને ઓલાનો નાશ કર્યો. મોહનો નાશ કર્યો. પણ નાશ કઈ રીતે કર્યો? **'અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન અંદર, એમાં અંતર એકાગ્ર થઈને જ્ઞાનના કિરણથી મોહનો નાશ કર્યો છે. એમ સમકિતી પણ મિથ્યાત્વરૂપી મોહનો, પોતાના આત્માનો આનંદ અને અમૃત અને શાંતરસ અને જ્ઞાનકિરણ પ્રગટ કરીને... આહાહા..! મિથ્યાત્વનો નાશ કર્યો છે. એને સમકિતી અને ધર્મની પ્રથમ દશાવાળો કહેવામાં આવે છે. આ શ્લોકમાં તીર્થંકરની વાત છે. પણ જયવંત વર્તે છે એમાં બેય લીધા કે અમારા અનુભવમાં આ વર્તે છે. એ અંશથી અમે કહીએ છીએ કે પરમાત્માને એ જયવંત વર્તે છે. આહાહા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન અમૃતનો સાગર અને શાંતરસ, એ શાંતરસને ઉછાળ્યો, અંતરમાં એકાગ્ર થઈને જેણે પ્રગટ કર્યો. પૂર્ણ પ્રગટ કર્યો એ પરમાત્મા. અપૂર્ણ પ્રગટ કર્યો એ સમકિતી કે મુનિ. પણ એ આનંદ અને શાંતિરસ અંદર પ્રગટ્યો એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! ૧૭૮ શ્લોક (પૂરો થયો).

## શ્લોક-૧૭૯

(द्रुतविलंबित)

विजितजन्मजरामृतिसंचयः
प्रहतदारुणरागकदम्बकः ।
अधमहातिमिरव्रजभानुमान्
जयति यः परमात्मपदस्थितः ।।१७९ ।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ परमालोचनाधिकारः सप्तमः श्रुतस्कन्धः ।।

[શ્લોકાર્થ :–] જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે, જેણે દારુણ રાગના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સમૂહને હણી નાખ્યો છે, જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે અને જે પરમાત્મપદમાં સ્થિત છે, તે જયવંત છે. ૧૭૯.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

## શ્લોક-૧૭૯ ઉપર પ્રવચન

(द्रुतविलंबित)

**विजितजन्मजरामृतिसंचयः**
**प्रहतदारुणरागकदम्बकः।**
**अधमहातिमिरव्रजभानुमान्**
**जयति यः परमात्मपदस्थितः।।१७९।।**

આહાહા..! એકલી અધ્યાત્મની વાત છે, તત્ત્વની વાત છે.

**શ્લોકાર્થ :- 'જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે,...'** આહાહા..! જન્મ અને મરણ, જન્મ અને મરણ. ચોરાશીના અવતાર. એને જેણે–પરમાત્માએ જીતી લીધો છે. એમને હવે જન્મ-મરણ નથી. એનાથી સમ્યગ્દષ્ટિ થાય છે એને પણ જન્મ-મરણ નથી. એકાદ-બે ભવ કરવા પડે એ જ્ઞાનનું જ્ઞેય છે. આત્માનું જ્ઞાન થાય છે એ સમ્યગ્દષ્ટિ. એને પણ જન્મ-મરણ નથી. એમાં ભવનો અંત આવી ગયો. સર્વજ્ઞને એ જ ભવમાં ભવનો અંત થયો, સમકિતીને એક-બે ભવ કરવા પડે તો ભવનો અંત થાય છે પણ પછી અંતરની પૂર્ણ દશા પ્રગટ કરશે. આહાહા..! અને અહીં તો જિનને પૂર્ણ પ્રગટ દશા થઈ છે.

**'જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે,...'** આહાહા..! વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને જન્મ ભગવાનને હોતા નથી. છે? **'જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે,...'** હવે જન્મ નહિ, હવે મૃત્યુ નહિ અને હવે... આહાહા..! જરા નહિ. **'જીતી લીધો છે, જેણે દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે,...'** પુણ્ય અને પાપ જે રાગ છે, કામ, ક્રોધ, માન, માયા રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ રાગ. એ બધા રાગને હણી નાખ્યો છે. **'દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે,...'** આહાહા..! રાગનો કણ છે એ પણ દુઃખરૂપ છે. શુભરાગ છે એ પણ દુઃખરૂપ છે. એને ભગવાને આત્માના આનંદથી એ મોહનો નાશ કરી નાખ્યો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમકિતીએ પણ પોતાના સ્વરૂપના અનુભવથી મિથ્યાત્વરૂપી દારુણ રાગ છે એનો નાશ કરી નાખ્યો છે. ભગવાને પૂર્ણ નાશ કર્યો છે. સમકિતીએ એની ભૂમિકા પ્રમાણે મોહતિમિરનો સમ્યગ્જ્ઞાન-દર્શન અને અનુભવથી નાશ કર્યો છે. આહાહા..!

**‘જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે...’** પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે. આહાહા..! અંધારાને ટાળવામાં જેમ સૂર્ય પ્રકાશમાન છે, એમ ભગવાનનું જ્ઞાન અંધકારનો નાશ કરવા સમર્થ છે. એમ સમકિતીને પણ.. સાથે પોતાની પણ વાત કરે છે, કે પોતાની દશા જે પ્રગટી એ જયવંત વર્તો અને ભગવાનને પૂર્ણ પ્રગટ છે એ પણ જયવંત વર્તો. આહાહા..! **‘મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે...’** આહાહા..! મોહરૂપી અંધકાર તો એની પાસે આવતો નથી. સમકિતીને પણ મિથ્યાત્વરૂપી મોહ અંધકાર આવતો નથી. આહાહા..! સમ્યગ્દર્શન શું ચીજ છે એ લોકોને ખ્યાલ નથી. બહારની ક્રિયાકાંડમાં માને છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો શુભરાગ છે. રાગ એ કોઈ ધર્મ નથી. એ રાગને જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિથી સમકિતીએ નાશ કર્યો છે. ભગવાને પૂર્ણ જ્ઞાનના કારણે બધા મોહનો નાશ કર્યો છે. આહાહા..!

**‘પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે અને જે પરમાત્મપદમાં સ્થિત છે,...’** આહાહા..! એ પરમાત્મપદમાં સ્થિત તો સમકિતી પણ છે. પણ એ પરમાત્મપદ અંદરમાં થોડા સ્થિત છે અને સર્વજ્ઞ પરમાત્મા પરમાત્મપદમાં પૂર્ણ સ્થિત છે. આહાહા..! આવી વાત છે. દુનિયાને ક્યાં પડી છે? અનાદિથી ચોરાશી લાખ યોનિમાં રખડે છે. ચોરાશી લાખ યોનિમાં એક એકમાં અનંત અવતાર કર્યા. અને હજી મિથ્યાત્વ નહિ ટાળે ત્યાં સુધી અનંત અવતાર કરશે. મિથ્યાત્વ શું છે અને સમકિત શું છે એની ખબર નથી. આહાહા..! એ અહીંયાં છેલ્લે કહ્યું. આલોચના છે ને? આલોચના અધિકાર છે ને?

ભગવાન સ્વરૂપ જ્ઞાન અને આનંદનો નાથ પ્રભુ, એને દેખવો, જાણવો અને માનવો એ આલોચના છે. ભગવાને પૂર્ણ જોયો, જાણ્યો અને પ્રગટ કર્યો. એ પૂર્ણ સૂર્ય છે. આહાહા..! અને સમકિતી આદિ જે પંચમ ગુણસ્થાનવાળા સાચા શ્રાવક, એ અંતરના આનંદના અનુભવને પ્રગટ કરીને મોહના અંશે જેટલી શાંતિ પ્રગટ કરી એટલી અશાંતિ એટલે મોહનો નાશ કર્યો. જયવંત વર્તો એમ કહ્યું. એ અધિકાર પૂરો થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## – ૮ –
## શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

### ગાથા-૧૧૩

अथाखिलद्रव्यभावनोकर्मसंन्यासहेतुभूतशुद्धनिश्चयप्रायश्चित्ताधिकारः कथ्यते।

वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो।
सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो।।११३।।

व्रतसमितिशीलसंयमपरिणामः करणनिग्रहो भावः।
स भवति प्रायश्चित्तम् अनवरतं चैव कर्तव्यः।।११३।।

निश्चयप्रायश्चित्तस्वरूपाख्यानमेतत्।

पंचमहाव्रतपंचसमितिशीलसकलेन्द्रियवाङ्मनःकायसंयमपरिणामः पंचन्द्रियनिरोधश्च स खलु परिणतिविशेषः, प्रायः प्राचुर्येण निर्विकारं चित्तं प्रायश्चित्तम्, अनवरतं चान्तर्मुखाकारपरमसमाधियुक्तेनपरमजिनयोगीश्वरेण पापाटवीपावकेन पंचेन्द्रियप्रसरवर्जित-गात्रमात्रपरिग्रहेण सहजवैराग्यप्रासादशिखरशिखामणिना परमागममकरंदनिष्यन्दिमुखपद्मप्रभेण कर्तव्य इति।

---

હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના સંન્યાસના હેતુભૂત શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

અન્વયાર્થ :– [ व्रतसमितिशीलसंयमपरिणामः ] વ્રત, સમિતિ, શીલ ને સંયમરૂપ પરિણામ તથા [ करणनिग्रहः भावः ] ઇન્દ્રિયનિગ્રહરૂપ ભાવ [ सः ] તે [ प्रायश्चित्तम् ] પ્રાયશ્ચિત્ત [ भवति ] છે [ च एव ] અને તે [ अनवरतं ] નિરંતર [ कर्तव्यः ] કર્તવ્ય છે.

ટીકા :– આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.

પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ, શીલરૂપ અને સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ—એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત-પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત. અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત, પરમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જિનયોગીશ્વર, પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ સમાન અને પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા મુખવાળા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.**

## ગાથા–૧૧૩ ઉપર પ્રવચન

હવે પ્રાયશ્ચિત અધિકાર. પ્રાયશ્ચિત કોને કહેવું? આહાહા..!

**'હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ...'** એટલે પુણ્ય-પાપના ભાવ **'તથા નોકર્મ...'** એટલે શરીર. એનો સંન્યાસ. ત્રણેયનો ત્યાગ. આહાહા..! **'દ્રવ્યકર્મ,...'** જડ. **'ભાવકર્મ,...'** રાગ–પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતના પરિણામ અને **'નોકર્મ...'** શરીર. ત્રણેયનો સંન્યાસ. **'સંન્યાસ...'** એટલે ત્યાગ. **'હેતુભૂત શુદ્ધનિશ્ચય–પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.'** દોષ લાગે અને ગુરુ પાસે જાય અને પ્રાયશ્ચિત્ત લે એ તો વ્યવહાર છે, શુભભાવ છે, પુણ્ય છે. આહાહા..! આત્મા પાસે જાય. ભગવાન ચિદાનંદ પ્રભુ, એની સમીપમાં જાય, અંતરમાં અનુભવ થાય એનું નામ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે. એ નિશ્ચયપ્રાયશ્ચિતનો અધિકાર છે. શુદ્ધનિશ્ચય અધિકાર કહ્યો છે.

**वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो।**
**सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो।।११३।।**

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

**ટીકા :- 'આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.'** એમ કેમ કહ્યું? કે વ્રત શબ્દ પડ્યો છે. વ્રત બે પ્રકારના છે. એક આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં લીન થવું એ નિશ્ચયવ્રત છે અને બાહ્યમાં વિકલ્પ ઉઠવા. પરની દયા આદિ ભાવ એ વ્યવહાર છે, એ બંધનું કારણ છે. આહાહા..! એ માટે નિશ્ચય કહ્યું. **'નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.'** વ્યવહાર પ્રાયશ્ચિત એ વ્યવહાર વિકલ્પ રાગ છે. એની વાત અહીંયાં નથી. કેમકે એ તો પુણ્યબંધનું કારણ છે. એ કંઈ ધર્મનું કારણ નથી. અંતરમાં નિશ્ચય પ્રાયશ્ચિત્ત આનંદસ્વરૂપ ભગવાન! એમાં વ્રત એટલે વીંટળાઈ જવું, લપેટ થઈ જવું એનું નામ નિશ્ચયવ્રત છે. આહાહા..! આવી વાત સાંભળી ન હોય. હવે એને એવું લાગે... બહારની ક્રિયા કરતા હોય. એવી તો અનંતવાર કરી. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત અનંત વાર ધારણ કર્યા. દિગંબર. અઠ્યાવીશ મૂળગુણ લીધા, પંચ મહાવ્રત પાળ્યા. પણ એ તો આસ્રવ છે, એ તો દુઃખ છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ વિનાનું આત્મજ્ઞાન...

વિકલ્પથી, રાગથી રહિત અંદર ચિદાનંદ પ્રભુ ભગવાનઆત્મા, એમાં લીન થવું એનું નામ વ્રત છે. નિશ્ચયવ્રત એ છે. દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ ઉઠે એ પુણ્ય છે. એ પુણ્ય બંધનું કારણ છે અને આ પ્રાયશ્ચિત અબંધનું કારણ છે. આહાહા..! દુનિયાની વર્તમાન પ્રવૃત્તિ આગળ ક્યાંય પત્તો ખાય નહિ.

**'પાંચ મહાવ્રતરૂપ,...'** એ પંચ મહાવ્રત કોણ? અંતર આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં એકાગ્રતા થવી અને વીતરાગ પર્યાય પ્રગટવી એનું નામ મહાવ્રત કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચય મહાવ્રત આ છે. વ્યવહાર મહાવ્રતમાં તો અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના વિકલ્પ ઉઠે છે એ પુણ્યબંધનું કારણ છે. એ ધર્મ નથી. છે? **'પાંચ મહાવ્રતરૂપ,...'** આહાહા..! રાગની ઉત્પત્તિ ન થવી અને વીતરાગદશાની ઉત્પત્તિ થવી એ અહિંસાવ્રત છે. આહાહા..!

સત્ય. સત્ય વસ્તુ જે ત્રિકાળી ચિદાનંદ પ્રભુ છે, એમાં જે રાગાદિ છે એને દૂર કરીને સત્ય વસ્તુની પરિણતિ પ્રગટવી, એનું નામ સત્યવ્રત છે. એને સત્યવ્રત કહે છે. આહાહા..! અને ચોરીના રાગનો ત્યાગ એ વ્યવહાર. અહીં તો રાગ છે એ મારો છે એવી ચોરીનો ત્યાગ. રાગ મારો માને એ ચોર છે. આહાહા..! 'સમયસાર'માં આવે છે ને? પરવસ્તુને પોતાની માને એ ચોર છે. રાગાદિ પરવસ્તુ છે. એને પોતાના માને એ ચોર છે. આહાહા..!

બ્રહ્મચર્ય. બ્રહ્મ એટલે આનંદ. અતીન્દ્રિય આનંદમાં ચર્ય એટલે રમવું એ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ તો શુભભાવ છે. આહાહા..! શરીરથી બ્રહ્મચર્ય પાળવું, બાળ બ્રહ્મચારી હોય તોપણ એ તો શુભભાવ છે, પુણ્ય છે. નિશ્ચય બ્રહ્મચર્ય તો બ્રહ્મ એટલે આનંદ. અતીન્દ્રિય આનંદમાં અંદર ચરવું, અંદર રમવું એનું નામ બ્રહ્મચર્ય.

અપરિગ્રહ. રાગની પણ પક્કડ નહિ. રાગથી રહિત ભગવાન આનંદકંદ, એને પકડીને સ્થિર થવું, એનું નામ અપરિગ્રહ વ્રત કહેવામાં આવે છે. વાતે વાતે ફેર છે. શું કરે? વસ્તુ એવી છે. અનાદિકાળથી રખડે છે. અનંત અનંત કાળ થયો. અનંતા ભવ અત્યાર સુધી કર્યા. એના પહેલા ભવ... ભવ... ભવ... ભવ... ભવ... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કરી ચૂક્યો છે. એક એક નરકમાં, તિર્યંચના, પશુના અરે..! દેવના પણ અનંત ભવ કરી ચૂક્યો છે. પણ આતમજ્ઞાન વિના જન્મ-મરણના અંત આવ્યા નહિ.

આત્મા શું ચીજ છે? એ પુણ્ય-પાપના રાગથી રહિત છે. નવતત્ત્વમાં પુણ્ય-પાપ છે એ તો બંધનું કારણ ભિન્ન છે. એનાથી રહિત જ્ઞાયકતત્ત્વ છે એનું ભાન નથી કર્યું. અને એનું જો ભાન કરે તો એને આનંદનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા. એ આસ્રવ અને પંચ મહાવ્રત દુઃખરૂપ છે. આહાહા..! ગજબ વાત છે. વિકલ્પ છે, રાગ છે એ વાત અહીં નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો... આહાહા..! **'પાંચ મહાવ્રતરૂપ,...'** આત્માનો આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં એકાગ્ર થવું, લીનતા થવી, રાગથી ભિન્ન પડવું, એનું નામ પંચ મહાવ્રતરૂપ કહેવામાં આવે છે. નિશ્ચય પંચમહાવ્રત એ પ્રાયશ્ચિત છે. આહાહા..! **'પાંચ સમિતિરૂપ,...'** આમ બહારમાં જોઈને ચાલવું, વિચારીને બોલવું એ તો વ્યવહાર છે, પુણ્ય છે. સમિતિ. સમ ઇતિ પ્રવૃત્તિ. રાગથી નિવૃત્ત થઈને અંતર આનંદ અને જ્ઞાનની સમિતિ એટલે પરિણતિ પ્રગટ કરવી, એનું નામ સમિતિ કહેવામાં આવે છે. આહાહા..! **'પાંચ સમિતિ...'** ઈર્યા સમિતિ. અંતરમાં બરાબર જેવું ચૈતન્યસ્વરૂપ છે એને જોઈને એમાં રમવું એ ઈર્યાસમિતિ છે. આહાહા..! ભાષાસમિતિ. સત્યસ્વરૂપ આત્મા, ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ, એમાં લીનતા (થવી) એ ભાષાસમિતિ છે.

મુમુક્ષુ :– ત્યાં ભાષા છે?

ઉત્તર :– એ જ ભાષા. ત્યાં ભાષા છે જ નહિ. ભાષા છે નહિ ત્યાં ભાષાસમિતિ. નિશ્ચય અંદર સ્વરૂપમાં ભાષારહિત થઈને અંતર આનંદનો સાગર પ્રભુ, ચૈતન્યરત્નાકર દરિયો ભર્યો છે. આત્મામાં તો ગુણનો દરિયો ભર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં રમે. એ અહીં દરિયો છે. એ દરિયો બહારનો છે. અહીં દેહમાં ભગવાન છે એ આનંદનો દરિયો છે. અમૃતનો દરિયો–સમુદ્ર છે. આહાહા..! કોઈ દિ' કિંમત ક્યાં કરી છે? બહારના જગતની, ધૂળની કિંમત ને પાંચ-પચ્ચીસ લાખ પૈસા. આજે ઓલામાં આવ્યું છે, ભાઈ! માસિક કહે ને? શું કહેવાય? આપણું 'આત્મધર્મ'. એમાં ત્યાં પૈસા કેટલા ખર્ચાણા નામ આપ્યું છે. 'જતીશભાઈ'એ. ત્યાં 'નાઈરોબી' ગયા હતા ને? પચ્ચીસ હજારથી કોઈએ ઓછું આપ્યું જ નથી. આવ્યું છે. વાંચ્યું છે. હતુ ખરું. આ? આ નવું આવ્યું છે. એક જણાએ સાડા પાંચ લાખ આપ્યા છે. સાડા પાંચ લાખ આપીને મૂર્તિ સ્થાપી. હમણા અમે ત્યાં 'આફ્રિકા' ગયા હતા ને. ૨૬ દિ' રહ્યા. ૪૫ લાખ રૂપિયા ભેગા કર્યા. ૨૬ દિ'માં ૪૫ લાખ. હમણા અમે ગયા હતા ને? ૨૬ દિ' રહ્યા હતા. 'નાઈરોબી' 'આફ્રિકા'. એ પણ અહીં લીધું છે. 'જતીશભાઈ'એ લીધું છે.

મુમુક્ષુ :– આપનો પુણ્યપ્રભાવ છે.

ઉત્તર :– એ જુદી વસ્તુ છે. પણ આ તો એમાં આવ્યું. આપણા મહાજન લોકો ત્યાં છે. ૭ હજાર મહાજન લોકો છે. વ્યાખ્યાનમાં ગુજરાતી ભાષા ચાલે. હિન્દી નહિ. બધા હિન્દી લોકો હતા. આપણા મુમુક્ષુના ૬૦ ઘર છે. મંદિર કોઈ દિ' બનાવ્યું નહોતું તો મંદિર બનાવે છે. ૨૫ લાખનું મંદિર બનાવવાના છે. અને ૪૫ લાખનું તો દાન ભેગું થયું છે. મોટા ગૃહસ્થો છે. ૨૬ દિ' રહ્યા પણ લોકોને ઘણો પ્રેમ. ઘણે દૂર. ત્રણ-ત્રણ હજાર માઈલ. ત્રણ હજાર માઈલ દૂર 'આફ્રિકા'. હમણા પોષ મહિનામાં ગયા હતા. પણ ત્યાં વાત એટલી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે સાડા પાંચ લાખ દઈને 'લક્ષ્મીચંદભાઈ'એ એક મૂર્તિ પધરાવી. સાડા પાંચ લાખ. તો એમને કહ્યું, કે તમે સાડા પાંચ લાખની મૂર્તિ પધરાવી માટે ધર્મ થાશે એમ નથી. એ તો અશુભથી બચવા શુભભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- સાડા પાંચ આપ્યા પછી કીધું કે સાડા પાંચ આપ્યા પહેલા કીધું હતું?

ઉત્તર :- સૌને પહેલેથી જ કીધું હતું. ત્યાં તો આપણા આઠ તો કરોડપતિ મુમુક્ષુઓ છે. મુમુક્ષુ છે. સાંઈઠ ઘર છે એમાં આઠ તો કરોડપતિ છે. બીજા પણ પંદર લાખ, દસ લાખ, વીસ લાખ, પચ્ચીસ લાખ એવા તો ૬૦ ઘરમાં કેટલાય છે. ત્યાં મોંઘુ પણ બહુ. અહીં તો પહેલેથી કહ્યું હતું, તમે ગમે તેટલા પૈસા ખર્ચો તો એમાંથી ધર્મ થાય કે ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય, એમ છે નહિ. એ ભગવાનના દર્શન કરવાથી શુભભાવ પુણ્ય થશે. આ ભગવાન જે આત્મા ચિદાનંદ... આહાહા..! એનો આશ્રય લેવો અને એની સ્થાપના કરવી કે હું આનંદ અને શુદ્ધ ચૈતન્ય છું, રાગાદિ હું નહિ એવી ભાવસ્થાપના કરવી એ વાસ્તવિક ધર્મ છે. આહાહા..! ત્યાં તો બહુ માણસો આવતા હતા. ઘણું. ત્યાં પરદેશમાં કોણ જાય? પણ એ લોકોની બહુ માગણી હતી માટે ૨૬ દિ' રહ્યા હતા. જે મકાનમાં ઉતર્યા હતા એ ૧૫ લાખનું મકાન હતું. ૧૫ લાખનું તો ગૃહસ્થનું મકાન. એની પાસે પૈસા તો ઘણા હતા. બિચારો આખો દિ' મારી પાસે બેસે. નરમ માણસ. બહુ નરમ. એ બધા ધૂળમાં શું છે? કીધું. ૨૦ લાખ કે ૧૫ લાખ કે કરોડપતિ. આહાહા..!

એક ગામમાં સાત લાખની વસ્તી છે. એમાં સાડા ચારસો તો કરોડપતિ છે. સાડા ચારસો. અને પંદર અબજપતિ છે. કીધું, એ બધું ધૂળ છે, એ માટી છે, અજીવ છે, પુદ્ગલ છે. એને મારું માનવું એ મિથ્યાદષ્ટિ છે. જડને પોતાના માનવા... જડ ચીજ તો પર છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! દુનિયા તો પૈસા ખર્ચે એટલે ધર્મ મનાવે. ત્યાં તો ૬૦ લાખ ભેગા કર્યા. કીધું, ૬૦ લાખ શું પાંચ કરોડ ભેગા કરો ને તમે. એ શુભભાવ પુણ્ય છે. અશુભથી બચવા એવો ભાવ આવે. પણ એમાં ધર્મ થઈ જાય (એમ નથી). એવું તો અનંતવાર કર્યું છે.

અહીં તો કહે છે, કે પાંચ સિમિતિ અંતરની. આહાહા..! એષણાસમિતિ. આહાર-પાણીની નહિ. અંદરના આત્માને ગોતવો, શોધવો, એ એષણાસમિતિ છે. આહાહા..! નિશ્ચય છે ને? નિશ્ચયપ્રાયશ્ચિત છે ને? આ નિશ્ચય છે. આહાહા..! મુનિરાજ એમ કહે છે, કે અંતરમાં ભગવાનઆત્મા દેહથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન, એવો જે ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપી પરમાત્મા (છે) એની શોધ કરીને રમણતા કરવી એનું નામ એષણાસમિતિ છે. આહાહા..! આ પાંચેય સમિતિ નિશ્ચય છે. આહાહા..! પઠવવું, રાગાદિને છોડવા અને સ્વરૂપમાં રમવું એ ચોથી સમિતિ છે. આહાહા..! પાંચ સમિતિ છે ને? એ ચાર પછી કઈ આવી?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આદાનનિક્ષેપણ.

ઉત્તર :– આદાનનિક્ષેપણ. વસ્તુને લેવી ને મૂકવી એ વ્યવહાર. આ આદાનનિક્ષેપણ. આત્માને આદાન નામ ગ્રહણ કરવો અને રાગને છોડવો. આહાહા..! અહીંયા એમ કહે છે. અરે..રે..! આવું સાંભળવા મળે નહિ. જિંદગી ચાલી જાય છે. દેહની સ્થિતિ પૂરી થઈ જશે. આત્મા તો રહેશે. દેહની સ્થિતિ પૂરી થઈ જશે. એની મુદત છે એનું તો નક્કી થઈ ગયેલું છે. જે સમયે દેહ છૂટવાનો, જે ક્ષેત્રે એ નક્કી થઈ ગયેલું છે. કેવળજ્ઞાનીએ તો જોયું છે પણ એના આયુષ્યની સ્થિતિમાં નક્કી થઈ ગયું છે. જે સમયે, જે કાળે, જે સંયોગે. લાખ ડોક્ટર-બાક્ટર ઉતરે, એના ઇંજેક્શનમાં કાંઈ ચાલે એવું નથી. દેહની સ્થિતિ પૂરી થવા આવે ત્યાં આત્મા તો વયો જશે. ક્યાં જાશે? વસ્તુ છે કે નહિ? અસ્તિ તત્ત્વ છે, ક્યાં જશે? ભાન નહિ તો રખડવામાં જશે. આહાહા..! નરક અને નિગોદ. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય આદિ ઇયળું, કીડી અને મકોડા. આહાહા..! અહીં કહે છે કે એષણા અથવા છોડવું. રાગને છોડીને સ્વરૂપમાં ઠરવું એ આદાન નિક્ષેપણ. આહાહા..! આ નિશ્ચય છે ને? નિશ્ચય છે.

**'પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ, શીલરૂપ...'** શીલ એટલે આત્મસ્વભાવ. આત્માનો સ્વભાવ શાંતરસ અને આનંદ (છે) એને અંતરમાં પ્રગટ કરવો એનું નામ શીલરૂપ છે. એકલું શરીરથી બ્રહ્મચર્ય પાળે એ શીલરૂપ નથી. એવું તો અનંતવાર પાળ્યું છે. બાળ બ્રહ્મચારી તરીકે અનંતવાર થયો છે. આહાહા..! એનાથી પુણ્યબંધન થાય. આ આત્માનું બ્રહ્મ એટલે આત્મા, એમાં ચરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. એને અહીંયાં નિશ્ચય સમિતિમાં નાખ્યું છે. સમજાય છે? શીલમાં નાખ્યું. શીલ-શીલ. આહાહા..!

**'અને સર્વ ઈન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ...'** આ પ્રાયશ્ચિત્ત. શું કહ્યું? **'સર્વ ઇન્દ્રિયો...'** પાંચેય ઇન્દ્રિયોને રોકી અણઇન્દ્રિય એવો ભગવાનઆત્મા, એમાં એકાકાર રહેવું... આહાહા..! એનું નામ સંયમના પરિણામ છે. **'મનવચનકાયાના સંયમરૂપ પરિણામ...'** મનવચનકાયાનું લક્ષ છોડીને અંદર સંયમરૂપ પરિણામ (થવા). **'તથા પાંચ ઇન્દ્રિયોના નિરોધ...'** પાંચ ઇન્દ્રિયોને રોકવું. આહાહા..! **'એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.'** લ્યો! આને પ્રાયશ્ચિત કહ્યું છે. આહાહા..! દિગંબર મુનિ છે. એણે આ ટીકા કરી છે. 'કુંદકુંદાચાર્યે' ગાથા (રચી). એ તો છેલ્લી ગાથામાં એમ બોલ્યા, આ પુસ્તક મેં મારી ભાવના માટે બનાવ્યું છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે. તમે સમજો ન સમજો તમારી ઇચ્છા. છેલ્લી ગાથા છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે. જુઓને! છેલ્લી છે ને? ૧૮૭. ૧૮૭ ગાથા છે.

**'णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।'** ૧૮૭ ગાથા. છે? **'णियभावणा'** મારી ભાવનાને કારણે. **'मए कदं'** મેં કર્યું છે. **'णियमसारणामसुदं'** **'णच्चा जिणोवदेसं'** વીતરાગના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશને બરાબર જાણીને કર્યો છે. **'पुव्वावरदोसणिम्मुक्कं'** પહેલા અને પછીના દોષ રહિત છે. પહેલા કાંઈ કહ્યું અને પછી કાંઈ કહ્યું એમ અહીં નથી. પૂર્વાપર દોષરહિત છે. એ મેં મારી ભાવના માટે બનાવ્યું છે, કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'. મંગલં ભગવાન વીરો, મંગલં ગોતમો ગણી, મંગલં કુંદકુદાર્યો. ત્રીજે નંબરે આવ્યા. એ કહે છે કે આ તો મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! એમાં આ આવ્યું. આહાહા..!

**'એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.'** નિશ્ચયથી આ પ્રાયશ્ચિત છે. પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો, સમુદ્ર એવી ચીજમાં અંતર રમવું, એમાં જામી જવું એનું નામ પ્રાયશ્ચિત છે. આહાહા..! આવું સાંભળીને કોઈ દિ' કર્યું નથી એટલે આકરું લાગે. સત્ય તો આ છે. બાકી બધી દુનિયાની અસત્‌ની કલ્પનાઓ છે. આહાહા..!

**'પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત–પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત.'** પ્રાયશ્ચિતની વ્યાખ્યા કરી. આહાહા..! પ્રચુર એટલે જોરદારરૂપે નિર્વિકારી ચિત્ત, નિર્વિકારી જ્ઞાન. પુણ્ય અને પાપના વિકલ્પ વિનાનું નિર્વિકારી જ્ઞાન, નિર્વિકારી પ્રતીત. તેનું નામ અહીંયાં પ્રાયશ્ચિત્ત, સત્ય અને નિશ્ચય અને સાચું કહેવામાં આવે છે. આહાહા..! આખો દિ' સંસારમાં પડ્યા. ધંધામાં, બાયડી-છોકરામાં. એને આ કાને પણ પડે નહિ. અને કાને પડે તો લાગે કે આ શું? આ તે શું કહે છે? એવું લાગે. સત્ય તો આ જ છે. બાકી બધી અસત્યની વાતું છે. વ્યવહારની વાતું જેટલી છે એ અસત્ય છે અને પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયનું સત્ય તો આ છે.

પોતાના સ્વભાવનો આશ્રય લઈને ચિદાનંદ પ્રભુ આત્મા... આહાહા..! અતીન્દ્રિય શાંત અને આનંદનો સાગર, એમાં એકાગ્ર થવું તેને નિશ્ચયપ્રાયશ્ચિત કહેવામાં આવે છે. એના ખરા પાપ એને ટળે છે. અજ્ઞાનીની બહારની વૃત્તિના વ્યવહાર પ્રાયશ્ચિતથી પુણ્યબંધન થાય છે. આહાહા..! **'એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃચિત્ત–પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત.'** આહાહા..! પુણ્ય-પાપના રાગથી રહિત, આત્મામાં શુદ્ધતામાં પ્રચુર રમત, પ્રચુર એકાગ્રતા. આહાહા..! છે? **'પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત.'** ચિત્ત એટલે જ્ઞાન. નિર્વિકાર જ્ઞાન જ્યાં થાય, એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા..! શબ્દે શબ્દે ફેર છે. સમકિત અને મિથ્યાદષ્ટિની વાત જ તદ્દન જુદી હોય છે. મિથ્યાદષ્ટિ વ્યવહારમાં ધર્મ મનાવે છે. ભગવાન કહે છે કે એ વ્યવહાર તારું પુણ્યબંધનું કારણ છે. મને માન તો પણ તને પુણ્ય છે, લે. એમ ભગવાન કહે છે. મને માન તો હું પરદ્રવ્ય છું. મને તું માન તો રાગ છે. આહાહા..! તને તું માન. શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ અંદર અમૃતનો સાગર પ્રભુ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અંદર બિરાજે છે. એમાં લીનતા, નિર્વિકારતા એનું નામ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે.

**'અંતર્મુખાકાર...'** અંતર્મુખાકાર. આહાહા..! પુણ્ય અને પાપનો આકાર બહિર્મુખ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનાથી રહિત અંતર્મુખાકાર આનંદસ્વરૂપના આકારમાં... આહાહા..! **'પરમ-સમાધિથી યુક્ત,...'** શાંતિ. સમાધિ એટલે શાંતિ. રાગના કણ વિનાની, પુણ્યના, પાપના ભાવ વિનાની આત્માની શાંતિ તેને અહીં સમાધિ કહે છે. ઓલા બાવા સમાધિ લગાવે એ નહિ. આહાહા..! આવી સમાધિ, એનું નામ પ્રાયશ્ચિત છે. આહાહા..! છે? **'અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત,...'** આહાહા..! અંતર્મુખ. દેહનું લક્ષ નહિ, પુણ્ય-પાપના ભાવનું લક્ષ નહિ. એનાથી રહિત ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ ભર્યો છે એમાંથી વીતરાગ અને સર્વજ્ઞ થાય છે. એવી ચીજ ઉપર અંતર્મુખ થવું. આહાહા..!

**'અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત, પરમ જિનયોગીશ્વર,...'** આહાહા..! પરમ જિન યોગ. જેણે સ્વરૂપમાં યોગ–સાધન કર્યું છે. બાવા-યોગી કરે છે એ નહિ. વીતરાગે કીધો એવો આત્મામાં યોગ જોડી દીધો છે. આહાહા..! એ **'પરમ જિનયોગીશ્વર, પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન,...'** આહાહા..! આને સાચું પ્રાયશ્ચિત્ત હોય છે એમ કહે છે. **'પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...'** આહાહા..! પાંચેય ઇન્દ્રિયો, એના તરફનું બાહ્ય વલણ, એનાથી રહિત. અંતર્મુખ અતીન્દ્રિય ભગવાન પ્રત્યેનું વલણ–ઝુકાવ. આહાહા..! **'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી,...'** મુનિ છે. મુનિને એક દેહ જ હોય. બીજું વસ્ત્ર-પાત્ર કાંઈ હોય નહિ. આહાહા..! આત્માના આનંદમાં રમતા હોય એ તો. આહાહા..! છે?

મુમુક્ષુ :– પીછી, કમંડળ તો હોય ને?

ઉત્તર :– પીછી, કમંડળ હોય એ અપવાદીત છે. આનંદમાં રમે અને શરીરમાત્ર પરિગ્રહ હોય. શરીર છૂટે નહિ એટલે. પીછી, કમંડળ બાહ્ય છે.

**'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી,...'** જુઓ! એક દેહ છૂટતો નથી. એટલા આનંદના નાથમાં રમે છે. મુનિ એને કહીએ, કે જે અતીન્દ્રિય આનંદમાં ઉત્કૃષ્ટ શાંતિથી રમતા હોય, જેને વિકલ્પનો આદર નથી, જેને નગ્ન દશાનો પણ આદર નથી. આહાહા..!

**'સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...'** પ્રાયશ્ચિત્તમાં ધર્માત્મા મુનિની વાત કરી. **'સહજવૈરાગ્યરૂપી...'** પુણ્ય અને પાપના રાગથી પણ ભિન્ન વૈરાગ્યરૂપી. પુણ્ય-પાપમાં રક્ત છે તેનાથી છૂટી આત્મામાં રક્ત, પુણ્યપાપથી વિરક્ત અને આત્મામાં રક્ત. આહાહા..! હવે આવી વાતું. **'સહજવૈરાગ્યરૂપી મહેલના શિખર...'** સહજ વૈરાગ્યનો મહેલ. મોટું મકાન. એના શિખરનો શિખામણિ. આહાહા..! જેણે વીતરાગતા પ્રગટ કરી છે, જેણે રાગનો તો નાશ કર્યો છે એવી જે અંતર દશા. આહાહા..! **'અને પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા...'** આહાહા..! પોતાની વાત કરે છે. દિગંબર મુનિ છે. જંગલમાં રહે છે. હજાર વર્ષ, નવસો વર્ષ પહેલા. આ નવસો વર્ષ પહેલાની આ ટીકા છે. મૂળ શ્લોક છે એ ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એને બે હજાર વર્ષ થયા.

અહીં કહે છે... આહાહા..! **'સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી સમાન અને પરમાગમરૂપી પુષ્પરસ...'** પરમાગમ મહા નિશ્ચયસ્વભાવ. એવો જે પુષ્પરસ ઝરતા. આહાહા..! મુનિના મુખમાંથી પરમઆનંદ ઝરે છે, કહે છે. નિશ્ચયની વાત કરતા અંદરથી આનંદ આવે છે. છે? **'પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા મુખવાળા પદ્મપ્રભે...'** પોતાનું નામ આપ્યું. કરનાર 'પદ્મપ્રભ' દિગંબર મુનિ છે. હે પદ્મપ્રભ! પોતાને કહે છે. તારો આનંદરસ અંદર ભર્યો છે ત્યાં તું રહે હવે. આહાહા..! **'પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.'** હે મુનિ! પોતે પોતાને કહે છે, કે આ પ્રાયશ્ચિત્ત નિરંતર તને કર્તવ્ય છે. આ નિશ્ચય પ્રાયશ્ચિત તને નિરંતર કર્તવ્ય છે. આહાહા..! છે?

**'પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા મુખવાળા પદ્મપ્રભે...'** 'પદ્મપ્રભ' કહે છે કે તારા મુખમાંથી તો પરમઆગમ ઝરે છે. આ પરમઆગમ છે. ટીકા પરમઆગમ છે. આહાહા..! **'આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.'** મુનિને તો આ વીતરાગતામાં રમણતા, એ નિરંતર કર્તવ્ય છે. આહાહા..! એમ પોતે પોતાને કહે છે. હે 'પદ્મપ્રભમલધારિ'! હે મુનિ! પોતે પોતાને કહે છે. છે ને?

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાનમાં આવવું ગમતું નથી.

ઉત્તર :- એવું જ હોય. છઠ્ઠા ગુણસ્થાન મુનિની દશા તો બાપુ! બીજી છે. એ કોઈ અલૌકિક વાતું છે. હજી સમકિતના ઠેકાણા નથી. રાગથી ધર્મ મનાવે, પુણ્યથી ધર્મ મનાવે. એ તો મિથ્યાત્વ છે.

અહીં તો કહે છે, હે 'પદ્મપ્રભમલધારિ'! મુનિ પોતાને કહે છે, હોં! તારે આ પ્રાયશ્ચિત્ત... આહાહા..! દ્રવ્યવસ્તુ જે સ્વભાવ ભગવાનઆત્મા, એમાં રહેવું એ નિરંતર તારું કર્તવ્ય છે. આહાહા..! હે 'પદ્મપ્રભમલધારિ'! એમ કરીને પોતાને કહે છે. આહાહા..! તને **'આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.'** આહાહા..! સમકિતીની અંતર દશામાં પણ થોડો આનંદ અને થોડી શાંતિ છે પણ હજી બીજા રાગાદિ છે એટલો બંધ છે. જેટલી આત્માના આશ્રયે શુદ્ધતા પ્રગટ કરી એટલો ધર્મ છે. મુનિને તો પૂર્ણ ધર્મ છે. થોડો મહાવ્રતાદિનો વિકલ્પ આવે છે તો એનાથી ભિન્ન પોતાની ચીજનો અનુભવ કરે છે. નિરંતર એ કર્તવ્ય છે. મહાવ્રતાદિના પરિણામ, વ્યવહાર એ તારું નિરંતર કર્તવ્ય નથી. એમ આવ્યું ને? આહાહા..!

તને નિરંતર આ પ્રાયશ્ચિતનું કર્તવ્ય છે. આહાહા..! પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ-ગુપ્તિ કીધી ને? સમિતિ ને શીલરૂપ, ઇન્દ્રિયોનો નિરોધ, મનવચનકાયાના સંયમરૂપ પરિણામ, એ તારે નિરંતર કર્તવ્ય છે. આ ધર્મ છે. જન્મ-મરણ મૂકવાની રીત આ છે. બાકી બીજાને બહારની ક્રિયાકાંડમાં સંતોષ મનાવે એ સ્વતંત્ર છે, જિનમાર્ગ નહિ, એ વીતરાગમાર્ગ નહિ. વીતરાગમાર્ગ તો રાગથી રહિત અંદરમાં રમે એ વીતરાગમાર્ગ છે. રાગમાં રમે એ વીતરાગમાર્ગ નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એથી આ મુનિ કહે છે, હે મુનિ! તારે આ કર્તવ્ય છે. અંતરમાં આનંદસહિત રમવું. આહાહા..! મહાવ્રત અને સમિતિ-ગુપ્તિ અંતર આનંદસ્વરૂપમાં છે એ તારું નિરંતર કર્તવ્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**[હવે આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]**

## શ્લોક–૧૮૦

**(मंदाक्रांता)**

**प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनिनां**
**मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः।**
**अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः**
**पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत्।।१८०।।**

**[શ્લોકાર્થ :–] મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે; નિજ સુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી મુક્તિને પામે છે. જો મુનિઓને (સ્વાત્મા સિવાય) અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે. –આમાં શું આશ્ચર્ય છે? ૧૮૦.**

**પ્રવચન નં. ૧૩૨, શ્લોક-૧૮૦-૧૮૧, ગાથા-૧૧૪, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૯, તા.૨૩-૦૫-૧૯૮૦**

'નિયમસાર' ૧૮૦ કળશ છે. કળશ ૧૮૦.

**प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनिनां**
**मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः।**
**अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः**
**पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत्।।१८०।।**

**શ્લોકાર્થ :- 'મુનિઓને સ્વાત્માનું ચિંતન...'** જોયું? કોઈ ક્રિયા નથી. સ્વઆત્મા આનંદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને જ્ઞાનસ્વરૂપ (છે) એનું ચિંતન એટલે વિકલ્પ નહિ, એકાગ્રતા. **'મુનિઓને સ્વાત્માનું...'** એમ કહીને પરમાત્મા પંચ પરમેષ્ઠી, એનું પણ ધ્યાન એટલે રાગ છે. પંચ પરમેષ્ઠી પણ પરદ્રવ્ય છે. એનું ચિંતવન કરતાં પણ રાગ થાય છે. **'સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે;...'** આહાહા..! અંતર આનંદસ્વરૂપ, એનો સ્વાદ લેતાં સુખમાં મગ્ન થતાં, અતીન્દ્રિય સુખમાં મગ્ન થતાં નિરંતર પ્રાયશ્ચિત્ત છે. આહાહા..!

**'નિજ સુખમાં રતિવાળા...'** મુનિ એને કહીએ, પોતાના આનંદમાં પ્રેમવાળા. જેને નિજ આનંદમાં રતિ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ નિજ રતિ આનંદમાં હોય છે પણ આનંદ થોડો હોય છે. સમ્યગ્દર્શનમાં આનંદ થોડો હોય. પાંચમે ગુણસ્થાને વિશેષ હોય, મુનિને વિશેષ હોય. એથી કહે છે, **'સુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી...'** આહાહા..! પ્રાયશ્ચિત આ. સ્વરૂપમાં એકાગ્રતા, અતીન્દ્રિય આનંદમાં ઉગ્રતા એ પ્રાયશ્ચિત્ત. આહાહા..! **'તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી...'** પાપને ખંખેરી એમ કીધું. પુણ્ય-પાપ બેયને પાપ કીધું. શુભ અને અશુભભાવ બેયને ખંખેરી મુક્તિને પામે છે. આહાહા..! માર્ગ પણ બતાવ્યો અને માર્ગનું ફળ પણ બતાવ્યું. અંતર આનંદસ્વરૂપમાં રતિ–પ્રેમ અને આનંદનું વેદન. એ વેદન દ્વારા પાપ એટલે શુભ-અશુભભાવ, એને ખંખેરી એનો નાશ કરે છે. અને મુક્તિને પામે છે. ખંખેરીને પાછું થાય છે. અહીં તો સમજાવવું છે ને? ખંખેરવું ક્યાં છે?

અંતરમાં આનંદમાં રમતા, ધ્યાનમાં હોય ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી એને ખંખેરી નાખ્યો એમ કહેવામાં આવે છે. રાગને ખંખેરવું એવું ક્યાં છે? એ તો ૩૪ ગાથામાં આવી ગયું. રાગનો નાશ પણ નામમાત્ર છે. રાગનો નાશ આત્મા કરે એ નામમાત્ર છે. આહાહા..! એ તો આત્મા આનંદસ્વરૂપમાં રમે છે એથી રાગની ઉત્પત્તિ થતી નથી. તેણે રાગને ખંખેર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :– કહેવું કાંઈક અને આચરવું કાંઈક?

ઉત્તર :– વસ્તુ આ છે. ભાષા શી રીતે લાવવી? કર્મ છૂટી જાય છે એની ભાષા શું લાવવી? એટલે ખંખેરી નાખે છે એમ (કહે છે.) આહાહા..! 'સમયસાર'ની ૩૪ ગાથામાં તો એમ કહ્યું, કે રાગ અને દ્વેષનો નાશ કરે છે એ નામમાત્ર છે. આત્મા નાશ કરતો નથી. પરમાર્થે નાશ કરતો નથી. અંદર સ્વરૂપમાં રમે છે એટલે ઉત્પન્ન થતો નથી. એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'જો મુનિઓને (સ્વાત્મા સિવાય)...'** જુઓ! આહાહા..! **'અન્ય ચિંતા હોય...'** અન્ય દ્રવ્યની કોઈપણ ચિંતા હોય. આહાહા..! પંચ પરમેષ્ઠીની પણ જો ચિંતા હોય તો રાગ છે. **'અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ...'** આહાહા..! **'કામાર્ત...'** ઇચ્છાનો કામી છે, કહે છે. આહાહા..! **'પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે.'** આહાહા..! મુનિ મુનિને કહે છે. પોતે મુનિ છે. પોતાના આનંદસ્વરૂપ ભગવાન, એમાંથી બહાર નીકળતા પરદ્રવ્ય તરફ લક્ષ જતાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચાહે તો પંચપરમેષ્ઠી હો, એનું સ્મરણ હો, તો એ શુભરાગ છે. આહાહા..! એ કોઈ ધર્મ નથી. એ કોઈ મુક્તિનું કારણ નથી. એથી કીધું, પાપી, તારા સ્વસ્વભાવનો આશ્રય છોડીને જો પરપદાર્થના આશ્રયમાં રોકાણો તો પાપી છો. આહાહા..! **'પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે.'** આહાહા..! **'આમાં શું આશ્ચર્ય છે?'** છે ને? એ ૧૮૦ કળશ (પૂરો) થયો.

## ગાથા–૧૧૪

कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं।
पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो।।११४।।

क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां निर्ग्रहणम्।
प्रायश्चित्तं भणितं निजगुणचिंता च निश्चयतः।।११४।।

इह हि सकलकर्मनिर्मूलनसमर्थनिश्चयप्रायश्चित्तमुक्तम्।

क्रोधादिनिखिलमोहरागद्वेषविभावस्वभावक्षयकारणनिजकारणपरमात्मस्वभावभावनायां सत्यां निसर्गवृत्त्या प्रायश्चित्तमभिहितम्, अथवा परमात्मगुणात्मकशुद्धान्तस्तत्त्वस्वरूपसहजज्ञानादि-सहजगुणचिंता प्रायश्चित्तं भवतीति।

---

ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના
ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.

અન્વયાર્થ :– [ क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां ] ક્રોધ વગેરે સ્વકીય ભાવોના (–પોતાના વિભાવભાવોના) ક્ષયાદિકની ભાવનામાં [ निर्ग्रहणम् ] રહેવું [ च ] અને [ निजगुणचिंता ] નિજ ગુણોનું ચિંતન કરવું તે [ निश्चयतः ] નિશ્ચયથી [ प्रायश्चित्तं भणितम् ] પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.

ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત નિજ કારણપરમાત્માના સ્વભાવની ભાવના હોતાં નિસર્ગવૃત્તિને લીધે (અર્થાત્ સ્વાભાવિક–સહજ પરિણતિ હોવાને લીધે) પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે; અથવા, પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ (નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૧૧૪ ઉપર પ્રવચન

૧૧૪-ગાથા.

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो।।११४।।**

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**

**ટીકા :- 'અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ...'** લ્યો! ઠીક. આત્મા કર્મને તો અડતો પણ નથી. કર્મ અને આત્મા વચ્ચે તો અત્યંત અભાવ છે. નિમિત્તથી કથન છે. આહાહા..! કઈ શૈલીનું કથન છે એ ન જાણે. જડ છે, એક પરમાણુ બીજા પરમાણુને અડે નહિ. તો પછી અરૂપી આત્મા કર્મને અડે નહિ અને કર્મ આત્માને અડે નહિ. હવે એ અડે નહિ એનો નાશ કરવો. આહાહા..! છે? **'સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં...'** મૂળથી ઉખેડી નાખવામાં. એટલે એનો અંશ પણ રહે નહિ. **'સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.'** આહાહા..!

**'ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના...'** શું અહીં કહે છે? ક્રોધ શબ્દે દ્વેષનો ભાવ, દ્વેષના બે પ્રકાર : ક્રોધ અને માન. રાગના બે પ્રકાર : માયા અને લોભ. એને **'સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના...'** એટલે એ પોતાનો સ્વભાવ છે. છે? ગાથામાં છે, જુઓ! **'ક્રોધ વગેરે સ્વકીય ભાવના...'** અન્વયાર્થમાં છે. ગાથાના અન્વયાર્થમાં છે. ક્રોધ મૂળ પાઠમાં છે. **'कोहादिस्वकीयभाव'** આહાહા..! ૧૧૪ ગાથા. જે વિકાર છે એ સ્વકીય પોતાના ભાવ છે. આહાહા..! છે? **'क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां' 'ક્રોધ વગેરે સ્વકીય ભાવના (-પોતાના વિભાવભાવોના)...'** આહાહા..! ક્રોધ, માન, દયા, દાન, વ્રત, ભક્તિ એ બંધના કારણ છે છતાં પોતાના છે. પોતામાં, પોતામાં, પોતે એનો કર્તા છે. આહાહા..!

અહીં એક કોર આમ કહે, એક કોર ૭૫ ગાથામાં એમ કહે, કે આત્મા પોતાના સ્વભાવમાં વ્યાપક હોવાથી સ્વભાવનો એ કર્તા છે અને વિભાવનું વ્યાપક કર્મ છે. અને વિભાવ તેનું વ્યાપ્ય એટલે કાર્ય છે. આહાહા..! ત્યાં સ્વભાવને જુદો પાડીને વિભાવને કર્મના નિમિત્તથી થયેલાને બેમાં એક નાખી દીધું. ૭૫ ગાથા. આહાહા..! કર્મ વ્યાપક છે-કર્તા અને વિકાર કાર્ય છે. ત્યાં જ્ઞાનીની વાત છે. ૭૫ ગાથા. આહાહા..!

અહીં કહે છે કે વિકાર સ્વકીય છે. મારી પર્યાયમાં-અવસ્થામાં એનાથી થાય છે. પરને લઈને નહિ, પરમાં નહિ, પરથી નહિ. આહાહા..! ઘડીકમાં આમ આવે, ઘડીકમાં એમ આવે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લ્યો! કઈ અપેક્ષા છે? ૭૫-૭૬માં જે કીધું, કે કર્મ વ્યાપક, કર્મ કર્તા અને રાગાદિ કાર્ય. એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ છે ત્યાં દૃષ્ટિમાં એ રાગ નથી. જેમ કર્મ નથી તેમ ભાવ પણ નથી. એમ જ્ઞાનીને રાગ અને દ્વેષ છે નહિ. એ અપેક્ષાએ (કહ્યું). અહીં કહે છે, જ્ઞાની મુનિને હજી રાગ હોય છે. છે? સ્વકીય પાઠ છે ને? ૧૧૪-ગાથા. **'ક્રોધ વગેરે સ્વકીય ભાવના...'** પાઠમાં છે. ક્રોધાદિ સ્વકીય ભાવ. એ પોતાના ભાવ છે. આહાહા..! પ્રાયશ્ચિત્તનો અધિકાર છે. પ્રાયશ્ચિત્ત છે ત્યારે એનામાં હોય એમાંથી છોડેને? બીજાના કહે તો વળી છોડે ક્યાં? આહાહા..!

**'અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.'** સત્ય પ્રાયશ્ચિત્ત છે. દોષ લાગ્યો હોય અને ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લેવું એ તો વિકલ્પ અને વ્યવહાર છે. આહાહા..! **'ક્રોધાદિક...'** એટલે માન, માયા, લોભ, દયા, દાન, વ્રત, ભક્તિ **'સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવો...'** સ્વકીય કીધું હતું ને? એટલે પોતાનો સ્વભાવ છે એ. આહાહા..! વિકાર મુનિને પણ પોતાનો સ્વભાવ છે. આ છે તો મુનિની વ્યાખ્યા. આહાહા..! એક કોર વિકારને જડ કહે અને કર્મનું કાર્ય કહે. એ તો જેમ જડ એનું નથી એમ એનું ફળ જે વિકાર એ પણ નથી. બેનું એક કરીને કાઢી નાખ્યું. અને અહીં તો એની પર્યાયમાં છે એનો નાશ થાય છે. બીજાનો બીજામાં હોય અને બીજાનો નાશ એ તો કરી શકે નહિ. બીજામાં હોય તો બીજાને અડતું નથી અને નાશ કરી શકે નહિ. આહાહા..! આવી વાતું છે. સમજાય છે કાંઈ?

**'મોહરાગદ્વેષરૂપ...'** પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પણ મુનિના ભાવ. મુનિના, હોં! એને વિકાર છે. આહાહા..! એ વિભાવસ્વભાવ છે. વિકારી સ્વ–પોતાનો ભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– પાંચ મહાવ્રત?

ઉત્તર :– એ વિકારી ભાવ છે. એ આપણે કાલે આવી ગયું. પંચ મહાવ્રત, પાંચ સમિતિ. નિશ્ચયમાં અંતરમાં ધ્યાન તે નિશ્ચય પ્રાયશ્ચિત છે. બહાર જે લોકો વ્રત લે છે એ તો વિકલ્પ છે. કાલે આવી ગયું હતું.

**'પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ, શીલરૂપ અને સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ–એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.'** એ ૧૧૩મી ગાથામાં આવી ગયેલું. આહાહા..! દુનિયાથી આ જુદી ચીજ છે. એક બાજુ એમ કહે કે વિકાર જીવનો નથી. જીવના સ્વભાવમાં કોઈ એકેય ગુણ, અનંત ગુણ છે. અનંતા અનંતા ગુણ છે પણ એક્કેય ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ જ નથી. આહાહા..! શું કહ્યું ઇ? આત્મામાં અનંતા અનંતા ગુણ છે, બેહદ ગુણ છે. ત્રણકાળના સમય કરતાં પણ અનંતગુણા ગુણ છે. છતાં એકેય ગુણ એવો નથી કે વિકાર કરે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– વૈભાવિક ગુણ છે ને?

ઉત્તર :– એ પર્યાયમાં અધ્ધરથી થાય છે. નિમિત્તને આધિન પર્યાયમાં થાય છે. કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. આહાહા..!

મુમુક્ષુ :– વૈભાવિકગુણ છે.

ઉત્તર :– વૈભાવિકગુણ ભલે હોય. વિભાવિક કીધું ને? સ્વ. વિભાવિક ભાવ સ્વ છે. એની પર્યાયમાં છે. સ્વકીય કીધું ને? એની પર્યાયમાં છે, એના છે, એના કરેલા છે. એનો એ કર્તા છે, એને એ વેદે છે. આહાહા..! એનો અહીં નાશ કરવો છે. ઝીણી વાત છે, ભાઈ! આડીઅવળી વાત થઈ જાય. જે ઠેકાણે કઈ અપેક્ષાએ કહ્યું છે એ અપેક્ષા ન સમજે અને એકાંત તાણે... આહાહા..! બીજે ઠેકાણે બધે એમ જ કહ્યું છે. રાગ આત્માનો છે જ નહિ. એ તો જ્ઞાયકભાવ છે. જ્ઞાયકભાવ રાગ કરે એ તો મિથ્યાત્વ છે.

અહીં કહે છે, કે રાગાદિ મુનિને પણ સ્વઆત્માનો સ્વ છે. આહાહા..! મોહ, રાગ, દ્વેષ, સ્વકીય. પાઠમાં છે ને? **'મોહરાગદ્વેષ વિભાવસ્વભાવોના...'** છે વિભાવ. પણ છે સ્વભાવ એની પર્યાયનો. મૂળ પાઠ સ્વકીય છે ને? એનો અર્થ કર્યો છે. મૂળ પાઠ સ્વકીય (છે). પોતાના વિભાવભાવો. જુઓ! કૌંસમાં. અન્વયાર્થમાં **'સ્વકીય ભાવના (–પોતાના વિભાવભાવોના)...'** આહાહા..! એ ૧૧૪મી ગાથા છે ને? **'મોહરાગદ્વેષ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત...'** વિભાવસ્વભાવના નાશના કારણભૂત. આહાહા..! **'નિજ કારણપરમાત્મા...'** પર પરમાત્મા નહિ. પંચ પરમેષ્ઠી નહિ. તેથી નિજ શબ્દ વાપર્યો છે. નિજ પરમાત્માના સ્વભાવની ભાવના. આહાહા..! નિજ પરમાત્મા, કારણપરમાત્મા દ્રવ્ય. ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ એ નિજ પરમાત્મા. આહાહા..! એની સ્વભાવની ભાવના.

**'કારણપરમાત્માના સ્વભાવની ભાવના હોતા નિસર્ગવૃત્તિને લીધે (અર્થાત્ સ્વાભાવિક...'** નિસર્ગ એટલે સ્વભાવ. **'સહજ પરિણતિ હોવાને લીધે...'** આહાહા..! કોણ? ચૈતન્ય સ્વભાવને અવલંબીને સ્વભાવપરિણતિ જે થાય એ પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! વિભાવપરિણતિની ત્યાં ઉત્પત્તિ નથી. આહાહા..! કારણપરમાત્માના સ્વભાવની ભાવના એ પરિણતિ પર્યાય છે. નિસર્ગવૃત્તિ છે. ઓલા રાગ, ક્રોધાદિ, વિકારભાવ હતા. પુણ્ય-પાપ, દયા-દાન એ વિકારભાવ હતા. આ નિસર્ગવૃત્તિ છે, સ્વભાવિક પરિણતિ છે. આહાહા..! સામાસામા વિરુદ્ધ છે. પુણ્ય અને પાપ એ વિભાવસ્વભાવ વિકારી પોતાની પર્યાયમાં હતા અને આ પણ નિસર્ગ પરિણતિ. નિજ કારણપરમાત્માને અવલંબીને જે પરિણતિ થાય... આહાહા..! એને અહીંયાં નિસર્ગવૃત્તિ એટલે સ્વભાવિક સહજ પરિણતિ છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યની સહજ પરિણતિ દ્વારા વિભાવસ્વભાવ જે પર્યાયમાં છે તેનો એ નાશ કરે છે. આહાહા..! પહેલું તો હજી સમજવું કઠણ પડે. પ્રયોગ તો કરે ક્યારે? આહાહા..!

**'સ્વભાવિક–સહજ પરિણતિ હોવાને લીધે...'** કોણ? એ રાગ વિભાવ દયા, દાનનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિભાવસ્વભાવ સ્વમાં પર્યાયમાં ઉત્પન્ન થતો, એને કારણપરમાત્માના આશ્રયે ભાવના પ્રગટ કરતાં સ્વભાવિક પરિણતિને સહજ પરિણતિને લીધે **'પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે;...'** કોને? પર્યાયને. કઈ પર્યાયને? કે દ્રવ્યને આશ્રયે નિર્મળ થઈ તેને. વસ્તુ જે ત્રિકાળ નિર્મળ છે, ત્રિકાળ નિર્મળ છે એને આશ્રયે નિર્મળ પરિણતિ થઈ, એ સ્વકીય રાગ-દ્વેષાદિનો નાશ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– એનો અર્થ કે રાગ-દ્વેષ છે.

ઉત્તર :– છે. મુનિને હજી રાગ-દ્વેષ છે. ત્યારે નાશ કરે છે ને? કેવળીને છે તો નાશ કરે છે? મુનિને, જ્ઞાનીને. જ્ઞાની મુનિ, એને પણ હજી રાગ-દ્વેષનું વેદન છે. રાગ-દ્વેષ છે એ વેદન છે. એટલું કર્તાપણું (છે). પરિણમે તે કર્તા. એ હિસાબે કર્તા પણ છે. આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ!

**'નિસર્ગવૃત્તિ...'** ઓલો પુણ્ય-પાપનો સ્વ વિકારી વિભાવસ્વભાવ હતો. એને નિસર્ગ એટલે સ્વભાવદૃષ્ટિની ચિંતવનાની એકાગ્રતાથી **'નિસર્ગવૃત્તિને લીધે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે;...'** એને પ્રાયશ્ચિત્ત કહ્યું છે–ધર્મ. પ્રાયશ્ચિત્ત કહો, મોક્ષનો માર્ગ કહો, ચારિત્ર કહો, વીતરાગતા કહો. આહાહા..! એ એક વાત. હવે ત્યાં કારણપરમાત્મા લીધું. દ્રવ્ય. પહેલી દ્રવ્યની ભાવના લીધી હતી. હવે એ દ્રવ્યના ગુણની ભાવના લે છે. આહાહા..! છે?

**'અથવા પરમાત્માના ગુણાત્મક...'** પહેલી દ્રવ્યની લીધી હતી. ત્રિકાળ કારણપરમાત્મા. એને અવલંબીને જે શુદ્ધ પરિણતિ થાય. શુદ્ધ થાય, હોં! રાગ નહિ, શુભરાગ નહિ. શુદ્ધ પરિણતિ થાય તે પ્રાયશ્ચિત્ત છે. તે પરિણતિ રાગનો નાશ કરે છે. હવે ગુણની વાત લીધી. એ દ્રવ્યની હતી. હવે **'પરમાત્માના ગુણાત્મક...'** બીજો બોલ આમ લીધો. પરમાત્મા અનંતઆનંદ, અનંતજ્ઞાન, એને ગુણની એકાગ્રતા. એમ લીધું.

**'ગુણાત્મક...'** આહાહા..! પરમાત્માના ગુણસ્વરૂપ, **'એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ...'** ભાવ લીધો છે, દ્રવ્ય નહિ. **'શુદ્ધ અંતઃતત્ત્વ...'** અંતઃસ્વભાવ. દ્રવ્યનો જે અંતઃસ્વભાવ. કારણપરમાત્માનો અંતઃસ્વભાવ. આહાહા..! અહીંયાં ગુણ લીધા. ઓલામાં દ્રવ્ય લીધું હતું. **'શુદ્ધ–અંતઃતત્ત્વ...'** અંતઃતત્ત્વ એટલે ભાવ. અંતરના ભાવ **'(નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો...'** જુઓ! આવ્યું. એ અંતઃતત્ત્વ કોણ? દ્રવ્ય નહિ. **'અંતઃતત્ત્વરૂપ (નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો...'** જ્ઞાન, સમકિત, ચારિત્ર અંદર જે ત્રિકાળી ગુણો. **'સહજગુણો તેમનું ચિંતન...'** ગુણોનું ચિંતન એટલે એકાગ્રતા. આહાહા..! પહેલા દ્રવ્યમાં એકાગ્રતા કીધી હતી. હવે આ ગુણમાં એકાગ્રતા (કીધી). આહાહા..!

મુમુક્ષુ :– ગુણ અને ગુણીનો ભેદ કેમ?

ઉત્તર :– અભેદ છે. છતાં જુદું પાડીને વધારે સ્પષ્ટ બતાવ્યું છે. ગુણનું ચિંતવન કરે તો પણ દ્રવ્યદૃષ્ટિ છે. દ્રવ્યનું ચિંતન કરે તો દ્રવ્ય છે. ગુણનો કાંઈ અહીં ભેદ નથી. પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બે વાત લીધી. અંદર આનંદનું લક્ષ કરે, જ્ઞાનનું તે ગુણનું લક્ષ કહેવાય. અને દ્રવ્યનું લક્ષ કરે એ કારણપરમાત્મા કહેવાય. કારણદ્રવ્ય. કારણદ્રવ્ય એનું ચિંતન તે પણ પ્રાયશ્ચિત અને ગુણનું ચિંતવન તે પણ પ્રાયશ્ચિત્ત. આહાહા..!

**'એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ (નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક...'** આત્માના સહજ જ્ઞાન દર્શન ત્રિકાળ રહેનારા શુદ્ધ ધ્રુવ. આહાહા..! પહેલું દ્રવ્ય ધ્રુવ હતું. અહીંયાં ગુણ ધ્રુવ લીધા. આહાહા..! **'(નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન...'** ભગવાનઆત્માના ગુણોનું ચિંતવન. આહાહા..! ચિંતન એટલે વિકલ્પ નહિ, હોં! ચિંતન શબ્દે વિકલ્પ નહિ. નિર્વિકલ્પ. આહાહા..! કારણ કે નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે ને? કાંઈ વિકલ્પથી રાગનો નાશ થાય? છતાં ચિંતન શબ્દ પડ્યો છે. ચિંતનનો અર્થ અનંત ગુણો છે એ ગુણોની એકાગ્રતા. અનંત ગુણોમાં એકાગ્રતા. પહેલા દ્રવ્યને ધારીને એકાગ્રતા કરે. હવે ગુણોને લક્ષમાં લઈને એકાગ્રતા કરે. બધા અનંત ગુણોને લક્ષમાં લઈ એમાં એકાગ્રતા (કરે) આહાહા..! એનું નામ ચિંતન.

**'તેમનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત છે.'** પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા. ઓલો કહે કે પાપ લાગ્યું હોય તો ગુરુ પાસે જઈને કહે કે મને માફ કરો. એ બધો વ્યવહાર રાગ છે. આહાહા..! આ તો અંતર પ્રભુ ચૈતન્યદ્રવ્ય અનંતગુણનું ધામ, 'સ્વયં જ્યોતિ સુખધામ' એવો જે આત્મા, તેની એકાગ્રતા, તેની સન્મુખ એકાગ્રતા (થાય) એ વિભાવ સ્વ જે પર્યાયમાં છે, તેનો નાશ કરે છે. આહાહા..! અને આ ગુણનું ચિંતન કરતા, જે સહજ પરિણતિ ઉત્પન્ન થાય એમાં પણ સહજ છે ને ? **'સહજજ્ઞાનાદિક...'** આવ્યું ને? ઓલામાં **'નિસર્ગવૃત્તિ...'** હતી. **'સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત છે.'** વ્યવહારનો તો ભુક્કો ઉડાવી દે છે. વ્યવહારથી કાંઈ થાય, રાગથી થાય અને રાગ નથી, બેય ખોટી વાત છે. રાગ છે ત્યારે નાશ કરવાનું કહેવાય છે. મુનિને રાગ છે. અને રાગ છે તો કર્તા પણ છે. અને કર્તા છે તો વેદતા પણ છે, ભોક્તા પણ છે. છટ્ઠે ગુણસ્થાને રાગનો ભોક્તા-કર્તા છે. એવાને દ્રવ્ય અને ગુણની એકાગ્રતાથી મુનિને સ્વમાં જે વિકાર છે (તેનો નાશ થાય છે). આહાહા..! એક વાતમાં કેટલી વાત સમાડી દીધી! મુનિ છે, વિકાર છે. એક કોર કહે કે સમ્યગ્દષ્ટિને વિકાર છે નહિ. આસ્રવ ને વિકાર નથી, બંધન નથી. ચોથે ગુણસ્થાને. આહાહા..! એક બાજુ કહે કે છટ્ઠે ગુણસ્થાને પણ હજી રાગ છે, કર્તા અને ભોક્તા છે. આહાહા..! કઈ અપેક્ષાએ છે એ ન સમજે. એકાંત-એકાંત માને તો એકાંત થઈ જાય છે.

અહીં કહે છે કે, ગુણોની એકાગ્રતા. એક વાત છે, કે ગુણી અને ગુણનો ભેદ રાખે એમ નહિ. ભેદથી વિચાર કરે તો વિકલ્પ છે. પણ ગુણોનું ચિંતનનો અર્થ આખા આમ પૂર્ણ ગુણ છે, એમાં પણ દ્રવ્યનો ગુણ જે આખો સ્વભાવ છે, તેની એકાગ્રતારૂપી પરિણતિ, તેને અહીંયાં સહજ દશા, નિર્મળ પરિણતિ, શુદ્ધ પરિણતિ, વીતરાગ પરિણતિને અહીં પ્રાયશ્ચિત કહે છે. આહાહા..! હવે આવી ઝીણી વાતું. ઓલો કહે કે દયા પાળો, વ્રત કરો, ભક્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરો. આનાથી કલ્યાણ થશે. આહાહા..!

મુમુક્ષુ :– આપ તો ના પાડો છો.

ઉત્તર :– શાસ્ત્ર ના પાડે છે ને. શાસ્ત્ર ના પાડે છે એમ પોકાર ૪૫ વર્ષથી તો અહીં ચાલે છે. સંપ્રદાયમાં પણ કહેતા હતા. એકવાર કીધું નહોતું? (સંવત) ૧૯૮૫ની સાલ. ૧૯૮૫ની સાલ. અહીં તો ૧૯૯૧માં પરિવર્તન (કર્યું). પહેલા ૧૯૮૫ની સાલમાં આમાં (સંપ્રદાયમાં) હતા. 'બોટાદ'. 'બોટાદ'ના માણસો વ્યાખ્યાનમાં બહુ આવે. હજાર-પંદરસો માણસ. ત્રણસો ઘર છે, બધું આવે. 'કાનજીસ્વામી' વ્યાખ્યાન વાંચવા બેઠા છે એમ નામ પડે ત્યાં તો ટોળેટોળા ભેગા થાય. એ વખતે કહ્યું હતું. ૧૯૮૫ની સાલમાં પોષ મહિનામાં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. ધર્મ નહિ. ધર્મથી બંધ પડે તો મુક્તિ કે દિ' થાય? આહાહા..! અને પંચમહાવ્રત જે છે એ આસ્રવ છે. એ ૧૯૮૫માં સંપ્રદાયમાં કહ્યું હતું. એકદમ ખળભળાટ થઈ ગયો હતો. સભામાં ખળભળાટ ન થયો. ઓલા 'જગજીવન' સાધુ બેઠા હતા ને, એણે કહ્યું વોસરે.. વોસરે... આ અમારે માન્ય નથી. ન માન્ય હોય તો બેસી રહેવું હતું. કોણ તમારું માને છે આ? સભા.

રાગ છે તે બંધનું કારણ છે. પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ, આસ્રવ અને દુઃખ છે. પંચમહાવ્રતના પરિણામ આસ્રવ કહો, વિકાર કહો, દુઃખ કહો... આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવને આસ્રવ કહો, બંધ કહો, એ દુઃખ છે. દુઃખને લઈને બંધન છે. આત્માનું સુખ હોય તો એનાથી બંધન હોઈ શકે નહિ. આહાહા..!

અહીં એ કહે છે. બેયમાં સહજ લીધું. **'કારણપરમાત્માના સ્વભાવની ભાવના હોતા નિસર્ગવૃત્તિ...**' લીધી. અને ગુણની ભાવના લેતા સહજજ્ઞાનાદિ લીધું. ભાઈ ! **'સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત છે.**' ઓહોહો..! મુનિરાજ ઘણું કહેવા માગે છે. પોતે મુનિ છે. મુનિને માટે કહે છે, પાપી! મુનિ થઈને વળી તું રાગને સેવે છે? અને રાગની વાતું કરે. રાગથી લાભ થાય. આહાહા..! એ ૧૧૪મી ગાથા (પૂરી) થઈ.

---

**'[હવે આ ૧૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૧૮૧

(शालिनी)

**प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां**
**कामक्रोधाद्यन्यभावक्षये च।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



किं च स्वस्य ज्ञानसंभावना वा
सन्तो जानन्त्येतदात्मप्रवादे।।१८१।।

**[શ્લોકાર્થ :–] મુનિઓને કામક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના (–સમ્યક્ ભાવના) તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે. સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે (અર્થાત્ જાણીને કહ્યું છે). ૧૮૧.**

## શ્લોક–૧૮૧ ઉપર પ્રવચન

प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां
कामक्रोधाद्यन्यभावक्षये च।
किं च स्वस्य ज्ञानसंभावना वा
सन्तो जानन्त्येतदात्मप्रवादे।।१८१।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'મુનિઓને...'** દેખો! મુનિની વાત છે. એને રાગ અને દ્વેષ છે. એક કોર કહે કે સમકિતીને રાગ-દ્વેષ હોય નહિ. એ કઈ અપેક્ષાએ વાત છે? એ તો દૃષ્ટિની અપેક્ષાએ વાત કરતા દૃષ્ટિનો વિષય ધ્રુવ છે અને દૃષ્ટિ નિર્વિકલ્પ છે. દૃષ્ટિમાં એક અને બે એ બે ન હોય શકે. દૃષ્ટિના વિષયમાં બે ન હોય. શું કીધું એ? દૃષ્ટિ નિર્વિકલ્પ છે. એનો વિષય એક હોય, બે ન હોય. સવિકલ્પ જ્ઞાન હોય એનો વિષય બે હોય. સવિકલ્પ એટલે? રાગ નહિ, હોં! એ જ્ઞાન જ સવિકલ્પ કહેવાય. સ્વ પરને જાણે એ બેને જાણે એ સવિકલ્પ. અને એક જ ત્રિકાળી દૃષ્ટિમાં રાખે, એ દૃષ્ટિ નિર્વિકલ્પ દૃષ્ટિ છે તો એનો વિષય એક જ છે. ત્રિકાળ. આહાહા..! આવું ક્યાં યાદ રાખવું બધું. ધંધા આડે નવરાશ ન મળે.

મુમુક્ષુ :– જાપાનવાળાએ કીધું ને.

ઉત્તર :– જાપાન.

મુમુક્ષુ :– વાણિયાને નવરાશ નથી મળતી.

ઉત્તર :– હા. 'જાપાન'વાળાએ લખ્યું છે. 'જાપાન'ના એક ઇતિહાસિકે લેખ લખ્યો છે. 'જાપાન'નો ઇતિહાસિક. જૈનનું વાંચેલું. પછી છાપામાં લખ્યું હતું, જૈન એટલે આત્માની અનુભૂતિ. આત્માની અનુભૂતિ તે જૈન. એટલું કહીને પાછો ઠપકો આપ્યો છે. પણ મળ્યું વાણિયાને આ. વાણિયા-વેપારી નવરા થતા નથી. નિર્ણય કરવા વખત લેતા નથી. એમ પાછળ કહ્યું. 'જાપાન'નો ઇતિહાસિક હતો. મોટો ઇતિહાસિક.

મુમુક્ષુ :– વાણિયાએ જૈનધર્મ સાચવી રાખ્યો છે.

ઉત્તર :– છે તો વાણિયામાં જ છે ને અત્યારે. પણ એમ કે વાણિયાને નવરાશ નથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે નિર્ણય કરતા નથી. એવું લખ્યું છે. સત્ય ને અસત્યને મેળ કરતા નથી, કે સત્ય શું છે? અસત્ય શું છે? પ્રભુનો અનેકાંતમાર્ગ શું છે? અનેકાંત છે. એકાંત નથી. કઈ અપેક્ષાએ કહ્યું છે તેને અનેકાંતથી એને જાણવું જોઈએ. એમ કે તે માટે નિવૃત્તિ જોઈએ. તો નિવૃત્તિ લેતા નથી. વેપારમાં ઘૂસી ગયા છે. એમ લખ્યું છે એણે બિચારાએ. પણ અત્યારે રહ્યું છે વાણિયામાં. આહાહા..! પટેલ પણ છે, અમારા રામજીભાઈ ને એ પટેલ છે ને. 'રાજકોટ'ના છે. કરોડપતિ છે. પટેલ કણબી છે. કરોડપતિ. એવા ઘણા બીજા છે. એમાં આ ક્યાં કોઈ નાતનો ધર્મ છે. કે ફલાણી નાતનો. હરિજનમાં પણ સમકિત થાય છે. ઢેઢમાં. 'શ્રાવક રત્નકરંડાચાર'માં છે, કે અગ્નિ જેમ ઢાકેલી રાખથી હોય એમ હરિજન સમકિતી છે. પણ હજી પુણ્ય અને પાપને બહારનો દેખાવ એવો નથી એટલે જાણે દબાયેલી છે. 'શ્રાવક રત્નકરંડાચાર' આહાહા..!

અહીં એમ કહે છે. **'મુનિઓને...'** જુઓ! ચોખ્ખી મુનિની વાત લીધી. **'કામક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના...'** કામક્રોધાદિ છે ને? છઠે ગુણસ્થાને મુનિ (છે). કામક્રોધાદિ બે કેમ લીધા? કામમાં રાગ અને ક્રોધમાં દ્વેષ. રાગ અને દ્વેષનો ભાવ એને હજી ઉત્પન્ન થાય છે. આહાહા..! **'ક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના...'** નાશ કરવાની જે ભાવના. આહાહા..! ત્યારે છે તો ખરા. મુનિને હજી વિકાર છે. અને એક કોર સમકિતીને બંધ અને આસ્રવ નથી. એ તો દૃષ્ટિની અપેક્ષાએ. જ્ઞાનની અપેક્ષાએ તો બધું આખું એનું સ્વરૂપ છે તે તેનામાં છે. એમ જણાય છે. આહાહા..!

સવારે ૪૭ નયમાં કહ્યું નહિ? ક્રોધ, માન, માયા, લોભનો કર્તા સમકિતી છે. કર્તા એ છે. પરિણમે તે કર્તા. પરિણમન એનું છે અને ભોક્તા પણ એનો છે. આહાહા..! ૪૭ નયમાં છે. એ બધા નયનો આધાર આત્મા છે. એને લાગુ પડે છે. બધા નયનો અધિષ્ઠાતા આત્મા છે. આહાહા..! એ નય અજ્ઞાનીને લાગુ ન પડે. આહાહા..! અજ્ઞાનીને નય ન હોય. નય શ્રુતજ્ઞાનનો ભેદ છે. એ પાઠ ત્યાં છે. અનંત નયરૂપી શ્રુતપ્રમાણ એ વડે આત્મા અનુભવે. છે ને ભાઈ એમાં? અનંત નયસ્વરૂપ શ્રુતપ્રમાણ. ભાવશ્રુત, હોં! એનાથી આત્માનો અનુભવ કરે. આહાહા..! એ બધા નયનો અધિષ્ઠાતા સ્વામી આત્મા છે. લે. ક્રોધ કરે, રાગ કરે, એ કર્તા, એનો સ્વામી આત્મા. રાગને વેદે, ભોગવે એનો સ્વામી આત્મા. પહેલું અધિષ્ઠાતા લીધું છે. અનંત નયોનો અધિષ્ઠાતા ભગવાનઆત્મા છે. આહાહા..! અધિષ્ઠાન બે ઠેકાણે આવે છે. બે ઠેકાણે અધિષ્ઠાન આવે છે. 'પ્રવચનસાર'માં.

મુમુક્ષુ :– સપ્તભંગીમાં આવે છે.

ઉત્તર :– છે આમાં? આવે છે. આમાં લખ્યું છે. આત્મા કોણ છે? કેવો છે? કઈ રીતે પ્રાપ્ત કરાય છે? એવો પ્રશ્ન કરતા, એવો પ્રશ્ન હોય ત્યારે. આહાહા..! આવે તો તેનો ઉત્તર કહેવાઈ ગયો છે. અહીં ફરીને પણ કહેવામાં આવે છે. પણ આવો પ્રશ્ન જેને ઊઠે એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેવામાં આવે છે. જેને કાંઈ સમજવાની દરકાર નથી એને નહિ. જેને અંદરથી... તેથી કહ્યું, કે આવું ફરીને પણ કહેવામાં આવે છે. તેને આ ઉત્તર કહેવામાં આવે છે. આહાહા..! પ્રથમ તો આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મનો અધિષ્ઠાતા. અનંત જે નયો છે, એનો જે ધર્મ છે, પછી ભલે વિકાર હો, પણ બધાનો આધાર–અધિષ્ઠાતા સ્વામી આત્મા છે. આહાહા..!

એક કોર એમ કહેવું કે સમકિતીને રાગ ને આસ્રવ અને બંધ છે નહિ. એક કોર અહીં મુનિ છઠ્ઠે ગુણસ્થાનમાં... આહાહા..! દસમા ગુણસ્થાન સુધી બંધ છે. લોભનો અંશ વેદન હશે ત્યારે બંધ પડે કે ન વેદન હોય ને બંધ પડે? લોભ-ઉદય આવીને ખરી જાય તો બંધ પડે? દસમે ગુણસ્થાને હજી લોભનું વેદન છે. દસમે ગુણસ્થાને. તો ચોથા, પાંચમા, છઠ્ઠાની તો વાત શું કરવી? વેદન વિના બંધ ન હોય. એકલો ઉદય આવીને ખરી જાય તો બંધ હોય? એ વેદન છે એટલો લોભ છે. એટલું છ કર્મ, આઠ ને દસમે બંધાય. અહીં એ કહે છે. હવે એ પાનું ૪૮૧. અહીં અધિષ્ઠાતા કીધું ને? 'પ્રવચનસાર' પાનું ૪૮૧. ત્યાં અધિષ્ઠાતા લીધો.

**'વિશ્વનો વાચક 'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્' લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગૂંથાઈ જવાથી (–જ્ઞાતૃતત્ત્વમાં એકીસાથે જણાતા હોવાથી) તે બન્નેના અધિષ્ઠાનભૂત–'** શબ્દોનો અને ભાવનો બેનો આધાર આત્મા. ૨૬૮ ગાથામાં છે. **'તે બન્નેના અધિષ્ઠાનભૂત–એવા 'સત્લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી...'** બધામાં અંદર પર્યાયમાં જેટલો અંશ છે, એ મારું કર્તવ્ય અને મારું વેદન છે. એમ જેણે નિશ્ચયથી નિર્ણય કર્યો છે. આહાહા..! અહીં અધિષ્ઠાન શબ્દ વાપર્યો છે અને ત્યાં પણ અધિષ્ઠાન (શબ્દ) છે.

બધા ગુણ અને પર્યાયનો આધાર આત્મા છે. વિકારી પર્યાય અને અવિકારી પર્યાય અને ગુણનો આધાર આત્મા છે. વિકારી પર્યાયનો આધાર કર્મ છે એમ નહિ. એ તો જ્યારે સ્વભાવની પૂર્ણની વાત જ્યારે ચાલતી હોય, દૃષ્ટિના વિષયની, ત્યારે કહે કે વિકાર કર્મનું કારણ છે. કર્મ કારણ છે અને વિકાર કાર્ય છે. ત્યાં ('સમયસાર'માં) એમ કહ્યું. ૭૫-૭૬ ગાથા. આહાહા..! હવે આટલું બધું (સમજવાની) નવરાશ ક્યારે? નિવૃત્તિ.

**'મુનિઓને કામક્રોધાદિક...'** એટલે રાગ અને દ્વેષ. **'અન્યભાવના...'** એ અન્ય ભાવ છે. છે પર્યાયમાં. પણ અન્ય ભાવ છે. એના **'ક્ષયની જે સંભાવના અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના...'** બે વાત કરી. રાગ-દ્વેષ જે અન્ય ભાવ સ્વભાવથી અન્ય છે. છે પર્યાયમાં પણ સ્વભાવથી અન્ય છે. ત્રિકાળી સ્વભાવમાં નથી. તેથી **'અન્યભાવોના ક્ષયની...'** એને નાશ કરવાની **'જે સંભાવના...'** એક વાત. **'અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના...'** એને નાશ કરવાની સંભાવના. એ તો નાસ્તિથી વાત થઈ. અહીં પોતાના જ્ઞાનની સંભાવના.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અસ્તિથી વાત થઈ. આહાહા..! જ્ઞાન એટલે આત્મા.

**'પોતાના જ્ઞાનની જે સંભાવના (-સમ્યક્ ભાવના)...'** આહાહા..! પોતાનો જે સ્વભાવ છે, એની દૃષ્ટિ કરતા પર્યાયમાં જે રાગાદિ છે, તેને ક્ષય કરવાની ભાવના. એક વાત. અને કાં પોતે જ્ઞાનગુણની ભાવના. મુનિઓને ક્ષય કરવાનું લીધું. અને આ હવે ભાવથી નાશ થાય. પોતાના જ્ઞાનની જે ભાવના. ઓલામાં એમ કહ્યું હતું ને? અન્ય ભાવોના ક્ષયની. આહાહા..! છે એની પર્યાયમાં. પણ સ્વભાવથી અન્ય છે. એને નાશ કરવા માટે અને **'પોતાના જ્ઞાનની જે સંભાવના (સમ્યક્ ભાવના) તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.'** આહાહા..! આને ઉગ્ર પ્રાયશ્ચિત્ત ધર્મ કહેલ છે. આહાહા..! પ્રાયશ્ચિત્ત કહો કે ધર્મ કહો, પ્રાયશ્ચિત્ત કહો કે મોક્ષમાર્ગ કહો, પ્રાયશ્ચિત્ત કહો કે વીતરાગતા કહો. આહાહા..! સમજવામાં આકરું પડે. એક કોર પરભાવને કર્મના કહે. એક બાજુ મુનિને પણ પોતાના કહે. આહાહા..! કઈ અપેક્ષાએ છે? પ્રભુ!

અહીં તો અંશેઅંશ આખુ વસ્તુનું સ્વરૂપ બતાવતા, એનામાં જે છે એ બધું એનું છે. પણ દ્રવ્યની દૃષ્ટિમાં નિર્વિકલ્પતામાં તો દ્રવ્ય જ એકલું દૃષ્ટિમાં હોય છે. એને બે ન હોય. એથી એને વિકાર પરના છે એમ કરીને કાઢી નાખ્યા. પણ જ્ઞાન તો સ્વ પરને બધાને જાણે. માટે સ્વ-પરને જાણનારું જ્ઞાન ક્રોધાદિ, રાગાદિ મારામાં છે અને દ્રવ્યમાં નથી. દ્રવ્યસ્વભાવમાં નથી પણ પર્યાયમાં છે એમ બેય નયે જાણે છે. દૃષ્ટિમાં પર્યાય હોતી નથી. પર્યાયની દૃષ્ટિ હોતી નથી. સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિનો વિષય હોતો નથી. શું કીધું ઇ? સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનનો વિષય હોતો નથી. કારણ કે નિર્વિકલ્પ છે એટલે એક જ વિષય એનો ત્રિકાળી દ્રવ્ય છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! અને જ્ઞાનનો વિષય ત્રિકાળીને જાણે અને પર્યાયને પણ પોતામાં છે એમ જાણે. એ કેવળજ્ઞાન પણ સવિકલ્પ સ્વરૂપ છે. રાગ અને વિકલ્પ નહિ. સ્વ અને પર. એનું નામ વિકલ્પ. આહાહા..!

**'પોતાના જ્ઞાનની જે સંભાવના...'** સંભાવનાની વ્યાખ્યા કરી. સમ એટલે સમ્યક્. **'(- સમ્યક્ ભાવના)...'** જેવું સ્વરૂપ છે તેવી અંતર એકાગ્રતા સમ્યક્ ભાવના. આહાહા..! એ તો નિર્મળાનંદ પ્રભુ છે. દ્રવ્ય સ્વભાવ તો નિર્મળ ભરેલો અનંતગુણનો સાગર. એકેય ગુણ વિકાર કરે એવી દશા જ નથી. પર્યાયમાં વિકાર થાય છે એ તો અધ્ધરથી થાય છે. નિમિત્તને તાબે થનારથી થાય છે. નિમિત્તથી નહિ. નિમિત્તને તાબે થનારને પર્યાયમાં થાય છે. ગુણ કોઈ વિકાર કરે એવો છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે.

એથી અહીં કહે છે, કે જ્ઞાનની એટલે આત્માની સમ્યક્ ભાવના **'તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.'** આહાહા..! **'સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે...'** જોયું! આત્માનું જ્યાં કથન છે-આત્મપ્રવાદ, એમાં સંતોએ આમ જાણ્યું છે. આહાહા..! આત્મપ્રવાદ નામનું શાસ્ત્ર છે. આત્માની જ એકલી વાત હોય એવું એ શાસ્ત્ર. **'સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'(અર્થાત્ જાણીને કહ્યું છે).'** સંતોએ જાણીને આ રીતે કહ્યું છે. આહાહા..! વસ્તુ જે ત્રિકાળ છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી તે ગુણભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. તો પછી પર્યાય તો એનો વિષય હોય જ ક્યાંથી? આહાહા..! સમ્યક્ચારિત્ર પર્યાય છે. એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! ચારિત્ર–વીતરાગતા એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ત્રિકાળ એકરૂપ છે. અને જ્ઞાનનો વિષય તો સમયે સમયે જે પર્યાય થાય તેનો પોતે ગુણનો, દ્રવ્યનો, પર્યાયનો ત્રણેયનો વિષય કરે. આહાહા..! સમજાણું કાંઈ?

ઘણે ઠેકાણે 'સમયસાર'માં તો એમ જ આવે. સમકિતીને બંધ નથી, આસ્રવ નથી. ત્યાં તો એમ કહ્યું નહિ? મિથ્યાત્વ તે સંસાર. સવારે એમ કહ્યું ને? તો પછી અવ્રત ને એ સંસાર નહિ? એ તો મોટો સંસાર, અનંત સંસારનું કારણ એ મિથ્યાત્વ છે. એથી એને મિથ્યાત્વ તે સંસાર (એમ કહ્યું). ત્યાં એમ કહ્યું અને એક કોર ચૌદમે ગુણસ્થાને સંસાર છે. કેવળી તેરમે અને ચૌદમે ગુણસ્થાને હજી સંસાર છે. કારણ કે અસિદ્ધ છે. ૨૧બોલમાં આવે છે. આહાહા..! એક કોર ચોથે ગુણસ્થાને સંસાર નથી અને એક કોર ચૌદમા ગુણસ્થાનમાં સંસાર છે. કઈ અપેક્ષાએ છે? એકાંત માનીને બેસે. આ તો અનેકાંત માર્ગ છે. જે રીતે એનું સ્વરૂપ છે તે રીતે છે. જે રીતે છે તેમ એને જાણવું જોઈએ. આહાહા..! એટલે અહીં કહે છે.

આ વાત ક્યાંથી કહે છે કીધી? મુનિ કહે છે કે અમે અમારા ઘરની નથી કહેતા. 'આત્મપ્રવાદ'માં આમ કહ્યું છે. જ્યાં આત્માનો અધિકાર પરમાત્માએ કહ્યો, ત્યાં આ વાત આવી છે. એ વાત અહીં અમે કહીએ છીએ. આહાહા..! **'(અર્થાત્ જાણીને કહ્યું છે).'** લ્યો! વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૧૫

**कोहं खमया माणं समद्दवेणज्वेण मायं च।**
**संतोसेण य लोहं जयदि खु ए चहुविहकसाए।।११५।।**

**क्रोधं क्षमया मानं स्वमार्दवेन आर्जवेन मायां च।**
**संतोषेण च लोभं जयति खलु चतुर्विधकषायान्।।११५।।**

**चतुष्कषायविजयोपायस्वरूपाख्यानमेतत्।**

**जघन्यमध्यमोत्तमभेदात्क्षमास्तिस्रो भवन्ति। अकारणादप्रियवादिनो मिथ्यादृष्टेरकारणेन मां त्रासयितुमुद्योगो विद्यते, अयमपगतो मत्पुण्येनेति प्रथमा क्षमा। अकारणेन संत्रासकरस्य**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ताडनवधादिपरिणामोऽस्ति, अयं चापगतो मत्सुकृतेनेति द्वितीया क्षमा। वधे सत्यमूर्तस्य परमब्रह्मरूपिणो ममापकारहानिरिति परमसमरसीभावस्थितिरुत्तमा क्षमा। आभिः क्षमाभिः क्रोधकषायं जित्वा, मानकषायं मार्दवेन च, मायाकषायं चार्जवेण, परमतत्त्वलाभसन्तोषेण लोभकषायं चेति।

तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभि :-

---

જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,
આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.

અન્વયાર્થ :– [ क्रोधं क्षमया ] ક્રોધને ક્ષમાથી, [ मानं स्वमार्दवेन ] માનને નિજ માર્દવથી, [ मायां च आर्जवेन ] માયાને આર્જવથી [ च ] તથા [ लोभं संतोषेण ] લોભને સંતોષથી– [ चतुर्विधकषायान् ] એમ ચતુર્વિધ કષાયોને [ खलु जयति ] (યોગી) ખરેખર જીતે છે.

ટીકા :– આ, ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે.

જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે. (૧) ‘વિના-કારણ અપ્રિય બોલનાર મિથ્યાદ્રષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો;’—આમ વિચારી ક્ષમા કરવી તે પ્રથમ ક્ષમા છે. (૨) (મારા પર) ‘વિના-કારણ ત્રાસ ગુજારનારને [૧]તાડનનો અને [૨]વધનો પરિણામ વર્તે છે, તે મારા સુકૃતથી દૂર થયો;’—આમ વિચારી ક્ષમા કરવી તે દ્વિતીય ક્ષમા છે. (૩) વધ થતાં અમૂર્ત પરિબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી—એમ સમજી પરમ સમરસીભાવમાં સ્થિત રહેવું તે ઉત્તમ ક્ષમા છે. આ (ત્રણ) ક્ષમાઓ વડે ક્રોધકષાયને જીતીને, [૩]માર્દવ વડે માનકષાયને, [૪]આર્જવ વડે માયાકષાયને તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી લોભકષાયને (યોગી) જીતે છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

(वसंततिलका)

‘चित्तस्थमप्यनवबुद्धय हरेण जाड्यात्
क्रुद्धवा बहिः किमपि दग्धमनङ्गबुद्धया।
घोरामवाप स हि तेन कृतामवस्थां
क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः।।’

---

૧. તાડન = માર મારવો તે. ૨. વધ = મારી નાખવું તે.
૩. માર્દવ = નરમાશ; કોમળતા; નિર્માનતા. ૪. આર્જવ = ઋજુતા; સરળતા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(वसंततिलका)

`चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं
यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत्।
क्लेशं तमाप किल बाहुबली चिराय
मानो मनागपि हतिं महतीं करोति।।'

(अनुष्टुभ)

`भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात्।
यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः।।'

(हरिणी)

`वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः
किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः।
बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः
परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः।।'

'[શ્લોકાર્થ :–] કામદેવ (પોતાના ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો. (ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (–કામવિહ્વળ દશાને) શંકર પામ્યા. ક્રોધના ઉદયથી (–ક્રોધ ઉત્પન્ન થવાથી) કોને કાર્યહાનિ થતી નથી?'

'[શ્લોકાર્થ :–] (યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું પરંતુ તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું.) પોતાના જમણા હાથમાં સ્થિત (તે)ચક્રને છોડીને જ્યારે બાહુબલીએ પ્રવજ્યા લીધી ત્યારે જ (તુરત જ) તેઓ તે કારણે મુક્તિ પામત, પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં) ખરેખર લાંબા વખત સુધી પ્રસિદ્ધ (માનકૃત) ક્લેશને પામ્યા. થોડું પણ માન મહા હાનિ કરે છે!'

'[શ્લોકાર્થ :–] જેમાં (–જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકાતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.'

'[શ્લોકાર્થ :–] *વનચરના ભયથી ભાગતી ચમરી ગાયનું પૂંછડું દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતા જડતાને લીધે વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ, અને અરેરે! તે ગાયને વનચર વડે પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી! (અર્થાત્ તે ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા!) જેમને તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.'

* વનચર = વનમાં રહેનાર, ભીલ વગેરે મનુષ્ય અથવા વાઘ વગેરે જંગલી પશુ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૩૩, શ્લોક-૧૮૨, ગાથા-૧૧૫, શનિવાર જ્યેષ્ઠ સુદ ૧૦, તા.૨૪-૦૫-૧૯૮૦

કષાયરહિત થવાની વાત.

**कोहं खमया माणं समद्दवेण्जवेण मायं च।**
**संतोसेण य लोहं जयदि खलु ए चहुविहकसाए।।११५।।**

ત્યાં જરી શબ્દ ફેર પડી ગયો. ત્યાં **'खलु'** જોઈએ.

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

ટીકા :- **'આ, ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે. જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે.'** આ સમકિત સહિતની વાત છે. એકલી ક્ષમાની નહિ. જ્ઞાનાનંદ આત્માના સ્વભાવનું વેદન છે એની સાથે જે આ ક્રોધ થાય એનો કેમ નાશ કરવો એની વાત છે. **'જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે.'**

**(૧) 'વિના–કારણ અપ્રિય બોલનાર...'** વિચાર કરે છે. **'મિથ્યાદષ્ટિને વિના–કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો;...'** તે મારા પુણ્યથી દૂર થયો. પુણ્ય પાછું આવ્યું એનું. એ તો જ્ઞાન કરાવ્યું છે. મને ત્રાસ એને દેવો હતો પણ પૂર્વના પુણ્ય હતા એટલે એ ત્રાસ ન દઈ શક્યો. પુણ્ય પોતાનું નથી. પણ સમજાવવું છે તો શી રીતે સમજાવે? **'મારા પુણ્યથી દૂર થયો;— આમ વિચારી ક્ષમા કરવી તે પ્રથમ ક્ષમા છે.'**

**'(૨) (મારા પર) 'વિના–કારણ ત્રાસ ગુજારનારને તાડનનો'..'** **'માર મારવો તે.'** **'અને વધનો...'** **'મારી નાખવું તે.'** **'પરિણામ વર્તે છે, તે મારા સુકૃતથી દૂર થયો;...'** સુકૃત પોતાનું છે? સમજાવવું શી રીતે? સુકૃત એટલે પૂર્વનું પુણ્ય. એનાથી એ વધ કરવા આવ્યો પણ ન થયું. તાડન મારવાનું કાં વધ કરવાનું પૂર્વના પુણ્યને લઈને અટક્યું. એમ પોતે સમાધાન કરીને શાંતિ રાખે છે. આનંદમાં રહે છે એમ કહે છે. આહાહા..! એકલી ક્ષમા એમ અહીં નથી. અતીન્દ્રિય આનંદમાં રહેતા આવું કોઈ તાડન અને મારણ આવે તો એનું વિકલ્પથી સમાધાન કરે છે, કે એ એના સુકૃત પૂર્વના પુણ્યને લઈને બધું અટકી ગયું. બાકી ક્ષમા તો આત્માના આનંદમાં સ્થિરતા કરવી તે ક્ષમા છે. આહાહા..! એકલી આત્મજ્ઞાન વિનાની ક્ષમા, એ તો પુણ્યબંધનું કારણ છે. આહાહા..!

**(૩) 'વધ થતાં...'** છતાં વધ કર્યો. બીજાએ એને મારી નાખ્યો. તો એણે એવી ક્ષમા કરવી કે વિના **'વધ થતા અમૂર્ત પરમબ્રહ્મસ્વરૂપ...'** હું તો **'અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી—'** મને કોઈ નુકસાન કરી શકતું નથી. મારો વધ કોઈ કરી શકતું નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ...'** જુઓ! આમ લીધું. એકલી ક્ષમા નહિ, મિથ્યાત્વ સહિત નહિ. આહાહા..! એ ક્ષમા જ નથી. અતીન્દ્રિય આનંદસ્વભાવ, જ્ઞાનબોધ ચિત્તસ્વરૂપ. ચિત્ત એટલે જ્ઞાન. એવા સ્વભાવનું... આમાં આવ્યું છે એક ઠેકાણે. આવી ગયું કે હવે આવશે? હવે આવશે. જ્ઞાન અને ચિત્ત. ૧૧૬ ગાથામાં. **'બોધ, જ્ઞાન, અને ચિત્ત જુદા પદાર્થો નથી.'** બીજી લીટી. ૧૧૬મી ગાથાની બીજી લીટી. ગાથા, ગાથા. ૧૧૬–ગાથા. **'બોધ, જ્ઞાન અને ચિત્ત...'** ત્રણેય એક વસ્તુ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, બોધસ્વરૂપ આત્મા બધી એક જ વાત છે. ચિત્તસ્વરૂપ આત્મા. ચિત્ત એટલે જ્ઞાન. ત્રણેય જ્ઞાનસ્વરૂપી આત્મા છું. એમ હોવાથી... આ ક્ષમાના પ્રકાર આવ્યા ને?

**'વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને...'** આહાહા..! આત્મા છે કોણ? આહાહા..! પરમબ્રહ્મ સ્વરૂપ. અમૂર્ત પરમબ્રહ્મ સ્વરૂપ. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી અને પરમ આનંદસ્વરૂપ છે. અંતરદૃષ્ટિ કરતાં જ્ઞાયકભાવ અમૂર્ત અને અતીન્દ્રિય સ્વરૂપ દૃષ્ટિમાં આવે છે. આહાહા..! એથી મારો વધ કોઈ કરી શકતું નથી. આહાહા..! **'વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી—'** શરીરને થોડે .. **'એમ સમજી પરમ સમરસીભાવમાં સ્થિત રહેવું...'** પરમસમરસીભાવમાં સ્થિત રહેવું **'તે ઉત્તમ ક્ષમા છે.'**

**'આ (ત્રણ) ક્ષમાઓ વડે ક્રોધકષાયને જીતીને, માર્દવ વડે માનકષાયને,...'** માર્દવ એટલે નરમાશ. નરમાશ વડે માનને જીતીને સરળતાથી, ઋજુતાથી, સરળતાથી માયાને જીતીને **'માયાકષાયને તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષ...'** આહાહા..! લોભને જીતવાની રીત આ છે. **'પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષ...'** પરમ આનંદસ્વરૂપ ભગવાન, એની જ્યાં અંતર્મુખ થઈને પ્રાપ્તિ થઈ, એને સંતોષ થયો. એ સંતોષથી એણે લોભને જીત્યો. ચારેય બોલનું આવી ગયું.

**'એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

**'चित्तस्थमप्यनवबुद्धय हरेण जाड्यात्**
**क्रुद्धवा बहिः किमपि दग्धमनङ्गबुद्धया।**
**घोरामवाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः।।'**

**શ્લોકાર્થ :- 'કામદેવ...'** શંકરને કામદેવ એવો લાગ્યો કે **'(પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં...'** કામદેવ તો પોતાના ચિત્તમાં છે. આત્માના આનંદથી વિરુદ્ધ. આહાહા..! એવી પરની કામના એ આત્માના ચિત્તમાં છે એને મારવો જોઈએ. એને ઠેકાણે **'જડતાને લીધે તેને નહિ ઓળખીને,...'** પોતાના આનંદ સ્વભાવમાં ક્રોધ કઈ રીતે થાય છે? ચિત્તમાં કામનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રોધ કેમ છે એની ખબર વિના **'શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો.'** એ લોકોમાં આવે છે ને કામદેવને બાળે. શંકરે બાળી નાખ્યા.

**'(ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (–કામવિહ્વળ દશાને) શંકર પામ્યા.'** આહાહા..! અંદરની કામની ઇચ્છા, પૂર્ણાનંદના નાથથી વિરુદ્ધ ઇચ્છા, એ ઇચ્છાને બાળી નહિ અને ઓલા બીજાને કોઈકને કામદેવ માનીને બાળ્યો. **'ક્રોધના ઉદયથી (–ક્રોધ ઉત્પન્ન થવાથી) કોને કાર્યહાનિ થતી નથી?'** આહાહા..! આમ કહે છે. ક્રોધ કરતા... ક્રોધ એટલે ક્રૂરતા. બહુ ક્રોધ કરે તો લાલ આંખ થઈ જાય. એવો ક્રોધ કરતા કોને હાનિ ન થાય? **'કોને કાર્યહાનિ થતી નથી?'** થાય જ એમ કહે છે. ક્રોધ કરતા હાનિ થાય જ. કેમકે આત્મા ક્રોધ વિનાનો સ્વભાવ છે. પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાયક બોધ, જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એમાં આ ક્રોધ તેના સ્વભાવને હાનિ કરે છે. આહાહા..!

ક્રોધનો અર્થ દ્વેષનો અંશ છે. દ્વેષના બે ભાગ : ક્રોધ અને માન. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે છે, એના પ્રત્યે પ્રેમ નહિ અને રાગનો પ્રેમ (છે) એનું નામ ક્રોધ. આહાહા..! દ્વેષ અરોચકભાવ. આત્મા આનંદનો ભાવ એને રુચે નહિ. એ જ દ્વેષ છે. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ છે એ રુચતું નથી. એના વિરુદ્ધનો ભાવ, રાગાદિ, પુણ્યાદિ રુચે છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! આવી વ્યાખ્યા. એ તો 'આનંદઘનજી'એ કહ્યું છે. શ્વેતાંબર. ત્રીજા 'સંભવનાથ' (સ્તવનમાં). દ્વેષ અરોચકભાવ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય રુચતું નથી એનો અર્થ જ કે એના પ્રત્યે દ્વેષ છે. આહાહા..! અને એના વિરુદ્ધ જે રાગ, એનો પ્રેમ છે ત્યારે આનો દ્વેષ છે. અહીં રાગ છે તો અહીં દ્વેષ છે. આહાહા..! રાગનો રાગ છે, ત્યાં પ્રભુ પ્રત્યેનો દ્વેષ છે. આહાહા..! પ્રભુ એટલે આત્મા પોતે. આહાહા..! એનાથી **'કોને કાર્યહાનિ થતી નથી?'** એ શ્લોક કહ્યો.

બીજો શ્લોક.

**चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं**
**यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत्।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति।।**

**શ્લોકાર્થ :- '(યુદ્ધમાં ભરતે...)'** આહાહા..! બે ભાઈઓ. એમાં યુદ્ધમાં ભરતે બેની લડાઈ થઈ. બેય સમકિતી.

મુમુક્ષુ :– ભગવાનના દીકરા.

ઉત્તર :– ભગવાનના દીકરા. ભગવાને જમીન વહેંચી આપી હતી. હવે 'ભરત' પોતે આખો ચક્રવર્તી થવા માગે છે. એનું જે ક્ષેત્ર છે એ પણ મારું છે. 'ભરત' ચક્રવર્તી છે ને? એમાં 'બાહુબલીજી'એ ના પાડી. પિતાજીએ વહેંચી દીધું છે. તો લડાઈ કરો. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનના બેય પુત્ર સમકિતી. ચોથા આરાનો છેલ્લો ભાગ હશે. આહાહા..! એને પણ આ ક્રોધ થયો. ભાઈને મારી નાખું. આહાહા..! પણ એ ચારિત્રદોષ છે. ચારિત્રદોષ સમકિતને દોષ ન બનાવે. આહાહા..! ચારિત્રનો દોષ એ સમકિતને દોષ ન લગાડે. આહાહા..! અને સમકિતનો ગુણ એ ચારિત્રદોષને ઘટાડી ન શકે. બેય ચીજ જુદી છે ને? આહાહા..!

મુમુક્ષુ :– અનંતાનુબંધીના દોષને તો કાઢી નાખે ને?

ઉત્તર :– એ અનંતાનુબંધી તો સમકિતમાં સાથે ગયો. એ સિવાય બીજો ચારિત્ર દોષ છે, એ સમકિત છે એ પોતે બીજા ત્રણ કષાયના ભાવને ટાળી ન શકે. એ બીજા ગુણની પર્યાય છે અને આ બીજા ગુણની પર્યાય છે. સમકિત છે એ શ્રદ્ધા-ગુણની પર્યાય છે. અને ત્રણ કષાય છે એ ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. આહાહા..! એકબીજા લડાઈ કરવા ઊભા થયા. ચક્ર છોડ્યું. **'બાહુબલી પર ચક્ર છોડ્યું...'** આહાહા..! અહીં બહારથી છકાયની દયા પાળે તોપણ મિથ્યાદૃષ્ટિ. અહીં બાહુબલીને મારે તોપણ સમકિતી.

મુમુક્ષુ :– મારવાના કારણે...

ઉત્તર :– આ કારણમાં જરી કષાયની નબળાઈ આવી. ચક્રવર્તી થયા ને? ચક્ર ઘરે આવ્યું એટલે છ ખંડ તાબે થવું જ જોઈએ. છ ખંડ તાબે થવું જોઈએ. એમાં 'બાહુબલી' તાબે ન થયા તો કહે લડાઈ કરો. ભલે પિતાજીએ ભાગ વહેંચી દીધો પણ હું ત્યારે ચક્રવર્તી નહોતો. અને અત્યારે ચક્રવર્તી થયો છું, ચક્ર મારે ઘરે આવ્યું છે. એથી છ ખંડમાં કોઈ માલિક રહે નહિ. છ ખંડનો માલિક હું છું. આહાહા..!

મુમુક્ષુ :– છ ખંડનો માલિક થાય તો ..

ઉત્તર :– માલિક-બાલિક કહે એ કથન છે. પરદ્રવ્યનો સ્વામી કેવો? આહાહા..! પણ હું ચક્રવર્તી છું માટે મારે આખું રાજ્ય ચક્રવર્તીને કારણે મારે તાબે થાવું જોઈએ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ. એ દોષ છે એ ચારિત્રનો દોષ છે. એ સમકિતના દોષને જરી લગાડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– પોતાના ભાઈને મારી નાખવાનો ભાવ એ માત્ર ચારિત્રદોષ.

ઉત્તર :– એ ચારિત્રદોષ છે. આકરી વાત છે.

મુમુક્ષુ :– જમીનના ટુકડા માટે.

ઉત્તર :– જમીનના ટુકડા માટે નહિ. હું ચક્રવર્તી છું. ચક્રવર્તીને છ ખંડ તાબે હોય. વ્યવહારથી વાત છે. (શ્રોતા :- ચક્રવર્તીને એટલો અહં?) છ ખંડ મારે તાબે હોય એ વ્યવહારની વાત છે ને? આમ તો ભાઈ 'સોગાની'એ કહ્યું છે. ખબર છે? કે તીર્થંકરોએ છ ખંડ સાધ્યા નથી પણ તીર્થંકરોએ અખંડ આત્માને સાધ્યો છે.

મુમુક્ષુ :– એ તો આત્માની વાત છે.

ઉત્તર :– એ તો આત્માની વાત છે. આ તો બહારની વાત છે. સમકિતી છે, છતાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચક્ર માર્યું છે. પણ 'બાહુબલી' ચરમશરીરી છે. એ ભવમાં મોક્ષ જનારા છે એટલે એના ઉપર કાંઈ ચક્ર ચાલ્યું નહિ. હાથમાં આવીને ઊભું રહ્યું. આહાહા..! ચારિત્રદોષ અને સમકિતદોષ બેની આખી જાત જુદી છે. આટલો ચારિત્રદોષ છતાં સમકિતને જરીએ દોષ નથી. આહાહા..!

મુમુક્ષુ :– એ સંકલ્પી હિંસામાં જાય કે ઉદ્યોગી હિંસામાં?

ઉત્તર :– એ ગમે તે પણ હિંસામાં જાય. ઉદ્યોગ છે ને? એનો ચારિત્રદોષ છે. નિશ્ચયથી તો એ જાણે છે કે રાગ છે, ક્લેશ છે. અને વેદન પણ છે. કષાય થયો અને વેદન નથી એમ છે? સમકિતી છે, જ્ઞાની છે. છતાં એ ક્રોધ થયો એનું વેદન છે. પણ એ વેદન મારી ચીજ નથી. હું સ્વભાવવાળો આત્મા છું, એવું ભાન તો તે કાળે વર્તે છે. છતાં આવી ક્રિયા થાય છે. આહાહા..! આકરું કામ છે.

**'(તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું.)'** ભરતે ચક્ર ચડાવ્યું, 'બાહુબલી'ના હાથમાં આવી ગયું, લ્યો! મારવા ગયો તો હાથમાં આવ્યું. આહાહા..!

મુમુક્ષુ :– ચક્ર તો ચક્રના કારણે ચાલે.

ઉત્તર :– એ તો એને કારણે પણ છતાં વ્યવહારે નાખ્યું. ચક્રથી મારી નાખે એને. ચક્ર અડે નહિ, આ છરી અડે નહિ તો પણ અહીં મારે છે ને એમ કહેવાય. છરી છે ગળે અહીં મૂકો તો એ ગળાને અડતી નથી. છતાં ગળું છૂટી જાય.

મુમુક્ષુ :– આયુષ્ય નહોતું એટલે મરી ગયા.

ઉત્તર :– એ તો છે. પણ ચક્ર નાખ્યું અને મર્યા છે ક્યાં? આયુષ્ય પૂરું થયું નથી. આણે તો માર્યું. સમકિતી છતાં સગા ભાઈને ચક્ર માર્યું. છતાં એ સમકિતમાં દોષ નથી.

મુમુક્ષુ :– સમકિત ...

ઉત્તર :– એ વાંધાની અહીં વાત નથી. થાય છે તો કેમ થયું? કરવું તો નહિ. કરે નહિ. પણ થાય તો એની મર્યાદા આટલી છે. આહાહા..!

**'પોતાના જમણા હાથમાં સ્થિત (તે) ચક્રને છોડીને જ્યારે બાહુબલીએ પ્રવ્રજ્યા લીધી...'** લ્યો! હાથમાં ચક્ર આવ્યું એ છોડી દીધું અને પોતે પ્રવ્રજ્યા લીધી. આહાહા..! **'ત્યારે જ (તુરત જ)...'** મોક્ષ પામત. **'પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં)...'** માન હતું માટે મુક્તિ ન મળી. આહાહા..! આ માન હાનિ કરે છે. શું કહ્યું હવે? ફરીને. ત્રીજો શ્લોક.

**भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात्।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः।।**

**'વનચરના ભયથી...'** ગાયનો દૃષ્ટાંત આપે છે. આત્મા આનંદસ્વરૂપ છે. જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ.

મુમુક્ષુ :– શ્લોક રહી ગયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- હા. બરાબર છે.

**શ્લોકાર્થ :- 'જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો...'** શું કહે છે? જેને આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાન, જ્ઞાતાસ્વરૂપ છે એવી તેને ખબર નથી. જેમ ખાડામાં વસ્તુ હોય છે એમ **'ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકતા નથી...'** આહાહા..! શું કહે છે? આત્મા આનંદ સચ્ચિદાનંદ પ્રભુ. સત્. કાયમ રહેનાર સત્તા અને ચિદ્ અને જ્ઞાન અને આનંદસ્વરૂપ એનું. એની જેને ખબર નથી એ માયા, કપટ કરે છે. એ માયા, કુટિલે કેવી છે? **'ક્રોધાદિક...'** આહાહા..! **'ભયંકર સર્પો દેખી શકતા નથી...'** મિથ્યાત્વરૂપી જોરમાં.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ અનાદિ મારી ચીજની સત્તા તેની આદિ નથી. છે તેની આદિ નથી, છે તેનો નાશ નથી અને છે તેના સ્વભાવથી ખાલી નથી. એવો હું આત્મા, એવો જેને આનંદનો અનુભવ નથી. આહાહા..! આત્મજ્ઞાન થતાં આનંદનો અનુભવ થાય. એકલું જ્ઞાન ન રહે. અન્ય મતમાં 'નરસિંહ મહેતા' થયા. એમણે એમ કહ્યું, કે 'જ્યાં આત્મા તત્ત્વ ચિહ્નો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ. સત્ ચિદ્ જ્ઞાન. છે જ્ઞાન. સચ્ચિદાનંદ અને આનંદ બે મુખ્ય લીધા છે. આનંદ અને જ્ઞાન એવો આત્માનો ભગવાનસ્વભાવ છે. એ શાશ્વત છે. નિત્ય છે. એને ન જાણતા, જે કાંઈ માયા, કપટ કરે છે, કુટીલતા અને માયા... આહાહા..! એ **'ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકતા નથી....'** એવા મિથ્યાદૃષ્ટિ જીવો ક્રોધ, માન, માયા, લોભ થાય છે તેને જોઈ શકતા નથી. આહાહા..! એટલે શું કહે છે? કે અંતર આનંદ અને નિર્વિકલ્પ સ્વરૂપ છે, એને ન જાણનાર, એને જે રાગના વિકલ્પો ઊઠે છે, ગમે તે પ્રકારના હિંસાના, જૂઠાના, ચોરીના, દયા, દાનના બધા વિકલ્પ રાગ છે, એ રાગરૂપી સર્પને જ્ઞાનસ્વરૂપી આત્માને નહિ જાણનાર તેને ઓળખી શકતા નથી. આહાહા..! ઝીણી વાત છે.

પોતે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ નિર્મળ શાશ્વત, એનું જેને જ્ઞાન નથી તે **'જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો...'** આહાહા..! માયામાં મિથ્યાત્વ વસે. મિથ્યાશ્રદ્ધા, ચૈતન્યસ્વરૂપની પૂર્ણતાના લક્ષ વિના એકલા રાગ અને દયા, દાન ને પુણ્ય-પાપના વિકલ્પને પોતાનું સ્વરૂપ માને એ મિથ્યાત્વરૂપી અંધકારના ખાડામાં પડ્યા છે. આહાહા..! આવું સ્વરૂપ છે. અને તેથી તેને ક્રોધ અને માન અંદર સૂક્ષ્મ થાય તેને મિથ્યાત્વના જોરે, વિપરીત માન્યતાના જોરે તે ઓળખી શકતા નથી.

અંતર ભગવાન દેહથી તો ભિન્ન છે. આ તો જડ છે, માટી છે. અંદર કર્મ છે એનાથી પણ ભિન્ન છે. આ બધા પુણ્ય હોય તો પૈસા ધૂળ મળે. ગરીબ હોય તો પુણ્ય ન મળે. એ પૂર્વના પુણ્ય-પાપ છે ને? એને લઈને સંયોગ છે. બુદ્ધિના બારદાન હોય એને પણ પાંચ-પાંચ લાખ પેદા કરતા દેખે. અને બુદ્ધિનો ખાં હોય એને મહિને પાંચ હજાર પેદા કરવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો પરસેવો ઉતરે એ પૈસો કાંઈ પ્રયત્નનું ફળ નથી. એ તો પૂર્વના પુણ્ય હોય એનો સંયોગ છે. તો એને લઈને... આવું છે.

અહીં કહે છે, કે એમાં એને લોભ અને રાગ થાય અને ક્રોધ અને માન થાય, સૂક્ષ્મ અભિમાન આવે કે અમે આમ છીએ. પણ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શનનું ભાન નથી. ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા છે એની ખબર નથી એટલે મિથ્યાશ્રદ્ધામાં એ વિકારને ભાળી શકતા નથી. એ વિકારને વિકારરૂપે જોઈ શકતા નથી. આહાહા..! કહો, 'બલુભાઈ'! આ એમ વાત છે અહીં. અહીં તો ઝીણી વાત છે, ભાઈ!

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, ત્રિકાળી સત્તા શુદ્ધ છે. પણ તેની જેમ ત્રિકાળી સત્તા શુદ્ધ છે એમ ત્રિકાળ ત્રણે ભૂતકાળથી પણ મલિન દશા ચાલી આવે છે. એની દશામાં મલિનતા છે. વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. એ મલિનદશાને પોતાની માની. આહાહા..! પરનું પણ કાંઈ કરી શકતો નથી. છતાં એને અભિમાનમાં રાગ અને દ્વેષને કારણે, મિથ્યાશ્રદ્ધાને કારણે, એ મિથ્યાત્વરૂપી ખાડામાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, તૃષ્ણા કેમ થાય છે તેને તે સમકિત નથી માટે, આતમજ્ઞાન નથી. એથી મિથ્યાશ્રદ્ધામાં (ભાળી શકતા નથી). સમકિત છે એ અંદર આંખ છે. આત્માનું ભાન અને એને લઈને કાંઈ રાગાદિ થાય તો એ જાણી શકે છે કે આ રાગ છે. મિથ્યાત્વ છે તે આંધળો છે. આહાહા..! મિથ્યાશ્રદ્ધા એ ત્રિકાળી સ્વરૂપને માટે આંધળો.. આહાહા..! અને વર્તમાન થતાં વિકારીના પરિણામ વિકલ્પ, એને માટે પણ આંધળો. બેયને જાણતો નથી. આહાહા..! આવી વાતું છે.

એ અહીં કહે છે. '**ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકતા નથી.**' ખાડામાં સંતાઈ રહ્યા છે. એટલે શું કીધું ઇ? ભગવાન ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ, એનું જેને જ્ઞાન નથી, અનુભવ નથી. જો અનુભવ હોય તો તો આનંદનો સ્વાદ આવે. આતમજ્ઞાન થાય તો તો આત્મામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદથી સર્વાંગ ભરેલો છે. તેથી જો આત્માનું જ્ઞાન થાય તો તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. એને લઈને પછી કાંઈ ક્રોધાદિ થાય તો એનું જ્ઞાન થાય કે મારી નબળાઈથી આ બધું થયું. એટલે ચૈતન્યને પણ જાણે છે. જ્ઞાની જે ચૈતન્યસ્વરૂપ છે એને પણ જાણે છે અને રાગાદિ આવે એને પણ મારાથી પ્રત્યક્ષ છે એમ બેયને જાણે છે. આહાહા..!

મિથ્યાદૃષ્ટિ ચૈતન્યસ્વરૂપના અજાણ, ચૈતન્યચંદ્ર ચમકતો શીતળ શીતળ શાંતિથી ભરેલો... આહાહા..! એવો જે ભગવાનઆત્મા એની જેને ખબરું નથી, એના તરફનું વલણ નથી, એના આદર અને સત્કાર નથી તે મિથ્યાદૃષ્ટિને રાગ અને દ્વેષ અને ક્રોધ થાય એ જેમ ખાડામાં પડેલી ચીજ દેખી શકાય નહિ એમ એ જોઈ શકતો નથી. ભાન નથી કે આ શું થયું? મેં ક્રોધ કર્યો કે માન કર્યો? ક્રોધ એટલે આમ જ ક્રોધ (એમ નહિ). વિકારનો પ્રેમ, પુણ્ય અને પાપના ભાવનો પ્રેમ, એ ત્રિકાળી પ્રભુ આનંદસ્વરૂપ પ્રત્યેનો એને દ્વેષ છે. ઝીણી વાત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, પ્રભુ! આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એનો પ્રેમ નહિ અને પુણ્ય-પાપના પરિણામ ભાવ થાય એનો પ્રેમ. શુભ-અશુભ વિકલ્પ વૃત્તિઓ ઉઠે, એનો જેને પ્રેમ (છે) તેને સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એના પ્રત્યે અરુચિનો દ્વેષ છે. અને આ પુણ્ય-પાપના ભાવની રુચિનો રાગ છે. આહાહા..! આવું હવે ક્યારે કરે? માર્ગ આવો છે, બાપુ! વિષય એવો અનંતકાળથી, અનાદિ અનાદિ થયો અનંતકાળ. વસ્તુ છે તો અનાદિની છે. જે છે એની આદિ હોય શકે નહિ. એ સત્તા છે.

મુમુક્ષુ :– કોઈ દિ' વિચાર નથી કર્યો.

ઉત્તર :– વિચાર કર્યો નથી. આ સત્તા પ્રભુ અંદર બિરાજે છે. આ જેમાં જણાય તે ચૈતન્યસત્તા છે. આ શરીર જણાતું નથી. શરીર જાણે છે જાણનારો. એ ચૈતન્યસત્તા શરીરથી ભિન્ન છે. એમ આ બીજી ચીજોને જાણનારો ચૈતન્યસત્તામાં એ જણાય છે. એ જણાય છે એ ચીજથી ચૈતન્યસત્તા જુદી છે. એ ચૈતન્યસત્તાને જે અંદર જાણતો નથી, એને અનુભવતો નથી, એનો એને આદર અને સત્કાર નથી, એ જેમ ખાડામાં પડેલી વસ્તુ હોય એને જોઈ શકે નહિ, એમ મિથ્યાત્વને લઈને પોતાના વિકાર પરિણામ શું થાય છે એ જોઈ શકતો નથી. આહાહા..! મિથ્યાશ્રદ્ધાને લઈને અંતર શુદ્ધ ચૈનત્યમૂર્તિના અભાવને લઈને અનાદિથી અંદર સૂક્ષ્મ વિકાર થાય છે એ વિકારને તે જોઈ શકતો નથી. કેમકે વિકારનો જાણનારો એણે જાણ્યો નથી. આહાહા..! જાણનારને જાણ્યા વિના રાગ અને પુણ્ય-પાપ મારાથી ભિન્ન શું છે એ જાણી નહિ શકે. આહાહા..!

અંદર સૂક્ષ્મ વિકલ્પ ઊઠે છે. કાંઈક આમ કરું કે આમ કરું એવો વિકલ્પ ઊઠે એ રાગ છે, વિકાર છે, એ કષાય છે. કષાય એટલે કષ સંસારનો આય. એમાં સંસારનો રખડવાનો લાભ છે. આત્મા અકષાય છે. એનું સ્વરૂપ અકષાય એટલે ક્રોધ, માન, માયા, લોભ રહિત એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપનું જેને જ્ઞાન નથી, તેને મિથ્યાશ્રદ્ધામાં ખાડામાં પડેલી ચીજ જેમ ઊંડી દેખાતી નથી એમ એને ક્રોધ, માન, માયા, લોભ ઝીણા–સૂક્ષ્મ થાય છે એને એ જોઈ શકતો નથી. આહાહા..! છે?

**'જેમાં (–જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો...'** આહાહા..! કાંઈક પ્રતિકૂળ સંયોગ આવતા અંદર અણગમો ઊભો થાય એ દ્વેષ છે. આહાહા..! પણ અજ્ઞાની જોઈ નહિ શકે એમ કહે છે. કેમકે નથી ચૈતન્યનું ભાન, તેથી નથી દ્વેષનું ભાન. અંદર સૂક્ષ્મ દ્વેષ થઈ જાય એ કઈ રીતે થાય છે એને નહિ જોઈ શકે. 'બલુભાઈ'! અહીં તો બધું આકરું કામ છે. ધર્મની ચીજ. આહાહા..! એમ કાંઈક અનુકૂળ ચીજ દેખીને માન અંદર આવે, કે કોઈ એના વખાણ કરે, પ્રશંસા કરે, એમાં એને માન આવે પણ એ માનને જોઈ નહિ શકે. કેમકે સમ્યક્ ચૈતન્ય જે સ્વરૂપ છે, તેને જાણનારને જાણ્યો નથી. તેથી મિથ્યાશ્રદ્ધામાં આવા વિકાર થાય તેને તે ઓળખી શકતો નથી. આહાહા..! આકરી વાત છે, ભગવાન!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કંઈ દયા પાળવી, વ્રત પાળવા એ અહીં નથી. પરની દયા તો પાળી શકતો નથી. એ તો પરદ્રવ્ય છે. એનું આયુષ્ય હોય તો જીવે, ન આયુષ્ય હોય તો મરે. આહાહા..! આ ડોક્ટર-બોક્ટર એને જીવાડે કે નહિ? એ જીવાડી શકે માટે આવ્યા નથી. એ તો જોવાના પ્રેમથી આવ્યા છે. આહાહા..! આ વસ્તુ... અહીં 'હેમંતકુમાર' નહોતા? 'હેમંતકુમાર'. ડોક્ટર હતા. એ આમ જરી કાંઈક કોઈકનું દવાનું કામ કરતા હતા. અહીં બે ત્રણ વાર આવ્યા હતા. ત્યાં બોલ્યા, મને કાંઈક થાય છે. એ ખુરશીએ બેઠા. ઉડી ગયા. દેહની સ્થિતિ પૂરી થાય તેને રોકવા કોઈ સમર્થ નથી. આહાહા..! જે સમયે, જે ક્ષેત્રે, જે વિધિએ, જે રીતે, જે પ્રકારે થવાનું છે એ નક્કી છે. એને ફેરવવા ઇન્દ્ર, જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. આહાહા..!

અહીં એ કહે છે. **'જેમાં (–જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિ...'** વાત શું કરે છે? જરી ઝીણી કરે છે. અંદરના વિકારના ભાવ, સૂક્ષ્મ વિકલ્પ ઊઠે. હું આત્મા છું એવો પણ એક વિકલ્પ ઊઠે એ પણ રાગ છે. આહાહા..! અને આ હું નથી. એવો ભાવ પણ એક રાગ છે. એવા રાગના, વિકારના ભાવને વાસ્તવિક ચૈતન્યતત્ત્વને જાણનાર, દેખનારનું જ્ઞાન નહિ હોવાથી જાણનાર દેખનાર ભગવાનઆત્મા એનાથી વિરુદ્ધભાવને તે ઓળખી શકતો નથી. આહાહા..! વાત તો બહુ સારી છે.

જેણે આત્માને જાણ્યો એ આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનો સાગર છે, અતીન્દ્રિય જ્ઞાન અને શાંતિના રસથી ભરેલો છે. એવું જેણે જાણ્યું તેને આતમજ્ઞાનમાં આત્માનો અતીન્દ્રિય સ્વાદ આવ્યા વિના રહે નહિ. અને અતીન્દ્રિય સ્વાદનો જ્યાં અભાવ છે ત્યાં સમજવું કે પ્રભુ ચૈતન્યપ્રત્યેનો તેને રસ નથી. એને પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગનો રસ છે. એ ઝીણા છે તેને ખાડામાં જેમ પડેલી વસ્તુ જોઈ શકે નહિ એમ મિથ્યાદૃષ્ટિ વિકારના ભાવનું નુકસાન શું છે અને કેટલો વિકાર કઈ જાતનો થાય છે એ જોઈ શકશે નહિ. આહાહા..! છે?

**'મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો...'** આહાહા..! દયાના રાગને પણ પોતાના લાભ માટે માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે રાગ એ ચૈતન્યનું સ્વરૂપ નથી. ચૈતન્ય ભગવાન તો જ્ઞાતાદૃષ્ટા ચૈતન્ય જ્ઞાયક છે. એને ન જોતાં રાગને એકલાને અસ્તિત્વ તરીકે જોવે છે. પણ જોતા એનું પણ વાસ્તવિક જ્ઞાન એ કરી શકતો નથી. કેમકે ચૈતન્યનું જ્ઞાન વાસ્તવિક નથી, તેથી આ રાગનો ભાગ છે કે નહિ? કે આ વિકલ્પ છે કે નહિ? આ રાગ છે કે નહિ? એ દોષ છે કે નહિ? એ નિર્દોષ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ ચૈતન્ય છે. એને ન જાણનારો, એનાથી વિરુદ્ધ દોષને પણ નહિ જાણી શકે. આહાહા..! આ સમજાય છે કાંઈ?

કારણ કે દોષને જાણે ક્યારે? કે નિર્દોષતત્ત્વ જણાણું હોય તો એની સાથે મેળ કરે તો જાણે. મેળ કોની સાથે કરવો? આખો દિ' સૂક્ષ્મ વિકાર અને દોષ જ થાય છે. સૂક્ષ્મ વિકલ્પ કર્યા જ કરે. આ કરું... આ કરું... આનું કરું... આ કરું... એ બધો રાગ છે, એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધો કષાય છે. કષાય એટલે કષ એટલે સંસાર, આય એટલે લાભ. કષાય એને કહીએ કે જેનાથી સંસાર રખડવાનો લાભ મળે. લાભ મળે, રખડવાનો. આહાહા..! પણ જેને આ આત્મા કષાય અને પુણ્ય-પાપના ભાવથી રહિત છે એની જેને ખબરું નથી, એ ખબર વિનાના પ્રાણી, તેની દશામાં વિકાર કેટલા અને કયે પ્રકારે થાય છે? એને વિકાર કહેવો કે નહિ? એની પણ એને ખબર નહિ પડે. આહાહા..!

પર જીવની દયા પાળવાનો ભાવ રાગ આવ્યો એ વિકાર છે. આહાહા..! પણ આત્માના જ્ઞાતાદૃષ્ટાના ભાન વિના એ રાગને નહિ જાણી શકે. એ જાણે કે મેં કાંઈક સારું કર્યું. મેં કાંઈક સારું કર્યું. આહાહા..! ખાડામાં પડેલાને જેમ ન જાણી શકે. મિથ્યાશ્રદ્ધાના અંધકારમાં વિકારની કઈ રીત અને કઈ જીત છે, વિકારનું ક્યા પ્રકારનું સ્વરૂપ છે... આહાહા..! એ નહિ જાણી શકે. બહુ સરસ વાત છે, લ્યો! ગાથા તો બહુ સારી આવી ગઈ.

મુમુક્ષુ :– ડોક્ટર સેવા કરે તો સારું કરે છે કે ખરાબ?

ઉત્તર :– સેવા-બેવા તો કોઈથી થઈ શકે નહિ. સેવા-બેવા કરવાનો ભાવ રાગ.

'ગાંધીજી' વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે દિ' કહ્યું હતું. (સંવત) ૧૯૯૫ની સાલ, 'રાજકોટ'. મેં કીધું પરની દયા પાળી શકું છું. આ પરવસ્તુ છે કે નહિ? તો એ ચીજ છે એ પોતાના કારણે ટકી છે કે પરને કારણે છે? એ પોતાને કારણે ટકે અને પોતાને કારણે બદલે. એને ઠેકાણે બીજો કહે કે હું એને બદલાવી દઉં... આહાહા..! એ તો મિથ્યાત્વ છે. ૧૯૯૫ની સાલમાં કહ્યું હતું.

મુમુક્ષુ :– કોઈ સેવા નહિ કરે પછી.

ઉત્તર :– કોણ કરતું હતું સેવા? સેવા કોઈ કરતું નથી, બાપુ! આહાહા..! શું કહીએ?

સૂક્ષ્મ વિકાર થાય. એને હજી ખબર નથી કે આ વિકાર છે અને આ નિર્વિકારી પ્રભુ છે. બે વચ્ચેનું ભેદજ્ઞાન નથી, બે વચ્ચેનો વિવેક નથી તે વિકારની સૂક્ષ્મતાના ભાવને નહિ જોઈ શકે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! અહીં તો જન્મ-મરણ રહિતની વાત છે. જેનાથી જન્મ-મરણ થાય, ભવ રખડે એ તો કીડી, કાગડા, કૂતરાના ભવમાં અનંતા ભવ કર્યા. અનંતા! અનાદિનો છે. તો અનાદિનો રહ્યો ક્યાં? મુક્તિ થઈ છે? જે ચણો કાચો હોય એ ઊગે. ચણ્યો કાચો હોય તો તુરાશ આપે અને ઊગે. એમ જો અજ્ઞાન હોય તો... આહાહા..! દુઃખને વેદે અને જન્મે. અને જે ચણો શેકાઈ ગયો એ મીઠાશ આપે અને ઊગે નહિ. એમ જે આત્માને આનંદનું ભાન થયું અને રાગાદિથી ભિન્ન કરીને સ્વરૂપને જાણ્યું એ આત્માને શેક્યો. એને આનંદ આવે અને પરિભ્રમણ કરે નહિ. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

અહીં તો શરીરને ૯૧ વર્ષ થયા. ૯૧. આ તો ૧૮ વર્ષથી માંડી છે. ૧૮ વર્ષની ઉંમરથી. દુકાન ઉપર હતા. અમારી દુકાન છે ને. 'પાલેજ'માં દુકાન છે. 'ભરુચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને? ત્યાં દુકાન છે. અત્યારે મોટી દુકાન છે. ત્યાં ૯ વર્ષ રહ્યો. પાંચ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષ તો મેં દુકાન ચલાવી. ૧૯૬૩ થી ૧૯૬૮. ૬૮માં છોડી દીધું. મોટી દુકાન છે ત્યાં. ૪૦ લાખ રૂપિયા છે. ૪ લાખની પેદાશ છે. 'પાલેજ'માં. એ દુકાન અમારી હતી. મારી એટલે કોઈની હતી નહિ. મફતની માની હતી. આહાહા..!

આમાં તો ખૂબી શું આવી? ભાઈ! કે જેને આ આત્મા અખંડાનંદમૂર્તિ પ્રભુ જાણવામાં આવ્યો નથી, તો એને જે રાગ સૂક્ષ્મ થાય, દ્વેષ સૂક્ષ્મ થાય, ક્રોધ, માન, માયા, લાભ સૂક્ષ્મ થાય (તેને) તે નહિ જાણી શકે.

મુમુક્ષુ :– મિથ્યાદર્શનને પણ નહિ જાણી શકે.

ઉત્તર :– એને મિથ્યાશ્રદ્ધાને લઈને થયું ને? અહીં ચૈતન્યનું ભાન ન થયું ત્યારે મિથ્યાશ્રદ્ધામાં રોકાઈ ગયો. મિથ્યાશ્રદ્ધા એટલે અંધકાર. એ અંધકારને લઈને એને વિકાર કોને કહેવો? ક્રોધ, માન, માયા, લોભ સૂક્ષ્મ કોને કહેવા? એને નહિ પારખી શકે. એ તો માનશે કે જાણે અમે આમ કર્યું. ફલાણું કર્યું, ઢીકણું કર્યું, માને બધું. વાત આવી છે, ભગવાન! આહાહા..! આ તો ૪૫ વર્ષથી અહીં 'સોનગઢ'માં ચાલે છે. અહીં આવ્યા ૪૫ વર્ષ થયા. ૪૫ વર્ષે આવ્યા હતા.

મુમુક્ષુ :– હજી ૪૫ વર્ષ ચાલશે.

ઉત્તર :– ૪૫ વર્ષ હવે ચાલે? હવે ૯૧ તો ચાલ્યા. ૯૧મું તો આ વૈશાખ સુદ ૨ બેઠું. 'મુંબઈ'. હવે આ ડોક્ટર જોવા આવ્યા છે શું છે અંદર. ત્યાં પણ આવ્યા હતા. 'કાંતિભાઈ'ને ત્યાં જોવા (આવ્યા હતા).

મુમુક્ષુ :– બે-ત્રણ વાર આવ્યા હતા.

ઉત્તર :– આવ્યા હતા ને બે-ત્રણવાર આવ્યા હતા. પણ હવે આવું સાંભળવાનો વખત ત્યાં નહોતો મળ્યો.

મુમુક્ષુ :– આજે સામેથી કહ્યું, મારે સાહેબનું વ્યાખ્યાન સાંભળવું છે.

ઉત્તર :– સારું કર્યું. હવે અહીં શું છે એ તો ખબર પડે. આહાહા..!

આમાં સૂક્ષ્મતા શું છે? કે ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને આનંદ (છે) એની જેને ખબર નથી એને મિથ્યા અંધકાર છે. પ્રકાશસ્વરૂપ પ્રભુ ઢંકાઈ ગયો છે. એનો અનુભવ નથી, આનંદનો સ્વાદ નથી. એ વસ્તુ મિથ્યાશ્રદ્ધાથી ઢંકાઈ ગઈ છે. તેથી તેને મિથ્યાશ્રદ્ધા દ્વારા અંદર સૂક્ષ્મ વિકાર ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ થાય તેને તે ઓળખી શકશે નહિ. એમાં પડ્યો માનશે કે અમે કાંઈક કરીએ છીએ અને અમે કાંઈક ચીજ છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો...'** આહાહા..! કપટરૂપી. સૂક્ષ્મ કપટ પણ કોને કહેવાય એની એને ખબર નહિ પડે. આહાહા..! સૂક્ષ્મ કપટ, સૂક્ષ્મ ક્રોધ અંદર થાય. અંદર જરી રાગ (ગોઠે), આત્મા ગોઠે નહિ, કઠણ લાગે એવા ભાવને પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં ક્રોધ કહે છે. આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્મળાનંદ નિર્વિકારીનો પિંડ પ્રભુ, એ જેને રુચે નહિ, પોષાય નહિ એને રાગમાં પ્રેમ અને રુચિ અને પોષાણ આવ્યું છે. અને તેથી તે રાગને નહિ જાણી શકે. એ મિથ્યા અંધકાર છે. સમ્યક્પ્રકાશ જાગ્યો નથી. સમ્યક્પ્રકાશ જો અંદરથી જાગે તો એને પણ હજી રાગાદિ હોય છે તો એ જાણે છે કે આ રાગ છે. હું નહિ. હજી વિકાર છે, દુઃખ છે. મારી ચીજ આનંદ ભિન્ન છે. એમ જ્ઞાની જ્ઞાનસ્વરૂપને જાણતા દોષને બરાબર જેટલો જેટલા પ્રમાણમાં થાય, તેટલા પ્રમાણમાં આત્માથી ભિન્ન એને જાણે. આહાહા..!

અજ્ઞાની... આહાહા..! ચૈતન્યની જાગતી જ્યોત ચૈતન્યસ્વરૂપ પ્રભુ! ચૈતન્યના પ્રકાશ વિના આ છે એ જાણે કોણ? શરીર કાંઈ જાણે છે કે હું શરીર છું? શરીરની સત્તાનું હોવાપણું જેની સત્તામાં જણાય છે એ જ્ઞાનસત્તા તે આત્મા છે. જેની સત્તામાં આ જણાય છે આ.. આ. આ... એ આ જણાતું નથી. એની સત્તા, જ્ઞાનની સત્તા ત્યાં જ્ઞાન જણાય છે. પણ એની એને ખબર નથી. એથી જાણે કે આ જાણું છું... આ જાણું છું. પણ એ જેના જ્ઞાન વિના આ છે એમ જાણે કોણ? આહાહા..! એવું જે પરનું જ્ઞાન પણ પોતાથી થાય છે. એ પરને લઈને નહિ. એવી સૂક્ષ્મતા, મિથ્યાત્વરૂપી ખાડામાં પડેલા જોઈ નહિ શકે. એ દાખલો આપ્યો છે ને?

**‘ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો...’** આહાહા..! માયામાં મિથ્યાત્વ વસે. આવે છે, ભાઈ! ક્યાંક શ્લોકમાં આવે છે. માયા, કપટ, કુટીલ. બહુ સૂક્ષ્મ માયા. એની માયાનું, કપટનું સ્વરૂપ જ એને ખ્યાલમાં ન આવે. આ માયા છે કે નહિ? આહાહા..! માયા વિનાનો પ્રભુ, એના જ્ઞાન વિના, એના પ્રકાશ વિના રાગને જાણનાર કોણ છે? એ જ્ઞાન કર્યું નથી તો જાણનાર રહેતો નથી. એ અંધકારમાં પડેલા... આહાહા..! સૂક્ષ્મ રાગ-દ્વેષને પણ જાણી શકતો નથી.

મુમુક્ષુ :– ઇન્દ્રિયો હોય તો જ્ઞાન થાય ને?

ઉત્તર :– ઇન્દ્રિય-ફિન્દ્રિય જડ કામ કરતી નથી. ઇન્દ્રિય ન હોય અને અંદર આત્મા જાણે છે. આ ઇન્દ્રિયથી જાણતો નથી. આ ઇન્દ્રિય તો જડ છે, માટી છે. ઇન્દ્રિયને પણ જાણનારો જુદો છે. આહાહા..! આવી વાતું છે. એમ જ્યાં સુધી ખબર નથી ત્યાં સુધી ઇન્દ્રિયથી જાણું, આનાથી જાણું એ મિથ્યાત્વ અંધકારના મોટા ખાડામાં પડ્યા છે. આહાહા..! જ્યાં સુધી ઇન્દ્રિયોથી પણ પાર છે. આ તો જડ–માટી છે. એ તો મહાણમાં રાખ થશે. ભગવાન ચૈતન્ય છે એ તો સત્તા નિત્ય છે, અનાદિ છે. એ સત્તા તો બીજે ચાલી જશે. હવે નથી જાણ્યો એ મિથ્યાદૃષ્ટિ ચોરાશીના અવતારમાં રખડશે. જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે એને કંઈ કદાચ રાગાદિ થોડા રહે તો એકાદ-બે ભવ કરે. પણ છતાં તેને જાણીને, રાગને જાણતા રાગ જણાય છે, એ જ્ઞાન આત્માને જાણતા રાગ જણાય છે એને વિશેષ ભવ હોય શકે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૧૩૪, શ્લોક-૧૮૨, ગાથા-૧૧૬, રવિવાર, જ્યેષ્ઠ સુદ ૧૧, તા.૨૫-૦૫-૮૦

'નિયમસાર' કળશ તો આપણે માયા સુધી આવી ગયો છે. પણ એ શ્લોકમાં સમજવાનું બહુ છે.

**'જેમાં (–જે ખાડામાં) સંતાઈ રહેલા...'** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્યરૂપી ભયંકર સર્પો. આહાહા..! એ **'દેખી શકાતા નથી...'** કોને? જેને **'મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો...'** ઊંડે ઊંડે જેને મિથ્યાત્વનો અંશ છે તેથી તે માયાના ખાડામાં પડ્યો છે. તેથી એને સૂક્ષ્મ દોષ શું છે અને ક્યાં મારો દોષ આવે છે એ પકડી શકતો નથી. સમજાય છે? એ શ્લોક પણ આવે છે. 'માયામાં મિથ્યાત્વ' અહીં તો મિથ્યાત્વમાં માયા કહે છે. ઓલી તો માયામાં મિથ્યાત્વ. અંદરમાં મિથ્યા અંધકાર, વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન અને ભાન નહિ હોવાથી મિથ્યા અંધકારથી માયાના ખાડામાં કેટલા દોષો કેવા ઝીણા સૂક્ષ્મ છે? ક્યા દોષમાં હું અટકું છું? અને ક્યા દોષ મને છે? એ જાણી શકતા નથી. આહાહા..! છે ને? એ કાલે કહ્યું હતું. ડૉક્ટર હતા. ... આહાહા..!

ભગવાન અનંતગુણનો સાગર એવો હોવા છતાં તેનાથી વિપરીત કોઈપણ અભિપ્રાયમાં મિથ્યાત્વ અંદર હો, તો મિથ્યાત્વરૂપી અંધકારથી માયારૂપી ખાડામાં કેટલા દોષ છે, કપટમાં ક્યાં ક્યાં દોષ છે? એ મિથ્યા અધંકારથી જાણી શકતા નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એ શ્લોક આવે છે. 'માયામાં મિથ્યાત્વ' ઘણા વાંચેલા એમાં આવ્યું હતું.

મુમુક્ષુ :– સજ્જાયમાળામાં છે.

ઉત્તર :– સજ્જાયમાળામાં આવે છે.

મુમુક્ષુ :– માયામાં મિથ્યાત્વ તે આવે છે.

ઉત્તર :– હા. સજ્જાયમાળામાં આવે છે. શ્વેતાંબરની સજ્જાયમાળા છે ને એમાં એ આવે છે. એ વાંચી છે ને. ચારેય વાંચી છે. એક-એક સજ્જાયમાળામાં ૨૫૦ સજ્જાય છે. દુકાન ઉપર ચારે વાંચી છે. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલમાં. માયામાં મિથ્યાત્વ. 'સાચામાં સમકિત વસે અને માયામાં મિથ્યાત્વ.' એમ એમાં આવે છે. સત્ય વસ્તુ હોય ત્યાં આગળ... આહાહા..! સત્યમાં સમકિત છે અને મિથ્યામાં માયા છે. અને માયાના ઊંડા ખાડામાં પડેલાને મને શું શું દોષો છે તેને તે મિથ્યા અંધકારથી જોઈ શકતો નથી. ઓહોહો..! કહ્યુંને?

**'ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો...'** **'મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો...'** અંધકાર મિથ્યાત્વને કીધું અને માયારૂપી ખાડો. આહાહા..! મહાન ખાડો પાછો. **'તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.'** આહાહા..! અંદરમાં સૂક્ષ્મ થોડું અભિમાન થઈ જાય અને અભિમાનમાં મિથ્યાત્વ આવી જાય એ ધ્યાન રાખવું જોઈએ, એમ કહે છે. કાંઈ જાણપણું કર્યું, કાંઈ આવડ્યું, કાંઈ પુસ્તક લખતા આવડ્યું, લખ્યા, એમાં શું વિશેષ દાળિયા થયા? એ શું નવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ છે? આહાહા..! એના ઉંડાણમાં એનું અભિમાન આવે અને બહાર પડવાનો ભાવ અંદર આવે (કે) કોઈ રીતે મને ઓળખે, એવો મિથ્યાત્વ અંધકાર અને માયાનો ખાડો ઊંડો છે. આહાહા..! બહુ સરસ વાત છે. તે દિ' સજ્જાયમાળામાં વાંચી હતી. 'સાચામાં સમકિત વસે અને માયામાં મિથ્યાત્વ' એવું આવે છે.

હવે આજે પછીનો શ્લોક છે.

**`वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः**
**किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थित।**
**बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः**
**परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः।।'**

**શ્લોકાર્થ :- 'વનચરના ભયથી...'** વનચર એટલે માણસ અને કાં જંગલના જનાવર. વાઘ, સિંહ, કાં ભીલ આદિ. એના **'ભયથી ભાગતી ચમરી ગાયનું પૂંછડું...'** આહાહા..! ચમરી ગાયનું પૂછડું... આહાહા..! ચમરી ગાયના પૂછડાને દેરાસરમાં રાખે. દેરાસરમાં રાખે. શ્વેતાંબરમાં દેરાસરમાં ચમરી ગાયના મોટા ચામર હોય. આહાહા..! એ ચમરી ગાયનું પૂછડું છે. **'ભયથી ભાગતી...'** આહાહા..! **'દૈવયોગે...'** કહે છે, ભાગતી હતી ભીલ અને સિંહના ભયથી. એમાં **'દૈવયોગે...'** આહાહા..! **'વેલમાં ગુંચવાઈ જતાં...'** વેલમાં એના પૂંછના વાળ ઘૂંચાણા. આહા..! વેલડી વેલડી. દોડતી-દોડતી પાછળ. સિંહ અને વાઘ કાં ભીલ. દોડતી દોડતી ક્યાંક એવા જાળમાં એના વાળ ગુંચવાઈ ગયા. વાળ બહુ ઊંચા હોય છે. આહાહા..!

**'દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતાં જડતાને લીધે...'** પાછું ભાન નથી કે હવે એટલા વાળ ભલે ગુંચવાણા. ખેંચીને તોડીને વયા જાય, એટલા વાળ તૂટીને ચાલ્યા જવાય પણ એટલું ભાન ન મળે. આહાહા..! મારા વાળ તૂટી જશે... મારા વાળ તૂટી જશે. પણ મારી નાખશે. આહાહા..! **'જડતાને લીધે...'** એને ભાન ન મળે. **'વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે)...'** આહાહા..! **'ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ,...'** થોડા વાળ વેલડીમાં પકડાણા. આમ વેલડી હોય, વનસ્પતિની વેલ આવે છે ને? એ ઘણી પાતળી, ઘણી સેંકડો ત્યાં વનમાં હોય. ઊંચી ચડેલી હોય અને એમાં વાળ ક્યાંક ગુંચવાઈ ગયા. એ વાળમાં ગુંચવાયેલાને... આહાહા..! **'(પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે)...'** આહાહા..! થોડા વાળ તૂટી જાય તો ત્યાં ક્યાં મરી જાય એમ હતું? આહાહા..! એમ આ જગતમાં... કહેશે.

**'ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ, અને અરેરે! તે ગાયને...'** કીધું ને? **'લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ, અને અરેરે!'** **'बत'** **'बत'** શબ્દ આવ્યો. ખેદ છે કે **'તે ગાયને વનચર વડે પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી!'** થોડા વાળના લોભને લઈને ઊભેલી વનચરે મારી નાખી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! થોડા વાળના પોતાના પ્રેમને લઈને કે આ વાળ તૂટી જશે એને ખાતર પ્રાણ ગુમાવ્યા. ભીલ, સિંહ, વાઘ ખાઈ ગયો. આહાહા..! **‘(અર્થાત્ તે ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા!)’** આહાહા..! હવે એ તો દૃષ્ટાંત કહ્યો.

**‘જેમને તૃષ્ણા પરિણમી છે...’** હવે સિદ્ધાંત (કહે છે). **‘જેમને તૃષ્ણા પરિણમી છે...’** આહાહા..! તૃષ્ણા કોઈપણ ચીજની. એ તૃષ્ણા માનની, પૂજાની, પૂજાવાની, સ્ત્રીની, કુટુંબની કોઈપણ ઠેકાણે એની તૃષા અટકી ગઈ છે. આહાહા..! **‘જેમને તૃષ્ણા પરિણમી છે...’** લોભ-લોભ. આ લોભ છે ને. લોભ પરિણમી ગયો છે. ક્યાંક... ક્યાંક... ક્યાંક.. અટકી ગયો છે. આહાહા..!

મુમુક્ષુ :– વાણિયાનો મૂળ ધર્મ છે લોભ.

ઉત્તર :– વાણિયાનો શું? લોભિયા વાણિયા કહેવાય એમ? આ તો હજી એથી આગળ ધર્મના નામે પણ ઊંડે ઊંડે તૃષ્ણા પોતાની આબરૂની, નામ રાખવાની, મને કોઈ બહારમાં ઓળખે... આહાહા..! એવી તૃષ્ણાનો અંદર ખાડો પડ્યો છે. ત્યાં પકડાય ગયો છે, કહે છે. આહાહા..! આકરી વાત છે. કાંઈપણ પોતાના સ્વાર્થની અંદરમાં કોઈપણ ઠેકાણે સૂક્ષ્મ કે સ્થૂળ અટકવાના સાધનમાં ત્યાં અટકી જાય છે. આહા..! લોભી તૃષ્ણા પરિણત, જે તૃષ્ણા પરિણત... આહાહા..! મમતાથી પરિણત, એ કોઈપણ સ્થુળ ને સૂક્ષ્મ કષાયમાં ત્યાં પકડાય જાય છે અને ત્યાંથી આત્માના પ્રાણ નાશ કરે છે. આહાહા..!

**‘તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.’** પ્રાયઃ કેમ કીધું? બધાને એવું ન હોય એમ. કોઈકને બીજું દુઃખ હોય, કોઈને કોઈ હોય... આહાહા..! ક્યાંક બીજે લાભ લેવા જાય, કોઈક બાણ મારે, કોઈકે તલવાર મારી. આહાહા..! જુઓને! હમણાં અહીં થયું નહિ? બીજા ... હતા. જનતાનો માણસ હતો. શું કહેવાય આ? ‘ઈન્દિરા’. ‘ઈન્દિરા’ના પક્ષનો માણસ હતો. ત્યાં ઓલો જનતાનો માણસ આમ આવ્યો. આવો આવો એમ કરીને પછી છરી મારી દીધી. મારી નાખ્યો. આહાહા..! ઊંડે ઊંડે એને મારો દેશ... મારો દેશ... આહાહા..! ક્યાં દેશ હતો ને ક્યાં ઘર હતા? આત્માનો રાગ નથી ત્યાં વળી દેશ ક્યાં આવ્યા? આહાહા..! શુભ અને અશુભરાગ એ પણ આત્માની ચીજ નથી. તે પણ સૂક્ષ્મ લોભ... આહાહા..! અને તે પહેલો દ્વેષ જાય છે પછી રાગ જાય છે. લોભ છે ને? દસમે રાગ છે. દ્વેષ પહેલો જાય છે. પણ રાગ, તૃષ્ણા, લોભની વાત બહુ સૂક્ષ્મ. એ ચૈતન્યને કયે ઠેકાણે લોભી, તૃષ્ણામાં પરિણમેલો અટક્યો છે એ એને જોતા નથી આવડતું. આહાહા..! એ કહે છે.

**‘જેમને તૃષ્ણા પરિણમી છે...’** એકલા પૈસા જ એમ કાંઈ નહિ. એકલી બાયડી-છોકરા નહિ. ત્યાગી થયેલો પણ એમાં તૃષ્ણા પરિણમીને ક્યાં અટક્યો છે? આહાહા..! મને કોઈ ઓળખે, મને આગળ પાડે અને હું ધર્મી છું એમ કોઈ જાણે. એવી ઊંડી તૃષ્ણા જેને પરિણમી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- માત્ર મોક્ષની અભિલાષા રહે.

ઉત્તર :- મોક્ષની અભિલાષા એ ઇચ્છા છે. છતાં ત્યાં 'શ્રીમદ્દે' કહ્યું 'માત્ર મોક્ષ અભિલાષ.' છતાં એ મોક્ષની અભિલાષ એ ઇચ્છા છે. એ ઇચ્છા તોડે તો મોક્ષ થાય. અભિલાષા રાખે તો મોક્ષ થાય નહિ. છતાં 'શ્રીમદ્દે' એમ કીધું, 'માત્ર મોક્ષ અભિલાષ.' આનંદની પૂર્ણ દશા સિવાય અંદર કોઈ ઇચ્છા ને આશા છે નહિ. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો, એની અતીન્દ્રિય આનંદની પૂર્ણતા સિવાય જેને કોઈ ભાવના છે નહિ, એને તૃષ્ણા નથી પરિણમી. એને લોભ નથી થયો. આહાહા..!

તૃષ્ણાના ઘણા પ્રકાર છે. કપડું પહેરવામાં પણ સરખું કેમ પહેરવું? અને લોકો સરખું કેમ દેખે? એ પણ અંદર એક તૃષ્ણા છે. આહાહા..! લોભના ઘણા પ્રકાર છે. એમાં સૂક્ષ્મ લોભ એને ક્યાં થાય છે એ એને પકડવો કઠણ પડે. આહાહા..! બાથરૂમ કરવા જાતા હશે. 'ગુલાબચંદ'.

**'જેમને તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ...'** એટલે શું? ગાયને મારી નાખી એવું કદાચ ન થાય. એથી પ્રાયઃ કહ્યું છે. પણ **'પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.'** ઘણું કરીને આવી જ વિપદાઓનો સંગ અને પરિચય થાય છે. એ દુઃખી પ્રાણી છે. લોભી પ્રાણી દુઃખી છે. ક્યાંકનો ક્યાંક, ક્યાંકનો ક્યાંક અટકી જાય છે. આહાહા..!

---

**'વળી (આ ૧૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'**

## શ્લોક-૧૮૨

(आर्या)

**क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव।**
**मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु।।१८२।।**

**[શ્લોકાર્થ :-] ક્રોધકષાયને ક્ષમાથી, માનકષાયને માર્દવથી જ, માયાને આર્જવની પ્રાપ્તિથી અને લોભકષાયને શૌચથી (-સંતોષથી) જીતો. ૧૮૨.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૧૮૨ ઉપર પ્રવચન

क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव।
मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु।।१८२।।

**શ્લોકાર્થ :-** **'ક્રોધકષાયને ક્ષમાથી,...'** શ્વેતાંબરમાં 'દશવૈકાલિક'માં આ શ્લોક આવે છે. થોડું સ્થૂળ હોય ને. સૂક્ષ્મમાં તત્ત્વની આખી... એ આખી ગાથા જ આ પ્રમાણે આવે છે. ક્રોધને ક્ષમાથી જીતવી, નિર્માનપણાથી માનને જીતવો, સરળપણાથી કપટને જીતવો, સંતોષથી લોભને જીતવો. આહાહા..! ભાષા તો સાદી પણ એના ભાવ ઓળખવા અને ટાળવા એ આકરી વાત છે, ભાઈ! આહાહા..! **'ક્રોધકષાયને ક્ષમાથી, માનકષાયને માર્દવથી...'** નિર્માન, નરમાશથી માનને જીતે. આહાહા..!

**'માયાને આર્જવની પ્રાપ્તિથી...'** સરળતા અને આર્જવ. માયાને સરળતાથી જીતે. સરળપણે કરે. માયા છોડવામાં સરળતા રાખે. **'અને લોભકષાયને શૌચથી (–સંતોષથી) જીતો.'** લોભને સંતોષથી જીતે. સંતોષ. મારો આનંદ મારો મારામાં છે. હું આનંદ છું. મારા આનંદને માટે કાંઈ કોઈ જરૂર નથી. તેમ અહીં આનંદમાં કાંઈ ખામી નથી. એ આનંદ મેળવવા માટે બાહ્ય પદાર્થની કોઈ અપેક્ષા નથી. એમ કહીને અંદરમાં આનંદનો સંતોષ રાખે તેને લોભ ન થાય. સંતોષ શેનો? આનંદનો સંતોષ, હોં! પાંચ પચીસ કરોડ રૂપિયા હોય અને પછી બે કરોડ રાખીને જાણે સંતોષ કરીએ છીએ. એ સંતોષ નથી. ૨૫ હજારની મૂડી હોય અને પછી ૧૦ હજારની. અરે..! ૨૫ હજારની મૂડી હોય ને પાંચ લાખની કરે. એ તો શાસ્ત્રમાં છે. પાંચ લાખનું .. પ્રતિજ્ઞા લે. છતાં સમકિતી હોય. છતાં એ તીવ્ર તૃષ્ણા છે એ ઘટાડી છે. મિથ્યાત્વ ટળી ગયું છે. એ પણ પોતાના ઘરમાં ૫૦ હજારની મૂડી હોય અને પ્રતિજ્ઞા કરે કે પાંચ લાખ ઉપર મને ખપે નહિ. તોપણ તે મિથ્યાત્વ નથી, તે વિરુદ્ધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? આ છે, શાસ્ત્રમાં લખાણ છે.

પ્રતિજ્ઞા કરનારો, સમકિતી, આતમજ્ઞાની કદાચિત મૂડી થોડી હોય છતાં જાજાની પ્રતિજ્ઞા કરે, છતાં તેને પ્રતિજ્ઞા ખોટી છે અને સમકિત નથી એમ નહિ. આહાહા..! અને અજ્ઞાની પ્રતિજ્ઞા આખી બધી કરે, આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ... પણ આત્મા ખપે નહિ એની એને ખબર નથી. આહાહા..! એ પુણ્ય-પાપ અધિકારમાં આવે છે ને? ચંડાળનો દીકરો કહે, કે આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ. એમ જે જીવ... આહાહા..! ત્યાં કહ્યું છે. ચંડાળનો દીકરો કહે, મારે આ ખપે.

એમ કેટલાક શુભરાગી જીવ અશુભરાગ આ ખપે નહિ. મારે બાયડી ખપે નહિ, મને.. પણ અંદરમાં રાગની એકત્તાબુદ્ધિ છે એને તો તોડ. બહારમાં આ ખપે નહિ.. આ ખપે

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. સમજાણું કાંઈ? બહારની પ્રતિજ્ઞા બધી લીધી. પાંચ લાખની મૂડી હોય અને પ્રતિજ્ઞા દસ લાખની લીધી. તોપણ અંતર સમ્યગ્દર્શન અને ભાન છે, તો એના તરફની તૃષ્ણા એને નથી. ફક્ત એટલી તૃષ્ણાની પ્રતિજ્ઞા લીધી. અજ્ઞાની... આહાહા..! મૂડી થોડી હોય તોપણ એની પ્રતિજ્ઞામાં એટલી જ રાખે. પણ અંતર ચૈતન્યના ભાન વિના એ અટકી ગયો કે આ પ્રતિજ્ઞા મેં કરી છે એ મારું વ્રત અને મારું તપ, એ મારું પચ્ચખાણ છે. એમ અજ્ઞાની... આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! મારગડા જીણા. જન્મ-મરણ રહિત થવાનો માર્ગ... આહાહા..! જન્મ-મરણ થાશે એ તો ક્યાં જન્મીને આવશે? મનુષ્યપણું તો ચાલ્યું જશે. ક્યાં જશે? આહાહા..!

મુમુક્ષુ :– અજ્ઞાનીને પ્રતિજ્ઞા લેવાથી મંદ કષાય તો થાય ને?

ઉત્તર :– એ મંદ કષાય થાય એ મિથ્યાત્વને લઈને જોર છે. આહાહા..! મિથ્યાત્વનું ત્યાં જોર છે. આહાહા..! એ રાગ મારો છે અને મેં રાગને ઘટાડ્યો છે, એવી માન્યતા એ મિથ્યાત્વ છે. ઝીણી વાત છે, ભગવાન! જ્ઞાની તો રાગના અંશને પણ મારો માનતા નથી. એને ઘટાડવું એ તો અંશ પણ મારી ચીજ નથી. પણ મારા ચારિત્રદોષને હું ઘટાડું છું. શ્રદ્ધા સમકિત દશામાં પણ ચારિત્રદોષને હું ઓછો કરું છું. દોષ તો માને છે. ઓછો કરવાની પ્રતિજ્ઞા કરું છું. મિથ્યાદૃષ્ટિને તો રાગ ઉપર જ લક્ષ છે. આહાહા..! રાગનો જ અંદર લોભ અને લોભી. ઊંડે આત્મા પ્રભુ ભગવાન, એ તો એક કોર પડ્યો રહ્યો છે. અને એ રમતુંમાં રાગમાં એણે કાંઈક ઘટાડ્યું, પ્રતિજ્ઞા કરી પણ એ બધું મિથ્યાત્વ છે. આહાહા..! છે?

## ગાથા–૧૧૬

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स।।११६।।**

**उत्कृष्टो यो बोधो ज्ञानं तस्यैवात्मनश्चित्तम्।**
**यो धरति मुनिर्नित्यं प्रायश्चित्तं भवेत्तस्य।।११६।।**

**अत्र शुद्धज्ञानस्वीकारवतः प्रायश्चित्तमित्युक्तम्।**

**उत्कृष्टो यो विशिष्टधर्मः स हि परमबोधः इत्यर्थः। बोधो ज्ञानं चित्तमित्यनर्थान्तरम्। अत एव तस्यैव परमधर्मिणो जीवस्य प्रायः प्रकर्षेण चित्तं। यः परमसंयमी नित्यं तादृशं चित्तं धत्ते, तस्य खलु निश्चयप्रायश्चित्तं भवतीति।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને**
**ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.**

**અન્વયાર્થ :–** [ तस्य एव आत्मनः ] તે જ (અનંતધર્મવાળા) આત્માનો [ यः ] જે [ उत्कृष्टः बोधः ] ઉત્કૃષ્ટ બોધ, [ ज्ञानम् ] જ્ઞાન અથવા [ चित्तम् ] ચિત્ત તેને [ यः मुनिः ] જે મુનિ [ नित्यं धरति ] નિત્ય ધારણ કરે છે, [ तस्य ] તેને [ प्रायश्चित्तम् भवेत् ] પ્રાયશ્ચિત્ત છે.

**ટીકા :–** અહીં, 'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે' એમ કહ્યું છે.

ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે—એવો અર્થ છે. બોધ, જ્ઞાન, અને ચિત્ત જુદા પદાર્થો નથી. આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત્ત (-જ્ઞાન) છે. જે પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે, તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.

[ભાવાર્થ :– જીવ ધર્મી છે અને જ્ઞાનાદિક તેના ધર્મો છે. પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે. માટે સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે જ્ઞાન છે. જે પરમસંયમી આવા ચિત્તને (–પરમ જ્ઞાનસ્વભાવને) શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે.]

## ગાથા–૧૧૬ ઉપર પ્રવચન

હવે ૧૧૬–ગાથા.

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स।।११६।।**

નીચે હરિગીત.

**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને**
**ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.**

**ટીકા :- 'અહીં, શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને...'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનનો પિંડ છે, શુદ્ધ જ્ઞાનનો સાગર છે. સવારમાં આવ્યું હતું. એ શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને એ સિવાય કોઈ પણ ચીજનો સ્વીકાર જ્યાં નથી. આહાહા..! પોતાનો પ્રભુ, એકલું જ્ઞાન અને આનંદનું રૂપ અને એનું સ્વરૂપ જ છે. એનો સ્વભાવ અને સ્વ-રૂપ જ્ઞાન અને આનંદ વગેરે ગુણો અંદર ભેગા છે એવા **'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને...'** અશુદ્ધતાના રાગ અને પરની વાત તો છોડી દીધી છે. ફક્ત અંદર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પવિત્ર, એનો જેને સ્વીકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તે **'પ્રાયશ્ચિત્ત છે...'** તે ધર્મ છે. આહાહા..!

**'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને...'** જ્ઞાનમૂર્તિ પ્રભુ શુદ્ધ છે, પવિત્ર છે, અનાકુળ આનંદનો રસકંદ છે. એવા શુદ્ધ જ્ઞાન અને આનંદવાળા સહિતનો જેનો અંતરમાં સ્વીકાર છે. આહાહા..! બસ! એ પ્રાયશ્ચિત્ત છે. એ આખા સંસારમાં એણે પ્રાયશ્ચિત્ત કર્યું. અલ્પજ્ઞાનને પણ આદરવાનો નહિ, રાગને નહિ. પરને નહિ, રાગને નહિ, અલ્પજ્ઞાન પણ નહિ. આહાહા..! આ 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્ય' કહે છે, મેં મારે માટે બનાવ્યું છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે. આહાહા..! એમાં આ વાત છે.

શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ અંદર પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી રહિત, અલ્પજ્ઞપણું પણ જ્યાં નથી, જ્યાં પૂર્ણ સર્વજ્ઞસ્વરૂપી છે... આહાહા..! શુદ્ધ જ્ઞાનનો સ્વીકાર. એ પોતે સર્વજ્ઞસ્વભાવ જ છે. આહાહા..! એના **'સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે એમ...'** શાસ્ત્રમાં ભગવાને **'કહ્યું છે.'** આહાહા..! બહારથી કરે, હાથ જોડે, આમ કરે, તેમ કરે એ બધી વાતો અનંત વાર કરી. અંતરમાં શુદ્ધ ચૈતન્યની પૂર્ણતા, શુદ્ધ ચૈતન્યનું દળ, એનો સ્વીકાર. પર્યાયનો પણ નહિ, રાગનો તો નહિ. સંયોગી નિમિત્ત પરચીજનો તો નહિ. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ જ્યાં સ્વીકાર નહિ. એના પ્રત્યેની ભક્તિના રાગનો પણ જ્યાં સ્વીકાર નહિ. એ ભક્તિના રાગને જાણનારી વર્તમાન પર્યાય એનો પણ જ્યાં સ્વીકાર નહિ. આહાહા..! 'દેવીલાલજી'! આવી વાતું છે, બાપુ! દુનિયાથી જુદી છે. આહાહા..!

એકલો ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ, ધ્રુવ શુદ્ધ સ્વરૂપ, નિત્ય શુદ્ધ સ્વરૂપ, એનો સ્વીકાર (થયો) એ પર્યાય. એનો સ્વીકાર એ પર્યાય. પણ પર્યાયનો સ્વીકાર પર્યાય એમ નહિ. આહાહા..! ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો... આચાર્ય મહારાજ કહે છે, કે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. હવે આ તો બધાને સાંભળવાનું મળ્યું, સાંભળો! આહાહા..! **'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને...'** ભણેલો અને જાણેલું આ ડૉક્ટરનું, વકીલાતનું, વેપારનું એ જ્ઞાન નથી. એ તો બધું કુજ્ઞાન છે. આહાહા..! એનો પણ જ્યાં સ્વીકાર નથી. મોટી પદવી મળે, દસ હજાર, વીસ હજારની પદવી મળે. એટલું ભણ્યો હોય. એ પણ કોઈ શુદ્ધ જ્ઞાન નથી. એ બધું અશુદ્ધ અને મલિન છે. આહાહા..!

ત્રિકાળી આત્મા શુદ્ધ સ્વરૂપી પર્યાયથી પણ પાર એવો જે ત્રિકાળી સ્વભાવ, તેનો સ્વીકાર, તેનો સત્કાર, તેનો આદર, એ ઉપાદેય, તે પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! બધા પાપનો છેદ કરનાર આ છે. પુણ્ય અને પાપનો છેદ કરનાર શુદ્ધ જ્ઞાનસ્વભાવનો સ્વીકાર એ પુણ્ય અને પાપનો છેદ કરનાર એ છે. આહાહા..! આવી વાત છે. જગતને આકરી પડે. દયા પાળવી, વ્રત પાળવા એવું તો આવતું નથી. ભાઈ! એ તો બધા વિકલ્પો છે, બાપુ! એ વસ્તુ નથી.

આ તો ચૈતન્યમૂર્તિ શુદ્ધ જ્ઞાનનો સ્વભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેમાં દેહરહિત, વાણીરહિત, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને જેમાં અલ્પજ્ઞપણું પણ નહિ. એ અલ્પજ્ઞપણામાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્રિકાળનો સ્વીકાર. અલ્પજ્ઞમાં અલ્પજ્ઞનો પણ સ્વીકાર નહીં. આહાહા..! એવો જે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સ્વીકાર કરવો એ તો પર્યાય છે. પણ કોનો સ્વીકાર? કે ત્રિકાળી ચીજનો. આહાહા..! એ ત્રિકાળી ચીજ શુદ્ધ છે એનો સ્વીકાર એ પર્યાય છે, અવસ્થા છે, એ પ્રાયશ્ચિત્ત છે, એ સંસારના છેદનું કારણ છે. આહાહા..!

અહીં તો જરી પાપ લાગ્યું પછી પ્રાયશ્ચિત્ત આપો. બે અપવાસ કરજો, ત્રણ અપવાસ કરજો. થઈ ગયું પ્રાયશ્ચિત્ત. ત્યાં ધૂળમાં પણ પ્રાયશ્ચિત્ત નથી. આહાહા..! પ્રાયશ્ચિત્ત બાપા! પ્રાયઃ આનો અર્થ હમણા કરશે. જુઓ! '**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે—**' આહાહા..! ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે. અંદર પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સ્વરૂપ, એની પ્રતીતિનો અનુભવ, એનો સ્વીકાર એ જ બોધ છે. એ પરમ બોધ છે. શાસ્ત્રનું સાધારણ જાણવું એ કાંઈ પરમ બોધ નથી. આહાહા..! સંસારની કળાને લાખ કળાને જાણે. શાસ્ત્રમાં ૭૨ કળા આવે છે ને? રાજકુમારો ૭૨ કળા શીખે. એ કોઈ ચીજ નથી, એ તો સંસાર છે. એ છે (પણ) સંસાર (છે). આહાહા..!

અહીં કહે છે, ઉત્કૃષ્ટ ત્રિકાળી જે ભગવાનઆત્મા અનાદિઅનંત સત્‌પણે રહેનાર, જેને કોઈ રાગની અપેક્ષા પણ નથી એવો જે પ્રભુ... આહાહા..! '**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ...**' ખાસ ધર્મ. ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ... આહાહા..! '**તે ખરેખર પરમ બોધ છે—**' એનું નામ પરમ બોધ છે. જ્ઞાનની પૂર્ણ શક્તિ, પૂર્ણ સ્વભાવ, એની જે પ્રતીત અને અનુભવ, એ પરમ બોધ છે. એને ઉત્કૃષ્ટ જ્ઞાન થયું છે. બીજા બધા ભણતરવાળાને જ્ઞાન થયા હોય, કે શાસ્ત્રના ભણતર અગિયાર અંગ એ જ્ઞાન, જ્ઞાન નહિ. આહાહા..! '**એવો અર્થ છે.**' છે?

'**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...**' જ્ઞાનધર્મ, ચૈતન્યમૂર્તિ. એવો જે આત્માનો ત્રિકાળી સ્વભાવ '**તે ખરેખર પરમ બોધ છે...**' એનું જ્ઞાન તે જ જ્ઞાન છે. બાકી બીજી ચીજનું જ્ઞાન તે જ્ઞાન છે જ નહિ. આહાહા..! લોકમાં ડાહ્યા ઘણા થાય છે ને. આ ડૉક્ટરો, વકીલો, બીજા પણ અનેક પ્રકારના આ ગુમડાના પટ્ટા બાંધવાના, કાપવાના, કાપીને આમ કરવાના ઘણા પ્રકારના હોય છે ને? આહાહા..! કાપડના વેપારી હોશિયાર હોય. ત્યાં 'આફ્રિકા'માં ગયા હતા ને? 'નાઈરોબી.' ૨૦-૨૦ લાખનું કાપડ. એક દુકાનમાં... શું કહેવાય લાકડાના ઘોડા? લાકડાના ઘોડા હોય ને? આ બાજુ, આ બાજુ અને આ બાજુ. ચારે કોર ૨૦-૨૦, ૨૫-૨૫ લાખનું કાપડ. એક એકને એવી મોટી દુકાનો. આપણા મુમુક્ષુ મોટા વેપારી છે. કરોડપતિ છે. આઠ જણા તો કરોડપતિ છે. જે મકાનમાં ઉતર્યા હતા એ મકાન પંદર લાખનું હતું. મકાન જ પંદર લાખનું. પણ એમાં થોભાય જાય બધા. આહાહા..! આપણને પૈસા મળ્યા, આપણે પૈસાવાળા. પૈસા તો જડ છે, ધૂળ છે. એનું જ્ઞાન એ પણ જ્ઞાન નહિ. આહાહા..! શરીરનું જ્ઞાન, વાણીનું જ્ઞાન, અરે..! શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..!

ત્યારે જ્ઞાન કોને કહેવું? '**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...**' આત્માનો. આત્માનો જે

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખાસ સ્વભાવ ધર્મ... આહાહા..! તે **'પરમબોધ છે—'** એનું નામ પરમજ્ઞાન છે. આહાહા..! એ જ્ઞાન પ્રાયશ્ચિત્ત છે, એ જ્ઞાન પાપ અને પુણ્યને છેદી નાખે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– સ્વસન્મુખનું જ્ઞાન...

ઉત્તર :– સ્વનો આદર થયો. એકલો સ્વનો જ આદર છે. પરમ બોધ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનો આદર એ પરમ બોધ છે. બાકી બીજા બધા શાસ્ત્રના જાણપણા અને બીજા લૌકિકના જાણપણા, મોટા વકીલો પાંચ-પાંચ હજાર લેતા હોય ને... આહાહા..! એ બધા બોધ નથી, એ જ્ઞાન નથી. એ તો બધું કુજ્ઞાન છે. આહાહા..!

પરમ બોધ તો એને કહીએ. ઉત્કૃષ્ટ ને વિશિષ્ટ એટલે ખાસ. પોતાનો જે ધર્મ જ્ઞાન તેનું જ્ઞાન તે પરમબોધ છે. પોતાની સત્તા, ચૈતન્ય સત્તા પૂર્ણ છે. અપૂર્ણ નથી, વિકૃત નથી. એવો પૂર્ણ પરમાત્મા પોતે, એવો જે જ્ઞાનસ્વભાવ આખો પૂર્ણ, તેનું જ્ઞાન તેને પરમ બોધ કહેવામાં આવે છે. તે જ્ઞાનને બોધ જ્ઞાન કહેવામાં આવે છે. બાકી બીજા તમારા મોટા મોટા કાપડના વેપારી, લાખોના કાપડ હોય એ કાંઈ હોશિયાર કહેવાતા નથી. આહા..! ત્યાં 'નાઈરોબી'માં એવી મોટી દુકાન, હોં! ૨૦-૨૦ લાખના કાપડ. મોટી દુકાન ઊંડે ઊંડે. આહાહા..! અને દરરોજની પેદાશ પણ ખરી. એક તો તમારે 'જેઠાભાઈ' ને? કોઈ એમ કહેતા હતા કે 'જેઠાભાઈ'એ ૯૦ લાખનો વેપાર કર્યો. ૯૦ લાખ પેદા થયા.

મુમુક્ષુ :– આપ મકાનમાં ઉતર્યા તો થાય જ ને.

ઉત્તર :– ધૂળ મકાન .. આવે કાંઈ. ૯૦ લાખનો વેપાર. કો'ક કહેતું હતું. ઇ બેઠા હતા. ૯૦ લાખની એને પેદાશ થઈ છે. ૯૦ લાખની એને પેદાશ થઈ છે. પણ હવે એ ત્યાં કાંઈ નહિ. પાછો વિરોધ કરે ને? શ્વેતાંબર લોકોના માણસોને બોલાય નહિ. પછી મને ખાનગી કહ્યું કે મારી પાસે એક કરોડની તો જમીન છે અને પાંચ કરોડ બીજા છે. એમ ખાનગી વાત કરી. વાત બહાર પાડે તો બીજાને ઈર્ષ્યા થાય અને દ્વેષ કરે. ૯૦ લાખનો ધંધો. ડબલ. જેટલી કિંમતનો માલ આવ્યો હતો એનાથી ડબલ કિંમત એમાંથી ઊપજી. કોઈક કાપડ-બાપડ હશે. ૨૫ રૂપિયાનું એક તો એ ૫૦માં લઈ ગયા. પણ એ જ્ઞાન કુજ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :– અનાજના દાણા તો આવે.

ઉત્તર :– દાણા એનાથી આવતા નથી. દાણા, દાણાને કારણે આવે. પૈસાને કારણે દાણા આવતા નથી. એ આકરી વાત છે, ભાઈ! દાણા પણ તત્ત્વ છે કે નહિ? અસ્તિ છે ને? તો સત્ છે, વસ્તુ છે તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ છે કે નહિ? ઉત્પાદવ્યયધ્રુવ શક્તિ હોય તો એની ઉત્પત્તિ જ્યાં જાવું હોય એની ઉત્પત્તિ એનાથી થાય છે. બીજો કહે, મારે માટે આ દાણો આવ્યો અને ફલાણું આવ્યું. એ બધું મિથ્યાત્વ ભ્રમ છે. આહાહા..! એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાપડ. કાપડમાં પણ ઉત્પાદવ્યયધ્રુવ છે કે નહિ આમાં? સત્ છે ને? અસ્તિ છે કે નહિ? કે નાસ્તિ છે? છે તો એ સત્ છે. સત્ છે તો એ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એ સત્ છે. નવી પર્યાય ઊપજે, જૂની પર્યાય નાશ થાય, સદૃશ્યપણું કાયમ રહે એ તો એનો સ્વભાવ છે. એ કાંઈ બીજાને કારણે ત્યાં ઉત્પન્ન થાય અને બીજાને માટે ત્યાં ઉત્પન્ન થઈને આવે એ વસ્તુ નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! વાત સાંભળવી મુશ્કેલી પડે એવું થઈ ગયું છે. આ શ્લોક બહુ સારો છે.

**'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...'** ખાસ ધર્મ તો આ જ્ઞાન. ધર્મી આત્મા, એનો ખાસ ધર્મ જ્ઞાન સ્વરૂપ. એ ખરેખર પરમ બોધ છે. એનું જ્ઞાન એ જ્ઞાન છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. મોટા ભણી ભણીને મોટા પૂછડા વળગાડ્યા હોય. આહાહા..! શું આ ઘણા વિદ્યામાં આવે છે ને? ઉદ્યોગનું શીખે છે, ફલાણું શીખે છે, ફલાણી કળામાં શીખે છે. એવું આવે છે નામ કાંઈક. તમારે શું બી.એસ.નું હતું? બી.એસ.માં હતું, ને એસ.બી.માં આમ છે, ઢીકણામાં આમ છે. એમાં ઉદ્યોગનું અંદર આવે છે ને ફલાણું આવે છે. આહાહા..! એ બધો કચરો છે. આહાહા..!

મુમુક્ષુ :– ડિગ્રી–ઉપાધિ એને કહે છે.

ઉત્તર :– ઉપાધિ જ છે. મોટા એલ.એલ.બી. અને એમ.એ.ની ઉપાધિ છે. આ ભગવાનઆત્મા... આહાહા..!

પહેલી તો એમ વાત કરી હતી, કે શુદ્ધ જ્ઞાનનો સ્વીકાર એ પ્રાયશ્ચિત્ત. હવે એને ખુલાસો કરે છે કે એ શુદ્ધ જ્ઞાન એટલે શું? કે જે ઉત્કૃષ્ટ એવો જે ખાસ આત્માનો જ્ઞાનસ્વભાવ. આત્મા અને આત્માનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, આત્મા જેમ ત્રિકાળી છે, તેમ તેનું જ્ઞાન ત્રિકાળી છે. આહાહા..! એવા ધર્મનો સ્વીકાર. તે ખરેખર પરમ બોધ (છે). એનું જ્ઞાન તે જ્ઞાન છે, બાકી થોથા છે. દુનિયાના ડાહ્યા, દુનિયાની બધી મોટી મોટી વાતું કરે, કાપડનું આમ થાય, ઢીકણાનું આમ થાય, મિલ કરો તો આમ થાય, સંચા ઉપર કરો તો આમ થાય, કારખાના કરે તો આમ થાય. એ બધા જ્ઞાન કુજ્ઞાન છે. આહાહા..!

**'ઉત્કૃષ્ટ...'** બે બોલ લીધા. પહેલા તો એ લીધું, કે **'શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે...'** શુદ્ધ જ્ઞાન ત્રિકાળી તેનો સ્વીકાર એનું નામ પ્રાયશ્ચિત્ત. એટલે ધર્મ, એટલે મોક્ષનો માર્ગ. હવે કહે છે, કે એ શું? કે **'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ...'** આત્માનો ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ, જ્ઞાન, આનંદ. અહીં તો જ્ઞાનને લેવું છે. એવો જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ આત્માનો, જેમાં આત્મા ત્રિકાળ છે, એમ તેનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એવો જે ધર્મ, તે ખરેખર, એનું જ્ઞાન તે જ ખરેખર પરમ જ્ઞાન છે. આહાહા..! એ આત્માનું જ્ઞાન એ જ પરમજ્ઞાન છે એમ કહે છે. બાકી થોથા છે.

મુમુક્ષુ :– થોથા એમ લખ્યું નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– થોથા નથી લખ્યું, મોટા મીંડા લખ્યા છે. આહાહા..!

દેહમાં ચૈતન્યમૂર્તિ પ્રભુ ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ–ખાસ. એવો જે ધર્મ–જ્ઞાન, એનું જે જ્ઞાન **'તે ખરેખર પરમ બોધ છે–એવો અર્થ છે.'** આહાહા..! એ ચૈતન્યમૂર્તિ છે. ચૈતન્ય સ્વભાવ છે. એ શક્તિરૂપે પણ ત્રિકાળને જાણે એવો એનો સ્વભાવ છે. એવો ત્રિકાળને જાણે એવો સ્વભાવ શક્તિરૂપે છે એને પર્યાયમાં સ્વીકાર કરવો અને એનું જ્ઞાન કરવું, એનું નામ પરમ બોધ અને પરમ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! બાકી આમ એલ.એલ.બી. થાય અને એમ.એ. થાય. એ બધા પૂછડા કુજ્ઞાનના છે. કુજ્ઞાનના પૂછડા છે. કોઈ વકીલ પોતાની બુદ્ધિથી એક દિવસના પાંચ હજાર લેતા હોય તો એ બુદ્ધિ નથી એ કુબુદ્ધિ છે. આહાહા..! આવી વાત છે. કહો, 'હીરાલાલજી'! આહા..! કાપડ આમ હોય, ૨૦-૨૫ લાખના કાપડ (હોય અને) દુકાને બેઠો હોય. ગ્રાહક એવા આવે. ત્યાં ડબલની પેદાશ થાય એવા પણ આવે ત્યાં. ડબલ પેદાશ. કીધું ને. એક દિવસ માલ આવ્યો તો ૯૦ લાખ પેદા થયા. એ આવ્યો હતો એથી ડબલ. એવા પણ ત્યાં 'નાઈરોબી'માં વેપાર છે. આહાહા..! એમાં શું પણ? એ કાંઈ જ્ઞાન છે? એ કાંઈ બોધ છે? એ કાંઈ આત્માના હિતનું જ્ઞાન છે? આહાહા..!

આત્માના હિતનું જ્ઞાન તો, પ્રભુ! ઉત્કૃષ્ટ જે ચૈતન્ય ખાસ જેનો ધર્મ છે, ખાસ જેનો સ્વભાવ છે... આહાહા..! ચેતનનો ચૈતન્યસ્વભાવ, તેનું જ્ઞાન. આહાહા..! ચેતનદ્રવ્ય, તેનો ચૈતન્યગુણ, તેનું જ્ઞાન તે પરમ બોધ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય આવી ગયા. ચેતન ઉત્કૃષ્ટભૂત કીધું ને? ઉત્કૃષ્ટ એ ચૈતન્ય. આહાહા..! એમાં વિશિષ્ટ–ખાસ એટલે ચૈતન્ય સ્વભાવ. ખરેખર તેનું જ્ઞાન તે પરમ બોધ છે. આહાહા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય આવી ગયા. દ્રવ્ય ત્રિકાળી પ્રભુ, એનું જ્ઞાન પણ ત્રિકાળી, પરમ બોધ ઉત્કૃષ્ટ, તેનું જ્ઞાન તે પરમ બોધ છે. તેનું જ્ઞાન એટલે એને પરમ બોધ કહેવામાં આવે છે. બીજું જ્ઞાન ઓછું-વત્તુ હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ ભરેલો, તેનું જેને જ્ઞાન (થયું), જ્ઞાની આત્મા, તેનો ખાસ ધર્મ જ્ઞાન, ખાસ ધર્મ, એનું જેને જ્ઞાન (થયું) તે પરમ બોધ છે. આહાહા..! આખું બધું ઉડાડી દીધું. દુનિયાની આ વાત, ડહાપણ... આહાહા..!

મુમુક્ષુ :– ... બધું ઉડાડી દીધું.

ઉત્તર :– આહાહા..! અહીં ક્યાં ખામી છે? કહે છે કે અહીં ક્યાં ખામી છે તે બીજાના જ્ઞાનથી તને જ્ઞાન કહેવું. આહાહા..! આ ક્યાં અધુરો છે કે બીજાના જ્ઞાનથી તને જ્ઞાન કહેવું? આહાહા..! ઉત્કૃષ્ટ કીધું ને?

પહેલું કીધું **'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે'** આહાહા..! હવે એની વ્યાખ્યા કરી, કે શુદ્ધ જ્ઞાન **'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ...'** ધર્મ છે. આહાહા..! ઉત્કૃષ્ટ એવો આત્માનો સ્વભાવ છે. ચૈતન્ય આત્મા, ઉત્કૃષ્ટ ચૈતન્યનું જ્ઞાન એનો સ્વભાવ છે. આહાહા..! તેને ખરેખર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને જેણે જાણ્યો તેને ખરેખર પરમ બોધ, પરમ જ્ઞાન, સાચું જ્ઞાન, સત્ય જ્ઞાન તેને કહેવામાં આવે છે. આહાહા..! અત્યારે તો જ્યાં હોય ત્યાં વાડામાં વાતું (આ કરે કે) વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. થઈ રહ્યું, મરીને જાવ પછી રખડવા. આહાહા..!

આ ભગવાનઆત્મા અંદર... બધા ભગવાન છે અંદર, હોં! દેહમાં બિરાજતા પ્રભુ છે. કહે છે, એ ચેતનનું જે ચૈતન્ય ઉત્કૃષ્ટ બોધ–ખાસ ધર્મ એનો. ચેતનનો ખાસ ધર્મ જ્ઞાન. બધા કરતાં (ખાસ ધર્મ). આહાહા..! ચેતનસ્વરૂપ ભગવાન.. પણ કોઈ દિ' સાંભળ્યું ન હોય એ વળી ચૈતન્ય કેવો હશે અને ક્યાં હશે? આ બધાને જે જાણે છે એ જાણનાર ચીજથી જુદો છે. બીજા બધાને જે જાણે છે એ જાણનારની સત્તા બીજા બધાથી ભિન્ન છે. અરે..! રાગને જાણે છે તો રાગની સત્તાથી ભગવાન ભિન્ન છે. દયા-દાનના રાગને પણ જાણનાર જ્ઞાન છે. એ જ્ઞાન પણ રાગથી ભિન્ન છે. તેથી અહીં ઉત્કૃષ્ટ–વિશિષ્ટ–ખાસ ધર્મ. આહાહા..! કીધું ને?

**'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...'** જ્ઞાન. તેનું જ્ઞાન **'તે ખરેખર પરમ બોધ છે.'** આહાહા..! વાત આવી છે, ભાઈ! વાત તો બહુ સારી આવી છે. પણ એને રુચિમાં લેવી જોઈએ. આહાહા..! પોષાણ, પોહાણ. પોષવાનું. વાણિયાને પોસાય એવો માલ લેતા હશે ને? વાણિયાને પોસાય એવો માલ લે ને. અઢી રૂપિયાનું મણ હોય અને અહીં સવા બે ઊપજે એ માલ લે? અઢી રૂપિયાનું મણ અને ત્રણ ઊપજતા હોય તો માલ લે. એમ આ પોસાણ છે. આમાં લાભ માનતો હોય તો આને માને કે આમાં લાભ છે. દયા, દાન, દાન, વ્રત ને રાગ અને પુણ્યમાં લાભ નથી એ તો નુકસાન છે. સંસાર છે, રાગ છે, વિકાર છે. આહાહા..!

પોતાનો **'વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે–એવો અર્થ છે. બોધ, જ્ઞાન, અને ચિત્ત જુદા પદાર્થો નથી.'** જોયું? બોધ કહો, જ્ઞાન કહો કે ચિત્ત કહો. ચિત્ત એટલે ઓલું મન નહિ. ચિત્ત એટલે જ્ઞાન. આત્માના અંતર સ્વભાવને ત્રિકાળીને બોધ કહો, જ્ઞાન કહો, ચિત્ત કહો. આહાહા..! એ ત્રણે કોઈ જુદા પદાર્થ નથી. એકના ત્રણ નામ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળી ધ્રુવ, એ એના ત્રણ નામ છે. વસ્તુ ત્રણ નથી. ત્રણ નામ એના છે. આહાહા..! આવો ઉપદેશ છે. કઈ જાતનો આવો ઉપદેશ? આમાં શું કરવું એ તો સૂઝતું નથી કાંઈ. કરવાનું શું? આ કરવાનું નહિ? ઉત્કૃષ્ટ પરમ ધર્મ આત્મજ્ઞાન, તેની પ્રતીતિ અને તેની સન્મુખ થઈને તેનું જ્ઞાન (કરવું) એ ચિત્ત છે. આહાહા..!

**'આમ હોવાથી જ...'** **'બોધ, જ્ઞાન અને ચિત્ત જુદા પદાર્થો નથી. આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને...'** આહાહા..! તે પરમધર્મી જીવને જેણે આત્માનો બોધ કર્યો, જ્ઞાનનું જ્ઞાન કર્યું. જ્ઞાન જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, તેનું જેણે જ્ઞાન કર્યું એવો જે ધર્મી. પરમધર્મી. આહાહા..! એવા જીવને **'પ્રાયઃ ચિત્ત છે...'** એના પાપ છેદાય જાય છે. જેણે અંદર આત્માનો ઉત્કૃષ્ટ બોધ કર્યો... આહાહા..! એની પર્યાયમાં જ્યાં અંદર આનંદના વેણલા વાયા, ત્યાં

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગાદિનો નાશ થઈ જાય છે, પ્રાયશ્ચિત્ત થઈ જાય છે. આહાહા..! આવી વાત છે. 'પ્રવિણભાઈ'! ક્યાંય મળે એવી નથી. આહાહા..! આકરી લાગે એવી છે. આ શું કહે છે પણ આવું તે? આ બધું કરવું, ફરવું થાય. આખો દિ' મંદિર કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, લાખો-કરોડો રૂપિયા ખરચવા. ગમે તે ખર્ચે ને. કીધું ને? 'નાઈરોબી' હમણા કહ્યું ને? આ પોષ મહિનામાં 'નાઈરોબી' 'આફ્રિકા' ગયા હતા ને? ૬૦ લાખ ભેગા કર્યા. ૬૦ લાખ. ૧૫ લાખ તો પહેલા મંદિર માટે હશે અને ૪૫ લાખ હું હતો ને ભેગા થયા. ૨૬ દિવસમાં ૪૫ લાખનો ખરડો. બધા કરોડોપતિ. ચોખ્ખી વાત, બાપુ! તારા કરોડો ખર્ચી નાખને. આરસપહાણની હજારો પેટીઓ આવી હતી. ભગવાનની વેદી પ્રતિષ્ઠા થઈ ગઈ. એ પત્થર બરાબર આવી ગયેલા. એ સિવાય... આ શું કહેવાય? થાંભલા ને એ બધું ઘણું બાકી છે. તો હજારો સેંકડો શું કહેવાય એ? પેટીઓ. લાકડાની પેટી પડી હતી. પણ બધાને એમ કે બાપુ! આ વાત છે એ છે. એ થાય છે એને કારણે. એમાં એનો ભાવ હોય તો શુભ છે. એને શુભનું જ્ઞાન તે જ્ઞાન નહિ. આહાહા..! એ જ્ઞાન ઉત્કૃષ્ટ આત્માનું જ્ઞાન તેનું જ્ઞાન... આહાહા..! એ શુભને જાણે એ જ્ઞાન ત્યાં અટકેલું છે. આહાહા..! શુભરાગ તો ધર્મ નહિ, શુભરાગ તો ધર્મ નહિ પણ શુભને જાણે તે જ્ઞાન નહિ. જ્ઞાન અંદર ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ, એને જાણે. આહાહા..!

**'આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત્ત (–જ્ઞાન) છે.'** લ્યો! પ્રકૃષ્ટપણે એટલે એને જ્ઞાન છે. એને પર્યાયમાં જ્ઞાન ખીલ્યું તે જ્ઞાન છે. પરનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! **'પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે,...'** જે સાચા સંયમી મુનિ છે એ નિત્ય આવા જ્ઞાનને ધારણ કરે છે. આહાહા..! એ પંચ મહાવ્રતના વિકલ્પ આવે એને ધારણ કરતા નથી. આહાહા..! **'પરમસંયમી એવા ચિત્તને...'** એટલે જ્ઞાનને **'નિત્ય ધારણ કરે છે,...'** નિત્ય ધારણ કરે છે. એક સમય પણ એનો આંતરો નથી. કોઈ વખતે મહાવ્રત પાળે અને કોઈ વખતે આત્માનું જ્ઞાન (કરે, એમ નથી). આહાહા..! **'નિત્ય ધારણ કરે છે, તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.'** લ્યો! તેને ખરેખર સંસારનો છેદ છે. એને સંસાર રહેતો નથી. એને આત્મા... વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૩૫, શ્લોક-૧૮૩-૧૮૫, ગાથા-૧૧૬-૧૧૭, સોમવાર, જ્યેષ્ઠ સુદ ૧૨, તા.૨૬-૦૫-૧૯૮૦

---

'નિયમસાર' ૧૧૬–ગાથાનો અર્થ ચાલે છે. ફરીને લઈએ. ૧૧૬.

**ટીકા :- 'અહીં, 'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે' એમ કહ્યું છે.'** મૂળ તો આખો સિદ્ધાંત ટૂંકો તો એવો છે, કે જેટલો સ્વઆશ્રય તેટલો ધર્મ અને જેટલો પરાશ્રય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેટલો અધર્મ. આ બહુ ટૂંકુ છે. આહાહા..! ઓલું વળી પરથી ખસ અને વશ એ વળી. અહીં તો સ્વ ચૈતન્યસ્વરૂપ જે છે, જ્ઞાનાનંદ અનંતગુણનો ભંડાર, એનો જેટલો આશ્રય, તેટલો ધર્મ. અને એનાથી જેટલો પરદ્રવ્યનો આશ્રય એટલો સંસાર, એટલો અધર્મ. આમ ટૂંકી વાત છે. આહાહા..! જેને કલ્યાણ કરવું છે એણે સ્વનો આશ્રય લેવો પડશે. બીજી બધી લાખ વાત હોય. આહાહા..! ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસ્વભાવી...

અહીં કહે છે ને? **'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત...'** એટલે ધર્મ. પાપના છેદનવાળો ધર્મ. આહાહા..! શુદ્ધ જ્ઞાનનો સ્વીકાર એટલે એ આશ્રય. એ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એનો સ્વીકાર ને આશ્રય, એ જ પ્રાયશ્ચિત્ત એટલે ધર્મ છે. આહાહા..! **'એમ કહ્યું છે.'** ભગવાને એમ કહ્યું છે. **'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...'** ઉત્કૃષ્ટ એવો ખાસ જે જ્ઞાન ધર્મ **'તે ખરેખર પરમ બોધ છે—'** આહાહા..! એવો એનો અર્થ છે. તે ખરેખર પરમ બોધ છે. આહાહા..!

**'બોધ, જ્ઞાન અને ચિત્ત જુદા પદાર્થો નથી.'** જ્ઞાન કહો, બોધ કહો કે ચિત્ત એટલે જ્ઞાન. ચિદ જ્ઞાન. ત્રણેનો એક જ અર્થ છે. **'આમ હોવાથી...'** આ કારણે **'તે જ પરમધર્મી જીવને...'** આહાહા..! જેણે શુદ્ધ સ્વસ્વભાવનો સ્વીકાર કર્યો છે એવા પરમધર્મી જીવને... આહાહા..! **'પ્રાયઃ ચિત્ત છે...'** એટલે કે પર્યાયમાં એકલું ચિત્ત–જ્ઞાન જ છે. જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે એની પર્યાયમાં એ છે. આહાહા..! પ્રાયશ્ચિત્ત એ તો પર્યાય છે. શુદ્ધ જ્ઞાન એ તો ત્રિકાળ છે. અને સ્વીકાર થાય એ પ્રાયશ્ચિત્ત છે, એ તો પર્યાય છે.

અહીં પ્રાયશ્ચિત્ત એટલે **'પ્રકૃષ્ટપણે ચિત્ત (–જ્ઞાન)...'** એ વર્તમાન પર્યાય છે. આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપ દેહના રજકણોથી, દેહના પરમાણુઓથી તદ્દન ભિન્ન ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે એનું જ્ઞાન, એ પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! **'પ્રકૃષ્ટપણે ચિત્ત (–જ્ઞાન) છે.'** તે પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! અહીં તો પરમાં દોડાદોડ (કરે અને) એમાં ધર્મ માનવો. **'જે પરમસંયમી...'** જેનો આત્મા પોતાના સ્વમાં લીન છે. ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ, તેનો સ્વીકાર કરીને તેમાં લીન છે એવા **'પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે,...'** એવા ચિત્તને એટલે એકાગ્રતા. જ્ઞાન અને બોધ જે સ્વરૂપ છે, તેની એકાગ્રતાનું તે ધ્યાન કરે છે, તે ધારણ કરે છે. આહાહા..! **'તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.'** એને અંતરમાં નિર્મળાનંદની દશા (પ્રગટ થાય છે). જેને બોધ અને આવું તત્ત્વ જે છે એનો જેણે આશ્રય લીધો, એનો સ્વીકાર કર્યો એની પર્યાયમાં પ્રાયશ્ચિત્ત છે એટલે સંસારના છેદનની દશા છે. આહાહા..! આમાં બહારનું શું કરવું એ તો કાંઈ આવ્યું નહિ. અહીં તો કહે છે, કે બહાર નીકળ્યો. સ્વના આશ્રયથી બહાર જ્યાં આવ્યો, કોઈપણ.. આહાહા..! ભલે ઉપદેશમાં કે લખવામાં (આવ્યો) એ વિકલ્પ છે. પરાશ્રિત એટલો સંસાર છે. આહાહા..! 'નિયમસાર'માં તો કહ્યું છે ને શુભજોગ એ ઘોર સંસાર છે. આહાહા..!

**'જે પરમસંયમી એવા ચિત્તને...'** એવા ચિત્તને એટલે શુદ્ધ પ્રકૃષ્ટપણે જ્ઞાન આનંદ એવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચિત્તને નિત્ય ધારણ કરે છે. એટલે કે આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ, તેમાં નિત્ય રમે છે તે પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! વ્યવહારવાળાને નિશ્ચય લાગે. છતાં કહેશે, નિશ્ચય અને વ્યવહાર બેય.

**'ભાવાર્થ :– જીવ ધર્મી છે...'** એટલે વસ્તુ છે. ભગવાન ધર્મી છે, એના જ્ઞાન-દર્શન-આનંદના ધર્મને ધરનારો છે. આહાહા..! **'અને જ્ઞાનાદિક તેના ધર્મો છે.'** જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ એના ગુણો–ધર્મ છે. ધર્મનો ધર્મી એ અને એ ધર્મીનો આ ધર્મ. આહાહા..! **'પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે.'** પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ એવો જીવનો ઉત્કૃષ્ટ વિશેષ ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલો. **'માટે સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે...'** સ્વભાવ અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃચિત્ત છે. **'અર્થાત્ પ્રકૃષ્ટપણે જ્ઞાન છે.'** વસ્તુ એ છે અને એનો આશ્રય કરે તો જ્ઞાન પ્રાયઃ ચિત્ત છે.

**'જે પરમસંયમી આવા ચિત્તને...'** એટલે કે જ્ઞાનસ્વભાવને શ્રદ્ધે છે. આહાહા..! દશ્યમાં શરીર, દેખવામાં શરીર, દેખવામાં ઇન્દ્રિયો... આહાહા..! એને છોડીને દેખનારને દેખવો, જાણનારને જાણવો એ જ જ્ઞાનસ્વભાવને શ્રદ્ધે છે. આહાહા..! **'અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે.'** આહાહા..! પ્રાયશ્ચિત્ત એટલે ધર્મ. તેને ધર્મ છે. તેને મોક્ષનો માર્ગ છે. તેને સંસારના પંથનો અંત આવવાની સ્થિતિ છે. આહાહા..!

---

**'[હવે ૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૧૮૩

(शालिनी)

यः शुद्धात्मज्ञानसंभावनात्मा
प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।
निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं
वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम्।।१८३।।

**[શ્લોકાર્થ :–] આ લોકમાં જે (મુનીંદ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ. જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું. ૧૮૩.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૮૩ ઉપર પ્રવચન

**यः शुद्धात्मज्ञानसंभावनात्मा**
**प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।**
**निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं**
**वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम्।।१८३।।**

ટીકાકાર 'પદ્મપ્રભમલધારિ' મુનિ કહે છે, કે **'આ લોકમાં જે (મુનીંદ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે,...'** અહીં ભાવના આવી. શુદ્ધાત્મા જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, તેની સમ્યક્-સાચી ભાવનાવંત છે. આહાહા..! એટલે કે ધારી રાખ્યું છે કે આ શુદ્ધાત્મા છે, એમ નહિ. આહાહા..! એ **'શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્...'** સાચી ભાવના છે, એકાગ્રતા છે. આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એમાં જે એકાગ્રતાનો આનંદ છે... આહાહા..! તેને અહીંયાં ધર્મ અને પ્રાયશ્ચિત્ત કહે છે. આહાહા..! આ લોકોને એકાંત લાગે છે. વ્યવહાર કાંઈ આવતો નથી. પણ વ્યવહાર બધો પરાશ્રય છે. અને વ્યવહાર પરાશ્રિત છે તો બંધનું જ કારણ છે. ચાહે તો ત્રણલોકના નાથની ભક્તિ હો કે એની વાણી સાંભળતા હો પણ પરાશ્રિત છે એ બધો રાગ છે. આહાહા..! સ્વઆશ્રયે સ્વઅવલંબન, પરનું અવલંબન છોડી અને સ્વ અવલંબન કરવું એ નિશ્ચયધર્મ છે. પ્રાયશ્ચિત્ત કહો કે ધર્મ કહો. આહાહા..!

**'આ લોકમાં જે (મુનીંદ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવના...'** એકલો આત્મા નથી લીધો. શુદ્ધાત્મજ્ઞાન, શુદ્ધાત્મસ્વરૂપ, એની જે **'સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ. જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યા છે...'** આહાહા..! મુનિની દશા તો અલૌકિક છે. આહાહા..! **'જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે...'** એ વ્યવહારથી કથન છે. અંદર સ્વરૂપમાં રમે છે એટલે ઉદય આવતો નથી, ટળી જાય છે. **'એવા તે મુનીંદ્રને...'** મુનિ પોતે કહે છે કે **'એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે...'** જુઓ! આવ્યું આમાં. ... પેલા કહેતા ને કે જુઓ! અહીંયાં ભગવાનના ગુણની લબ્ધિ માટે વંદે છે. પણ એ તો વિકલ્પ છે. વિકલ્પથી કથન છે. આહાહા..! **'એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે...'** ભાવનામાં એ છે. પણ છે વિકલ્પ. તેને **'નિત્ય વંદું છું.'** નિત્ય વંદું છું. આહાહા..! એનો અર્થ હું મારા સ્વરૂપમાં જ એકાગ્ર છું. આહાહા..!

**'જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે...'** તેના જે આનંદ, શાંતિ, વીતરાગતા એવા ગુણો છે, તેની **'પ્રાપ્તિ અર્થે હું નિત્ય વંદું છું.'** આહાહા..! નિત્ય વંદું છું એનો અર્થ શું થયો? કે મારા સ્વરૂપમાં નિત્ય એકાગ્રતા કાયમ છે. એમ એ કહે છે. બહારમાં નિત્ય વંદવા જાય તો બહારમાં વિકલ્પ જાય. નિત્ય બહાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજા મુનિને વંદવાનો તો વિકલ્પ છે. આહાહા..! અહીં તો કહે છે, કે **'હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય...'** નિત્ય મારો સ્વભાવ ભગવાનઆત્મા, તેમાં હું નિત્ય વર્તું છું, તેને વંદન કરું છું, તેનો સ્વીકાર કરીને તેમાં સ્થિર થાવ છું. એનું નામ અહીંયાં પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! આમાં વ્રત ને અપવાસ કરવા એ કે દિ' આવશે? ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિર બનાવવા.

મુમુક્ષુ :– એ તો બની ગયા.

ઉત્તર :– બની ગયા. હજી બને છે ને? 'આફ્રિકા'માં મોટુ મંદિર બને છે. ૬૦ લાખ રૂપિયા ભેગા કર્યા છે. છતાં ત્યાં આની આ જ વાત કરી હતી. વાત કાંઈ બીજી છે નહિ. અહીં તો આ છે. પણ ત્યાં વાંચનારા છે. એક 'ઝવેરચંદભાઈ' છે. છ-સાત ભાઈઓ કરોડપતિ છે. ઘણા કરોડપતિ છે. બીજા એક 'વાલજીભાઈ'? 'વેલજીભાઈ'. 'વેલજીભાઈ' છે. સાધારણ નોકરી છે પણ છતાં ઘણો પ્રેમ અને ઘણો રસ. વાંચે તો લોકોને બહુ પસંદ પડે છે. એટલે 'આફ્રિકા'માં અહીં જેવું ચાલે એવું ત્યાં ચાલે છે. એમ નહિ કે 'આફ્રિકા' અનાર્ય દેશ છે એટલે... ૨૫-૩૦ વર્ષથી ચાલે છે. આહાહા..!

**'એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું.'** ૧૧૭.

મુમુક્ષુ :– એક મુનિ બીજા મુનિને વંદે છે...

ઉત્તર :– એ વ્યવહારની વાતું. એક મુનિને બીજા મુનિને વંદન કરવા એનો અર્થ કે હું મારા સ્વરૂપમાં લીન થાઉં. એ મુનીંદ્ર અને હું મુનીંદ્ર. આહાહા..! મુનીંદ્ર પોતે જેણે આત્માને મૌનપણે રાગથી અને વિકલ્પથી પણ મૌનપણે જેણે અંદર સાધ્યો છે. આહાહા..! એમાં જે વંદન એકાગ્ર થાય એ જ વંદન છે. આહાહા..! એક ગુરુને વંદન છે, બીજા મુનિનું. આહાહા..! કેમકે એ બીજા મુનિ પણ એના સ્વભાવના ગુણનો આદર કરીને રમે છે. હું પણ સ્વભાવના ગુણનો આદર કરીને રમું છું. એટલે હું તો તેના ગુણની પ્રાપ્તિ એટલે અહીં જે ગુણ છે તેની પ્રાપ્તિને માટે નિત્ય વંદું છું. નિત્ય. એક સમય પણ ખાલી નથી. એનો અર્થ શું થયો? પરમાં જાય તો વિકલ્પ છે. આહાહા..!

મારો નાથ નિત્ય પ્રભુ ચૈતન્ય અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની પ્રભુતાથી ભરેલો ભગવાન ગુણનો સાગર, સ્વભાવની શક્તિનો ભંડાર, એમાં મારું વલણ એકાગ્રતાનું છે. આહાહા..! એ જ ગુણની પ્રાપ્તિનું કારણ છે. આહાહા..! સંપ્રદાયમાં આવી વાત મળે નહિ એટલે પછી માણસોને એવું થાય કે આ કાંઈક નવો ધર્મ કાઢ્યો આણે? નવો ધર્મ (નથી).

મુમુક્ષુ :– આ તો આચાર્ય પોતે કહે છે.

ઉત્તર :– નવો ધર્મ ક્યાં છે? બાપા! આ તો અનાદિની વાત છે. શાસ્ત્ર બોલે છે કોણ આ? આહા..! વાંચ્યા નથી, સાંભળવા નથી અને સાંભળીને દરકાર કરવી નથી. પછી નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયાભાસ કરીને વ્યવહાર વ્યવહાર કરો એનાથી હળવે હળવે થાશે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં પણ હમણાં આવશે. ઓલી કોર આવશે. નિશ્ચય અને વ્યવહારસ્વરૂપ પરમ તપશ્ચરણ. આવે છે ને? એનો અર્થ કરશું.

# ગાથા-૧૧૭

किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।
पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ।।११७।।

किं बहुना भणितेन तु वरतपश्चरणं महर्षीणां सर्वम्।
प्रायश्चित्तं जानीह्यनेककर्मणां क्षयहेतुः।।११७।।

इह हि परमतपश्चरणनिरतपरमजिनयोगीश्वराणां निश्चयप्रायश्चित्तम्। एवं समस्ताचरणानां परमाचरणमित्युक्तम्।

बहुभिरसत्प्रलापैरलमलम्। पुनः सर्वं निश्चयव्यवहारात्मकपरमतपश्चरणात्मकं परमजिनयोगीनामासंसारप्रतिबद्धद्रव्यभावकर्मणां निरवशेषेण विनाशकारणं शुद्धनिश्चयप्रायश्चित्तमिति हे शिष्य त्वं जानीहि।

---

બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,
નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.

અન્વયાર્થ :- [ बहुना ] બહુ [ भणितेन तु ] કહેવાથી [ किम् ] શું? [ अनेककर्मणाम् ] અનેક કર્મોના [ क्षयहेतुः ] ક્ષયનો હેતુ એવું જે [ महर्षीणाम् ] મહર્ષિઓનું [ वरतपश्चरणम् ] ઉત્તમ તપશ્ચરણ [ सर्वम् ] તે બધું [ प्रायश्चित्तं जानीहि ] પ્રાયશ્ચિત્ત જાણ.

ટીકા :- અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે; એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.

બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ, બસ થાઓ. નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણાત્મક એવું જે પરમ જિનયોગીઓને અનાદિ સંસારથી બંધાયેલા દ્રવ્યભાવકર્મોના નિરવશેષ વિનાશનું કારણ તે બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## ગાથા-૧૧૭ ઉપર પ્રવચન

૧૧૭.

**किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।**
**पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ।।११७।।**

**બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.**

ઋષિરાજની તપસ્યા એટલે તપન, ગુણને તપાવે-પ્રગટ કરે. ગુણની પર્યાયને પ્રગટ કરે તે કર્મના નાશનો હેતુ છે. એ તપસ્યા છે. જ્ઞાન વિના અપવાસ કરે, સમકિત વિના કરે એ બધી લાંઘણું છે, લાંઘણ. આહાહા..! અર્થ આવશે.

**'ટીકા :- અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન...'** પરમ તપશ્ચરણની વ્યાખ્યા છે ને? એકલી તપસ્યા શબ્દ નથી. પરમ તપશ્ચરણ એટલે કે આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત, ચારિત્રમાં પણ ઉગ્ર પુરુષાર્થ. પ્રતપન ઇત તપઃ. જેમ સોનું ગેરુથી ઓપતા શોભે છે. એમ પ્રભુ પૂર્ણ પુરુષાર્થથી ચારિત્રસહિતને પૂર્ણ પુરુષાર્થે ઓપે છે, શોભે છે, ગુણની પર્યાય વધે છે એને અહીંયાં તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ તો એક જ વાત કહો છો કે આત્માની સન્મુખ થા એનું નામ ધર્મ.

ઉત્તર :- પણ વાત તો એક જ કીધી. પહેલા તો કીધી. સ્વઆશ્રય ધર્મ અને પરઆશ્રય અધર્મ. વીતરાગનો આખો મહાસિદ્ધાંત. અનંત તીર્થંકરોનું આ કથન. જે આત્મા વસ્તુ નિર્મળાનંદ શુદ્ધ છે તેનો જેટલો આશ્રય અને અવલંબન તેટલો ધર્મ. અને એને છોડીને જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય... આહાહા..! ચાહે તો અક્ષરો લખતો હોય તોપણ એ પરાવલંબી બંધનું કારણ છે. આહાહા..! ટીકા કરતા પણ બંધનું જ કારણ છે. એ વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :- ટીકાનો અર્થ કરવો અને સંભાળવવું ઇ?

ઉત્તર :- એ કરવો એ વિકલ્પ છે. આહાહા..! રાગ છે, બાપુ! મારગડા જુદા. મારગડા તો સમજીને અંદરમાં સમાય જાવું. બહારમાં ભપકા-બપકામાં ક્યાંય પડવું નહિ. બહારના ભપકા એની વાતમાં ક્યાંય ન પડવું. આહાહા..! કહો, 'દેવીલાલજી'!

ભગવાન પરમાનંદમૂર્તિ, બસ! તેનો સ્વીકાર કરી, અનુભવ કરી તેમાં ઠરવું, સ્વઆશ્રયમાં રહેવું એ ધર્મ છે. જેટલો સ્વઆશ્રય છોડીને પરાશ્રય જશે, તેટલું બંધન અને આવરણ છે. એમ ત્રણકાળના તીર્થંકરોનો એક અવાજ છે. આહાહા..! બહુ આકરી વાત, ભાઈ! આ બધા સૌ કરે છે ને. ચૌવિહાર કરે, વ્રત કરે, તપ કરે, સવારમાં દાતણ કરીને ણમો અરિહંતાણં,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ણમો સિદ્ધાણં (બોલે), પગે લાગે. કોઈ સૂર્યને પગે લાગે. સૂર્યમાં ભગવાનની પ્રતિમા છે. સૂર્યમાં ભગવાન છે ને? આહાહા..! 'ભરત' ચક્રવર્તી પણ પગે લાગતા.

મુમુક્ષુ :– અહીંયાં ક્યાં દેખાય છે?

ઉત્તર :– અહીં તો દેખાય નહિ, એને દેખાય છે. એને દેખાય છે એટલું પુણ્ય અંદર લાવ્યા છે. પોતાના મહેલમાં... દેવે મહેલ બનાવ્યા. ત્યાં ઊભા ઊભા સૂર્યની અંદર દેખે. આહાહા..! એ ચર્ચા હમણા આવી છે. કે આવી વાતું તમે શું માનો છો? એવી આંખનું એટલું તેજ હોય અને એટલું ... આ તો અલૌકિક વાતું છે, બાપુ! એમાં ભરત એટલે ભગવાનના પુત્ર અને સમકિતી, જ્ઞાની ચરમશરીરી. પહેલા જ ૠષભદેવ ભગવાનના શરૂઆતમાં ભરત થયા. આહાહા..! એક તો ચક્રવર્તી અને એક સમકિતી. એની આંખના તેજ એવા હતા. અમસ્તો પણ ઇન્દ્રિયનો વિષય આવે છે ને? કે આટલું જોઈ શકે એવું આવે છે. આંખ આટલું જોઈ શકે. એટલો વિષય એને ખીલી ગયેલો છે. એમાં શું? એ કાંઈ નવી નથી. આહાહા..! આમ સૂર્ય હોય ત્યાં અંદર નજર પડે. નજરની નિર્મળતા... આહાહા..!

જેની નિર્મળતા નજરના નિધાનમાં, આત્મામાં પડી છે. ચક્રવર્તી જેવા પુરુષને એની નજરું બહારમાં ત્યાં જાય એ કાંઈ વિશેષતા નથી. આહાહા..! હમણા એની ચર્ચા ચાલી છે. કે આમ આંખને જોવે, આમ ફલાણું કરે. ભાઈ! તમારું કામ નહિ. આ તો અલૌકિક અગમ્ય વાતું છે. અગમ્ય વાતુંના મેળ શું છે એ કઠણ છે. ભાઈ! બહારથી તમારી શૈલીથી તેના તર્ક કરીને ઊભા રહેશો એ નહિ ચાલે. આહાહા..! વીતરાગની શૈલીથી જુઓ. આહાહા..! એ કહ્યું ને?

**'અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન...'** પરમ તપશ્ચરણ. આનંદસ્વરૂપ ભગવાન. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉત્કૃષ્ટ સ્વાદ. આહાહા..! પ્રભુ આત્મા તો અતીન્દ્રિય આનંદનું દળ છે ને, પ્રભુ! તું એ અતીન્દ્રિય આનંદનો પિંડ છો. રાગ તો નહિ પણ અલ્પજ્ઞપણું નહિ. એવો જે પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એમાં જે દૃષ્ટિ કરીને લીન છે તે પરમ તપશ્ચરણમાં લીન કહેવાય છે. આહાહા..! કહો, આ પકડાય છે કે નહિ? આવી ઝીણી વાત છે. આ 'કલકતા'માં ક્યાંય મળે એવું નથી. ત્યાં તો ધૂળ મળે ધૂળ.

મુમુક્ષુ :– એ પણ ભાગ્યમાં હોય તો.

ઉત્તર :– એ પુણ્ય હોય તો. પુણ્ય હોય તો પૈસા મળે. આહાહા..! ભાઈએ તો એમ કહ્યું છે ને. 'હુકમચંદજી'. કે પૂર્વના પુણ્ય હોય તો મળે પણ એ પૈસો પોતે પાપ છે. કેમકે પરિગ્રહ છે. ચૌદ અભ્યંતર પરિગ્રહ, દસ બાહ્ય પરિગ્રહ. દસ પરિગ્રહમાં એ પૈસો છે. તો જેમ ચોવીસ પ્રકારના પરિગ્રહ પાપ છે, તો એ પૈસો એ પાપ છે. આહાહા..! મળ્યું પુણ્યથી પણ છે પાપ. આહાહા..! પર ચીજ છે ને? સ્વ ક્યાં છે એ? આહાહા..! સંપ્રદાયના આગ્રહી હોય અને પહેલાવહેલા સાંભળે એને તો એવું લાગે કે અરે..! આ શું આવું કહે છે? આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહે છે?

**'અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન...'** પરમ તપશ્ચરણ. તપન્તે ઇતિ તપઃ. આત્મા આનંદગુણથી તપે એટલે શોભે, વધે... આહાહા..! અતીન્દ્રિય આનંદની પર્યાયમાં વૃદ્ધિ પામે એને અહીંયાં તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..! **'પરમ જિનયોગીશ્વરોને...'** એવા **'પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે;...'** એને ખરેખર સંસારના છેદનનો ભાવ ઉત્પન્ન થયો છે. આહાહા..! ઓલો તો એમ કહે, કે ભાઈ! પચાસ હજાર અહીં ખર્ચો, લાખ અહીં ખર્ચો. જાવ તમારે આમ થાશે. તક્તી લગાવો કે આમણે આટલા પૈસા આપ્યા છે. નામ તો રહે. આત્મા ક્યાં રહ્યો ત્યાં? આહાહા..! 'લક્ષ્મીચંદભાઈ'એ ત્યાં પ્રતિમા તો પ્રતિમા પધરાવી. 'લક્ષ્મીચંદ' નરમ માણસ છે. કરોડપતિ છે. ૭૦-૮૦ લાખ હશે. સાડા પાંચ લાખ રૂપિયા આપીને એક પ્રતિમા પધરાવી. મૂળ.. મૂળ શું કહેવાય એ? મૂળનાયક. મૂળનાયકની પ્રતિમા સાડા પાંચ લાખ. બહુ લાંબી વાત નહિ. ઓલો કહે લાખ, ઓલો કહે બે લાખ, ઓલો કહે અઢી લાખ, પાંચ લાખ, સાડા પાંચ લાખ. એવું ટૂંકુ ટચ. સાડા પાંચ લાખની એક જ પ્રતિમા, હોં! આખુ મંદિર જુદું, બીજી પ્રતિમાઓ જુદી. આહાહા..!

મુમુક્ષુ :– આપ પુણ્યના વખાણ તો કરો છો.

ઉત્તર :– એ પુણ્યનું ફળ આવ્યું છે એણે આ વાપર્યું એટલી વાત કરવાની છે. એનો શુભભાવ છે. એવા પરદેશમાં પણ સાડા પાંચ લાખ આપીને, એટલો શુભભાવ છે ને? તો એ શુભભાવ કાંઈ ધર્મ નથી. એ તો ચોખ્ખી વાત છે. એ તો પરાશ્રય છે. આહાહા..!

અહીં કહે છે, કે **'એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં...'** આ લ્યો ઠીક. પરમ આચરણ છે એમ કહ્યું છે. **'નિશ્ચયપ્રાયશ્ચિત્ત...'** આહાહા..! વર્તમાન પર્યાય એનો સ્વામી દ્રવ્ય એને જેણે પકડ્યો છે. આહાહા..! વર્તમાન નિર્મળ પર્યાયથી જેણે પર્યાયવાન દ્રવ્યને પકડ્યો છે એમાં સ્થિર થયા છે એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. સમસ્ત આચરણોમાં બધા લાખ-કરોડ આચરણ કરતા હોય પણ એમાં પરમઆચરણ આ છે એમ તીર્થંકરોએ કહ્યું છે. છે? **'એમ કહ્યું છે.'** આહાહા..!

**'બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ,...'** કહે છે... આહાહા..! શું કહીએ? અસત્ જે-તે વાતું ચાલે. સ્વનો આશ્રય મૂકીને બીજી વાતું ચાલે, એવી અસત્ કલ્પનાથી શું કરીએ? આહાહા..! બસ થાઓ. અસત્ કલ્પનાથી બસ થાઓ... બસ થાઓ... અલમ્. **'નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણાત્મક...'** બે લાવ્યા. વ્યવહારે અપવાસાદિ છે, નિશ્ચય અંદરમાં સ્થિરતા છે. ઓલું નિમિત્તમાત્ર લીધું અને આ ઉપાદાન, શુદ્ધ ઉપાદાન લીધું. નિમિત્તનું જ્ઞાન સાથે કરાવ્યું. નિશ્ચય અને વ્યવહારસ્વરૂપ. નિશ્ચય સ્વઆશ્રય. વ્યવહારમાં પરાશ્રયનો વિકલ્પ જે આવ્યો તે. એમાં **'પરમ તપશ્ચરણાત્મક એવું જે પરમ જિનયોગીઓને...'** આહાહા..! ખરેખર તો એ નિશ્ચય વ્યવહારનો એટલે વિકલ્પરહિત, નિર્વિકલ્પદશામાં એ લીન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ '**પરમ જિનયોગીઓને અનાદિ સંસારથી બંધાયેલા...**' આહાહા..! '**દ્રવ્યભાવકર્મોના નિરવશેષ વિનાશનું કારણ...**' આહાહા..! કાંઈ બાકી રાખ્યા વિના નાશનું કારણ છે. કર્મનો કોઈપણ અંશ બાકી રાખ્યા વિના, આત્માના આનંદની ઉગ્ર દશામાં રમતા... આહાહા..! એકદમ મુક્તિ (પામે) અને કર્મનો એક અંશ પણ ન રહે. નિરવશેષ–કાંઈ બાકી ન રહે. એના '**વિનાશનું કારણ...**' એવા કર્મના નાશનું કારણ '**તે બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.**' મુનિ પોતે કહે છે, લ્યો! '**હે શિષ્ય! તું જાણ.**' આ જાણ... આ જાણ... એમ કહે છે. હે શિષ્ય! બધું મુકીને આ જાણ. એમ કહે છે. બધી વ્યવહાર-બ્યવહારની વાતું, વ્યવહારથી કાંઈ સાધન કહ્યું હોય એ બધી વાતુંમાંથી આ જાણ. કરવા જેવું આ છે અને આ જ મોક્ષનું કારણ છે. આહાહા..! '**હે શિષ્ય! તું જાણ.**' શું જાણ? કે સંસારના નાશનું કારણ શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. પહેલા બે ભેગા લીધા હતા.

'**નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણાત્મક એવું જે પરમ જિનયોગીઓને અનાદિ સંસારથી બંધાયેલાં દ્રવ્યભાવકર્મોના નિરવશેષ વિનાશનું...**' બાકી રાખ્યા વિના વિનાશનું કારણ. '**તે બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે...**' આહાહા..! વ્યવહારને ત્યાં રાખ્યો હતો એને અહીં કાઢી નાખ્યો. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. એકલું નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. '**એમ, હે શિષ્ય! તું જાણ.**' આહાહા..! નવરાશ ક્યાં છે? અને નવરાશ મળે તો સંપ્રદાયમાં પકડાય ગયા હોય. આવી વાત કાને પડે તો કહે, નહિ, એ તો નિશ્ચયની વાત કરે છે, એ તો એકાંત વાત છે. એકાંત છે... એકાંત છે... જાઓ! છે તો એકાંત. નય જ એક અંશને સ્વીકારે છે. શુદ્ધ નિશ્ચયનો વિષય તો એકાંત શુદ્ધ પરમાત્મા જ છે. આહાહા..! અનેકાંતમાં પણ એકાંત સમ્યક્ એ એક નય છે. આહાહા..! સ્વરૂપની અંદર... ભલે તને દેખાતું ન હોય, પણ નથી દેખાતું એવું અંદર કોણ છે એ? નથી દેખાતું એવું કોણ કહે છે? કોણ જાણે છે? હું દેખાતો નથી એમ કોણ જાણે છે? આહાહા..! એ પોતે જાણનારો કહે છે કે હું મને જાણતો નથી. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદનો નાથ સાગર છે એ તો. હે શિષ્ય! નિશ્ચય પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ આ છે એમ જાણ. કોઈ દોષ લાગ્યો ને ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લીધું, એને કાંઈ નિશ્ચયપ્રાયશ્ચિત્ત ન જાણ. એ વ્યવહાર વચ્ચે આવે. એ છોડવા છોડવા. આહાહા..! આવી વાત છે. સંપ્રદાયમાં સાંભળવા મળે નહિ. અને આ મળે તો કહે, આ તે જૈનધર્મ આવો હશે? આપણા સંપ્રદાયમાં આવું ક્યાંય સંભળાતું નથી. સ્થાનકવાસીમાં કહે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો એ આવે. કંદમૂળ ન ખાવા, છ પરબી બ્રહ્મચર્ય પાળવું. દેરાવાસીમાં ભક્તિ કરો, મંદિર બનાવો, જાત્રા કરો એ આવે. અહીં કહે છે કે એ બધું રાગ અને ક્રિયા સંસાર છે. આહાહા..! આકરી વાત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'[હવે આ ૧૧૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]'

## શ્લોક–૧૮૪

(द्रुतविलंबित)

अनशनादितपश्चरणात्मकं
सहजशुद्धचिदात्मविदामिदम्।
सहजबोधकलापरिगोचरं
सहजतत्त्वमघक्षयकारणम्।।१८४।।

**[શ્લોકાર્થ :–] અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું) એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું [1]સહજજ્ઞાનકળાપરિગોચર સહજતત્ત્વ [2]અઘક્ષયનું કારણ છે. ૧૮૪.**

### શ્લોક–૧૮૪ ઉપર પ્રવચન

अनशनादितपश्चरणात्मकं
सहजशुद्धचिदात्मविदामिदम्।
सहजबोधकलापरिगोचरं
सहजतत्त्वमघक्षयकारणम्।।१८४।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત...'** અનશનાદિતપશ્ચરણ શબ્દ લીધો. વ્યવહારનો અનશનાદિ શબ્દ લીધો. પણ એનો અર્થ. આહાહા..! **'(અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું)...'** આહાહા..! ઉગ્ર સ્વરૂપપણે પરિણમેલું. પોતાનો ભગવાન અંદર આનંદનો સાગર છે એમાં ઉગ્રપણે આનંદમાં આવેલો. આહાહા..! એ આનંદના વેદનમાં એને ઢગલા પડતા હોય. આહાહા..! મુનિને પર્યાયમાં અતીન્દ્રિય આનંદના તો ગંજ પડતા હોય. આહાહા..!

૧. સહજજ્ઞાનકળાપરિગોચર = સહજ જ્ઞાનની કળા વડે સર્વ પ્રકારે જણાવાયોગ્ય
૨. અઘ = અશુદ્ધિ; દોષ; પાપ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર અઘ છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેમકે અતીન્દ્રિય આનંદનો તો સાગર છે. એમાં જે લપેટાઈ ગયો અને એકાગ્ર થયો એને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવે છે. આહાહા..!

એ **'અનશનાદિતપશ્ચરણ...'** એટલે? **'સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત...'** એમ. એકલો અનશન એટલે આહારનો ત્યાગ એમ નહિ. આહાહા..! **'સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું એવું...'** આહાહા..! આત્માના સ્વભાવની પૂર્ણતાને દૃષ્ટિમાં લઈને સ્વરૂપની પરિણતિ વધાર્યે જાય છે. આહાહા..! એ સ્વરૂપ પરિણતિએ પ્રતાપરૂપ પરિણમેલું, એ અનશનમાંથી પણ કાઢેલું આ. અનશનમાં રોકાણો નથી એમ કહે છે. આહાહા..! **'સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું...'** આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, તેના ઉગ્ર પુરુષાર્થે સ્વરૂપ પરિણતિએ પરિણમેલું. એવું આ સહજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એવું આ સ્વભાવિક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. આહાહા..! અહીં તો એકલા પ્રભુના ગુણ છે. ચૈતન્યના જ ગુણ ગાયા છે. આહાહા..! જે મહાગુણનો ભંડાર, જેમાં અનંત ગુણ ઠસોઠસ ભર્યા, એની તો વાતું નહિ અને વાતું આ બહારની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, છપરબી બ્રહ્મચર્ય પાળવું, છપરબી કંદમૂળ ન ખાવા. બ્રહ્મચર્ય પાળવું... ત્યાં થઈ ગયો ધર્મ. આહાહા..! ભાઈ! એવું તો અનંતવાર કર્યું છે.

ભગવાનને અંતર દૃષ્ટિમાં લઈને.. આહાહા..! એમાં સ્થિર થઈને ઉગ્ર પરિણતિએ પરિણમેલો... આહાહા..! **'એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ...'** જોયું? એવું આ સ્વભાવિક **'શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું...'** આહાહા..! **'સહજજ્ઞાનકળાપરિગોચર...'** **'સહજજ્ઞાનકળાપરિગોચર = સહજ જ્ઞાનની કળા વડે સર્વ પ્રકારે જણાવાયોગ્ય.'** અંતર જ્ઞાનની સમ્યક્ નિર્મળ, નિર્મળ જ્ઞાનની કળા વડે જણાવા લાયક એવો જે ભગવાન ચૈતન્ય, એ કોઈ નિમિત્તથી જણાય નહિ, રાગથી જણાય નહિ, વ્યવહારથી જણાય નહિ. આહાહા..! **'સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું એવું આ સહજ...'** સ્વભાવિક વસ્તુ, એના **'શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું સહજજ્ઞાનકળાપરિગોચર...'** આહાહા..! **'સહજ જ્ઞાનની કળા વડે સર્વ પ્રકારે જણાવાયોગ્ય.'** બાકી કોઈ રીતે તે જણાવા યોગ્ય નથી. એ જ્ઞાનની કળા અને આનંદની કળા દ્વારા જણાવા યોગ્ય છે. બાકી કોઈ રીતે આ ભગવાન જણાય એવો છે નહિ. આહાહા..! ટીકા પણ કેટલી સરસ કરી છે! આહાહા..! શબ્દો કામ કરતા નથી એટલા આત્માના વખાણ છે. આહાહા..!

**'સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું સહજજ્ઞાનકળાપરિગોચર...'** સ્વભાવિક નિર્મળ જ્ઞાનથી જણાવાયોગ્ય સહજ તત્ત્વ પ્રભુ... આહાહા..! એ **'અઘક્ષયનું કારણ છે.'** અઘ શબ્દે પુણ્ય અને પાપ બેય. નીચે અર્થ છે. **'અઘ = અશુદ્ધિ; દોષ; પાપ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર અઘ છે.)'** આહાહા..! શુભભાવ–દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ એ પાપ છે. આહાહા..! 'યોગીન્દ્રદેવે' તો કહ્યું છે, કે પુણ્યને પાપ અનુભવી કહે. 'પાપ પાપને તો

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સૌ કહે, પણ પુણ્યને અનુભવી પાપ કહે.' અહીં તો મુનિ પોતે કહે છે, દેખો! એવું આ અઘક્ષય. અઘ એટલે પુણ્ય અને પાપ. એના ક્ષયનું કારણ... આહાહા..! સ્વરૂપમાં લીનતા તે પુણ્ય અને પાપના ક્ષયનું કારણ છે. આહાહા..! કેટલાક નવા માણસે તો સાંભળ્યું ન હોય. આ તે શું વાત છે આવી!

મુમુક્ષુ :- મહાવિદેહની વાત કરે છે.

ઉત્તર :- અહીંની વાત છે. આ આની વાત છે. મહાવિદેહની નહિ અને બીજાની નહિ. આ આત્માની (વાત છે). આહાહા..! અંદર ભગવાનઆત્મા છે. અંદર બધા ભગવાન છે. આહાહા..! વિશુદ્ધભાવનામાં તો કહ્યું ને, મન, વચન, કાયાથી ત્રણકાળ, ત્રણલોકના જીવો રહિત થઈને બધા શુદ્ધ થાઓ. બધા પરમાત્મા થાઓ. 'દ્રવ્યસંગ્રહ'માં તો કહ્યું છે. પણ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં ત્રણ ઠેકાણે કહ્યું છે. એક બંધ અધિકારને છેડે, એક સર્વવિશુદ્ધને છેડે બે ત્યાં. અને એક 'પરમાત્મપ્રકાશ'ના છેડે. બધા ભગવાન થાઓ. પ્રભુ! તમે પૂર્ણાનંદનો નાથ છો. જેવું અમૃતસ્વરૂપ તમે છો એ રીતે થાઓ. આ ઝેરીલા પુણ્ય-પાપના ભાવને છોડી દે. આહાહા..! 'કળશટીકા'માં એ શુભભાવને કાળો નાગ કીધો છે. શુભભાવ. અર..ર..! ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ, ભગવાનના ગુણ ગાવા, કહે છે કે એ શુભભાવ ઝેર છે. ભગવાન અમૃતસ્વરૂપ છે એનાથી ઉંધો ઝેર છે. આહાહા..! આ વાત બેસવી... સાંભળવા મળે નહિ એમાં બેસે ક્યારે? આહાહા..!

**'સહજતત્ત્વ અઘક્ષયનું કારણ...'** ક્ષયનું કારણ. પાછી ભાષા જોઈ? પંચમઆરાના મુનિ છે ને? સાંભળનારને ક્ષયનું કારણ કહે છે. નાશનું કારણ, મૂળમાંથી નાશનું કારણ છે. કાળ છે એ આત્માને ક્યાં લાગુ પડે છે? આત્મા તો ભગવાન બિરાજે છે. ગમે તેવા કાળમાં હો. પૂર્ણાનંદથી બિરાજમાન (છે). એમાં હિણપ ને ઓછપ ને વિકૃતિ આવતી નથી. એને કોઈ કાળ કે બહારની પ્રતિકૂળતા એને લાગુ પડતી નથી. આહાહા..! એવા પૂર્ણ સ્વરૂપને... આહાહા..! સહજતત્ત્વને. સહજતત્ત્વ કીધું ને? પર્યાય પણ નહિ.

**'સહજતત્ત્વ અઘક્ષયનું કારણ છે.'** પછી પર્યાય થઈ તે નિર્મળ છે. પણ પર્યાયમાં સહજતત્ત્વને જાણ. ત્રિકાળી તત્ત્વ જે ભગવાન ધ્રુવ છે, નિત્યાનંદ પ્રભુ છે (તેને જાણ). આહાહા..! ચોરાશી લાખના અનંત અવતાર કર્યા, પણ એમાંથી કાંઈ હીણું થયું નથી. એની જે સમૃદ્ધિ અંદર છે. અનંતા નિગોદના ભવ કર્યા, અનંતા અનંતા કષાયના ભવ કર્યા, અનંતા તો અબજોપતિના ભવ કર્યા. પણ એ ચીજમાં કોઈ ખોડખાંપણ, પરની છાયા કાંઈ પણ અડી નથી. આહાહા..! એવો એ ભગવાનસ્વરૂપ અંદર છે. આહાહા..! હવે અહીં ખાવા બેસે એમાં દાળ સરખી ન થઈ હોય તો ઢીંચણીયું ઊડે. કોણે કર્યું આવું? હવે એને આવો આત્મા કહેવો. આહાહા..! પ્રભુ! તું આત્મા છો. આજ સમજ, કાલ સમજ, પછી સમજ. પણ આ સમજ્યા વિના જન્મના અંત આવવાના નથી. 'લાખ વાતની વાત...' આવે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ-ફંદ નિજ આતમ ધ્યાવો.' 'છ ઢાળા'માં આવે છે. આહાહા..! ૧૮૪ થયો.

# શ્લોક-૧૮૫

(શાલિની)

प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्
स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम्।
कर्मव्रातध्वान्तसद्बोधतेजो
लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि।।१८५।।

[શ્લોકાર્થ :–] જે (પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું *ધર્મ અને શુક્લરૂપ ચિંતન છે, જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે—એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે. ૧૮૫.

## શ્લોક-૧૮૫ ઉપર પ્રવચન

प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्
स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम्।
कर्मव्रातध्वान्तसद्बोधतेजो
लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि।।१८५।।

**શ્લોકાર્થ :-** **'જે (પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું ધર્મ...'** નીચે **'ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ જે સ્વદ્રવ્યચિંતન તે પ્રાયશ્ચિત્ત છે.'** લ્યો! જુઓ! આવ્યું. સ્વદ્રવ્યનું ચિંતન તે પ્રાયશ્ચિત્ત છે. ચિંતન એટલે એકાગ્રતા. આહાહા..! લાખ વાતની વાત, કરોડ વાતની વાત, અનંત વાતની વાત–સ્વરૂપમાં એકાગ્રતા તે ધ્યાન, તે ધર્મ. આહાહા..! **'(પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું ધર્મ...'** એટલે **'ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ જે સ્વદ્રવ્યચિંતન તે પ્રાયશ્ચિત્ત છે.'** **'ધર્મ અને શુક્લરૂપ...'** **'સ્વદ્રવ્યનું ધર્મ અને શુક્લરૂપ ચિંતન...'** ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ભાવના–એકાગ્રતા.

* ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ જે સ્વદ્રવ્યચિંતન તે પ્રાયશ્ચિત્ત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા...'** આહાહા..! અહીં તો ધર્મધ્યાન એને કહ્યું. ઓલા કહે ધર્મધ્યાન શુભભાવને કહીએ. આહાહા..! ધર્મધ્યાનમાં શુદ્ધતા થોડી છે. શુક્લધ્યાનમાં વધારે છે. બાકી બેય શુદ્ધ છે. ધર્મધ્યાન શુદ્ધ છે એ મોક્ષમાર્ગના અધિકારમાં છે ને. ચિંતન કરે છે એ શુભ ધર્મધ્યાન. શુભ પરિણામરૂપી ધર્મધ્યાન. ધર્મ-બર્મ એ નહિ. આહાહા..!

**'સ્વદ્રવ્યનું ધર્મ અને શુક્લરૂપ ચિંતન...'** ચિંતન એટલે એકાગ્રતા. ચિંતન એટલે એનો વિકલ્પ કરવો અને ચિંતા કરવી એ નહિ. આહાહા..! **'જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે...'** આહાહા..! **'સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે...'** આહાહા..! સૂર્યનો પ્રકાશ થાય, અંધકારનો નાશ થાય. એમ ભગવાનઆત્મા સમ્યગ્જ્ઞાનનું તેજ છે. જેટલું તેજ પ્રગટે તેટલો રાગનો નાશ થઈ જાય. આહાહા..! **'કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે—'** આહાહા..! શબ્દો ઓછા પડે છે જાણે. નિર્વિકાર–ખરેખર.. આહાહા..! **'જે પોતાના નિર્વિકાર મહિમા...'** નિર્વિકારી વસ્તુ છે એની મહિમા, તેની મોટપ લક્ષમાં લઈને ભિન્ન થાય. એનાથી મોટું જગતમાં કોઈ નથી. પરમેશ્વર પણ એના મોટા, આના મોટા નહિ. આહાહા..! એવું સમ્યક્રૂપી તેજ **'અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે—'** જોયું? **'એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે.'** આહાહા..!

જઘન્યને હોતું નથી. જઘન્યના બે અર્થ થાય છે. એક જઘન્ય એટલે નાનું અને એક જઘન્ય એટલે નિંદવા યોગ્ય. જઘન્યના બે અર્થ થાય છે. એક જઘન્ય એટલે નાનું અને એક જઘન્ય એટલે નિંદવા લાયક. આ જઘન્ય એટલે નિંદવા લાયક છે, છોડવાલાયક છે. આહાહા..! **'એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે.'** આહાહા..! એ ઉત્તમ પુરુષો જેને આત્માની લગની લાગી છે અને આત્મામાં જે જામી જાય છે. આહાહા..! બહારની કોઈ ચિંતા એને છે નહિ. એવા મહાપુરુષોને આવું પ્રાયશ્ચિત્ત અને આવી સ્થિતિ હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૮૬

(मंदाक्रांता)

आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण
ज्ञानज्योतिर्निहतकरणग्रामधोरान्धकारा।
कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्रं
प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती।।१८६।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] યમીઓને (–સંયમીઓને) આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે–કે જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે અને જે આત્મલબ્ધિ કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—વરસાવે છે. ૧૮૬.**

**પ્રવચન નં. ૧૩૬, શ્લોક-૧૮૬-૧૮૮, ગાથા-૧૧૮, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા.૨૭-૦૫-૧૯૮૦**

'નિયમસાર' પ્રાયશ્ચિત્ત અધિકાર. શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત્ત. ૧૮૬–કળશ. ૧૮૬–કળશ છે.

**आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण**
**ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धकारा।**
**कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्त्रं**
**प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती।।१८६।।**

ઝીણી વાત છે. અહીંયાં કહે છે કે, સંયમીઓને... સંયમી કોને કહેવા એ હજી (ખબર ન મળે). જેને આત્મજ્ઞાન થયું હોય, આત્મા રાગ અને પુણ્યના વિકલ્પથી પણ જુદો છે એવું જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું હોય, એ જીવ જ્યારે સંયમમાં એટલે સ્વરૂપમાં લીન થાય છે. હજી કેવળજ્ઞાન નથી પણ સ્વરૂપમાં લીનતાનો ભાવ કરે છે, લીન થાય છે એને અહીંયાં સંયમી કહે છે. યમીઓ એટલે સંયમી. સમ–યમ. સમ્યગ્દર્શનપૂર્વક જેની સ્વરૂપમાં એકાગ્રતા છે. આહાહા..! પહેલી વ્યાખ્યા સંયમી કોને કહેવા એના વાંધા.

આત્મજ્ઞાન અને આત્મદર્શન, અંતરમાં આનંદનો સ્વાદ આવ્યો હોય ત્યારે તો એને આત્મજ્ઞાન અને આત્મદર્શન સમકિત કહેવામાં આવે છે. એ ઉપરાંત ચારિત્રમાં તો આત્માના અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન હોય. પ્રચુર સ્વસંવેદન. અતીન્દ્રિય આનંદનું પ્રચુર-ઘણું સ્વસંવેદન (હોય). આહાહા..! એને યમી–સાધુ કહીએ. આહાહા..! એવા **'યમીઓને (–સંયમીઓને) આત્મજ્ઞાનથી...'** આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ ગુણનો સાગર આખો. અનંત અનંત ગુણનો દરિયો, એમાંથી એને.. આહાહા..! **'ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે—'** આહાહા..! દયા, દાન અને વ્રતની કોઈ ક્રિયાથી આત્મા લબ્ધિ થાય છે એમ નથી કહ્યું. ન્યાં કેમ 'બલુભાઈ' બેઠા? સમજાય છે કાંઈ? આહાહા..!

એક તો પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું એનો ઉપાય પહેલો જાણવો જોઈએ. આત્મા આનંદસ્વરૂપ, અતીન્દ્રિય જ્ઞાન અને શાંત અકષાય સ્વભાવ શાંત ત્રિકાળ શાશ્વત વસ્તુ, એનો પ્રથમ અનુભવ, એનો અનુભવ થઈને પ્રતીતિ થવી એનું નામ તો હજી સમ્યગ્દર્શન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! અને એ સમ્યગ્દૃષ્ટિ જીવ યમી-સંયમી થાય છે. આહાહા..! આત્મામાં અંદર રમવામાં આનંદનું પ્રચુર વેદન કરે છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન-ઘણું વેદન કરે છે. ચોથે છે એ થોડું વેદન છે, પાંચમે એથી થોડું વિશેષ, છઠ્ઠે વિશેષ છે. આહાહા..! આવા જે પ્રચુર આનંદના વેદનથી આત્મલબ્ધિ પ્રાપ્ત થાય છે. આહાહા..! આમાં બહારના બધા વ્યવહારના સાધન-ફાધન એની તો વાત પણ લીધી નહિ. એનાથી થતું નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ તો પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી કે એનાથી ધર્મ થાય, કારણ થાય.

આ તો **'(–સંયમીઓને) આત્મજ્ઞાનથી...'** આહાહા..! **'ક્રમે...'** ક્રમે ક્રમે એને આત્મામાં લબ્ધિ વધતી જાય છે. આનંદની શાંતિ ક્રમે ક્રમે વધતી જાય. આહાહા..! **'—કે જે આત્મલબ્ધિએ...'** જે ક્રમે ક્રમે આત્માની શાંતિ અને આત્માનો આનંદ સમ્યગ્દર્શન સહિત ક્રમે ક્રમે અંતરમાં વધતો જાય. આહાહા..! એ **'આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે...'** આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે... આહાહા..! **'ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...'** આ પાંચ ઇન્દ્રિયથી જોવું એ તો અંધકાર છે. એ કાંઈ આત્માનું જ્ઞાન નથી. આહાહા..! ઇન્દ્રિયોથી જોવું અજ્ઞાન અંધકાર છે. ભગવાન પોતે જે અણિન્દ્રિય, એવો જે ચૈતન્યભગવાન, એને ઇન્દ્રિયથી જોતાં જે અજ્ઞાનનો અંધકાર છે... આહાહા..! એને **'જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો...'** આહાહા..! **'નાશ કર્યો છે...'**

મુમુક્ષુ :– ઇન્દ્રિયજ્ઞાનનું વલણ જ છૂટી ગયું છે.

ઉત્તર :– ઇન્દ્રિય તરફનું વલણ જ તૂટી ગયું, કહે છે. જરીક રહ્યું છે એને એ અંદરમાં વલણ અણિન્દ્રિયમાં જ આવ્યું છે. આહાહા..! આને સંયમ કહીએ, આને પ્રાયશ્ચિત્ત કહીએ અને એને ધર્મ કહીએ. આવું સાંભળ્યા વિના... કહો, શું કહેવાય? 'બલ્લુભાઈ'એ કર્યું હતું ને?

મુમુક્ષુ :– વર્ષીતપ..

ઉત્તર :– વર્ષીતપ. એકલી લાંઘણું કરી હતી.

મુમુક્ષુ :– શ્રીગુરુ એને લંઘન કહે છે.

ઉત્તર :– એમણે વર્ષીતપ કર્યા હતા. છેલ્લે એને ઘરે આહાર કર્યો હતો. લાંઘણું બધી. કાંઈ ખબર ન મળે. ભાઈ બેઠા હતા. બાપા! 'ચુનીભાઈ' પણ બેઠા હતા.

મુમુક્ષુ :– એમની વાહ વાહ થતી હતી.

ઉત્તર :– એમાં કાંઈ નહિ, ધૂળ (છે).

અંદર ભગવાનઆત્મા પૂર્ણ આત્માની સંપદાથી ભરેલો, વિપદાના અભાવસ્વભાવરૂપ... આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ એ તો વિપદા છે, આપદા છે, દુઃખ છે. આહાહા..! એનાથી રહિત ભગવાન અંદરમાં અનંત આનંદ અને શાંતિની સંપદાથી ભરેલો આત્મસંપત્તિવાળો. લોકો કહે છે ને આ તો સંપત્તિવાળો છે. બે, પાંચ, દસ, પચ્ચીસ લાખ સંપત્તિ. આ સંપત્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ તો ધૂળેય સંપત્તો નથી. મરીને નરકે ચાલ્યો જાય. આહાહા..! અહીં અબજો રૂપિયા હોય અને મરીને નરકે જાય. એમાં એની સાથે શું સંબંધ છે? આહાહા..!

આ આત્માને સંયમથી. સંયમ એટલે આ. સમ્યગ્દર્શન સહિત આનંદસ્વરૂપમાં પ્રચુર વેદન. એનાથી... આહાહા..! **'જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...'** આહાહા..! ઇન્દ્રિય તરફના વલણનો જેણે નાશ કર્યો છે, કહે છે. આહાહા..! ઇન્દ્રિયથી જોવું એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! એથી ઇન્દ્રિયના સમૂહથી ઉત્પન્ન થયેલ જ્ઞાનમાં અંધકાર, તેનો આત્મસંયમથી નાશ કર્યો છે. આહાહા..! આવી વાત છે હવે. કોઈ દિ' સાંભળી ન હોય.

મુમુક્ષુ :– વાતે વાતે ફેર છે.

ઉત્તર :– વાતે વાતે ફેર છે. આહાહા..! અત્યારે બહારથી હાંકે આ કર્યું... આ કર્યું... આ કર્યું. આહાહા..! ભાઈ! પ્રભુ! તું કોણ છો? તારી તને મોટપ ન આવે અને તારી અંદર મહિમા શું ભરેલી છે? જેની મહિમા આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા તરણા (જેવા લાગે). એવો આત્મા સંપદાવાળો છે. એવી એનામાં સંપદા ભરી છે, કે ઇન્દ્રના ઇન્દ્રાસન, કરોડો ઇન્દ્રાણીઓ. ઇન્દ્ર ૩૨ લાખ વૈમાનનો સ્વામી... આહાહા..! જેના આત્માની સંપદા સમ્યગ્દર્શન, એની આગળ તો એ બધી ધૂળ છે. આહાહા..! અબજો રૂપિયા હોય અને ચક્રવર્તીનું રાજ હોય તોપણ સમકિતીને ધૂળ છે. સંયમીઓને તો છે જ નહિ. આહાહા..!

**'જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકાર..'** એટલે પાંચ ઇન્દ્રિયોથી જે કામ લે છે એ ઘોર અંધકાર છે. આહાહા..! ભગવાન અણિન્દ્રિય... ટૂંકા શબ્દમાં કેટલું સમાડ્યું છે! આહાહા..! પ્રભુ તો અંદર અણિન્દ્રિય ભગવાન છે. એની ખબર વિના પાંચ ઇન્દ્રિયના વિષયની અંદરમાં રોકાઈને અજ્ઞાનને જે સેવે છે તે અણિન્દ્રિય એવો જે આત્મા, તેની સંયમની સંપદા વડે તે ઇન્દ્રિયના ઘોર અંધકારનો નાશ થાય છે. કોઈ ક્રિયાકાંડ કરવાથી નાશ થતો નથી. આહાહા..! આવી વાતું હવે. નવરાશ ન મળે. આહાહા..!

**'જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...'** ઓહોહો..! કહેવાનો આશય એવો છે, કે અણિન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, તેનું દર્શન અને તેની લીનતા, એ ઇન્દ્રિય તરફના વલણનો ઘોર અંધકારનો નાશ કરે છે. આહાહા..! કહો, આવી વાત હવે આમાં તો. વાડામાં તો આ વાત પણ મળે એવી નથી. આ તો આ કરો, અપવાસ કરો, થઈ રહ્યું જાવ. થઈ ગયા વર્ષીતપ. એને વર્ષીતપ થઈ ગયા. તે દિ' કહ્યું હતું. લાંઘણ કરી આ.

મુમુક્ષુ :– એવી જ દૃષ્ટિ હતી ને.

ઉત્તર :– એવી જ હતી. સંપ્રદાયની લાઈન હતીને. બીજી ક્યાં હતી? આહાહા..!

અહીં તો કહે છે, કે અણિન્દ્રિય એવો પ્રભુ! આ ઇન્દ્રિયો ભાવ અને જડ બેય ઇન્દ્રિય આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! આ જડ ઇન્દ્રિયો અને અંદર ભાવેન્દ્રિય. એક એક વિષયને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે તે બેય આત્માનું સ્વરૂપ નથી. આત્મા એનાથી ભિન્ન અણિન્દ્રિય સ્વરૂપ ભગવાન છે. એનું જ્ઞાન કરીને એમાં સ્થિરતા કરીને ઇન્દ્રિય તરફના ઘોર અજ્ઞાનનો નાશ થાય છે. બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! બીજી વાત.

**'અને જે આત્મલબ્ધિ...'** આત્મપ્રાપ્તિ. લબ્ધિ એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ ભગવાન એની પ્રાપ્તિ. એ **'કર્મવનથી ઉત્પન્ન...'** કર્મના વનથી ઉત્પન્ન... આહાહા..! **'(ભવરૂપી) દાવાનળ...'** આહાહા..! આ ભવ ઉત્પન્ન થાય એ દાવાનળ છે. આહાહા..! સ્વર્ગનો ભવ પણ એ. આહાહા..! કરોડોપતિનો, અબજોપતિનો ભવ, મનુષ્યનો ભવ અને દેવનો ભવ, કહે છે કે ભવરૂપી દાવાનળ છે. આહાહા..! ત્યાં ભવમાં તો કષાય અને મિથ્યાત્વની અગ્નિ સળગે છે. આહાહા..! એ **'દાવાનળની શિખાજાળનો...'** દાવાનળની શિખા આમ દાવાનળ ખૂબ ઊંચો હોય, શિખા ઝબક ઝબક સળગતી હોય, એવી **'(શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત...'** આહાહા..! ભવના ભાવ ઉપર, ભવનો ભાવ તે અગ્નિ છે, કષાય છે. આહાહા..! એના ઉપર ધર્મી જીવે શિખાજાળનો **'નાશ કરવા માટે તેના પર સતત...'** આહાહા..! **'તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—'** શમજલમયી–સમતા, વીતરાગતા. આત્માના અવલંબે થયેલી આત્મલબ્ધિની વીતરાગતા, એ આત્માની વીતરાગતાની લબ્ધિ દ્વારા.. આહાહા..! **'શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—'** હળવે હળવે નહિ. આહાહા..!

સંસારનો અંત આવવાનો, આ સમ્યગ્દર્શન સહિત સંયમ લબ્ધિની પ્રાપ્તિ, લબ્ધિ એટલે પ્રાપ્તિ સહિત **'(ભવરૂપી) દાવાનળની શિખાજાળનો...'** આહાહા..! એના ઉપર શમજળની ધારા નાખે છે. આહાહા..! વીતરાગતાની ધારા નાખે છે અને તે પણ ઝડપથી. આહાહા..! ઝડપથી **'વરસાવે છે.'** એને પછી ભવ નથી. આનું નામ પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! કેટલાકે તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. પ્રાયશ્ચિત્ત શું અને ધર્મ શું? આ પરની દયા પાળો, આ કરો, વ્રત કરો. થઈ ગયો ધર્મ. અનંતકાળ ગાળ્યા, ભાઈ! અનંત અવતાર થયા. એવી ભવની શિખાજાળના અનંતા અવતાર થયા, એ અનંતા અવતારને આત્માની સમતા, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની વીતરાગતા ઝડપથી છોડે છે કે જેથી ભવનો નાશ થઈ જાય છે. આહાહા..!

**'તેના પર સતત શમજલમયી ધારાને...'** સતત. જેને એક સમયનો આંતરો નથી. આહાહા..! આત્માના સ્વરૂપની સંયમલબ્ધિ, શાંતિ અને આનંદની પ્રાપ્તિ, એને સતત. આહાહા..! એ **'સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે–વરસાવે છે.'** ભવને શાંત કરી દે છે. આહાહા..! શમજળરૂપી વીતરાગસ્વભાવ, એવી જે ધારા. તે સંસારના ભવનો.. ચાહે તો સ્વર્ગનો ભવ હો કે આ ધૂળના શેઠિયા કહેવાય આ અબજોપતિ અને કરોડોપતિ, એ બધાને શાંત કરી નાખે છે. એ બધા ઝેરના દાવાનળ છે. આહાહા..! બહુ સરસ! શ્લોક આવ્યો છે, બહુ સરસ આવ્યો!! આહાહા..! ૧૮૬ (શ્લોક પૂરો) થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૧૮૭

(उपजाति)

अध्यात्मशास्त्रामृतवारिराशे-
र्मयोद्धृता संयमरत्नमाला।
बभूव या तत्त्वविदां सुकण्ठे
सालंकृतिर्मुक्तिवधूधवानाम्।।१८७।।

[શ્લોકાર્થ :–] અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓને સુકંઠનું આભૂષણ બની છે. ૧૮૭.

## શ્લોક–૧૮૭ ઉપર પ્રવચન

अध्यात्मशास्त्रामृतवारिराशे-
र्मयोद्धृता संयमरत्नमाला।
बभूव या तत्त्वविदां सुकण्ठे
सालंकृतिर्मुक्तिवधूधवानाम्।।१८७।।

**શ્લોકાર્થ :-** આહાહા..! કહે છે, **'અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્ર...'** આ 'નિયમસાર', 'સમયસાર', 'પ્રવચનસાર' એ બધા અધ્યાત્મશાસ્ત્ર છે. આત્માને ખોલીને બતાવનારા, આત્માના ખજાના ખોલીને બહાર બતાવે કે જો બાપુ! આ ખજાનો તારો છે. અને તું ક્યા ખજાનામાં પડ્યો છે? આહાહા..! અંતર આત્મામાં અનંત... અનંત... અનંત... અનંત ખજાનો પડ્યો છે. જ્ઞાન અનંત, આનંદ અનંત, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા. જીવતરશક્તિ આદિ અનંત શક્તિઓ છે ને? એ અનંત શક્તિઓનો સમુદ્ર ભર્યો છે.

એ **'અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી...'** આહાહા..! **'મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી...'** સંયમપણું સમજાવ્યું, એમ કહે છે. અધ્યાત્મશાસ્ત્રમાંથી સંયમ કોને કહેવો (તે સમજાવ્યું છે). આહાહા..! આ તો લુગડા ફેરવે અને કાંઈક અંદર થઈ જાય તો સંયમી થઈ ગયા, સાધુ થઈ ગયા. આહાહા..! **'અધ્યાત્મશાસ્ત્રરૂપી...'** મહાસમુદ્ર. આહાહા..! એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો અમૃતસમુદ્ર છે. અધ્યાત્મશાસ્ત્રમાં તો અમૃત ભર્યા છે. આત્માના જીવનનું અમૃત. અને આ રાગ-દ્વેષનું જીવન તો ઝેરનું જીવન છે. આહાહા..! સંસારનો જે રાગ અને દ્વેષ એના અસંખ્ય પ્રકાર છે. રાગ અને દ્વેષના એનાથી જીવન છે એ તો ઝેરના જીવન છે. ઝેરના કોળિયા ભરે છે. આહાહા..! ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..! આ તો અધ્યાત્મશાસ્ત્ર અમૃતનો સાગર ભગવાન.

કહે છે કે **'અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી...'** અધ્યાત્મશાસ્ત્રમાંથી સંયમ કોને કહેવું એ મેં બહાર સમજાવ્યું. આહાહા..! **'તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ...'** આહાહા..! આવું જે અમૃતસાગર શાસ્ત્ર, એમાંથી જે મેં સંયમરૂપી રત્ન કાઢ્યું, એ રત્ન મુક્તિવધૂ. મુક્તિરૂપી સ્ત્રી, એના વલ્લભ. આહાહા..! **'એવા તત્ત્વ જ્ઞાનીઓના...'** આહાહા..! તત્ત્વજ્ઞાની ધર્મી તો મુક્તિવધૂના વલ્લભ છે. મોક્ષના વલ્લભ છે. સંસારના ઝેરને તો કાઢી નાખે એવું છે. આહાહા..! **'મુક્તિવધૂના વલ્લભ...'** મોક્ષરૂપી જે સ્ત્રી–નિર્મળ પરિણતિ એના જે વલ્લભ છે, વહાલપ છે એવા તત્ત્વજ્ઞાની. તત્ત્વજ્ઞાની એને કહીએ... આહાહા..! કે જેને મોક્ષરૂપી લક્ષ્મી વ્હાલી છે. આહાહા..! જેને આ પૈસા-બૈસા ધૂળ અને શરીરની ઇન્દ્રિયનું જ્ઞાન વહાલું નથી એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અજ્ઞાનીને અજ્ઞાન વહાલું છે. ઇન્દ્રિયના વિષયનું એ ઝેર (વ્હાલું છે). આહાહા..! ઝેરના પ્યાલા ઘોળી ઘોળીને પીવે છે, રાગ અને દ્વેષના ઘૂંટડા પીવે છે. આહાહા..! જે પ્રભુ આત્મામાં એ છે નહિ.

અહીંયાં આચાર્ય મુનિરાજ કહે છે, કે મેં તો અધ્યાત્મશાસ્ત્રમાંથી આ સંયમરૂપી રત્નમાળા કાઢી એ કોના માટે? આહાહા..! **'મુક્તવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે.'** આહાહા..! એના કંઠનું આભૂષણ. અમૃતસાગર તો પ્રગટ્યો પણ વાણીમાં પણ અમૃતસાગરને વરસાવે છે. આહાહા..! એવું આભુષણ છે. લ્યો, આવો ઉપદેશ! આહાહા..! અધ્યાત્મશાસ્ત્રમાંથી આ કાઢ્યું છે. સાધારણ શાસ્ત્રમાંથી નહિ એવી વાત. અને તે સંયમરૂપી રતનમાળા મેં કાઢી. આહાહા..!

મુમુક્ષુ :– માળામાં રતન જોઈએ ને?

ઉત્તર :– માળા પોતે રતન છે. અહીં એકલી રતનની જ માળા છે. એકલા જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ આદિ રત્ન ભર્યા છે. એ રતનની માળા સંયમ. આહાહા..! સંયમરૂપી રત્ન કીધું ને? એ ચારિત્ર, હોં! એ રત્નમાળા બહાર કાઢી છે. શાસ્ત્રમાંથી બહાર કાઢીને મેં સમજાવી છે.

**'તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ...'** મોક્ષરૂપી સ્ત્રી, એના જે વલ્લભ **'એવા તત્ત્વજ્ઞાનીઓ...'** આહાહા..! કેટલું ભર્યું છે! તત્ત્વજ્ઞાની એને કહીએ કે જેને મોક્ષ વલ્લભ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, મોક્ષ પ્રિય છે. આહાહા..! એનું સાધ્ય મુક્તિ છે, ધ્યેય આત્મા છે. પણ સાધ્ય મુક્તિ છે. મુક્તિનો માર્ગ પણ નહિ, મુક્તિ વલ્લભ જેને છે. જોયું! આહાહા..! આવું હવે સાંભળવું. આખો દિ' સંસારમાં પડ્યો. કડાકૂટ કરીને મરી જાય છે બિચારા. આ બાયડીનું કર્યું, છોકરાનું કર્યું, ધંધો કર્યો, પાંચ-પચાસ કરોડ ભેગા કર્યા.

મુમુક્ષુ :– અસીલોનું કર્યું. વકીલોએ અસીલનું કર્યું, કેટલાયને જેલમાંથી છોડાવ્યા.

ઉત્તર :– હા. વકીલ. આવી વકીલાત કરી. ફલાણાને છોડાવ્યા... ફલાણાને છોડાવ્યા... ફલાણાને છોડાવ્યા.

મુમુક્ષુ :– એને સુખ કરી દીધું ને? સાહેબ!

ઉત્તર :– ધૂળેય કર્યું નથી. અભિમાન કર્યા છે. આહાહા..! ડૉક્ટરો કહે કે મેં ઇજેક્શન ચડાવ્યા, આ દવા આપી. એને લઈને રોગ મટે છે. વકીલો કહે કે મેં આને છોડાવ્યા. બેય સરખા, બધા ઝેરના પ્યાલા છે. આહાહા..! મારગડા જુદા, પ્રભુ! આહાહા..!

આ મુનિરાજ કહે છે, કે મેં આ સંયમરૂપી રત્નમાળા અધ્યાત્મશાસ્ત્રમાંથી કાઢી. એ મુક્તિના પ્રેમી જીવને સુકંઠે... આહાહા..! શોભે એવી છે. એના આત્મામાં શોભે એવી છે. આહાહા..! **'એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે.'** આહાહા..! આવી પ્રરૂપણા અને આવી ઝીણી વાતું. માણસને આકરું પડે. અભ્યાસ ન મળે, અભ્યાસ નહિ. આખો દિ' સંસાર, રળવું, પૈસા ને ધૂળ ને... આહાહા..! 'આફ્રિકા'માં પૈસા... પૈસા.. પૈસા. પાંચ લાખ ને દસ લાખ ને વીસ લાખ ને ધૂળ લાખ ને... 'રતિલાલ' એક અબજપતિ આવ્યો હતો ને? ત્યાં આવ્યો હતો. 'મુંબઈ' આવ્યા હતા.

મુમુક્ષુ :– લંડનમાં મંદિર બાંધે છે.

ઉત્તર :– હા. મંદિર કરે છે. અબજપતિ છે. નાની ઉંમર છે. મોટો ભાઈ હતો એ મરી ગયો. પણ તત્ત્વની કાંઈ ખબરું ન મળે. પૈસા જાણે બે-પાંચ-પચ્ચીસ લાખ ખર્ચીએ અને એમાં હો-હા થાય અને આહાહા..! બેંડવાજા વાગે ને આમ મોટો રથ નીકળે... આહાહા..! એમાં ધૂળેય કાંઈ નથી. એમાં રાગની મંદતા કરતો હોય તો પુણ્ય છે. એ પુણ્ય પણ બંધનનું કારણ ઝેર છે. આહાહા..! કાળો નાગ છે. શુભરાગ જે છે એ પણ કાળો નાગ છે. ભગવાનઆત્મા અમૃતનો સાગર, એની સામું જોયા વિના એ અમૃતનો સ્વાદ એને આવે નહિ અને એકલા અનાદિ સંસારના રાગના સ્વાદમાં ઘૂંચી જાય છે. આહાહા..! મુનિરાજે ભારે શ્લોક (કહ્યો). ૧૮૭ થયા ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્લોક-૧૮૮

(उपेन्द्रवज्रा)

नमामि नित्यं परमात्मतत्त्वं
मुनीन्द्रिचिताम्बुजगर्भवासम्।
विमुक्तिकांतारतसौख्यमूलं
विनष्टसंसारद्रुमूलमेतत्।।१८८।।

[શ્લોકાર્થ :-] મુનીંદ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે (અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે) અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે—એવા આ પરમાત્મતત્ત્વને હું નિત્ય નમું છું. ૧૮૮.

## શ્લોક-૧૮૮ ઉપર પ્રવચન

૧૮૮.

नमामि नित्यं परमात्मतत्त्वं
मुनीन्द्रिचिताम्बुजगर्भवासम्।
विमुक्तिकांतारतसौख्यमूलं
विनष्टसंसारद्रुमूलमेतत्।।१८८।।

**શ્લોકાર્થ :- 'મુનીંદ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે,...'** આહાહા..! પરમાત્મ તત્ત્વ વસે છે. મુનીંદ્રના હૃદયમાં પરમાત્મા વસે છે. ઓહોહો..! મુનીંદ્ર અને સમકિતીના હૃદયમાં પરમાત્માનું ધ્યેય વર્તે છે. પરમાત્મસ્વરૂપે હું છું એવું વર્તે છે. આહાહા..! **'મુનીંદ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે...'** આહાહા..! જે મુક્તિરૂપી સ્ત્રી, એની સાથે સંબંધ કરવો એ આનંદરૂપી રતિ તેના સુખનું મૂળ છે. આહાહા..! ત્યાં અતીન્દ્રિય આનંદની રતિનું સુખ છે. આહાહા..! એને અહીંયાં સંયમી કહીએ, એને અહીંયાં પ્રાયશ્ચિત્ત લેનાર કહીએ. એને પ્રાયશ્ચિત્તી અથવા ધર્મી એને કહીએ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'મુનીંદ્રોના ચિત્તકમળની (–હૃદયકમળની) અંદર જેનો વાસ છે,...'** ભગવાનનો. આહાહા..! આ પરમાત્મા અંદર હૃદયકમળમાં વસે છે પણ એની સામું કોઈ દિ' જોતો નથી અને ધૂળની સામું અને ઇન્દ્રિયના વિષયની સામું જોઈ જોઈને અનંત જિંદગી ગાળી. અનંત અનંત ભવ ગાળ્યા. પણ ભગવાન પરમાત્મા, ચૈતન્યપ્રભુ, સહજાનંદી આત્મા અંદર ચિત્તમાં બિરાજે છે, તેની સામું કોઈ દિ' જોયું નહિ. આહાહા..! બહારના ઇન્દ્રિયોના વિષયોમાં શુભ કે અશુભ બેય વિષય, એમાં રોકાતા.. આહાહા..! ચિત્તકમળની અંદર જેનો વાસ છે એને જોયો નહિ. ચિત્તકમળની અંદર આ ભગવાન વસે છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. અતીન્દ્રિય અનંત... અનંત... અનંત આનંદનો સાગર છે અને અતીન્દ્રિય અનંત અનંત શાંતિ... શાંતિ.. શાંતિ... અકષાયભાવ, અનંત શાંતિથી ભરેલો ભગવાન છે. આહાહા..! એ અંદર ચિત્તકમળમાં બિરાજે છે. આહાહા..! પણ અંદર જોવે એને ખબર પડે ને. આહાહા..! આવી વાત છે.

**'મુનીંદ્રોના ચિત્તકમળની (–હૃદયકમળની) અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે....'** ખરા આનંદનું મૂળ તો એ ભગવાનઆત્મા પરમાત્મા પોતે છે. આત્મા પોતે પરમાત્મા જ છે. બધા આત્માઓ અંદર સ્વભાવભાવે પરમાત્મા જ છે. આહાહા..! આ બધો ફેરફાર હતો એ ઇન્દ્રિયના વિષય અને કર્મને લઈને બધું વિકૃતપણું અને ફેરફાર દેખાય છે. બાકી તો દરેક આત્મા અંદરમાં ભગવાન પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મા કેવળી થાશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે કાંઈ? આહાહા..! કેવળજ્ઞાન અને પરમાત્મદશા એ પરમાત્મસ્વરૂપ પોતે છે એમાંથી આવે છે. આહાહા..! સાધારણ પ્રાણીને આવું? સાધારણ પ્રાણી સાધારણ છે જ નહિ. બધા અસાધારણ આત્મા પરમાત્મા છે.

બધાને સુખ જોઈએ છે. સુખ તો અહીં છે. આહાહા..! મૃગલાની નાભીમાં કસ્તુરી. એની ગંધ વનમાં દેખતા ચારે કોર વનમાં દોડે છે. એમ ભગવાનઆત્મામાં અંદર આનંદ છે અને બહારમાં ગુલાંટ ખાય છે. અહીંથી મળશે. ઇન્દ્રિયના વિષય ખાવાથી, પીવાથી, ભોગથી... આહાહા..! પ્રભુ! એણે આત્માને મારી નાખ્યો. છતી ચીજને અછતી કરી અને અછતી ચીજને છતી કરી દીધી. આહાહા..! જે કાયમ રહેનારી નથી, ક્ષણિક છે, દુઃખ છે, વિકાર છે, વિપાક છે એનો વિકાર છે... આહાહા..! એ અછતીને છતી કરીને એમ ને એમ મરી ગયો. છતી ચીજ અંદર પરમાત્મા જે છે... આહાહા..!

**'અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે (અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે)...'** મુક્તિ એટલે મોક્ષના આનંદનું મૂળ.. આહાહા..! પરમાત્મા છે. અંદર આ ચિત્તકમળની અંદર બિરાજતા ભગવાન પોતે... આહાહા..! શ્લોક કર્યા છે કાંઈ! ગજબ કર્યા છે! આહાહા..! અમૃત વરસાવ્યા છે!! આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અમૃત તો આપ વરસાવો છો.

ઉત્તર :– અમૃત વરસાવ્યા છે. આહાહા..!

કહે છે, પ્રભુ! પણ તારા ચિત્તકમળમાં આ પરમાત્મા બિરાજે છે ને. ત્યાં જોતો નથી ને આ શું કરે છો? આહાહા..! બહારમાં તું છો નહિ ત્યાં તું જોયા કરે છો અને જ્યાં તું છો ત્યાં જોતો નથી. આહાહા..! થોડી વાતમાં ઘણી મોટી વાત. આહાહા..! માણસો તો ભરાય છે, હોં! હવે ત્યાં કરે તો વાંધો નહિ. બાયું ઘણી છે. આહાહા..!

**'(અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે) અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે— '** આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. એનું ધ્યાન કરીને... આહાહા..! તેનું વલણ કરીને **'સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે—'** સંસાર વૃક્ષનું મૂળિયું મિથ્યાત્વ, અજ્ઞાન, એનો તો વિનાશ કર્યો છે. **'એવા આ પરમાત્મતત્ત્વને...'** જોયું? અહીં તો પરમાત્મતત્ત્વ લેવું. પોતે પોતાનું, હોં! આહાહા..! મુનીંદ્રોના ચિત્તકમળમાં પરમાત્મા બિરાજે છે. અંદર જેનો વાસ છે. **'જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે. (અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે) અને જેણે સંસારવૃક્ષના** આહાહા..! **મૂળનો વિનાશ કર્યો છે—'** આહાહા..! સંસારના બીજડા બાળી નાખ્યા છે. આહાહા..! અને કેવળજ્ઞાનના બીજડા વાવ્યા ત્યાં પરમાત્મપ્રકાશને પ્રગટ કર્યો. આહાહા..! કહો, આવું તો ત્યાં સાંભળ્યું નહિ હોય, વર્ષીતપ કર્યા પહેલા. આહાહા..!

સંસારરૂપી વૃક્ષ ફાલ્યું-ફૂલ્યું આ રખડવાનું... આહાહા..! એનો તો પરમાત્માએ વિનાશ કર્યો છે. પરમાત્મતત્ત્વ અંદર છે એની દૃષ્ટિ અને અનુભવ કરતાં તે સંસાર ફાલ્યો-ફૂલ્યો દેખાય છે તેને મારી નાખ્યો છે, નાશ કરી નાખ્યો છે. આહાહા..! અને જીવતી જ્યોત ચૈતન્યપ્રભુને મોઢા આગળ રાખ્યો છે. આહાહા..! અમૃતનો સાગર ભગવાન! એની છતી ચીજને છતી કરી છે. ઓલી અછતી ચીજનો તો નાશ કરી નાખ્યો છે. આહાહા..! આવો ઉપદેશ છે. આહાહા..! અજાણ્યા માણસે તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. આખો દિ' ધંધો, પાપ, આખો દિ' પાપ. ખાવું, પીવું, રળવું, દુકાનમાં ધંધા, આઠ-આઠ કલાક, દસ-દસ કલાક દુકાને બેસે, ગ્રાહકને આપ્યું... આહાહા..! આખી જિંદગી જાય છે. ઝેરમાં જિંદગી જાય છે. પરમાત્મ તત્ત્વ અહીં બિરાજે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ એમ કહે છે. મુનિ એ કહે છે કે પરમાત્મા આમ કહે છે, કે પરમાત્મતત્ત્વ તો તું અહીં અંદરમાં છો ને, પ્રભુ! એને મૂકીને તું બહાર આ બધે પ્રપંચમાં ક્યાં પડ્યો? આહાહા..!

**'સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે—એવા આ પરમાત્મતત્ત્વને હું નિત્ય નમું છું.'** આહાહા..! મુનિરાજ કહે છે, પરમાત્મ તરફ મારું વલણ નિત્ય છે, કાયમ વલણ છે. આહાહા..! એક સમય પણ વ્યવહાર અને નિમિત્તમાં મારું વલણ નથી, એમ કહે છે. આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ જ અંદર બિરાજે છે. એની સન્મુખ જોતાં તે પરમાત્માનો અનુભવ થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે પરમાત્મતત્ત્વ તે હું છું. એ પરમાત્મતત્ત્વ તે હું છું. આહાહા..! અહીં અબજો રૂપિયા અને કરોડો રૂપિયા ધૂળ ભેગી કરેલી. આહાહા..! અબજપતિ, કીધું ને. 'નાઈરોબી'. ગામમાં એવા પંદર અબજપતિ છે. એક 'આફ્રિકા'ના 'નાઈરોબી'માં પંદર અબજપતિ અને સાડા ચારસો કરોડપતિ–સાડા ચારસો ધૂળના પતિ.

મુમુક્ષુ :– બધાનો રિપોર્ટ તમારી પાસે આવી જાય.

ઉત્તર :– એ લોકો વાત કરતા હતા. બધા કરોડોપતિ વ્યાખ્યાનમાં આવતા હતા. ૨૬ દિ' રહ્યા ને? ૨૬ દિ'. તે દિ' શરીરને પણ ઠીક રહ્યું. ત્યાંના હવા-પાણી પણ અહીંના જેવા રહ્યા. નહિતર ત્યાં તો બીજે દિ' નીકળ્યા પછી તો વરસાદને એ બધું થયું. ૨૬ દિ' કાંઈ ન થયું.

મુમુક્ષુ :– અત્યારે કાંઈ મળતું નથી. ઘી નહિ, દૂધ નહિ, ચોખા નહિ, મીઠું નહિ.

ઉત્તર :– આહાહા..! અને પૈસાના ઢગલા. વસ્તુ મળે નહિ. આહાહા..! એમ ને એમ દુઃખી થઈને બિચારા મરી જાય. આહાહા..! ૧૧૭ ગાથા (પૂરી) થઈ.

## ગાથા–૧૧૮

णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।
तवचरणेण विणस्सदि पायच्छित्तं तवं तम्हा।।११८।।

अनन्तानन्तभवेन समर्जितशुभाशुभकर्मसंदोहः।
तपश्चरणेन विनश्यति प्रायश्चित्तं तपस्तस्मात्।।११८।।

अत्र प्रसिद्धशुद्धकारणपरमात्मतत्त्वे सदान्तर्मुखतया प्रतपनं यत्तत्तपः प्रायश्चित्तं भवतीत्युक्तम्।

आसंसारत एव समुपार्जितशुभाशुभकर्मसंदोहो द्रव्यभावात्मकः पंचसंसारसंवर्धनसमर्थः परमतपश्चरणेन भावशुद्धिलक्षणेन विलयं याति, ततः स्वात्मानुष्ठाननिष्ठं परमतपश्चरणमेव शुद्धनिश्चयप्रायश्चित्तमित्यभिहितम्।

**રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**

**અન્વયાર્થ :–** [ अनन्तानन्तभवेन ] અનંતાનંત ભવો વડે [ समर्जितशुभाशुभकर्मसंदोहः ] ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ [ तपश्चरणेन ] તપશ્ચરણથી [ विनश्यति ] વિનાશ પામે છે; [ तस्मात् ] તેથી [ तपः ] તપ [ प्रायश्चित्तम् ] પ્રાયશ્ચિત્ત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :– અહીં (આ ગાથામાં) પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ પ્રાયશ્ચિત્ત છે (અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું—પ્રતાપવંત વર્તવું તે તપ છે અને એ તપ પ્રાયશ્ચિત્ત છે) એમ કહ્યું છે.**

**અનાદિ સંસારથી જ ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મોનો સમૂહ–કે જે પાંચ પ્રકારના (–પાંચ પરાવર્તનરૂપ) સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે તે—ભાવશુદ્ધિલક્ષણ (ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે; તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ (–નિજ આત્માના આચરણમાં લીન) પરમતપશ્ચરણ જ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ કહેવામાં આવ્યું છે.**

## ગાથા–૧૧૮ ઉપર પ્રવચન

૧૧૮ ગાથા.

**णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।**
**तवचरणेण विणस्सदि पायच्छित्तं तवं तम्हा।।११८।।**

**રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**

પણ એ તપ ક્યું? આહાહા..! એ કહેશે.

**ટીકા :- 'અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ...'** આ તપની વ્યાખ્યા. અપવાસ કરવા, છ મહિનાની લાંઘણું કરવી એ અપવાસ નથી, એ તો લાંઘણું છે. આહાહા..! આ **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...'** અહીં તો પ્રસિદ્ધ છે, કહે છે. આહાહા..! અંદર ભગવાન કારણપરમાત્મા શક્તિ સ્વભાવસ્વરૂપે કાયમ પ્રસિદ્ધ છે એ તો. આહાહા..! એને તેં અપ્રસિદ્ધ કરી નાખ્યો અને આ અપ્રસિદ્ધ છે એને પ્રસિદ્ધ કરી નાખ્યું. ઇન્દ્રિયોના વિષયો ને એના ફળ ને એના... આહાહા..! આવી વાત છે. 'મુંબઈ'માં દુકાન હોય, બરાબર ચાલી હોય. 'ટોળિયા'! એને બજારમાં દુકાન છે. દુકાને ગયા હતા ને? અને દુકાન ચાલતી હોય, પેદાશ થાતી હોય, છોકરા આવે. આહાહા..! ધમાધમ તમારે. આહાહા..! નવરાશ ન મળે. અમારે ત્યાં છોકરાઓ છે ને. 'ભુપેન્દ્ર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ' છાપખાનાવાળા.

મુમુક્ષુ :– કોઈક વાર મળવા આવે છે.

ઉત્તર :– આહાર વખતે આવ્યો હતો. બાકી તો સામું જોવે નહિ. આવે અને સામું જોવે નહિ. રળવા આડે ધૂળમાં રોકાય. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અત્યારે રળી લઈએ પછી કરશું.

ઉત્તર :– રળી રળીને મરી જાશે. મેં તો એકવાર કહ્યું હતું કે આખો દિ' આ કરો (છો), મરીને ઢોર થાશો. યાદ રાખજો. એના છોકરાઓ પાસે ૬૦ લાખ રૂપિયા છે. એ અમારા ભાઈના દીકરા છે. 'ભૂપેન્દ્ર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્ક્સ' ખેતવાડીમાં. મરીને ઢોર થાશો, યાદ રાખજો. સામું જોતા નથી, સાંભળવા આવતા નથી. અને ઘણા વાણિયા તો ઢોર જ થવાના. ધર્મ નથી, તેમ પુણ્ય નથી. પુણ્ય ક્યારે હોય? કે બે-ચાર કલાક સત્સમાગમ હોય. સત્સમાગમ કહેવો કોને એની હજી ખબર ન હોય. જે-તે સાધુએ લુગડા પહેર્યા હોય એને સત્ય માને અને એની સાથે રહે. એ તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! દરરોજ બે-ચાર કલાક સત્સમાગમ હોય તો પુણ્ય પણ બાંધે. તો સ્વર્ગમાં જાય, સારો મનુષ્ય થાય. આહાહા..!

મુમુક્ષુ :– તમારા ભાઈના દીકરાને તમારે ઢોરમાં મોકલવા છે?

ઉત્તર :– ભગવાને એમ કહ્યું છે. ભગવાને એમ કહ્યું છે કે જેને કંઈ ધર્મની ખબર નથી. આહાહા..! અને સત્સમાગમથી કોઈ પુણ્ય પણ બાંધ્યું નથી. સત્સમાગમ બે-ચાર કલાક, એક કલાક સાંભળીને વયા જાય અને પછી એનું કાંઈ ઠેકાણુ ન મળે. બે-ચાર કલાક, પાંચ-પાંચ કલાક સત્સમાગમમાં આવે તો એને પુણ્ય તો બંધાય. તો સ્વર્ગમાં જાય, મનુષ્યમાં આવે. એ બેય ન મળે એ ઢોરમાં જવાના. આહાહા..! એ કરોડપતિ અને અબજોપતિ બધા પશુ થવાના. આહાહા..! આકરી વાત છે, બાપા! સત્ય તો આ છે પણ હવે જગતને.. આહાહા..! અજ્ઞાનનો એટલો વિસ્તાર થઈ ગયો છે, મિથ્યાત્વનો એટલો બધો પ્રચાર થયો છે કે એમાં આત્માનું સમકિત શું છે એ વાત તો આખી ગુમ થઈ ગઈ. આહાહા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથે જે કહ્યું... આહાહા..! એ વાત તો એક કોર પડી રહી અને એને મૂકીને બધા ઘણા ઘણા પ્રકારના ફાંટા પાડ્યા છે. એ બધા અજ્ઞાનના ફાંટા છે. આ એક જ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખથી વાણી નીકળી છે એ આ શાસ્ત્ર છે.

**'અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...'** આહાહા..! પરમાત્મસ્વરૂપ આત્મા પ્રસિદ્ધ છે. અસ્તિ છે અને પ્રસિદ્ધ છે. સત્તા છે અને હોવાપણે પ્રસિદ્ધ છે. આહાહા..! આ બધું અપ્રસિદ્ધ છે. એ તો ક્ષણિકમાં રોકાયેલા... ૫૦-૫૦, ૬૦ વર્ષ એમાં કાઢીને ચાલ્યા જાય, ઢોરની જેમ. આહાહા..! આકરું કામ છે, બાપુ! **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...'** જોયું? અંતર્મુખ. પરમાત્મા અંદર આત્મા અંતર્મુખ છે. બહિર્મુખ ઇન્દ્રિયોના વિષયમાં એ નથી. આહાહા..! અંદરની નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા અંતર્મુખથી દેખાય એવો એ આત્મા છે. આહાહા..! વીતરાગી નિર્મળ પર્યાય... આહાહા..! એનાથી **'અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ...'** જુઓ! કહો, 'બલુભાઈ'! આ તમારા અપવાસને તપ ન કીધું. આહાહા..! બાયું વર્ષીતપ કરે. પછી ધણી પાસે પૈસા હોય તો ઉજવે, પાંચ-દસ હજાર ખર્ચે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાયું રાત્રે ગાણા ગાવા ભેગા થાય. પછી સૌને લ્હાણી આપે એટલે ઓહોહો..! એમાં છેલ્લો વળી કાંઈક ઢોંગ કરે, અઠ્ઠમ કરે તો કહે માથુ દુઃખે છે. સુંઠ-બુઠ ચોપડે.

મુમુક્ષુ :– સુખડ ચોપડે.

ઉત્તર :– સુખડ ચોપડે. આહાહા..! બધું જોયું છે ને. આહાહા..!

આ પ્રભુ અંદર પરમાત્મતત્ત્વ બિરાજે છે. અંતર્મુખ જો એમ કહે છે. અંતર્મુખ બિરાજે છે. બહિર્મુખની દૃષ્ટિથી જણાય એવો નથી. આહાહા..! **'અંતર્મુખ રહીને જે પ્રતપન...'** જુઓ! અંતરમાં રહીને પ્ર–વિશેષે, તપન એટલે એકાગ્રતા. શુદ્ધતામાં ખૂબ ચારિત્રસહિત એકાગ્રતા. ચારિત્ર સહિત, હોં! એકલી નહિ. ત્યારે એને તપ કહેવામાં આવે છે. આહાહા..! તપન્તે ઇતિ તપઃ. જેમ સોનું ગેરુથી ઓપે અને શોભે એમ ભગવાનઆત્મા અંતરની એકાગ્રતાના નિર્મળ પરિણામથી શોભે અને ઓપે. આહાહા..! એને તપસ્યા કહેવાય છે. બાકી બધી લાંઘણું-લાંઘણું છે. આહાહા..! આ તપની વ્યાખ્યા આવી.

**'શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...'** આહાહા..! તે પણ **'સદા અંતર્મુખ રહીને...'** પાછું, હોં! આહાહા..! જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એને તો દૃષ્ટિમાં સદાય પરમાત્મા જ બિરાજે છે. એના ધ્યેયમાં તો પરમાત્મા સદાય છે. આહાહા..! એની દૃષ્ટિમાં દૃષ્ટિનો વિષય પણ દૃષ્ટિ નથી. દૃષ્ટિનો વિષય તો ધ્યેય પરમાત્મા છે. આહાહા..! એ રાગને ગણે નહિ, પર્યાયને માને નહિ, ત્રિકાળી પરમાત્મા. આહાહા..! **'અંતર્મુખ રહીને જે પ્રતપન...'** પ્રતપન પાછું કહ્યું. એકલું તપ ન લીધું. પ્રતપન એટલે ચારિત્રસહિત આનંદની રમણતામાં વિશેષ અતીન્દ્રિય આનંદમાં ઉછાળા મારવા. સમુદ્રની કાંઠે જેમ ભરતી આવે, એ એમાં ભરેલું છે એમાંથી ભરતી આવે છે. એમ ભગવાનમાં અતીન્દ્રિય આનંદ ભરેલો છે. એમાંથી પર્યાયને કાંઠે અતીન્દ્રિય આનંદની ભરતી આવે. એને તપ કહેવામાં આવે છે. આહાહા..! વાતે વાતે ફેર. ઓલા માણસ નથી કહેતા? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ અહીં પ્રભુ કહે છે, તારે ને મારે વાતે વાતે ફેર છે, પ્રભુ! આહાહા..! મોક્ષનો માર્ગ અને તારી પ્રતીતનું વલણ એ બેયને ઉંધાઈ છે. આહાહા..!

**'પ્રતપન તે તપ પ્રાયશ્ચિત્ત છે...'** પાપ લાગ્યું અને ગુરુ પાસે જઈને કાંઈક અપવાસ-બે અપવાસ લીધા, એ તો બધી બહારની વાતું છે. એ પુણ્યબંધનું કારણ, એ તો સંસાર છે. આહાહા..! **'(અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને...'** જોયું? **'શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું—'** આહાહા..! પ્રતપવું—પ્રતાપવંત વર્તવું. પ્રતાપવંત વર્તવું, પોતાનો પ્રતાપ. પર્યાયમાં આનંદના તરફનો પ્રતાપ વર્તે. જેના પ્રતાપમાં દયા, દાનનો વિકલ્પ પણ પ્રતાપવંત જેમાં નથી. આહાહા..! જુવાનીયાએ તો આવું સાંભળ્યું પણ નહિ હોય. સાત-આઠ વર્ષ રળવાનું ભણ્યા હોય. સાત-આઠ વર્ષ એમાં જાય. નવરા થઈને પછી ધંધામાં ગુંચવાઈ જાય. થઈ રહ્યું. આહાહા..!

**'(તે તપ છે અને એ તપ પ્રાયશ્ચિત્ત છે)...'** એ તપને ભગવાને પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કીધું? શુદ્ધાત્મ સ્વરૂપ, ત્રિકાળી શુદ્ધ પરમાત્મસ્વરૂપ એમાં રહીને, લીન રહીને... આહાહા..! આનંદની ઉગ્રતા થવી એનું નામ તપ છે. આહાહા..! અને એ તપ પ્રાયશ્ચિત્ત છે. એમ ભગવાને કહ્યું છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે એનું આ કથન છે. પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ. આહાહા..! એ વાત બેસવી... આ થોડો દેશ આટલો છે અને મહાવિદેહ ક્યાં રહ્યું, એને માનવા. મહાવિદેહમાં સાક્ષાત્ વીસ તીર્થંકરો બિરાજે છે. લાખો કેવળી બિરાજે છે. લાખો કેવળી! આહાહા..! ત્યાંની આ વાત છે, ત્યાંથી આવેલી આ વાત છે. આહાહા..! એને પ્રાયશ્ચિત્ત કહેવું, બીજાને પ્રાયશ્ચિત્ત નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**સમ્યગ્દ્રષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી (એવી ભાવના તેને રહે છે કે) એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવા લાયક નથી અને પુણ્ય-પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવા યોગ્ય નથી.રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી, અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી, અને જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે ? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે ? હજુ સમ્યગ્દષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી, અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ (મહાનતા) છે.**

**(પરમાગમસાર બોલ નં. ૮૧)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com